[illegible]

ગૌરવની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું માસિક

૩

વાર્ષિક રૂ. ૭-૦૦ છૂટક ૦-૬૨ ન.પૈસા (૧૦ આન
[પરદેશ શિલિંગ ૧૫]

૧૯૫૮
માર્ચ

સંચાલન :
ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ
રામજી મંદિરની પોળ : વડોદરા

ફોન : ૨૯૫૦



For Favour of Review & Exchange

માનવ

માનવનો આ ૩જો અંક પ્રગટ થાય છે.

ગુજરાતના સામયિકોએ 'માનવ'ને આપેલા ઉમળકાભર્યા આવકાર (અંક : ૨માં છાપેલ)થી આપ પરિચિત છો.

માનવના પ્રયાસોનો આપને હવે ખ્યાલ આવ્યો હશે જ

—માનવીય મૂલ્યોની પુનઃપ્રતિષ્ઠા
—સર્વાંગી અનુભૂતિઓનો આસ્વાદ
—વિવિધ અભ્યાસ, માહિતીઓ અને પરિચયો
—તથા સ્વતંત્ર સ્વસ્થ વિચારધારા દ્વારા

<u>માનવ</u>

નવાયુગનું મોડર્ન મિત્ર બનવાની અભિલાષા સેવે છે.

વિજ્ઞપ્તિ

આ અંક મળી જતાં આપ ગ્રાહક તરીકે નોંધાઈ જઈ મ. ઓ. કરશો ? **છતાં**

અમે આપને ફરી અઠવાડિયામાં યાદપત્ર લખીશું : જવાબીકાર્ડ સાથે : આપના જવાબની અપેક્ષા રાખીશું.

આપના અચૂક સહકારની અપેક્ષાએ—

માનવ મળવાનાં સ્થળ

શ્રી ન્યુઝ પેપર સરવીસ (ન્યુઝ પેપર એજન્ટ)
ટીનવાળા બિલ્ડીંગ, ત્રિભુવન રોડ : મુંબઈ

એ. આર. શેઠની કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

એન. એમ. ત્રિપાઠી એન્ડ કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

એન. એમ. ઠક્કરની કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

આર. આર. શેઠની કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

ગાંડીવ સાહિત્ય મંદિર (બુકસેલર)
હવાડિયા ચકલો : સુરત

સુરત બુક સ્ટોલ (ન્યુઝ પેપર એજન્ટ)
બુરહાનપુરી ભાગોળ : સુરત

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.
ટાવર રોડ : વડોદરા

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (બુકસેલર)
ગાંધી રસ્તો : અમદાવાદ

ભારતી સાહિત્ય સંઘ લિ. ,,
ગાંધી રસ્તો : અમદાવાદ

રવાણી પ્રકાશન ગૃહ ,,
રીલિફ રોડ : અમદાવાદ

વિજય સ્ટોર્સ (ન્યુઝ પેપર એજન્ટ)
સ્ટેશન રોડ : આણંદ

સી. સી. પટેલ (ન્યુઝ પેપર એજન્ટ)
સ્ટેશન રોડ : નડિયાદ

વલ્લભ વિદ્યાનગર કન્ઝયુમર્સ કો-ઓપ સ્ટોર્સ
વલ્લભવિદ્યાનગર : આણંદ

એ. જી. વોરા એન્ડ કું. (ન્યુઝ પેપર એજન્ટ)
ટાવર પાસે : વડોદરા

નટુ શાહ, ગોલવાડ, નવસારી

કાંતિલાલ સોમાલાલ ખત્રી (ન્યુઝ પેપર એજન્ટ)
રતનપોળ નાકા : અમદાવાદ

સસ્તું કિતાબઘર
રીલિફ રોડ : અમદાવાદ

રમણિક મેઘાણી
અમરતલા સ્ટ્રીટ : કલકત્તા

માનવ

[માસિક]

જાહેરખબરના દર

પૂઠું ૨જું રૂ. ૮૦
પૂઠું ૩જું રૂ. ૮૦
પૂઠું ૪થું રૂ. ૧૨૫ (બે રંગમ


સાદું આખું પાનું રૂ. ૬૦
સાદું અડધું પાનું રૂ. ૩૫



ગાંધી : "ગાંધીવાદ જેવી કોઈ ચીજ નથી; હું મારી પાછળ
કોઈ સંપ્રદાય છોડી જવા ઈચ્છતો નથી.. ......"

માર્ક્સ: "એક વાત નક્કી છે કે હું માર્ક્સવાદી નથી......"

માર્ક્સના જીવનદર્શનમાં ગાંધી-જીવનદર્શન ભળી જતાં આજના અણુયુગને અનુકૂળ નવું જ રસાયણ સર્જવાની શકયતા શું પાકી ચૂકી નથી ?



કાર્લ માર્ક્સ : સિદ્ધિ ને સમસ્યા

૧૯૫૮ના માર્ચની ૧૪મી : જગતની એક મહાન વિભૂતિ—કાર્લ માર્ક્સનો ૭૫મો નિર્વાણ-દિન છે.

એના જન્મને આવતા મે માસમાં ૧૪૦ વર્ષ પૂરાં થશે.

ઇતિહાસકારોએ એને વૈજ્ઞાનિક સમાજવાદનો પુરસ્કર્તા લેખ્યો છે; એના અનુયાયીઓએ એને જગતની શ્રમજીવી જનતાનો પયગંબર ગણી પૂજ્યો છે; ને એના ટીકાકારોએ પુદ્ધાં, ગમે તેટલો કઠોર વિરોધ છતાં, એની સર્વતોમુખી અસાધારણ પ્રતિભાને અચૂક અંજલિ અર્પી છે.

આજે જગતની લગભગ અર્ધી વસ્તી ધરાવતાં રાષ્ટ્રોમાં માર્ક્સની પ્રેરણાને અનુસરવાનો દાવો કરતી રાજ્ય સત્તાઓ અસ્તિ ધરાવે છે; અને જગતના કેવળ કમ્યુનિસ્ટ પક્ષો જ નહિ, સમાજવાદી દળો, માર્ક્સ પછીના માર્ક્સવાદી સિદ્ધાન્તો અને આચારો અંગે ઉગ્ર મતભેદ ધરાવતાં છતાં, આ આદ્ય રૂપની પ્રેરણાને અંજલિ અર્પતા રહ્યા છે.

આજે તો જાણે, જગતની મોટાભાગની ત્રસ્ત માનવતા—ભારત સહિતની—સમાજવાદનો રાહ અપનાવી રહી છે.

એટલું જ શું કામ ? ગાંધી વિચારધારાના પંથે પળેલી **સર્વોદયી ક્રાંતિ** પણ આજે તો બુદ્ધ, શંકર અને ગાંધીની સાથે માર્ક્સની વિચારધારાનો સંગમ સાધી રહી છે.

કશી જ અતિશયોક્તિ વિના કહી શકાય કે—

૦ માર્ક્સના સિદ્ધાન્તોને પ્રગટ થયે ૧૧૦ વર્ષ વીતી ગયા છતાં, એની પ્રેરણા આથમી નથી.

૦ ઔદ્યોગિક યુગના આરંભથી વર્તમાન સમાજની સમસ્યાના ઉકેલમાં અને નવ સમાજના ઘડતરમાં એનો ફાળો અપૂર્વ અને વિરલ રહ્યો છે.

પ્રતિભાના પલકારા

૧૮૧૮ના મેની ૫મી તારીખે પ્રુશિયા(જર્મની)માં એક યહૂદી કુટુંબમાં તે જન્મ્યો હતો.

૧૭ વર્ષની ઉંમરે હજી મેટ્રિક થઈ યુનિવર્સિટીમાં દાખલ થયો છે ત્યાં તો જ્ઞાનની કોઈ અદ્ભુત લગની એને લાગી ચૂકી છે. સર્વસાધારણ રોજીંદા મોજશોખો, સુખસગવડો, અને સામાજીક સંસર્ગોથી અલિપ્ત બની, રાત ને દિવસ ગ્રીક અને લેટિન લખાણોના ભાષાંતરમાં, તત્ત્વજ્ઞાનના અને કાનૂન શાસ્ત્રના અધ્યયનમાં, તથા થોકબંધ કવિતા લેખનમાં (કવિતા ૩ ગ્રંથો જેટલી!) અને પોતાના દિમાકમાં સમુદ્રની જેમ ઊછળતા વિચારોને વ્યવસ્થિત કાગળ ઉપર ઉતારવાની ગડમથલમાં એ ગળાબૂડ રચ્યો પચ્યો છે.

૧૯ મે વરસે તો એણે 'કાન્ટ'ના સિદ્ધાંતોનો ઈન્કાર

કરી 'હેગલ'ની ફિલસૂફી પાછળ એવું તો ઝુકાવી દીધું છે કે કાયદાનો એનો મુખ્ય અભ્યાસ પણ અધવચ્ચે લટકી ગયો છે; અને દીકરો અચ્છો બારિસ્ટર અથવા અમલદાર થશે એવી પિતાએ સેવેલી આશાઓ પર એ પાણી ફેરવી રહ્યો છે. પુત્ર તો સત્યની શોધમાં મશગુલ છે—સુખસગવડની નિરાંતની જીંદગીનું એને આકર્ષણ જ નથી !

૨૩ મે વરસે ફિલસૂફીમાં પી. એચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી એણે પ્રાધ્યાપકના પદ માટે અરજી તો કરી; પણ પ્રુશિયન યુનિવર્સિટીમાં અંધસંમતિવાદી (કન્ફર્મિસ્ટ) પંડિતો સિવાયના સ્વતંત્ર વિચારકો માટે સ્થાન ક્યાંથી ?

અને માકુસે જીવનવ્યવસાયનો આરંભ સ્વૈર—ફ્રીલાન્સ પત્રકાર તરીકે કર્યો...બાદ, 'હ્રાઈનિશ ઝેઈટુંગ' નામના એક ઉદ્દામ અખબારનાં સંપાદનમાં બે વરસ ગાળ્યાં. આ દરમ્યાન એને પોતાના અભ્યાસની એકાંગિતા અને અધૂરાપણું સાલવા માંડયું. અને અર્થશાસ્ત્ર તથા સમાજવાદી સાહિત્યના સર્વાંગી અધ્યયનમાં તે તન્મય બની ગયો.

જમાનાની વેદના

૨૫ વર્ષની વયે તો તે ચૂસ્ત સમાજવાદી બની ચૂક્યો હતો. જમાનાની વેદના જાણે પી લીધી હતી !

માર્ક્સ જોઈ રહ્યો હતો :

* મૂઠીભર માનવીઓના હાથમાં ઉત્પાદનનાં મુખ્ય ધનો છે; ને એમની શોષણ ચક્કામાં હજારો માનવીઓ તનિત પિસાઈ રહ્યાં છે. અગાઉના જમાનામાં માલિક અને ગુલામ, સામંત અને એના અર્ધ ગુલામ સર્ફ વચ્ચે સીધો માણસ તરીકેનો સંબંધ હતો, એના ભરણ પોષણની અને જીવતરની જવાબદારી માલિકની હતી.

* ત્યારે, આ હજારો ઔદ્યોગિક કામદાર પાસે ઉત્પાદનનાં પોતાનાં સાધનો નથી; એને કોઈ સ્વતંત્ર ઈચ્છા જેવું નથી, એના માલિકનેય એ ઓળખતો નથી; માલિકને માથેય એની કોઈ કશી જવાબદારી નથી ! જે યંત્ર ઉપર તે કામ કરે છે એ યંત્રનો જ એક ભાગ જેવો, એના જ એક નિર્જીવ હાથા જેવો બની ગયો છે ! ન્યાત જાત, ધર્મ કોમ, સ્ત્રી પુરુષ, વૃદ્ધ બાળક—બધા ભેદો ભુંસાઈ જઈ તે કેવળ શ્રમ વેચનારો બની ગયો છે. માનવીની શ્રમશક્તિ કોઈ આનંદ, કોઈ સર્જન, કોઈ જીવનરસની પ્રવૃત્તિ નહિ, કેવ રોટી સારુ ફરજીયાત વેચવાની બજારૂ ચીજ બની ગ છે—જેમાંથી માંડ પોતાનું ભરણ પોષણ કરી શ વંશવેલો ચાલુ રાખી શકે; એથી વિશેષ બદલો મળવાની કો શકયતા નથી. ઉપરથી, આવતી કાલની તો કોઈ ગેરં નથી જ નથી !

* ખુદ દાક્તરો, વકીલો, પાદરીઓ, કવિઓ અ વૈજ્ઞાનિકો સુદ્ધાં પગારદાર મજૂરોની દશાંમાં હડસેલા રહ્યા છે !

વધુ નિરીક્ષણ કરતાં એને જણાયું :

* જ્યાં જ્યાં મૂડીવાદ સત્તામાં આવ્યો છે ત્યાં ત્યાં તેં નિર્દયપણે તમામ માનવીય સંબંધોનો નાશ કર્યો છે. ન સ્વાર્થ અને હૃદયશૂન્ય 'રોકડ વ્યવહાર' માનવી માન વચ્ચેના સંબંધોનો સેતુ બની ગયો છે. પુરાણા યુગનાં પવિ લક્ષણો—સ્ત્રી દાક્ષિણ્ય અને કુદરતી લાગણીઓને સ્વાર્થ ગણત્રીઓની હિમનદીઓમાં ડુબાડી દેવામાં આવ્યાં છે વ્યક્તિગત ગુણ–ગૌરવને બજારૂ સોદા ખરીદીની ચીજ બનાવ દીધી છે : અને લોકોએ સૈકાંઓના સંઘર્ષો અંતે પ્રાપ્ત કરેલ મહામૂલી અસંખ્ય સ્વતંત્રતાઓને સ્થાને એકામ મૂલ્યરહિત એવી એક માત્ર વેપાર–ઉદ્યોગની, બલ્કે શોષણની જ આઝાદ રહી ગઈ છે !

* માનવ ગુણો અને સિદ્ધિઓ—પ્રેમ, આત્મા ને વિજ્ઞાન આદિ–સૌનો આજે વેપાર થઈ રહ્યો છે ! આખો મૂડીવાદ જાણે ભરચક સડાનો, સાર્વત્રિક રૂશ્વતખોરીનો યુગ બની ગયો છે...તેમાં આધ્યાત્મિક અને ભૌતિક મૂલ્યો, માનવીય મૂલ્યોની કોઈ પ્રતિષ્ઠા રહી નથી !

ટૂંકમાં–મૂડીવાદે આજ પૂર્વેના તમામ વાઘાઓ ચીરી નાખીને ખુલ્લા નિર્લજ્જ સીધા અને પાશવી શોષણને પ્રતિષ્ઠા આપી છે.

ટૂંકમાં—મૂડીવાદી સમાજ રચનામાં માનવીનું સવ અમાનવીકરણ થયું છે...માણસ અને એની માણસાઈ કે બજારૂ ચીજ 'કોમોડિટી' બની ગયેલ છે !

માનવ મુક્તિનો આર્ષ દૃષ્ટા

આ બધાંથી ઊકળી ઉઠેલો માર્ક્સ માનવીની પુનઃપ્રતિ

કરવાની ખોજમાં ઊંડો ઊતરે છે : 'ક્રાંતિકારી હોવું એટલે કે મૂળમાં ઊતરવું, અને મૂળ એટલે માનવી પોતે !'

અને માનવીની સર્વાંગી મુક્તિનો રાહ તેને વર્ગવિહિન સમાજવાદમાં દેખાયો—જેમાં ઉત્પાદનનાં સાધનો ઉપર સમાજની માલિકી હશે ; શોષક અને શોષિત વર્ગોની હયાતી જ નહિ હોય.

તેનો એવો દૃઢ મત બંધાયો કે—

એક વાર આર્થિક પાયામાં પલટો થઈ જતાં નૂતન સાંસ્કારિક-સામાજિક-નૈતિક ઇમારત ખડી થઈ જશે. નવો સમાજ આ ધરતી પર રચાશે; જેમાં—

*પ્રત્યેક વ્યક્તિનો સ્વતંત્ર વિકાસ સૌના સ્વતંત્ર વિકાસનો રાહબર બને એવું સંગઠન અસ્તિત્વમાં આવશે...માનવી માનવી વચ્ચે નવો એકરસ જાગશે, નવી એકવાક્યતા સ્થપાશે.

*માનવીનું નિયંત્રણ કરનાર રાજ્યસંસ્થાનું સ્થાન વસ્તુઓની સુવ્યવસ્થા સ્થાપનાર સંચાલન તંત્ર લેશે.

અને અંતે, સંપૂર્ણતઃ વર્ગવિહિન, રાજ્યવિહિન સામ્યવાદની કક્ષાએ સમાજ પહોંચી જશે ત્યારે—

દરેક પોતાની શક્તિ મુજબ કામ કરશે અને જરૂરિયાત મુજબ ઉપભોગ કરશે !

માર્ક્સ માનવ મુક્તિનો આર્ષદ્રષ્ટા બની ગયો.

ઇતિહાસનો કીમિયો

પરંતુ કેવળ આર્ષદર્શન તો બસ ન હતું.

માનવ સમાજની શરૂઆતથી કયાં ઓછા આદર્શવાદીઓ જન્મ્યા હતા ? સંતો-અધ્યાત્મવાદીઓ-તત્ત્વચિંતકો અને સુધારકોએ કયાં ઓછા ઉપદેશો આપ્યા હતા ? તેમણે ભાવિ મુક્ત સુખી સમાજની કયાં ઓછી કલ્પનાઓ રજૂ કરી હતી ?

તો વળી બીજી બાજુ—હજારો વર્ષોના ઇતિહાસમાં ગુલામો, અર્ધગુલામો, ખેડૂતો ને કારીગરોએ શું ઓછાં બંડો કર્યાં હતાં ? છતાં—પરિણામ શું આવ્યું હતું ? એક શોષક વર્ગને નિર્મૂળ કરી બીજો શોષક વર્ગ સત્તામાં આવ્યો હતો : ગુલામોના માલિકો, રાજા સામંતો ને છેવટે મૂડીદારો જ ! એકએકથી ચઢે એવી ક્રૂર શોષણની ઘટમાળ ચાલતી જ રહી હતી !

માર્ક્સે ફરી ફરી ઇતિહાસ ખૂંદ્યો અને જાણે એને કીમિયો હાથ લાગી ગયો :

આ કીમિયો તે—ઇતિહાસકારો જેને માર્ક્સનું અપૂર્વ પ્રદાન ગણાવે છે તે સામાજિક ઐતિહાસિક વિકાસનું વૈજ્ઞાનિક વિશ્લેષણ.

માર્ક્સે આદિ સામ્યવાદ (પ્રિમિટિવ કમ્યુનિઝમ)થી આરંભી ગુલામી યુગ, સામંતી યુગ, અને મૂડીવાદી યુગના વિકાસનો અને તેના વિલયનો, તેના પ્રત્યેક તબક્કાનો અને નિર્ણાયક વળાંકોનો અત્યંત ઝીણવટભર્યો નીચોડ એના અભ્યાસ ગ્રંથો ને લેખોમાં રજૂ કર્યો.

૧. **તત્ત્વજ્ઞાન**ની બાબતમાં—તેણે **પદ્ધતિ** તરીકે જર્મન તત્ત્વજ્ઞ હેગલ (૧૭૭૦–૧૮૩૧)ની 'ડાયલેક્ટિક્સ' (વિરોધ વિકાસવાદ)ની પદ્ધતિને અપનાવી; તો **તત્ત્વશાખા** તરીકે ફુરબાકની ભૌતિકવાદી શાખાનો વારસો લીધો. અને તેણે 'વિરોધ વિકાસવાદી ભૌતિકવાદ'નો આગવો સિદ્ધાન્ત પ્રસ્થાપિત કર્યો...વળી તેનો ઉપયોગ તેણે કેવળ જ્ઞાન અને ચિંતનના ક્ષેત્રે જ નહિ, પણ ભૌતિક ઇતિહાસના વિકાસના ક્ષેત્રે, તેને સમજવામાં અને પલટવામાં કર્યો...

હજારો વર્ષના ઇતિહાસના અસંખ્ય બનાવોના પૂર્વાપર સંબંધો પરત્વે જે ધૂંધળાપણું પ્રવર્તતું આવ્યું હતું તેને માર્ક્સે પરિવર્તનનું વિજ્ઞાન આપ્યું : એક સમાજ-રચનામાંથી બીજી ક્યારે કેવી રીતે ને શા માટે પરિવર્તન પામે છે તેની એકધારી એકતાવાળી સિદ્ધાન્ત દૃષ્ટિ આપી : વિરોધ વિકાસવાદી ઐતિહાસિક ભૌતિકવાદ* (ડાયલેક્ટિકલ હિસ્ટોરિકલ મટિરિયાલિઝમ).

---

* અ. '**ડાયલેક્ટિક્સ** એ તો, ભૌતિક અને વૈચારિક—બંને ક્ષેત્રની ગતિના સર્વ સાધારણ કાનૂનનું વિજ્ઞાન છે. આ પદ્ધતિમાં 'કંઈ જ આખરી, અંતિમ, અને પવિત્ર નથી.'

આ : **ઇતિહાસનું ભૌતિક દર્શન** : માણસ જે સામાજિક ઉત્પાદનનું કાર્ય કરે છે તેને કારણે તે અનિવાર્ય રીતે એવા સંબંધોમાં પ્રવેશે છે જે સંબંધો પૂર્વનિશ્ચિત હોય છે, એટલું જ નહિ, માણસની ઇચ્છાથી પર હોય છે; ઉત્પાદનના આ સંબંધો ઉત્પાદનની ભૌતિક શક્તિઓના વિકાસની નિશ્ચિત કક્ષાને અનુરૂપ હોય છે. ઉત્પાદનના આ સંબંધોનો **સમગ્ર સરવાળો** એટલે કે સમાજનો આર્થિક પાયો—સાચો પાયો કે જેના ઉપર કાનૂની અને રાજકીય ઇમારત ખડી થાય છે, અને તેને અનુરૂપ સામાજિક

૨. અર્થશાસ્ત્રની બાબતમાં—માર્ક્સે પોતાના બ્રિટિશ પુરોગામીઓ—ઍડમ સ્મિથ (૧૭૨૩-૧૭૯૦) તથા રિકાર્ડો (૧૭૭૨-૧૮૨૩)નો વારસો અપનાવી આગળ ધપાવ્યો: આ બંનેએ મૂડીવાડી અર્થશાસ્ત્રના અભ્યાસમાં 'મૂલ્યનો શ્રમ-સિદ્ધાન્ત' (લેબર થિયરી ઑફ વૅલ્યુ) પ્રતિપાદિત કર્યો જ હતો. અને 'આર્થિક વિચારોને વિજ્ઞાનનું રૂપ આપ્યું હતું.' માર્ક્સે આ મૂલ્ય પાછળનું વધુ રહસ્ય પ્રગટ કર્યું: માનવની સામાજીક ઉપયોગી શ્રમશક્તિ પોતે જ કેવી રીતે બજારૂ વેચાણવસ્તુ (ક્રયવસ્તુ: કૉમોડિટી) બની જાય છે, અને કેવી રીતે એ શ્રમમાંની 'કિંમત ચૂકવાયા વિનાની' બાકીની શ્રમશક્તિના શોષણને પરિણામે 'અતિરિક્ત મૂલ્ય' પેદા થાય છે, તેનો કાનૂન આપ્યો.

૩. સમાજવાદની બાબતમાં માર્ક્સે તેના તત્કાલીન ફ્રેન્ચ પુરોગામીઓ—યુટોપિયન (સ્વપ્નીલ) સમાજવાદીઓ સેંટ્ન્ટ સાયમન (૧૭૬૦-૧૮૨૫), ફુરીઅર (૧૭૭૨-૧૮૩૭) તથા બ્રિટિશ રૉબર્ટ ઓવેનનો (૧૭૭૧-૧૮૫૮) ભારોભાર આભાર માની ભવ્ય અંજલિ અર્પી છે:

"આ ત્રણ માનવીઓ: એમના સિદ્ધાન્તો તરંગી હોવા છતાં, કોઈ પણ યુગના અત્યંત સફળ વિચારકોમાં તેમની ગણના થવી જ રહી. પયગંબરી પ્રતિભાવાળા આ માનવીઓ, પાછળથી અમે (માર્ક્સ અને ઍંગલ્સ) દૃઢ વૈજ્ઞાનિક પાયા ઉપર જેની ઇમારત રચી રહ્યા છીએ તેનું પારાવાર સત્ય રજુ કરી ગયા હતા."

માર્ક્સના મતે—આ સ્વપ્નીલ સમાજવાદીઓ વર્ગ સંઘર્ષથી જાગ્રત હતા; પરંતુ કામદાર વર્ગ જ આ સંઘર્ષને મિટાવી દઈ શકશે એ વાત એમને સમજાઈ ન હતી.

માર્ક્સે સામાજીક ક્રાંતિના વિજ્ઞાનની ચાવી વર્ગો, વર્ગ-વિગ્રહ અને વર્ગસત્તાની પરીપાટિ દ્વારા રજૂ કરી: (૧) જુદા જુદા વર્ગોની હયાતિ ઉત્પાદનના વિકાસના વિશિષ્ટ ઐતિહાસિક તબક્કા સાથે સંબંધ ધરાવે છે. (૨) વર્ગવિગ્રહ અનિવાર્ય રીતે શ્રમજીવી સરમુખત્યારી સુધી દોરી જાય છે. (૩) આ શ્રમજીવી સરમુખત્યારી જ તમામ વર્ગોની નાબુદી અને વર્ગ-વિહિન સમાજ સુધી પહોંચાડી શકે છે.

આ રસ્તે જ રાજ્યનું આખરે વિલિનીકરણ શક્ય બને છે.

ટૂંકમાં, માર્ક્સની માન્યતા મુજબ—તમામ રાજ્યસત્તાઓ કોઈ ને કોઈ વર્ગના હાથમાં બીજા વર્ગનું દમન કરવાનું સાધન છે. આજસુધી લઘુમતિ વર્ગે (ગુલામોના માલિકો, રાજાસામંતો, મૂડીદારો) બહુમતી શ્રમજીવી પ્રજાના શોષણ અને દમન માટે આ સાધનનો ઉપયોગ કર્યો છે: હવે કામદાર વર્ગ, પોતે લઘુમતિ હોવા છતાં, તેનાં પોતાનાં જ હિત અને મુક્તિ સમાજમાંથી શોષણ માત્રને નાબુદ કરવામાં રહેલાં હોઈ, બીજા તમામ શ્રમજીવીઓના હિતમાં, શોષક વર્ગના હાથમાંથી રાજ્યસત્તા પોતાના હાથમાં લઈ લીધા **પછી જ**, વર્ગવિહિન સમાજરચના સ્થાપી શકશે. *

અને માકર્સના લખવા મુજબ "કમ્યુનિસ્ટો છાપરે ચઢીને જાહેર કરે છે કે, તેમના હેતુઓ વર્તમાન સામાજીક તંત્રને **કેવળ** બળજબરીપૂર્વક ઉથલાવી પાડીને જ સિદ્ધ થઈ શકશે."

માર્ક્સના ક્રાંતિવિજ્ઞાનનાં આ ત્રણ આગવાં અર્પણ છે: (૧) તત્ત્વજ્ઞાનમાં વિરોધ વિકાસવાદી ઐતિહાસિક ભૌતિકવાદ (૨) અર્થશાસ્ત્રમાં 'અતિરિક્ત મૂલ્ય' અને (૩) રાજ-કારણમાં વર્ગસંઘર્ષ દ્વારા, કામદાર વર્ગની સરમુખત્યારી પ્રથમ હસ્તગત કરી વર્ગવિહિન અને અંતે રાજ્ય-વિહિન સમાજ રચના પ્રસ્થાપિત કરવી.

આ રીતે માર્ક્સે તેના યુગની વેદનાને જ નહિ, સમસ્ત યુગની આકાંક્ષાને નક્કર સૈદ્ધાન્તિક માર્ગદર્શન ચીંધ્યું.

ચેતનાનું ચોક્કસ સ્વરૂપ અસ્તિત્વ ધરાવે છે. ભૌતિક જીવનમાં ઉત્પાદનની પદ્ધતિ (યંત્રો અને માનવીય સંબંધો બંને—અનુ.) જીવનનાં સામાજીક, રાજકીય, અને આધ્યાત્મિક લક્ષણનો નિર્ણય કરે છે. માનવીની ચેતના તેમના અસ્તિત્વનું નિર્ણાયક તત્વ નથી, પરંતુ એથી ઊલટું એમનું સામાજીક અસ્તિત્વ એની ચેતનાનું નિર્ણાયક તત્ત્વ છે.'

* 'રાજ્ય ખરેખાત સમસ્ત સમાજના પ્રતિનિધિ તરીકે દાવે કરી શકે એવું એનું **પહેલું 'પગલું'** જ—એટલે કે, આખા સમાજ ને નામે ઉત્પાદનના સાધનો ઉપર કબજો કરવો-(આ પહેલું પગલું) એ જ વેળાએ રાજ્ય તરીકેનું **છેલ્લું સ્વતંત્ર કાર્ય** બની જાય છે......

એટલે કે, આ પછી દમનના હથિયાર રૂપ રાજ્યસત્તાને જગાએ "વસ્તુઓનું વ્યવસ્થાતંત્ર સ્થાન લેશે."

સર્વતોમુખી પ્રતિભા

માર્ક્સની એક વધુ પ્રતિભા પણ વિસરાય એવી નથી.

૧૮૪૮માં હજી તો એણે તૈયાર કરેલો કમ્યુનિસ્ટ–ઢંઢેરો પ્રેસમાં પહોંચ્યો છે, ત્યાં તો કામદાર અને રાષ્ટ્રીય બુઝર્વા ક્રાંતિની જ્વાળાઓ ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રિયા, ઇટલી, હંગેરી વગેરે દેશોમાં ફાટી નીકળી ! કમ્યુનિસ્ટ ઢંઢેરો એ દિવસથી આંતરરાષ્ટ્રીય કામદાર આંદોલનનું 'બાઇબલ' બની ગયો !

માર્ક્સને ઘડીભર તો એવી ખાત્રી થઈ ગઈ કે, એકવાર ક્રાંતિ—રાષ્ટ્રીય બુર્ઝ્વા ક્રાંતિનો ભડકો પેટાતાં ધીમે ધીમે શ્રમજીવીઓના હાથમાં લગામ આવી જશે...અને શ્રમજીવી ક્રાંતિનાં દ્વાર મોકળાં થશે...

અલબત્ત, પાછળથી એને પોતાની 'ઉતાવળી ગણત્રી'નો ખ્યાલ આવ્યો. પરંતુ એણે જાહેર કર્યું કે, આ પછી સમાજવાદી ક્રાંતિ ઇતિહાસના એજંડા ઉપર મુકાઈ ચૂકી છે !

પરંતુ સિદ્ધિ કાંઈ એટલી સહેલી ન હતી.

૧૮૪૬થી ૬૬નાં વર્ષો યુરોપના નવા મૂડીવાદીઓ માટે સ્થિરતા અને સદ્ધરતાનાં વર્ષો નીવડયાં. ઉદ્યોગો પૂર ઝડપે વિકસી રહ્યા હતા...સાથોસાથ કામદારોના પગારોય વધ્યા હતા. ક્રાંતિની જામગરી ઉપર જાણે વૃષ્ટિ થઈ : જામગરી હવાઈ ગઈ ! પરિણામ ? લંડનની કમ્યુનિસ્ટ લીગમાં જ તડ પડયાં ને ૧૮૫૨માં તો તૂટી ગઈ.

માર્ક્સ જેવો વિચક્ષણ પુરુષ પરિસ્થિતિ કળી ગયો... વળી પાછું રાષ્ટ્રીય ક્રાંતિઓનું મોજું ઊછળ્યું (આયરલેન્ડ, ઇટલી, જર્મની, પોલાંડ); ૧૮૫૭થી મૂડીવાદી વિશ્વવ્યાપી કટોકટીનું પ્રથમ સ્વરૂપ પ્રગટ થયું; ૧૮૬૦–૬૨માં કામદાર હડતાલોનો ઝંઝાવાત જાગ્યો.

* અને અથાગ પ્રયાસોને અંતે, ૧૮૬૪માં જગતના કામદારોની પ્રથમ આંતરરાષ્ટ્રિય સંસ્થા (ફર્સ્ટ ઇન્ટરનેશનલ) નો જન્મ થયો.

એના મુખ્ય સંચાલકોમાં પ્રુધોં (૧૮૬૫ થી ૧૮૬૭) માર્ક્સ (૧૮૬૮થી ૧૮૭૧), બાકુનિનવાદીઓ (૧૮૭૧થી) અગ્રણી રહ્યા. ૧૮૭૦માં તો ફ્રાન્સ–પ્રુશિયન યુદ્ધ જાગ્યું ને ૧૮૭૧માં પારિસ કમ્યુન !—જગતનું પ્રથમ 'શ્રમજીવી રાજ્ય'—૭૨ દિવસ જીવીને ખતમ થયું...

'ઇન્ટરનેશનલ'માં આંતરિક સંઘર્ષ વધ્યો...એનું કેન્દ્ર લંડનથી ન્યુયોર્ક ખસેડાયું (૧૮૭૨) અને ૧૮૭૬માં સંસ્થા જ સમેટાઈ ગઈ.

આ બધાં વર્ષો દરમ્યાન અને ત્યાર બાદ, બલ્કે ૧૮૪૯થી થોડીક દોડાદોડી બાદ કરતાં, જીવનના અંત લગીનાં વર્ષો –૧૮૮૩ સુધી માર્ક્સે લંડનને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું: બ્રિટિશ મ્યુઝિયમમાં વરસો લગી કલાકોના કલાકો એકધારા એકાગ્ર અભ્યાસમાં ગાળ્યાં. આ દરમ્યાન તૈયાર કરેલા એની જીંદગીના 'તાજમહાલ' સમા 'દાસ કેપિટલ' ના ત્રણ ગ્રંથો અસાધારણ વિદ્વત્તા અને મેધાનાં પ્રતીક બની ગયાં.

ભારત અંગેય એણે આ વર્ષોમાં લખેલા લેખોનો સંગ્રહ એની તીક્ષ્ણ ઐતિહાસિક દૃષ્ટિના પુરાવારૂપ છે...

આકરી તાવણી

જેણે આખી જીંદગી એકાગ્ર અભ્યાસ, ચિંતન તથા ઝંઝાવાતોથી ભરેલી પ્રવૃત્તિઓ અને સંગઠનોના સંચાલનમાં વીતાવી છે, એવા આ વિરલ માનવીને અંગત જીવનમાંય ઓછું વેઠવું નથી પડયું. તેમાંય ૧૮૫૨થી ૧૮૬૨નો દાયકો એની આકરી તાવણી કરનારો હતો—જ્યારે આર્થિક દુશ્ચિંતાનો પાર ન હતો. એના જ એક પત્રમાંથી:

'મારી પત્ની બિમાર છે. જેની (સૌથી મોટી દીકરી) બિમાર છે; લેના (માર્ક્સને ત્યાં ઘરકામ સંભાળનારી) પણ બિમાર છે... હું દાક્તર બોલાવી શક્તો નથી કેમકે મારી પાસે દવાનાય પૈસા નથી. છેલ્લાં ૮ થી ૧૦ દિવસ અમે આખા કુટુંબે માત્ર બ્રેડ અને બટાટા ઉપર જ ગુજાર્યા છે, અને આવતી કાલે તો એય મળશે એની કોઈ ખાત્રી નથી ! ઘરભાડું ને બીજાં બીલો તો એવાં ને એવાં ઊભાં જ છે...'

સહિયારૂં ચિંતન : સહિયારૂં દર્શન

માર્ક્સના મૃત્યુ સમયે અંજલિ અર્પતાં તેના જીવનસાથી એંગલ્સે કહ્યું છે: "જેમ ડારવિને જીવ-ઉત્ક્રાંતિના કાનૂનો શોધ્યા છે, તેમ માર્ક્સે માનવ ઇતિહાસના વિકાસના કાનૂનો શોધ્યા છે..."

એંગલ્સનો જન્મ ૧૮૨૦માં જર્મનીમાં. ધનાઢ્ય કુટુંબમાં થયો હતો; અને માન્ચેસ્ટરમાં રહી બાપની મિલ ચલાવતો હતો.

એંગલ્સ–માર્કસની મૈત્રી જગતની અસાધારણ મૈત્રીઓમાંની એક છે. સ્વતંત્ર ક્રાંતિકારી ચિંતકો તરીકે, અને સમાજવાદના રાહના સાધકો તરીકે ૧૮૪૬થી આરંભી માર્કસના અંતકાળ લગી બંને એકબીજાના પૂરક સમોવડીઆ રહ્યા છે: ભલે એંગલ્સે પોતે જ માર્કસની મૌલિક પ્રતિભાને આગળ ધરી પોતાની જાતને પાછળ ધકેલી દીધી હોય, ને ભલે બંનેની સહિયારી ગણી શકાય તેવી સિદ્ધિઓ કેવળ માર્કસવાદને નામે ઇતિહાસમાં અંકાઈ થઈ ચૂકી હોય, પરંતુ આદિ માર્કસવાદ એટલે માર્કસ–એંગલ્સનું સહિયારું જીવન-દર્શન: ચિંતન—ગ્રંથો અને આંદોલનોમાં સર્વત્ર આ સહિયારાપણું વરતાય છે...

માર્કસના મૃત્યુ બાદ—

* એટલું નહિ, માર્કસના મૃત્યુ બાદ, એંગલ્સે માર્કસવાદી વિતાનનાં અનેક પાસાંઓ પર વધુ પ્રકાશ પાડ્યા છે. અને કેટલીક વાર માર્કસના જીવનકાળ દરમ્યાનની પોતાની સહિયારી ભૂલોનો બેધડક એકરાર કરીને તેણે 'માર્કસવાદ'ને જીવંત રાખવાની ફરજ અદા કરી છે...

* ત્યાર બાદ, લેનિને (૧૮૭૦–૧૯૨૪) ૧૯૧૭માં ઝારના અતિ પછાત રશિયામાં શ્રમજીવી ક્રાંતિ સફળ કરીને, સમાજવાદી રાજ્યની સ્થાપના કરીને માર્કસવાદ ઉપર લેનિનવાદનો નવો ઓપ ચઢાવ્યો છે.

* બાદ—આપણે જે યુગમાં જીવીએ છે તે સ્તાલિનયુગ શરૂ થયો: ૧૯૨૪થી ૧૯૫૩નાં ત્રણ દાયકા દરમ્યાન માર્કસવાદને નામે જે રજૂઆતો થઈ તેમાં સ્તાલિનવાદનો ઘેરો રંગ ચઢ્યો.

(આજ યુગમાં માઓ, ટીટો વગેરેએ પોતપોતાના રંગોથી માર્કસવાદને વળી ઔર રંગ્યો...)

* સ્તાલિનના મૃત્યુબાદ લગભગ ૩ વરસે, ૧૯૫૬ના ફેબ્રુઆરીમાં સોવિયેત રશિયામાં મળેલી ત્યાંની કમ્યુનિસ્ટ પાર્ટીની ૨૦મી કોંગ્રેસ સમક્ષ ક્રુશ્ચોવે ગુપ્ત હેવાલ રજૂ કર્યો; એ હેવાલની મુખ્ય હકીકતો (સ્તાલિન યુગની વિકૃતિઓ)ના પ્રકાશમાં જગતભરના ખુદ કમ્યુનિસ્ટો અને સ્વતંત્ર માર્કસવાદીઓએ પોતપોતાને ત્યાંની વળી નવી નવી વિકૃતિઓની માહિતીઓ પ્રકાશમાં આણી.

આના આધાર પર જગત આખામાં માર્કસવાદનાં મૂળ અને શાખાઓ, રૂપ અને રંગોની ઊંડી તાત્ત્વિક ચર્ચાઓ જાગી ઊઠી છે: વૈચારિક રીતે, અને સંગઠનની રીતે મૂળભૂત વિચારણાઓ થઈ રહી છે. ઇન્ગ્લેન્ડ અને અમેરિકાની કમ્યુનિસ્ટ પાર્ટીઓના ખુલ્લાં સામયિકોમાં આના પડઘા ઊઠ્યા છે; ને બિન પાર્ટી સ્વતંત્ર માર્કસવાદી તથા ઇતર ચિંતકો અને અભ્યાસીઓએ તો અત્યંત પાયાની અનેક ગંભીર સમસ્યાઓની બેધડક છણાવટ શરૂ કરી દીધી છે: તાજેતરમાં પ્રગટ થયેલી, કદિ કલ્પી ન શકાય અને માની ન શકાય, અને સહી ન શકાય એવી ભયંકર વિકૃતિઓનો દોષ કેવળ એક વ્યક્તિ ઉપર ઓઢાડી દેવા કરતાં તલસ્પર્શી સવાલો એમણે સૌએ ઉપાડ્યા છે:

* માર્કસ એંગલ્સના પોતાના મૂળ સિદ્ધાન્તો અને ચિંતનોમાં જ તો કોઈ ભૂલો અને ઊણપો ન હતી ને?

* માર્કસ એંગલ્સના મૃત્યુબાદ લેનિને માર્કસવાદનું જે ભાષ્ય કર્યું અને જે સિદ્ધિઓ હાંસલ કરી તે દરમ્યાન સૈદ્ધાન્તિક તથા કાર્ય ક્ષેત્રની નવી ગંભીર ભૂલો તો પ્રવેશ નથી પામીને?

* સ્તાલિને ભૂલોના આ વારસાને પાણી પાઈ (ક્રુશ્ચોવે પોતે અને બીજા દેશોના કમ્યુનિસ્ટ રાજ્યકર્તાઓએ તથા પક્ષાધિપતિઓએ જણાવેલ માહિતી અનુસાર) વિકૃતિઓનું જે વૃક્ષ ઉછેર્યું છે, એમાં માર્કસવાદનું મૂળ સ્વરૂપ કેટલી હદે સચવાયું છે?

વૈજ્ઞાનિક જવાબો ઢૂંઢો

માર્કસથી માંડી સ્તાલિનની સિદ્ધિઓનો સત્કાર કરનારાઓ આજે આ સવાલો પૂછી રહ્યા છે ને વૈજ્ઞાનિક પદ્ધતિએ જવાબ ઢૂંઢી રહ્યા છે.

વિશેષ કરીને, સ્તાલિન યુગમાં, માર્કસવાદને નામે, શ્રમજીવી ક્રાંતિને નામે, સમાજવાદને નામે જે ભીષણ કાંઈ ચાલ્યો છે એથી ત્રાસી ઊઠી જગતભરના સમાજવાદના ખુદ ઉપાસકો આજે આ સવાલો પૂછી રહ્યા છે.

[અનુસંધાન પાન ૧૭૪ ઉપર]

પ્રણમું આદ્યસુધારક મહેતાજીને—

—ભોગીલાલ ગાંધી

છે તો એક સાવ સાદોસીધો માનવી—સુરતની સરકારી નિશાળનો એક મહેતાજી: બલ્કે, સુરતની સર્વપ્રથમ બે સરકારી નિશાળોમાંની એકનો મહેતાજી: ગુજરાતમાં ૧૮૨૬માં સરકારે માંડેલી ૧૦ શાળાઓમાંનો એક આદ્ય મહેતાજી.

જન્મ છે ૧૮૦૯માં: આજથી ૧૫૦ વર્ષ પૂર્વે... ન્યાતે વડનગરો બ્રાહ્મણ. આમ તો, નાગરો, પ્રભુઓ અને કાયસ્થો: 'જેનું રાજ તેનો વેશ'–વાળા. સરકારી નોકરીઓમાં આગળ પડતા...પણ આવો કોઈ ગુણ કોણ જાણે કેમ આ જુવાનમાં ઊતર્યો નથી. એના બાપ મંછારામ, અંગ્રેજોના અમલ પૂર્વે, જકાત ઉઘરાવવાનો ઇજારો રાખતા...પણ અંગ્રેજોના રાજમાં જકાતો ઊડી ગઈ ને મંછારામનો રોજગાર ગયો. દશા નબળી આવી.

દીકરો, સૌના દીકરા ભણે છે એમ, ગામઠી નિશાળે બેઠો: લખતાં વાંચતાં શીખ્યો; આંક ને લેખાં શીખ્યો...

૧૧ વર્ષની વયે મા મરી ગઈ ને માસીને ત્યાં ઊછર્યો. ને ભણવાનું છોડી ગૃહસ્થ નાગર ગોવિંદરામ જીવણરામની પેઢીએ નામું શીખવા બેઠો; તે આવડતાં એને ઘણા હલકા પગારે વાણોતર (ગુમાસ્તો) રાખ્યો.

શેઠની નોકરી આકરી છે; પણ તરુણને એની પડી નથી. એ તો એની નવી જ ધૂનમાં છે. એ જમાનામાં ભાગ્યે જ કોઈને લાગી હશે એવી લગની એને લાગી છે. ઢૂંઢી ઢૂંઢીને એ પુસ્તક મેળવે છે, ને વાંચે છે!

૧૮૨૪–૨૫ની સાલ! છાપખાનાં હજી ભારતમાં જ નવાંસવાં હતાં. તેમાંય બીબાં–પદ્ધતિનાં તો બહુ જૂજ. ૧૮૧૨માં મુંબઈમાં ફરદુનજી મર્ઝબાને ગુજરાતી છાપખાનું (બિબાં–પદ્ધતિનું) શરૂ કર્યું, તે પૂર્વે ગુજરાતીમાં શિલાપદ્ધતિથી છપાતું; એટલે છાપકામ નહિ જેવું; મુખ્યત: ચિત્રોવાળું...ગ્રંથો પુસ્તકો જે કાંઈ કહો તે હસ્તપ્રતમાં જ ઉપલબ્ધ!

આવા જમાનામાં વળી સુરતમાં પુસ્તકો કેવાં ને કેટલાં? અલબત્ત, ૧૮૨૪માં જ સુરતમાં પ્રથમ પુસ્તકાલયનો આરંભ થયો છે...અને એમાં જે કાંઈ થોડી વાર્તા–કવિતાની ચોપડીઓ મળે છે તે આ જુવાન વાંચે છે; પણ તૃપ્તિ થતી નથી!

મુંબઈમાં ભણતર

એવામાં બનવા જોગ તે મા મરી ગઈ અને માસીની સાથે મુંબઈ રહેવા ગયો...માસી કાંઈક ભણેલી! ભગવદ્ ગીતા ટીકા સહિત વાંચી શકતી.

એ વેળા મુંબઈમાં સરકાર તરફથી નિશાળોની શરૂઆત થઈ હતી. જો કે આ જુવાનને એની કશી માહિતી નહિ. પણ એક દિવસ ફરતાં ફરતાં રસ્તે મોટા માણસોની ગાડીઓ અને લોકોની ઠઠ જોઈ. ચંચળ જુવાનીઆને કૌતુક થયું. તજવીજથી માલૂમ પડયું કે ત્યાં તો સરકારી નિશાળ છે–એમાં જે જાય તેને મફત ભણાવે છે: એ દિવસે પરીક્ષા લઈ ગવર્નર સાહેબના હાથે ઈનામો વહેંચાવાનાં હતાં, તેની સભા હતી...

જુવાનિયાએ મનસૂબો કર્યો: સમજુ માસીના આશીર્વાદ માગ્યા. ને વરસ દોઢેક સુધી ઉલટથી અભ્યાસ કર્યો ઉપરીએ તેને 'નિશાળ ભણાવવાને લાયક' ગણી રૂા. ૨૦ના પગારે સુરત મોકલ્યો.

સુરત શહેરના હરિપરામાં એણે સરકારી નિશાળ બેસાડી મહેતાજી તરીકેની જીંદગીનો આરંભ કર્યો.

છે તો કેવળ અદનો મહેતાજી. રૂા. ૨૦નો પગારદાર; સરકારી નોકરિયાત !

હજી બહુ ઘડાયો નથી–કૈંક વાંચ્યું છે, ને કૈંક ભણ્યો છે; પરંતુ ભણાવતાં સારૂં આવડતું હોય એમ લાગે છે; કેમકે–૭ મહિનાની મહેતાગીરી થતાં, નવી નવી નિશાળો કાઢવાની નેમવાળી સરકારે એને ઓલપાડ મોકલ્યો છે. ત્રણેક વરસ ત્યાં રહી ૧૮૩૦માં પાછો સુરત આવ્યો છે, ત્યારે કૈંક ઘડાયો જણાય છે...ભૂતપ્રેતની વાતમાં તેનો વિશ્વાસ રહ્યો નથી.

મૂળ સ્વભાવે હિંમતવાળો; એટલે તો પહેલે જ દિવસે નવી નિશાળ બેસાડવા ઓલપાડ ગયો ત્યાંથી જીવતો પાછો આવ્યો...જે ઘરમાં એણે ૩ વરસ ગાળ્યાં હતાં એ તો 'ભૂતિયું-ઘર' હતું ! ને ઓલપાડથી સુરત ! પહેલી જ પગપાળી મજલ દરમ્યાન સૂકા ઝાડના ઠૂંઠાને 'ભૂત' સમજીને એની છાતી ધડકી ઊઠી હતી; પણ એણે વાયકા એવી સાંભળેલી કે 'ભૂતના સામું જોયા કરીએ ને પીઠ ન બતાવીએ તો એનું કાંઈ ન ચાલે...' એટલે આખી રાત હિંમતભેર સામે જ મીટ માંડી ઊભા ઊભા ગાળી નાખી !

૧૮ વરસની ઉંમરે આમ ઘડાવા તો લાગ્યો હતો. હવે તો ૨૧ વરસ થયાં હતાં...ને ૨૨મે વરસે ત્રવાડી તુળજાશંકર રેમિયાશંકની ૧૦ વરસની કન્યા સાથે એનાં લગ્ન થયાં... મહેતાજી દુર્ગારામ 'ગૃહસ્થી' થયા...આ વરસોમાં નોકરી ઉપરાંત શું કર્યું કોઈ જાણતું નથી; પણ સંસ્કૃતનો અભ્યાસ આ વરસોમાં શરૂ કર્યો હશે એમ જણાય છે.

બાળપત્ની ૧૭ વર્ષની ઉંમરે, ગૃહસંસારના પ્રારંભે જ, ગુજરી ગઈ (૧૮૩૮). મહેતાજીના સાદા સીધા જીવનમાં એક અજબ ઉથલપાથલ શરૂ થઈ ગઈ; વિધુર પુરુષને સ્ત્રીના વૈધવ્યની કારમી હાલતની જાણકારી થઈ.

ચોપાસ ઉજળિયાત વર્ણોમાં બાળવિધવા ને જુવાન રાંડીરાંડો ઘણી બધી રખડતી હતી...૩૦ વર્ષના મહેતાજીને એ અબળાઓની પીડાની શૂળ ભોંકાઈ રહી.

પોતાનાં પુનર્લગ્નની વાત વિચારતાં જ પોતાનું જ મન એને ડાંખવા માંડ્યું: 'પુરુષ રાંડે તો ફરી પરણી શકે; સ્ત્રી રાંડે તો શાથી નહિ ?'

કશું જ વ્યાજબી કારણ તેને જડ્યું નહિ...ને એણે એ રાંડીરાંડોના જીવનને વધુ નીકટતાથી નિહાળ્યું. એ ચોંકી ઊઠ્યો : વ્યભિચાર...ગર્ભપાત ને બાળ હત્યાનાં ગોઝાર પાપ ! આ પાપ, કરાવનાર એનું ફરજીયાત વૈધવ્ય ! આ તે કેવો રિવાજ ! પીડા, દુરાચાર ને અપરાધનો આ કેવો વૈધવ્ય-ધર્મ !

આવા વિચાર મનમાં ઘોળાતા હતા...શાસ્ત્ર—પારાશર સ્મૃતિ જેવા ગ્રંથની સહાય પણ કદાચ આ દિવસોમાં એને મળી હશે. બાળ વિધવાને માટે પુનર્લગ્ન એ પાપ નથી, એના મનમાં ઠસી ગયું.

હવે તો એની બેચેનીનો પાર નથી.

પ્રથમ 'નાસ્તિક'!

ત્યાં તો વળી એનો પંથ પલટાયો કે શું ?

૧૮૪૦માં મુંબઈથી સરકારી તેડું આવ્યું : સરકારી નિશાળોના મહેતાજીઓને ભૂગોળ, ખગોળ, ગણિત, ભૂમિતિ, વ્યાકરણ વગેરેના વધુ અભ્યાસ માટે બોલાવવામાં આવ્યા.

મહેતાજી ત્યાં થોડા માસ ગાળી, પરીક્ષામાં ઉત્તમ કક્ષા મેળવી, ગણિતમાં પહેલે નંબરે પાસ થતાં, રૂા. ૩૦૦નું ઈનામ મેળવી પાછા સુરત આવી પહોંચ્યા...સાથે પ્રાણશંકર (સુરતની બીજી શાળાના મહેતાજી) પણ પાછા આવ્યા...

પરંતુ ભૂગોળ-ખગોળનું આ જ્ઞાન તો પુરાણોની વાતોથી જુદું પડતું હતું ! સૂર્ય, ચંદ્ર, પૃથ્વી ગ્રહો–નક્ષત્રોની ગતિ અને સ્થિતિ–અંતર વિષે ભૂગોળ–ખગોળની વાતો તો સાવ નાસ્તિક જેવી લાગતી હતી ! 'ઉપરીના હુકમથી' એ વિષયો નિશાળમાં દાખલ તો કરવા પડ્યા હતા, પણ ભણાવવા શી રીતે ?

પ્રાણશંકર મહેતાજીએ માર્ગ કાઢી લીધો. એ પોતે જ આ વિજ્ઞાનોમાં માનતા ન હતા. એટલે ખુલ્લી રીતે છોકરાઓ-ને કહેતા : 'સાહેબ પરીક્ષા લેવા આવે ત્યારે કહેવું પૃથ્વી ગોળ છે ને ફરે છે; પણ તમે માનશો નહિ...કેમકે પૃથ્વી ગોળ હોય ને ફરતી હોય તો આપણાં ઘર જ ન પડી જાય ?'

દુર્ગારામની વાત જુદી હતી. બુદ્ધિપૂર્વક એણે વિજ્ઞાન-ની વાતોનો સ્વીકાર કર્યો હતો...પુરાણપંથીઓનો રોષ વહોરીનેય એણે સત્યજ્ઞાનનું શિક્ષણ જારી રાખ્યું.

ને–સુરતના **પ્રથમ નાસ્તિક**નું બિરુદ પામ્યા. પરંતુ

હજી હવે વધુ વિકટ પરિસ્થિતિ ઊભી થવાની હતી: આ વિધુરને હૈયે સ્ત્રીના વૈધવ્યની વેદનાનો ઊકળતો ચરુ ટંડો પડ્યો ન હતો.

ભૂગોળ ને ખગોળની વિદ્યા તો ઉપલા વર્ગમાં થોડાક વિદ્યાર્થીઓને જ આપવાની હતી...ત્યારે 'ફરજિયાત વૈધવ્ય'-ની હોળી તો ઘેર ઘેર જલતી હતી, ઘેર ઘેર હોલવવાની હતી.

મહેતાજીની નજરે સેંકડો વિધવાઓ એ આગમાં જલી રહી દેખાતી હતી; કેવળ વિધવાઓ જ નહિ, એ જલનમાં કુટુંબોનાં કુટુંબ શોષાઈ શેકાઈ રહ્યાં હતાં...ધર્મ, નીતિ, સદાચાર—સૌ ખાખરાખ બની રહ્યાં હતાં!

પ્રથમ 'ધર્મભ્રષ્ટ' માનવી!

મહેતાજીની વ્યગ્રતાનો પાર ન હતો.

નિશાળ છૂટે ને મહેતાજી–ચકલે ચકલે મહોલ્લે મહોલ્લે અજંપાથી ફર્યા કરતા... એ પાંચ પંદર માણસો વચ્ચે ઊભા રહી જતા...જુવાનીનો જુસ્સો ને બોલવાની છટા હતી. અંતરની આગને બહાર આણવામાં કશી ઊણપ ન રહી...કુંવારા ને પરણેલા, જુવાનો ને વિચારવંત પુરુષો સૌ દલીલમાં મહાત થઈ જતા...વિધવાઓ ઓટલે ઊભીને કે બારીએ લપકાઈને મહેતાજીને સાંભળી લેતી હશે. ને જે સાંભળવા ભાગ્યશાળી નહિ હોય તે બીજાઓને મોઢે બધી વાત પાછળથી જાણી લેતી હશે...

દિવસો ઉપર દિવસો વીતે છે...મહેતાજી એક મહોલ્લેથી બીજે મહોલ્લે ફરે છે...ઘેર ઘેર નવી જાગૃતિની જ્વાલાઓ જાગી ઊઠે છે...

ભારે 'ઓહોબાહ' (ઉહાપોહ) જાગ્યો...લોકોએ નિંદાઓ કરી...ગાળો દીધી...સામા થયાં...

મહેતાજી ગભરાણા નહિ.

કોઈએ મોઢે ચઢીને કહ્યું: 'તમારા ઘરમાં તમારી માસી રાંડેલાં છે તેને જ પરણાવોને!'

મહેતાજીને આવાં મહેણાંનીય રીસ નથી...ઠંડે કલેજે ઉત્તર વાળે છે: "મારા માસી ઘરડાં થયાં છે; હું જુવાન અને બાળ વિધવાઓને માટે કહું છું. પરંતુ ડોસીને પણ ઇચ્છા હોય તો કોઈ ડોસાને વરે...",

સાંભળનારાં હબકી ઊઠી જીભ કચરે છે.

સુરતની શેરીઓમાં પ્રથમ ધર્મભ્રષ્ટ માનવીનો પદ-સંચાર અસહ્ય બની ઊઠ્યો–કેવળ જૂનવાણી વડીલોને માટે જ નહિ; બલ્કે, એથીય વિશેષ ફરજિયાત વૈધવ્ય વેઠી રહેલી જુવાન વિધવાઓનેય!

એક એવી જુવાન વિધવા મથુરીએ વિધુર સુધારક મહેતાજીને કહેણ મોકલ્યું: 'હું વરવા તૈયાર છું–તમે તૈયાર હો તો...'

વાત કાંઈ છાની રહે એવી ન હતી.

મથુરીનાં પુનર્લગ્ન દુર્ગારામ વેરે થતાં અટકાવવા ન્યાતીલાઓએ આકાશ પાતાળ એક કર્યાં...સુધારાના શત્રુ વિજયી નીવડ્યા!

મહેતાજીએ મથુરીને શો જવાબ પાઠવ્યો એ તો કેવળ મથુરી જ, આજે જીવતી હોત તો, કહી શકતે—

પણ નાગરી ન્યાત અને સગાંસંબંધીઓ મહેતાજીને કુંવારી કન્યા આપી રાંડેલી સાથે પરણતા અટકાવી તો શક્યા જ!

પાછાં પગલાં!

'દુર્ગારામ ચરિત્ર'ના લેખક સુધારક શ્રી. મહિપતરામ કહે છે:

"ગોર જીવણરામ મંછારામે અલેગવરી નામે પોતાની કુંવારી બાળકીને દેવાની હા કહી, ને દુર્ગારામ મહેતાજીએ તેને લઈ પોતાના મતને અને નામને હીણપત લગાડી... દાખલો પોતે પંડે ન દેખાડ્યો તેથી પાપી રસમનો બચાવ થયો, અને બાપડી વિધવાઓનો પણ દુર્ગારામે સ્વાર્થ કર્યો હતો એમ મનાયું..."

વાત આટલી જ નથી. શ્રી. મહિપતરામ ઉમેરે છે:

"સાસુ સસરાએ જમાઈ જોડે એવી શરત કરી હતી કે તેની છોકરીને પરણ્યા પછી વિધવા પુનર્વિવાહ સંબંધી જાહેર બોધ કરવો નહિ...લગ્ન પછી એ બાબતનો દુર્ગારામ-નો ઉપદેશ અને ઉદ્યોગ મંદ પડી ગયો. ..."

શું માણસ આખો બદલાઈ ગયો? શું વિધવા–પુનર્વિવાહની વાત હવે એ હોઠે આણતો બંધ થઈ ગયો? શું જૂનવાણી સમાજની સાથે હવે સમજાવટ કરી લઈ એણે ગૃહસ્થ ધર્મમાં ચિત્ત પરોવી દીધું? શું ન્યાતજાતના વિરોધના ડરનો માર્યો, ટીકા, આક્ષેપો, ગાળો અને સતામણી-

ઓનો માર્યો, હવે એ મૂંગો થઈ ગયો ?-શું 'પ્રતિષ્ઠા'ની લાલચમાં એણેય હવે જૂનવાણી પંથ પકડી લીધો છે ? શું હવે એ પોતે અંધશ્રદ્ધાળુ કર્મકાંડી 'આસ્તિક' 'ધર્મનિષ્ઠ' બ્રાહ્મણું બની ગયો છે ? શું એણે હવે વટલાવા ને અભડાવાના આચારમાં માનવબંધુત્વને વિસારે પાડી દીધું છે ? શું બુદ્ધિવાદને સ્થાને પુરાણા વહેમોને અપનાવી લીધા છે ? શું ધર્મશાસ્ત્રોને નામે હવે એ જૂના વહેમી ચાલનો બચાવ કરતો થઈ ગયો છે ?

હરગિઝ નહિ.

એક પણ વાત સાચી નથી.

* ૧૮૪૩માં બીજી વાર કુંવારી કન્યા સાથે લગ્ન કરી લઈ મહેતાજીએ ઉગ્ર સંઘર્ષ ટાળ્યો ને આજ પૂર્વે બોધેલા ઉપદેશના અમલમાં એ પાછો પડ્યો—એ વિષે જેમ બે મત નથી, એમ બીજી વાત પણ નિઃશંક સત્ય છે કે—

* આપ સૂઝથી આરંભેલા સુધારાને પંથે આગળ ધપવામાં મહેતાજીએ ડર, નાલેશી યા સતામણીની લવલેશ પરવા કરી નથી...

વિસ્તારભયે ઘણી બધી વીગતોમાં ભલે ન જઈએ પણ મહેતાજીના ચરિત્ર લેખકના જ શબ્દો ફરી યાદ કરવા જેવા છેઃ

"નાતબહારની સજાના ભયથી ગભરાઈ ઊઠે એવો આ નર ન હતો......"

"બીજીવારના લગ્ન થવાથી દુર્ગારામના મનનો જુસ્સો વિધવા વિવાહ માટે જતો રોકાયો. પણ જેમ જોરભેર આવતી પાણીની રેલ એક દિશામાં જતી ખાળ્યાથી બીજી મેર ધસે છે, તેમ એ મહેતાજીના સુધારા તરફ વળેલા ઉમંગી મનનું આવેશરૂપી પૂર બીજી રાહે દોડ્યું..."

'બીજા રાહ' પર નહિ, સુધારાના 'વિસ્તૃત રાહ' પર કહેવું યોગ્ય છે. સુધારાના વિસ્તૃત વિકટ રાહ પર ધસતા મહેતાજીને એકવાર નિરખી લેવાય જરૂરી છેઃ મનમાં અંદેશો ન રહી જાય:

એવો જ સાદો સીધો, એવો જ સ્થિર-ચિત્ત ને એવો જ ઉદ્યમી આદમી જોવા મળશે.

કદાચ ધસમસતાં આવેશમય પૂરને ઠેકાણે વધુ ઊંડો ને વધુ ગંભીર પ્રવાહ દેખાશે...

જીવનની એવી ને એવી નિષ્ઠા; દૃષ્ટિની વધુ વેધકતા; ને આગે બઢવાની અધિકતર ઉત્કંઠા વરતાશે...

આ દર્શન આવતે અંકે કરીશું...

એક વાર તો, જતાં જતાં, મહેતાજીને પ્રણમી લઈએ.

[પાન ૧૩૩થી]

વાના વખતે પેલી કરાળ ચીસોથી પાછી દિશાઓ ઉભરાઈ ગઈ—હંઆંઆં—હંઆંઆં—અનંત ચીસો ! કેમ જાણે તેની બૂમો સાંભળી છલકાતા વાત્સલ્યના પૂરમાં પેલું વાછરડું તણાઈ આવશે ને તેને ધાવવા વળગી પડશે, એવી અમર આશા ઉત્સુકતા ને અધિરાઈ તેની બૂમોમાં ભરેલી હતી ! મૂક પ્રાણીની દરપણ ભાવનાઓનો વરસાદ વરસતો હતો—હંઆંઆં હંઆં આં...ને તે અવાજના મોજાં હવામાં તરંગતાં તેના વર્તુળમાં દેખાયું પેલું દશ્ય—દવાખાનામાં પલંગ પર ખાલી ખોળો પાથરી બેઠેલી દુઃખી માતા—તેની સામે ઊભેલી ન 'બ્રેસ્ટ પંપ' વડે માતાનું દૂધ કાઢી લેતી હતી—ને આંસુ છલકાતી પેલી આંખો કરુણતા વહેવડાવતી હતી...અને. અને પાછો પેલો નિઃશબ્દ નાદ હૃદયમાં નિનાદે છેઃ હંઆં હંઆંઆં—ને માતૃત્વની અસહાય મૂર્તિ ખડી થાય છે. તે અંગેઅંગ આક્રંદે છે. જગતની કોઈ પણ વિયોગી માતા વિલાપ ભર્યો છે—એ 'હંઆંઆં' માં ! ભાષા ગમે તે હૃદયના રુદનનો સૂર એક જ હોય છે !

માતૃત્વનો વિલાપ

—સૌ. લીલા ટી. ઘારપુરે

જગતની માતાઓના રૂદનનો કરુણ સૂર એક સામટો જ જાણે હું સાંભળતી હોઉં તેવું લાગ્યું. પેલી ગાવડી 'હંઆઁઆઁ...આઁ-હંઆઁઆઁ-આઁ-' કરતી પૂંછડું હવામાં વીંઝતી આમથી તેમ કુદાકૂદ કરતી દોડી રહી હતી—વાડાની આસપાસ આંટા મારી રહી હતી. પળવાર આ બાજુ થંભે ને પળવાર બીજી બાજુ થંભે ને થંભીને બરાડે હંઆઁઆઁ-આઁ...હંઆઁઆઁ-આઁ...ને પાછી દોટ મૂકે ને તાકી તાકીને ચારે તરફ જુએ! ને તે જોતાં હું વિચારી રહીઃ આ ગાય કેટલી બેબાકળી થઈ ગઈ છે! અપત્યવિયોગનું દારૂણ દુઃખ આ મૂંગા પ્રાણીનેય છે! મનુષ્ય તો તત્ત્વજ્ઞાનનો આશરો યે લઈ શકે છે. પણ આ બિચારું, મૂક પ્રાણી! ને આમ વિચારતાં આગલો દિવસ મારી સમક્ષ ખડો થયો......

હું બેઠી બેઠી કંઈક સીવતી હતી. ત્યાં તો વાછરડાનો અવાજ સંભળાયો...આઁઆઁ-આઁ...પણ મને તે તરફ ધ્યાન આપવાની જરૂર ન જણાઈ. ત્યાં તો ફરી પાછો અવાજ... આઁઆઁઆઁ—આઁઆઁઆઁ...અવાજ પહેલાં કરતાં વધારે પહોળો થયો હતો. ને ભયાનક રીતે ફાટેલો લાગતો હતો. ને ત્રીજી વાર જ્યારે તે જ અવાજ કાને પડ્યો, ત્યારે બેસી રહેવું મુશ્કેલ લાગ્યું. પગ ઊભા થઈ ગયા-ને મને બારી પાસે દોરી ગયા. મેં સામે વાડા તરફ ડોક લંબાવી...ત્યાં વાછરડું તરફડતું હતું. ફરી તે જ બૂમો! કાનને અસહ્ય વેદના થઈ...આઁ આઁ આઁ...આઁ આઁ આઁ...તે અવાજ આ દુનિયાનો ન હતો. ને પેલું દૃશ્ય! તે હલનચલન પણ વાછરડા માટે ભિલ્લું જ હતું...તે કોઈ સાથે લડતું હતું...કશાકનો વિરોધ કરતું હતું...કોઈની સામે ઝૂઝતું ટકવા મથી રહ્યું હતું. પણ આખરે તે હાર્યું, મોમાંથી ફીણ નીકળ્યું ને અવાજ ધીમો ધીમો થતાં થતાં આખરે નાશ પામ્યો ને તે ઢળી પડ્યું. ડોક આમતેમ જરા હલાવી, ને જમીન પર મૂકી દીધી. તેની પાસે ઊભેલા માણસે ઘાસથી તેના અસ્તિત્વને ઢાંકી દીધું...

સાંજ નમતી હતી. રાત ડોકિયાં કરતી હતી. થોડી વારે કાળો ઘૂમટો તાણી રાત આવી પહોંચી. એના કાળા ઘૂમટામાં સંતાડેલી પેલી ભયાનક વસ્તુ ગાવડીને-પેલી માતાને દેખાઈ નહિ. પણ પ્રભાતે આવી તે વાત છતી કરી અને ગાવડીનું હૈયું હાથ ના રહ્યું. હંઆઁઆઁઆઁ...હંઆઁ આઁ...આઁ... તેના વાછરડાને તે સાદ પાડતી હતી...બોલાવતી હતી... મોટેથી—ખૂબ જોરશોરથી સારાય જગતના માતૃત્વની શક્તિ એકઠી કરી તેણે પોકાર કર્યોઃ હંઆઁઆઁ—હંઆઁઆઁઆઁ— દિશાઓ ભરાઈ ગઈ હૃદય ભરાઈ ગયું ને તે નાદમાંથી અંતરનાદ જાગ્યો—હંઆઁઆઁ—હંઆઁઆઁઆઁ!! કોઈ જોનારના ઉરમાં ચીરાડા પડ્યા, એવું માતૃત્વ રડી ઊઠ્યું. ગાવડીની આંખો ભીની હતી ને કો' માતાના હૃદયમાં પડેલા ચીરાડામાંથી લોહી ટપકતું હતું—કારણ એના ઉરનો ટુકડો કપાયો હતો—લૂંટાયો હતો!...

અરે પણ આમ આ ગાવડીને નીરખી ઊભી રહીશ તો મારો પાર ક્યારે આવશે...આમ વિચારી હું બાથરૂમમાં ચાલી ગઈ...ઠંડા પાણીનો લોટો ભર્યો, ત્યાં તો આખા ઘરને ચીરતી પેલી ચીસ આવી—હંઆઁઆઁ—હંઆઁઆઁ...ને હું વેદનાથી નાહી ઊઠી. વાડાને ચકાવો લેતી પેલી ગાવડી મારી નજરમાં તરી રહી. નહાવાનું પતાવી હું પાછી વાડા સામેની બારીએ ઊભી. પેલી ગાવડી હજુય હવામાં તાકી રહી બરાડી બરાડીને અંતર ચીરી રહી હતી. પણ વાછરડા ને તેની વચ્ચે પડેલું અંતરપટ કદી ચીરાવાનું ન હતું તેની જાણ તેને બિચારીને ન હતી! બિચારી!!...ને સાંજે દૂધ દોહ-

[અનુસંધાન પાન ૬૩૨ ઉપર]

ઉકરડે ફેંકાયેલાઓનો અદનો સાથી : પિયરી

પ્રિય સરોજ,

વળી તારી 'ન્યાત'ના એક બીજા માણસની ઓળખાણ થઈ. એ ફ્રાંસ દેશનો વતની છે. તું કહેશે, મારા જેવી ઘરકુકડીને વળી નવાં નવાં માણસો–દૂરદૂરના દેશોમાં વસતા અજાણ્યા માનવીઓ સાથે ઓળખાણો કયાંથી થઈ જાય છે !

ત્યારે એ જ તો ખૂબી છે. સાતે સમુદ્ર ડહોળી દુનિયાનો ખૂણે ખૂણો ફરી આવનારનેય નહિ જોવા મળતાં હોય, એવાં મોંઘેરાં માનવી જોડે મારે ઘર બેઠાં મુલાકાત થઈ જાય છે ! ને મારું મન એવું ભરાઈ જાય છે કે બસ. ને હું આખી દુનિયામાં (કાગળના પટ પર સ્તો) ઘૂમી વળી, મનની દાબડીમાં સાચવી રાખવા લાયક માનવ-મોતીડાં વીણી વીણી ભેગાં કરી લઉં છું. ને પછી તારા જેવી બેનપણીને બતાવી રાચી લઉં છું.

જો સાંભળ એની વાત. ફ્રાંસ દેશની ઇન્દ્રપુરી–પેરીસ. એની બગલમાં મેલાઘેલા લોકોના વસવાટવાળા એક પરામાં ઘર કરીને રહેલો એક સાધુ: નામ એનું એબે પિયરી. કદાચ સ્વપ્ન સંજોગે સામો મળે ને આ નામે એને બોલાવું, તો નય બોલે. કારણ એના દેશમાં લોકો એના નામનો આવો ઉચ્ચાર ન પણ કરતા હોય. પણ આપણી બેની વચ્ચે એના નામ બાબત કશી ગેરસમજ થાય એમ નથી–એ વાત ચોક્કસ.

એબે પિયરી કયા પંથનો કે કયા સંપ્રદાયનો સાધુ છે, તે જાણવાની કે તે બાબત ચોક્કસાઈ કરવાની પણ બહુ દરકાર કરવા જેવી મને નથી લાગી. પણ ઇશુખ્રિસ્તનો સાચો ચેલો હોવાની સાબીતી તો એનું જીવન જ છે:

શ્રીમંત માબાપનો દીકરો હતો. પણ બચપણથી જ ધાર્મિકવૃત્તિનો. જુવાનીને ઉંબરે પગ મૂકતાં વેંત સંત ઇશુના બંદાઓનાં ધામ જોવા તીર્થાટને નીકળી ગયેલો. ઇટલી તો સંત ફ્રાંસીસની વિહારભૂમિ. સંત ફ્રાંસીસનું જીવન રટતો, એની ભાવનાઓમાં રમતો પીયરી આખી રાત આસિસિ નગરની ગલીગલીએ ભટકેલો, ને છેક પરોઢે એણે જીવનના રાહ લેખે ઇશુના બંદાઓની કેડી પકડી લીધેલી.

ઓગણીસ વરસની ઉંમરે બાપ તરફથી વારસામાં જે કંઈ મિલ્કત મળી, તેની ગરજુ ગરીબોમાં લ્હાણ કરી, બે જ કલાકમાં એણે કાંચનમુક્તિ મેળવી લીધી...ને તે દિવસથી તે આજ દિવસ સુધી એ અકિંચન બની જીવી રહ્યો છે !

દુ:ખિયાંનો પોકાર એને આફ્રિકાના અંધારિયા ખંડમાં જઈ સેવાવ્રત ધારણ કરવા સાદ દઈ રહ્યો હતો. પરંતુ તેના નાજુક શરીરે એ કામ માટે એની વરણી ન થવા દીધી. તેથી આલ્પ્સ પર્વતના કોઈ થાણાપર અડ્ડો જમાવી, એણે હિટલરના ત્રાસથી જર્મની છોડી નાસી છૂટનારા યહુદીઓને મદદ કરવા માંડી. પોતાના દેશ પર હિટલરે કબજો જમાવ્યો, ત્યારે ફ્રાંસના દેશભક્તોના ગેરીલા દળમાં ભરતી થઈ જઈ, પોતાના દેશને ગુલામીમાંથી છોડાવવા માટે એણે લડત પણ આપેલી; ને માનચાંદ આપી રાષ્ટ્રે એની વીરતાને બિરદાવેલીય. યુદ્ધ પૂરું થયા પછી એની લોકપ્રિયતાએ રાજની લોકસભાની ખુરસી માટે એની વરણી કરેલી.

પેરિસના પરામાં—

પણ લોકસભાના એ સભ્યને રાજધાનીની ધમાલ ધાંધલ પસંદ નહોતી. એણે તો પેરીસના એક પરામાં સસ્તા ભાડાનું એક મોટા ગોદામ જેવું ઘર શોધી કાઢ્યું. ઘર કહેવાય પણ એની હાલત સુદામાના ઝૂંપડા જેવી. છાપરું ઠેર ઠેર ગળે, વીજળીની બત્તી ત્યાં સુધી પહોંચેલી જ નહિ. એક જમાનામાં કાચ મઢેલી બારીઓવાળું ઘર હશે. પણ પિયરીના વસવાટ વખતે તો ઊંસાના બોખલા મોં જેવી એની સ્થિતિ. એટલે દિવસે રાજદરબારમાં આસન શોભાવતો પિયરી રાતે ઘેર આવે કે ટૂંકી તંગડી પહેરી, એને ઘ

મારવાનાં કડિયા-સુથારનાં કામે લાગી જવું પડતું. ક્યાંક ા ઉખડી ગઈ હોય ત્યાં સિમેન્ટ-ચૂનો પાથરે, સુંસવાટા ારતો પવન વગર રજાએ ઘરમાં ઘૂસી આવતો હોય ત્યાં. ારાડો પૂરે, બારીએ કાચ લગાડે, પતરાં જડે.

અચાનક એક દિવસ મધરાતે પિયરીના બારણે ટકોરા ાયા. બારણું ઉઘાડી જુએ છે તો એક રખડેલ ચીંથરેહાલ ાણુસ અતિથિ બની આવ્યો છે. ખૂનના કેસમાં વીસ વરસ-ી સજા ભોગવી છૂટેલો માજી-અપરાધી ! એક પણ સવાલ ર્યા વિના પિયરીએ એને ઘરમાં લીધો. પોતાનો સાથી બનાવ્યો.

એને પગલે પગલે એક બીજો સાથી આવ્યો. પોલિસે ીન નદીમાં જળસમાધિ લેવા ગયેલ એ દુખિયારાને મૃત્યુ-ા બાથમાંથી ઝુંટવી લઇ સમાજને ઉકરડે ફેંકી દીધેલો.

આમ એક પછી એક કરતાં કેટલાય સાથીઓ ભેગા ઈ ગયા. રહેઠાણની જગા ટૂંકી પડતાં પિયરીએ ગુજરીમાં ઈને જૂના લશ્કરી થાણાનો કાટમાળ ખરીદી આણ્યો. ઘર આગળની ખાલી જગામાં એ કાટમાળમાંથી આશ્રય તેવું રહેઠાણ ઊભું કરી દીધું. બીજો જોઈતો સરસા-ાન પણ ગુજરીમાં થતા લીલામમાંથી ભેગો કરી આણ્યો. ને ધા ભેગા મળી કંઈક મહેનત મજૂરીનાં કામ કરી ગુજારો કરવા ાગ્યા. આમ ને આમ બે વરસ પસાર થઈ ગયાં. ને ીજાંય ઘણાં પસાર થઈ જાત. પણ એક નાનકડી ઘટનાએ ાના જીવનકાર્યની એ મર્યાદાઓ તોડી નાખી...ને ધોધ તો જે પ્રવાહ વહાવ્યો—એણે રાષ્ટ્રવ્યાપી પ્રવૃત્તિનું સ્વરૂપ કડ્યું.

સરોજ ! એક અકિંચન માણસે આ ચમત્કાર શી રીતે ર્જ્યો એની કહાણી ખરેખર અદ્‌ભુત છે.

સત્કાર્યની ફોરમ

એક વાડને અઢેલી, વાંસને ટેકે ટાટિયાનું છાપરું ઊભું , એક કુટુંબ પડી રહેતું હતું. પુરુષ એક કારખાનામાં કરતો હતો. એની સગર્ભા સ્ત્રી ને એક નાનો છોકરો રામાં હુંડવાતાં પડ્યાં રહેતાં હતાં. બે બાળક તો આ રાનો આશરો મળતાં પહેલાં જ ટાઢનું શૂળ સહન ન થતાં પરવાર્યાં હતાં. આ દર્દનાક હાલતે પિયરીનું દિલ મચાવી મૂક્યું. એણે એ કુટુંબને પોતાના દેવળમાં આશ્રય ્યો. તે પછી એણે ને એના સાથીદારોએ મળી એ કુટુંબને માટે ખપાટિયાં પતરાં ઠોકી એક ઘર ઊભું કરી આપ્યું.

કદાચ વાત આટલેથી અટકી ગઈ હોત. ને બધું હતું તેમનું તેમ ચાલતું રહ્યું હોત. પણ ફૂલની સુગંધની માફક સત્કાર્યની ફોરમ પણ વાયરે ચઢી ફેલાયા વિના રહેતી નથી. કાનોકાન વાત ફેલાઈ કે પ્રભુનો એક બંદો ઘર વિનાનાં ને ઘર આપે છે...પછી તો પૂછવું જ શું ?

ગરીબોની વસ્તીએ વસ્તીએ, દૂર દૂર સુધી વાત ફેલાઈ ગઈ. ને લોકો ઊમટ્યા પિયરીનું ઠામ શોધતા. કોઈ લારીના ફૂટબોર્ડ પર ઊભા ઊભા, કોઈ ગાડામાં બેસીને, કોઈ સાયકલ પર ચઢીને, તો કોઈ પગપાળા. કોઈ પૈસા નથી માગતું, ખાવાનું નથી માગતું, કપડાં નથી માગતું. સૌને મોઢે એક જ બોલ છે. માથું ઢાંકવા છાપરું આપો; મૃત્યુના ઠંડા ક્રૂર સ્પર્શથી અમને ઉગારી લો.

ડબ્બા નગર !

નિરાશ્રિતોના આ અણધાર્યા અણચિંતવ્યા ધસારાથી બેઘડી વિચારમાં પડી ગયેલ પિયરી એકદમ ચોંકીને જાગી ઊઠ્યો. એને જે ઉપાય સૂઝ્યો, તેને અમલમાં મૂકવા એણે ઉતાવળ રાખી. પોતાના રહેઠાણથી થોડે અંતરે બે એકર જમીન મળી, તે તરત ખરીદી લીધી, ને એના પર બાંધકામ શરૂ કરી દીધું. ભાંગેલ મોટર લોરીઓ, રેલ્વે ટ્રેનના ડબ્બાઓ, મોટરબસો, ઠેલણ ગાડીઓ વગેરે...લાવી લાવીને એણે એ જમીન પર ગોઠવી દીધાં ને ટીનનાં પતરાંનાં છાપરાં જડી 'ઘર' તૈયાર કરી લોકોને રહેવા માટેની જોગવાઈ ઊભી કરી દીધી ! લોકોએ એની આ નવી વસાહતનું હુલામણું નામ પાડ્યું : 'ડબ્બા નગર' !

પણ કોઈએ કદિ નહિ ધારેલું, નહિ યોજેલું આવું વિચિત્ર બાંધકામ લઈ બેઠેલ પિયરી સત્તાવાળાઓની આંખમાં આવી ગયો—કહે : 'બાંધકામનો પરવાનો ક્યાં છે તારી પાસે ?'

પિયરીએ તો 'ડબ્બા નગર'ના એકે એક રહેવાસીનાં જનમપત્રક ભેગાં કર્યાં, ને ફંગોળ્યાં સત્તાવાળાઓના મોં સામે ! કહે : 'લો, આ રહ્યો એમનો પરવાનો. ધરતી પર જનમ ધર્યો તે દિવસ ભગવાને જીવતા રહેવા માટે લખી આપેલો આ દસ્તાવેજ છે—જોઈ લ્યો.'

' આવો જવાબ સાંભળી ધુંવાંફુંવાં થતા સત્તાવાળાઓનેય આખરે સમસમીને બેસી રહેવું પડ્યું. શું કરે ?

ને પિયરીનું કામકાજ તો ધમધોકાર આગળ વધતું જ ગયું. કરજ કરીને એણે જમીનો ખરીદે રાખી. લશ્કરી થાણુંઓનો કાટમાળ ખરીદે રાખ્યો. ને નવાં નવાં રહેઠાણો ઊભાં કર્યે જ રાખ્યાં. કરજે બધું મળાય;રહેતું—કારણ પિયરી એ વખતે લોકસભાનો સભ્ય હતો. ભાડાંભથ્થાં પગાર...જે કંઈ મળતું તેમાંથી દેવું વાળ્યા કરતો; કરજ ફેડ્યા કરતો.

પણ ૧૯૫૧ પછી તો એ શક્યતા પણ મટી ગઈ. કારણ ફરીથી ચૂંટણીઓ આવી. એને ચૂંટણીમાં ઊભો કરનાર પાર્ટી સાથે મતભેદ પડ્યો, ને એ હાર્યો. ત્યાં સુધીમાં કરજનો આંકડો તો ક્યાંય ઊંચો ચઢી ગયો હતો ! એના સાથીઓનાં આટાદાળ ઉપર પણ કાપ આવી ગયો...

ઊકરડા ફેંદવાનો ધંધો

એક રાતે એના એક સાથીએ આવી ૧૦૦૦ ફ્રાંકની નોટો પિયરીના હાથમાં મૂકી. કહે: ' આ લો. મેં ચીંથરાં વીણીને કરેલી કમાણી છે. ચોરીની કે ભીખની એમાં એક પાઈ પણ નથી. ' તે પછી તો પિયરી ને એની વસાહતના પચાસેય સાથીઓ માટે મહેનતની કમાણીનો રસ્તો ઊઘડી ગયો. બધાએ ઉકરડા ઉખેળી ચીંથરાં, કાગળના ડૂચા, લોખંડ, કાચના ટૂકડા, ટીનનાં ડબલાં ડુબલાં ને શીશા-શીશીઓ ભેગાં કરવા માંડ્યાં. ને એ વેચીને બે ટંકનો રોટલો કાઢવા માંડ્યો.

થોડા વખતમાં તો એમનો આ ધંધો એટલો વધી ગયો કે એમને એક મોટર લોરીની જરૂર વર્તાવા લાગી. પણ પૈસા વિના મોટર લોરીની જોગવાઈ શી રીતે થાય ?

પિયરીને અચાનક એક યુક્તિ જડી ગઈ. રેડિઓ ઘર પર એક કાર્યક્રમ હતો: અમુક સવાલોના સાચા જવાબ આપે. એને અમુક રકમનું ઈનામ મળે. એણે તો હિંમત ભીડી. રેડિયોઘરમાં પગ મૂક્યો. ને પહેલા જ સવાલે ૨૫૦ ફ્રાંક જીત્યો. ને એમ ૨,૫૬,૦૦૦ ફ્રાંક જીતતાં લગી એણે રેડિયો ઘરના એ કાર્યક્રમમાં ભાગ લીધે રાખ્યો ! ૨,૫૬,૦૦૦ ફ્રાંક એટલે એક જૂની પુરાણી મોટરલોરી ખરીદવા માટે પૂરતી રકમ કહેવાય. લોરી આવી ગઈ. એમનો ઉકરડો ફેંદવાનો ધંધો ધમધમી ઊઠ્યો.. આ ઉપરાંત સાથીઓમાં કોઈ સાયકલો, કોઈ ઘડિયાળો ને બાબાગાડીઓ સમારવાનું કામ કરતા; જૂના ભંગારમાંથી નવાં યંત્ર ઊભાં કરી દેતા, ને વેચીને એમાંથી પૈસા રળતા. આમ કરી કરીને એમણે પોતાનું દેવું વાળ્યું. ને ઉપરથી સિમેન્ટની ઈંટો બનાવવાનું એક નાનકડું કારખાનું પણ શરૂ કર્યું.

પિયરીના ૨૦૦ સાથીઓમાંના અરધો અરધ તો બાંધકામ જાણનારા સારા કારીગરો હતા. ને અડધા ઉકરડા વીંખવાનું કામ કરનારા હતા. હવે પિયરીએ આખા દેશમાંથી ઘરબાર વિનાના ને ફૂટપાથ પર સૂનારા માણસોના આંકડા ભેગા કરવા માંડ્યા. એ આંકડાએ એને ડધાવી મૂક્યો. એણે કામચલાઉ સસ્તા ભાડાના વસવાટો બાંધવા માટેની એક યોજના તૈયાર કરી. એને માટે ૭ લાખ ફ્રાંકની રકમ જોઈએ, પણ એ લાવવી ક્યાંથી ?

વળી નવી આફત !

૧૯૫૩ની સાલમાં નવા વસવાટો બાંધવાની યોજના તૈયાર કરતી સરકારને પિયરીએ કહ્યું: ' તમારી ૧૦ હજાર મિલિયન ફ્રાંકની—બાંધકામ માટે જુદી કાઢેલ રકમમાંથી એક ટકા જેટલી રકમ મારી ' તત્કાળ રાહત ' માટેની યોજનામાં આપો. '

પણ એમ ઝટ ' હા ' ભણે તો સરકાર શાની ? ત્યાંતો ૧૯૫૪ની સાલમાં યુરોપની ધરતીપર ઠંડીનું મોજું ફરી વળ્યું. છેલ્લાં દસ વર્ષમાં આવી પ્રાણ હારી નાખે એવી ઠંડી પેરિસે જોઈ નહોતી. નગરની ગંધાતી ગલીઓમ આવેલાં દિવાસળીનાં ખોખાં જેવાં ઘરોમાં ઠસાઠસાવીને ભરેલ માનવીઓમાં બે હજાર માણસોનો વધારો કેમય સમાતે નહોતો. લોકો સીન નદીના પૂલની પોલાણોમાં, ઘરના દાદર હેઠળ, રેલ્વે સ્ટેશનોનાં ભોંયરામાં, દુકાનોનાં પાટિયા સોડે જ્યાં ત્યાં આશ્રય ને હૂંફતું ઓઢું શોધતાં ભટકતાં હતાં. ગૂંચળું કોકડું વળીને પડ્યાં રહેતાં હતાં. સરકારની પોલિસ કહેઃ આમાંના કેટલાકને તો અમે ઘણા વખતથી ' ગુનેગાર ' તરીકે શોધતા હતા ! તે હશે, પણ અહીં તો આ બધ મહેનત મજૂરી કરી, પરસેવો પાડી જીવનારા લોકો હતા કારખાનાં ને મિલોમાં મજૂરી કરનાર કામદારો હતા. બધા ટાઢે ઠરીને મરતા હતા !

પિયરી એમને માટે ગરમાગરમ સૂપ (શાકભાજીનો રસો) ને રોટી લઈ, ખૂણે ખૂણે ભમતો, એમને ખવડાવતો. રાતને વખતે છૂટા પડતાં ' ગુડ નાઈટ ' કહેવાનો રિવાજ ખરો...પણ પિયરી મૂંગો મૂંગો જ પાછો વળી જતો. એ કહેતો: ' હાડ ગાળી નાખે એવી ટાઢમાં રાત જોને ફૂટપાથ

પર પડ્યા પડ્યા વિતાવવાની છે–અને 'શુભરાત્રી.' હું કયે મોઢે ઇચ્છું ?

તોય બેચેન જીવડો. ટાઢે ઠરતાં ગભગાંડવાને ખવરાવ્યા માત્રથી એનો અજંપો શી રીતે શમે ? એણે તો જૂનો સરસામાન વેચનારાની દુકાનેથી જૂના ફાટ્યા તૂટ્યા તંબુઓ ખરીદી આપ્યા. ને જ્યાં ખાલી જગા દેખી ત્યાં ઊભા કરવા માંડ્યા. ઘાસના વેપારીને ત્યાંથી ગાડાં ભરી ભરીને પરાળ ભેગું કરી આપ્યું : તંબુઓમાં પાથરી 'જંગી બિછાનાં' તૈયાર કરી દીધાં. નાગાં ઉઘાડાંને ગરમાવો આપવા માગી તાગી, ઉધરાની ભીખીને તેલ પૂરીને સળગાવવાના ચૂલા, ને સ્ટવ ભેગા કરી આપ્યા. ને પછી પોતાની લોરી લઈ તે નીકળી પડ્યો. શહેરને ખૂણે ખૂણે ફરી, એણે ટાઢે ઠુંઠવાતાં, કરમાઈને ઢળી પડેલાં માનવ શરીરોને વીણી વીણી લારીમાં ગોઠવવા માંડ્યાં. એમને લાવીને પેલા તંબુઓ હેઠળની પથારીમાં સુવાડવા માંડ્યાં. ચાપાણી ને રોટી આપી એમની ભૂખી હોજરીનું તળિયું શાંત કર્યું. પોતાની માનવતાની હૂંફ આપી એમના ઊંડું ઊંડું થતાં પ્રાણપંખેરુંને ધરપત બંધાવી.

ફાટ્યા આભને થીંગડાં !

પણ આ તો ફાટ્યા આભને થીંગડાં દેવા બરાબર જ હતું. હજારો ઘરબાર વિનાનાં–નિરાશ્રિત હતાં. એના તંબુમાં બહુ બહુ તો સાઠ, સિત્તેર, સો માણસ સમાય. બાકીનાં સેંકડો હજારોનું શું ?

એણે રેડિયોઘરના અધિકારીઓને કહ્યું: 'મને બે જ મિનિટ બોલવા દો.' પહેલાં તો કંઈ જવાબ ન મળ્યો. છેવટે એના આગ્રહ આગળ એમણે ઢીલું મૂક્યું. પિયરીને સાત મિનિટ બોલવાની છૂટ મળી. એણે તો ઘડીય થંભ્યા વિના, વિચાર કરવા ઊભા રહ્યા વિના, શબ્દોની ફુલમાળ કે ગજરા ગૂંથવાની દરકાર કર્યા વિના, બોલવા માંડ્યું:

'મારા મિત્રો ! મદદ કરો. ગઈ કાલે રાતે ત્રણ વાગે એક બાઈ રાજમહેલ રોડ જેવા એક રસ્તા પર ઠરીને મરી ગઈ. એના હાથમાં એક કાગળિયું હતું-ઘર ખાલી કરવાની નોટિસ...! રોજ રોજ આવાં તો સેંકડો હજારો આપણા નગરને ખૂણે ખાંચરે ટૂંટિયાં વળીને જેમ તેમ પ્રાણ ટકાવી રહ્યાં છે. એમને માથું ઢાંકવા છાપરું નથી. ખાવા રોટલો નથી. તન ઢાંકવા પૂરાં કપડાંય નથી.

'પોતાનાં સુખિયાં ભાંડુઓની દેખત તેઓ દુઃખ કષ્ટે રિબાઈને મરી રહ્યાં છે ! આવું ક્યાં લગી ચાલશે ?...હું તમારી પાસે કેવળ એક જ વસ્તુની ભીખ માગું છું...આ સ્થિતિનો હવે અંત લાવો. તોફાને ચઢેલો દુઃખનો દરિયો આપણી ઠરી ગયેલ બંધુતાને—રાષ્ટ્ર ભાવનાને જાગૃત કરો...

'અમારે કામળા, તંબુ, સ્ટવ, ચૂલાની જરૂર છે. બનતી ત્વરાએ આ વસ્તુઓ પહોંચાડો...'

અરધી ક્ષણમાં એને યાદ આવી ગયું એક હોટલના માલિકનું નામ. જેણે આગલી રાતે જ પિયરીને કહ્યું હતું: 'મારી આ નાનકડી હોટલનો પણ તમે ઉપયોગ કરી શકો છો.' ને સરસામાન પહોંચાડવા માટે એનું સરનામું એણે જાહેર કરી દીધું !

સૂતી માનવતા સળવળી

ને આ આકાશવાણી કૃષ્ણ ભગવાનના વખતમાં થતી તેવી 'આકાશવાણી' સાબીત થઈ. દસ જ મિનિટમાં સૂતેલી માનવતા સળવળી ઊઠી...એ ચેતનનો સંચાર દેશવ્યાપી નીવડ્યો.

લુગડાં, કામળા, ગાદલાં ગોદડાં, ખોરાક, બળતણ, ચૂલા, સ્ટવ, ને પૈસાનો જાણે ધોધ છૂટ્યો. એ નાનકડી હોટલનો માલિક તો પોતાના ઓરડા ખાલી કરવા છતાં આ ચીજ વસ્તુઓના ઢગને પોતાને ત્યાં સમાવી શક્યો નહિ ! રસ્તા પર તો ચીજ વસ્તુ લઈ આપવા આવનારાંઓની હાર બંધાઈ ગઈ !

પૈસા હતા એણે પૈસા ઠાલવ્યા.

જેની પાસે જે હતું, તે આપીને આત્માને પાવન કરવાનો લ્હાવો લૂંટવા સૌ અધીરાં બન્યાં. સરકસવાળાએ કહ્યું: 'મારી વરસની કમાણીનો અમુક હિસ્સો તમારો.' કારખાનામાં કામ કરતા કામદારોએ તાર કર્યો: 'આજથી મહિના લગી વધારાની મહેનત કરીને જે કમાણી કરીશું તે બધી તમારી.' કારખાનાના માલિકે પોતાની પડી રહેલ કારખાનાનું મકાન 'આશ્રય કેન્દ્ર' માટે કાઢી આપ્યું.

અડધો માઈલ લાંબી લોકોની હારની વ્યવસ્થા જાળવવા ૨૫ તો પોલીસ આવી પડેલા. દૂર દૂરનાં પરાંમાંથી દાન આપવા આવનાર લોકો પાસેથી વસ્તુઓ સ્વીકારવા માટે એક કામચલાઉ નાનકડું રેલ્વે સ્ટેશન ઉઘાડી દેવું પડેલું !

પેરિસના ઇતિહાસમાં અજોડ એવો લાગણીનો આ

ઉભરો હતો. પિયરી કહે છે: ' એ દિવસે માનવીની કરુણા ને સહૃદયતાનાં પૂર હેલે ચઢ્યાં હતાં ! '

૫,૦૦૦ કામળા માગ્યા હતા, ત્યાં ૨૦,૦૦૦ આવીને ખડકાઈ ગયા. જૂતાંની ૧૦૦૦ જોડ માગેલી, ત્યાં ૫,૦૦૦ આવીને જમા થઈ. ૩,૦૦૦ ગરમ ડગલાની જગાએ લોકોએ ૧૫,૦૦૦ ડગલાનો ઢગ કરી દીધો ! પિયરી રસ્તે ચાલતો હોય ત્યાં લોકો મૂંગા મૂંગા આવીને એના ખિસ્સામાં નોટો સેરવી જતા. હોટલમાં ચા પીવા બેઠો હોય ત્યાં, ટેબલ પર નોટો મૂકીને ચાલવા માંડતા, સેંકડો સ્વયંસેવકોએ ટનના ટન જૂનું ફરનીચર, કામળા ને કપડાં ભેગાં કરી આપ્યાં.

પથ્થરી દિલો પણ પીગળ્યાં...

હવે તો પિયરીને હજાર હાથે કામ ઉપાડી લેવાની સગવડ થઈ ગઈ હતી. લશ્કર એની મદદે આવીને ઊભું રહ્યું. નવા નવા અનેક તંબુઓ એમણે ઊભા કરી આપ્યા. લોરીઓ લઈને સૈનિકોએ રસ્તે ગલીએ પડેલાં માણસોને વીણી લાવવામાં સાથ પૂરાવવા માંડ્યો. પોલિસે પણ પિયરી પાસેથી સ્વયંસેવકોના બિલ્લા માગી લીધા ! સરકાર જેવી સરકાર પણ શરમાઈ. એણે પણ પોતાની રાતભર ખાલી પડી રહેનારી કચેરીઓનાં તાળાં ખોલી આપ્યાં. રાતભર એમાં ચાની કિટલીમાં ગરમ પાણી ઊકળવા લાગ્યું, બત્તીઓ બળવા લાગી, પત્થરની સંગદિલ દિવાલોમાં પણ જાણે હૂંફાળો પ્રાણ ધબકવા લાગ્યો.

તત્કાલ જરૂરિયાતનાં સસ્તાં રહેઠાણો બાંધવા માટેની પોતાની યોજનાને મદદ આપવાની ના ભણતું સરકારી કાગળિયું એના હાથમાં આવ્યું: તે જ દિવસે પિયરીના સાથીએ આવી એને ખબર આપી કે એક મોટર લોરીના પાટિયાપર આશ્રય લઈ રહેલ માબાપ પોતાના ત્રણ મહિનાના બાળકને આખી રાત પોતાના શરીરની હૂંફ આપવા મથ્યાં પણ એ બચ્યું નહિ...

પિયરીએ તે જ ઘડીએ બાંધકામ ખાતાના પ્રધાનને એક ખુલ્લો પત્ર લખ્યો : ને એમાં ઘરબાર વિનાના લોકોની પરિસ્થિતિનું બયાન કર્યા પછી પ્રધાનને પેલા બાળકની સ્મશાનયાત્રામાં આવવાનું ઇજન આપ્યું.

ને જ્યારે ડબ્બા નગર ને તંબુ નગરનાં ચિંથરાં વીણનારાઓ એ બાળકના શબને લઈ દફનાવવા રસ્તે થઈને નીકળ્યા ત્યારે બાંધકામ ખાતાનો પ્રધાન પણ એ સ્મશાનયાત્રાનો એક ડાઘુ બની રસ્તા ઉપર નીકળી આવ્યો. ને પછી તો 'ડબ્બા નગર' ને પિયરીની મૂળ વસાહતની એણે મુલાકાત પણ લીધી. સરકારના 'પ્રધાન' કહેવાતા પત્થરને પરિસ્થિતિએ પીગળાવી દીધો. ને આપણે ત્યાં કહેવત છે કે-એક કહેતાં એકવીસ હાજર કર્યાં-એમ પિયરીની એક ટકાની માંગ હતી, ત્યાં સરકારે ૧૨ ટકાની ગ્રાંટ આપી, એની સસ્તાં રહેઠાણની બાંધકામ યોજનાને પોતાની કરી સ્વીકારી લીધી !

પિયરીના ગોઠિયાઓએ સરકારને પડકાર ફેંક્યો : ' આ વર્ષે તમે ૧૨,૦૦૦ ઘર બાંધો તો અમારે સામાં ૩,૦૦૦ હજાર બાંધી આપવાં. ' ને તે પછી આ ચેતનની ચિનગારી તો શહેરે શહેરે ફેલાઈ ગઈ ને સેંકડો હજારોને માથે મઢૂલીની છાયા થઈ.

સાધુ બાવા જેવો પિયરી તો હતો તે ને તે અવસ્થામાં સુથારી લુહારી ને કડિયા કામ કરતો, દુખિયાંની કહાણીને કાન ધરી હૈયે ઉતારતો જીવ્યે જાય છે. એણે કરેલ સિદ્ધિની કોઈ વાત કરે છે, ત્યારે એ કહે છે: ' હું તો સરકારના મેજ પર ભમતી ભમરી જેવો છું. સરકારને ચટકા મારી મારીને એની પાસે હું કંઈક કરાવી શક્યો—એટલું જ. '

સરોજ ! હું તો તારાથી એટલી છેટી પડી ગઈ છું કે, શહેરના ખૂણે ખાંચરે, અજાણ્યા ને જોખમ ભર્યા લત્તાઓમાં ભટકી, કોંગ્રેસ હાઉસ, સુધરાઈ ને સરકારની 'કોર્ટ' કચેરીઓ સુદ્ધાંમાં પહોંચી જઈ તેં—અમારા ઘરની ભમરીએ—શું શું કર્યું, ને શું કરાવ્યું, એ બધાથી અંધારામાં જ રહી ગઈ છું...

તારી પાસે ઊડી આવવા મન થાય છે...

તારી સુ.

જનપથ

સાધારણ માનવીની મથામણ : વ્યવહાર કર્મ, વ્યવહાર ક્રમ અને વ્યવહાર ધર્મ !

જે માનવી સુખી છે ને જેને ભવિષ્યની કશી ચિંતા જેવું નથી, એવા નાગરિકો ય કોઈ ને કોઈ ક્ષેત્રે શું કામ જીવન પરોવી નહિ દેતા હોય, એની વાત આપણે આગલા બે અંકોથી વિચારતા રહ્યા છીએ...

આનો સર્વસાધારણ ચોક્કસ જવાબ તો આપવો મુશ્કેલ છે—બલ્કે અશક્ય છે. માણસને પાછલા જીવન સાથે જકડી રાખનારાં અનેક બળો હોય છે. આપણે આ વખતે એમાંના એકની વાત વિચારીએ:

પૈસા તો પૂરતા છે: ભાવિની ચિંતા ટળી છે, એ વાત પણ ખરી.

પણ માણસ કાંઈ ઓછો જ એકલો અટૂલો વ્યક્તિ-જીવન જીવે છે? એ જે સમાજમાં જીવે છે, ને રોજબરોજ એને જે અનુભવો થાય છે, તેના આધારે તો એનો માનસ પિંડ ઘડાય છે. પોતાની જ વાત યાદ કરે છે તો એને જણાય છે કે, પિતા ગરીબ હતા; શિક્ષક હતા; ધાર્મિક વૃત્તિવાળા હતા. ગામમાં સૌ એમને 'સજ્જન' ગણતા. પરંતુ ન્યાત જાત અને પંચ-મહાજનને પાથરણે તો 'ડાહ્યા' એ ગણાતા જેમની પાસે સંપત્તિ હતી...અને 'પ્રતિષ્ઠા' એમની હતી જેમને સરકારી નોકરી હતી...

માણસ બીજાત્રીજા અનુભવ યાદ કરે તોય, ધનની સાથે '**પ્રતિષ્ઠા**' આવ્યાનાં દૃષ્ટાંતો કાંઈ ઓછાં છે? એક તો અમારો સહાધ્યાયી જ. ભણતો ત્યારે 'ડફોળ' ગણાતો, ને એક સગાને ત્યાં જેમ તેમ નોકરીએ ચઢયો ત્યારે ય 'ડફોળ' ગણાઈ નોકરીની સીડીમાં ઉપર ચઢતાં અટકી ગયેલો. એનામાં કોઈ રીતે કશી વાતમાં રામ બુઝ્યા નથી—સૌના અનુભવની વાત ગણાતી! અને છતાં, ભગવાનનું કરવું તે બીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળ્યું! ને ભલેને બીજા સૌ ગમે તે કહે પણ, નોકરી કરતાં કરતાં કંઈક 'લીધા દીધા'-ની સમજ આવી ગયેલી કે શું, તે એકાદ બે (કદાચ શેઠની અજાણમાં, ને શેઠના પૈસે?) 'લીધા-દીધા'માં એને ત્યાં નાણાંની ટંકશાળ પડી!

...શેઠને ખબર પડીય હશે...પણ મગદૂર છે કે ઊંચે અવાજે કાંઈ કહી શકે? ઊલટી એની 'ચતુરાઈ'ની વાતો થવા લાગી. અને 'રતન તો છૂપાં રહે ભાઈ છૂપાં'—એવી ઊંધી કહેવત પણ લાગુ પડી! પણ એક વાર રતન જાહેર થઈ ગયું પછી તો સર્વત્ર પ્રકાશમાન થાય જ ને?

'આવડત' વિના ધન આવ્યું; ને ધનની સાથે પ્રતિષ્ઠાય ચાલી આવી...હવે એની પૂંઠે સત્તા, (આર્થિક, સામાજિક કે રાજકીય) આવી શકે—થોડીક વિશેષ 'આવડત' હોય તો.

ખેર...દરેક માણસને કાંઈ આ લાગુ પડતું નથી; દરેકને કાંઈ ધનને કારણે પ્રતિષ્ઠા મળે જ છે, એવું નહિ હોય; ને ધન તથા પ્રતિષ્ઠાની પૂંઠે સત્તા આવે જ એવુંય દરેકને માટે નહિ બન્યું હોય. પરંતુ **સર્વસાધારણ સામાજિક ધોરણ** જ તો વ્યક્તિની મુખ્ય પ્રેરણા હોય છે. મોટે ભાગે જે બને છે, તેમાંનું 'મોટું મોટું જ' એને દેખાય છે, ને એના ધોરણે જ એનાં આચરણનાં મૂલ્યો ઘડાય છે: શંકા થાય તો 'મહાજનાઃ યેન ગતાઃ સ પંથાઃ' જે રસ્તે મહાજન ગયા તે જ રસ્તો!—દોરવણી સ્પષ્ટ જ છે:

* પૈસા કમાઓ, પ્રતિષ્ઠા મેળવો, સત્તા મેળવો ને પછી સેવા કરો! એ તો **વ્યવહાર કર્મ** છે: એ જ તો **વ્યવહાર ક્રમ** પણ છે; અને એથી જ તો, **વ્યવહાર ધર્મ** પણ એ જ છે. સાધુ સંતોની વાત જુદી છે. પણ, વ્યવહારબદ્ધ માનવીને માટે તો આ જ કર્મ, ક્રમ અને ધર્મ છે.

પરિણામ અણધાર્યું છે:

(૧) કમાવું (૨) પ્રતિષ્ઠા મેળવવી (૩) સત્તા પ્રાપ્ત કરવી અને (૪) સેવા કરવી—આ ચારેમાંથી કેવળ પ્રથમ બ્રહ્મ જ રહી જાય છે : કેવળ ' અર્થબ્રહ્મ 'ની ઉપાસના !

જીવનની પ્રારંભિક સગવડો મેળવવા માટે અર્થની ઉપાસના શરૂ કરેલી—સુખનાં સાધનો પ્રાપ્ત કરવા સારુ નાણાંની જરૂર પૂરી કરવા ધંધો શરૂ કરેલો, એ મૂળ વાત જ પછી તો ભૂલાઈ જાય છે ! સગવડો ભરપૂર મળી ગયા પછીય રાતદિન **અર્થોપાસના** ચાલુ રહે છે !

મૂળ કાર્ય–કારણ સંબંધ જ વિલીન થઈ જાય છે :

—ખાવું શાને માટે ? તો કે' શરીર ટકાવવા માટે.

—યંત્રો શાને માટે ? તો કે' માણસને મદદરૂપ થવા માટે.

—ધંધો શાને માટે ? તો કે' જરૂરી સાધનો મેળવવા નાણાં જોઈએ તે માટે.

પણ આ બધાં કાર્યકારણ ઊલટાં થઈ જાય છે : અને—

—ખાવા ખાતર ખાવું: ભલે પછી શરીર બગડે, ને આનંદયે ન મળે.

—યંત્રો ખાતર યંત્રો ચલાવવાં—ભલે પછી યંત્રો માણસને મદદરૂપ બનવાને બદલે માણસ જ યંત્રમાનવ,—અરે, યંત્રનો ગુલામ બની જાય !

—ધંધા ખાતર ધંધામાં રચ્યાપચ્યા રહેવું—ભલે પછી ધંધાનો મૂળ હેતુ મરી જાય, ને કેવળ ' દસરડો ' જ રહી જાય !

આ છે આપણા આજના ઔદ્યોગિક યુગનું એક લક્ષણ ! આમાં ઉદ્યોગો કે યંત્રોનો દોષ નથી, પણ આજની સમાજ-રચના દોષરૂપ છે, જેમાં ઘણા માણસો ' ક્રયવસ્તુ ' (કોમોડિટી=બજારમાં વેચાવાની ચીજ) છે, અને થોડાક માણસો ' ખરીદનારા ' છે.... બંને વચ્ચે કેવળ ' ખરીદી-વેચાણ 'નો જ સંબંધ રહી જાય છે ! બે માણસો નહિ, બે વસ્તુઓ વચ્ચેનો સંબંધ રહી જાય છે ! અંતે, માનવીય સંબંધો નષ્ટ થાય છે.

આને આપણે અમાનવીકરણ કહીશું ?

આપણા રોજિંદા વ્યવહારમાં આ તત્ત્વ અનેક રીતે પ્રગટે છે: એમાંનું એક સ્વરૂપ તે એ કે—

* વિશ્વ આખું કેવળ અર્થ (ધન) રૂપે દેખાય છે.

* અને કેવળ એ એક જ પ્રવૃત્તિ પ્રવૃત્તિરૂપે દેખાય છે !

* કેવળ એ એક જ આનંદ આનંદરૂપે દેખાય છે !

સાર્થક્ય

લીલુંછમ વૃક્ષ ઊભું હતું. ધરા ધન્યતા અનુભવતી હતી. વૃક્ષની ડાળે ખીલેલાં પુષ્પો ખરી પડ્યાં અને ધરાની ધૂળ ઢંકાઈ ગઈ. એ મ્હેંકી ઊઠી. હર્ષથી એને રોમાંચ થતો હોય એમ નાનાં નાનાં તરણાં નાચી ઊઠ્યાં.

વૃક્ષ ઊભું હતું પોતાનું બધુંય સૌન્દર્ય ધરાને ખોળે ધરીને.

મેં પૂછ્યું તરુવરને, " તમારાં આભૂષણ સમાં પુષ્પો આ ધૂળમાં કાં રગદોળો છો ? "

વૃક્ષને હસવું આવ્યું.

એણે કહ્યું : " જેનાં રસકસ ચૂસીને જીવન નિભાવ્યું એના પર જ પુષ્પોનો—મારાં આભૂષણોનો—અભિષેક હોય. એમાં જ મારા જીવનનું સાર્થક્ય. "

હું ચૂપ થઈ ગયો.

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

માનવ–માર્ગ........ ....વિદ્યા

આર્થર હોપકિન્સના મૂળ અંગ્રેજી ઉપરથી—પ્રબોધ ચોકસી

[માનવ-ઈતિહાસના પ્રતીક સમો એક માર્ગ છે. લાખો-કરોડો એના પર જીવે છે, ચાલે છે. માર્ગને પડખે હરિયાળી ટેકરીઓ છે. ટેકરીઓના ઢાળ પર વૃદ્ધ બાપ અને યુવાન દીકરો માનવ-ઇતિહાસનાં સુખદુઃખને જોતા બેઠા છે. એકજણ દૂર દૂરથી સાક્ષાત્ સત્ય લઇને લાખો-કરોડો પાસે આવ્યો. લોક ઘેલું ઘેલું થયું પણ લોખંડી પુરુષે અને પંડિતોએ સત્યને પોથીમાં ને મંદિરમાં પૂર્યું. ને લોક લડ્યું. સત્ય લોહીથી ખરડાયું. દીકરો કહે છે, "દૂરથી સત્ય આવ્યું જ નહોત તો સારું થાત." વૃદ્ધ બાપ કહે છે, "ના. એમણે સત્યને મંદિરે પૂર્યું ન હોત તો સારું થાત. માનવીનો આત્મા એ જ પરમાત્માનું મંદિર છે..."...ફરી માર્ગ પર એક મહાન નેતા 'સમાનતા'નો સંદેશો લાવ્યો : "માનવીની સમાનતા એટલે માનવીની બંધુતા!" લોકોએ અસમાનતાની બેડીઓ તોડી નાંખી. લોખંડી પુરુષે પંડિતો બેસાડીને માનવીની આ સ્વાધીનતા માટે શબ્દોની સોનેરી જંજીરો ઘડાવી ને પેલી તૂટેલી બેડીઓનું મંદિર બનાવ્યું. ને માનવીની સ્વતંત્રતાનો અર્થ એવો કરી આપવામાં આવ્યો કે, અમર્યાદ સંપત્તિના ખાનગી ઢગલા કરવાની દરેકને છૂટ છે. એટલે એની વાસના એ જ એની આવશ્યકતા બની ગઈ. ધનના ઢગલાને પગલે એના રખેવાળ આવ્યા ને એમની સત્તા જામી. ઊંચનીચના ભેદ થયા. જેની પાસે ઝાઝું તેની મોટાઇ ઝાઝી. ત્યારે કોઇ એકનું લોહી ઊછળી આવ્યું: "આ તો માનવીને માનવીનું શોષણ કરવાની સ્વતંત્રતા થઇ! આ આપણી સ્વતંત્રતા નથી. આ નકલી સ્વતંત્રતા આપણને ફરી ગુલામ બનાવે તે પહેલાં તેને તોડી નાંખીએ" પણ એને માથે 'દેશદ્રોહી', 'ભાંગફોડિયો' ને 'દ્વેષ ફેલાવનારો' એવા આરોપો મઢીને એનો નિકાલ કરી નાખવામાં આવ્યો.

વૃદ્ધ પિતા આ જોઈને કહે છે, "માનવ બંધુતા શોધે છે. માનવ સ્વામિત્વ પણ શોધે છે. આ બેયને એ ભેગાં કદી નહીં પામી શકે. એકથી બીજાનો છેદ ઊડે છે. માનવે પોતાની આખરી ઉન્નતિ માટે બેમાંથી એકને પસંદ કરી લેવું પડશે—બંધુતા કે સ્વામિત્વ." દીકરો પૂછે છે, "પિતાજી, માનવ કદી સ્વામિત્વનો ત્યાગ કરી શકશે ખરો?" વૃદ્ધ પુરુષ કહે છે, "સ્વામિત્વની એને શરમ આવતી નહીં થાય, ત્યાં સુધી એ નહિ બને. એને ભાવતી માલિકીની એ વેઢમી એના મોંમાં કડવી ઝેર નહીં બની જાય ને સલામતીના બખ્તરની અંદર અકડાઈ ગયેલું એનું શરીર એ બખ્તર સામે બળવો નહીં પોકારે, ત્યાં સુધી માનવ સ્વામિત્વનો ત્યાગ નહીં કરી શકે." હવે સંક્ષેપમાં માનવ-માર્ગનું ત્રીજું પ્રકરણ વાંચીએ... —પ્ર.]

વૃદ્ધ પુરુષ અને યુવક હરિયાળી ટેકરીના ઢાળ પર જનસમુદાયને નિરખતા બેઠા હતા.

આભને ઓવારેથી કૂચ કરતાં બાળકો આવતાં હતાં.

આજે ઉત્સવ હતો. માનવમહેરામણ આજે નવલી ભૂમિ પર પ્રવેશ કરવાનો હતો. આજને મંગલ દિને જ્ઞાનનાં દ્વાર લોકને માટે ઊઘડવાનાં હતાં. જુગજુગથી એમને એ રહસ્યભરી ભોમકા પર પગ પણ માંડવા દેવામાં નહોતો આવ્યો. મૂઠીભર માનીતાઓ એ રહસ્ય–ભોમનાં મબલખ ફળ વેડી વેડીને ભંડકિયે ભરતા હતા ને આ બાપડા દૂર રહ્યે રહ્યે તાકતા રહેતા હતા. આજે એ સમૃદ્ધિ એમની થવાની હતી. આનું નામ તે સમાનતા! કૂચ કરતાં બાળકોએ ગીત ઉપાડ્યું. લોક આનંદને હિલોળે ચડ્યું ને જાણે એક જ બની ગયું.

લાંબા કાળથી નેતાઓ લોકને જ્ઞાન આપવાના ડહાપણ વિશે ચર્ચા કરતા હતા. કેટલાક એવાય હતા જે કહેતા હતા કે 'અવિદ્યા જ સલામતીનો આશરો છે.'

"વિદ્યા તો અસંતોષનો ભાઈ છે," એકે દલીલ કરી. "પછેડી પ્રમાણે સોડ તાણવામાં જ માનવીનું સુખ સમાયેલું છે. લોકનું ગજું તો છે વેઠ કરવા જેટલું. કાયમ એવું જ રહેવાનું. કેમકે કરોડોને જેમાં કામે લગાડી શકાય એવી તો દુનિયામાં ફક્ત વેઠ જ છે. વિશિષ્ટ કર્તવ્યો તો થોડાંક જણને રોકી શકે. તમે લોકને જો વિશિષ્ટ કર્તવ્યો માટેના જ્ઞાનથી સજ્જ કરો તો પછી તમે એમને માટે કામ ક્યાંથી લાવશો? સામે ધરવામાં તમારી ફાંટમાં એકલી વેઠ જ છે,

તેવી દશામાં તમે એમને કેમ કરીને ધરવશો ? એ તો હંમેશ, થોડા નેતાઓ ને ઝાઝાં ઘેટાંઓ જ રહેવાનાં. નેતાનો ગુણ છે વિદ્યા. ને ઘેટાંનો ગુણ છે આજ્ઞાંકિતપણું. આ બે ગુણો થઈને જ સુમેળ સધાય છે. એ બેમાં જ શાશ્વત્ સિદ્ધિ વસે છે."

પછી એક નેતા બોલ્યો, બીજા કરતાં ઝાઝેરો જુસ્સાદાર :

"આપણે શું આપણા નેતાઓની સલામતી લોકના અજ્ઞાનમાં શોધીએ છીએ ? લોકમાં વિદ્યાથી નવચેતન આવે, તે પછીય જેમની નેતાગીરી ટકી શકે, તેવા નેતા આપણી પાસે શું છે જ નહીં ? તમે કહો છો કે જ્ઞાન એ નેતાગીરીનો ગુણ છે. પણ અમે તો તેવું જોયું-જાણ્યું નથી. અમે તો જોયું છે કે ધૃષ્ટતાભરી ઘૂસણખોરી એ જ નેતાગીરીને માટે જરૂરી ગુણ છે. ધૃષ્ટતા અને ખુમારી, સ્વાર્થીપણું ને આંધળાપણું, આ છે નેતાગીરીના ગુણો. આપણને જ્ઞાની નેતા સાંપડે તે પહેલાં આપણે જનતાને જ્ઞાનવાન બનાવવી પડશે. એવી જ્ઞાનવાન જનતા જ નાલાયક નેતાઓને પારખી શકે, ઇન્કારી શકે અને પડતા મૂકી શકે.

"જ્ઞાનનો સૂર્ય નીચેથી ઊગીને જ ઊંચે ચડી શકે. કારણ લોકમાં જ્ઞાનોદય થયા વિના નેતાગીરી અજ્ઞાની જ રહેવાની. નેતાગીરી મોટે ભાગે તો જનસમુદાયના અજ્ઞાનનું જ પ્રતિબિંબ પાડતી રહેવાની. હા, કદી કદી અભૂતપૂર્વ પ્રસંગોએ કોઈ વળી મહાન નેતા જાગવાનો, ને એને તો એનું ગંભીર ડહાપણ અને પ્રખર પ્રામાણિકતા એવો ઝળકાવતાં હશે કે લોક એની આરપાર પ્રકાશતા સત્યને જોઈ જ જવાના ને એની પાછળ ધરતીના છેડા ખૂંદી વળવાના.

"પણ આવા અવતારી નેતાઓની રાહ જોઈને આપણે બેસી રહી શકીએ નહીં. એ લોકો આપણા પર ક્યાંય સુધી તો ધ્યાન જ આપતા નથી. માટે જે અવતારી કરતાં ઊતરતા છે તેવા નેતાઓ સામે આપણે આપણો બચાવ શોધી લેવો પડશે. એક રસ્તો સાફ છે. તે છે જનતાનો જ્ઞાનોદય. એમની સમજશક્તિ દ્વારા આપણને સાચા નેતા જડશે. પછી સત્યયુગે જનસમૂહ પોતે જ નેતા બનશે."

પછી એક લોખંડી પુરુષ, સૌથી ઝાઝો બળિયો, બોલ્યો :

"અને આ જે જનસમૂહનાં ગાણાં ગાતાં તું થાકતો નથી, તે વળી કયો મોટો સદ્‌ગુણનો અવતાર છે ? એના લોભને કંઈ થોભ છે કે ? એની તૃષ્ણાને કોઈ સીમા છે કે ? એ લોકો શું કો રામરાજ્યનોઈ રસ્તો જાણનારા છે ? એવું હોત તો તો જોઈતું'તું શું ? એ ક્યારનાય રસ્તો બતાડતા આગળ થયા હોત. ઠીક છે, એમને જ્ઞાન આપવાથી નથી કશું નુકશાન થવાનું કે નથી કશો લાભ થવાનો. સાક્ષરતા માનવીના સ્વાર્થીપણાને વધુ બોલકું બનાવશે, પણ મતલબ એનો એ રહેવાનો. માનવ પ્રલય પર્યંત એક જ વાત પૂછતો રહેવાનો : '...પણ મારું શું ?' ને પ્રલય સુધી નેતાઓની સામે આ જ સવાલ ખડો રહેવાનો—એને ધરપત પડે એવા જવાબો શોધ્યા કરવાનો. એમના જવાબો જનતાને ધરપત થાય તેવા નહીં રહે, ત્યારે એ ગાદી પરથી ઊથલી પડવાના. ને લહેજતદાર હાજરજવાબીવાળા નવા નેતા એમની ખુરશીઓ પર ચડી બેસવાના. એમ જ ચાલતું રહેવાનું. માનવીના પ્રશ્નોમાં કદી ફેર નહીં પડે. નેતાઓના જવાબો રોજ રંગ બદલતા રહેશે. ને જ્યારે એમના જવાબોનો જથ્થોયે ખૂટી જશે, ત્યારે પણ સવાલ તો તેનો તે જ ખડો રહેશે: '...પણ મારું શું ?' "

પછી બોલ્યો એક માટીડો, જરા બીજાથી ઝાઝેરો ઉદ્ધત હતો તે :

"આપણે ટાઢા પો'રના જોશ ભાખતા બેસી રહેવું છે કે જનતાજનાર્દનનો પોકાર કાને ધરવો છે ? લોક જ્ઞાન માટે તકાદો કરે છે. આપણે શું એમ કહીશું કે અમે દરવાજા બંધ રાખીશું ? શું આપણે ઊઠીને દરવાજે પહેરો ભરવો ? જો એમ હોય તો હું જનતાજનાર્દનના આક્રમણમાં ભળી જઈશ. એમની મહેનત ને એમની જરૂરિયાતને પ્રતાપે તો આપણે જીવીએ છીએ. સૂફિયાણાં ચૂંથણાં ક્યાં લગી કરવાં ? સદ્‌ગુણ ને દુર્ગુણનો લવારો તે કેટલો ? આ તો બધી માણસના શ્વાસની સાથે લખાય ને ઉચ્છ્વાસ સાથે ભુસાય એવી વરાળિયા વાતો છે. આજે ને અત્યારે નજર સામે જે હાજરાહજૂર હકીકત હોય તે સિવાય બાકી બધું નકામું. જનસમુદાય જ્ઞાન માગે છે. એમાં વરદાન ને શાપ–જે હશે તે બધું એમને મળ્યે જ છૂટકો."

"હા, હા, એમને મળ્યે જ છૂટકો," બીજા અનેક નેતાઓએ પડઘો ગજવ્યો, "જનસમૂહને જ્ઞાન આપો !"

"જનતા માટે જ્ઞાનમંદિર ખુલ્લાં મૂકો !"

"તમે ડહાપણભર્યો નિર્ણય કર્યો છે," લોખંડી પુરુષ બોલ્યો: "પણ આપણે લોકોને એમની જ્ઞાન માટેની શોધમાં દોરવણી આપવી જોઈએ. આપણે એમને જ્ઞાનના ઉપયોગ શીખવવા જોઈએ. નહીં તો એનાં અજાણ્યાં ફળોનો એમને કદાચ મીણો ચઢી જાય ને પચ્યા વિનાના અર્થોનો એમને આફરો ચડી જાય. આપણે એમના માર્ગદર્શન માટે ડાહ્યા શિક્ષકો નીમવા જોઈએ. આપણે હવે જ્ઞાનનાં ઉપાશ્રય માટે વિદ્યાલયો ખોલવાં પડશે; ત્યાં જ્ઞાનનાં ફળો એકઠાં થશે ને વિદ્યાલયના વ્યવસ્થાપકો એમના પર ચાંપતી નજર રાખશે. ને પછી ત્યાં લોકને પાત્રતા પ્રમાણે પ્રસાદ મળશે ને લોકે ત્યાં સાચું પોષણ પામશે."

અને એ પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

વૃદ્ધ પુરુષ અને યુવક પુત્ર હરિયાળી ટેકરીના ઢાળ પર જનસમૂહને નિરખતા બેઠા હતા.

"પિતાજી, આ લોખંડી પુરુષની વાત સાચી છે? શું માનવી કાયમ એમ જ પૂછતો રહેવાનો કે મારું શું?"

"જરૂર. માનવી એથી વધુ સારો બીજો એકે સવાલ પોતાની જાતને પૂછી શકે તેમ નથી."

"પણ તે લોખંડી પુરુષે કહ્યું તે રીતે તો નહીં ને?"

"ના બેટા, લોખંડી પુરુષે કહ્યું તે રીતે નહીં."

ત્યાં દૂર ક્ષિતિજની પેલે પાર બાળકો નૃત્ય કરતાં હતાં, ગીતોમાં મસ્ત બાળકો, સોનેરી-રૂપેરી પુષ્પપતાકા ફરકાવતાં. એમનાં તાજાં મુખમંડળમાં દમનનો એકે સોળ નહોતો. ને એમની પાછળ પાછળ જનસમુદાયનો ઝમેલો હતો. જ્ઞાનને બારણે એ આવી લાગ્યાં, ને અહીં નેતામંડળ એમનું સ્વાગત કરવા આવ્યું હતું. બાળકોના કંઠ ગગનભેદી સમૂહગાનથી ગહેકી ઊઠ્યા. મંદિરોનાં સોના રૂપાનાં ઘંટા-ઝાલર તાલ પુરાવતાં રણકી ઊઠ્યાં. કેટલાક તો આકાશમાંથી ગેબી અવાજોય સાંભળી શકતા હતા. એક પૂજ્ય પુરુષે આવીને જનસમુદાયને શાંત પાડ્યો ને સંબોધ્યો:

"આપણો મુક્તિદિન આજે આવી લાગ્યો છે—અંધારા અજ્ઞાનલોકમાંથી આજે આપણી મુક્તિ! માનવીની આંખેથી હવે જુગજૂના પાટા છૂટશે. હવે માનવીના લથડતા પગ સ્થિર થાવ. હવે માનવીનું નાગુંપૂગું ને નિંદરથેરું મન જાગો અને શાશ્વત સુંદરતાનાં વસ્ત્રો પરિધાન કરો! ગાઓ, મારાં બાળકો, પેટ ભરીને ગાઓ આજે! કારણ આજે તો તિમિરમાંથી મુક્ત થઈ પરમતેજમાં પ્રવેશ કરવાનો ધન્ય દિવસ છે, આપણો!"

કોટિ કોટિ કંઠેથી અંતરનો આભાર હલવતું સ્તોત્ર ફૂટી નીકળ્યું ને આભના સીમાડાને હડસેલતું નિનાદી ઊઠ્યું.

લોખંડી પુરુષે સમુદાયને સંબોધન કર્યું, "જ્ઞાનની પ્રાપ્તિ મારફત તમે લોકો તમારા દુન્યવી બોજાઓમાંથી રાહત પામજો. જ્ઞાન તમારાં રોજિંદાં કામોને હળવાં બનાવો. તમે લાંબા કાળથી ઝંખતા હતાં, તે સુખસવલતોનો રાહ જ્ઞાન તમને બતાવો. જ્ઞાનોપાર્જનને ફાયદા વિનાનો પ્રયત્ન રખે માનતાં, નિષ્ફળ અટકળબાજી રખે સમજતાં. તમે જે વખત ગાળો, તેનો પૂરો બદલો જ્ઞાન પાસેથી વસૂલ કરજો. જો દરેક માણસ જાતે પૈસાદાર થવાય તેવું જ્ઞાન સંપાદન કરશે, તો સરવાળે સઘળાં શ્રીમાન બનશે. તમારો ભાઈ તમારા કરતાં લક્ષ્મીનું વધારે વરદાન મેળવી શકે તેવી વિદ્યા સંપાદન કરી આવે, તો તમે તેના લાભની અદેખાઈ ન કરતાં. ઊલટું તમારાથી ઓછી વિદ્યાવાળા પાસે તમે જેવું માન ઇચ્છો તેવું જ માન તમે તેને આપજો. તમારા ભાઈના ભલામાં તમે રાજી થજો, કેમકે થોડે ઘણે અંશે તો તેની હૂંફ બધાંને જ મળવાની છે. એક શ્રીમંત થાય છે, ત્યારે સઘળા શ્રીમંત થતા જ હોય છે. વિદ્યા પાસેથી વિત્ત પામજો. આ છે બધાં જ્ઞાનનાં વરદાન!"

"અમને જ્ઞાનનાં વરદાન આપો!" સમુદાયે પોકાર પાડ્યો: "અમને વરદાન આપો." "અમને સુખસવલતો આપો!" "અમને ધનના ઢગલા આપો!" અને જ્ઞાનદ્વારનું ઉદ્‌ઘાટન થયું, ત્યારે તો આનંદના ઓઘ ઊભરાયા. કેટલાક એ ઓરછવમાં ઘેલા થયા નહીં. પણ એ થોડા હતા; અને માંહ્યલી બીકથી એમનાં મોં સીવાયલાં હતાં.

હવે જ્ઞાન માલિકીનું સાધન બન્યું હતું. હવે જ્ઞાન બંધુતાનું દુશ્મન બન્યું હતું. કેટલાક એવા હતા ખરા જે જ્ઞાનને જ્ઞાનની પોતાની હૂંફ માટે સેવતા હતા. કેટલાક એવા હતા ખરા, જે વિદ્યાને બંધુતાની સખી તરીકે ઓળખતા હતા. પણ એવા થોડા હતા અને એમની તતૂડી માલિકી માટેની રાડારાડમાં ડૂબી જતી હતી.

વિદ્યા હવે માલિકીનો સુનિશ્ચિત માર્ગ થઈ પડ્યો. જે વિદ્યા બજારમાં ચપોચપ ઊપડી જાય, એ વિદ્યા પોતાની છાતીએ મોટી કીમતનું પાટિયું ટાંગી શકતી. સમુદાય એ વિદ્યા માટે વલખાં મારતો. વિદ્યા ઊંચે આસને બેસવાનો પરવાનો હતો.

માનવની બુદ્ધિ એક બગીચો બન્યો. એની ખેતી એક ઉદ્યોગ બન્યો. એની રોકડિયા ઊપજ એની ફળદ્રૂપતાની સાબિતી મનાવા લાગી. જે ફળદ્રૂપતા વેચવાજોગ ન હોય તે બગાડો ગણાતી. માનવની માલિકીની લાલસાએ એની બુદ્ધિને ગુલામ બાંદી બનાવી. એનો મહાન વારસો સ્વામિત્વને પૈડે જોતરાયો. કોઈ રીતે વાર્યા વરે નહીં ને લગાતાર ભેળાણ કર્યા કરે તેવાં ઢોરનેય માનવી ટપી ગયો. વેચાય તેવાં જ્ઞાનનાં ફળ વેડવા-ઝૂડવા એ આખીયે ભોમકાને ખૂંદી વળ્યો. સારું હતું તે બનાવટી બન્યું, કિંમતની કાપલીથી. બનાવટી હતું તે સારામાં ખપ્યું, કિંમતની કાપલીથી. માનવીની બુદ્ધિ બજારે બેઠી. એના ભાવ-તાલ કરવાનું શક્ય બન્યું. જેની કિંમત કોડીની નહીં તેવું એ વેચવા નીકળતો, તોયે બુદ્ધિને વેચવાની તેની ધગશને વખાણી વખાણીને છાપરે ચડાવવામાં આવતી. બુદ્ધિમાં વળી નકલી શું? જે વેચાયું તે અસલ.

વિદ્યાના વિસ્તારમાં માનવને એવી યુક્તિઓ ભણાવવામાં આવી, જે એના ભાઈને એનો આશ્રિત બનાવે, જે એને એના ભાઈથી અળગો બેસાડે.

વિદ્યા કમાયો તોય માનવી તરણાં ઓથે પણ ન જોઈ શક્યો. એને કાયમ લાગતું કે જો એ ખંત કરીને કે પ્રહચ્યુ શક્તિથી જ્ઞાનવાન બને, તો એના ભાઈએ શા માટે એને મુજરો ન કરવો. જો એને એવી લાગણી થઈ હોત કે જ્ઞાન માલિકીથી પર છે ને તેથી એની સોદાબાજી ન થઈ શકે કે એને આંતરી પણ ન શકાય, તો એને જ્ઞાનનું બધુંયે મૂલ્ય, એની બધીયે મહત્તા સરી જતાં લાગત.

"હવે...વિદ્યા વેશ્યા બની ગઈ છે," ઉદ્ધતજન ત્રાડી ઊઠ્યા: "હવે વિદ્યા જ્યાં નફો જોશે ત્યાં લેટી પડશે. હવે જ્ઞાન લાલસાની અંધારી ઘોર ગલિયારીઓમાં ટાંપી બેઠેલા લૂંટારાના જેવું બની ગયું છે. હવે જ્ઞાન એક પીંઢારાની જેમ ટાઢે કોઠે ખૂન કરવાની રીતોમાં પાવરધું બની રહ્યું છે. હવે જ્ઞાનને નામે બધું માફ થાય છે. હવે માનવી પોતે જ વાંકો વળીને પોતાના વિનાશ માટે ઘોર ખોદે છે. હવે માનવી એની વાસનાને કારણે પોતાની જાત સામે કાવતરું ઘડી રહ્યો છે. હવે માનવી પોતાને માટે જ ફાંસીનો માચડો ખડો કરી રહ્યો છે. જે જ્ઞાને માનવીને મુક્ત કરવા જોઈતા હતા અને તમામ માનવોને ભાઈભાઈ બનાવવા જોઈતા હતા, તે જ જ્ઞાન માનવીને ગુલામ બનાવે છે. એ સકંજામાંથી નાનોમોટો કોઈ માનવી નહીં છૂટે. માનવીને માથે એવો તે કયો શાપ ચોંટ્યો છે કે એ આમ 'ઈશ્વરની ઇચ્છા'ને મચડી રહ્યો છે? માનવી પોતાને જ હાથે મોત પામશે, એવો વિધિનો લેખ ક્યાં લખાયો છે તે તો બતાવો?"

"તું કરે છે તે કાંઈ ખરેખરના માનવીની વાત નથી," સોખંડી પુરુષ ઓચર્યો: "એ તો એક ભ્રમણા છે, જેને નક્કર ધરતીની કઠોર વાસ્તવિકતાઓ જોતજોતામાં કોળિયો કરી જવાની છે. માનવીની ફરજ કેવળ પોતાપૂરતી જ છે. જો દરેક જણ પોતાની જાતને સંભાળે તો બધાની સારસંભાળ થઈ જ જાય. ઢંગધડા વિનાના અફલાતૂન રસ્તાઓ પાગલખાને પહોંચાડે. માનવી જો એના ભાઈની ભલાઈને ભરોસે જીવવા જાય, તો એના ભાઈની હાજતોનો શિકાર થઈ પડે. નબળાને હમેશાં સબળાં ભરખશે. સૃષ્ટિની શરૂઆતથી એમ જ થતું આવ્યું છે. ને આપણી ચોગરદમ જે કંઈ જીવે છે તે એમ જ જીવે છે. ભાવિને લલાટે શું લખ્યું છે, તે વાંચવા કોઈ ક્રાંત દ્રષ્ટાની જરૂર નથી. એ તો ઘાસને તરણે તરણે લખેલું જ છે, હરણાંને રૂંવાડે રૂંવાડે છાપેલું જ છે, માછલાંને ભીંગડે ભીંગડે ભાખેલું જ છે: 'તારી જાતને સંભાળ.' જેણે આ ચેતવણી પર ધ્યાન નથી આપ્યું, તે તમામ જાતિઓ ધરતીના પટ પરથી સદાકાળ માટે ભુંસાઈ ગઈ છે."

વૃદ્ધ પુરુષ ને યુવક પુત્ર હરિયાળા ઢાળ પર બેઠા હતા —જનસમૂહને નિરખતા.

"સોખંડા પુરુષે ખરું કહ્યું," વૃદ્ધ પુરુષ બોલ્યો. "જાતને સાચવવી એ માનવીની ફરજ છે. ને સાચવણ શેમાં રહેલી છે તે શોધવાના એના પ્રયત્ન છે. માનવ જાતિની રક્ષા શું પેલા પશુઓની નકલ કરવામાં રહેલી છે, જે પશુઓને ફક્ત તાત્કાલિક હાજતોનું ભાન હોય છે, જે પશુઓને બીજી કોઈ ઉચ્ચ અભિવ્યક્તિની પ્રેરણા જ થતી નથી? કે પછી માનવ જાતિની રક્ષા વિદ્યાથી આગળ ધપી સુસ્થિર ને ડાહપણભરી પ્રજ્ઞામાં વસે છે?

[અનુસંધાન પાન ૧૪૫ ઉપર]

હરતાં ફરતાં રમેરા

એક અભિપ્રાય !

ગયા માસની ૨૨–૧–'૫૮ તારીખે અમદાવાદમાંના ટાઉન હૉલમાં રા. બ. મગનલાલ કરમચંદ ગર્લ્સ હાઈસ્કૂલનો વાર્ષિક ઉત્સવ ખૂબ સફળતાપૂર્વક ઉજવાયો. તે પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અમેરિકાના ભારતીય રાજદૂત શ્રી. ગગનવિહારી મહેતાનાં ધર્મપત્ની શ્રીમતી સૌદામિનીબેન મહેતાએ માત્ર કન્યાઓ માટેની સંસ્થા રંગમંચ ઉપર એટલા સુંદર પ્રયોગો બતાવી શકી તે બદલ અભિનંદન આપતાં પ્રેક્ષકોમાં બેઠેલાં વાલીઓને ઉદ્દેશીને કહ્યું કેઃ "પુખ્ત વયની બાલિકાઓ ગુજરાતની સાડી જેવો સુંદર પોષાક મૂકી ફ્રૉક પહેરી શાળાઓમાં જાય છે, તે ઘણું અણછાજતું લાગે છે. શિશુવય માટે તે પોષાક ભલે યોગ્ય ગણાય, પણ મોટી વયે સુંદરતાનું ધોરણ તેમાં જરાય સચવાતું નથી. તે સાથે ઉમેર્યું કે પ્રાથમિક શાળામાં સહશિક્ષણથી કશો ગેરલાભ જણાતો નથી, પણ માધ્યમિક શાળાના અભ્યાસમાં સહશિક્ષણનાં ભયંકર પરિણામો અમેરિકામાં જોવામાં આવ્યાં છે અને એનું અનુકરણ ભારત જેવી શીલ અને સંયમને પ્રધાન ગણનારી પ્રજાને કેવી કફોડી સ્થિતિનો અનુભવ કરાવે છે, તેનો વિચાર થવો જોઈએ. જે વયે જાતીય ઊર્મિઓ પ્રબળ બને છે, તે વયે સહશિક્ષણમાં અભ્યાસનાં એકાગ્રતાનો ભંગ થઈ અન્ય દિશામાં મન પ્રવૃત્તિ કરે એ ઈષ્ટ નથી. આવા પ્રકારનું ભાષણ અગ્રગણ્ય સન્નારીએ સેંકડો નાગરિકો સમક્ષ કર્યું, છતાં નવાઈ છે કે તે હકીકત પર વર્તમાનપત્રો કે વિજ્ઞાપનોએ કશો અભિપ્રાય દર્શાવ્યો નથી. તે જ વખતે પ્રેક્ષકોમાં બેઠેલા એક અગ્રગણ્ય શિક્ષાનાયકે ઉચ્ચાર્યું કે 'સહશિક્ષણની એક વિદ્યાર્થિની માત્ર કન્યાશાળાની છોકરી કરતાં કેટલી હિંમતવાળી હોય છે, એ સૌદામિની જાણતાં જ હશે.'

કોને આવકારશું, શીલને કે ચાપલ્યને ?

સૌજન્યપૂર્ણ સહકાર

અખિલ ભારત નૈતિક અને સામાજિક સ્વાસ્થ્ય સંઘનું છઠ્ઠું અધિવેશન તા. ૩૧–૧–'૫૮ના રોજ અમદાવાદમાં મળ્યું. સમાજનાં તરછોડાયેલાં ત્યજાયેલાં અને પતિત બનેલાં પાત્રોના સમુદ્ધારનું કલ્યાણ કાર્ય લઈ બેઠેલી આ સંસ્થા વિષે ઘણાં પત્રોએ છાપ્યું હશે. પરંતુ આ અધિવેશને આજના ખર્ચાળ સમારંભો કરનારાને એક નવી દિશા સૂચવી છે તેની વાત પર ભાગ્યે જ કોઈએ પ્રકાશ નાખ્યો હશે.

બસો જેટલા ભારત અને વિદેશના પ્રતિનિધિઓ માટે ઉતારા અને ભોજન વગેરેની સગવડો કરવાની મુશ્કેલીનો તોડ એમણે કાઢ્યો એનું દૃષ્ટાંત ઘણી સંસ્થાઓને ધડો લેવા જેવું લાગશે. સ્થાનિક કાર્યકર્તાઓએ નગરનાં સાધનસંપન્ન પ્રતિષ્ઠિત કુટુંબોને પાંચપાંચ મહેમાનનો ભાર ઉપાડી લેવા વિનંતી કરી. ફંડફાળા કરતાં આવી સક્રિય સેવામાં તેમને તત્કાળ સારો સહકાર મળ્યો અને સ્ટેશને તેમની હાજર થયેલી મોટરોમાં મહેમાનો વહેંચાઈ ગયા. એનું આનુષંગિક ફળ એ આવ્યું કે કેટલાંય કુટુંબો ઈતર પ્રાંતના પ્રતિષ્ઠિત મહેમાનોનો નિકટ પરિચય પામ્યાં. નવી ઓળખાણો અને મૈત્રીઓ થઈ; મહેમાનો નગરની નાગરિકતાનો સાચો અને સુંદર આસ્વાદ પામ્યાં અને તેના ખર્ચનો બોજો કોઈને જણાયો નહિ: સમારંભના ઉપસંહાર પ્રસંગે પ્રત્યેક મહેમાને ઉમળકાથી

"વીતેલા કાલચક્રમાં વિદ્યા આવી છે ને ગઈ છે. તે શું એના દુરુપયોગને કારણે હશે ? માનવી જે વેડફે છે તે તેનું હરાઈ જાય છે. શું વિદ્યાનો ઉચ્ચતમ ઉપયોગ સ્વાર્થ સાધવાનો હોઈ શકે ? અનંત ગુણો ધરાવતો કોઈ પરમ સ્વાર્થ ક્યાંય છે ખરો ? માનવને કદી એનો સાચો સ્વાર્થ સમજાશે ખરો કે એના ઉગારાની આશા એના ભાઈના કલ્યાણમાં જ વીંટાયલી પડી છે ? માનવ કદીએ જાણશે ખરો કે એના ભાઈને માથે આવી પડતી કોઈ પણ આફત એને પોતાને પણ જોખમ રૂપ છે જ ! શું માનવ પોતાના ભાઈનું ભલું તાકશે ખરો જેથી એનું પોતાનું ભલું જોખમાય નહીં ?

"પિતાજી, તમને શું લાગે છે ?"

"મને માનવમાં શ્રદ્ધા છે, બેટા."

અનુભવેલા આતિથ્યની અને યજમાનની પ્રશસ્તિ કરતાં પ્રમુખ સુશીલા નાયર બોલી ગયાં...' હું દિલ્હી જઈ પંડિત નહેરૂને કહીશ કે મેં અમદાવાદનું નૂતન રૂપ નિહાળ્યું છે.'

પ્રજાનો પત્રકાર

સ્વ: હાજીમહમદ અલારખિયાએ 'વીસમીસદી' સચિત્ર માસિક ૧૯૧૪થી ૧૯૨૧માં તેઓ બેહસ્તનશીન થયા ત્યાં સુધી ચલાવ્યું હતું. એ જમાનામાં જે માસિકો નીકળતાં તે માત્ર વિદ્વદ્‌ભોગ્ય રહેતાં. સાક્ષરો પ્રોફેસરોના નિબંધો, કાવ્યો ને વિવેચનોથી વધારે કંઈ આપતાં નહોતાં. સાધારણ માણસને માટે રસપ્રદ કે શિક્ષાપ્રદ વાચન એમાં ભાગ્યે જ મળતું. હાજીમહમદે એ જાતની સાહિત્યની કિલેબંધી તોડી, વડગાદીના મોદીઓ, હાઈકોર્ટના વકીલો, બારિસ્ટરો, અને ગિરગામની ગણિકાઓ સુદ્ધાં વાંચવા તલપે એવું એક માસિક પત્ર સર્જ્યું. એમને નરસિંહરાવ ને નાનાલાલનાં નામોની પિછાન કરાવી. 'વીસમીસદી'ની લોકપ્રિયતા અનોખી હતી. એનો મને એકવાર અનોખો અનુભવ થયો :

૧૯૧૭–૧૮નો એ સમય. હાજીએ મને સવારમાં કહ્યું કે 'સાંજે સાડા પાંચ વાગે સેંડહર્સ્ટ પૂલની સામે ચોપાટીના બાંક પર મારી રાહ જોજો. એક અજબ મુલાકાતે જવાનું છે.' બરોબર એ સમયે હું ચોપાટીના બાંક પર જઈ બેઠો અને થોડીવારે એક કાળી મોટી લાઈમોસીન મોટર મારી સામે ફૂટપાથ આગળ જ આવી ઊભી. બારણું ઊઘડયું અને હસતા હાજીમહમદની બોજ પાઘડી ચમકી: 'જલ્દી અંદર આવી જાઓ' કહી મને અંદર બેસાડી દીધો અને મોટર ઊપડી. અંદર તેમણે કાળા બેઠા ઘાટના પુષ્ટ અને પ્રસન્ન જણાતા એક બોજ શ્રીમંતની ઓળખાણ કરાવી. બાજુમાં રમણીક માસ્તર બેઠા હતા અને મુંબઈના એ વખતના શેરીફ હતા. આ નવીન મંડળીને હું બાઘાની જેમ જોતો બેઠો. મુંબઈગરી વાતો મને આવડતી નહોતી. શેરીફ ખૂબ હસાખોર લાગ્યા. રમણીક માસ્તરને મુંબઈના પ્રસંગો અને વ્યક્તિઓની વાતો જીભને ટેરવે રમતી હતી. મોટરના આદમી ઉમદા મુંબઈગરા શેઠિયા હતા. હાજી દરેકની પ્રકૃતિ પ્રમાણે કોઈ વાકયે રમાડતા હતા. પણ...પણ શું? ગાડી તો ગિરગામની એક ગલીમાં વળી. આ ગલીની બાજુની કલ્યાણ ચાલમાં હું રહેતો હતો પણ આ તરફ મેં કદી પગ દીધો નહોતો. કારણ? કારણ કે ત્યાં એકલી સ્ત્રી–માલિકણો રહેતી હતી ને મુંબઈના કંઈક શ્રીમંતોનાં હૃદય પર અને સંગીતના શોખ પર જીવતી હતી. પણ હાજીના ચારિત્ર્યમાં મને પૂર્ણ વિશ્વાસ હતો. એનું હૃદય અને જીવન સ્ફટિક સમાં નિર્મળ હતાં...પણ આજની વિચિત્ર સોબત અને પ્રવાસ મારા મનમાં જરા વિક્ષોભ કરાવી રહ્યાં હતાં.

મોટર અટકી અને એક દાદર પર સૌ ચડ્યા ? પેલા શેઠ આગળ હતા : 'ગણપત ! બાઈ આહેકા ?'

'રામરામ શેઠ ! બાઈ દર્શનાલા ગેલી '...

ઓહો આ તો કોઈ ધર્મ ઢીંગલીનું ઘર.

'શનવાર મ્હણુન મારૂતીચા દર્શનાલા જવળજ ગેલી આહે. આપૂણ બસા, મીં લઉકર બોલાવતો' એમ કહી ગણપત નીચે ઊતરી ગયો. અને અમે ઉપરના ગાદી તકીઆથી સજાવેલા એક વીસ ચોરસ ફૂટ ખંડમાં બેઠા. ચારે તરફ મોટા આરસા હતા. કેટલીક રવિવર્માની છબીઓ હતી.

શેરીફ તો મજાક કરવા લાગ્યા—' બાઈ તો સ્વર્ગનું સાધન કરવા લાગી છે.' કહેતાં સીગારેટ સળગાવી હાજીએ મને કાનમાં કહ્યું : 'બધું બરાબર નીરખજો; કળાકારને અહીં જોવાનું ઘણું મળશે.'

દાદર પર કલકલ અવાજ આવ્યો અને ગણપતની પાછળ રૂપેરી કિનારવાળી તદન સફેદ સાડી પહેરેલી પ્રૌઢ યુવતી ઉપર આવી. ભર્યા અંગવાળું એનું શરીર પણ રવિવર્માનાં ચિત્રોની સ્મૃતિ કરાવતું હતું. રસ્તા પરની બારીઓવાળી ગાદી પર બિરાજેલી અમારી મંડળીને તેણે અંદરના પ્રવેશદ્વારથી થોડે આગળ જમીન પર બેસતાં છટાપૂર્વક વંદન કર્યું : 'फारच कृपा केलि शेठजी !' કહ્યું એટલે અમારા મોટરવાળા શેઠે એક પછી એક સૌની ઓળખાણ કરાવી. હાજી અલારખિયાની ઓળખાણ પૂરી થતાં યુવતી હસી પડી ને બોલી: 'મોટાં સદ્‌ભાગ્ય તંત્રીજી ! અમને આ મહિનાનું 'વીસમીસદી' મળ્યું નથી.' હાજીમહમદ પણ આ મુલાકાતનો પહેલો પ્રશ્ન આગળથી જાણી ગયા હોય એમ તૈયાર હતા. તુરત ખીસામાંથી સરનામું બરાબર નહિ હોવાથી પાછું આવેલું 'વીસમીસદી' રેપર સાથે એની સામે ધરી દીધું. 'દેખિયે, હમારા કોઈ ગુન્હા હૈ ?' હાથમાં લેતાં તે ખડખડાટ હસી અને સરનામું સુધરાવ્યું. પછી મંડળી તરફ ફરી. તે વખતે શેરીફ સાહેબે મજાક ઉડાવી: 'કચા આપ ધરમ

[અનુસંધાન પાન ૧૫૦ ઉપર]

પતિતપાવના પૃથ્વી

—હસિત બૂચ

[પડદો ખૂલતાં નેપથ્યમાંથી શંખધ્વનિ અને પ્રભાતસૂચક પંખીરવ સાથે અનુકૂલ પ્રકાશની યોજના. સામે દેખાતા પડદા પર શક્ય હોય તો વહેતી નદી, ડુંગરા, હરિયાળી આદિ દર્શાવી શકાય. નેપથ્યમાંથી બે-ત્રણ પુરુષકંઠ દ્વારા ઉચ્ચારાતી વેદઋચા; એ દરમિયાન સામેના પડદા નજીક થઈ ધીમે ધીમે ચાલ્યા જતા કોઈ પ્રાચીન ઋષિવર અને તેમના બેએક શિષ્યો.]

નેપથ્યમાંથી પુરુષકંઠ :

स्योना पृथिवि भवानृक्षरा निवेशिनी
य च्छा नः शर्म सुप्रथः ।

[ઋચાગાન વિરમતાં]

નિવેદક (નેપથ્યમાંથી) : મા પૃથ્વી ! વિશાળ, કષ્ટ રહિત અને સર્વનું નિવાસસ્થાન......એ જ સાચું અખૂટ સુખ આપી શકે છે. એ સાચા અર્થમાં પતિતપાવના છે... એની સાથે તો આપણી પુરાણી પ્રીત...એનાં ગાન ગાતાં કોણ થાકે ? [પુનઃ ઋચાગાન]

[એક બાજુએથી બહાર આવતાં, એકતારો મંજીરાં અને ઢોલક બજાવતાં થોડાં સ્ત્રી પુરુષો, વિવિધ વેશ અને વયવાળાં, ગાતાં પ્રવેશે છે.]

સમૂહ : ગાતાં ના થાકિયેં હો ધરતીનાં ગીત;
એક કંઠ : એની સાથે અમારી એવી પ્રીત !
સમૂહ : ગાતાં ના થાકિયેં હો ધરતીનાં ગીત.
ગાયાં રે ગાયાં જેણે ધરતીનાં ગીત;
એક કંઠ : એણે જાણી જીવનની મોટી જીત !
સમૂહ : ગાતાં ના થાકિયેં હો ધરતીનાં ગીત.
એક કંઠ : ધરતીને ભેટી મોજાં સાગરનાં ધાતાં
પડઘા ઊઠે એના અતીત,
બીજો કંઠ : એનાં રે ગાન ઝૂકી ઝૂકીને તરુવર ગાતાં,
મૂંગા ડુંગરની ગુંજે પ્રીત;
સમૂહ : ગાતાં ના થાકિયેં હો ધરતીનાં ગીત.
એક સ્ત્રી કંઠ : ગાજી-ચમકીને હૈયે ભરિયાં સૌ ગીત રેલે,
વાદળ ને વીજની એવી રીત;
બીજો સ્ત્રી કંઠ : સૂરજ ચંદરને ધડુલે, તારાની તેજલ વેલે
ઝમતાં રમતાં હો એનાં ગીત;
સમૂહ : ગાતાં ના થાકિયેં હો ધરતીનાં ગીત.
એક કંઠ : નભના ઝરૂખાએ ઊંચા જોઈ-જોઈને ચળતાં
પંખી ગાતાં ધરતીની પ્રીત,
બીજો કંઠ : એની માયાએ મ્હોર્યાં, છાંયામાં સોહ્યાં, ગરવાં
માનવને કંઠે એની પ્રીત;
સમૂહ : ગાતાં ના થાકિયેં હો ધરતીનાં ગીત.
ગાયાં રે ગાયાં જેણે ધરતીનાં ગીત,
એણે જાણી જીવનની મોટી જીત;
ગાતાં ના થાકિયેં હો ધરતીનાં ગીત.

[વૃન્દ નેપથ્યમાં જતાં માલકંસની સૂરાવલિ પ્રસરે છે અને એ વચ્ચે નેપથ્યમાંથી—

નિવેદક : ધરતીની એવી જૂની પ્રીત છે. આવી રઢિયાળી ધરતી પર તો દેવોને ય અવતરવાની હોંસ થાય છે : આપણે એનાં છોરુ; આપણને ધરા છોડી બીજે જવું ગમે જ નહીં. એમાં જ છે આપણી ધન્યતા.

ધીમે ધીમે સ્ત્રી પુરુષનો મિશ્ર સમૂહ ગાતો પ્રવેશે છે.]

પુરુષ કંઠ : રઢિયાળી આ ધરા છોડીને જવું ગમે નહીં ક્યાંય !
કણ કણની રજથી ક્ષણ ક્ષણ
અમ પાવન તન-મન જ્યાંય; રઢિયાળી—
એક સ્ત્રી કંઠ : ગિરિ એના વસમા હો ચડવા
ખીણ-કોતરો ઊંડી;
હરિયાળાં મયદાન વિહરવા
રણકેડી હો ભૂંડી;
પુરુષ કંઠ : હોય અમે રળિયાત હમેશાં ધરાસંનિધિ માંહ્ય
સમૂહ : રઢિયાળી આ ધરા છોડીને જવું ગમે નહીં ક્યાંય.
એક પુરુષ કંઠ : એનાં ફૂલફળે ધનધાન્યે
હાસ અમારાં ખીલે,
બીજો પુરુષ કંઠ : કિરણ નવાં એને જ આંગણે
નયન અમારાં ઝીલે;

મી કંઠ : એની કુખ પ્રગટવા રટણા દેવમંડલી માંહ્ય!
સમૂહ : રઢિયાળી આ ધરા છોડીને જવું ગમે નહીં ક્યાંય!
એક સ્ત્રી કંઠ : અગ્નિસુતા પૃથ્વીને પાવક
યજ્ઞ સદોદિત કરિયે,
બીજો સ્ત્રી કંઠ : જલધિજલે ઝૂલતી એને રસ
પરબ અમે સૌ ભરિયે;
પુરુષ કંઠ : અમે ધરાને અવિરત ધરિયે શ્વાસ અંજલી માંહ્ય!
સમૂહ : રઢિયાળી આ ધરા છોડીને જવું ગમે નહીં ક્યાંય!
એક કંઠ : કણ કણની રજથી ક્ષણ ક્ષણ અમ
સમૂહ : પાવન તન મન જ્યાંય!
રઢિયાળી આ ધરા છોડીને જવું ગમે નહીં ક્યાંય!

[વૃન્દ નેપથ્યમાં જાય છે. ભૂપાલીની સુરાવલિ છેડાતાં અંદરથી જ સમૂહગાનના શબ્દો સંભળાય છે :

ધૈર્યમયી પૃથ્વી! ધૈર્યમયી પૃથ્વી!
પ્રેમમયી પૃથ્વી! પ્રેમમયી પૃથ્વી!

ચાર પાંચ કિશોર-કિશોરીઓ સાથેનું પુરુષવૃન્દ પ્રવેશે છે.]

પુરુષ કંઠ : વા-વંટોળ ધસી આવે પણ શ્રદ્ધા જેની તૂટે નહીં...
સમૂહ : ધૈર્યમયી પૃથ્વી! ધૈર્યમયી પૃથ્વી!
પુરુષ કંઠ : અનરાધાર અગન વચ્ચે પણ સુધા જેહની
ખૂટે નહીં...
સમૂહ : પ્રેમમયી પૃથ્વી! પ્રેમમયી પૃથ્વી!
એક કિશોર : અણુગણ કર લંબાવીને એ
ભરે ખોબલે પાણી,
મધમધતા ભર થાળ ધરે એ
ક્ષુધા સર્વની જાણી;
એક કિશોરી : કોષ બધા ખુલ્લા એના પણ, કણ એ
કોનું લૂટે નહીં!
સમૂહ : ભાવમયી પૃથ્વી! ભાવમયી પૃથ્વી!
એક કિશોરી : થાકયાં સહુને નિત્ય મળે છે
એક વિસામો એનો,
મરજીવા કાજે પ્રજળે છે
અમર દીવડો જેનો;
એક કિશોર : તરલ કાળના ખપ્પરમાં અમૃત એવું કો ઘુટે નહીં!
સમૂહ : પ્રાણમયી પૃથ્વી! પ્રાણમયી પૃથ્વી!
પુરુષકંઠ : વત્સલ એના સ્પર્શે,
કોણ હશે જે મલકી ઊઠે નહીં?
એને અંતર સ્ફુરણે,
કોણ હશે જે ઝળકી ઊઠે નહીં?
સમૂહ : પુણ્યમયી પૃથ્વી! પુણ્યમયી પૃથ્વી!
પુણ્યમયી પૃથ્વી!

[કાલિંગડાની સુરાવટ જામતાં આરંભમાં દૂબળો, ઉઘાડો, પાતળો મજૂર-બેટ્ટુ માથે બોજો વેંઢતો પસાર થાય છે. તેની પાછળ ધનપતિ રુવાબથી પસાર થતો દેખાય છે. થોડીવારે એવાં કંગાળોની નાની ટોળી અને વળી એની પૂંઠે ધનિકને જતો બતાવી શકાય. થોડીવાર બાદ કાલિંગડાની સુરાવટ ઘેરી થતાં ઉન્મત્ત લશ્કરી ટોળી દોડતી ધપતી ચાલી જાય છે અને પાછળ વૈધવ્યથી વ્યાકુળ ચાર-પાંચ નારી નેપથ્યની એક પાંખમાંથી નીકળી બીજી તરફ ચાલી જાય છે. અર્ધનગ્ન ભૂલકાં પણ એની પાછળ જતાં બતાવાય. ચાલુ ગાન વેળા પણ આમાંનાં કોઇ કોઇ દશ્યો રજૂ થઇ શકે. ધનપતિની સાથે રાજવી વેશધારી નટ પણ બતાવી શકાય.]

એક પુરુષ : સીધે રે મારગ મૂકે અવળાં પગલાં, હો એની
ચાલે આ ધરણી છે દુભાણી;
સમૂહ : આ ધરણી છે દુભાણી!
બીજો પુરુષ : ભાળી છોરુને ભૂલ્યાં માડી જામાં, હો એની,
છાતી છે માંહ્યથી હુલાણી!
સમૂહ : છાતી છે માંહ્યથી હુલાણી!
આ ધરણી છે દુભાણી!
એક પુરુષ : ખૂટે ના ખૂટે એની લીલીછમ ધરણી, તોયે
આંતરડી જેની ના ધરાણી!
બીજો પુરુષ : લાખો રીબાય એવી થોડાંની કરણી, તો એ
માડી નિઃશ્વાસથી ભરાણી!
સમૂહ : આ ધરણી છે દુભાણી!
એક પુરુષ : મુઠ્ઠીભર મહોલાતોની ટોચો પર જ્યારે જ્યારે
લોહીની ખાંડણી સિંચાણી!
બીજો પુરુષ : હૂંકારે લૂંટી લૂંટી માડીને, ત્યારે ત્યારે
એની ઉરપાંખડી પિંચાણી!
સમૂહ : ધરણી છે દુભાણી!
છાતી છે માંહ્યથી હુલાણી!
આ ધરણી છે દુભાણી!
એક પુરુષ : સેંથાનો સીંદૂર ભૂંસી, કંકણને તોડી-ફોડી,
ગાંડી જયગાથા જ્યાં ગવાણી!
બીજો પુરુષ : નાગાં બાંકુને રાખી જ્યાં જ્યાં પતાકા ખોડી;
ધરતીની આંખ ઝંખવાણી!

સમૂહ : આ ધરણી છે દુભાણી !
એક પુરુષ : ખમ્યું ના ખમાય, હૈયે દીવી યુગયુગથી એની
જલતી, ના લેશ હોલવાણી;
બીજો પુરુષ : આંસુના અંગારા છો ઉછળ્યા ભીતરથી, એની
કાયા ક્યારેક છો ચીરાણી !
સમૂહ : આ ધરણી છે દુભાણી !
સીધે રે મારગ મૂકે અવળાં પગલાં, હો એની,
ચાલે આ ધરણી છે દુભાણી !
આ ધરણી છે દુભાણી !

[સામે દેખાતા પડદાની વચમાં આરંભથી રાખેલી ગોઠવણી મુજબ દ્વારની યોજનાને કારણે ત્યાંના હવે ખુલ્લા થતા ભાગમાં પૃથ્વીમાતા દર્શાવી શકાય; એ દેખાય ત્યારે નેપથ્યમાંથી આશાવરીની સુરાવલી વહેતી મૂકવાની. કિશોર-કિશોરીવૃંદ ગાતું અને નર્તતું પ્રવેશે છે.]

સમૂહ : અમે સૌ વસુધાનાં સંતાન !
જીવનભરની લ્હાણ;
અમે સૌ વસુધાનાં સંતાન !
એક કિશોરી : અમ હૈયે એના હૈયાનું સુભગ અહો, સંધાન !
સમૂહ : અમે સૌ વસુધાનાં સંતાન !
એક કિશોર : જેની કૂખ પ્રગટિયાં, એનાં
સફલ હજો અરમાન !
સત્ત્વ વહે રગરગમાં, એનાં
અમ પર હો વરદાન !
સમૂહ : અમે સૌ વસુધાનાં સંતાન !
એક કિશોરી : તપ એનાં અમ કાજ નિરંતર,
પ્રેમલ એનાં ગાન;
વનરાવન ગિરિ કંદર નિર્ઝર
દિયે, ધરે ધનધાન;
સમૂહ : અમે સૌ વસુધાનાં સંતાન !
જીવનભરની લ્હાણ;
અમે સૌ વસુધાનાં સંતાન !
એક કિશોર : હવે ન ધરતીને દૂભવવી,
હવે ન પીંખવાં થાન;
હવે પ્રેમહેલી જ વરસવી,
કરવાં તપ સન્માન;
સમૂહ : અમે સૌ વસુધાનાં સંતાન !

એક કિશોર : દુરિત સર્વ નિર્વાણ,
વરદ ભાગ્ય નિર્માણ;
એક કિશોરી : પતિતપાવના પૃથ્વી કેરાં ધન્ય અમે સંતાન !
સમૂહ : અમે સૌ વસુધાનાં સંતાન !

[નિવેદક : આ છે પૃથ્વીનાં બાળકોનો નિર્ધાર સૌ એક જ માનાં છોરુ જીએ અને એક જ રહીશું. આ પૃથ્વીની સમૃદ્ધિ, એની શોભા અને એની તૃપ્તિ એ જ છે અમારી ય સમૃદ્ધિ, શોભા અને તૃપ્તિ. એ માટે જ છે અમારો પુરુષાર્થ.

પરદા વચ્ચેના દ્વારમાંથી આશિષ આપતી પૃથ્વીમૈયા અદૃશ્ય થતાં પુનઃ વાદ્યો પરથી માલકંસની સુરાવલી પ્રસરે છે અને વિવિધ રાષ્ટ્રો સૂચવતા વેશમાં સજ્જ, જગતનાં દસબાર નરનાર, હાથમાં ખેતીનાં ઓજાર લઈ રંગમંચ પર આવે છે.]

એક પુરુષકંઠ : એક ધરા પર વસે એ બધાં સરખાં,
એ અમ ન્યાય !
એક સ્ત્રીકંઠ : એક ગોદ ઉછર્યાં એમાં કો'
નથી રંક કે રાય !
સમૂહ : બધાં સરખાં એ અમ ન્યાય !
એક પુરુષકંઠ : આવો, હાથ હજાર મળીને ખેતર સહુનાં રચિયે !
બીજો પુરુષકંઠ : સહુનું સહુને મળે એહવા નવવિધાનમાં મચિયે !
એક સ્ત્રી કંઠ : સહિયારા તપથી ધરતીને કણકણ દીપક થાય !
સમૂહ : બધાં સરખાં એ અમ ન્યાય !
એક સ્ત્રી કંઠ : વગડાની વનકુંજો કરિયે, રણ લીલાં છમ કરિયે !
બીજો સ્ત્રી કંઠ : અઢળક વ્હેતા જતા નીરની સર્જકતા સંઘરિયે !
એક પુરુષ કંઠ : સહુનો શ્રમ સહુ કાજે થાતાં નંદનવન સરજાય !
સમૂહ : એક ધરા પર વસે એ બધાં સરખાં
એ અમ ન્યાય !
એક પુરુષ કંઠ : આ ડુંગર, આ ખીણ, ભૂમિ આ,
નહીં દ્વેષથી મઢિયે !
બીજો પુરુષ કંઠ : નહીં, નહીં, વન ઉપવન સરિતા કાજ
હવેથી વઢિયે !
એક સ્ત્રી કંઠ : સાદ પડે એવો ત્યાં ધરતીનું અંતર લહરાય !
સમૂહ : બધાં સરખાં એ અમ ન્યાય !
એક સ્ત્રી કંઠ : ચાલો, કદમ ઉઠાવો દુઃખિયાંઓની
સાથે થઈયે !
બીજો સ્ત્રી કંઠ : આવો, આવો, સુખ પામ્યાં
આપસમાં દૈયે : દઈયે !

એક પુરુષ કંઠ : કોટિ કોટિમાં જુઓ, જુઓ શો
પ્રાણ એક વરતાય !

સમૂહ : એક ધરા પર વસે એ બધાં સરખાં
એ અમ ન્યાય !
એક ગોદ ઉછર્યાં એમાં કો'
નથી રંક કે રાય !
બધાં સરખાં એ અમ ન્યાય !

[નેપથ્યની બન્ને પાંખોમાં ચાલ્યાં જતાં આ નરનારને પગલે પગલે આનંદ-ઉલ્લાસ સૂચવતી શુભ્ર યા અરુણવર્ણી પ્રકાશ સંયોજના અને ધીમે ધીમે ભીમપલાસની સૂરરમણા. નેપથ્યમાંથી જ ' મૂલવાય નહીં, એવાં ધરતીનાં મૂલ ' એ પંક્તિ બેએક વાર ગવાતાં આઠ-દસ યુવતીઓનું વૃન્દ રાસ રમતું રંગમંચ પર બન્ને બાજુએથી પ્રવેશે છે.]

યુવતી વૃન્દ [અનુકૂલ પંક્તિઓ સૌ ઝીલે તેમ] :
મૂલવાય નહીં, એવાં ધરતીનાં મૂલ.
હૈયે સમાય એવાં,
ગરબે રમાય, એવાં ધરતીનાં મૂલ.
વનરાવન વીંઝણો ઢોળી કલ્લોલતાં,
અજવાળાં આવીને ઘૂંઘટપટ ખોલતાં,
એનું વાયરે ગ્હેકે દુકૂલ; મૂલવાય—
ખુલ્લું કે હોય આભ વાદળે છવાયલું,
કરતું એ ધરતીનું મુખડું સોહામણું,
એને ફરતી છે સાગરની ઝૂલ;
મૂલવાય નહીં.
આવો સૌ એક સાથ,
ગૂંથીને હાથ હાથ,
ધરતીની ખુંદીએ ધૂળ;
પરસેવે ઓપિયે,
ફૂલડાંઓ રોપિયે,
અંતરની કાઢીને શૂળ;
થાય જીવનનો ફેરો વસૂલ :
મૂલવાય નહીં.

[પડદો પડે છે ત્યારે નેપથ્યમાંથી આરંભની ઋચાનું ગાન ચાલુ રહે છે.]

* ઑલ ઇન્ડિયા રેડિયોની અનુમતિથી, સાભાર. ટૂંક સમયમાં પ્રગટ થનાર સંગીતરૂપક સંગ્રહ ' સૂરમંગલ 'માંથી

[પાન ૧૪૬થી]

ધ્યાન ભી કરતી હો ઔર કનૈયાકી કિંકોરી ભી કરતી હો ? "

" જી હાં, વો તો હમારા જનમકા પેશા હી હૈ ! કહીયે શેઠજી (શેઠ તરફ ફરીને) અબ કયા ખિદ્‌મત ગુજારૂં ? "

" યે સબ મહેરબાન તુમારી કલાકે લીયે સાથમેં આયે હૈ—"

રમણીક માસ્તર મિજલસના ઠાઠમાં હતા. તેમને આવા જલસાનો સારો અનુભવ હતો. હું તો આવા સ્થાનનો પ્રથમ પ્રેક્ષક હતો.

ગજુપતે તબલાં આણી ઠીક કર્યાં. બાઈએ તંબુરના સૂર મેળવ્યા અને મધુર સ્વર લહરીઓમાં ભાવોનાં સ્વરૂપ રચાવા લાગ્યા. એકાદ બે ગાયન પછી તંબુર બીજા સાજીંદાને સોંપી તેણે ભાવગીત ગાવા માંડયું; ' કંકરિયા ન મારો શ્યામ, ઘડા ફુટ જાયગા હમારા ' એટલી એક જ લીટીને અનેક વાર જુદાજુદા લયતાલમાં બોલતાં હાથ અને આંખના હળવા અભિનયથી કે વસ્ત્રાવરણની ચેષ્ટાથી અનેક રૂપાંતરો કરી બતાવ્યાં, તે કોઈ પણ કલાકારને માટે અસાધ્ય પાઠોથી ચઢી જાય એવાં હતાં. લગભગ એક વાગ્યા સુધી એ સંગીતવર્ષા ચાલી. એ પાત્રનું સ્થાન સમાજમાં ગમે તે હો પણ સંગીતના અવગુંઠનમાં તો તે કિન્નરી સ્વરૂપ બની જતું હતું. આવી કલાસાધના ભારતના અપભ્રષ્ટ કાળમાં પણ ટકી રહી છે એનું ગૌરવ કોને આપીશું ?

પાછળથી મને ખબર પડી કે અમે મુંબઈની એક શિખરશ્રેષ્ઠ ગાયિકાનું ગાન તે રાતે સાંભળ્યું હતું.

—ર. મ. રાવળ

પ્રજા-પ્રજાની મૈત્રીનું પ્રતીક : 'આશા' (ઓલ્ગા)

હમણાં જ રાજકોટમાં એક યાદગાર પ્રસંગ આવી ગયો. વડાપ્રધાન શ્રી. જવાહરલાલ નહેરુએ અહીંના પ્રથમ પ્રસૂતિગૃહનું વિધિસર ઉદ્દઘાટન કર્યું.

રાજકોટ પ્રસૂતિગૃહના મુલાકાતી ખંડમાં અમે એક ખેડુભાઈને મળ્યા. એમનું નામ હતું : ફનીભાઈ. એક વર્ષ પહેલાં તેમનાં લગ્ન તેમના જ ગામની નીલા પરબંદી સાથે થયાં હતાં. હવે નીલાને બાળક આવવાનું હતું અને તેઓ એને ગાડામાં નાખીને સાઠેક માઈલ દૂર આવેલા રાજકોટમાં લઈ આવ્યા હતા. આખેય રસ્તે નીલા દર્દની મારી ચીસો પાડતી રહી. ગાડાનો પ્રત્યેક આંચકો એની ચીસોને વધુ વેદનામય બનાવતો.

અમને આ જાણીને નવાઈ લાગી. અમે પૂછ્યું, "આટલું જોખમ શા માટે ખેડ્યું ? નજીકમાં કોઈ દાક્તર નહોતો ?"

"ના ! ના !" ફનીભાઈએ અહોભાવપૂર્વક જવાબ આપ્યો: "મારે તો એને આશા-ઓલ્ગા દાક્તર પાસે લઈ આવવી હતી. આ દાક્તરબેન આખા સૌરાષ્ટ્રમાં જાણીતાં છે."

એ જ ઘડીએ સફેદ ઝભ્ભો પહેરેલાં એક મહિલા દરવાજામાં દેખાયાં. એમની ટોપી નીચેથી એમના રૂપેરી વાળ થોડા થોડા દેખાતા હતા. ફનીભાઈ તરત એમની પાસે દોડી ગયા અને બોલી ઊઠ્યા:

"આશા-ઓલ્ગાબેન, શા ખબર છે ?"

"બધું બરાબર છે," આશા-ઓલ્ગાએ જવાબ આપ્યો: "તમારે ત્યાં દીકરો આવ્યો છે. અભિનંદન ! નીલાની તબિયત પણ સારી છે અને એ તમને વંદન કહેવડાવે છે."

તરત અમે ઓલ્ગા વિક્તોરોવ્ના માકેયેવા એમ. ડી.ને ઓળખી કાઢ્યાં. તેઓ સંયુક્ત રાષ્ટ્રોની વિશ્વ આરોગ્ય સંસ્થાનાં પ્રથમ સોવિયેત પ્રતિનિધિ છે. અમે અગાઉ કદાપિ એમને મળ્યા નહોતા, પરન્તુ ભારતીય અખબારોમાં પ્રસિદ્ધ થયેલી એમની તસ્વીરો જોઈ હતી.

બે વર્ષ પહેલાં વિશ્વ આરોગ્ય સંસ્થાના આમંત્રણથી ડૉ. માકેયેવા માતાઓ તેમજ બાળકોના રક્ષણને લગતા પ્રશ્નો અંગેનાં મુખ્ય તબીબી સલાહકાર તરીકે સૌરાષ્ટ્રમાં આવ્યાં હતાં. પોતાની માતૃભૂમિથી ઘણે દૂર આવેલા આ પ્રદેશમાં તેઓ તદ્દન એકલાં બે વર્ષ રહ્યાં. સૌરાષ્ટ્રભરમાં તેઓ એક માત્ર સોવિયેત નાગરિક હતાં.

તેઓ એક ગામડેથી બીજે ગામડે કોઈ વાર ગાડામાં તો કોઈ વાર પગે ચાલતાં ફરતાં. ગામડાંના લોકો જે ખાતા એ સાદુંસીધું ભોજન તેઓ પણ લેતાં અને કિસાનોનાં ઘરમાં લીંપેલી ભોંય પર સૂઈ રહેતાં. એમણે પોતાની સાથે કેટલાક ઉત્સાહી ભારતીય દાક્તરોની એક ટુકડી ઊભી કરી, જેમાં ડૉ. ભટ્ટ, ડૉ. મહેતા, ડૉ. પુંજાણી ડૉ. વોરા અને સ્ત્રી ડૉકટરો ડૉ. ઝવેરી, બેત, વ્યાસ અને બીજા અનેક હતા.

શરૂઆતમાં શ્રીમતી ઓલ્ગાની સૌથી મોટી મુશ્કેલી લોકો સાથે વાતચીત કરવાની હતી. કારણ કે અહીંની ભાષા એ જાણતાં નહોતાં. ખૂબ જ શ્રમ ઉઠાવીને તેમણે અંગ્રેજી ભાષા ઉપર કાબુ મેળવ્યો અને પછી ગુજરાતી બોલતાં પણ શીખી ગયાં. થોડા વખતમાં તો તેઓ ગામડાંમાં ભાષણ કરી શકતાં અને ભારતી તબીબો સમક્ષ પ્રવચનો આપતાં થઈ ગયાં.

વળી શરૂઆતમાં તો બરાબર સહકાર પણ ન મળ્યો. પરદેશી રાજકર્તા અંગ્રેજનો અનુભવ ગ્રામજનોના મનમાં તાજો જ હતો, એટલે કોઈ યુરોપિયન એમની નિઃસ્વાર્થ સેવા કરવા આવે, એ વાત જ ગ્રામજનોને ગળે ઊતરતી નહોતી. ધીમે ધીમે પરિસ્થિતિ હળવી થતી ગઈ. શ્રીમતી ઓલ્ગાનાં કાર્યોએ જ એમનો માર્ગ સરળ કરવા માંડ્યો.

ગામડાંમાં બને તેટલાં વધુ પ્રસૂતિગૃહો ખૂલે એ માટે શ્રીમતી ઓલ્ગાએ ઘણા પ્રયાસ કર્યા હતા. મકાન મેળવવાની સૌથી મોટી મુશ્કેલી હતી. એમણે સ્થાનિક સત્તાવાળાઓ ને ગ્રામપંચાયતોનો સંપર્ક સાધ્યો અનેક પંચાયતોએ એ માટે મકાનો આપ્યાં અથવા તો જરૂરી ફાળો ઊભો કર્યો.

ધીમે ધીમે સૌરાષ્ટ્રનાં ગામડાંમાં સૂતિકાઓ માટેનાં દવાખાનાં એક પછી એક ઊઘડવા લાગ્યાં. ચાલીસ લાખથી

[અનુસંધાન પાન ૧૫૩ ઉપર]

'ગતિવિહિન વીર સમાજને ભયરૂપ છે, ગતિશીલ પ્રગતિમાન છે'

રિચાર્ડ બાયર્ડે જે કહ્યું તે પોતાના જીવન દરમ્યાન કરી પણ બતાવ્યું. નાન[illegible]જ સાહસો કરવા શરૂ કર્યાં અને જ્યારે નબળા હૃદયે તેને અટકાવ્યો ત્યારે જ તે અટક્યાં.

રિચાર્ડ બાયર્ડનો જન્મ સન ૧૮૮૮ના ઑક્ટોબરની ૨૫ તારીખે વીન્ચેસ્ટર(વરજીનીઆ)માં થયો હતો.

તેનું કુટુંબ બહુ અગ્રગણ્ય હતું. વર્તમાનપત્રનો વ્યવસાય કરતા તેના પિતાનો વારસો મોટાભાઈ હેરીએ લીધો; નાના રિચાર્ડે અનેરો અને અટૂલો સાહસનો માર્ગ લીધો. તેના મોટાભાઈ રાજકારણમાં ઝંપલાવી વરજીનિયાના ગવર્નર થયા, ત્યારે રીચાર્ડ બાયર્ડે વિજ્ઞાનક્ષેત્રે પ્રગતિ કરી.

બાર વર્ષની ઉંમરે કોઈની પણ મદદ વગર એકલો રિચાર્ડ દુનિયાની પ્રદક્ષિણા કરવા નીકળ્યો. પાછા ફરીને વરજીનીઆ યુનિવર્સિટીમાં ભણ્યો. ૧૯૦૮માં અન્નાપોલિસની નૌકાશાળામાં પ્રવેશ મેળવ્યો અને ૧૯૧૨માં શાળામાંથી પાસ થઈને નૌકાદળમાં જોડાયો. આ સમયમાં તેના પગને ત્રણવાર ઈજા થઈ, જેને લીધે ૧૯૧૬માં ૨૮ વર્ષની ઉંમરે એને નૌકાદળમાંથી નિવૃત્ત થવું પડ્યું.

આ નિષ્ક્રિયતા બાયર્ડ સહી ન શક્યો અને એણે પહેલા વિશ્વયુદ્ધમાં ઝંપલાવ્યું જ. અને સક્રિય ભાગ લેવા—૧૯૧૮માં નૌકાદળની નવી સ્થપાયેલી વિમાનીશાળામાં પ્રવેશ મેળવી તેણે પેન્સાકોલાની ઉડ્ડયન શાળામાં અભ્યાસ કર્યો. આ જમાનામાં હજી વિમાનો તરતમાં શોધાયાં હતાં અને દરેક ઉડ્ડયન એક સાહસ હતું. રિચાર્ડ બાયર્ડે ઉડ્ડયનમાં કૌશલ્ય બતાવી સહુને વિસ્મયમાં મૂકી દીધાં.

૧૯૧૯માં નૌકાદળે વિમાનમાં પહેલી જ વાર એને આટલાન્ટિક પાર કરવાનું કામ સોંપ્યું અને ૧૯૨૫માં ગ્રીનલેન્ડ મોકલ્યો.

આ તો એના સાહસની હજુ શરૂઆત હતી, ઉત્સાહી બાયર્ડ સાહસ અને સિદ્ધિનાં અનેક સ્વપ્ન સેવતો હતો. આ સ્વપ્નાં સિદ્ધ કરવાની તમન્નાએ તેણે પૃથ્વી ખૂંદવી શરૂ કરી.

૧૯૨૬માં ખાનગી સાહસની મદદથી ઍન્ટાર્કટિકા તરફ ઊપડ્યો અને મેની ૯મીએ ફ્લોઈડ બેનેટ સાથે, સ્પીટઝ બરગનથી ઊડીને ઉત્તર ધ્રુવનું બેત્રણ વાર ચક્કર માર્યું અને ઉત્તર ધ્રુવ પર ઊડનાર પહેલા માનવી તરીકેનો યશ એને મળ્યો.

૧૯૨૭ના જુન મહિનામાં પહેલી વિમાની ટપાલ લઈને તે ન્યુયોર્કથી પેરીસ ગયો હતો.

પણ બાયર્ડનું મહત્ત્વનું સાહસ હતું ઍન્ટાર્કટિકા. ૧૯૨૮ના સપ્ટેમ્બરમાં ઍન્ટાર્કટિકાના ખંડ પર પહોંચી તેણે લીટલ અમેરિકા સ્થાપ્યું. નવેમ્બર મહિનામાં વિમાનમાં બેસી દક્ષિણ ધ્રુવનું ચક્કર મારી, બન્ને ધ્રુવ ઉપર ઊડનાર પહેલા માનવીનો યશ મેળવ્યો. અમેરિકાએ તેને આ વખતે રીઅર ઍડમીરલ બનાવ્યો.

૧૯૩૩ના માર્ચમાંની બીજી વખતની ઍન્ટાર્કટિકાની સફરમાં આબોહવાનો અભ્યાસ કરવા લીટલ અમેરિકાથી ૧૨૩ માઈલ દક્ષિણે આવેલા બોલીંગના આબોહવા મથક પર એકલો ૭ મહિના રહ્યો. આ કામ કપરું હોવાથી અને ત્યાં અતિશય ઠંડી અને યાતના હોવાથી આ ભયંકર કામ પોતે જ હાથમાં લીધું.

મેની ૨૮ તારીખે સ્ટવમાં કંઈક ખરાબી થવાથી મોનોક્સાઈડ ગૅસ નીકળવા માંડ્યો. બાયર્ડ મરવાની અણી ઉપર આવી ગયો, પણ સાથીઓને ખબર ન કરી; અને અંતે જ મોત અને જીવન વચ્ચે ઝોલાં ખાતો રહ્યો. ઑગસ્ટની ૧૧મી તારીખે તેનો સાથીદાર ડૉક્ટર થોમસ સી-પોલ્ટર એક ટુકડી લઈને આવી ચડ્યા. અને રીચાર્ડ બાયર્ડને મદદ કરી તેને અમેરિકા પાછો લાવ્યો. અહીં પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટે તેનું જાહેર સ્વાગત કરી બહુમાન કર્યું. ૧૯૩૯માં જ ત્રીજી વખત ઍન્ટાર્કટિકાની સફર કરી.

હવે બાયર્ડની ઉંમર વધતી હતી અને તેની તબિયત લથડતી હતી; પણ તેનો ઉત્સાહ અને સાહસિકતા હજી એવાં ને એવાં જ રહ્યાં હતાં.

[અનુસંધાન પાન ૧૫૩ ઉપર]

' અસાધ્ય ધ્રુવનો વિજય '

એવરેસ્ટ વિજેતા તેનસિંગના ન્યુઝીલેન્ડવાસી સાથીદાર હિલેરીએ દક્ષિણ ધ્રુવ ઉપર પહોંચી જઈને એક વધુ સિદ્ધિ પ્રાપ્ત કર્યા અંગેની ખબરો માનવના ગયા અંકમાં (વિજ્ઞાન વિભાગમાં) આપી ગયા છીએ.

આ અંક પ્રગટ થાય તે પહેલાં બીજી બે માહિતી ઉમેરાય છે :

* કૉમનવેલ્થ ટ્રાન્સ-ઍન્ટાર્કટિક ટુકડીના નેતા ડૉ. ફૂક પણ એમની ટુકડી સાથે ત્યાં પહોંચી ગયા છે.

અને ત્યારબાદ, લંડનથી તાજા (૧૪-૨-૫૮) વધુ મહત્ત્વના સમાચાર છે કે—

* રશિયાની ઍન્ટાર્કટિક ટુકડી આજ સુધી ' અસાધ્ય ગણાયેલ ' દક્ષિણ ધ્રુવના છેડા પર પહોંચી ગઈ છે.

આજ સુધી માનવનાં પગલાં જ્યાં પડ્યાં નથી તેવો, પૃથ્વીપરનો આ સૌથી વેરાન અને મોટો ટુકડો છે. આ પ્રદેશ ઍન્ટાર્કટિકના નજીકમાં નજીકના કિનારાથી ૨૦૦૦ કિલોમિટરના અંતરે છે; એટલે કે ઍન્ટાર્કટિકના કોઈ પણ કિનારાથી વધુમાં વધુ દૂર છે.

૩૭૦૦ ફીટ ઉંચાઈવાળા આ મથકને ' સોવિયેતસ્કાયા ' નામ આપવામાં આવ્યું છે.

આ ટુકડીના નેતા વિતાલી બાબારિકિક છે અને આ ટુકડી આખો શિયાળો ત્યાં ગાળનાર છે.

આ પ્રદેશ ઉપરનો વિજય સોવિયેત વૈજ્ઞાનિકોની એક નવી મહાન સિદ્ધિ ગણાશે—કેમકે શૂન્યથી નીચે ૮૦ થી ૮૫ ડિગ્રીના ટેમ્પરેચરમાં આ ટુકડી રહેનાર છે !

આ શોધખોળને પ્રતાપે ઍન્ટાર્કટિકની હિમશીલાઓની ગતિ અને અસ્તિત્વ અંગે ઘણી નવી માહિતી પ્રાપ્ત થશે. વળી આને પ્રતાપે આંતરરાષ્ટ્રીય ભૂસ્તરવિજ્ઞાનની શોધોને મદદરૂપ થાય તેવાં આબોહવા અંગેનાં અનેક સંશોધનોનો લાભ પ્રાપ્ત થશે એવીય ધારણા છે.

*

ગયા અંકે ' દક્ષિણ ધ્રુવ ' અંગેના લેખમાં ઉત્તરધ્રુવની યાત્રાના ઉલ્લેખોમાં એક હકીકત નોંધવી રહી ગઈ હતી. તે એ કે, ૧૯૩૮માં રશિયાના વૈજ્ઞાનિકોએ એક વરસ સુધી ત્યાં વસવાટ કર્યો હતો.

[પાન ૧૫૨થી]

નવેમ્બર '૫૫માં તે છેલ્લી વખત લીટલ અમેરિકા જઈ આવ્યો અને તે પછી નબળા હૃદયને કારણે તેને બિછાનાવશ થવું પડ્યું. તેના બિછાનાની બાજુમાં પૃથ્વીનો મોટો ગોળો હતો જેની દક્ષિણ ધ્રુવ તે પોતાની સામે રાખીને સૂતો હતો.

છેલ્લા મહિના તેણે પોતાના બોસ્ટનના નિવાસસ્થાને ગાળ્યા. આ વખત દરમ્યાન તેને ઍન્ટાર્કટિકાની રાત્રિઓ યાદ આવતી અને ઍન્ટાર્કટિકાના જ વિચારો આવતા.

આ રીતે જીંદગી ભરનો ગતિશીલતાનો ચાહક રીચાર્ડ બાયર્ડ હૃદયરોગના હુમલાને લીધે ગતિવિહીન બની ગયો.

* * *

[પાન ૧૫૧થી]

વધુ વસ્તીવાળા સૌરાષ્ટ્રમાં ૮૦૦ ખાટલાવાળાં પ્રસૂતિગૃહો શરૂ થયાં. આ ગૃહોમાં બીજા ૧૦૦ ખાટલા બાળકો માટે છે. ૧૯૫૭માં સૌરાષ્ટ્રમાં સ્ત્રી બાળકોના ૩૪ ટકાને નિષ્ણાતોની સારવાર મળી હતી.

ભારત ખાતેના રોકાણ દરમ્યાન ડૉ. માકેયેવાએ ૨૦૦ નર્સોને તાલીમ આપી અને સ્થાનિક દાક્તરોને સોવિયેત આરોગ્ય વિજ્ઞાનની સિદ્ધિઓથી પરિચિત કર્યા. જરાપણ દર્દ વગર પ્રસૂતિ થાય, એવી સોવિયેત પદ્ધતિનો પણ એમણે તેઓને ખ્યાલ આપ્યો.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ સોવિયેત મહિલા ડૉકટરના કાર્યની ખૂબ તારીફ કરી છે.

અને ભારતમાં તો આ સોવિયેત તબીબના કાર્યની ઘણી જ પ્રશંસા થઈ છે.

શ્રીમતી ડૉ. ઓલ્ગાની આ સેવાઓ ભારત અને સોવિયેત સંઘની પ્રજાઓ વચ્ચેની મિત્રતા વધારવામાં કીમતી ફાળો આપે છે.

[તાસની પત્રિકામાંથી]

આસ્વાદ

આ વિભાગ દ્વારા કાવ્ય અને કલાનો પ્રારંભિક રસાસ્વાદ કરાવી વિશાળ જનસમૂહ અને સાહિત્યકલાનાં સર્જનો વચ્ચે સેતુ બનવાની અભીપ્સા છે.

—સુરેશ હ. જોષી

વળાવી બા આવી

રજાઓ દીવાળીતણી થઇ પૂરી, ને ઘરમહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘરતણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજજગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સઈ ગયાં;

સવારે ભાભીનું બચું ઘર લઇ ભાઈ ઊપડ્યા,
ગઇ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઇ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી,
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

—ઉશનસ્

આપણામાંના ઘણાના જીવનમાં અસાધારણ પ્રસંગો તો બહુ થોડા આવે છે. આપણું જીવન અનેક નાનાં સુખદુઃખોનું બનેલું છે. એના તાણાવાણાથી જ આપણા જીવનનું પોત વણાય છે. એવો જ એક, સાવસાધારણ ને પરિચિત કુટુંબીઓના જુદા પડવાનો પ્રસંગ અહીં નિરાડંબરી રીતે રજૂ થયો છે. આ નિરાડંબરને કારણે જ એની વેદના વધુ વેધક બને છે, તે આ કાવ્યની ખૂબી છે.

આજીવિકા રળવા દૂર દૂર વેરાઈ ગયેલા દીકરાઓ અને એમની વહુવારુઓ દિવાળી જેવા સપરમા દિવસોમાં ઘરે આવ્યાં છે; શિશુના કલ્લોલથી સૂનુંસૂનું ઘર ગાજી ઊઠે છે. ઓરડાની દિવાલો સાથે અથડાઈ ને પાછી વળતી હવાના નિઃશ્વાસ સિવાય જે ઘરમાં બીજો શબ્દ સંભળાતો નહોતો તે ઘરમાં બંગડીનો રણકાર, ઝાંઝરનો ઝણકાર, બાળકોનો કલશોર, મોટેરાંઓની વાતના તડાકા—આ બધું ઘરને ભરી દે છે; સ્નેહ અને વાત્સલ્યની હૂંફ વાતાવરણમાં વ્યાપી જાય છે. જીવનના તાણાવાણા વણાતા જાય છે ને સુખીસંસારની સુંદર ભાત ઊપસી આવવાની તૈયારીમાં જ છે, ત્યાં વિયોગ ચોરપગલે આવીને વચ્ચોવચ્ચ પોતાનું આસન પાથરીને બેસી જાય છે.

વિયોગનો વેધ લાગતાંની સાથે જ એની શ્યામ છા બોલાતા શબ્દો ને કલશોર ઉપર જાણે છવાઈ જાય વિયોગની અકળ વેદનાના ભારથી શબ્દો જાણે મૌનને તળિ

જઈને બેસે છે, ને એ રીતે, 'આ ઘરમાં મિલન પહેલાંની જે શૂન્યતા હતી, તે ફરી વિસ્તરતી અનુભવાય છે. બોલાતા બે શબ્દોની વચ્ચે, સંધાતી બે દૃષ્ટિની વચ્ચે એ શૂન્યતાનો જુવાળ ઘૂઘવી ઊઠે છે. આથી શબ્દ બોલવાની હિંમત ચાલતી નથી, દૃષ્ટિ ઉઠાવવાની હામ નથી રહેતી. કવિ વિયોગની આગલી રાતનું સુરેખ મર્મસ્પર્શી ચિત્ર આંકે છે:

" લખાયેલાં કર્મે વિરહ મિલને તે રજનીએ.
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા "

છેલ્લી વાર બધાં ભેગાં બેઠાં છે–પિતામાતા, ગંગાસ્વરૂપ ફોઈ (જેને કદાચ વૈધવ્ય પછીથી આ ઘરનો જ આશ્રય લેવાનો રહ્યો છે !) દીકરાઓ ને તેમનું કુટુંબ—પણ એ બધાંની ભેગો વિરહ પોતે પણ ગોઠવાઈ ગયો છે ! પણ વૃદ્ધોએ આ પહેલાં આવા ઘણા વિરહો વેઠ્યા છે, એટલે એને ઉવેખવાની હામ એઓ જ ભીડે છે; ને નિરર્થક, કશા મહત્ત્વ વિનાની, કાંઈ ને કાંઈ વાતો ચાલુ રાખીને. ધસ્યા આવતા નિસ્તબ્ધતાના જુવાળને ખાળવા મથી રહે છે:

" ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં. "

નિષ્ફળ જવા નિર્માયેલા પ્રયત્નમાં જ કેવી કરુણતા રહેલી છે!

આમ આખરે સવાર થયું. પંખીઓનો ટહૂકાર બહાર તો થયો, પણ ઘરમાં બાળકોનો ટહૂકો થયો નહિ, મોટાભાઈ ને ભાભી પોતાનાં બાળકોને લઈને મોં સૂઝણું થાય તે પહેલાં, ચાલ્યાં ગયાં ! આમ સૂરજ ઊગતાં તો ઘર અર્ધું ખાલી થઈ ગયું. પછી તો વિરહના ચક્રવર્તીપણાની આણ વિસ્તરવા જ લાગી. બાને એક જ કામ રહ્યું–બાકીનાં બધાંને વદાય કરવાનું. તરતના પરણેલા બે ભાઈઓની નવી વહુઓનું કવિ, એક સરસ સમાસ યોજીને, આપણા મનશ્ચક્ષુ સમક્ષ તરવર્યા કરે એવું ચિત્ર આંકી દે છે: 'પ્રિયવચનમંદ સ્મિતવતી ' મલાજાને કારણે પ્રિય સાથે ધીમે અવાજે વાત કરતી, મર્યાદાને કારણે ખડખડાટ હસતી નહિ, પણ સ્મિત ધારણ કરતી એ વહુઓ પણ આખરે ગઈ. એમને વિદાય કરીને જ્યારે સૂના ઘરમાં બા આવી, ત્યારે જાણે વિજય પામેલા વિરહને ચરણે એ ફસડાઈ પડી.

છેલ્લી પંક્તિમાં વિરહની વ્યાપકતાને કવિએ લાઘવપૂર્વક પણ મૂર્તરૂપે આલેખી છે; ને આપણે પણ છેલ્લી પંક્તિને પગથિયે રુંધાયેલે હૈયે ફસડાઈ પડીએ છીએ.

વૂડકટ–લિનોકટ

લે. : ગુલામ મોહમ્મદ શેખ

અત્યાર સુધીમાં કલાકારોએ ચિત્ર માટે અનેક માધ્યમો શોધી કાઢ્યાં છે. જાડું કૅનવાસ–કપડું અને લાકડાના પાટિયાથી માંડીને પાતળામાં પાતળા કાગળ પર ચિત્રાલેખનના પ્રયોગો થયા છે. એ સિવાયના કેટલાક ગૌણ પ્રકારોમાં આપણે વૂડકટ–લિનોકટ, લીથોગ્રાફી વ.ને ગણાવી શકીએ. વૂડકટનો અર્થ તો લાકડું કાપવું એવો જ થાય, પણ એની પદ્ધતિ જુદા પ્રકારની છે. વૂડકટ એટલે લાકડાનો બ્લૉક, જેનાપર શાહી લગાડીને કાગળ પર જેટલી જોઈએ તેટલી છાપ લઈ શકાય. વૂડકટ કરવા માટે પહેલાં તો સારું રેસા વગરનું (બને ત્યાં સુધી) અને તદ્દન સૂકાયેલું લાકડાનું સપાટ પાટિયું લેવું જોઈએ. તેને બરાબર છોલી, ઉપર કાચવાળો કાગળ ઘસી એને બરાબર સુંવાળું બનાવવું જોઈએ. ત્યારબાદ એનાપર એકજ રંગનું આલેખન કરીને આયોજનને રંગના અને બાકી રહેલા લાકડાની સપાટીના વિભાગોમાં વહેંચી નાખવું જોઈએ. ત્યારબાદ ઓજારોનું કામ આવે છે. ખાસ કરીને એમાં લગભગ પા એક ઈંચની પહોળાઈવાળાં છએક તીક્ષ્ણ ઓજારોનો ઉપયોગ થાય છે- એ ઓજારોમાં અંગ્રેજી V આકારનાં નાનાં–મોટાં બે, તેમ જ અર્ધગોળ (◡) જેવા આકારનાં બે અને બાકીનાં બે સીધી અને આડી રેખા દર્શાવતાં હોય છે. આ ઓજારોના ઉપયોગ વડે લાકડામાંના રંગ વિનાના વિભાગને ઉખાડી–કાપી નાખવાનો હોય છે. એમાં હદરેખા કાપવા માટે સીધા અને V આકારનું ઓજાર, તેમ જ વચ્ચેનો વિભાગ કાઢવા માટે અર્ધગોળ આકારનાં ઓજારોનો મુખ્યત્વે ઉપયોગ થાય છે. રંગ વિનાના વિભાગોને યોગ્ય જગ્યાએથી બરાબર કાપી કાઢવાથી આપણી પાસે લાકડાનો એક બ્લૉક તૈયાર થઈ



'ગપસપ'
•
શાંતિ દવે

જાય છે, જેના પર છાપવાની શાહી અથવા તૈલ રંગો રોલર વડે લગાડવામાં આવે છે. રંગવિહીન લાકડાનો ભાગ ઓજારો વડે થોડો છોલી અથવા કાપી કાઢેલો હોવાથી ત્યાં રંગ લાગતો નથી–અને બાકી રહેલા રેખાંકનવાળા ભાગ પર જ રંગ રહે છે–તેથી એના પર કાગળ મૂકી ઉપર એ રેખાંકન કે આયોજનની જોઈએ તેટલી છાપ આપણે લઈ શકીએ.

વૂડકટ અને લીનોકટમાં માધ્યમ સિવાય તેમ જ લાકડા અને લીનોલિયમના પોત સિવાય બીજો ફેર નથી. ઘણા લોકો ઘરમાં સુશોભન માટે રંગીન અને છાપેલા લીનોલિયમનો ઉપયોગ કરે છે–એ લીનોલિયમ સાદા રંગમાં પણ મળે છે–જેનો ઉપરનો ચામડા જેવો ભાગ પોચો હોય છે. તેના ઉપર ચિત્ર દોરી વૂડકટની જેમ જ એનો બ્લોક બનાવી શકાય છે. લાકડા કરતાં એ પોચું હોય છે, તેથી એ સહેલાઈથી કાપી–છોલી શકાય છે, પણ એની સપાટી લીસી હોવાથી લાકડાના જેવું પોત(Texture) મેળવી શકાતું નથી.

વૂડકટ-લીનોકટ રંગોમાં પણ કરી શકાય. પણ બે રંગનું કરવા માટે બીજા રંગનો જુદો બ્લોક બનાવવો પડે. પહેલા બ્લોકમાં કાપી નાખેલા વિભાગોને આયોજન પ્રમાણે રાખી– અથવા કાપી નાખી,–તેમ જ પહેલા બ્લોકમાં નહિ કાપેલા વિભાગોને કાપી નાખીને નવો બ્લોક તૈયાર કરી શકાય–જેના પર છાપવાની શાહી અથવા રંગ લગાડી, કાગળ ઉપર એની છાપ લઈ—એના ઉપર પહેલા બ્લોકની બીજારંગની છાપ લેવાથી એની દ્વિરંગી છાપ મેળવી શકાય. એવી જ રીતે વધારે રંગોના બ્લોક બનાવી શકાય. આમાં રંગોના મિશ્રણથી બે રંગના બ્લોકમાંથી ત્રિરંગી છાપ અને ત્રણ રંગના બ્લોકમાંથી પચરંગી છાપ લઈ શકાય.

છાપવાનું યંત્ર શોધાયા પહેલાં આ પદ્ધતિનો ઉપયોગ હાથે લખેલાં પુસ્તકોની વધુ પ્રતો કાઢવા માટે થયો હશે. અને ધીમે ધીમે પુસ્તકોનાં ઉદાહરણ–ચિત્રોના આલેખનમાંથી એક સ્વતંત્ર કલા-પ્રકાર તરીકે એનો વિકાસ થયો હોવો જોઈએ. યુરોપમાં આવા ઘણા નમૂનાઓ મળી આવ્યા છે. મૂળ તો આ પ્રકાર ભારતીય નથી. (સાડીઓની ભાત છાપવામાં કે એવી જગ્યાએ હજી પણ આ પદ્ધતિનો ઉપયોગ થાય



' માછીમારો ' : વિનુ પટેલ

છે. અને પહેલાં પણ કદાચ થતો હશે, પરંતુ ચિત્રપ્રકાર તરીકે આપણે ત્યાં એનો ઉપયોગ થયાનું જાણવામાં નથી.) ખાસ કરીને ચીન અને જાપાનમાં એનો વધારેમાં વધારે વિકાસ થયો હતો અને છે. પશ્ચિમમાં પણ એનો સારો પ્રચાર હતો. પરંતુ એમાં રંગોના સમૂહને બદલે વિગત આલેખનને વધુ મહત્ત્વ અપાતું હતું. તેથી એને વૂડ–એન્ગ્રેવીંગ કહેવામાં આવતાં.

અત્યારે તો આ પ્રકાર બહુ જ પ્રચારમાં છે, અને ચિત્રકારો એને વિકસાવવા અવનવા પ્રયોગો કરી રહ્યા છે. જાપાનમાં તો પીંછીથી રંગો લગાડી ઉપરથી છાપ લેવાની પણ પ્રથા હતી. અત્યારે લાકડાના પોતવાળા, ખરબચડા અને બીજા સુંવાળા વિભાગોનો સમન્વય કરી પરિણામ રૂપે નવીન અસરવાળી છાપ લેવાના વિધવિધ પ્રયોગો અજમાવાય છે.

આ સાથે લીનોકટની બે છાપનાં જુદા જુદા ચિત્રકારો-એ કરેલા આયોજનોનાં ઉદાહરણો આપ્યાં છે.

'ગ્રરાગીણીએ, નૃત્યકલા, અને સુશોભિત આકૃતિઓ તેમજ અલંકારોનું ચિત્રણ થવા માંડ્યું. એ સમયમાં ઈરાની ચિત્રકારોની પ્રતિકૃતિઓ પણ મળે છે.

પંદરમી સદીમાં વળી ઈરાની શૈલીનો પ્રભાવ નષ્ટ થયેલો નજરે ચડે છે. ત્યારબાદની જોનપુરની ચિત્ર પ્રણાલીમાં રાજપૂત અને પુરાણી શૈલીનું મિશ્રણ દેખાય છે: મનુષ્ય આકૃતિનું રેખાંકન બદલાતું નથી.-પણ હવે એમાં સમાજજીવનની રહેણીકરણીના વિષયોનું આલેખન જોવા મળે છે. જોનપુરની કલ્પસૂત્રની પ્રતમાંની આલંકારિક આકૃતિઓનું આલેખન કોઈપણ પ્રણાલિના પ્રભાવ વિનાનું શુદ્ધ ભારતીય છે. તેમજ પશુઓની આકૃતિઓનું શૈલીકરણ (Stylization) અને તેનો ભાત (Pattern)માં થયેલો ઉપયોગ સવિશેષ ઉલ્લેખનીય છે-કારણ કે એ ત્યારબાદની રાજસ્થાની કલા સાથે બહુ સંબંધ ધરાવે છે.

અમદાવાદના દેવશા-પાડાનાં ચિત્રો પણ રંગરચનાના સુંદર નમૂનાઓ છે. આઠમી સદીમાંનાં ઇલોરાનાં છતચિત્રો પણ ગુજરાતી ચિત્રકલા સાથે ગાઢો સંબંધ ધરાવે છે. ઓરિસ્સાની ચિત્રકલા પણ અમુક અંશે એને મળતી આવે છે.

પંદરમી સદી બાદ આ ચિત્ર-પ્રણાલીનો અંત આવ્યો. અકબરે બધાયે પ્રાંતના ભારતીય ચિત્રકારો તેમજ ઈરાની ચિત્રકારોને બોલાવી એક નવી ચિત્ર પદ્ધતિ વિકસાવી. જે પાછળથી મોગલ-પદ્ધતિ તરીકે ઓળખાઈ. પશ્ચિમભારતીય ચિત્રકલાનો આમ અંત આવી ગયો, પરંતુ એના રંગરચના વિષેના દૃષ્ટિકોણ બીજી પ્રણાલિઓમાં વર્ષો સુધી વપરાતા રહ્યા.

ગુ. મ. શેખ

કલાપ્રવૃત્તિઓ

૦ ફેબ્રુઆરીની આઠમી તારીખે દિલ્હીમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદના હાથે લલિતકલા એકેડેમીના ત્રીજા રાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન થયું. લગભગ ૧૩૦૦ જેટલી કૃતિઓમાંથી પરીક્ષક સમિતિએ ચૂંટેલી ૧૬૬ કૃતિઓ પ્રદર્શિત થઈ. પરીક્ષકોમાં શ્રી મુલ્કરાજ આનંદ, રાયકૃષ્ણદાસ તેમજ ચિંતામણિ કાર વગેરે હતા.

૦ ફેબ્રુઆરીની બાવીસમી તારીખે બોમ્બે સ્ટેટનું બીજું પ્રદર્શન ભરાશે.

૦ તારીખ ૭ અને સાતના રોજ મુંબઈના વિખ્યાત વ્યાપારી ચિત્રકાર (Commercial Artist) શ્રી. પી. એન. શર્માએ વડોદરાની ફેકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સમાં 'જાહેરખબરની કલા' પર વ્યાખ્યાન આપ્યાં. એ પહેલાં દિલ્હીના જાણીતા શિલ્પી શ્રી ધનરાજ ભગતે પોતે જે રીતે કામ કરે છે એ પદ્ધતિએ ઉપરોક્ત સ્થળે જ, શિલ્પ કરી બતાવ્યું.

સુધારો : ગયા અંકમાં કલાપ્રવૃત્તિઓ વિષેના સમાચારોમાં બોમ્બે આર્ટ્સોસાયટીમાં શ્રી જ્યોતિ ભટ્ટને ચિત્ર માટે સુવર્ણ ચન્દ્રક—એમ શરતચૂકથી લખાયું છે-ત્યાં, સુવર્ણ ચંદ્રકને બદલે રૌપ્ય ચન્દ્રક વાંચવું.

વેઈન રાજ્ય-વિદ્યાપીઠ નાટ્યસંઘ

[વડોદરા તા. ૯ થી ૧૩ ફેબ્રુઆરી]

અમેરિકાની વેઈન-રાજ્ય-વિદ્યાપીઠ (ડેટ્રોઈટ નગર)ની નાટ્ય મંડળીએ તા. ૯ થી ૧૩ દરમ્યાનના દિવસોમાં વડોદરા મુકામે કેટલાંક વ્યાખ્યાનો આપ્યાં, નાટ્યકલા અંગે પ્રત્યક્ષ શિક્ષણ આપ્યું. અને પ્રખ્યાત અમેરિકન નાટ્યકાર યુજીન ઓનિલનું 'બિયોન્ડ ધ હોરાઈઝન' નાટક અને મોલિયેર તથા થૉર્ટન વાઈલ્ડરના બે એકાંકીઓ ભજવ્યાં.

આ નાટ્યસંઘના સંચાલક લિયોનાર્ડ લિયોન નાટ્યક્ષેત્રે અનેક નવા આરંભો કરનાર તરીકે જાણીતા છે. વર્તુળાકારનાં પ્રેક્ષકગૃહની શરૂઆત કરવામાં તથા બાળકો માટેની રંગભૂમિનું નિર્માણ કરવામાં એમનો મોટો ફાળો છે. પ્રવાસ ખેડીને એમણે ૭૫ જેટલા નાટ્યપ્રયોગો રજૂ કર્યા છે. આજસુધીમાં એકંદર એમણે સો જેટલા નાટ્ય પ્રયોગોનું સફળ દિગ્દર્શન કર્યું છે.

અમેરિકાની ધંધાદારી રંગભૂમિ નવી દૃષ્ટિવાળા નાટ્ય પ્રયોગો રજૂ કરવાની હામ ભીડતી નથી. એવા પ્રયોગો તો 'લિટલ થિયેટર'માં કે વિદ્યાપીઠોના આવા નાટ્યસંઘો દ્વાર જોવા મળે છે. આ રીતે લોકરુચિના ઘડતરમાં આ સંસ્થાને સારો એવો ફાળો છે.

આ સંસ્થાએ ૧૯૨૭ થી નાટક ભજવવા અંગેના વર્ગોનો આરંભ કર્યો હતો, અને ૧૯૨૯થી 'યુનિવર્સિટી થિયેટર્સ'ની વ્યવસ્થિત સ્થાપના કરી તેણે નાટકો રજૂ કરવા માંડ્યાં હતાં આ પછી તો આ વિદ્યાપીઠે આ ક્ષેત્રે નવા નવા અભ્યાસ

ક્રમો યોજ્યા છે—આજે તો ત્યાં આ ક્ષેત્રે બી. એ., એમ. એ., અને પી. એચ. ડી.ના અભ્યાસની ડિગ્રીઓ અપાય છે.

આખી ડેટ્રોઈટ નગરીમાં આ વેઈન વિદ્યાપીઠ નાટ્યસંઘ બિનધંધાદારી સંસ્થાઓમાં સર્વપ્રથમ છે.

અંગ્રેજ નટો : "ઇંગ્લીશ કૉમેડિયન્સ"

આ અંગ્રેજી નામધારી એક નટમંડળ બ્રિટનના મશહૂર નટ મેરિઅસ ગેરિંગના નેતૃત્વ નીચે હિંદમાં મુસાફરી કરી રહ્યું છે. તેઓ અંગ્રેજ મશ્કરા નથી કે હાસ્ય નટો નથી. પણ આ પ્રાચીન નામધારણ કરી તેમણે હિંદનો પ્રવાસ શરુ કર્યો છે. શેક્સપીઅરનાં નાટકોમાંથી દ્રશ્યો ચૂંટી તેઓ રજૂ કરે છે: અને કેવળ અભિનય, સંગીત તથા પ્રકાશ રચના દ્વારા કાંઈ પણ ખર્ચાળ સેટીંગ કે સ્ટેજ સામગ્રી વિના તેઓ શેક્સપીઅર ભજવી બતાવે છે.

આ નટમંડળે નીચે જણાવેલ નાટકોનાં દ્રશ્યો ભજવ્યાં. (૧) રીચાર્ડ ત્રીજો (૨) જુલીઅસ સીઝર (૩) મેકબેથ (૪) એઝ યુ લાઈક ઈટ (૫) ધી ટેમીંગ ઑફ ધી શ્રુ (૬) ટ્વેલ્થ નાઈટ.

જુલીઅસ સીઝરના ખૂનનું દ્રશ્ય બાદ કરતાં આ બધાં નાટકોનાં દ્રશ્યો રોમાંચક રીતે ભજવાયાં હતાં. બે તલવાર, બે છરી, બે મુગટ અને તદ્દન સાદાં કપડાં, એલીઝાબેથન ઝભ્ભો તે રોમન ઉપવસ્ત્ર બની જાય એવી વેશભૂષા, આવી નહિવત્ સામગ્રી સાથે કેવળ અંગાંગનો અભિનય પ્રગટ કરતી આ નટ મંડળી જોઈ આનંદ થતો હતો.

આ નટોના મંડળે પોતાનું નામ 'ઇંગ્લીશ કૉમેડિયન્સ' શા માટે રાખ્યું હશે ? આ રહસ્ય સમજાવતું તેમનું 'આત્મ-નિવેદન' વાંચો—

"અમે 'ઇંગ્લીશ કૉમેડિયન્સ' તરીકે ઓળખાઈએ છીએ.

"વિચિત્ર નામ-તમે કહેશો...હા ! પણ આ નામ તો પુરાણું નામ છે.

"અને અમે કોણ ? અમારાં નામોની કાંઈ વિસાત ખરી ?

"અમારાં નામો, અમારી છબીઓ આ પરિચય-પુસ્તિકામાં તમે વાંચશો ! અમે તે છપાવી છે એમ માનીને કે તમે અમને યાદ કરશો....

"અમે શા માટે અહીં આવ્યા છીએ... ?

"કીર્તિ માટે ? સદાય તમે અમને યાદ કરો તે માટે ?

"હા ! અવશ્ય હા !...પણ તેટલા જ માટે નહિ !

"કારણ...અમે જો આવ્યા ન હોત તો... ?

"અમે કેમ ન આવીએ ?

"આવીએ જ, કારણ કે નટો-ખેલ કરનારા તો હમેશાં આવે જ...

"ચારસો વર્ષ પૂર્વે અંગ્રેજી નટોનાં પરિભ્રમણ કરતાં મંડળો યુરોપમાં ઊતરતાં-ઘૂમતાં. તેમાં ચાર પુરુષો અને એક છોકરો જે સ્ત્રી પાઠ કરે...અંગ્રેજી ભાષામાં બોલતા—છતાં યુરોપના લોકો તેમને સમજતા...તેમના હાસ્યના ટુકડા સામાન્ય અને સહુ સમજે તેવા...અને ન સમજાય તેવા ભાગો આજે આપણે જેને 'કમેન્ટરી' કહીએ છીએ તે રીતે રજૂ થતા.

"કાલાનુક્રમે 'ઇંગ્લીશ કૉમેડિયન્સ' આ નામ એક 'સંસ્કારતંત્ર' બની ગયું. બે સદીઓ સુધી કાલના ઘસારામાં આવાં પરિભ્રમણ કરતાં મંડળો લુપ્ત થઈ ગયાં છે... મેરિઅસ ગેરીંગે આવી સંસ્થા પુનઃ ગાજતી કરી છે.

"અંગ્રેજી ભાષામાં અભિનય કરતા નટો નીકળી પડ્યા છે. પણ પ્રાચીન નામ કરતાંય કાંઈક વધારે છે...

"હા ! વિદૂષકનાં લાલ નાક અને મુખ-મ્હોરાં તો છે જ—પણ સાથે કરુણરસ-પ્રધાન નાટકોય છે....હેમ્લેટની ઉક્તિ જ સાચી પડે છે.

"નટો તો ચારે તરફ ઘૂમે...સાહેબો ! બાનુઓ ! દુનિયાના શ્રેષ્ઠ નટો...ઐતિહાસિક નાટકોનાં—કે કરુણ નાટકોના...આ નટો છે.

"શેક્સપીઅરમાંથી 'તમને ગમે તે' તમે પસંદ કરી શકો છો—તેની છાયાઓ—અને પ્રકાશ ! તો ચાલો એ નાટ્યસૃષ્ટિમાં-જ્યાં છાયાઓ ઘેરામાં ઘેરી છે—અને જ્યાં પ્રકાશ વિપુલ પ્રમાણમાં પથરાયેલો છે..."

આ શબ્દો સાથે 'Let there be darkness' અને પડદો ઉપડ્યો. —જશવંત ઠાકર

ગુજરાત પ્રૌઢ સાહિત્ય નિર્માણ શિબિર

ગુજરાત સમાજ શિક્ષણ સમિતિની યોજનાં મુજબ, નવશિક્ષિત પ્રૌઢો માટેના સાહિત્ય નિર્માણ માટે એક શિબિર ઊઘડવાની છે, એવી માહિતી મળી. ૨૩મી ડિસેમ્બરથી જાન્યુ.ના અંત સુધીનાં ૭ અઠવાડિયાં ત્યાં ગાળવાનાં હતાં.

મનને ગમતું કામ હતું. એટલે શિબિરમાં જવા પ્રેરાઈ. સ્થળ ઊભરાટ (જી. સુરત) : સાગર તટે આવેલું સુંદર સ્થળ હતું. રહેવા માટે ત્યાં મકાનોની પુષ્કળ છૂટ હતી. રોજ સંધ્યાએ દરિયા કિનારે જઈ સૂરજને જળ સમાધિ લેતો જોવાની મઝા હતી. વીસેક લેખકોનો સમૂહ ત્યાં ભેગો મળ્યો હતો.

શિબિરના ઉદ્‌ઘાટન વખતે થયેલાં ભાષણો પરથી કંઈક ખ્યાલ આવ્યો કે, અમારી પાસેથી કેવા પ્રકારના સાહિત્યની આશા રાખવામાં આવી છે.

ગુજરાત યુનિવર્સિટીના વાઈસચાંસેલર શ્રી. મગનભાઈ દેસાઈ, તથા ગુજરાત સમાજ શિક્ષણ સમિતિના મંત્રી મુરબ્બી કલ્યાણજી કાકા (કલ્યાણજી મહેતા)એ અમને પહેલ વહેલો ખ્યાલ આપ્યો કે અમારે અનુભવે વૃદ્ધ ને જીવનની ઠોકરો ખાઇ ખાઈને ઘડાયેલા, ને તાજું જ અક્ષરજ્ઞાન પામી જેમ તેમ શબ્દને પકડવા મથતા માણસો માટે લખવાનું છે.

સાથે સાથે આજસુધી મોટા અક્ષરે છપાયેલું ને 'પ્રૌઢ તથા બાળકો' બંનેને નામે ખપતું સાહિત્ય આજે આપણા બજારમાં ઉભરાઈ રહ્યું છે—છતાં અહીં એની ખોટ કેમ વરતાય છે, એ પણ સમજાવ્યું.

આ પછી જ અમારા કામનો ચોક્કસ ખ્યાલ અમને આવ્યો. ને અમારી કલમે કેટલી બધી મર્યાદાઓ વચ્ચે રહીને વિહરવાનું છે ને છતાં કેટલું બધું કહેવાનું છે—એ અમને સમજાયું.

ત્યાર પછી તો ચાલીસ દિવસ સુધી વીસ લેખકોએ શિબિરના સંચાલક શ્રી. રમણલાલ સોની ને ઉપસંચાલક શ્રી. મનુભાઈ જોધાણીની દોરવણી હેઠળ કલમ કસી : સરળ ભાષા ને સુગમ વાકય રચનાવાળી ૧૦૦ શબ્દોની ચાલીસ વાંચન પત્રિકાઓ, ઉપરાંત ૫૦૦, ૧,૦૦૦ તેમજ ૨,૫૦૦ શબ્દોની ૬૦ પુસ્તિકા તૈયાર કરી. ને ગુજરાતના ચિત્રકાર ભાઈ શિવે અમારી જેમ જ રાત દિવસ સાથે રહીને આ તમામ સાહિત્યને અનુરૂપ ચિત્રો દોરી આપ્યાં.

શિબિર દરમ્યાન આ કામ બાબત ઘણું ઘણું જાણવા મળ્યું.

* પહેલી વસ્તુ તો એ કે, ૧૯૪૭ની સાલથી પ્રૌઢ શિક્ષણની પ્રવૃત્તિ ચલાવી રહેલી હિંદી સરકારે—પોતાની આ પ્રવૃત્તિને પ્રૌઢોને કેવળ વાંચતા લખતા કરી દેવાની સંકુચિત મર્યાદામાંથી બહાર કાઢી—એ આખી પ્રવૃત્તિને 'સમાજ શિક્ષણ'ની ઝુંબેશનું રૂપ આપવાની દિશામાં પગલાં ભરવા માંડ્યાં છે.

પોતાની આ ઝુંબેશને આકાર આપવા ભારત સરકારે અત્યાર સુધીમાં ચાર વિભાગ પાડી દઈ, ચાર જુદાં જુદાં સ્થળે, મહિના મહિના માટે ચાર લેખક શિબિરો યોજી હતી.

૧. પૂર્વ વિભાગમાં શાંતિનિકેતન

૨. દક્ષિણમાં મૈસુર

૩. ઉત્તરમાં અલિપુર (દિલ્હી)

૪. ને પશ્ચિમમાં પનાળા એટલે મહારાષ્ટ્રના કોલ્હાપુર જીલ્લામાં.

પણ આ ચારે શિબિરોમાં વિવિધ ભાષાભાષી લેખકોને એકઠા કરી કામ કરવામાં આવેલું. ને એને કારણે ઘણી મુશ્કેલીઓ પડેલી, ને ધાર્યું પરિણામ લાવી શકાયું નહોતું.

આ અનુભવને કારણે ભારત સરકારે પોતાના આ કાર્યને વધુ અસરકારક ને પરિણામદાયી બનાવવા ભાષાવાર શિબિરો યોજવાનું યોગ્ય ધાર્યું. ને રાજ્યની સરકારોને તે મુજબ સૂચનો કર્યાં.

મુંબઈ સરકારને મળેલા આ સૂચન અનુસાર મુંબઈ પ્રાંતમાં બે શિબિરો યોજાઈ. એક મરાઠી ભાષાભાષી લેખકોની—ભોર ખાતે; ને બીજી ગુજરાતી લેખકોની-ઊભરાટ ખાતે.

* બીજી વસ્તુ એ કે, ભારત સરકારની શિબિરો યોજવાની આ પ્રવૃત્તિમાં મુખ્ય પ્રેરણા ને નાણાંકીય મદદ અમેરિકાની ફોર્ડ ફાઉન્ડેશન નામની સંસ્થા તરફથી મળેલી છે. શિક્ષણ ને સંસ્કારની બાબતમાં આગળ વધેલો દેશ પોતાની પડતી દશામાંથી ઊભા થવા મથતા દેશને એના કામમાં ટેકો કરવાની વૃત્તિ દર્શાવે એ સારું જ છે—પોતાની રાજકીય

લાગવગ ને સત્તાના ક્ષેત્રને વિસ્તારવાની દાનત એની પાછળ ન હોય એટલી સાવચેતી આપણે રાખીએ એટલે બસ.

ખેર...બીજા દેશના સમાચારો આપણે વારંવાર વાંચીએ સાંભળીએ છીએ કે-અમે અમુક વરસમાં અમારા દેશમાંથી નિરક્ષરતાને દેશવટો દીધો. શું આપણે ત્યાં અગાઉથી સુયોગ્ય યોજના જાહેર કરી, સમય આપી લેખકોને આમંત્ર્યા હોત તો બહુ થોડા દિવસની શિબિર રાખીને, આથી ઓછે ખર્ચે ઘણું કાર્ય ન થઈ શકયું હોત ?

—સુભદ્રા ગાંધી

કોઈ ખૂણે થતું સુકાર્ય

તા. ૩૧-૧-૫૮ના દિને કરજણ (મીયાગામ)માં ત્યાંના સાર્વજનિક પુસ્તકાલયનો સુવર્ણ મહોત્સવ ઉજવાયો. 'જ્ઞાનદીપ'ની માવજત અને જતન કરનાર એ સંસ્થાએ આસપાસની જનતામાં કેટલાંય જાણ્યાં અજાણ્યાં જનોનાં માનસ-ફાનસ ઝગતાં કર્યાં હશે એની તો એ સ્થાનમાં ફરતાં ફરતાં સંસ્કારી નાગરિકો પ્રતીત કરાવી શકે એમ છે. પરંતુ આ પ્રસંગને ઉચિત એવું એક સંસ્કાર પ્રદર્શન ત્યાંની હાઈસ્કૂલમાં આચાર્ય કૃષ્ણવદન જેટલી અને તેમના સહાયક શિક્ષકવૃંદે ગોઠવ્યું હતું. તે કરજણની હવાનું દ્યોતક હતું. સ્વલ્પ સાધનો અને જાગૃત પ્રયત્નથી એમણે ભારતમાં આવેલા રાજદૂત-વાસો (એમ્બસીઓ)ને પત્રો લખી પ્રત્યેક દેશનાં ચિત્રો, નકશાઓ માનવપાત્રો, સમાજ પ્રવૃત્તિઓનાં સુંદર અને આકર્ષક પટો એકઠા કરી આજની દુનિયાનો પ્રત્યક્ષ પરિચય રજુ કર્યો હતો; તે સાથે ભારત સરકાર તરફથી પ્રવાસ અને પ્રકાશન ખાતાંઓએ બહાર પાડેલાં મોટાં ભીંત ચિત્રો, માહિતીપત્રો દ્વારા આજના ભારતનું ઉઠાવદાર દર્શન કરાવ્યું હતું. નહિ જેવા ખર્ચથી કોઈ કાર્યતત્પર સંસ્થા શું કરી શકે તેનું એ પ્રશંસનીય દૃષ્ટાંત હતું.

આ ઉપરાંત, પણ બીજી એક વ્યક્તિગત સાધનાની સમૃદ્ધિ ત્યાં જોવા મળી જે અનન્ય કહી શકાય. આચાર્ય જેટલીએ વર્ષોના પરિશ્રમથી ગુજરાતના ભૂતપૂર્વ સાક્ષરો અને અદ્યતન પ્રમુખ સાહિત્યકારોની તસ્વીરોનો સુયોજિત સુવ્યવસ્થિત સંગ્રહ તૈયાર કર્યો હતો. શોધી જડે નહિ એવી કંઈક તસ્વીરો તેમાં હતી. દરેક સાહિત્યકારનો જીવનકાળ સાહિત્ય પ્રવૃત્તિ કે પ્રકાશનની જરૂરી નોંધ હતી. આ રીતે માત્ર ગુજરાતી સાક્ષરો નહિ પણ આજે હિંદી ભાષાના અભ્યાસથી પરિચિત થયેલા સર્વ સાહિત્ય-સર્જકોની છબીઓ ત્યાં જોવા મળી. એમણે તેમનું અભ્યાસ વર્તુલ ત્યાં જ પૂરું કર્યું નથી. એનો પરિઘ વિસ્તારીને વિશ્વભરના મહાન લેખકો કવિઓ અને ગ્રંથકર્તાઓની લગભગ ૧૦૦૦ છબીઓ એકઠી કરી છે. ગ્રંથના સર્જકનું મુખદર્શન કેટલી પ્રેરણા અને સંસ્કાર ભાન કરાવે છે. એ આજના યુગમાં કોઈને સમજાવવાની જરૂર નથી. આ બધાં ચિત્રોપર વિહંગ દૃષ્ટિ કરનારને પણ અહોભાવ જાગૃત થયા વિના રહે નહિ. એવું એ પ્રદર્શન હતું.

કરજણ પુસ્તકાલયના સુવર્ણમહોત્સવનું એ પ્રભાવોત્પાદક સંસ્કારપ્રદાન હતું.

—ર. મ. શ.

કલાપ્રવૃત્તિ

મુંબઈ રાજ્યના ત્રીજા વાર્ષિક પ્રદર્શનમાં વડોદરા ફાઈન આર્ટ્સના કલાકારો શ્રી વિનોદરાય પટેલ અને શ્રી ફિરોઝ કોન્ટ્રાકટરને ચિત્ર માટે તેમ જ શ્રી મહેન્દ્ર પંડ્યા અને શ્રી નરેન્દ્ર પટેલને શિલ્પ માટે, દરેકને રૂા. ૫૦૦ના પારિતોષિકો એનાયત થયા છે. વિદ્યાર્થીઓના વિભાગમાં વડોદરા-આર્કીટેકચરના વિદ્યાર્થી શ્રી બસવંત પટાટેને પણ રૂા. ૨૫૦નું ઈનામ મળ્યું છે.

૦ શ્રી દશરથ પટેલ એમનું એક-વ્યક્તિ-પ્રદર્શન અમદાવાદમાં તા. ૨૮મી ફેબ્રુઆરીએ ભરવાના છે.

રતન પારિમૂ



ફક્ત પંદર વર્ષની વયે કાશ્મીરમાંથી સાયન્સ કૉલેજનો અભ્યાસ છોડીને શ્રી રતન પારિમૂ વડોદરાની ફેકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સમાં દાખલ થયા. ઉચ્ચ શિક્ષણ માટે કાશ્મીરમાં જરૂરી સંસ્થાઓ નથી-તેથી યુનિવર્સિટીની કક્ષાએ કલા-શિક્ષણ મેળવવા માટે તેમણે વડોદરા ભણી મીટ માંડી; એવો અભ્યાસ કરનારા પહેલા કાશ્મીરી વિદ્યાર્થી તરીકે ૧૯૫૧થી અત્યારસુધી વડોદરામાં રહી તેમણે ગયા વર્ષે માસ્ટર ઑફ ફાઈન આર્ટ્સની ડીગ્રી તેમ જ મ્યૂઝિયોલોજીનો પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેળવ્યો. અત્યારે તેમને ભારત સરકાર તરફથી એનાયત થતી શિષ્યવૃત્તિ મળે છે, તે અનુસાર તેઓ પોતાના ગુરુ પ્રાધ્યાપક શ્રી એન. એસ. બેન્દ્રે પાસે અભ્યાસ કરી રહ્યા છે. ચિત્રકાર્ય સાથે તેઓ કલાના ઇતિહાસ અને સૌન્દર્યશાસ્ત્રના અભ્યાસમાં વિશેષ રસ ધરાવે છે. લેખનકાર્ય પ્રત્યે પણ એમની અભિરુચિ છે —જે એમના બે નિબંધો Use of Calligraphic lines in Painting અને Preservation of Indian Miniature Paintingsમાં જોવા મળે છે.

એમણે ભારતીય ચિત્રપ્રણાલિઓનાં જૈન Miniatures અને ઓરિસ્સાના પટ્ટ ચિત્રોનો ઊંડો અભ્યાસ કર્યો છે; તેમ જ Parsian Miniatures અને Tibetan Tanka ચિત્રોથી પણ તેઓ અતિશય પ્રભાવિત થયા છે. એ બધી પ્રણાલિઓમાંના ગુણો—રેખાની પ્રવાહિતા, રંગરચના અને સંયોજનની એમના પર ઊંડી છાપ પડી છેઃ તેને કારણે શરૂઆતમાંના એમના ચિત્રોમાં એ પ્રણાલિઓમાંની અમુક શૈલીની અસર દેખાય છે; તેમ જ અત્યારે પણ તેઓ જે કાંઈ મૌલિક સર્જન કરી રહ્યા છે, તે પણ એના ફલસ્વરૂપ છે.

આકારોના ચિત્રણ અને આયોજન તરફનો એમનો દૃષ્ટિકોણ Topographical (એટલે વસ્તુઓને સામેથી અથવા સમાન કક્ષાએથી નહિ, પણ ઉપરથી જોવી) છે. તેઓ ચિત્રનો વિષય પણ આ દૃષ્ટિકોણ અનુસાર જ પસંદ કરે છે. પદાર્થને જુદા જુદા દૃષ્ટિકોણથી જોવાનો Cubismનો સિદ્ધાંત પણ આમાં સમાઈ જાય છે. ખાસ કરીને આ દૃષ્ટિકોણ એમના Lotus-Valley, Baroda Station અને Zoo વગેરે ચિત્રોમાં વિશેષ પ્રતિબિંબિત થયો છે. એમના ચિત્રોમાં મુખ્યત્વે રેખાનું પ્રાધાન્ય હોય છે—છતાં રંગ ગૌણ બની જવાને બદલે પૂરક અને સહાયક બની રહે છે. રેખા અને રંગ એ બંનેમાંના વધારે મહત્ત્વના અંગ વિષે તેઓ કોઈ ચોક્કસ નિર્ણય પર આવી શકયા નથી, છતાં હમણાં તેમના વિચારો રંગોના પ્રાધાન્ય તરફ ઢળતા જાય છે.

આપણી પ્રાચીન ચિત્ર પ્રણાલિઓ વિષે તેમને ખૂબ જ આદર છે. તેઓ માને છે કે અંગ્રેજોના આગમન પહેલાં આપણે ત્યાં ચિત્રકલાનું ધોરણ ઉચ્ચકક્ષાનું હતું—પરંતુ Renaissanceથી Impressionism સુધીના કાળમાં યૂરોપમાં જે તાદૃશ્યવાદી વિચારસરણી ફેલાઈ હતી તે ભારતીય કલા પર પણ લદાવાને લીધે આપણી ચિત્રપ્રણાલિઓ ભાંગી પડી. ત્યારબાદ કહેવાતી 'ભારતીય' ચિત્રશૈલીની નબળી નકલો બંગાળ અને ગુજરાતમાં થઈ, પરંતુ એથી શુદ્ધ

ભારતીય કલાના ઉચ્ચતમ તત્ત્વો લગભગ ભુલાઈ-ભૂંસાઈ ગયા. એ તત્ત્વોને પારખી તેમને ભારતીય જનતા સમક્ષ રજૂ કરવાની તમન્ના ધરાવનાર કેટલાક ભારતીય ચિત્રકારોમાંના એક તેઓ પણ છે.

એમના ચિત્રો અને ખાસ કરીને આકૃતિઓનું રેખાંકન પશ્ચિમ ભારતીય ચિત્રકલા સાથે ગાઢો સંબંધ ધરાવે છે. પરંતુ એમાં એ શૈલીનું આંધળું અનુકરણ નહિ પણ એમાંનાં સત્વશીલ અંશો (રંગોની રચના, આકારોની જોડણી અને કથાત્મક તત્ત્વો)નું રૂપાંતર થયેલું છે.

એમની ચિત્રાકૃતિઓ કુદરતી આકારો સાથેનું સામ્ય (Association) સ્વીકારે છે, પણ આપણી પ્રાચીન ચિત્ર પ્રણાલિઓમાં આ સામ્ય (Association) અને ભાવાત્મક ગુણ (Abstract quality)નું જે સુભગ સંમિશ્રણ થયું છે (આ વસ્તુ આધુનિક સંશોધનો દ્વારા સિદ્ધ થઈ ચૂકી છે) એ સંપૂર્ણપણે મેળવવાની એમની ઝંખના છે.

અત્યાર સુધીમાં શ્રી પારિમૂએ લલિત કલા એકેડેમી, બોમ્બે આર્ટ સોસાયટી, અને બોમ્બે સ્ટેટ તેમ જ બરોડા ગ્રુપ ઑફ આર્ટીસ્ટ્સના પ્રદર્શનોમાં ભાગ લીધો છે અને લઈ રહ્યા છે. આપણી પ્રાચીન ચિત્ર પ્રણાલિઓના અભ્યાસમાં તેઓ હજીય મગ્ન છે. પ્રા. બેન્દ્રે, પારિમૂના શબ્દોમાં ભારતમાં તો શું, પણ જગતમાંય વિરલ એવા, કલા-શિક્ષકના વિદ્યાર્થી હોવાનો તેમને ગર્વ છે અને એમને પોતાની બધીય કલાપ્રવૃત્તિના પ્રેરક અને પ્રણેતા ગણાવે છે.

અત્યાર સુધી આપણે ત્યાં ફક્ત પ્રાચીન શૈલીઓની નકલ માત્ર થઈ રહી હતી, પરંતુ આધુનિક ચિત્રકાર



એમાંના તત્ત્વો શોધવા અને પોતાનું વ્યક્તિત્વ જાળવવા સજાગ બન્યો છે, તેનો એમને સંતોષ છે.

—ગુલામ મોહમ્મદ શેખ


***

સ્વ. શ્રી મોતીભાઈ અમીન : ૧૯મી સંવત્સરી

ગુજરાતમાં પ્રથમ પુસ્તકાલય ક્યારે સ્થપાયું હશે એની સાલ તો જાણમાં નથી; પરંતુ ૧૮૨૨માં સુરતમાં એક પુસ્તકાલય હતું એવો ઉલ્લેખ મળે છે....આ પછી તો કેટલા દાયકા વીતી ગયા....

ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃત્તિનો આરંભ એ પછી ઘણાં વર્ષોએ થયો.

ગુજરાતના સંસ્કારજીવનમાં જેમનો ઉલ્લેખનીય હિસ્સો છે એવા શ્રી સયાજીરાવના મનમાં પરદેશના પ્રવાસ દરમ્યાન એક વાત રમી રહેલી કે પુસ્તકો પણ મૂલ્ય કે મુશ્કેલી વિના પ્રજાજનને ઉપયોગ માટે ઉપલબ્ધ હોવાં જોઈએ અને તેમણે પોતાની 'પેલેસ લાયબ્રેરી' લોકોને માટે ખુલ્લી મૂકી... બાદ, તેમના ભાઈએ યોજેલું 'શ્રી સયાજી પુસ્તકાલય',



તેમાં ભેળવી દઈ 'સેન્ટ્રલ લાયબ્રેરી' મધ્યવર્તી પુસ્તકાલયનો આરંભ કરી દીધો હતો.

* આ પુસ્તકાલય ભારતભરમાં આ પ્રકારનું વિનામૂલ્ય સાર્વજનિક પ્રથમ પુસ્તકાલય હતું.

આ પછી, ૧૯૧૧માં પોતાના રાજ્યમાં ફરજિયાત પ્રાથમિક કેળવણીને પુષ્ટિ અર્પવા આખા રાજ્યમાં પુસ્તકાલયો સ્થાપવાની યોજના વિચારી...અને તે અર્થે અમેરિકાની પુસ્તકાલય પ્રવૃત્તિના નિષ્ણાત શ્રી બોર્ડનને સ્ટેટ લાયબ્રેરીઓના ડાયરેક્ટર તરીકે વડોદરા આમંત્ર્યા—આ નોંધપાત્ર પ્રસંગ છે; પરંતુ, એક પરદેશી નિષ્ણાતને ગુજરાતની તળભૂમિની તલતલ સમજવાળા શ્રી મોતીભાઈ અમીન જેવા સંસ્કારી સાથી (સ્ટેટ લાયબ્રેરીઓના ડાયરેક્ટરના મદદનીશ તરીકે) મળી ગયા એ વધુ નોંધપાત્ર છે.

શ્રી મોતીભાઈ જો કે, શ્રી બોર્ડનની મદદમાં જોડાયા તે પૂર્વે જ એક સંસારસુધારક તરીકે, સમાજસેવક તરીકે અને જ્ઞાનપ્રચારક તરીકે, યુવાનોના ચારિત્ર્યના એક ઘડનારા તરીકે સંસ્કારી શિક્ષક (૧૯૦૦માં બી.એ. પાસ થયેલા) તરીકે જાણીતા હતા.

તેમણે ૧૯૦૬થી વડોદરા રાજ્યનાં કેટલાંક ગામોમાં મિત્ર મંડળો અને પુસ્તકાલયો સ્થાપ્યાં હતાં: છેક અમરેલી પ્રાન્તનાં ગામો સુધી એ પ્રવૃત્તિ પહોંચી ગઈ હતી......

હવે તેમના અનુભવો, દૃષ્ટિ અને સેવાભાવનાનો લાભ આખા રાજ્યને મળ્યો.

શ્રી મોતીભાઈએ પુસ્તકાલયની પ્રવૃત્તિની મુશ્કેલીઓય જાણી લીધી હતી: પુસ્તકો વિશે પ્રેમ અલ્પ; એને માટેની સગવડ એથીય અલ્પ. પ્રેમ જગાડવો અને સગવડ કરી આપવી, બંને કામ કરવાનાં હતાં. ઉપરાંત પુસ્તકાલયનું સંચાલન પદ્ધતિ-પૂર્વક થવું જરૂરી હતું.

મોતીભાઈએ પોતે જરૂરી તાલિમ લઈ લીધી. અને સમસ્ત રાજ્યનાં પુસ્તકાલયોની યોજનાના અમલમાં મંડી પડ્યા: બે વર્ષમાં તો તેમણે, ગામો ગામ ફરી, ૪૦૦ જેટલાં પુસ્તકાલયો સ્થાપ્યાં!

વર્ષને અંતે તેમણે આ નોકરી તો છોડી દીધી; પરંતુ જીવન સાથે વણાઈ ગયેલી પ્રવૃત્તિ એમનાથી અળગી ન જ થઈ શકી.

એમની મહત્ત્વની ઈતર પ્રવૃત્તિઓમાં—ચરોતર એજ્યુકેશન સોસાયટી તથા ચરોતર યુવકમંડળ (૧૯૧૫) છે. આ ઉપરાંત, વસો વગેરે સ્થળે સ્થાપેલાં કેળવણી મંડળો છે, વળી—૧૯૧૯માં દુષ્કાળ-રાહતનું કાર્ય.

૧૯૨૦માં અસહકારનું આંદોલન શરૂ થતાં સરકારી કેળવણીના ત્યાગનો અને રાષ્ટ્રીય શાળા-મહાશાળાઓનો યુગ શરૂ થયો. શ્રી મોતીભાઈનો ઉછેર જુદો હતો; કેળવણી ક્ષેત્રે સરકારી ગણાતી યુનિવર્સિટીનો બહિષ્કાર કરવો, તેનાથી છૂટા પડવું, રેંટિયા ખાદીને પ્રાધાન્ય આપવું—વગેરે વિચારો સાથે તેઓ સંમત ન હતા; અને એથી એ પ્રવૃત્તિઓથી અળગા થઈ ગયા.

ત્યારબાદ વિદ્યાર્થીઓની સહાયક સહકારી મંડળી, 'પાટીદાર પત્રિકા' (બાદ પાટીદાર માસિક) (૧૯૨૩) શરૂ કર્યું. અને બાલપુસ્તકાલયની પ્રવૃત્તિ તરફ ઝુકાવ્યું... ગ્રામોદ્ધારની દિશામાં વધુ શક્તિ પરોવી...સંસાર સુધારામાં મન પરોવ્યું...

શ્રી. મોતીભાઈના જીવન ઉપર સ્વામી અખંડાનંદ તથા ઠક્કરબાપા (શ્રી. અમૃતલાલ ઠક્કર)ની ઊંડી અસર હતી. કેટલીકવાર તો ઠક્કરબાપા તથા મોતીભાઈને ઉદ્દેશી 'બે હરિજનો' એવો ઉલ્લેખ પણ થતો હતો.

*

તા. ૧-૨-૫૮ના રોજ શ્રી. મોતીભાઈ અમીનની ૧૯મી સંવત્સરી વડોદરામાં ઉજવાઈ...અને તેમની સેવાઓને અંજલીઓ અર્પાઈ...

જાણ્યા મુજબ, આ સંવત્સરી રાજ્યભરમાં—છેક છોટાઉદેપુર જેવા દૂરના આદિવાસી પ્રદેશમાંય ઉજવાઈ...

આ મહિનામાંજ, વડોદરાના 'જયસિંહરાવ પુસ્તકાલય'નો 'અમૃત મહોત્સવ' ઉજવાયો. કરજણ સાર્વ. પુ. નો સુવર્ણ મહોત્સવ પણ ઉજવાયો...

પુસ્તકાલયની પ્રવૃત્તિના ક્ષેત્રે બીજે નિશ્ચેતનતા શાથી?

બિનગુજરાતી ભાષાનાં આવકારદાયી પુસ્તકોનો મીતાક્ષરી પરિચય

Green and Gold

[બંગાળની નવલિકાઓ અને કાવ્યો]

સમ્પાદક : હુમાયૂં કબીર
સહસમ્પાદકો : તારાશંકર બન્દોપાધ્યાય: પ્રેમેન્દ્ર મિત્ર
પ્રકાશક : એશિયા પબ્લિશિંગ હાઉસ, મુંબઈ
મૂલ્ય : ૮.૨૫ રૂપિયા

યુરોપની અંગ્રેજી, ફ્રેન્ચ વગેરે ભાષાઓના શ્રેષ્ઠ સાહિત્યનો આપણી ભાષાઓમાં અનુવાદ થતો આવ્યો છે; પણ આપણી ભાષાઓના ગણનાપાત્ર લેખકોની કૃતિઓનો, થોડાક અપવાદો બાદ કરતાં, યુરોપની કોઈ ભાષામાં અનુવાદ થતો નથી. રાજકારણ પ્રજાઓને હમેશાં નિકટ જ લાવે એવું બનતું નથી. સાંસ્કૃતિક સંપર્ક કેળવવો હોય તો એકબીજાનાં સાહિત્યકલાનો પરિચય કેળવવો આવશ્યક બની રહે છે. આ હેતુથી પ્રેરાઈને એશિયા પબ્લિશિંગ હાઉસ આપણા દેશની બંગાળી, ગૂજરાતી, મરાઠી, તામિલ વગેરે ભાષાઓના ગણનાપાત્ર સાહિત્યકારોની કૃતિઓના અંગ્રેજી અનુવાદોનાં સંકલનો પ્રગટ કરવા ધારે છે. બંગાળી લેખકોની નવલિકાઓ અને વાર્તાઓના અંગ્રેજી અનુવાદોનું આ સંકલન એ યોજનાનો પહેલો મણકો છે.

આ સંકલનમાં છેલ્લી પચ્ચીસીના ખ્યાતનામ અને આશાસ્પદ બંગાળી લેખકોની કૃતિઓ રજૂ કરવામાં આવી છે. એમાં એક બાજુ તારાશંકર બન્દોપાધ્યાય, પ્રમથનાથ બિશી, વિભૂતિભૂષણ બન્દોપાધ્યાય, બનફૂલ, માણિક બન્દોપાધ્યાય, શૈલજાનન્દ મુખોપાધ્યાય કે પ્રબોધકુમાર સાન્યાલ જેવા પ્રૌઢ નવલિકાકારો છે, તો બીજી બાજુ સન્તોષકુમાર ઘોષ, નરેન્દ્રનાથ મિત્ર, નારાયણ ગંગોપાધ્યાય જેવા નવલોહિયા વાર્તાકારો પણ છે. કવિઓમાં પણ નઝરુલ ઇસ્લામ, બુદ્ધદેવ બસુ, જીવનાનન્દ દાસ, સુધીન્દ્રનાથ દત્ત, વિષ્ણુ દે, સંજય ભટ્ટાચાર્યની સાથે સાથે અરુણ મિત્ર, નરેન્દ્રનાથ ચક્રવર્તી, અરુણકુમાર સરકાર જેવા નવા કવિઓને પણ સ્થાન મળ્યું છે. આ બધાની પસંદ થયેલી કૃતિઓ પરત્વે મતભેદ હોઈ શકે; પણ આ સંકલનમાં સ્થાન પામેલા સર્વે સર્જકોએ પોતાની સર્જનશીલતાથી આગવું સ્થાન સિદ્ધ કરી લીધું જ છે.

આ સંકલનમાં છેલ્લી પચ્ચીસીની બંગાળી નવલિકા તથા કવિતાના વિકાસનો અચ્છો ખ્યાલ આપ્યો છે. નવલિકામાં માર્ક્સ તથા ફ્રોઈડની અસરને કારણે સમાજના નીચલા થર સુધી પહોંચતો વ્યાપક સમભાવ તથા મનુષ્યના મનના અતાગ ઊંડાણને તાગવાનો પ્રયત્ન જોવામાં આવે છે. નવા લેખકોમાં શરદ્ચન્દ્રના સંયમની ઊર્મિવિવશતા અને ભાવુકતાને સ્થાને કલાકારની તટસ્થતાનાં દર્શન થાય છે. પાત્રોની પસંદગીમાં અદ્વિતીયતા રહી નથી, ગમે તે થરના પાત્રને લઈને તેના કલામય આલેખનમાં જ અદ્વિતીયતા પ્રકટ કરવામાં આવે છે. કવિતામાં એની સાથે શ્રદ્ધા અને બળવાનો સૂર સંભળાય છે. ઘણા નવા કવિઓએ ભાષાના ખમીરને તથા એમાં રહેલા સૂક્ષ્મ સંગીતને પ્રકટ કર્યાં છે, ક્યાંક વક્રદૃષ્ટિ કે બૌદ્ધિક વ્યાયામ દેખાય છે ખરો. પણ એકંદરે રચનાની રીતિઓનું વૈવિધ્ય, નવી નવી શક્યતાઓને પ્રકટ કરવાના હેતુથી થતા નવા નવા પ્રયોગો અને રૂપના નિર્માણ પરત્વેની દૃષ્ટિની સૂક્ષ્મતાનો વિકાસ આપણું ધ્યાન ખેંચે છે.

બંગાળી વાર્તાકારો તથા કવિઓનો સાહિત્યિક આદર્શ પશ્ચિમના શ્રેષ્ઠ સાહિત્યના પરિશીલનથી ઘડાયેલો છે. આ સંકલનમાંના લેખકો પૈકીના ઘણા યુરોપની એક કરતાં વધારે ભાષાના જાણકાર છે તથા તે તે ભાષાનું અધ્યયન કરનારા છે. આથી પશ્ચિમનાં અદ્યતન સાહિત્યિક વલણો વિશેની સજાગતા એમનામાં છે. તેમ છતાં, પશ્ચિમમાં થતા પ્રયોગોનું આંધળું અનુકરણ અહીં નથી. દેશના નાડીધબકારને એઓ પારખે છે. પ્રજાજીવનની સમસ્યાઓનું નિરાકરણ આપવાનો એમનો પ્રયત્ન નથી, પણ આધુનિક જીવનની વિટંબણા, હતાશા ને તે સાથે, આ બધું છતાં

સતત પ્રયત્નશીલ એવા પુરુષાર્થનો આ કૃતિઓ પરિચય કરાવે છે; ને સાથે સાથે આપણી સાહિત્યિક રુચિને પણ સંતોષે છે. આ જ રીતે બીજી ભાષાઓનાં પણ સંકલનો તૈયાર થાય તે આવકારદાયક છે.

—સુ. જો.

*

Women in Modern India

લેખિકા : નીરા દેસાઈ
આમુખ : ગાર્ડનર મર્ફી
પ્રવેશક : કમલાદેવી ચટ્ટોપાધ્યાય
વોરા એન્ડ કું. પબ્લીશર્સ પ્રાઈ. લિ. મુંબઈ—૨
કિંમત રૂ. ૧૦–૦

એક ગુજરાતી અભ્યાસી બેન શ્રી. નીરા દેસાઈ (ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠ સાહિત્યકાર સ્વ. શ્રી. રમણલાલ વ. દેસાઈ કે જેમને આ ગ્રંથ અર્પણ થયો છે તેમનાં પુત્રવધુ) એ અભ્યાસ અને ચીવટને અંતે આ ગ્રંથ તૈયાર કરેલ છે, એ તો આશરે ૨૦૦ ગ્રંથોની જે સંદર્ભસૂચી આપી છે તે ઉપરથી જણાય છે.

આ ગ્રંથમાં વૈદિકકાળથી આરંભીને વર્તમાનકાળ સુધીનો ભારતીય નારીના વિકાસનો સિલસિલાવાર ઇતિહાસ અગિયાર પ્રકરણોમાં આપવાનો પ્રયત્ન છે. અને તેના મહત્વના માર્ગસ્થંભો—મધ્યયુગી ભક્તિઆંદોલનની અસર, બ્રિટિશ સત્તાના આગમનથી ભારતીય જીવન ઉપર પડેલી અસર, અને ત્યાર બાદનો સંસાર સુધારા યુગ તથા રાજકીય આંદોલનોનો ભારતીય નારીના ઘડતરમાં જે ફાળો રહ્યો છે તેની આલોચના કરી છે.

આ ઉપરાંત પણ, આ ગ્રંથમાં સ્ત્રીઓની વિવિધ સંસ્થાઓ તથા ભારતમાં સ્ત્રીનાં હિતોને સ્પર્શતા જે કાનૂનો થયા છે તેની ભરપૂર માહિતી આપવામાં આવી છે. અને પાછલા ભાગમાં આ બધાં પરિવર્તનો, આંદોલનો અને સુધારાઓની આજની ભારતીય નારીના જીવનમાં શી અસર થઈ છે, અને કેવી નવી સમસ્યાઓ એણે એની સામે ઉપસ્થિત કરી છે, તે રજૂ કરવામાં આવ્યું છે.

ભારતીય નારીનો ઇતિહાસ અને તેના વિકાસ અંગે, તેની સંસ્થાઓ અને તેના કાનૂનો અંગે આટલી સમૃદ્ધ માહિતી આપતો આ ગ્રંથ ભલમણ યોગ્ય છે.

સાભાર સ્વીકાર

[જરૂરી અવલોકનો હવે પછી]

લસજીવન : સિદ્ધાર્થ ઉપાધ્યાય (ગુજરાત પુસ્તક ભંડાર, અમદાવાદ) રૂ. ૩–૦; શ્રીફળ : નંદલાલ મો. ઠક્કર (એન. એમ. ઠક્કરની કું. મુંબઈ) રૂ. ૩–૭૫; સ્ત્રીપુરુષ-મર્યાદા લે : કિશોરલાલ મશરૂવાળા (નવજીવન મંદિર-અમદાવાદ) ૧–૦; ભૂદાન પોથી : સુભદ્રા ગાંધી (યજ્ઞ પ્રકાશન : વડોદરા) ૦–૩૧; ઇતિહાસની આરસી : ભગવાનલાલ લ. માંકડ (રાજકોટ) ૧–૦. એન. એમ. ત્રિપાઠી (મુંબઈ)નાં પ્રકાશનો : માનસદર્શન (રમણલાલ પટેલ) ૩–૭૫; કવિ દયારામનો અક્ષર દેહ : નવલરામની જીવનકથા (ગોવર્ધનરામ ત્રિપાઠી) ૩–૦૦; નૂપુર (એની સરૈયા) ૮–૦૦; એક લહર (ધીરુબહેન પટેલ) ૩–૦૦; ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી) (સ્કૅપ બુક વૉલ્યુ–૭) (અંગ્રેજીમાં) સં. (કાંતિલાલ છ. પંડ્યા. ૨–૦૦; રૂપમ્ પ્રકાશન મંદિર મુંબઈ : કુંવર વહુ (ધીરેન્દ્ર દેશી) ૨–૫૦; મરેલાં માનવી (જ્યોર્જ ઑર્વેલ) ૬–૦૦; લેનિન (ડેવિડ શબ) ૨–૭૫.

નવું વાચન

● ગુજરાતીમાં પ્રગટતાં નવાં પુસ્તકોનો મીતાક્ષરી પરિચય ●

રૂપપ્રદ કલા : લે. શ્રી માર્કંડ ભટ્ટ (વડોદરા ફાઈન આર્ટ્સ કૉલેજના અધ્યક્ષ) પ્રકાશક લેખક પોતે; કિંમત રૂા. ૫૦

ગુજરાતી ભાષામાં તો રૂપપ્રદ કલા વિષેનો આ એક પ્રમાણભૂત ગ્રંથ બન્યો છે જ, અને એવો ગ્રંથ બીજી ભારતીય ભાષાઓમાં પણ ઉપલબ્ધ નથી–એ માટે પણ પ્રા. શ્રી. માર્કંડ ભટ્ટના આ સ્તુત્યકાર્યને આવકારવું એ આપણું કર્તવ્ય બને છે.

વડોદરાના લલિતકલા વિદ્યાલયના અધ્યક્ષ શ્રી. માર્કંડ ભટ્ટે કલા વિષેના એક પ્રમાણભૂત અનુભવ બાદ 'રૂપપ્રદ કલા' નામનો આ ગ્રંથ લખ્યો છે, જેમાં એમણે એમના અત્યારસુધીના વાંચન, મનન અને પરિશીલનનો નીચોડ એકઠો કરી આપ્યો છે.

'રૂપપ્રદ કલા' શબ્દ નવો છે. એની વ્યાખ્યા તેઓ આ પ્રમાણે આપે છે. 'રૂપપ્રદ કલા એટલે મુખ્યત્વે દૃષ્ટિથી જેનું રહસ્ય અથવા હેતુ ગ્રહી શકાય, જેમાં પત્થર, માટી, ધાતુ યા રંગ દ્વારા રૂપ આપી શકાય.' એટલે ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય એ રૂપપ્રદ કલાઓ(Plastic Arts) છે. અત્યારે કલા શબ્દ પણ એટલા વ્યાપક અર્થમાં વપરાય છે કે ઘણીવાર ચિત્ર, સંગીત, નાટય વગેરેને જુદાં પાડવામાં મુશ્કેલી ઊભી થાય છે–એનો ઉકેલ પણ આ શબ્દદ્વારા આવી જાય છે.

રૂપપ્રદ કલાનાં મૂળતત્ત્વો તેઓ આ પ્રમાણે ગણાવે છે. ૧. રંગ ૨. છાયા–પ્રકાશ ૩. કદ અથવા ઘનતા ૪. અવકાશ, એના આનુષંગિક તત્ત્વો એટલે ૧. રેખા ૨. રૂપ(Form) ૩. આલેખન(Drawing) ૪. આયોજન(Composition) ૫. દૃશ્યસંવાદ(Rhythme) ૬. રચના અને ભાત(Design & Pattern) ૭. ઘનતાભાસ(Negative Volume) ૮. દૃષ્ટિભ્રમ ૯. ઉપમા.

ત્યારબાદ પરિશિષ્ટમાં આપેલી ચિત્રાકૃતિઓનાં ઉદાહરણો સાથે તેઓ આ બધાં ય તત્ત્વોના ગુણો, ખાસિયતો અને તેનો રૂપપ્રદ કલામાંનો ઉપયોગ વર્ણવે છે.

રંગોની લાક્ષણિકતાઓ, એ વિષેની ભારતીય અને પાશ્ચાત્ય માન્યતાઓ, મુખ્ય ગણાતા રંગોની વિશિષ્ટતાઓ, રંગનો સંગીત સાથેનો સંબંધ, જુદાં જુદાં શાસ્ત્રોમાં વર્ણવાયેલી વર્ણસંજ્ઞાઓનો એ બધાય રંગના ખાસ તૈયાર કરેલા રંગનો ચાર્ટ દ્વારા પરિચય વગેરે દર્શાવીને એમણે જુદી જુદી પ્રણાલીઓની રંગ પદ્ધતિઓ સમજાવવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. ભારતીય વર્ણસંજ્ઞાઓના ઉલ્લેખની સાથે એમણે પાશ્ચાત્ય વિચારસરણી પ્રમાણેની રંગની લાક્ષણિકતાઓ અને કક્ષાઓ વિષે પણ વિસ્તારપૂર્વક વિચાર કર્યો છે. રંગ (Hue) રંગ તેજસ્વિતા (Value) અને રંગમયતા (Chroma), તેમજ સંવાદી, વિસંવાદી અને પૂરક રંગોનો તફાવત, તેમનો જુદાજુદા પ્રકારે થયેલો–થતો ઉપયોગ અને એમનું મહત્ત્વ વગેરે જણાવ્યાં છે.

રેખાના પ્રકારો, તેની લાક્ષણિકતાઓ, એનો જુદી જુદી ચિત્ર–પ્રણાલીઓમાં થયેલો ઉપયોગ, સામાન્ય રીતે ગેરસમજ ઉત્પન્ન કરતા શબ્દો, રેખાંકન અને આલેખનનો તફાવત, ઉપરાંત મહત્ત્વ અનુસાર બીજાં બધાં રૂપપ્રદકલાનાં તત્ત્વો એમણે વ્યવસ્થિત રીતે ચર્ચ્યાં છે. એ ઉપરાંત નિરીક્ષણની

'પૂર્વાર્ધ'ના ૫૦ પ્રકરણોમાં, જન્મથી મૃત્યુસુધીનો કડીબદ્ધ ઇતિહાસ છે. જેમાં તેમના પૂર્વજો, બાલ્યજીવન, સંસ્કારઘડતર, યુરોપમાં અભ્યાસ, આફ્રિકામાં વીસ વર્ષો, હિંદમાં આવી કરેલો હિંદનો પ્રવાસ, રાજકારણમાં પ્રવેશ, મહાસભાનું પ્રમુખપદ, દાંડીકૂચ, લંડન યાત્રા, હરિજન આંદોલન, સરહદનો પ્રવાસ, 'હિંદ છોડો'નું આંદોલન, આગાખાન મહેલનાં ત્રણ વર્ષો, દેશના ભાગલા, બંગાળ, પંજાબ ને બિહારનો પ્રવાસ, કોમી દાવાનળ બુઝાવવા કરેલો અથાગ અને મરણિયો પ્રવાસ, દિલ્હી આવી સમાવેલો કોમી દાવાનળ, અને એ આગ બુઝાવતાં એમણે કરેલી શહીદી. આ સઘળાનું સારી એવી વિગતથી આલેખન કરવામાં આવ્યું છે.

'ઉત્તરાર્ધ'માં ગાંધીજી અને જગતના બીજા મહાપુરુષોનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ રજૂ કર્યો છે. ગાંધીજીના જીવનમાં વિવિધ પાસાંઓ તથા ગાંધીજીને વિવિધ દૃષ્ટિએ, જેમકે સાહિત્યકાર, કેળવણીકાર, પત્રકાર, કલાકાર, લોકસેવક, રાજકીય પુરુષ, પ્રવાસી, ચિંતક, એમ ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણથી લેખકે નિહાળ્યા છે. તેમ જ ગાંધીજીના દામ્પત્યજીવન, કુટુમ્બજીવન, મિત્રમંડળ, જેલજીવન, એમના ઉપવાસો તથા એમની આદર્શ પરાયણતા અને વ્યવહારદક્ષતા ઉપર પણ પ્રકાશ પાડ્યો છે. તદુપરાંત ગાંધીજીનું વિરાટ વ્યક્તિત્વ એમના જીવનની વિશેષતા, એમનું જગતના મહાપુરુષોમાં સ્થાન, એમની શહીદી, એમના જીવન પરથી ઉપજતા વિચારો, તથા એમના જીવનના વિશિષ્ટ પ્રસંગો, એ સર્વેની પણ ચર્ચા કરવામાં આવી છે. આ બધામાં શક્ય ત્યાં સુધી ગાંધીજીના પોતાના જ શબ્દોનો ઉપયોગ થાય તેની કાળજી રાખી છે એ ખાસ નોંધ યોગ્ય છે.

ગાંધીજીની આ મૂલવણી કરવામાં, તેમનાં ભાષણો, લખાણો, પ્રાર્થનાપ્રવચનો, વર્તમાન પત્રોના અહેવાલો, તેમના અંગત મંત્રીઓ, મહાદેવભાઈ તથા પ્યારેલાલનાં ભાષણો તથા તેમને વિષે લખાયેલાં અસંખ્ય પુસ્તકોનો આધાર લઈ આ ગ્રંથ બને તેટલો માહિતીપૂર્ણ તથા પ્રમાણભૂત બનાવવા લખકે કોશિશ કરી છે.

ઉત્તરાર્ધના અંતમાં પરિશિષ્ટોમાં અધ્યયનની બહુમૂલ્ય સામગ્રી છે. પરિશિષ્ટ પહેલામાં જન્મથી નિર્વાણ સુધીની ૭૯ વર્ષની (૨૯ પૃ.માં) જીવન ઝરમરની અગત્યની સાલો આપેલી છે. પરિશિષ્ટ બીજામાં ૭૫ ગુજરાતી, ૩૦ હિન્દી અને ૪૬ અંગ્રેજી એમ કુલ ૧૫૧ ગ્રંથોની સૂચિ આપી છે, કે જેના આધારે આ ગ્રંથનું નિર્માણ થયું છે. તદુપરાંત ૩૯ પૃષ્ઠોમાં બંને ભાગોના સંદર્ભ સૂચવતા શબ્દોની સૂચિ છે. આ આ સર્વ સંદર્ભ સામગ્રી ગ્રંથ જેટલી જ મૂલ્યવાન વસ્તુ છે.

*

ગુજરાતી સાહિત્યમાં ચરિત્ર-સાહિત્યની ઉણપ, એ એક જાણીતી હકીકત છે. આંગળાને વેઢે ગણાય એટલાં જે જીવન ચરિત્રો લખાયાં છે તે માહિતીની દૃષ્ટિએ અતિ અધૂરાં લાગે તેવાં હોય છે.

ત્યારે આ લેખકે ચરિત્ર-સાહિત્યની એક અગત્યની ઉણપને પૂરી કરી છે એટલું જ નહિ પણ ગુજરાતી સાહિત્યને પણ એ રીતે સમૃદ્ધ કર્યું છે. —'સુમન'

*

શહેરની શેરી

લેખક : જયંતિલાલ દલાલ

પ્રકાશક : રવાણી પ્રકાશન ગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ ૧.

મૂલ્ય : ત્રણ રૂપિયા

આ ૧૯૪૮માં પ્રગટ થયેલા પુસ્તકનું પુનર્મુદ્રણ છે. શ્રી દલાલ આ પુસ્તકમાં શહેરની શેરીનાં જુદાં જુદાં પાસાંઓનું દર્શન કરાવે છે. ઊંચા ને ઊંચા વધતા મકાનો, ને એની સામસામી હારોની વચ્ચે સંકોડાઈને જતો રસ્તો, એની ઓથે આશ્રય પામતો અંધકાર, શેરીનાં કૂતરાં, શેરીની ગંદકી, એ બધાં વચ્ચે ઊછરતાં માનવ શિશુઓ—આ બધાંનો ખ્યાલ શ્રી દલાલ પોતાની વિશિષ્ટ શૈલીમાં આપણને આપે છે. એમાં રહેતા લોકોને સભ્યતાનો ડોળ, ખંધાપણું, એકબીજાને વિશે જાણવાનું વધુ પડતું કુતૂહલ કુથલીખોરી, ઇર્ષ્યા, દ્વેષ—બધું જ લેખક કટાક્ષની ધારદાર ભાષાથી વર્ણવે છે. એમાં વેવલા પ્રેમીઓ છે, તો ઠંડે કલેજે દીકરીનું કાશળ કાઢી નાંખનાર પિતાઓ પણ છે. એમાં ચાલતો સંસાર રામલીલા જેવો જ છે, તે છતાં ત્યાં રામલીલા ભજવનાર પણ આવી ચઢે છે! વચમાં આડી ઇંટ જ હોવા છતાં બે પડોશી વચ્ચે આકાશપાતાળ જેટલું અંતર પડી જાય છે. આ શેરીનાં માનવીઓના વર્તનમાં હાસ્યાસ્પદ એવું પણ ઘણું છે. જો કોઈ સમાજશાસ્ત્રીને કે ઇતિહાસકારને નોંધવાની

ફુરસદ હોય તો એની પળે પળ ' ઇતિહાસે ભરી ' છે. લેખક કહે છે તેમ શેરીનાં મકાનોની ઇંટોએ જે જોયું છે અને સાંભળ્યું છે તેનું જો એ વર્ણન કરે તો એવી ચોટ લાગે કે જન્મજન્માંતરેય એની કળ નહિ વળે. આવી શેરીના આલેખનમાં લેખક હંમેશાં કલાકારનું તાટસ્થ્ય રાખી શકતા નથી; પરંતુ મોટે ભાગે તો ચોટ મારી ગયા છે.

—સુ. જો.

*

સ્વરાજના માર્ગદર્શક ટિળક

લેખક : આપટે ગુરુજી
અનુવાદક : ગોવિંદરાવ ભાગવત
પ્રકાશક : રવાણી પ્રકાશનગૃહ, ટિળકરોડ, અમદાવાદ.
મૂલ્ય : રૂા. ૩.૨૫

લોકમાન્ય ટિળકના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય પામનાર આપટે ગુરુજીએ આજની તરુણ પેઢીને એમના મહિમાનો પરિચય કરાવવાના હેતુથી આ પુસ્તક લખ્યું છે. એમાં વીગતોની શુષ્ક યાદી નથી, પણ લોકમાન્યના જીવન દ્વારા મૂર્ત થયેલી ભાવનાઓનું તેજસ્વી અને રસાળ ભાષામાં આલેખન કરવામાં આવ્યું છે. એમાં વિષયને વધુ પડતો ઓપ આપવાનો પ્રયત્ન ન કરતાં ટિળકના વ્યક્તિત્વને અનુરૂપ એવી સાદાઈ રાખી છે. આ પુસ્તકમાં, વધુ વિસ્તાર કર્યા વિના, આપટે ગુરુજી ટિળકના જીવનના વિવિધ પાસાંઓ તથા એમના વ્યક્તિત્વમાં રહેલા ઓજસની દીપ્તિને આલેખી શક્યા છે. આપણા કિશોરો સહેલાઈથી વાંચી શકે એવી સુબોધ ભાષામાં લખાયેલું આ પુસ્તક એક પ્રેરણાદાયી ચરિત્રગ્રંથ બની રહે છે. અનુવાદ પણ સુવાચ્ય થયો છે. —સુ. જો.

*

પરિચયપુસ્તિકા–પ્રવૃત્તિ

સંપાદક : વાડીલાલ ડગલી
(પ્ર. કૃષ્ણલાલ ગાંધી : નવાડીસા–બનાસકાંઠા)
વાર્ષિક રૂા. ૮–૦

ગુજરાતીમાં આજે જ્ઞાન–માહિતીની ભૂખ એક બાજુ ઊઘડી રહી છે, તો બીજીબાજુ એને અનુરૂપ એવી પ્રકાશન પ્રવૃત્તિ પણ જન્મ લઈ રહી છે, એ ખરેખર આવકાર્ય છે. પ્રજાને સાદી અને રોચક ભાષામાં સમાજ અને જીવનના વિવિધ ક્ષેત્રના પ્રશ્નો વિશે સમજણ અને માહિતી આપવાનો આ ગ્રંથમાળાનો ઉદ્દેશ છે; અને તેણે આરંભથી જ જે ૨૪ પુસ્તિકાની જાહેરાત કરી છે (૧લી માર્ચ ૧૯૫૮થી દર મહિને બે પુસ્તિકા પ્રગટ થશે.) તેના વિષયો જોતાં– સમાજજીવન, વિજ્ઞાન, આરોગ્ય, રાજકારણ, સાહિત્ય, ભૂગોળ, સંગીત, વહાણવટું, વ્યાપાર, સભાસંચાલન, ભૂદાન વગેરે અનેક રસિક વિષયો જોતાં, તથા તેના લેખકોની યાદી જોતાં આ પ્રવૃત્તિ ઉપયોગી થશે એમ જરૂર કહી શકાય.

*

પરિવાર :
(સંતતિ નિયમન અને સુખી દાંપત્યનું માસિક)

સંપાદક : કૃષ્ણલાલ ગાંધી : મમતા પ્રકાશન–નવાડીસા બનાસકાંઠા. વાર્ષિક રૂા. ૩–૦.

ગુજરાતીમાં સેક્સ-વિજ્ઞાનનાં કેટલાંક વૈજ્ઞાનિક દૃષ્ટિનાં અને સુરુચિપ્રદ અંગ્રેજી ગ્રંથો (શ્રીમતિ મેરી સ્ટૉપ્સ લિખિત)ના અનુવાદો પ્રગટ કરીને આ સંસ્થાએ આજ પૂર્વે એક આવકાર્ય પગલું તો ભર્યું જ હતું.

તેમાં તેમણે આ ' માસિક ' શરૂ કરીને એક વધુ પ્રયાણ આદર્યું છે, તેને અમે વધાવીએ છીએ. આપણે ત્યાં અવૈજ્ઞાનિક અને કામુક વિષયોત્તેજક ' સાહિત્ય 'નાં લખાણો પ્રગટ થતાં રહ્યાં છે; ત્યારે તંદુરસ્ત સાહિત્યનો પ્રચાર વધારવામાં આવા પ્રયાસોને સફળતા ઇચ્છીએ છીએ.

*

ગ્રંથાગાર :

તંત્રી–ભાનુ ઝવેરી : ૪ ચોપાટી રોડ, મુંબઈ–૭ વાર્ષિક રૂ. ૪–૦૦.

આ નાનકડા માસિકે અગાઉ ૧ વર્ષની યાત્રા કરી, વચમાં થાક ખાઈ લઈ વળી પાછું પ્રયાણ આદર્યું છે તેને અમે આવકારીએ છીએ. અગાઉના રૂ. ૨|ના લવાજમને સ્થાને રૂ. ૪| જેટલું લવાજમ ' વધારે ' લાગે તોય આવા સુઘડ અને સુરુચી ધરાવતા પ્રયાસોને ઉત્સાહથી આવકારવા જેટલો વર્ગ તો અવશ્ય મળશે જ એવી અમારી અભિલાષા છે.

[પાન ૧૨૮થી]

માર્ક્સ પોતે જડ સિદ્ધાન્તો, અંતિમ અને આત્યંતિક સૂત્રોનો દુશ્મન હતો; અંધ સંમતિવાદનો દુશ્મન હતો. ત્યાં—તેને જ નામે પોતે માની લીધેલા માર્ક્સવાદને એક માત્ર સાચો પંથ ગણાવીને, પોતાના સિવાયના બાકીના બધા ઇતિહાસો, પ્રયોગો, વિકાસોની સામે આંખો બંધ કરીને, પોતાને ' કદિ ભૂલ ન કરનારા ' (અને ભૂલ કરે તો પોતે જ પાછળથી તે જાણી શકનારા) સત્યજ્ઞાનના ઇજારદારો સમજીને, જગતના ચિંતન ક્ષેત્રે, સર્જન ક્ષેત્રે અને કર્તૃત્વ ક્ષેત્રે માર્ક્સવાદનું જે વિકૃત અને બિહામણું રૂપ પ્રગટાવ્યું છે એનાથી હાલી ઊઠેલા ખુદ સમાજવાદના ઉપાસકો આ સવાલો પૂછી રહ્યા છે.

અને—આવી બધી ખુલ્લી ચર્ચા-વિચારણાઓથી તો દુશ્મનો લાભ લઈ જશે, સમાજવાદનાં બળોમાં જ ભંગાણ ને મુંઝવણ જાગશે, ને તે નબળાં પડશે, કદાચ...આ બધી ચર્ચાઓના અંતે આજ લગી જેની ઉપાસના કરી છે એ ' માર્ક્સવાદ 'ની મૂર્તિનું જ ખંડન થઈ જશે, કદાચ ખુદ માર્ક્સે ભાખેલા જ કેંક અંગ-ઉપાંગો ' ખોટાં-જૂનાં ' પડી ગયેલાં સાબિત થશે...અને ક્રાંતિનો ' એક માત્ર આધારો ' ખસી જશે... !

—આવી ને આથીય વધારે જડ મહાધિપતિઓના-જેવી મનોદશા પ્રકટ કરનારા પક્ષવાદીઓ ખુદ માર્ક્સજીવન દર્શનની જ હાંસી કરી રહ્યા છે: એથી તો અધિક પકળાઈ ને માર્ક્સજીવન દર્શનના અભ્યાસીઓ આ સવાલો પૂછી રહ્યા છે.

માકર્સનું તપ લેખે લાગશે ?

જાગ્રત માનવી ઇતિહાસનું સદા ઘડતર કરતો રહ્યો છે. યુગે યુગે પરિસ્થિતિને પલટે છે : જૂનું ભૂંસે છે ને નવું ઘડે છે; યુગો વિતે છે તેમ તેમ એનું જીવનદર્શન પણ વધુ ઊંડું ને સ્વચ્છ બને છે, જૂનાં-નવાંનો ભેદ તેને વધુ સમજાય છે, ને વધુ સ્વસ્થ દૃષ્ટિ લઈ, વધુ વસ્તુગત ને વધુ વૈજ્ઞાનિક પ્રયોગો કરતો તે આગળ બઢે છે.

માર્ક્સે પોતે એના યુગમાં આમ જ કર્યું હતું. એથી તો એ એક એવું જીવનદર્શન આપી ગયો જે ૧૧૦ વર્ષ સુધી સમસ્ત માનવજાતને પ્રેરણા આપી શક્યું...

૦ આજે માનવી અણુયુગની અપેક્ષાને અનુરૂપ એવું રસાયણ ઢૂંઢી રહ્યો છે. માર્ક્સના વિજ્ઞાનનો ઉપયોગ તેણે કરી જોયો છે : તેની ગતિ પ્રગતિ ને વિકૃતિય જોઈ અનુભવી છે. બીજાં અનેક જીવનદર્શનોનોય તેણે અનુભવ કર્યો છે. અને એ બધા અનુભવોની નવેસરથી ચકાસણી કરતો, પોતાની આજની આવશ્યકતાને અનુરૂપ રસાયણ ઢૂંઢતો તે સાવચેતી પૂર્વક, સ્વસ્થ અને દૃઢ પગલે આગળ બઢવા મથે છે...

ત્યારે માર્ક્સવાદનું જીવનદર્શન જો કોઈ ને કોઈ રૂપે કામ લાગી જશે તો માર્ક્સનું તપ લેખે લાગ્યું ગણાશે. આથી વિશેષ માર્ક્સે પોતેય અપેક્ષા નહિ રાખી હોય...

માર્ક્સે અમસ્તું જ નહિ કહ્યું હોય, " એક વાત નક્કી છે કે હું માર્ક્સવાદી નથી..."

માનવ

સંપાદન : ભોગીલાલ ગાંધી

૪


વાર્ષિક રૂ. ૭-૦૦ છૂટક ૦-૬૨ ન.પૈસા (૧૦ આના
[પરદેશ શિલિંગ ૧૫]

૧૯૫૮
એપ્રિલ



સંચાલન :
ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ
રામજી મંદિરની પોળ : વડોદરા

ફોન : ૩૬૫૦


Alembic
ગ્લાયકોડિન
ટર્પ વસાકા
ગ્લાયકોડિન-ટર્પ-વસાકા
લેવાથી તમારી ખાંસી
જલદી મટી જશે
ખાંસી માટે તે ઘરગથ્થુ દવા છે.
એલેમ્બિક કેમીકલ વર્કસ કું. લિ., વડોદરા-૩.
૫૦ મી જયન્તિ ૧૯૦૭-૧૯૫૭

માનવ

લવાજમ ભરવાનાં સ્થળ

એ. આર. શેઠની કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

એન. એમ. ઠક્કરની કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

ગાંડીવ સાહિત્ય મંદિર (બુકસેલર)
હવાડિયા ચકલો : સુરત (શાખા–ચૌટાપુલ : સુરત)

નટુ શાહ, ગોલવાડ, નવસારી

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.
ટાવર રોડ : વડોદરા

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (બુકસેલર)
ગાંધી રસ્તો : અમદાવાદ

ભારતી સાહિત્ય સંઘ લિ. „
ગાંધી રસ્તો : અમદાવાદ

સ્વાણી પ્રકાશન ગૃહ „
રિલીફ રોડ : અમદાવાદ

વલ્લભ વિદ્યાનગર કન્ઝયુમર્સ કો-ઑપ સ્ટોર્સ
વલ્લભવિદ્યાનગર : આણંદ

સસ્તું કિતાબઘર
રિલીફ રોડ : અમદાવાદ

રમણિક મેઘાણી
૧૪, અમરતલા સ્ટ્રીટ : કલકત્તા

*

પ્રાણ ફોટોગ્રાફર, પો. બો. ૨૬૯, નાઇરોબી (ઈ. આફ્રિકા)

૧૯૫૮ : ઍપ્રિલ

લવાજમના દર

વાર્ષિક રૂ. ૭–૦૦
[પરદેશ ૧૫ શિ.]
છૂટક નકલ ૬૨ પૈસા

●

માનવ

[માસિક]

જાહેરખબરના દર

પૂ. ઠું ૨જું રૂ. ૮૦
પૂ. ઠું ૩જું રૂ. ૮૦
પૂ. ઠું ૪થું (બે રંગમાં) રૂ. ૧
સાદું આખું પાનું રૂ. ૬
સાદું અડધું પાનું રૂ. ૩

●

છૂટક મળવાનાં સ્થળ

ગાંધી ન્યુઝપેપર સરવીસ
ટીનવાલા બિલ્ડિંગ, ત્રિભુવન રોડ
મુંબ

સુરત બુક સ્ટોલ
બુરહાનપુરી ભાગોળ : સુરત

વિજય સ્ટોર્સ
સ્ટેશન રોડ : આણંદ

સી. સી. પટેલ
સ્ટેશન રોડ : નડિયાદ

કાંતિલાલ સોમાલાલ ખત્રી
રતનપોળ નાકા : અમદાવાદ

વડોદરા

એ. જી. વોરા ઍન્ડ કું.
ટાવર પાસે : વડોદરા

કશા પૂર્વગ્રહ વિના પરિસ્થિતિનો ક્યાસ કાઢી પ્રગતિની શક્યતા શોધી કાઢવા મથતો લેખ

સ્વાધીન ભારતની સમસ્યા : સમાજવાદનો વિકટ રાહ

બ્રિટિશ સામ્રાજ્યવાદની પકડમાંથી બસો વર્ષને અંતે, સ્વાધીનતા પ્રાપ્ત કરનાર ભારત જેવા પછાત અર્ધ સાંસ્થાનિક દેશની સમસ્યા અનેક રીતે અતિ વિકટ હોય એ સ્વાભાવિક છે. રાષ્ટ્રીય સ્વાધીનતાનાં આ દાયકા દરમ્યાન આપણને રોજ રોજ એની પ્રતીતિ થઈ રહી છે.

આમ છતાં, ભારતે પંડિત નહેરુની રાહબરી નીચે પોતાનો માર્ગ આંકી તો દીધો જ છે: એ છે—

* રાષ્ટ્રીય ધ્યેય તરીકે સમાજવાદી સમાજ રચનાનો આદર્શ.

* આંતરરાષ્ટ્રીય સંબંધોમાં કોઈ પણ એક જૂથ (અમરિકી નેતાગીરીવાળું 'સામ્રાજ્યવાદી' અને રશિયાની નેતાગીરીવાળું 'સમાજવાદી')માં જોડાયા વિના સક્રિય તટસ્થ નીતિ: પંચશીલના પાયા ઉપર શાંતિ, મૈત્રી અને સહઅસ્તિત્વની નીતિ.

અને આનંદની વાત એ છે કે, તાજી આઝાદી પ્રાપ્ત કરેલા એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રો–બ્રહ્મદેશ, ઇન્ડોનેશિયા, સિલોન, ઇજીપ્ત–સૌ આ રાહ અપનાવી રહ્યા છે.

સૌ સંસ્થાનોનો સરખો અનુભવ

ભારત અને તેના આ સાથી રાષ્ટ્રોએ આ રાહ અપનાવ્યો છે, એ કાંઈ આકસ્મિક નથી.

સૌ ગુલામો અને શોષિતોનો અનુભવ એક જ હોય છે: માલિકનું નામ ને એનો વેશ ગમે તે હો પણ જેને એનો ડંશ સહન કરવો પડ્યો છે એ સૌ એને એક જ નામે ઓળખે છે।

બ્રિટિશ, ફ્રેંચ, ડચ, કે અમરિકી હો—એમને હાથે કચડાયેલા ને શોષાયેલા સૌ એમને ઓળખે છે એક જ નામે: શોષક સંસ્થાનવાદી. કેમકે સૌ સંસ્થાનોના અનુભવ સરખા છે: આર્થિક શોષણ, રાજકીય દમન, સામાજીક સાંસ્કારિક પછાત દશા !

એથી જ તો એશિયા–આફ્રિકાની પ્રજાઓની રગરગમાં સામ્રાજ્યવાદ સામેનો રોષ અતિ સહજ છે. સૈકાંઓ પૂર્વે યુરોપમાં મૂડીવાદનો જન્મ ભલે સામંતી ફ્યુડલ સમાજની રૂંધામણો સામે પ્રગતિશીલ બળ તરીકે થયો હોય. પરંતુ એશિયા આફ્રિકાના રાષ્ટ્રોએ તો એમનું એક જ બિહામણું શોષક સ્વરૂપ જોયું છે, અનુભવ્યું છે. એમને મન કોઈ શંકાને કારણ નથી કે 'પશ્ચિમના મૂડીવાદી દેશોએ પોતાનો વિકાસ અમારા જેવા પછાત દેશો ઉપર રાજકીય અને આર્થિક વર્ચસ્વ જમાવીને જ કરેલો છે. મૂડીવાદ નબળાને ગળી જઈને જ જીવી શકે છે.'

ગળથૂથીનું જ્ઞાન

વર્ષોલગી શાહીવાદને પલ્લે પડેલાં આવાં સંસ્થાનો અને વસાહતોને પોતાની સ્વાધીનતાની રક્ષા તથા પ્રગતિ મૂડીવાદને માર્ગે શક્ય નથી જ, એટલું સત્ય તો ગળથૂથીમાં જ સમજાઈ ચૂકેલું છે. અને આ દેશોએ "બિનમૂડીવાદી-રાહ" સહજ રીતે અપનાવ્યો છે. રાષ્ટ્ર તરીકે એમનું માનસ બીજું કાંઈ પણ હો કે નહિ પણ મૂડીવાદવિરોધી તો છે જ છે.

પરંતુ 'બિન–મૂડીવાદી રાહ' એટલે શું !

આ વિશે હજી પૂરતી સ્પષ્ટતા નથી એ સાચું છે, છતાં સર્વસાધારણ રીતે આ રાહને 'સમાજવાદ'ને નામે ઓળખાવવામાં આવે છે. પરંતુ આ 'સમાજવાદી રાહ' અંગે પણ હજી પૂરતી સ્પષ્ટતા નથી; 'બિન–મૂડીવાદી સમાજવાદી રાહ'–માં દિશા સૂચન થાય છે એટલું જ.

૨

આપણે આ સંદર્ભમાં, ભારતના વિકાસની વાત વિચારીએ.

ભારતનો રાહ બીજાં સાથી રાષ્ટ્રો કરતાં અનેક વરસો પૂર્વેથી અંકાઈ ચૂકયો હતો.

પં. નહેરુએ તો ૧૯૩૮માં 'રાષ્ટ્રીય આયોજન સમિતિ'ના પ્રમુખપદેથી સમાજવાદના રાહની ઘોષણા કરી હતી: "મારે મન એ વાત સ્પષ્ટ છે કે, આપણું આયોજન જે રીતે વિકસી રહ્યું છે તે જોતાં, તે આપણને **સમાજવાદના કેટલાક મૂળભૂત તત્ત્વોની સ્થાપના** તરફ **અનિવાર્ય રીતે** દોરી રહ્યું છે."

અને ત્યાર બાદ પણ તેમણે ફરી એ વાત સ્પષ્ટ કરી હતી :

"આપણે અનિવાર્ય રીતે **એક જ શક્ય ઉકેલ** તરફ દોરાઈ રહ્યા છીએ—અને તે છે સમાજવાદી તંત્રની સ્થાપના: પ્રથમ રાષ્ટ્રીય મર્યાદાઓની અંદર, અને ક્રમશઃ સારી યે દુનિયામાં—જેની અંદર સામાજીક હિતને લક્ષમાં રાખીને તમામ ઉત્પાદન અને સંપત્તિની વહેંચણીનું નિયંત્રણ થશે..."

આ પછી તો ભારતને રાજકીય સ્વાધીનતા પ્રાપ્ત થઈ.

ભારતને સ્વાધીનતા પ્રાપ્ત થઈ સેંકડો વર્ષની કુરબાનીઓ અને ત્યાગને અંતે—ગાંધીજીની શાંતિમય લડતના રાહે; બ્રિટિશસત્તા ઉપરના આંતરરાષ્ટ્રીય દબાણના સંજોગોમાં; રાજ્યકર્તા વર્ગ સાથેની વાટાઘાટો દ્વારા !

બ્રિટિશની મુરાદ

સત્તાધારી બ્રિટિશ સામ્રાજ્યવાદે પોતાની લાચારી સમજી જઈ નમતું મૂક્યું, એ જેમ નોંધવા જેવી વાત ગણાય; બીજી બાજુ, ભારતને ખંડિત કરવામાં (ભારત અને પાકિસ્તાન રૂપે) એને સફળતા મળી, એ ભારતની કમજોરીની નોંધવા જેવી વાત ગણાય.

ઉપરાંત, રાજ્યધૂરા સુપ્રત કરી વિદાય લેવાનો વારો આવ્યો ત્યારે બ્રિટિશ સત્તાધારીઓને હૈયે એવી ગણત્રી તો અચૂક હતી કે, એન કેન ઉપાયે પોતાની આર્થિક સરસાઈ ને જોરે ભારતને પોતાની આર્થિક ધૂરાએ બાંધી રાખી શકાશે; ઔદ્યોગિક રીતે પછાત રાખી શોષણ ચાલુ રાખી શકાશે; અને આર્થિક રીતે ગરજુ દેશ પર આડકતરું રાજકીય વર્ચસ્વ પણ જમાવી રાખી શકાશે.

એટલું જ નહિ પણ, ભારતની અંદરનાં દેશી રાજ્યો ઉપર બ્રિટિશ મુત્સદ્દીઓએ ઘણી ઘણી ઈમારતો રચી હતી—'ભાગલા પાડો ને રાજ્ય કરો'ની જૂની તરકીબોના પાયા ઉપર !

તો વળી, અલાયદું પાકિસ્તાન તેમનો મુખ્ય આધાર હતો—ભારતને સદાને માટે ભય અને કમજોરીમાં રાખવા માટે !

શરૂઆતનાં વરસોમાં પરિસ્થિતિની ઉગ્રતા, અને રાજ્યકર્તાઓની આંતરિક કમજોરી અને ખેંચાખેંચને કારણે બન્યું પણ કંઈક એવું જ. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઢચુપચુ નીતિ રહી; કોરિયાના સવાલમાં થાપ ખાધી; મલાયા અંગે ઢીલાશ બતાવી; તો વળી પરદેશી મૂડી લેવાને પ્રસંગે ભારતે કેટલીક અણછાજતી શરતોનો સ્વીકાર યે કર્યો; આ બધાથી, તથા 'બ્રિટિશ કોમનવેલ્થ'ના સભ્યપદે ભારત ચાલુ રહ્યું એથી બ્રિટિશે પોતાની ધારણાઓ ફળતી હોવાનો આનંદ જરૂર અનુભવ્યોય ખરો.

બ્રિટિશ મુત્સદ્દીને થાપ

પરંતુ—ભારતે, પંડિત નહેરુની રાહબરી નીચે, સત્વર પોતાનો માર્ગ નિશ્ચિત કરી લીધો. અને બ્રિટિશ મુત્સદ્દીએ થાપ ખાધી.

સૌથી જબ્બર થાપ ખવડાવી સરદાર પટેલે—ભારતની એકતાને છિન્નભિન્ન કરનારાં ૬૦૦ જેટલાં નાનાં મોટાં દેશી રજવાડાંની હસ્તિ માત્રને નાબુદ કરીને !

"કાશ્મિર અને જમ્મુ સહિતનાં ૬૦૦ દેશી રાજ્યોને એકાકી ભારતીય પ્રજાસત્તાકમાં સંગઠિત કરી દેવાની સિદ્ધિને બિસમાર્ક કરેલ જર્મનીના અથવા કાવુરે કરેલ ઈટલીના એકીકરણ સાથે સરખાવી શકાય એવી છે..."

—એવી અંજલિ આખરે આખરે સામ્યવાદી નેતા ભવાની સેને આપી !

વિકાસની શક્યતા

પરંતુ—એ વાત ભૂલવી પાલવે એમ નથી કે, ભારતના ઉદ્યોગો ઉપર રહેલી બ્રિટિશ મૂડીની પકડ હજી

બહુ ઢીલી પડી છે એવું નથી; અને ઔદ્યોગિક રીતે ભારત હજી ઘણું પછાતપણુ ને ઓશિયાળાપણું ભોગવી રહ્યું છે.

ભારતની આ કમજોરી જેવી તેવી ચિંતાનો વિષય નથી.

તો બીજી બાજુ, આવા વિકાસને અનુકૂળ એવી કુદરતી સંપત્તિનો ભારતને તોટો નથી.

૧૯૫૭ના માર્ચમાં 'ભારતીય અણુશક્તિ' કમિશને જાહેર કર્યા મુજબ થોરિયમ (રેડિયો એક્ટિવ તત્ત્વ)નો પૃથ્વીનો સૌથી મોટો જથ્થો ઉત્તર-પશ્ચિમ ભારતમાં પડેલો છે!

અને ઉચ્ચગ્રેડના લોખંડનું ઉત્પાદન દુનિયામાં સૌથી વધુ ભારત કરે છે! દુનિયાના ૮૦ ટકા 'માઈકા' નું ઉત્પાદન પણ ભારત કરે છે; અને મેંગેનિઝનું ઉત્પાદન દુનિયામાં ત્રીજે નંબરે ભારત કરે છે; કોલસા ઉત્પન્ન કરનારા દેશોમાં ભારતનો નંબર ૮મો છે, અને એલ્યુમિનિયમ માટે બોક્સાઈડ તથા ક્રોમ, ચુનો, જીનસમ, ઈલ્મેનાઈટ, સિલિમેનાઈટ, ક્ષાર, માટી, સોનું વગેરે પણ ભારત ઘણા મોટા પ્રમાણમાં ઉત્પન્ન કરે છે.

હાઇડ્રોઈ લેકટ્રીટ પાવરના ઉત્પાદનમાંય ભારત બહુ પાછળ નથી. અને ૧૯૬૨ સુધીમાં તો ભારત અણુજન્ય શક્તિનું ઉત્પાદન કરવાનો મનસૂબો સેવે છે.

ભારતનો દરિયા કિનારો ૩૫૦૦ માઈલનો છે; પાંચ તો જંગી બંદરો છે. દેશ નદીઓથી છલકાતો છે, રેલવેની દૃષ્ટિએ ય ભારતનો નંબર ૪ થો આવે છે.

ટૂંકમાં–ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ વિચારતાં, ભારત પાસે ભરપૂર સાધનસામગ્રી તો પડેલી છે.

સવાલ તો એ છે કે, ભારતના રાજકર્તાઓ અને પ્રજા પોતાની આ સંપત્તિનો ઉપયોગ ઔદ્યોગિક વિકાસ માટે યથેચ્છ અને સુયોજિત રીતે કરી શકશે ખરા?

૩

કેવળ સિદ્ધાંત નહિ, વ્યવહારની વાત છે કે—

રાષ્ટ્રની મુખ્ય સંપત્તિ ઉપર અને ઉત્પાદનનાં મુખ્ય સાધનો ઉપર જ્યાં લગી પરદેશી યા દેશી મૂડીની ખાનગી માલિકી રહે ત્યાં લગી કોઈ રાષ્ટ્ર સુયોજીત રીતે અને યથેચ્છ રીતે રાષ્ટ્રીય હિતમાં તેનો ઉપયોગ કરી જ ન શકે. મૂડીવાદી અર્થતંત્રનો મુખ્ય રસ તત્કાલ અને મોટા પ્રમાણમાં નફો મેળવવામાં હોવાનો; અને રાષ્ટ્રવિકાસની યોજનાઓમાં મૂડી રોકાવાથી ન તો તત્કાલ, ન તો મોટા પ્રમાણમાં નફો મળે. એટલે એની પાછળ જંગી મૂડી રોકવામાં એમનો રસ ન રહે.

એક માત્ર તરણોપાય

એટલે જો ભારતે પછાત દશામાંથી જલ્દી બહાર નીકળવું હોય (પોતાના દેશની આબાદી માટે અને બીજાથી દબાયેલી પરિસ્થિતિમાંથી નીકળી જવા માટે—એટલે કે સાચી સ્વાધીનતાની રક્ષા માટે) તો તેને માટે બિન-મૂડીવાદી સમાજવાદી પદ્ધતિની સમાજરચના જ એક માત્ર તરણોપાય હતો.

ભારતના રાજ્યકર્તાઓને રાષ્ટ્રીય વિકાસની આ પાયાની વાત સમજતાં વાર લાગી નથી.

૧૯૫૪ના ડિસેમ્બરમાં ભારતની લોક સભાએ જાહેર કર્યું:

"આપણી આર્થિક નીતિનો ઉદ્દેશ સમાજવાદી સ્વરૂપની સમાજ રચના છે; અને આ હેતુ લક્ષમાં રાખીને સર્વસાધારણ આર્થિક પ્રવૃત્તિની અને ખાસ કરીને ઔદ્યોગિક વિકાસની ગતિ વધુમાં વધુ શકય હદે વધારવી જોઈએ."

ઉપરાંત, ભારતના બંધારણમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી કે—

* રાજ્ય જનતાની ઉન્નતિ સાધવા અર્થે, બને તેટલી અસરકારક રીતે, એવી સમાજ રચનાની સ્થાપના અને રક્ષા કરશે કે જેમાં ન્યાય—સામાજીક, આર્થિક અને રાજકીય—રાષ્ટ્રજીવનના દરેક તંત્રમાં અગત્યનો ભાગ ભજવશે. (કલમ ૩૮)

* રાજ્યની નીતિ, સ્ત્રીપુરુષના ભેદ વિનાના તમામ નાગરિકોને ભરણપોષણનાં પૂરતાં સાધનો મેળવવાનો અધિકાર આપવાની રહેશે; અને રાષ્ટ્રનાં ભૌતિક સાધનો ઉપરની માલિકી અને કાબુ એ પ્રકારે રહેશે કે જેથી લોકહિતનું ધ્યેય સાધવી શકાય. (કલમ ૩૯)

આવાડી કોંગ્રેસનો રાહ

આ પછી, ભારતની રાજકીય ધૂરા જેને હસ્તક છે એ રાષ્ટ્રીય કોંગ્રેસની બેઠક ૧૯૫૫માં આવાડી ખાતે મળી ત્યારે આજ હેતુ લક્ષમાં રાખીને ઠરાવ કરવામાં આવ્યો:

કોંગ્રેસનો ઉદ્દેશ સમાજવાદી પદ્ધતિની સમાજ રચનાનો છે। જેમાં—

* ઉત્પાદનનાં મુખ્ય સાધનો સમાજવાદી માલિકી અને કાબૂ નીચે રહેશે;

* ઉત્પાદન ક્રમશ ઝડપી બનતું હશે;

* રાષ્ટ્રીય સંપત્તિની વહેંચણી ન્યાયી હશે;

* દસ વર્ષમાં સંપૂર્ણ બેકારી ટળે એ રીતે શકય બનશે.

એ જ બેઠકમાં કોંગ્રેસે એવીય જાહેરાત કરી કે—

" કોંગ્રેસનું ધ્યેય ભારતમાં શાંતિમય અને લોકશાહી માર્ગે ' સહકારી કોમનવેલ્થ ' (કો-ઓપરેટિવ કોમનવેલ્થ) સ્થાપવાનું છે, જેનો પાયો હશે—રાજકીય, આર્થિક અને સામાજીક અધિકારો અંગે સૌને સમાન તક."

० વધુમાં, તેમાં જણાવ્યું હતું કે, " આર્થિક પદ્ધતિનો અમલ એવી રીતે ન પરિણમવો જોઈએ કે જેથી સંપત્તિ અને ઉત્પાદનના સાધનોમાં લોકહિત વિરોધી કેન્દ્રીકરણ જન્મે."

० અને છેલ્લે—રાજકીય અને આર્થિક સત્તાના વિકેન્દ્રીકરણને લક્ષમાં રાખી ગ્રામ પંચાયતો અને ગ્રામઉદ્યોગોના વિકાસ ઉપર ભાર મૂકયો.

મિશ્ર અર્થતંત્ર

આ રીતે, ૧૯૫૪-૫૫માં ભારતની પાર્લામેન્ટ તથા કોંગ્રેસની આવાડી બેઠકે સમાજવાદી સમાજ રચનાનો સિદ્ધાન્ત અપનાવ્યો. આ ભારતીય સમાજવાદી સમાજ રચનાનો ઢાંચો ધીમે ધીમે વધારે આકાર ધરતો ગયો; તે મુજબ, તેનાં ત્રણ આર્થિક સ્વરૂપો નિશ્ચિત થયાં:

૧ ઉત્પાદનનાં મુખ્ય સાધનો ઉપર રાજ્યની માલિકી

૨ સહકારી પદ્ધતિના ઉદ્યોગો

૩ ખાનગી મૂડીના ઉદ્યોગો

બદલે, ભારતે ' મિશ્ર અર્થતંત્ર 'નો સ્વીકાર કર્યો હતો, જેમાં, રાજ્યની માલિકી અથવા રાજ્યનો કાબૂ મહત્ત્વનાં લક્ષણો હતાં.

આની પાછળની દૃષ્ટિ અને સિદ્ધાન્ત બીજી પંચવર્ષીય યોજના દ્વારા વધુ સ્પષ્ટ બન્યાં છે:

" ઉત્પાદન, વહેંચણી, ઉપભોગ અને રોકાણ—અને હકીકતે તમામ પ્રકારના મહત્ત્વના સામાજીક આર્થિક સંબંધો અંગેના મુખ્ય નિર્ણયો સામાજીક હેતુલક્ષી તંત્રો દ્વારા લેવાવા જોઇએ આર્થિક વિકાસના લાભો સમાજનાં પછાત વર્ગોને વધુ ને વધુ મળવા જોઈએ; અને આવક, સંપત્તિ તથા આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ ધીમે ધીમે ઓછું થઈ જવું જોઈએ.

આને અનુરૂપ પરિસ્થિતિ પેદા કરવા રાજ્યે સમસ્ત પ્રજા તરફથી બોલનારી અને વર્તનારી સંસ્થા તરીકે પોતાને માથે ભારે જવાબદારીઓ ઉપાડવી જ રહી. (એટલે કે) રાજય સંચાલિત ઉદ્યોગોનો ઝડપી વિકાસ થવો રહ્યો. ખાનગી મૂડીદારો જે ઉદ્યોગો પ્રત્યે રસધરાવતા નથી અથવા શક્તિ ધરાવતા નથી તેવા ઉદ્યોગો અંગે તો તેણે પહેલ કરવી જ રહી; પરંતુ અર્થતંત્રમાં જે કાંઈ રોકાણ થાય તેમાં તેણે પ્રમુખ ભાગ ભજવવો જ રહ્યો—ભલે પછી, એ રોકાણ સીધું રાજયનું હોય વા ખાનગી મૂડીપતિઓ દ્વારા હોય.

" આખા રાષ્ટ્રે અપનાવેલ યોજનાના માળખાની અંદર રહીને જ ખાનગી મૂડીએ પોતાનો ભાગ ભજવવાનો છે.

" સમાજવાદી સમાજરચનાનું સ્વરૂપ કોઈ જડ યા નક્કી થઈ ગયેલું નથી; કોઈ સૂત્રથી એ જકડાઈ ગયેલું નથી. દરેક દેશે પોતાની મેધા અને પ્રણાલિકા અનુસાર તેનો વિકાસ કરવાનો છે...

" ભારત માટે એ બિલકુલ જરૂરી નથી અથવા ઇષ્ટ પણ નથી કે આર્થિક તંત્ર એકાકી ધાટનું (મોનોલિથિક ટાઇપ) હોય—કે જેને કારણે તેનાં સ્વરૂપો અથવા તેના સંચાલનના પ્રકારો અંગે બીજા કોઈ પ્રયોગો માટે સ્થાન જ રહેવા ન પામે; તથા રાજ્ય હસ્તકના વિભાગનો એવી રીતે વિસ્તાર ન થવો જોઇએ કે જેથી નિર્ણયો લેવાનું અને સત્તા ચલાવવાનું કામ કેન્દ્રિત બની જાય." (બીજી પંચવર્ષીય યોજના: ભારત સરકાર આયોજન કમિશન : ૧૯૫૬)

વિકાસના પંથે પ્રયાણ

આ દિશામાં જે વિકાસ થયો છે એય નોંધપાત્ર છે:

* વિમાન તથા વીમા ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ.

* ભાખરા (પંજાબ), દામોદર વેલી (બંગાળ-બિહાર) હિરાકુડ (ઓરિસ્સા) જેવા હાઈડ્રો એંજિનિયરીંગ પ્રોજેક્ટ; ચિત્તરંજન લોકોમોટિવ પ્લાન્ટ, સિંદરી ફરટીલાઈઝર પ્લાન્ટ વિઝાગાપટ્ટમ શિપયાર્ડ, પેરામ્બુર કોચ વર્કશોપ, બેંગલોર એંજીનિયરિંગ વર્ક્સ, રૂપનારાયણપુર કેબલ ફેકટરી. દિલ્હી

ડી. ડી. ટી. પ્લાન્ટ, પીંપરી (પૂના) પેનિસિલિન પ્લાન્ટ, ટ્રામ્બે (મુંબઈ) થોરિયમ અને યુરેનિયમ પ્રોસેસિંગ પ્લાન્ટ વગેરે

* બીજી પંચવર્ષીય યોજના અનુસાર બીજા વધુ રાજ્ય-ઉદ્યોગોમાં ખાસ ઉલ્લેખનીય : મધ્ય પ્રદેશમાં ભિલાઈ મિલ (સોવિયેટ રશિયાની સહાયમાં), બીજી બે લોખંડ ઉત્પાદનની મિલો—જેને પ્રતાપે વરસે ૧૦ લાખ ટન લોખંડ પેદા થશે; ઉપરાંત—ત્રણ ફરટીલાઈઝર મિલો; ભારે ઈલેક્ટ્રીક મશીનરી પેદા કરવાનું જંગી કારખાનું વગેરે.

* આ ઉદ્યોગોમાં છેલ્લામાં છેલ્લી ઢબનાં યંત્ર સાધનો વપરાય છે; અને તેમની કાર્યક્ષમતાનો આંક પણ ઊંચો છે.

ભારતના આ પ્રયોગોનું રહસ્ય રશિયાના વડાપ્રધાન શ્રી. ક્રુશ્ચાવ આ રીતે સમજાવે છે:

"આમાં જ તો, ભારતની રાષ્ટ્રીય સ્વાધીનતા અને રાષ્ટ્રીય-શક્તિના આધારસ્તંભ સમા ભારતના ભાવિ બલિષ્ઠ ઉદ્યોગોની રૂપરેખા જોવા મળે છે."

સ્પષ્ટ છે કે, મૂડીવાદી માર્ગ અવિકસિત દેશો માટે કદિ હિતાવહ નથી. કેમ કે પરદેશી મૂડીવાદના સકંજામાંથી છૂટવા અને પોતાના રાષ્ટ્રીય વિકાસને અનુલક્ષીને અત્યંત ઝડપથી પ્રગતિ કરવા માટે પોતાના દેશની ખાનગી મૂડી ઉપર મુખ્ય આધાર રાખવો જોખમકારક છે.

અને જો ઘરના મૂડીવાદ ઉપર મુખ્ય આધાર રાખવો જોખમકારક હોય તો, પરદેશી મૂડીવાદ પર મુખ્ય આધાર તો રાખી જ કેમ શકાય? બલ્કે, આજે ભારતનો એક મુખ્ય સવાલ બ્રિટિશ મૂડીના વર્ચસ્વમાંથી છૂટવાનો છે; ત્યાં વળી નવા મૂડીવાદના 'વર્ચસ્વ'ને આવકારી ઊલમાંથી ચૂલમાં પડવાનું ક્યાંથી જ પાલવે?

પરદેશી મૂડી: સ્પષ્ટ નીતિ

પરદેશી મૂડી લેવા જતાં વળી પાછી રાજકીય સ્વાધીનતાનો ભોગ આપવો પડે તો તો ભોગ જ મળ્યાને! એથી જ તો આ બાબતમાંય ભારતની નીતિ પંડિત નહેરુએ સ્પષ્ટ કરી જ દીધી હતી:

"જ્યાં લગી આપણે આપણાં યંત્રો બનાવી ન શકીએ ત્યાં સુધી આપણે આપણી જાતને સ્વાધીન કહી જ ન શકીએ...ભલે કોઈ દેશનું નામ નકશામાં સ્વતંત્ર દેશ તરીકે લખાતું રહે. પણ જ્યાં લગી એ આર્થિક ક્ષેત્રે બીજા દેશો ઉપર આધાર રાખી જીવે છે ત્યાં લગી એ સ્વતંત્ર નથી જ...આર્થિક ઓશિયાળાપણું બીજા દેશોને આપણું ગળું રૂંધવાની તક આપે છે; આપણે ન ઈચ્છતા હોઈએ એવું કરવાની આપણને ફરજ પાડે છે...ભારતે જો ખરેખર સ્વતંત્ર બનવું હોય અને ખરેખર પ્રગતિ કરવી હોય તો તેણે આર્થિક રીતે સ્વાધીન બનવું જ રહ્યું." (ઑક્ટોબર ૧૯૫૫)

અને ૧૯૫૧માં ત્રણ અમેરિકી પેઢીઓ પાસેથી 'ઑઈલ રિફાઈનરીઓ' માટે નાણાંની મદદ લેવા જતાં ભારતીય સરકારે એવી બાંહેધરી આપી હતી કે, આ રિફાઈનરીઓનું ૨૫ વર્ષ સુધી રાષ્ટ્રીયકરણ કરવામાં નહિ આવે, ત્યાર બાદ પોતાની સ્વાધીનતા જાળવવાનો નિશ્ચય દૃઢ રીતે બુલંદ કર્યો હતો:

"પરદેશની મદદને કારણે જો કોઈ પણ સમયે અમારે અમારી નીતિમાં નાનો સરખો પણ ફેરફાર કરવાની પરિસ્થિતિ ઊભી થશે તો અમે એ મદદ પૂરેપૂરી જતી કરીશું; અને એવી મદદ લેવા કરતાં ભૂખમરો અને યાતના વધુ પસંદ કરીશું." (જવાહર નહેરુનાં ભાષણો ૧૯૪૯-૫૩)

૪

પાયાની કમજોરી

આમ, ભારતે પોતાના ત્વરિત ઔદ્યોગિક વિકાસ માટે મુખ્યઆધાર દેશી યા પરદેશી મૂડી પર રાખવાનો ઓશિયાળો રાહ ફગાવી દઈને બિનમૂડીવાદી, સમાજવાદી સમાજ રચનાનો રાહ અપનાવ્યો તો છે જ.

પરંતુ ભારતની આજની પરિસ્થિતિ જોતાં શું આ રાહની સિદ્ધિ શક્ય છે? સવાલો વારંવાર ઊઠ્યા છે:

* શું આપણા દેશના કોલસા, શણ (જ્યુટ), તેલ, અને ચાના જંગી ઉદ્યોગો ઉપર બ્રિટિશ મૂડીની પકડ નથી? એંજીનિયરીંગ અને ઇલેક્ટ્રીકલ એંજીનિયરિંગમાંય એમની સારી એવી પકડ નથી?

* શું રાષ્ટ્રીય ઇજારદારી મૂડીદારો કાપડ, લોખંડ, પોલાદ, સીમેન્ટ અને એંજીનિયરીંગની કેટલીક શાખાઓ ઉપર વર્ચસ્વ ધરાવતા નથી?

* શું આ રાષ્ટ્રીય ઇજારદારી મૂડીદારો અને પરદેશી મૂડીદારો વચ્ચે સારી એવી ગાંઠ બંધાયેલી નથી?

* આટલાં વરસમાં જે પ્રગતિ થઈ છે તેય આખા દેશના આર્થિક તંત્રની દૃષ્ટિએ પરિણામદાયી કહી શકાય એવી છે ખરી ?

—દા. ત. પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન મુખ્ય ઝોક ખાનગી મૂડીના વિકાસ ઉપર રહ્યો હતો, અને બીજી યોજના દરમ્યાન મોટા ઉદ્યોગો અને રાજ્ય માલિકી ઉપર ઝોક આપવામાં આવ્યા છતાં ખાનગી મૂડીને સારી એવી સગવડો અપાઈ છે—એ જોતાં ધાર્યાં સફળતા શક્ય છે શું ?

આવી સ્થિતિમાં સમાજવાદી પ્રગતિની વાતો હવાઈ નથી શું ?

તો વળી કેટલાક આથી આગળ વધી એમ પણ કહે છે કે, આ રાહ સમાજવાદનો છે જ નહિ. પૂરાવામાં, આજ સુધીના ' અનુભવ 'માંથી જ કેટલીક હકીકતો રજૂ કરે છે:

—ઔદ્યોગિક ક્ષેત્રે જેટલું ઉત્પાદન વધ્યું છે, જેટલા પ્રમાણમાં મૂડીદારોના નફા વધ્યા છે, એના પ્રમાણમાં કામદારોની સંખ્યા અને એમના પગારો વધ્યા નથી.

—ગામડાંમાં જેટલા પ્રમાણમાં જમીનદારી તત્ત્વોને દબાવવામાં આવ્યા છે, અને જેટલા પ્રમાણમાં પૈસાદાર ખેડૂતની સ્થિતિને ઉંચી ચઢાવવામાં આવી છે તેટલા પ્રમાણમાં નાના ખેડૂતો તથા જમીન વિનાના ખેતમજૂરોની સ્થિતિ સુધરી નથી.

—જેટલા પ્રમાણમાં રાષ્ટ્રીય વિકાસની યોજનાનો બોજો સંપત્તિવાળા વર્ગો ઉપર પડવો જોઈએ અને જેટલા પ્રમાણમાં નીચલા વર્ગોને રાહત મળવી જોઈએ તે બન્યું નથી.

—અને જ્યારે આમ જનતાએ પોતાના હક્કોની લડતોનો રાહ લીધો છે ત્યારે ત્યારે દમન વીંઝવામાં આવ્યું છે.

શું આ હકીકતો સમાજવાદના દાવાની ઠેકડી રૂપ નથી ?

આ સવાલો અને શંકાઓ મહત્ત્વનાં છે. આ સવાલો જેટલા અંશે સાચા છે એટલે અંશે ભારતની આજની કમજોરીના દ્યોતક પણ છે.

વાત સાવ સાચી છે ને એથી જ તો આપણી સમસ્યા અતિ મુશ્કેલ બની રહી છે: ભારતના ઉદ્યોગો ઉપર હજી પરદેશી બ્રિટિશ મૂડી અને દેશી ઇજારદારી વર્તુળોનું સારૂં એવું વર્ચસ્વ અસ્તિત્વ ધરાવે છે. અને એય વાત સાચી છે કે, પંડિત નહેરુએ કોંગ્રેસ પાસે સમાજવાદના રાહનો સ્વીકાર કરાવ્યો હોવા છતાં, હજી કોંગ્રેસમાં અનેક વર્તુળો એવાં છે જેમણે સાચેસાચ સમાજવાદના રાહનો સ્વીકાર કર્યો નથી, અથવા જેઓ આજના ચોકઠામાં જ થોડાક સુધારા કરીને સંતોષ માનવા અને મનાવવા પ્રયત્નશીલ છે. તો વળી ઇજારદારી વર્તુળો હજી પરદેશી મૂડી ભણી જ આંખ માંડીને બેઠાં છે !

આવાં દેશી ઇજારદારી અથવા પરદેશી મૂડીદારી બળો કોઈ પણ ભોગે ભારતને સમાજવાદી રાહે જતો રોકવા અને બદનામ કરવા મથે એ સ્વાભાવિક છે. અને જેટલા પ્રમાણમાં એમની અસર કોંગ્રેસ અને સરકાર ઉપર પહોંચી શકી છે એટલે અંશે ભારતનો સમાજવાદનો રાહ કમજોર રહ્યોજ છે.

આ દીવા જેવી વાતનો ઇન્કાર કર્યે, તથા એને કારણે ઉપસ્થિત થયેલી આડખીલીઓ તરફ આંખમીંચમણાં કર્યે ચાલવાનું નથી.

પરંતુ, આ વાતનો સ્વીકાર કરવો એક વાત છે, અને કોંગ્રેસે અને ભારતની પાર્લામેન્ટે, (બલ્કે ભારતના તમામ પક્ષોએ) સ્વીકારેલા સમાજવાદી સમાજ રચનાના નિશ્ચયનેજ ' દંભી ' અને ' છેતરપીંડી ' નો (ભારતીય સામ્યવાદી પક્ષની માન્યતા) કહી ધુત્કારવો એ બીજી જ વાત છે. બલ્કે, મુખ્ય સવાલ તો એ છે કે—

આ કમજોરીઓ અને હિચકિચાહટ દૂર કરીને, ઇજારદારી આર્થિક જુથો સામે દૃઢ રીતે મોરચો જમાવીને સમાજવાદી રાહ અપનાવી આગળ વધવું શું શક્ય નથી ?

સૈદ્ધાન્તિક સવાલો

દુનિયાના કેટલાક ઉદ્દામ વિચારકો આવી શક્યતા જોઈ રહ્યા છે.

અમેરિકી ઉદ્દામ વિચારક મોરેસ્ટ રૂબિનસ્ટાઇને (સોવિયત પ્રકાશન-'ન્યુ ટાઇમ્સ' નં. ૨૮–૩૨, ૧૯૫૬) અનેક માહિતી સાથે લખેલા લેખોમાં એવું પ્રતિપાદન કર્યું છે કે, ભારત પંડિત નહેરુની આગેવાની નીચે સમાજવાદના રાહે પ્રગતિ કરી રહેલ છે.

[અનુસંધાન પાન ૨૪૨ ઉપર]

હાથ-પગને હાકલ

બોલકી જીભ જીતી ગઈ બંધના !
કામ કરતા પડ્યા હાથ હેઠા
કપટની ભૂરકી ભોળવી ગઈ અને
ધૂળ ઊડી ભલા સાચ માથે;
માનવીને ગયો હાંકતો માનવી
કતલના રાહ પર એક સાથે :
બે'ક સમજુ રહ્યા રગરગી રોકતા
પૂર સમ ત્યાં ધસ્યાં લાખ ઘેટાં–

માંદલી છાતીમાંથી છડેચોક આ
ઊડતાં શબ્દનાં જંતુ ચેપી;
લોક ઝીલી રહ્યાં તાળિયો પાડતાં
હાય ઝેરી હવા આ ફરેબી !
ચેતવે કો'ક તો એક એના થકી
પ્રેતછાયા ગણી જાય છેટાં–

જ્યાં લગી હાથ મૂંગા નહીં બોલશે,
ધૂળિયા પગ નહીં હાક મારે
ત્યાં લગી છૂટવા કોઇ આરો નથી
જીભની જાળમાંથી લગારે.
ઊઠ, અંગદ અલ્યા, પગ પછાડી હવે,
બાવડાં થાવ, બજરંગી બેઠાં !–

—મકરંદ

આપણા જમાનામાં કપટ અને ફરેબનો પ્રભાવ વિસ્તર્યો; એને રિણામે શબ્દો સંજીવની શક્તિ બનવાને બદલે ચેપી રોગનાં જંતુ ન્યાં. એના ભયથી ચેતાવનારને જ ભયનું કારણ માનીને આપણે ડકયા. આમ માણસ જ માણસને કતલખાને દોરી ચાલ્યો. પણ ાવું કાંઈ લાંબો વખત ચાલવા ન દેવાય. માટે કવિ ખમીરવાળી ળપદી જબાનમાં આપણને સૌને, આ પરિસ્થિતિ સામે ઝૂઝવાને, ડકારે છે.

રવીન્દ્રનાથની કવિતા તે ધનિકોનાં દિવાનખાનાંમાં કે રાજ-માસાદોમાં શોભારૂપ બનતી સામગ્રી નહોતી. બંગાળનો અદનો માછી પણ એ ગીતો લલકારતો. કવિતા સુદૂરપ્રસારી વ્યક્તિત્વ રાજપીપળાના ભીલ સુધી પણ પહોંચે છે, ને ' પતીલ ' એ ભીલની ભાષામાં આપણા જમાનાના એ મહાન કવિને લાક્ષણિક રીતે બિરદાવે છે.

ટાગોર

કેવો રે ! જોગી દાઢીવારો,
લાંબી દાઢી સાફેત, સાફેત[1] !
જાણે, વ્હેતો સાગર દેખાઈડો,
એવો છબી મધ્યે બેહાઈડો :

આખું માથું ઉઘાડું રાખનારો,
ખભે ખેસ લાખેત લાખેત !
એ તો થૈ ગેયો મોટો ગીતારો
સાખ ચોપડાં દેહેત, દેહેત;[2]
ઘેર ભણીને પાક્કો થિયેલો
કા'રે નિહારે ઉતો ગિયેલો ![3]

નવા નવા તરાડો કાઢનારો,
નંઈ ઓધો લેહેત લેહેત ;[4]
કોણ એના જેવો થનારો
કરી ગ્યો જે ઓતમ લવારો.

જેને નામે તેલુંયે સોહેત,
સાએર સાએર, કોહેત, કોહેત.[5]

—પતીલ

૧. સફેદ; ૨. પુસ્તકો સાક્ષી દેશે; ૩. નિશાળે કયારેય ગયેલો ? ૪. હોદ્દો નહીં લેનારો (સરકારી ઇલ્કાબ પાછો આપેલો તે); ૫. શાયર-શાયર સૌ કહે છે.

એ પણ લાશ !

મેડિકલ-વિદ્યાર્થી, મારો મિત્ર,
લઈ ગયો આગ્રહ કરીને ખૂબ
કેટલા દિવસો પછી આવી છે, હાશ !
ફૂટપાથ પર કચડાયલી
બિન વારસી એક લાશ.
કેટલા દિ'થી પ્રયોગો ના કર્યા
આજ તે પૂરી થવાની આશ !
લાશ, હા હેતુ સમી એક લાશ
મોટર બની, રાહ નક્કો'તો ખાસ
પોલીસોએ પાડવી
બિનવારસી તે લાશ.
ચીરતા નકશામાં જોઈ
–આંખ વિનાની શકે શું જોઈ
કે મને મૃત્યુ પછી આપી રહ્યા શો ત્રાસ !
'શોધ, ભાઈ શોધ એ હૈયા મહીં'
શા શા છુપાયા ભાવ ને શી છે છુપાઈ પ્યાસ.
હાથની રેખા ય જો જો
ભીખને કાજે કદહીં લંબાયેલા ?
આશિષ માટે યે ખરા ?
સ્વર્ગમાં કે નર્કમાં ? એ ક્યાં ગયો ?
કે પછી એ ભૂત દુનિયામાં થયો ?
વળી પૂરી રૂહી ગૈ શું કોઈ કામના ?
પગની રેખાયે જુઓ, ક્યાં ક્યાં ગયા ?
ક્યાં જવાનાં એનાં અરમાનો હતાં ?
પડખાંય જોજો, સિંહ શય્યાએ સુવારી
મેળવી'તી હૂંફ કોઈ દિલની ખાસ ?'

'આ બધો તો કલ્પનાનો ભાસ
ચૂંથીએ કેવળ અમે તો હાડકાં ને માંસ !
આરોગ્યનો વેપાર કરવા કાજ
ચીરીએ મુર્દાને કેવળ આજ.
જીવતાં જેને ન કો' એ ઓળખ્યો
તો હવે શું જાણવું–જ્યારે ટળ્યો !'
મેં કહ્યું: 'ધંધો તમારો આ બળ્યો !'
હોલ છોડી એ જ ફૂટપાથે વળ્યો
જઈ ઊભો હું, માનવી એ જ્યાં મર્યો
રાત્રીએ, ઊભો રહ્યો ત્યાં વાટ જોઈ
કે અહિંયાં આવશે ઊંઘનાર કોઈ
પૂછવું તેને કે તારી શી ય આશ ?
જિંદગીમાં વણશમી શું કોઈ પ્યાસ ?
એમ હું જાણીશ તે મરનારને
કે હશે ઊંઘનાર પણ જીવંત લાશ ?

—રતિલાલ 'અનિલ'

જીવતો માણસ આફૂટે ચડે છે, રઝળે છે,' અટવાય છે. મર્યા પછી એ દાક્તરી વિદ્યાના વિદ્યાર્થીનું જ્ઞાન વધારી શકે છે. પણ એ આંખ, એ હાથ, એ પગ—એને શાં અરમાન હશે, એ પગે એને શાની શોધમાં કંયાં કયાં રઝળાવ્યો તે એનો વિષય નથી ! આથી કવિ, મરનારની જગ્યા બીજું કોઈ ફૂટપાથ પર લેશે જ (કારણ કે ફૂટપાથ ખાલી રહેતી નથી) એમ માનીને, એના અરમાનની ભાળ કાઢવા જવાનું વિચારે છે. ત્યાં જ એને પ્રશ્ન ઊઠે છે : એ જીવતો છતાંય લાશ નહિ હોય, એની શી ખાતરી ?

અનાજ : અલી સરદાર જાફરી (ઉર્દૂ કવિતા)

किसानों की सुन्दर कन्याएँ मुझ पर आसक्त हैं
जिनके आँचलों ने प्रेमपूर्वक मुझे उठाया
मिट्टी की गहरी तहों में मृत्यु के ढूँढ़ते हाथों ने मुझे टटोला
परन्तु मुझे पा न सके।
मेरी फूलने-फलने की उत्सुकता मुझे मिट्टी में से लेकर उठी
हरी कोंपल ने मुझे अपनी हथेली में छुपाया
मृत्यु से दूर परन्तु मृत्यु की एक नींद ले चुकने के बाद

वसन्त ऋतु के मधुर पवन के झोंके ने मुझे जगाया
जब बालियाँ फूलीं तो खेतों पर यौवन आया
इन अप्सरा-पुत्रों ने अपने बालों में मुझे सजाया
(सूरज की) गुलाबी किरन ने मेरी छाती में सोना भरा
और पवन ने मुझे अपने झूलों में झुलाया
मैं रकाबी तथा प्याले में महक सकता हूँ
मुझे केवल ओंठों तथा कपोलों की छाया चाहिए।

નવયુગનો પ્રથમ પ્રહરી

[આદ્યસુધારક મહેતાજીને બીજી વારનાં પ્રણામ]

—ભોગીલાલ ગાંધી

ગયા અંકે આપણે મહેતાજીનાં પ્રથમ દર્શન કર્યાં :

એક સાદો સીધો આદમી : સુરતની સરકારી નિશાળનો મહેતાજી : નાનપણથી વાંચનનો નાદ લાગ્યો. મુંબઈમાં જઈ ભણ્યો, વતન સુરત પાછો આવ્યો. ગુજરાતી શાળાનો મહેતાજી બન્યો. ને મૂળ સ્વભાવે હિંમતવાળો—ભૂતપ્રેતની વાતમાં તેનો વિશ્વાસ રહ્યો નથી...ત્યાં તો વળી વિધુર બન્યો; અને એને જીંદગીમાં પહેલીવાર વિધવાની દુર્દશાનો ચોંકાવનારો ખ્યાલ આવ્યો. એનું હૈયું કકળી ઊઠયું. ચકલે ચકલે...મહોલ્લે મહોલ્લે ફરી એણે વિધવા વિવાહનો ઉપદેશ આપવા માંડ્યો: કોઈ એ ગાળો ભાંડી, કોઈ એ એને હાંકી કાઢયો...કોઈ વિધવાએ એને આશીર્વાદ આપ્યા હશે, તો કોઈ એ વળી મનોમન એવી ય આશા સેવી હશે કે...

અને ખરેખર મધુરી જેવી એક જુવાન વિધવાએ તો વિધુર મહેતાજીને જ કહેણ મોકલ્યું : " હું વરવા તૈયાર છું—તમે તૈયાર હો તો... "

અને મહેતાજીએ ' પાછાં પગલાં ' ભર્યાં ! જીવણરામ ગોરની કન્યા જોડે લગ્ન કરી લીધાં.

પરંતુ-મહેતાજીએ સુધારાનો પંથ ત્યજી દીધો નહિ. વધારે વિસ્તૃત અને વિકટ રાહ પર પ્રયાણ ચાલુ રાખ્યું...

ચાલો આ વિસ્તૃત અને વિકટ પ્રયાણ નિરખીએ.

૧૮૪૩ના જાન્યુઆરીની ૨૭મીએ આરંભેલી પોતાની નોંધમાં મહેતાજી લખી રહ્યા છેઃ

" મારે ઘેર આવતી કાલે મારી સ્ત્રી કુંદન વહુની સંવત્સરી છે, તેથી મૂર્ખ અને અધર્મી લોકોના ધારા પ્રમાણે પોતાનાં સગાંને પોતાને ઘેર જમવા તેડીને મરનારને સંતોષવું...મેં એવો વિચાર ઠેરવ્યો છે જે આવતી કાલે કોઈ સગાંને જમવા તેડવાં નહિ..."

મહેતાજીએ એક પગલું વિચાર્યું તેવો જ અમલ યે કર્યો...આખી ન્યાતમાં ઉહાપોહ જાગ્યો, ને જીંદગી પર્યંત વગોવાયા.

પણ જુવો તો ખરા, કેવું પારદર્શક હૈયું છે ! બડાશ મારવાની વાત તો બાજુએ રહી. પણ નાનીશી કમજોરીય છુપાવવી નથી ! જાતે જ નોંધ કરે છેઃ લોકભયે (લોકભયે) કરીને ત્રણ જણ વેદ ભણેલા બ્રાહ્મણને (હું જાણું છીં કે એ ઠેકાણે વેદાર્થ-અનુભવી વિના બ્રાહ્મણ શબ્દ લખવો યોગ્ય નથી) નોતરાં દઈ આવ્યો..."

પણ—બીજે દિવસે ન્યાતિલાને પડતાં મૂકી ત્રણ બ્રાહ્મણોને જમવા તેડીને મહેતાજીએ શું કર્યું ?

ગીતાનો બીજો અધ્યાય સંભળાવ્યો અને બાદ વળી ઉપદેશ સંભળાવ્યો. ' તેઓ જમવા બેઠા ત્યારે મને દયા આવી કે એઓને કંઈ પણ સન્માર્ગ બતાવવો, તે ઉપરથી મેં તેમને કેટલાક પ્રશ્નો કર્યા—તે મધ્યે, મુવા માણસને નામે જમવા જમાડવાનો વ્યવહાર કરવો તે ઠીક નથી, તેના કેટલાક દાખલા પણ આપ્યા...'

આ પછી બીજે જ દિવસે...૨૯મી જાન્યુઆરીએ—નાનપરામાં નામીચા લોકોની મંડળી મળી હતી તેમની

વચ્ચે જઈ ભાષણ કીધું : અલબત્ત, વિષય કોઈ તીખો તમતમતો ન હતો; વિષય હતો : વિદ્યાભ્યાસનો.

અજબ અફવા

ત્યાં તો, ૪થી ફેબ્રુઆરી આવી પહોંચી: વસંતપંચમીનો દિવસ છે. એક વરસથી અફવા ફેલાઈ રહી છે કે, આખી પૃથ્વી આ વસંત પંચમીએ રસાતાળ જવાની છે...આખો ગુજરાત દેશ ખળભળી ઊઠ્યો હતો !

મહેતાજીએ આગલે દિવસે જ લખી નાખ્યું હતું :

'આ ઠગાઈની વાત પ્રથમ કાશીમાં કોઈ બાહામણાયે ધૂતવાને કાઢી જણાય છે...હું નિશ્ચય જાણું છૌં કે એ મનુષ્યની મુર્ખાઈનું લક્ષણ છે...'

એજ બપોરના બે વાગે હવાડિયે ચકલે થઈ જતાં મારગમાં મરણ પ્રસંગ જોયો. મહેતાજી ઊભા રહી ગયા...ને આબરૂ મેળવવા (દેખાવ સારૂ) રોનારાની અને મુઆ પછવાડે જમવાના ચાલની ઝાટકણી કાઢી નાખી; એક વાર તો ભાષણમાં કહી નાખ્યું : " મરણ પાછળ જમનાર લોહીના ખરડેલા કોળિયા ભરે છે ! "

આમ દિવસો ઝડપથી પસાર થાય છે... રોજ મહેતાજી બહાર નીકળે છે: આજે એક ફળીએ તો કાલે બીજે મહોલ્લે જઈ બેસે છે. જ્યાં કયાંય લોકો ઊભાં બેઠાં હોય ત્યાં ઊભા રહી જાય છે. રસ્તે કોઈ મળી ગયું ને પ્રસંગ પડયો તો ત્યાંને ત્યાં; અથવા કોઈ સત્પાત્ર યાદ આવે તો તેને ઘેર જઈ નેય સંસારની ચાલુ બદચાલ અને ખોટા રિવાજની વાર્તા સંભળાવે છે...સૌને મોઢામોઢ, સાચું લાગ્યું તે, બેધડક સંભળાવે છે :

સ્પર્શાસ્પર્શની વાત નીકળતાં ફડ દઈ બોલી નાખે છે: 'ઢેડાને અડકવું નહિ એ તો તમને ઘણા દિવસના અભિમાનનો અભ્યાસ છે...'

અને એક ઓળખીતી બાઈ શિવડોર તિરથે જવા અંગે સલાહ લેવા ગઈ; મહેતાજી એ સરળભાવે કહ્યું : " શું કામ ભટકવા જાવ છો ? ત્યાં ગયે કાંઈ ફળ નથી... જેવું જળ ઈહાં છે તેવું જળ ત્યાં છે... દાન ધર્મ જો દીન અનાથ પાત્ર જોઈ ને આપશો તો ઈહાં બેઠે ઊગશે; અને ખરી જાત્રા તો તે છે કે, પોતાનું મન શુદ્ધ કરવું... ઉપરની ચોખ્ખાઈ બતાડીને પુણ્યાત્મા થવા ઈચ્છે છે તે સર્વે ઢોંગી છે..."

આખાબોલો આદમી

તો વળી, શાસ્ત્રને નામે ગમે તેવાં કર્મોનો બચાવ કરનારને આખું ને આખું સંભળાવ્યું : " નઠારૂં (ખોટું) કહેનાર શાસ્ત્ર હોય તો તેને ચૂલામાં નાંખો..."

અને બીજા કોઈ એવા જ પ્રસંગે સંભળાવ્યું : " ધર્મશાસ્ત્ર તે તમારા અમારા જેવા માણસનું બનાવેલું છે... માટે તેનાં વચનો પર વિચાર કરીને ભરોસો રાખવો ન જોઈ એ..."

ત્યાં વળી દિનાનાથ ભટ્ટ પાસે જ બેઠા હતા. મહેતાજીની વાત સાંભળી બડાશ મારતા હોય એમ દિનાનાથ બોલ્યા : " ડાકોર મહાત્મ્યનો ગ્રંથ મેં બનાવેલો છે...સ્વામી નારાયણ પંથનો ગ્રંથ મેં બનાવેલો છે. અને એ ગ્રંથમાં સહજાનંદને ભગવાનનો અવતાર કહ્યો છે ! "

મહેતાજી કહે છે :

" આ પ્રશ્ન સાંભળી મારું મન ઘણું દુઃખી થવા લાગ્યું અને તરત હું બોલ્યો કે ભટજી તમે બધા ખોટા ગ્રંથો બનાવો છો એ મોટું પાપ છે...(નિસાસો નાંખીને) હિંદુસ્તાની લોકોની બુદ્ધિ બગડી ગઈ છે; તે ખોટા ગ્રંથો ઉપરથી બગડી ગઈ છે...ખોટા ખોટા ગ્રંથ જુદી જુદી વાતો પારકે નામે બનાવશો નહીં..."

મહેતાજીનું કહેવું ત્યાં બેઠેલા સઘળા લોકોને કડવું લાગ્યું...પછી એ વાત ' ચાબુક ' (મુંબઈથી પ્રસિદ્ધ) નામે વર્તમાનપત્રમાં છાપી પ્રસિદ્ધ કરવા મોકલી આપી.

આવી આવી હકીકતોનો પાર નથી.

વિધવાને સ્પષ્ટ ઉપદેશ

પણ રખે કોઈ માની બેસતા કે મહેતાજી બધી વાતો ડહોળે છે, પણ વિધવા વિવાહની બાબતમાં તો હવે મોં સીવી જ લીધું હશે.

મહેતાજીના ચરિત્ર લેખક શ્રી. મહીપતરામ પોતે આટલું તો સ્વીકારે છે :

" વિધવાના નિરપરાધીપણા વિષે અને તેમને પુનર્લગ્ન

કરવાની રજા આપવાના વ્યાજબીપણા સંબંધી તેમનો અભિપ્રાય કાંઈ બદલાયો નથી; અને કોઈ પૂછે તો સાચો ઉત્તર દેતા."

અને સવાલો તો પૂછાતા જ રહ્યા ને મહેતાજી સાચો ઉત્તર ખુલ્લેઆમ આપતા જ રહ્યા :

"છીનાળવું કરવું, ઘાત (ગર્ભપાત) કરવો, ઔષધ ખાઈ જીવ ખોવો એના કરતાં નાતરું કરવું અને સુખેથી મોજ કરીને છોકરાં જીવતાં રાખવાં એ ઘણું જ સરૂં છે..."

મહેતાજી સવાર કે સાંજ, રાત કે દિવસ જોતા નથી. જ્યાં માનવીઓ વસે છે, ને જ્યાં માનવી મૂંઝાતો રુંધાતો જીવે છે, ત્યાં મહેતાજી આપમેળે જઈ પહોંચે છે: જે કોઈ મળ્યો, જેને ઘેર જઈ શકાયું, જેને આંગણે ઊભા રહી જવાયું ને જે કોઈને જિજ્ઞાસા થઈ એ સૌને મહેતાજી સત્યનો સંદેશ પહોંચાડે છે.

અને વાતોની પદ્ધતિ પણ એવી જ—નરસિંહ મહેતાના જેવી જ્ઞાનગોષ્ઠીની; પ્રાતઃચંદ્ર સત્યકામ સૉક્રેટીસના જેવી 'ડાયલૉગ'ની, સવાલ-જવાબ : સંવાદની.

મહેતાજીના સાથીદારો

પરંતુ હવે મહેતાજીનો અજંપો વધ્યો છે...હવે મંડળી કાઢી વિસ્તાર કરવા એમનું મન તલસી રહ્યું છે. મનોમન ઢાંચો વિચાર્યો છે, નીકટના સાથીઓ સાથે ચર્ચ્યો છે.

આ સાથીઓમાં જેમનો સૌથી મોટો સહારો છે એ છે દાદોબા પાંડુરંગ.

દાદોબા દક્ષિણી સુધારક છે. અંગ્રેજ સરકારે સુરતમાં પહેલી અંગ્રેજી નિશાળ ૧૮૪૨માં શરૂ કરી તેમાં દાદોબા પાંડુરંગ મદદનીશ શિક્ષક છે. દાદોબા શાંત સુધારક છે ને ઊંડા અભ્યાસી છે. ૧૮૪૦માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રેરણાથી 'પરમહંસ મંડળી'ની સ્થાપના કરનારાઓમાં તેઓ અગ્રણી મંત્રી હતા.

દાદોબા પ્રતિ મહેતાજીને આદર છે :

મહેતાજીને દાદોબા માટે પ્રીતિ છે.

ત્રીજા છે દિનમણીશંકર : એ શાસ્ત્રી છે; ને કર્મકાંડી આચાર્ય છે. પણ એય જાણે છે ને સમજે છે કે મહેતાજી અને દાદોબાનો સુધારાનો પંથ સાચો છે. પણ સાચી વાત કહી નાખે છે: "મારાથી પ્રસિદ્ધ રીતિયે બોલાશે નહિ..."

ચોથા છે દલપતરામ ભગુભાઈ : ધર્મમિત્ર શિક્ષક. સુધારાને એમનોય ટેકો છે.

અને પાંચમા દામોદરદાસ : બે વરસ પહેલાં જ ૧૮૪૮-માં 'પુસ્તક પ્રસારક મંડળી' સ્થાપી સુરતમાં શિલાછાપ-છાપખાનું લાવનારી આ જ સુધારક મંડળી.

આ પાંચ દદ્દાઓ સુધારાના સ્થંભ છે. બીજાય સાત આઠનો સાથ મળ્યો.

મંડળીના ઉદ્દેશો ઘડાઈ તૈયાર થયા.

* હજારો દેવદેવીઓ નહિ, એક જ ઈશ્વર.
* હજારો પંથો જાતો નહિ, મનુષ્ય માત્ર એક જાતિ.
* મનુષ્યમાત્રનો ધર્મ એક છે : માનવ ધર્મ.
* ઉત્તમ અધમનો આધાર ગુણ ઉપરથી, કુળ ઉપરથી નહિ.
* વિવેકને અનુસરીને કર્મ કરવાં. (શાસ્ત્રમાં લખેલું છે માટે નહિ.)
* ઈશ્વરાનુગ્રહાર્થ ભક્તિ કરવી (સંસારી સ્વાર્થ માટે નહિ.)
* સદ્‌માર્ગની શિક્ષા સર્વને કહેવી (ખુલ્લી રીતે કશા ભય વિના કહેવી.)

માનવ-ધર્મસભા

૧૮૪૪ના જૂનની ૨૨મી તારીખે 'માનવધર્મસભા'-ની સ્થાપના પણ થઈ.

અને સામો વાવંટોળ જાગ્યો. મહેતાજી તો સુધારક તરીકે એટલે 'નાસ્તિક' અને 'ધર્મભ્રષ્ટ' તરીકે વગોવાયેલા હતા જ. તેમના સાથીદારો (ચાર દદ્દા)માંના દાદોબા પાંડુરંગની પણ છાપ એવી જ હતી. લોકોને એની ધાક પેસી ગયેલી કે, આ સુધારાવાળા તો લોકોને વટલાવી ખ્રિસ્તી બનાવવાની નેમ ધરાવે છે.

અગાઉ બનેલું પણ કૈંક એવું ખરું.*

* ૧૮૪૦માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર બંગાળથી મુંબઈ આવેલા અને ત્યારે તેમની પ્રેરણાથી 'પરમહંસ મંડળી'ની સ્થાપના થયેલી. તેના મંત્રી દાદોબા પાંડુરંગ હતા. આ મંડળીનું કામ ગુપ્તપણે ચાલતું હતું : જાતિભેદ તોડવાનો તેમનો મુખ્ય આશય હતો. તેથી તેમાં મુસ્લિમ સભાસદોને પણ દાખલ કરેલા. અને

વળી મંડળી બાંધવાનો રિવાજ એ જમાનામાં નવો હતો. લોકોમાં અજ્ઞાન અને અંધશ્રદ્ધાનો પાર ન હતો :

ધર્મગ્રંથોમાં અંધશ્રદ્ધા, મૂર્તિપૂજા, દેવદેવીઓની પૂજા, તિર્થાટન, લગ્ન, મરણ અને બીજા પ્રસંગના રિતરિવાજો, ફરજીયાત વૈધવ્ય, અડવું આભડવું, ખાદ્યાખાદ્ય, જ્ઞાતિભેદ એ બધાં ધર્મનાં લક્ષણ ગણાતાં; અને ભૂતપ્રેત, જાદુમંતર તથા શકુન અપશકુનમાં ભારોભાર શ્રદ્ધા રાખતા.

(એ વખતે જ શું કામ ? **આજેય** આમાંની કઈ માન્યતાને પ્રજાએ અધર્મ અથવા અયોગ્ય ગણીને તિલાંજલિ આપી દીધી છે ?)

આ બધાંનો વિરોધ કરવો એ જેવી તેવી આકરી કસોટી ન હતી. કેમ કે જૂની માન્યતાઓ અને આચાર-વિચારો સામે અવાજ ઉઠાવવો એટલે હિંદુ ધર્મના આધાર સ્થંભો સામે જ ચઢાઈ કરવી !

આવી સ્થિતિમાં મહેતાજીએ **માનવધર્મ સભાનો** આરંભ કર્યો !

ચાલો, **માનવધર્મ સભાની** બેઠકોનો પરિચય કરીએ :

* તા. ૨૯ જૂન, ૧૮૪૪ની બેઠક :

આસરે બે ઘડી રાત્રિ ગઈ એટલે એક ખ્રિસ્તી ધર્મનો બોધક કોઈ ભાટિયો હતો તે આવ્યો; તેણે પોતાના સંબંધી કટલીએક વાતો કહી વાદ કીધો...તેણે બાઈબલ જ સાચો પંથ છે એવું કહ્યું; ને તેની ખાત્રીમાં જણાવ્યું : " હુંને (મને) ખ્રિસ્ત પોતે આવીને કહી જાય છે. "

મહેતાજીએ સ્પષ્ટ વાણીમાં ઉત્તર વાળ્યો : " ભાઈ, જેમ **બીજા પાખંડ ધર્મવાળા** લોકો અંધારા કુઆમાં એટલે અજ્ઞાનમાં પડેલા છે, તેમ તમે પણ ઠગાઈને શું કરવા એ કુઆમાં પડી રહ્યા છો ?..."

વળી, આ જ બેઠકમાં મહેતાજી હિંમતથી લોકમાં ચાલતા ધર્મ માર્ગોની તથા જ્ઞાતિ ભેદની વિરૂદ્ધ બોલ્યા...

* તા. ૬ જુલાઈ ૧૮૪૪ની બેઠક :

૪૦ માણસો આવ્યા છે.

મહેતાજી બોલે છે : " સાંભળો, આ જગતમાં જે જે લોકોએ આચાર્યોના વેશ લઈને પાખંડ ધર્મ ચલાવેલા છે તે સારા માણસોના વિચારને ઉલટા સુલટા કરીને તથા શાસ્ત્રીઓને પોતાને ઘેર ચાકરીમાં રાખી વેદ ઉપનિષદ્‌ના અર્થને વ્યાકરણના બળથી ફેરવીને પોતાનું મહાત્મ્ય તથા પોતાના અને પોતાના વંશના લોકોના ભરણપોષણને અર્થે ફેરફાર કરાવેલા છે, એવા પોતે તથા પોતાના વંશને પૂજાવનાર જે જે ગુરૂઓ છે તથા થયા છે તે સર્વ ઠગ છે, એમ જાણજો...એ ઠગની સામે તમે પરમહંસ થાઓ..."

આ પછી રણછોડદાસ ગિરધર બોલ્યા : 'વાદવિવાદ કરવાથી માણસોને જ્ઞાન પ્રાપ્ત થાય છે માટે તેવો ઉપાય કરવો......'

દાદાભાઈ પારસીએ ભંગીઆને અડકવું કે નહિ—એવો સવાલ પૂછ્યો.

કૃષ્ણાજી પંથ દક્ષિણી બ્રાહ્મણે પ્રશ્ન કીધો કે તમે પરમેશ્વરને નિરાકાર કહો છો કે સાકાર ?

તો વળી, લાડકુળા આત્મારામે જીવહિંસા વિષે પ્રશ્ન પૂછ્યો......

પ્રશ્નો પુછાઈ રહ્યા છે......

મેતાજીએ કહ્યું : " જેની નજરમાં આવે તે ઉત્તર દ્યો. " કોકવાર વળી દાદોબા હોય છે તો તે ઉત્તર આપે છે, ને કોઈ વાર વળી અંદર અંદર બીજા પણ જવાબ આપે છે ખરા...પરંતુ સૌ કોઈની આંખો ખાસ તો મહેતાજી પર ઠરેલી હોય છે...અને એમને માથે મુખ્યત: જવાબો આપવાની ફરજ આવે છે...મહેતાજી ખુલ્લા ને નીડર જવાબ આપે છે.

આ બેઠકોમાં શાસ્ત્રી દિનમણિશંકર જેવા વિદ્વાન પણ કદિક બિરાજે છે. અને નમ્ર ભાવે વિનતિ કરતા સંભળાય

ગુપ્ત રીતે સહભોજન કરતા; ખ્રિસ્તી યા મુસ્લિમને હાથે તૈયાર કરેલ પાંઉરોટીના ટુકડા સભાસદોને આપવામાં આવતા તે સાથે બેસીને ખાતા !

આ ઉપરાંત, બંગાળના કેટલાક આગેવાન બ્રાહ્મસમાજી સુધારકો-નો અતિશય ઝોક ખ્રિસ્તીધર્મ પ્રતિ હતો. વધારામાં વળી, ખ્રિસ્તી પાદરીઓ જે નિશાળો ચલાવતા તેમાં બાયબલનો અભ્યાસ કરાવવા-માં આવતો હતો...તેમાં વળી સુરતમાં જ એક પારસીને ખ્રિસ્તી બનાવવાનો બનાવ બન્યો ! આથી સુરતની પ્રજા ઊકળી ઊઠી... અને છેવટે સરકારી અંગ્રેજી શાળાના હેડમાસ્તર ગ્રીન તથા આસિસ્ટન્ટ દાદોબા અને મહેતાજી દુર્ગારામે વચ્ચે પડી પારસી વિદ્યાર્થી નવરોજી પારેખને પાછો તેના ધર્મમાં દાખલ કરાવ્યો હતો.

છે: "મારું અજ્ઞાન નિવારણ કરો...મર્યા પછીની વલે—ની વાત કરો..."

કોક વાર વળી મહેતાજી ઉપર તરેહ તરેહના આક્ષેપો પણ થાય છે! ગોવર્ધનદાસ કહે છે: "તમારો વિચાર તો લોકોને વટાળવાનો છે!"

મહેતાજી જવાબ આપે છે: "એ જ તમારી મોટી ભૂલ છે કે અન્નજળથી વટળવું માનો છો...જે અભિમાની લોકો થઈ ગયા છે તેણે પોતાનો પંથ બળાત્કારે ચલાવવા સારૂ અન્નપાણીની બંધી કરીને લોકોને દુઃખમાં નાખ્યા છે, માટે ફાંસીઆઓની ફાંસીમાંથી છૂટવું હોય તો એ મેલ મનમાંથી કાઢી નાખો..."

સ્વસ્થ બોધ

આવાં વેણ સાંભળતાં કોઈને 'તામસ' ભરાઈ આવે છે—પિત્તો ઊકળી જાય છે...ત્યારે મહેતાજી સ્વસ્થ બોધથી એને ય શાંત પાડે છે...અને એવા અસહીષ્ણુઓને આવી બેઠકોમાં ફરી ન આવવાનું ય કહી નાખે છે!

તો વળી કેટલાક લોકો મહેતાજીને ખુલ્લંખુલ્લા મનના વિચારો જાહેર ન કરી દેવા 'વ્યવહારૂ સલાહ' પણ આપે છે. મહેતાજી જવાબ આપે છે: "આપણે પોતાની આબરૂ સંભાળીને સાચું જ્ઞાન સંતાડી રાખવું એ કંઈ સદ્વિચાર નથી...'

આમ, મંડળી દર અઠવાડિયે મળ્યે જાય છે...કોક વાર ૧૦-૧૫ તો કોક અઠવાડિયે ૫૦-૬૦ માણસોની હાજરી રહે છે. દશેરા ને દિવાળીના દિવસોય ખાલી પડતા નથી. અને વિષયોમાં—ઇશ્વિર, જીવ, આત્મા, એકેશ્વર, આત્મકલ્યાણથી માંડી મૂર્તિપૂજા, મુઆપછીની દશા, ગુરુ, શ્રાદ્ધ, જોશ, ગ્રહણ, મુહૂર્ત, જન્મપત્રિકા, તથા હજાર પ્રકારના રિતરિવાજો અને આચાર વિચારો ઉપર ચર્ચા થાય છે.

હિંદુઓ આવે છે, મુસ્લિમો ને પારસી પણ આવે છે...અને દિવસે દિવસે માનવધર્મસભાની બેઠકો માટે પ્રજામાં ઉત્સાહ વધી રહ્યો છે.

એક દિવસ કૃષ્ણાજી પંથ નામનો ભાવક ગૃહસ્થ મહેતાજીની સાથે ચકલામાંથી પસાર થઈ રહ્યો છે. ચકલા વચ્ચે કોઈ એ 'ઉતાર' (ભૂતપ્રેતનો ઉતાર) મૂક્યો હતો, તે જોઇને મહેતાજીએ કૃષ્ણાજીને કહ્યું, આ ઉતારમાંનાં કેળાં લઈ લે... કૃષ્ણાજીએ ના પાડી... મહેતાજીએ જાતે ઉઠાવીને એની સામે ધર્યાં... કૃષ્ણાજી તો એવો ગભરાઈ ગયો કે જીવ લઈ ને નાઠો...

મહેતાજીએ આ પછી કૃષ્ણાજીને ફરી ફરી બોધ આપ્યો ને કૃષ્ણાજીના ચિત્તની વહેમ-ભ્રાંતિ દૂર કરી...

કૃષ્ણાજી આભારવશ છે. મહેતાજીની નિંદા થતી સાંભળે છે ત્યારે ઘણો દુઃખા થઈ બોલે છે: "ભ્રાંતિથી મુકાવવું હોય તો મહેતાજી પાસે જાઓ..."

રાષ્ટ્રીય ઇતિહાસનો ગૌરવદિન

માનવધર્મસભાની બધી બેઠકોમાં ૧-૯-૪૪ને રવિવારની બેઠક વધુ નોંધપાત્ર છે.

તા. ૨૯ ઓગસ્ટને ગુરુવારનો દિવસ હતો. ગુજરાતના રાષ્ટ્રીય ઈતિહાસનો આ એક ગૌરવભર્યો ખંડ છે.

સરકારે મીઠા ઉપરના દાણમાં વધારો કર્યો હતો. આખું શહેર રોષે ચઢ્યું હતું. સર્વવ્યાપી જંગી હડતાલ શહેર આખામાં પડી હતી. આમ પ્રજામાંથી આગેવાનો જાગ્યા હતા... મોટા મોટા લોકોને દરવાજે જઈ, ઘણો આગ્રહ કરી તેમને સાથે લઈ, અદાલતે ફરિયાદે પહોંચ્યા હતા. પરંતુ અદાલતના દરવાજાના આગળા આજીજીઓથી ખુલ્યા નહિ. લોકો રોષે ચડ્યા... ઝપાઝપી શરૂ થઈ...મારામારી જામી! સિપાઈઓ ઘવાયા, ને રૈયતના માણસો પણ ઘવાયા...મામલો વિફરવા લાગ્યો. લોકોએ કિલ્લા પર હલ્લો બોલાવ્યો.

૩૦ હજાર નગરજનો જાણે જંગે ચડ્યા હતા! હિંદુ ને મુસલમાન સૌ એક બની ઝૂઝતા હતા.

રાત પડીને લોકો વિખરાયા...

પણ બીજે દિવસે વળી એજ મક્કમતા અને શૂરથી કિલ્લા પર પથ્થરમારો બોલાવ્યો...

અંગ્રેજો રાતભર કિલ્લામાં જ રહ્યા.

ત્રીજે દિવસે ય વળી એ જ રંગ...એ જ જંગ!

સરકારને ખાત્રી થઈ પ્રજા અણનમ છે...

અને એજંટ ગવર્નર તથા જજ (ન્યાયાધિશ) બંને જણાએ આગેવાનોને મસલત માટે બોલાવ્યા...અને જણાવ્યું

કે 'મોટી સરકારમાં લખીએ છીએ તેનો જવાબ આવતાં સુધી મીઠું જેમ વેચાય છે તેમનું તેમ વેચાશે...' અને આ મતલબનાં જાહેરનામાં શહેરમાં ચોઢ્યાં, થાળી પિટાવી... દંગલ શાંત પડ્યું.

ધન્ય છે સુધારકોને

આ પ્રસંગ ગુજરાતના ઇતિહાસનો એક ગૌરવભર્યો પ્રસંગ છે. આ પ્રસંગ પછી ૧લી સપ્ટેમ્બરે મળેલી બેઠકમાં આની ચર્ચા ઊપડી. લોકસેવકની ખરી કસોટીનો પ્રસંગ ઉપસ્થિત થયો.

લોકોએ દંગલ મચાવ્યું તેની ટીકા કોકે કરી; કોકે અરજી કરવી ઘટારત હતી એવું જણાવ્યું...સૌની વાત શાંત ચિત્તે સાંભળી લીધા પછી મહેતાજી અને દાદુબાએ મનની વાત બેધડક રીતે જાહેર કરી દીધી :

"અરજી કરવી ઘટારત ખરી; પણ ક્યારે કે જ્યારે રાજા હોય ને પ્રજાનો વિચાર લઈને કંઈક કરે ત્યારે—પણ જો તેમ ન કરે ને પ્રજા ઉપર જુલમ કરે, તો પ્રજાએ રાજા સામે લડીને રાજાને શિક્ષા કરવી, ને રાજ્ય બીજા રાજાને સોંપવું. ને જે એવા કામમાં મદદ કરે તો તે સારા માણસનું લક્ષણ છે; ને એવા કામમાં પ્રજા મધ્યેના માણસોને મરવાની કંઈ ચિંતા નહીં. કેમકે જુલમગાર રાજાઓથી પ્રજાનું રક્ષણ થાય તેમાં મોટો પરોપકાર છે. સાંભળો, રાજાનું રાજ્ય પ્રજાના કલ્યાણને અર્થે છે, પ્રજાના ઉપર સમભાવ રાખવાને અર્થે છે; પણ તેમ ન કરે ને ઊલટી પ્રજાને પીડા કરે, દરિદ્રી કરે, એક દેશની પ્રજા ઉપર કૃપા રાખીને તેને ધનવાન થવાનો ઉદ્યોગ કરે, ને બીજા દેશની પ્રજાને નિર્ધન કરવાને ઇચ્છે. તો તેવા રાજાના સામું લડીને ધર્મ-બુદ્ધિના ચાલનાર રાજાને રાજ્ય સોંપવું જોઈએ. અમારું બોલવું કેવળ અંગ્રેજોને જ વાસ્તે નથી. પૃથ્વીપરના સર્વ રાજાઓને વાસ્તે છે...રાજા પોતે જ પ્રજાને દુઃખ કરવા ઇચ્છે તો પ્રજાએ પોતાના હાથનું બળ રાજાને બતાવવું ને પરમેશ્વરની સહાયતા માગવી."

ધન્ય છે મહેતાજીને... ધન્ય છે દાદોબા પાંડુરંગને.

આ પ્રસંગને અંગે મહેતાજીના ચરિત્ર લેખક શ્રી મહીપતરામ લખે છે તે સાચું છે :

"આ ભાષણ ઈ. સ. ૧૮૪૪ને બદલે ઈ. સ. ૧૮૭૮માં (એપ્રિલના દંગલ વખતે) કર્યું હોત તો તેમને તેમના ઉત્તરનો બાકીનો ભાગ કાળે-પાણીએ ચડી આંદામાન બેટમાં કાઢવો પડત... !"

ખેર...

આ જ વાત ફરી પાછી તા. ૮–૯–૪૪ની બેઠકમાં પણ નીકળી...

નવયુગનો સંદેશ

સભામાં હાજર રહેલામાંના ગોરધનદાસ ઊકળીને બોલતા હતા : "હું ખરેખરું કહું છું કે, અંગ્રેજના રાજ્યથી પ્રજા નિર્ધન થઈ ગઈ, વ્યાપાર તૂટી ગયો; એ દુઃખની આગળ બીજાં ઘણાંયે સુખ હોય તે પણ અસ્ત પામી જાય છે... આ પ્રમાણે અંગ્રેજોનું રાજ્ય પાંચ પચાસ વરસ રહેશે તો સઘળી પ્રજા દરિદ્રી થઈ જશે..."

મહેતાજી તથા દાદોબાએ કીધું : "ખરી વાત કહો છો ભાઈ, ખરી વાત; હમે પણ એમ જાણીએ છીએ...પણ એમાં **વાંક સઘળો** આપણા લોકોનો જાણવો..." એમ કહી વર્ણાશ્રમ ધર્મ અનુસાર અમુક જ લોકો શસ્ત્ર બાંધે તેવી પ્રણાલીની ટીકા કરી; આચાર્યો પણ રાજાની માફક સુખ ભોગવવાની જ ઇચ્છા રાખે, પ્રજાની તેમને કંઈ ચિંતા નહિ, એની ટીકા કરી: "આ આપત્તિકાળે સૌ પ્રજા શસ્ત્ર ધરીને લડતી રહી હોત તો સ્વદેશ રક્ષણ થયા વિના રહેત નહિ... માટે ઠપકો અમે આચાર્યોને દઈએ છીએ... આપણા દેશમાં જે લોકોનું એકચિત્ત તૂટી ગયું છે, તે ભિખારી ગુરુઓની ઊંધી ઊંધી સમજણો આપ્યાથી તૂટી ગયું છે... બીજું, આપણા દેશના લોકો વિદ્યાનો અભ્યાસ કરતા નથી. દેશદેશનાં વૃત્તાંતો વાંચતા નથી, તેથી અજ્ઞાન વધી ગયું છે. વળી જૂના કાળના શાસ્ત્ર ઉપર ઘણો ભરોંસો રાખે છે; કંઈ વિચાર કરતા નથી...ધર્મના અટકાવે વહાણમાં બેસીને દૂર દેશ જાતા નથી, માટે પરદેશની કળા કૌશલ્યોમાં જાણતા નથી...એ માટે જ વ્યાપાર સર્વ ટૂટી ગયો છે; માટે હવે તો એક જ ઉપાય છે કે વિદ્યાકળામાં જાણીતા થવું. નીતિમાન થઈને સરકાર પાસે પોતાનો ખરો હક્ક માગવો. બાકી એ વિના બીજો કંઈ ઉપાય છે નહીં."

૧૮૪૪માં—નવયુગની વહેલી પરોઢે મહેતાજીએ બોધેલો આ લોકજાગૃતિ અને લોક-ઉત્કર્ષનો રાહ હતો...

અજાતકે કથા

—સુરેશ જોષી

પ્રસ્તાવના]

ભગવાને મને બોલાવીને કહ્યું : 'હવે તારે ફરી જનમ લેવાનો વખત થયો છે. તારાં પુણ્યોનો હિસાબ જોતાં તને તારું જન્મસ્થાન તથા જનેતા–જનક પસંદ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, માટે તું નારદમુનિ સાથે પૃથ્વી પર જઈને જન્મસ્થાન તથા માતપિતાની પસંદગી કરી આવ કે જેથી બનતી ત્વરાએ તારા જન્મની વ્યવસ્થા કરી શકાય.'

હું ને નારદમુનિ પૃથ્વી ઉપર આવતા હતા, તે દરમિયાન અન્તરિક્ષમાં ઘણા આત્માઓનો અમને ભેટો થયો. નારદમુનિએ એમને કુતૂહલથી પૂછ્યું: હે આત્માઓ, શાથી જે આટલી મોટી સંખ્યામાં તમે પૃથ્વી છોડીને આવી રહ્યા છો ?

એ આત્માઓ પૈકીના એકે જવાબ દીધો : હમણાં પૃથ્વી ઉપર મહાયુદ્ધ ચાલી રહ્યું છે. એમાં લાખોની સંખ્યામાં સંહાર થયો હોવાથી અમે અમારું કર્મફળ ભોગવવા જઈ રહ્યા છીએ.

પૃથ્વી પર પગ મૂકતાં જ મેં એક અદ્‌ભુત દૃશ્ય જોયું; કરોળિયાની જાળમાં માખી પકડાઈ હતી, ને તે કરોળિયાને કહી રહી હતી : ભાઈ, તારો પાડ માનું છું, હવે તું મારો અંત આણ, પણ કરોળિયો સાવ ઉદાસીન હતો. એ સહેજે સળવળ્યો નહીં. જ્યાં હતો ત્યાંથી જ સૂતાં સૂતાં એણે કહ્યું : તને મારીને ખાવાનો મારામાં ઉત્સાહ નથી. તારા પર દયા લાવીને તને જો ખાઉં તો મારામાં વળી શક્તિ આવે, હું વળી જાળું બાંધું ને વળી માખી પકડાય......એનો અન્ત ક્યાં આવે ?

આ સાંભળીને મેં નારદમુનિને કહ્યું: ચાલો આપણે પાછા વળીએ.

એમણે આશ્ચર્ય પામીને પૂછ્યું: કેમ વારુ ? હજુ તો તેં કશું જોયું નથી.

મેં કહ્યું : મેં જેટલું જોયું તેટલું પૂરતું છે. મારે હવે વધુ કશું જોવું નથી. નારદમુનિએ કહ્યું: નારાયણ, નારાયણ ! જેવી તારી ઇચ્છા.

ને અમે પાછા ફર્યા. મને ભગવાન આગળ હાજર કરવામાં આવ્યો. ભગવાને મને પૂછ્યું : કેમ, શો વિચાર કર્યો ?

મેં કહ્યું : જો આપ રજા આપતા હો તો હું મારો આ જનમ જતો કરવા તૈયાર છું.

ભગવાને કહ્યું : મારા નિયમમાં વ્યતિક્રમ ન થાય. જનમ તો લેવો જ પડે.

મેં કહ્યું: તો ભલે, હું આપની આજ્ઞા માથે ચઢાવીશ. પણ જન્મવાની પરિસ્થિતિમાંથી હું મારી યુક્તિથી છટકી જાઉં તો આપ એને અપરાધ ન ગણશો એટલી જ મારી વિનંતિ છે.

ભગવાને કહ્યું: વારુ, તથાસ્તુ.

કથા]

મારા ગર્ભાધાનના મુહૂર્તની રાતે એક ઘટના મને બહુ અનુકૂળ થઈ પડી. વિજયા શેઠાણી તથા મનોહરદાસ શેઠને તે દિવસે ઝઘડો થયો હતો. તે રાતે શેઠ શયનગૃહમાં પ્રવેશ્યા ત્યારે શેઠાણી પલંગને એક ખૂણે મોઢું ચઢાવીને બેઠાં હતાં. આથી મેં નિરાંત અનુભવી. શેઠાણીની આ સ્થિતિ જોઈને શેઠ વધારે ધૂંધવાયા. પગ પછાડતા એ પલંગ તરફ ગયા, ને રોષના ફૂંફાડા સાથે બોલ્યા : પણ છે શું ? મોઢું ખોલીને કાંઈ બોલીશ કે નહીં ?

શેઠાણી માથું ધુણાવીને બોલ્યાં : ઉંહું.

શેઠ વધારે ચિઢાયા : તો તું બેસી રહે મોઢું ચઢાવીને, હું તો આ ચાલ્યો.

શેઠાણીએ ત્રાંસી આંખે જોઈ લીધું. શેઠ ઊભા હતા ત્યાંથી એક ડગલું ખસ્યા નો'તા, એટલે એણે મોં વધારે ફુલાવીને કહ્યું: જાવને, જવું હોય તો અબઘડી ચાલ્યા જાવ.

શેઠે ગરજીને કહ્યુ: એમ, તારે જોવું છે, તો લે, આ આ ચાલ્યો.

આમ કહીને શેઠે એક ડગલું ઉપાડયું ન ઉપાડયું ત્યાં શેઠાણી બોલી ઊઠયાં: જો ઉમ્બરની બહાર પગ મૂકયો છે તો મારા ગળાના સમ. ને શેઠ પાછા ફર્યા. પછી ફરી બોલ્યા: તો તું કાંઈ બોલ તો ખરી, હું તે કાંઈ ભગવાન છું, કે વગર કહ્યે તારી વાતની મને ખબર પડી જાય !

શેઠાણી લાડ કરતાં બોલ્યાં: તમને અમારી વાત સાંભળવાની ફુરસદ જ કયાં છે ? રાતના નવ નવ ને દસ દસ વાગ્યા સુધી પેઢી પર બેસી રહો છો. જમી પરવારીને આવીને જોઈએ તો પથારીમાં ઘસઘસાટ ઘોરતા જ હોય ! પછી મનમાં થાય કે આખા દિવસના થાકયા પાકયાને કોણ હેરાન કરે.

વાતાવરણ ફેરવાતું જતું હતું. ધીમે ધીમે પરિસ્થિતિ મને |તિકૂળ થતી જતી હતી. કાંઈક ઉપાય શોધવો પડશે એમ |ને લાગ્યું. મેં જે બનતું હતું તે જોતાં જોતાં તરકીબ |ાધવા માંડી.

શેઠ શેઠાણીની પાસે જઈ ને બોલ્યાઃ ઓહો, એમાં આટલી |સ્સે થઈ ગઈ ? તું ઊંઘમાંથી જગાડે તો હું કાંઈ તને વઢું નહીં.

શેઠાણી શેઠની વધુ પાસે સર્યાં ને બોલ્યાં : એ તો હવે જોયું જશે. શેઠે શેઠાણીના મુખને પોતાની પાસે ખેંચ્યું. શેઠાણી શરમાઈ ગયાં હોય તેમ થોડો કૃત્રિમ વિરોધ કર્યો. એથી શેઠ વધુ ઉત્તેજાયા ને શેઠાણીના ખભા પકડીને એમને હલાવી નાખ્યાં. આથી શેઠાણી ખુશ થઈને બોલ્યાં : છોડો હવે, તમને તો આવું જ સૂઝે છે.

મારો ગભરાટ વધતો ગયો. મેં મારું ભાવી કલ્પી જોયું. હું પણ આ ઘરમાં જનમ લઈને પેઢીએ બેસતો થાઉં, આંતરડાની બિમારી ભોગવું ને સામે આવી જ એકાદ વધુ પડતી પુષ્ટ ને ભૂખાવળી શેઠાણીનો ધણી બનું...આ કલ્પનાથી મારો ગભરાટ વધી ગયો. હવે તો કાંઈક ઉપાય શોધવો જ પડશે. પલંગની પાસેની દીવાલના ગોખલામાં ઠાકોરજીને વેશે ભગવાન બેઠા બેઠા હસી રહ્યા હતા.

શેઠ શેઠાણીની પ્રણયક્રીડા આગળ ચાલી, મારે શું કરવું ? શેઠાણી હવે સાવ અનુકૂળ બની ગયાં હતાં. શેઠ ઊઠ્યા ને દીવો ઠારી આવ્યા. શેઠાણીના હાથ એમને વીંટળાઈ વળ્યા. મારુ હૃદય ફફડવા માંડયું. અંધારામાં મેં ચારે બાજુ નજર કરી. કશું મારી મદદે આવે એવું લાગ્યું નહીં. શેઠાણીના શરીર પર ઉંદર દોડાવું તો ? શેઠને ઠોકર વગાડું તો ? પણ એથી કાંઈ બહુ મોટો અન્તરાય નહીં ઊભો થાય. વખત વહેતો જતો હતો. હું આ પૃથ્વી પર ફરી જન્મવાની પરિસ્થિતિની બહુ નજીક ધકેલાઈ રહ્યો હતો, ત્યાં એકાએક મારી નજર ટેલિફોન પર પડી, ને મેં એકાએક એની ઘંટડી રણકાવી. એની ધારી અસર થઇ. શેઠે શેઠાણીના બાહુપાશમાંથી છટકવાને પ્રયત્ન કર્યો. શેઠાણીએ શેઠને વધારે જોરથી વળગી પડીને કહ્યું : જો તમે ઊઠશો તો હું તમારી જોડે બોલીશ નહીં.

શેઠે કહ્યું : ગાંડી થા મા, કાંઈ અગત્યનું કામ હશે. એક મિનિટમાં શું ખાટું મોળું થઈ જવાનું હતું ?

ને શેઠ શેઠાણીના બાહુપાશમાંથી મુક્ત થયા. ફોનનું રિસિવર કાને માંડયું : " હેલાવ, હું આજે રાતે તો નહીં... ના ના...વધારે ઊંડા ઊતરવામાં માલ નથી...આજે તો નહીં જ,...શુક્રવારે ? જોઇશું...વારુ...કાલે. શેઠે રિસિવર મૂકયું, ત્યારે એમના મુખપર પ્રસન્નતાનું હાસ્ય હતું. શેઠાણી ફરી ધુંધવાયાં. જેવા શેઠ પલંગ પર ગયા કે તરત પૂછયું: કોણ હતું એ ?

શેઠે કહ્યું : કોઈ નહીં, એ તો અમથું...

શેઠાણી એકદમ છંછેડાઈ પડીને બોલ્યાં : અમથું બમથું કાંઈ નહીં, બોલો, આજે રાતે કયાં જવાના હતા ? એ ઊંડે ઊતરવાની વાત શી હતી ?

શેઠ ગુસ્સે થયા : એ બધાની તારે શી પંચાત ? અમારે ધંધા અંગે ગમે ત્યાં જવું પડે......

શેઠાણી વચ્ચેથી જ તૂટી પડયાં : જોયો તમારો ધંધો ! એવા તે શા તમારા ધંધા છે કે રાતે...

[અનુસંધાન પાન ૨૦૭ ઉપર]

સંગીતના ઇશ્કી મહુંમ અબુલકલામ આઝાદની કલમે'
અહમદનગર જેલમાંથી એક પત્ર:



—મસ્તીભરી આલમ.......

હમ બેચેન હૈં

અહમદનગરનો કિલ્લો
૧૬, સપ્ટેમ્બર ૧૯૪૩

સિદ્દિક મુકર્રમ!

બાળકો રબ્બરના રંગબેરંગી ફુગ્ગા જોઈ બહુ ખુશ થાય છે. મને પણ બચપણમાં એનો બહુ શોખ હતો. એક વખત મને થયું કે, આ ફુગ્ગામાં કાણું કરીને જોવું જોઈએ કે એની અંદરથી શું નીકળે છે? મેં એક સોય શોધી કાઢી ને પછી ફુગ્ગામાં ભોંકી દીધી...એ ઘટનાને તો આજે સુડતાલીસ વરસ વહી ગયાં છે. પણ સાચું પુછાવો તો આજે એવી જ હાલત મારા હૈયાની છે. રબરના ફુગ્ગાની માફક કોઈ એવા જોરદાર તત્ત્વથી આખું હૈયું એવું તસતસીને ભરાઈ ગયું છે કે જે કોઈ ને કોઈ બહાને બહાર નીકળવા બેચેન છે. જો કોઈ હાથ સોયની અણી ઊભી કરી એમાં ભોંકી દે... તો મને ખાત્રી છે કે એમાંથી પણ એવો જ ઉછાળા મારતો જુસ્સો ઉભરાઈ રહેશે, જેવો એકવાર પેલા ફુગ્ગામાંથી એક અજંપાભરી ચીસ સાથે નીકળી પડ્યા હતો! પરંતુ...

"બન્યું એમ કે, અમે હજાર મથ્યા મૂંગા રહેવા, હોઠ ભીડી રાખ્યા કે જેથી એક શબ્દ પણ બહાર ન પડે, પણ હાય જોનારની આંખ તો બધું જ પામી ગઈ, ને સારું જ થયું કે અમે પણ ચીસ પાડીને નગારાના અવાજની સાથે એ વાત કહી જ નાખી કે: ગમે તેટલો ઉભરો ભલેને આવતો...પણ આ હૈયાના ઘડુલાનું મોં કોટી ઉપાયે ખુલવાનું નથી!"

મુસાફરીમાં કામ લાગે એવો એક પોર્ટેબલ રેડિઓ સેટ હંમેશાં મારી સાથે લઈને ફરું છું. આ વખતે મુંબાઈમાં મારી ધરપકડ કરી ને મને અહીં લઈ આવવામાં આવ્યો, તે વખતે એ પણ મારા બધા સામાન ભેગો અહીં આવી ગયેલો.

પરંતુ જ્યારે મારો બધો સામાન કિલ્લામાં (જેલમાં) લઈ આવ્યા; ત્યારે જોયું તો રેડિઓ સેટ એમાં ન મળે. પૂછતાં ખબર પડી કે, એને તો બહાર જ અટકાવી રાખવામાં આવ્યો છે. જેલરને એ વિષે પૂછ્યું, તો કહે: કમાંડિંગ ઓફિસરના હુકમથી એ તમને આપવામાં આવ્યો નથી. ને હવે સરકારને એ બાબત પુછાવવું પડશે.

હૃદયવેધક શેર...

એ વાત તો રહી, પણ હમણાંનો કોક લશ્કરી અમલદાર અમારી બેરેકની પડોશના કિલ્લામાં આવીને રહેલો છે. એની પાસે એક રેડિઓ સેટ છે. કદિક કદિક એના અવાજનાં મોજાં અહીં લગી ઊછળી આવે છે. ગઈ કાલે રાતે એનો અવાજ બહુ સ્પષ્ટ સંભળાતો હતો. કદાચ બી. બી. સી.નો કોઈ પ્રોગ્રામ હશે. કોઈ વાયોલીનનો બાજીંદો એની કલા દેખાડી રહ્યો હતો. લય એવો હતો, જેવો 'સોંગ્સ વિધાઉટ

વર્ડ્સ' (નિઃશબ્દ ગીત)માં સાંભળવા મળેલો. એકાએક કોક કોકિલ કંઠી ગાયિકાનો દર્દીલો સૂર ઊઠ્યો ને એણે સાજના આરોહ અવરોહ સાથે મળી જઈને એવી હાલત પેદા કરી દીધી કે, જેનો ઈશારો આપણને ખ્વાજા શિરાજની હૃદયંગમ શેરમાં મળે છે—

"અરે ઓ અવસરના પારખુ ગાયક ! તેં ભલા, અહીં કયો એવો કીમિયો અજમાવ્યો કે, બરાબર તારી ગજલની કડીની વચ્ચે મારી પ્રેમિકાના શબ્દો આવી ગયા !"

સંગીતની લગની

તમને કદાચ ખબર નહિ હોય, પણ એક જમાનો એવો હતો કે જ્યારે મને સંગીતનો ને એના અધ્યયન પરિશીલનનો બહુ શોખ હતો. શરૂઆત એની આમ થયેલી. ૧૯૦૫ની સાલમાં જ્યારે હું ભણી ગણીને પરવાર્યો ને વિદ્યાર્થીઓને ભણાવવાના કામમાં મશગુલ રહેવા લાગેલો—ત્યારે પુસ્તકો વાંચવાનો મારો શોખ મને વારંવાર એક પુસ્તક વિક્રેતાની દુકાને ઘસડી જતો. 'બેલજલી સ્ટ્રીટમાં' એની દુકાન હતી. ને એની દુકાનમાં એ મોટે ભાગે ફારસી ને કલમી–કિતાબો ખરીદવા વેચવાનો જ ધંધો કરતો.

એક દિવસ એણે ફકિરઉલ્લા સેફખાંના 'રાગદર્પણ' નામના એક ખૂબ જ સુંદર પુસ્તકમાંનો એક ટુકડો કહી સંભળાવ્યો. ને કહ્યું : આ ચોપડી સંગીત-વિદ્યા પર લખાયેલી છે. આ સેફખાં ઔરંગઝેબના વખતનો એક અમીર હતો ને ભારતીય સંગીત–વિદ્યામાં ઘણો જ નિપૂણ ગણાતો હતો. એણે એક સંસ્કૃત પુસ્તકનો ફારસીમાં અનુવાદ કરેલો, એ જ પુસ્તક 'રાગદર્પણ' ને નામે મશહૂર થયેલું. આજ વસ્તુ ક્યાંકથી ખુદાબખ્શને (પુસ્તક વિક્રેતાને) હાથ ચડી ગઈ હતી. આસફજાહના દીકરા નાસિરગંજ શહીદના ગ્રંથાગારમાંથી જડી આવેલ વસ્તુ હતી ને ખૂબ મહેનતથી તૈયાર કરેલી હતી.

હું હજી એની પ્રસ્તાવના પર નજર ફેરવી રહ્યો હતો, ત્યાં મિસ્ટર ડેનીસન રોસ ત્યાં આવી ચડ્યા. તેઓ એ જમાનામાં મદરસયે આલિયાના પ્રિન્સિપાલ હતા, ને ઘરની લહેકામાં ફારસી બોલવાના બહુ શોખીન હતા. એમણે જોયું કે, એક કાચી વયનો કિશોર ફારસીની એક કલમી કિતાબને બહુ ધ્યાનપૂર્વક વાંચી રહ્યો છે, એ જોઈ એમને ઘણું જ આશ્ચર્ય થયું. ને ફારસીમાં જ મને પૂછયું: "આ કયા લેખકનું પુસ્તક છે ?'

મેં પણ એમને ફારસીમાં જ જવાબ આપ્યો: 'સેફનું પુસ્તક છે. ને સંગીતકળા ઉપર લખાયેલું છે.'

એમણે હસીને કહ્યું : 'તને એ નહિ સમજાય. ને જો સમજાતું હોય તો ચાલ, મને આ પાનામાં જે લખ્યું છે, એનો અર્થ સમજાવ જોઉં.'

એમણે જે પાના તરફ ઈશારો કરેલો તેમાં પ્રાસ્તાવિક વાતો ને સંગીતના નોખા નોખા પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું હતું. મેં થોડા શબ્દો વાંચ્યા, પણ એમાં કશી સમજ પડી નહિ. શરમનો માર્યો હું મૂંગો થઈ ગયો ને થોડીવાર રહીને મારે આખરે કહી દેવું પડયું કે, 'અત્યારે તો એનો અર્થ હું આપને નથી સમજાવી શકતો, પણ જરા ધ્યાન પૂર્વક વાંચું, તે પછી કાંઈક કહી શકું ખરો."

મેં એ પુસ્તક ખરીદી લીધું. ને ઘેર આવીને હું પહેલેથી છેલ્લે સુધી ખૂબ ધ્યાનપૂર્વક વાંચી ગયો. ખરેખર, ત્યારે જ મને સમજાયું કે, જ્યાંસુધી સંગીતના સૂરો પર પૂરેપૂરો કાબુ ધરાવનાર કોઈ ઉસ્તાદ ગવૈયા પાસે બેસી આ બધી વસ્તુઓને સમજી લેવામાં ન આવે ત્યાંસુધી એકલા બેસીને પુસ્તક વાંચી ગયા માત્રથી કશું જ સમજાય એવું નથી.

ઉસ્તાદની ખોજમાં

પરંતુ હવે મદદ માગવી તે ય કોની પાસે ? કુટુંબ અને ખાનદાનીની રૂહે પરિસ્થિતિ એવી હતી કે એ વિષયમાં જાણકારી ધરાવનારાઓ સાથે મળવા કરવાનો સંબંધ ક્યાંય આવતો નહોતો. આખરે મારૂં ધ્યાન ગયું, મસીતાખાન તરફ. એ ધંધામાં રહેનારો આ એક જ માણસ હતો કે જેને અમારા કુટુંબમાં આવવા જવાનો કંઈક સંબંધ હતો.

આ મસીતાખાનની વાત પણ સાંભળવા જેવી છે. એ અમ્બાલા જિલ્લામાં સોનીપતનો રહેવાસી હતો. બાપદાદાના વખતથી ધંધો ચાલ્યો આવતો હતો ગવૈયાનો. સંગીત વિદ્યામાં બહુ સારી તાલીમ મેળવેલી. દિલ્હી ને જયપુરના ઉસ્તાદો પાસે બેસીને સંગીતનો ઇલમ શીખેલો. કલકત્તાની ગાનારીઓને ગાવાની તાલીમ આપવાનું કામ કરેલું.

આવા મસીતાખાન મને એકાએક સાંભરી આવ્યા. મેં એમને પેલા પુસ્તકની વાત કરી. પહેલાં તો મારી વાત

સાંભળીને એ જરા ચોંક્યા. પણ પેછા પૂરી વાત સાંભળી એટલે એમને બધું સમજાઈ ગયું...ને મારા પર બહુ જ ખુશ થયા.

સિતારની સાધના

સંગીત શીખવામાંય મારી પસંદગીનું ખાસ વાદ્ય એટલે સિતાર. થોડા જ વખતમાં મારી આંગળીઓ એના પડદાઓથી પરિચિત થઈ ગઈ.

એ વખતે મારી ઉંમર સત્તરેક વરસની હશે. પણ તે વખતનો જુસ્સો એવો હતો કે જે ક્ષેત્રમાં પગ ઉપાડ્યા, તેમાં રાહબરી મળે, ત્યાં લગી તો કદમ આગે બઢાવ્યે જ જવાં. ગમે તે કામ હો, એક વાર આદર્યા પછી એને અધૂરું મૂકી દેવાની વૃત્તિ તો મને કદી જ સહ્ય ન હતી. જે દિશામાં પગલાં માંડતો એની પૂરેપૂરી પિછાણ મેળવી લઉં ત્યારે જ એનો છેડો મૂકતો. ધર્મ પુણ્યનાં કામ આદર્યાં તો તે પણ પૂરાં કર્યાં ત્યારે જ જંપ્યો છું; ને પાપને રસ્તે પગ દીધો છે, ત્યારે પણ છેક લગી એનો છાલ છોડ્યો નથી.

આ સંગીત-વાદ્યના ક્ષેત્રમાં પણ પગ મૂક્યો ને જ્યાં લગી એમાં રાહ ગોતી શક્યો, ત્યાં લગી આગળ જવામાં મને કદી આળસ નડ્યું નથી. સિતાર વાદનની આ સાધના ચાર પાંચ વરસ લગી ચાલી. પણ તે પછી એક એવો સમય આવી ગયો, જ્યારે સિતારની આ સાધના બિલકુલ છૂટી ગઈ. ને આજે તો હવે એ 'ગઈ ગુજરી' યાદ કરવાનું જ રહી ગયું છે.

અલબત્ત, એ જમાનામાં મારી આંગળી પર પડેલ નખલીનું નિશાન તો ઘણા લાંબા વખત સુધી ટકી રહેલું.

સંગીતનો આશક

મેં હંમેશાં અનેકવાર મારા હૃદયને ફંફોસી જોયું છે. જિંદગીની જરૂરિયાતની ઘણીબધી ચીજ વિના હું ચલાવી લઈ શકું, ખુશ રહી શકું એમ છું. પરંતુ સંગીત એક એવી વસ્તુ છે, કે જેના વિના હું નથી રહી શકતો. સંગીતનો આનંદ એ મારે મન જિંદગીનું એક મોટું અવલંબન છે; મારા માનસિક થાકનો ઈલાજ છે; ને મારા શરીર તેમજ મનની તમામ બિમારીઓની દવા છે.

"બાહ્ય સૌંદર્ય મારી બિમારીઓનો ઇલાજ બની શકે એમ નથી. કારણ એ સૌંદર્ય તો છે અલ્પજીવી." આ કડી મેં મસીહાના પુસ્તકમાંથી ટાંકેલી છે.

અમે કાંટા વીણ્યા....

કોઈ પોતાનો પાલવ ફૂલોથી જ ભરી દેવા ઇચ્છે છે. તો કોઈ કાંટાઓથી...પણ બંનેમાંથી કોઈ એ પસંદ નહિ કરે કે, પોતાનો પાલવ સાવ ખાલી રહી જાય.

જ્યારે લોકો...આપ-સલામતી... ....અને શુભઅવસરનાં ફૂલ વીણી રહ્યા હતા, ત્યારે અમારે ભાગે તમન્નાઓ ને અંતરની આરતોના કાંટા જ આવ્યા. પેલા લોકોએ ફૂલ ફૂલ ચૂંટી લીધાં ને કાંટા રહેવા દીધા. અમે કાંટા વીણી લીધા, ને ફૂલ રહેવા દીધા.

જિંદગીના આવડા મોટા કાફલામાં કોઈ એવું નથી, જે વહેલી પરોઢના જાગરણમાં મારો સાથ પુરાવે. મનને થાય છે કે, તો શું જિંદગીની ઘણી બધી બાબતોની જેમ આ બાબતમાં પણ આખી દુનિયાની ચાલ કરતાં ઉલટી જ ચાલ મારા નસીબમાં આવી!

—મૌલાના આઝાદ

તમે જો મારી પાસેથી જિંદગીની તમામ રાહતો ને આનંદો ખૂંચવી લેવા માગતા હો, તો મારી પાસેથી ફક્ત એક જ વસ્તુ ખૂંચવી લો ને તમારો મનસૂબો પૂરો થઈ જશે. અહીં અહમદનગરના કેદખાનામાં મને કોઈ વસ્તુની ઊણપ સાલતી હોય તો તે મારા રેડિયો સેટની.

"ઇશ્કના અપરાધોના આનંદની તો વાત જ ન પૂછશો, એ તો મને સ્વર્ગમાં પણ વારંવાર સાંભરી આવે છે."

મસ્તીભરી આલમ

જે જમાનામાં સંગીત પાછળ હું ગાંડો થઈને ફરતો હતો, એ દિવસોની એક વાત છે. એક વખત મને આગ્રા જવાનો મોકો મળ્યો એપ્રિલનો મહિનો હતો. રાતનો પાછલો પહોર શરૂ થતો ને રજનીનો પડદો આઘો ખસેડી ચંદ્ર ડોકિયું કરતો, તેવે વખતે સિતાર લઈને હું તાજ ભણી ઉપડી જતો. ને ત્યાં જઈને જમુનાનાં વહેણ ભણી મોં કરી હું અગાસીમાં બેસી જતો ને સિતાર પર કોઈ એકાદ ગીત છેડી દેતો... ...શું કહું...ને કેવી રીતે સમજાવું તમને કે એ વખતે કેવાં કેવાં દૃશ્યો મારી આંખો સમક્ષ તરવરી રહેતાં! શું મસ્તીભરી આલમ હતી મારી!

"આમ તો હું શરાબના પીઠા આગળ રખડતો ભિખારી છું. પરંતુ મારી મસ્તીભરી આલમમાં મને કોઈ જુઓ–આસમાન પર હું ગૌરવ લઉં છું ને તારલાઓ પર શાસન ચલાવું છું."

વૃક્ષની ડાળીઓ મસ્તીમાં આવી ઝૂમવા લાગતી ને રાત્રિના કાળા પડદા પાછળ પ્રકૃતિનાં તત્ત્વોની ગુસપુસ સાફ સાફ શબ્દોમાં સંભળાઈ રહેતી. કેટલીય વાર તો તાજના ઘુમ્મટો પોતાની જગ્યાએથી હાલી ઊઠતા! તમે માનો યા ન માનો, મેં અનેકવાર તાજના એ મિનારાઓ ને ઘુમ્મટો જોડે વાતો કરી છે. ને જ્યારે જ્યારે મેં એ પ્રશાંત ઘુમ્મટ તરફ નજર ઊંચકીને જોયું છે, ત્યારે ત્યારે એના હોઠને ફરકતા જોયા છે!

જે જમાનાની આ બધી વાતો લખી રહ્યો છું, એ પછી કેટલાંય વરસ બાદ મિસરમાં 'ઉમ્મે કુલસુમ'ની ખ્યાતિ પ્રસરી ને તે આજલગી કાયમ છે. મેં એની અનેક રેકોર્ડો–સાંભળી છે. ને કાહીરા, અંગુરા, ફલસ્તીન તથા સિંગાપુર રેડિઓ સ્ટેશનો તો આજે પણ એના સૂરોથી ગૂંજ્યા કરે છે. ને મને એ વાતમાં શંકા નથી કે, જે માણસે જનમ ધરીને 'ઉમ્મે કુલસુમ'નો અવાજ સાંભળ્યો નથી, એ માણસ અર્વાચીન અરબી સંગીતનું આકર્ષણ શું ચીજ છે, તે સમજી જ નહિ શકે.

ભારતની કલાઓ

આરબોએ આમ તો ભારતની તમામ વિદ્યાઓ ને કળાઓમાં રસ લીધો. પરંતુ ભારતીય સંગીત તરફ તેઓએ ભૂલેચૂકેય એકાદી નજર ફેંકી નહિ! ખરું પુછાવો તો એ તો એ જમાનો હતો, જે વખતે ભારતીય નાટકો સુલતાન મહમુદ તથા સુલતાન મસીઅદના દરબારોમાં પોતાનાં કલાચાતુર્યનાં જાદુ વેરી રહ્યાં હતાં. ભારતીય વાજીંત્રોમાંનાં ઢોલ શરણાઈ જેવાં વાજીંત્રો ગઝનીની ગલીકૂંચીઓને ગજવી રહ્યાં હતાં. ભારતીય સંગીતની જેમ ભારતીય નાટકોથી પણ આરબ લેખકો બિલકુલ અપરિચિત અને અજાણ જ રહી ગયા. અલબેરૂનીએ સંસ્કૃત કાવ્ય તથા છંદ શાસ્ત્રનું સવિસ્તર વર્ણન કરેલું છે.

પરંતુ એમાં ક્યાંય એના નાટકનો ઉલ્લેખ આવતો નથી. અકબરની કદર ને પ્રીતને કારણે એના રાજ્યકાળ દરમિયાન-કલાની જે ઉન્નતિ થઈ, તે તો સામાન્ય રીતે બધા જાણે છે. અબુલફજલે આ તમામ વસ્તુઓનો ઉલ્લેખ કરેલો છે. બધી કળાઓએ એ જમાનામાં ફતેહપુર તેમજ આગ્રામાં જમાવટ કરી હતી.

જહાંગીરે પણ પોતાની રોજનિશીમાં ઠેરઠેર આ બધી વસ્તુઓ વિષે નોંધો કરેલી છે. પણ વાત આપણે એ હેતુથી કરી કે, સંગીતકલા પણ રહેતે રહેતે જમાનાની શિષ્ટ કળાઓમાં કેવી રીતે દાખલ થઈ ગઈ, ને એની પ્રાપ્તિ વિના વિદ્યોપાર્જન, શિષ્ટતા ને સંસ્કારિતાનું ઘડતર અધૂરું ગણાતું.

દિલ્હી, આગ્રા, લાહોર, તથા અમદાવાદના ગવૈયાઓને ભારે ભારે પગારો પર મોટા મોટા અમીર ઉમરાવોનાં કુટુંબોમાં સંગીતના શિક્ષણ માટે રાખી લેવામાં આવતા. જે યુવાનો વિદ્યોપાર્જન માટે શહેરોમાં આવતા, તેઓ ત્યાંના વિદ્વાનો ને અધ્યાપકોની સાથે સાથે ત્યાંના સંગીતજ્ઞોની ખોજ પણ કરતા, ને પછી એમનાં કલાકેન્દ્રોમાં રહી એનું શિક્ષણ પણ હાંસલ કરતા.

ઔરંગઝેબના લુખ્ખા દિવસો

ઔરંગઝેબના જમાનામાં એના લુખ્ખા વલણને કારણે જો કે લલિતકલાઓના ક્ષેત્રમાં કંઈક નરમી આવી ગઈ ખરી. પરંતુ એ જે કંઈ થયું, તે શાહી–દરબારની આણ વિસ્તરેલી હતી. ત્યાં લગીજ મર્યાદિત રહ્યું. બાકી પૂર્વેના મોગલ અમલે કલા–રસ–સિંચન દ્વારા આ મુલકના ખૂણે ખૂણે રસની જે નહેરો વહેતી કરી દીધી હતી, એ કંઈ એટલી ક્ષણજીવી નહોતી કે, દરબારી આશ્રય પાછો ખેંચી લેવાતાં સુકાઈ જાય. હા, એ વાત નિઃશંક છે કે, ઔરંગઝેબના રાજકાળ દરમ્યાન શાહી દરવાજા તો એને માટે બિલકુલ બિડાઈ ગયેલા રહ્યા. પરંતુ દેશનાં લાખો કરોડો ઘરોમાં ગૂંજી રહેલાં સાજને કોણ મૂંગાં કરી દઈ શકે એમ હતું?

આ બાબતમાં ઔરંગઝેબની જીંદગીની એક ઘટના જાણવા જેવી છે.

યમીન ઉદૌલાના જમાઈ હતા મીર ખલીલ ખાનજમાન. આ ખાનજમાનની પત્ની ઔરંગઝેબની માસી થતાં. એક દિવસ ઔરંગઝેબ બુરહાનપુરના મૃગ-ઉદ્યાન (જ્યાં મૃગ હરણ પાળવામાં આવતાં)માં લટાર મારવા નીકળ્યો હતો, ને ખાન જમાનની પત્ની–યાને ઔરંગઝેબની માસી પણ પોતાની

બાંદિઓને (દાસીઓ) સાથે લઈ, ત્યાં સહેલ કરવા આવેલી. એની એક દાસીનું નામ જીનાબાદી. જીનાબાદી સંગીત-વિદ્યામાં ને મનોવિનોદની કળામાં બહુ પાવરધી યુવતી હતી. બગીચામાં ફરતાં ફરતાં સખીઓનું આખું ઝુંડ એક આંબાના ઝાડ હેઠળ આવી ઊભું. ઝાડ પર કેરીઓ લટકી રહી હતી, જીનાબાદીએ ન તો શાહજાદા (ઔરંગઝેબ)ની આણ રાખી, કે ન એની માસીને પૂછવાની વાટ જોઈ. એ તો નિડર હરણીની જેમ છલંગ મારીને કૂદી, ને એક ઊંચી ડાળ પરથી કેરી તોડી લીધી.

ઔરંગઝેબ : સૌંદર્યનો નશો

ખાન જમાનની પત્નીએ એની આ બેઅદબી માટે જીનાબાદીને ખૂબ ઠપકો આપ્યો. જીનાબાદીએ મૂંગા મૂંગા પોતાની ભૂલ બદલ અફસોસ દર્શાવતી એક નજર શાહજાદા પર ફેંકી ને પોતાનાં કપડાં સમેટતી એ ત્યાંથી આગળ નીકળી ગઈ. પણ આ ભૂલનો અફસોસ વ્યક્ત કરતી નજર એક એવી મર્મવેધક ચીજ નીકળી કે, શાહજાદાને એણે માત કરી દીધો.

મહામહેનતે, કેટલીય વિનવણીઓ કરીને શાહજાદાએ પોતાની માસી પાસેથી જીનાબાદીને મેળવી ત્યારે જ એને જંપ વળ્યો. પોતે સ્વભાવે શુષ્ક, નિરસ ને રૂઢીચુસ્ત હોવા છતાં, એ છોકરીના પ્રેમમાં એ એવો તો ખોવાઈ ગયેલો કે પોતાના સ્વભાવ ને આચારની વિરુદ્ધ જઈ, એ ખુદ પોતાને હાથે શરાબની પ્યાલીઓ ભરી ભરીને એને પાતો ને પોતે નશાના સૌંદર્યના આલમમાં ખોવાઈ જતો..

રહેતે રહેતે વાત એટલી વધી પડી કે આ મામલો શાહજહાં સુધી પહોંચ્યો, ને ઘટનાઓના લેખકોના પાનામાં પણ એનાં વિવરણ દેખાવા લાગ્યાં.

ઔરંગઝેબે પોતાના આ અનુરાગની કળીને કેવી રીતે ખીલવીને પુષ્પમાં પ્રકટ કરી હોત, એની તો કોને ખબર? પણ મૃત્યુએ જ આવીને એનો ફેંસલો કરી આપ્યો. યૌવનના શિખરે પહોંચેલી જીનાબાદીને એકાએક મૃત્યુએ આવીને ઉપાડી લીધી...ઔરંગાબાદના મોટા તળાવને કિનારે હજી આજેય જીનાબાદીનો મકબરો મોજૂદ છે.

"અમે જાતે જ ચાલીને કબરની કેદ લગી પહોંચી ગયાં કે જેથી અમને ઊંચકી લઇ જનારાના ખભાને અમારાં હાડકાંનો ભાર ન લાગે."

ખાન જમાને લખ્યું છે કે, ઔરંગઝેબ સંગીતમાં ઘણી નિપુણતા ધરાવતો હતો, ને એનાં રાજકારભારનાં તમામ કામકાજમાં રંગરાગની મસ્તી ઘુંટાઈ ગયેલી હતી...જ્યાં લગી જીનાબાદીનો એને સાથ હતો ત્યાં લગી. પરંતુ એના મૃત્યુ પછી એના માનસનો આખો પ્રવાહ જ બદલાઈ ગયો. ને તે પછીથી જ એશ ને અનુરાગ પ્રત્યેથી એણે સમૂળું મોં ફેરવી લીધેલું.

પણ જુઓ તો ખરા—વાત શું કહેવા બેઠો હતો. ને ક્યાંનો ક્યાં નીકળી ગયો! કંઈ નહિ. ચાલો, આજે તો હવે મારી કલમને અહીં જ થંભાવી દઉં છું.

—અનુ. : સુભદ્રા ગાંધી

[અનુસંધાન પાન ૨૦૨થી ચાલુ]

શેઠ એમને વચ્ચેથી અટકાવીને ત્રાટક્યા : બસ, બસ, જીભડી બહુ ના ચલાવ.

પરિસ્થિતિ પાછી મારે માટે સુધરી ગઈ. હજી વાત આટલેથી અટકે એમ નહોતી.

શેઠાણી બોલ્યાં : હું તો બોલીશ, ધાટાં પાડી પાડીને બોલીશ ને આખી શેરીને ગજાવી મૂકીશ.

એટલે શેઠ પલંગ પરથી અર્ધા ઊભા થઈ ગયા ને બોલ્યા : એમ, જોવું છે તારે?

શેઠાણીએ ડર્યા વિના જવાબ આપ્યો : એમ ધમકી શાની આપો છો? શું કરી લેવાના છો? કરો જોઉં. હૈયાફાટ ક્રન્દન હમણાં ઓરડાને ગજાવી મૂકશે એમ લાગતું હતું. પણ એકાએક બધું શાન્ત જોઈને મને વહેમ ગયો. મેં જોયું તો પરિસ્થિતિએ અણધાર્યો પલટો લીધો હતો. હવે મારે ઊગરવાનો કશો ઉપાય નહોતો. ગોખલામાં ભગવાન બેઠા બેઠા બધું જોતા હસી રહ્યા હતા. મેં રોષમાં એને ગબડાવી પાડયા. ઠાકોરજીની છબિ ફરસબંદી પર પડીને ભાંગી ગઈ.

શેઠાણી સફાળાં બેઠાં થઈ ગયાં ને બોલ્યાં : હાય રે! કેવું અપશુકન! આજે નહીં......શેઠ પણ હાથ જોડી આંખ બંધ કરી જેશ્રીકૃષ્ણ જેશ્રીકૃષ્ણનો જાપ જપવા લાગ્યા. ને આમ હું અજાતક રહ્યો.

શ્રીમદ્ ભગવદ્ગીતા અને રશિયન તત્ત્વજ્ઞો—

"ભારતીય સંસ્કૃતિએ, ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અને વૈદકશાસ્ત્રમાં મહાન સિદ્ધિઓ મેળવેલી છે. કાયદાના ક્ષેત્રમાં એની સિદ્ધિ નોંધપાત્ર અને કાવ્ય-ક્ષેત્રમાં પ્રશંસનીય છે, પરંતુ ભારતની સૌથી મહાન સિદ્ધિ તો એના તત્વજ્ઞાન અને ધર્મમાં છે "—એફ. શ્ચેર્બાત્સ્કોઈ.

ભારતીય તત્વજ્ઞાનને અશાસ્ત્રીય અને અપાર્થિવ તરીકે તથા ભારતની પ્રજાને રહસ્યવાદી અને જીવન-વિમુખ પ્રજા તરીકે રજૂ કરવામાં આવે છે, તેનો રશિયન વિદ્વાન શ્ચેર્બાત્સ્કોઈ અને એમના શિષ્યોએ વિરોધ કર્યો છે. ભારતીય પંડિતોનાં મન કેવી રીતે તર્કબદ્ધ રીતે અને ચોકસાઈથી કામ કરતાં હતાં, તેનું શ્ચેર્બાત્સ્કોઈએ પોતાની કૃતિઓમાં સુન્દર રીતે દર્શન કરાવ્યું છે. તેમણે કહ્યું છે કે ભારતીય સંસ્કાર, ઐતિહાસિક વિચારોથી દૂર એવા ચિંતનનો પરિપાક હોવાનો મત સાવ ખોટો છે. તેઓ લખે છે કે, "મારા મતે તો ભારતીય તત્ત્વજ્ઞાને ખૂબ ઉચ્ચ વિકાસ સાધ્યો છે અને એ વિકાસના પાયારૂપ સિદ્ધાંતો યુરોપીય તત્વજ્ઞાનમાં દેખાઈ આવતા સિદ્ધાંતો જેવા જ છે." શ્ચેર્બાત્સ્કોઈ અને તેમના શિષ્યોએ બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરતાં એવું પુરવાર કરવાનો પ્રયાસ કર્યો હતો કે એ ધર્મનો સારોયે વિકાસ એના પ્રાથમિક કાળ સહિત સમજવો હોય તો પાછળના ઉત્તર-બૌદ્ધ ધર્મના મૂળમાં ઊતરવું પડશે, કેમકે પ્રારંભિક બૌદ્ધધર્મના વિચારોનો મહત્વનો ભાગ એનાં તિબેટી, ચીની, જાપાની અને કોરિયન ભાષાંતરોમાં સચવાઈ રહ્યો છે. કેટલાંક કારણોસર દક્ષિણમાં તો એ મૂળ ગ્રંથો નાશ પામી ચૂકયા છે.

શ્ચેર્બાત્સ્કોઇએ ભારતીય તત્વજ્ઞાનના સામાન્ય સ્વરુપને તેમજ વિશાળ પશ્ચાદભૂને નજર સમક્ષ રાખીને બૌદ્ધ તત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો.

એમની વિશિષ્ટતા એ છે, કે ધર્મથી તદ્દન વિરુદ્ધ એવા કેટલાય રહસ્યવાદી અને ઝનૂની સિદ્ધાંતો, જે સમય જતાં એની નજીક આવ્યા, અને એને વીંટી વળ્યા તેનાથી તેઓ બૌદ્ધ ધર્મના સાચા તત્વજ્ઞાનને હંમેશ અલિપ્ત રાખવાનો પ્રયાસ કરતા.

શ્ચેર્બાત્સ્કોઈ અને તેમના શિષ્યોના અભ્યાસનું શાસ્ત્રીય મૂલ્ય ઘણું મોટું છે.

પ્રજાનું અમર મહાકાવ્ય

દરેક રાષ્ટ્રના આધ્યાત્મિક વારસામાં, માનવ વિચારનાં એ રાષ્ટ્રને પ્રિય પવિત્ર હોય એવાં, તેમજ એને સતત શ્રદ્ધા અને પ્રેરણા આપે, એવાં કેટલાંક સ્મારકો હોય છે. એવા સર્જનોમાંનાં કેટલાંક તો સારીયે માનવજાતમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કરી લે છે. એવું જ એક સર્જન—ભારતીય પ્રજાનું અમર મહાકાવ્ય ભગવદ્ગીતા છે. એ મહાકાવ્યનું સંપૂર્ણ રશિયન ભાષાંતર ૧૯૫૬માં રશિયામાં પ્રસિદ્ધ થયું છે. એકેડેમિશ્યન બી. સ્મીરનોવે, વીસ વર્ષની જહેમત બાદ, મૂળ સંસ્કૃતમાંથી જ એ ભાષાંતર કર્યું છે. તુર્કમેનની વિજ્ઞાન અકાદમીએ અશખાબાદમાં એ પ્રસિદ્ધ કર્યું છે.

રશિયન વિદ્વાનો માને છે કે, માનવ-અસ્તિત્વનો હેતુ, વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો, ઇચ્છા અને કર્તવ્ય વચ્ચેનો તથા ત્યાગ અને જરૂરિયાત વચ્ચેનો સંઘર્ષ અને એવા પ્રશ્નો ઉકેલવાનો "ભગવદ્ગીતા"માં એક નોંધપાત્ર પ્રયાસ કરવામાં આવેલો છે. ભગવદ્ગીતાનું મહત્વ સમજાવતાં, બી. સ્મીરનોવે કહ્યું છે કે આ કૃતનું આધ્યાત્મિક અને તત્ત્વજ્ઞાનીય મૂલ્ય કદીયે નષ્ટ થાય તેમ નથી. એનું એક જ કારણ છે કે નૈતિક તત્વને સાર્વત્રિક માનવ-પ્રશ્ન તરીકે રજુ કરનાર અને એ તત્વને સાર્વત્રિક નૈતિક કાનૂન સમક્ષ વ્યક્તિને પોતાનું અસ્તિત્વ ગૌણ બનાવી દેવું પડે, એટલી હદે વિકસાવનાર એ એક પ્રાચીનતમ સાહિત્ય-સ્મારક છે.

ભગવદ્ગીતાનું સાતત્ય

બી. સ્મીરનોવે, ભગવદ્ગીતાનાં કાવ્યાત્મક અને ભાષાકી સ્વરૂપોનું જે પૃથક્કરણ કર્યું અને એનાં જુદાં જુદાં ભાષ્યોમ એમણે જે સંશોધન કર્યું છે, તેને પરિણામે, તેઓ એ માન્યતા પર આવ્યા કે, એ કૃતિમાં જે તત્વજ્ઞાનીય-ધાર્મિ તેમજ નૈતિક સિદ્ધાંતો રજુ કરવામાં આવ્યા છે, એ વિશે એ સાતત્યપૂર્ણ કૃતિ છે. ઘણાખરા ભારતીય લેખકોનો પ એ જ મત છે.

પ્રસંગ કથા

મારો નિર્વંશ જજો

—જયંતીલાલ ઓઝા

વર્ષોથી હું બાલગૃહ ચલાવું છું. બાળકો સાથેની —કેવળ મારા બાળગૃહનાં જ નહિ, બાળક માત્ર પ્રત્યેની અજબ મમતા મારા અંગ અંગમાં લસોટાઈ ગઈ છે...

એથી જ તો, અનેક વર્ષો પૂર્વેનો એક પ્રસંગ મારાથી ભુલાતો નથી.

બાલગૃહનાં બાળકોને લઈને અમે અજંટાની ગુફાઓ જોવા ગયા હતા. ગુફાઓ જોઈ પાછા વળતાં અમારે ત્યાં જ ક્યાંક રાતવાસો કરવાનો હતો. અમે શિક્ષકો ને વિદ્યાર્થીઓ મળી સાઠ માણસો હતા અને ડાક બંગલો એટલાંને સમાવે એવડો નહોતો.

પણ અમને સલાહ મળી કે જો અમે નજીક જ આવેલા જીનિંગ પ્રેસમાં જઈશું તો ત્યાં વ્યવસ્થા થઈ શકશે.

એ સલાહ સાચી હતી. પ્રેસના મેનેજરે તરત જ અમને બધી સગવડ કરી આપી.

પોતાના ઘરમાંથી વાસણો, શેત્રંજીઓ વગેરે જોઈતી બધી વસ્તુઓ પૂરી પાડી અને અમારા એ મોટા ઘોંઘાટને એમણે પ્રેમથી સહી લીધો.

રાત્રે બધાં બાળકો સૂતાં ત્યારે અમે થોડા શિક્ષકો બાજુમાં જ મેનેજરની ઑફીસ હતી ત્યાં જઈને બેઠા.

'તમને આજ અમે ખૂબ તકલીફ આપી રહ્યા છીએ.' મેં જરા વિવેક કરતાં કહ્યું. મેનેજર સ્મિત કરતા બોલ્યાઃ

'તકલીફ તો તમે લોકો આટલી ઉઠાવીને અહીં સુધી આવ્યા છો એ કહેવાય. આ બધાં તોફાની બારકસોને લઈને આમ પ્રવાસ કરવો એ કંઈ ઓછી તકલીફ ન કહેવાય.'

'ના ના, પણ તમે જે આમ આવા સુન્દર એકાન્તનો આનંદ લેનાર હો તેને માટે આ જરા તકલીફ ગણાય.'

'એવું નથી. એકાન્તની પણ એકવિધતા લાગે અને ત્યારે આવી ધમાલ ઊલટી વિશેષ આહ્લાદક લાગે છે!'

મેનેજરની ઉંમર લગભગ ચાલીશની ઉપર હશે.

અમારા શિક્ષક શાન્તિભાઈ મારા તરફ જોઈ બોલ્યા :

'એમ તો એમના કચ્ચાં બચ્ચાં પણ એમને થોડી તકલીફ આપતાં જ હશે ના?'

મેં મેનેજર સામે જોયું. પણ એ માત્ર સ્મિત કરીને મૌન જ રહ્યા.

એટલે મેં સહજ ભાવે પૂછ્યું :

'તમારે શું બાળકો છે? અહીં કેમ કોઈ દેખાતાં નથી?'

અમે એમનાં પત્નીને જોયેલાં પણ બાળક કોઈ દેખાયું નહોતું.

એ અત્યાર સુધી ચોપડામાં કંઈક લખી રહ્યા હતા અને લખતાં લખતાં જ અમારી સાથે વાતો કરતા હતા. પણ મારો આ સવાલ સાંભળી એમણે પોતાનો ચોપડો એક બાજુ મૂક્યો અને આટલા તાજા પરિચયમાં પોતે જે ગંભીર વિચાર કહેવા માગે છે, તે કહેવો કે કેમ, એનો જાણે વિચાર કરતા હોય તેમ થોડીવાર માથું હલાવતા મૂંગા બેસી રહ્યા અને પછી ધીરેથી બોલ્યા :

'વાત એમ છે કે મારે કંઈ જ સંતાન નથી. અને એનું કારણ એ છે કે હું સિદ્ધાંતથી માનું છું કે આ કાળમાં કોઈએ પણ સંતાન પેદા ન કરવાં જોઈએ.'

અમે થોડીવાર તો મૂંગા થઈ ગયા! થોડીવારે અમારા અરવિંદભાઈ ટિખળમાં બોલી ઊઠ્યા :

'ભાઈસાબ, એવું ના કરતા, અને આવો પ્રચાર તો ન જ કરતા. નહીં તો આ અમારું બાલગૃહ બંધ થઈ જશે. પછી અમે શું કરશું ? બેકારી વધી જશે અને બેકારીનો રોગ તો આપણા દેશમાં કેવડો મોટો છે, એ તમે ક્યાં નથી જાણતા ? એમાં અમારો વધારો ના કરતા...'

વાત હસવા જેવી હતી એટલે અમારામાંના ઘણા હસી પડ્યા. પણ મેં જોયું કે મેનેજર જરાકે હસ્યા નહીં. એટલું જ નહીં પણ એમના કપાળમાં બેચાર કરચલીઓ પડી.

ફરી શાંતિ થતાં મેં સવિવેક પૂછ્યું :

'તમારા સિદ્ધાંત પાછળ જરૂર ગંભીર વિચાર હશે. વાંધો ન હોય તો અમને કહેશો ?'

હવે એમના બોલવામાં જરા ગરમી આવી હતી.

એ જુસ્સાથી બોલ્યા :

'જુઓ ભાઈ, જાણે આ તમારૂ કાર્ય સામાન્યતઃ મોટું સેવા કાર્ય કહેવાય છે અને વિદ્યા જેવું શ્રેષ્ઠ દાન નથી એમ કહેવાય છે, પણ આ બધાં બાળકો ભણીગણીને શું કરવાનાં છે ? એને માટે કોઈ આશા ? કોઈ ઉમેદ ?

'અત્યારે એક તો આ જગત અતિપ્રજાથી ઊભરાઈ ચાલ્યું છે. જે છે તેની જ આપણે વ્યવસ્થા કરી શકતા નથી. લાખો લોકો આજે આપણા દેશમાં ભૂખે મરે છે. તેની શી સગવડ છે ?—અને થવાની પણ નહીં જ.

'અને એમાં સંતાન પેદા કરીને તેને થોડુંક ભણાવીને મર્યા વાંકે જીવવાની સગવડ કરી આપવી અને પછી એમાં માબાપ બન્યાનો સંતોષ અનુભવવો, એમાં આત્મસંતોષ નહીં પણ આત્મવંચના છે. એટલું જ નહીં પણ એ મહાપાપ છે.'

એ જરા અટક્યા. અમે તો બધા મૂંગા મૂંગા સાંભળી જ રહ્યા હતા. એ થોડીવારે ફરી બોલ્યા. હવે એમણે અવાજ જરા નીચો કર્યો :

'એટલે મેં તો મારી પત્નીને પહેલેથી જ જણાવી દીધું છે કે એણે સંતાનની ઈચ્છા ન રાખવી...'

એ જરા આગળ બોલતાં અચકાતા હતા. પણ વાતની ગરમી એવી હતી કે એ આગળ બોલ્યા વગર રહી ન શક્યા:

'...અને, અને મેં તો એને એમ પણ કહી દીધું છે.કે જો એને સંતાનની ઇચ્છા હોય તો ગમે તેની પાસે સંતાન માટે જઈ શકે છે.'

એટલું કહી એ બોલતા બંધ થઈ ગયા.

કદાચ પારો નીચો જતાં એમને એમ પણ લાગ્યું હશે કે પોતે અપરિચિત લોકો પાસે પોતાની ઘણી અંગત વાત બોલી ગયા છે.

આઠ માણસો અમે બેઠા હતા. પણ જાણે કોઈ જ ન હોય એટલી ચૂપકીદી હતી. એ ચૂપકીદી મને અયોગ્ય લાગતાં મેં ફરી પૂછ્યું :

'આટલા બધા નિરાશાવાદી વિચારો ઉપર તમે કેમ આવી ગયા છો ?

'ના. એની પાછળ કોઈ દુઃખ, અન્યાય કે અપમાનનું કારણ નથી. મેં મારાં ચાલીશ વર્ષો આ જીવન અને જગત વિશે વિચારો કરવા પાછળ અને બીજાના વિચારો કસવા પાછળ ગાળ્યાં છે.

'આ જગતમાં કદિયે કોઈ સુખી થયું નથી. માત્ર દરેક પોતે દુઃખી છે, એ બીજો ન જાણી જાય, એ માટે સુખી દેખાવાનો ડોળ કરે છે. અને એકબીજાને ભરમાવ્યા કરે છે. છતાં કંઈક સુખ, યા તો શાન્તિમાં જિંદગી કાઢવાની શક્યતા આગળ ભૂતકાળમાં હતી. પણ આ વર્તમાનમાં તો એવી લેશમાત્ર શક્યતા નથી. એટલે આ કાળમાં સંતાનેચ્છા એ ચોકખો ગુન્હો જ છે.

'આ અત્યારે બાજુના ઓરડામાં પચ્ચાસ સાઠ બાળકો સૂતાં છે. કેવા નિર્દોષ એ આત્માઓ છે ! એમણે કોઇનું બુરૂં નથી કર્યું.

'અને હમણાં જ ઉપર આકાશમાંથી એક વિમાન અણુ-બોમ ફેંકે, તો એ બધાંની શી દશા થાય ? એ સજા એમનાં કયાં પાપોની ?

'હિરોશિમામાં રહેતા એ ગરીબ, નિષ્પાપ, નિર્દોષ લોકોએ દુનિયામાં કોનું શું બગાડયું હતું ? અને છતાં બુઢ્ઢાં જુવાન, બાળક, સ્ત્રી, પુરુષ, ગરીબ, તવંગર–સૌનો ક્ષણમાં ભુક્કો બોલાવી દીધો. એ ભુક્કો થઈ જનાર તો હજુ નસીબદાર, પણ જે ભુક્કો ન થયાં એ વિશેષ કમનસીબ એ લોકો વર્ષો સુધી રિબાઈ રિબાઈ ને મર્યાં.

'વિચાર તો કરો કે જે માબાપોએ પોતાનાં સંતાનો સુખી સમૃદ્ધ કરવા પોતે રાત દી એક કર્યાં હશે, એ માબાપોને એવાં દેવનાં દીધેલાંને આમ રિબાઈ રિબાઈને મરતાં જોઈ શી લાગણી થઈ હશે? ત્યારે એમને થયું હશે કે આથી તો વાંઝિયાં હોત તો આ દુઃખ ન જોવું પડ્યું હોત!

'આ દુઃખ જોવું ન પડ્યું હોત' આજ વિચાર ધ્યાનમાં રાખવા જેવો છે. ફરી એ આવશે અને ત્યારે ફરી માબાપો 'આ દુઃખ જોવું ન પડયું હોત, તો સારૂં થાત' એમ કહે એમાં મૂર્ખાઈ નહિ તો બીજું શું છે? અત્યારનો વર્તમાન તમારા હાથમાં છે, અને તમારું ભવિષ્ય એ રીતે તમે ઘડી શકો છો.

'તમે જ કહો, શું અણુબોમના ભક્ષ્ય બનાવવાને આપણે સંતાનો પેદા કરવાનાં?'

એ એકી શ્વાસે બોલી રહ્યા હતા અને જેમ વિચારની તીવ્રતા વધતી ગઈ તેમ એમના અવાજમાં પણ તીવ્રતા આવી ગઈ હતી. એટલે છેલ્લું વાક્ય તો એ ઘણા ઊંચા અવાજે પ્રશ્નાર્થમાં બોલી ગયા.

પણ અમે તો મૂંગા જ થઈ ગયા. આમાં શું જવાબ દેવો? એમની વાતમાં કેટલું સત્ય હતું એ તો દીવા જેવું જોઈ શકાતું હતું.

એ ફરી ધીમા પડતા બોલ્યા:

'એટલે મને તો આ તમારા કામમાં કોઈ આશા નથી દેખાતી. ઠીક છે: આપણે સદુદ્દેશથી કામ કર્યે જવા સિવાય કોઈ માર્ગ પણ નથી. પણ કોઈ મહાન પરિણામની આશા ના રાખતા.

'આપણા આદિકવિ નરસિંહ મહેતાની વાત જાણો છો? શામળશાના લગનમાં ભગવાન કૃષ્ણ આવ્યા અને બધાને જાતજાતની પહેરામણી આપીને બધાંને રાજીરાજી કરી નાખ્યાં.

'પછી છેલ્લે ભગવાન નરસિંહ મહેતા તરફ ફરીને બોલ્યા:'

"નરસિંહ, બધાંને તો મેં જોઈતું બધું આપ્યું, હવે તું માગ. તારે શું જોઈએ છે?–માગી લે."

'નરસિંહ મહેતા ગંભીર થઈ ગયા. કહે:

"ભગવાન, હું શું માગું? આ જગતની કોઈ વસ્તુમાં મને શાશ્વત સુખ નથી દેખાતું. આ જગતની માયામાં માનવી સપડાઈને દુઃખી થતો જીવે છે. મને એ ખટકે છે. એટલે પ્રભુ! મને તો વરદાન આપો કે મારો નિર્વંશ જાય."

'બધા ચમકી ગયા. પણ ભગવાન તો ભક્તને સમજેને!

'ભગવાને હસતાં હસતાં કહ્યું:

"તથાસ્તુ"

'અને આજે હું પણ ભગવાન પાસે એજ માગું છું.'

એકાએક એ મૂંગા થઈ ગયા.

હું પણ મૂંગો થઈ ગયો. અમે સૌ મૂંગા બની ગયા! માણસ–આવો સંસ્કારી ગુલાબી માણસ જાતે કરીને 'નિર્વંશ' જવાનું વરદાન માગે છે! બાળક વિનાની સૃષ્ટિની ઝંખના કરે છે!

અને, વરસોથી બાલગૃહ ચલાવનારા અમે—બાળક માત્ર પ્રત્યેની મમતા જેમના અંગઅંગમાં લસોટાઈ ગઈ છે... એવા અમે—બાળક વિનાની સૃષ્ટિની કલ્પના પણ ન કરી શકનાર અમે—ભાવિ સંસારની ગમે તેટલી આશા ને ઉમેદો સેવનાર અમે–એ વખતે તો સમસમીને મૂંગા જ રહી ગયા!

આંગળી ચીંધ્યાનું પુણ્ય—[એક નવોદિત સર્જકની પિછાન]

—ગુલાબદાસ બ્રોકર

થોડા દિવસો પહેલાં એક પત્ર મળ્યો. અક્ષરો અણજાણ હતા, ને કંઈ સારા પણ નહોતા. ઉત્તર ગુજરાતમાં છેક હારિજથી પત્ર આવેલો. ભાઈ મોરારજી છગનલાલ લખતા હતા કે તેમણે લખેલી એક નવી નવલકથા પ્રસિદ્ધ થઈ છે, અને હું વાંચી જવા સંમત હોઉં, તો તેઓ મને એ મોકલે. તેમણે જણાવ્યું હતું કે "વિશ્વમિત્ર"ને નામે તેઓ લખાણ કરે છે.

'વિશ્વમિત્ર'નું નામ તો મને થોડું ઘણું પરિચિત હતું. ભાઈ પેટલીકરે વાતવાતમાં તેમની વાર્તાઓ વિશે સારો અભિપ્રાય દર્શાવ્યો હતો, અને "સંસાર"માં તેમની અમુક વાતો છાપી પણ હતી—જો કે 'અખંડઆનંદ' માટે આવેલી તેમની એકાદ વાર્તા મને એવી પસંદ નહોતી આવી. એટલે મેં તો તરત જ તેમના પત્રનો 'હા'માં જવાબ આપ્યો—પેટલીકર જેવા માણસ વખાણ કરે અને આટલા સમયમાં જેમણે બે ત્રણ નવલકથાઓ લખી નાખી હોય, એ લેખકનું લખાણ જોઈ જવા જેવું તો ખરું જ. ઉપરાંત, સામો માણસ આટલા પ્રેમ અને વિશ્વાસથી પોતાની કૃતિ મોકલવા તૈયાર હોય ત્યારે એને વાંચી જવી તો જોઈએ જ.

વળતી ટપાલે જ તેમનાં બે પુસ્તકો મને મળી ગયાં—"અણ પ્રીછ્યાં હેત" અને "કોનો વિજય?" ખાસ્સી ત્રણસો ત્રણસો પાનાં લગભગની નવલકથાઓ! આટલું બધું વાંચી જવાનું?—મનને થયું. ટેબલ ઉપર પડેલાં વણવાંચ્યાં પડ્યાં રહેલાં અને તુરતમાં જ વાંચવા ધારેલાં પુસ્તકોનો ઢગલાં જોઈ, ઉત્સાહી બની જઈને આ પુસ્તકો મંગાવી લીધાં બદલ થોડો ઘણો મનને ઠપકો પણ અપાઈ ગયો. પણ હવે તો ઉપાય નહોતો.

પુસ્તકો અહીં મારી પાસે પડ્યાં હતાં, અને એ પુસ્તકો વિશેનો મારો અભિપ્રાય જાણવાની આતુરતા ધરાવતો ઉત્સાહી લેખક ત્યાં બેઠો હતો! થોડા દિવસ જશે અને હમેશાં મારા પત્રની રાહ એ જોતો રહેશે—સજ્જન હશે, અને લેખકો શરૂઆતમાં હોય છે એવો સંકોચશીલ હશે, તો મને પત્રો લખીને ઉતાવળ નહીં કરાવે, પણ પોતે તો આતુરતાથી હમેશાં વધારે ને વધારે ઉતાવળો બનતો જ જશે!

હવે ઉપાય નહોતો. પુસ્તકો તો વાંચી જ જવાં અને પછી લાગે એવો સ્પષ્ટ અભિપ્રાય એમને લખી મોકલવો, એવો નિર્ણય કર્યો. હું પોતે બહુ જ ધીમો લખનારો છું. એટલે ઝડપથી પુસ્તકો ઉપર પુસ્તકો લખ્યે જતા અને પ્રસિદ્ધ કર્યે જતા લેખકોનાં લખાણો વિશે થોડો ઘણો સાશંક રહ્યું છું. એવા જ સાશંક હૃદયે મેં "કોનો વિજય?" વાંચવા લીધું. શરૂઆત જ લગ્ન વિશેની ચર્ચાથી થતી હતી. મને મુદ્દો ફિસ્સો લાગ્યો, અને ચર્ચા ઉપરછલ્લી લાગી. છતાં મેં તો નિર્ણય કર્યો હતો એટલે હું પુસ્તક વાંચતો જ ગયો–વાંચતો જ ગયો. અને જેમ વાંચતો ગયો તેમ એ વાર્તાના પ્રવાહમાં ખેંચાતો ગયો. ચર્ચાઓ અંદર પુષ્કળ આવતી હતી. લગ્ન પછી સામ્યવાદ વિશેની, અને એ બધી કંઈ બહુ ઊંડાણવાળી લાગતી નહોતી. પણ ચર્ચાની સાથે સાથે માણસો પણ આવતાં હતાં, અને એ માણસો માણસો લાગતાં હતાં, આ ચર્ચાઓ ટીંગાડવાનાં ઓથાં માત્ર નહીં.


કદાચ, આ માણસો જ મુખ્ય હતાં, ચર્ચા તો જાણે ઠીક ભલા માણસ! ને એ માણસો જે રીતે હલન ચલન કરતાં હતાં, અને જે રીતે માંય માંય મૂંઝાવા છતાં આગળ ને આગળ ધપ્યે જતાં હતાં એ રીત આકર્ષક હતી. એટલે તો "કોનો વિજય?" વાંચી લીધી કે તરત જ તેમની પહેલી નવલકથા "અણ પ્રીછ્યાં હેત" વાંચવા લીધી. એમાં પણ શરૂઆત ચર્ચાથી થતી હતી—"કમ્યુનીઝમ" વિશેની. પણ માણસો આવતાં હતાં. અને એ માણસો માણસો હતાં, લોહી માંસથી ધબકતાં, ને જેટલી એ ચર્ચાની વિચારણાથી હોય એના કરતાંયે અનેકગણી વિશેષતાથી એ લોહી માંસના ધબકારની પ્રેરણાથી પ્રેરાઈ જીવનપંથમાં માર્ગ કરતાં કરતાં આગળ વધ્યે જતાં. વાર્તા ગૂંથાતી જતી હતી, તેનો વેગ

વધતો જતો હતો, તેની નબળી કડીઓ અત્યંત સ્પષ્ટ સ્વરૂપમાં નજર સમક્ષ તરી ઊઠતી હતી, છતાં પેલાં માણસો જે રીતે વર્તતાં હતાં, જે ભાવો અનુભવતાં હતાં, જે રીતે કરવા જાય એક અને કરી બીજું બેસતાં હતાં, એમના કાર્ય અને કારણ-ની જે શૃંખલા ઘટતી જતી હતી, તે શૃંખલા માત્ર બુદ્ધિ કે કલ્પનાની નહીં, પણ માનવીની અંદર હંમેશાં વિચરી રહેલ, ને જેનો પાર પામવો અત્યંત મુશ્કેલ છે, તેવા કોઈ આંતર-તત્વની બનેલ હતી, એ જોતાં ખરેખર આનંદ થતો હતો. અને એ ઉપરથી મને એક વિચાર સૂઝયો. એ વિચારને વ્યક્ત કરવા માટે જ આ નાનકડું લખાણ લખવા પ્રેરાયો છું.

મને આ બધું વાંચતાં લાગ્યું કે આ ભાઈ "વિશ્વમિત્ર"માં અમુક વિશિષ્ટ શક્તિ છે. અશક્તિ તો છે જ—ચર્ચાઓનો શોખ અને એ ચર્ચાઓને સાહિત્યિક કે વિચારનાં ઊંડાણો સુધી પહોંચાડવાની ઊંડી શક્તિનો આવિર્ભાવ નહીં, બન્ને વાર્તાઓની એકધારી વસ્તુસૃષ્ટિ, થોડા અસંભવ બનાવો અને એવું એવું તો કેટલુંય. એ તો છે જ—પણ જે શક્તિ છે એ શક્તિનો ઉત્તમ પરિપાક આપણને અત્યાર સુધીમાં ક્યાંક દેખાયો છે ખરો ? ઉત્તર મળ્યો : હા, દેખાયો છે તો ખરો. તો ક્યાં એ દેખાયો હશે ? ફરી પ્રશ્ન થયો.

ઝાઝો વિચાર કરવાની જરૂર ન પડી. શરદ્‌બાબુની નવલકથાઓની સૃષ્ટિમાં. તો શું આ નવીન લેખક ?...હા, એ જ કહેવા તો આ લખી રહ્યો છું. એમની શક્તિઓનો જો વિકાસ થાય, અને એમની અશક્તિઓને જો તેઓ જોઈ શકે તો આ લેખકની કલમમાં મને એ તાકાત લાગી કે જેનાથી શરદ્‌બાબુ રચતા હતા, તેવી પાત્રસૃષ્ટિ રચી શકાય. અને એ સૃષ્ટિ પાછી બંગાળી નહીં, આપણી પોતાની જ, પૂરેપૂરી ગુજરાતની હોય. માણસના મનના પલે પલે પલટાતા ભાવો તેની પાસે જે વિચિત્ર વર્તાવ કરાવે છે, તેને તે બધીયે વિચિત્રતાઓ સહિત આલેખવું, અને છતાંએ આખીયે વ્યક્તિનું વ્યક્તિત્વ એક અને અખંડ રાખવું, એ કોઈને માટે સહેલું કામ નથી. પણ એ કામ આ લેખક માટે એટલું મુશ્કેલ પણ કદાચ ન હોય, એવું આ બે વાર્તાઓ વાંચતાં લાગ્યા જ કર્યું. કેમકે એવી આસાનીથી એ બધું એમની આ સૃષ્ટિમાં બન્યે જતું હતું કે મન આખું પ્રસન્ન થઈ ગયું, અને નવલકથાની બીજી ક્ષતિઓ હોવા છતાં આ લેખકની કૃતિઓને ગુજરાતના વાર્તા રસિક વાચકવર્ગની નજર સમક્ષ મૂકવાનું પ્રલોભન તે ટાળી ન શક્યું.

પછી તો ખબર પડી કે આ ભાઈ તો માંડ ચાર ગુજરાતી સુધી જ ભણ્યા છે. ત્યારે તો તેમની લેખનીની પ્રૌઢ પરિપક્વતા જોઈ વળી હૃદય વધારે પરિતૃપ્તિ અનુભવી રહ્યું. એ પરિતૃપ્તિના પ્રતાપ રૂપે આ નાનકડા લખાણ દ્વારા આ નવીન અને સમર્થ સર્જકની શક્તિ વિશે આટલું લખવા પ્રેરાયો છું. તેઓ નવલકથાઓનું—જગતની નમૂનારૂપ ગણાય એવી નવલકથાઓનું વાંચન વધારે—તેમના નાયક શ્રીકાન્તે પોતાનું વાંચન વધાર્યું હતું તેમ—અને ચર્ચાઓનો નિરર્થક મોહ જતો કરી માનવના માનવ્ય અંશો વિશે જ વિશેષ લખવાનો આગ્રહ રાખે અને આટલી વારમાં જ તેમની નવલકથાઓમાં આવી જતી એક ને એક વાતની પુનરુક્તિને બદલે જીવનની વિધવિધ વાતો કહેવાનો પ્રયત્ન કરે, તો આપણા ગુજરાતને ખરેખર ઉત્તમ સત્ત્વશીલ નવલકથાઓ તેઓ આપી જ શકે. તેઓ એમ કરવા શક્તિમાન થાય એટલા ખાતર આપણે બધા વાંચકો તેમની કૃતિ રસ અને ઉષ્માપૂર્વક વાંચીએ. કેમકે કલમનું આવું સમર્થ તેજ ફેલાવતી પહેલી કૃતિઓમાં કોઈક જ વાર જોવા મળે છે. અને પાત્રોના નિભાવ અને વર્તન વિશેનું આવું પ્રભુત્વ તો...



કારકીર્દિની પસંદગી

—પ્રફુલ્લ મ. પટેલ

આમ તો જીવનમાં ઘણા ય પ્રસંગો એવા આવે છે કે જ્યારે બે કે બેથી વધારે ચીજોમાંથી કોઈ એક વસ્તુની પસંદગી કરવી પડે છે. અને પસંદગી કર્યા પછી તેને ઠેઠ સુધી વળગી રહેવું પણ એટલું જ જરૂરી છે એમ અનુભવે જણાયું છે. પરંતુ સમગ્ર જીવન પર જેની અસર થાય છે એવી મહત્ત્વની પસંદગીઓમાંની ધંધા કે વ્યવસાય અંગેની પસંદગી પણ એક છે, તેની કોઈ ના પાડી શકે નહિ.

અમુક ઉંમર પછી વ્યક્તિ સામે હાઉ માફક પ્રશ્ન આવીને ખડો થાય છે. કયો ધંધો કરવો ? ધંધા કે વ્યવસાયના આ છેવટના નિર્ણય પ્રસંગે તેને કેટલીક બાબતોનો વિચાર આવે છે : આ ધંધા કે નોકરીથી શું મળે ? એમાં આગળ વધવાની તકો છે કે નહિ ? તે ઉપરાંત, આમાં વ્યક્તિગત રસ, શક્તિઓ, ધંધા કે વ્યવસાય અંગે ઉપલબ્ધ તકો, અને શૈક્ષણિક તેમ જ તાલીમી જરુરિયાતોનો પણ સમાવેશ થાય છે.

જ્યારે કેટલીક વ્યક્તિઓએ બાલ્યાવસ્થામાંથી વ્યવસાય અંગેનો નિર્ણય કરેલો હોય છે. અને એ પણ હકીકત છે કે મોટા ભાગના યુવાનો ને યુવતીઓ સ્નાતક થયા બાદ પણ તેમનો ભાવિ ધંધો નક્કી કરી શકતાં નથી. એમ પણ હોય કે તેઓ કોઈ વ્યવસાય અંગેની પસંદગી કે નિર્ણય લે તે પહેલાં જ તેઓ સ્નાતક થઈ જાય છે ! છતાં ય, બાળકના પ્રાથમિક શાળાના ભણતર અને ત્યાં મેળવેલું માર્ગદર્શન, તથા શાળા દરમ્યાન વિકસેલાં વલણો, વિચારવાની રીતો, અને વ્યક્તિત્વની તેના ભાવિ વ્યવસાય પર ગર્ભિત અસરો પડે છે જ.

વ્યવસાયની પસંદગીમાં વ્યક્તિનો રસ અગત્યનો ભાગ ભજવે છે. પરંતુ અમુક ચોક્કસ વ્યવસાય માટેના વ્યક્તિના રસના વિકાસમાં બીજાં અનેક તત્ત્વો એકબીજા સાથે ગુંથાયેલાં હોય છે. આ દૃષ્ટિએ શારીરિક સ્થિતિ, તંદુરસ્તી, બુદ્ધિમત્તા, મહત્ત્વની ઇચ્છાઓ, અને બહારના સંજોગો, વ્યવસાયની છેવટની પસંદગી ને નિર્ણયમાં અર્થસૂચક રીતે કાર્ય કરી રહેલાં હોય છે.

ઉપરાંત, ધંધાની પસંદગીમાં આર્થિક લાભ અને પ્રતિષ્ઠાનાં મૂલ્યો પણ ભાગ ભજવે છે. વ્યવહારૂ માબાપો અને બાળકો સામાન્યત : આ રીતે વિચારવા ટેવાયલાં હોય છે. વસ્તુત : એમાં કશું ખોટું નથી. પરંતુ છેડાનો ભૌતિકવાદ સંપૂર્ણ સંતોષ આપી શકતો નથી. આપણે જાણીએ છીએ કે માત્ર ધનપ્રાપ્તિથી જ સુખ આવી જતું નથી. પણ એટલું તો ચોક્કસ છે કે વ્યક્તિ અને તેના કુટુમ્બને અનિવાર્ય એવી સગવડો, તેમ જ આનંદ માટે જરૂરી સાધનસામગ્રી વસાવવાની તેની આર્થિક અશક્તિમાં જ અસંતોષનું બીજ રહેલું હોય છે. એટલે, ધંધાની પસંદગીમાં આર્થિક સલામતી ઇષ્ટ ધ્યેય તરીકે રહે છે.

કેટલાંક મહાત્ત્વાકાંક્ષી માબાપોનું પ્રતિષ્ઠા તરફનું વલણ વધારે હોય છે. તેઓ ઇચ્છે છે કે તેમનાં બાળકોએ સમાજે માન્ય કરેલા અને ઊંચી કક્ષાના જ વ્યવસાયો કરવા જોઈએ. છોકરાઓ માટે વકીલાત, દાકતરી અને ઇજનેરી ધંધાઓ પર વધુ ભાર મૂકે છે; જ્યારે છોકરીઓ માટે શિક્ષણ, દાકતરી, કે લલિતકલાના વ્યવસાયો પર ભાર મૂકવામાં આવે છે. પરંતુ અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે, માબાપોના આ નિર્ણયો, જે તે કામ માટેની વ્યક્તિની લાયકાતો કે યુવાન માણસોના રસના આધાર વિનાના ભ્રમણાત્મક હોય છે.

એ સિવાય, વ્યક્તિત્વ, તંદુરસ્તી, બુદ્ધિ, વિશિષ્ટ શક્તિઓ, સામાજિક અનુકૂળતા, ઉદ્યમ, નિયમિતતા, સહકાર, પ્રામાણિકતા વગેરે તત્ત્વો પણ ધંધાની પસંદગી અને એની સફળતામાં અગત્યનો હિસ્સો લે છે. બેશક, આગળ કહ્યું તેમ વ્યક્તિગત રસ ધંધાની પસંદગીમાં નક્કર ભાગ ભજવે છે.

માર્ગદર્શનની મર્યાદાઓ

આટલી પૂર્વભૂમિકા પછી આપણે સમજી શકીએ છીએ કે ધંધાની પસંદગીનું સ્થાન જીવનમાં કેટલું અગત્યનું છે અને એની ગંભીર પણે ચર્ચા વિચારણા કર્યા પછી જ આમાં પગલું ભરવું જોઈએ, એમ પણ આપણને લાગ્યા વિના રહેતું નથી. જો કે આમાં કોઈ તૈયાર formula નથી કે જે જરૂર પડે ત્યારે લાગુ પાડી, ચોક્કસ પરિણામો મેળવી શકાય.

અને ધંધાર્થી કે વ્યવસાયી માર્ગદર્શન એવો કોઈ પણ દાવો કરતું નથી. એટલે કોઈ વ્યવસાયી માર્ગદર્શક આને માટે ૧૦૦ ટકાની સલામતીનાં વચનો આપી શકે નહિ એ પણ દેખીતું જ છે. એટલે માર્ગદર્શકને આમાં કંઈ એવો પૂર્વગ્રહ નથી કે જો કોઈ પણ વ્યક્તિને ધંધો પસંદ કરવો હોય અને તેમાં એને સંપૂર્ણ સફળતા મેળવવી હોય તો તે વ્યક્તિએ અમુક અમુક કર્યાથી ધાર્યું પરિણામ આવી જશે. તેમ જ માર્ગદર્શન લેનારાને પણ એવો ખોટો ખ્યાલ ન રહેવો જોઈએ કે માર્ગદર્શન લીધાથી એમની બધી મુશ્કેલીઓનો અંત આવી જશે.

આમ એની મર્યાદા હોવા છતાંય એની ઉપયોગિતા વિષે બે મત હોઈ શકે નહિ. ચાહે કોઈ પણ પ્રકારનું માર્ગદર્શન હોય, પરંતુ એમાં વ્યક્તિને માત્ર અંગુલિનિર્દેશ જ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં વિવિધ વ્યક્તિઓના વિધ વિધ વ્યવસાયોના અનુભવનો નિચોડ, તેમ જ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ વ્યક્તિનું મૂલ્યાંકન (એની શક્તિઓનું મૂલ્યાંકન) કરીને બંનેનો મેળ બેસે એ રીતે આમાં અમુક સૂચનો કરવામાં આવે છે. જો કે આ અનુભવની નોંધ નિષ્પક્ષ હોય છે; અને વ્યક્તિની શક્તિઓનું મૂલ્યાંકન પણ અમુક પ્રસ્થાપિત મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત હોય છે, એટલે એમાં વૈજ્ઞાનિકતા જળવાઈ રહે છે. છતાં, પદાર્થવિજ્ઞાનના નિયમો જેવી ચોક્કસાઈ આમાં ન હોય એ સ્વાભાવિક છે, અને આ વિષયનો સ્વભાવ પણ એવો જ છે. પરંતુ એમાં જે મોટી શક્યતા (probability) રહેલી છે તેનો આપણાથી અસ્વીકાર થઈ શકે નહિ. અને કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનું માર્ગદર્શન આપવા સમયે આ probability કેટલે અંશે છે એનો ખ્યાલ માર્ગદર્શકને હોય છે જ. અને એટલે અંશે જ એ એનાં સૂચનો કે નિવેદન પર ભાર મૂકે છે.

કોઈ પણ કાર્ય, વિચાર, કે વસ્તુનાં પરિણામો આપણે આપણા તેમ જ અન્યના અનુભવ પ્રમાણે અગાઉથી ધારી શકીએ છીએ. અને હોય જ. કારણ એ માનવ સહજ છે અને જ્ઞાન-વિજ્ઞાનના તાજેતરમાં થયેલા મોટા વિકાસના પરિણામો એ સહજવૃત્તિ પરના એના સિદ્ધાન્તો ઉપર જ રચાયેલા છે. એટલે કોઈ પણ નિર્ણયમાં સાહસ કરતાં પહેલાં જે અમુક નક્કર બાબતો (જે તદ્‌વિષયક વિજ્ઞાન વિકાસને પરિણામે આપણને ઉપલબ્ધ છે) તો આપણે નિષ્પક્ષપણે વિચાર કરવાનો છે, એ જ માત્ર માર્ગદર્શનનો હેતુ છે.

વિશિષ્ટ પ્રશ્નો

માર્ગદર્શન વિષેની આટલી સ્પષ્ટતા પછી હવે આપણે માર્ગદર્શનના વિશિષ્ટ પ્રશ્નો પર વિચાર કરીશું. આમ જોઈશું તો ધંધાની પસંદગીમાં આપણે પાંચ વસ્તુઓનો મુખ્યત્વે વિચાર કરવાનો હોય છે:

* એક, પોતાની જાત વિષે સંપૂર્ણ સમજણ: જાત વિષેની સમજણનો પ્રશ્ન આવે છે ત્યારે દરેક જણ મૂંઝવણમાં પડી જાય છે. આમાં, 'હું કોણ ?' 'પોતે કોણ ?' વગેરે તત્ત્વજ્ઞાનના શુષ્ક પ્રશ્નોનો આપણે જવાબ નથી આપવાનો. એ તો આપણે તત્ત્વજ્ઞાન પર છોડીશું. પરંતુ, અહીં, પોતાની જાત વિષે સંપૂર્ણ સમજણ મેળવવી–થી આપણને એ અભિપ્રેત છે કે વ્યક્તિની બુદ્ધિમત્તા કેટલી છે ? એનો રસ શેમાં છે ? એની વિશિષ્ટ શક્તિઓ કઈ છે ? એનું શિક્ષણ કેટલું છે ? શાળા કે વિદ્યાપીઠની એની કારકીર્દિનું પૂર્વગ્રહરહિત અવલોકન, અને વ્યક્તિનો અનુભવ, એની મહત્ત્વાકાંક્ષાઓ, અને એની સામાજિક, ને સાંસ્કૃતિક અનુભૂતિની પૂર્વ ભૂમિકા, અને આર્થિક પરિસ્થિતિ, બાબતોનો પણ આમાં સમાવેશ કરવાનો જ છે. આ બધી વિગતો અંગે તાટસ્થ્યપૂર્ણ વિચાર કરી, તેમ જ પોતાના એ વિષેના નિર્ણયોને અનુભવીઓ કે નિષ્ણાતો પાસે ચકાસાવીને જ આગળ પગલું ભરવું યોગ્ય છે.

કેટલાકને એવો ભ્રમ હોય છે કે આ બધું તો અમે જાણીએ છીએ, અને છતાં ય અમે કોઈ વ્યવસાય પસંદ કરી શકતા નથી. તો ત્યાં એક fallacy થાય છે. કાં તો એ 'જાણવા' વિષેનાં આપણાં કથનમાં ભૂલ હોય છે; કે વ્યક્તિને એ તરફ (ધંધો કરવા અંગેનું જ) કોઈ motivation હોતું નથી. બેશક, આમાં આપણે તે વ્યક્તિને દોષ દઈ શકીએ નહિ; કારણ કે એ વ્યક્તિ એવી પરિસ્થિતિમાં જ મૂકાઈ ગઈ હોય છે કે જેમાં એને માટે એ એક જ જાતની સ્થિતિ શક્ય છે. અને, એની જ બરોબરીની (અહીં આપણને equated in every aspect અભિપ્રેત છે) કોઈપણ અન્ય વ્યક્તિ પણ એવું જ આચરણ કરશે. અને આવી જ વ્યક્તિઓને ખરેખર માર્ગદર્શનની જરૂર હોય છે.

વળી, આમાં પોતાની જાત વિષેની સમજણમાં, અન્ય કેટલાકે જે આરોપણો થાય છે, તેને અત્રે સ્થાન નથી. 'કોણ-

પોતાની જાતને પૂરેપૂરી રીતે જાણે છે ! ' કહીને ટીકાકાર આ પ્રશ્ન પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ સેવશે. પરંતુ આપણે આપણું લક્ષ્ય ચૂકવાનું નથી. ધંધો એટલે કામ. અને એ કામ અમુક રીતોયે જ થાય છે. એટલે એ રીતોથી (જો આપણે એ ધંધો કરવો હોય તો) આપણે માહિતગાર બનવું પડશે. એમાં અમુક કામ કરવાનું હોય છે. હવે, એ કામ વધુ સુન્દર કે ઉત્કૃષ્ટ રીતે કરવા માટે અમુક શકિતઓની પણ તે ધંધો આપણા તરફથી અપેક્ષા રાખે છે. એટલે એ શકિતઓ હોય તો જ અમુક પ્રકારનો ધંધો પસંદ કરેલો લેખે લાગે. આ દૃષ્ટિએ આપણી સાચી શકિતઓ વિષેની જ જાણકારીની આમાં આપણને જરૂર છે.

* બીજું, વિવિધ વ્યવસાયોનાં તત્ત્વોનું જ્ઞાન: દરેક ધંધાને તેના કામનો પોતાનો આગવો પ્રકાર હોય છે. કામ જુદું જુદું હોય છે અને તે પણ વિવિધ પ્રકારનું એટલે એમાં માણસ પાસેથી વિવિધ પ્રકારની શક્તિઓની અપેક્ષા રહે છે. અને એ તો દેખીતું જ છે કે જે તે શક્તિઓ અમુક વ્યક્તિમાં હોય તે જ વ્યક્તિ જે તે ધંધામાં સફળ થઈ શકે છે. પહેલા મુદ્દામાં આપણે વ્યક્તિની મૂળભૂત શક્તિઓ અને તેની પૂરી સમજ પર ભાર મૂકયા, તેનું કારણ પણ આ જ છે કે અત્યારે જે માલુમ પડે છે તે Square pegs in round holesની પરિસ્થિતિમાંથી આપણે બધાંએ છૂટકારો મેળવવાનો છે અને વ્યક્તિને પોતાના ધંધામાંથી કામ સંતોષ (Job Satisfaction) મળી રહે અને occupational maladjustment ના પ્રશ્નોનો ઉકેલ આવી શકે એ જ એનો મૂળ ઉદ્દેશ છે.

ધંધાનાં વિવિધ ક્ષેત્રો અને તેમાંની અસંખ્ય પ્રકારની કામ પ્રવૃત્તિઓ વિષેના job analysis, occupational information અને occupational requirementsના વિષયો પર ખૂબ કાળજીપૂર્વકનું સંશોધન થઈ રહ્યું છે. આ દિશામાં ભારત સરકારના મજૂર ખાતા, અને પુનર્વસવાટ ખાતાના સહકારથી મહત્ત્વના પ્રયત્નો ચાલુ છે, એ જ્યારે પૂરા થશે ત્યારે આપણી પાસે દરેક ધંધામાં કયાં કયાં કામો કરવાનાં છે અને એ કામો આપણી પાસે કયા પ્રકારની શક્તિઓની અપેક્ષા રાખે છે—એની સંપૂર્ણ માહિતી આપણને ઉપલબ્ધ થશે. આવું માહિતી વિતરણ સામાન્ય રીતે ધંધાર્થી માર્ગદર્શન કેન્દ્રામાંથી પણ કરવામાં આવે છે.

આપણને જણાશે કે ઉપર્યુક્ત બાબત અંગેની આપણી ઉપેક્ષાવૃત્તિથી આપણી રાષ્ટ્રિય માનવ સંપત્તિનો કેટલો વિનાશ થઈ રહ્યા છે. કોઈપણ વ્યક્તિ કોઈપણ ધંધામાં વગર વિચારે કે ગલત વિચારે અથડાઈ પડે છે. અને પછી કાયમ માટે એનો ભાર વેંઢારવો પડે છે. પરિણામે જીવન શુષ્ક અને રસહીન બની જાય છે અને વ્યક્તિમાં પોતે જીવન સભાન રીતે જીવી રહી છે, અને કોઈ પણ રીતે કોઈ ને પણ ઉપયોગકર્તા નીવડી છે એ ખ્યાલ જ હોતો નથી. અને તેના જીવનમાં પણ એક જાતની ભાગેડુવૃત્તિ (escapism) સ્થાન લે છે.

* ત્રીજું, એ કે અમુક ધંધામાં જરૂરી એવાં વિશિષ્ટ તત્ત્વો સાથે પોતાની વિવિધ શક્તિઓનો મેળ કેટલે સુધી મળી શકે છે, એનો પણ ખ્યાલ આપણે રાખવાનો છે. આમાં ધંધો વ્યક્તિ પાસે અમુક શક્તિઓની અપેક્ષા રાખે છે, તેનો વ્યક્તિઓની મૂળભૂત શક્તિઓ સાથે કેટલો સમ્બન્ધ છે તેની પૂર્વગ્રહ રહિત ચકાસણી કરવી પડે છે. ઉપર્યુક્ત બંને મુદ્દાઓનાં પરિણામોને તપાસી જોઈ આ ત્રીજા મુદ્દા અંગે આપણે સહેલાઈથી નિર્ણય લઈ શકીએ.

* ચોથું, વિવિધ ધંધાઓમાં રહેલી તકો અને તેના લાભાલાભ વિષે વિચાર આ પણ એક અગત્યનો મુદ્દો છે. વ્યક્તિએ પોતે જોવું જોઈએ કે તે જીવનમાં કઈ વસ્તુને મહત્વ આપે છે; જીવનનાં કયાં મૂલ્યો પોતે સ્વીકારેલાં છે. જો કે અમુક વસ્તુઓની મહત્તા તો સામાન્ય રીતે બધે જ જોવામાં આવે છે. તેમાં ધનપ્રાપ્તિ, આબરૂ, કીર્તિપ્રાપ્તિ, અને આગળ વધવાની મહાત્વાકાંક્ષા બધે સામાન્ય છે. પરંતુ કોઈ માણસને અમુક વિષયમાં સંશોધન કરવાની જ તીવ્રેચ્છા હોય, કે એમાં કોઈ અદ્ભુત કામ કરી દેખાડવાની ખ્વાયેશ હોય તો તે ઇચ્છાઓ દબાઈને મનના અંધારા ખૂણામાં પડી જ ન રહેવી જોઈએ. પરંતુ, ધંધાની પસંદગી સમયે જો આપણે અન્ય પ્રલોભનોમાં પડી જઇશું, તો આપણાં જીવન મૂલ્યોને આપણે વિસારી દઈશું, એ નક્કી જ છે. માટે એ પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય, અગર એની શકયતા ઓછી રહે એવી કાળજી પણ આપણે રાખવી જોઈએ.

પાંચમું, એ કે પસંદગીના અમુક ધંધા કે વ્યવસાયમાં જરૂરી તાલીમ અંગે ઉપલબ્ધ સગવડો જુદા જુદા વ્યવસાયોમાં કે અમુક જગાએ પહોંચવા માટે કઈ જાતનું શિક્ષણ લેવું જોઈએ, અને તે કયાં અને કેવી રીતે આપવામાં આવે છે તેની પૂરતી માહિતી આપણી પાસે હોવી જોઈએ. બેશક, ધંધો પસંદ કર્યા પછીની આ માહિતી સર્વ માર્ગદર્શન કેન્દ્રોમાંથી આપવામાં આવે છે.

નિસર્ગની લાલબત્તી : થાક

—મધુકર શાહ

અમુક હદે થાક લાગે એટલે આપણે કામ કરવાનું બંધ કરીએ છીએ—પછી તે શારીરિક હોય કે માનસિક, પણ અમુક પ્રમાણમાં આપણે કામ કરીએ એટલે થાક લાગે છે. જાણે કે થાક અને કાર્યનું ચક્ર ન હોય! આપણું આખું જીવન કાર્ય-થાક-વિરામનું ફરતું ચક્ર છે. પણ આ થાક છે શું? શારીરિક શ્રમ કે માનસિક કાર્ય કરવાથી થાક કેમ લાગે છે? વ્યાયામ કરવાથી શું ખરેખર થાક લાગે છે? વળી ઘણી વખત સવારે સ્ફૂર્તિથી ભરપૂર ઊઠવાને બદલે આપણે થાકેલા, કંટાળેલા કેમ ઊઠીએ છીએ? આપણા ઊર્મિતંત્રમાં થતી લાગણીઓની ખેંચતાણ શરીર પર શી અસર કરે છે? આખો વખત થાકેલા રહેવું એ શું શારીરિક કે માનસિક રોગની નિશાની છે? આરામ લેવાથી થાક કેવી રીતે ઊતરે છે? થાક ઉતારવા માટે બીજા કંઈ ઉપાય છે ખરા?—આવા અનેક પ્રશ્નો ઊભા થાય છે. અને આજના અતિ ઝડપી વિજ્ઞાનના યુગમાં આ પ્રશ્નોનો ઉકેલ બહુ મહત્ત્વનો ફાળો છે.

ખરેખર તો થાક એક રીતે આપણા જીવનનો સંરક્ષક છે. અમુક હદથી વિશેષ શારીરિક કે માનસિક કાર્ય કરીએ છીએ ત્યારે આપણને થાક લાગે છે. આપણને આરામ કરવાની ફરજ પડે છે. તે પછી શરીરમાં નવી શક્તિ ઉત્પન્ન થઈ શકે છે, શરીરની શક્તિ સચવાઈ રહે છે અને તેને ઓછો ઘસારો લાગે છે. એટલે જ તો થાક એ નિસર્ગે ધરેલી 'લાલબત્તી' છે. નિસર્ગે આપણા માટે મૂકેલું વિરામચિહ્ન છે. કોઈ માનસિક કટોકટી વખતે—દા. ત. મૌખિક પરીક્ષા આપવા જતાં—માણસ પરસેવાથી રેબઝેબ થઈ જાય છે, હૃદય ધડધડ થવા માંડે છે અને શ્વાસોચ્છ્વાસ વધી જાય છે—જાણે સખત શારીરિક શ્રમ ના કર્યો હોય! તેથી ઊંધું સખત શારીરિક શ્રમ કર્યા પછી આપણે માનસિક કાર્ય સહેલાઈથી કરી શકતા નથી. તે જ પ્રમાણે જ્યારે ઊર્મિતંત્ર ખળભળી ઊઠયું હોય, લાગણીઓની ખેંચતાણ થઈ રહી હોય, ત્યારે આખું શરીર કળતું હોય, કામ કરવાની ના પાડતું હોય એવું અનુભવીએ છીએ.

શારીરિક શ્રમ કરવાથી થાક લાગે છે, કેમકે આપણે જે કંઈ કામ કરીએ છીએ તે બધું સ્નાયુઓની શક્તિથી. આ સ્નાયુઓની શક્તિ મેળવવા માટે જેમ એન્જીનને કોલસાના બળતણની જરૂર પડે છે, તેમ શરીરને ખોરાકરૂપી બળતણની જરૂર છે. કોલસા બળવાથી ગરમીની શક્તિ ઉત્પન્ન થાય છે, તેમ ખાધેલો ખોરાક શરીરમાં બળવાથી ગરમી ઉત્પન્ન થાય છે. આપણા ખોરાકમાં કાર્બોહાઈડ્રેટ નામનો એક મૂળ પદાર્થ છે. તેમાંથી શરીરમાં ગ્લુકોઝ નામની ખાંડ બને છે. આ ગ્લુકોઝ રક્તદ્વારા સ્નાયુઓ, મગજ વગેરે શરીરના જુદા જુદા ભાગોમાં પહોંચે છે. અને તે જ તેમનું બળતણ છે. વળી કોઈ પણ વસ્તુને બળવા માટે હવા—ઓક્સિજન વાયુની જરૂર પડે છે. તેવી જ રીતે ગ્લુકોઝ બાળવા માટે પણ ઓક્સિજનની જરૂર પડે છે. આપણા લોહીમાં રહેલાં રક્તકણો ટપાલીની ગરજ સારે છે. તેઓ શ્વાસ વાટે અંદર આવેલા ઓક્સિજનને સ્નાયુઓ, મગજ અને શરીરના બીજા ભાગોમાં લોહીદ્વારા પહોંચાડે છે. આ ઓક્સિજન અને ગ્લુકોઝનો ભંડાર શરીરમાં ખૂબ ઓછો છે. આપણે કામ કરીએ તેમ તે વપરાતો જાય છે, તે ઓછો થતો જાય છે. તે ઓછો થતાં સ્નાયુઓની શક્તિ ઓછી થાય છે. અને જેમ મોટરનું એન્જીન હવા કે પેટ્રોલ ઓછું હોય ત્યારે ધીમું પડી જાય છે, તેમ સ્નાયુઓ કામ કરતા ધીમા પડી જાય છે—એટલે કે આપણને થાક લાગે છે!

આરામથી બેઠા કે સુતા હોઈએ, ત્યારે વધારેમાં વધારે આપણને દર મિનિટે એક પ્યાલો ઓક્સિજનની જરૂર

પડે છે. આપણે આરામ કરતા હોઈએ, ત્યારે પણ શરીરમાં અનેક ક્રિયાઓ ચાલતી હોય છે, અને તેથી શક્તિની જરૂર પડે છે અને આટલો ઑક્સિજન વપરાય છે. પણ જેવું આપણે કંઈ શારીરિક કામ કરવાનું શરૂ કરીએ કે તરત દર મિનિટે ૭ થી સાત ગૅલન ઑક્સિજન વપરાવા માંડે છે! ખૂબ ઝડપથી શરીરમાં શક્તિ પેદા થવા માંડે છે. પણ આપણે શ્વાસ દ્વારા તો દર મિનિટે વધુમાં વધુ એક જ ગૅલન ઑક્સિજન અંદર લઈ શકીએ છીએ. તેથી બાકીનો જોઈતો ઑક્સિજન આપણે લોહીના રક્તકણોમાં રહેલા ઑક્સિજનમાંથી લેવો પડે છે. આ રક્તકણોમાં રહેલો ઑક્સિજન ચારથી પાંચ ગૅલન જેટલો હોય છે.

રક્તકણોમાંના આ ઑક્સિજનને લીધે શરૂઆતમાં તો થોડા સમય માટે આપણે ખૂબ ઝડપથી કામ કરી શકીએ છીએ. પણ રક્તકણોના ઑક્સિજનનો ત્રીજો ભાગ જ શરીર વાપરી શકે છે. તેથી જીવનને અને શરીરને સંરક્ષવા મથતી અનેક શારીરિક ક્રિયાઓ આપણને કામ કરતા ધીમા પાડી દે છે. આખું શરીર દુઃખવા માંડે છે.

આ બધામાં મગજ અને જ્ઞાનતંતુઓ સૌથી મહત્ત્વના છે. તેમની પાસે ઑક્સિજન કે ગ્લુકોઝનો સંગ્રહ હોતો નથી. ધમણી અને કેશવાહિનીઓમાં ભ્રમણ કરતા લોહીમાંથી જ તેમને ઑક્સિજન અને ગ્લુકોઝ મળે છે. આ ગ્લુકોઝ અને ઑક્સિજન એ જ તેમનું પોષણ છે. જ્ઞાનતંતુઓ સ્નાયુઓને કામ કરવા ઉત્તેજે છે. તેથી લોહીમાંના ઑક્સિજન અને ગ્લુકોઝ ઓછા થઈ જાય, તે પહેલાં જ્ઞાનતંતુઓ કામ કરતાં ધીમા પડી જાય છે અને તેથી સ્નાયુઓ પણ કામ કરતાં ધીમા પડે છે. આમ સખત શારીરિક શ્રમ કરવાને લીધે થાક લાગે છે અને 'લાલબત્તી' ધરી શરીરની ખુવારી થતી અટકાવે છે.

નાનુંઅમથું મગજ!

હવે બૌદ્ધિક શ્રમની વાત વિચારીએ:

માણસનું મગજ છે તો નાનું—ફક્ત શરીરના વજન કરતાં પચાસમા ભાગનું તેનું વજન છે; પણ તે આખા શરીરની ક્રિયાઓનું પ્રેરક (initiator) અને નિયામક (controller) છે. તે કોઈ શારીરિક શ્રમનું કાર્ય કરતું નથી. છતાં તેને આખા શરીરના લોહીનો સાતમો ભાગ અને ચોથા ભાગના ઑક્સિજનની જરૂર પડે છે, તે ગ્લુકોઝ પણ બહુ વાપરે છે. પણ આટલા નાના મગજને આટલા બધા બળતણની—પોષણની જરૂર કેમ પડે છે, તેની કોઈને ખબર નથી. પણ એટલું ચોક્કસ છે કે આ બળતણ ગ્લુકોઝ અને ઑક્સિજનની રાસાયણિક શક્તિને મગજના વિદ્યુત્તિયમોજાં અને જ્ઞાનતંતુઓમાં વહેતા વિદ્યુત્તિય મોજાના પ્રવાહમાં ફેરવે છે. પણ મગજ અને જ્ઞાનતંતુઓમાં ઑક્સિજન કે ગ્લુકોઝનો સંગ્રહ છે જ નહિ. સતત ભ્રમણ કરતા લોહીમાંથી જ તેને આ લેવાં પડે છે. જો મગજમાં ભ્રમણ કરતું લોહી ફક્ત આઠ જ મિનિટ માટે બંધ થઈ જાય તો મગજ મરણ પામે છે—અને તેથી માણસ મરણ પામે છે! આમ, જીવન અને મૃત્યુ વચ્ચે નહિવત્ અંતર છે. તેથી મગજ પોતાનું સંરક્ષણ કરવા સતત જાગ્રત રહે છે. ને ભયની 'લાલબત્તી' ધરે છે. તે શરીરના બીજાં અવયવો કામ કરતાં ધીમા પડી જાય છે. તેને આપણે થાક કહીએ છે. તેથી જ શરીરના બીજા ભાગોમાં ગ્લુકોઝ અને ઑક્સિજન ઓછા વપરાય છે અને તે મગજને માટે રહે છે. અને તેથી જ આપણે માનસિક કાર્ય કરીએ છીએ ત્યારે શારીરિક શ્રમ કર્યા જેવી લાગણી થાય છે. માનસિક કાર્યને લીધે શરીરને થાક લાગે છે.

અસાધારણ શક્તિનો ઝરો

ધારો કે કોઈ માણસ સામે વાઘ આવી પડ્યો તો તે શું કરશે? કાં તો તે ઊંધું ઘાલી નાસવા માંડશે—અને તે એટલી બધી ઝડપથી અને એટલે બધે દૂર સુધી સતત, કલાકો સુધી કે આપણને નવાઈ લાગે! અથવા તો અતિ હિંમતવાળો હશે તો વાઘનો સામનો કરશે—અને તેમાં એટલું અસાધારણ જોર બતાવશે કે તેની જિંદગીમાં કદી બતાવી શક્યો ન હોત. આટલી બધી અસાધારણ શક્તિ આવે છે ક્યાંથી? આપણા શરીરમાં રહેલી આડ્રિનલ ગ્રંથિમાંથી આવા કટોકટીના સમયે આડ્રિનાલીન નામનો પદાર્થ લોહીમાં ઝરે છે. આડ્રિનાલીનથી માણસમાં તાત્કાલિક ગજબ શક્તિ આવે છે. તેનાથી હૃદય ખૂબ ઝડપથી ધડકવા માંડે છે, શ્વાસોચ્છ્વાસ ઊંડા ઊંડા ધમણ જેવા થાય છે. શરીરના બીજા ભાગોનું ઘણું ખરું લોહી મગજ, હૃદય અને સ્નાયુઓને પહોંચે છે. તેથી તેમને ખૂબ ઑક્સિજન અને ગ્લુકોઝ મળે છે. યકૃત (Liver)માં સંગ્રહ થયેલ ગ્લુકોઝ લોહીમાં આવે છે. આમ માણસને ખૂબ શક્તિ મળે છે—પણ તે કટોકટીના સમય પૂરતી જ! આ સમય વીતી ગયા પછી

આડ્રિનાલીન ઝરતું બંધ થાય છે અને માણસને સખત થાક લાગે છે. આપણે ગુસ્સે થઈએ ત્યારે આપણે ધ્રૂજવા માંડીએ છીએ તે આ આડ્રિનાલીન ઝરવાને લીધે છે.

થાક ઉતારવાના નુસખા?

માણસો થાક લાગ્યો હોય કે કંટાળી ગયા હોય ત્યારે તાજા થવા કોફી પીએ છે, ચા પીએ છે અથવા સીગારેટ–બીડી પીએ છે, પણ કેટલાક દારૂ પીએ છે. કોફી પીધા પછી જાણે થાક ઊતરી ગયો હોય તેમ લાગે છે, સ્ફૂર્તિ આવે છે. કોફીમાં રહેલ કેફીન આપણા મગજને ઉત્તેજે છે. આ કેફીન થાક ઉતારતું નથી પણ મગજ ઉત્તેજિત થવાને લીધે થાક લાગ્યો છે તેની આપણને ખબર પડતી નથી. આ કેફીનની અસર થોડો વખત જ રહે છે. તેની અસર ગયા પછી આપણને વધારે થાક લાગે છે અને તેથી હવે થાક ઉતારવા માટે પહેલાં કરતાં વધુ આરામની જરૂર પડે છે. આનું કારણ એ છે કે કેફીનની અસરને લીધે વધુ પડતી આપણી શક્તિ વપરાતી જતી હોય છે. છતાં તેની આપણને ખબર પડતી નથી.

વળી ઘણાં માણસોને સીગારેટ કે બીડી પીવાથી ઉત્તેજના લાગે છે. પણ આ ઉત્તેજના સૌથી શરૂઆતના દિવસોમાં જ લાગે છે. સીગારેટ પીવાની શરૂઆત કર્યા પછી થોડા દિવસોમાં પેલી લાગતી ઉત્તેજના જતી રહે છે અને તેને બદલે ધીમે ધીમે વધુ ને વધુ થાક લાગે છે. તંબાકુમાં નિકોટીન નામનો પદાર્થ છે. તેનાથી હૃદયના ધબકારા વધે છે અને તેથી મગજને વધુ લોહી મળે છે. તેથી શરૂઆતના દિવસોમાં મગજને વધારે ગ્લુકોઝ મળતો હોવાથી ઓછો થાક લાગે છે. પણ આ સીગારેટના ધુમાડામાં કાર્બન મોનોક્સાઈડ નામનો વાયુ હોય છે. આ વાયુ ફેફસાંમાં જવાથી રક્તકણો ઑક્સિજન પૂરતા પ્રમાણમાં લઈ શકતાં નથી. આથી વધુ થાક લાગે છે.

આમ સીગારેટ કે બીડી પીનારને શરૂઆતના દિવસોમાં તો નિકોટીનને લીધે ઉત્તેજના મળે છે પણ પછી ધુમાડામાં રહેલા કાર્બન મોનોક્સાઈડની અસર નિકોટીનની અસર કરતાં વધી જવાથી વધારે થાક લાગે છે. ઘણા એમ માને છે કે દારૂ પીવાથી થાક લાગતો નથી અને વધારે જોર આવે છે. પણ આ ખ્યાલ તદ્દન ખોટો છે. દારૂ મગજની ક્રિયાઓને ધીમી પાડી દે છે. તેથી બહુ થોડો દારૂ લેવામાં આવે તો મગજ પરનો ભાર હળવો લાગે છે અને ખરેખર થાક લાગ્યો હોય છતાં થાકની ખબર પડતી નથી.

પણ જે લોકો ખૂબ દારૂ પીએ છે તેમને ખૂબ જલદી થાક લાગે છે તેમની કામ કરવાની શક્તિ ઘટી જાય છે. આનાં અનેક કારણ છે. વધુ પડતો દારૂ મગજની બધી જ ક્રિયાઓને ખૂબ શિથિલ બનાવી દે છે. તેથી શરીરની ક્રિયાઓ ધીમી પડી જાય છે અને માણસને થાક લાગે છે. જો માણસ એકી સાથે ખૂબ જ દારૂ પીએ તો મરણ પણ પામે.

આમ થાક ઉતારવા માટે વપરાતી કેફીન જેવી અનેક દવાઓની અસર થોડા સમય પૂરતી જ રહે છે. તેમનો ઉપયોગ તો તત્કાલ પૂરતો છે.

તંદુરસ્ત જીવનની જડીબુટ્ટી

જો હંમેશ માટે આપણે આપણી કાર્ય કરવાની શક્તિ વધારવી હોય, અને થાક ઓછો લાગે એવી શક્તિ કેળવવી હોય, તો તેને માટે ખૂબ સરળ, સાદી અને કંઈ પણ ખર્ચ વિનાની ત્રણ નૈસર્ગિક વસ્તુઓ માણસે કરવી રહી—સંપૂર્ણ નિદ્રા, સપ્રમાણ આરામ અને નિયમિત સુયોગ્ય વ્યાયામ. કોઈ કહેશે કે સખત કામ કરવાથી, કસરત કરવાથી થાક લાગે છે. પણ જો આપણે નિયમિત પ્રમાણસર વ્યાયામ ન કરીએ તો પણ આપણને થાક લાગે છે એ એટલી જ ખરી વાત છે. કોઈ એક કામ કરવા માટે નિયમિત વ્યાયામ નહિ કરનાર કરતાં નિયમિત વ્યાયામ કરનારને ઓછા ઑક્સિજનની જરૂર પડે છે. વળી નિયમિત વ્યાયામ કરવાથી ફેફસાંની શ્વાસોચ્છ્વાસ કરવાની શક્તિ વધે છે. આમ નિયમિત વ્યાયામ કરવાથી આપણને ઓછા ઑક્સિજનની જરૂર પડે છે અને આપણે વધારે ઑક્સિજન અંદર લઈ શકીએ છીએ. તેથી ઓછો થાક લાગે છે.

પણ જો કોઈ માણસ નિયમિત વ્યાયામ ન કરતો હોય અને કોઈ વખત ઓચિંતા ખૂબ કસરત કરે કે કામ કરે તો તેને સખત થાક લાગે છે. અને આ થાક થોડા વખતમાં ઊતરી જતો નથી પણ તે દિવસો સુધી ટકી રહે છે. આનું કારણ એ છે કે જ્યારે કોઈ બેઠાડુ માણસ ઓચિંતો એકાએક ખૂબ કસરત કરે છે ત્યારે તેના લોહીમાંના લગભગ ચોથા ભાગનાં રક્તકણો નાશ પામે છે અને આ રક્તકણો

[અનુસંધાન પાન ૨૨૦ ઉપર]

પતિયો

—લાભશંકર ઠાકર

સાંજના લાંબા થયેલા પડછાયા સડક પર પથરાઈ ગયા હતા. એ પડછાયા પરથી વરઘોડો પસાર થઈ રહ્યો હતો. બેન્ડ-વાજાંના અવાજ કોઈ મધુર ભાવગીત ઘૂંટી રહ્યા હતા. બગીમાં ફૂલહારથી ખચિત જુવાન વરરાજા બેઠો હતો. વરરાજાના દેહ પર, એનાં વસ્ત્રો અને અલંકારો પર એની ભૂખી નજર ફરી વળી. બગી પાછળ આવતી રંગબેરંગી વસ્ત્રોથી આચ્છાદિત સ્ત્રીઓના દેહ પર એની વિવશ નજર ભમી રહી. વરઘોડો પસાર થઈ ગયો. એની થાકી ગયેલી ઉન્મત્ત નજર ફીકીમાં આવીને પટકાઈ પડી. એની ટીનની તપેલીમાંથી ઘોબાવાળો અવાજ ખખડી ઊઠ્યો. પૈસો આવ્યો-કે બે પૈસા એ જોવા એણે આંખ ન જ ઉઘાડી. બિડાયેલાં પોપચાં પાછળ નજર હજુ હાંફતી પડી હતી. એના ખવાતા જતા વામણા નાક પર એક માખી પ્રેમપૂર્વક રસપાન કરી રહી હતી. સ્પર્શની અનુભૂતિનો પરમઆનંદ માખીની સૂંઢના એ સ્પર્શમાંથી ચૂસવાનો એણે પ્રયત્ન કર્યો. એની સમગ્ર ચેતના નાકના એ બિંદુ પર એકઠી થઇને માખીની સૂંઢને—એના નાજુક પગોને ઘેલછાથી વળગી પડી. ખવાઈ ગયેલી આંગળીવાળો જમણો હાથ એણે નાજુકાઇથી ઉંચક્યો અને સ્નેહપૂર્વક પેલી માખીને સ્પર્શવા આગળ વધાર્યો. માખી ઊડી ગઈ. એની ચેતના વિખરાઈ ગઈ. એનાં શિથિલ અંગો ફૂટપાથ પર જેમ તેમ પડ્યાં રહ્યાં.

પોપચાંમાંથી એની શૂન્ય નજર બહાર નીકળી ધીમે-ધીમે ફરવા લાગી. સામે પોળના નાકે એક જુવાન ઘાટીલી મજુરણ એના નવજાત શિશુને સ્તનપાન કરાવતી હતી. બાળકની બાબરી પર સ્નેહથી હાથ ફેરવી રહી હતી. એની સમગ્ર ચેતના એની નજરમાં ફરી એકઠી થઈ. એ તૃષિત નજરે તાકી રહ્યો. પોતાની શિશુ-અવસ્થાને યાદ કરવા એણે ભારે મથામણ કરી. નિષ્ફળ પોતાની એક મનોહર શિશુછબિ કલ્પી સંતોષ લેવા એણે પ્રયત્ન કર્યો. આંખો મીંચી દઈ—જોરથી મીંચી દઈ—પોતે નવજાત શિશુ છે-માતાને ધાવી રહ્યો છે, મા બાબરી પર હાથ ફેરવી રહી છે, એવી કલ્પના કરી રાચવાનો એણે પ્રયત્ન કર્યો. કલ્પનાને તાદૃશ કરવા એના મને ખૂબ ધમપછાડા કર્યા. પોપચાં પાછળ એની નજર ગુંગળાવા લાગી. પોપચાંને જોરપૂર્વક ધક્કો મારી એ બહાર ધસી આવી. એનો શ્વાસોચ્છ્વાસ વધી ગયો. હાંફતો હાંફતો એ પડ્યો જ રહ્યો.

આછો ઝીણો અંધકાર અહીંતહીં ચોમેર ટીનની તપેલીમાં ખૂણે ખાંચરે બધે ભરાતો-છવાતો હતો. એને મ્યુનિસિપલ ટ્યુબ લાઈટે સહસા ઝબકીને ભગાડી મૂક્યો.

વેરણછેરણ અંગોને જિજીવિષાના દોરથી બાંધીને એ ઊભો થયો. ટીનની તપેલી લઈને એણે ચાલવા માંડયું.

વાહનની અવર-જવર વચ્ચેથી જે શાંતિ અને કાળજીથી એની બેડોળ-બીભત્સ કાયાએ રસ્તો ઓળંગ્યો-તે એના જિજીવિષાના મજબૂત દોરની સાક્ષી પૂરતી હતી.

[અનુસંધાન પાન ૨૧૯થી ચાલુ]

જ શરીરના જુદા જુદા અવયવો—સ્નાયુઓ, મગજ—ને ઑક્સિજન પહોંચાડે છે. આથી જ્યાં સુધી નવાં રક્તકણો શરીરમાં ન બને ત્યાં સુધી સ્નાયુઓ, મગજ વગેરે ને પૂરતો ઑક્સિજન મળતો નથી અને માણસ થાકેલો રહે છે.

આમ થાક એક રીતે આપણો સંરક્ષક છે. તે શરીરને અતિશય ઘસારામાંથી બચાવે છે અને જીવનશક્તિનું પુનર્નિર્માણ કરે છે. પણ જીવનશક્તિને વધારવા મા કાર્યશક્તિની સમૃદ્ધિ માટે પૂરતો આરામ, અને ઊંઘ, ત્ર નિયમિત સુપ્રમાણ વ્યાયામ ત્રણે નિસર્ગે માનવને આપેલ ઔષધિ છે, જીવનમાન્ય માટેની અનન્ય જડીબુટ્ટી છે.

* * *

ક્ષમાયાચના : ગયા અંકમાં 'રિચાર્ડ બાયર્ડ' (પૃ. ૧૫૨)ના લેખકનું નામ ભૂલચૂકથી રહી ગયેલું. લેખક શ્રી મહેશ શાહ છે.

બાલસાહિત્ય : નિષ્ઠા અને દૃષ્ટિ

—રમણલાલ પી. સોની

બાળક અને બાળસાહિત્યની વ્યાખ્યા બાંધતાં એકવાર ગુજરાતી કવિ સુંદરમ્‌એ કહેલું કે જે પોતાને બાળક કહેવડાવવા તૈયાર હોય તે, બાળક; અને તેને જે રસ આપી શકે તે બાલસાહિત્ય; આવા બાલસાહિત્યમાં બાલભાવોનું કલાકૌશલભર્યું નિરૂપણ હોય. બાળક એટલે નાનો માણસ નહિ, તેમ વયસ્ક માણસ એટલે મોટો બાળક નહિ. આમ બાળક અને પુખ્ત વયના પુરુષ વચ્ચે જેવો ભેદ છે, તેવો બાલસાહિત્ય અને ઇતરસાહિત્ય વચ્ચે ભેદ છે. પુખ્ત વયના માટેનું સાહિત્ય પુખ્ત વયનો લેખક સરજી શકે છે. તેના રોજરોજના અનુભવની વાસ્તવિક ભૂમિકા પર રહીને. પણ બાલસાહિત્ય રચવા માટે તેણે પોતાની વયને ભૂલવી પડે છે, અને પોતાના પ્રૌઢ અનુભવને-પ્રૌઢ વિચારધારાને અને વલણનેયે તેણે ભૂલવાં પડે છે. પોતાના સમયથી, વાતાવરણથી અને અનુભવથી પાછા ફરી, બાલસહજ માનસમાં પોતાને કેન્દ્રિત કરવાની આ ક્રિયા જેટલી સહજ સ્વાભાવિકતાથી અને સરળતાથી થઈ શકે એટલી કૃતિ સ્વાભાવિક અને સરળ બની શકે છે. કવિવર રવિન્દ્રનાથના શબ્દોમાં કહું તો સહજ ભાવે બાલકાવ્ય ન લખી શકાય તો તે લખવું અશક્ય હોય છે. કારણ કે જે સૌથી સરળ છે તે સૌથી કઠિન છે.

અહીં મને કવિવર રવીન્દ્રનાથનું કાવ્ય ' જન્મકથા ' યાદ આવે છે. બાળક માતાને પૂછે છે કે ' મા, હું ક્યાંથી આવ્યો ? હું તને ક્યાં જડી ગયો ? ' ત્યારે માતા કહે છે કે ' બેટા, તું મારા મનમાં ઇચ્છા રૂપે વસતો હતો. તું મારી એ તારા રહસ્યનો પાર હું પામી શકી નથી. તેથી મને પળે પળે બીક લાગ્યા કરે છે કે તને હું ખોઈ તો નહિ બેસું ? એટલે હું તને જોરથી છાતીએ ભીડી રાખું છું, રે શી ખબર કયા જાદુના જોરે તું-વિશ્વનું ધન, મારા આ ક્ષીણ બાહુમાં બંધાઈ રહેશે ? '

કવિએ આમાં માનવમનનું એક પરમ સત્ય પ્રગટ કર્યું છે. એમાં માતાનાં જે આશા, શ્રદ્ધા, આનંદ અને વ્યાકુળતા પ્રગટ થયાં છે, તે જેનામાં હોય તે જ બાલમાનસના લક્ષ્મણ-કુંડાળામાં પગ મૂકી શકે અને તે જ બાલસાહિત્યની સાચી કૃતિ રચી શકે. બાળક પરની શ્રદ્ધા વિના, બાલમાનસના સ્ફટિક શાં દર્શન વિના, તેની સાથે એકરૂપતા અનુભવ્યા વિના, પોતાના વ્યક્તિત્વને સાવ ભૂલી ગયા વિના બાલસાહિત્યનું સર્જન સંભવિત નથી.

ગુજરાતના પ્રથમ પંક્તિના સાહિત્યકારો બાલસાહિત્ય પ્રત્યે ગંભીર ઉપેક્ષા બતાવી રહ્યા છે. અને તેમની સમર્થ દોરવણી વિના એ સાહિત્ય એટલું નબળું રહ્યું છે. આનું સ્વાભાવિક પરિણામ એ આવ્યું છે કે આજે એક બાજુ એવી માન્યતા પ્રવર્તી રહી છે કે બાલસાહિત્યના નામે ગમે તે કાંઈ લખી શકાય.

*

બાલભક્તિમાં આપણે બાળકના ખુશામતિયા બની ગયા છીએ !

આપણે મોટાંઓ કેટલીકવાર (કે ઘણીવાર) આપણા

આ વિભાગ દ્વારા કાવ્ય અને કલાનો પ્રારંભિક રસાસ્વાદ કરાવી વિશાળ જનસમૂહ અને સાહિત્યકલાનાં સર્જનો વચ્ચે સેતુ બનવાની અભીપ્સા છે.

—સુરેશ હ. જોષી

શિશિર

ખરખર ખરે
પાનખર-પર્ણ
ઝરમર ઝરે.
શિશિરની શીત લહર જરી વાય,
વૃક્ષની કાય
જીર્ણ અતિ, પત્ર પત્ર થથરે!

પીત અતિ શુષ્ક
ખડખડે રુક્ષ
વૃક્ષથી ખરે,
હવામાં તરે,
ધીમેથી ધરતી પર ઊતરે.
એક પછી એક
ઝરંત અનેક
પત્રનો તંત
વહંત અનંત
ઊઘડે તરુવર કેરી કાય
ચીવરે પીત ધરા ઢંકાય,
વૃક્ષ નિજ રૂપ ધરંતું નગ્ન
પીત ચીવરમાં ધરતી મગ્ન
બેઉ તપ તપે
પંખી. પંખીના સોડે લપે.

—પ્રજારામ

આપણી ઇન્દ્રિયોમાં પ્રમાણમાં વિશેષ સજાગ એવી ઇન્દ્રિયો બે: આંખ અને કાન. એમાં આંખને 'નયન' કહીને, એ બીજી બધી ઇન્દ્રિયોને દોરે છે એમ પણ સૂચવાયું છે. છતાં, કેટલીક વાર દૃષ્ટિ જ્યાં ન પહોંચે ત્યાં કાન પહોંચી શકે છે. જે દૃષ્ટિસીમાની બહાર હોય, તે શ્રુતિસીમાની અંદર હોઈ શકે છે. સ્પર્શને તો નિકટતા વગર ન ચાલે. કલાના નિર્માણમાં પણ મુખ્ય તૃપ્તિ આંખ અને કાનની જ થાય છે.

આપણે રસ્તેથી ચાલ્યા જઈએ છીએ, અથવા બારી આગળ બેઠા છીએ. ઇન્દ્રિયોનું લક્ષ કોઈ એક વસ્તુ પર કેન્દ્રિત નથી, આપણે શૂન્યમનસ્ક છીએ. ત્યાં એકાએક કશોક અવાજ કાને પડે છે, સૌથી પ્રથમ કાન જાગે છે; માટે કવિ અવાજથી શરૂઆત કરે છે: 'ખરખર ખરે.' એ અવાજને શોધવા આંખ દોરવાય છે, ને ત્યારે એ અવાજ તો પાનખરનાં ખરતાં પાંદડાંનો હતો તે દેખાય છે. આમ સાંભળવાનો ને દેખવાનો સરવાળો થતાં આખું સંવેદન પૂરો આકાર પામે છે.

પહેલી લીટીમાં ખરતાં પાંદડાંની શુષ્કતાને સૂચવતો રુક્ષ અવાજ 'ખરખર' હતો, તે ત્રીજી લીટીમાં બદલાઈ ગયો. ક્રિયા પણ બદલાઈ ગઈ. જ્યારે ખરવાનું સતત ચાલુ રહે, ત્યારે એ 'ખરવું' મટીને 'ઝરમર' બની રહે. જ્યાં તૂટક તૂટકતા છે ત્યાં રુક્ષતા છે, જ્યાં ક્રિયાની ધારાવાહિતા છે ત્યાં તો ઝરમરનું સંગીત છે. પણ એ સંગીત, આંખની મદદ વિના, સિદ્ધ થયું ન હોત. અવાજ તો સંભળાયો એક જ ખરતા પાંદડાનો, પણ જ્યારે આંખ એ તરફ વળી ત્યારે અનેક પાંદડાંઓને વર્ષાની ઝરમરની જેમ ઝરતાં જોયાં. આમ ઇન્દ્રિયો સાથે મળીને એક વસ્તુને અનુભવ-ગોચર બનાવે ત્યારે વસ્તુનું રૂપ જ બદલાઈ જાય.

કાન અને આંખ પછી વારો આવ્યો સ્પર્શનો–શિશિર-

ની શીત લહરીનો સ્પર્શ થયો. કવિએ 'લહર' શબ્દ વાપરીને વળી 'જરી' શબ્દ ઉમેર્યો છે. આમ તો 'લહર'-માં જ લઘુતા, નાજુકતાનું સૂચન છે, પણ 'જરી' ઉમેરીને એની માત્રા કેમ વધારી હશે? એની પછીની પંક્તિ વાંચો:

'વૃક્ષની કાય જીર્ણ અતિ, પત્ર પત્ર થર્થરે!'

આટલી જરી સરખી લહરે વૃક્ષની જીર્ણતાને પ્રકટ કરી, પાંદડે પાંદડું થરથરી ઊઠ્યું! ફરી આ પંક્તિ વાંચી જુઓ: 'પત્ર પત્ર થર્થરે.' તરત જ ખરતાં પાંદડાંના ખરવાના અવાજ સાથે શીતના કંપનો પણ ભેગો અનુભવ થશે. પહેલાં કાન અને આંખે ભેગાં થઈને એક અનુભવ કરાવ્યો, હવે કાન અને સ્પર્શે મળીને બીજો અનુભવ કરાવ્યો.

જીર્ણતા તરફ આપણું ધ્યાન વાળતાં કવિ હવે ત્રણે ઇન્દ્રિયોને ભેગી રાખીને આખા અનુભવને નવી સમગ્રતા અર્પે છે. અહીં પણ આપણે શરૂઆત કરીએ છીએ—જીર્ણતાસૂચક પીળા રંગથી, રુક્ષ અને કર્કશ ખડખડાટથી. પણ 'ખરવા'ની ક્રિયા વળી અંતમાં 'તરવા'માં બદલાઈ જાય છે.

ઝાડ પરથી અલગ થતાં, વૃક્ષની સ-રસ સજીવતાથી અલગ થવાના આંચકામાં રહેલી કર્કશતા ખરવાની ક્રિયાના પૂર્વાર્ધમાં તો રહી જ છે, પણ વૃક્ષનો ખોળો છોડીને પાંદડું હવાને ખોળે બેસે છે કે તરત તરવા માંડે છે. આપણી આંખો સમક્ષ હવામાં સેલારા મારતું પાંદડું તરત ખડું થાય છે. અને અંતે, પૃથ્વી ઉપર એ ઊતરે છે, ('તરે'માં કેવળ 'ઊ' ઉમેરીને તરવાની અને ઊતરવાની ક્રિયા વચ્ચેનું સંક્રમણ કવિએ કેવી ખૂબીથી બતાવી દીધું છે!) ત્યારે એનામાં હળવાશ છે, મરણમાં રહેલી જડતાનો ભાર નથી.

આટલે આવ્યા પછી કવિ ફરી આપણું ધ્યાન ખરતાં પાંદડાંની ધારાવાહિતા તરફ ખેંચે છે. જો વિચ્છિન્ન કરીને એકને જ ખરતું જોઈએ તો કદાચ આપણે વ્યાકુળ થઈ જઈએ. પણ ક્રિયામાં રહેલી ધારાવાહિતા આપણા મનને એમાં તરતું કરી દે છે, ને પાણીમાં તરતા હોઈએ, ત્યારે પાણી આપણા શરીરનો થોડો ભાર પોતે ઉપાડી લે છે, તેમ ખરવાની ક્રિયાનું આ સાતત્ય જ વિચ્છેદના વિશ્લિષ્ટ ને એકાંગી અનુભવમાં રહેલી વ્યાકુળતાનો બોજ ઉપાડી લે છે; અને આપણું ધ્યાન 'અનંત વહન' તરફ જ વળે છે. અહીં પણ આ વહનની અનંતતા સૂચવવા અનુનાસિકના રણકાર-એક રણકારમાંથી પ્રતિધ્વનિત થતો બીજો રણકાર-ની પરમ્પરા કેવી સરસ ગોઠવી છે!

ઝરંત અનેક / પત્રનો તંત / વહંત અનંત...

આ કક્ષા સુધી લાવ્યા પછી કવિ આ અનુભવનું રહસ્ય પ્રકટ કરે છે; અને અહીં એક નાની પ્રાકૃતિક ઘટના વિસ્તરીને સૃષ્ટિક્રમમાં પ્રવર્તતા ઋતને પ્રકટ કરવામાં લેખે લાગે છે. વૃક્ષે વસ્ત્રનો ત્યાગ કરીને નિરાવરણતાને સ્વીકારી, તો વૃક્ષે ઉતારેલા એ વસ્ત્રને જ ધરાએ ધારણ કરી લીધું. અહીં પાંદડાંઓનો પીળો રંગ બૌદ્ધ શ્રમણોનાં પીળાં 'ચીવર'ની યાદ આપે છે. પીળા રંગની સાથેના આ અધ્યાસને કવિ ઉપયોગમાં લઈ લે છે, અને આમ તપશ્ચર્યાનો ભાવ કૃત્રિમ રીતે આરોપિત થયો હોય એમ લાગતું નથી. વૃક્ષ નિરાવરણ બનીને તપ કર છે, ધરતીને પીત ચીવર ધારણ કરાવીને, શિશિરમાં અનુભવાતી એક પ્રકારની મગ્નતાનો પણ કવિ અહીં ઉલ્લેખ કરે છે. વસંતની સમૃદ્ધિના અધિકારી બનવાને માટેનું આ તપ છે, તે કવિએ પ્રકટ કહ્યું નથી તે સર્વથા ઉચિત જ છે.

કાવ્યની છેલ્લી પંક્તિમાં કવિએ અણધારી ઉપમા પ્રયોજી દીધી છે. વૃક્ષ અને ધરતી તપ તપે છે. એ તપ જ બંનેને નિકટ લાવે છે. શિશિરની શીતનો કંપ જ આપણા એકાકીપણાનું ભાન કરાવીને કોઈની સોડની હૂંફ શોધવા પ્રેરે છે, આ નિકટતાનું સુંદર પ્રતીક તે પંખીની સોડમાં હૂંફ પામવા લપાતું પંખી. આ પ્રતીકની યોજનાથી નિકટતાની અનુભૂતિ સુરેખ આકાર ધારણ કરી રહે છે. ખરતું પાંદડું વિચ્છેદને પ્રકટ કરે છે; આમ કાવ્ય વિચ્છેદની વાતથી શરૂ કર્યું, પણ અંતમાં તપમાં જ અનુભવાતી અભિન્નતા સુધી આપણને કવિ લઈ આવ્યા. આમ ખરતાં પાંદડાંની સાથે ખરતાં ખરતાં આપણે પણ પીત ચીવર બનીને કોઈનું આચ્છાદન બની ગયા. આપણે પણ વિચ્છેદથી નિકટતા સુધીની યાત્રા પૂરી કરી.

કાવ્યમાં ખરતા પાંદડાના લયને પણ કવિ પકડી શક્યા છે, એ હવામાં જે રીતે સેલારા લેતું, તરતું તરતું નીચે ઊતરે છે, તે ગતિના લયને અનુરૂપ કાવ્યમાં એમણે લય યોજ્યો છે, એ માટે આખું કાવ્ય ફરી એકવાર સાંભળો.

ઇન્દ્રિયસંતર્પકતાની દૃષ્ટિએ શ્રી. પ્રજારામ કવિ કાન્તની પરંપરાના કવિ છે.



મહાન ભારતીય કલાકાર
શ્રી. નંદલાલ બોઝની કલા



મહાન ફ્રેંચ કલાકાર
પિકાસોનું રેખાંકન



અજંટાની
અમર ભારતીય કલા

રેખા : કોઈ પણ ચિત્ર-શિલ્પ માટે અનિવાર્ય

ચિત્ર-શિલ્પકલાના ઇતિહાસમાં કોઈ પણ જાતનું આલેખન કરવા માટે રેખાનો ઉપયોગ લગભગ અનિવાર્ય જ રહ્યો છે. એ માટે આદિકાળના ગુફામાનવ (અલ્તામેરા: સ્પેઈન)નાં રેખાંકનો લ્યો, જાપાનના વૂડકટ, અજંતાનાં ભીત્તિચિત્રો; ઇરાનનાં બારીક ચિત્રો લ્યો કે પછી લ્યો કોઈ પણ આધુનિક ચિત્રકારનું આયોજન, બધેય થોડે-વત્તે અંશે એનું મહત્ત્વ સચવાયું છે.

રેખાના પ્રકારો જોવા જઈએ તો આપણને વાંકી, સીધી, આડી, ઊભી, તૂટેલી, વળાંકોવાળી, જાડી અને પાતળી એમ અનેક જાતની રેખાઓ મળી આવે-પરંતુ જ્યારે આપણે એમાંથી રસાત્મક અનુભૂતિ મેળવવાનો પ્રયત્ન કરતા હોઈએ, ત્યારે આપણું લક્ષ્ય આ પ્રકૃતિ-જન્ય લાક્ષણિકતાઓને બદલે એમાંની દૃષ્ટિ સાથે સંબંધ ધરાવતા તત્ત્વ-ગુણ તરફ હોય છે. અને એ રીતે જ આપણે રેખાઓને વિવિધ ગુણની દૃષ્ટિએ જુદી પાડીને પ્રવાહી, લયબદ્ધ, ગતિશીલ, સ્થિર, ઋજુ કે સ્થિતિસ્થાપક ગણાવીએ છીએ.

ચિત્ર-શિલ્પ-વાસ્તુ કલાનો સંબંધ દૃશ્યેન્દ્રિય સાથે છે. કોઈ પણ પદાર્થને જોતી વખતે આંખ એના ખૂણે ખૂણા પર ફરી વળી, એની ખાસિયતો શોધી કાઢી એના ઉપયોગ વિષેનું જ્ઞાન મેળવે છે-અને મગજને પહોંચાડે છે. સામે મૂકાયેલા બધા પદાર્થોને આંખ એકી વખતે જોઈ શકતી નથી, પરંતુ પદાર્થના આકારની સાથે પદાર્થના દરેક ભાગ ઉપર ચડઊતર કરે છે અથવા તો ફરે છે, જેમાંથી એ પોતાના રસનો વિભાગ તારવીને એના પર વધુ લક્ષ આપે છે. જુદા જુદા આકારના પદાર્થો આંખની આ ક્રિયા પર જુદી જુદી રીતે અસર કરે છે. દા. ત. ખૂબ જ ગૂંચ ભરેલો અને ખરબચડો આકાર આંખને થકવી નાખે છે—તદ્દન સાદો આકાર આંખ જલ્દી પારખી શકતી નથી અને આકારોની વિવિધતાવાળો પદાર્થ જોતાં આંખને વિસામો મળે છે, જેથી તેમાં એ વધુ સારી રીતે ફરી શકે છે અને આકર્ષાય છે. દૃષ્ટિના દોરાવાની આ ક્રિયામાં પદાર્થની કિનારો અને બેસી ગયેલા તેમ જ ઉપસેલા વિભાગો ઉપરાંત રંગ, ઘનતા, પોત વગેરે પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ઉપર્યુક્ત ગુણોને લક્ષ્યમાં રાખીને કલાકારો ચિત્રમાંના આકારોને એવી રીતે આયોજિત કરે છે કે જેથી દૃષ્ટિ ચિત્રની બહાર ન ધકેલાઈ જાય, થાકી ન જાય કે એક જ જાતના આકારોથી કંટાળી ન જાય.

૦સામે પાને ત્રણ રેખાંકનોનાં ઉદાહરણો આપ્યાં છે. જેમાં-થી આપણે વિવિધ પ્રકારના રેખા-ગુણોને તારવી શકીએ. એમાંના એકેય રેખાંકનમાં રેખા સ્થિર કે બહુ જ ગતિશીલ નથી. અજંતાના રેખાંકનમાં વળેલી, લાંબી હદ સૂચવતી રેખામાં પ્રવાહી ગુણ પહેલો જ નજરે ચડશે. નંદલાલ બસુના રેખાંકનમાં પણ એ જ પ્રવાહનું પુનરાવર્તન છે. પરંતુ સાથો સાથ સાહજિકતા (કપડાંની કરચલીઓ અને મોં) સાચવવાનો પણ પ્રયત્ન છે. જેનાથી રેખામાં એક પ્રકારની ઋજુતા અને લય દેખાય છે. આંખ એ રેખા પર સહજ રીતે વિવિધ વળાંકોમાં ફરે છે. પિકાસોનું રેખાંકન તો સાહજિકતાનો સુંદર નમૂનો છે. આકારોની સીમા-રેખાને એણે નિર્બંધપણે વહેવા દીધી છે, જેથી એમાં એકસૂત્રતા તો જળવાઈ જ છે. પરંતુ elasticity પણ આવી છે.

સંગીતના ઊંચા, ધીમા-ઘેરા, તીણા સૂરોને જેવી રીતે આપણે માણીએ છીએ, તેવી જ રીતે રેખામાંનો આ લય આપણને ચિત્રમાં જુદા જુદા આકારો પર ફેરવ્યા કરે છે- આ લયની જેટલી વ્યવસ્થિત ગોઠવણી તેટલી જ રજૂઆતની સફળતા.

રેખાના આ ગુણોનો અભ્યાસ આપણે વિવિધ પ્રકારની રેખાઓ અને એના સંયોજનોમાંથી મેળવી શકીએ. જાપાની ચિત્રકારોની રેખાની પ્રવાહિતા એમના વૂડકટ્સમાં મળે છે. ઈરાની ચિત્રપ્રણાલીમાં રેખાની ઋજુતા અને ગતિ પણ સચવાઈ છે. ગુફા-માનવના પ્રાણીઓના રેખાંકન સાથે પિકાસો કે માતીસની રેખાઓનો સાહજિકતાનો સંબંધ, દક્ષિણભારતની ખૂબજ સ્પષ્ટ અને હસ્તકૌશલના સુંદર નમૂના રૂપ પણ ગૂંચભરી રેખાકૃતિઓ અને તિબેટના ટંકા (ચિત્રો) અથવા તો જૈન બારીક ચિત્રોમાંની ગતિશીલ આકૃતિઓને સરખાવવાથી આપણે રેખા-ગુણને જુદી જુદી રીતે તારવી શકીએ.

—ગુલામ મોહમ્મદ શેખ

દશરથ પટેલ : સર્વતોમુખી ચિત્ર-પ્રતિભા

આજે ગુજરાતમાં સર્વાંગી કલાક્ષેત્રે જે પ્રગતિ થઈ રહી છે, એનો ખ્યાલ પણ પંદર વર્ષ પૂર્વે આવવો અશક્ય હતો. તેમાંય, આજે ચિત્ર-કલાના ક્ષેત્રે ગુજરાતના યુવાન ચિત્રકારો જે ગૌરવભર્યાં પગલાં પાડી રહ્યા છે એ તો અપૂર્વ જ છે—પોર્ટ્રેટ, કારટુન, લેન્ડ સ્કેપ, ડેકોરેશન, ડિઝાઈન તથા ઇતર રેખા અને રંગનાં ચિત્રોમાં ગુજરાતની નવી સિદ્ધિઓ ઉલ્લેખયોગ્ય છે.

શ્રી. દશરથ પટેલે ચિત્રકલાના ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓ કોઈ પણ પ્રદેશને ગૌરવ અપાવે એવી છે. હજી તો પૂરાં ૩૦ વર્ષ થયાં નથી, ત્યાં તો ભારતના અગ્રગણ્ય કલાકારોમાં તેમણે પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. એમની કલા ચિત્રકલાનાં વિવિધ સ્વરૂપો સર કરી ચૂકી છે: શું 'ઑઈલ પેઈન્ટ' કે શું 'વૉટર કલર', કે પછી tempera—સરખી હથોટી જણાયા વિના નહિ રહે. તેઓ સિદ્ધહસ્ત રીતે ભવ્ય આકૃતિ—માણસની આખી સાઈઝ જેટલી આકૃતિ દોરે છે, તો એટલી જ સહજતાથી ceramics-(માટી કામ)ના પ્રયોગો કરી શકે છે. તેઓ અતિ અઘરી ગણાતી કલા—ધાતુ પર તથા લિથો પથ્થર પર ચિત્રકામ કરવાની કલા સુદ્ધાંમાં પ્રવીણતા ધરાવે છે.

દશરથ પટેલ ૧૯૫૬-૫૭નાં બે વર્ષ પારિસ 'નેશનલ સુપીરિયર આકોલબર આર્ટ' નામની સંસ્થામાં જગતના મહાન કલાગુરૂઓ પાસે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી, અનેક પ્રમાણપત્રો અને ઉચ્ચ પદવીઓ સાથે પાછા ફર્યા છે.

શ્રી. દશરથ પટેલ હાઈસ્કૂલ શિક્ષણનો અભ્યાસ અમદાવાદના ચી. ન. વિદ્યાવિહારમાં કરતા હતા, ત્યારથી જ તેઓ શ્રી. જીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) જેવા વિચક્ષણ પ્રિન્સિપાલની આંખમાં વસી ગયા હતા. તેમણે આ વિદ્યાર્થીની શક્તિઓ પારખી લઈ, તેમને બીજા અભ્યાસમાંથી મુક્ત કરી, શ્રી. રસિકલાલ પરીખ જેવા જાગ્રત કલાકારને સોંપી દીધા.

એ પછી તો શ્રી દશરથે પોતાના જીવન વ્યવસાય તરીકે ચિત્રકલાને અપનાવી લીધી...અને ગુજરાતના કલાગુરૂ શ્રી. રવિશંકર રાવળની ચિત્રશાળામાં થોડોક સમય ગાળ્યો. ત્યારબાદ, મદ્રાસની સુવિખ્યાત કલાશાળામાં શ્રી. દેવીપ્રસાદ રાય ચૌધરી (લલિતકલા અકાદમીના હાલના પ્રમુખ)ની પાસે રહી ચિત્રકલા અને સ્થાપત્ય બંને ક્ષેત્રે અસાધારણ સર્જક શક્તિ દાખવી: ૩-૪ વર્ષના ગાળામાં તો, સેંકડો મોટાં પેઈન્ટીંગ્સ, લેન્ડસ્કેપ, ફિગર્સ, માટીકામની કૃતિઓ, તથા ઈતર કૃતિઓનું આલેખન કર્યું. અને દિલ્હી તથા મદ્રાસમાં પોતાની એકલાની જ કૃતિઓનાં પ્રદર્શનો ભરાતાં, તેમની શક્તિઓની ભારતભરમાં જાણકારી થઈ: ભારતના ઉચ્ચ કક્ષાનાં વર્તુળો (પં. નહેરુ આદિ)એ એમની કદર કરી; અને કવિ શ્રી. હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે એમને અસાધારણ ઉત્સાહથી બિરદાવ્યા, મૌલિક સર્જકતાની ચીનગારીને ઉત્તેજીત કરી.

ભારત સરકારે એમને માસિક રૂ. ૨૫૦)ની શિષ્યવૃત્તિ આપી: તો વળી શેઠ શ્રી. વાડીલાલ લલ્લુભાઈએ એમને પરદેશ જઈ વધુ સાધના કરવા માટે આર્થિક મદદ આપી.

શ્રી. દશરથે, તેમનામાં મૂકેલાં વિશ્વાસ અને આશાઓ પૂરાં કર્યાં છે. પારિસનાં બે વર્ષ તેમણે કલાની એકનિષ્ઠ સાધનામાં ગાળ્યાં; અને પારિસના ૫૦,૦૦૦ કલાકારોમાં એમણે નામના પ્રાપ્ત કરી. એમની કૃતિઓનું સ્વતંત્ર પ્રદર્શન ભરવામાં આવ્યું, અને જગતના મહાન કલાકાર પિકાસો જેવાની શાબાશીના અધિકારી બન્યા. બાદ, ૧૯૫૭માં તેમને 'વિશ્વ યુવકમેળા'માં મોસ્કો જવાની તક મળી; ત્યાં તેઓ

રશિયન કલાસર્જકોના સીધા પરિચયમાં આવ્યા; અને યુરોપના બીજા દેશોમાંય પ્રવાસ ખેડ્યો.

આખી દુનિયામાં ચિત્રકલાના ક્ષેત્રે નામ કમાઈને આવેલા આ યુવાન દશરથને ભારત અને વિશેષત : ગુજરાત ઊમળકાભેર આવકારે છે......

(શ્રી રવિશંકર રાવળની નોંધ ઉપરથી)

*


[ગયે મહિને અમદાવાદમાં શ્રી. દશરથ પટેલની કૃતિઓનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું.

આ પ્રસંગને લક્ષમાં લઈ ગુજરાતના કલાકાર શ્રી છગનલાલ જાદવે લખેલી નોંધમાંથી—],

"શ્રી દશરથની કળામાં એક આગવું સંવેદન છે. તેમનામાં એક પ્રખર કલા પિપાસા છે. તેમનામાં સૌંદર્યની દૃષ્ટિ છે અને તે આગવી છે. કેવળ સૌંદર્યનો પ્રદેશ પામતાં પહેલાં જે કંઈ માર્ગ વટાવવો પડે તે તેમણે પસાર કર્યો છે, તેમ તેમની છેલ્લી કૃતિઓ બોલી રહી છે.

"રંગવિધાન"માં અને "રચના"માં એક એલદિલ કળાકાર જે રીતે પોતાની કૃતિને મૂર્ત કરે તેવી રીતે તદ્રુપતા સાથે, તેમણે રંગવિધાન અને રચના સંવેદનપૂર્ણ સાધ્ય કર્યાં છે.

કોઈ પણ એક રંગની અંદર કેટલી બધી શક્યતા છે તે શ્રી દશરથે તેમની છેલ્લી કૃતિઓમાં સાકાર કર્યું છે. નિલ રંગ જુઓ કે હળદરિયો રંગ જુઓ—કેવળ એક જ રંગના પટમાં વિશાળતા, સઘનતા, અંતર, અને કુદરતમાંથી પીધેલું ગૂઢ સૌંદર્ય અને કળાકારના સ્પંદનના ધબકારા કૃતિમાંથી સંભળાય છે. આ કૃતિઓ સ્વયં ધ્વનિ કે સ્પંદન પ્રસારક છે. આ શ્રી દશરથની કૃતિઓનું એક નવું-સર્જન છે, જે એના ભાવકને એક એવી સપાટી પર મૂકી આપે છે કે જ્યાં નિર્ભેળ સૌંદર્યની ઝાંખી થઈ શકે.



શ્રી. દશરથ પટેલની કલા

*

શ્રીમતી હંસાબહેન મહેતા : તેજસ્વી ઉન્મેષો

છેલ્લાં ચાળીસ વર્ષના આપણા સામાજિક, રાજકીય, સાંસ્કારિક તેમજ શૈક્ષણિક જીવનમાં શ્રીમતી હંસાબહેનના વ્યક્તિત્વના તેજસ્વી ઉન્મેષો સ્પષ્ટ જોવા મળે છે. એમની ખાસ નોંધપાત્ર વિશિષ્ટતા તો એ છે કે એમણે જીવનનાં અનેક ક્ષેત્રોમાં પ્રયોગો કર્યા છે, સિદ્ધિઓ મેળવી છે. મુશ્કેલીઓએ એમના સાહસપ્રિય સ્વભાવને પ્રવૃત્તિ તરફ પ્રેર્યો છે, એમના પરાક્રમને શાન્ત પાડ્યું નથી.

જીવનની શરૂઆતથી જ હંસાબહેન સમયને પડકારતાં આવ્યાં છે. જ્યારે કોલેજોમાં વિદ્યાર્થિનીઓ ન હતી ત્યારે એમણે કોલેજમાં પ્રવેશ કરી, સહશિક્ષણને વેગ આપ્યો. ઓગણીસ વર્ષની વયે પરદેશની મુસાફરી કરી હિંદના જાગૃત થતા સ્ત્રીત્વનો અવાજ યૂરોપ, અમેરિકા, જાપાન વગેરે દેશોમાં ગાજતો કર્યો.

સ્પષ્ટભાષિતા એમણે પ્રારંભથી જ અપનાવી. પહેલી વીસીમાં પણ એમની વાણીમાં મક્કમતા, વિચારશીલતા એટલા પ્રમાણમાં હતી કે પરદેશી અખબારોએ તેની પ્રશંસા

કરેલી. અત્યારે પણ એમની વાણીમાં એક સરખી સ્પષ્ટતા, જે કાંઈ કહેવું હોય તે વિના સંકોચે કહેવાની નીડરતા જોઈ શકાય છે.

સ્ત્રી સ્વાતંત્ર્યની ઘોષણા

૧૯૧૯માં એ લંડન ગયાં ત્યારથી શ્રીમતી સરોજિની નાયડુ સાથે એમની મિત્રતાની શરૂઆત થઈ. એ બન્નેએ મળી સ્ત્રી સ્વાતંત્ર્યની ઘોષણા કરી. સામાજિક રીતરિવાજો, પરંપરાગત રૂઢિઓ અને અજ્ઞાનને કારણે ભારતની સ્ત્રીઓની જે અવદશા થઈ તેની સામે એમણે બળવો ઉઠાવ્યો. અત્યારે સ્ત્રીઓમાં જે નવું ચેતન, સાહસિકતા વગેરે જોવામાં આવે છે તેની પાછળ હંસાબહેનનો આજીવન પરિશ્રમ પડેલો છે.

સ્ત્રીઓની અનેક સંસ્થાઓમાં એમણે અગ્રણી પદે કામ કર્યું છે. 'વર્લ્ડ યુનિવર્સિટી વિમેન્સ કન્વેન્શન'માં તેમ જ 'વિમેન્સ ઈન્ટરનેશનલ સફ્રેજ એલાયન્સ'માં ભારતના પ્રતિનિધિ તરીકે સ્ત્રી હક્કની હિમાયતની એમણે શરૂઆત કરી; તે પછી અખિલ મહિલા પરિષદ, ભગિની સમાજ, સ્ત્રી સહકારી મંડળ વગેરે અનેક સ્ત્રી સંસ્થાઓ સાથે એ સંકળાયલાં રહ્યાં છે, અને એનું પ્રમુખપદ શોભાવ્યું છે.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં

આઝાદીની લડત વખતે ગાંધીજીએ સ્ત્રીઓનું નેતૃત્વ લેવા એમને આમંત્ર્યાં તે પછીનો ઇતિહાસ ઘણો રોમાંચક છે. પ્રાદેશિક કોંગ્રેસ કમિટીના પ્રમુખ અને સ્ટુડન્ટ્સ બ્રધરહુડનાં પ્રમુખ હંસાબહેનની જ્યારે ૧૯૩૦ના ઑગસ્ટમાં પોલીસે ધરપકડ કરી ત્યારે વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો હતો. આ પગલું લેતાં પહેલાં પોલીસ વર્તુળોમાં કેટલાંય મનોમંથન થઈ ગયાં હતાં. પણ કારાવાસમાં જતી વખતે હંસાબહેને જે સંદેશો આપ્યો હતો તે સ્ત્રીઓને માટે મુક્તિમંત્ર જેવો હતો—'સફળ પરિણામ આવતાં સુધી લડત જારી રાખજો.'

૧૯૨૪માં હંસાબહેને ડૉક્ટર જીવરાજ મહેતા સાથે લગ્ન કરી સામાજિકક્ષેત્રે એક નવો યુગ પ્રવર્તાવ્યો. આ ઘટનાની અસર તે વખતે કેટલી ભારે થઈ તેનો ખ્યાલ સામાજિક ઇતિહાસ પરથી મળી આવશે. છેક અમેરિકા સુધી આ લગ્નનો પડઘો પહોંચ્યો. એક અમેરિકન અખબારે એની નોંધ લેતાં લખ્યું—"આ લગ્ન હિંદમાં જ્ઞાતિના વાડાઓ તોડે છે."

શિક્ષણ ક્ષેત્રે કાર્યદક્ષતા

શિક્ષણને હંસાબહેને જીવનમાં ઘણું મોટું સ્થાન આપ્યું છે. એમની પહેલી પરદેશ યાત્રામાં સ્ત્રીઓની કૉલેજ સ્થાપવાની ઇચ્છા એમણે દરેક દરેક પ્રસંગે વ્યક્ત કરી હતી. તે પછી સ્વદેશ પાછાં ફરીને એમણે શિક્ષણનાં અનેક નાનાં મોટાં ક્ષેત્રોમાં સક્રિય કાર્ય કરવું ચાલુ રાખ્યું. હિંદુસ્તાન સ્કાઉટ્સ એસોસિએશન, મુંબઈ યુનિવર્સિટી, આર્ટ એજ્યુકેશન કમિટી, એસ. એન. ડી. ટી યુનિવર્સિટી વગેરે અનેક સરકારી તેમ જ બીનસરકારી સંસ્થાઓ દ્વારા એમણે શિક્ષણના વિકાસ માટે પ્રયત્નો કર્યા. એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીનાં ઉપકુલપતિ તરીકે અત્યંત કાર્યદક્ષતાપૂર્વક કાર્ય કરી એમણે સ્ત્રીશિક્ષણને ગૌરવ અપાવ્યું.

૧૯૩૭માં પ્રજાકીય પ્રધાનમંડળ સત્તાપર આવ્યું ત્યારે હંસાબહેન એનાં કેળવણી અને આરોગ્ય વિષયક પાર્લામેન્ટરી સેક્રેટરી બન્યાં. તે બે વર્ષો દરમિયાન એમણે કેળવણીમાં નવીન જાગૃતી આણી.

માનવ હક્કની હિમાયત

માનવ હક્ક માટે પણ હંસાબહેન ખૂબ હિમાયત કરતાં આવ્યાં છે. ૧૯૪૭ થી ૧૯૫૦ સુધી યુનોના હ્યુમનરાઈટ્સ કમિશનમાં એ હિંદનાં પ્રતિનિધિ હતાં. આજે પણ માનવ હક્ક માટે હિમાયત કરતાં એમનું મન પ્રવર્તતી વિષમતાથી આર્ત થતું જોઈ શકાય છે.

રાજકીય સ્વાતંત્ર્ય પછીની પહેલી બંધારણ સભાનાં એ સભ્ય હતાં અને તે વખતે કાયદાના ઘડતરમાં એમણે જે ફાળો આપેલો તેની સભાની કાર્યવહી સાક્ષી પૂરે છે.

૧૯૪૯માં જ્યારે વડોદરા યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારે હંસાબહેનની સામે બે વિકલ્પો ખડા થયા; કાં તે વિશાળ રાજકીય જીવન ચાલુ રાખવું અથવા યુનિવર્સિટીનું સુકાન સંભાળી વડોદરાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવવું. હંસાબહેને યુનિવર્સિટી પસંદ કરી અને નવ વર્ષના સતત પરિશ્રમથી યુનિવર્સિટીને સુદૃઢ અને યશસ્વી બનાવી.

અભિજાત સંસ્કારિતા

હંસા બહેનના વ્યક્તિત્વની પાછળ અનેક પરિબળોની આપણને ઝાંખી થાય છે. પરંપરાગત અભિજાત સંસ્કારિતા, સ્વાશ્રયી સ્વભાવની મક્કમતા, બળવાખોર પ્રયોગવૃત્તિ, લક્ષ

[અનુસંધાન સામેના પાને]

પ્રવૃત્તિના પડઘા

આ વિભાગમાં—

• ગુજરાતભરનાં સંસ્કાર અને શિક્ષણકેન્દ્રો, સાહિત્ય અને કલાકેન્દ્રોની ખાસ નોંધપાત્ર પ્રવૃત્તિઓ અંગે—
• ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ (કલકત્તા, દિલ્હી, આફ્રિકા વગેરે મુખ્ય મથકો સહિત)ની ઉપર કહી તેવી પ્રવૃત્તિઓ અંગે—મિતાક્ષરી સમાચાર આપવાની ઇચ્છા છે.

ગુજરાત અને બહારનાં કેન્દ્રો જરૂરી માહિતી મોકલતાં રહેશે તો "માનવ" ઉપકૃત થશે.

ગોવર્ધનરામ–સ્મૃતિમન્દિર

[ઘણી મોડી તોય ન વિસારવા જેવી નોંધ]

ગઈ દશેરાને દિવસે, સં. ૨૦૧૩ આસો સુદ દશમે, ઈ. સ. ૧૯૫૭ના ઓક્ટોબરની ૧૭મી તારીખે, ગોવર્ધન-સ્મૃતિ-મંદિરનું ઉદ્‌ઘાટન નડિઆદના નાગરવાડામાં ભાઈ ઉમાશંકર જોશીને હાથે થયું. તે પ્રસંગે ડૉ. રમણીલાલ યાજ્ઞિક ને સાથેના કાર્યકરોએ જૂના—નિસ્તેજ નાગરવાડાને શણગાર્યો હતો. મેદની પણ ખૂબ હતી; વિનમ્ર કદરદાન ભાવિકોની. નડિઆદના તેમ જ બહારના ઘણા વિદ્વાનો—લેખકો—સાક્ષરો આ અંજલિમાં સાથ દેવા આવ્યા હતા. અમદાવાદના ઑલઇન્ડિઆ રેડિઓનું મ્હોટું યંત્ર પણ ભાષણો ઉતારવા હાજર હતું.

પ્રમુખસ્થાને પ્રોફેસર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી હતા. શ્રી ઉમાશંકરની સાથે સ્નેહરશ્મિ ને બીજું અમદાવાદનું મંડળ હતું. નડિઆદના વકીલ શ્રી બહેચરદાસે અને ડૉ. રમણલાલે સૌને આવકાર આપ્યો. પછી મુંબાઈની ગોવર્ધનસ્મારક સમિતિના પ્રમુખ ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યાએ આ સ્મૃતિમન્દિરની કથા કહી. ગોવર્ધનરામના બે સરસ ફોટા મન્દિરને તથા એક ભાઈ ઉમાશંકરને અર્પણ થયો. પછી જેટલાં વ્યાખ્યાનો થયાં તે બધાં સરસ હતાં. કદાચિત પ્રો. વિષ્ણુપ્રસાદનું ઘણાને સૌથી સરસ લાગ્યું. શ્રી ઉમાશંકરે આવાં વીર-સ્મરણો ને વીરપૂજા ઇંગ્લન્ડ વગેરે દેશો કેમ કરે છે તે દર્શાવ્યું. ભાઈ રવિશંકર રાવળ, ઈન્દુલાલ યાજ્ઞિક વગેરેએ પણ ઉચિત અંજલિ આપી હતી. સ્મારક

[અનુસંધાન પાન ૨૨૮થી]

ગામી પરિશ્રમ અને એવા ઘણા ઘણા બીજા ગુણો છે જે એમની સમસ્ત પ્રતિભાને વિશિષ્ટતા અર્પે છે.

સ્વભાવે હંસા બહેન અત્યંત ઋજુ તેમજ મૃદુ છે. કોઈનું પણ મનનું દુઃખ એ શાન્તિથી સાંભળે છે અને તે હળવું કરવા તત્પર રહે છે. એમની આસપાસ મમતાનું એક સ્નિગ્ધ વર્તુળ વર્તાય છે. વિચારશીલ સ્વભાવનાં હોવા છતાં વિનોદ એમને પ્રિય છે અને આંતર જીવનમાં એ ખૂબ નિરાડંબર મળતાવડા સ્વભાવનાં છે.

પ્રથમ સ્ત્રી નાટકકાર

આ કાર્યરત સન્નારીએ ગુજરાતને ભિન્ન ભિન્ન પ્રકારનું સાહિત્ય પણ આપ્યું છે. બાલવાર્તાઓ, કિશોર-વાર્તાઓ દ્વારા આપણા સાહિત્યને એમણે નવો રસ્તો ચીંધ્યો. ગુજરાતનાં એ પ્રથમ સ્ત્રી નાટકકાર છે. શેક્સપીઅરનાં બે નાટકોને એમણે ગુજરાતીમાં કાવ્યરૂપે ઉતાર્યાં છે, અને વાલ્મિકીના રામાયણનું સમશ્લોકી ભાષાન્તર કરવાનો યશ એમને ફાળે જાય છે.

આ પ્રતિભાસંપન્ન સન્નારી વડોદરા યુનિવર્સિટીનું ઉપકુલપતિપદ છોડીને ટૂંક સમયમાં જશે તે વેળાએ આપણે ઇચ્છીએ કે એમની મહાન શક્તિઓ દેશના વિશાળ હિતમાં લાંબા સમય સુધી ઉપયોગી થાય.

—ચંદ્રકાન્ત શુક્લ

સમિતિએ એક રસ પડે એવો સચિત્ર સંપુટ પણ શ્રી ઉપેન્દ્ર છ. પંડયા પાસે તૈયાર કરાવ્યો હતો.

આજ ઘરમાં ગોવર્ધનરામ, નિવૃત્તિ લીધી તે પહેલાં શરૂ કરી, લગભગ દશેક વર્ષ રહેલા; આ ઘર ગીરો મૂકાયલું; જોડેનું નાનું ઘર, જેમાં ગોવર્ધનરામ જન્મ્યા હતા ને જે એમના મામાનું હતું, તે ગોવર્ધનરામે વેચાતું લીધું, એ બે ઘરોમાં એ રહ્યા; પણ એ પછીનું ઘર હાલ વેચાયલું છે અને ગો. સ્મારક સમિતિએ, કેટલીક મુશ્કેલીથી ને ઘણે ખરચે, આ ડહેલાને ગીરોમાંથી છોડાવ્યું, વેચાતું લીધું અને હવે ગોવર્ધન–સ્મૃતિ-મન્દિર તરીકે એને ગુજરાતને સોંપ્યું. આજ ઘરની મેડી ઉપર હિંચકે તેમ જ ટેબલ પાસે ખુરશીએ ગોવર્ધનરામ બેસતા. અહીં જ એમણે ૧૯૦૧માં "સરસ્વતીચન્દ્ર" ભા. ૪ પૂરો કર્યો ને બીજા નાના મોટા ગુજરાતી–અંગ્રેજી લેખો લખ્યા. આ ડહેલાની પહેલાંની હકીકત ગોવર્ધનરામના જ શબ્દોમાં લખાયલી છે, તે પ્રકટ કરવાને મોકલેલી છે.

માંદગીમાં પથારીવશ થયા તે પહેલાં અહીં જ એ સર્વને મળતા. તેમાં મનઃસુખરામ ત્રિપાઠી જેવા મુરબ્બીઓ, પ્રોફેસર ગજ્જર, શ્રીમતી કાશીકાકી અને નાનાલાલ દ. કવિ, નરસિંહરાવ દીવેટીયા, પ્રો. બળવંતરાય ઠાકોર, પ્રો. આનન્દશંકર ધ્રુવ, ન્યાયમૂર્તિ શાહ (તે વખતે વકીલ), નડિઆદના દેસાઈ–કુટુમ્બના, ચન્દ્રશંકર પંડ્યા, અંબાલાલ, શિવલાલ, ઈંદુલાલ તથા એમના પિતા કનૈયાલાલ, વગેરેનું અમારું મંડળ—સૌ આવતા.

આ મેડીમાંનું થોડુંક ફર્નિચર મળ્યું નથી; પણ જે હિંચકાની ઉપર તથા ટેબલે તે બેસતા, ગોળફરતું "બૂક-કેસ," આરામખુરસીઓ, તથા પોતાના મુરબ્બીઓ તથા સાથીઓની પુષ્કળ છબીઓ હજી છે.

આ મ્હોટા ડહેલાની આગળની મુખ્ય મેડી, નીચેની ખડકી ને ન્હાનો ચોક વગેરે એટલાં જ હાલ સ્મૃતિમંદિરમાં છે મ્હોટા ચોકથી પાછળનો બધો ભાગ, શ્રી નરહરરામે સ્થાપેલ "લલિના–વનિતા–વિશ્રામે" વેચાતો લઈ લીધો છે. ત્યાં આ આશ્રમ બેસશે એટલે ગોવર્ધનરામ–લલિતા–નરહરરામ એ ત્રણેની સ્મૃતિ સચવાશે.

સ્મારક સમિતિએ રા. ત્રણ હજારની સાથે આ સ્મૃતિ-મન્દિરની સાચવણી પણ શ્રી મનઃસુખરામે સ્થાપેલ ઉમેદકુમારી-મંદિર તથા ડાહીલક્ષ્મીના ટ્રસ્ટીઓને સેવા વિનતિ કરી; એટલે હાલ એ સૌનાં નામ પણ સાથે આવ્યાં.

ધીરે ધીરે વ્યવસ્થામાં જોઈતા સુધારા થશે અને આ આદર્શ સ્મૃતિમંદિર બની શકશે. મને ખ્યાલ છે તે પ્રમાણે આવી જાતનું સ્મૃતિમંદિર ગુજરાતમાં ને ગુજરાતની બહાર હિંદમાં બીજું નહિ હોય.

ખાર, ૨૭ ફેબ્રુ. ૧૯૫૮ —કાન્તિલાલ છ. પંડ્યા

પ્રા. અનંતરાય રાવળ : 'અજાતશત્રુવિવેચક'

'રણજીતરામ–સુવર્ણ ચંદ્રક'નું ગુજરાતી સાહિત્યિક ક્ષેત્રે માનાર્હ સ્થાન છે. દર વરસે ગુજરાતી સાહિત્ય–કલા અને અભ્યાસના ક્ષેત્રે આગળ તરી આવનાર વ્યક્તિને આ ચંદ્રક એનાયત થાય છે. છેલ્લાં ૨૯ વર્ષથી આ ચંદ્રક અર્પણ થતો રહ્યો છે—જેમાં નિઃશંક રીતે, સાહિત્ય-કલા અને ઈતિહાસના અભ્યાસીઓની નામાવલિ આગળ તરી આવે છે.

ઈ. સ. ૧૯૫૫ના વર્ષનો સુવર્ણ ચંદ્રક તાજેતરમાં પ્રાધ્યાપક શ્રી. અનંતરાય રાવળને અર્પણ થયો છે.

શ્રી. રાવળ ગુજરાતી સાહિત્યની વર્તમાન પેઢીના અભ્યાસી વિવેચક છે. તેમને 'અજાતશત્રુ વિવેચક' તરીકે ઓળખવામાં આવ્યા છે; એમાં જ તેમની વિવેચક તરીકેની દૃષ્ટિ વ્યક્ત થાય છેઃ

તેમણે પોતે જ ચંદ્રક–અર્પણ વિધિ પ્રસંગેના પ્રવચનમાં આ દૃષ્ટિ સુંદર રીતે રજૂ કરી છેઃ

"પોતે અબુધ વાચકોને અને અજ્ઞાન લેખકોને કંઈક શીખવી રહ્યો છે અને સાહિત્યની ને પ્રજાની સેવા બજાવી રહ્યો છે એવી કોઈ ધૃષ્ટ સભાનતા કે ધરાર પટલાઈની વૃત્તિ વિના અંતરના સાહિત્યરસથી જ પ્રેરાઈ, સરવાળે સાહિત્ય-સેવા અને સંસ્કારસેવાના આનુષંગિક ફળ તરીકે બજાવનારું વિવેચન કાર્ય સહજ ભાવે પોતાની જ અભિવ્યક્તિ સારુ કરનાર સરસ્વતીભક્તની આત્મસંપત્તિ શી હોય, કેવી હોય? મારે મતે સહૃદયતા, સૌંદર્યદૃષ્ટિ, વ્યુત્પત્તિ અને સત્યનિષ્ઠા એ ચાર ગુણમાં બધું સમાવિષ્ટ થઈ જાય. એમાં સહૃદયતા તો વિવેચકનો અનિવાર્ય અગત્યનો પ્રથમાવશ્યક ગુણ.

"વિવેચકમાં સહૃદયતા હશે એટલું વિવેચન નારી બનશે, સૌંદર્યદૃષ્ટિ હશે એટલું તે સત્ત્વશાળી બનશે, અને

સત્યનિષ્ઠા હશે એટલું તે તેજસ્વી અને સાહિત્યોપકારક બનશે. આ સંપત જેટલી વધુ પ્રમાણમાં હશે અને સાથે હશે અને જાગ્રત અને સક્રિય રાખનારી ઊંડી સાહિ-ત્યભક્તિ, તેટલા પ્રમાણમાં વિવેચન "ધરમનો કાંટો" બનશે."

*

શ્રી. રાવળની સાહિત્યોપાસનાનાં ફલરૂપ ગ્રંથો: 'ગંધાક્ષત' અને 'સાહિત્યવિહાર 'એ બે વિવેચન ગ્રંથ; ઉપરાંત તેમનું સંપાદન કાર્ય: 'પ્રેમાનંદનું નળાખ્યાન,' શામળકૃત 'મદનમોહના,' 'બોટાદકરની કાવ્યસરિતા,' 'બુદ્ધિપ્રકાશ લેખસંગ્રહ' (બે ભાગ) અને 'કલાપીનો કાવ્યકલાપ' વગેરે.

શ્રી. કિસનસિંહ ચાવડા: જીપ્સીનાં જાદુ

ગયે મહિને સુરતની નર્મદ સભા તરફથી ગુજરાતના જાણીતા 'જીપ્સી' શ્રી. કિસનસિંહ ચાવડાને તેમના 'અમાસના તારા' માટે ચંદ્રક–અર્પણની વિધિ થઈ.

આજ પૂર્વે, શ્રી. ચાવડાના ટૂંકી વાર્તાઓના બે સંગ્રહો તથા અનુવાદિત ગ્રંથો પ્રગટ થયા છે. પરંતુ 'અમાસના તારા' દ્વારા તેમણે ગુજરાતી ગદ્યની એક નવીન શક્તિ—તાજગીભરી રમણીયતા પ્રદર્શિત કરી છે તે ખરેખર બેનમૂન છે.

ગુજરાતના બહુ થોડાક જ સાહિત્યકારો શ્રી. કિસનસિંહ જેટલી જીવનની તાજગી જાળવી શકયા હશે. કદાચ એનું એક મુખ્ય કારણ જીવનને એમણે જે રીતે બે ખુલ્લા હાથોએ આવકાર્યું છે, ને અપનાવ્યું છે એવું બીજા બહુ જ થોડા કરી શકયા હશે. ગાંધીજીથી માંડી અરવિંદ, માર્કસવાદથી આરંભી રજવાડાં, ભારતથી માંડી યુરોપ, કેળવણીકારો, સાહિત્યકારો, સમાજસેવકોથી માંડી અવધૂતો–પરિવ્રાજકો અને ઉસ્તાદ કલાકારોથી માંડી ગાનારીઓ, અને મજલિસોમાં મહાલનારાઓથી માંડી ફૂટપાથના રખડનારાઓ —કોણ તેમના વર્તુળથી બહાર બચી શકયું છે?

અને જાણે એક જાદુગરની ઉસ્તાદીથી તેમણે આ બધાને પોતાનાં કર્યાં છે, તે છતાં તેમને તેઓ દૂરનાં દૂર રાખી શકયા છે!

—આને પ્રતાપે તો કદાચ એમને જીપ્સીની આંખ પ્રાપ્ત થઇ છે.

—આને પ્રતાપે તો એમની કલમ તાજગીથી મહેંકતી રહી છે.

—આને પ્રતાપે જ તો તેઓ પ્રસંગોના બનાવો કરતાં તેની આંતરિક સિજ્જતને પકડવા વધુ આગ્રહી રહ્યા છે.

આમ કરતાં, અલબત્ત ઘણીવાર તેઓ શબ્દોની જટા-જાળમાં ઘસડાઈ જઈ, કલાના આંતરિક સૌંદર્ય સુધી પહોંચવામાં ધારી સફળતા મેળવતા નથી. પરંતુ, કેવળ પ્રસંગોનાં ખોખાં ને બોધપાઠોનાં જાળાંથી શણગારાતી ગુજરાતી ગદ્યની બહુતઃ વાસી અને નિર્જીવ શૈલીથી તેઓ ખરેખર બચી ગયા છે; પ્રસંગને અનુરૂપ સજીવ ગદ્યની પ્રસન્ન શૈલી સારા પ્રમાણમાં સિદ્ધ કરી શકયા છે.

બાળસાહિત્ય: અંધાધૂંધી અને ઈનામો

ભારત સરકાર તરફથી દર વરસે બાળસાહિત્ય માટે ઈનામો અપાય છે.

આ વર્ષ માટેનાં ઈનામો ગુજરાતીમાં શ્રી. રમણલાલ સોની તથા શ્રી. મનુભાઈ જોધાણીને એનાયત થયાં છે.

આ બંને લેખકોએ ગુજરાતના બાળસાહિત્યને દૃષ્ટિ તથા ઘાટ આપવામાં જે ફાળો આપ્યો છે તેની યોગ્ય કદર થવા માટે આપણે જરૂર આનંદ અનુભવીએ છીએ...

પરંતુ—ગુજરાતમાં બાળસાહિત્યના ક્ષેત્રે જે અંધાધૂંધી જામી છે, તે તો હવે ખતમ થવી જ જોઈએ.

બાળ સાહિત્યને નામે આજે તો પ્રકાશનોનો મોટો રાફડો ફાટ્યો છે. આ તબક્કે સ્પષ્ટ રીતે પૂછવું જરૂરી છે કે—

* બાળ સાહિત્યને નામે લખનારા લેખકોમાંથી કેટલાને બાળ–માનસનો પરિચય છે? કેટલાને બાળકોને યોગ્ય ભાષા આવડે છે? કેટલાને બાળકોના વિકાસની કક્ષાઓ અને જુદી જુદી ઉંમરે તેના વિકાસને અનુરૂપ વિષયો તથા ભાષાની સમજ છે? કેટલાએ બાળકો પાસે પોતાના અખતરા ચકાસી જોયા છે?

* બાળ સાહિત્યનું ક્ષેત્ર મુશ્કેલ સાહિત્ય–સર્જનોમાંનું એક છે—એ વાત જ કેટલા જાણે છે? કેટલા સ્વીકારે છે? ને એમાંના કેટલા બાળકોના જીવન ઘડતરની જાગ્રત ફરજના ભાનથી લખે છે?

અલબત્ત, કોઈ પણ લેખક, તે જે ક્ષેત્રના વાચકોને માટે લખતો હશે તેને વફાદાર છે કે કેમ એમ પૂછી શકાય; પરંતુ એનો ગમે તેવો જવાબ હોવા છતાં, આખરે તો પ્રૌઢો અને સમજદાર વર્ગો તો, બીજી સૌ પ્રવૃત્તિની જેમ લોકશાહી

રીતે—જેવી ને જેટલી લોકશાહીનો વિકાસ થયો હશે તેવી રીતે, પોતાનાં હિતઅહિત માટે જવાબદાર ઠરશે.

પરંતુ જેમ, બાળકોના શિક્ષણ અંગે—ગમે તેવા અંધેર ધંધાદારી બાળ મંદિરો તથા પ્રાથમિક શાળાઓ સામે સરકાર અને સમાજે જાગ્રત રહેવું જરૂરી છે, તેજ રીતે બાળકોનું ઘડતર કરનાર સાહિત્ય અંગેય ચાંપતી જાગ્રતિ આવશ્યક છે.

ત્યારે દુઃખની વાત એ છે કે :

* આપણે ત્યાં ઉચ્ચ પ્રતિષ્ઠિત સાહિત્યકારો બાળ-સાહિત્ય તરફ સૌથી વધુ ઉપેક્ષા સેવે છે ! મોટા ભાગના પ્રતિષ્ઠિતો જાણે બાળસાહિત્ય કોઈ ઊતરતી કક્ષાનું સાહિત્ય હોય એવી સુગાળવી વૃત્તિ સેવે છે; તો વળી કેટલાક પોતાનું ગમે તે વર્ગનું સાહિત્ય મોટા ટાઈપમાં છપાવી નાખી બાળ-સાહિત્યરૂપે પીરસવાની ધૃષ્ટતા કરતા ખચકાતા નથી !

* બાળ સાહિત્યના ક્ષેત્રે—બીજા કશાની ખાતર નહિ, પણ આપણી ઊગતી પેઢીના સર્વાંગી સંસ્કારી વિકાસની ચિંતાએ પણ, પ્રતિષ્ઠિત સાહિત્યકારો અને વિવેચકો આ દિશામાં લક્ષ આપે એવી ભલામણ કરવી જરૂરી સમજીએ છીએ.

(આજ અંકમાં જુઓ ! બાળસાહિત્યમાં દૃષ્ટિ અને હથોડી ધરાવનાર સાહિત્યકાર શ્રી. રમણલાલ પી. સોનીના એક ભાષણમાંથી ઉતારેલો ભાગ)

તા. ક. મુંબઈ સરકારે ય આ વરસે બાલસાહિત્યનાં જે ઈનામો આપ્યાં છે તેમાં શ્રી. રમણલાલ સોની, ઉપરાંત શ્રી. રમણિક અરાલવાળા, જયભિખ્ખુ, મુકુલ કલાર્થી શારદાપ્રસાદ વર્મા, રતિલાલ તન્ના, શકુંતલા, રવિશંકર પાઠક, શારદાપ્રસાદ, હરગોવિંદ મોદીનો સમાવેશ થાય છે.

અત્રે અમારે કહેવું પડે છે કે આ વર્ષનાં મુંબઈ સરકારનાં આ ઈનામોની વહેંચણી પાછળ પસંદગીની ચોક્કસ દૃષ્ટિ અથવા નિશ્ચયાત્મકતા વરતાતી નથી. જાણે વધુમાં વધુ સંખ્યાને રાજી કરવાની વૃત્તિ હોય એવું લાગે છે—જે સાહિત્ય-સર્જન માટે ઘણી જ જોખમકારક છે.

અત્રે, અમે મુંબઈ સરકારને એ વાત માટે ધન્યવાદ આપીએ છીએ કે—

* **'શિશુ સંસ્કાર શ્રેણી'ની** ચિત્ર–પુસ્તિકાઓ (કનો કક્કો, તથા ગાંધીજીનાં ઉખાણાં) નાં ઈનામોમાં લેખક (શ્રી. રમણલાલ સોની) ની સાથોસાથ તેના ચિત્રકાર (શ્રી. રવિશંકર પંડિત–કે જેમણે તે પુસ્તિકાઓને પાને પાને સુરેખ સુંદર ચિત્રો દોરી પુસ્તિકાને સજીવતા અર્પી છે) ને ય ઈનામમાં ભાગીદાર બનાવી એક આવકાર્ય પ્રણાલિકા પાડી છે.

લલિતકલા અકાદમીનાં ઇનામો

ભારત સરકારે નવી દિલ્હી ખાતે સ્થાપેલી 'લલિત કલા અકાદમી'ના કાર્યક્ષેત્રનો વિસ્તાર થતો જાય છે. તે સાથે તે દ્વારા ચાલુ રહેલ વાર્ષિક પ્રદર્શનથી ભારતના ખૂણેખૂણે પ્રગતી કરી રહેલા કલાકારોનો જનતાને પરિચય થતો જાય છે. અત્યારસુધી દર વર્ષે અકાદમી તરફથી દસ શ્રેષ્ઠ કલાશિલ્પકૃતિઓને નિષ્ણાતોની પરીક્ષક સમિતિના નિર્ણયથી દરેકને રૂા. ૧૦૦૦)નું પારિતોષિક આપવામાં આવતું હતું. અને તે પૈકી સર્વોત્તમ ઠરેલી કૃતિને વધારામાં સુવર્ણપદક (આશરે ૮૦૦ ની કીંમતનું) અપાતું. આ વર્ષે પ્રદર્શન માટે ૩૯૦ કલાકારોની ૧૦૫૦ કૃતિઓ આવી હતી. તેમાંથી ૧૧૧ કલાકારોની ૧૧૬ કૃતિઓ જ લેવામાં આવી હતી. આ પૈકી માત્ર ૭ કૃતિઓને જ રૂા. ૧૦૦૦) નું પારિતોષિક આપવામાં આવેલું. શ્રી. અમરનાથ સેહગલની શિલ્પકૃતિ Cries unheard (અરણ્યરુદન) નામની કૃતિ માટે સુવર્ણપદક આપવામાં આવ્યું છે. પારિતોષિક પ્રાપ્ત કરનાર કલાકારોનાં નામ નીચે મુજબ છે.

(૧) શ્રી. અમરનાથ સેહગલઃ શિલ્પ કૃતિ 'અરણ્યરુદન' (૨) વિરેન દેઃ ચિત્રકૃતિ "પ્રેતાકૃતિ" (૩) શ્રી. કે. કે. હેબ્બરઃ ચિત્રકૃતિ 'માહિમની દરગાહ' (૪) શ્રી. રામકુમારઃ ચિત્રકૃતિ "નારી" (૫) શ્રી. રેવાદાસ ગુપ્તાઃ ચિત્રકૃતિ "પિંજરનાં પંખી" (૬) શ્રી શાન્તી દવેઃ ચિત્રકૃતિ "પનઘટ".

પારિતોષિકની સંખ્યા ઘટાડવા સાથે લલિત કલા અકાદમીએ એક કાયમનું પ્રદર્શન રચવાને કેટલીક કૃતિઓ ખરીદી લેવાનો પ્રસ્તાવ કર્યો છે. તેમાં ગુજરાતના કલાકારો શ્રી મોહિની બક્ષી તથા બાલકૃષ્ણ પટેલનાં ચિત્રોનો પણ સમાવેશ થાય છે. તેમાંયે અમદાવાદના તરુણ કલાકાર શ્રી બાલકૃષ્ણ પટેલનાં ચિત્રો ખરીદવાનો નિર્ણય કરી અકાદમીએ ખરેખર તેમની કદર કરી છે. બીજી ખાસ નોંધપાત્ર વસ્તુ આ પ્રદર્શનમાં એ છે કે જે ૧૧૧ કલાકારોનાં ચિત્રો આ પ્રદર્શનમાં મુકાયાં હતાં તેમાં ઓગણીસ ગુજરાતી ચિત્રકારોનાં ચિત્રો પસંદ થયાં હતાં અને તેમાંથી ત્રણ ચિત્રકારોની કૃતિઓને પ્રશંસાપાત્ર ગણવામાં આવી છે. ગુજરાતના ઓગણીસ ચિત્રકારોનાં નામ નીચે મુજબ છે—

(૧) શ્રી બાલકૃષ્ણ પટેલ (૨) શ્રી દિલિપ બક્ષી (૩) શ્રી જયન્ત પટેલ (૪) શ્રી જહાંગીર (૫) શ્રી ખોડીદાસ પરમાર (૬) શ્રી મનહર મકવાણા (૭) શ્રી

મોહીની બક્ષી (૮) શ્રી પ્રદ્યુમ્ન તન્ના (૯) શ્રી પ્રદ્યુમ્ન દવે (૧૦) શ્રી ઠાકોર પટેલ (૧૧) શ્રી ટી. જે. રદી (૧૨) શ્રી વિનોદરાય પટેલ (૧૩) શ્રી માંનસીંગ છારા (૧૪) શ્રી યજ્ઞેશ શુકલ (૧૫) ફીરોઝ કાટવીટીઆ (૧૬) શ્રી મહેન્દ્ર પંડ્યા (૧૭) શ્રી આર. ડી. રાવળ (૧૮) શ્રી લક્ષ્મણ વર્મા (૧૯) શ્રી જયંત પટેલ.

પરીક્ષક સમિતિએ પ્રદર્શનના સૂચિપત્રમાં નોંધ કરી છે તેમાં જણાવ્યું છે કે—

આપણાં કલાકારોમાં યુરોપની મોડર્ન આર્ટની ભારે અસર પડી છે. અને ઘણા તો તે કૃતિઓ પરથી જ પ્રેરણા પામતા જણાય છે. પરદેશની સિદ્ધિઓના પ્રાબલ્યથી પરંપરાગત ભારતીય ચિત્રશૈલીને ભારે પીછેહઠ મળી છે અને ભારતીય ચિત્ર સત્યનિષ્ઠા અને કલ્પના ખીલવવાને બદલે નિર્માલ્ય પલાટવાળા અને તીવ્ર સંવેદન વિનાના અધઃપાત તરફ વળેલી લાગે છે.

(જનસત્તા, ૯-૩-૫૮) —ર. મ. રાવળ

નાટકો ભજવવાં ક્યાં ?

[અમદાવાદની અકળામણ]

મુંબઈ સરકારે નાટકોને કરમુક્ત કર્યાં છે એટલે એ પ્રવૃત્તિને વેગ મળશે. ઘણા બધા નાટકો ભજવવા તૈયાર થશે પણ ભજવશે ક્યાં ?

અમદાવાદમાં નાટકો ભજવી શકાય એવાં માત્ર બે જ સ્થળો છે. એક પ્રેમાભાઈ હૉલ અને બીજો ટાઉન હૉલ. કાંકરિયા ઓપન એર થિયેટર છે, પણ ત્યાં અમુક જ કાર્યક્રમો થઈ શકે એમ છે. નાટક માટે એ થિયેટર કામનું નથી. એટલે પહેલી બે જગ્યા માટે પડાપડી થાય છે. ભજવનાર મંડળીઓ અનેક અને રંગમંચ માત્ર બે. આમાં અકળામણ સિવાય બીજું થઈ પણ શું શકે ? (ગુ. સ.)

કલાપ્રવૃત્તિઓ—

મુંબઈ રાજ્યના ત્રીજા વાર્ષિક પ્રદર્શનનું તા. ચોથી માર્ચે ઉદ્ઘાટન થયું. એમાં પ્રથમ ઈનામ (રૂ. ૨૫૦૦નું) શ્રી. બી. પ્રભાને તેમના ચિત્ર ' મલબારી છોકરીઓ ' માટે મળ્યું. એ ઉપરાંત શ્રી કાંતિલાલ રાઠોડ, શ્રી દિનેશ શાહ અને શ્રી મનહર મકવાણાને અનુક્રમે રૂ. ૧૫૦૦ અને બાકીના બંન્નેને ૧૦૦૦ના ઈનામો અપાયાં.

* જાણીતા ગોવાનીઝ ચિત્રકાર લક્ષ્મણ પાઈ હમણાં જ લગભગ આઠેક વર્ષ ફ્રાન્સમાં ગાળી પાછા ફર્યા. એમની વડોદરાની મુલાકાત દરમ્યાન લલિત કલા વિદ્યાલયમાં એમણે એમનાં ચિત્રોનું નાનું શું પ્રદર્શન ભર્યું; બરોડા ગ્રુપ ઓફ આર્ટીસ્ટસ તરફથી એમનું સન્માન પણ કરવામાં આવ્યું.

* લલિતકલા વિદ્યાલય (વડોદરા)ના પ્રાધ્યાપક અને ચિત્રકાર શ્રી. કે. જી. સુબ્રમણ્યમ્ એમનું એક–વ્યક્તિ–પ્રદર્શન તા. ૨૫મી માર્ચથી મુંબઈની જહાંગીર આર્ટ ગેલેરીમાં ભરવાના છે.

* પ્રખ્યાત ચિત્રકાર શ્રી શ્યાવક્ષ ચાવડાએ ગયે મહિને એમનું એક–વ્યક્તિ–પ્રદર્શન મુંબઈમાં ભર્યું.

* ભારતીય સમકાલીન ચિત્રકારોની એક નવી ગ્રંથમાળા લલિતકળા અકાદમી તરફથી શરૂ થવાની છે. એમાંનું પ્રા. એન. એસ. બેન્દ્રેની ચિત્રકલા પરનું પુસ્તક થોડા સમયમાં બહાર પડશે.

૨૧–૩–'૫૭

[અનુસંધાન પાન ૨૨૧નું ચાલુ]

બંધુ શો સગો છે તેની બાળકને ખબર નથી, તો યે દેશભક્તિ, સ્વાર્પણ, સમાજસેવા, પતિતોદ્ધાર, સદાચાર વગેરે પોતાને ન સમજાય તેવાં અગણિત વરદાનો માટે બાળકે તેની પ્રાર્થના કરવી પડે છે !

એક બીજો પણ વિચાર અહીં રજૂ કરવાની મને જરૂર લાગે છે. બાલકાવ્યો લખતી વખતે ઘણુંખરું લખનારની નજરમાં મધ્યમવર્ગનું બાળક હોય છે. તે યે ઉપલા મધ્યમ વર્ગનું. પણ આજે એ મધ્યમવર્ગ વેગથી નીચલા થર ભણી ધકેલાઈ રહ્યો છે, એ પરિસ્થિતિનો પડઘો બાલસાહિત્યમાં હજી પડવો બાકી છે.

ફરી છેલ્લે વિશ્વના શ્રેષ્ઠ બાલકવિ રવીન્દ્રનાથને સ્મરું છું. તેમણે જે સહજ ભાવે બાલકવિતા કરી, તેવી હજી બીજો કોઈ કરી શક્યો નથી. તેનું કારણ તેમની બાળક સાથેની એકાત્મતા હતી. શ્રી. અન્નદાશંકર રાયે યથાર્થ કહ્યું છે કે, રવીન્દ્રનાથના મનની નીચે લાખ વર્ષ પહેલાનું (આદિમાનવનું) મન વાસ કરે છે. તેમનાં જોડકણાંમાં જે ચીજ રણકાર કરી ઊઠે છે, તે તેમનું વિસ્મય છે, જેવું વિસ્મય આદિમાનવમાં હતું. *

* ગયા ડિસેમ્બરમાં અમદાવાદમાં મળેલ અખિલ ભારત બંગસાહિત્ય સંમેલનમાં ' બાલવિભાગ 'ના ઉદ્ઘાટન પ્રસંગે આપેલા શ્રી. સોનીના વ્યાખ્યાનમાંથી.



મહર્ષિ ધોંડો કેશવ કર્વે

૧૦૦ વર્ષ પૂરાં થયાં ત્યારે, જાણે નવેસરથી જિંદગીની મંઝિલે ચઢવા ઇચ્છતા હોય એમ કહે છે:

" એક વાતનો મેં નિશ્ચય કરી લીધો છે કે, સાચે જ જો પુનરૂજન્મ પ્રાપ્ત થતો હોય તો મારું કાર્ય આગળ ધપાવવા માટે મને વારંવાર ભારતમાં જ જન્મ લેવાનું ગમે......"

સરકારી ઇનામોનો હેતુ

શ્રી. મનસુખલાલ ઝવેરી 'સાહિત્યનાં ઇનામો'ના આ વર્ષની પસંદગી અંગે ફ્રી પ્રેસમાં (તા. ૨૮-૩-૫૮) લખતાં જણાવે છે કે—

૧૯૫૬ની સાલનાં ઉત્તમ ગુજરાતી પુસ્તકોનાં ઇનામોની જાહેરાત વાંચતાં આશ્ચર્યમાં પડી જવાય છે કે સરકારનો આની પાછળ સાચેસાચ શો હેતુ હશે !

લગભગ બધાં જ ઇનામો (એકાદ અપવાદ સિવાય) એક સરખી ગુણવત્તા વિનાનાં પુસ્તકો વચ્ચે વહેંચી આપવામાં આવેલાં છે!

પરીક્ષક સમિતિએ કેટલીકવાર ગુણવત્તા ઉપર તો કેટલીકવાર લેખકના નામ ઉપર આધાર રાખી નિર્ણયો લીધા લાગે છે. અને પોતાની જાળ વધુમાં વધુ પાથરવાની આતુરતામાં બને એટલાં નામો ઇનામી યાદીમાં ઉમેરી લીધાં છે.

મને તો જાણે, અધિકૃત નિષ્ણાતો દ્વારા એક સરખું ધોરણ જળવાયું હોવાને બદલે, 'શેતરંજ'ની રમતમાં શિખાઉ ખેલાડી જેવા દાવ નાંખે એવું થયાની છાપ પડે છે.

જો સરકાર ખરેખર સાહિત્યિક ગુણવત્તાનું ગૌરવ વધારવાના હેતુથી ઇનામો આપવાનું ચાલુ રાખવા ઇચ્છતી હોય હોય તો કમિટીએ અપવાદ બાદ કરતાં એક ઇનામ માટે એક પુસ્તકની ભલામણ કરી દરેક વિશિષ્ટ ગુણવત્તાનો સ્વીકાર કરવો જોઈએ.

અને જો લેખકોને કેવળ ઉત્તેજન આપવાનો સવાલ હોય તો 'પહેલું' ને 'બીજું' ઇનામ એવી કક્ષાઓ રદ કરી, અમુક ભલામણયોગ્ય પુસ્તકોને સરખે ભાગે રકમો વહેંચી આપવી જોઈએ.

આજે તો જે રીતે ઇનામો અપાઇ રહ્યાં છે તેમાં વિચાર અને હેતુ બંનેનો કેવળ ગુંચવાડો જ દેખાય છે!

શ્રી. યાજ્ઞિક ઇનામ સ્વીકારવા ઇન્કાર કરે છે

અમદાવાદથી તા. ૨૫મીના સમાચાર (ટાઈમ્સ) મુજબ શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિકને તેમની આત્મકથા (ભા. ૧ થી ૩) માટે મુંબઈ રાજ્ય સરકારે રૂ. ૧૦૦૦નું ઇનામ આપવાનું જાહેર કર્યું છે. તે ઇનામનો સ્વીકાર કરવાનો શ્રી. યાજ્ઞિકે ઇન્કાર કર્યો છે; અને જણાવ્યું છે કે; "સન્માન પ્રદાશત કરવા માટે હું સરકારની તારીફ કરું છું; પરંતુ આવા જે કોઇ ક્ષેત્રે નોકરશાહી તંત્રની ડખલ જે કંઇનો સ્પર્શ કરે છે, તેને કેવળ બગાડે છે; બિભત્સ કરી મૂકે છે અને વ્યાપારીરૂપ આપી દે છે." વળી તેમણે દુઃખ સાથે જણાવ્યું છે કે, રાજ્યે લેખન અને વાણી ઉપર નિયંત્રણ મૂક્યું છે, તથા સત્તામાં જે પક્ષ છે તેને પોષક રીતે આશ્રય આપવામાં આવે છે...દ્વિભાષી સ્વરૂપની સરકાર સાહિત્ય, સંસ્કાર અને કલાને ઉત્તેજવા માટે ઓછામાં ઓછી લાયક છે...આ રીતે જેમને ખાસ જુદા પાડીને સન્માનવામાં આવે છે તેના પર તે તેની રાજકીય અસર પાથરે છે...

બર્ટ્રાન્ડ રસેલ : કલિંગ પારિતોષિક

ભારતના એક સુપુત્ર ઓરિસાના શ્રી. વી. બી. પટ્ટનાયકે 'યુનેસ્કો' ને એક મોટી રકમ એનાયત કરી છે. આ રકમમાંથી દર વરસે એક ઇનામ આપવામાં આવે છે, આશરે રૂ. ૧૫૦૦૦નું.

વિજ્ઞાનને આમ પ્રજા સુધી પહોંચાડવાનું કાર્ય કરનાર વૈજ્ઞાનિકને આ ઇનામ અપાય છે—જેને 'કલિંગ પારિતોષિક કહેવામાં આવે છે।

ભારતના મહાન ચક્રવર્તી રાજા અશોકને કલિંગ–પ્રદેશ ઉપર ચઢાઈ કરી કારમી કતલ કર્યા બાદ ઊંડો વિષાદ થયો હતો; અને 'ક્રૂર રાજ્ય–પુરુષ'માંથી 'શાંતિદૂત' તરીકે તેનું પરિવર્તન થયું હતું—આ ઐતિહાસિક ભવ્ય પ્રસંગની ભાવનાને સુયોગ્ય એવું આ કલિંગ–પારિતોષિક છે.

ઈ. સ. ૧૯૫૭નું આ પારિતોષિક ઈંગ્લેંડના મહાન લેખક, તત્ત્વવેત્તા, ગણિત શાસ્ત્રી અને વિજ્ઞાની બર્ટ્રાન્ડ રસેલને એનાયત કરવામાં આવ્યું છે. તેમને ઈ. સ. ૧૯૫૦નું સાહિત્ય માટે નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

તેઓની ઉંમર હાલ ૮૫ વર્ષની છે. આ લાંબા આયુષ દરમિયાન તેમણે ચાલીસ કરતાં પણ વધુ પુસ્તકો લખ્યાં છે.

ઇ. સ. ૧૯૫૮ના જાન્યુઆરીની ૨૮ મી તારીખે તેમને પારિસમાં યુનેસ્કોના ડાયરેક્ટર જનરલ ડૉ. લ્યુથર ઈવાન્સે કલિંગ પારિતોષિક એનાયત કર્યું તે સમયે રસેલે આપેલું ભાષણ ચોંકાવનારી રીતે મનનીય છે, તેમાંથી થોડાક મુદ્દા નીચે મુજબ છે :

"જો હોમર અને એસ્કિલસ થયા ન હોત, ડાન્ટે અને શેક્સપિયરે એક પણ પંક્તિ લખી ન હોત કે બાખ અને બીથોવને એક પણ સૂર ન ઊચ્ચાર્યો હોત તો પણ આધુનિક જમાનાના ઘણા ખરા માણસોની રોજીંદી જિંદગી અત્યારે જેવી છે તેના જેવી જ હોત. પણ જો પાયથાગોરસ, ગેલિલીઓ અને જેમ્સ વોટ ન થયા હોત તો ફક્ત યુરોપ અને અમેરિકાના જ નહિ પરંતુ હિન્દુસ્તાન, રશિયા અને ચીનના ખેડૂતોની જિંદગી આજના કરતાં તદ્દન જુદી જ હોત."

"અને આ ગહન પરિવર્તનોની તો હજુ ફક્ત શરૂઆત છે. આ વિજ્ઞાનની સિદ્ધિઓએ આપણા આજના જીવન પર અસર કરી છે, તેના કરતાં પણ વધુ અસર તો તેઓ ભવિષ્યના જીવન પર કરશે. જેમ ડ્રાઈવર વગરની રણગાડી (ટેન્ક)નું લશ્કર આંધળું, ચારે બાજુ બેફામ નાશ કરતું, કંઈ પણ હેતુ વગર આગળ દોડે જાય છે તેમ. અત્યારે વિજ્ઞાનનું સંશોધન ચારે બાજુ વિનાશ કરતું કૂદકે ને ભૂસકે આગળ ધસી રહ્યું છે."

"મારા પોતાના દેશમાં (ઇંગ્લેંડમાં) અને થોડેઘણે અંશે બીજા પાશ્ચાત્ય દેશોમાં સંસ્કૃતિ એટલે મુખ્યત્વે સાહિત્ય, ઇતિહાસ અને કળા એમ માનવામાં આવે છે. આ દૃષ્ટિકોણ 'પુનરુત્થાન યુગ'નો કમનસીબ વારસો છે, જો કોઈ માણસ ગેલલીઓ, ડેકાર્ટ અને એવા બીજા અનેક વિજ્ઞાનીઓના કાર્ય વિષે કંઈ પણ ન જાણતો હોય તો પણ તેને અશિક્ષિત ગણવામાં આવતો નથી."

"કોઈ પણ દેશના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં (સૂક્ષ્મ વૈજ્ઞાનિક બાબતો અને શાસ્ત્રીય પરિભાષા સિવાયનો) સત્તરમી સદીથી તે અત્યાર સુધીનો વિજ્ઞાનનો ઇતિહાસ અને આધુનિક વિજ્ઞાનની સર્વસામાન્ય રૂપરેખાનો સમાવેશ કરવો જોઈએ, એની મને ખાત્રી થઈ છે. જો આવું જ્ઞાન ફક્ત વિજ્ઞાનશાસ્ત્રીઓ પૂરતું જ સીમિત રહે તો હાલના જમાનામાં સારી રીતે કારભાર ચલાવવો કોઈ પણ રાષ્ટ્ર માટે ભાગ્યે જ શક્ય બને."

*

"વિજ્ઞાન અને સંસ્કૃતિ વચ્ચે થયેલો વિચ્છેદ એ તો આધુનિક જમાનાનું લક્ષણ છે."

બિનગુજરાતી ભાષાનાં આવકારદાયી પુસ્તકોનો મીતાક્ષરી પરિચય

ગાલિબ (જીવન ઔર સંકલન):

સંપાદક : પ્રકાશ પંડિત

રાજપાલ એન્ડ સન્સ : દિલ્હી રૂ. ૧–૫૦

ભારતીય કવિતા સાહિત્યમાં ઉર્દૂ કવિતા ઉંચું સ્થાન ધરાવે છે. સાથોસાથ લોકો સુધી પહોંચવાની એની શક્તિ અને પ્રણાલી પણ સ્પૃહણીય છે.

ઉર્દૂ કવિતાનો મહાન ગઝલ સમ્રાટ ગાલિબ :

" પૂછતે હૈં વો કિ 'ગાલિબ' કૌન હૈ ?
કોઈ બતલાઓ કિ હમ બતલાએં કયા ? "

બલ્કે–ગાલિબ ભારતના કાલિદાસ અને ટાગોરની જેમ ગૌરવસ્થાને પ્રતિષ્ઠિત છે.

રાજપાલ એન્ડ સન્સે ગાલિબ ઉપરાંત ઇકબાલ, જોશ, ફૈઝ, મજાઝ, સાહિર, તથા જિગરના કવિતા–સંગ્રહો (ટૂંકા જીવન પરિચય સાથેના) હિંદીમાં પ્રગટ કરીને ઉર્દૂ લિપિની આડ ભારતીય અન્ય ભાષાભાષીઓ સામેથી હટાવી દઈ ખરેખર સ્તુત્ય કાર્ય કર્યું છે.

આ દરેક સંગ્રહનું ગેટ અપ સુંદર છે. કિંમત દરેકની રૂા. ૧–૫૦ છે.

*

ફૂલ ખીલે હૈં ડાલી ડાલી (બાલસાહિત્ય):

રાજપાલ એન્ડ સન્સ : દિલ્હી રૂ. ૦–૫૦

બાળકોને રંગીન ચિત્રમય રીતે, લય અને તાલબદ્ધ પદ્યમાં ફૂલોનો પરિચય કરાવવાનો આ પ્રયાસ સ્તુત્ય છે. કોપી બુક સાઈઝમાં ગ્લેઝ પેપર ઉપર ૩૨ પાનાંની આ પુસ્તિકા સુઘડ છે. બાળકો હોંશે હોંશે આનો ઉપયોગ કરશે એવી આશા બંધાય છે. પરંતુ ફૂલોના પરિચયમાં ' તુલસી 'નો પરિચય કરી લવાયો છે તે અયોગ્ય લાગે છે.

*

ઉર્દૂ કી સર્વશ્રેષ્ઠ કહાનિયાં:

સંપાદક : પ્રકાશ પંડિત

રાજપાલ એન્ડ સન્સ : દિલ્હી રૂ. ૩–૫૦

ભારતની પ્રત્યેક મુખ્ય ભાષામાં વાર્તાસાહિત્ય સારું એવું વિકાસ પામ્યું છે. ઉર્દૂમાં આ વિકાસ પ્રમાણમાં નવો છતાં જોરદાર છે. સઆદત હસન મન્ટો, ઇસ્મત ચુગતાઈ, રાજેન્દ્રસિંહ બેદી, કૃષ્ણચંદ્ર, અબ્બાસ, મસરૂર, સાગર વગેરે—સૌની પોતપોતાની આગવી શૈલી છે. આ તથા ઇતર ખ્યાતનામ લેખકોનો આ વાર્તા સંગ્રહ બેવડી વિશેષતા ધરાવે છે : એક તો, સર્વસાધારણ રીતે ઉર્દૂનું પ્રતિનિધિત્વ ધરાવે છે; ઉપરાંત વાર્તાઓ એવા પ્રકારે પસંદ કરવામાં આવી છે કે જેથી દરેકની વિશિષ્ટતાનોય પરિચય મળે; તથા આજે ઉર્દૂ વાર્તા સાહિત્ય કઈ કક્ષાએ વિકસ્યું છે તેનોય ખ્યાલ આવે.

આ વાર્તા સંગ્રહમાં દરેક લેખકે પોતપોતાનો ટૂંકો પરિચય આપ્યો છે એ વળી એક નવીનતા છે.

હિંદી દ્વારા આ રીતે આપણને ઉર્દૂ–સાહિત્યની એક વિશિષ્ટ શાખાનો પરિચય પ્રાપ્ત થાય છે.

*

ડારવીન : વોલ્તેર : માદામ કયુરી : જગદીશચંદ્ર બસુ :

પ્રકાશક : પીપલ્સ પબ્લીશીંગ હાઉસ લિ. દિલ્હી :

બાલજીવની માલા : ૪ પુસ્તક : દરેકની કિંમત રૂ. ૧–૫૦

સ્વાધીન ભારતની પ્રજાને આજે નૂતન વિજ્ઞાનીઓની જરૂર છે; સાથે સાથે આજ પૂર્વે થઈ ચૂકેલા વિજ્ઞાનીઓનાં જીવન અને પ્રયોગોથી આમજનતાને પરિચિત કરવાનું કાર્ય પણ આવશ્યક છે.

બંગાળીમાં શ્રી. દેવીપ્રસાદ ચટ્ટોપાધ્યાય જેવા તત્વજ્ઞાન, વિજ્ઞાન, ઇતિહાસ, મનોવિજ્ઞાનના અભ્યાસીએ આ કાર્ય છેલ્લાં કેટલાંક વર્ષોથી પાર પાડયું છે. તેમની વિવિધ પ્રકારની વિજ્ઞાનમાલા (ગુજરાતીમાં નવસર્જન પ્રકાશન તરફથી પ્રકાશિત 'યમ સામે લડાઈ' 'શયતાનના સામ્રાજ્યમાં' તથા ' વિજ્ઞાન યાત્રા ')માંથી હિંદીમાં આ સરળ બોધદાયી પ્રકાશનો બાળકો–વિદ્યાર્થીઓ તથા પ્રૌઢો માટે ઉપયોગી પ્રેરક વાચન પૂરું પાડે છે.

નવું વાચન

● ગુજરાતીમાં પ્રગટતાં નવાં પુસ્તકોનો મીતાક્ષરી પરિચય ●

મહામાત્ય વસ્તુપાલનું સાહિત્ય મંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો :

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા
ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ
રૂ. ૬–૦૦

શ્રી. ભોગીલાલ સાંડેસરા ગુજરાતના બહુ જૂજ પુરાતત્ત્વ સંશોધકોમાંના એક છે. તેમનો આ ગ્રંથ તેમના અભ્યાસ અને ચીવટનું એક ઉત્તમ દૃષ્ટાંત છે. તેમણે આ ગ્રંથ તૈયાર કરતાં, અંગ્રેજી, હિંદી તથા ગુજરાતીમાં અર્વાચીન વિદ્વાનોના આ વિષયના સંશોધન ગ્રંથો અને લેખોનો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂના ગુજરાતીમાં રચાયેલ પ્રકટ અને અપ્રકટ કૃતિઓ—તમામ ઉપલબ્ધ ગ્રંથોનો ઉપયોગ કર્યો છે.

શ્રી. સાંડેસરાએ આ ગ્રંથમાં મહાઅમાત્ય વસ્તુપાલના જીવન વૃત્તાન્ત ઉપરાંત તેની રાજકીય કારકિર્દીનો ટૂંકો પરિચય આપી, સાહિત્ય અને કલા પ્રત્યેની તેની ભાવના તથા પ્રવૃત્તિ અંગે નોંધપાત્ર માહિતી રજૂ કરી છે. ઉપરાંત, તેના આશ્રયમાં વિકસેલી સાહિત્યિક પ્રવૃત્તિઓનું તો તેમણે સવિસ્તર પ્રમાણભૂત બયાન આપ્યું છે.

આ ગ્રંથ આ વિષયના અભ્યાસીઓને ઘણોજ માર્ગદર્શક થશે એવી અમારી ધારણા છે; પરંતુ એથીય વિશેષ તો, ગુર્જર સંસ્કારિતાના એક ઉજ્વળ યુગની ગૌરવભર્યી ઝાંખી આ ગ્રંથના સર્વસાધારણ વાંચકને આકર્ષ્યા વિના નહિ રહે.

વસ્તુપાલ અને તેના સાહિત્યમંડળની પ્રવૃત્તિને યોગ્ય રીતે સમજવા માટે ગુજરાતની 'સાંસ્કૃતિક અને સાહિત્યિક પાર્શ્વભૂમિકા' સંક્ષેપમાં પણ અધિકૃત રીતે રજૂ કરીને ગ્રંથકારે પ્રશસ્યકાર્ય બજાવ્યું છે.

વિદ્યા સંસ્કારના ધામ સમા વલ્લભી કેન્દ્રની તથા ત્યાર બાદના શ્રીમાલ કેન્દ્રની ઉમદા સંસ્કાર છબી આ ગ્રંથમાં જોવા મળે છે. ગુજરાતના વિકાસના આ બે યુગ ઉપરાંત, સિદ્ધરાજ–કુમારપાળનો હૈમયુગ (આચાર્ય હેમચંદ્રનો યુગ) ની ય ઠીક ઠીક ઝાંખી લેખક કરાવી જાય છે. અને પુરાણ-કાળના ગુજરાતની રાજધાની દ્વારિકાનો ઉલ્લેખ કરી, ઐતિહાસિક યુગની નગરી ગિરનગર (જૂનાગઢ)થી આરંભી વલ્લભી અને શ્રીમાલની યશગાથાનું સ્મરણ તાજું કરાવે છે. તથા અણહિલવાડ પાટણની કીર્તિગાથાનો ઉલ્લેખ કરી, આચાર્ય હેમચંદ્રની સિદ્ધિઓ તાજી કરી તેઓ આપણને વસ્તુપાળના યુગ સુધી લઈ આવે છે.

આ આખા ગ્રંથનું વાંચન આપણા મન ઉપર અચૂક રીતે એવી છાપ પાડે છે કે, આ સૈકાંઓ દરમ્યાન ગુજરાત વિદ્યા અને સંસ્કારિતાનું કેન્દ્ર રહ્યું છે; એટલું જ નહિ પણ, રાજકર્તાઓ ગમે તે ધર્મના અનુયાયી હોવા છતાં, એકી વખતે એક સાથે જૈન બૌદ્ધ અને શિવ ધર્મ—ત્રણેને સમભાવ પૂર્વક ઉત્તેજન અપાતું રહ્યું છે. ધાર્મિક સહિષ્ણુતા સંસ્કારિતાની ઉદારતા, વિદ્યા અને કલાની ઉચ્ચતા—ભારતની જેમ ગુજરાતના વિકાસમાં પણ આવી [illegible] પ્રણાલિકાનો અસાધારણ ફાળો છે. —લો.

*

પ્રેમયાત્રા

લેખક : ભગવતીકુમાર શર્મા
પ્રકાશક : શ્રી હરિહર પુસ્તકાલય, ટાવરરોડ, સુરત
મૂલ્ય : ચાર રૂપિયા

શ્રી. ભગવતીકુમાર શર્મા હજુ પચ્ચીસીને વટાવી ગયા નથી, ને "પ્રેમયાત્રા" એમની બીજી નવલકથા છે. વાર્તાનું વસ્તુ સાદું છે : નવલકથાની નાયિકા સુનંદા સુશિક્ષિત છે, એને વધારે પડતા ઠાઠ અને મોજશોખથી રહેવાનું ગમે છે.

પતિ કંઈક દબાયેલો ને લઘુતાગ્રંથિથી પીડાતો માણસ છે. જેઠ કામી છે, ને એકાંત જોઈને સુનંદાની છેડતી કરવાનો પ્રયત્ન કરે છે. આથી અકળાઈ ધૂંધવાઈને સુનંદા ગૃહત્યાગ કરીને ચાલી જાય છે. ગાડીમાં જ સેવકરામ નામના દંભી ને સાધુને વેશે શયતાન એવા કોંગ્રેસી કાર્યકરના પંજામાં એ ફસાય છે. એના હાથમાંથી છટકીને એ એની બહેનપણી વીણાને ઘરે આશ્રય લે છે. વીણાનો પતિ પણ ટૂંકા પગારમાં માંડ બે છેડા ભેગા કરતો હોય છે. આથી સુનંદા શાળામાં શિક્ષિકા બને છે. પણ વળી ત્યાં સેવકરામ મુખ્યશિક્ષક તરીકે ફૂટી નિકળે છે.

આથી, એ હવસખોર આદમીથી ભડકીને, એ ફરી નાસી જઈને પોતાના ઘરને બારણે આવી પહોંચે છે. આ દરમિયાન એનો પતિ નરેન પલ્લવી નામની પૈસાદારની દીકરી જોડે પ્રેમસંબંધથી સંકળાઈ ચૂકેલ છે. પલ્લવી અને સુનંદાનો ભેટો થાય છે, ત્યારે નરેન સુનંદાને પોતાની બેન તરીકે ઓળખાવે છે. પલ્લવીના પિતા એને અમિત નામના સુશિક્ષિત યુવાન જોડે પરણાવવા ઇચ્છે છે. પલ્લવી એમની આગળ નરેનની સાથેના એના સંબંધની વાત કરે છે. આથી પલ્લવીને નજરકેદમાં રાખવામાં આવે છે. અમિતની મદદથી જ પલ્લવી નરેનને મળે છે. તે બંને મધરાતે નાસી જવાનું નક્કી કરે છે, ત્યાં સુનંદાની જેઠાણી કુસુમ પલ્લવીને ઘરે પહોંચી જઈને આખી પરિસ્થિતિનો ઘટસ્ફોટ કરે છે. આથી પલ્લવી નરેનના પર ગુસ્સે થાય છે. તે અમિતના તરફ વળી જાય છે. બીજી બાજુ નરેન તથા કુસુમની ગેરહાજરીનો લાભ લઈને મુરલીધર ફરી સુનંદાની છેડતી કરવાનો પ્રયત્ન કરે છે. એના આ ગેરવર્તનનાં નરેન અને કુસુમ બંને સાક્ષી બને છે. નરેન સુનંદાને એના સાચા સ્વરૂપમાં ઓળખે છે ને એને અપનાવે છે.

સુનંદા વાર્તાના પ્રથમ ભાગમાં આપણી દૃષ્ટિ સમક્ષ રહે છે; બીજા ભાગમાં પલ્લવી એ સ્થાન લઈ લે છે. ઘટનાઓની યોજના કંઈક તકલાદી ને નાટકી સ્વરૂપની છે. સંઘર્ષનું સ્વરૂપ અત્યંત સ્થૂળ છે. ટેક્ષીની દોડાદોડ, ચાલતી ગાડીએ ચઢી જવું, હવસખોરીના રેઢિયાળ ઢબે યોજાયેલા પ્રસંગો, વાર્તાના પોતને ફિસ્સો બનાવી દેતો અનુચિત વિસ્તાર —આ દોષો લેખકની કલાસૂઝ હજુ વિકસી નથી તે બતાવે છે. ચિત્રપટમાં યોજાય છે તેવી, વાર્તાના છેડા ભેગા કરીને એનો સુખી અંત લાવવાની તરકીબ તથા એ સમયનો નાટકી સંવાદ આપણી રુચિને કઠે છે. નવલકથા એ અઘરું સાહિત્યસ્વરૂપ છે. સ્હેજ રોચક થઈ પડે એવી સુવાચ્ય કથા આપવાથી નવલકથા સરજાતી નથી.

—સુ. જો.

*

‘માનસ દર્શન’

લેખક : રમણલાલ પટેલ
પ્રકાશક : રમણલાલ પટેલ, સાઇકોએનાલીસ્ટ, કૃષ્ણનિવાસ, પાંચમે માળે, ચર્નીરોડ, ક્વીન્સ રોડ જંકશનઃ મુંબઈ
કિંમત રૂ. ૩–૭૫.

વિશ્વનાં રહસ્યો સમજવામાં ભૌતિક વિજ્ઞાનમાં જેટલી મહત્તા આઈન્સ્ટાઈનની શોધોની છે, એટલી જ મહત્તા મનોવ્યાપારોનાં વિવિધ ચિતવેશોનાં મૂળ શોધવામાં ફ્રોઈડના મનોવિજ્ઞાનની છે.

માનવ જેવો છે તેવો જ સમજવાને, અને એની અંતર્ગત પરિસ્થિતિનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ફ્રોઇડે જે વિશિષ્ટ પદ્ધતિ અખત્યાર કરી, તેને મનોવિશ્લેષણ કહેવામાં આવે છે. માનવ સ્વભાવનો અભ્યાસ કરતા મનોવિજ્ઞાનમાં અને મુખ્યત્વે માનસરોગ ચિકિત્સામાં એનો બહુમૂલ્ય ફાળો છે, એ નિર્વિવાદ છે. એ પહેલાં આપણા મનોવ્યાપારોનો What અને Howની દૃષ્ટિએ જ અભ્યાસ થતો હતો; ત્યારે મનોવ્યાપારોનો એનાં અંતર્ગત કારણો, whyની દૃષ્ટિએ અભ્યાસ કરવામાં ફ્રોઇડે એક નવું જ મંડાણ કરેલું છે.

આવા અગત્યના વિષયથી તો ઘણા ભાગના વાંચકો (બેશક, અંગ્રેજી વાંચકો) સામાન્ય રીતે પરિચિત છે જ. પરંતુ, ગુજરાતી વાંચકોને એનો પરિચય હજી સુધી થયો નહોતો અને આવે પ્રસંગે શ્રી. રમણલાલ પટેલ જેવા અનુભવી અને સ્વભાવપ્રેમી લેખકે મનોવિશ્લેષણની માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે તે બેશક, આવકારપાત્ર છે જ.

શ્રી. રમણલાલ પટેલે ‘માનસદર્શન’ ગુજરાતીમાં લખીને જે પોતાનો ઉત્સાહ બતાવ્યો છે તે પ્રશસ્ય છે. સાથે સાથે આમજનતામાં પણ એ લોકભોગ્ય બની રહ્યું છે, તે વાચક વર્ગને વિષયાભિમુખ બનાવવામાં મદદ કરશે એમ માનીએ તો ખોટું નહિ.

પરન્તુ, પ્રથમ પ્રયત્નને લીધે અને થોડામાં વધુ કહી દેવાની ઉતાવળમાં પુસ્તકમાં રહેવા પામેલી ત્રુટિઓ પ્રત્યે એમનું ધ્યાન દોરીએ છીએ.

સૌથી પ્રથમ તો, મનોવિશ્લેષણશાસ્ત્રના પાયાના સિદ્ધાન્તો, પદ્ધતિઓ અને આયોજનોનો સામાન્ય ખ્યાલ લેખક આવા પ્રથમ પુસ્તકમાં આપવો જોઈતો હતો, એનો અભાવ બહુ સાલે છે.

બીજું, પુસ્તકમાં ઠેરઠેર દૃષ્ટાંતો આપ્યાં છે. દૃષ્ટાન્તોનો ઉપયોગ અમુક મૂળભૂત સિદ્ધાન્તોને સમજવામાં સરળતા પડે એ પૂરતો જ કરવામાં આવે છે. પરંતુ આ પુસ્તકમાં મનોવિજ્ઞાનના સિદ્ધાન્તની વ્યવસ્થિત રજૂઆતના અભાવમાં દૃષ્ટાન્તો માત્રથી વૈજ્ઞાનિક જ્ઞાન પર્યાપ્ત નથી.

ત્રીજું, મનોવિશ્લેષણની પદ્ધતિ, neurosis અને psychosis ની નિદાન અને ચિકિત્સા પદ્ધતિઓમાંની એક છે. માનસિક રોગોનાં નિદાન અને ચિકિત્સામાં એનું સ્થાન શું છે, અને એ કેટલે અંશે સફળ થાય છે, તેનું તાટસ્થ્યપૂર્ણ વિવેચન એક પ્રકરણમાં આપી શકાયું હોત. આ પુસ્તકમાં લેખક સાચા વિષયના નિરૂપક કરતાં પ્રચારક વધુ માલુમ પડે છે.

ચોથું, પુસ્તકમાં નિરૂપેલા વિષયોમાં પણ સારી એવી ભેળસેળ માલુમ પડે છે. વિચિત્રવર્તન કે વર્તનદોષોથી નીકળી, માન્યતાના જાળામાંથી પસાર થઈને ધર્મોની ઉત્પત્તિ સુધી લેખક વિસ્તારથી ઘૂમ્યા છે. પરંતુ એમાં કોઈ વ્યવસ્થિત યોજના માલુમ પડતી નથી.

પાંચમું, વિષયનું જે ગાંભીર્ય છે, માનવ મનના ખરા સ્વભાવને સમજવા માટે એની પ્રક્રિયાઓનો જે ઉપયોગ થાય છે, એ બધું યોગ્ય ગંભીરતાથી રજૂ કરવાને બદલે લેખક કાં તો 'ઓ, માનસશાસ્ત્ર તો આ જ ને ? એમાં તે શું નવું છે ?' એવી લાગણી જન્માવે છે, અથવા આ વિષય વિષે ' ઓહો ' નો ભાવ પ્રગટ થાય છે.

છેવટે, અનુભવી અને ઉત્સાહી લેખક પુસ્તકની આગામી આવૃત્તિમાં આટલી વસ્તુઓનો ખ્યાલ રાખશે, તો એમણે ગુજરાત પર મોટો ઉપકાર કર્યો ગણાશે. અને એમના આગામી પ્રકાશનમાં આનું પુનરાવર્તન ન થાય એટલું જ આપણે તો ઇચ્છીએ.

—પ્રફુલ્લ પટેલ

બાપુની ઝાંખી

લે : કાકા કાલેલકર

નવજીવન પ્રકાશન મંદિર : અમદાવાદ કિં. રૂ. ૧-૦૦

મૂળ હિંદીમાં લખાઈ ગુજરાતીમાં અનુવાદિત થયેલ આ પુસ્તકનું આ ત્રીજું પુનર્મુદ્રણ છે-એટલે કે ૧૯૪૯ થી ૫૭ સુધીમાં ૧૫૦૦૦ નકલો પ્રગટ થઈ ચૂકી છે.

કાકા સાહેબની શૈલીમાં લખાયેલા ગાંધીજીના જીવન અંગેના ૧૦૧ નાના નાના પ્રસંગો અહીં સંગ્રહાયા છે. આ પ્રસંગો કાકાસાહેબે તેમના કારાવાસ દરમ્યાન (મદ્રાસ-વેલોર જેલમાં ૧૯૪૨માં) લખાવેલા છે. આમાંના અનેક તેમના પોતાના સ્વાનુભવના છે, તો કેટલાક ગાંધીજીના ઈતર અંતેવાસીઓ—સાથીઓ પાસેથી સાંભળેલા છે.

આ પ્રસંગોમાં ગાંધીજીના જીવનની તેજછાયા સમી અનેક રેખાઓ જોવા પામીએ છીએ. એમાંની કેટલીક રેખાઓ ખાસી ઊપસી છે (સેવા માટે જ વાંચો, પગપાળા જ નીકળ્યા, સત્યાગ્રહી ખરા ને ?, બે આત્માઓનું મિલન, સાંઢની પેઠે શીંગડાં પર, ઝેર ચૂસી લીધું, માના જેવું વહાલ, શિસ્ત પાલન, હું જ એનો ગેરસપ્પા છું, જીન તનુ દ્વિયો, વગેરે) તો કેટલીક આછી રેખાઓ છે. પરંતુ આ બધા પ્રસંગો વાંચી જનારને ગાંધીજીનાં કેટલાંક નહિ જાણેલાં ખુશનુમા પાસાંઓનાં જાણ તો થાય જ છે. અને કદાચ આ નાનકડા પુસ્તકનો આજ ખરો લાભ છે—હેતુ પણ કાકા સાહેબે એ જ રાખ્યો છે. એટલે તો, ' મને પોતાને આ ચોપડીથી સંતોષ નથી, ' અને ' જે સંસ્મરણો અહીં આપ્યાં છે તે એના કરતાં વધારે સારી રીતે જરૂર આપી શકાત; ' એવી જાણકારી છતાં, જે છે તે સ્વરૂપે રજૂ કરી દીધાં છે. અલબત્ત, કેટલાક અતિ સાધારણ પ્રસંગો કાઢી નાખવામાં આવત તો યોગ્ય જ થાત.

*

ગાંધીજીનો વિનોદ :

લે. લલ્લુભાઈ મકનજી

નવજીવન પ્રકાશન મંદિર : અમદાવાદ કિં. ૦-૬૫ ન. પૈ.

ગાંધીજીનાં અનેક પાસાંમાંથી એક—જે ગાંધીજીની નીકટ આવેલાંઓથી અજાણ્યું નથી, છતાં એકંદર ઓછું જાણીતું રહ્યું છે તે—ગાંધીજીની વિનોદવૃત્તિ દર્શાવતા પ્રસંગો

આલેખવાનો અહીં પ્રયાસ છે. કેટલાક લાક્ષણિક પ્રસંગો (બિચારૂં હૈયું, અરે મને શીંગડાં ઊગ્યાં, કન્યા અંતે ભાગી ગઈ, તમે મિજાજ ગુમાવો છો ? ઘડિયાળો ભલે જુદી પડે, અરીસાની શી જરૂર, યશ મળવો મુશ્કેલ છે, સ્વાગત, પાપનું પ્રાયશ્ચિત, તેની સાથે શાદી કરીશ, પ્રાર્થના કરો, વત્તા ચાર અને ઓછા ચાર) બાદ કરતાં બાકીના ઘણા ફિક્કા જણાય છે—તો પછી વિનોદ તો શાનો જ ? આવા પ્રસંગો ચાળીને સંગ્રહ થાય તે ઉચિત છે.

*

બાપુની છાયામાં : લે : બળવંતસિંહ

નવજીવન પ્રકાશન મંદિર : અમદાવાદ રૂ. ૨–૫૦

ગાંધી–સાહિત્ય રોજ રોજ વધતું જાય છે. તેમાં કેટલાક મહત્ત્વના ઉમેરા થતા રહ્યા છે—છેલ્લામાં છેલ્લા **અતિ નોંધપાત્ર** છે: શ્રી. પ્યારેલાલનાં ‘ધ લાસ્ટ ફેઝ ’ના ગ્રંથો. ગાંધી વિચારધારાને સમજવા તથા નાયકને સમજવા, તે યુગની સમસ્યાઓ અને તેનું આંતરિક રહસ્ય સમજવા માટે ઉપયોગી થાય તેવા અનેક ગ્રંથો આવકાર્ય છે. આમાં ગાંધીજીના અનુયાયીઓ અને અંતેવાસીઓ પોતાના પ્રસંગો લખવા પ્રેરાય અથવા તો ગાંધીજીની છાયામાં પોતાના થયેલા વિકાસની કેટલીક મહત્ત્વની માહિતી આપતા જાય એ પણ આવકાર્ય છે.

આ પુસ્તકમાં એક અલ્પશિક્ષિત આશ્રમવાસીનાં સ્મરણો છે, એ વિશેષતા છે; ઉપરાંત વર્ધા આશ્રમની સ્થાપના તથા સંચાલનની અને આશ્રમ જીવનની અનેક વીગતો આ પુસ્તકમાં ઉપલબ્ધ છે.

‘ પરંતુ, વીગતોની મર્યાદા અને પસંદગી કર્યા વિના ૩૪૬ જેટલાં પાનાંમાં વિસ્તરેલો આ ગ્રંથ અનુચિત વિસ્તારને કારણે તથા શૈલીના અભાવને કારણે વાચનક્ષમ બન્યો નથી.

*

સામયિકો

શ્રી. ફોર્બસ ગુજરાતી સભા : ત્રૈમાસિક

(એપ્રિલ–ડિસેમ્બર’ ૫૭)
પ્રાપ્તિસ્થાન એન. એમ. ત્રિપાઠીની કું. લિ.
પ્રિન્સેસસ્ટ્રીટ, મુંબઈ–૨
વાર્ષિક લવાજમ રૂ. ૪–૦

શ્રી. ફોર્બસ ગુ. સભા ઉપર છેલ્લા વર્ષ દરમ્યાન બે આફતો તૂટી પડીઃ સંસ્થાના વડીલ માર્ગદર્શક શ્રી. કૃષ્ણલ કાકાનું તથા સંસ્થાના એકનિષ્ઠ સંચાલક શ્રી. શંકરપ્રસ રાવલનું અવસાન. આ સ્થિતિમાં સંસ્થાનું પુનરસંગઠન ક ત્રૈમાસિક વ્યવસ્થિત કરવામાં વિલંબ થયાનું સંસ્થાના ન સંચાલક જણાવે છે. એ રીતે આ અંકમાં ત્રણ ત્રૈમાસિ અંકો સમાવી લેવામાં આવ્યા છે.

આ અંકની સામગ્રી જોતાં પણ ‘ભાષા મીમાંસા અંગેનો મહત્ત્વનો અભ્યાસી લેખ બાદ કરતાં, અભ્યાસી કક્ષાનાં લખાણો બહુ ઓછાં દેખાય છે. ઇચ્છીએ ગુજરાતની રઢીખડી ‘ રિસર્ચ ’ સંસ્થાઓ અને તેનાં સામયિકોમાં આ સંસ્થા પોતાનું સ્થાન જાળવી રાખવા સજાગ પ્રયત્નશીલ રહે.

*

ગુર્જરી : (૧૯૫૭) સંપાદકઃ જયંત બક્ષી

ગુજરાતી કલબ : નવી દિલ્હી

‘ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી નવી દિલ્હી સંસ્કાર સરિતાઓનું સંગમતીર્થ બન્યું છે—’ આ સંપાદકીય સૂત્ર કેટલું બધું સાચું છે ! તમામ પ્રકારના સંસ્કારો અને તમામ દેશોની સંસ્કારિતાઓની સરિતાઓ દિલ્હીમાં રોજ અવિરત વહ્યા જ કરે છે : દિલ્હી નિવાસી ગુજરાતીઓને એ સદ્ભાગ્ય પ્રાપ્ત છે. વરસોથી ત્યાં વસતા ગુજરાતીઓમાં આ ભારતીય અને આંતરરાષ્ટ્રીય સંસ્કારિતાઓના સતત સંપર્કે નવી સાંસ્કારિક જાગ્રતિ આણી હોય એ અતિ સ્વાભાવિક છે; અને પ્રત્યેક ગુજરાતી માટે આનંદની વાત છે.

‘ગુર્જરી’ વાર્ષિક એ વાતની કેટલેક અંશે સાક્ષી પૂરે દિલ્હીમાં વસતા ગુજરાતી લેખકો—શ્રી. કૃષ્ણલાલ શ્રીધરાણ વિષ્ણુકુમાર પંડ્યા, રમણલાલ પાઠક, સરોજ પાઠક, જય બક્ષી, સ્વપ્નસ્થ (તાજેતરમાં મુંબઈ જઈ વસેલા)નાં લખા ઉપરાંત ગુજરાત ભરના સિદ્ધ હસ્ત સાહિત્યકારોનાં લખાણો આ વાર્ષિક સમૃદ્ધ થયેલું છે, એ સાચું છે; પરંતુ ભારતીય અ જગતની સંસ્કારિતાના સંગમ તીર્થે વસેલાઓનું વાર્ષિ આવું ‘એક પ્રચલિત–રોજિંદુ–સારું વાર્ષિક’ બની અટકી એ ખૂંચે એવું નથી ? દિલ્હીના ગુજરાતી ‘વાર્ષિક’માં ભારતીય–જાગતિક સંસ્કારિતાનો બુલંદ પડઘો ઊઠવો જોઈતો હતો. એનો અભાવ ખૂબ જ મોટી ઊણપ રૂપ ગણાય

*

લોકભારતી :

તંત્રી, કાંતિલાલ હ. પરીખ, ૧૯૨૩ ગાંધીમાર્ગ-અમદાવાદ વાર્ષિક રૂ. ૮.

ઘણાં વર્ષ પૂર્વે 'પ્રજાબંધુ' સાપ્તાહિક પ્રગટ થતું બંધ થયું ત્યારથી સર્વદેશીય સમાચારોના સાપ્તાહિકની ઘણી ખોટ વરતાઈ રહી હતી.

૧૯૫૮માં જાણે એ ખોટ પૂરવાના હેતુથી, અમદાવાદથી 'લોકભારતી' અને સુરતથી 'અરુણોદય' પ્રગટ થયાં છે.

'લોકભારતી'ના તંત્રી શ્રી. કાંતિલાલ હ. પરીખ જાણીતા પત્રકાર છે; તથા લોકજીવનના અને સંસ્કાર જીવનના જાગૃત વિચારક છે. એમનું હથોટીદાર સંપાદન આજસુધી પ્રગટ થયેલા અંકોમાં સ્પષ્ટ વરતાઈ આવે છે; પ્રજાના પ્રશ્નો, સર્જાતો ઇતિહાસ, કાયદા અને કાનૂન, ટૂંકી વાર્તા, વિદ્યા અને વિદ્યાર્થી, સંસ્કાર લક્ષ્મી, કામદાર, બાલભારતી, સાહિત્ય તથા જીલ્લા જીલ્લાના સમાચારો વગેરે વિભાગોથી સાપ્તાહિક સંપન્ન છે.

અમે આ સાપ્તાહિકનો ઉત્તરોત્તર વિકાસ ઇચ્છી તેને આવકારીએ છીએ.

*

સાહિત્ય સંગમ : (રાજકોટ)

(ગુજરાતી-હિંદી-અંગ્રેજી પ્રકાશનોની માસિક પરિચય પત્રિકા) વાર્ષિક રૂ. ૩-૦

ગુજરાતીમાં પ્રકાશન પ્રવૃત્તિ વધી રહી છે; અને ભારતની સ્વતંત્રતા બાદ બીજી ભારતીય ભાષાઓ અને સાહિત્યનો પરિચય પણ ગુજરાતી સંસ્કારિતાનું એક અનિવાર્ય અંગ લેખાવું જોઈએ. ત્યારે વિવિધ ભાષાનાં પ્રકાશનો અને સાહિત્ય પ્રવૃત્તિઓનો પરિચય કરાવે એવી પ્રવૃત્તિ આદરણીય છે એ નિઃશંક છે.

પરંતુ આ કાર્ય અતિશય મુશ્કેલ છે. કેવળ પ્રકાશનોની વાત કરીએ તોય, ગુજરાતી ઉપરાંત હિંદી અને અંગ્રેજી પુસ્તકોનાં નવાં નવાં પ્રકાશનોના પ્રચંડ ગંજમાંથી સારું શિષ્ટ અને ખરેખર બીજાઓને ચીંધવા જેવું પસંદ કરવું અને તેની માહિતી આપવી—અસાધારણ કાર્ય છે; એને માટે એ પ્રકારના અભ્યાસીઓનો—બલ્કે સતત રીતે મોટા પ્રમાણમાં તેના પરિચયમાં રહેતા અભ્યાસીઓનો સહકાર **પ્રથમ શરત** છે. તેમાંય આ પત્રિકા તો 'સાહિત્ય સંગમ' સાધવાનો વિશાળ ઉદ્દેશ પણ ધરાવે છે; તે ધ્યાનમાં લેતાં, તેનો પ્રથમ અંક બહુ ઓછી ઉપયોગિતા દર્શાવે છે.

'સાહિત્યસંગમ'ને કેવળ વેપારી દૃષ્ટિ ઉપરાંત સાચા અર્થમાં **પરિચય પત્રિકા** બનાવવી હોય તો તેમાં ધરમૂળથી ફેરફારો કરવા ઘટે.

*

પ્રસારિકા (આકાશવાણીનું મુખપત્ર)

પબ્લિકેશન્સ ડિવિઝન : દિલ્હી-૮

કિંમત ૦-૫૦

ઑલ ઇન્ડિયા રેડિયો તરફથી પ્રગટ થતા આ ગુજરાતી મુખપત્રના ૧૯૫૭માં બે અંકો પ્રગટ થયા હતા, એમ જાણવા મળે છે. ત્યારબાદ, ૧૯૫૮નો આ પ્રથમ અંક છે.

સરકારી પ્રકાશનોમાં ઘણીવાર સુઘડતાનો અભાવ હોય છે, પરંતુ આ અંક ઊડીને આંખે વળગે એવો સુઘડ ને આકર્ષક છે.

મુંબઈ તથા અમદાવાદ-વડોદરાનાં રેડિયો મથકો ઉપરથી ગુજરાતના ખ્યાતનામ લેખકો અને જાહેર સેવકોની વાણીનો પ્રસાર થતો રહેતો હોઈ એમની વાણી અહીં સંગ્રહ પામે એ તો સ્વાભાવિક છે; પણ અહીં વિષય પસંદગી પણ સારી થઈ હોવાની છાપ પડે છે—વૈવિધ્ય અને સુરુચિ બંને વરતાય છે. અલબત્ત, વ્યક્તિઓનાં 'રેખાચિત્રો' સંતોષજનક નથી.

*

અરુણોદય :

તંત્રી નાનુભાઈ બ. નાયક—સુરત

છૂટક બે આના

'રાષ્ટ્રની સર્વાંગી પ્રગતિ માટેનું સાપ્તાહિક': સંપાદકનો આ દાવો તેના આજ સુધીના અંક જોતાં, ઘણો નિષ્ફળ દેખાય છે. વધુ શ્રમ અને ચીવટ પૂર્વક તેનો વિકાસ કરવામાં આવે તો સારું...

[અનુસંધાન પાન ૧૯૨થી ચાલુ]

તો વળી, અમેરિકા સ્વતંત્ર માર્ક્સવાદી વિચારકો લિયો હુબરમાન અને પૉલ સ્વીઝી પોતાના માસિક 'મંથલિ રિવ્યુ' (૧૯૫૮ જાન્યુઆરી અગ્રલેખ) દ્વારા ભારતીય રાહની વિશેષતા તરફ લક્ષ ખેંચે છે. પરંતુ ભારતીય સામ્યવાદી પક્ષની માન્યતા સાવ ઊલટી છે. એની માન્યતા મુજબ:

* ભારત સરકાર મૂડીવાદી–જમીનદારી સરકાર છે, જેમાં મૂડીવાદનું વર્ચસ્વ છે; અને એની નીતિ પાછળનો હેતુ **સ્વતંત્ર મૂડીવાદી રાહપર** ભારતનો વિકાસ સાધવાનો છે.

અને આના સબળ પુરાવામાં, આગળ કહી તેવી ભારતીય સરકારની ગંભીર કમજોરીઓ અને હિચકિચાહટોનાં દૃષ્ટાંતો આપવા ઉપરાંત, કેટલાક સૈદ્ધાન્તિક સવાલો ઊભા કરે છે:

* શું ઉદ્યોગો રાજ્યની માલિકીના યા તેના કાબૂ નીચે લાવવા માત્રથી સમાજવાદનો રાહ અપનાવ્યો એમ કહી શકાય ખરૂં?

* ભારતની પાર્લામેન્ટે તથા કોંગ્રેસે સમાજવાદી સમાજ રચનાને નામે તેનું જે સ્વરૂપ આજ સુધીમાં રજૂ કર્યું છે તેને શુદ્ધ વૈજ્ઞાનિક સમાજવાદ સાથે કશું લાગે વળગે છે ખરૂં?

* ક્રાંતિકારી કામદાર પક્ષના હાથમાં રાજ્ય સત્તા આવે નહિ ત્યાં લગી **કદિ પણ સમાજવાદની કલ્પના પણ શક્ય છે?**

'* આ સિવાયના બીજા પ્રકારના અખતરાઓમાં સમાજ-વાદને નામે સમાજવાદની ઠેકડી જ થઈ નથી શું? મુસોલિની અને હિટલરના સમાજવાદના દાવાઓની વાત જતી કરીએ તોય, ફ્રેન્ચ અને બ્રિટનની સમાજવાદી સરકારોના અનુભવ પણ ઓછા ચોંકાવનારા ને નિષ્ફળ છે?

૫

'ઐતિહાસિક' અને 'સૈદ્ધાન્તિક' સવાલોનો વિચાર કરીએ.

એક તો, મુખ્ય ઉદ્યોગો ઉપર રાષ્ટ્રની માલિકી સ્થાપવાથી શું સમાજવાદી અર્થરચના બની જાય છે?

હરગિઝ નહિ. રાષ્ટ્રના મુખ્ય ઉદ્યોગો ઉપર કેવળ રાજ્યની માલિકી થવાથી સમાજવાદ આવી જતો નથી એ સમજવા માટે કાંઈ બહુ લાંબે જવાની જરૂર નથી.

જગતના તમામ દેશોમાં રેલવે, તાર ટેલિફોન, શસ્ત્ર-ઉત્પાદન, વગેરે તો રાજ્યની માલિકીના જ છે; અને ઘણા બધા મૂડીવાદી દેશોમાં—બ્રિટન, અમેરિકા, જર્મની વગેરેમાંય આજે સાર્વજનિક જરૂરિયાતના અને ચાવીરૂપ અનેક ઉદ્યોગો રાજ્યની માલિકી અગર કાબૂ નીચે હોય છે. છતાં આમાં ક્યાંય સમાજવાદી સમાજ રચના નથી એય સ્પષ્ટ છે.

આ વાતનો સ્વીકાર કરવો તથા એમ પણ કહેવું કે **આજ પૂર્વે** કામદાર વર્ગની સરમુખત્યારી નીચે જ સમાજવાદની સ્થાપના થઈ છે, એ એક વાત છે; પરંતુ એના પરથી એવો અટળ અચળ સિદ્ધાન્ત કરી બેસવો કે કોઈ દેશમાં કોઈ કાળે કામદાર વર્ગની 'સરમુખત્યાર સત્તા' સ્થપાયા વિના સમાજવાદ શક્ય જ નથી, એ બીજી વાત થઈ.

ગમે તેટલા પલટાયેલા સંજોગોમાંય એ સત્ય જ છે અને સદાકાળ માટે સર્વત્ર એ સત્ય જ રહેશે—એમ કહેવું (કમ્યુનિસ્ટ પક્ષ: ઇન્ડિયાઝ પાથ: ઑક્ટોબર ૧૯૫૬) અંધ સૂત્રપૂજાનું જ લક્ષણ ગણાય. લેનિને તો એમ પણ કહ્યું હતું કે—

"રાજ્યનો 'ઇજારદારી મૂડીવાદ' સમાજવાદ માટેની સંપૂર્ણ ભૌતિક તૈયારી રૂપ છે—એ તો સમાજવાદનો 'છડીદાર' છે; ઇતિહાસની સીડીનું એ એવું પગથિયું છે કે એની અને સમાજવાદી પગથિયા વચ્ચે **બીજા કોઇ વચગાળાનાં પગથિયાં** નથી.'

તથા "...**જો સાચેસાચ ક્રાંતિકારી લોકશાહી રાજ્ય અસ્તિત્વમાં હોય તો,** રાજ્યનો 'ઇજારદારી મૂડીવાદ' અનિવાર્ય રીતે અને નિશ્ચિત રીતે સમાજવાદ ભણીનું પગલું અથવા પગલાં બની જાય છે..."

તો પછી ભારત માટે આવું શા માટે શક્ય નથી શ્રી અજય ઘોષ **એક જ કારણ** આપે છે:

"મૂડીવાદ ગમે તેટલો ઉદ્દામ અને પ્રગતિશીલ હોય સમાજવાદની રચના તે કરી શકતો નથી...કેમકે સમાજવાદ સાવ નવા જ આર્થિક સંબંધો ઉપર ઊભેલો હોય છે. શહેર શ્રમજીવીઓ (પ્રોલેટારિયેટ)ના નેતૃત્વમાં લોકશાહી આમ જનતાને હાથમાં રાજ્ય સત્તા એ તો સમાજવાદની પૂર્વશરત છે...આ વિના સમાજવાદ અકલ્પ્ય છે."

[માનવ : એપ્રિલ '૫૮.

અને ઉમેરે છે કે—

આજની ભારતીય સરકાર તો મૂડીવાદી વર્ગના નેતૃત્વમાં મૂડીવાદી–રજવાડી વર્ગની પ્રતિનિધિ સરકાર છે!

ટૂંકમાં એને હાથે સમાજવાદની જાહેરાતો, સંકલ્પો ને પ્રયાસો કેવળ દંભ છે, અથવા ઝાંઝવાનાં જળ છે!

ભારતીય પ્રયોગની વિશિષ્ટતા

ભારતીય સામ્યવાદી પક્ષની કરૂણતા એ છે કે તે માર્કસવાદી શાસ્ત્રોમાં બોધેલા શબ્દોની સપાટીથી નીચે ઉંડાણમાં જઈ વિચારી શકતો નથી!

૦ ભારતનો ઈતિહાસ, ભારતની રાષ્ટ્રીય પ્રણાલી, ભારતની સ્વાધીનતાની લડત, અને એ લડતના સુકાની મહાત્મા ગાંધી તથા પં. નહેરૂ, તેમના નેતૃત્વમાં રાષ્ટ્રીય કૉંગ્રેસનું સ્વરૂપ અને તેનો ફાળો; આ બધાંમાં રહેલી ભારતીય વિશિષ્ટતા જોવાનો પ્રયાસ સુદ્ધાંને તે હસી કાઢે છે.

૦ અને માર્કસ–લેનિને બોધેલી સમાજવાદની વ્યાખ્યા સાથે ભારતીય સમાજવાદના પ્રયોગનો પૂરો મેળ ન ખાતાં તેને છેતરપિંડી કહી હડધૂતે છે!

ભારતની રાષ્ટ્રીય અસ્મિતાનો જે રીતે વિકાસ થયો છે, તેની સાચી સમજણમાં આ સમસ્યાની સાચી ચાવી રહેલી છે, આ સત્ય તો આપણા પડોશી પરદેશીઓ (રશિયા–ચીન) પણ સમજતા થયા છે:

"ભારતીય સ્વાતંત્ર્યની લડતની ભવ્ય પ્રણાલીની અસર કરોડો ભારતવાસીઓનાં મન ઉપર છાપ મૂકી ગયેલી છે; અને ભારતીય પરદેશ નીતિના સામ્રાજ્યવાદ વિરોધી વલણનાં કારણોમાં તે એક નિર્ણાયક બળ છે."

(ઈંટરનેશનલ એફેર્સ: ૧૯૫૮ જાન્યુ.)

પ્રાચીન ભવ્ય ઐતિહાસિક પ્રણાલીની વાત વિસ્તાર ભયે અહીં જતી કરીએ તો ય—

ગાંધી–નહેરૂ કૉંગ્રેસની વિશિષ્ટતા

ગાંધીજી અને પં. નહેરૂની નેતાગીરી નીચે રાષ્ટ્રીય રાહે આજસુધીમાં જે વિકાસ સાધ્યો છે, એની 'વિશિષ્ટતા' સમજવી આવશ્યક છે:

૧. ગાંધીજીએ છેક ૧૯૧૪માં 'હિંદ સ્વરાજ' લખી ભારતીય સ્વરાજના પાયાની જે કલ્પના કરી હતી તે કોઈ રીતે મૂડીવાદી કહી શકાય એવી ન હતી.

૨. ૧૯૩૨માં કરાંચી કૉંગ્રેસમાં જે "મૂળભૂત અધિકારો"નો ખરડો સર્વાનુમતે પસાર થયો હતો (જેમાં પં. નહેરૂ, સુભાષબાબુ, માનવેન્દ્ર રોય તથા કમ્યુનિસ્ટ–સમાજવાદી નેતાઓએ આગેવાનીભર્યો ફાળો આપ્યો હતો) તે કોઈ હિસાબે 'મૂડીવાદી' ન હતો—બલ્કે, તેમાં 'ભારતીય સમાજવાદ'નાં બીજ જોઈ શકાશે.

૩. ૧૯૩૮માં પં. નહેરુને પ્રમુખપદે રાષ્ટ્રીય આયોજન કમિશન નીમાયું, તેણે તૈયાર કરેલો ખરડો નિઃશંક રીતે 'ભારતીય સમાજવાદ'ના પાયારૂપ હતો.

૪. ભારતીય પાર્લામેન્ટે 'સમાજવાદી ધોરણની સમાજ' રચનાનું ધ્યેય પોતાના બંધારણમાં રજૂ કર્યું છે, એ કોઈ રીતે મૂડીવાદી કહી શકાય એવું નથી.

૫. ખુદ કૉન્ગ્રેસે પોતાના ધ્યેય તરીકે 'સમાજવાદી સમાજ રચના'નો સ્વીકાર કર્યો છે. જગતના કોઈ દેશમાં મૂડીવાદી પક્ષે, **સત્તા પર આવ્યા પછી** સમાજવાદી સમાજ-રચનાનું ધ્યેય જાહેર કરેલું જાણ્યામાં છે ખરૂં?

૬. જગતના કોઈ મૂડીવાદી રાજ્યે, પોતાની એકંદર સબળ પરિસ્થિતિ છતાં, પોતાની રાષ્ટ્રીય હકુમતના એક પ્રદેશમાં (કેરાલા) બિલકુલ **લોકશાહી બંધારણીય માર્ગે કોમ્યુનિસ્ટ રાજ્યની સ્થાપના** થવા દીધી હોય, એવું કદિ બન્યું છે ખરૂં? શું જગતના લોકશાહી વિકાસમાં ભારતની આ અપૂર્વ દેણગી નથી?

શકયતાનું રહસ્ય

ભારતમાં આ બની શકયું છે તેનાં ત્રણ કારણ છે—

૧. રાષ્ટ્રીય પ્રણાલી.

૨. જાગતિક જાગ્રતિ અને વર્તમાન પરિસ્થિતિ: જેને કારણે ભારતીય **રાષ્ટ્રીય મૂડીવાદનું પોતાનું હિત** પણ મૂડીવાદી વિકાસ કરતાં સમાજવાદી સ્વરૂપના વિકાસમાં શકય બન્યું.

૩. ગાંધીજી અને પંડિત નહેરૂ જેવાની, આ બન્ને પરિસ્થિતિઓનો ઉપયોગ કરવાની શક્તિ.

આને પરિણામે—

રાષ્ટ્રીય કોંગ્રેસમાં મૂડીવાદી વર્ગનું વર્ચસ્વ વારંવાર જોર કરતું હોવા છતાં, ગાંધીજી એને મુખ્યતઃ મૂડીવાદી સ્વાર્થનું હથિયાર બની જતાં રોકી શક્યા.

* તેજ રીતે પં. નહેરુ સ્વાતંત્ર્ય બાદ એને સમાજવાદી ઓક સુધી લઈ જઈ શક્યા.

આ હકીકતો શું સૂચવે છે?

એ સૂચવે છે કે—

ભારતે નવો રાહ નવી રીતે ખેડવા માંડ્યો છે— જે કોઈપણ પરંપરાગત ચોકઠામાં બેસે એવો નથી; પરંતુ એનું રહસ્ય ઘણુંજ સૂચક છે*

ખરેખરી સમસ્યા

તો પછી ભારતની ખરેખરી સમસ્યા શી છે? પોતાના વિકાસમાં ભારતે "પરંપરાગત ઐતિહાસિક રાહ અપનાવ્યો નથી"—એ જ તો એની ખરેખરી સમસ્યા છે.

* એક બાજુ, આર્થિક રીતે પછાત અને ઔદ્યોગિક રીતે અણુવિકસિત રાષ્ટ્રે પોતાની આબાદી અને આઝાદી —બંનેની સદ્ધરતા માટે ત્વરિત ગતિએ ઔદ્યોગીકરણ કરવું આવશ્યક છે—જેથી પરદેશી આક્રમણથી અને દેશી મૂડીની પકડમાંથી બચીને સમાજવાદી રાહે જવા શક્તિમાન બને.

પરંતુ, બીજી બાજુ—ત્વરિત ગતિએ જતાં 'રાજકીય સરમુખત્યારી' સત્તા આવી પડે; જેનાં જોખમ પાછળથી ભયંકર સ્વરૂપે દુનિયાએ જોયાં છે; ભારત એમાંથી બચવા માગે છે.

* સમાજવાદની સિદ્ધિ માટે "મોનોલિથિક (એકાકી વર્ગની કેન્દ્રિત સત્તાવાળા) રાજ્ય તંત્રનો એણે ઇન્કાર કર્યો છે; અને રાજકીય સત્તાના વિકેન્દ્રીકરણનું સૂત્ર સ્વીકાર્યું છે.

* ત્વરિત ઔદ્યોગિક વિકાસનો રાહ સ્વીકાર્યા પછીય, આર્થિક ક્ષેત્રે પણ વિકેન્દ્રીકરણનું સૂત્ર જ સ્વીકાર્યું છે.

* સમાજવાદની સિદ્ધિ માટે **લોકશાહી** અને **શાંતિમય** માર્ગનો સિદ્ધાન્ત સ્વીકાર્યો છે.

આનો અર્થ એવો નથી જ કે, ભારતનું આજનું પ્રજાતંત્ર શુદ્ધ યા સંપૂર્ણ અહિંસાની પ્રણાલિકાને વળગી રહ્યું છે, યા એની લોકશાહી નમૂનેદાર લોકશાહી છે; યા એણે દમન, અન્યાય, અને શોષણને દેશવટો દીધો છે. હકીકતો આજે જે છે તે આનાથી ઘણી જ જુદી છે; એની તરફ આંખમીંચામણાં કરવાનો અર્થ નથી; એનો ખોટો બચાવ કરવાનો હોઈ ન શકે.

વળી આ સમાજવાદની સિદ્ધિ માટે આજે જે મુખ્ય બળ મનાયું છે તે કોંગ્રેસમાં હજી આજેય સમાજવાદ તરફી અને મૂડીવાદ તરફી બળોની ખેંચાખેંચ ચાલુ છે, એ પણ હકીકત છે. આ ખેંચાખેંચમાં દરેક વખતે સમાજવાદી વલણનું પ્રભુત્વ જળવાયું છે એવું પણ નથી. ઉપરાંત સમાજવાદ તરફી બળોની પોતાની પણ કમજોરી અને અલ્પ જાગૃતિને કારણેય સારું એવું ધૂંધળાપણું ચાલુ છે. એટલે ભાવિનો માર્ગ પણ સારો એવો રૂંધાયેલો છે.

ઉપરાંત પણ, એક 'પક્ષ' તરીકે બીજા કોઈ પણ પક્ષમાં આજે જોવા મળે છે એવાં અનિષ્ટો તેમાંય પ્રવેશેલાં છે—સત્તામાં હોવાને કારણે એમાં અનેક તકવાદી બળોએ પગ પેસારો કર્યો છે તથા 'નોકરશાહી' પદ્ધતિઓ પણ ઘણે અંશે જેમની તેમ રહી છે; પરિણામે જનતાનો ઊમળકો અને સહકાર મેળવવામાં ઘણી નિષ્ફળતાઓ રહી છે.

આથી ભારતની સમસ્યા વધુ વિકટ બની છે:

૧. 'ઐતિહાસિક' 'પરંપરાગત શુદ્ધ સમાજવાદી' (રશિયા-ચીનના) રાહે જવાનો ઇન્કાર.

૨. યુરોપીય સમાજવાદી પક્ષોના જેવા સમાજવાદી રાજ્યસત્તાના (બ્રિટન, ફ્રાન્સના) પ્રયોગોનોય અસ્વીકાર.

---

* પંડિત નહેરુ દ્વારા ભારત **સમાજવાદનું ધ્યેય કદીય પ્રાપ્ત કરી શકે** એવી શક્યતાનો જ ઝનૂનપૂર્વક ઇન્કાર કરનાર કમ્યુનિસ્ટ પક્ષના જ એક મુખ્ય નેતા શ્રી. નંબુદ્રિપાદ હવે શું કહે છે વાંચો:-

ન્યુયોર્ક ટાઈમ્સના ખબરપત્રી સાથેની મુલાકાતમાં શ્રી નંબુદ્રિપાદે એવું કહ્યું છે કે "કમ્યુનિસ્ટ પાર્ટી અને શ્રી નહેરુના કોંગ્રેસ પક્ષ અને પ્રજા સમાજવાદી પક્ષ વચ્ચે એક **માત્ર** ભેદ સમાજવાદી ધ્યેય પ્રાપ્ત કરવાનાં સાધનોમાં જ રહેલો છે." (ફ્રી પ્રેસ : પી. ટી. આઇ. તા. ૧૭-૩-૫૯) **એટલે કે નહેરુના કોંગ્રેસ પક્ષ દ્વારાય સમાજવાદની પ્રાપ્તિ તો શક્ય છે જ!** તો પછી-કમ્યુનિસ્ટ પાર્ટીએ આજ સુધી કેવળ એક જ વાત રટ્યા કરી છે કે, 'કોંગ્રેસ બૂર્ઝ્વા પક્ષ છે, અને બૂર્ઝ્વા પક્ષને હાથે કદિપણ સમાજવાદની પ્રાપ્તિ શક્ય જ નથી'—એવા 'લેનિનવાદી સિદ્ધાન્તનું શું? આખો સૈદ્ધાન્તિક વૈજ્ઞાનિક આધાર જ તૂટી ગયો?

અને—શ્રી નંબુદ્રિપાદ કહે છે તેવાં **સાધનોના ભેદનો સવાલ** પણ, કમ્યુનિસ્ટપક્ષે પાર્લામેન્ટરી લોકશાહી અને શાંતિમય સાધનોનો તાજેતરમાં સ્વીકાર કર્યા પછી રહે છે ખરો?

૩. વિશિષ્ટ ભારતીય સમાજવાદી રાહનો સ્વીકાર અને આગ્રહ.

૪. આને માટે પક્ષ તરીકે કૉંગ્રેસ બોદું સાધન.

૫. પં. નહેરુ–અને તેમના સાથીઓની હાલની કમજોરી

૬. ઉદ્દામ બળોની સંકુચિત પૂર્વગ્રહવાળી મનોદશાઃ મદદરૂપ થવાને બદલે આડખીલી રૂપ.

હાલને તબક્કે આ વાસ્તવિક પરિસ્થિતિ છે.

પરંતુ બીજીબાજુ એક વાત સ્પષ્ટ સમજી લેવી જરૂરી છે કે—ભારતના જૂજ ઈજારદારી મૂડીદારો સિવાય બીજા કોઇને પણ માટે (રાષ્ટ્રીય મૂડીવાદ સહિત) મૂડીવાદનો માર્ગ સલામત નથી જ.

એટલે વિશિષ્ટ ભારતીય સમાજવાદી રાહની દિશા નક્કી છે; અને આ રાહે જે પ્રગતિ થઈ છે, તથા આગળ જણાવ્યા મુજબ ભારતીય રાજકારણે જે વિશેષતાઓ દાખવી છે, તેને કારણે આશા બંધાય છે. છતાં, ઉપરના કારણે આજે તો ભાવિ ધૂંધળું છે.

નવી સમસ્યા: નવી શક્યતા

આપણી આવી વિશિષ્ટ પરિસ્થિતિમાં કોઈ પણ એક પક્ષ પોતાની સરમુખત્યારીદ્વારા ભારતીય સમાજવાદ સ્થાપવા પ્રયાસ કરે તો તે અસ્થાને અને બેહુદો પ્રયાસ ગણાશે. કદાચ, સ્વરાજ પ્રાપ્ત કરવાની બાબતમાં બન્યું તેમ, આ દિશામાંય ભારત નવો અખતરો—કોઈ પણ એક પક્ષની ઈજારદારી નેતાગીરી વિનાનો—કરવામાં સફળ થાય એ શક્ય છે. પરિસ્થિતિ અને જાગ્રતિ બંને આવું જ કંઈક સૂચન કરી રહેલ છે.*

* તો વળી, જુદી જ રીતે વિચાર કરનારા શ્રી વિનોબાને હસ્તક ભારતીય સમાજવાદનો એક અપૂર્વ ખમતીધર પ્રયાસ (આજે તો માત્ર પ્રયાસ) થઈ રહ્યો છે; એની શક્તિ અને કમજોરી સમજી લઈ એ દિશામાં વિચાર કરવો તો જરૂરી છે. આ બાબતમાં આશ્વાસન એ છે કે ભારતના તમામ મુખ્ય પક્ષોએ—કોંગ્રેસ અને સોશિયાલિસ્ટ પક્ષોએ આરંભથી અને કમ્યુનિસ્ટ પક્ષે હમણાં હમણાં આ દિશામાં લક્ષ આપવા માંડયું છે. અને કેટલાક કમ્યુનિસ્ટોએ 'સર્વોદય'ને 'ભારતીય સામ્યવાદ' તરીકે રજૂ કરવા માંડયો છે. (ન્યુએજ માસિક ૧૯૫૭ના ઓકટોબરથી શરૂ થયેલ ચર્ચા લેખો) અને કેરાલાના કમ્યુનિસ્ટ વડાપ્રધાન શ્રી. નંબુદ્રિપાદે સ્વીકાર્યું છે (કેરલા સર્વોદય સંમેલન સમક્ષ તા. ૧૫ ફેબ્રુઆરી) કે—

"સોવિયેત યુનિયનમાં અને ચીનમાં જમીનસંબંધો પ્રથમ કાયદા દ્વારા લાદવામાં (enforced) આવ્યા હતા; બાદ તેમણે સામુહિક અને સહકારી ખેતી દાખલ કરી હતી; ત્યારે સર્વોદય આંદોલન આ બંને સુધારા એક સાથે દાખલ (introduce) કરવા માગે છે. રશિયા અને ચીનમાં એ પ્રમાણે બન્યું હતું માટે એ જ રસ્તે થઈ પસાર થવું રહ્યું, એમ કહેવું નિરર્થક છે. આપણે અહીં બઉ સુધારા એકસાથે પ્રાપ્ત કરી શકીએ કે ન પણ કરી શકીએ. પરંતુ આ નવા પ્રયોગના સફળતા માટે શકયતાઓ તો છે જ. (ન્યુ કેરલાઃ ૨૩–૨–૫૮)

LITERATURE

Language : A modern synthesis	2-00
Highlights of modern Literature	2-00
New campus writing No. 2	3-00
,, world ,, No. 10	3-00
,, ,, ,, No. 11	3-00
Discovery No. 2	2-00
,, No. 3	2-00
,, No. 4	2-00
,, No. 5	2-00
Abinger harvest (E. M. Forster)	6-25

POETRY

The metaphysical poets	4-00
Robert Graves	2-80
One hundred modern poems	3-00
Six century of great poetry (from Chaucer to Yeats)	3-00
Leaves of grass (Walt Whitman)	3-00
The Whitman reader	3-00
The new American verse	3-00

DRAMA

Four tragedies (Shakespeare)	2-00
,, comedies (,,)	2-00
Eight great tragedies	3-00
Three plays (O'casey)	2-50
Two satyr plays (E. V. Reue)	2-00
The Iiad (Homer)	3-60
The inferno (Dante)	3-00
The divine comedy I-Hell (Dante)	2-00
The divine comedy II-Purgatory ,,	2-80
Four plays (Shaw)	3-00
Major Barbara ,,	2-00
Pygmallion ,,	2-00
Plays unpleasent ,,	4-40
Androcles the lion ,,	2-00
Six great modern plays —	3-00

GENERAL

A dictionary of biology	2-00
,, ,, ,, Politics	3-20
,, ,, ,, Geography	2-00
,, ,, ,, Ballet	4-00
Stories of famous operas	3-0
Little known facts about well known people (Carnegie)	1-5
Bartlett's familiar quotations	3-0
Sex and marriage (Havelock Ellis)	2-0
A popular history of music	3-00
The pattern of English	2-80
Good speaking	2-00
On the art of writing (Quiller Couch)	1-60
How we speak	1-50
The complete letter writer	2-00
On the art of reading (Quiller Couch)	1-60
First step in Reading English	2-00
Better English	2-00
Good English—how to write it	2-00
The Penguin Knitting Book	4-00
Physical cultures for Beginners	2-40
The meaning of the dead sea scrolls	2-00
Ten years under the earth	2-00

BIOGRAPHY

My several worlds (Pearl Buck)	3-0
As I stand (Martin Luther)	3-0
Byron in Italy (Peter)	2-0
Voltaire (Andre Maurois)	2-0
Emerson	0-50
Benjamin Franklin	0-75
Henry D. Thoreau	0-50
Thomas Jefferson	0-75
Thomas Paine	0-75
The life and time of Rembrandt (Van Loon)	3-00
The great Charlie	2-00
A King's story (Duke Windsor)	2-50
Christopher Columbus	2-00
Ancient Voyages in the Pacific	2-80
Seven years in Tibet	2-50
The Ascent of Nandadevi	1-60
Around the world in 80 days (Jules Verne)	2-00
Omar Khayyam	1-50
Man against nature	2-00
Profile in Courage	2-00

માનવ

માનવીય ગૌરવની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું માસિક

વાર્ષિક રૂ. ૭-૦૦ છૂટક ૦-૬૨ ન.પૈસા (૧૦ આના
[પરદેશ શિલિંગ ૧૫]

સંપાદન : ભોગીલાલ ગાંધી

૧૯૫૮
મે

સંચાલન :
ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ
ગમજી મંદિરની પોળ : વડોદરા

ફોન ૮૮૫૦



For Favour of Review & Exchange

ચેતન

ચેતન પ્રકાશન

* જગતના તથા ભારતના સુવિખ્યાત સાહિત્યકારોના તથા મૌલિક લેખકોના નવલકથા–નવલિકા, નાટક, કાવ્ય, વિવેચન, સાહિત્ય, પ્રવાસ, જીવન તથા રાજકારણના ઉચ્ચ કોટિના પ્રકાશનો માટે ચેતન પ્રકાશન ગૃહની સૌ વિદ્વાનો–વિવેચકોએ પ્રતિષ્ઠા કરેલી છે.

નવસર્જન પ્રકાશનનાં–

* બાળકો અને પ્રૌઢો માટે સંસ્કાર અને શિક્ષણ દૃષ્ટિએ નીવડેલું સાહિત્ય—શિશુ સંસ્કાર શ્રેણી, સમાજશિક્ષણ શ્રેણી, વિજ્ઞાન વિકાસ શ્રેણી, ઇતિહાસ પરિચય શ્રેણી, અમર બાળવાર્તા શ્રેણી, અમર શિષ્ટકથા શ્રેણી, કિશોર–સાહસ શ્રેણીના (ભારતીય સરકાર તથા મુંબઈ સરકારની હરીફાઈઓમાં પારિતોષિક પ્રાપ્ત કરનાર પ્રકાશનોની સંસ્થાના) પુસ્તકોના મુખ્ય વિક્રેતા

ચેતન બુકસ્ટૉલ

* ગુજરાતીમાં પ્રાપ્ય તમામ સંસ્થાઓના જૂના–નવા પ્રકાશનોના વિક્રેતા દરેક શાળા, સંસ્થા, લાયબ્રેરી તથા કુટુંબ અને વ્યક્તિને વધુમાં વધુ કમિશને પુસ્તકો પૂરા પાડનાર ગુજરાતની પુસ્તક વિક્રેતા સંસ્થા
* અંગ્રેજી (અભ્યાસી ગ્રંથો તથા સસ્તી પૉકેટ, પેપર–બેક આવૃત્તિઓ) તથા હિંદી (હિંદી ગ્રંથ રત્નાકર, રાજકમલ, રાજપાલ, સસ્તા સાહિત્ય મંડળ, એશિયા પબ્લિશીંગ વગેરે)ના ઉત્તમ ચૂંટેલા પુસ્તકોના વિક્રેતા.
* ભારતીય કેન્દ્ર સરકારના પ્રકાશન વિભાગનાં—રાષ્ટ્રીય સાહિત્યના ઉત્તમ ગ્રંથો
  —પરિચય પુસ્તિકાઓ
  —આલ્બમો, ચિત્રકાર્ડ વેચનાર
* રશિયન અને ચીની પ્રકાશન વિભાગ તરફથી પ્રગટ થયેલ
  —સાહિત્ય, વિજ્ઞાન, સિદ્ધાંતના ગ્રંથો
  —બાળકો માટે રંગબેરંગી અત્યંત સુંદર સસ્તી પુસ્તિકાઓ

વડોદરામાં મુખ્ય રસ્તા ઉપર બુકસ્ટૉલનું નવું સરનામું
ચેતન બુકસ્ટૉલ : કોઠી કચેરી સામે : વડોદરા
*
ચેતન પ્રકાશન ગૃહ પ્રાઈવેટ લિમિટેડ
રામજીમંદિરની પોળ : વડોદરા

ઉપરાંત–

માનવજીવનની સર્વાંગી અનુભૂતિ વ્યક્ત કરવા મથતું
માનવીની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું માસિક
ગુજરાતનું મોડર્ન રિવ્યુ બનવા મથતું— **માનવ**

માનવ

લવાજમ ભરવાનાં સ્થળ

આર. આર. શેઠની કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

રૂપમ પ્રકાશન મંદિર (બુકસેલર)
૬૯/૮૭ કેથેડ્રલ સ્ટ્રીટ, ભૂલેશ્વર : મુંબઇ–૨

એ. આર. શેઠની કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

એન. એમ. ઠક્કરની કું. (બુકસેલર)
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

ગાંડીવ સાહિત્ય મંદિર (બુકસેલર)
હવાડિયા ચકલો : સુરત (શાખા–ચૌટાપુલ : સુરત)

નટુ શાહ, ગોલવાડ : નવસારી

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.
ટાવર રોડ : વડોદરા

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (બુકસેલર)
ગાંધી રસ્તો : અમદાવાદ

ભારતી સાહિત્ય સંઘ લિ. ,,
ગાંધી રસ્તો : અમદાવાદ

સ્વાણી પ્રકાશન ગૃહ ,,
રિલીફ રોડ : અમદાવાદ

વલ્લભવિદ્યાનગર કન્ઝ્યુમર્સ કો-ઑપ. સ્ટોર્સ
વલ્લભવિદ્યાનગર : આણંદ

સસ્તું કિતાબઘર
રિલીફ રોડ : અમદાવાદ

રમણિક મેઘાણી
૧૪, અમરતલા સ્ટ્રીટ : કલકત્તા

*

પ્રાણ ફોટોગ્રાફર, પો. બો. ૨૬૯, નાઇરોબી (ઈ. આફ્રિકા)

૧૯૫૮ : મે

લવાજમનાં દર

વાર્ષિક રૂ. ૭–૦૦
[પરદેશ ૧૫ શિ.]
છૂટક નકલ ૬૨ પૈસા

o

માનવ
[માસિક]

જાહેરખબરના દર

પૂઠું ૨જું રૂ. ૮૦
પૂઠું ૩જું રૂ. ૮૦
પૂઠું ૪થું (બે રંગમાં) રૂ. ૧૨
સાદું આખું પાનું રૂ. ૬૦
સાદું અડધું પાનું રૂ. ૩૫

o

છૂટક મળવાનાં સ્થળ

ગાંધી ન્યુઝપેપર સરવીસ
ટીનવાલા બિલ્ડિંગ, ત્રિભુવન રોડ : મુંબઈ

સુરત બુક સ્ટોલ
બુરહાનપુરી ભાગોળ : સુરત


વિજય સ્ટોર્સ
સ્ટેશન રોડ : આણંદ

સી. સી. પટેલ
સ્ટેશન રોડ : નડિયાદ

કાંતિલાલ સોમાલાલ ખત્રી
રતનપોળ નાકા : અમદાવાદ

વડોદરા

એ. જી. વોરા ઍન્ડ કું.
ટાવર પાસે : વડોદરા



કેરલા : એક વર્ષની કારકિર્દી

કમ્યુનિસ્ટ પ્રધાનમંડળ સત્તામાં : ૧૯૫૭ના એપ્રિલમાં

વડાપ્રધાન : શ્રી ઈ. એમ. શંકરન નંબુદ્રીપાદ :
વય ૪૮ : (નંબુદ્રી બ્રાહ્મણ : જમીનદારી કુટુંબ)

* ૧૯૩૯માં કમ્યુનિસ્ટ થવા પૂર્વે સમાજવાદી પક્ષના અગ્રણી નેતા; તે પૂર્વે કોંગ્રેસ-કાર્યકર.

કમ્યુનિસ્ટ પક્ષના એક ઉત્તમ નેતા : અભ્યાસી અને ચિંતનશીલ; વ્યવહારુ દૃષ્ટિ; રાષ્ટ્રીય વારસો; ઉન્નત ત્યાગની ભાવના (બે લાખ રૂપિયાની લગભગ બધી મિલકત પાર્ટી ફંડમાં ૧૯૪૨-૪૬ દરમ્યાન આપી દીધેલી; વર્ષો લગી 'અંડર-ગ્રાઉન્ડ' જીવન); આદરણીય નમ્રતા .

* અંગ્રેજી તથા મલયાલમ્ ભાષાના લેખક અને પત્રકાર.

*

* સત્તામાં આવતાંવેંત, જમીન ઉપરથી થતી ખેડૂતોની હકાલપટ્ટી સામે મનાઈ હુકમો.

* ઋણરાહત બિલ :

* 'જન્મીકરમ્' બિલદ્વારા અમુક પ્રકારની સામંતી જમીનદારીની નાબૂદી.

* ખેતીવિષયક સુધારણા બિલ : કોંગ્રેસે ૧૦ વર્ષ પૂર્વે ખેતીસુધારા સમિતિના હેવાલ દ્વારા કરેલાં સૂચનો, તથા ૩ વર્ષ પૂર્વે આયોજન કમિશનના ખેતીસુધારા પેનલે કરેલાં સૂચનોના આધાર પર.

* શિક્ષણ બિલ : શિક્ષણક્ષેત્રે એક હથ્થુ અંધેર સામે નિયંત્રણ

* અગાઉ કરતાં સડો કંઈક અંશે ઓછો; બીજી બાબતોમાંય અગાઉ કરતાં ખરાબ સ્થિતિ નહિ.

* પ્રજા સાથેનો નીકટ-સંપર્ક ચાલુ

* લાઠીમાર અને પોલીસદમનના કિસ્સા અગાઉ કરતાં ઓછા.

* ભારતના પ્રજાસત્તાકમાં કેરલા છેક નીચે દક્ષિણનું સાથી નાનું રાજ્યઘટક છે.
* ક્ષેત્રફળ : ૧૫૦૦૦ ચો. માઈલ: (કચ્છથીય નાનો પ્રદેશ.)
* વસ્તી : ૧॥ કરોડ (ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ જેટલી એટલે કે ગીચ વસ્તી)
* શિક્ષણ : ૭૫ ટકા પુરુષો અને ૫૦ ટકા સ્ત્રીઓ શિક્ષિત છે. પાંચ વર્ષથી વધુ ઉંમરનાં ૯૦ ટકા બાળકો ભણે છે.
* ઉદ્યોગો : અવિકસિત અને નાના.
* કાચો માલ: ભારતના રબર ઉત્પાદનના ૯૩ %; વાંસ, લાકડું, હાર્ડવુડ, રેતી, ચાઈનાકલે, ટેપિઓકા ભાત, કાથી વગેરે.
* બેકારી : બેશુમાર—૧૪ લાખ ૨૦ હજાર શિક્ષિત બેકારો ગણાય છે.

*

પાર્લમેન્ટરી લોકશાહીના માર્ગે
જગતભરનો પ્રથમ કમ્યુનિસ્ટ પ્રયોગ

કેરલા............

૧

કેરલાના કમ્યુનિસ્ટ પ્રધાનમંડળની કારકિર્દીને એક વર્ષ પૂરું થયું છે. અમે આ પ્રસંગને આવકારીએ છીએ.

ગયા અંકે "સ્વાધીન ભારતની સમસ્યા"ના મુખ્ય લેખમાં, સમાજવાદની પ્રાપ્તિનો ભારતીય રાહ કેટલો મુશ્કેલ છે, કેટલો દુઃસાધ્ય છે એવું બયાન રજૂ કરી અમે એની કેટલીક વિશેષતાઓ પ્રત્યેય લક્ષ ખેંચ્યું હતું અને **અંતે** એવું વિધાન તારવ્યુ હતું કે—

> "આપણી વિશિષ્ટ પરિસ્થિતિમાં **કોઈ પણ એક પક્ષ** પોતાની સરમુખત્યારી દ્વારા ભારતીય સમાજવાદ સ્થાપવા પ્રયાસ કરે તો તે અસ્થાને અને બેહૂદો પ્રયાસ ગણાશે. **કદાચ,** સ્વરાજ પ્રાપ્ત કરવાની બાબતમાં બન્યું તેમ, આ દિશામાંય, ભારત **નવો અખતરો**—કોઈ પણ એક પક્ષની ઇજારદારી નેતાગીરી વિનાનો—કરવામાં સફળ થાય એ **શક્ય** છે. પરિસ્થિતિ અને જાગ્રતિ બંને આવું જ કંઈક સૂચન કરી રહેલ છે." (પૃ. ૨૪૫)

ભારતીય લોકશાહીના વિકાસની દૃષ્ટિએ અને ભારતીય **સમાજવાદની** સિદ્ધિના સફળ રાહની દૃષ્ટિએ 'કેરલાના પ્રયોગ'ને એક નવા આવકારદાયી અખતરા તરીકે સમજવો જરૂરી છે.

* કેન્દ્ર સરકારમાં કોંગ્રેસની સત્તા હોય, ભારતની અન્ય રાજ્ય સરકારોમાંય કોંગ્રેસનું પ્રભુત્વ હોય, તેવી સ્થિતિમાં, ભારતના હયાત બંધારણની મર્યાદામાં, બિલકુલ લોકશાહી બંધારણી માર્ગે કેરલામાં કમ્યુનિસ્ટ રાજ્યની સ્થાપના થઈ શકી છે, એ પરિસ્થિતિનું હાર્દ છે.

આ હકીકતનું રહસ્ય એ છે કે—

૧. બીજા વિશ્વયુદ્ધ બાદ, જગતની પરિસ્થિતિ એટલી બધી પલટાઈ છે કે, હિંસક બળો કરતાં શાંતિનાં બળોનું પલ્લું ઘણું જ નિર્ણાયક રીતે વજનદાર બન્યું છે : પંચશીલ અને સહઅસ્તિત્વની શક્તિ, લોકશાહી પ્રણાલીની શક્તિ, બલ્કે જાગ્રત ચિંતન અને ચેતનાની શક્તિ આગળના કોઈ પણ જમાના કરતાં અનેક ગણી વધુ પરિણામદાયી બની રહી છે. પરિણામે સંઘર્ષો—રાષ્ટ્ર અને વર્ગસંઘર્ષો—વિચાર-સંઘર્ષો દ્વારા વધુ ને વધુ ઉકેલવાની શક્યતા વિકસી રહી છે.

જગત આખા માટે આ પરિસ્થિતિ જાગી છે અને સારા પ્રમાણમાં સ્વીકારાઈ રહી છે :

'સત્તારૂઢ હોય તેવો કોઈ પણ પક્ષ બીજા પક્ષને લોકશાહી રીતે કદી સત્તામાં આવવા દે જ નહિ; માટે સત્તા લેવા ઇચ્છનાર પક્ષે સત્તારૂઢ પક્ષને બળજબરીથી ઉથલાવી પાડીને જ કામયાબ થવું રહ્યું–ઇતિહાસનું આ ક્રાંતિકારી સૂત્ર આજે વાસી બની રહ્યું છે. જગતભરના કમ્યુનિસ્ટપક્ષોએ સુદ્ધાં એટલી હદે સ્વીકાર કર્યો છે કે સમાજવાદની પ્રાપ્તિ સુદ્ધાં શાંત, પાર્લમેન્ટરી–લોકશાહી પદ્ધતિએ મોટા ભાગના દેશોમાં શક્ય છે (૧૯૫૬ના ફેબ્રુઆરીમાં સોવિયેત સંઘની ૨૦મી કોંગ્રેસનો એકરાર.)

૨. ભારતમાં આ વિકાસ સવિશેષ રીતે નક્કરરૂપ લઈ રહ્યો છે.

આઝાદીપૂર્વેની રાષ્ટ્રીય લડત દરમ્યાન અને બાદ, ભારતની લોકશાહીનો જે રીતે વિકાસ થયો છે એ એટલો **સ્વસ્થ** છે કે, સત્તામાં એક પક્ષ હોવા છતાં, બીજો પક્ષ કેવળ લોકશાહી માર્ગે પ્રજાનો વિશ્વાસ જીતી લઈ રાજ્યસત્તામાં આવી શકે એ શક્યતાની જ વાત રહી નથી, નક્કર હકીકત બની ચૂકી છે.

૩. ભારતે 'સહઅસ્તિત્વ'નો જે સિદ્ધાન્ત આન્તરરાષ્ટ્રીય ક્ષેત્ર અપનાવ્યો છે ને બોધ્યો છે તેનો પ્રયોગ પોતાના આંતરિક વ્યવહારમાં સુદ્ધાં, તે નિર્ભયપણે અને અપૂર્વ રીતે કરી રહેલ છે.

૪. ભારતની કમ્યુનિસ્ટપાર્ટીએ આ વાતનો સ્વીકાર કર્યો છે, ને આ દિશામાં પ્રયાણ આદર્યું છે, એ ભારતના લોકશાહી વિકાસની દિશામાં એક મહત્ત્વનું ઐતિહાસિક પગલું છે.

ક્રાંતિના ઐતિહાસિક રાહ

આ મુદ્દાઓ વધુ વિગતે અને તેના વિવિધ પાસામાં વિચારીએ.

આજ પૂર્વે કમ્યુનિસ્ટ રાજ્યસત્તાઓ વિશ્વના જે જે રાષ્ટ્રોમાં પ્રસ્થાપિત થઈ હતી, તેની ભૂમિકા જોઈએ.

* એક તો, **રશિયન રાહ**: હયાત રાજ્યસત્તાને સશસ્ત્ર ગુપ્ત ક્રાંતિ દ્વારા ઉથલાવી પાડી, કેન્દ્રતંત્રનો કબજો હાથ કરવો.

* બીજો, **ચીની રાહ**: પ્રલંબ સશસ્ત્ર ક્રાંતિકારી સંઘર્ષ દ્વારા નાનાં નાનાં 'પૉકિટસ' (મથકો) ઉપર પોતાનું વર્ચસ્વ જમાવતાં જમાવતાં, કેન્દ્ર સરકારના સાંધા ઢીલા પાડતાં જતાં, પરિસ્થિતિ સંપૂર્ણ અનુકૂળ થયેથી કેન્દ્ર ઉપર કબજો મેળવવો.

* ત્રીજો **પૂર્વયુરોપીય રાહ**: તેનું મુખ્ય સ્વરૂપ: હિટલરી આક્રમણ સામેના સહિયારા મુક્તિયુદ્ધમાં એકત્ર મોરચો રચી, હિટલરી સત્તાનો પરાજય થતાં રાજ્યસત્તા હસ્તગત કરવી. આમાં ત્રણ ઉપપ્રકારો: (૧) મુખ્યતઃ રાષ્ટ્રીય સંયુક્ત મોરચામાં કમ્યુનિસ્ટ પાર્ટીનું પોતાનું વર્ચસ્વ હોવાને કારણે, પરંતુ સોવિયેટ સંઘની લાલફોજની મદદથી: (યુગોસ્લાવિયા, પોલાંડ વગેરે), (૨) આંતરિક કમ્યુનિસ્ટ તાકાત કમજોર હોવા છતાં, મુખ્યતઃ સોવિયેટ રશિયાની ફોજની તાકાતને કારણે (હંગેરી), (૩) હિટલરની તળભૂમિ ઉપર પહોંચી જઈને લાલફોજે સ્થાપેલી રાજ્યસત્તા (પૂર્વ જર્મની).

આ ઉપરાંત, માંગોલિયામાં બન્યું તેવો વિશિષ્ટ પ્રયોગ પણ ગણાવી શકાય:– યુદ્ધને અંતે સોવિયેટ રશિયા તથા ચીનની મદદથી, નાનકડા પછાત દેશે, મૂડીવાદી વિકાસની યાતનાના માર્ગે ગયાં વગર જ, સીધા સમાજવાદી રાહે ચઢી જવાનો વિશિષ્ટ પ્રયોગ.

ભારતીય કમ્યુનિસ્ટ રાહ

આ પાર્શ્વભૂમિમાં આજસુધીના ભારતીય કમ્યુનિસ્ટ રાહનું અવલોકન કરીએ.

૧. પાર્ટીના જન્મથી માંડી ૧૯૫૧ સુધી ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ સોવિયેટ રશિયાના ઐતિહાસિક રાહને લક્ષ્ય બનાવી પોતાના તમામ વ્યૂહની રચના કરતો રહ્યો હતો. ૧૯૪૮થી ૫૧નાં વર્ષો દરમ્યાન, શ્રી રણદેવીની નેતાગીરીના સમયમાં, 'પરિસ્થિતિ પાકી ગયેલી' જણાતાં સત્તા કબજે કરવાના ઉગ્ર પગલાં યોજાયાં પણ હતાં.

૨. ઉપરના રાહને નિષ્ફળતા મળતાં, ૧૯૫૧–૫૨ દરમ્યાન 'ચીની રાહ'નું સૂત્ર અપનાવાયું હતું. સને ૧૯૪૮–૫૧ના તબક્કા દરમ્યાન સિદ્ધ થયેલ તેલંગણા (આંધ્રનાં આશરે ૨૦૦૦ ગામડાં ઉપર કમ્યુનિસ્ટ વર્ચસ્વ)ના દૃષ્ટાંતને આગળ ધરી, એક પછી એક 'પૉકિટ' હસ્તગત કરવાના 'ચીની રાહ'ને 'તેલંગણા રાહ'ને નામે બુલંદ કરવામાં આવ્યો હતો.

૩. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન, ફાસીવાદ સામેના સંયુક્ત મોરચાનો રાહ ઊઘડી રહ્યો હતો; પરંતુ પરિસ્થિતિ એ રીતે વળાંક ન લેતાં, યુરોપી રાષ્ટ્રોના જેવી સ્થિતિ જ અહીં પાકી ન હતી.

૪. ઉપરની રીતે પ્રયોગો કર્યા બાદ, આજે પલટાયેલી વિશ્વપરિસ્થિતિમાં, ભારતીય કમ્યુનિસ્ટોએ પાર્લામેન્ટરી લોકશાહીનો રાહ અપનાવી ૧૯૫૭માં કેરલામાં કમ્યુનિસ્ટ પ્રધાનમંડળ સ્થાપવામાં સફળતા પ્રાપ્ત કરી (કેવળ બે મત જેટલી વધુમતીએ).

તેમની આ સફળતાની પાછળ, અગાઉ આપણે જોઇ ગયા તેમ, ભારતની રાષ્ટ્રીય લડતની બલિષ્ઠ લોકશાહી-પ્રણાલી રહેલી છે, એ જેમ ન વિસરવા જેવી હકીકત છે તેમ બીજી બાજુએ—કૉંગ્રેસનો આંતરિક સડો જવાબદાર છે: ખાસ તો—સ્વરાજ્યપ્રાપ્તિ બાદ સંકુચિત સ્વાર્થ, વગવસીલાનું જોર, અંદર અંદર સત્તા માટેનાં ઘર્ષણો, —જેમના ખભે ચઢી આગળ વધ્યા તે પ્રજા જ વિસરાઈ રહી છે. પ્રજામાં ઓતપ્રોત બની, એમનાં સુખદુઃખોમાં

ભાગીદાર બની, એમના રોજિંદા સંઘર્ષોમાં આગળ રહી, જરૂર પડે તો પોતાનાં જ પ્રધાનમંડળો સામે માથું ઉંચકવાની તૈયારી રાખી, પ્રજાની નાનીમોટી હાલાકીઓમાં રસ્તો બતાવનાર નિઃસ્વાર્થ અને નિર્ભય, ધ્યેયનિષ્ઠ અને લોકનિષ્ઠ નેતાગીરીનો અભાવ અને પ્રજા પ્રત્યેની ઘમંડી તોછડાઈનો અતિરેક કોંગ્રેસપક્ષે વરતાઈ રહ્યો છે.

તો સામી બાજુએ, કમ્યુનિસ્ટ પક્ષે—

* એક વાત નિશ્ચિત છે કે, સર્વસાધારણ રીતે, વરસો થયાં લગભગ એકધારી રીતે, હજારો કમ્યુનિસ્ટો આમ-પ્રજાનાં જીવન સાથે વણાઈ ગયેલા રહ્યા છે; જોખમ દેખી નાઠા નથી; ગમે તેવી પરિસ્થિતિમાં ગભરાયા નથી; અને જ્યારે જે કોઈ સિદ્ધાન્ત-સૂત્ર અને કાર્યનીતિ પાર્ટીમાં નક્કી થાય ત્યારે ત્યારે, તેની આંધળી નિષ્ઠાથીય, તેની પૂંઠે મરી ફિટવાની તમન્ના હજી ગુમાવી બેઠા નથી; રાજનીતિ અંગેની ભયંકર પ્રકારની ભૂલો અને મૂર્ખામીઓ, અંદર અંદરની રમતો અને બીજા પક્ષોને મહાત કરવાની કૂટનીતિઓ — આ બધું છતાં, વિશેષતઃ કેરલા, આંધ્ર જેવા પ્રદેશોમાં, એકધારી એકનિષ્ઠ સ્થાનિક નેતાગીરીએ પ્રજાના જીવન સાથે વણાઈ જઈ વરસો થયાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

અલબત્ત, વરસો સુધી એવુંય બનતું રહ્યું હતું કે, આર્થિક અને રોજબરોજના સંઘર્ષોને સમયે 'લાલવાવટા'ની ઓથ લેનાર પ્રજાજનો જ, રાજ્યસત્તા માટેની ચૂંટણીમાં 'વોટ' આપવાની વખતે કોંગ્રેસને જીતાડી આવતા હતા! અને ત્યારે (રાજ્યસત્તા માટે લાયક અને પકવ કયો પક્ષ છે એ સમજવાની) પ્રજાની 'વ્યવહારુસમજ'ની આ ચાવી ગણાતી હતી.

તો પછી, આજે, આટલે વરસે, એ જ પ્રજા, વર્ષોલગી રોજબરોજના આર્થિક સંઘર્ષમાં પોતાની વહારે રહેનારાને, છેવટે એમણે લોકશાહીનો માર્ગ સ્વીકાર્યો છે **ત્યારે**, રાજ્યસિંહાસને બેસાડવાનો એક **નવો અખતરો*** કરી જુવે તો તેમાં તટસ્થ વિચારકે પ્રજાની 'રાજકીય સમજ'-નું જ પ્રતિબિંબ જોવું રહ્યું.

***અખતરો** એટલા માટે કે એક વાર સત્તામાં આવ્યા પછી રોજી-રોટી અને રહેઠાણ આપનારા 'પરોપકારી' હાથોએ જ 'આઝાદી' અને 'ઉન્નત માનવીય વિકાસની તકો' છીનવી લીધાનાં દૃષ્ટાંતો જગતના ઇતર દેશોમાં બની ચૂક્યા છે.

૨

કેરલાનું કમ્યુનિસ્ટ પ્રધાનમંડળ ભારતીય લોકશાહી **એક સમયસરનો આવકારદાયી અખતરો છે.**

કમ્યુનિસ્ટ-પૂર્વગ્રહ યા વિદ્વેષના ઝનૂનમાં કેરલના અ પ્રયોગને સમજવાનો જ ઇન્કાર કરવાથી, એને બદના કરવાના અને તોડી પાડવાના પ્રયાસો (કેરલાની કોંગ્રેસ અ સમાજવાદીઓ મુસ્લિમ લીગીઓ અને કેથોલિકો જે પ્રત્યાઘાતીઓને સાથે લઈ કમ્યુનિસ્ટ વિરોધી મોરચો સ રહ્યાના હેવાલો) ભારતની લોકશાહીના વિકાસને રૂંધનાર જ નહિ, એના મૂળમાં જ ઘા કરનારા બનશે, એ વા સ્પષ્ટ રીતે સમજી લેવામાં ભારતનું હિત છે.

* એ સાચું છે કે, કમ્યુનિસ્ટોએ આજ સુધી 'પાર્લામેન્ટરી રાહ'ને જે પ્રકારે જોયો-વર્ણવ્યો અ વ્યવહારમાં આણ્યો છે, એ પછી આજે જ્યારે તેઓ એ ઉમળકાભેર અપનાવી રહ્યાનું જાણવા મળે છે ત્યારે વાત વિચિત્ર લાગે, અને કોઈને ચિંતા ઉપજાવનારી જણાય પણ ખરી.

પરંતુ આ ચિંતા કેટલે અંશે કરવા જેવી છે, એનો તાગ લેવા માટે, કમ્યુનિસ્ટોની આજ પૂર્વેની અને હાલના તબક્કાની 'પાર્લામેન્ટરી પદ્ધતિ' અંગેની નીતિ-દૃષ્ટિ સમજવી જરૂરી છે.

○ આજ સુધીના ઇતિહાસમાં, માર્ક્સના જમાનાથી તે સ્તાલિન યુગ સુધીના કોઈ પણ દેશના કમ્યુનિસ્ટોએ કદી પાર્લામેન્ટનો ઉપયોગ જ ન કરવો એવી નીતિ અખત્યાર કરી ન હતી. બલ્કે, માર્ક્સના જમાનાથી પાર્લામેન્ટોમાં જવાની નીતિ વિચારાતી-અપનાવાતી રહી હતી. પરંતુ પાર્લામેન્ટ-પ્રવેશની આ નીતિનું રહસ્ય આવું હતું:

○ મૂડીવાદી લોકશાહી એ પોકળ લોકશાહી છે. મૂડીવાદી વર્ગના હાથમાં, અન્યવર્ગો ઉપરની શોષક-સત્તા ટકાવી રાખવાનું, એ કેવળ દમનશસ્ત્ર છે. આવી લોકશાહી પાર્લામેન્ટ-રૂપી બુરખો ધારણ કરી લોકશાહીને નામે પ્રજાને ભરમાવવાનું કાર્ય કરે છે. માટે આ બુરખો ચીરી નાખવા અને સત્તાધારી વર્ગને તેના નગ્ન સ્વરૂપે ખુલ્લો પાડવા (Expose) અને અંતે તેને તોડી પાડવા (Smash) માટે ક્રાંતિકારી પક્ષે પાર્લામેન્ટનો ઉપયોગ કરવો આવશ્યક છે.

આવી સમજને કારણે, દરેક દેશની કમ્યુનિસ્ટ પાર્ટી

ક્યારે પાર્લામેન્ટ-પ્રવેશ કરવો અનુકૂળ છે અને ક્યારે નથી, એનો નિર્ણય લેતી આવી હતી. પરંતુ આ 'સમયાનુસારી પાર્લામેન્ટ-પ્રવેશ'ને કદી પણ સાચી પ્રજાકીય લોકશાહીનું યા તો સમાજવાદી સમાજરચનાનું સાધન માનવું એ તો 'સુધારવાદી ભ્રમ' જ ગણાતો રહ્યો હતો.

પાર્લામેન્ટ-પ્રવેશ : ગુણાત્મક પરિવર્તન

* પરંતુ બીજા વિશ્વયુદ્ધના અંત બાદ, દુનિયામાં અપૂર્વ નવી જાગ્રતિનું મોજું આવ્યું, અને મૂડીવાદી શાહીવાદી બળોની સામે પ્રગતિ અને સમાજવાદનાં બળોનું પલ્લું વધવા માંડયું ત્યારે સૌથી પ્રથમ બ્રિટનની કમ્યુનિસ્ટ પાર્ટીએ ૧૯૫૧માં પાર્લામેન્ટરી લોકશાહીના રાહે સમાજવાદની સિદ્ધિનો સિદ્ધાન્ત રજૂ કર્યો હતો :

> "બ્રિટિશ કમ્યુનિસ્ટો જાહેર કરે છે કે બ્રિટનની પ્રજા, લોકશાહી માટેની બ્રિટનની ઐતિહાસિક લડતમાંથી જન્મ પામેલ પાર્લામેન્ટને પ્રજાની વિશાળ બહુમતીની ઇચ્છાના લોકશાહી સાધન તરીકે પલટી નાખીને, મૂડીવાદી લોકશાહીનું સાચી પ્રજાકીય લોકશાહીમાં રૂપાંતરિત કરી શકશે."

આજે હવે પરિસ્થિતિ ઘણા બધા દેશો માટે પલટાઈ છે. તેમાંય ભારત માટે તો સાચી લોકશાહી માટેનો વિકાસ વધુ અનુકૂળ છે.

પરિણામે—

> "પાર્લામેન્ટ એવા **પ્રજામત**નું સાધન બને છે કે જેના વડે આર્થિક, સામાજિક અને રાજ્યતંત્રની બાબતમાં મૂળભૂત પરિવર્તનો શક્ય બને." (નવા કમ્યુનિસ્ટ બંધારણના 'પુરોવચન'માંથી)

આમ, 'પાર્લામેન્ટરી લોકશાહી' 'સુધારવાદી ભ્રમ'ને બદલે 'ક્રાંતિકારી સાધન' બન્યું છે.

ટૂંકમાં, આભ-જમીનનો ફેર પડી ગયો છે, એ સ્પષ્ટ છે.

આમ છતાં, 'પાર્લામેન્ટ-પ્રવેશ પહેલાંય સ્વીકાર્ય હતો, અને આજેય છે—કશો જ ફેર પડયો નથી,' એવી દલીલ કેટલીક વાર કમ્યુનિસ્ટો પોતે 'અમે કશું મૂળભૂત પરિવર્તન કર્યું નથી, અમે શુદ્ધ માર્ક્સવાદી જ છીએ—' એ બતાવવા સારુ, અને કેટલીક વાર કમ્યુનિસ્ટ વિરોધીઓ 'કમ્યુનિસ્ટોએ કશું મૂળભૂત પરિવર્તન કર્યું નથી, છેતરાશો નહિ' એવી ચેતવણી આપવા કરતા જ હોય છે!

હકીકતે, પાર્લામેન્ટરી પદ્ધતિની સમજ અને ઉપયોગની બાબતમાં કમ્યુનિસ્ટોના વલણમાં ગુણાત્મક પરિવર્તન (qualitalive Change) થયું છે.

આ પરિવર્તન ચિંતાનું કારણ નથી, આવકારદાયી છે, કેમ કે તે લોકશાહીના વધુ વિકાસની દિશામાં છે.

અલબત્ત, કમ્યુનિસ્ટો આ નવી પરિસ્થિતિમાં પાર્લામેન્ટરી લોકશાહીના રાહે ઘણી બધી ભાવિ શકયતા જોઈ રહ્યા હોય તેમાં નવાઈ નથી :

* પ્રજા ખૂબ ઝડપથી કોંગ્રેસથી દૂર ધકેલાઈ રહી છે, કમ્યુનિસ્ટો આ અસંતોષનો લાભ લઈ શકે એમ છે.

* કેરલા પછી આંધ્ર અને બંગાળમાં કમ્યુનિસ્ટ પ્રધાનમંડળની શક્યતા પાકી રહી છે.

આ પ્રદેશોમાં અને બીજે જ્યાં શક્ય હોય ત્યાં, કમ્યુનિસ્ટ પાર્ટી **પોતાની નેતાગીરી નીચે** ઇતર ઉદ્દામ પક્ષો અને જૂથો સાથે સંયુક્ત મોરચો રચી રાજ્યસત્તા માટે બીડું ઝડપવા શક્તિમાન થશે.

* આ રીતે એક પછી એક પ્રદેશ-સત્તાઓ હાથમાં લેતાં લેતાં, કેન્દ્રનો કબજો લેવા સુધીની પરિસ્થિતિ જાગી ઊઠશે...

૩

અહીં જ તો, ભારતીય કમ્યુનિસ્ટોની કસોટી છે : (અને એમાં જ તો સાચી લોકશાહીમાં માનનારાઓ માટે આશ્વાસન પણ છે).

૧. તેઓ પાર્લામેન્ટરી રાજ્યસત્તાના અમલ દરમ્યાન સફળ થશે? કોંગ્રેસ કરતાં વધુ હીર બતાવશે કે વધુ રેઢિયાળ નીવડશે?

૨. પાર્લામેન્ટરી લોકશાહી માર્ગે કેન્દ્ર સરકાર સુધીની લાંબી મજલ કાપવા સુધીની તેમની ધીરજ રેહેશે? કે 'ગાજરની પિપૂડી વાગી ત્યાં લગી ખરી, નહિ તો ખાઈ નાખી—' જેવો અંત કરશે?

૩. તેઓ કેન્દ્રસત્તામાં પાર્લામેન્ટરી રાહે આવવા શક્તિમાન બને તો, **સંપૂર્ણ સત્તામાં** આવ્યા બાદ, આ દેશમાં લોકશાહી જેવું કાંઈ રહેવા પામશે? બીજા

પક્ષોની હયાતી શકય બનશે? બીજા પક્ષો વળી પાછા પાર્લામેન્ટરી રાહે સત્તામાં આવવા નિર્બંધ કોશિશ કરી શકશે? કે પોતાની સત્તા સ્થાપવા સુધી જ અને તેટલા પૂરતું જ લોકશાહી અને પાર્લામેન્ટનું મહત્ત્વ રહેશે?

આ અને આવા અનેક સવાલો, ગમે તેટલા આકરા અને અવિશ્વાસ ભરેલા દેખાય તોય, સહજ છે અને આવશ્યક પણ છે.

પ્રથમ સવાલનો જવાબ—કેરલાની એક વર્ષની કારકિર્દીમાંથી જે મળે છે તે જ જો, ભવિષ્ય માટેય સાચો ઠરે તો, જરૂર એમ કહી શકાય કે, કોંગ્રેસે આજ પૂર્વે લીધેલા કેટલાક નિર્ણયોનો અમલ કરવામાં કમ્યુનિસ્ટ પ્રધાનમંડળ વધુ આગળ છે તથા બહુ મોટી નવી સિદ્ધિઓ તેઓ ન ગણાવી શકે તોય, બીજાં પ્રધાનમંડળો કરતાં પ્રગતિની દિશામાં એકબે ડગલાં આગળ હશે, પાછળ તો નથી જ.

બીજા સવાલનો જવાબ તેઓ આપે છે કે—

"ભારતની કમ્યુનિસ્ટ પાર્ટી પૂર્ણ લોકશાહી અને સમાજવાદ શાંતિમય માર્ગે હાંસલ કરવા મથે છે. એ એવું માને છે કે પ્રબળ આમ–આંદોલન દ્વારા, પાર્લામેન્ટમાં બહુમતી મેળવીને, અને આમ પ્રજાના ટેકાને બળે તેને ટકાવીને, કામદારવર્ગ અને તેના સાથીઓ પ્રત્યાઘાતીઓના પ્રતિકાર ઉપર વિજય મેળવી શકશે, અને પાર્લામેન્ટ આર્થિક, સામાજિક અને રાજ્યતંત્રમાં મૂળભૂત પરિવર્તનો કરવા સારુ જનમતનું હથિયાર બની શકશે." (ક. પા.ના નવા બંધારણના 'પુરોવચન'માંથી)

પરંતુ આનું ભાષ્ય કરતાં મહામંત્રી શ્રી અજય ઘોષ ઉમેરે છે કે—

"...આજે એ શકય છે કે ભારતમાં આ આંદોલનોના ટેકા પર ઊભેલી પાર્લામેન્ટ દ્વારા સમાજવાદનો રાહ શાંતિમય બનવા પામે. પરંતુ આને કોઈ **નિશ્ચિતતા (certainty)** ગણી ન કાઢે, કેમ કે મૂડીવાદીવર્ગ પ્રજામતને ખાળવા માટે કદાચ પ્રતિકારનો આશરો લે તો ત્યારે હિંસાની જવાબદારી એમને શિર રહેશે." (અજય ઘોષ: ન્યુ એજ મંથલી: એપ્રિલ ૧૯૫૮)

તો **ત્રીજા સવાલ**ના જવાબમાં પાર્ટીનું નવું બંધારણ જણાવે છે કે—

"દેશમાં સમાજવાદ માટે કામ કરનારાં તમામ બળોના સહકારમાં કમ્યુનિસ્ટ પાર્ટી એવી સમાજવાદી સમાજરચના બાંધવા મથશે કે જેમાં તમામ ક્ષેત્રે ઝડપી પ્રગતિ સાધી શકાય, અને જેમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય, છાપખાનાં અને રાજકીય સંગઠનોના અધિકાર સહિતનાં સંગઠનોનું સ્વાતંત્ર્ય સલામત રહે..."

જૂના–નવા આંતરવિરોધો

અલબત્ત, આ પ્રકારની દલીલો યા ખુલાસાઓથી શંકાનું સમાધાન ન પણ થાય (એમાં વળી, શ્રી. અજય ઘોષના ઉપરના ભાષ્યથી કોઈ ભડકેય ખરું) અને ભારતીય કમ્યુનિસ્ટોએ 'આકરા અને અવિશ્વાસથી ભરેલા' દેખાતા છતાં સાચી સાવધાનીના સવાલોના જવાબો પોતાના ભાવિ વર્તન દ્વારા જ આપવા રહે છે. આને માટે એમણે વિચારથી માંડી વર્તનની તેમની પદ્ધતિઓમાં કાયાપલટ કરવી પડશે, એ નિઃશંક છે.

શું તેઓ પોતાની આવી કાયાપલટ કરી શકશે? આનો જવાબ, આજની એમની દ્વિધાયુક્ત મનોદશા સમજવામાં અને તેના પરિવર્તનની શકયતા સમજવામાં ઘણે અંશે રહેલો છે.

ભારતીય કમ્યુનિસ્ટોમાં એક આંતરવિરોધ વર્ષોથી ઘર ઘાલી ગયેલો છે:

૧. 'થિયરી' 'સ્ટ્રેટ્રેજી' અને 'ટેક્ટિક્સ' વચ્ચેનો આંતરવિરોધ.

'થિયરી' પ્રત્યેની તેમની જડતા—પુસ્તકિયા વેદિયા સૂત્રોની ભક્તિ—જગત આગળ ચાલી જાય તોય એમને પાછળ ખેંચી રાખે છે; વાસી સૂત્રોની ખીંચ એમને સાચી નીતિ (પૉલિસી) અને સાચા વ્યૂહ (સ્ટ્રેટેજી)થી દૂર રાખે છે: એટલે કે, જે વાસ્તવિક હકીકત છે, એનો સ્વીકાર કરતાં જ એમને દૂર રાખે છે; અને થિયરીની જડતામાં, 'અમુક હોવું જોઈએ' માટે 'એ રીતે જ છે' એવું ઠસાવવા દલીલોના ગંજ ખડકવા માંડે છે. નવી હકીકતોના આધારે સિદ્ધાન્ત ફેરવવાનો વૈજ્ઞાનિક રાહ નહિ, પરંતુ એક વાર નક્કી થયેલા સિદ્ધાન્તને વળગી રહી તેના ચોકઠામાં હકીકતોને બેસાડવાનો પ્રયાસ! પરિણામે, બેપાંચ વરસે પરિસ્થિતિ એટલી બધી પલટાઈ ગઈ હોય કે આંધળાય

[અનુસંધાન પાન ૩૦૩ ઉપર]

અનુવાદક : સ્વસ્થ

[એક મલયાલી મિત્ર શ્રી. ગોવિંદ વિદ્યાર્થીની સહાયથી ૧૯૪૭માં : મૂળ મલયાલી ઉપરથી : 'સંસ્કાર'માંથી]



મહાકવિ શ્રી વલ્લથોલ નારાયણ મેનન

જન્મ ૧૮૭૯ : મૃત્યુ ૧૩-૩-૧૯૫૮

પંદર વર્ષની કૂંળી વયે કવિતાલેખન શરૂ કર્યું. થોડાંક વર્ષોમાં તો મલયાલી ભાષાના "કવિ સાર્વભૌમન્"નું બિરુદ પ્રાપ્ત થયું. ૧૯૧૧માં—૩૨ વર્ષની વયે મહાકાવ્ય લખી મહાકવિ તરીકેની અપૂર્વ પ્રતિષ્ઠા પામ્યા.

ભારતવર્ષે તેમનામાં મહાકવિ રવીન્દ્રનાથ ટાગોર સમી પ્રતિભાનાં દર્શન કર્યાં : રાષ્ટ્રીય સરકારે તેમને 'પદ્મવિભૂષણ' તરીકે બિરદાવ્યા.

—૨૪ વર્ષની વયે (૧૯૦૩) વાલ્મિકીકૃત 'રામાયણ'નો અને ત્યારબાદ, ઋગ્વેદનો તથા પુરાણો, સંસ્કૃત નાટકોનો અનુવાદ મલયાલી ભાષાને આપનાર

—મલયાલી કવિતાને સંસ્કૃત છંદોની રૂંધામણમાંથી મુક્તિ (૧૯૨૫થી) અપાવનાર

—કેરલા કલામંડળ દ્વારા કથકલી નૃત્યપ્રણાલીને સજીવ રાખનાર

અનેક રૂઢીબંધોના છેદક, રાષ્ટ્રીયતા અને આંતરરાષ્ટ્રીયતાના ઉપાસક—મહાત્મા ગાંધી અને રશિયન ક્રાંતિના ઉદ્ગાતા, શાંતિ અને વિશ્વમાનવતાના ઉદ્બોધક, પંડિતો અને પ્રજાજનોના લાડીલા સૌંદર્યનિષ્ઠ કવિને અંજલિ અર્પતાં, તેમની કવિતામાંથી થોડાક ખંડો અહીં રજૂ કર્યા છે.

[ઉનાળાના છેલ્લા દિવસોમાં આગામી વરસાદનાં સૂચક વાદળાં સાંજે સાંજે ગોઠવાય છે એ દૃશ્ય જોતા ખેડુનું ગીત]

૧ : ખેડુનું ગીત

"આ વાદળાંઓ જાણે ભેંસો ચરવા નીકળી હોય એવો ભાસ આપે છે, અને કાળાં વાદળાંમાંથી નીકળતાં સૂરજનાં સોનેરી કિરણો, જાણે છાણમાંથી દેખાતી ડાંગરની પાકેલી, પીળી મેલી સાંઠીઓ હોય તેવાં લાગે છે!

હે ભયંકર તાપ! તું તપી લે. ઇન્દ્ર વાદળરૂપી મ્યાનમાંથી વીજળીરૂપી તલવાર ખેંચી રહ્યો છે અને હવે તારા દા'ડા પૂરા થયા છે. હે મારા દેશ! તું ચિંતા ન કરીશ. દુઃખ પછી સુખના દિવસો આવે છે. નીલમના કુંભોમાંથી તારી પર અમૃત ઢોળાવાનાં છે.

કાળા મેઘ જેવા વિષ્ણુ અને વીજળી જેવાં ગૌર લક્ષ્મી ઇન્દ્રધનુની માળા પહેરી ગરીબોને મદદ કરવા આવી રહ્યાં છે.

(ત્યારે ખેડુ શું કહે છે?)—

"હે માવડી! હું તને ભીની માટીની સોડમવાળી પીળી કમોદની માળા પહેરાવી પૂજીશ!

હે ચોખાના દાણા! તું "અંદર-જન"* જેવો છો, અને આજે તને ધરતી માતાને માટે લીલાં રેશમની સાડી વણવાનું શુભ કાર્ય મળ્યું છે! મા પ્રસન્ન થશે તો આપણે અનેક રીતે સુખી થઈશું. સ્વર્ગ માટે માણસે માતાની સેવા કરવી એ જ ઉત્તમ માર્ગ છે."

૨ : પુરાણો

હે પુરાણો! હું તમને વંદન કરું છું. તમે તો ભાસ-કાલિદાસ આદિ રત્નોના ભંડારો છો. વેદનાં ઉચ્ચ

* 'અંદરજન' : નામ્બુદ્રી બ્રાહ્મણની નારીઓ જે બારે માસ ઓરડામાં રહે છે.

શિખરોથી વહેતાં નિર્મળ નીર છો. તમારા ક્ષેત્રોમાં ઉપનિષદો ઊગે છે. તમે વિખ્યાત આર્યોના વિજયની નિશાની છો. "

૩ : લોકગીતોની મમતા

" એક સમય એવો હતો કે જ્યારે આપની માતા–મલયાલી ભાષા–બાલિકા હતી. એ સમયે એને કશી ફિકરચિંતા ન હતી, અને એ મનફાવે તેમ ઝાંઝર ઝણકારતી દોડતી અને રમતી હતી.

" તાજા જ માના દૂધલીના હોઠથી તેણે ત્યારે જે ગીતો ગાયાં હતાં તે આજે, હજીએ, આપણા કાનને મીઠાં લાગે છે. એ ગીતો ભલે ગામઠી હોય, પણ નગરવાસીઓ પણ એનાં તરસ્યાં છે. "

૪ : હોડીમાં પ્રવાસ

[અસ્પૃશ્યતાનો ઉકળાટ]

" જે ભૂમિમાં ઋષિઓમાં ઉત્તમ વ્યાસમુનિ માછણને પેટે જન્મ્યા હતા ત્યાં, માણસ માણસને અડે એમાંયે પાપ ગણાય છે!

આપણા વડવાઓ સ્વતંત્ર હતા ત્યારે નિર્બળોનાં રક્ષણ માટે હથિયારો ધારણ કરતા, પરંતુ આજે આપણે ગુલામ છીએ ત્યારે આપણા ગરીબ ભાંડુઓને, છે તેથીયે કંગાળ બનાવી રહ્યા છીએ. "

૫ : દેવ–દાસી કન્યા

" હે અર્શભૂમિ (આર્યાવર્ત) ! આ તો તારી યશસ્વી પરંપરા છે. તારી રણભૂમિ પરથી " નિષ્કામ "નો દુંદુભિ ધ્વનિ સંભળાયો હતો. તારી જમીન પર જંગલી શિકારીની ઝૂંપડીમાંથી બ્રાહ્મણત્વ પાંગર્યું હતું. (અહીં કવિ ગીતા અને રામાયણના ઉદ્‌ભવનો ઉલ્લેખ કરે છે). અરે! તારા વેશ્યાવાડાંમાંથી પણ પવિત્રતાની સૌરભ જાગી ઊઠે છે!

" દારૂથી ભરેલાં પાત્ર પર ગંગાજળનાં નામ કોતર્યાં છે. અભૂઝો એમાં ભેળવાય છે. " દેવદાસી " નામ પણ એવું જ છે.

" અંધારું તો એમ જ કહેવાનું કે, પ્રકાશ એ તો કોઈ રાક્ષસની ક્રોધી નજર છે. તોયે પ્રકાશ એ તો પ્રકાશ જ છે. હે સત્ય! તું તો સદા અને સર્વત્ર સત્ય જ છે. "

૬ : મલબારની ઉષા

[મલયાલી લોકગીતના ઢાળે મલયાલી ભાષામાં પ્રથમ લખાયેલું મલબાર પર ઊઘડતી સવારનું, મલબારનાં ગૃહજીવનનેય વ્યક્ત કરતું ગીત :]

" સમુદ્રના ઘેરા મૃદંગના ઘોષે રાત્રિના અંતની નોબત બજાવી દીધી છે. કૂકડાએ તેના માળામાંથી ડોકું બહાર કાઢી, રાતની વિદાય જોઈ, છડી પોકારવાનું શરૂ કર્યું. તેના અવાજથી ઉષાસુંદરી સફાળી જાગી ઊઠી, શુક્રના તારાનો દીપક લઈને આગળ આવી.

" તેણે અંબરશાલા (નૃત્યમંદિર)-માંથી ગઈ રાતનાં વાસી ફૂલો (તારાઓ)વાળી નાખ્યાં. વાળતાં-વાળતાં થતા કંકણધ્વનિ જેવા પંખીના કલરવ સંભળાયા.

" કસ્તૂરીવાળી ચંદ્રની થાળી તેણે દૂર ખસેડી અને આંગણામાં પાણીના છંટકાર જેવી ઝાકળ વેરી. એણે કપાળમાં ચાંદલો કરી કામના થાકનો નિઃશ્વાસ મૂક્યો હોય તેમ ફૂલોથી પરિમલ ફેલાઈ ગઈ.

" આ રીતે આ બ્રહ્માંડનો ઉપલો અને નીચલો મજલો ઉજમાળો થયો. આ રીતે હજારો બ્રહ્માંડો દરરોજ પ્રવૃત્ત થાય છે. આપણે એની ચાલક મહાશક્તિને પ્રણામ કરીએ. "

૭ : અમારો ઉત્તર

[માનવતાનો ધીરગંભીર ફંફનાદ]

" હું મારા ધ્યેયે પહોંચું કે નહિ, મારા માર્ગે જતાં મૃત્યુ મારે ભોગ લે યા ન લે, તમામ કાંટા ઝાંખરાઓ હોવા છતાં હું આગળ જવાનો જ છું.

" હું એ તમામ કાંટાઝાંખર ખસેડી નાખીશ કે જેથી, મારી પાછળ આવતા કોમળ ચરણોને પીડા ન અનુભવવી પડે. આખા વિશ્વને અંધકાર ભલે આવરી લે. તે અંધકારમાં પણ જૂઈનું પુષ્પ ખીલી નીકળશે અને પવનની લેરખીઓ વાટે એની સૌરભ સર્વત્ર ફેલાઈ રહેશે.

" અમાનુષ રિવાજોની જંજીરો મારા પગને બાંધી રહી છે, તેના ટુકડે-ટુકડા થઈ જશે. (એ માટે) મારે, માત્ર ૭ કે સાત ડગલાં જ આગળ માંડવાનાં છે! "

રોજનું રોજ

(વસંતતિલકા)

રેવાઈ ગ્યાં નયન તો દરરોજ ન્યાળી
આ દોડધામ–ગતિશૂન્ય–ન અંત જેનો;
આ વાહનો (પિપીલિકા તણી શું કતાર ?)
ને થાય ના દિન પસાર વિના અકસ્માત્ !

સંધ્યા અને રજનીએ નિજનું ગુમાવ્યું
સૌન્દર્ય; ને દિવસ તો બસ તેજનષ્ટ;
મોટા મકાન મહીં માનવી જંતુ જેવો
જીવી રહ્યો જીવન કેવળ બંધગ્રસ્ત.
કૈં સાધનો, સગવડો, કમી ના કશીયે

તોયે જતું સુખ સરી બસ દૂર દૂર;
ને કેન્દ્રમાં ધન રહ્યું; વળગી જ એને
બંધાય, જાય તૂટી સૌ (ક્ષણના) સબંધો.

આ તો થયું જ બસ રોજનું રોજ, એથી
હૈયે નહીં જ ભય, વિસ્મય કે નિરાશા !

—સુરેશ દલાલ

આજનું જીવન ! ધમાલ છે, દોડધામ છે, આયાસ છે પણ આગળ ડગલું ભરાતું નથી ! જીવનની નિશ્ચિતતા નથી. કુદરતમાં પણ જાણે એવો જ ક્રમ ! પોતાનો વૈભવ બતાવવા જતાં, મનને મનાવવા જતાં, માનવી પોતાનું સ્વત્વ ખોઈ બેઠો. સુખને માટેનાં સાધનો સરજ્યાં પણ પરિણામે મળ્યો સુખનો આભાસ ! અને છેવટે આ બધુંય કોઠે પડી ગયું છે. ચિત્તમાં એને વિશે એકકે ભાવ ઊગતો નથી !

મારી હોજો ભીતરે પૂર્ણ આપ્તિ
ને આ વિશ્વે નિત્ય નિર્બંધ વ્યાપ્તિ.

—મકરંદ

શિશુદેવ

(મિશ્ર૦)

માન્યું હતું કે
ત્યાં ગામડાની ધૂળથી ભરી ભરી
શેરી મહીં એ શિશુ તો રહી ગયું.
કિન્તુ—
હકીકતોથી અહ દગ્ધ જિંદગી
ખેંચી રહ્યો કલાર્ક તણી તદાપ
જેવી ભલા ઉદ્‌ભવતી જ કલ્પના !
આકાશ આ ચૈતરનું ભર્યું ભર્યું
અસંખ્ય તારાગણથી ખચિત.
ખરી પડે જો નવલક્ષ તારક
એકેક સૌ હ્યાં રૂપિયા બનીને..
વીણી લઉં તો સઘળાય...
ને પછી...
હકીકતો–વાસ્તવની સભાનતા
શી તીવ્ર રીતે દહતી જ ચિત્ત !
ને તોય આ બાલિશ કલ્પનાનું
રે જન્મવું ચિત્ત વિષે ? અસહ્ય.
અસહ્ય છે આ તુજ બોજ હે શિશુ
ઘરે ઘરે ઊતરવું હવે તો
આ સ્કંધથી હે શિશુદેવ મુન્મય !

—લાભશંકર ઠાકર

ગામડાની હૂંફાળી ધૂળભરેલી ગોદમાં શૈશવ વીતાવ્યું. પણ પછી તો શહેરમાં કલાર્કની નોકરી સ્વીકારવી પડી. બેયમાં આસમાન–જમીનનો ફેર છે. પણ જિંદગીનાં બેય પાસાંઓમાં સામાન્ય રહે એવી તો એક કલ્પના છે, તે બાળપણમાંય હતી ને આજે ય છે–'આકાશના ચકચકતા તારા રૂપિયા બનીને ખરી પડે તો વીણી લઉં અને...' આ કલ્પના બાળપણને ઉચિત છે; અને એક કલાર્ક માટે 'બાલિશ' પણ ગણાય ને ? પણ વાસ્તવિકતાના પંજામાં પકડાયેલા ગરીબ કલાર્ક માટે બાળપણમાં હલકા ફૂલ જેવી લાગતી કલ્પના હવે તો અસહ્ય બને છે ને ખભા પરથી ઊતરી જવા એને કરગરે છે!

જે પુસ્તક 'વાંચજો જ' એમ કહેવાની હિંમત નથી—

મહાનવલ યુલિસિસ :

—સુરેશ જોષી

ના, એ પુસ્તક તમે વાંચજો જ એવું કહેવાની મારામાં હિંમત નથી; કારણ કે હું જાણું છું, મને પાકી ખાતરી છે, કે એક પાનું પણ પૂરું કરો તે પહેલાં તમે ચોપડી (નક્કર આઠસો પાનાંના પુસ્તકને ચોપડી કદાચ નહિ કહેવાય!) પછાડીને તડૂકી ઊઠશો : મહેરબાન, અમારા પર આ તે શો જુલમ માંડ્યો છે! વાત સાચી. એક રીતે જુઓ તો જુલમ જ લાગે. ચોપડી પર 'ઊડતી નજર' નાખશો તોય તમને કાંઈક જુદું જ દેખાશે : અક્ષરોનું જાણે કીડિયારું ઉભરાયું છે, અલ્પવિરામ પૂર્ણવિરામ જાણે અલોપ થઈ ગયા છે. શ્વાસ ખાવાનોય આધાર નથી. ઘડીમાં નાટકની જેમ પાત્રો વચ્ચેના સંવાદ આવે છે, તો ઘડીમાં છાપામાં હોય છે તેવા મોટા મોટા અક્ષરનાં મથાળાં હારબંધ ચાલ્યાં આવે છે. ને શબ્દોય કેવા! ભાષાય કેવી! કેટલાક શબ્દોનો અર્થ શબ્દકોષમાં જોવા જઈએ તો મળે જ નહિ—કારણ કે એવો કોઈ શબ્દ જ હોય તો ને! એક 'શબ્દ'ની અંદર કોઈકવાર ચારપાંચ શબ્દોના છૂટા છૂટા ટુકડા ભેગા થઈ ગયા હોય, તો વળી કેટલીક વાર અડધાપડધા ઉચ્ચારાયેલા, શબ્દોના અવશેષો જ નોંધાયા હોય. તમારાં કર્તા કર્મક્રિયાપદનાં ખાનાંને તોડીને ભાષા સ્વૈરવિહાર કરી રહી હોય!—હવે તમે જ કહો, આની ચોપડી વાંચી જવાની ભલામણ કઈ રીતે કરું?

—પણ જો તમે એકવાર કમરકસીને એને વાંચવાનો નિર્ધાર કરો તો—

તો તમને એમ લાગશે કે તમે જગતના એક અત્યન્ત સમૃદ્ધ પ્રતિભાવંત કલાકારના સંપર્કમાં આવ્યા; એટલું જ નહિ, તમારી જગતને જોવાની દૃષ્ટિને પણ એ નવો જ ઘાટ આપશે.

એ પુસ્તકનું નામ યુલિસિસ, ને લેખકનું નામ જેમ્સ જોયસ. તમે એને 'વિચિત્ર' કહી નાખશો—સારા સારા માણસોએ, મોટા મોટા લેખકોએ જોયસને ભાંડવામાં બાકી રાખ્યું નથી. એની ચોપડીઓ જપ્ત કરવામાં આવી, બાળી નાંખવામાં આવી, 'અશ્લીલ લખાણ' કહી એના પર કામ ચાલ્યું....

'યુલિસિસ': આપણે ઘરમાં, આરામખુરશીમાં પડ્યા પડ્યા, મનને બહેલાવવા માટે એ ચોપડીનાં પાનાં ઉથલાવીએ ત્યારે કદાચ એ આપણું મન બહેલાવી ન શકે એ સાચું; પણ જરા ધીરજ રાખીને જો પુસ્તકનું 'સેવન' કરીએ તો એના લેખકના વિરાટ વ્યક્તિત્વનો આપણને પરિચય થાય, ને એ પરિચય આપણા જીવનનો એક ધન્ય અનુભવ બની રહે.

કેવો હતો એ જોયસ? જુઓ થોડાંક ચિત્રો:

સને ૧૯૦૩-૪, સ્થળ પૅરિસ. ઊંચો, નાજુક બાંધાનો જુવાન, પોલાદના જેવી ભૂરી ઝાંયવાળી આંખો—શહેરના રાજમાર્ગ પર લટાર મારે છે, ગજવામાં રાતી પાઈ સુદ્ધાં નથી! પણ એના હોઠ પર ગીત છે, એણે પોતે જ લખેલાં ગીતો. હા, એણે શરૂઆત કરેલી કવિતાથી, એક સંગ્રહ પણ પ્રકટ કરેલો. એનું નામ 'ચેમ્બર મ્યુઝિક.' કોઈ એને છાપે નહિ. આખરે મહામહેનતે ૧૯૦૭માં એ સંગ્રહ પ્રસિદ્ધ થઈ શક્યો. એમાંથી એક પાઈ એને મળી નહિ, એ સંગ્રહ લઈ ને એ આયર્લેન્ડના જાણીતા મરમી કવિ એ. ઈ. (જ્યોર્જ રસેલ)ને બતાવવા ગયો. એ સંગ્રહ જોઈને એ. ઈ. એ કહ્યુઃ અહ, એક સૃષ્ટિનું સર્જન કરવા માટે માણસ-

માં જેટલો ઉધમાત ને જેટલી અરાજકતા હોવી જોઈએ તે તારામાં નથી. પણ એ જ એ. ઈ. એ જ્યારે 'યુલિસિસ' જોયું ત્યારે 'વીસમી સદીની સૌથી મહાન નવલકથા' એવો ઉદ્ગાર કાઢ્યો !

પૅરિસમાં જોયૂસ દાક્તર થવા ગયો હતો પણ ત્યાં ડબ્લિનમાં એની મા માંદી પડી, ને એ ડબ્લિન ગયો. મા ચુસ્ત ધાર્મિક ને પિતા મશ્કરા ને હસમુખા સ્વભાવના માણસ. જોયૂસની ધર્મ પરથી શ્રદ્ધા ઊઠી ગયેલી. કહે છે કે મરતી વેળાએ મરણપથારી પરથી માએ દીકરાને ધર્મને સ્વીકારી લેવા ઘણું કહ્યું, પણ દીકરો એકનો બે થયો નહિ, ને મા મરી ગઈ. માને અન્યાય કર્યાનો આ ડંખ દીકરાના હૃદયને સદા કોરતો જ રહ્યો. એની પહેલી નવલકથાના નાયક સ્ટેફનના જીવનમાં પણ આવો જ પ્રસંગ બને છે, ને એ પણ આ દોષના સ્મરણથી દુઃખ પામ્યા કરે છે.

આ જોયૂસ ભણતો ત્યારથી જ સ્વતંત્રમિજાજી ને ઉદ્દંડ. નવ વરસનો હતો ત્યારે આયર્લૅન્ડના નેતા પાર્વેલનું નામ બહુ ચર્ચાતું. એણે એના પિતાને કોઈ સાથે આ સંબંધે ચર્ચા કરતા સાંભળ્યા, ને એટલા પરથી ઉશ્કેરાઈને એક નિબંધ લખીને ફરફરિયું છપાવી કાઢ્યું !

કૉલેજનો એવો જ એક બીજો પ્રસંગ છે. જાણીતા કવિ અને નાટ્યકાર યીટ્સનું નાટક 'કાઉન્ટેસ કૅથલીન' ભજવવું નહિ જોઈએ એવા પ્રસ્તાવ પર કૉલેજના સત્તાવાળાઓ બધાની સહી ઉઘરાવતા હતા. બીજા ઘણાએ તો નીચી મૂંડીએ સહી ઘસડી આપી, પણ પંદર વર્ષના જોયૂસે સાફ ના કહી દીધી.

પણ એનો અર્થ એવો રખે કરતા કે એ યીટ્સથી અંજાઈ ગયો હતો. ના રે ના, વાત તો સાવ જુદી જ બનેલી. પહેલીવાર જોયૂસ યીટ્સને મળ્યો ત્યારે એણે કહ્યું : આપણે બહુ મોડા મળ્યા. હવે તો તમે એટલા ઘરડા થયા છો કે તમારા પર મારી ભાગ્યે જ કાંઈ અસર પડે !

જોયૂસની પહેલી નવલકથાનો નાયક સ્ટેફન વાર્તાના અંતમાં એના મિત્ર ક્રેનલીને જે કહે છે તે જોયૂસના મનની જ વાત છે, સ્ટેફન કહે છેઃ "તું મને પૂછે છે કે હું શું કરીશ ને હું શું નહિ કરીશ. વારુ, એનો હું તને આમ જવાબ આપું છું : 'જેમાંથી મારી શ્રદ્ધા ઊઠી ગઈ છે તેની ગુલામી હું સ્વીકારવાનો નથીઃ પછી એ મારું ઘર હોય, મારી જન્મભૂમિ હોય કે મારો ધર્મ હોય; ને હું મારી જિન્દગી મારી જાતને જીવન જીવવાની અમુક રીતિ દ્વારા કે કળા દ્વારા બિલકુલ મુક્તપણે અને યથાશક્તિ સંપૂર્ણપણે વ્યક્ત કરવામાં ગાળવાનો છું. મારી પાસે સંરક્ષણને માટેનાં ત્રણ જ શસ્ત્રો છે : મૌન, દેશત્યાગ અને કુનેહ... ને મારાથી ભૂલ થાય તો તેથી હું ગભરાઈ જવાનો નથી, એ ભૂલ ગંજાવર ભૂલ હોય, આખી જિંદગીભરની કે શાશ્વતકાળ સુધીની ભૂલ હોય તોય શું થઈ ગયું ? (પોર્ટ્રેટ ઑવ એન આર્ટિસ્ટ એઝ એ યંગ મેન)

આથી જ તો સંકુચિત દેશાભિમાનની લાગણી એનામાં નહોતી. આયર્લૅન્ડની રાષ્ટ્રીય રંગભૂમિની ચળવળનો પણ એણે વિરોધ કર્યો; તે જમાનાના આયર્લૅન્ડમાં કોઈ પણ કલાકાર પોતાની કલા વિકસાવી શકે નહિ એમ એને લાગ્યું. આથી ૧૯૦૪માં એણે દેશનો ત્યાગ કર્યો. સ્ટેફન કહે છે તેમ એને લાગેલું : આયર્લૅન્ડમાં જન્મેલા માણસના આત્માની આજુબાજુ જાળ નાંખીને એને ઘેરી લેવામાં આવે છે; ને એ રીતે એને ઊડી જતો અટકાવવામાં આવે છે, બધા રાષ્ટ્રભક્તિ, ભાષાભક્તિ ને ધાર્મિકતાની વાતો કહે છે. પણ હું તો એ જાળને જ પાંખ બનાવીને ઊડી જવા ઇચ્છું છું.

પણ આ ઉડ્ડયન તે કાંઈ કલ્પનાલોકનું ઉડ્ડયન નથી. એને માટે જોયૂસને શું શું વેઠવું પડયું છે ! થોડી વીગતો જ જુઓ, કાચાપોચાના તો હાંજા ગગડી જાય !

'પોર્ટ્રેટ' લખી તો ખરી, પણ એને કોઈ છાપે નહિ. તે પહેલાં 'ડબ્લિનર્સ' નામનો વાર્તાસંગ્રહ લખેલો. એમાં ફેરફાર કરવાની પ્રકાશકોની માગણીને એણે નકારી. આથી એને બહાર પાડવામાં ઘણો વિલંબ થયો. આવકાર તો મળે જ શાનો ? તે વખત દરમિયાન એઝરા પાઉંડ પૅરિસમાં રહે. તેણે પ્રતીકવાદીઓની નવી હિલચાલ શરૂ કરેલી. પાઉંડ તરછોડાયેલા પણ શક્તિશાળી લેખકોને સારું ઉત્તેજન આપતો. એનાં પ્રયત્નથી ૧૯૧૪–૧૫ના ગાળા દરમિયાન 'પોર્ટ્રેટ' એના સામયિક 'ધ ઇગોઇસ્ટ'માં પ્રસિદ્ધ થઈ, ને ઈ. સ. ૧૯૧૬માં પુસ્તકાકારે પ્રસિદ્ધ થઈ.

આ દરમિયાન જોયૂસને આજીવિકા અર્થે, કોઈ મિત્રની સલાહથી, ટ્રિયેસ્ટ જવાનું થયું. મિત્રની આપેલી આશાઓ ખોટી પડી. મહામુશ્કેલીએ વરસના એંસી પાઉંડના મામૂલી પગારથી, અંગ્રેજીના શિક્ષકની નોકરી એને મળી. એ

૧૯૦૪ થી ૧૯૧૪નો ગાળો ભારે કપરો વીત્યો. પછી એ ઝુરિચ ગયો. આ દરમિયાન એનો આંખનો વ્યાધિ જોર પકડતો ગયો. દશ વાર એને આંખની શસ્ત્રક્રિયા કરાવવી પડેલી, ને તે જમાનામાં તો ઘેનની દવા કે ચામડીને જૂઠી પાડવાનાં કે જ્ઞાનતંતુને જૂઠાં પાડવાનાં સાધનોનો ઉપયોગ થતો નહિ! આ આંખની ઉપાધિને કારણે એના લખાણ પર ભારે અસર થઈ. જેની આંખ કાચી હોય તેના કાન વધારે તીક્ષ્ણ હોય. ને જોયૂસનો તો કંઠ ખૂબ જ સરસ હતો. એ વૃન્દગાનમાં ભાગ લેતો, ને એની ધૂનને કારણે એ સંગીતની પરીક્ષામાંથી છેલ્લે તબક્કે પાછો ન વળ્યો હોત તો કદાચ એણે સંગીતની દુનિયામાં જ નામ કાઢ્યું હોત! આથી એની ભાષામાં લયનું તત્ત્વ, શબ્દોની યોજના, ધ્વનિતત્ત્વની માવજત એ કેટલી કાળજીથી કરે છે! એનું ગદ્ય તે આંખનો વિષય નથી, કાનનો વિષય છે!

આંખ નબળી એટલે ઓરડામાં ભીંતનો રંગ પણ ધોળો રાખતો. કપડાં પણ ધોળાં પહેરતો ને મોટા ધોળા કાગળ પર લાલ પેન્સિલથી લખતો. સૂક્ષ્મદર્શી કાચની મદદથી નીચો ઝૂકી ઝૂકીને ચોપડીની 'પ્રૂફ' સુધારતો. આ ઉપાધિ કાંઈ એકલી જ નહોતી; ભૂખમરો, કુટુંબના પાલનપોષણની ચિન્તા, લોકનિન્દા, અશ્લીલતાનો આરોપ, યુરોપનું યુદ્ધ—આ બધામાં ગજબની અડગતાથી એ 'યુલિસિસ'ના લેખનમાં રચ્યો-પચ્યો રહ્યો. ટ્રિયેસ્ટથી એના મિત્ર ફ્રેન્ક બજેનના પર એણે લખેલા પત્રોમાં જાણે પોતે હસી કાઢતો હોય તેવી રીતે એણે આ વિટંબણાઓને વર્ણવી છે. એની શક્તિનો આદર કરનાર અને એને પુસ્તકપ્રકાશનમાં મદદ કરનાર હેરિયેટ વીવર નામની સન્નારી પર એણે લખેલો પત્ર આ પરિસ્થિતિનો અને એના પ્રત્યેના જોયૂસના લાક્ષણિક વલણનો સચોટ ખ્યાલ આપે છે: "મારે વિશે જે ગપગોળાઓ આજકાલ ચાલી રહ્યા છે તે જો એકઠા કરું તો ખાસ્સો સંગ્રહ બને. થોડા નમૂના આ રહ્યા: ડબ્લિનમાં મારા કુટુમ્બીઓ માને છે કે યુદ્ધ દરમિયાન સ્વિટ્ઝર્લૅન્ડમાં જાસૂસીનું કામ કરીને, બંને પક્ષને કુશળતાથી સંતોષીને, હું માલદાર બની ગયો છું. અહીંના લોકો મને મારા સંબંધીને ઘરેથી નીકળીને ટપાલ ઑફિસમાં નિયમિત જતો જોઈ ને હું કોકેનનો બંધાણી છું એમ પાકે પાયે માની બેઠા છે. ડબ્લિનમાં તો વાત ચાલે જ છે કે હવે મારામાં લખવાની તાકાત રહી નથી, હું ભાંગી પડ્યો છું ને ન્યૂ યૉર્કને કોઇક ખૂણે મરવા પડ્યો છું. લિવરપુલના કોઈ માણસે એવી ગપ ચલાવી છે કે હું સ્વિટ્ઝર્લૅન્ડમાં કાંઈ કેટલાય સિનેમા-થિયેટરનો માલિક છું! અમેરિકામાં મુખ્યત્વે બે પ્રકારની ગપ ચાલે છે: કેટલાક એમ કહે છે કે હું સર રવીન્દ્રનાથ ટાગોર અને તિબેટના દલાઈ લામાનું વિચિત્ર મિશ્રણ છું. પર્સી વિન્ડહામ લેવિસને કોઈએ એમ કહેલું કે હું તો કોઈ અજબનો ભેજા-ચસકેલ આદમી છું. મારા ખિસ્સામાં એક સાથે ચારચાર ઘડિયાળ રાખું છું. કોઈ જોડે એક હરફ બોલતો નથી ને બોલું છું ત્યારે 'કેટલા વાગ્યા?' એટલું પૂછવા પૂરતું જ! અહીંની એક બાઈએ એવી વાત વહેતી મૂકી છે કે હું ભારે આળસુ માણસ છું, ને મારાથી એકકેય કામ પૂરું થઈ શકવાનું નથી. (મેં બરાબર ગણી જોયું છે—અત્યાર સુધીમાં 'યુલિસિસ' લખવાને માટે મેં વીસ હજાર કલાક ખર્ચ્યા છે!) ઝુરિચના કેટલાક સજ્જનોએ મારે વિશે એવો પ્રચાર કર્યો છે કે આ આદમી તો થોડા વખતમાં જ પાગલ થઈ જવાનો છે, એમણે તો યુંગ નામના એક માનસોપચારી દાક્તર પાસે મને લઈ જવાની તૈયારી પણ બતાવી!

પણ સાચી વાત તો એટલી જ છે કે હું એક અદનો આદમી છું, ને મારી પાછળ કલ્પનાનું આટલું રંગરોગાન નકામું વેડફાઈ જાય છે તે ઠીક નથી...આ બધાં વર્ષો દરમિયાન મેં સાહિત્યની કોઈ કૃતિ સુદ્ધાં વાંચી નથી. મારું મગજ જાણે કાંકરાથી, કચરાથી, છાપાનાં ટુકડાથી, ભાંગેલા કાચની કચ્ચરથી ભરેલું હોય એવું મને લાગે છે. અઢાર જુદાં જુદાં દૃષ્ટિકોણથી ને અઢાર જુદી જુદી શૈલીથી (એમાંની બધી જ મારા સમકાલીનોને અજાણી ને વણશોધાયેલી) જે પુસ્તક લખવાનું કામ હું લઈ બેઠો છું, ને લોકો મારે વિશે જે ગપ ચલાવે છે તે કોઈને પણ ગાંડો કરી નાંખે એવું છે. આ પુસ્તક પૂરું કરીને હું બધું વ્યવસ્થિત કરવાની આશા રાખું છું, ને પછીથી મારે ખૂ...બ ખૂ...બ આરામ લેવો છે, ને 'યુલિસિસ'ને સાવ ભૂલી જવા ધારું છું!

(૨૪ જૂન, ૧૯૨૧)

આ યુલિસિસે તો છેક કિશોરવયથી એનો પીછો પકડ્યો હતો. જ્યારે 'મારો પ્રિય કથાનાયક' એ વિષય પર નિબંધ લખવાનું કહેવામાં આવ્યું ત્યારે એણે યુલિસિસના પર જ નિબંધ લખ્યો હતો. ૧૯૦૬માં ટૂંકી વાર્તારૂપે યુલિસિસની

કથા લખવાનો પ્રયત્ન કર્યો, પણ એમ કરવા જતાં જ આ વિષયની વિશાળ શકયતાનું કદાચ એને દર્શન થયું, ને આખરે ૧૯૧૪થી ૧૯૨૧ સુધીના સાત વરસના સતત પરિશ્રમ પછીથી, જોયૂસની ચાળીસમી વરસગાંઠને દિવસે ગ્રીસના વાવટાના શ્વેત અને ભૂરા રંગના પૂઠામાં બંધાયેલું મુદ્રિત ' યુલિસિસ ' એના હાથમાં આવ્યું !

પણ આ યુલિસિસ લખીને જેમ્સ જોયૂસે ખરે જ ગજબ કરી નાંખ્યો છે. વાત આમ જોવા જાવ તો છેક સાદી છે : ડબ્લિનમાં અમુક પાત્રોએ ગાળેલો એક દિવસ–૧૬ મી જૂન, ૧૯૦૪ (પૂરો એક દિવસ પણ નહિ. કથા સવારના આઠે શરૂ થાય છે ને બીજે દિવસે રાતે બે વાગે લગભગ પૂરી થાય છે). પણ એક ક્ષણમાં તો કેટલુંય બને ! આપણે બધું જોઈ શકતા નથી, જીવી શકતા નથી, એટલું જ. એ જોવા—વર્ણવવાના મુખ્ય બે પ્રકાર : એક તો, આગળના લેખકો કરતા તેમ, ફૂટપટ્ટી ઉપર થઈ ને કીડી ચાલે તેમ સીધી લીટીમાં ચાલ્યા જાવ, અમુક વ્યવસ્થિત ક્રમે જ બધું બને—આડાઅવળા ફંટાવાનું જ નહિ; ને બીજી રચના તે નારંગીની પેશીની રચના હોય છે તેવી—પણ એનોય વર્તુળાકાર, એનેય કેન્દ્ર. જોયૂસ તો એથીય આગળ વધ્યો. એનો મુખ્ય સિદ્ધાંત જ આ : આ દુનિયામાં બધું જોવું ને જેમ જોતા જઈએ તેમ વર્ણવવું. એમાં વળી પસંદગી શી કરવાની ? ને પસંદગી કરીએ એટલે એનો અર્થ એ કે તમારી પાસે કશુંક નિશ્ચિત દૃષ્ટિબિન્દુ છે. ના ભાઈ, જે જીવવામાં પડયો છે તે નિશ્ચિત દૃષ્ટિબિન્દુ સ્થિર કરવા ક્યારે થોભી શકે ?

આથી, હાથ પરથી હાથ-મોજું ઉતારવું, ચા પીવી, શરીર પર પહેરેલાં કપડાંના પોતાને સ્પર્શથી ઓળખવું– આ બધું એક સરખા મહત્ત્વનું છે. એ બધું જેમ જેમ બનતું જાય છે તેમ એને ગૂંથનારી ભાત પ્રગટતી જાય છે. આપણી પાસેના, કોઈ પહેલેથી નક્કી કરેલા બીબામાં એને ઢાળવાનું નથી. આમ કરવા જઈએ છીએ ત્યારે જ આપણને સમજાય છે કે ઉપરછલ્લી દૃષ્ટિને જે તુચ્છ લાગે છે તે ખરેખર તુચ્છ નથી હોતું, એ તો કેટલાય ગોચર–અગોચર સંબંધનાં તાંતણે સંધાયું હોય છે ! વિક્ટોરિયાના જમાનાના લોકો જડ નીતિનાં ધોરણે બધું બહારથી સુઘડ દેખાડવાના હિમાયતી હતા. એના વિરોધમાં જોયૂસે જીવનનું આવું નિરૂપણ એની આગવી શૈલીએ, નૈતિક ચુકાદો આપવાની જરૂરને જ અનાવશ્યક બનાવી દે એવી રીતે, કરીને જીવનની વિરાટતાનું દર્શન કરાવ્યું. જોયૂસ વર્તમાન જગતથી અસંતુષ્ટ બનીને બળવો પોકારનાર લેખક નહોતો. એણે તો એને જે રીત સાચી લાગી તે રીતે, જગતને બતાવ્યું. સ્વીફ્ટને એના જમાનાની કટાક્ષાત્મક ટીકા કરવા માટે અતિરેકી હાસ્યચિત્રોનો આશ્રય લેવો પડ્યો. જોયૂસ ક્યાંય અતિશયોક્તિનો આશ્રય લેતો નથી.

વાર્તામાંનાં પાત્રો સામાન્ય માનવીઓની દિનચર્યાને અનુસરે છે; પણ જોયૂસે કાળનું પરિમાણ આખું બદલી નાંખ્યું છે. તમે ચા પીતા બેઠા છો, રકાબીમાંથી ચા છલકાઈ ને નીચે પડે છે, તમને એનો ઉષ્ણ સ્પર્શ થાય છે, ને એ સ્પર્શની સાથે જ આવા જ બીજા સ્પર્શની યાદ તાજી થાય છે, ને એમ વર્તમાનની સીમા બંને તરફ—ભૂત અને ભવિષ્ય તરફ—વિસ્તરે છે.

હોમરના મૂળ મહાકાવ્ય ' ઓડિસી 'ની બધી જ મુખ્ય ઘટનાઓને સમાંતરપણે અનુસરે એવી રીતે જોયૂસે આ મહાનવલની રચના કરી છે. યુલિસિસ જેમ દરિયો ખેડે છે, અનેક પ્રકારના અનુભવોમાંથી પસાર થાય છે તેમ વાર્તાના મુખ્ય નાયક બ્લૂમનું પણ બને છે. એ જાહેરખબર એકઠી કરવાની નોકરી કરે છે. દફનવિધિ વાર્તાના પ્રારંભમાં આવે છે, અંતમાં બાળકનો જન્મ આવે છે. બ્લૂમની પત્ની મોલી અંતમાં લાંબી સ્વગતોક્તિ દ્વારા એની આંતરચેતનાના વિવિધ પ્રવાહોને વર્ણવે છે, ને આખરે ભારપૂર્વક ઉચ્ચારાયેલા ' હા ' સાથે વાર્તા પૂરી થાય છે.

આજનો માનવી ક્યાંય મૂળ નાંખી શકતો નથી. જે એને વહાલું છે તેનાથી દૂર સરી જઈને એને વર્ણવવાનું જ એને ભાગે રહે છે. યુલિસિસની જેમ આપણે બધાય સદાના યાત્રી છીએ. પિતા પુત્રની શોધમાં છે, પુત્ર પિતાની. બ્લૂમનાં મૃતપુત્રનું દર્શન સ્ટેફનમાં થાય છે, ને પિતાને તરછોડીને નીકળેલી સ્ટેફન બ્લૂમમાં પિતાના વાત્સલ્યને પામે છે. પણ જોયૂસ એનાં પાત્રોનાં વર્તન પરત્વે તમારી પાસે ન્યાય ચુકવવાની પરિસ્થિતિ જ ઊભી થવા દેતો નથી. અઢાર કલાકમાં પાત્રો એવું કરે જ નહિ ને ! ને છતાં, આ સાંકડી મર્યાદામાં રહીને, રચનાને એણે એક દૃઢ આકાર આપ્યો છે; સૂક્ષ્મ સંકલનાથી, ઉપલક રીતે વિશૃંખલ

લાગતું બધું સાંકળી લીધું છે.

દૃષ્ટિની આશ્ચર્યજનક વિશદતા, ઘટનાઓને ઘટના જોડે સાંકળવાની પાછળ રહેલી સૂક્ષ્મ સંયોજનશક્તિ અને તાટસ્થ્યને કારણે યુલિસિસની સૃષ્ટિમાંથી બહાર નીકળ્યાં પછી અત્યંત સમૃદ્ધિનો અનુભવ થાય છે. પેલી નિશાળમાં અંગ્રેજી બાળપોથીમાં ભણેલા તે વાર્તા યાદ આવે છે? થોડાક ઠગ લોકો છેતરવા નીકળ્યા. કહે કે અમે તો એવું વસ્ત્ર વણીએ જે સાચા બોલાને જ દેખાય; આમ કહીને એ ચતુરોએ શહેનશાહને પણ દિગમ્બર કર્યો! જોયસ પાસે પણ એવો જાદુ છે, એ આપણી ચેતનાના તંતુએ તંતુ ઉખેળી આપે છે! જેમ રાસાયણિકો તુચ્છ વસ્તુના ગર્ભમાંથી રેશમ બનાવી આપે છે તેમ જોયસ તુચ્છ લાગતી વસ્તુને પ્રતિભા-રસાયણે રસીને કશાંક અપૂર્વની લહાણ કરે છે.

કલાકાર ચેતનાની કઈ સપાટીએ પોતાના અનુભવનું રૂપાંતર કરે છે તે કલાકૃતિના આસ્વાદમાં અત્યંત મહત્ત્વની વસ્તુ છે. જો 'યુલિસિસ' વાંચીએ નહિ તો અનુભવનાં કેટલાંક પરિણામોથી અજાણ્યા જ રહી જઈએ, ને જ્યારે એ ભૂમિકાએ રહીને વાત કહેવી હોય ત્યારે ભાષા પણ નવી ઘડવી પડે. જોયસ અઢાર ભાષાઓ જાણતો હતો. ઇબ્સનને સમજવા ખાસ નોર્વેજિયન ભણેલો. એસ્કિમોની ભાષા પણ જાણે—આ બધી ભાષાની સામટી શક્તિને એણે ઉપયોગમાં લેવાનો પ્રયત્ન કર્યો, ભાષાનું આખું કાઠું બદલી નાંખ્યું, ચહેરામહોરો બદલી નાંખ્યો. આથી લોકો બૂમ પાડી ઊઠ્યા. એમને તો આ લવારો લાગ્યો, ગાંડપણ લાગ્યું.

પાત્રો મનની જુદી જુદી અવસ્થાએ એકબીજાના સંપર્કમાં આવે, ને એ રીતે એક પરિસ્થિતિનાં કેટલાં રૂપો પ્રકટ થાય તે જોયસે ભારે કુનેહથી બતાવ્યું છે. આ પ્રકારના એક સાથે અનેક ભૂમિકા પર રહીને ઘટનાને જોવાના ને વર્ણવવાના પ્રયત્નો આપણા સામાન્ય વાચકની ટેવની જડતાને પડકારે તે દેખીતું છે, વળી 'નીતિરક્ષકો' 'અશ્લીલ અશ્લીલ' કરીને બૂમ પાડી ઊઠે તેય સમજાય તેવું છે. પણ જેને આપણે 'અશ્લીલ' કહીએ છીએ તેનું આલેખન કલાકાર આપણી વૃત્તિને ગલગલિયાં કરાવવા નથી કરતો. એ તો એમાંથીય જીવનની તાસીર પ્રકટાવે છે. એકાંગી દર્શન જ વરવું બને.

પણ એચ. જી. વેલ્સ જેવા વિજ્ઞાનીને પણ આ બધું ગળે ઊતર્યું નહિ. એણેય કહી દીધેલું: 'આ તમારી રચના ઢંગધડા વગરની છે. તમે સામાન્ય માણસથી પીઠ ફેરવી દીધી છે, ને કેવળ સમસ્યાની જટાજાળ ગૂંથી છે. મારી જિંદગીમાં જે કાંઈ થોડા કલાક મૂલ્યવાન કામને માટે રહ્યા છે તેના પર આક્રમણ કરનારો આ જોયસ છે કોણ? પણ દુનિયા વિશાળ છે, એમાં વેલ્સ અને જોયસ બંનેનો સમાવેશ થઈ શકે છે.'

તમનેય કદાચ આવું લાગે તે સ્વાભાવિક છે. પણ એ એક વાર વાંચ્યા પછી લાગવું જોઈએ. ના, પણ તમે વાંચજો જ એમ કહેવાની મારી હિંમત નથી.

કુદરતનો પડકાર
માનવીનો પુરૂષાર્થ..............

[ભારત નવઘડતર]

ભાખરા બંધ ! ભારતના નવઘડતરનો અપૂર્વ સમારોહ ! ૧૦ વર્ષથી આરંભાયેલો અગળ પુરુષાર્થ ! દુનિયાનો સૌથી ઊંચામાં ઊંચો બંધ !

૯૦૦૦ કારીગરો ને નિષ્ણાતો ૧૦-૧૦ વર્ષથી માથું ઊંધું ઘાલી લાગી ચૂકયા છે. એક નહિ, ત્રણ શિફ્ટ ચાલે છે...ગામડાંના સુથારો, લુહારો, ખેડૂતો ને મજૂરો...અતિ નાનાં માનવીઓ ને અતિ અજાણ્યાં માનવી...અજાણ્યા 'વીરો 'ને ' શહીદો ' દસ દસ વરસથી અવિરત શ્રમયજ્ઞમાં ખૂંપી ગયા છે !

૧૪ વર્ષ પૂર્વે સતલજ નદી પર બંધ બાંધવાની યોજના વિચારાઈ ચૂકી હતી. પણ જ્યારે નક્કર અંદાજ લેવાનો આવ્યો ત્યારે મુશ્કેલી મોં ફાડી ઊભી રહી. નદીનો એવો કોઈ કાંઠો-કિનારો નથી જ્યાં બંધ બાંધી શકાય. કયાંય સખ્ત ટેકરીઓ નથી, કયાંય પથરાળ ભૂમિ નથી. કેવળ રેતાળ-માટીવાળી જમીન બેઉ બાજુ પથરાયેલી છે. બંધ શાના જોરે બંધાય ?

કુદરતનો પડકાર હતો : આવી ધરતી પર દુનિયામાં કયાંય બંધ બંધાયો નથી

પરંતુ માનવીનો સામો જવાબ હતો : જો ભારતની ધરતીને ' સુજલા સુફલા શ્યામલા ' બનાવવી હશે તો બંધ બાંધીને જ જંપીશું.

કુદરત અને માનવી વચ્ચે ખરાખરીનો જંગ આરંભાયો હતો.

•

નદીના ભાઠાંની જમીનની ઉપરનાં પડોનાં પડો ઉડાડી દેવાનું શરૂ થયું...પરંતુ કયાં લગી ? એક પછી એક નીચેનું પડ આવે છે પણ પોચુંપચટ જ ! ગમે તે કારણ હો. ખુદ યોજકોને ને એંજિનિયરો-નિષ્ણાતોનેય આ પૂર્વે એનો ખ્યાલ જ આવેલો નહિ !

બંધનો પાયો કાચી પોચટ જમીન ઉપર ઊભો થાય જ શી રીતે ? ટકે કેટલો ? શું બંધની યોજના પડતી મૂકવી રહી ?—નિયોજકો ઘડીભર મૂંઝાયા.

પણ એમની નિષ્ઠા ડગી ન હતી. સો, બસો, પાંચસો, હજાર ફૂટ ખોદશું...ધરતીના હૈયા સુધી બોરિંગ લઈ જઈશું ! જોઈએ તો ખરા, કાઠી જમીન કેમ હાથ નથી આવતી...બંધ બાંધીને જ જંપીશું.

ખોદતા ગયા ને સિમેન્ટ ભરતા ગયા...જેથી ખોદતાં ખોદતાં પાણી ધસી ન આવે ને કર્યું કારવ્યું નિષ્ફળ ન જાય.

જાણો છો કેવું અજબ પરિણામ આવ્યું ? એંજિનિયરો એ પોચટ માટીનું સાચું પારખું કરી લીધું. અરે ! આ માટી તો સિમેન્ટ બનાવવા કામ લાગે એવી છે. સિમેન્ટઃ ૨૦% ટકા ખર્ચ જ ઓછું થઈ ગયું !

નદીના પેટાળમાં ૨૨૦ ફૂટ ખોદતાં તો પ્રથમ વિજ હાંસલ થયો, પાકો પાયો તો બાંધી શકાયો. એના ઉપ ૭૪૦ ફૂટનું ચણતર શકય બન્યું—અમેરિકાના આજ **સુધીના સૌથી ઊંચા ' હુવર બંધ ' કરતાંય ૧: ફૂટ વધુ ઊંચું ચણતર !**

કેટલો કોંક્રીટ વપરાયો હશે, અંદાજ લેવો છે: આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માટે ૮ ૨ પહોળી પાકી સડક બાંધવામાં વપરાય એટલો—૮ લા ટન સિમેન્ટ અને ૧ લાખ ટન લોખંડ ! કુલ ખોદકા ૭૪ કયુબિક વાર જેટલું અને એમાં પાણી રહી શકશે—૭૪ લાખ એકર-ફીટ !

*

ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે : ૧ કરોડ વરસ પૂર્વે આ સ્થળે વિશાળ સરોવર અગર તો સમુદ્ર હોવો જોઈએ...

માનવપુરુષાર્થ ૭૪ લાખ એકરને ફળદ્રુપ બનાવી દેશે !

૨ : સિદ્ધિના સર્જનારા

ભાખરા બંધ ! ભારતના અગળ પુરુષાર્થ અને ગૌરવશી સિદ્ધિનો તાજમહાલ !

તાજમહાલ બંધાયો હજારો માનવીની વરસો લગીની અપરંપાર મહેનત-પસીનાને અંતે. આપણે જાણતા નથી એ શ્રમ માટે માનવોને શો ને કેવો બદલો અપાયો હશે. એમનાં કુટુંબોનું પૂરું પેટ પણ ભરાયું હશે ? એમની વૃદ્ધાવસ્થામાં ને એમની તૂટતી શારીરિક હાલતમાં ટેકો આપવા જેટલોય બદલો અપાયો હશે શું ? આપણે જાણતા નથી. પરંતુ એ જમાનો જુદો હતો.

આજે ભારતવર્ષ જે સમાજવાદી ઉત્થાનને પંથે વળ્યો છે. એ ઉત્થાનનો આરંભ એના શ્રમબાળકોના ઉત્થાનથી જ થઈ શકે, અને એનોય આરંભ 'પબ્લિક સેક્ટર'ના ઉદ્યોગોથી તો થવો જ રહ્યો.

ભારતનાં ગૌરવ અને પ્રબળ પુરુષાર્થનું પ્રતીક ભાખરા બંધમાં ૧૦-૧૦ વર્ષોથી કાયા ઘસી રહેલા શ્રમમાનવો પૂરતોય શું આવો આરંભ થઈ ચૂક્યો છે? હકીકતો દુઃખદ છે.

જ્યાં હજારો શ્રમમાનવીઓ રાત ને દિવસ કાયા ઘસી રહ્યા છે, ધરતીના એ પેટાળમાં-બંધના હૈયામાં ઘનઘોર અંધકાર છે.

જાણે નિરંતર રાત્રિનું સામ્રાજ્ય છે અને એ અંધકારને મારી હઠાવવા પ્રખર વીજળીની 'સ્પૉટ લાઇટ્સ'નો ધોધ સતત વરસાવવામાં આવે છે.

અને આવી આ કૃત્રિમ સૃષ્ટિમાં, ઠંડીનાં કાતિલ તીર ૯૦૦૦ શ્રમિકોના તનને વીંધ્યા જ કરે છેઃ એમને ગરમ કપડાં આપવાનું પણ યોજકોને 'પરવડતું' નથી ! કેમકે યંત્રો ને સાધનો 'પ્રાયોરિટી'માં ગણાય છે, માનવીઓની દેખભાળ નહિ !

અને પગાર ? બિનકાબેલને રૂ. ૬૦ અને કાબેલ કામદારને ૯ વરસને અંતે રૂ. ૧૨૦ મળતા હોવાનું દફતરો જણાવે છે !

અને આ મહાન યજ્ઞમાં કુરબાન થનારાઓને અપાતા 'કૉમ્પેન્સેશન'ની વાત પણ વાંચો—

૩ : નવઘડતરના શહીદો

એનું નામ જનતાદેવી છે. પંજાબના એક ખૂણાના ગામડાગામની એ યુવતી હજી તો માંડ વીસ વરસની છે. ત્યાં તો એના નસીબે વૈધવ્ય આવી પડ્યું છે.

એમ તો એનાં ગામની અને એની બાજુના ગામની સેંકડો યુવતીઓ વૈધવ્યનો ભોગ બનતી આવી છે—.

જનતાદેવીની વાત જુદી છે. બધી રીતે આ વાત જુદી છેઃ જનતાદેવી શહીદ-પત્ની છે !

એનો પતિ હજી હમણાં જ મૃત્યુ પામ્યો છેઃ ચોવીસ વરસની કુમળી વયે ! અને એમ તો, એના ગામમાં, ને એની બાજુના ગામમાં કંઈક જુવાનજોધ છોકરાઓ તાવમાં, રોગમાં, નદીઓના પૂરમાં ને જંગલોનાં વિકરાળ પ્રાણીના શિકારમાં ભરખાતા રહ્યા છે. મોત કંઈ વય-ઉંમર પૂછીને હમેશાં ઓછું જ આવે છે ? બળિયા અને કોલેરા, ડિપ્થેરિયા અને ક્ષય...માસૂમ બાળકોથી માંડી જુવાનજોધને હડપી જવાની આપણા દેશમાં ક્યાં કશી નવાઈ છે ?

પરંતુ જનતાદેવીનો જુવાન પતિ માનસિંગ તો શહાદતને વર્યો છે !

શહાદત ? વિદેશી રાજકર્તા સામેનો સંગ્રામ તો ભારતે વરસો પૂર્વે ખેલી લીધો છે. અનેક શહીદોનાં બલિ ભારત માતાએ એ યજ્ઞ વેદી પર ધરી દીધા છે... અનેક નામીઅનામી શહીદોની વણઝાર અસ્ખલિત ચાલ્યા જ કરી છે.

ભારતની સ્વાધીનતાની વેદી પર શહીદોની મણા નથી... એક કહેતાં સેંકડોએ કુરબાનીઓ કરી ભારતની શાન બઢાવી છે......

શહાદતનો એ યુગ પૂરો થયો અને આપણી પોતાની સ્વરાજ સરકારનું શાસન જામ્યું અને એના અન્યાયો અનિષ્ટોની સામેય વળી ફરી રોષની આગ જલી ઊઠી : કંઈક ગોળીએ મુઆ ને કંઈક જેલમાં ધરબાયા.

નામીઅનામી શહીદોની રક્તધારા વહેતી જ રહી......

આજે ભારતની આઝાદીએ અવનવો વળાંક લીધો છે.

ભારતે સમાજવાદને પોતાનું રાષ્ટ્રીયધ્યેય જાહેર કર્યું છે...ભારતે સમાજવાદને રાહે કદમ બઢાવ્યાં છે...ભારતે એના આર્થિક પછાતપણાને તિલાંજલિ આપી પ્રગતિની હોડમાં દોટ મૂકી છે...

ભારતની પ્રથમ પંચવર્ષીય યોજના પૂરી થઈ છે...ને પાયાના ઔદ્યોગિક વિકાસની બીજી પંચવર્ષીય યોજના અમલમાં મુકાઈ ગઈ છે.

અનેક નદીઓના બંધ બંધાઈ રહ્યા છે. ને અનેક વીજળીમથકોની પ્રગતિ થઈ રહી છે, અનેક નવા ઉદ્યોગો-

કારખાનાંના પાયા નંખાઇ ચૂક્યા છે ને ઉત્પાદનનો આંક ઊંચે ચઢી રહ્યો છે. અનેક વૈજ્ઞાનિક શોધખોળો પાછળ ભારતના શ્રેષ્ઠ વિજ્ઞાનીઓ લાગી ગયા છે અને ભારતને નંદનવન બનાવવાની તમન્નાએ સંશોધનોમાં ખૂંપી ગયા છે.

ભારત એનું સદીઓનું આર્થિક પછાતપણું ફગાવી દઈ આગળ વધવા કમર કસી પડ્યું છે...

અને ત્યારે. શું કુરબાનીઓ વિના ભારતનું ભવ્ય નૂતન મંડાણ શક્ય થવાનું છે?

* શું નદીઓના બંધો, ને વીજળીક મથકો, વૈજ્ઞાનિક કેન્દ્રો ને જંગી યંત્રોનું સર્જન અને સંચાલન, નવા પ્રકારની છતાં જરાય ઓછી ભવ્ય નહિ એવી કુરબાનીઓ વિના શક્ય બનનાર છે?

ભલે આવા વીરોનાં નામ સ્વાતંત્ર્ય-સંગ્રામના શહીદોની હરોળમાં મૂકવાનું ઇતિહાસકારોને ન સૂઝે; આ શહીદોને 'વીરચક્રો' સમર્પવાનું ભારતના સરકારી સૂત્રધારોને ન સૂઝે...પરંતુ ભારતના ભવ્ય નવઘડતરના પાયામાં શહીદ બનેલા અનામીની વાત કોક ને કોક મુખે કોકની કલમે ગમે ત્યારે સાંભળનારનું મસ્તક તો ઝૂકી પડ્યા વિના નહિ જ રહે.

આવા શહાદતોની એકબે નોંધ (કેવળ નોંધ) અહીં નોંધાઈ છે:

પંજાબનું નાનું શું ગામ, રાજપૂત કુળ: બધી રીતે પછાત ને ગરીબ. ૧૮મે વરસે માનસિંઘ કામધંધે—મજૂરીએ ચઢ્યો. બાવીસમે વરસે પરણ્યો, અને બે વરસમાં તો ચાર બહેનો ને ભાઈ ઓને, તથા વીસ વર્ષના પત્નીને પાછળ મૂકી વિદાય થયો!

ભાખરા-નાંગલ બંધમાં અકસ્માત થયો ને મરી ગયો!

મોટાભાઈનું નામ છે મુખ્તીઆરસિંઘ, એની પાસે ૩ એકર જમીન છે-તેય જુદા જુદા ટુકડામાં વહેંચાઈ ગયેલી એના પોતાના કુટુંબનું ભરણપોષણ કરવાનાય વાંધા!

જનતાદેવી—વિધવા યુવતીને—બાપ નથી. ભાઈ નથી. મા ને પાંચ બહેનો છે: ભારે મુશીબતના દા'ડા છે......

સરકારે વિધવાને 'કૉમ્પેન્સેશન' તરીકે રૂા. ૩૦૦૦ આપ્યા છે. મળેલી રકમમાંથી માથે ચઢેલું દેવું પતાવી દઈ વિધવાએ પોતાનું ઝૂંપડું સમારવામાં બાકીની રકમ ખર્ચી નાખી! અને કુદરતનો પણ પ્રકોપ કે એ સમરાવેલું ઝૂંપડું આગમાં ખાખ થઈ ગયું!

બસ...વાત આટલી જ છે: નવઘડતરના અનામી શહીદની વાત આથી વિશેષ હોઈ પણ શી શકે?

એવી જ બીજી વાત:

એનું નામ હંસરાજ: એય ભાખરામાં ૭ વર્ષની નોકરી કરીને ત્યાં જ મુઓ.

અગાઉ એણે રાજપૂતાના ઇન્ફન્ટ્રીમાં લશ્કરી નોકરી કરેલી. યુદ્ધ પૂરું થયું ને ૧૯૪૬માં લશ્કરી નોકરીમાંથી છૂટો કરવામાં આવ્યો.

જે કાંઈ મળ્યું તે કામ કરી રોટલો રળતો. આ જુવાન ભાખરા બંધમાં મજૂરીએ આવી પહોંચ્યો...જોખમની એને જાણ હતી, ને જોખમ એણે ખેડ્યુંય ખરું...

૧૯૫૬ના નવેમ્બરમાં એની જિંદગી ભાખરા બંધને એણે ધરી દીધી.

એની વિધવા કરમદેવી બે દીકરા ને એક નાનકડી દીકરીનું જતન કરી રહી છે.

સરકારે આ વિધવાને માટે રૂ. ૩૫૦૦ 'સેન્કશન' કર્યા છે...આજે સવા વરસ વીતી ગયું છે...પણ માત્ર રૂા. ૧૦૦૦ આપવામાં આવ્યા છે...બાકી રૂા. ૨૫૦૦ વિષે કોઈ કશો ખુલાસો કરતું નથી! અલબત્ત સહીઅંગૂઠો તો પૂરી રકમનો લેવાઈ ગયો છે!

શહાદતની કેવી ક્રૂર હાંસી!

['બ્લિટ્ઝ' સાપ્તાહિકના આધારે]

સૌરાષ્ટ્રના જીવનમાં જોયેલી અને અનુભવેલી એક સત્ય ઘટના પરથી વણેલી વાર્તા

વાર્તા

મૂંગી વ્યથા

—ગિરિજાશંકર કે. વ્યાસ

કેટલીયે વાર વાચા કરતાં મૌન વધારે અસર કરી જાય છે! ઘણાં માણસોનાં—અને ખાસ કરી ગામડાંના અબુધ ભોળા ગણાતા માનવીનાં જીવન એવાં હોય છે કે તેઓ કશું બોલતા નથી, કે તે અંગે જરા પણ ધમાલ કરતા નથી, પણ કેવળ મૂકપણે પોતાનું કર્તવ્ય બજાવી જાય છે; જાણે તેઓ જીવનમાં મૌન જ સેવી રહ્યા હોય છે! અને એમ એવું એમનું મૌન જ તેમના જીવનને ચિર વાચા આપી રહે છે!

અંબારામે પોતાના સસરાને ગામ આવી પાછું પોતાના સસરાનું જૂનું હાટ સંભાળ્યું, ત્યારે ગામલોકોને નિરાંત થઈ કે, "હાશ! જાદવજી મા'રાજનું હાટ એમ ને એમ ચાલતું ર'યું તે ઠીક થ્યું! છોકરાવને ગાંઠિયાપેંડાની તો ઉપાધિ અટકી." ગામમાં જાદવજી મા'રાજની કંદોઈની દુકાન એકની એક હતી. તેમને પોતાની દીકરી ચતુરા સિવાય સંતાનમાં બીજું કોઈ ન હતું. એટલે તેમના મૃત્યુ બાદ તેમના જમાઈ અંબારામે જો પાછા ત્યાં આવી તેમની દુકાન ચાલુ ન રાખી હોત તો બીજો કોઈ કંદોઈ ત્યાં આવી વસત કે કેમ એ પ્રશ્ન હતો. એટલે આમ અંબારામે પોતાના સસરાની દુકાન ચાલુ રાખી—ને આમ ગામમાં "ભરામણની દુકાન" ચાલુ રહી તેથી ગામલોકોને અને ખાસ કરી વાણિયા વગેરે ઉચ્ચવર્ગને "ભરામણ"ની દુકાનેથી ગાંઠિયાકળી લેવા સરળતા ચાલુ જ રહી.

અંબારામનાં લગ્ન ચતુરા સાથે થયે વીસેક વર્ષ થઈ ગયાં હતાં. લગ્ન વખતે જાદવજી મહારાજની ચાહનાને લઈ તેને 'ગામનો જમાઈ' તરીકે સત્કાર અને ચાહના સારાં મળ્યાં હતાં. અને જ્યારે તે પાછો આવી દુકાન ઉઘાડી કંદોઈનો ધંધો કરવા લાગ્યો ત્યારે પણ ગામલોકો તરફથી તેને તેવા જ ભાવ અને સત્કાર મળી રહેવા લાગ્યા. લગ્ન પછી અંબારામ ચતુરાને સાથે લઈ દેશદેશાવર ભમી આવ્યો હતો. વીશીલોજ કરી કરી થાકયો, ત્યારે કોઈ સાહેબલોકને ત્યાં રસોયા-મા'રાજ-તરીકે પણ નોકરી લીધી. પરન્તુ આ સર્વે ધંધામાં તેને જરા પણ લાભ ન મળ્યો. ત્યાં તેના સસરા જાદવજી મા'રાજ ગુજરી ગયા ને તેની તમામ મિલકત અંબારામે સંભાળવી એમ કહેતા ગયા. જો કે મિલકતમાં તો ગામડાનું જૂનુંપુરાણું ધૂળિયું મકાન, દુકાન અને કંદોઈનાં જૂનાંપુરાણાં સાધનો સિવાય અન્ય કાંઈ ન હતું—છતાં પોતે આટલાં વર્ષોના રખડપાટ પછી થાકયો હતો, અને તેથી "ઠરીઠામ" થવા ઇચ્છતો હતો, એટલે ચતુરાને લઈ પોતાના સસરાની મિલકત સંભાળી દુકાન ચલાવવા લાગ્યો.

વીશ વીશ વર્ષના લાંબા ગાળા દરમ્યાન પણ ચતુરાને કાંઈ સંતાન થયું ન હતું. પોતાનો ખોળો ભરાય તે માટે ચતુરાએ કેટકેટલીએ બાધાઆખડી રાખી હતી. કેટકેટલાયે વ્રતઉપવાસ અને પૂજા કરી હતી અને ઉપરે અંબારામે પણ તેમ કરી કેટલાયે જોશીઓ અને સાધુઓને સંતોષ્યા હતા. છતાં ચતુરાની કે અંબારામની આશા સફળ થઈ ન હતી. એટલે જ્યારે પોતે દુકાન ચાલુ રાખી ત્યારે પોતે બન્ને માણસ સિવાય અન્ય કોઈ તેમને નિભાવવા માટે ન હતું.

ગામમાં તેની દુકાન સારી ચાલવા લાગી. વળી તે દેશદેશાવર ફરી આવ્યો હતો, એટલે જાદવજી મા'રાજના હાથનાં ગાંઠિયાં, કળી ને પેંડા કરતાં તેનો બનાવેલો "માલ" સારો ગણાવા લાગ્યો અને ગામમાં જેટલી ચીવટથી તેનો માલ વેચાતો તેના કરતાં આજુબાજુનાં ગામડાંઓમાંથી પણ વધારે વેચાવા લાગ્યો. કમાણી સારી થવા લાગી અને અંબારામ પૂરજોસથી ધંધો ચલાવવા લાગ્યો. ન્યાતિલાઓ

પણ ઘડીક તેની આ ચડતી જોઈ રહ્યા.

અંબારામની દુકાન અને ઘર એક જ હતાં. ઘરની ઓસરીમાં બારણું પાડી દુકાન બનાવી હતી. એટલે નાસ્તો દસ્તાવાળા કે ગામનાં નવરા ખેડૂત વગેરે લોકો આ ઓસરીમાં બેસતા. ચૂલા પર પેંડા કે માવો બનાવતો અંબારામ ચૂલાના અગ્નિએ જ ચા બનાવતો, અને ગામના ખેડૂત કે એવા બંધાણી લોકોને ત્યાં ચા પીવરાવતો. આમ કંદોઈની દુકાને સાથે હોટલ : એની આ ડબલ ધંધાવાળી કમાણીથી અંબારામની ચાહના વધી. સાથે કમાણી પણ.

એવામાં એક બિલાડી ત્યાં "હેવાઈ" થઈ ગઈ. આ બિલાડીને સવારસાંજ માવો બનાવતાં કે ચા પકવતાં દૂધ પાવું અને જમતી વખતે રોટલો નાખવો એ અંબારામને નિત્યકર્મ જેમ થઈ પડયું અને પછી તો રસ્તાના કૂતરાઓ પણ એ રીતે જ તેની દુકાન આગળ પડાવ નાખી રહેવા લાગ્યા. નિઃસંતાન અંબારામને આ બિલાડા-કૂતરાને ગાંઠયા સેવ નાખવા કે રોટલા ખવરાવવા એ મોજનો વિષય થઈ પડ્યા. કોઈ કોઈ વખત તો રોટલો કે એવું ખાવાનું સાધન તૈયાર ન હોય ત્યારે દુકાનનાં ગાંઠિયા કે કળી તે તેમને ખાવા આપતો. ગાંઠિયાસેવ થોડું થોડું પ્રથમ નાખવાનું શરૂ કરતાં પછી તો અંબારામ આંખ મીંચીને રોયા ભરી ભરી પણ તેમને ખવરાવવા લાગ્યો!

એટલામાં એક દૂઝણી ગાય ત્યાં વેચાવા આવી. ગાયને જો કે ચતુરાએ કોઈ દિવસ રાખી સાચવી ન હતી. એટલે પ્રથમ તો અંબારામને એ ગાય વેચાતી લઈ નકામી પળોજણ ઊભી કરવા જેવું લાગ્યું. પણ કોણ જાણે ચતુરાને પણ ઊગી આવ્યું ને તેણે તે ગાય વેચાતી લઈ લેવા કહ્યું. આમ આ બિલાડા, કૂતરા સાથે ગાય ભળી. ગાયને તો પછી સારા સારાં ખડ, ખોળ અને કપાસીઆ મળવા લાગ્યા. ચતુરા પણ હોંશથી તેની ચાકરી કરવા લાગી, અને અંબારામે તો અધૂરામાં પૂરું તે પેંડા કે માવો પણ ગાયને ખવરાવવાનું શરૂ કર્યું!

ગાય આવ્યા પછી ચતુરાની તબિયત સુધરી ગઈ. પ્રથમ તે સાજી-માંદી રહ્યા કરતી. અહીં પોતાને પિયર આવ્યા પછી પણ તે તેવી ને તેવી રહેતી. ગામની દીકરી હતી એટલે તેને લાજ કાઢવાની કાંઈ જરૂર ન રહેતી અને પોતાના બે માણસના રોટલા ઘડયા પછી સાવ નવરી રહેતી ત્યારે ઓસરીમાં બેઠેલા ગામલોકોનાં ટોળટપા સાંભળી પોતાનો વખત પસાર કરતી. પરંતુ ગાય આવ્યા પછી ને તેની ચાકરી કરતાં ચતુરાની નબળાઈ ચાલી ગઈ, શરીર સારું થયું, ને મન પણ પ્રફુલિત રહેવા લાગ્યું. વળી જે કમાણી દુકાનમાંથ થતી હતી તે પાછી વધવા લાગી. આમ આ ગાય આવ્યા પછી આટલો લાભ થતાં ચતુરા અને અંબારામ ગાયને શુકનવંતી ગણવા લાગ્યા અને ઊંડે ઊંડે ચતુરાને મનમાં થવા લાગ્યું કે ગાયના પગલાંથી કદાચ પોતાનો ખોળો પણ ભરાય!

કૂતરા, બિલાડા તથા ગાયને આમ છૂટથી ગાંઠિયા, કળી કે માવો અને પેંડા ખવરાવવાના રોજના નિયમથી લોકોમાં અને ખાસ કરી તેના ન્યાતિલાઓમાં ટીકા થવા લાગી. પણ પછી તો રોજનું થયું જાણી લોકોને એ માટે નવાઈ ન લાગ્યું, અને ઊલટાનું "બિચારો વાંઝિયો છે તે પોતાની કમાણી કયાં નાખે? ને એને પણ કયાંક પોતાનો સ્નેહ તો બતાવવો જોઈએ ને! એટલે એમ કૂતરા, બિલાડા કે ગાયને ખવરાવે એમાં શું?" એમ દિલસોજી પણ થવા લાગી.

ચાકરીથી ગાય તો એવી સરસ થઈ કે ઘડીભર ગામલોકો જોઈ જ રહે! ખેડૂતો અને અન્ય લોકો એકબીજાને કહેવા લાગ્યા: "મામા! ભામણભાઈ ને અક્કલ કેટલી? આવી ગાય રાખી છે તે દરબારની નજરે ચડશે તો તે આંચકી લીધા વગર નહિ રહે. ભલભલા દરબાર જેવા દરબારને ત્યાં પણ આવી ગાય નથી." ગાયનો ગોવાળ પણ ગાયનું ધણ ચરાવતાં આ ગાય પર મોહી જતો. એણે પણ એક દિવસ અંબારામ જ્યારે એકલો હતો ત્યારે ખાનગીમાં ધીમેથી વાત કરી:

"અંબારામભાઈ! જરા ગાયને સંભાળીને રાખજો. દરબારમાં પણ આવી ગાય નથી."

"તે દરબાર શું કરવાના હતા?" અંબારામ કાંઈ સમજ્યા વિના બોલી ઊઠયો.

"ના. ના. એમ નથી કે'તો અંબારામભાઈ! પણ વખત છે ને દરબારનું મન લલચાય." ગોવાળ ભયમાં કહી રહ્યો.

"અરે મારા ભાઈ! દરબારને એવી ગાય જોતી હોય તો ભલેને લઈ જાય. આપણે વળી બીજી ગોતી કાઢશું." નફિકરાઈભર્યા તોરથી અંબારામે કહ્યું.

પણ અંબારામની આવી નફિકરાઈ ગોવાળને પણ જરા ખૂંચી પણ બિચારો શું કરે! અંબારામ કયાં કોઈનું માને

એમ હતો ? " હશે, મા'રાજને જઈ ખરી ખબર પડશે તઈ હમજશે " મનમાં ગણગણી ગોવાળ તો પછી ચાલ્યો ગયો.

પછી એક દિવસ અંબારામની ગાય જ્યારે ચરવા જતી હતી, ત્યારે દરબાર પણ ત્યાંથી નીકળ્યા. દરબારની નજર ચાર થઈ ગઈ ! આવી મઝાની ગાય ગામમાં છે કે શું ? અને પછી ખબર પડતાં તેણે જાણ્યું કે તે તો નવા કંદોઈ અંબારામની ગાય છે ત્યારે ઘડીક નિઃસાસો નાખી દરબાર પાછા ચાલ્યા ગયા. ખેડૂત અને ગામલોકો તો આ જોઈ નવાઈ પામ્યા. ગામના દરબાર કોઈ દિવસ પણ સારી ચીજવસ્તુ જુએ કે તે પડાવ્યા—બળજબરીથી કે ફોસલાવી સમજાવી લીધા—વગર રહેતા નહિ, તે આવી સરસ ગાય જોઈ ચાલ્યા ગયા, તેથી ગામલોકોને અચરજ થઈ ! પણ પછીથી લોકોને ખબર પડી કે દરબારે તો આ ગાયને ન છૂટકે જતી કરી હતી. કેમ કે તે વાંઝિયા અંબારામની હતી ! ગમે તેવા દરબારને પણ "વાંઝિયા"નું લેવું આકરું જણાયું હતું ! પણ અંબારામે તો એનો અર્થ એમ લીધો, કે "મારી ગાય તો દેવાંશી છે દેવાંશી ! દરબાર જેવા દરબાર પણ તેને અડકી ન શક્યા ! ' અને એમ તેની અને ચતુરાની ગાય પ્રત્યેની લાગણી ઊલટી વધવા લાગી અને ગાય પણ પછી તો એક છોકરાની માફક ચરવા જતાં કે ચરીને આવી ખીલે બંધાતાં પહેલાં અંબારામના હાથથી પેંડા કે માવો ખાય ત્યારે જ નિરાંતથી ચરવા જાય કે ખીલે બંધાય ! અને અંબારામને તેમ ગાયને ન ખવરાવે ત્યાં સુધી ચેન પડતું જ નહિ !

ગામના નવરા અને દ્વેષીલા ન્યાતિલાઓ તો પછી છડેચોક ટીકા કરવા લાગ્યા : "ભામણભાઈ ! જરાક જેટલી કમાણી થઈ છે ત્યાં ફુલાયા ને માંડ્યા બિલાડાકૂતરાને ખવરાવવા—ગાય તો જાણે એની માનીતી ! આમ આવા ઢોરને જેમ તેમ ખવરાવી ઉડાડે છે પણ જરાક સમો બદલાયો ત્યારે ખબર પડવાની ! બે ફદિયા ભેગા કરી શકે તો ભામણ શેનો ? " છતાં અંબારામ પોતાની અડગ ટેકમાં એવો ને એવો મસ્ત હતો.

થોડાં વરસો ગયાં, પણ ચતુરાનો ખોળો ન ભરાયો તે ન જ ભરાયો. પોતાની મનની ઊંડી આશા આમ ન ફળી તેથી તે મૂઝાવા લાગી અને તેની ખીજ પછી તે ગાય ઉપર, બિલાડા ઉપર કે કૂતરા પર કાઢવા લાગી. અંબારામ શાંત મને તેને સમજાવે કે વખતે ધમકાવે, પણ ચિડાયેલી ચતુરા તો ચિડાયેલી જ રહી, અને પછી તો ન્યાતિલાઓ કે ગામનાં લોકો તેની જે ટીકા કરતાં તે પણ ચતુરાને સાચી લાગવા માંડી. વખતે અંબરામ તેને સમજાવે કે ધમકાવે ત્યારે તે કહેતી : "હવે રાખો, ઇતો બહુ ધરમી થયા છો તે. આમ પાણીની જેમ વાપરો છો તો ઘરડા થાશો તેઈ ખબર પડશે. ગાંઠે ગરથ હશે તો સગાંવહાલાં સામું જોશે. નહિતર પસતાવું પડશે. " પણ નિર્મળ હૃદયનો અંબારામ તો જાણે કાંઈ પડી જ નથી એમ ગણી પોતાનાં નિત્યનાં આચરણને તેમ ને તેમ વળગી રહેતો.

વળી પાછા ચતુરાના વિરોધ સાથે ભળનારા નવરા કહેવા લાગ્યા: "અંબારામની દુકાન તે કંદોઈની દુકાન નથી. ઇતો કૂતરાબિલાડાનું સદાવ્રત છે સદાવ્રત ! ગામઢોરનું પાંજરાપોળ છે ! " છતાં અંબારામ મૂકપણે પોતાનું કર્તવ્ય બજાવ્યે જતો હતો.

અને એમ કરતાં સમય બદલાયો. ગામમાં બીજો કંદોઈ આવ્યો અને અંબારામની કમાણી ઘટવા લાગી. કમાણી ઘટવાથી ચતુરા વધારે ચિંતાતુર બની. છતાં અંબારામ તો તે જ રીતે પોતાનું મૂકજીવન જીવ્યે જતો હતો !

એવામાં દુષ્કાળ પડ્યો. ઘાસઅનાજની તંગી પડી. લોકો અને ભલભલા સારા ગણાતા ખેડૂતો પણ ઢોરઢાંખર ઓછાં કરવા લાગ્યા. નીરણપૂળો સાચવી સાચવી ઢોરને આપવા લાગ્યા અને કડબની ગંજી સંભાળવા લાગ્યા. કપાસીઆ અને ખોળના ભાવ તો આકાશે પહોંચવા લાગ્યા. છતાં ગાયની ચાકરીમાં તો અંબારામ એવો ને એવો જ રહ્યા. પોતે ઓછું ખાઈ રોટલાના બટકાં બચાવી કૂતરાબિલાડાને નાખે. ચતુરા ઘણું ઘણું તેને સમજાવે પણ અંબારામ તો એવો ને એવો જ રહ્યો.

ચૈત્ર માસ આવ્યો. પાણીની પણ ખેંચ પડી. ગામનાં પાદરના કૂવામાંથી પાણી ખૂટયું. પાણી માટે લોકોને અરધો-પોણો ગાઉ દૂરની વાડીનાં કૂવામાંથી ખેંચી લાવવું પડતું. હવે તો પાણીની તંગી પડતાં ચતુરાએ ગાયને ગીરમાં મૂકી આવવા કહ્યું: ગામના લોકો પણ પોતપોતાનાં ઢોર લઈ ગીર તરફ હાંકી જવાના હતા, પણ અંબારામને પોતાની ગાયથી છૂટા પડવું જરાયે ગમતું ન હતું. ગામલોકોએ પણ તેને ખૂબ ખૂબ સમજાવ્યો કે, "ભાઈ ! બેચાર મહિના ગાય વિના ચલાવી લ્યો. ચોમાસું થયા પછી ઢોર પાછાં આવશે ત્યારે તમારી ગાય પણ તમને મળી રહેશે. માટે

હવે જરા સમજી ગાયને ગીરમાં મોકલો." પણ અંબારામનું મન ના પાડતું હતું! અને આમ ગાયના પ્રશ્ને પણ પછી તો પતિપત્ની વચ્ચે ઝઘડા થવા લાગ્યા. એમાં વળી વખતે વખતે કૂતરાબિલાડા પણ વચ્ચે આવે! કૂતરાબિલાડાને તો લોકો અનાજની ખેંચને લઈને ઓછું આપતા તેથી તેમની "જમાત" પણ અંબારામને ત્યાં વધવા લાગી. ચતુરા આથી ચિડાઈ. પણ નિર્મળ અને નિર્મોહી અંબારામ અરધો ભૂખ્યો રહીને "બચારા "જીવને પોતાનું ખાવાનું આપી દેતો!

પણ પછી તો પાણીની વધારે તંગી થતાં ચતુરા "હવે ગાયને ગમે તેમ કરી ગીરમાં મોકલો, ને જો ગીરમાં ન મોકલવી હોય તો સતાધારની જગ્યામાં પણ છેવટે મૂકી આવો," એવો હઠાગ્રહ લઈ બેઠી. ઝઘડા ભારે થવા લાગ્યા અને ન છૂટકે, કચવાતે મને પણ આખરે અંબારામે ગાયને સતાધારની જગ્યામાં મૂકી આવવા નક્કી કર્યું. ચતુરાએ ભાતું કરી આપ્યું. ગોવાળ ગાય લેવા આવ્યો અને અંબારામ રડતી આંખે ગાયની સાથે નીકળી પડચો.

રસ્તામાં પણ તેનું મન "હજી ગાયને લઈ પાછો ઘેર ચાલ્યો જાઉં" એમ કહી રહ્યું હતું! પણ કફોડી સ્થિતિ અને ચતુરાના ઝઘડાથી કંટાળેલ અંબારામ જેમ તેમ કરી સતાધાર આવી પહોંચ્યો. ત્યાં મઝાનાં લીલોતરી ખેતર અને ઘાસ જોઈ ગાય તો આનંદથી ચરવા લાગી. નદીનાં પાણી પણ નિર્મળ વહી રહ્યાં હતાં! ઘડીક તો અંબારામને ' ધોળ્યું ઘર ને ધોળી દુકાન" કરી અહીં જ ગાયને ચાર્યા જ કરું" એમ મન થઈ આવ્યું!

ગાયને મૂકી જવાનો દિવસ આવ્યો. જગ્યાની ગાયોનાં ટોળાં ગૌશાળામાં ઉભરાતાં હતાં. એમાં અંબારામની ગાય અનોખી દેખાઈ આવતી હતી. ગાય અંબારામને જોઈ ભાંભરતી હતી અને અંબારામ તેને જોઈ રડી પડતો હતો. જગ્યાનાં માણસો અને મહંત પણ આ જોઈ આ "ગાય પ્રેમી મા'રાજ" માટે પ્રશંસાનાં વેણ ઊચરી રહેતા હતા. ગોવાળ હવે ઝટ નીકળી જવા ઉતાવળ કરતો હતો પણ અંબારામનું હૈયું હીમ જેવું બની ગયું હતું. રોઈ રોઈ તેની આંખ લાલ બની ગઈ હતી અને ગાય પણ ભાંભરી ભાંભરી અંબારામ પાસે આવી જતી હતી! "હવે અંબારામભાઈ! ઝટ ઉતાવળ કરો. આપણે વેળાહર નીકળી જઇએ. ગાયું તો હવે ચરવા નીકળે છે"! કહી ગોવાળ તેને ઉતાવળે ત્યાંથી નીકળી જવા કહેતો હતો, પણ અંબારામ મૂક મને ને રડતી આંખે ગાય તરફ જોઈ રહ્યો હતો. જગ્યાના માલધારીએ આવી તેને ધરપત રાખવા અને તેની ગાયની જરાય "ચંતા" ન કરવા કહ્યું. પણ અંબારામ તો કેવળ રડતી આંખે ગાયને જ જોઈ રહ્યો હતો.

અંબારામનો હાથ પકડી ગોવાળ તેને ખેંચી જવા કહેતો હતો ત્યાં ગાય "ભેં" કરી અંબારામ પાસે આવી ઊભી અને અંબારામ પણ તેની ડોકે વળગી રડી પડચો! નાના છોકરાની માફક મોટા અવાજે રોઈ પડ્યો! જગ્યાના મહંત પણ ત્યાં આવ્યા. તેમણે તેને સમજાવ્યો. પણ ખૂબ રડી અંબારામે ગાયને દોરી કહ્યું: "મારી માવડી! હું ભૂખ્યે રહીશ. પાંચ ગાઉમાંથી પણ તને પાણી ખેંચી લાવી ને પાઈશ. પણ તારાથી તો નોખો નહિ પડું ને નોખો નહિ પડું." "હવે અંબારામભાઈ! તમે હાવ ગાંડા થાવ મા." કહી ગોવાળ અને બીજા લોકો તેને ખૂબ સમજાવવા લાગ્યા; પણ અંબારામે તો ગાયને પોતાના ગામ તરફ દોરી કહ્યું: "હું મરીશ, પણ મારી ગાયને મારાથી છૂટી નહિ પાડું!" અને ગાય પણ અંબારામને અડકી ગામના માર્ગ પર ચાલવા લાગી!

જગ્યાના મહંત અને બીજા ગોવાળો આ "ભામણ"ની મૂંગી વ્યથા જોઈ રહ્યા!

સૌથી વધુ અંધાધૂંધીભર્યા આ સાહિત્યવિભાગ
(બાલસાહિત્ય) તરફ અભ્યાસીઓનું લક્ષ દોરવાની દૃષ્ટિએ

બાલ–કાવ્ય

પ્રો. મંજુલાલ ર. મજમુદાર

'બાલ-કાવ્ય' અને 'બાલ-ગીત' એ અર્વાચીન યુગના ગુજરાતી કવિતા-સાહિત્યની જ નીપજ છેઃ એ તેનો એક અદ્યતન કાવ્યપ્રકાર છે. 'બાલકોને માટે રચાયેલાં કાવ્યો તે બાલકાવ્ય'—એવી એની સ્થૂલ વ્યાખ્યા આપી શકાય. બાલકોની વય અને તેમના માનસિક વિકાસને અનુસરી કાવ્યના વિષયમાં તથા તેના ગીતના ઢાળ કે છંદની માંડણીમાં પણ ઉચિત ફેરફાર તેથી આવશ્યક મનાયો છે.

પ્રાથમિક કેળવણીથી આરંભીને જે અનેકાનેક પ્રયોગો કેળવણીના ક્ષેત્રમાં, તેના અભ્યાસક્રમમાં, તથા તેનાં પાઠ્યપુસ્તકોમાં અંગ્રેજ શિક્ષણશાસ્ત્રીઓ દ્વારા આપણા દેશમાં થવા પામ્યા તેમાં, પ્રાથમિક શિક્ષણનાં સાત વર્ષ માટે, સાત પુસ્તકોની 'વાચનમાળા'ની ક્રમાનુસારી પદ્ધતિથી રચના કરવામાં આવી તે મુખ્ય છેઃ એમાં આગળ જતાં સુધારા થયા; ગુજરાતી વાચનમાળાની પહેલી 'હોપસિરિઝ' સને ૧૮૫૫માં યોજાઈ અને ૧૮૫૭માં તૈયાર થઈ, તેમાં રહેલી ઊણપો સામે અનેકાનેક ટીકાઓ થવાને પરિણામે, ૧૯૦૫માં ગુજરાતી વિદ્વાનોની 'ટેક્સ્ટબૂક રિવિઝન કમિટિ'એ શ્રી. કૉવર્ટનના પ્રમુખપણા નીચે તેમાં સુધારા કર્યા; પચાસ વર્ષે 'હોપસિરિઝ'ની સંશોધિત આવૃત્તિ તૈયાર કરી; છતાં તેથી પણ જનતાને સંતોષ થયો નહિ.

'ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ની લગભગ બે બેઠકો, રાજકોટ (૧૯૦૯) અને વડોદરા (૧૯૧૨)માં પરિષદના વિદ્વાનોની બનેલી સમિતિએ સરકારી કેળવણી ખાતા સાથે ચર્ચાઓ કરી. તે આંદોલનને પરિણામે નવી 'ગુજરાતી વાચનમાળા'નું ફરીથી 'રિવિઝન' થયું. તે વખતે કેટલાક વર્તમાન યુગના કવિઓ નરસિંહરાવ, બાલાશંકર, બલવંતરાય, કલાપી, ન્હાનાલાલ, ખબરદાર, લલિત વગેરેની કવિતાને તેમાં સ્થાન મળ્યું. આખી 'વાચનમાળા'માંથી બાળકોને લગતી કવિતાનો જ વિષય અહીં પ્રસ્તુત છે. તેથી તે વિશે વાત કરીએ.

બાલશિક્ષણમાં 'બાલવાડી'ની નવી પદ્ધતિની સાથે, રમત ભેગાં ગીત જોડી દેવામાં આવ્યાં. બાલકની રમત, તેની ભાષા અને તેનો ગણગણાટ—એ બધાના સમન્વયરૂપે બાલશિક્ષણમાં ગીતે પ્રવેશ કર્યો; અને ગીત શીખવવાની નવીનતા સૌને ગમી અને સૌએ સ્વીકારી, માત્ર રમત અને પદાર્થ સાથે જ ગીતનો સંબંધ મર્યાદિત ન રહેતાં, સારા ભાવનાં અને ઊંચા કવિત્વવાળાં ગીતો 'નવી બાલપોથી'માં પણ દાખલ થયાં અને તેમાં જ કવિ ન્હાનાલાલનાં 'મા! મને ચાંદલિયો વ્હાલો,' 'ગણ્યા ગણાય નહિ' અને 'ઊડું જગે ઊડું વને' એ ત્રણ ગીતો તેમાં સ્થાન પામ્યાં. સને ૧૯૩૧માં કવિએ પોતે પોતાનાં 'બાલકાવ્યો'નો સંગ્રહ પ્રગટ કર્યો ત્યારે આપણને ખાતરી થઈ કે 'નવી બાળપોથી'માં કવિના નામ વગર આપેલાં બાલકાવ્યો કવિનાં રચેલાં હતાં.

સંગીત અને નૃત્ય એ બાલકોને પ્રભુએ દીધેલી ભેટ છે. રડતું બાલક સાંકળ ખખડાવ્યે કે ટોકરી વગાડ્યે, પાવો વગાડ્યે કે ખંજરી વગાડ્યે શાંત થઈ જાય છે. ફક્ત આંગળીની ચપટીનો અવાજ પણ બાલકનું ધ્યાન ખેંચી શકે છે. આમ ધ્વનિનું સંવેદન બાલક પહેલું અનુભવે છેઃ એટલા માટે ધ્વનિ સાથેની—પ્રાસાનુપ્રાસવાળી, તથા ઝડઝમક અને વર્ણસગાઈવાળી જોડકણાંની લીટીઓ બાલકને એકદમ અસર કરે છે.

કવીશ્વર દલપતરામે 'ચકલાચકલીની વાર્તા'માં 'ખીર ના ખાધીઃ હું તો દાઝી' જેવી પંક્તિઓ તેટલા માટે જ યોજી હતીઃ સામાન્ય ડોશીમા વાર્તા કહેવા માંડે છે ત્યારે એવી જ શરૂઆત કરે છેઃ "ગાયોના ગોવાળ, ગાયોના ગોવાળ! મારી માને એટલું કહેજેઃ પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી, પોપટ સરોવરની પાળઃ પોપટ આંબા કેરી ડાળઃ પોપટ ટહુકા કરેઃ પોપટ કાચી કેરી ખાય, પોપટ પાકી કેરી ખાય, પોપટ લીલાલહેર કરે." બાલકને

નેકકણાં ઝટ યાદ રહી જાય છે અને એનું એ ગીત અનેકવાર ગાતાં એ થાકતું નથી.

બાલકવિતાની શરૂઆત

આપણી ‘ બાલકવિતા ’ દલપતરામ તથા નવલરામની ‘ બાળગરબાવળી ’થી શરૂ થઈ ગણીએ તો ગણી શકાય. શિક્ષણ અને સાહિત્યની નજરે એ કાળે આ પુસ્તકો પ્રથમ જ હોવાથી, તેની સારી કદર થઈ. પરંતુ એમાં જ્ઞાન અને ડહાપણનો સંભાર થોડો વધુ ભરી દેવાયો છે. એટલે ‘ કિંડર ગાર્ટન ’ અને ‘ મૉન્ટેસોરી ’નો અર્વાચીન બાલયુગ આવતાં, આપણા કંઠસ્થ લોકસાહિત્યમાંથી પણ ઘણું રમતિયાળ બાલસાહિત્ય વીણવામાં આવ્યું.

બાલકોએ ખાસ કરીને નવા યુગમાં કવિઓનું અને સાહિત્યકારોનું ધ્યાન ઠીક ઠીક ખેંચ્યું છે. કવિ ન્હાનાલાલે લખ્યું છે: “ બાલક એટલે પ્રભુનાં પયગમ્બર ! ’ કવિ લલિતે ગાયું છે: “ નાનાં નાનાં બાળકો ને નાનાં નાનાં ફૂલ: ” લોકગીતમાં પણ એને સુંદર સત્કાર મળ્યો છે: ‘ તમે મારા દેવનાં દીધેલ છો: આવ્યાં ત્યારે અમર થઈને રહો ! ” બાલપૂજા નવા જમાનાનું નવું ચિહ્ન છે.*

‘ બાલકાવ્ય ’ અને ‘ વાત્સલ્યનાં ગીતો ’ એ બે ભિન્ન વસ્તુ છે. વાત્સલ્યનાં ગીતો એ માબાપના બાલકો તરફના કોમળ ભાવનાં ગીતો છે; ત્યારે બાલકાવ્યો એ બાલકોને પોતાને ગાવાનાં અને ભોગવવાનાં ગીતો છે. આ રીતે જોતાં, ‘ હાલરડાં ’ એ વાત્સલ્યનાં ગીતો છે; બાલગીત નથી.

બાલકના અભ્યાસક્રમમાં દાખલ થયેલાં ગીતોને, બહુધા, ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (૧) પદાર્થનાં ગીત, (૨) રમતનાં ગીત, અને (૩) સહેલાં પણ સાહિત્ય-ગૌરવથી ભરેલાં, પદાર્થ કે અમુક ભાવ સાથે સંબંધ ધરાવતાં ગીત. બાલકને જે પદાર્થોની માહિતી આપવાની હોય છે તે પદાર્થની પ્રત્યક્ષ સમજ આપ્યા પછી, તે સંબંધીનું ગીત બાલકો કંઠે કરે છે. અને એમનો પરિચય જીવન્ત બને છે. જૂની ‘ બાળપોથી ’માંનું ‘ ગાય ’ વિશેનું ગીત, તથા ‘રંગ’ વિશેનું ગીત આ પ્રકારનું છે, આવાં ગીતો ઘણીવાર અંગચેષ્ટા સાથે—સમજપૂર્વકના અભિનય સાથે પણ શીખવવામાં આવે છે. રમતના ગીત તરીકે ‘ ચાલો ભેરુને, આજ રમત રમિયે નવી રે,’ એ મિશ્રપ્રતિનું છે. તેમાં પદાર્થનું જ્ઞાન છે તેમ રમત પણ છે. બાલગીતોમાંનાં કેટલાંકની પાછળ સંવાદનાં, અભિનયનાં; તાલનાં, કૃત્યનાં, નૃત્યનાં, નાટકનાં–એવાં અનેક સબળતત્ત્વો રહેલાં હોય છે.

બાલમાનસશાસ્ત્રીઓ કહે છે કે બાલક પહેલાં તો પોતાની માને અને તે પછી પિતાને ઓળખે છે અને બીજાં ભાંડુને તે પછી ઓળખે છે. એ ત્રણચાર વર્ષનું થવા આવે અને ઘરમાંથી આંગણામાં અને આંગણામાંથી શેરીમાં રમતું થાય છે ત્યારે, તેને પહેલવહેલો, ઘરમાં ન જોયેલી એવી બહારની દુનિયાનો પરિચય થવા માંડે છે. એ વખતે એનું જગત પોતાના અંગત વ્યક્તિત્વની આસપાસ જ મર્યાદિત હોય છે: ટૂંકમાં બાળક Ego-centric(આત્મનિષ્ઠ) બનેલું હોય છે. તેથી એ ‘ અહમ્ ’: ‘ હું આમ છું ’: ‘ હું આમ થઈશ ’—એવા પ્રકારનો ભાવ તેને આવરી લે છે: આ વયનાં ‘ હું ’-ગીતો ઝડઝમક અને પ્રાસથી ઓપતાં છતાં અર્થહીન એવાં હોય તો પણ ચાલી શકે છે.

‘ હું ’માંથી ‘ અમે ’

પાંચથી સાત વર્ષનાં બાળકો બાહ્ય જગતના વિશેષ પરિચયમાં આવવાથી અને તેમને રમતમાં ભેરુઓ મળવાથી ‘ હું ’ માંથી ‘ અમે ’માં તેમનો વિકાસ થાય છે. તેઓ કહે છે, ‘ અમે ’ નાના ખલાસી, નાના ખલાસી, મોતીડાં લાવશું ને જગને બનાવશું: હસતાં બાલુડાંને એક એક આપશું–’ વગેરે: ‘હોડી ’ના ગીતમાં બાલક કહે છે: ‘ ચાલોને, રમીએ હોડી, હોડી. ’ આ વયનાં બાલક પ્રાણી, પક્ષી વગેરેને બોલતાં કલ્પી તેની સાથે રમી શકે છે. તેને પરીગીતો, રમતગીતો, પ્રસંગગીતો ખૂબ ગમે છે. બાલકના તરવરાટને યોગ્ય વળાંક આપવા માટે આ ગીતો અભિનયક્ષમ પણ હોય છે.

‘ બાલકાવ્ય ’ના સાદામાં સાદા અને તરત ગમી જાય તેવા પ્રકાર તરીકે પહેલાં ‘ રમત-જોડકણાં ’ને ગણાવવાં

*(૧) બાઇબલમાં સેન્ટમેથ્યુ (૧૩-૩)નાં વચન છે:—“ Except ye become converted, and become as little as children, ye shall not enter into the kingdom of Heaven. ”

(૨) મેડમ મોન્ટીસોરી લખે છે: ‘ The Child is a little Messiah. ’

(૩) કવિ વર્ડ્ઝવર્થની કાવ્યપંક્તિ છે:—Child is the father of man.

જોઈએ. તેમાં સાદો તાલ અને એક અનુપ્રાસ તેને મસ્તી આપે છે. 'કટાવ'ના ટુકડાઓ આનાં સુંદર દૃષ્ટાંતો છે. બાલકો તેનો અર્થ સમજવાની બહુ ખટપટમાં પડતાં નથી. ઘરની રમતમાં તથા શેરીમાં રમાતી રમત સાથે બોલાતાં આવાં ગીતો અંત્યપ્રાસયુક્ત અને આદિવર્ણાનુપ્રાસથી મંડિત હોય છે. તેથી રમતને જમાવવામાં તે સરસ મદદ કરે છે. આ પ્રાસયુક્ત જોડકણાંમાં આપણી ઘણી કહેવતોનો તથા સામાન્ય ઉક્તિઓ: 'આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ' જેવાનો પણ સમાવેશ થાય છે.

આ 'બાલ-જોડકણાં'નો દૃષ્ટાંતથી પરિચય કરીએ: "મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે: દીવો મેં તો દીઠો, મામો લાગે મીઠો: મામે સામું જોયું, મારા પર મન મોહ્યું: મામી બેઠી માળે, ભાણેજડાંને ભાળે: ભાવે મામી ભેટી, દહીંથરાં-ઘી દેતી." વળી બીજા એકમાં તો આખી પરંપરા ગણાવી છે: "મગમગ જેવડા મોગરા, ફૂલવાડીના મોગરા: ફૂલ લઈને રમવા ગ્યાં'તાં: રમતાં રમતાં રાત પડી, ધોળી પછેડીએ ભાત પડી: ચાલો સૈયર ઘેર જઈએ, ઘેર જઈને ગાયો દોહીએ: ગાયો દોહીને ખીર કરીએ, ખીર કરીને વીર જમાડિયે: વીરે મને ચૂંદડી આપી, ચૂંદડી પહેરી પાણી ગઈ'તી: પાણી ભરતાં પાલવ પલળ્યો, પાલવ પલળ્યો નેવે સૂકવ્યો: નેવે સૂકવ્યો, કાગ લઈ ગ્યો!" તથા 'ચાંદાપોળી'નું જોડકણું: 'ચાંદાપોળી, ઘીએ ઝબોળી: લે રે ચાંદા, ઝબૂક પોળી'—એ પણ તેટલું જ માર્મિક છે. જૂની 'ધૂળિયા નિશાળો'માં સરસ્વતીની પ્રાર્થના શીખવાતી તેનો રચનાબંધ પણ યાદ કરવા જેવો છે:—"સરસ્વતી, સરસ્વતી! તું મોરી મા: પહેર પટોળાં, ઘેબર ખા:" વગેરે આ તાલબદ્ધ ગદ્યમાં ગીત જેવો ગુંજારવ સંભળાય છે: તેથી એને 'ગીત' કહેવામાં હરકત ન હોય. શ્રી ત્રિભુવન વ્યાસે પોતાના બાલકાવ્યોના પ્રથમ સંગ્રહને 'નવાં ગીતો' (બાળકો માટે) ૧૯૨૪: એવું નામ આપ્યું હતું તે સહેતુક હતું.

પરિચયક્ષેત્રનો વિસ્તાર

'બાલકાવ્યો'નું વર્ગીકરણ તેમાંના વિષય પ્રમાણે કરવું ઇષ્ટ છે. નાના બાળકના જીવનમાં જેમ જેમ નવા વિષયો પ્રવેશ કરતા જાય છે તેમ તેમ તેનું પરિચયક્ષેત્ર વિશાળ બનતું જાય છે.

(૧) પહેલો વિભાગ 'પદાર્થ-પરિચય'નો છે. તેમાં પ્રથમ ઘરની તથા શેરીની રમતમાં, બાલકનો જડ પદાર્થો સાથેનો પરિચય શરૂ થાય છે.

ઘૂઘરો, ઢીંગલી, દડો, ભમરડો, ઘંટડી, ઘડિયાળ, ઘંટી અને નવા શહેરી જીવનમાં રેડિયો જેવી નિત્યપરિચિત વસ્તુઓના સંપર્કમાં તે આવે છે (આ વિભાગનાં કાવ્યોનું જૂથ, એક એક પંક્તિથી સંભારિયે: 'ઘૂઘરો ઘૂમે છે બેનીબાના હાથમાં' (મેઘાણી); 'આ સીડી-પગથિયાં ચઢતાં કે ઢીંગીબાઈ લપસી પડ્યાં રે' (દેશળજી પરમાર); 'ઢીંગલીનો દેશ; રૂડો રઢિયાળો મારો ઢીંગલીનો દેશ' (ચંદ્રવદન મહેતા); 'દડો રૂપાળો કેવો મારો, દડૂક દડૂક દડે' (ત્રિભુવન વ્યાસ); 'મારો છે ભમરડો એ તો કેવો સુંદર ચાક લેતો' (સોમાભાઈ ભાવસાર); 'ચાંદા તણી સૌ ચકરડી, ભમતા ગ્રહોના ભમરડા' (વિઠ્ઠલરાય આવસત્થી); 'કંઈ મધુર મધુર રણકારતી, અમે ઘંટડીઓ' (ઉપેન્દ્રાચાર્ય); 'કટકટકટ કટારો કરતી, ફેરા ફરતી વાગે (ઘડિયાળ)' (ગજેન્દ્ર ડેપ્યુટી); 'ઘંટી મારી આરણકારણ રે; ઘંટી મારી હૈયાધારણ રે' (લોકગીત;) 'મારી ઘંટીને બબ્બે આંખો, હો ઘંટી મારી ઘમ્મર ઘૂમે, ઘમ્મર ઘૂમે' (રમણલાલ દેસાઈ); 'આ શેની પેટી? શાથી એ લપેટી?: એમાં શું આ દીવા થાય? એમાં બેઠું કોણ ગાય? (રેડિયો); (ચંદ્રવદન મહેતા) પદાર્થ-પરિચયનાં કેટલાંક બાલકાવ્યો અહીં આપણે સંભાર્યાં.

હવે (૨) રમત-પરિચયનાં બાલગીતો જોઈએ: રમકડાં જેવા પદાર્થોના પરિચય પછી બાલકની શેરીની રમતો તેના જીવનમાં અગત્યનું સ્થાન લે છે: બાલકની આવી રમતોને ઉદ્દેશીને કેટલાંક બાલકાવ્યો રચાયાં છે: નર્મદે આમાં પણ અગ્રેસર પદ લીધું છે: ગીતનું નામ છે: 'અગલું નાચે': 'એકે મૂક્યું શ્રીણું તણખલું, બીજાને માથે: છૂપું તે બીજાને માથે: પછી તે હસે સૌ સહુ સાથે; કોઇને માથે અગલું નાચે, બગલું નાચે; ગામનું ગધેડું નાચે, પાડાની પડોશણ નાચે, ખેતરનો તીરઘોડો નાચે: ઓળી કાઢે જ્યારે પેલો, તાળી સહુ પાડે: એકદમ તાળી સૌ પાડે."—(નર્મદાશંકર)

'લાકડીના ઘોડા'ને ત્રણ કવિએ કાવ્યવિષય બનાવ્યો છે: 'દાદાજીનો ઘોડો લીધો, ઘોડાનો મેં ઘોડો કીધો'

(ત્રિભુવન વ્યાસ); 'ઘોડો મારો ખદૂકા ભરતો, સૌથી આગળ જાય—ખદૂક, ઘોડા ! ખદૂક !' (રમણલાલ સોની); 'મારી ઇલમની લાકડી અલબેલી : છૂમંતર ભણું : બની જાય ઘોડો; હણહણે, કૂદે ને આ દોડ્યો–' (વિઠ્ઠલરાય આવસત્થી).

'સંતાકૂકડી'ની રમતે બે કવિઓને આકર્ષ્યા છે: તેઓએ રમતના હાર્દને પકડી, બાલસુલભ કલ્પનાને ચગાવી છે: 'સંતાકૂકડી રમે ચાંદલિયો, સંતાકૂકડી રમે' (ત્રિભુવન વ્યાસ); 'ખેલો સંતાકૂકડી આજે : વાદળદળની ઓથે નાના, તારલિયાયે નાચે છાના—ખેલો સંતાકૂકડી આજે' (ચંદ્રવદન મહેતા).

'ફેરફુદડી'ની રમત બાલિકાઓને ખૂબ પ્રિય છે. કવિએ તેમાંથી રમૂજ ઉપજાવી છે : ગીતનો ઢાળ પણ ઉત્સાહ પ્રેરે તેવો મસ્ત છે : 'ફરો ફરોને છોકરાં ફૂદરડી : જેમ ફરે ઉંદરડા-ઉંદરડી-' (ત્રિભુવન વ્યાસ); 'કેવી મઝા !' એ મથાળાથી ફેરફૂદડી, આંબલીપીપળી, સંતાકૂકડી, સાત તાળી અને ઉંદરબિલાડીની—એમ પાંચ બાલરમતોને બાલકવિ મૂળજી ભગતે નીચેના ગીતમાં એકસામટી ગૂંથી લીધી છે : આ ગીત સંપૂર્ણપણે અભિનયક્ષમ પણ છે: "અમે ફેરફુદરડી ફરતાં'તાં : ફેરફુદરડી ફરતાં ફરતાં, પડી જવાની કેવી મઝા; ભાઈ ! પડી જવાની કેવી મઝા "—વગેરે.

(૩) **પક્ષીપરિચયનાં** ગીતો એ ત્રીજો વિભાગ છે: ઘરઆંગણામાં દેખાતાં ચેતન પક્ષીઓના પરિચયનાં બાલકાવ્યોનો વળી ત્રીજો વિભાગ બને છે : તેમાં કૂકડો, ચકલી, પોપટ, કબૂતર, ખિસકોલી (પક્ષી ન ગણાય છતાં), મોર, કોયલ, પતંગિયાં અને જડ પતંગ—એને અનુલક્ષીને અનેક કાવ્યો રચાયાં છે: કૂકડો કહે છે: 'સવારમાં પહેલો હું ઊઠી, કૂકડે કૂક કરું છું : ઉઠાડવા ઉદ્યોગી જનને, તો સિપાઈ બનું છું.' (ખબરદાર); 'અમે તો સૂરજના છડીદાર, અમે તો પ્રભાતના પોકાર' (શ્રીધરાણી); ઘર-આંગણે ઊડતી **ચકલીને** કવિ કેમ ભૂલે ? 'એક હતો ચકલો' વાળી વાર્તામાં બાલકની જિજ્ઞાસાને એકે પગે કરી મૂકવાનું તત્ત્વ હતું. 'આવીને ઊડી ના જઈશ: ઓ ચકલી ! તને ચપટી ચાવણું દઈશ: તને ખોબલો પાણી પઈશ: ઓ ચકલી !' (મૂળજી ભગત)વાળું ગીત ઘણું બાલપ્રિય છે. કવિ ન્હાનાલાલે ગાયેલું 'મને પાછું આપીને પેલું આપો: હો પ્રાણ, મારું પારેવું'—એ પારેવું તે જ **કબૂતર:** બાળકોનું ખૂબ જાણીતું છે: 'ભાઈ કબૂતર, ભાઈ કબૂતર: મારે આંગણ આવોને' (રમણલાલ સોની) **પોપટને** તો નરસિંહ મહેતાએ સંભાર્યો છે: 'પઢો રે પોપટ રાજા રામના:' અને લોકગીતમાં પણ 'મેં તને વારિયો રે મારા પોપટ:—ની શેરીએ ના જઈશ, મારા પોપટ !' તેને સ્થાન હતું. ન્હાનાલાલે સામાન્ય પંખીનું ગીત 'ઊડું જગે, ઊડું વને, રીઝું હું, રીઝવું તને: ઉઘાડી પાંખ માહરી: ઉઘાડ ભાઈ તાહરી–' પ્રમાણિકા છંદમાં રચ્યું છે. બ. ક. ઠા.એ 'પોઢો પોપટ' નામનું બાલગીત રચેલું છે.

પક્ષીના અને પશુના વર્ગીકરણને હંફાવે એવી ખિસકોલી-નું શ્રી ત્રિભુવન વ્યાસે ખૂબ સુંદર ગીત રચ્યું છે: એને 'ઉંદરભાઈની નાત'માં ગણાવી છે: 'તું અહીંઆં રમવા આવ, મઝાની ખિસકોલી-' મોરને અનુલક્ષીને 'મારો છે મોર, મારો છે મોર, મોતી ચરંતો મારો છે મોર !'-એ બાલ-લોકગીત પરિચિત છે: 'મોરુ, મોરુ ! ક્યાં થકી જઈશું ? ભમ્મર ભેરુ, મોરિયો'નું રમતગીત પણ તેટલું જ જાણીતું છે. **કોયલ** માટેનાં અનેક ગીતો પ્રાપ્ય છે: 'કાળી કોયલ બોલે કૂક: વનવગડે બોલે છે કૂક' (લલિત). ફૂલ ફૂલ પર ઊડતાં અને રંગબેરંગી પાંખો ચમકાવતાં **'પતંગિયાં'** ખરે જ, બાલકને ખૂબ આકર્ષે છે: 'પતંગિયાં ! વનવન ભમતાં પતંગિયાં: મનમન ગમતાં પતંગિયાં' (દેશળજી પરમાર)-એ પતંગિયાંના રંગ બતાવનારા અને તેની જેમ આકાશમાં ઊડનારા કાગળના પતંગે પણ બાલજીવનમાં કાયમનું સ્થાન મેળવ્યું છે: 'પેલી જો જો પતંગ કેવી જાય છે !' (રવિશંકર પાઠક): સિનેનાટિકાઓમાં આવતાં મનોરમ બાલગીતોને અહીં સંભારવા જેવાં છે: "મેરી પ્યારી પતંગ ચલી બાદલકે સંગ: જરા ધીરે ધીરે, જરા હોલે હોલે" (દિલ્લગી)

(૪) **પશુપરિચય :** બાલકના નિકટ પરિચયમાં આવતાં પાળેલાં પશુઓનો ચોથો વિભાગ છે: ઘરની અંદરની બિલાડી અને ઘરબહાર રમતાં ગલૂડિયાં, ગાય તથા બકરી જેવાં પ્રાણીઓનો પરિચય બાલકને સહજ છે: 'બિલ્લી વાઘ તણી માશી'ને ત્રિભુવન વ્યાસે 'મેં એક બિલાડી પાળી છે' માં સંભારી છે. 'ગાય' માટે અનેક ગીતો રચાયાં છે; 'ગાય રે ગાય, તું મેરી માય' વાળું લોકગીત જાણીતું છે;

'ગોરાં ઘીનાં માવડીનાં દૂધ : મીઠાં અમીનાં માવડીનાં દૂધ' (ન્હાનાલાલ)માં ગાય અને જનેતાને સરખાવ્યાં છે: બીજું ગીત 'હો ગોરી મારી ગાવડી : વ્હાલી મારી ગાવડી' (રમણલાલ દેસાઈ) તેમની 'ગ્રામસેવા' નાટિકામાં આવે છે. નરસિંહરાવે 'પેલું બકરી કેરું બાળ' સંભાર્યું છે; તેનો નવલરામે બાળલગ્નની ગરબીમાં વિનોદ કર્યો છે: 'જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે : બકરીબાઈનો બેટડો, પરણે છે રે આજે.'

(૫) કુદરત-પરિચયમાં ખાસ કરીને આકાશી કુદરતના પરિચયનો અલગ વિભાગ બને છે. પૃથ્વી પરનાં ઝરણાં, નદી, સાગર, પર્વત વગેરેનો છઠ્ઠો વિભાગ થશે. ચાંદાએ ઘણા ઘણા કવિને ઘેલા કર્યા છે. ચાંદો અને ચાંદરણું—બન્નેથી કવિ તેમ જ બાલક મુગ્ધ બને છે: નરસિંહ મહેતાએ બાલકના મુગ્ધત્વનું ચિત્ર 'ઓ પેલો ચાંદલિયો મા ! મુને રમવાને આલો : નક્ષત્રથી ચૂંટી લાવી, મારે ગુંઝલડે ઘાલો—' આ બાલગીતમાં આલેખ્યું છે, ન્હાનાલાલનું 'મા ! મને ચાંદલિયો વ્હાલો'નું બાળપોથીનું ગીત આ ઉપરથી સ્ફુર્યું જણાય છે: બીજા ગીતોની પંક્તિઓ લઈએ : 'ચાંદા તારું ચાંદરણું, ડોશીમાનું પાથરણું (સોમાભાઈ ભાવસાર): 'ચાર દિવસનું ચાંદરણું, કેવું મજેનું પાથરણું: પાંદડાંઓથી ભાત પડી, કેવી મઝાની રાત પડી' (ચંદ્રવદન મહેતા) : 'ચંદાપોળી, રંગે ધોળી : ઘીમાં બોળી : સૌ છોકરાંને 'અપ્પા' (ચંદ્રવદન મહેતા): ચંદ્ર પછી તારાનો વારો આવે છે. 'ચંદાનો નવલખહાર, ઝગમગ તારલિયા' (ત્રિભુવન વ્યાસ): 'તારા ધીમા ધીમા આવો, તારા રમવાને સૌ આવો ('વસંતવિનોદી') : 'ગણ્યા ગણાય નહિ, વીણ્યા વીણાય નહિ' તથા 'તારલા રે, આવ મારા અંબોડલે' (ન્હાનાલાલ) : 'તારા, તારા ! તારા જેવું, સરસ મઝાનું તેજ દે,' (લીલુ કાણે):

આકાશમાં થતા અનેક ફેરફારોમાં હમેશ ઊગતા સૂરજને ઢાંકી દેનારી વાદળી, અને તેમાંયે પાણીનાં તેજ ભરેલી વાદળી બાલકનું ધ્યાન ખેંચે એમાં નવાઈ નથી : 'આવ રે મેહુલા આવ, મેહુલા આષાઢના રે (ત્રિભુવન વ્યાસ); 'આષાઢી સાંઝનાં અંબર ગાજે' (મેઘાણી); 'એક આવી તી વાદળી શ્રાવણની; આભ ભમતી'તી વાદળી શ્રાવણ'ની (મૂળજીભાઈ ભગત): 'વીજ ચમકે મેહૂલિયો ગાજે છે.' કરે મોર મીઠા ટહુકાર : વાદળી ઘૂમે છે. (ત્રિભુવન વ્યાસ); 'એલી વાદળી ! આવજે ના વ્હેલી : મારી ઝટપટ ધોવાઈ જાય રે પાનીઓ રંગેલી' (ન્હાનાલાલ) : તથા 'હાં રે અમે ગ્યાં'તાં હો રંગના ઓવારે, કે તેજના ફુવારે : અનંતના આરે; કે રંગ રંગ વાદળિયાં' (સુંદરમ્); છેલ્લાં બે ગીતની મસ્તી અજોડ છે. આકાશમાં ધૂમાધૂમ કરતી અને તેના ચોકમાં ઓકળાઓ પાડતી વાદળીઓની શ્રી ઉપેન્દ્રાચાર્યની કલ્પના સુંદર છે; "હો ધનરાજ ! તારી વાદળીઓ : કંઈ ખીલાવી ઉરકળીએ કળીઓ : અમે ગગન ઘૂમવા નીકળીઓ : આભલિયું લીંપનાર અમે તો : પાડી ભૂરી ભૂરી ઓકળીઓ : મહાલીએ અમે થઈ મોકળીઓ—ધનરાજ ! "તારી વાદળિયો"; વાદળીને ચીરનાર 'વીજળી' પણ બાલકવિએ ઝડપી લીધી છે. ત્રિભુવન વ્યાસનું 'ઝબૂક વીજળી'નું ગીત અનન્ય છે : "હું ચમકારા કરતી વીજળી : વાદળમાં તો રમઝમ ચાલું : ઝળહળ ઝળહળ કરતી મ્હાલું : ઉપર જાઉં, નીચે જાઉં, આભમાં સંતાતી જાઉં : ઝબૂક વીજળી ઝબૂક !" ખુલ્લા ચોગાનમાં વાતા પવનનો 'હીંચણો રમણે ચડે' છે ત્યારે બાલક ભારે પુલકિત થાય છે : એ કહે છે : "વા પવન વા, વા પવન વા : ઝોલે ચડે મારી ફૂલવેલ આ" (દેશળજી પરમાર): શીતળ પવનની મોજ પછી લૂના પવનનો પણ એ અનાદર કરતું નથી. 'વાયરા વનવગડાના વાતા'તા, વા વા વંટોળિયા !'.

(૬) કુદરત-પરિચયના છઠ્ઠા ભૂમિગત પદાર્થ-વિભાગમાં પૃથ્વી પરનાં ઝરણાં, નદી, સાગર અને તેની સાથે ઘરઆંગણે વરસાદમાં ચલાવાતી કાગળની હોડી, અને હોડી સાથે જ હલેસાં, નાવિક વગેરે બાલમાનસની આગળ વધતી મહત્ત્વાકાંક્ષા અને પ્રત્યક્ષ રમત સંકળાયેલી છે. તેનાં ગીતો આ વિભાગમાં આવે છે. 'વડલો' નાટકમાં શ્રી શ્રીધરાણીએ ઝરણીને એક પાત્ર બનાવ્યું છે. બાલક નદીને પૂછે છે : 'અલી નદી ! તું કયાંથી આવી?' નદી ઉત્તર દે છે : 'ઊંચા ઊંચા પહાડ પરથી, વાદળની એ ધાર પરથી, હસતી આવી કુદતી આવી: મીઠાં પાણી લેતી આવી: દુનિયાને હું જોતી આવી: દરિયાને હું મળવા ચાલી: જ્યાંથી આવી ત્યાં હું ચાલી' (રમેશ કોઠારી) એવી અસંખ્ય નદીઓનાં મીઠાં નીર કાયમ તેમાં ભળે છે છતાં જે મીઠો બનતો નથી તે સાગરનું ભવ્ય દૃશ્ય, ભવ્ય વર્ણનને પ્રેરે છે: શ્રી ત્રિભુવન વ્યાસનું આ કાવ્ય ગુજરાતીમાં અદ્વિતીય છે: "આરો રે'

ઓવારો નહિ, પાળ કે પરથારો નહિઃ સામો તો કિનારો નહિઃ પથરાયા એ જળભંડાર, સભરસર્યાઃ ”

આંગણાંમાં પાણીનાં ખાબોચિયાં ભરાયઃ તેમાંનું પાણી છલકાઈ ને વહેળારૂપે વહેવા માંડે ત્યારે બાળકોને તેમાં કાગળની હોડી તરાવવાની ખૂબ મઝા આવે છે. કવિવર ટાગોરે પણ ‘ Paper-Boats ’ને સંભારી છે. ચંદ્રની કલા પણ હોડકારૂપે દેખાય છેઃ તેવી કલ્પના નરસિંહરાવે ‘ ચંદા ’ કાવ્યમાં કરી છે. ટાગોરનું ‘ Crescent Moon ’ ફરી આવાં બાલગીતોને અંગે યાદ આવે છે. શ્રી પિનાકિન ત્રિવેદીનું ‘ ચાલોને રમીએ હોડી હોડી ’ તથા ‘ હલ્લેસાં માર, માર હલ્લેસાં ’ એ ગીતો બાલજગતમાં ખૂબ પ્રિય છે. સોમાભાઈ ભાવસારે ‘ હોડી ’ અને ‘ હૈયું ’ને સાથે ગોઠવી, માનવીની જીવનયાત્રાને બંધબેસતું રૂપક યોજ્યું છેઃ ‘ મારી હૈયાની હોડલી નાની, સાગરરાજ ! ધીરા વહો, એમાં જોજો ભરાય ના પાણીઃ સાગરરાજ ! ધીરા વહો. ’

(૭) **વનસ્પતિ અને પુષ્પપરિચયનો** સાતમો વિભાગ હવે લઈએ. કવિ ન્હાનાલાલનાં ‘ એક આંબો ઢળ્યો છે મારે આંગણે રે લોલ, ઘેર ગંભીર તેની ઘટા ઢળી રે લોલ ’—જેવાં વૃક્ષપરિચયનાં કાવ્યોનો નોખો વિભાગ છે. ઋતુઓમાં નિહાળાતું વનસ્પતિસૃષ્ટિનું પરિવર્તન એ પણ બાલજિજ્ઞાસા જગાવતો સુંદર કાવ્યપ્રદેશ છે. વર્તમાનોમાં-થી ત્રિભુવન વ્યાસ અને પ્રાચીનોમાંથી દલપતરામે બાલોચિત ભાષામાં સુંદર ઋતુપરિચય આપ્યો છે. ‘ શિયાળે શીતળ વા વાય; પાન ખરે ઘઉં પેદા થાય: ’ તથા ‘ ચોમાસું તો ખાસું ખૂબ, દીસે દુનિયા ડૂબાડૂબ ’ જેવાં સરલ વર્ણનો સાચાં બાલગીતો છે. કોઈ અજ્ઞાત કવિનું વસંતાગમનનું ગીત ભાવવાહી છેઃ ‘ વસંત આવી, વસંત આવીઃ સાથે સાથે લેતી આવી : કોયલ ગાન કરે; આંબે મ્હોર, લીમડે કોરઃ ટાઢી ટાઢ, સૂસૂ વાતઃ ટૂંકા દહાડા, લાંબી રાતઃ વસંત આવી, વસંત આવી. ’

ફૂલ ખીલે છતાં તેને ન ચૂંટવાનો ભાવ એક કવિએ ગાયો છેઃ “ નહિ ચૂંટું, નહિ ચૂંટુંઃ સુવેલને નહિ લૂંટુંઃ સલૂણાં એ, સુંવાળાં એઃ ફૂલોને ના નહિ ચૂંટું. ” (જ. પુ. જોશીપુરા): પણ જો ફૂલ ચૂંટે, તો ફૂલ કહે છે ‘ મને ધૂળમાં રગદોળીશ નહિઃ ’ ‘ ચૂંટ તો બહેન ! મને મૂકજે અંબોડલેઃ એક મારું વેણ તને, મૂકજે અંબોડલે, ’ (ઉમાશંકર જોશી) નાની નાની બાલિકાઓમાં લોકપ્રિય બનેલું ‘ મોગરાની માળ ’નું ગીત અભિનયક્ષમ પણ છેઃ “ મોગરાની માળ, મારી મોગરાની માળઃ બ્હેને વીણેલ કળી, ભાએ ગૂંથેલ વળીઃ કંઠે લટકંત મારી મોગરાની માળઃ આમ ફરે, તેમ ફરે, ચકરચકર ફૂદડી ફરે, દેવ તણે ચરણ મારી મોગરાની માળ—” (દેશળજી પરમાર) ફૂલનો ખૂબ ફાલ જોઈ ને બાલક હરખાય છે. તેની લહાણી કરવાનું તેને મન થાય છેઃ “ લ્યો લ્યો ફૂલડાં વરસે મારી વાડીમાંઃ મારી વાડીમાં અમર વસંત, રાજ !–લ્યો લ્યો૦ ” (મૂળજી વેદ).

(૮) **કલ્પનાનાં** કાવ્યોનો આઠમો વિભાગ બને છે. બાલકને પંખીઓની ઓળખાણ થવા માંડતાં તેને કલ્પના આવે છેઃ “ પેલા પંખીને જોઈ મને થાયઃ એવી પાંખ જો મને મળી જાય : તો આભલે ઊડ્યા કરું–ઊડ્યા કરું ! ” બાલકને કેટલુંક કુતૂહલ ખૂબ સ્વાભાવિક હોય છે. એ કુતૂહલને બાલક પ્રશ્નોથી રજૂ કરે છેઃ “ મને કહોને પરમેશ્વર કેવા હશે ? ક્યાં રહેતા હશે, શું કરતા હશે ? ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજ ને તારાને ગૂંથનાર કેવા હશે ?–મને કહોને૦ ” (પ્રીતમલાલ મજમુદાર) મૂળજી ભગતનું ‘ ક્યાંથી ? ’ ગીત પણ એ ઢબનું છેઃ “ મેં તો જાગીને જોયું સવારે : કે તારલે મઢેલી, કે ચુંદડી કોણે ચોરી ” મેં તો જાગીને જોયું સવારે, કે આભલાને આરે કે સાથિયા કોણે પૂર્યા ! ”

(૯) **અભિનય ગીતોનો** નવમો વિભાગ બહુ વ્યાપક છેઃ બધાં બાલક સરખાં હોતાં નથી. એકલાં નાચતાં કૂદતાં તેઓ શરમાય છે. તેથી તેમને માટે અભિનયગીતો સમૂહમાં ગાવાનાં રચાય છેઃ જેમ કે “ ગોરી કાંગ લ્યો : કાંગ લેતા આંતાં રે, ગોરી કાંગ લ્યો. ” ‘ તેમ કોઈ ફૂલ લ્યો, કોઈ ફૂલ લ્યો : ઊભાં ઊભાં ફૂલ લ્યો : બેઠાં બેઠાં ફૂલ લ્યો ’. નીચેનું ગીત અભિનયને પૂરતો અવકાશ આપે છેઃ “ મા ! હોઉં જો આભનો તારો તો તરવાની કેવી મઝા !ઃ મા ! હોઉં જો મોરલો નાનો, તો ટેકવાની કેવી મઝા ! ” (રમણલાલ સોની)

આ પ્રમાણે ‘ બાલકાવ્ય ’—જે મુખ્યત્વે ‘ બાલગીત ’ જ હોય છે–તેનો અર્વાચીન સાહિત્યમાં થયેલો પદ્ય-અવતાર બહુ સૂક્ષ્મ સમભાવ અને સમસંવેદનનો અધિકારી છેઃ બાલકવિ થવું એ લાગે છે તેટલું સહેલું નથી. ‘ બાલકાવ્ય ’ એ વર્તમાન પદ્યસાહિત્યનું એક વિશિષ્ટ સાહિત્યસ્વરૂપ છેઃ કાવ્યો તેને સત્કારે અને અભિનંદે.

૨૬ જાવ..............

[સોવિયેત રશિયાએ, તા. ૩૧મી માર્ચ '૫૮ દિને, અણુશસ્ત્રોના પ્રયોગો બંધ કરવાનો એકપક્ષી ઐતિહાસિક નિર્ણય જાહેર કરીને દુનિયાની શાંતિવાંછુ પ્રજાઓની ભાવના અને કાર્યશક્તિને અપૂર્વ પ્રેરણા અને વેગ આપ્યો છે.]

બ્રિટન, અમેરિકા, કેનેડા અને રશિયાની કોર્ટોમાં કાયદેસર ફરિયાદો નોંધાશે

વિજ્ઞાની દુનિયાનું નોબેલ પ્રાઈઝ જીતનાર દાક્તર લીનસ સી. પાઉલીંગની આગેવાની હેઠળ અમેરિકા, બ્રિટન, કેનેડા ને જપાનના આગેવાન નાગરિકોએ અણુશસ્ત્રો ધરાવનાર ત્રણે મહાસત્તાઓની સામે તે તે દેશની અદાલતોમાં ફરિયાદ નોંધાવવાની જાહેરાત કરી.

અમેરિકા, બ્રિટન અને રશિયાની અદાલતોમાં રાજના સંરક્ષણ ખાતાના વડા સામે ને અણુશસ્ત્રોના સંશોધનને ઉત્પાદનમાં મદદ કરનાર સરકારી કમિશનો સામે આ કાયદેસરની ફરિયાદો દાખલ કરવામાં આવશે. અદાલતો સમક્ષ પૂરવાર કરવામાં આવશે કે અણુ ને હાઈડ્રોજન બોંબ–વિસ્ફોટો માનવ જાતને માટે કેટલા ખતરનાક છે, એનાથી માનવસ્વાસ્થ્ય પર થનાર બૂરી ને વિનાશક અસરોનાં પ્રમાણ રજુ કરવામાં આવશે. આજે વિજ્ઞાનની જાણમાં નથી એવા અનેક રોગોનો શાપ માનવ–જાતને માથે ઊતરવાની જે શક્યતા છે તેય સમજાવવામાં આવશે.

ત્રણે સરકારો સામે ઊભા થનારા ફરિયાદીઓમાં જાણીતા બ્રિટિશ ફિલોસોફર બર્ટ્રાન્ડ રસેલ, લંડનના સેંટ પોલ દેવળના રેવરન્ડ જોન કોલીન્સ, દક્ષિણ આફ્રિકાની આદિવાસી જાતિઓના ધર્મગુરુ ને યુ. નો.ના પ્રતિનિધિ માઈકલ સ્કોટ તથા યુ. નો.ની વિશ્વ–તંદુરસ્તી માટેની સંસ્થાના માજી ડાયરેક્ટર ડો. બ્રોક ચિશીમ વગેરેએ નામ નોંધાવેલ છે.

*

આ ઝુંબેશ શરૂ થઈ, એ દરમ્યાન ગયા સોમવારે જ ત્રણ મહાસત્તાઓમાંની એક સત્તાએ સોવિયેટ રશિયાએ આગળ પડીને અણુશસ્ત્રના અખતરાઓ બંધ કરવાની જાહેરાત કરી ધન્યવાદને પાત્ર પગલું લીધું છે, એની આ આગેવાનોએ નોંધ લીધી છે ને આશા વ્યક્ત કરી છે, કે સોવિયેત સત્તાધિશો અમારી આ ઝુંબેશને વેગ આપવા માટે પોતાના દેશની અદાલતમાં પણ આવી ફરિયાદ દાખલ કરવાની પરવાનગી આપી શાંતિ ને સલામતી માટેના દુનિયાની જનતાના આ પગલાંને સક્રિય ટેકો આપશે. ને એમ કરશે તો—

સોવિયેત સરકારે લીધેલું આ પગલું શરતી અને રાજરમતની એક ચાલ તરીકે ન રહેતાં દુનિયાની માનવ-જાતના કલ્યાણ માટેનું પગલું બની જશે.

*

અમેરિકાની કોર્ટમાં ફરિયાદીઓ પાંચ મુદ્દાઓ રજુ કરી તે તે પ્રદેશની અદાલતો પાસેથી અણુશસ્ત્રના અખતરાઓ બંધ કરવાનું હુકમનામું માગનાર છે.

૧. આરોપીઓએ ૧૯૫૪માં અણુશક્તિ ધારાની ઉપરવટ જઈ કામ કરવા માંડયું છે.

૨. દેશની પાર્લામેન્ટે આ સત્તાધીશોને જે સત્તા આપી છે, તે કાનુન બહારની છે.

૩. દેશના રાજ્યબંધારણની પાંચમી કલમ અનુસાર આ કાર્ય કરનારાઓએ દેશના કાયદાનો ભંગ કર્યો કહેવાય.

૪. માણસ જાતના જીવન માટે જોખમકારક બની જાય એવા કાયદા બનાવવાનો પાર્લામેન્ટને અધિકાર જ નથી.

૫. યુ. નો. એ માનવ હક્કનું જે જાહેરનામું ઘડી કાઢયું છે, ને જે જાહેરનામા પર સહી કરનારાઓમાં એક અમેરિકા પોતે પણ છે, એ જાહેરનામાની આથી અવગણના થાય છે.

યુરોપના સારાસારા વકીલ બેરિસ્ટરો જનતાપક્ષે ઊભા રહી આ આખા કેસને ત્રણે દેશોની અદાલતોમાં લડવા તૈયાર થયા છે.

બ્રિટનમાં ૨૦૦૦ માનવીની પદયાત્રા

લંડનના ટ્રાફાલગર સ્ક્વેર નામના મેદાનમાં ૭ હજાર માણસો ભેગા થઈને હિરોશિમામાં ને નાગાસાકીમાં ભસ્મીભૂત થયેલ જપાનીઓના સ્મરણમાં માથું ઝુકાવી મૌન શોક પ્રદર્શિત કરે છે. ને ત્યાંથી અણુશસ્ત્રો સામેનો પોતાનો વિરોધ દર્શાવવા **બે હજાર જેટલા લોકો ' પદયાત્રા ' આરંભે છે.**

આ પદયાત્રામાં સ્ત્રી, પુરુષ, બચ્ચાં, બુઢ્ઢા, જવાન સૌ શામેલ છે. કાખમાં ને બાબા ગાડીમાં નાનાં નાનાં બાળકોને લઈ માતાઓ, કુટુંબનાં નાનાં મોટાં સૌને સાથે લઈ, બહાર નીકળી પડી છે. આઠ આઠ દસ દસ વરસનાં છોકરાં હાથમાં સૂત્રોનાં પાટીયાં લઈ આ પદયાત્રામાં નીકળી પડયાં છે. કોઈએ પૂછ્યું, " ભાઈ, તમે કેમ નિકળ્યા છો ? " તો કહે " અમારે જીવતા રહેવું છે, મરવું નથી, એ જણાવવા માટે. "

*

૨૦૦૦ માણસોની આ ' પદયાત્રા 'નું લક્ષ્ય શું છે ? બ્રિટિશ સરકારે એલ્ડમસ્ટન નામના સ્થળે છૂપી રીતે એટમ ને હાઇડ્રોજન બોમ્બ માટેનું કારખાનું રાખેલું છે, ત્યાં આ બે હજાર પદયાત્રીઓ ચાર દિવસના મજલ ખેડી પહોંચી જવા ધારે છે. ને ત્યાં જઈ આ જીવનવિનાશક શસ્ત્રોનાં ઉત્પાદન, શસ્ત્ર સજાવટ ને એના અખતરાઓ સામે પોતાનો સખત વિરોધ દર્શાવશે.

*

આવી પદયાત્રા વખતે ખડાં થતાં અનુપમ માનવ ગૌરવનાં દૃશ્યો ત્યાંય સર્જાઈ રહે છેઃ રસ્તાની બેઉ કોર જામેલ માનવ સમૂહ શાંતિ માટે નીકળેલા આ પદયાત્રીઓનું સ્વાગત કરે છે.

ગામડાંની પ્રજા, પોતાનાં ઘર, નિશાળો, દેવળો ને મુસાફરખાનાં હોટલો ને ઉપહારગૃહોનાં, બારણાં એમને માટે ખોલી દે છે. ને બધી રીતે એમની સરભરા કરી, એમને યાત્રા પૂરી કરવા માટે વિદાય આપે છે. જે ગામમાં પદયાત્રીઓનો પડાવ હોય છે, તેનો દેખાવ એક શાંત મેળા જેવો બની જાય છે.

અમેરિકામાં પાંચ દિવસની પદયાત્રા

એવી જ બીજી ' શાંતિયાત્રા ' અમેરિકનોએ પોતાના દેશમાં શરૂ કરી છે. ૬૨ શાંતિવાદીઓએ ફિલાડેલ્ફીઆમાં ન્યુયોર્ક નગરી સુધીની પાંચ દિવસની પદયાત્રા આરંભી છે. ન્યુયોર્ક નગરમાં આવેલ યુ. નોની વડી કચેરી એમનું લક્ષ્ય છે. આ પદયાત્રામાં ૬૦ વરસનો આંધળો બુઢ્ઢો ને દસ વરસનો એક છોકરો પણ જોડાયેલો છે. યુ. નો. ની કચેરીએ જઈ તેઓ અણુશસ્ત્રોના અખતરાઓ સામે પોતાની વિરોધ-અરજી પેશ કરશે.

દેશના બીજા કેટલાક ભાગમાંથી નીકળેલ પદયાત્રીઓની ટુકડીઓ ન્યુયોર્ક નગરમાં એમની સાથે મળી જશે ને પછી બધા ભેગા મળી યુનો ની વડી કચેરીએ જશે.

શાંતિ ને વિશ્વ સલામતી માટેની આ ચળવળમાં દેશની સરહદો ને ચામડીના રંગના ભેદભાવ ક્યાંય ભુલાઈ ગયા છે.

બ્રિટીશ, અમેરિકન, આફ્રિકન, જપાની, આરબ, ભારતીય, સૌ કોઈ આ અહિંસક ચળવળમાં ભેગા થઈ ગયેલ છે. વિચારકો, વિજ્ઞાનીઓ, વકીલો, બેરિસ્ટરો, છાપાવાળા, ધર્મગુરૂઓ ને સામાન્ય નાગરિકો, ને એમનાં બાળકો સૌ એકી અવાજે આજે અણુશસ્ત્રોના ચકાવે ચઢેલ સત્તાઓ સામે ' રૂકજાવ 'નો પોકાર પાડી રહેલ છે.

જનતાની અહિંસક શક્તિ સામે શસ્ત્રની શક્તિને ઝુકવાનો દિવસ વહેલો આવે.

—યુ. ગાંધી

અવારતવાર

—પ્રણવ

માનવીની કૂચ ચાલે છે.

એક પગ મંડાય છે, બીજો ઊપડે છે. બીજો આગળ મંડાય છે, પહેલો પાછો ઊપડે છે.

એક પગ છે: નૈતિક.

બીજો પગ છે: ભૌતિક.

કયો પહેલો, કયો બીજો? પહેલું બીજ કે પહેલું વૃક્ષ? વાદ મિથ્યા છે. બે પગ છે. વારાફરતી ઊપડે છે. આટલું નિર્વિવાદ છે.

માનવીએ ફરી આજે ભૌતિક પગ માંડચો છે. વિજ્ઞાનની નવી શોધો કરી છે.

અને એટલે બીજો પગ ઊપડું ઊપડું થાય છે. નૈતિક દુનિયામાં ઉથલપાથલ મચી છે. અર્થનીતિ અને રાજનીતિ, લિંગનીતિ અને વર્ણનીતિ, અને મોક્ષનીતિ સહિત પંચનીતિનાં ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પરિવર્તનો સળવળી રહ્યાં છે. માલિકી ડોલવા માંડી છે; રાજ્યો ભળવાં માંડયાં છે; લગ્નસંસ્થા પ્રશ્નચિહ્ન બની છે; રંગદ્વેષ ચોથા વિશ્વયુદ્ધની રંગભૂમિ બાંધી રહ્યો છે; અને હવે મોક્ષ કાં તો સર્વનો કાં કોઈનો નહીં!

પ્રાચીન નીતિનો કેમ જાણે પ્રલય થવા બેઠો છે; નવીન નીતિના આલયનું ચિત્ર દોરવા માનવના ચિત્તને પડકાર થઈ રહ્યો છે. પ્રાચીન સ્વરૂપો, સંસ્થાઓ, પરંપરાઓ ઝડપભેર ધોવાઈ રહ્યા છે. ધો...ધો...ધો...ધો કરતો ભૌતિક પ્રગતિનો ધોધ ધોવાણ કરી રહ્યો છે. જીવનના એકેએક ક્ષેત્રમાં નવીન સ્વરૂપો, સંસ્થાઓ ને પરંપરાઓ ઝડપભેર ખડાં થવાનાં છે. ભૂતકાળમાં અનેક પ્રકારનાં નૈતિક સ્વરૂપો આવ્યાં ને ગયાં. સૃષ્ટિઓ જ બદલાઈ ગઈ. કંઈ કેટલાય જીવતા જમાના તવારીખના કબ્રસ્તાનમાં દફનાઈ ગયા. સમાજે અનેક દેહ બદલ્યા છે અને હજી બદલશે. માનવજીવનના વૃક્ષે અનેક પાનખરો ને અનેક વસંતો જોઈ છે ને જોશે. પડતાં પાનનો મોહ મિથ્યા છે, ધોવાતાં સ્વરૂપોની આસક્તિ અર્થહીન છે.

પણ એવું તે શું છે જે ફરી ફરી નવા દેહ રચે છે, નવી કૂંપળો ઉગાડે છે, નવાં નૈતિક સ્વરૂપો ઘડે છે?

માનવજીવનમાં યુગેયુગે નવજીવન આણનારાં તત્ત્વને સમજવું પડશે. એ જ બધી નીતિનો આત્મા છે. એને જે જાણશે તેને નૈતિક સ્વરૂપોના પ્રલયથી શોક કે મોહ નહીં થાય ને નીતિના નવીન આલયની રચનામાં એની દૃષ્ટિ દાયણ જેટલી સ્થિર અને સ્વસ્થ રહેશે.

જૂનાં સ્વરૂપો કેમ જાય છે? ને નવાં શાને આવે છે?

માનવી વિકસતું બાળક છે. બાળકનો દેહ વધે છે, વસ્ત્રો ટૂંકાં પડે છે; જૂનાં વસ્ત્રો છાંડીને નવાં કરાવવાં પડે છે. તેમ જ માનવસમાજનો ભૌતિક દેહ વધે છે ત્યારે એનાં નૈતિક વસ્ત્રો નવાં કરાવવાં પડે છે.

પોણા પાંચ લાખ વર્ષ સુધી માનવી લગભગ નાગોપૂગો હતો. પછી એને ખેતીની અને પશુ-શક્તિના ઉપયોગની વિદ્યા હાથ લાગી. એ બાળકમાંથી કિશોર બન્યો. ખેતીની સાથે જ ગામ વસ્યાં, લગ્નસંસ્થા વ્યવસ્થિત થઈ, કૃષિની સાથે જ સંસ્કૃતિનું પ્રથમ વસ્ત્ર વણાયું ને માનવસમાજે તે પચીસ હજાર વર્ષ સુધી ઓછાવત્તા ફેરફાર સાથે ધારણ કર્યું. પછી યંત્ર શોધાયાં. ઔદ્યોગિક ક્રાંતિ થઈ. માનવી કુમારાવસ્થામાં પ્રવેશ્યો. એનાં વસ્ત્રો બદલાઈ ગયાં. મૂડીવાદ ને સમાજવાદ એની સામે પોતપોતાનાં વસ્ત્રો લઈને ખડા થઈ ગયા.

ફરી દોઢસો વર્ષે નવો ભૌતિક ફેરફાર મંડાયો છે. અણુશક્તિ શોધાઈ છે. માનવીના પોતાના શરીરની, એના પાળેલા પશુની કે વરાળ, જલવિદ્યુત કે તેલ-કોલસાની શક્તિ કરતાં અણુશક્તિ અનંત ગણી મોટી છે. એક અણુવિસ્ફોટ સમસ્ત પૃથ્વીને કંપાવે છે, માનવીને અવકાશમાં ચડાવે છે.

માનવી એકદમ ગજુ કરી ગયો. યૌવન અચાનક એના

જીવનમાં પૂરપાટ પાંગર્યું માનવનો ભૌતિક દેહ, એનું બળ, એનો વ્યાપ આવડો મોટો કદી નહોતો. આજની 'નીતિ' એને અતિ ટૂંકી પડે છે. એણે લાજ ઢાંકવા માંડમાંડ પહેરી રાખેલાં જૂનાં વસ્ત્રો ફાટું ફાટું થાય છે. એમાં ચીરા પડવા માંડયા છે. ને માનવી ફરી નાગો દેખાવા માંડયો છે.

•

નીતિડાહ્યા પુરાણવાદીઓ કપાળે કરચળીઓ પાડીને કહે છે: "શું આ પ્રગતિ છે? ભૌતિક વિકાસ કર્યાથી માનવી જો ગુફાવાસી પૂર્વજો કરતાંયે વધુ અનૈતિક બને તો તેવા ભૌતિક વિકાસને શું કરવો છે? તે કરતાં પ્રાચીનકાળનું સીધું સાદું ને ઉન્નત જીવન લાખ સારું હતું. છોડો આ બધા યંત્રના મોહો ને ચાલો પાછા પ્રાકૃત પંથે! જીવનને ત્યાં જ નીતિ છે, ત્યાં જ પરમાત્મા છે."

માનવીના દેહવિકાસની અનિવાર્ય પ્રક્રિયા વિશે ભૌતિક તેઓ જેમ બેખબર છે, બેપરવા છે, તેમ જ કાળ પણ 'મૂઈ ભેંશના મોટા ડોળા'ને રડનારા એવા લોકો, જેમને માથે ભૂત–કાળ ચડી બેઠો છે ને જેમની આંખો ભૂતપરથી ખસતી જ નથી, તેમની જરાયે પરવા કર્યા વિના પોતાનું કામ કર્યે, જાય છે. ને એમની આંખો ભલે ભૂતપર ખોડાયેલી રહી, એમના પગ તો વર્તમાનના પ્રવાહમાં તણાતાં તણાતાં જાણ્યે–અજાણ્યે ભવિષ્ય તરફ જ ઘસડાય છે. મોં દક્ષિણ તરફ ને પગલાં ઉત્તર તરફ, એવી ઊંધે મોંએ ચાલવાની કઢંગી દશાને કારણે એ લોકો લથડિયાં ખાતાં ખાતાં આગળ વધે છે. એમનો વાંક પણ શું? એમણે વીતેલા જમાનાના ધબકતા પ્રાણને જીવતો જોયો છે. એનું મરણ એમનાથી સહન થતું નથી. પણ નવો જમાનોયે નવા ને વધુ પ્રબળ પ્રાણથી ધબકવાનો છે, એની એમને બિચારાને કલ્પના નથી આવતી.

નવાં નૈતિક સ્વરૂપો આજના કે ગઈકાલનાં નૈતિક સ્વરૂપો કરતાં તદ્દન જુદાં હશે તોપણ ચડિયાતાં જ હશે એમાં શંકા નથી. નિસરણીનું આગલું પગથીઉં જેમ નક્કી વધુ ઊંચું હોવાનું, તેમ જ નૈતિક વિકાસની સરણીમાં નવાં સ્વરૂપો પણ વધુ ઊંચા જ હોવાનાં. બીજું પણ એક કારણ છે. નૈતિકતાને ભૌતિકતા સાથે વસ્ત્ર ને દેહનો સંબંધ છે.

નીતિ એટલે જે સર્વને લાગુ પડે તેવો વ્યવહા[ર]. જે સર્વને લાગુ પડતી નથી તે નીતિ નથી.

હવે આ જે 'સર્વ' છે તેના આકારને ભૌતિક[તા] બદલે છે. પાંચ હજાર વર્ષ પહેલાંની માનવીની દુનિ[યા] આજના એશિયા ખંડ જેવડી પણ નહોતી. બાબીલોન[નું] મહાન સામ્રાજ્ય આજના મધ્યપૂર્વના એક અર્ધ ચંદ્રાકા[ર] ટુકડા જેવડું જ હતું. પણ નવા જમાનાની શોધોને કારણે વિશ્વવ્યાપી બ્રિટિશ સામ્રાજ્ય સરજાયું. જાણીતા 'સર્વ'[નું] કદ વધ્યું ને તેમ તેમ નીતિ પણ વધતી ગઈ. આજે તે ખોબલા જેવડા દેશને પણ વિશ્વનીતિ માટે વિદેશપ્રધાને રાખવા પડે છે.

તો ભૌતિક વિકાસ સાથે, જ્ઞાત માનવસમાજનું એક[મ] વિસ્તરે છે. જૂની નીતિ એ નવા વિસ્તરેલા સર્વને લાગુ પડતી નથી ને તેથી નીતિ જ મટી જાય છે. કાયદો બધાને લાગુ ન પડતો હોય તો તે કાયદો જ કેમ કહેવાય? તેથી જૂની નીતિઓ આપસમાં અફળાઈને, ભળીને, ભુલાઈને નવી ને વધુ વિશાળ નીતિમાં ફરી જન્મે છે.

•

આમ, ભૌતિક વિકાસ નૈતિક વિકાસનું નિમિત્ત બને છે. ભૌતિક વિકાસ માનવસમૂહના એકમને મોટું કરે છે. તો જ તે 'વિકાસ' કહેવાય છે નહીં તો હ્રાસ કહેવાય છે. નૈતિક વિકાસ વધુ વિશાળ માનવસમૂહને પાંખમાં લે છે. આમ, નૈતિક ભૌતિક વિકાસ એ માનવની સામૂહિકતાનો વિકાસ બની રહે છે.

ભૌતિક પગલું મંડાતાં માનવીની સામૂહિકતા અભાન-પણે વધે છે. નૈતિક પગલું મંડતાં માનવીની સામૂહિકતા **સભાનપણે** વધે છે. અને ભાન ને જ્ઞાન એ જ માનવીનાં વિશેષ લક્ષણો છે. તેથી ભાનપૂર્વક માનવીની સામૂહિકતાને વિસ્તારવી, જ્ઞાનપૂર્વક નવી સામૂહિક નીતિનાં સ્વરૂપો ઘડવાં એમાં માનવીની માનવતા છે. એ જ સર્વના ઉદયની દિશા છે, એ જ માનવીય ક્રાંતિ છે. નવો વિશ્વમાનવ એમાંથી પ્રગટવાનો છે.

ઉપેક્ષિત

—લાભશંકર ઠાકર

અરુણની આંખો ખૂલી ત્યારે એને કાને બાજુના રૂમમાં થતો અવાજ આવ્યો. હાથનો ટેકો લઈ એ પથારીમાં ઊભો થયો. એણે જોયું તો પોતાના રૂમમાં પોતાની પાસે કોઈ નહોતું. એ રડવા લાગ્યો. બારીમાંથી પસાર થઈને આવતા તડકાએ એની અડધોઅડધ પથારી પચાવી પાડી હતી. તડકામાં શરીર બળતું હતું. થોડુંક રડ્યા પછી પણ એના રૂમમાં એની પાસે કોઈ ધસી આવ્યું નહીં. પહેરણભેર ઊભો ઊભો એ રડતો હતો. થોડીવાર પછી એણે રડવું બંધ કર્યું અને આંખો ચોળતો ચોળતો અવાજ આવતો હતો એ રૂમ તરફ ચાલવા લાગ્યો. બારણામાં આવીને એ ઊભો રહ્યો. જોયું તો પેલા નાનકડા બાબાને બાએ ખોળામાં બેસાડ્યો છે. એની પાસે મોટર, બલૂન અને પોપટ પડ્યાં છે. પપ્પા, કાકા અને ફઈબા હાથ લાંબો કરી કરીને બાબાને તેડવા પ્રયત્ન કરી રહ્યા છે. કાકા બાબા તરફ હાથ લાંબો કરીને સિસોટી વગાડે છે. બાબો હસે છે. ફઈબા ઘૂઘરો વગાડે છે. અરુણ થોડીવાર બારણામાં ઊભો રહ્યો પણ કોઈનું એ બાજુ લક્ષ ગયું નહીં.

અરુણે બારણાને વાસ્યું અને ફરી પાછું ઉઘાડ્યું.

પેલા બધા બાબાને રમાડતા હતા અને ખૂબ મોટેથી હસતા હતા.

અરુણ એકદમ બા પાસે ધસી ગયો અને બાના ખોળામાં બેસી પડ્યો. બા બાબાના બે હાથ પકડી 'રાધે રાધે' કરાવતી હતી. બાએ અરુણને ખોળામાંથી નીચે બેસાડી મૂક્યો અને બાબાની સામે 'રાધે રાધે' કરવાનું કહ્યું. બાબાના બે હાથથી તાલીઓ પડાવતી બા ગાતી હતીઃ

'રાધે રાધે રાધે શિરા પૂરી ખાધે
શિરાની તો વાર છે પૂરીઓ તૈયાર છે.'

અરુણ થોડી વાર ત્યાં બેઠો. પછી ઊઠીને પપ્પાની પાછળ જઈને ડોકે વળગી પડ્યો. પપ્પાએ ધીમે રહીને એના હાથ છોડાવ્યા અને પોતાની પાસે બેસાડ્યો. પણ અરુણને તો ડોકે વળગવું હતું. એ ચૂપચાપ બેસી રહ્યો.

બા 'રાધે રાધે' કરાવીને બાબાને હસાવતી હતી. બાબો ખડખડાટ હસતો હતો. અરુણ પણ મોટેથી ખડખડાટ હસી પડ્યો. હસતાં હસતાં એણે પપ્પા સામું જોયું. પણ પપ્પા તો બાબા સામું જોઈને ચપટી વગાડતા હતા.

પપ્પાએ ઊભા થઈને બાબાને તેડ્યો અને એને ખોળામાં બેસાડીને હસાવવા લાગ્યા. બધા બાબા સામે જોઈ રહ્યા હતા અને ખડખડાટ હસતા હતા.

ફૈબાએ બલૂન લઈને બાબાને દેખાડ્યું અને લાંબો હાથ કરીને 'લે લે' કરવા લાગ્યા. પપ્પાએ બાબાને નીચે મૂક્યા. જાણે બાબો હાથ લાંબો કરીને ભાંખોડિયા ભરતો બલૂન લેવા ધસ્યો. અરુણે ઊભા થઈને દોડીને બલૂન લઈ લીધું અને પીઠ પછવાડે સંતાડીને મોટેથી હસી પડ્યો. કાકાએ અરુણના હાથમાંથી બલૂન લઈ લીધું અને બાબાને બતાવીને જરાક દૂર મૂક્યું.

અરુણ થોડી વાર એમ ને એમ ઊભો રહ્યો. પછી એકદમ બાજુના રૂમમાં દોડી ગયો. રૂમમાં જઈ એણે ચારે તરફ નજર નાંખી. એની નજર પપ્પાની કાળી ટોપી ઉપર પડી. એણે ખૂણામાં પડેલી છત્રી લઈને ખીંટી પર લટકતી ટોપી નીચે પાડી. પછી ટોપી પોતાના નાનકડા માથા પર પહેરી લીધી. આંખો લગભગ ઢંકાઈ જતી હતી. નાનું સુંદર નાક અને કુમળા બે હોઠ દેખાતા હતા. નીચી નજરે જોતો જોતો જાળવી જાળવીને એ બધા બેઠા હતા એ રૂમમાં બારણા પાસે આવ્યો. બધા બાબાને રમાડતા હતા અને હસતા

[અનુસંધાન પાન ૨૯૦ ઉપર]

આસ્વાદ

આ વિભાગ દ્વારા કાવ્ય અને કલાનો પ્રારંભક રસાસ્વાદ કરાવી વિશાળ જનસમૂહ અને સાહિત્યકલાનાં સર્જનો વચ્ચે સેતુ બનવાની અભીપ્સા છે.

—સુરેશ હ. જોષી

આવો !

અમે રે સૂકું રૂનું પૂમડું,
તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દોને તારેતારને,
વીંધો અમને વ્હાલા, આરંપાર:
આવો, રે આવો હો જીવણ, આમના.

અમે રે સૂના ઘરનું જાળિયું,
તમે તાતા તેજના અવતાર;
સેદીને ભીડેલા ભોગળ-આગળા
ભરો લખલખ અદીઠા અંબાર:
આવો, રે આવો હો જીવણ, આમના.

અમે રે ઉધઈ-ખાધું ઈંધણું,
તમે ધગધગ ધુણીના અંગાર;
પડે પડ પ્રજાળો—વ્હાલા વેગથી,
આપો અમને અગનના શણગાર:
આવો, રે આવો હો જીવણ, આમના.

—મકરંદ દવે

ઈશ્વરનેય એકલા એકલા ગમ્યું નહિ, માટે, મનને રમાડવાને, એણે સૃષ્ટિને સરજી, ને ઈશ્વરના અંશરૂપ માનવી પણ આ વિસ્તારની, સહચારની ઝંખના લઈને જન્મ્યો. એ મૈત્રી બાંધશે, દુશ્મનાવટ બાંધશે, પ્રેમ કરવા નહિ તો લડવા ય કોઈ નો સાથ શોધશે; પણ ગમે તે ભોગે પોતાના એકાકીપણાને એ ટાળશે. આ સંબધની મનુષ્યે કેવી અટપટી જાળ ગૂંથી છે! એ અટપટી જાળમાં બંધાવું—છૂટવું એ એની રમત થઈ પડી છે.

આ સંબંધોની એક વિચિત્રતા જુઓ : એક મટીને બે થવા ઈચ્છનાર, આખરે બીજાને પામીને, તેની સાથે અભિન્ન થઈ જઈ ને વળી એકતાને જ સિદ્ધ કરવા ઈચ્છે છે. એટલે બંને અંતિમે તો આ એકતા જ રહી છે. પણ એમાં ભેદ રહ્યો છે ખરો. શરૂઆતની એકતામાં એકલવાયાપણું છે, પોતાને જ પૂરેપૂરા નહિ પામ્યાની અસંતુષ્ટતા છે. પણ બે થયા પછી સિદ્ધ થતી એકતામાં સભરતા છે, એકલવાયાપણું નથી. પણ આ સભરતા જો આપમેળે સિદ્ધ થયેલી, તૈયાર

[માનવ : મે '૫૮

મળેલી, વસ્તુ હોત તો એનું કશું મૂલ્ય જ નહોત; તો તો આપણા આ સંસારમાં આરત, ઝંખના, વિરહ, વેદના કશું ના હોત; તો તો કદાચ એકતાના એકતારા પર એક જ સૂર અટવાયા કરતો હોત. ઝૂરવાના તલસવાના ને આખરે પામીને કૃતાર્થ થવાના દુઃખસુખની મિશ્રરાગિણી આપણને સંભળાઈ જ નહોત.

આમ, આ વાત તો સૃષ્ટિ સરજાઈ ત્યારની આપણા લોહીને પરિચિત છે. પણ તેથી જ તો કવિઓને એ હમેશાં આકર્ષતી રહી છે. યુગે યુગે કવિઓએ એને ગાઈ છે. તત્ત્વજ્ઞાનની પોથીઓમાં દ્વૈત-અદ્વૈતની મીમાંસા ચાલે છે, કેટલાકોએ આ હૃદયના ભાવને પણ ગણિતના ચોકઠામાં મૂકીને એના નવ ભાગ પાડ્યા છે, એની અવસ્થાઓ નોખી પાડીને આંગળી મૂકીને ગણાવી છે. હૃદયની વાત પર માણસ કદાચ એકદમ વિશ્વાસ મૂકી શકતો નથી, કારણ કે હૃદયનું ભલું પૂછવું ! એ મનુષ્યને મનુષ્ય હોવાની સ્થિતિમાંથી બહાર કાઢીને ક્યાંનો ક્યાં રઝળાવે ! આથી માણસ શાસ્ત્રનો ખૂંટા રોપે, હૈયું બાંધે ત્યારે જંપે, પણ એમ હૈયું કાંઈ થોડું જ ગાંઠે ! એ એનો પડાવ તરત ઉઠાવીને વળી દૂર દોડી જાય છે. આમ વ્યક્તિથી શરૂ કરેલો પ્રેમ સમષ્ટિ સુધી પહોંચે, ને સંબંધના વ્યાસને એ એટલો વિસ્તારે કે એની બહાર કશું ન રહે ત્યારે જ એ જંપે !

આ હૃદયની લીલા, પોતાનું અનુસંધાન સમસ્ત સાથે કરવાની એની અદમ્ય ઇચ્છા તે આ કાવ્યનો વિષય છે–વિષય તો છે જૂનો ને જાણીતો; માટે જ અહીં કવિની કસોટી છે. કાંઈ કહેવા જાઓ કે તરત કેટલાય પડઘા કાને અથડાય–મીરાંના, કબીરના ! તો જુઓ, આપણા કવિએ શું શું કર્યું છે: એક થવાની, તાદાત્મ્ય સાધવાની વાત એમને કહેવી છે, પણ તે કવિતામાં કહેવી છે, વળી બધા કહી ગયા હોય તે રીતે નહીં, પણ એ ભાવને પોતે નવેસરથી પોતાનો કર્યો છે એવી પ્રતીતિ ઉપજે એવી રીતે કહેવી છે. તો શું કરવું ?

આમ કરવું હોય ત્યારે કવિને ભાષામાં કાંઈક નવીનતા ઉપજાવવી રહે. ભારે રહસ્યભર્યો અગમનિગમનો આ ભાવ કવિ ઘરગથ્થુ ઉપાદાનની મદદથી, તળપદી શૈલીમાં વ્યક્ત કરે છે, ને તેમ કરવાથી વિષયના ગૌરવને હીણું કરતા નથી, પણ એને ઊલટો સચોટ બનાવે છે.

કવિતાના વિશ્વમાં કશું અકિંચિત્કર નથી. આપણે આંખ માંડીને જોઈએ, આપણી આંખ ઠરે એટલે વસ્તુનું રૂપ બદલાઈ જાય. રસથી તરબતર કરી દઈને એક અને અભિન્ન બનાવી દે એવા મિલનની ઝંખનાને કવિએ ત્રણ દૃષ્ટાન્તો દ્વારા આકાર આપ્યો. એમાં જ કવિની શક્તિ છે. અસાધારણને અસાધારણથી પ્રકટ ન કરતાં સાધારણ દ્વારા જ એની અસાધારણતા પ્રકટ કરવી એ જરા કપરું છે.


લૂખુંસૂકું રૂ તો આપણે બધાંએ જોયું છે. હજુ દાદીમા સાંજને વખતે બેઠાં બેઠાં એની દીવેટ વણે છે. પણ એ રૂના તંતુએ તંતુમાં રસને પ્રવાહીને ગ્રહી લેવાની કેટલી ઉત્કટ શક્તિ છે ! વિજ્ઞાન તમને એ શક્તિનું નામ પણ પાડી આપશે, પણ કવિને એનો ખપ નથી. અત્તરને અણુએ અણુમાં શોષી લઈને તરબતર થવાનો રૂનો સ્વભાવ આબાદ પકડાય એમ આપણને લાગે છે. પણ આમાં કેવળ સુખ નથી, દુઃખ પણ છે ને તેય ભારે દુઃખ—વીંધાવાનું દુઃખ. કણેકણ વીંધાય ત્યારે જ કણેકણમાં મિલન રચાય, ને સાચી એકતા અનુભવાય. જે વીંધાયું નહિ, તે એક થયું નહિ !

વારુ. હવે બીજું દૃષ્ટાન્ત. સૂનું ઘર અને એની જાળી. સૂનું ઘર હમેશાં કોઈની પ્રતીક્ષા કરતું લાગે છે, પણ જાળીમાં થઈને તેજ સિવાય કોણ પ્રવેશી શકે ? ને તેજના જેવી વ્યાપ્તિ પણ કોની ? માટે જાળીના જેવા અંતરાયને પણ નહિવત્ કરનાર, એવા ભીડેલા ભોગળ-આગળાને નહિ ગાંઠનાર ‘ અદીઠા અંબાર ’ને કવિ અહીં બોલાવે છે. પ્રકાશ બધું પ્રકટ કરે છે, પોતે પ્રકટ થતો નથી એમ કહો અથવા ‘ અદીઠા ’ એટલે સામાન્ય તથા અગોચર એવી ગેબી વસ્તુ ગણો–જે રુચે તે સ્વીકારો, કવિને તકરાર નથી.

છેલ્લે ત્રીજા દૃષ્ટાંતની મહોર મારીને કવિ વાત પાકી કરી લે છે. ઇંધણ તો સાવ તુચ્છ છે, નકામું છે, ઉધઈ ખાધેલું છે. કાંઈ કેટલી વાસનાની ઉધઈ આપણને કોર્યા જ કરતી હોય છે. પણ અગ્નિનો સ્પર્શ થયો કે ખલાસ ! અગ્નિના આલિંગનમાં એવો ગુણ છે કે જેને એ આલિંગે તેને પોતાથી અભિન્ન કરી દે, એ અગ્નિતુલ્ય નહિ, પણ અગ્નિમય કરી દે. માનવના હૃદયની આરત, અભીપ્સા–એનાથી ઉજ્જવળ બીજો કોઈ અગ્નિ નથી. જેના હૃદયમાંથી એ અગ્નિ ઓલવાયો તેનું અંધારું કોઈ ટાળી શકે નહિ. માટે જ કવિએ કહ્યું કે આવી આરત, પોતાની સીમાને ઉલ્લંઘવાના અરમાન—એ અગ્નિનો શણગાર તે જ માનવનો સૌથી મોટો શણગાર. એ છેલ્લો શણગાર ધારણ કરીને જ

[અનુસંધાન પાન ૨૯૦ ઉપર]





ચુઘતાઈનું રેખાંકન—રેખામાં રૂબાઈયાત

—ગુલામ મોહમ્મદ શેખ



[ઉપરનાં બે પર્શિયન રેખાંકનો]

ગયે વખતે આપણે જુદાજુદા પ્રકારની રેખાઓ વિષે વિચાર કર્યો હતો—હવે આપણે એક ચિત્રકારનું જ રેખાંકન લઈને એમાંના ગુણોને પારખીએ. અહીં (પા. ૨૮૫) ચુઘતાઈનું 'સહરાની શાહજાદી' નામનું રેખાંકન આપેલું છે.

આ ચિત્રમાં રેખાના કેટલાક ગુણો આંખને પ્રથમ દષ્ટિએ જ આકર્ષી રહે છે—એ છે પ્રવાહિતા, બારીક અંકનનું સિદ્ધહસ્ત કૌશલ અને સપ્રમાણ વળાંકવાળા આકારોને લીધે આવતી નમનીયતા (Elasti-city). હવે આપણે એ ગુણોને જરા વિસ્તારથી તપાસીએ.

રેખાનો પ્રવાહ તો આખાંયે ચિત્રમાં દેખાશે—દા. ત. ઊંટ ઉપરની પાલખી પરના કપડાની ઉપરથી નીચે ઢળતી કરચલીઓ—સ્ત્રીપાત્રના કપડાં કે ઊંટની ડોકનો વળાંક, બધેય એક સરખા ઘસારાથી વહી જતી રેખાઓ નજરે પડે છે. આ રેખાઓ વચમાં ક્યાંય તૂટી જતી નથી કે વાંકી વળી જતી નથી—તેનાથી આપણને કલાકારની પિંછી પરની હથોટીનો ખ્યાલ આવે છે. રેખાની પ્રવાહિતા દ્વારા જુદીજુદી વસ્તુઓની લાક્ષણિકતા પણ વ્યક્ત થાય છે—દા. ત. વિખરાઈ પડેલા અને ઢળી પડતાં કપડામાંનું શૈથિલ્ય. આ કપડામાંની કરચલીઓની રેખાઓ વચ્ચેનો ગાળો અને તેની કક્ષાઓ પણ એક સરખી નથી તેથી એ એક જ ઘરેડની નહિ થઈ જતાં વૈવિધ્ય પણ જાળવે છે. સ્ત્રીપાત્રના કમર નીચેના કપડામાં વળેલી ગોળાકારવાળી રેખાઓ છે, જે પાછળ વિખરાઈ પડેલા કપડામાં પણ નજરે પડે છે; પરંતુ એ બંનેની વચ્ચે; ઘૂંટણ પાસેની લાંબી, વળેલી રેખાઓ આગળ કલાકારે કિનાર પરનું ત્રિકોણાકાર સુશોભન ઉમેરી દીધું છે—જેથી ગોળ ગોળ પ્રવાહમાં ફરતી દષ્ટિ થોડી વાર કોણાકાર પર ફરી વિસામો મેળવે છે; અથવા તો વિવિધતા માણે છે; અને ફરી પાછી પાછળ વિખરાઈ પડેલા કપડાની વળાંકવાળી રેખાઓ સાથે જોડાઈ જાય છે. ખૂબ દીર્ઘ સૂરે ખેંચેલા આરોહ પછી થોડીકવાર સંભળાતો ઢોલનો અવાજ કાનને કેવો સ્વરોના સંમિશ્રણનો આનંદ આપે છે! એવો જ આનંદ અહીં અનુભવાય છે.

આકારોની વિવિધતા એવી પણ નથી કે આંખને વારે ઘડીએ રોકાવું પડે અથવા તો દષ્ટિને રસ્તો બદલવો પડે. પરંતુ ચિત્રના આયોજનના વળાંકવાળા આકારોને અનુલક્ષીને મોટાભાગની રેખાકૃતિઓ જ વળાંકવાળી રહે છે—નહિ કે કોણાકૃતિઓ. એ તો (કોણાકૃતિઓ) વચ્ચે વચ્ચે ક્યાંક ફેરફાર (change) અથવા તો વૈવિધ્ય દર્શાવવા જ મૂકાઈ છે. બીજો દાખલો લઈએ તો; જેમ તીખા અથવા મોળા સ્વાદવાળું ભોજન લેતાં વચમાં થોડુંક મીઠું ભોજન પ્રીતિકર થઈ પડે છે તેમ જ. પણ એ મીઠું ભોજન પણ જો પ્રમાણથી વધારે લેવાય અથવા તો વિરોધી સ્વાદના ભોજન જેટલું જ લેવાય તો તીખા સ્વાદનું મહત્ત્વ જ નાશ પામે અથવા તો સામાન્ય કક્ષાનું (તદ્દન સરખા મહત્ત્વનું) બની જાય.

ઊંટ ઉપરની પાલખી પરના કપડામાંની રેખાઓ આંખને છેક ઉપરથી નીચે સુધી ઘસડી જાય છે, પણ એ પ્રવાહ ક્યાંય તૂટી-અટકી જતો નથી જેથી રસક્ષતિ થાય, પણ કાં તો નીચેની કરચલીઓની રેખામાં ભળી જાય છે; અથવા

તો બીજા આકાર સાથે જોડાઈ દૃષ્ટિને નવી જ દિશા તરફ ફેરવી લે છે.


પ્રકારની દૃષ્ટિએ આ ચિત્રમાંની રેખાઓ ખૂબ જ પાતળી અને લાંબી છે. એની અને અતિશયોક્તિભર્યાં (શારીરિક) પ્રમાણોની સહાયથી રેખામાં એક નવું તત્ત્વ ઉમેરાય છે—નાજુકતા. સ્ત્રીપાત્રના જમણા હાથની આંગળીઓનું રેખાંકન—ઊંટના મોંની સહજ પ્રવાહિતા દર્શાવતી સીમા-રેખા કે પછી વેરાઈ પડેલા કપડાની કરચલીઓ અને એમાનું સુશોભન—અપૈવ આકારોને બને તેટલા સ્પષ્ટ અને પાતળી રેખાઓવાળા બતાવ્યા છે, જેથી આકારોમાં મૃદુતા દેખાય છે. આ મૃદુતા અને પ્રવાહિતાના મિશ્રણથી જન્મેલો લય ચિત્રને રસમય બનાવે છે.

[અનુસંધાન પાન ૨૯૦ ઉપર]



કલાકાર ચુઘતાઇ
(સ્કેચ : ર. મ. શા.)

ખાનબહાદુર મોહમ્મદ અબ્દુર્રહમાન ચુઘતાઈ પરંપરાગત શૈલીમાં કામ કરતા ભારતીય સમકાલીન ચિત્રકારોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રણાલીએ ઈરાની અને જન્મે મુઘલ એવા શ્રી ચુઘતાઈના પૂર્વજો મુઘલ સમયના કલાકારો અને ઇજનેરો હતા. દિલ્હીની પ્રખ્યાત મોતી મસ્જિદ બાંધનાર પણ એમના પૂર્વજો હતા. ઈરાની અને ભારતીય વિષયો પર એમણે થોકબંધ ચિત્રો કર્યાં છે—ગાલીબની કવિતાઓનાં ઉદ્ધરણ-ચિત્રો, (મુરક્કા-ઈ-ચુઘતાઈ) તેમ જ 'ચુઘતાઈના ચિત્રો'- નામના બે મોટાં સચિત્ર પ્રકાશનો એમની કલાનો પરિચય આપે છે. ચિત્ર માટેનું એમનું માધ્યમ જળરંગી જ મુખ્યત્વે છે; પરંતુ પશ્ચિમના પ્રવાસ બાદ એમણે કરેલા ઇચિંગ્સ (ધાતુ પરના રેખાંકનો) પણ ઉલ્લેખનીય છે.



સહરાની શાહજાદી : અબ્દુર્રહમાન ચુઘતાઈ

રેખાંકનના ગુણો તો આપણે તપાસ્યા—પરંતુ એની ચિત્રમાંની (માધ્યમ પરની) ગોઠવણી ઉચિત ન હોય તો ઘણી ખરી સુંદરતા નષ્ટ થાય છે—અને તેથી જ સાથે સાથે આયોજન (Composilion) તપાસવું પણ એટલું જ જરૂરી છે. ઘુમ્મટ આકારનો પાલખીનો ઉપરનો ભાગ જેમ ઉપર ગોળાકાર ⌒ દર્શાવે છે તેમ ઊંટની ડોક એનાથી ઊલટો જ વળાંક ⌣ ધરાવે છે અને એના સાથે જ જોડાયેલ સ્ત્રીપાત્રના ઘૂંટણ પાસેનાં કપડાંનો દીર્ઘાકાર ત્રીજી જ જાતનો) છતાં વળાંકવાળો જ રહે છે. આમ આકારોના આયોજનમાં વૈવિધ્ય સાથે એકસૂત્રતા પણ જળવાઈ છે. વળી આકારો એકબીજાથી વિખૂટા પડી અથવા તો તૂટીને દૃષ્ટિને ચિત્રના આયોજનની બહાર પણ ઘસડી જતા નથી. બધા જ આકારો અવકાશમાં તરતા રહે અને પશ્ચાદ્‌ભૂમિ ઝાંખી પડતી ન દેખાય એ ખાતર કલાકારે પાલખી પાછળ ચિત્રના મથાળે એક આડી અને લાંબી રેખા દોરી છે જે ચિત્રમાંની મોટા ભાગની ઊભી (Vertical) રેખાઓને સમતોલ રાખે છે અને અંતર પણ દર્શાવે છે. વળી એ બીજી રેખાઓ જેટલી ગાઢી નહિ હોવાથી અતિમહત્ત્વની બની ચિત્રની મુખ્યાકૃતિ-ઓને ખલેલ પણ નથી પહોંચાડતી. આવું જ પાલખી પાછળના ઘુમ્મટવાળા (દૂર દર્શાવેલા) મકાનોનું પણ છે.

આકારોના આલેખનમાંથી આ પ્રવાહિતા, નાજુકતા અને લય તેમ જ નમનીયતાને લીધે (આ ગુણ આલેખનની સાહજિકતાથી વિશેષ વ્યક્ત થાય છે—દા. ત. ગયા અંકે આપેલું પિકાસોનું રેખાંકન. છતાં કપડાંની શિથિલતા તેમ જ સ્ત્રીમુખની સૌમ્યતા દર્શાવવામાં સુઘતાઈએ પણ કાંઈક અંશે નમનીયતા પ્રાપ્ત કરી છે, પણ હસ્તકૌશલ અને બારીકાઈ તેમ જ જગ્યાની ચોકસાઈને લીધે એ સાહજિક ગુણ વધુ સ્પષ્ટ નથી થયો.) આખુંયે ચિત્ર ઊર્મિલ–કાવ્યમય લાગે છે જે જૂનાં ઈરાની બારીક ચિત્રોની એક ખાસિયત છે. આ ઊર્મિલતાને લીધે એમની રેખાઓ જીવંત લાગે છે અને તેથી જ કેટલાકે એમને રેખાઓમાં રુબાઈયાત સર્જનાર કહ્યા છે.

સુઘતાઈ પર ઈરાની બારીક ચિત્રોની કેટલી અસર છે, અથવા તો એમાંનાં કયાં તત્ત્વોને તેઓ અનુસર્યા છે—અથવા તો એમાં સફળતા કે નિષ્ફળતા મેળવી છે—તે ચર્ચાસ્પદ પ્રશ્ન રહ્યો છે, પરંતુ એમનાં ચિત્રોને—(રેખાંકનને) ઈરાની રેખાંકનો સાથે સરખાવવાનું રસમય થઈ પડે તેમ હોવાથી આ લેખના મથાળે બંન્નેનાં મૂળ ચિત્રો પરથી કરેલાં રેખાંકનો પણ આપ્યાં છે.

[પાન ૨૮૩ ઉપરથી]

હતા. બારણા પાસે આવીને અરણે મોટી બૂમ પાડીને ‘ હાઉકલો ’ કર્યો. એના પેલા કુમળા હોઠ પાછળના દૂધિયા દાંત ખડખડ હસી રહ્યા. બધા પોતાની સામું જોતા હશે એવી અપેક્ષાએ એણે હળવે રહીને ટોપી આંખ પરથી ઊંચી કરી 'પણ બધા તો બાબાને રમાડવામાં મશગૂલ હતા.

જેને પોતે ઘોડિયામાં નાંખીને ઘણી વાર હીંચોળતો એ કચકડાના બાબલાને અરણે શોધી કાઢ્યો. જમણા હાથમાં જોશભેર પકડીને એણે બાબલાને જમીન પર ઘસ્યો અને દાંતમાં દબાવીને ચારપાંચ મોટાં મોટાં બચકાં ભરી લીધાં. બાબલાની ડોકી અવગીસવગી મરડીને તોડી નાંખી.

[પાન ૨૮૫ ઉપરથી]

હું માનું છું કે ચિત્ર ગમે તેટલું ધૂંધળું ભલે હોય, પણ એક ગજબનું પરિવર્તન માત્ર શક્ય જ નહીં, અનિવાર્ય પણ છે. મને લાગે છે કે એક માનવી તરીકે આ પરિવર્તનને પોષવું એ મારો હક્ક છે, મારી ફરજ છે.

આ તો એના જેવી વાત થઈ કે સાંજને વખતે લીલાંછમ ખેતરમાં ફરવા નીકળ્યા હોઈએ ત્યાં ઘાસના તણખલા પર છાણનો છાટો પડેલો જોઈને એ કુમળા તણખલા પર ઝૂકી જઈને હૃપકાભર્યા કંઠે તાકીએ: “ દુષ્ટ...દુષ્ટ...! ” (ન્યુ ડિરેક્શન નં. ૧૬ માંથી)

[પાન ૨૮૭ ઉપરથી]

આપણે પૃથ્વી પરથી જઈએ છીએ ને !

ને આ બધું કહ્યું છે જીવણને ! ‘ જીવણ ’ નામની તળપદી મીરાશ કવિએ ખપમાં લીધી છે. એને અનુસારે કરીને ‘ આવો આમના ’ કહીને નિકટ બોલાવવામાં રહેલી સાહજિક આત્મીયતા આ પરમ રહસ્યમય ભાવને સરળતાથી નિરૂપવા છતાં એની રહસ્યમયતા કે ઉત્કટતાને અળપાવા દેતી નથી એ કવિકર્મનો વિશેષ છે.

પ્રવૃત્તિ નેપથ્યમાં

આ વિભાગમાં—

• ગુજરાતભરનાં સંસ્કાર અને શિક્ષણકેન્દ્રો, સાહિત્ય અને કલાકેન્દ્રોની ખાસ નોંધપાત્ર પ્રવૃત્તિઓ અંગે—

• ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ (કલકત્તા, દિલ્હી, આફ્રિકા વગેરે મુખ્ય મથકો સહિત)ની ઉપર કહી તેવી પ્રવૃત્તિઓ અંગે—મિતાક્ષરી સમાચાર આપવાની ઇચ્છા છે.

ગુજરાત અને બહારનાં કેન્દ્રો જરૂરી માહિતી મોકલતાં રહેશે તો "માનવ" ઉપકૃત થશે.

અશ્લીલ સાહિત્ય : નોંધપાત્ર કેસ

વડોદરાની ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ કોર્ટમાં ૧૮૮૨ના ક્રિમિનલ પ્રોસિજર કોડના ૨૨મા પ્રકરણ નીચે ગુજરાતના એક સાહિત્યકાર ઉપર 'સ્ત્રી ભાગ-૧'* નામનું પુસ્તક (જેના અમુક ૮ પાનાં ઉપર કહેવાતા 'અશ્લીલ' ફકરાઓ હોવાના આરોપસર તે પુસ્તક) છાપવાના ગુના માટે કેસ દાખલ કરવામાં આવ્યો હતો।

—કેસ દાખલ કરનાર સાહિત્યની દુનિયાથી સાવ અનભિજ્ઞ એવા એક પોલિસ અમલદાર શ્રી. વાઘેલા હતા.

—જેમના ઉપર કેસ કરવામાં આવ્યો હતો તે ગુજરાતના એક સુપ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી. કિસનસિંહ ચાવડા હતા.

—કેસ ચલાવનાર અને ચુકાદો આપનાર ન્યાયાધિશ શ્રી. ડી. જી. દવે હતા.

—ફરિયાદી પક્ષે સાક્ષી તરીકે જુબાની આપનારામાં વડોદરાના જાણીતા કોંગ્રેસી કાર્યકર શ્રી. લલિતચંદ્ર દિવાનજી, વડોદરાની જાણીતી શાળાના પ્રિન્સિપાલ ફાધર ફણુસેકા હતા.

—આરોપી તરફથી બચાવ પક્ષે સાક્ષી આપનારામાં ગુજરાતના શ્રેષ્ઠ સાહિત્યકારો અને શિક્ષણવેત્તાઓમાંના શ્રી. ઉમાશંકર જોષી, (જેઓ આ મૂળ પુસ્તકના ઈટાલિયન લેખક મોરાવિયાને આંતરરાષ્ટ્રીય સાહિત્ય પરિષદમાં ટોકિયોમાં ગયે વરસે જ મળ્યા હતા) શ્રી. જયંતિ દલાલ, શ્રી. ચંદ્રવદન ચી. મહેતા, તથા શ્રી. શાંતારામ સબનીસ (વડોદરા યુનિવરસીટીના સેનેટર) હતા.

જંગ સારો જામે એવો હતો.

—એક પક્ષે સરકારી પોલિસ અમલદાર, કોંગ્રેસી આગેવાન, ખ્રિસ્તી ધર્માનુયાયી પ્રિન્સિપાલ 'નીતિ'ની રક્ષા માટે સજ્જ હતા;

—બીજે પક્ષે ઉચ્ચકક્ષાના સુજ્ઞો અને રસજ્ઞો—સાહિત્યકારો અને શિક્ષણવિદો 'નીતિ' અને 'અશ્લીલ'ની વ્યાખ્યાઓ બાંધતા, માનવીય સંસ્કારિતાના સિદ્ધાન્તો રજૂ કરતા ઊભા હતા.

—ન્યાયાધિશ પાસે ૧૮૦૮માં 'અશ્લીલ સાહિત્ય' અંગે થયેલી વ્યાખ્યા તથા બાદ મંડાયેલ કેસોનાં દફતરો હતાં, આગળના વરસોના ચુકાદાઓ હતા.

૧૮૦૮ની 'અશ્લીલ' સાહિત્યની વ્યાખ્યા આવી હતીઃ (આ વ્યાખ્યા ૧૮૦૮માં 'રાણી વિરૂદ્ધ હિકલિન' કેસમાં સી. જી. કોકબર્ને આપેલી હતી):

> "અશ્લીલતાની કસોટી એ છે કે જેના પર અશ્લીલતાનો આરોપ કરવામાં આવ્યો છે તે લખાણનું વલણ જેમનાં મન આવી અનૈતિક અસરો માટે ખુલ્લાં છે, અને જેમના હાથમાં આવા પ્રકારનું પ્રકાશન જઈ ચઢે, તેવાઓનાં મનને તેવી અસર કરે એ પ્રકારનું છે કે કેમ—"

આવી 'ઐતિહાસિક વ્યાખ્યા' અને અનેક કેસોના ચુકાદા ન્યાયાધિશના ભાથામાં ભરેલાં હતાં.

* સ્ત્રી ભા. ૧-૨ (મૂળ લેખક આલ્બર્ટ મોરાવીઆ; અનુઃ જયાબેન ઠાકોર; પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ)

અને હકીકતે, શ્રી કિસનસિંહ ચાવડા ઉપર જે કટક ઊતર્યું હતું તેનો ખરો હલ્લો ખમવાનો હતો—'સ્રી' એ!

ઇટલીના એક અતિ નામાંકિત સાહિત્યકાર શ્રી આલ્બર્ટ મોરાવિયાની એક અતિ નામાંકિત નવલકથા 'વુમન ઑફ્ રોમ'નો અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં જે અનુવાદ થયો હતો તેનું નામ 'સ્રી' હતું! જગતની અનેક ભાષાઓમાં આ પુસ્તકના અનુવાદો પ્રગટ થયા છે.

સાચી રીતે તો આ 'સ્રી' ઉપર સરકાર અને નીતિ-રક્ષકોનું કટક ત્રાટક્યું હતું, અને સાહિત્યકારો—રસજ્ઞો આ સ્રીના બચાવે સજ્જ બની ઊભા હતા!

૨

ફરિયાદી, આરોપી, ફરિયાદ પક્ષના સાક્ષીઓ અને આરોપી પક્ષના સાક્ષીઓની જુબાનીઓ, તથા 'અશ્લીલ સાહિત્ય'ની જૂનીપુરાણી (૧૮૦૮ની) વ્યાખ્યાથી માંડી, ફ્રોઇડ અને ત્યાર બાદનું અદ્યતન સેક્સવિજ્ઞાન, સાહિત્ય અને કલાના પલટાયેલા સિદ્ધાન્તો, નીતિ, અને સાહિત્ય-સર્જનને સમજવાની અને તોળવાની વિશિષ્ટ દૃષ્ટિ—

આ બધા ઉપર ફરિયાદી આરોપી અને સાક્ષીઓના અભિપ્રાયો સાંભળી, સમતુલાપૂર્વક વિચારણા કર્યા બાદ, વિદ્વાન ન્યાયાધિશે લગભગ સવા વરસે ચુકાદો આપ્યો તે બોધપાત્ર છે (આ સાથે જોડયો છે):

* આ પુસ્તક અથવા તેના કોઈ અંશો પિનલકોડની ૨૯૨મી સેકશનનો ભંગ કરતા નથી.

પરંતુ, વિદ્વાન ન્યાયાધિશ આગળ વધી બહુ સમયસરની સલાહ પણ સરકારને (નીતિરક્ષક પોલિસખાતાને માટે ટીમકી રૂપ) આપે છે:

"અશ્લીલ સાહિત્ય માટે લેખકોને કોર્ટમાં ઘસડવા પૂર્વે ભારતની સાહિત્ય અકાદમી જેવી સાહિત્યિક સંસ્થાઓના અભિપ્રાય તે પ્રકારના પ્રાપ્ત થયા હોવા જરૂરી છે; કેમકે, કેવળ ગમે તે માણસના અભિપ્રાય ઉપર કેસ કરવો, (રાજ્ય તરફથી કેસને ટેકો આપે એવા સાહિત્યકારોની તપાસ કર્યા વિનાજ)—એના પરિણામે, જાહેર સમયનું બિનજરૂરી રોકાણ થાય છે, અને જે કનડગત ટાળી શકાઈ હોત તે લેખકને સહેવી પડે છે.

—લો.

અશ્લીલ કેસ અંગેના ચુકાદામાંથી મહત્ત્વનું તારણ

[ન્યાયાધિશ : શ્રી. ડી. જી. હવ]

(કેસ દાખલ ૧૦-૧-'૫૭ : ચુકાદો ૩૧-૩-'૫૮)

"જો કે અશ્લીલ-અનશ્લીલની માન્યતા જમાને જમાને, માણસે માણસે અને રાજ્યે રાજ્યે બદલાતી રહે છે, તો પણ કોઈ કૃતિ જનતાનાં નૈતિક મૂલ્યોને હાનિકારક છે કે કેમ, અને જે માણસોના હાથમાં એ પડે છે એમનાં મનને વિકૃત બનાવતી ખરાબ અસર એ ઉપજાવે છે કે કેમ, એ દૃષ્ટિએ એનું મૂલ્ય આંકતાં કેટલાંક દેખીતાં ધોરણો નિપજી આવ્યાં હોય છે. જો કૃતિ નીચ સાહિત્યની પેઠે વાચકના મનોવિકારોને જાગૃત કરીને દુષ્ટ વિચારોને ઉત્તેજશે તો એ અદાલતનો ક્રોધ વહોરી લેશે એમાં શંકા નથી. પણ હાલમાં જાતીય જ્ઞાનના ખૂબ ફેલાવાને લીધે અને જાતીય વિપથગમનમાં ઊંડા ઊતરીને તથા જાતીય પ્રશ્નોની શાસ્ત્રીય રીતે જાહેરમાં ચર્ચા કરીને સામાજિક માનસશાસ્ત્રમાં ચોંકાવનારા ફેરફારો કરનાર ડૉ. ફ્રોઈડના પ્રયાસોથી જાતીય સંબંધોની આજુબાજુ ગૂંથાયેલ સંગોપન અને આભડછેટની *લાગણી* મોટા પ્રમાણમાં દૂર થઈ ગયાં છે. નગ્ન સ્રીનું ચિત્ર કે નગ્ન શિલ્પ એ જાહેરબાગમાં કે ચિત્રશાળામાં અશ્લીલ ગણાતાં નથી. વળી આગળ વધીને જોઈએ તો જણાશે કે શાસ્ત્રીય ઢબે જાતીય જ્ઞાનનો પ્રચાર કરવાનું વલણ વધ્યું છે. એટલું જ નહીં પણ 'કૉન્ટ્રેસેપ્ટિવ'ના ઉપયોગથી અને બીજી કૃત્રિમ રીતોથી કુટુમ્બ નિયોજનનું અસ્તિવાચક વલણ પણ દેખાયું છે. પોતાના દેશમાં થતો બેહદ વસતીવધારો અટકાવવા માટે સરકારે પણ સત્તાવાર રીતે જાતીયતાના શાસ્ત્રીય જ્ઞાનનો ફેલાવો કરવા માંડ્યો છે. આથી, કલાકૃતિઓ સામાન્યત : અશ્લીલ ગણાતી નથી. એ વાતને બાજુએ મૂકીએ તો પણ, જાતીયતા સાથે સંકળાયેલ વસ્તુને ભયજનક માનતું વિક્ટોરિયન માનસ અત્યંત જૂનું લાગે છે અને હાલના જમાનામાં નગ્ન વાસ્તવિકતાને સ્પષ્ટ રીતે નિરુપતા સાહિત્યની સાથે એ અસંગત પણ જણાય છે."

*

"આંતર્દેશીય ખ્યાતિ પામેલા ઇટાલિયન લેખક આલ્બર્તો મોરાવિયાની નવલકથા 'Woman of Rome'નો આ ગુજરાતી અનુવાદ છે. મુસોલિનીના ફાસીવાદી રાજ્યના

પતન પછીની રોમની અધોગતિએ પહોંચેલી પરિસ્થિતિનો એ ચિતાર આપે છે. એમાં ગૃહિણી બનવા માટે તલસતી અને માતૃત્વનાં સ્વપ્ન સેવતી નારી કેવી રીતે કચડાય છે અને વેશ્યાવૃત્તિમાં એને કેવી રીતે ફસાવું પડે છે એનું નિરૂપણ કરતી આ વાસ્તવિક નવલકથા છે. પુરુષ અને સ્ત્રીના જાતીય સંબંધો નિરૂપતી અને ઇટલીના તત્કાલીન સમાજનો ચિતાર આપતી આવી નવલકથા અશ્લીલ છે અને નિંદાપાત્ર છે કે કેમ, એ નક્કી કરવા માટે જાતીય પ્રશ્ન તરફનું પરિવર્તન પામેલું વલણ જ માત્ર નહીં, પણ વાસ્તવિક કલાકૃતિઓ દ્વારા જમાનાની સામાજિક પરિસ્થિતિને નિરૂપવાની અર્વાચીન રીત પણ ધ્યાનમાં લેવી ઘટે. પુસ્તક હીનરુચિને અને અનિચ્છનીયને નિરૂપે છે એટલા માટે એ અશ્લીલ જ હોય એમ કહેવાય નહીં. આ સ્પુટનિક યુગમાં જગત એટલું નાનું બની ગયું છે કે સ્થળના ભેદ હવે માનવી માનવી વચ્ચે ભેદરેખા દોરી શકે એમ નથી. માનવીઓ હવે માનવતાને એક જ સમાજ સાથે સંકળાયેલ માને છે; અને એથી ઇટલિમાં જે બન્યું તે હિંદને અસર ન કરી શકે એમ કહેવું એ યોગ્ય નથી."

"વાચકને આનંદ આપવો એ માત્ર એક જ પ્રયોજન નવલકથાનું નથી. નવલકથા એ તત્કાલીન સમાજનો સ્પષ્ટ નિર્દેશ કરતું ચિત્ર પણ છે. આજે દુનિયાના જુદાજુદા ભાગોમાં જીવન કેવી રીતે જીવાઈ રહ્યું છે, માણસનું મન કેવા કેવા વિચારો કરે છે વગેરે જાણવું આપણે માટે જરૂરી છે; કારણ કે સ્થળની સીમાઓને કારણે જુદા પડેલા આપણે સમયની દૃષ્ટિએ તો એક જ છીએ. અને હાલને તબક્કે જ્યારે સર્વેના વિચાર મોટે ભાગે એક દિશામાં જઈને એક બીજાને મળી જતા હોય ત્યારે, અને માનવીઓ મૂંઝાતાં હોય કે માનવતા હવે કયે પંથે જઈ રહી છે અને આપણે કઈ દિશામાં ડગ ભરવાનાં છે, ત્યારે તો ખાસ કરીને આપણે સર્વે માનવીઓને સમજવાં રહ્યાં."

"કોઈ કહેશે: આ પુસ્તક જાતીયતાથી ભરેલું છે અથવા તો થોડાક જૂનવાણી માણસોને એ ન રુચતું હોવાથી એ પૂર્વમાં જરૂરી નથી, પણ કહેવું જોઈએ કે એનું વસ્તુ સ્તુત્ય છે. એની નાયિકા એડ્રિયાના ગૃહલક્ષ્મી બનવાના સ્વપ્નને સાચવી રાખી એને વેશ્યાવૃત્તિમાં ઘસડી જતી સામાજિક ઝંઝાઓ સામે ઝઝૂમે છે; અને છેવટે પોતાના ભરણ પોષણને ખાતર એને જીવનની કપરી વાસ્તવિકતાને તાબે થવું પડે છે. માનવીય પ્રેમ અને માનવીય સંભોગનું વાસ્તવિક સ્વરૂપ આ પુસ્તક બહુ જ સ્પષ્ટ રીતે નિરૂપે છે. પણ જાતીય મનોભાવોનું કાર્ય એ શું ખરેખર ગંદુ અને હીન છે? લેખક એક પ્રામાણિક હેતુને અને પ્રામાણિક વિચારદોરને વળગી રહે છે એમાં તો શંકા નથી જ. એકાદ છૂપી ભૂલ પાછળ આંસુ સારનાર જૂનવાણી લોકોનું છેક ગઈકાલ સુધી મંતવ્ય હતું કે આવું લખાણ એ રુચિદોષ મનાય. જેમાં દોષ અને વિકારગ્રસ્ત દશાને ગુણો તરીકે બતાવ્યા હોય, અથવા તો સામાન્ય માણસના મનમાં દૈહિક સંબંધની ઇચ્છાઓ ઉત્તેજે એવું કંઈક જેમાં હોય, એ પ્રકારનું આ પુસ્તક નથી, એમ હું માનું છું. જેઓ આ પ્રકારની કલાકૃતિમાં સૌન્દર્યને ઠેકાણે કદર્ય જુએ છે એવા માણસો વૃક્ષો જોઈ શકે છે, જંગલની ભવ્યતાને નહિ!"

"આવા ભયગ્રસ્ત માનસને એવી અસરોમાંથી મુક્ત કરવાનો કોઈ માર્ગ નથી અને એવાં માનસોમાં વિકૃતિ ઉપજાવે છે એટલા માટે જ જો અદાલત આવાં પુસ્તકોને વેચાતાં બંધ કરાવે તો આપણું સમસ્ત સાહિત્ય પ્રમાણમાં ઘણું ઓછું થઈ જશે અને ટકી રહેશે લુખ્ખાં અને રસ ન પડે એવાં પુસ્તકો. સંસ્કૃત અને ગુજરાતીની મોટા ભાગની પ્રશિષ્ટ કૃતિઓને પછી તો બાતલ કરવી પડે. 'મેઘદૂત'ના કર્તા જગતના મહાન કવિ કાલીદાસનું પછી ઉત્તમ સાહિત્યકારોમાં સ્થાન નહીં રહે. સાહિત્યમાં પ્રતિપાદનને અર્થે સત્યને સ્વીકારવું જોઈએ. અને જો આ પ્રસ્તુત પુસ્તક બીજા વિશ્વયુદ્ધ પછીના રોમના તત્કાલીન સામાજિક અને આર્થિક જીવનનાં ચિત્રનું પ્રામાણિક નિરૂપણું ન હોય તો પછી એ કંઈ નથી." (અનુ.: એ. બ્રહ્મભટ્ટ)

"નવોદિત લેખક-મિલન"

"નવોદિત લેખકોને પ્રોત્સાહન અને માર્ગદર્શન પ્રાપ્ત થાય તે માટે ઉપરોક્ત સંસ્થા સ્થાપવામાં આવી છે. આ સંસ્થાને ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત લેખકોનો સહકાર છે.

સંસ્થાની "સલાહકાર સમિતિ"માં શ્રી જ્યોતીન્દ્ર દવે, શ્રી "બાદરયણ," શ્રી મધુકર રાંદેરિયા, શ્રી શાંતિકુમાર જ. ભટ્ટ અને શ્રી "શયદા" છે.

વધુ વિગત માટે લખો:—૫૨-૫૪; પોપટવાડી, કાલબાદેવી રોડ; મુંબઈ–૨. એ સરનામે."

(ઉપરની માહિતી છાપવા માટે મળી તે છાપી છે)

'નવોદિતોની સમસ્યા'

'નવોદિતોની સમસ્યા' અંગે 'ગ્રંથાગાર'માં ચર્ચા છપડી છે, એ ઉપરથી એમ સમજાય છે કે—

* **નવોદિતોને** લાગે છે કે (૧) પ્રતિષ્ઠાના સ્થાને બેઠેલા મોટેરા સાહિત્યકારો તરફથી નવોદિતોની ઉપેક્ષા થઈ રહી છે. (૨) એમની પૂરી કદર થતી નથી; તેમનાં લખાણો પૂરતાં છપાતાં નથી; તેમને યોગ્ય પુરસ્કારો અપાતા નથી. (૩) ઈનામી હરીફાઈઓથી માંડી પાઠ્ય પુસ્તકો માટેની પસંદગીમાં તેમની સાચી કદર થતી નથી.

ટૂંકમાં, પ્રતિષ્ઠિતોની પ્રતિષ્ઠા અને તેના લાભ તેમને મળતા નથી.

કેટલી બધી પરિચિત ફરિયાદો છે!

* **પ્રતિષ્ઠિતોને** નવોદિતોની ફરિયાદો અકારણ લાગે છે: (૧) 'જેની જેવી શક્તિ તેને તેવો બદલો–પ્રતિષ્ઠાનો અને ઈતર પ્રકારનો'–એવું અતિવ્યવહારુ સૂત્ર આગળ ધરીને, સિદ્ધાન્ત સૂત્ર ઉચ્ચારે છે: 'શક્તિ જ **પોતાની મેળે** પોતાનો પોકાર કરી ઊઠે છે....' (૨) જૂના–નવાના ભેદો? એ તો ચાલ્યા જ કરવાના અને જેની 'નામના' હોય, જેના નામે 'વંચાતું' હોય, જેના નામે 'વેચાતું' હોય તેનાં લખાણો તરત છપાય, તેને વધુ પુરસ્કાર મળે, તેને વધુ પ્રતિષ્ઠા મળે એ **સહજ** છે. 'જૂના અને જાણીતા'-ની દુકાને સૌ જાય એ તો વ્યવહાર–નિયમ છે. એમાં અજુગતું શું છે? એમાં ફરિયાદ કરવા જેવી શી છે? (૩) નવોદિતો પ્રતિષ્ઠિતો ને પાછળ નાખી જશે એવો ભય છે—આવી માન્યતા કેવળ ભ્રમજાળ છે. (૪) નવોદિતો અને પ્રતિષ્ઠિતો વચ્ચે વિસંવાદ જ નથી. (૫) નવોદિતોને 'સસ્તી પ્રસિદ્ધિનો કેફ' ચઢયો છે!

કેટલી બધી પરિચિત **દલીલો**?

નવોદિતોની સુપરિચિત **ફરિયાદો: ને પ્રતિષ્ઠિતોની** અતિ પરિચિત **દલીલો**.

*

આખા આપણા સમાજજીવનમાં જે વ્યાપ્ત છે, એનાં સ્વરૂપો જુદે જુદે ક્ષેત્રે જુદાં જુદાં રૂપે જોવા મળે છે: રાજકારણમાં અને જાહેર મંડળોમાં 'નેતાઓ' અને 'કાર્યકરો' વચ્ચે, શિક્ષણ અને સંસ્કારની સંસ્થાઓમાં સુદ્ધાં નોકરશાહી 'સિનિયર' 'જુનિયર' સાથીઓ વચ્ચે, અને અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ વચ્ચે, કુટુંબમાં 'વડીલ' અને 'આજ્ઞાંકિત' વચ્ચે, યા 'અધિકૃત' અને 'બિન અધિકૃત' વચ્ચે, તો વળી સમાજજીવનમાં haves અને have–nots વચ્ચે...

બધે જ વિસંવાદ છે: સંઘર્ષ છે.

*

સાહિત્યક્ષેત્રેય જ્યાં રાજકારણની આબોહવા લાગી હશે ત્યાં નેતા-કાર્યકરોરૂપે, નોકરશાહી રસમ હશે ત્યાં સિનિયર—'જુનિયર' રૂપે, તો કયાંક 'વડીલ–આજ્ઞાંકિત,' 'અધિકૃત–બિનઅધિકૃત' રૂપે આ વિસંવાદ ડોકાતો રહે એ **સહજ** છે.

અને પ્રતિષ્ઠા, પારિતોષિકો તથા પુરસ્કારોની વહેંચણીની જ્યાં શકયતા હોય ત્યાં haves અને have–notsનો ઉગ્ર સંઘર્ષ પણ ઉમેરાય એ ય **સહજ** છે.

ખુલ્લા બજારમાં તો, 'ડિમાન્ડ' અને 'સપ્લાય'ના સિદ્ધાંત મુજબ, જેનાં નામ 'મોટાં' એની 'માંગ' મોટી,' એ ન્યાય પણ **સહજ** ન્યાય છે.

○ ટૂંકમાં—સાહિત્યક્ષેત્રેય, વેપારશાહી 'પ્રવૃત્તિ'ની અને 'બજારવૃત્તિ'ની બોલબાલા **સહજ** છે?

*

'નવોદિતો'ની ફરિયાદો ખોટી હોઈ શકે; એમની અપકવતા હોઈ શકે, એમની અધીરપ હોઈ શકે, અને એમની ઉપેક્ષા પાછળ **કારણો** હોઈ શકે—પરંતુ શું છાતી પર હાથ રાખી પ્રતિષ્ઠિતો એમ કહી શકશે કે—

* એમનાં અને નવોદિતોનાં સર્જનોની કદરદાનીમાં—પુરસ્કારોમાં, હરીફાઈઓમાં, લેખન–પસંદગીમાં જે ભેદ થતો રહ્યો છે તે **કેવળ સર્જનશીલતાના જ** ધોરણે છે?

* ખાત્રીથી જવાબ ન આપી શકાય તો, એક વિચિત્ર લાગે એવો અખતરો કરી જોવા વિનંતિ છે: એકાદ વરસ સુધી **પ્રતિષ્ઠિતો ને નવોદિતો** પોતાનાં નામ આપ્યા વિના, પોતાની identityની ખબર પણ ન પડે એ રીતે પોતાનાં લખાણો કસોટીએ (સામયિકો, પાઠય પુસ્તકો, હરીફાઈઓ વગેરે બધે) ચઢાવી જુવે—અને ખાત્રી કરી લે કે આજ પૂર્વે કેવળ સાહિત્યિક મૂલ્યો જ સાહિત્ય ક્ષેત્રે સર્વોપરી રહ્યાં છે કે બીજું પણ કાંઈક?

(અખતરો સાર્વત્રિક સ્વરૂપે ન થાય, એક વરસ માટે ન થાય તો ય મર્યાદિત રીતે અને ટૂંકી મુદતના પણ સાચા અખતરો કરી જોવા જેવા તો ખરાજ!)

[માનવ : મે '૫૮

નવોદિતોને પાછળ રાખવાનું પ્રતિષ્ઠિતોનું કાવતરું નથી, એ કબૂલ છે; પરંતુ 'જૂના અને જાણીતાની દુકાને સૌ ચઢે', 'બજારમાં જેનો માલ ખપે એની કદર થાય'— એ શું સાહિત્યિક મૂલ્યો છે?

* અને—નવોદિતોને સસ્તી કીર્તિનો મોહ હોઈ શકે; પણ સસ્તી કીર્તિનો કેફ તો જેણે એવી સસ્તી કીર્તિ ભોગવી હોય એને જ હોઈ શકે! સાચું, નવોદિતોની બાલિશતા, અપકવતા, અધીરપ, સસ્તી કીર્તિનો મોહ એમને આગળ જતા અટકાવશે; પરંતુ 'સસ્તી કીર્તિનો કેફ' તો પ્રતિષ્ઠિતોને સાહિત્યિક મૂલ્યોથી ક્યાંય દૂર 'બજાર મૂલ્યો'ના જ્વલેણ ખડક પર પછાડશે!

*

અલબત્ત આજે 'નવોદિતોની સમસ્યા'ને નામે જે રીતે એકાંગી ઉકળાટ પ્રગટ થઈ રહ્યો છે એની પાછળ અન્યાયની અકળામણ અને આંખમીચામણાં પ્રત્યેનો રોષ જરૂર વરતાય છે; પરંતુ એ આખો સંઘર્ષ પ્રતિષ્ઠિતો કરતાં કોઈ નવી સમજ, કોઈ નવી દષ્ટિ, નવી વૃત્તિની ભૂમિકા ઉપર હોવાનું જણાતું નથી—કેવળ 'બજાર કિંમત' અંકાવવા માટેની નવોદિતોની જહેમત, હરીફાઈ, અને ખેંચાખેંચીની છાપ પડે છે! જેટલા પ્રમાણમાં આવું વિશેષ હશે, એટલા પ્રમાણમાં નવોદિતોની બોબડી સહેલાઈથી બંધ પણ કરી શકાશે; પરંતુ સાચી સમસ્યા સમજવાની, સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા અને રક્ષા કરવાની જવાબદારી જેમની છે એ જ જો રીઢા બજારૂ મૂલ્યોને આગળ ધરતા રહેશે તો આપણે ક્યાં જઈ પહોંચીશું? —ભો. ગાં.

પોલ રોબસન: (૬૦મી જયંતિ પ્રસંગે)

પોલ રોબસન મહાન અમેરિકી સંગીતજ્ઞ-ગાયક છે.

એપ્રિલમાં પોલ રોબસનની ૬૦મી જન્મ જયંતિ ભારતમાં ઉજવાઈ. આ ઉત્સવ સમિતિના પ્રમુખપદે ભારતના વિચક્ષણ પ્રતિભાવંત ન્યાયમૂર્તિ શ્રી. ચાગલા હતા.

બ્રિટનમાં આ કલાકારના જન્મ-ઉત્સવની પ્રથમ તૈયારીઓ જાગી; તે સમિતિમાં રેવરન્ડ લોર્ડ બિશપ આફ બર્મિંગહામ અને બાઉડેલના અર્લ બાલ્ડવિન વગેરે હતા.

આ ઉપરાંત જગતના ૨૮ દેશોમાં ઉત્સવ ઉજવાયો.

અલબત્ત, પોલ રોબસન 'સમાજવાદ અને શાંતિ'માં માનતા હોઇ, તેમના ઉદ્દામ વિચારોને કારણે અમેરિકામાં સત્તાવર્તુળોમાં તેઓ અળખામણા રહ્યા છે. ભારતમાં આવવાનો પરવાનો તેમને આપવામાં આવ્યો નથી. બ્રિટન જવા સામે પણ પ્રતિબંધ રહ્યા છે. અહીં, જસ્ટિસ ચાગલાએ આ કલાકારને આપેલી અંજલી-માંથી કેટલોક ભાગ રજૂ કર્યો છે:

પોલ રોબસન એક મહાન કળાકાર છે. પ્રભુએ તેમને દિવ્ય કંઠ આપ્યો છે, અને તેમણે એ કંઠથી આખી દુનિયામાં સુપ્રસિદ્ધ થયેલાં ગીતો ગાયાં છે.

આ ગીતો મુખ્યત્વે નીગ્રો ગીતો છે જે તેમના આત્માને આલેખે છે અને તેમની મથામણો અને અભીપ્સાઓને આવિર્ભાવ આપે છે. તેમનાં એ ગીતો માર્દવ અને દયાર્દ્રતાથી ભરપૂર છે અને તે સાંભળનારની આંખમાં આંસુ લાવી દે છે.

મેં એક વાત સાંભળી છે કે લંડનમાં ઇન્ડિયા લિગે એક સભા ગોઠવી હતી. તેમાં આપણા વડાપ્રધાન ભાષણ આપવાના હતા. આ સભાની આગલી રાતે જ પોલ રોબસનને એક ગીત ગાવાનું શીખવવામાં આવ્યું હતું—એ ગીત वंदेमातरम् હતું કે हिंदुस्तान हमारा હતું એની મને બરોબર ખબર નથી. પરંતુ બીજે દિવસે સભામાં આવ્યા અને તે ગીત તેમણે ગાયું. આ ગીતે શ્રોતાઓ પર જબરજસ્ત અસર કરી. જેટલા તે સભામાં હાજર હતા અને જેમણે રોબસનને આ ગીત ગાતા સાંભળેલા તેમાંથી કોઈ પણ આ અદ્‌ભુત અનુભવને ભૂલી શકે એમ નથી.

(જ્યારે આપણે સ્વતંત્રતા માટે ઝૂઝતા હતા તે દૂર દૂરના દિવસોનું આ ગીત આપણને પુનઃસ્મરણ કરાવે છે.) જ્યારે આપણે એક પ્રચંડ સામ્રાજ્ય સામે આઝાદી મેળવવા મથામણ કરતા હતા તેવા મુશ્કેલી ભર્યા સમયમાં પોલ રોબસન હંમેશાં આપણી પડખે ઊભા હતા—અત્યારે એ યાદ કરવું ખરેખર સુયોગ્ય છે.

વળી, પોલ રોબસન એક મહાન અભિનેતા પણ છે. તેમની સુંદર શરીરાકૃતિ અને વ્યક્તિત્વ રંગમંચની કળા માટે બિલકુલ અનુકૂળ છે. ઓથેલોનું તેમણે ભજવેલું પાત્ર રંગભૂમિ પર હજુ સુધી રજુ થયેલા ઉત્તમ અભિનયોમાંનું એક છે, એ સર્વસ્વીકૃત વાત છે. વળી ચલચિત્રોમાં અગત્યનાં પાત્રો ભજવવા માટે પણ તેઓ જાણીતા છે.

આપણે રોબસનને આ અંજલિ આપી રહ્યા છીએ કારણ કે તેઓ ફક્ત કળાકાર નહિ, પણ તે કરતાં ઘણું ઘણું વધારે છે. તેમનામાં કળાની મહાન નિષ્ઠા છે. થોડાં વર્ષો

પહેલાં અમેરિકાના દરેકે દરેક ભાગમાંથી તેમને આમંત્રણો ઉપર આમંત્રણો આવતાં હતાં. અને સંગીત-ગૃહો વચ્ચે તીવ્ર હરીફાઈ થતી હતી. કળાકાર તરીકેની કારકીર્દિથી તેમને સંતોષ મળી શકયો હોત અને તેમાં તેમને વધુ ને વધુ સફળતા પણ મળી હોત. અને તેઓ તે કળાના વિજયના ઝળહળાટમાં જીવનભર રાચી શકયા હોત. પણ તેમની મૂળગામી નિષ્ઠા તેમને આટલું કરી જંપવા દે એવી ન હતી.

તેથી જ તો તેઓ કેવળ નિગ્રોપ્રજાના તેજસ્વી યોદ્ધા બનવા ઉપરાંત આખી દુનિયાના ગરીબ, દલિત, તરછોડાયેલાઓના પયગંબર બન્યા છે!

કાયદાની સમાનતા

અમેરિકાએ તેના નીગ્રો નાગરિકો માટે શું શું કર્યું છે તે આપણે સૌ જાણીએ છીએ. નીગ્રો લોકોની મુક્તિ માટે અમેરિકા એક આંતરવિગ્રહ લડયું છે. અમેરિકાનું બંધારણ નીગ્રો લોકોને કાયદામાં સમાનતા આપે છે. અમેરિકાની સુપ્રિમ કોર્ટના આધુનિક નિર્ણયો નીગ્રો લોકોની આભડછેટને નામંજુર કરે છે અને તેને ગેરકાયદેસર જાહેર કરે છે.

પણ કાયદાની સમાનતા પૂરતી નથી. હજુ પણ અમેરિકામાં સફેદ ચામડીની ઉદ્ધતાઈ પ્રવર્તે છે. ગોરો માણસ હજુ પણ માને છે કે તે પોતે ઉચ્ચતર છે. જો કે કાયદા પ્રમાણે નાગરિકોનો એક જ વર્ગ છે, પણ મને એ કહેતાં ખૂબ દિલગીરી થાય છે કે સામાજિક દૃષ્ટિએ અમેરિકામાં હજુ ઊંચા અને નીચા એમ બે પ્રકારના નાગરિકો છે. જ્યારે લોકો પ્રામાણિકપણે માનતા થાય કે ભગવાનને માટે તો બધાં જ સરખાં છે ત્યારે જ ખરી સમાનતા આવે. જ્યારે આવી સમાનતા આવશે ત્યારે જ અબ્રાહમ લિંકનનું કાર્ય પૂરું થશે, અને હું એટલું પણ કહીશ કે–

રોબસન લિંકનનું આ કાર્ય આગળ ધપાવી રહ્યા છે. જેને માટે લિંકને પોતાનું જીવન વિતાવ્યું અને જેને માટે તેઓ મર્યા તે કાર્યને પૂરું કરવા રોબસન પ્રયત્ન કરી રહ્યા છે.

(અનુ.—મધુકર શાહ)

મુંબઈ રાજ્યાશ્રિત કલા પ્રદર્શન

છેલ્લાં ત્રણ વર્ષથી મુંબઈ રાજ્ય સરકાર તરફથી દેશમાં કલા અને કલા-વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા સ્પર્ધાત્મક પ્રદર્શન મુંબઈમાં સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં ભરવામાં આવે છે, અને તેમાં રૂપીઆ પચાસ હજારની રકમનાં ઇનામો શ્રેષ્ઠ કલાકારોથી માંડી કલાશિક્ષકો અને માધ્યમિક તેમજ પ્રાથમિક શાળાઓ અને શિશુ વર્ગનાં બાળકોની કૃતિઓને પણ વિભાગવાર આપવામાં આવે છે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પહેલાં કોઈ દેશનેતા કે પ્રધાન કરતા હતા. આ વર્ષે પ્રથમવાર એક વયોવૃદ્ધ કલાકાર શ્રી. પરાંદેકરના હાથે પ્રદર્શનની ઉદ્‌ઘાટનવિધિ થઈ હતી. આ પ્રથા આવકારદાયક બનશે.

આ પ્રદર્શન ૨૨મી ફેબ્રુઆરીથી ૭મી માર્ચ સુધી ખુલ્લું રાખવામાં આવ્યું હતું. પ્રદર્શન માટે આવેલી કૃતિઓની પરીક્ષા કરવાને દરેક વિભાગવાર નિષ્ણાતોની સમિતિઓ નીમી હતી. તેની તથા સ્વીકારાયેલાં ચિત્રોની સવિસ્તર નોંધનું છાપેલું કેટલોગ પ્રેક્ષકો માટે મળી શકતું હતું.

કલાકારોના મોટા ભાગનું વલણ નવા કલા પ્રવાહો તરફ જોવામાં આવે છે, પરંતુ શુદ્ધ ભારતીય શૈલીઓ તેમજ વાસ્તવિક દર્શન કરાવતી કૃતિઓને માટે તદ્દન ઉપેક્ષા થાય છે, એ પણ વિચાર માંગે છે. કારણ કે ચિત્રકળાની પ્રવૃત્તિ જીવનના અનેક અંગોને સ્પર્શી શકે છે, તે માટે બધા પ્રયોગો આવકારપાત્ર બનવા જોઈએ.

ચિત્રકળામાં સૌથી મોટું ઈનામ રૂા. ૨૫૦૦નું શ્રી. બી. પ્રભાને મળેલું છે. અને બીજું ઈનામ ૧૫૦૦ રૂા. નું શ્રી. દીનેશ શાહ, અને મનહર મકવાણાને મળે છે. શિલ્પ કૃતિઓમાં રૂા. ૨૫૦૦નું ઈનામ શ્રી દાવીરવાળાને મળે છે. પછીની કૃતિઓને રૂા. ૫૦૦ અને તેથી ઓછી રકમ વહેંચવામાં આવી છે. કોમર્શીઅલ આર્ટમાં શ્રેષ્ઠ ઈનામ મોકુફ રાખ્યું છે. આર્કીટેકચરમાં રૂા. ૧૫૦૦નું ઈનામ શ્રી. બી. ઈ. ડૉકટરને મળેલું છે. પછીના રૂા. ૫૦૦ થી રૂા. ૧૦૦ સુધીનાં ઈનામોની સંખ્યા મોટી છે.

આ ઈનામી હરીફાઈવાળા પ્રદર્શનની જાણ હજુ પ્રાંતના ખૂણે ખૂણે થઈ નથી તેથી ઘણા સુયોગ્ય નમુનાઓ રહી જાય છે. સરકાર તરફથી આ પ્રદર્શનને બેચાર મુખ્ય શહેરોમાં ફેરવવામાં આવે તો તો ઘણા ઉમેદવારો તેમાં ભાગ લેવા ઉત્સુક બનશે અને ઈન્સાફ મેળવી શકશે.

(ર. મ. રા.ની નોંધ)

કલા–પ્રવૃત્તિઓ

ચાલુ વર્ષે જાન્યુઆરીમાં ભરાયેલા લલિતકલા એકેડેમીના ચોથા વાર્ષિક પ્રદર્શન અંગે ચિત્રકારો અને વિવેચકોએ પરીક્ષકસમિતિ સામે ઉગ્ર અસંતોષ વ્યક્ત કર્યો. આ વર્ષના પ્રદર્શન માટે પસંદ કરાયેલી અને ઇનામો અપાયેલી કલાકૃતિઓ વિષે પણ ખૂબ વિવાદાસ્પદ ચર્ચાઓ થઈ–જેમાં મોટે ભાગે પરીક્ષકસમિતિની પસંદગીનો સ્પષ્ટ વિરોધ હતો. દિલ્હીના જાણીતા વિવેચક ડૉ. ચાર્લ્સ ફેબ્રી લખે છે: 'સારાં, ખરાબ અને ઊતરતી કક્ષાનાં ચિત્રોની થયેલી વિચિત્ર પસંદગીમાં પરિચાયક વૃત્તિનો અભાવ છે. શિખાઉ ચિત્રકારોની કૃતિઓ સ્વીકારીને લટકાવવામાં આવી છે અને ઇનામો પણ આપવામાં આવ્યાં છે. સુવર્ણચંદ્રક એનાયત થયેલી શ્રી. અમરનાથ સહગલની શિલ્પકૃતિ–' અરણ્ય–રુદન ' ચોરસ હાથ અને પગવાળી રૂપ–હીન આકૃતિઓ દર્શાવતી ભાવહીન અને અધકચરા જ્ઞાનના નમૂનારૂપ છે. પ્રદર્શનમાં મુકાયેલ બીજી ગમે તે કૃતિ એના કરતાં સારી કક્ષાની છે...'

વિખ્યાત ચિત્રકાર શ્રી. રામકુમાર કહે છે: 'આ અગાઉનાં પ્રદર્શનોની જેમ આ વર્ષે પણ આપણા ઘણા જાણીતા ચિત્રકારોમાં નિરાશાની લાગણી ઉત્પન્ન થઈ છે. ચિત્રોની પસંદગીમાં રસાત્મક કે કલાત્મક વૃત્તિ જળવાઈ નથી. હુસેન જેવા ચિત્રકારની ઉત્તમકૃતિ Unconcerned સ્વીકારવામાં નથી આવી એ પણ અયોગ્ય છે. મને લાગે છે કે ચિત્રકારોને હિસ્સો લેવા માટે પણ નાહિંમત કરતું પરીક્ષકસમિતિનું અસ્પષ્ટ અને અચોક્કસ દષ્ટિબિંદુ પ્રદર્શનનું મૂલ્ય ઘટાડી રહ્યું છે.'

શ્રી. એચ. એલ. પ્રાશર (વિવેચક)ના મત પ્રમાણે: 'પરીક્ષકસમિતિએ જાહેર કર્યું છે કે-' રાષ્ટ્રીય પ્રદર્શનનું ધોરણ ખરેખર ઉચ્ચકક્ષાનું છે–' પણ સાચેસાચ વસ્તુ ઊલટી જ છે. ચિત્રકારો–જેવા કે હુસેન, સતીશ ગુજરાલ અને અમીના એહમદનાં ચિત્રોનો અસ્વીકાર કર્યો છે અને તદ્દન ઊતરતી કક્ષાના ચિત્રકારોની (અને શિખાઉઓની) કઢંગી કૃતિઓથી ગેલેરીઓ ભરી દીધી છે. કંગાળ સુશોભનાકૃતિઓ, પ્રવાસનાં સ્થળોનાં દશ્યચિત્રો, તેમ જ એવાં જ નષ્ટપ્રાયઃ શૈલીઓની નકલો સમા ' આધુનિક રવિવર્માઓ 'નાં ચિત્રોની સંખ્યા લગભગ સોએકની થાય છે. આવાં ચિત્રોને જયપુર હાઉસની ગેલેરીઓમાં સન્માન્તિ કર્યા બાદ પરીક્ષકસમિતિએ કૅટલૉગમાં લાંબી નોંધ સાથે ઊણપો અને ખામીઓ દર્શાવી, તેમ જ અમુક ચિત્રોને અનુગામી, નકલોની નકલો તેમ જ માંદલાં તરીકે ઓળખાવ્યાં છે.' ઉપરાંત ચિત્રકલામાં રસ લેતા કે. સી. ખન્ના નામના એક ભાઈ કહે છે કે–' ઊતરતી કક્ષાની અને દુઃખજનક કૃતિઓને પસંદ કરવામાં પરીક્ષકસમિતિએ ખરાબ કાર્યમાં ઉત્તમકક્ષાનો ભાગ ભજવ્યો છે.'

(ગુ. મો. શેખ)

ભૂલસુધાર

પાનાં ૨૭૨ પછી પાનાંના નંબર ફરીથી ૨૬૯ થી
૨૭૬ નંખાયાં છે, તે ૨૭૩ થી ૨૮૦ સમજવા.

નવું વાચન

● ગુજરાતીમાં પ્રગટતાં નવાં પુસ્તકોનો મીતાક્ષરી પરિચય ●

સ્ક્રેપબૂક (વૉ.–૭)
ગોવર્ધનરામ મા. ત્રિપાઠી
સંપાદક : કાન્તિલાલ છગનલાલ પંડ્યા
પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી (પ્રાઇવેટ લિ.) પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
મૂલ્ય : રૂ. ૨.

આ નોંધપોથી ' સરસ્વતીચન્દ્ર 'ના કર્તાના અંતરંગમાં આપણને પ્રવેશ કરાવે છે. આ નોંધોમાંથી આપણને ગોવર્ધનરામના જીવનનાં છેલ્લાં ત્રણ વર્ષો દરમિયાન એમના મનમાં જે ચાલી રહ્યું હતું તેનો સારો ખ્યાલ આવે છે. સ્વેચ્છાએ વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધા પછી ગોવર્ધનરામ સમયનો મોટો ભાગ અભ્યાસ, લેખન તથા યોગસાધનામાં ગાળતા. યોગની સાધનામાં એઓ ઠીક ઠીક આગળ વધ્યા હતા એમ લાગે છે. મૃત્યુના બે મહિના પહેલાં, શારીરિક યંત્રણાની, કસોટીએ ચઢાવે એવી પરિસ્થિતિમાંથી પસાર થતા હતા ત્યારે એમનું મન જુદી જ ભૂમિકાએ હતું. દુન્યવી આઘાતો અને પ્રક્ષોભોને શાંત કરી દેતી યોગવૃત્તિથી એમનું હૃદય તો સભર બની ઊઠ્યું હતું. એમણે નોંધ્યું છે તેમ કદાચ બ્રહ્માકારવૃત્તિએ જ એમના ચિદાકાશને ભરી દીધું હતું.

કુટુંબીઓ તથા સ્વજનોને માટે એમનું હૃદય સદા દ્રવી જતું. ગુણસુંદરીના પાત્રની પ્રેરણારૂપ એમનાં પત્ની લલિતાને માટેનો એમનો ભાવ આ નોંધોના આરંભના ભાગમાં એમણે અત્યંત હૃદયસ્પર્શી રીતે નોંધ્યો છે. પોતાની નિવૃત્તિને કારણે એમનાં પત્નીનું જીવન વિશેષ પ્રવૃત્તિમય બન્યું, એથી એમના સ્વાસ્થ્ય પર પણ અસર થઈને ક્ષયના જડબામાંથી એ માંડ બચી શક્યાં. આ બદલ ગોવર્ધનરામ પોતાને ઠપકો પણ આપે છે, ને એમનાં પત્ની તથા સંતાનો પ્રત્યેની લાગણી તથા ફરજોનો ખ્યાલ એમને સંન્યાસ લેતાં વારે છે.

પુત્રની આંખની બિમારી, પત્નીનું લથડતું સ્વાસ્થ્ય, પ્લેગ, પોતાની કથળતી જતી તબિયત અને સાથે વધતી જતી આર્થિક મુશ્કેલીઓ—આ બધાને ભારે તિતિક્ષાપૂર્વક સહી લઈને સમતોલપણું જાળવી રાખનાર ગોવર્ધનરામ ખરે જ તટસ્થ ઉદાસીન યોગી જ લાગે છે. પોતાના મૃત્યુને તો એઓ પહેલેથી જ જાણે આવતું જોઈ ગયા છે, પોતાની આયુમર્યાદા પણ એમણે નક્કી કરી લીધી છે, ને એથી જરાય વિક્ષુબ્ધ થયા વિના મૃત્યુને આવકારવાની તૈયારી એઓ કરે છે. હતાશ થઈ જવાય એવી પરિસ્થિતિમાં એઓ ભારે ખંતપૂર્વક અને પરિશ્રમથી અભ્યાસ તથા લેખનનું કામ ચાલુ રાખે છે. સુશ્રુત, ચરક તથા વાગ્ભટનો અભ્યાસ કરીને આયુર્વેદની દૃષ્ટિએ શરીરવિજ્ઞાનનો પદ્ધતિસરનો અભ્યાસ કરે છે; લઘુયોગવાશિષ્ઠ, ઈશ્વર કૃષ્ણની સાંખ્યકારિકા, કપિલનું સાંખ્યદર્શન, પતંજલિનું યોગસૂત્રભાષ્ય—આ અભ્યાસ કરે છે, અને સાથે સાથે વિષયસૂચિ પણ તૈયાર કરતા જાય છે; ડાહીલક્ષ્મી પુસ્તકાલયને સ્થાપવાના કાર્યમાં દિલ દઈને મંડી પડે છે; અને સાથે સાથે ડૉ. ત્રિભુવનદાસ ગજ્જર જેવા મિત્રની પડખે રહીને, એમને નિરાશાની ને કસોટીની પળોમાં પ્રોત્સાહન આપીને કાર્ય કરવા પ્રેરે છે.

પોતાના અગુણો વિશે ગોવર્ધનરામ સભાન છે: વધુ પડતી વાચાળતા, લખાણમાં પણ વધુ પડતો વિસ્તાર એ દુર્ગુણ એમને ખટકે છે; ને એને સુધારવા એઓ સદા પ્રયત્નશીલ રહે છે. ગજ્જર જેવા મિત્રની અસાધારણ પ્રતિભાને ઓળખીને એઓ બિરદાવે છે, એટલું જ નહિ, એના વિકાસ માટે પોતાનાથી જે કાંઈ બને તે કરી છૂટે છે; ને એમ કરવામાં પોતાનામાં જે ન્યૂનતા દેખાય છે તે માટે અફસોસ પણ પ્રકટ કરે છે. રાજકારણમાં એમને ઝાઝું પડવું ગમતું નથી, પણ કર્ઝને વિદ્યાપીઠોના વ્યવહારમાં જે

[માનવ : મે ’૫૮

રીતે માથું માર્યું", ને હિંદીઓને વસ્તુમાત્રની અતિશયોક્તિ કરનારા ને વિવેકહીન કહ્યા તે બદલ પોતાનો રોષ પ્રકટ કરે છે. એમનાં સ્વપ્નોમાં દેશને એઓ સ્વતંત્ર થયેલો જુએ છે.

એમની પોતાની લાગણીઓ વિશે પણ એઓ પેટછૂટી વાત આ નોંધોમાં કરે છે. સાંસારિક સંબંધોમાં એક બે અપવાદો બાદ કરતાં, પોતે દાર્શનિકની તટસ્થતા જ કેળવી છે. એમાં લાગણીવશતા, કવિપણું કે એવી કશી ઘેલછાથી એઓ સદા દૂર રહ્યા છે. એમની પુત્રી લીલાવતીને માટે એમને આદર છે, ને પોતે એમ માને છે કે લીલાવતીનો આત્મા, દૂર રહીને, એમને દોરવણી આપી રહ્યો છે. એમને જ્યોતિષમાં શ્રદ્ધા છે. જન્મદિવસે કુંડળીપર એક નજર પણ એઓ કરી લે છે. કર્મના સિદ્ધાંતની પણ સંક્ષેપમાં સુંદર મીમાંસા એમણે આ નોંધોમાં આપી છે.

કવિ નાનાલાલ, ડૉ. ગજ્જર અને ગોવર્ધનરામ—આ ત્રણ મિત્રો નડિયાદમાં ગોવર્ધનરામને ત્યાં મળ્યા ને એ દિવસો સાહિત્યચર્ચા તથા જ્ઞાનગોષ્ઠિમાં અસાધારણ આનંદમાં પસાર થયા, એમ ગોવર્ધનરામે અહીં નોંધ્યું છે. એ પ્રસંગ વિશેની માત્ર આટલી જ નોંધ એમણે કરી છે. એ વિશે, અન્યની, કશી માહિતી મળતી હોય તો તે મેળવવી જોઈએ.

સરસ્વતીચંદ્રનાં કુસુમ સાથેનાં લગ્ન કઈ ભૂમિકાએ સિદ્ધ થયાં હતાં તે વિશે દયારામ ગિદુમલ સાથે એમણે કરેલા પત્રવ્યવહારનો પણ ઉલ્લેખ છે, એ પણ જો મળી આવે તો 'સરસ્વતીચંદ્ર'ના અભ્યાસમાં ઉપયોગી નીવડે. કલ્યાણગ્રામના આ સર્જકની મનોસૃષ્ટિ સંપાદકે, જરૂરી માહિતીની પૂરવણી કરીને, આપણને ઉપલબ્ધ બનાવી, તે બદલ આપણે એમના ઋણી છીએ.

સુ. જો.

*

કવિ દયારામનો અક્ષરદેહ
નવલરામની જીવનકથા

લેખક : ગોવર્ધનરામ મા. ત્રિપાઠી
પ્રકાશક : ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ
મૂલ્ય : ત્રણ રૂપિયા

અમદાવાદની ગૂજરાત સાહિત્યસભામાં વાંચવા માટે ગોવર્ધનરામે 'કવિ દયારામનો અક્ષરદેહ' એ નિબંધ તૈયાર કર્યો હતો. નાના નિબંધરૂપે લખવા ધારેલો આ લેખ વિસ્તરતો ગયો ને પુસ્તિકારૂપે પ્રકટ થયો.

ગોવર્ધનરામ લેખકોને ત્રણ વિભાગમાં વહેંચી નાંખે છે: જેમના લેખો સારા હોય ને જીવન પણ સારાં હોય, જેમનાં પુસ્તકોમાં સારા હિતકર વિચારો પ્રકટ થયેલા હોય પણ 'ગમે તે કારણથી તેમનું જીવન રાજસ કે તામસ હોય; જેમનાં લખાણો તેમ જ જીવન બંને લોકોને અહિત કરે તેવાં હોય. આ પૈકી ગોવર્ધનરામ દયારામને બીજા વર્ગના લેખકોમાં મૂકે છે, ને તેથી દયારામના જીવન વિશે જ લખવાનું પસંદ કરે છે.

પૌરાણિક કથાઓનો વિસ્તાર, પુરુષ-પ્રકૃતિનું બ્રહ્મરૂપ ઐક્ય, દેવરહસ્યમાં અવગાહન, ભક્તિરહસ્ય, પ્રેમરસ, રસપાત્રની સાથેના સંબંધનું લૌકિક શૃંગારની ભાષામાં નિરૂપણ—આવાં જુદાં જુદાં છ પાસાંઓનું દર્શન ગોવર્ધનરામ દયારામની કવિતામાં કરાવે છે. પોતે વેદાન્તમતના પુરસ્કર્તા હોવા છતાં દયારામને વધુ ન્યાય કરવા પુષ્ટિમાર્ગનાં રહસ્યોને સમજવાનો પણ પ્રયત્ન કરે છે. દયારામની રચનામાં એમને યોગની કેટલીક અનુભૂતિઓની ઝાંખી થાય છે; આથી પણ દયારામની કૃતિઓનો વિગતે અભ્યાસ કરવા એઓ પ્રેરાય છે. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોનું રહસ્ય શોધવાનો આમાં પ્રયત્ન નથી, પણ દયારામે એ સિદ્ધાંતોમાંથી કેવું રહસ્ય તારવી કાઢ્યું છે તે જ એમણે તપાસ્યું છે, ને એને અંગે જેટલું સ્પષ્ટીકરણ આવશ્યક લાગ્યું તેટલું કર્યું છે.

દયારામના શૃંગારનો ગોવર્ધનરામ બચાવ કરે છે. 'પ્રેમયોગની દશાવાળા' ભક્તની સર્વ દશાઓ કવિ દયારામ સૂક્ષ્મ અનુભવથી વર્ણવે અને વિસ્તારે ત્યારે એના 'અનુભવહીન' શ્રોતાઓ એની શૃંગારપરિભાષા વિના બીજું કશું સમજવાની અશક્તિને લીધે ભ્રાંતિમાં પડે એ સ્વાભાવિક છે. દયારામે તો રસશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને પ્રેમભક્તિ-શાસ્ત્રના મિશ્રણમાંથી એક નવું જ શાસ્ત્ર ઉપજાવ્યું છે. નવધા ભક્તિ પછીની દશમા પ્રકારની ભક્તિ તે પ્રેમસમાધિ. એ પ્રાપ્ત થયા પછી જે અનુભવ થાય તેની વિગતો ગમે તે હોય, પણ એ એક પ્રકારનો યોગ જ છે એમ ગોવર્ધનરામ માને છે. એ સાક્ષાત્કારની સ્થિતિના વર્ણનને માટે કવિ જે ભાષાને યોજે છે તે ભાષા ભલે લૌકિક શૃંગારની હોય, પણ તેની ભાવના લૌકિક શૃંગારને આવરણરૂપ અને ત્યાજ્ય જ ગણે છે, અને લૌકિક દેહ વિનાનાં, કેવળ પ્રત્યક્ષરૂપ, રાધાકૃષ્ણમાં રમે છે.

આપણા યુગમાં ભાવનાને સ્થાને વ્યવહાર, બુદ્ધિ અને તર્ક પ્રતિષ્ઠા પામતાં જાય છે. આ યુગમાં દયારામ જેવાના કીર્તિદેહનો સંકોચ થવાનો જ. પણ સાથે સાથે

દયારામ જેવા કવિની ભાવનાઓનાં રહસ્ય તથા વિસ્તારને સમજીને, એના વ્યક્તિગત ગુણગાન કે નિંદાથી પર રહીને; ન્યાયબુદ્ધિથી પૂર્વજોના ' પુણ્યસંચયની શોધ ' કરવી જોઈએ એવો ગોવર્ધનરામનો આગ્રહ છે, ને એમનો પોતાનો પ્રયત્ન તે આવા ' નિરીક્ષણનો આરંભ ' રૂપ છે.

*

નવલરામના જીવનચરિત્રમાં પણ ગોવર્ધનરામ જીવનની સ્થૂળ ઘટનાઓને મહત્ત્વ ન આપતાં નવલરામનો સાહિત્યકાર, શિક્ષણશાસ્ત્રી, વિવેચક અને સુધારક તરીકેનો ક્રમશઃ વિકાસ આપણી આગળ સુરેખ રીતે સ્પષ્ટ કરે છે. ગોવર્ધનરામ નવલરામને એક જ વાર, અર્ધો કલાક સુધી જ, મળ્યા હતા. છતાં ' અરણ્યમાં 'ના શિવાલયમાં અપૂજિત રહેલા પણ પૂજનીય બાણની કોઈ પૂજા કરે તેવી જ જાતની પૂર્ણ શ્રદ્ધાથી નવલરામની જીવનકથા લખવાનું માથે લે છે. નર્મદનું જીવન નવલરામે લખ્યું; તેમ નવલરામના જીવનને પારદર્શીરૂપે જોઈ શકનાર કોઈ અધિકારી મિત્રે આ જીવન લખ્યું હોત તો ઠીક થાત એમ પણ ગોવર્ધનરામને લાગે છે.

શરૂઆતમાં જ, ગોવર્ધનરામ નવલરામને મોડા ઊગીને મોડા આથમનાર શુક્રતારક સાથે સરખાવે છે. એમની જીવન-કથા લખવી ગોવર્ધનરામને વધુ અનુકૂળ થઈ પડે છે, કારણ કે નવલરામનું ' અંતઃકરણ અને ચરિત્ર બેધડક ઉઘાડાં મૂકી શકાય એવાં ' છે. એને કંઈ પણ કાદવ લાગ્યો હશે તો તે ધોઈ નાંખવા અને વધારે સ્વચ્છ રહેવા માટે તેમણે કરેલા મહાપ્રયાસની કીર્તિ ગાતાં અંતે વિજય જ વર્ણવવાનો છે, એવાઓની જીવન કથા સાધુકીર્તન જેવી છે. નવલરામના હૃદયમાં પ્રીતિનો ઉદ્ભવ થતાં જે મંથન થયું તેનો, આધારે પરિચય આપતાં ગોવર્ધનરામે આથી કહ્યું છે: નવલરામની કવિતાને ' આવાં જ કારણોથી નવલરામનું આત્મમંથન અતિશય પ્રીતિકર છે. '

નવલરામના સમકાલીન વાતાવરણનું પણ અચ્છું ચિત્ર આ જીવનકથામાંથી ઊપસી આવે છે. સુરતી અને અમદાવાદી-ઓના સ્વભાવની ખાસિયતનો ગોવર્ધનરામ સારો ખ્યાલ કરાવે છે અને કહે છે: ' જે કામ અમદાવાદમાં થઈ શકે છે તે સુરતમાં થઈ શકતું નથી અને જેવા કામ કરનાર સુરતમાંથી આવે છે તેવા અમદાવાદમાં નીવડ્યા નહીં માટે એ બેના સંયોગથી જ ગુજરાતના સુધારામાં જીવ આવ્યો હોય એવી ક્ષણિક ઉત્પ્રેક્ષા થાય છે.'

નવલરામનો આત્મમંથનકાળ પૂરો થતાં આચાર-વિચારનો કાળ શરૂ થયો. ' શાળાપત્ર 'ના તંત્રી તરીકેની એમની કારકીર્દિ એ નિમિત્તે શરૂ થયેલી વિવેચનની પ્રવૃત્તિ અને એમની સાહિત્યિક રચનાઓ—આ બધું ગોવર્ધનરામ તટસ્થતાથી તપાસે છે. નવલરામની વિવેચના-ની પ્રારંભિક અવસ્થાના દોષોમાં આરંભસાગ્રમાં વિદ્વત્તાની ધમક ને પાછળથી લંબાણથી અપાતા કથાસારનો ઉલ્લેખ કરીને કહે છે કે આથી પરીક્ષા કંઈક ઢીલી પડી જાય છે. આરંભભાગમાં આણેલું શાસ્ત્ર પરીક્ષ્યપુસ્તકને કેવી રીતે લાગુ પડે છે, એ તો લખવાનું રહી જ જાય છે. જીવનકથાનાં પુસ્તકોનું વિવેચન કરતાં નવલરામ કેટલીકવાર જીવનકથાકારને લખવું રહી ગયેલું તે લખી ખોટ પૂરી પાડે છે. એકંદરે નવલરામે વિવેચક તરીકે ગુજરાતના કાલુંકાલું બોલનાર ગ્રંથકારનો હાથ ખેંચી આગળ આણ્યા છે; તે જ્યાં ગ્રંથકારને બળવાન પ્રહાર ખમવા સમર્થ ગણ્યા છે ત્યાં પ્રહાર જોઈએ એટલા કર્યા છે, ત્યાં લીલુંસૂકું એમણે જોયું નથી.

નવલરામ ' ગુણપરીક્ષક ' છે ને એમણે આ ' મધુર સર્વરસિક ગુંજારવ ' એમના અંતકાળ સુધી કર્યો.

નવલરામના ' મેઘદૂત 'ના ભાષાંતરની ચર્ચાને નિમિત્તે ગોવર્ધનરામે કેટલીક મહત્ત્વની વાતો કહી છે. ' મેઘદૂત 'ના યક્ષને નવલરામે પોતાના મતનો પ્રારબ્ધવાદી વેદાંતી બનાવી દીધો છે તે બતાવી ગોવર્ધનરામ ટકોર કરે છે: મેઘદૂતના નાયકને કે કવિને સચ્ચિદાનંદનો ભક્ત સાંભળી આપણે ખુશ થઈશું ! ગોવર્ધનરામને મતે ' ભાષાંતરમાં શબ્દાર્થની શુદ્ધતા કરતાં આ છાયાની શુદ્ધતા વધારે ઉપયોગી છે.' ગોવર્ધનરામ રૂપાંતરના વિરોધમાં કહે છે: ' મુક્તિફોજવાળા મડમો ભગવાં લૂગડાં પહેરવાથી હિંદવાણી નથી થતી, તેમનાં શરીર બદલાતાં નથી. ' વળી ઉમેરે છે: ' સર[illegible] કપડાં કાઢી ગુજરાતી પહેરાવ્યાથી ભાષાંતર થતું નથી; [illegible] કાળિદાસ પોતે ગુજરાતી હોત અને એમણે પોતે જ મેઘ[illegible] ગુજરાતીમાં લખ્યું હોત તો કેવું લખત, એનો વિચાર ક[illegible] તેવું જ કોઈ સફળ લખે તો તે જ ભાષાંતરમાં અ[illegible] ગ્રંથની યોગ્યતા આવે અને એનું નામ જ ભાષાંતર.

નવલરામના મૃત્યુનો પ્રસંગ જે તાદૃશતાથી વર્ણવાયો [illegible] એમાં ગદ્યે જે છટા પ્રકટ કરી છે તે આપણા ગદ્યસાહિત્ય[illegible] સદાને માટે સંસ્મરણીય બની રહેશે. અંતમાં ગોવર્ધનરા[illegible] નવલરામના ' ઉદ્યોગતપ 'ને બિરદાવીને જીવનકથા પૂરી કરે [illegible]

—સુ. [illegible]

એક લહર

લેખિકા : ધીરુબહેન પટેલ
પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ ૨.
મૂલ્ય : ત્રણ રૂપિયા

શ્રી. ધીરુબહેનનો આ બીજો વાર્તા સંગ્રહ છે. આજ પૂર્વેના સંગ્રહોએ એમને નવોદિત વાર્તાકારોમાં સારૂં સ્થાન અપાવ્યું છે.

ટૂંકી વાર્તાની કલા નટના દોર પર ચાલવાની કલા જેવી છે. એમાં એકે બાજુ વધારે ઝૂકયા તો સમતુલા ચાલી જાય. ધીરુબહેનની વાર્તાઓની મુખ્ય ક્ષતિ તે ઘટનાનો વધારે પડતો દાબ, પ્રસંગને જોઈએ તે કરતાં વધારે ઘેરા બનાવવાનું વલણ, ઘટના પરનો વધુ પડતો ઝોક. અણીશુદ્ધ સારી બની શકી હોત એવી ત્રણ વાર્તાઓ 'નર્મદા,' 'સંયોગ' 'અમિતાની મુક્તિ' આ દોષને કારણે જ કથળી જાય છે. સામાન્ય માણસમાં રહેલી અસામાન્યતા પ્રકટ કરવા, ઘટનાને સામાન્ય રાખીને જ જો એ અસામાન્ય પ્રકટ કરવાનું યોજી શકાય, તો એ વધુ સચોટ બને. સીતા કે દમયંતી કે હરિશ્ચન્દ્રને માટે અસાધારણ દુઃખોની વ્યવસ્થા કરવાનું જેટલું સહેલું છે તેટલું અસામાન્યને સામાન્યમાંથી ઉપસાવી આપવાનું સહેલું નથી; પણ કલાનો વિજય એમાં જ રહ્યો છે. 'નર્મદા'ની વાર્તામાં બિહારી જેવા સ્વેચ્છાચારી પતિને (જે યશોદાને કહે છે : 'તારી પાસે ન આવું એ જ મારા તરફની મોટામાં મોટી ભેટ સમજજે.') સહી લેનારી યશોદા સીતા જેવી કારુણ્ય મૂર્તિ છે. આખું આલેખન ઘેરું છે; પણ અંતમાં, કલાસંયમ થોડો રાખ્યો હોત તો વાર્તા સુધરી ગઈ હોત. મરતી વેળાએ બિહારીને ચિન્તા છે એની પ્રેયસી માલતીની. તેથી, બોલાતું નથી ત્યારે, એ કાગળ પર માત્ર એનું નામ લખે છે. અહીં વાર્તાની ચોટ આવી જાય છે. ત્યાર પછીનો આખો વિસ્તાર વાર્તાને અપકારક નીવડે છે.

તેવી જ રીતે 'સંયોગ'માં રેવતી અને શ્રીનાથનો સંયોગ કરાવવા માટે રેલવે અકસ્માતનો લીધેલો આશ્રય આ જ પ્રકારનો દોષ આણે છે. રેવતી ગમે તે કહે છતાં શ્રીનાથની જેમ આપણને પણ કહેવું પડે છે કે એ સ્નેહના કરતાં દયા નામને જ વધારે પાત્ર છે. પ્રણયીઓનું કોઈક કારણસર છૂટા પડવું, એમાંથી એકનો આપઘાત, સંબંધનું કથળી જવું એ ધીરુબહેનનો એક પ્રિય વિષય છે. આ સંગ્રહમાં પણ 'મેઘલી સાંજે', 'નટવાનો દોર', 'અફસોસ', 'એક લહર' 'ધીમું ઝેર', આવી વાર્તાઓ છે. 'એક લહર' અને 'મેઘલી સાંજે'માં લેખિકાએ આપઘાતની વ્યવસ્થા કરી છે. 'ધીમું ઝેર'માં ધૂર્ત કાકાની ખંધાઈ નાયક-નાયિકાના પ્રણય કરતાં વધારે સબળ નીવડે છે! 'અફસોસ'નો પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં કરેલો વિસ્તાર (નાયક અને નાયિકાની દૃષ્ટિએ, પરિસ્થિતિને બતાવવાની દૃષ્ટિએ કરેલો કદાચ) ખાસ કશું સિદ્ધ કરી શકતો નથી. 'નટવાનો દોર'માં નિશીથ સ્ત્રીમાં સ્ત્રીત્વ જોયા વિના કાર્યના સહચર તરીકે જોવાની હદે અમાનુષી બની ગયો છે; તેને ચરણે નાયિકા પોતાનું સમર્પણ કરે છે. 'રક્ષાબંધન' તથા 'અમિતાની મુક્તિ'માં છેલ્લે જે પરિવર્તન થાય છે (કીર્તિનું અને અમિતાનું) તે 'રક્ષાબંધન'માં માના પર વધારે પડતાં વીતક પડતા બતાવવાને કારણે પ્રમાણભાનને ગુમાવી બેસે છે ને અંતને તકલાદી બનાવી દે છે. અમિતાની જીવન પ્રત્યેની વિમુખતા શિશુના સાહજિક જીવનોલ્લાસથી અભિમુખતામાં ફેરવાય છે; પણ અહીંય વિમુખતાની માત્રા ક્રમશઃ વધારતા ગયા પછી પરિવર્તનને આકસ્મિક બનાવી દીધું લાગે છે. 'બંધન'માં કોકેનના વ્યસનમાં પડેલી સ્ત્રીનું ચિત્ર છે. રસૂલ જેવા ગુંડાઓ એને ઘરે આવીને કોકેન આપી જઈ શકે છે. આખરે એ મરણ તરફ વળે છે. વસ્તુ નવું લીધું છે, પણ એમાંથી કશું નિષ્પન્ન કરી શકાયું નથી. હળવા વસ્તુને વિષય બનાવનારી વાર્તાઓ, કશું આગવું સિદ્ધ ન કરતી હોવા છતાં, લખાવટ સંકલનની દૃષ્ટિએ સારી છે. ઘણી વાર જે પ્રસંગ વાર્તામાં કેન્દ્રસ્થાને રહેવો જોઈએ તે લેખિકાની દૃષ્ટિથી દૂર સરી જાય છે, ને બીજા પ્રસંગને જ એઓ પ્રાધાન્ય આપી બેસે છે. 'એક લહર'માં વાર્તાનો નાયક આપઘાત કરવાની હદે જાય છે (ધીરુબહેનની પાત્રસૃષ્ટિમાં આપઘાતનું પ્રમાણ વધારે લાગે છે!) પણ તેનો પ્રણય તો પશ્ચાદ્ભૂમાં જ છે. નાયિકા પોતાના એક તરંગ ખાતર પરપીડન વૃત્તિને વશ થઈને એને આપઘાત કરવા સુધી દોરી લઈ જાય છે. આ તરંગ જ લેખિકાને મન મહત્ત્વની વસ્તુ બની જાય છે, ને કેમ જાણે, આ વસ્તુ જંગલ સિવાય બની ન શકે માટે આખી વાર્તા જંગલમાં મૂકી છે.

આમ છતાં, બધી જ વાર્તાઓમાં લેખિકાની ઘડાયેલી શૈલી, ક્યાંક ક્યાંક કાવ્યત્વની છાંટ આ વાર્તાઓને સુવાસ્ય

દયારામ જેવા કવિની ભાવનાઓનાં રહસ્ય તથા વિસ્તારને સમજીને, એના વ્યક્તિગત ગુણગાન કે નિંદાથી પર રહીને; ન્યાયબુદ્ધિથી પૂર્વજોના 'પુણ્યસંચયની શોધ' કરવી જોઈએ એવો ગોવર્ધનરામનો આગ્રહ છે,' ને એમનો પોતાનો પ્રયત્ન તે આવા 'નિરીક્ષણનો આરંભ' રૂપ છે.

*

નવલરામના જીવનચરિત્રમાં પણ ગોવર્ધનરામ જીવનની સ્થૂળ ઘટનાઓને મહત્ત્વ ન આપતાં નવલરામનો સાહિત્યકાર, શિક્ષણશાસ્ત્રી, વિવેચક અને સુધારક તરીકેનો ક્રમશઃ વિકાસ આપણી આગળ સુરેખ રીતે સ્પષ્ટ કરે છે. ગોવર્ધનરામ નવલરામને એક જ વાર, અર્ધા કલાક સુધી જ, મળ્યા હતા. છતાં 'અરણ્યમાં 'ના શિવાલયમાં અપૂજિત રહેલા પણ પૂજનીય બાણની કોઈ પૂજા કરે તેવી જ જાતની પૂર્ણ શ્રદ્ધાથી નવલરામની જીવનકથા લખવાનું માથે લે છે. નર્મદનું જીવન નવલરામે લખ્યું; તેમ નવલરામના જીવનને પારદર્શીરૂપે જોઈ શકનાર કોઈ અધિકારી મિત્રે આ જીવન લખ્યું હોત તો ઠીક થાત એમ પણ ગોવર્ધનરામને લાગે છે.

શરૂઆતમાં જ, ગોવર્ધનરામ નવલરામને મોડા ઊગીને મોડા આથમનાર શુક્રતારક સાથે સરખાવે છે. એમની જીવનકથા લખવી ગોવર્ધનરામને વધુ અનુકૂળ થઈ પડે છે, કારણ કે નવલરામનું 'અંતઃકરણ અને ચરિત્ર બેધડક ઉઘાડાં મૂકી શકાય એવાં' છે. એને કંઈ પણ કાદવ લાગ્યો હશે તો તે ધોઈ નાંખવા અને વધારે સ્વચ્છ રહેવા માટે તેમણે કરેલા મહાપ્રયાસની કીર્તિ ગાતાં અંતે વિજય જ વર્ણવવાનો છે, એવાઓની જીવન કથા સાધુકીર્તન જેવી છે. નવલરામના હૃદયમાં પ્રીતિનો ઉદ્ભવ થતાં જે મંથન થયું તેનો, આધારે પરિચય આપતાં ગોવર્ધનરામે આથી કહ્યું છે: નવલરામની કવિતાને 'આવાં જ કારણોથી નવલરામનું આત્મમંથન અતિશય પ્રીતિકર છે.'

નવલરામના સમકાલીન વાતાવરણનું પણ અચ્છું ચિત્ર આ જીવનકથામાંથી ઊપસી આવે છે. સુરતી અને અમદાવાદીઓના સ્વભાવની ખાસિયતનો ગોવર્ધનરામ સારો ખ્યાલ કરાવે છે અને કહે છે: 'જે કામ અમદાવાદમાં થઈ શકે છે તે સુરતમાં થઈ શકતું નથી અને જેવા કામ કરનાર સુરતમાંથી આવે છે તેવા અમદાવાદમાં નીવડ્યા નહીં માટે એ બેના સંયોગથી જ ગુજરાતના સુધારામાં જીવ આવ્યો હોય એવી ક્ષણિક ઉત્પ્રેક્ષા થાય છે.'

નવલરામનો આત્મમંથનકાળ પૂરો થતાં આચારવિચારનો કાળ શરૂ થયો. 'શાળાપત્ર'ના તંત્રી તરીકેની એમની કારકીર્દિ એ નિમિત્તે શરૂ થયેલી વિવેચનની પ્રવૃત્તિ અને એમની સાહિત્યિક રચનાઓ—આ બધું ગોવર્ધનરામ તટસ્થતાથી તપાસે છે. નવલરામની વિવેચનાની પ્રારંભિક અવસ્થાના દોષોમાં આરંભભાગમાં વિદ્વત્તાની ધમક ને પછીથી લંબાણથી અપાતા કથાસારનો ઉલ્લેખ કરીને કહે છે કે આથી પરીક્ષા કંઈક ઢીલી પડી જાય છે. આરંભભાગમાં આણેલું શાસ્ત્ર પરીક્ષ્યપુસ્તકને કેવી રીતે લાગુ પડે છે, એ તો લખવાનું રહી જ જાય છે. જીવનકથાનાં પુસ્તકોનું વિવેચન કરતાં નવલરામ કેટલીકવાર જીવનકથાકારને લખવું રહી ગયેલું તે લખી ખોટ પૂરી પાડે છે. એકંદરે નવલરામે વિવેચક તરીકે ગુજરાતના કાલુંકાલું બોલનાર ગ્રંથકારનો હાથ ખેંચી આગળ આણ્યા છે; ને જ્યાં ગ્રંથકારને બળવાન પ્રહાર ખમવા સમર્થ ગણ્યા છે ત્યાં પ્રહાર જોઈએ એટલા કર્યા છે, ત્યાં લીલુંસૂકું એમણે જોયું નથી.

નવલરામ 'ગુણપરીક્ષક' છે ને એમણે આ 'મધુર સર્વરસિક ગુંજારવ' એમના અંતકાળ સુધી કર્યો.

નવલરામના 'મેઘદૂત'ના ભાષાંતરની ચર્ચાને નિમિત્તે ગોવર્ધનરામે કેટલીક મહત્ત્વની વાતો કહી છે. 'મેઘદૂત'ના યક્ષને નવલરામે પોતાના મતનો પ્રારબ્ધવાદી વેદાંતી બનાવી દીધો છે તે બતાવી ગોવર્ધનરામ ટકોર કરે છે: મેઘદૂતના નાયકને કે કવિને સચ્ચિદાનંદનો ભક્ત સાંભળી આપણે ખુશ થઈશું! ગોવર્ધનરામને મતે 'ભાષાંતરમાં શબ્દાર્થની શુદ્ધતા કરતાં આ છાયાની શુદ્ધતા વધારે ઉપયોગી છે.' ગોવર્ધનરામ રૂપાંતરના વિરોધમાં કહે છે: 'મુક્તિફોજવાળા મડમો ભગવાં લૂગડાં પહેરવાથી હિંદવાણી નથી થતી, તેમનાં શરીર બદલાતાં નથી.' વળી ઉમેરે છે: 'સંસ્કૃત કપડાં કાઢી ગુજરાતી પહેરાવ્યાથી ભાષાંતર થતું નથી; પણ કાળિદાસ પોતે ગુજરાતી હોત અને એમણે પોતે જ મેઘદૂત ગુજરાતીમાં લખ્યું હોત તો કેવું લખત, એનો વિચાર કરી તેવું જ કોઈ સફળ લખે તો તે જ ભાષાંતરમાં અસલ ગ્રંથની યોગ્યતા આવે અને એનું નામ જ ભાષાંતર.

નવલરામના મૃત્યુનો પ્રસંગ જે તાદૃશતાથી વર્ણવાયો છે એમાં ગદ્યે જે છટા પ્રકટ કરી છે તે આપણા ગદ્યસાહિત્યમાં સદાને માટે સંસ્મરણીય બની રહેશે. અંતમાં ગોવર્ધનરામ નવલરામના 'ઉદ્યોગતપ'ને બિરદાવીને જીવનકથા પૂરી કરે છે.

—સુ. જો.

એક લહર

લેખિકા : ધીરુબહેન પટેલ
પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ ૨.
મૂલ્ય : ત્રણ રૂપિયા

શ્રી. ધીરુબહેનનો આ બીજો વાર્તા સંગ્રહ છે. આજ પૂર્વેના સંગ્રહોએ એમને નવોદિત વાર્તાકારોમાં સારું સ્થાન અપાવ્યું છે.

ટૂંકી વાર્તાની કલા નટના દોર પર ચાલવાની કલા જેવી છે. એમાં એકે બાજુ વધારે ઝૂકયા તો સમતુલા ચાલી જાય. ધીરુબહેનની વાર્તાઓની મુખ્ય ક્ષતિ તે ઘટનાનો વધારે પડતો દાબ, પ્રસંગને જોઈએ તે કરતાં વધારે ઘેરા બનાવવાનું વલણ, ઘટના પરનો વધુ પડતો ઝોક. અણીશુદ્ધ સારી બની શકી હોત એવી ત્રણ વાર્તાઓ 'નર્મદા,' 'સંયોગ' 'અમિતાની મુક્તિ' આ દોષને કારણે જ કથળી જાય છે. સામાન્ય માણસમાં રહેલી અસામાન્યતા પ્રકટ કરવા, ઘટનાને સામાન્ય રાખીને જ જો એ અસામાન્ય પ્રકટ કરવાનું યોજી શકાય, તો એ વધુ સચોટ બને. સીતા કે દમયંતી કે હરિશ્ચન્દ્રને માટે અસાધારણ દુઃખોની વ્યવસ્થા કરવાનું જેટલું સહેલું છે તેટલું અસામાન્યને સામાન્યમાંથી ઉપસાવી આપવાનું સહેલું નથી; પણ કલાનો વિજય એમાં જ રહ્યો છે. 'નર્મદા'ની વાર્તામાં બિહારી જેવા સ્વેચ્છાચારી પતિને (જે યશોદાને કહે છે : 'તારી પાસે ન આવું એ જ મારા તરફની મોટામાં મોટી ભેટ સમજજે.') સહી લેનારી યશોદા સીતા જેવી કારુણ્ય મૂર્તિ છે. આખું આલેખન ઘેરું છે; પણ અંતમાં, કલાસંયમ થોડો રાખ્યો હોત તો વાર્તા સુધરી ગઈ હોત. મરતી વેળાએ બિહારીને ચિન્તા છે એની પ્રેયસી માલતીની. તેથી, બોલાતું નથી ત્યારે, એ કાગળ પર માત્ર એનું નામ લખે છે. અહીં વાર્તાની ચોટ આવી જાય છે. ત્યાર પછીનો આખો વિસ્તાર વાર્તાને અપકારક નીવડે છે.

તેવી જ રીતે 'સંયોગ'માં રેવતી અને શ્રીનાથનો સંયોગ કરાવવા માટે રેલવે અકસ્માતનો લીધેલો આશ્રય આ જ પ્રકારનો દોષ આણે છે. રેવતી ગમે તે કહે છતાં શ્રીનાથની જેમ આપણને પણ કહેવું પડે છે કે એ સ્નેહના કરતાં દયા નામને જ વધારે પાત્ર છે. પ્રણયીઓનું કોઈક કારણસર છૂટા પડવું, બેમાંથી એકનો આપઘાત, સંબંધનું કથળી જવું એ ધીરુબહેનનો એક પ્રિય વિષય છે. આ સંગ્રહમાં પણ 'મેઘલી સાંજે', 'નટવાનો દોર', 'અફસોસ', 'એક લહર' 'ધીમું ઝેર', આવી વાર્તાઓ છે. 'એક લહર' અને 'મેઘલી સાંજે'માં લેખિકાએ આપઘાતની વ્યવસ્થા કરી છે. 'ધીમું ઝેર'માં ધૂર્ત કાકાની ખંધાઈ નાયક-નાયિકાના પ્રણય કરતાં વધારે સબળ નીવડે છે! 'અફસોસ'નો પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં કરેલો વિસ્તાર (નાયક અને નાયિકાની દૃષ્ટિએ, પરિસ્થિતિને બતાવવાની દૃષ્ટિએ કરેલો કદાચ) ખાસ કશું સિદ્ધ કરી શકતો નથી. 'નટવાનો દોર'માં નિશીથ સ્ત્રીમાં સ્ત્રીત્વ જોયા વિના કાર્યના સહચર તરીકે જોવાની હદે અમાનુષી બની ગયો છે; તેને ચરણે નાયિકા પોતાનું સમર્પણ કરે છે. 'રક્ષાબંધન' તથા 'અમિતાની મુક્તિ'માં છેલ્લે જે પરિવર્તન થાય છે (કીર્તિનું અને અમિતાનું) તે 'રક્ષાબંધન'માં માના પર વધારે પડતાં વીતક પડતા બતાવવાને કારણે પ્રમાણભાનને ગુમાવી બેસે છે ને અંતને તકલાદી બનાવી દે છે. અમિતાની જીવન પ્રત્યેની વિમુખતા શિશુના સાહજિક જીવનોલ્લાસથી અભિમુખતામાં ફેરવાય છે; પણ અહીંય વિમુખતાની માત્રા ક્રમશઃ વધારતા ગયા પછી પરિવર્તનને આકસ્મિક બનાવી દીધું લાગે છે. 'બંધન'માં કોકેનના વ્યસનમાં પડેલી સ્ત્રીનું ચિત્ર છે. રસૂલ જેવા ગુંડાઓ એને ઘરે આવીને કોકેન આપી જઈ શકે છે. આખરે એ મરણ તરફ વળે છે. વસ્તુ નવું લીધું છે, પણ એમાંથી કશું નિષ્પન્ન કરી શકાયું નથી. હળવા વસ્તુને વિષય બનાવનારી વાર્તાઓ, કશું આગવું સિદ્ધ ન કરતી હોવા છતાં, લખાવટ સંકલનની દૃષ્ટિએ સારી છે. ઘણી વાર જે પ્રસંગ વાર્તામાં કેન્દ્રસ્થાને રહેવો જોઈએ તે લેખિકાની દૃષ્ટિથી દૂર સરી જાય છે, ને બીજા પ્રસંગને જ એઓ પ્રાધાન્ય આપી બેસે છે. 'એક લહર'માં વાર્તાનો નાયક આપઘાત કરવાની હદે જાય છે (ધીરુબહેનની પાત્રસૃષ્ટિમાં આપઘાતનું પ્રમાણ વધારે લાગે છે!) પણ તેનો પ્રણય તો પશ્ચાદ્ભૂમાં જ છે. નાયિકા પોતાના એક તરંગ ખાતર પરપીડન વૃત્તિને વશ થઈને એને આપઘાત કરવા સુધી દોરી લઈ જાય છે. આ તરંગ જ લેખિકાને મન મહત્ત્વની વસ્તુ બની જાય છે, ને કેમ જાણે, આ વસ્તુ જંગલ સિવાય બની ન શકે માટે આખી વાર્તા જંગલમાં મૂકી છે.

આમ છતાં, બધી જ વાર્તાઓમાં લેખિકાની ઘડાયેલી શૈલી, ક્યાંક ક્યાંક કાવ્યત્વની છાંટ આ વાર્તાઓને સુગમ્ય

બનાવે છે, અને સાથે જ વધુ સૂક્ષ્મ કલાસૂઝની અપેક્ષા ઉપજાવે છે. —સુ. જો.

*

કુંવારી વહુ

લેખક : ધીરેન્દ્ર દેશી
પ્રકાશક : રૂપમ્ પ્રકાશન મંદિર
મૂલ્ય : રૂપિયા ૨.૫૦

આ નવલકથામાં વાર્તાના નાયકની પાછળ બધી સ્ત્રીઓ ઝૂરે છે, પણ પ્રણયસંબંધ તો, પ્રચલિત સમાજ-વ્યવસ્થામાં એકથી વધારે સ્ત્રી સાથે શક્ય ન બને, એટલે એક જ સ્ત્રીને એ સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. આ પ્રણયસંબંધ ભાઈ-બહેનના સંબંધરૂપે ક્યાંક ઓળખાવીને નિર્દોષતા સ્થાપવાનો યત્ન થયો છે, પણ વાર્તાની નાયિકા સરલા સાથે એકાંત પ્રાપ્ત થતાં નાયક એની જોડે શરીરસંબંધ બાંધવા ઉત્તેજાય છે. વળી વાર્તામાં, છેક છેલ્લે, પત્ર દ્વારા (આખી વાર્તા નાયકની પત્ની નાયકની નોંધપોથી વાંચી સંભળાવે એ રીતે કહેવાઈ છે, તેમાં વચ્ચે વચ્ચે પત્રો પણ આવે છે!) આપણને લેખક જણાવે છે કે સરલાનું ચારિત્ર્ય શુદ્ધ નથી. વિપિન અને સરલાનો સંબંધ શા કારણે કથળ્યો તેનું આલેખન સાવ નબળું છે, કારણ કે નાયકને વધારે પડતું મહત્ત્વ લેખક આપે છે. શરદ્બાબુના 'શ્રીકાન્ત'ના વાચનની અસર લેખકની શૈલી પર સ્પષ્ટ દેખાય છે. પણ પ્રસંગ નમાલો હોય તો તેની ઉપર ઘેરી ઊર્મિનાં માંડણી કરવી તે રુચિને ક્લેશ કરાવે છે. સુ. જો.

*

મર્મર :

શ્રી જયન્ત પાઠક
પ્રકાશક : ધિ પોપ્યુલર બૂક સ્ટોર, સુરત.
મૂલ્ય : રૂપિયા બે

શ્રી. જયન્ત પાઠક આપણા જાણીતા નવીન કવિ છે. એમની કાવ્યમર્મર આ સંવર્ધિત નવી આવૃત્તિમાં સંગ્રહાઈ છે. જીવનમાં અનુભવાતાં ઋજુ ભાવસ્પંદનોને એમણે ઝીલ્યાં છે. એમની કવિતાનું ઉત્તમાંગ કેટલાંક સોનેટમાં અને કેટલાંક ઊર્મિગીતોમાં જોવા મળે છે. 'આવ્યાં છો તો—,' 'સાગર તટે,' 'આવી વર્ષા,' 'નવસર્જન,' 'અજંતા,' 'આગ્રા દુર્ગ', 'મને થતું :' વગેરે એમનાં કેટલાંક ઉત્તમ સૉનેટ છે, તો 'એવી શી મારી કસૂર?' 'વાત કહી ના જાય', 'આવ્યો છું તો' જેવાં કેટલાંક હૃદયંગમ ગીતો પણ છે. બીજાં કાવ્યોમાં 'ઇતબાર આપે' અને 'મેઘદૂત' નોંધપાત્ર છે.

ભાવની સઘનતા અને શબ્દાર્થનું લાલિત્ય કાવ્યમાં ક્યારેક સળંગ રીતે જળવાતાં નથી, પણ તેમ છતાં કાવ્યાંત આણતી એકાદ સુંદર પંક્તિ ચોટ લગાવી જાય છે: 'દિલના દરિયેથી એના કલ્પનાકિનારે મારા મનડાનાં મૂકી જતી મોતી' કે 'એની વેણુમાં વેદનાનું વ્હાલ વહાવતી રોઇ વસંતને.' જેવી પંક્તિઓ ચિત્તમાં રમી રહે છે. વર્ણનમાં ક્યારેક સુંદર ચિત્રાત્મકતા પણ જોવા મળે છે: 'શાં ચિત્રમૂક ખગ—ચાંચ છતાં ખૂલેલી!' ગ્રીષ્મના ધોમધખતા તાપમાં ચાંચ ખોલીને સ્થિર બેસી રહેલ પંખીનું કેટલું સુંદર વિરોધાભાસયુક્ત વર્ણન! ઉપરાંત, 'બીજ,' 'અબોલા' કે 'વિરહની બેવના' જેવાં મુક્તકોની મિતભાષી ચારુતાની પણ નોંધ લેવી ઘટે.

ક્યારેક એક વાતનો નિર્દેશ કરવો જોઈએ. વસ્તુને અતિ સ્ફુટ કરીને મૂકવાની રીત કાવ્યને હાનિકારક બનતી જણાય છે. 'ચંપાનો છોડ'માં છેલ્લી પંક્તિ ન લખતાં જરા જુદી રીતે અંત આપ્યો હોત તો સારું થાત એમ લાગે છે. સન્નિધાનની કલાથી કહેવાઈ ગયેલી—સૂચવાયેલી વાતને ફરીથી કહેવાની જરૂર ખરી? 'પ્રાચીના'ના કાવ્યપ્રકારનાં બે કાવ્યોમાં સંવાદને આવશ્યક એવું કુતૂહલનું સાતત્ય જળવાતું નથી. અનુકરણરૂપે પણ એ ફિક્સાં લાગે છે. આજના યુગમાં યુદ્ધનો પ્રશ્ન પરિસ્થિતિને વિકટ બનાવી રહ્યો છે. કવિહૃદય એને આશ્લેષમાં લેવા મથે છે. પણ કહેવું જોઈએ કે શ્રી. પાઠકનાં કાવ્યોમાં પ્રિયવિષયક, પ્રભુવિષયક, આત્મવિષયક ભાવસ્પંદનોની જેવી અભિવ્યક્તિ થઈ છે તેવી 'નહીં' યુદ્ધ જોઈએ'માં થઈ શકી નથી. જાણે એ પ્રશ્ન એમની રસપૂરિત ચિત્તભૂમિ સુધી પહોંચી જ શકતો નથી.

શ્રી. પાઠકની કવિતા તો હજુ પાંગરતો છોડ છે. શબ્દાર્થના લાલિત્યની અને ઋજુ ભાવઘનતાની નિર્મળ અને ઉત્કૃષ્ટ અભિવ્યક્તિની કોટિએ એ પહોંચે એવી આશા સાથે એ ઊર્મિકવિના 'મર્મર'ને હું આવકારું છું.

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

[વધુ અવલોકન પા. ૩૦૫ ઉપર]

જુવે, ત્યારેય ખચકાતા ખચકાતા એનો સ્વીકાર કરે; અને તેય આગળની ' નીતિ ' અને ' વ્યૂહ ' શાથી ખોટાં હતાં તે વિષે સર્વાંગીણ પરિશીલન કરવાને બદલે, ઉપરછલ્લાં વિધાનો કરી, નવી પરિસ્થિતિનો ' સ્વીકાર ' કરી લઈ, વળી જૂની ' થિયરી 'ની જડતાનાં ચશ્માથી જોવાનો પ્રયાસ ! વળી જૂઠા પડે ' ભૂલસ્વીકાર ' કરે, ને ' નવી નીતિ, નવો વ્યૂહ ' રચે ! પરંતુ પલટાઈ ચૂકેલી પરિસ્થિતિને તેનાં **સર્વાંગી implications**માં સમજ્યા વિના જ.

આમ ' ભૂલસુધાર 'નું ચક્ર ચાલ્યા કરે છે: અલબત્ત, આ રીતેય, પ્રગતિ નથી જ થતી એમ નથી. પરંતુ અમુક એક ' નીતિ અને વ્યૂહ ' નક્કી કર્યા પછી, જ્યારે ' થિયરી ' સાથે તેનો બંધ બેસતો નથી, અને બીજી બાજુ વ્યવહારમાં તો ઘસડાઈ ઢસડાઈનેય ન છૂટકે ફેરફારો કરવા જ પડતા હોય છે, ત્યારે પરિણામે બને છે એવું કે,

—ઉપરના નેતાઓ ' થિયરી ' વાગોળતા રહે.

—મધ્યમકક્ષાના આગેવાનો એ ' થિયરી 'ને પૉલિસી–સ્ટ્રેટેજી સાથે બંધબેસતી કરવા ફાંફાં મારે.

—અને છેક નીચેના કાર્યકરો પોતાને સૂઝે તે રાતે ' ટેક્ટિક્સ ' અમલમાં મૂકે !

કોઈ પણ ગંભીર પક્ષ માટે, એમાંય સમાજમાં ધરમૂળનાં પરિવર્તનો લાવવા કટિબદ્ધ થયેલા પક્ષ માટે ' થિયરી, ' ' સ્ટ્રેટેજી, ' અને ' ટેક્ટિક્સ 'નો આંતરવિરોધ, લાંબાં વરસો લગી ચાલુ રહે તો, કાર્યમાં સમગ્ર દર્શનનું દૈવત ન જ આવે. ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ વિશે આજ લગી બન્યું છે આવું.

પરિસ્થિતિને પરવશ બની ઘસડાવાથી ' પ્રગતિ ' તો થાય, પણ આજના સ્ફુટનિકયુગી અતિ ઝડપી પરિવર્તનશીલ જગતમાં આવી ' પ્રગતિ 'નું શું મૂલ્ય ? એટલું જ નહિ પણ, ' થિયરી, ' ' સ્ટ્રેટેજી ' અને ' ટેક્ટિક્સ 'નો આંતરવિરોધ કોઠે પડી જતાં નેતાઓમાં ' તકવાદ ' અને ' પોપટિયા વિદ્યા ' અને છેક નીચેની કક્ષાના કાર્યકર્તાઓમાં ' ઢસરડા વૃત્તિ ' આવે એમાં શી નવાઈ ?

* આ ઉપરાંત કમ્યુનિસ્ટ પાર્ટીનું એક નવું આંતરવિરોધાત્મક લક્ષણ તાજેતરમાં દેખાવા માંડયું છે:

વર્ષો લગી તેમનું મુખ્ય કાર્ય કેવળ વિરોધપક્ષ તરીકે રાજ્યારૂઢ પક્ષ સામે ટીકાત્મક વલણ ધારણ કરવાનું રહ્યું હતું. પરંતુ કેરલ પ્રધાનમંડળ બાદ, રાજ્યારૂઢ પક્ષ તરીકે પોતાને માથે જવાબદારી આવી પડતાં, વાસ્તવિક વ્યવહારુ માર્ગ કાઢવાની ફરજ ઊભી થઈ. પરિણામે એક નવો આંતરવિરોધ જાગ્યો:

* પોતાનું પ્રધાનમંડળ ન હોય ત્યાં લગભગ જૂની વૃત્તિ: સત્તારૂઢ સામા પક્ષ સામે તરેહતરેહના આદર્શો, સૂત્રો અને માગણીઓ રજૂ કરવાનો; અને એન કેન પ્રકારે ખખડાવી મૂકવાનો* અને પોતે સત્તામાં હોય ત્યાં એથી ઊલટું વલણ !

પરંતુ—ધીમે ધીમે કરતાં, બની રહ્યું છે એવું કે, સત્તારૂઢ થયેલ પ્રાદેશિક કમ્યુનિસ્ટ પક્ષની નેતાગીરી(કેરલમાં શ્રી. નંબુદ્રીપાદની નેતાગીરી)ની દૃષ્ટિમાં, સમજમાં અને વ્યવહારમાં ઝડપી અને સાચી દિશાનું પરિવર્તન થઈ રહ્યાનું દેખાય છે.

० ભારતીય સમસ્યાઓ અને તેના એક ભાગ તરીકે કેરલની સમસ્યાઓ પરત્વેનું શ્રી. નંબુદ્રીપાદનું વલણ આ બાબતમાં ઝીણવટથી નિરીક્ષણ કરવા જેવું છે.

સમાજવાદ માટે ' કમ્યુનિસ્ટ પાર્ટીની સરમુખત્યારી 'ની સમજ અંગે, રાજ્યસત્તાના સ્વરૂપ અંગે, બીજી પંચવર્ષીય યોજનાની કટોકટીનાં કારણો અંગે, કૉંગ્રેસ સાથેના સંબંધ અંગે, ભૂદાનપ્રવૃત્તિની સમજ અને તે પરત્વેના વલણ અંગે વગેરે વગેરે બાબતમાં પાર્ટીમાં આંતરવિરોધો ધીમે ધીમે દેખાઈ રહ્યા છે. અલબત્ત, અને મોટું રૂપ આપી પક્ષમાં તડાં પડવાની કોઈની આશા કે ગણત્રી હોય તો તે અસ્થાને છે. સવાલ તો એ છે કે કેરલાનું રાજ્યારૂઢ જૂથ તેમના નક્કર અનુભવો દ્વારા શું આખી પાર્ટીને ધીમે ધીમે સાચી દિશામાં ઘસડી શકશે ?

* કે પછી, પાર્ટી—કેન્દ્રના ' હલ્લા ' સામે એક બાજુ ઝૂકતા જશે, ને બીજી બાજુ ' વ્યવહાર 'માં કરતા હોય એમ કરતા રહી ' આંતરવિરોધ ' ને ઊલટો ગુંચવશે !

* અલબત્ત, ઉદ્દામ વિરોધ પક્ષના આવા વલણને સતત ધુત્કારી કાઢનાર, અને તેમની સાચી ફરિયાદો, માંગણીઓનેય ' દસ્કેરણી ' કહી બદનામનાર કૉંગ્રેસપક્ષ પોતે જ હવે કેરલામાં એવો જ માર્ગ અખત્યાર કરી ફરી પાછો સત્તાસ્થાને આવવા મથી રહેલ છે!

૪

કેરલામાં સત્તામાં આવતાં વેંત કમ્યુનિસ્ટ પ્રધાનમંડળ સામે ' લૉ એન્ડ ઑર્ડર 'નો-સવાલ નક્કરસ્વરૂપે આવી ઊભો.

શુદ્ધ માર્કસવાદી સમજ મુજબ તો, રાજ્યસત્તા એટલે એક વર્ગના હાથમાં બીજા વર્ગોનું દમન કરવાનું સાધન : પછી તે મૂડીવાદી લોકશાહી હોય તો, ૯૫ ટકા ઉપર ૫ ટકાની સરમુખત્યારી; અને કામદાર—કમ્યુનિસ્ટ રાજ્યસત્તા હોય તો ૯૫ ટકાની ૫ ટકા ઉપરની સરમુખત્યારી.

અને શુદ્ધ પરંપરાગત રીતે સત્તામાં આવનાર કમ્યુનિસ્ટો પોતાના હસ્તકની રાજ્યસત્તાનો ઉપયોગ ખુલ્લી રીતે ૯૫ ટકાના પક્ષે અને લાભમાં, ૫ ટકાને દબાવી દેવા માટે કરે તો એમાં ' ઐતિહાસિક કર્તવ્યતાનું પાલન ' કર્યાનો સંતોષ અને ગૌરવ લઈ શકે.

ત્યારે શ્રી. નંબુદ્રીપાદ નવી પરિસ્થિતિને પચાવી જઈ નવા યુગને અનુરૂપ માર્કસવાદી ભાષ્ય કરતા હોય એમ લખે છે :

નવું માર્કસવાદી ભાષ્ય

" રાજ્યતંત્રનું કાર્ય આ કે તે વર્ગને અથવા વર્ગોના સમૂહોને મદદ કરવાનું નથી; પરંતુ ખુલ્લાં ઘર્ષણો અને હિંસક કૃત્યો રૂપે વિકસતા તેમના પરસ્પર -સંબંધને રોકવાનું છે; અને આ રીતે, એક સામાજિક -આર્થિક રચનામાંથી બીજીમાં શાંતિમય માર્ગે પરિણમવામાં મદદરૂપ બનવાનું છે. " (ન્યુએજ વીકલી : ૬-૪-૫૮)

મૂડીદારો અને મજૂરોના ઝગડા અંગે લખતાં તેઓ આ વાતની સફાઈ કરે છે :

" પોલીસે મજૂરોની તરફેણમાં મૂડીદારોની વિરુદ્ધ દરમ્યાનગીરી કરવાની હોઈ જ ન શકે. "

શું શ્રી નંબુદ્રીપાદનું પ્રધાનમંડળ ' રાજસત્તા અને પોલીસની બિનદરમ્યાનગીરી 'ની નીતિનો સ્વીકાર કરીને શ્રમજીવી જનતાનો ' સુધારવાદી ' દ્રોહ કરી રહ્યું છે ? હરગિઝ નહિ. શ્રી નંબુદ્રી બીજી જ વાત ઉપર ઝોક મૂકે છે:

* ભારતમાં આજે હવે કમ્યુનિસ્ટ રાજસત્તાનેય શ્રમજીવીઓની પ્રગતિ માટે રાજ્યદંડની સીધી દખલની જરૂર રહી નથી. બલ્કે—

" મજૂરોએ પોતાનાં સંગઠનોની તાકાત જમાવી, પ્રજાના દરેક વર્ગ અને જૂથનાં સ્ત્રીપુરુષોની શુભલાગણી જીતી લઈને જ પોતાનો માર્ગ કાઢવાનો છે. " (ન્યુએજ ૬-૪-૫૮)

એનો અર્થ એ કે,

* રાજસત્તા શ્રમજીવીઓને પોતાનાં સંગઠનો જમાવવાની તક આપશે, તેમને બીજા વર્ગોની પ્રીતિ જીતી લેવાની સગવડ આપશે, અને વિરોધી વર્ગો એમની સામે પ્રતિકારો ઊભા કરી હિંસક વાતાવરણ ખડું ન કરે એટલી તકેદારી રાખશે. આથી વધારે કરવાની જરૂર નથી.

શ્રી નંબુદ્રી આનું રહસ્ય સમજાવતાં લખે છે :

" અમારી સરકાર શાંતિમય માર્ગે સામાજિક આર્થિક સત્વશીલ પરિવર્તનો લાવવા માગતી હોઈ બળનો (રાજ્યસત્તાનો ?) ઉપયોગ શાંતિના હથિયાર તરીકે કરે છે. "

એટલે કે વર્ગસંઘર્ષને ઉગ્ર બનાવવાને બદલે, વર્ગસંઘર્ષ ખુલ્લી રીતે સામાજિક સમતુલા ઉથલાવી પાડે તેટલી હદે વિકસતો રોકવા માટે,—શાંતિ અને સમતુલા જાળવવા માટે રાજ્યનો ઉપયોગ કરવાનો રહેશે. કોઈ પણ રાજ્ય—પછી તે મૂડીવાદી હો કે કમ્યુનિસ્ટ—તેની જવાબદારી સામાજિક સમતુલા જળવાઈ રહે એ જોવાની છે જ, અને તેનો સ્વીકાર શ્રી નંબુદ્રીએ સુયોગ્ય રીતે કર્યો છે-કારણ કે તેમને એ વાતની પ્રતીતિ થઈ રહી છે કે—

આજે હવે વર્ગવિગ્રહ એવી કક્ષાએ પ્રવેશ્યો છે કે જ્યારે ' બળ ' નથી તો ક્રાંતિની દાયણ, કે નથી તો ક્રાંતિનું ' સંચાલક તત્ત્વ. '

ટૂંકમાં, વર્ગસંઘર્ષ મટયો નથી; પરંતુ 'પરિસ્થિતિ' પલટાઈ ગયું છે ને એથી એનું 'સ્વરૂપ' પલટાઈ રહ્યું છે. લોકશાહીનો રાહ અપૂર્વ એવો નિર્ણાયક વળાંક લઈ રહ્યો છે.

૫

ભારતીય કમ્યુનિસ્ટો શું ખરેખર આને અનુરૂપ કાર પલટો કરી શકશે ? આ સવાલ ભારતીય કમ્યુનિસ્ટોને નવી રીતે પડકારરૂપ છે.

[માનવ : મે ૫૮

જો કમ્યુનિસ્ટોએ બીજા પ્રદેશ-રાજ્યોમાં સત્તામાં આવવું હશે અને ટકી રહેવું હશે તો કાયાપલટ કર્યા વિના તેમનો છૂટકો જ નથી. એક વાર ઝડપી સશસ્ત્ર ક્રાંતિ દ્વારા સત્તામાં આવ્યા પછી 'બેફામ સરમુખત્યારી' નભી શકે. પરંતુ લોકશાહી રાહે એ શક્ય નથી.

કેરલાનો અખતરો અને 'વધુ કેરલા'ના અનુભવો કમ્યુનિસ્ટોને સિદ્ધાન્ત, વ્યૂહ અને કાર્યપદ્ધતિની દિશોમાં વધુ ને વધુ એકવાક્યતા સાધવા પ્રેરશે? અલબત્ત જો તેમાં તેઓ નિષ્ફળ જશે તો કમ્યુનિસ્ટો જગતભરમાં સર્વ-પ્રથમ એવી અને અનોખી તકને નાલાયક નીવડેલા ઇતિહાસને ચોપડે નોંધાશે.

અને જો ભારતના કમ્યુનિસ્ટો નવી પરિસ્થિતિને ઓળખીપારખી, ક્રાંતિકારી ધ્યેયની વફાદારી અદા કરવા કાયાપલટ કરવામાં સફળ થશે તો,—

(૧) તેમની પોતાની કાર્યક્ષમતા અનેકગણી વધી જશે; અને ભારતીય બંધારણની મર્યાદામાં જ કાર્ય કરવાનું હોઈ બીજાઓનેય પ્રમાણમાં 'દુશ્ચિંતાઓ' ઓછી રહેશે.

(૨) બીજી બાજુ, આ પ્રક્રિયા દરમ્યાન તેમના પરિવર્તનના પ્રકાશમાં, બીજા પ્રદેશોમાં સત્તારૂઢ રહેલાં કોંગ્રેસ પ્રધાનમંડળો યા બીજાં જે કોઈ હોય તેમને પોતાની કાયાપલટ કરવાની ફરજ પડશે.

એટલે કે—રાજ્યારૂઢ સૌ પક્ષોએ સ્વસુધારાની હોડમાં ઊતરીને વધુ ને વધુ પ્રજાભિમુખ બનવું પડશે—સત્તામાં આવવા અને સત્તામાં ટકી રહેવા.

* અને ત્યારે જ—ભારતની લોકશાહી વધુ સબળ અને સત્ત્વશીલ બનશે તથા ઝડપી અને આવેશમયી સશસ્ત્ર ક્રાંતિના વાતાવરણથી સાવ ઊલટા, એટલે કે, શાંતિમય સહઅસ્તિત્વના સિદ્ધાન્તના માર્ગે, 'લોકશાહી કાર્યક્ષમતાની હરીફાઈ'ના માર્ગે ભારતનો વિકાસ કરવામાં કોંગ્રેસ અને કમ્યુનિસ્ટ તથા ઇતર ઉદ્દામ બળો અત્યંત નજીક આવી, સહિયારા **પરસ્પર પૂરક** પુરુષાર્થમાં મંડી શકશે.

આ પ્રક્રિયાનો સૌથી મોટો ફાયદો એ થશે કે પ્રજામત વધુ ને વધુ જાગ્રત થશે, અને તમામ પક્ષો ઉપર ચાંપતી નજર રાખવા સાવધ અને કાબેલ બનશે. ઘમંડી સત્તાખોર યા આપખુદ વલણ ભાગ્યે જ તે સહી લેશે.

* અને ત્યારે—

ભારતનો નવો અખતરો—કોઈ પણ એક પક્ષની એકધારી એકહથ્થુ સત્તા વિના, સમાજવાદને વરેલા સૌ પક્ષો (કોંગ્રેસ, કમ્યુનિસ્ટ, સમાજવાદી અને ઇતર)ના સહિયારા પ્રયાસો દ્વારા, સમાજવાદની પ્રાપ્તિનો અપૂર્વ અખતરો સફળ થશે—જગત આખા માટે સહઅસ્તિત્વનો નવો તત્ત્વબોધ જાગી જશે.

[અનુસંધાન પાન ૩૦૨થી]

નૂપુર :

શ્રીમતી એની સરૈયા

પ્રકાશક : એની ચન્દ્રકાન્ત સરૈયા

પ્રાપ્તિસ્થાન : એન. એમ. ત્રિપાઠી પ્રાં. લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

મૂલ્ય : રૂપિયા બે.

પ્રભુવિષયક રતિ અને પ્રીતિનાં ગીતો અને ભજનોનો પ્રવાહ ગુજરાતમાં તો અસ્ખલિત રીતે વહેતો રહ્યો છે. કંઈ કેટલાય નામી-અનામી ભક્તકવિઓએ અને કવિભક્તોએ એને પોષ્યો છે. શ્રીમતી એનીબહેન સરૈયા એ પરમ્પરાને જાળવી રાખે છે. એમનાં ગીતોમાં મીરાંનો ઉત્કટ વિરહતલસાટ નથી જણાતો, નરસિંહની અનેરી પ્રેમખુમારી નથી જણાતી કે નથી જણાતી દયારામની પ્રેમમસ્તી, પણ એમનાં ગીતોમાં પ્રેમભક્તિનો આછેતરો સમથળ પ્રવાહ વહી રહેલો અચૂક જણાય છે. એ તો 'મનમાં મલકતાં' ગાઈ ઊઠે છે :

હો, કોણ મને હૈયે ગૂંથી ફૂલમાળમાં ?
હો, કોણ મને નચવી ગયું એના તાલમાં ?

એમનાં ગીતોમાં શ્રુતિનું અને લયનું માધુર્ય છે. અનેક ગેય ઢાળોમાં એમની ગીતસરવાણી વહી રહી છે. પણ ક્યારેક પ્રાસને ખાતર એનું લાલિત્ય જોખમાયું છે; 'આજે મારા ગાને ગાજે, તુજ બંસીનો સૂર બાજે!' અહીં 'ગાજે' અને 'બાજે'માંથી એક શબ્દ ઓછો કરવો જોઈએ એમ નથી લાગતું? ક્યાંક ક્યાંક લયની ક્ષતિઓ રહી ગયેલી છે. એ આંતરપ્રાસ જાળવવાના પ્રયત્નને કારણે થયેલું લાગે છે. ગીતોમાં એકની એક પંક્તિનું પુનઃપુનરાવર્તન પણ ક્યારેક ખૂંચે તેટલી હદે થયેલું છે.

આખો સંગ્રહ જોતાં કહેવું જોઈએ કે એકવિધતાનુ અને ભાવલાલિત્યને બાજુએ મૂકીને ગીતરસતાની રમતમાં લપસી પડવાનું ભયસ્થાન પણ એમની સામે રહેલું છે. બાકી તો 'પ્રિયતમ હે!' 'નિમંત્રણ,' 'બેન નવલા ફાગે' અને 'કોણ નચવી ગયું?' જેવાં વધુ ગીતો બહેન સરૈયા આપે એવું હું ઇચ્છીશ. —અ. બ્રહ્મભટ્ટ

નવાં પુસ્તકો

[જે પ્રકાશકો દર મહિને પોતાનાં નવાં પુસ્તકોની યાદી તથા નકલ મોકલશે તેની નોંધ અવલોકન ઉપરાંત પ્રકાશકના નામ સાથે અહીં લેવાશે]

નવલકથા–નવલિકા :

સિદ્ધાર્થ	નીરૂ દેસાઈ અનુવાદિત	૨–૫૦
સુષુમણા	ઉમાકાન્ત	૬–૭૫
હીરોશીમા	(અનુવાદિત)	૧–૭૫
અનોખી પ્રીત	ભોગીલાલ ગાંધી	૨–૭૫
નવું લોહી	પન્નાલાલ પટેલ	૪–૭૫
પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ	પન્નાલાલ પટેલ	૪–૦૦
પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ	ઈશ્વર પેટલીકર	૪–૦૦
મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ	ચુનીલાલ મડિયા	૪–૦૦
બ્રોકરની શ્રેષ્ઠ વાર્તાઓ	ગુલાબદાસ બ્રોકર	૪–૨૫
વિશ્વસાહિત્યની શ્રેષ્ઠ નવલિકાઓ	ભોગીલાલ ગાંધી	૫–૫૦
ઝાકળનાં મોતી	મહંમદ માંકડ	૩–૦૦
કંકુનાં પગલાં	છોટુભાઈ પટેલ	૩–૦૦
ધર્મભગિની	ચુનીલાલ વ. શાહ	૫–૨૫

બાળ–કિશોર–પ્રૌઢ સાહિત્ય

ભૂદાનપોથી	સુભદ્રા ગાંધી	૦–૩૧
સંતોની જીવનપ્રસાદી :	મુકુલભાઈ કલાર્થી	૦–૩૭
ઈસપ અને તેની વાર્તા ૧-૨-૩	મગનભાઈ દેસાઈ દરેકના	૦–૪૦

નવસર્જન પ્રકાશન : વડોદરા

યમ સામે લડાઈ (આરોગ્ય) (૨૯ ચિત્રો)	સુભદ્રા ગાંધી	૧–૫૦
શયતાનના સામ્રાજ્યમાં (કીટાણુકથા) (૪૫ ચિત્રો)	,,	૨–૫૦
વિજ્ઞાનયાત્રા (વિજ્ઞાનનો વિકાસ) (૨૩ ચિત્રો)	,,	૨–૫૦
પહેલું સુખ તે જાતે નર્યા : (શ્રી. બબલભાઈ મહેતાના આમુખ સાથે)	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૧–૫૦
પૂછડાં ને પાંખો (પશુ પંખીનો પરિચય)	,,	૩–૦૦
ગાડામાંથી મોટર (વિજ્ઞાન વિકાસ)	હર્ષવદન શાહ	૧–૦૦
હોડીમાંથી આગબોટ	,, ,,	૧–૫૦

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ

મનમોજી	ગુણવંતરાય આચાર્ય	૨–૦
નારી	સૌરીન્દ્ર મોહન	૩–૦
પસંદગીનો પતિ	દામુ સાંગાણી	૪–૦
છૂપી તરસ	મોહનલાલ ધામી	૩–૦
નદી નગરીઓ	ઓલીઆ જોશી	૫–૫
છીપનાં મોતી	કુમારી સ્વપ્નસેવી	૩–૦

રૂપમ્ પ્રકાશન મંદિર : મુંબઈ

લેનિન (ડેવિડ શબ)	૨–૭
મરેલાં માનવી (જ્યોર્જ ઓરવેલ)	૬–૦
કુંવારી વહુ (ધીરેન્દ્ર દેશી)	૨–૫

રૂપાયતન : જુનાગઢ

અલ્લાહના બંદાઓ (ભા. ૧) 'અંજુમ' વાલોડી	૦–૩૫
આવા બાપુ હતા (ભા. ૧/૨) રતિલાલ અનિલ દરેક	૦–૫૦

*

માનસદર્શન (મનોવિજ્ઞાન) રમણલાલ પટેલ (ત્રિપાઠી)	૩–૫૦
સ્ક્રેપ બુક વો. ૭ (ગો. મા. ત્રિ.) ,,	૨–
કવિ દયારામ : નવલરામ (ગો. મા. ત્રિ.) (ફાર્બસ સભા)	૩–
એક લહર (ધીરૂબહેન પટેલ)	૩–
ત્રીશી પછીનો દાંપત્ય પ્રેમ (મેરી સ્ટોપ્સ) (મમતા)	૩–
સમ : છૂટાછેડા : વારસો (ગટુભાઈ ધ્રુ) (પરિચય પુસ્તિકા)	૦–૧
વર્તમાન પત્ર કેવી રીતે તૈયાર થાય છે ? (રવિશંકર મહેતા) ,,	૦–૪
ધરતીનું સૌંદર્ય (પ્રબોધ મહેતા) (સ્મૃતિ સાહિત્ય)	૩–૧
પંડિતશ્રી ગટુલાલજી (જીવન અને સાહિત્ય) ડૉ. ચી. મ. વૈદ્ય	૪–૦
ઇતિહાસની આરસી (ભગવાનલાલ લ. માંકડ)	૧–૦

માનવ

સંપાદન : ભોગીલાલ ગાંધી

૧૯૫૮
જૂન

વાર્ષિક રૂ. ૭-૦૦ છૂટક ૦-૬૨ ન.પૈસા (૧૦
[પરદેશ શિલિંગ ૧૫]



સંચાલન :
ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ
રામજી મંદિરની પોળ : વડોદરા
ફોન : ૨૪૫૦


Alembic
ગ્લાયકોડિન
ટર્પ વસાકા
ગ્લાયકોડિન-ટર્પ-વસાકા
લેવાથી તમારી ખાંસી
જલદી મટી જશે
ખાંસી માટે તે ઘરગથ્થુ દવા છે.
એલેમ્બિક કેમીકલ વર્કર્સ કું. લિ., વડોદરા-૩.
૫૦ મી જયન્તિ ૧૯૦૭–૧૯૫૭
GTV-57-28
GV

For Favour of Review & Exchange

ચેતન

ચેતન પ્રકાશન

* જગતના તથા ભારતના સુવિખ્યાત સાહિત્યકારોનાં તથા મૌલિક લેખકોનાં નવલકથા, નવલિકા, નાટક, કાવ્ય, વિવેચન, સાહિત્ય, પ્રવાસ, જીવન તથા રાજકારણનાં ઉચ્ચ કોટિનાં પ્રકાશનો માટે ચેતન પ્રકાશન ગૃહની સૌ વિદ્વાનો-વિવેચકોએ પ્રતિષ્ઠા કરેલી છે.

નવસર્જન પ્રકાશનનાં—

* બાળકો અને પ્રૌઢો માટે સંસ્કાર અને શિક્ષણદૃષ્ટિએ નીવડેલું સાહિત્ય—શિશુ સંસ્કાર શ્રેણી, સમાજશિક્ષણ શ્રેણી, વિજ્ઞાન વિકાસ શ્રેણી, ઇતિહાસ પરિચય શ્રેણી, અમર બાળવાર્તા શ્રેણી, અમર શિષ્ટકથા શ્રેણી, કિશોર-સાહસ શ્રેણીનાં (ભારતીય સરકાર તથા મુંબઈ સરકારની હરીફાઈ ઓમાં પારિતોષિક પ્રાપ્ત કરનાર પ્રકાશનોની સંસ્થાનાં) પુસ્તકોના મુખ્ય વિક્રેતાઃ

ચેતન બુકસ્ટોલ

* ગુજરાતીમાં પ્રાપ્ય તમામ સંસ્થાઓનાં જૂનાં-નવાં પ્રકાશનોના વિક્રેતા: દરેક શાળા, સંસ્થા, લાયબ્રેરી તથા કુટુંબ અને વ્યક્તિને વધુમાં વધુ કમિશને પુસ્તકો પૂરાં પાડનાર ગુજરાતની પુસ્તકવિક્રેતા સંસ્થા.
* અંગ્રેજી (અભ્યાસી ગ્રંથો તથા સસ્તી પોકેટ, પેપર-બેક આવૃત્તિઓ) તથા હિંદી (હિંદી ગ્રંથ રત્નાકર, રાજકમલ, રાજપાલ, સસ્તા સાહિત્ય મંડળ, એશિયા પબ્લિશીંગ વગેરે)નાં ઉત્તમ ચૂંટેલાં પુસ્તકોના વિક્રેતા.
* ભારતીય કેન્દ્ર સરકારના પ્રકાશન વિભાગનાં—રાષ્ટ્રીય સાહિત્યના ઉત્તમ ગ્રંથો
  —પરિચય પુસ્તિકાઓ
  —આલ્બમો, ચિત્રકાર્ડ વેચનાર
* રશિયન અને ચીની પ્રકાશન વિભાગ તરફથી પ્રગટ થયેલ
  —સાહિત્ય, વિજ્ઞાન, સિદ્ધાંતના ગ્રંથો
  —બાળકો માટે રંગબેરંગી અત્યંત સુંદર સસ્તી પુસ્તિકાઓ

વડોદરામાં મુખ્ય રસ્તા ઉપર બુકસ્ટોલનું નવું સરનામું
ચેતન બુકસ્ટોલ : કોઠી કચેરી સામે : વડોદરા

★

ચેતન પ્રકાશન ગૃહ પ્રાઇવેટ લિમિટેડ
રામજીમંદિરની પોળ : વડોદરા

ઉપરાંત—

વાર્ષિક રૂ. ૭
[છૂટક ૬૨ ન. પૈ.]

માનવજીવનની સર્વાંગી અનુભૂતિ વ્યક્ત કરવા મથતું
માનવીની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું માસિક

ગુજરાતનું મોડર્ન રિવ્યુ બનવા મથતું— **માનવ**

માનવ
માનવીય ચિંતન પ્રગટાવતું માસિક

૧૯૫૮ : જૂન

લવાજમ ભરવાનાં સ્થળ

આર. આર. શેઠની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨
રૂપમ પ્રકાશન મંદિર, ૬૯/૮૭ કેથેડ્રલ સ્ટ્રીટ, ભૂલેશ્વર : મુંબઈ–૨
એ. આર. શેઠની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨
એન. એમ. ત્રિપાઠી એન્ડ કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨
એન. એમ. ઠક્કરની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨
ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયા ચકલો : સુરત
(શાખા–ચૌટાપુલ : સુરત)
નટુ શાહ, ગોલવાડ : નવસારી
પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., ટાવર રોડ : વડોદરા
વિજય સ્ટોર્સ, સ્ટેશન રોડ : આણંદ
વલ્લભવિદ્યાનગર કન્ઝ્યુમર્સ કો-ઑપ. સ્ટોર્સ, વલ્લભવિદ્યાનગર
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો : અમદાવાદ
ભારતી સાહિત્ય સંઘ લિ., ગાંધી રસ્તો : અમદાવાદ
સ્વાશ્રી પ્રકાશન ગૃહ, રિલીફ રોડ : અમદાવાદ
વિજય સ્ટોર્સ, ૬૨ કલ્યાણ ભુવન, રિલીફ રોડ : અમદાવાદ
લોકમિલાપ કાર્યાલય, પો. બો. ૨૩ : ભાવનગર
એલ. કે. મેઘાણી, ૧૪, અમરતલા સ્ટ્રીટ : કલકત્તા–૧
*
પ્રાણ ફોટોગ્રાફર, પો. બો. ૨૬૯, નાઈરોબી (ઈ. આફ્રિકા)

છૂટક મળવાનાં સ્થળ

ગાંધી ન્યુઝપેપર સરવીસ, ટીનવાલા બિલ્ડિંગ, ત્રિભુવન રોડ : મુંબઈ
કાંતિલાલ સોમાલાલ ખત્રી, રતનપોળ નાકા : અમદાવાદ

વડોદરા

એ. જી. વોરા એન્ડ કું., ટાવર પાસે : વડોદરા

લવાજમના દર

વાર્ષિક રૂા. ૭–૦૦
[પરદેશ ૧૫ શિ.]
છૂટક નકલ ૬૨ પૈસા

•

માનવ(માસિક) મનીષા(ત્રૈમાસિક)
ભેગું લવાજમ રૂા. ૧૨

•

માનવ
[માસિક]

જાહેરખબરના દર

પૂ.ઠું ૨જું રૂા. ૮૦
પૂ.ઠું ૩જું રૂા. ૮૦
પૂ.ઠું ૪થું (બે રંગમાં) રૂા. ૧૨૫
સાદું આખું પાનું રૂા. ૬૦
સાદું અડધું પાનું રૂા. ૩૫

•

લોકશાહી કલ્યાણરાજ્ય (ડેમોક્રેટિક વેલ્ફેર સ્ટેટ) :

ભારતના પ્રજાતંત્રે સમાજવાદી સમાજરચનાનો રાહ અપનાવ્યો છે. આ રાહ કેવો કપરો છે. તેનાં કેટલાંક આંતરિક કારણો આપણે અગાઉ (માનવ : એપ્રિલ) જોઈ ગયા છીએ; પરંતુ અનેકવિધ સમસ્યાઓ અંગે વધુ વિગતે ને નક્કર રીતે વિચારણા કરવી રહે છે.

સૌથી પ્રથમ તો, ભારતીય સમાજવાદનું સ્વરૂપ હજી ઘણે અંશે આછું-પાતળું અને ધૂંધળું હોઈને, તેના સ્વરૂપના ઘડતરની અનેક સમસ્યાઓ વિચારવી જરૂરી છે.

ખાસ તો, ભારતમાં હજી મૂડીવાદી અર્થતંત્રનું વર્ચસ્વ છે; અને ત્યાંથી આપણે સમાજવાદી મંઝિલે પહોંચવાનું છે.

વળી, ભારતે તેનો રાહ લોકશાહી અને શાંતિપૂર્વકનો સ્વીકાર્યો હોઈને, મજલ ધીરજપૂર્વક અને લાંબી કાપવાની રહે એય સ્વાભાવિક છે.

ભલે ભારત કોઈનું અંધ અનુકરણ કરવા નથી ઇચ્છતું, પણ ભારત જાગતિક ઐતિહાસિક દૃષ્ટિએ કાંઈ નકરી કોરી પાટી ઉપર કક્કો માંડતું નથી એ પરિસ્થિતિની હકીકત છે.

આવી પાર્શ્વભૂમિમાં, જગતભરના અનેક અખતરાઓનો અભ્યાસ અને અન્વેષણ કરતા રહી, ભારતે પોતાનો રાહ સાવધાનીપૂર્વક કાપવો રહે છે—સમાજવાદનું મૂળ લક્ષ્ય અટવાઈ ન જાય એ રીતે.

અહીં દુનિયાના અનેક દેશો—ભારતમાંય જેની ચર્ચા થઈ રહી છે તે ' કલ્યાણરાજ્ય '(વેલ્ફેર સ્ટેટ)ની આલોચના રજૂ કરી છે.

અલબત્ત, શીર્ષકમાં જ, ' કલ્યાણરાજ્ય 'ને બદલે ' લોકશાહી કલ્યાણરાજ્ય ' એવો શબ્દપ્રયોગ કર્યો છે, તે ' વેલ્ફેર સ્ટેટ 'ના અતિ ચવાયેલા ' વેલ્ફેરિઝમ 'થી જુદો ઝોક આપવાના હેતુથી.

*

૧

' કલ્યાણરાજ્ય 'ના ઉદ્‌ભવનો ઇતિહાસ બહુ જૂનો અને લાંબો છે.

૧૮મી સદીમાં વૈજ્ઞાનિક ક્રાંતિએ બ્રિટન આદિ દેશો માટે ઔદ્યોગિક વિકાસનો અપૂર્વ ઉઘાડ શક્ય બનાવ્યો. ૧૭૮૦થી ૧૮૬૦ના આઠ દાયકા દરમ્યાન તો બ્રિટનના ઉદ્યોગો વરાળયંત્રોથી ધમધમી ઊઠ્યાં અને બ્રિટન વિશ્વનું મહત્ત્વનું ઔદ્યોગિક કેન્દ્ર બની ગયું : ઉત્પાદન અપરંપાર વધ્યું. ને સાથોસાથ બજારો વિકસ્યાં. ઔદ્યોગિક ક્રાંતિએ કૃષિક્રાંતિને પણ જન્મ આપ્યો; અને તેને પરિણામે જેઓ યંત્રખેતીમાં ટકી ન શક્યા તેઓ સર્વહારા બની શહેરોના નવા ઉદ્યોગોમાં શ્રમજીવીરૂપે કામમાં આવ્યા.

આ વિકાસની બીજી બાજુઓ જવા દઈએ; પણ આજની દૃષ્ટિએ વિચારતાં, તે યુગની ઔદ્યોગિક યંત્ર-ટેક્‌નિક તો ઘણી પછાત જ ગણાય. એટલે વધુ ને વધુ ઉત્પાદનની જરૂરિયાત(બજારો વિકસતાં)ને પહોંચી વળવા માટે મજૂરોનું કારમું શોષણ જ મુખ્ય સાધન હતું. આ શોષણે કાળો કેર વર્તાવી દીધો હતો : ૮થી ૧૦ વર્ષનાં બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓને સુદ્ધાં ૧૨થી ૧૪ કલાકની મજૂરી: કામની અને કારખાનાંની અંદરની સ્થિતિય અસહ્ય બની ગઈ હતી.

અને આ બધાને માથે, ખુદ રાજ્યસત્તાનો સીધો ટેકો શોષક માલિકોને પક્ષે હતો; બીજી બાજુ, મજૂર સંગઠનો સામે છેક ૧૮૨૪ સુધી કાયદેસરની મનાઈ ચાલુ હતી. (અલબત્ત, ૧૭૫૨થી ગુપ્ત અને અર્ધગુપ્ત મજૂર સંગઠનો શરૂ થઈ જ ગયાં હતાં.) સંગઠનો કાયદેસર થયા પછીય, એમના અધિકારોને નિરંતર નિષ્ફળ તથા મર્યાદિત બનાવવા

માલિકો અને રાજ્યસત્તાના સતત પ્રયાસો રહ્યા હતા. અને Laissez Faire સિદ્ધાન્તની આડશમાં સૌ નાગરિક સમાન અને સ્વતંત્ર ગણાતા છતાં, 'માસ્ટર ઍન્ડ સરવંટ ઍક્ટ' અનુસાર, છેક ૧૯મી સદીની છેલ્લી પચીસી સુધી તો કાનૂની અસમાનતાય અસ્તિત્વમાં હતી!

આમ છતાં, ઔદ્યોગિક વિકાસની એક અનિવાર્ય જરૂરિયાત એ હતી કે કામદારોનો સ્વેચ્છાપૂર્વકનો સહકાર વધુ ને વધુ પ્રમાણમાં મેળવવો. આમાંથી જ ક્રમશઃ એક એવી જરૂરિયાત ઊભી થઈ કે કામદારોની હાલતમાં સુધારો કરતા રહેવું.

આ પ્રકારની 'સામાજિક નીતિ'નો આરંભ ૧૮૩૦ પછી થયો; અને ત્યારે તેના ટેકામાં એવી દલીલ રજૂ કરવામાં આવતી હતી કે 'સરકારની નિપુણતા અને શાણપણની પાકી કસોટી જ એમાં રહેલી છે કે આમજનતાની પરિસ્થિતિમાં કેવો સુધારો થયો છે.' તો વળી એવું કારણ પણ રજૂ થતું કે, 'કામદારોની નાદુરસ્તીને કારણે સમાજને એટલું બધું વેઠવું પડે છે, (એટલે કે ઉત્પાદન એટલું ઓછું થાય છે) કે, એના કરતાં એમની તંદુરસ્તી માટે નાગરિકોને થોડો કરવેરો વધારે આપવો પડે તે સારું.

'કામદાર-કલ્યાણ' પાછળનાં મુખ્ય બળો

વિક્ટોરિયન-યુગમાં, આ રીતે, 'કામદાર-કલ્યાણ'નો વિચાર સ્વીકારાવા માંડ્યો હતો. ધીમે ધીમે કરતાં, 'કામદારોની સ્થિરતા' અને 'કામદારોની કાબેલિયત'ની દિશામાં વિકાસ થયો. આ પ્રક્રિયા દરમિયાનનાં મુખ્ય બળો હતાં—નવા ઉદ્યોગપતિની પોતાની જરૂરિયાત (અલબત્ત, જરૂરિયાત છતાં, ના છૂટકે જ સ્વીકારવું પડે એટલું જ સ્વીકારવાની વૃત્તિ, અને એને કારણે તથા પરંપરાને કારણે વિરોધવૃત્તિય), માનવતાની દૃષ્ટિએ કેટલાક સમાજસુધારકોની જેહાદો, અને પાછળથી વધતી જતી કામદારોની જાગ્રતિ-સંગઠનો અને સંઘર્ષો.

ધીમેધીમે કરતાં, યુરોપના અનેક દેશોનાં કામદાર-આંદોલનો પોતાના રોજ-બ-રોજના હક્કની આર્થિક લડતોમાંથી ઘણાં જ આગળ નીકળી ગયાં હતાં—રાજકીય સ્વરૂપનાં બની ગયાં હતાં. સને ૧૮૮૦ પછીનાં વર્ષોમાં તો, ખાનગી મૂડીના અધિકારોને જ પડકાર પાડનારા સંઘર્ષો દેખાવા લાગ્યા.

ઔદ્યોગિક ક્ષેત્રે આગે બઢેલા બ્રિટનમાં, પ્રથમ વિશ્વ-યુદ્ધનાં વરસો દરમ્યાન (૧૯૧૮), જાગ્રત કામદારોએ 'લેબર ઍન્ડ ધ ન્યુ સોશિયલ ઑર્ડર' દ્વારા જમીન, રેલ્વે, કોલસા, વીજળી-શક્તિ વગેરે ઉદ્યોગોમાં સહિયારી માલિકીની ઘોષણા કરી અને ખુદ વિન્ટસન ચર્ચિલ જેવાએ તેના ચૂંટણી-આંદોલનમાં રેલ્વેના રાષ્ટ્રીયકરણની માંગ આગળ ધરી.

રાજકીય રીતે વિચારતાં—

ચાર્ટિસ્ટ આંદોલને (૧૮૩૮) કામદારોના રાજકીય અધિકારોની પ્રખર લડત આરંભી દીધી હતી, અને જો એકવાર સાર્વત્રિક મતાધિકાર સ્વીકારાઈ જાય તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરવાની અટલ આશા તેના આગેવાને (ઓ'કોનોર) પોતે જ જાહેર કરી હતી.

૧૮૬૭માં શહેરી કામદારોના અમુક હિસ્સાને મતાધિકાર પ્રાપ્ત થયો અને ૧૮૮૪માં ખાણીઆ મજૂરો અને ખેત-મજૂરો મતાધિકારી બન્યા.

'કલ્યાણરાજ્ય'ના રાહે—

આ અરસામાં જ કલ્યાણરાજ્યની કલ્પનાને ઘાટ મળવા લાગ્યો. તે અરસાના (૧૮૮૫) ઉદ્દામ કામદાર નેતા ચેમ્બરલેને સીધો સવાલ પૂછ્યો: "મૂડીદારો જે સલામતી ભોગવી રહ્યા છે તેના બદલામાં તે શા ટુકડા (Ransom) નાખશે?"

કામદારોની સલામતીનો કાર્યક્રમ હવે વ્યવસ્થિત રૂપે રજૂ થવા લાગ્યો અને સામાજિક ન્યાયને નામે રાજ્યે અમુક જવાબદારીઓ પોતાને માથે લેવાની ફરજ સ્વીકારાઈ. શરૂઆતમાં ફૅક્ટરીના સંચાલનના કાયદાઓ, કામદારોના કામ-સમય અંગેના કાનૂનો તથા કામદારો માટે ઘરની સગવડ, કૉમ્પેન્સેશન, વગેરે ઉપર ઝૂંબેશો ઊપડી. પછી તો કામદારોનાં બાળકોના શિક્ષણથી માંડી વૃદ્ધાવસ્થાની રાહત તથા તંદુરસ્તી અંગેના હક્કોનો પણ તેમાં સમાવેશ થયો અને સરકારે (લિબરલ સરકાર) તેને માન્યતા આપવી પડી:

* ૧૯૦૬: શાળામાં જતાં બાળકોને ખોરાક.
* ૧૯૦૭: શાળામાં જતાં બાળકોની દાક્તરી તપાસ.
* ૧૯૦૮: વૃદ્ધાવસ્થાનું પેન્શન.
* ૧૯૦૯: અમુક ઉદ્યોગોમાં 'ઓછામાં ઓછા અમુક પગાર'નો સ્વીકાર.

[માનવ : જૂન '૫૮

* ૧૯૧૧ : બીમારી વખતે તથા બેકારી વખતે રાષ્ટ્રીય પાયા પર સગવડો—સંરક્ષણ.

આ પછી, યુદ્ધનાં વરસો (કૉન્ઝરવેટિવ સરકાર) દરમ્યાન–

૧૯૧૮ : માતા અને બાળકોના કલ્યાણનો કાનૂન.

૧૯૧૯ : ઘર અને નગર યોજનાનો કાનૂન.

૧૯૨૦ : વધુ વિશાળ ધોરણે બેકારીનો વીમો [વાર્ષિક ૨૫૦ પૌંડ (આશરે ૩૨૦૦ રૂ.) થી ઓછી રકમ કમાનાર દરેકને લાભ].

૧૯૨૬ : શિક્ષણની વધુ સગવડો.

૧૯૨૭ : કામદારોની વિધવાઓ, અનાથો અને વૃદ્ધોને વધુ રાહત.

૧૯૩૪ : વધુ વિશાળ બેકારી-કાનૂન.

આ પછી ત્રીજો મહત્ત્વનો સમય મજૂર સરકારનો. તે દરમ્યાન–

* ૧૯૪૫થી ૧૯૫૦ દરમ્યાન લગભગ **તમામ** વસ્તીને લાગુ પડે તેવા સામાજિક સલામતીના લાભો. દા. ત. શાળા છોડવાની ઉંમરમાં વધારો, વિશાળ પાયાની તંદુરસ્તી માટેની સગવડો, નિવૃત્તિનું પેન્શન અને કુટુંબ-એલાવન્સ માન્ય થયાં.

* આમ ધીમે ધીમે કરતાં સરકારને માથે સમગ્ર નાગરિકોની સલામતીની જવાબદારી આવી પડી, અને ૧૯૦૦માં સરકાર વસ્તીના માથાદીઠ જેટલી રકમ ખર્ચતી હતી તેનાથી ૧૨ ગણી રકમ ૧૯૫૦માં ખર્ચતી થઈ ગઈ.

'કલ્યાણયોજના'નાં ક્ષેત્રો અસાધારણ રીતે વિસ્તરતાં ગયાં, રકમો પણ વધતી ગઈ.

લેબર પાર્ટીનો દાવો

લેબર પાર્ટીના અગ્રણી અર્થશાસ્ત્રી મિ. ક્રોસલેન્ડે તો ૧૯૪૫–૫૦ના મુખ્ય ફેરફારો અંગે દાવો પણ કરી દીધો:

" ...મૂડીવાદનાં મુખ્ય લક્ષણો અદૃશ્ય થયાં છે: જેવાં કે, ખાનગી માલિકીની અબાધિત સત્તા, બજારની અસરોને વશ વર્તનારી સમસ્ત આર્થિક જિંદગી, નફાનું જ મહત્ત્વ, સરકારની તટસ્થતા, આવકનું વિશિષ્ટ Laissez Faire–વિભાજન અને વ્યક્તિગત અધિકારોની જીવનદૃષ્ટિ. આ કાંઈ જેવો તેવો પલટો નથી; આ તો ઐતિહાસિક મુખ્ય પલટો છે."

આ છે કલ્યાણરાજ્યનો ટૂંકો ઇતિહાસ.

૨

કલ્યાણરાજ્યનો આ ઇતિહાસ મુખ્યત્વે બ્રિટનનો છે અને સર્વસાધારણ રીતે, બ્રિટનના સમાજવાદીઓ ક્રૉસલેન્ડની માન્યતાને ટેકો આપતા આવ્યા છે. છતાં ૧૯૧૧માં જ્યારે લોઈડ જ્યૉર્જે નવી ઇન્સ્યુરન્સ યોજનામાં સૌનો ફરજિયાત ફાળો હોવો જોઈએ એવો સિદ્ધાન્ત તારવ્યો, ત્યારે મેકડોનાલ્ડ સહિતની લેબર પાર્ટીના બહુમતીએ એને ટેકો આપ્યો હોવા છતાં, ઉદ્દામ સમાજવાદીઓ—જ્યૉર્જ લેન્સબરી તથા સ્નોડેને એનો વિરોધ કર્યો અને કારણોમાં જણાવ્યું કે:

૧. સામાજિક સુધારાના ખર્ચનો બોજો હમેશાં, વધુ બોજો ઉપાડી શકે તેવા ઊંચી આવકવાળાને ખભે જ નખાવો જોઈએ, અને નહિ કે, જેમને રાહત આપવા માટે સુધારા અમલમાં આવે છે તેમનેય માથે.

૨. કલ્યાણયોજનાઓ માટેનાં નાણાં ઊંચી આવકવાળા ઉપરના ટૅક્સ દ્વારા ઉઘરાવવાને બદલે સૌને માથે એ બોજો વહેંચી નાખવાથી આવા સુધારાનો મૂળ હેતુ જ. -સમાજમાં સંપત્તિ જે અસમાન રીતે વહેંચાય છે, તેની પુનર્વહેંચણી કરવાનો મૂળ હેતુ જ—માર્યો જાય છે.

૩. આવી રીતે પુનર્વહેંચણી દ્વારા સમાનતા સ્થાપવી એ તો રાજ્યનું કર્તવ્ય છે અને આજ પૂર્વે તેણે સ્વીકારી પણ લીધેલું છે. હવે પીછેહઠ યોગ્ય નથી.

અલબત્ત, આ વિરોધ પણ જતે દિવસે ભુલાઈ ગયો... અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન 'બિવરેજ–યોજના' રૂપે કલ્યાણ-યોજના રજૂ થઈ, ને તેને લેબર પક્ષ તરફથી સાર્વત્રિક આવકાર મળ્યો.

અમેરિકન પંડિત ફ્રિન્ડલે વીવરે ૧૯૪૮–૪૯નાં બે વર્ષના અનુભવ–આંકડા–અભ્યાસ અંતે આ પદ્ધતિની ઝાટકણી પણ કાઢી; તેણે તો જણાવ્યું કે આડકતરા કર દ્વારા, અંતે તો જે કામદારવર્ગને મદદ કરવાની યોજના છે તેને જ માથે મોટો બોજો પડે છે!

અલબત્ત, બીજા અનેક અભ્યાસ અને સંશોધન બાદ જે વાતનો મોટે ભાગે સ્વીકાર થયો છે તે એ છે કે—

* જો સમગ્ર રાષ્ટ્રીય ખર્ચને નજર સામે રાખવામાં આવે તો, કલ્યાણયોજનાઓ દ્વારા સારા પ્રમાણમાં 'ધનિકો પાસેથી ગરીબો પાસે' સંપત્તિની પુનર્વહેંચણી થાય તો છે જ.

* અમુક હદે આવકનું levelling પણ સિદ્ધ થાય છે.

આ વાત સ્વીકારી લઈએ તોય, અને સમાજવાદમાંય આવકની 'સમાનતા'નો સિદ્ધાન્ત, ક્યાંય કોઈએ રજૂ કર્યો નથી, એ સાચું હોવા છતાં, આવકની બહોળી અસમાનતા, અને તેથીય વિશેષ મહત્ત્વનો સવાલ જંગી મિલકતની ખાનગી માલિકીનો છે.

સમાજવાદની ગુરુકિલ્લી બીજી ગમે તે હોય, પણ આ એક તો છે જ કે, તેનાથી પાયાના આર્થિક સંબંધોમાં ધરમૂળથી ફેરફાર થાય છે? કે ચાલુ મૂડીવાદી અર્થરચનાના માળખાની અંદર જ થોડીક બાંધછોડ થઈ રહી છે?

મિલકતની બાબતમાં ખુદ ક્રોસલૅન્ડના જ આંકડા પૂરતા છે:

મૃત્યુ વેરા દ્વારા તથા ધનિકો ઉપરના અસાધારણ કર દ્વારા જે કાંઈ પરિવર્તન થયું હશે તે પછીય ઇંગ્લૅન્ડ અને વેલ્સમાં પરિસ્થિતિ આ પ્રકારની છે:

* ૨૫ વરસથી વધુ ઉંમરના નાગરિકોનો ૧% ૧૫% ટકા જેટલી તમામ ખાનગી મિલકતનો માલિક છે.

* ૧૦% ૮૦%ના માલિક છે;

* ૬૧% માત્ર બાકી ૫% ના માલિક છે! તો વળી, 'કુલ ચોખ્ખી મિલકત'નો ('ટોટલ નેટ વર્થ'નો વિશાળ અર્થ કરી તેમાં નાણાં, સિક્યુરિટી, સ્થાવર મિલકત, ખાનગી ધંધો, લોન, મોટર વગેરેનો સમાવેશ કરીએ તો) અંદાજ કાઢીએ તો પ્રજાના ⅓ ભાગ પાસે ૦ મિલકત હતી; ⅔ પાસે માત્ર ૧૦૦ પૌંડથી ઓછી હતી; ૫% પાસે ૫૦૦૦ પૌંડથી વધુ હતી.

● ટૂંકમાં, કલ્યાણરાજ્યના અખતરાએ ઓછી આવકવાળાને જીવનની સર્વસાધારણ વિટંબણા અંગે રાહત આપી છે. પરંતુ, ખાનગી મિલકતના સંબંધો ઉપર કોઈ નિર્ણાયક અસર કરી નથી તથા કલ્યાણરાજ્ય પોતે સમાજવાદી રચના નથી એ સ્પષ્ટ છે.

કલ્યાણયોજના: પ્રત્યાઘાતનું સાધન?

આ ઉપરથી બ્રિટનના કેટલાક ઉદ્દામો એવી માન્યતા ધરાવતા રહ્યા છે કે, વિક્ટોરિયન યુગની દાનધરમની (Ransoms)ની યોજનાઓ અને આજના કલ્યાણરાજ્યની યોજનાઓ મૂળભૂત રીતે સરખી છે. એટલું જ નહિ પણ, આવી કલ્યાણયોજનાઓ દ્વારા જે રાહતો આપવામાં આવે છે તે મુખ્યતઃ મૂડીવાદી અર્થસ્વામીઓની પોતાની સુરક્ષા માટેની તરકીબ છે. તો વળી, બીજે હાથે કલ્યાણયોજનાઓ શ્રમજનતાને ભ્રમમાં રાખવાનું સાધન બની જાય છે. પરિણામે સમાજવાદ અને કલ્યાણરાજ્ય વચ્ચે ઊલટો ગૂંચવાડો ઊભો કરી સમાજવાદના રાહને રૂંધવામાં આવે છે અને સમાજવાદ માટેની લડતની ધાર બુઠ્ઠી બનાવી દેવામાં કારણરૂપ થાય છે. ટૂંકમાં, કલ્યાણરાજ્ય પ્રત્યાઘાતનું સાધન છે.

૩

કલ્યાણરાજ્યના આર્થિક–સામાજિક પ્રયોગ અંગે જર્મન વિદ્વાન લિબરલ પ્રોફેસર વિલ્હેલ્મ રોપકેએ સખત ટીકા કરતાં લખ્યું છે:

બ્રિટનમાં જ્યારે બિવરેજ–પ્લાન રજૂ થયો હતો ત્યારે તો, જગતનાં વિશાળ વર્તુળોમાં એને ઉમળકાપૂર્વક આવકાર મળ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ બાદ અનેક નિષ્ણાતોએ સુદ્ધાં માની લીધું હતું કે જગતને જો કોઈ રાજ્યપદ્ધતિ અનુકૂળ થવાની હોય તો તે કલ્યાણરાજ્યની થશે. પરંતુ એ ભ્રમ હવે તૂટી ગયો છે.

આનાં કારણો સમજાવતાં રોપકેએ 'કલ્યાણરાજ્ય'નું 'મૂળ' પોતાની રીતે સમજાવ્યું છે:

* પ્રાક્–ઔદ્યોગિક સમાજ અને વર્તમાન અતિવિકસિત ઔદ્યોગિક સમાજના વચગાળાના સમયમાં સામાજિક ધારા છિન્નભિન્ન થઈ રહ્યા હતા; અને હજારો નાગરિકો અસહાય સર્વહારાની દશામાં મુકાઈ ગયા હતા; આ આર્થિક અસમાનતાએ જન્માવેલ 'અવકાશ' પૂર્યા વિના છૂટકો ન હતો. વિશાળ જનસમૂહો માટે, જીવનનિર્વાહ અર્થે, સહાયની નક્કર જરૂરિયાત જાગી ગઈ હતી; અને રાજ્યની સહાય વિના તે પૂરી કરવી અશક્ય હતી—ત્યારે, કલ્યાણરાજ્યનો વિચાર સ્થાનયુક્ત હતો.

લાકડાના પગ

પરંતુ તેના કહેવા મુજબ, આ વચગાળો ક્યારેનો

વટાવાઈ ગયો છે; છતાં રાજ્ય એક પછી એક નવાં નવાં ક્ષેત્રોમાં 'કલ્યાણરાજ્ય'નો વિસ્તાર ચાલુ રાખીને લોકોને ઊલટા પાંગળા બનાવી રહેલ છે. અમુક વખતે ટેકારૂપે 'લાકડાના પગ' હોવા જરૂરી ગણી શકાય; પરંતુ એને સદાકાળ જીવતરનો ટેકો બનાવી દેવામાં કાયમી પંગુતાનો શાપ જ રહેલો છે.

બલ્કે જેનાં મૂળ આર્થિક સામાજિક-વિકાસની અમુક કક્ષાની તાત્કાલિક કટોકટીમાં રહેલાં હતાં, તેને હવે પ્રગતિને નામે નવાજવામાં કેવળ અયોગ્યતા જ રહેલી છે.

આમ કહી તે કલ્યાણરાજ્યના ત્રણ તબક્કા ગણાવે છે: (૧) દરેકની આવક અનુસાર વ્યક્તિગત સહાયનો તબક્કો, (૨) ફરજિયાત રાષ્ટ્રીય ઇન્સ્યુરન્સનો તબક્કો, (૩) જીવનના દરેક ક્ષેત્રે રાજ્યાશ્રિત સલામતીનો હાલનો તબક્કો.

પરિણામ? રોપકે કહે છે—

* ધીમે ધીમે કરતાં કલ્યાણરાજ્યે જીવનનાં એકેએક ક્ષેત્રને પોતાની બાથમાં લઈ નાગરિકના સહજ આચાર ઉપર આક્રમણ કર્યું છે; પરિણામે અતિ કેન્દ્રિત રાજ્યવ્યવસ્થાના જંગી તંત્રમાં માનવી અને સાચા માનવીય હૂંફવાળો નાનકડો સમાજ દૂર ને દૂર ફેંકાઈ ગયો છે! દરેક નાનીમોટી બાબતમાં, કેન્દ્રિત રીતે રાજ્યે જ વિચારવાનું અને વર્તવાનું! બાહ્ય 'સુખાકારી' વધતી જાય છે, પણ સામૂહીકરણના બિનંગત રાજ્યતંત્રના ઘટાટોપમાં વ્યક્તિજીવન ગૂંગળાઈ મરે છે. પરિણામે ડર તો એવો છે કે માણસો પુરુષાર્થનું મૂલ્ય જ વિસરી જશે ને સમાજજીવનનો ઝરો જ મંદ પડી જશે!

સમાનતાની કિંમત!

અને કલ્યાણરાજ્ય આવકની બહોળી અસમાનતા દૂર કરવાનો દાવો કરે છે. પણ તેની કિંમત તે શી માગે છે? એકહથ્થુ રાજ્યસત્તા! પરિણામે દરેક દેશની પ્રજા પોતપોતાની સરકારરૂપી ભરવાડના હાથમાં ભયગ્રસ્ત ઘેટાં જેવી ઓશિયાળી બની જીવ્યા કરે!

રોપકેએ કરેલી આ વાતો ખૂબ જ વિચારવા જેવી છે; તેમણે દર્શાવેલાં પરિણામોની શકયતા ખરેખર ચિંતનીય છે અને 'કલ્યાણરાજ્ય' જો માનવ-વ્યક્તિત્વને રુંધનારું ઉચ્છેદનારું અમાનવીય યંત્ર જ બની જવાની શકયતા હોય તો એથી તો જાગી જવું આવશ્યક છે જ.

પરંતુ રોપકે તેમના મંતવ્યને અંતે લગભગ એક જ વાત ઉપર ફરી ફરી ઝોક આપે છે કે, કલ્યાણરાજ્યની પદ્ધતિ તો 'લૂંટણિયા કરવેરા દ્વારા ગાયને દોહી કૂતરીને પાવા જેવી છે.'

એટલે કે, એક જણના પુરુષાર્થ(ઊંચી કમાણી કરનાર)ની કમાણી છીનવી લઈ બીજાને (નાની આવકવાળાને) આપીને તેને બિનજવાબદાર બનાવવા જેવું થાય છે! આથી તો (ગરીબ) લોકોને પારકાની કમાણી ઉપર જીવવાની આદત પડી જશે, જવાબદારીની ધાર જ બુઠ્ઠી બની જશે!

દા. ત. કોઈ ભૂખે મરતો હોય અને અન્નની અપેક્ષા રાખે તે તો ઠીક; પણ ઘર, સામાન, ખોરાક, રેફ્રિજેટર અને મોટરસાયકલ સુદ્ધાં માટેની રાજ્યાશ્રિત સહાય તરફ મીટ માંડે છે—અરે, તે એને પોતાનો જન્મસિદ્ધ અધિકાર લેખતો થઈ ગયો છે!

અને, આ બધું કરવું હોય તો આવા 'કલ્યાણરાજ્ય' ઉપર બહારથી પ્રતિબંધો મૂકવાની રોપકે સલાહ આપે છે!

૪

દલીલો કેવી વિચિત્ર રીતે સામસામી અથડાય છે!

* લિબરલ વિદ્વાન રોપકે સ્થાપિત હિતની ચિંતા કરે છે: ગાયને દોહી કૂતરીને પાવાની ફિકર કરે છે અને બીજે છેડે, રાજ્યતંત્રના કેન્દ્રીકરણનાં ભયંકર અમાનવીય પરિણામો સામે ઉગ્ર શબ્દોમાં ખબરદારી ઉચ્ચારે છે. તથા 'કલ્યાણ-રાજ્ય' સામે મોરચો સજવા સૂચવે છે!

* તો, ઉદ્દામો પ્રગતિ અને સમાજવાદનો રાહ ઢૂંઢે છે, પરંતુ મૂડીવાદી તંત્રના માળખામાં જન્મ લેતાં મૂડીવાદ-વિરોધી વિકાસને જ ઉવેખે છે; અને કલ્યાણરાજ્ય સામે મોરચો સજે છે!

નવ-વિચારણાના મુદ્દા

આજ પૂર્વેની આવી પાર્શ્વભૂમિ છે. પરંતુ તાજેતરમાં જે અનેક ક્ષેત્રે નવ-વિચારણા* થઈ રહી છે, તેમ આ વિષયે પણ શરૂ થઈ છે. હજી આ નવ-વિચારણા તેની પ્રાથમિક દશામાં છે. પરંતુ તેણે વિચારવા માટે રજૂ કરેલા મુદ્દા આ પ્રકારના છે:

* બ્રિટન અમેરિકામાં માર્ક્સિસ્ટ વર્તુળોમાં ('ધ ન્યુ રીઝનર' તથા 'પોલિટિકલ એફેર્સ' વગેરે)

* વિક્ટોરિયન યુગના 'ભીખના ટુકડા'ની સ્થિતિ, અને પ્રથમ વિશ્વયુદ્ધ પછી, કામદારોની જાગ્રતિ અને લડતોએ માલિકો માટે ઊભી કરેલી જબરજસ્તીની પરિસ્થિતિ : આ બે વચ્ચે આભજમીનનો ફેર છે. એક જમાનાનું 'દાનના ટુકડા'નું સ્વરૂપ ઘણે અંશે પલટાઈ ગયું છે: શ્રમજનતાના જન્મસિદ્ધ અધિકારોનું રૂપ હવે તેણે ધારણ કર્યું છે. રાષ્ટ્રીય મૂડીવાદી સરકારો દ્વારાય એ અધિકારો હવે એટલી હદે સ્વીકારાઈ ચૂક્યા છે કે પીછેહઠ કરવી તેમને માટે શક્ય રહી નથી.

* જેમ જનસંઘર્ષો દ્વારા લોકશાહીને પંથે અનેક વિજયો વરસોને અંતે, **ક્રમશઃ** પ્રાપ્ત થયા છે: (પુખ્ત મતાધિકાર, પાર્લામેન્ટરી લોકશાહી વગેરે) અને તેના જોરે **ક્રમશઃ** સમાજવાદ સુધીની મજલ કાપવાનું હવે શક્ય દેખાય છે; તેમ, જે આર્થિક સુધારા અને અધિકારો આમજનતાએ સંઘર્ષો દ્વારા, વરસો દરમ્યાન, **ક્રમશઃ** હાંસલ કર્યા છે; તે આમ-પ્રજાના હાથમાં સમાજવાદી રાહનાં હથિયાર બનવાની શક્યતા ધરાવે છે.

એટલે કે, કલ્યાણરાજ્યની પ્રગતિ આજની પરિસ્થિતિમાં સમાજવાદી કૂચ માટે નક્કર અને વિધાયક સાધન બની શકે છે.

* એમ માની લેવું કે, કેમકે મૂડીવાદીઓએ આ અધિકારોનો સ્વીકાર કરી લીધો છે, માટે તે સુધારા તેમનાં હિતના સંરક્ષક હોવા જોઈએ, તો તે પરિવર્તનની પ્રક્રિયાને ન સમજવા બરાબર છે. ઉત્પાદનનાં સાધનો અને મૂડી ઉપરની ખાનગી માલિકી હઠાવવામાં ન આવે ત્યાં લગી સમાજવાદનો પાયો નખાયો નથી એ વાત સ્વીકાર્યા પછીય, એમ માનવું કે રાષ્ટ્રનાં અર્થતંત્રનું મુખ્ય માળખું મૂડીવાદી સ્વરૂપનું છે, માટે એની અંદરના તમામ ફેરફારો મૂડીવાદી તરફી અથવા મૂડીવાદી મર્યાદાના જ હોવાના; અને મૂડીવાદવિરોધી નહિ જ; તો તે વૈચારિક જડતા છે.

* બલ્કે, વર્ષોના સંઘર્ષો અંતે, શ્રમજનતાના **જન્મસિદ્ધ અધિકાર** તરીકે, જે હક્કોનો સ્વીકાર રાજ્યસત્તાને કરવો પડ્યો છે, તે સિદ્ધાન્તો અને ભાવનાઓ પોતે જ એક જબરજસ્ત વૈચારિક બળ બની ગયેલ છે, અને એટલે જ કલ્યાણરાજ્યમાંથી સમાજવાદમાં જવાનો માર્ગ સરળ બન્યો છે.

* કલ્યાણરાજ્યની દિશામાં આજ સુધીની પ્રગતિ અને સિદ્ધિ સમાજવાદના ધ્યેયને ભ્રમમાં નથી નાખતી; સવાલ વિચારવો એ રહે છે કે, કલ્યાણરાજ્યથી આગળ કેમ વધવું. આજ પૂર્વે આ પ્રક્રિયા તરફ જે સૂગ અને ઉપેક્ષા બતાવવામાં આવી છે તે જ ઊલટી જોખમકારક છે.

એક વધુ સ્પષ્ટતા

ઉપરના મુદ્દાઓ રજૂ કર્યા પછીય એક મહત્ત્વની વાત ઉમેરવી જરૂરી છે કે—

* રાજ્યતંત્ર શુદ્ધ મૂડીવાદી અર્થતંત્રવાળું હો, મિશ્ર અર્થતંત્રવાળું હો (કલ્યાણરાજ્ય સહિત), અથવા સમાજવાદી અર્થતંત્રવાળું હો; પરંતુ જ્યાં લગી ઔદ્યોગિક કેન્દ્રીકરણનું આજનું સ્વરૂપ ચાલુ રહેશે ત્યાં લગી એનાં અતિ ગંભીર અમાનવીય ત્રિવિધ દુષ્પરિણામો ચાલુ રહેવાનાં જ: દા. ત.

૧. ઔદ્યોગિક કેન્દ્રીકરણના પાયા ઉપર સમસ્ત અર્થતંત્રનું કેન્દ્રીકરણ અને તેનાં દુષ્પરિણામ.

૨. સમસ્ત અર્થતંત્રના કેન્દ્રીકરણનાપાયા ઉપર રાજ્યકેન્દ્રીકરણ—રાજ્યસત્તાનું અને રાજ્યસત્તાને ઘાટ આપનાર રાજકીય પક્ષોનું કેન્દ્રીકરણ અને તેનાં દુષ્પરિણામો.

૩. અર્થતંત્ર અને રાજ્યતંત્રના કેન્દ્રીકરણને કારણે વ્યક્તિગત માનવીય સ્વાતંત્ર્ય, વિકાસ અને નૈતિક મૂલ્યોનું રુંધામણ અને તેનાં દુષ્પરિણામ.

અલબત્ત, કેન્દ્રીકરણની સામે back to nature સ્વરૂપના વિકેન્દ્રીકરણની ચર્ચા અસ્થાને છે. પરંતુ વિજ્ઞાનનાં છેલ્લામાં છેલ્લાં સંશોધનોએ આજ પૂર્વેની ઔદ્યોગિક યુગની સિદ્ધિઓ જાળવીને જે નવી શક્યતાઓ સરજી છે તે દિશામાં સાચી લોકશાહીના પાયા ઉપર વિકેન્દ્રિત સમાજવાદી સમાજરચના જરૂર વિચારવા જેવી છે.

બે આંબા

બે આમ્રવૃક્ષો ગ્રીષ્મમાં
સાવ પાસે આ ઊભેલાં
આકરા તાપેય નવલાં પાન ફુણ્યાં એકનાં
શતમુખે હરિયાળું શું મલકી રહ્યાં !
છાંયડો ક્યાંય આપે તે છતાં
કોઈ પંખીની નજર એના ઉપર ક્યાં ?

ગર્ભિણી નારી શું બીજું આમ્રવૃક્ષ
હાડ શી દેખાય એની ડાળખી
શાય ગંભીર ભાવથી ફળથી ઝૂકેલી
ડોલતી ઝાઝું નહીં, ને ડોલતી ઝાઝું નહીં
ડોલાવતી, બોલાવતી કંઈ કોયલોને
ગાય ત્યાં તડકો, અહીંયાં કંઠ !
—નવલાં શિશુનો !

—રતિલાલ—અનિલ

બે આંબાની વાત : એક છે મ્હોર્યા વિનાનો; બીજો છે મ્હોરેલો. એકે નવાં પાન ધારણ કર્યાં છે, શીળી છાંયડી પણ આપી છે, છતાંય કોઈ પંખી એ તરફ ફરકતું નથી. આંબો વણમ્હોર્યો છે ! બીજામાં જીવનનો સોહાગ છે. એની બધીય જીવનશક્તિ સુવાસિત બની છે. કોકિલનો—એનાં નવજાત, શિશુનો કંઠ ત્યાં રેલે છે ! સર્વત્ર નવસર્જન વરતાય છે

તાવડી તપી ?

રોટલો નાખ્યા પહેલાં
રાંધનારી નાંખતી જલતું ટીપું
તાવડી ગૈ શું તપી ?

એક મરમી વેણ નાખી એમ શું કોઈ તપાસે ?

—રતિલાલ—અનિલ

એ અહીં છે કે ?

એ અહીં છે કે ?
કોક તો ભલા, જાવ મને કહી   એ અહીં છે કે ?
સંશય મને એટલા માટે :
પવન તણી આ ધોરી વાટે
પ્રાણ તણા મુજ ઘટના સૂના ઉજ્જડ આરસઘાટે
એક લહર આવે છે લુખ્ખી, અવરે ચંદન ગ્હેકે !
—એ અહીં૦

આયખું વસંતરાગે રાતું,
જોબનનું સર ફાટુફાટુ,
નિર્દય નંદના છોરા ! કોની સંગ ફરે છે ? ક્યાં તું ?
તટને તોડી નાખે એવી લહરી લહરી ડહેકે !
—એ અહીં૦

કંસ તણા આ ગામને છેડે
પ્રાણ ઝૂરે છે એહના નેડે,
'હૈયાકારાગારે કીસન, તુજને કુબ્જા તેડે'
આટલી મારી વાત અરે, જઈ કોણ એ નિષ્ઠુરને કહે ?
—એ અહીં૦

પ્રાતથી માઝમરાત પરંતુ
પંથ તો જાણે બિસનો તંતુ,
કાચે તાંતણે તૂટું તૂટું હિય, અરે, લટકંતું !
કોક એને પૂછી આવો: "મારે જીવવું અહીં શા ટેકે ?"
—એ અહીં૦

—ઉશનસ્

કુબ્જાનો કૃષ્ણ માટેનો વિરહ અને એ વિરહની વેદનામાંથી ઊઠેલો તલસાટ—પ્રણયભાવને વ્યક્ત કરવાની પારંપરિક કેવી સુંદર યુક્તિ ! અહીં કવિ એમની આગવી રીતે કુબ્જાની વિરહવેદનાને વ્યક્ત કરે છે: એમાં વિરહની વેદનાયે છે ને વિરહનો-વિલાસેય છે !

હવે તો—

નહીં કે અંધારે સતત વીંટળાયાં નભ-ધરા,
નહીં કે કાંટા ને કળણ જ રહ્યાં માર્ગ સઘળે;
અહીં ના એવું કે સુહૃદ સહગામીય ન મળે,
ન કે સ્વપ્નાંઓના અહીં કદી ઠ્રવે ના મધુઝરા.

ભલે ક્યારે ક્યારે, પણ સુખદ તો જીવન વહ્યું;
કદી તો આવે છે પળ, જગત જ્યારે પ્રિય લહ્યું;
હૃયું ખોલીને એ અનુભવ રહે છે ગત સદા,
અરે, તોયે આજે કયમ બધું દિસે માત્ર ભ્રમણા?

નથી આશા-શ્રદ્ધા; શિથિલ નત ગાત્રે જગત કાં
રહ્યું ઝંખી આજે મરણ? કયમ આજે, સ્પુટનિકે
દિશાઓ ખોલી કૈં સુભગ નવલી, તોય સહુને
કઠે બોજો કોઈ અકળ અવળો, આગળ જતાં?

હવે તો ભેદતો આંધી આવે ગાંધી ધરાતલ;
સાંપ્રતે ભાવિની શ્રદ્ધા તો જ રોપાય મંગલ.

—હસિત બૂચ

આ સૉનેટમાં કવિ સાંપ્રત(વર્તમાન)ની દારુણતાનું વેધક ચિત્ર ઉપસાવવા મથે છે. પણ આરંભમાં જ કવિ કહે છે, તેમ બધે જ કાંટા ને કળણ નથી, હમેશાં જ અંધારું હોતું નથી. ગત(અનુભવ)ની સ્મૃતિ આવો વિશ્વાસ આપે છે. તોય સાંપ્રત એવો વિષમ છે, કે અનુભવની સ્મૃતિ ભ્રમણા જણાય છે! અરે, સ્પુટનિક યુગના આશાભર્યા ઊંબરા પર ઊભું રહેલું જગત આગળ જાય તેમ તેમ અવળા બોજથી પીડાતું લાગે છે! તેથી જ, વ્યાકુલ કવિહૃદય સાંપ્રતની આંધીને ભેદી આવે એવા કોઈ ગાંધીની (મહાન કર્મવીર આત્માની) પ્રતીક્ષા કરે છે. કવિને મતે ત્યારે જ, ભાવિની મંગલ શ્રદ્ધા વિષમ સાંપ્રતમાં રોપી શકાશે!

સાંપ્રતની વેદના વચ્ચેય કવિની માનવશ્રદ્ધા જ અહીં અભિવ્યક્તિ નથી પામતી?

શ્રાદ્ધ

—ને લાઈકાનું શબ બળ્યું. (આત્મા ક્યાં?)
શ્રાદ્ધ?
માનવી ચાંદા ઉપર લઈ શ્વાસ,
કરશે શ્રાદ્ધ:

—રતિલાલ—અનિલ

ભૂખડી આગ

પૂછતા પ્યાર:
કહ જિંદગી કૈસે દિન રાત ગુજારે?
બોલી:
રચ રચ મેંહદી તેરે સપને સાધ સિંગારે.

પૂછતા પ્યાર:
કહ જિંદગી કૈસે યે અઁખિયાઁ રોયીં?
બોલી:
લખ લખ લડિયાઁ[1] તારોં કી અલકોં બીચ પિરોયીં.

પૂછતા પ્યાર:
કહ જિંદગી ક્યોંકર જલી સરપત[2] બાલી?[3]
બોલી:
સારી આતિશ જલને કી ઢક ચંગેર[4] છિપાલી.

પૂછતા પ્યાર:
કહ જિંદગી કૈસે યે બરસ બિતાયે?
બોલી:
ચાહત કો તેરી મૈંને સૂલીં કે ભેસ સજાયે.

પૂછતા પ્યાર:
કહ જિંદગી કહીં કુછ ઘાવ પુજાયે?[5]
બોલી:
સુહાગ સાલૂ યે ઉસી રંગ મેં રંગવાયે.

પૂછતા પ્યાર:
કહ જિંદગી કુછ પરલોક સંજોયા?
બોલી:
ચાહત કી દુખ-દારુ મેં તેરી જીજાન સમોયા.

—અમૃતા પ્રીતમ

---

૧ હાર
૨ કુશના ઘાસ જેવાં પાંદડાંવાળી વનસ્પતિ
૩ ઘાસનું ઝૂંડું
૪ વાંસની છાબડી
૫ રુઝાયા?

આખરે...એ માનવીનું જીવન બે છેડેથી બળતી મીણબત્તીની માફક બળીને ખાખ થઈ ગયું !

માનવઅશ્રુના મહેરામણનું અનોખું મોતી

—સુભદ્રા ગાંધી

પર્લબકની નવલકથાનું નામ છેઃ 'ભગવાનનાં માણસ': (ગોડ્સમેન). નવલકથા વાંચતાં પહેલી જ લાગણી થાય છે તે એ કે—આવડી મોટી વિશાળ દુનિયામાં, આંખ ને બુદ્ધિને આંજી દે એવા હજાર હજાર ઉપક્રમો ચાલ્યા કરતા હોય છે. ટચૂકડા સ્વાર્થની આસપાસ ગુંચવાતા માણસે સુખનું સ્વર્ગ રચવા જતાં દુનિયાને માનવભંગારના—કૂડા કરકટનો ઉકરડો બનાવી મૂકેલ છે. આ બધાની વચ્ચે ફરી ફરીને સોના ને કથીરનો ભેદ પારખનાર લેખિકાએ તેની નવલકથાઓમાં જે પાત્રો ઉપસાવ્યાં છે, તે ઓછાં અદકાં નથી.



ધન વૈભવ ને સત્તાના તેજથી અંજાઈ ને એની પાછળ દોટ દેનારી દુનિયામાં માણસમાં રહેલી માનવતા અવહેલના ને હાંસીને પાત્ર ઠરી છે. પરંતુ દુનિયાની દૃષ્ટિને ધૂંધળી બનાવી મૂકતા એ ઝગમગાટ સામે આંખો માંડી જોઈ શકે, ને પોતાનો આગવો રસ્તો કાઢી શકે એવા માનવતાના તેજે ઝળહળતાં પાત્રો લેખિકાએ અહીં સરજ્યાં છે.

વડીલનો વડલો

એમાંનું એક ને અદકું પાત્ર તે કલેમ મિલર. એ કલેમની આસપાસ—એને જન્મ આપનાર માતાપિતા, ફૂલાં ભાઈ બેન, શુભેચ્છક વડીલો ને છેવટે જીવનની સાચી સહચરી-મિત્ર-ક્ષણુ ક્ષણુનો સથવારો પુરાવનાર પત્ની—વગેરેનાં પાત્રો પણુ એવાં મુલાયમ દિલનાં ને નિષ્પાવંતાં વિંટળાઈ વળેલાં છે, જાણે કાંટાળા રાનમાં ઊગી નીકળેલ ફૂલ.

કલેમનો બાપ છે પૂરો આસ્તિક ને ભેખધારી, આપણા નરસિંહ મહેતા શી ભક્તિ ને શ્રદ્ધા ધરાવનારો. એ માને છે કે, ધરતીના પટ પર જ્યાં દુઃખનો અંધકાર વધારે ગાઢ ત્યાં ઈશુના સંદેશનો દીવડો લઈ ફરવું એ મારું કામ. ચીનની દુખિયારી માનવતાના અંધારિયા જીવનમાં પ્રકાશનું કિરણ વેરવાની તમન્નાએ એ અમેરિકાથી ચીન આવી વસેલો છે. ગરીબમાં ગરીબ-કંગાલ ને ચીંથરેહાલ માણસોની વસ્તી શોધી કાઢી. દરિયાકિનારે, ઘરછાપરાંના અભાવે નાવડામાં પડ્યા રહેતા લોકો વચ્ચે એ રહે છે. સાથે ફૂલથીય કુમળા હૈયાવાળી, સદ્ભાવનાની મૂર્તિ સમી પત્ની છે. જે એના કષ્ટમય ને નિરાભર્યા જીવનમાં શીળા છાંયો બની જીવી રહી છે. એનાં સંતાનોને દિલનાં અમી પાઈ ઉછેરી રહી છે.

દરરોજ—દિવસ ઊગતાં-બે ટંકની રોટીનો સવાલ—સૂરજના ઊગવાની નિયમિતતાથી ખડો જ હોય છે. કાળી મજૂરી કરનારા ને કંગાલ અકિંચનોના ધર્મભેરુ થવા નીકળનારને, પછી કોઈ દેવળ, કોઈ સખાવત કે કોઈ મહાજનનો ટેકો શાનો રહે ? છતાં દૂધમાં સાકર બની ઘૂંટાઇ જવાની ધગશથી કલેમનો બાપ પોતાના કામ પાછળ મંડ્યો રહે છે. દીનદુખિયાંનાં ટોળાં શોધતો, એમને સંબોધતો, ગલીગૂંચીએ ભટકયા કરે છે; ને છેક મોડી રાતે ઘેર આવે છે, ત્યારે જ જીવન નિભાવવા માટે પણ કંઈક કરવું જરૂરી છે—એ હકીકતનું એને ભાન થાય છે ! બાળબચ્ચાં

[ગોડ્ઝમેન : પર્લબક : રૂ. ૨-૦૦ : સાહિત્ય-ચેતન પ્રકાશન ગૃહ : વડોદરા]

ભૂખ્યાં સૂઈ ગયાં એ જોઈ ને પત્નીની આંખમાં મીઠો ઠપકો વાંચી—એને શૂળ ભોંકાય છે; પણ વળી આપણા નરસિંહ મહેતાની સ્વસ્થતાથી મનને સાબદું કરી એ કહે છે, ' ભગવાન બધું જુએ છે. એ જ પોતાનાં બાળકોની સંભાળ લેશે ચિંતા ન કરીશ.' ને અહીંતહીંથી માગીતાગીને સમભાવી હમદર્દોમાંથી ટંક બે ટંકના મમ્ મમ્‌ની જોગવાઈ કરી લે છે; તો વળી વચમાં એકબે ટંક હાલાય કાઢી નાખવા પડે છે; તોય ભગવાનની પોતાના ભક્તની સંભાળ લેવાની ચીવટ બાબત એના મનમાં કદી શંકા જાગતી નથી. એની શ્રદ્ધા કદી ડગતી નથી.

પરંતુ ભૂખ્યાં સૂતેલાં બાળકોના નિસાસા ને આંસુએ પાડેલ ઘસરકાના ઘા માને હૈયેથી કદી ભૂંસાતા નથી. ભૂંલકણા ભગવાનને ઘરને છાને ખૂણે બોલાવી ઠપકાના બે બોલ સંભળાવી દેવાનું મન એને ઘણીવાર થઈ આવે છે. કોકવાર તો પોતાના ભક્ત બદલ એ નઠોરને કોઈ કશી લાગણી છે કે કેમ તે બાબત જ એના દિલમાં શંકાનો કીડો સળવળી ઊઠે છે.

પરંતુ એક જ વિચાર—એના આ બધા અવિશ્વાસને શ્રદ્ધાની શિલા હેઠળ ચાંપી રાખવા શક્તિમાન બને છે. એને થાય છે: મારી અશ્રદ્ધા ને મારો અવિશ્વાસ ક્યાંય મારા તિના નિર્મળ પ્રભુપરાયણ પ્રાણમાં તિરાડ ન પાડી દે! મારા નિઃશ્વાસ એના જીવનમાં મેરુદંડ સમી શ્રદ્ધાને ક્યાંક ગાવી ન મૂકે. એમ થયું તો દુનિયાની વિષમતાનાં ગરલ ઝરવી રહેલો મારો પતિ ફસડાઈ પડશે. આ જિંદગીના :ખના બોજા હેઠળ કચડાઈ મરશે—આવી ચિંતામાં, અંતરની આગને અંતરમાં જ ભંડારી એ જીવી રહી છે.

ઘોર આંધળી આંધી વચ્ચે...

આવી માની કૂખે જન્મેલો કલેમ, એણે દુઃખનું કયું પાસું નથી જોયું? સૂરજના ધગધગતા તાપ ઝીલનારી ધરતી જ સુકોમળ સુવાસિત પુષ્પોનો ફાલ ફાલવવાની ક્ષમતા ધરાવે છે, તેમ અહીં પણ દુઃખના તાપથી બળ્યાઝળ્યા હૈયાની ધરતી પર જ માનવતાની સુવાસથી મહેકતું પુષ્પ પ્રગટે છે.

ભૂખ, અભાવ, તંગી ને એને પગલે પગલે ચાલ્યા આવતાં અવમાન ને અવહેલનાના વાતાવરણમાં ઊછરીને મોટા થયેલ કલેમનું સ્વમાન ને આત્મગૌરવ ખૂબ પાણીદાર ને તેજ છે. ગરીબીમાં જીવતાં એની ઝમક ને એની ધારને જેવી ને તેવી સાચવી રાખવી એ બહુ કપરું કામ છે. શેરીમાં બીજાં છોકરાં ભેગો રમતો થયો, તે દિવસથી એનું સ્વમાન કસોટીના એરણ પર ટીપાઈ ઘડાવા માંડ્યું હતું. એના આત્મગૌરવની ધાર નાની થવા માંડી હતી.

સતત અથડામણોભર્યું જીવન જીવતાં, આ બાળકે જોઈ લીધું કે, ' પ્રભુ સામું જોશે, ' ને ' ભાણું પૂરશે 'ની આશા પર જ નિભવું માનવ જીવનને માટે અશક્ય છે. બાપને અમારાં પેટ પૂરવા જે કરવું પડે છે તે આખરે તો ભીખ જ છે, બીજું કશું નહિ. પરંતુ માની મારફ પિતા પ્રત્યેના પ્રેમને ખાતર જડેલા આ સત્યનો બોજ એને પણ મૂંગા મૂંગા જ વહેવો પડે છે.

આ સમજ આવ્યા પછી પોતાના હાથપગ હલાવી સંસારનાં ઘેરાં જલમાં આપમેળે તરવાની-રોટલો રળવાની—તાલીમ એ લેવા માંડે છે. રોટીના મોંઘા ટુકડા વડે શરીરના પોષણ ને વૃદ્ધિનું કાજ સારે છે. સાથે સાથે તેટલી જ જાગૃતિ ને ઉત્કટતાથી જ્ઞાનનાં મોંઘાં જલ જ્યાં મળે ત્યાંથી પીતો એ પોતાના મન ને આત્માની સંસ્કારતૃષાને છીપવી રહે છે.

જંગલને કોઈ એક ખૂણે ઊગીને ઊભું થતું બાળ-તરુ એક દિવસ પૂર્ણરૂપે પાંગરી વિસ્તરી વૃક્ષરૂપ ધારણ કરવાની ઝંખના સેવતું પવન, પાણી ને આંધી સામે જંગ ખેલતું ઝૂઝ્યા કરતું હોય છે...એ વખતે એને હૂંફ હોય છે—આસપાસ ઊભેલાં વડીલ વૃક્ષોની. પણ એક દિવસ એવી આંધી આવે છે, વરસાદનું એવું પ્રચંડ તોફાન જાગે છે કે, દૂર દૂર સુધી મૂળિયાં ફેલાવી ધરતીમાં પગ ખોડી ઊભેલાં વૃક્ષો પણ એના સપાટામાં આવી ઊથલી પડે છે—નિર્મૂળ થઈ જાય છે—ત્યારે બે ઘડી તો પેલા બાળતરુને આભના તારા દેખાવા લાગે છે—પ્રલયનાં પૂર પોતાનેય ગળી ગયાં, ગળી ગયાં......એમ લાગી જાય છે, પણ એ તોફાન એના માથા પર થઈ પસાર થઈ જાય છે.

એવું જ એક આંધળું રાજકીય વાવાઝોડું ચીની રાજાશાહીના અમલમાં જાગે છે ને કલેમનાં માબાપ ને ભાઈભાંડુંનાં જીવનને એક સામટાં પોતાના ખપ્પરમાં લઈ ચાલ્યું જાય છે. તોફાનનાં એ આંધળાં બળો નથી તો પ્રભુના બંદાને ઓળખવા ઘડી ઊભાં રહેતાં, નથી દોષિત નિર્દોષ કે ન્યાય અન્યાયનો હિસાબ જોવાની ધીરજ ધરાવતાં. આગની જેમ એનામાં પણ એક જ ગુણ છે—લીલુંસૂકું, ચેતનઅચેતન

[માનવ': જૂન '૫૮

સજીવનિર્જીવ—તમામને બાળીને ભસ્મ કરવાનો.

પરંતુ આ આંધળા બળની ઘોર આંધી વચ્ચેય માનવતાનો દીવડો કેવો ટગમગ બળતો રહે છે એ બતાવવા લેખિકાએ આપણી પાસે ચીન ને અમેરિકાની ધરતી ખુંદાવી નાખી છે.

સલામતીની શોધમાં

પોતાના કુટુંબની કતલનું જોખમ વહોરીનેય એક ચીની સદ્‌ગૃહસ્થ ને બીકે ફફડતી પત્ની, મૃત્યુના પંજામાંથી છટકીને આવેલ ગભરુ પારેવા જેવા કલેમને પોતાની પાંખમાં લઈ લે છે. તોફાને ચઢેલ દરિયામાં સાવચેતીપૂર્વક માર્ગ કાઢતા નાવિકની જેમ આ નાનકડા કિશોરની જિંદગીનું જતન કરે છે ને અંતે ચીની બાળકનો વેશ સજાવી, એની કિસ્તીને કિનારે ધકેલી આપે છે.

જીવની સલામતી માટે સ્વદેશ પહોંચી જવા સિવાય બીજો કોઈ આરો નથી રહેતો. એકલવાયો કિશોર, પગપાળો ધરતી ખૂંદતો દરિયાને કિનારે ઊભેલ કોઈ જહાજનો સહારો ગાંઠવા મજલ આદરે છે. ગોરી ચામડી, ભૂખરા વાળ ને પીંગળી આંખોને લોકોની દૃષ્ટિથી છુપાવી, મોતને ભૂલભૂલામણીમાં નાખતો રાતના અંધારાંની ઓથે એ મજલ કાપતો હોય છે. ત્યાં ચીંથરેઢાંક્યા રતન જેવું એક માનવ-હૈયું એને મળી જાય છે, જેની હૂંફે—જેના પાલવની ઓથે—કલેમના જીવનનો પળેપળે ઓલવાઈ જવાની બીકે ફફડતો દીવો શાશ્વતી પામે છે.

દાદીમા ને 'દીકરો' પરસ્પર હૂંફ આપતાં ને એકબીજાનો સહારો લેતાં બંને પોતાને ઠામ પહોંચી જાય છે. દરિયાકિનારે પહોંચી કિશોર જુએ છે તો હજી આગબોટ ખૂબ દૂર ઊભી છે. અત્યાર લગી જેમ તેમ દુઃખનો બોજ સમાલી રહેલ કિશોર એકદમ ભાંગી પડે છે. પોતાની નિરાધાર દશા ને એકલતા પર ધ્રુસકે ધ્રુસકે રોઈ પડે છે. મૃત્યુ ને જીવનની સલામતી વચ્ચે હજી આટલું અંતર કાપવાનું બાકી રહી ગયું...?

પરંતુ કિનારે સહેલ કરવા નીકળેલ ગોરા ખલાસીઓની હૂંફ મળી જાય છે, કલેમ આગબોટના તૂતક પર પહોંચી જાય છે. પછી શરૂ થાય છે પાણીની મુદતિયા કેદ–પ્રાણીઘરના કોક ગંધાતા પાંજરામાં વન–પશુઓ સાથે પુરાઈ ગયો હોય એવી જિંદગી! આ ખલાસીઓ આ દુનિયામાં ઓરમાયી માના જેવું વર્તન પામતાં, બેદરકાર ને અણઘડ વિધાતાની થપાટો ખાઈ ઘડાયેલા છે. એટલે ક્યાંક માનવ તો ક્યાંક પશુ જેવો એમનો ઘાટ હતો. એમની ગંદકી, બરછટપણું, બેકાબૂ નશાખોરી, એમના લડાઈઝગડા ને શરીરનાં દુઃખ આગળ સાવ કંગાળ બની જતું પાશવિક શરીર બળ! આ બધું કલેમના સંસ્કારી આત્માને ઝાંખો પાડી દે એવી વસ્તુઓ હતી, પણ એમ હારી ગયે કલેમનું જીવન નભે એમ નહોતું. એની સંસ્કારિતાએ દરિયાઈ પ્રવાસના આ બધા કાળ દરમિયાન એ ખલાસીઓની માનવતાને જાગતી કરી—એના પર ચઢી ગયેલ ધૂળને ખંખેરીઝાપટી કંઈક ચમકમાં આણી.

એટલે જ તો અમેરિકાની ધરતી પર પગ મૂક્યો, ત્યારે તો ખલાસીઓનાં મન એણે જીતી લીધેલાં હતાં. બંદરે ઊતરી, શહેરમાં લઈ જઈ, એમણે એને બે જોડ કપડાં સિવડાવી આપ્યાં. પગમાં પગરખાં પહેરાવ્યાં ને ગજવે થોડું નાણું ઘાલી, ટિકિટ કઢાવી, એના વતન ભણી જતી ગાડીએ બેસાડી દીધો. અમે તો દાઝયા પણ હવે તું સંભાળજે—એવી વડીલની લાગણીથી સલાહ આપી :... 'અજાણ્યાથી ચેતતો રહેજે—સ્ત્રીઓથી સંભાળીને ચાલજે...'

આખરે વતન...

આખરે વતન આવ્યું. દાદાનાં ઘર–ખેતરનો રસ્તો પૂછતો પૂછતો કલેમ એક મોટા એવા ખેતર વચ્ચે આવેલ ઓરડા આગળ જઈ ઊભો.

ત્યાં વળી માણસની હીણપતભરી જિંદગીનું એક નવું જ પ્રકરણ એની સામે ઊઘડી ગયું, દાદા તો 'ભલા' ને 'લાગણીવશ માણસ' તરીકે આજના સમાજમાં જીવવા માટે નાલાયક ઠરી, આપઘાતનો માર્ગ લઈ, ક્યારના દુનિયા છોડી ગયા હતા ને એમણે હોંશ ને જતનપૂર્વક ઊભું કરેલું આ ખોરડું ને ખેતર લીલામે ચઢી કોક બીજાના હાથમાં પહોંચી ગયું હતું, ને અહીં તો એક નાનકડી માનવ–પાંજરાપોળ ચાલી રહી હતી. કોઈ એક ધણિધણિયાણી એકાદ જીવદયામંડળી પાસેથી ફાળો મેળવી, આ પાંજરાપોળનું સંચાલન કરી સમાજને ચોપડે પોતાની સેવાનો યશ જમા કરાવી રહ્યાં હતાં!

સમાજનાં નધણિયાતાં ઢોર જેવાં અર્ધપશુ માનવ-

બાળની ગોવાળી કરવી એ એમનું કામ હતું. છોકરાંને અડધે પેટ રાખી, ઘરખેતરનાં તમામ કામકાજ એમની પાસે કરાવી લેવાં, ભૂખ ને ચૌદમા રતનના જોરે એમના પર અંકુશ રાખવો ને એમનાં ઊગતાં શરીરને પૂરતા પોષણના અભાવે કરમાતાં જતાં, ઠીંગરાઈ ને બુદ્ધિની મંદતાને મૂઢતામાં ફેરવાતાં જોયા કરવાં આ એમનો ઉપક્રમ હતો. માણસનાં ખોળિયાં ધારી જન્મેલ આ જીવડાઓએ જીવનમાં કેવળ પેટ ભરવા ને તન ઢાંકવા જેટલી જ સગવડ ભોગવવા ખાતર, જંગલનાં હિંસ્ર પશુ કરતાંય અદકી ક્રૂરતા સજી લીધી હતી.

વીસમી સદીની સંસ્કૃતિમાં સમૃદ્ધિની ટોચે બિરાજતા એક દેશમાં જન્મેલાં આ બાળકોને ભૂખનાં માર્યાં ખેતરની રખવાળી માટે રાખેલ કૂતરાના મોં આગળથી એંઠવાડ વીણી ખાવાની પ્રવૃત્તિ કરવી પડતી ! ત્યારે માણસને ફાડી ખાવાની શક્તિ ધરાવનાર એ મમતાળુ પ્રાણી પણ માનવબાળની આ વિવશતા જોઈ કંઈક સમજી જતું ને ફરતા એમના માયાભર્યા હાથ ને બુચકારાની લાલસાએ રાંક બની ઊભું રહી જતું...એમને પોતાના ભાગમાંથી કકડો ખાઈ લેવા દેતું. આ છોકરાંનાં લૂગડાં, ગોદડાં, ગાભા એ તો જૂ-ચાંચડ ને માંકણે પોતાના વસવાટ માટે કબજે કરી લીધેલ 'સંસ્થાનો' સમાં હતાં.

પંદર દહાડે મહિને પાણીના એક જ ટબમાં પાંચેય [છો]કરાંને વારાફરતી પોતાનાં હાડપિંજરશાં શરીર ધોઈ લેવાનો [વિ]ધિ કરવો પડતો. એ દૃશ્ય પણ આંખ આગળથી ખસે [એ]વું નથી, ને દસ ને પંદર વરસની અંદરનાં એ બાળકોની જાતીયવિકૃતિની ચેષ્ટાઓ જોઈ પેલાં દંપતી આડું જોઈ, આંખો સિચકારી હસી લેતાં...આ બધું જોવું ને ચોવીસ કલાક એમની વચ્ચે રહેવું એ કલેમના સુરુચિ પોષ્યા આત્મા પર નર્યા અત્યાચાર સમું હતું. ચીતરી ચઢે ને ઊબકા આવે એવા એ વાતાવરણમાં કલેમનો પ્રાણ ગુંગળાઈ રહ્યો હતો. અહીંનાં બંધન તોડી નાસી જવાની પ્રબળ ઇચ્છા એને ઘણીવાર થઈ આવતી. પરંતુ આ પરવશ અભાગિયાં બાળકો પ્રત્યેની કરુણા એના પગની બેડી બની રહેતી—હું જઈશ પછી એમનું કોણ ?

આ માણસ ? આ જિંદગી ?

આખરે નથી રહેવાતું ત્યારે એક દિવસ પેલાં 'પાલક' દંપતીની ગેરહાજરીનો લાભ લઈ, એ બધાંને પોતાની જોડે અહીંથી નાસી છૂટવા સમજાવે છે : પરંતુ નિષ્ઠુર સમાજે જનમતાં વેંત જેમની પાંખો કાતરી લીધી છે, એવાં એ મૂઢ બાળકો એ દિશામાં ડગલું ભરતાં જ અચકાય છે. પોતાની અસહાયતા ને નિરાધારિતાનો વિચાર કંપાવી મૂકે છે :

અમે રહીશું ક્યાં ?

અમે ખાઈશું શું ?

રોજ માલિકની ગાયો દોતી વખતે, વારાફરતી દરેકને પાસે બોલાવી, છાનામાના દૂધનું ડબલું પાઈ દેનારો કલેમ પોતાની પાસેથી ચાલ્યો જાય, એ કલ્પના પણ એમનાથી સહેવાતી નથી, કે નથી તો તેઓ બહારની વિશાળ દુનિયામાં પોતાનું સ્થાન શોધી લેવા કલેમના સંગાથની હૂંફમાં પાંખો ફફડાવી ઊડી શકતાં !

કલેમ એમને હિંમત આપે છે: હું તમને ખવડાવીશ. આપણે મહેનત કરીશું. હું તમને નિશાળમાં મોકલીશ, ભણાવીશ. આપણી સરકારનો કાયદો છે...જોઉં છું, કોણ તમારી પાસે આવી કાળી મજૂરી કરાવે છે ?

પણ ઊગીને ઊભાં થયાં ત્યારથી નરક કે સ્વર્ગ વચ્ચેના ભેદની જેને કદી કલ્પના આવી નથી, ખાવું, ઊંઘવું, શરીરની હાજતો પૂરી કરવી ને શરીર ઢળી પડતાં લગી મહેનત કરવી....એ ઘટમાળને જ જેઓ 'જીવન'ને નામે ઓળખે છે તેઓ અજાણ્યા અંધારા ભાવિમાં ઝંપલાવવાનું સાહસ શેના જોર પર કરે ?

આખરે અકળાઈને કલેમ આ મૂઢમતિ અભાગિયા જીવો પર દાંત કચકચાવતો, મૂઠીઓ વાળી એ નરકમાંથી ભાગી છૂટે છે...જેમની મુક્તિની આશાએ પોતે નરકવાસની મુદત લંબાવ્યે રાખી હતી, એમાંનું એક બાળક પોતાની જોડે આવવા તૈયાર ન થયું, એ હકીકત એના અંતરમાં તેજાબના ડામ સરખી ચંપાઈ રહી હતી : શું આ માણસ ! આ માણસની જિંદગી !

પરંતુ પાંચમાંના એક પંખેરુની પાંખ સળવળી ઊઠી... ને પડતાં આખડતાં દોટ દઈ એણે પાછળથી આવી કલેમનો છેડો પકડ્યો–'મને લઈ જા...હું તારી ભેગો આવીશ.'

કલેમને એક સાથી જડ્યો...પોતાનું અંતર નિચોવી લોકને માટે કંઈક કરી છૂટવાનું બહાનું જડ્યું...જીવન ધન્ય લાગ્યું ને એનો આ સાથીય કેવો ? આપણા શિષ્ટ સમાજની એક અદ્ભુત પેદાશ હતો એ.

સમાજના કોઈય બીબામાં ગોઠવાય એવો એનો જન્મ નહોતો ! કારણ એ હતો 'માનવસમાજ'ની વિકૃતિએ .

[માનવ : જૂન '૫૮

સરજેલ કદરૂપા અકસ્માતનું ફળ ! ' અનાથ, ' ' બિનવારસ ' ને ' પાપની પેદાશ ' ગણાતાં બાળકોમાંય એનું સ્થાન સૌથી હીણું હતું. કારણ, એ હતો બળાત્કારનું ફરજંદ ! અર્થાત્ એને બાપ તો નહોતો જ...પરંતુ મા પણ નહોતી. પ્રકૃતિનાં તત્ત્વોના અણધાર્યા, અણચિંતવ્યા ઘર્ષણમાંથી ખરી પડેલ તણખો હતો એ. રજમાત્ર પ્રેમ કે માયાનો અંશ એના અસ્તિત્વે કદી અનુભવ્યો નહોતો.

કલેમે ધરતી ને આકાશના બાળ સમા આ નિરાધાર સાથીને પોતાની પાંખમાં લીધો ને એના પર પોતાની બધી મહેનત ને ધગશ ઠાલવી, એને પાળીપોષી, ' માણસ ' બનાવવા માંડ્યો. જોરજબરજસ્તી કરીનેય એણે એને ભણાવ્યોગણાવ્યો, ને પોતાને આગળ વધવાની, ભણવાની, જે કંઈ તમન્ના હતી તે બધી આ અનાથ છોકરા દ્વારા સિદ્ધ કરવા માંડી.

પુરુષાર્થની પ્રેરણા

પણ બે ટંકના રોટલા રળી ખાઈ આટલું કર્યે એને પોતાના જીવનનો હેતુ સધાતો ન લાગ્યો. અત્યાર લગી વીતેલી જિંદગીમાં ભૂખે–બે કોળિયા અન્નની ભૂખે–એણે માણસને પશુ બનતો જોયો હતો. કેટકેટલાં અપમાન સહેતો ને હિણપતભર્યું જીવન વીતાવતો ભાળ્યો હતો. એને ખાતર એણે સંસ્કારી કહેવાતા માણસને પોતાની માનવતાને કોરાણે મૂકી શોષણ કરતો જોયો હતો. કલેમના સુંવાળા લાગણીશીલ હૈયામાં સતત શૂળની જેમ ભોંકાયા કરતા આ સવાલ પરના સતત મંથન પછી કલેમે જીવનમાં એક સોનેરી સત્ય તારવ્યું હતું. ' હવા, પાણી ને પ્રકાશની માફક જ દરેક માણસને પેટપૂર અન્ન મળવું જોઈએ. '

ને આ જ તો જીવનભરના પુરુષાર્થની પ્રેરણા. એણે જોયું કે, અમેરિકા જેવા દેશ પાસે અન્નસામગ્રી ભરપૂર છે. છતાં, નફા માટે ધંધો કરવાની વૃત્તિ જ માણસની મહેનતે પકવેલા ધાનને ભૂખ્યા માણસના મોં લગી પહોંચવા દેતી નથી !

ખાદ્યસામગ્રીની દુકાનમાં નોકરી કરતાં કરતાં કલેમે અન્નના સવાલનો પોતાની રીતે રસ્તો શોધી કાઢ્યો. ઢગલા વળી જવાને કારણે, નફો તૂટવાની બીકે ઈરાદાપૂર્વક વિનાશના મુખે હોમાતી ખાદ્યસામગ્રીને તે ખરીદી લેતો; ને ખટારા ભરી એને અછતવાળા વિસ્તારમાં લોકો સુધી પહોંચાડી દેતો ! એમનાં ગજવાંની શક્તિ માપી, પોતાની વ્યવસ્થાનું ખર્ચ નીકળે એટલી જોગવાઈ રાખી, એ ખાદ્યસામગ્રીનું વિતરણ કરતો.

જીવનની આ સાધના પાછળ એણે તમામ શક્તિઓને ઘસી નાખી. પૈસો એ એને મન ભૂખની આગ ઓલવવાનું રસાયણ હતું—એનો બીજો કશો ઉપયોગ એના જીવનમાં હતો જ નહિ. પૈસાથી જ દુનિયાનો બધો આનંદ લૂંટવા મથતી ને એને માટે છેવટ લગી બાથોડિયાં ભરતી દુનિયાને મન આ આદમી પૈસાની કિંમતને નહિ સમજનારો મૂર્ખ જ ગણાયો. ખાદ્યમાલ ખરીદવાના પૈસા હાથમાં આવતાં જ ગાંડા અવધૂતની જેમ ભૂખના પ્રદેશો ઢૂંઢવા, ખૂંદવા નીકળી પડતો.

એણે યુરોપ, અમેરિકા ને એશિયાના પ્રદેશોમાં ફરીને ભૂખ, ગરીબી ને યુદ્ધે મચાવી મૂકેલ તરખાટ ને તાંડવ જોયાં...ને એનો પ્રાણ કકળી ઊઠ્યો : ઘરની આગ બુઝાવવા મથતો આદમી ગામને ભડકે બળતું જુએ ને પડોશી ગામલોકને વહારે ધાવા પોકાર પાડે. એમ એણે પણ રાજદંડધારી સરકારને બારણે ધા નાખી, સમાજને સુખી કરવાનો ઝંડો લઈ ને નીકળેલ સમાજસેવકો ને રાજકીય નેતાઓને હાકલ પાડી. લાખો કરોડોની સંખ્યામાં લોકોનો સંપર્ક સાધનારાં છાપાંવાળાઓની મદદ માગી. પોકાર પાડી પાડીને સૌને સમજાવવા મથ્યો.

ભલા ! જેને તમે દુનિયાનો શાણો બોધ ને ઉપદેશ આપો છો એને પહેલાં એનું પેટ ઠારવા દો—નિરાંતે રોટલો ખાવા દો-પછી જ તમારી વાત સાંભળવા જેટલી એનામાં હોંશ આવશે.

—સરકાર કહે : અમે બધું કરીએ છીએ. થઈ રહેશે એ તો, તમારે વચ્ચે માથું મારવાની જરૂર નથી.

—રાજદ્વારી લોકનેતાઓ કહે : એ બધી વાત સાચી. પણ પહેલાં અમારા હાથમાં સત્તા તો આવવા દો, તમે કહો છો એ બધું કરીશું...

—છાપાં વડે કરોડો લોકોનાં દિમાગ પર રાજ કરનારો કહે : અરે મૂર્ખા, ભૂખના પરોણા વિના તે આ જન-રાક્ષસ કંઈ કબજે રહેવાનો છે ? તું તે ગાંડા હાથીને દારૂ પાવા જેવી વાત કરે છે !

—દુનિયાદારીના ડહાપણવાળા ને પોતાના સ્વાર્થમાં જ દુનિયાનો છેડો જોનારાને મન—સમાજમાં પ્રતિષ્ઠા ને સત્તા ધરાવનારાઓને મન આ આદમી ' ઘેલો, ' ' ધૂની, ' ' ચક્રમ '

[અનુસંધાન પાન ૩૨૯]

આઠમો એડવર્ડ

ઇંગ્લૅન્ડનો રાજા આઠમો એડવર્ડ એક પરણેલી સ્ત્રીના પ્રેમમાં પડ્યો. સ્ત્રીએ છૂટાછેડા માગ્યા ને રાજાએ તેની સાથે પરણવાનું નક્કી કર્યું. ઇંગ્લૅન્ડનો રૂઢિચુસ્ત વર્ગ એની સામે થયો ને રાજા રાજપાટ છોડી સામાન્ય માનવી બન્યો. પછીથી તે ડ્યૂક ઑફ વિંડસર નામે ઓળખાયો ને પોતાની પ્રેયસીને પરણ્યો.

તેણે પોતાની આત્મકથા લખીને બહાર પાડી છે. એ પુસ્તકનું નામ છે 'કિંગ્સ સ્ટોરી'—રાજાની વાત: હમણાં મેં તે વાંચી. તેમાં કેટલાક પ્રસંગો આપણને રસ પડે તેવા છે જે ટૂંકમાં આ નીચે ઉતારું છું.

—રમણલાલ સોની

રાજમહેલમાં ગાંધીજી

૧૯૩૧નો એક પ્રસંગ મારાથી ભુલાતો નથી. ગોળમેજી પરિષદમાં આવેલા ભારતીય પ્રતિનિધિઓને મારા માતા-પિતાએ રાજમહેલમાં નિમંત્ર્યા હતા. તેમાં મેં એક અદ્‌ભુત વ્યક્તિ જોઈ. બોડકું માથું, ટૂંકી પોતડી અને પગમાં ચંપલ—એ હતા મહાત્મા ગાંધી. નવ વરસ પહેલાં આ માણસને વાઈસરોયે રાજદ્રોહ માટે જેલમાં પૂર્યો હતો, અને આજે શહેનશાહ એની સાથે હાથ મિલાવતો હતો. હું ઊભો ઊભો આ જોતો હતો. મારી સાથે હીરામોતીથી અલંકૃત હિંદના કંઈ કંઈ રાજામહારાજાઓ હતા. તેમાંના એકે ધીરેથી માથું હલાવી મને કહ્યું: 'આ માણસને તમે અહીં નોતર્યો છે તેની કિંમત તમારે શું ચુકવવી પડશે, જાણો છો? આખું ભારત!'

'એ આપણું કામ નહિ!'

ઑક્સફર્ડમાં બ્રિટિશ વૈજ્ઞાનિક મંડળની વાર્ષિક સભામાં ભાષણ કરવાનું મેં સ્વીકાર્યું. વિજ્ઞાન મારો વિષય નહોતો, એટલે મેં નિમંત્રણ ટાળવા ઘણો પ્રયત્ન કર્યો. પણ અતિશય દબાણને વશ થઈ મેં હા પાડી. મારા પિતાને (રાજા પાંચમા જ્યૉર્જ) આ વાતની ખબર પડતાં તેમણે મને કહ્યું: 'તું ત્યાં શું ભાષણ કરવાનો?'

મેં કહ્યું: 'કહીશ કે વિજ્ઞાને બહુ સારું કામ કર્યું છે. વૈજ્ઞાનિકોની નિઃસ્વાર્થ ભાવનાનાં વખાણ કરીશ...અને એમ હાંકીશ.'

મારા પિતા બોલી ઊઠ્યા: 'ભલા ભગવાન! તેં કેવું કામ માથે લીધું છે તેનીયે તને ખબર હોય એવું લાગતું નથી. આ લોકો કોણ છે એ જાણે છે તું?'

મેં નમ્રભાવે કહ્યું: 'જાણું છું, એટલે મનેયે ખૂબ ચિંતા થયા કરે છે, પણ એમણે બહુ દબાણ કર્યું એટલે મારાથી ના ન પડાઈ.'

પિતાએ ઠપકો આપતાં કહ્યું: 'દેશનાં જબરદસ્તમાં જબરદસ્ત ભેજાં ત્યાં ભેગાં થશે; તેમની આગળ બોલવું એટલે શું? એકવાર મને પણ એ લોકોએ ભાષણ કરવા કહ્યું હતું, પણ મેં ના જ પાડી હતી!'

પરંતુ ના પાડવાનો હવે કોઈ રસ્તો નહોતો. હું બીતે બીતો ઑક્સફર્ડ ગયો ને ભાષણ કરી આવ્યો. મારું ભાષણ બહુ વખણાયું. શ્રી—તો કહે છે કે કદી પણ કોઈ રાજકુંવરે આવું સુંદર ભાષણ કર્યું નથી. કારણ કે એ આખુંયે ભાષણ એણે મને લખી આપેલું હતું!

પ્રેતભોજન?

રાજા પાંચમા જ્યૉર્જ મરણ પામ્યા, તેમના શબને દફનાવવાની ક્રિયામાં ભાગ લેવા દેશદેશના રાજાઓ, એલચીઓ, પ્રતિનિધિઓ, અગ્રેસરો આવ્યા હતા. "દફનક્રિયાના

['એ કિંગ્સ સ્ટોરી' કિં. ૨-૫૦ પ્રાપ્તિસ્થાન : ચેતન પ્રકાશન ગૃહ : વડોદરા]

આગલા દિવસે, આ બધા મહાન 'ડાઘુઓ'ને મારે ખાણું આપવું પડ્યું. એવો રિવાજ હતો એટલે બીજો ઉપાય નહોતો. હજી તો મારા પિતાનું શબ દફનાવ્યા વિનાનું પડ્યું હતું તેવે વખતે આ ઠાઠમાઠ અને મિજબાની મને ગમતાં નહોતાં—મને એ કાર્ય અનુચિત અને હૃદયહીન લાગતું હતું. છતાં એ ફરજ હતી !"

રાજા છત્રી ઓઢીને ચાલતો નીકળે?

"હું હવે રાજા આઠમો એડવર્ડ હતો. મારે એક મીટિંગમાં જવાનું હતું. બપોરનો વખત હતો. વરસાદ પડતો હતો, પણ મીટિંગની જગા મહેલની નજીકમાં હતી—માત્ર બે મિનિટનો રસ્તો હતો. મેં એટલો રસ્તો ચાલી નાખવાનું નક્કી કર્યું. માથા પર હેટ મૂકી છત્રી ઓઢી હું ચાલી નીકળ્યો. સાથે માત્ર એક જ માણસને લીધો—તે પણ મારી જ પેઠે ચાલતો હતો. કોઈને આ વાતની ખબર ન પડી હોત, પણ અમે રસ્તા પર ચાલ્યા જતા હતા ત્યાં એક છાપાવાળાએ અમારો ફોટો લઈ લીધો. ફોટો છાપામાં છપાયો, ને ખૂબ પ્રસિદ્ધિ પામ્યો. માણસો આવી રીતે ચાલતા જાય તેની કંઈ નવાઈ નહોતી, પણ આ તો રાજા હતો ! સાધારણ માણસની પેઠે એ ચાલતો હતો અને એના કૉલરનુંયે ઠેકાણું નહોતું. લોકો એ જોઈને ખૂબ રાજી થયા હોય એવું લાગ્યું."

રાજાનું મોઢું ચીતરનારા

"રાજા પ્રાચીન શિરસ્તાનો કેદી છે. મારા રાજ્ય માટે નવા સિક્કા અને ટપાલની નવી ટિકિટો છાપવાનાં હતાં. ટંકશાળના ઉપરી બે કલાકારોને લઈને મારી પાસે આવ્યા. તે બંનેએ તૈયાર કરેલી ડિઝાઈનમાં મારા ચહેરાની જમણી બાજુ ચીતરેલી હતી. અનુભવે મને જણાયું હતું કે મારો ચહેરો જમણી બાજુ કરતાં ડાબી બાજુથી વધારે સારો દેખાય છે, તેથી મેં કલાકારોને પૂછ્યું કે તમે બંનેએ જમણી બાજુ કેમ પસંદ કરી છે? તેમણે જવાબ દીધો કે અમને એવો હુકમ હતો. પછી એ બંને જણે મારા ચહેરાની પરીક્ષા કરી જણાવ્યું કે ચહેરાની ડાબી બાજુનું ચિત્ર વધારે આકર્ષક અને કલામય બનશે. હવે ટંકશાળના ઉપરી કહે : 'આ વાતને કલાની સાથે કંઈ સંબંધ નથી, અહીં તો શિરસ્તા પ્રમાણે આપવાનું છે. આપના દાદા સાતમા એડવર્ડ જમણી બાજુ જોતા હતા અને આપના પિતા પાંચમા જ્યૉર્જ ડાબી બાજુ જોતા હતા, એટલે હવે આપનો વારો જમણી બાજુ જોવાનો છે !'

મેં કહ્યું : 'વાહ, ટેનિસની રમત જેવું !'

પણ ટંકશાળના ઉપરીએ મચક આપી નહિ, ઊલટું મારે કહેવું પડ્યું : 'ગમે તેમ પણ ચહેરો મારો વપરાવાનો છે, એટલે મારે કઈ રીતે મારો ચહેરો લોકોની આગળ રજૂ કરવો એ નક્કી કરવા જેટલો હક મને હોવો જોઈએ ને ?'

'મારાથી થશે તે કરીશ.' કહી ઉપરી પાછો ફર્યો.

થોડા દિવસ પછી પેલા કલાકારો મહેલમાં આવ્યા. તેમણે નવી આકૃતિઓ બનાવી હતી. મેં જોયું તો મારું મોં હજી જમણી બાજુ હતું, પણ મારું મન રાખવા મારા ડાબા ચહેરાની વિશેષતાઓને જમણા ચહેરા પર ઉતારવાની કોશિશ કરવામાં આવી હતી ! હું આભો બની ગયો ! શિરસ્તા પ્રત્યેની આંધળી વફાદારીએ ટંકશાળના ઉપરીને રાજાના ચહેરાની સાથે પણ ફાવે તેવાં ચેડાં કરવા પ્રેર્યો હતો, એ જોઈને મને થયું કે આવો શિરસ્તો ન જ હોય એ સારું ! મેં મક્કમતાથી જણાવી દીધું કે હું કહું તેમ જ કરવાનું છે. પોસ્ટખાતાના 'પંડિતો' રાજા અને ટંકશાળ-ઉપરી વચ્ચેના આ દ્વંદ્વને બરાબર નિહાળી રહ્યા હશે, કારણ કે તેમણે નવી ટપાલ-ટિકિટોની આકૃતિઓ મોકલી તેમાં મારો ચહેરો ડાબી તરફનો હતો. એ ટિકિટો છપાઈને બહાર પડી ગઈ પણ પેલા ટંકશાળના સિક્કા કદી બહાર પડ્યા જ નહિ !

[પાન ૩૨૭થી]

ઠર્યો. કારણ પૈસા વડે પ્રતિષ્ઠા ને સત્તા ખરીદવાનો—સૌને દેખાતો રાજમાર્ગ એને ન જડ્યો !

એકલે હાથે ફાટ્યા આભને થીગડું દેવા મથતા એ માનવીનું જીવન આખરે બે છેડેથી બળતી મીણબત્તીની માફક બળીને ખાખ થઈ ગયું.

પર્લબક જેવી લેખિકાએ પોતાના હૈયાની છીપમાં સંઘરી સેવીને એ માનવઅશ્રુને કેવું સુંદર મોતીનું રૂપ આપ્યું છે !

રવાડે ચઢેલી શિક્ષણની સમસ્યા અંગે
કેટલીક મૂળભૂત સમસ્યાઓ અહીં રજૂ
થાય છે: અભ્યાસીઓ આ અંગે પોતાના
અભ્યાસ-અનુભવનો નિચોડ અહીં રજૂ કરશે?

શિક્ષણ: એનાં સાધ્ય અને સાધન

લે.: આર. એલ. નિગમ   અનુ.: અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

આપણી કેળવણી વિશેની વિચારણામાં સાધ્ય અને સાધન પરત્વે કેટલીક અસ્પષ્ટતા રહેલી છે; અને ખરેખર, આપણા દેશમાં કેળવણીનો પ્રશ્ન બહુ જ ગૂંચવાડાભર્યો બની ગયો છે. એના કેટલાક પ્રશ્નો સિદ્ધાંત વિશેના છે તો કેટલાક છે વિગત વિશેના. શિક્ષણના દરેક સ્થિત્યન્તરે અનેક પ્રશ્નો ઊભેલા છે અને કેટલાક તો અનિવાર્યતયા પુનર્રચના વિશેના છે. કેટલાક પ્રશ્નો રાજકીય ભૂમિકાએથી ઊભા થતા હોય છે, તો કેટલાક સામૂહિક ભૂમિકાએથી. કેટલાક પ્રશ્નો તો વિભિન્ન (અને મોટે ભાગે વિરોધી) દૃષ્ટિબિન્દુઓના સમન્વય વિશેના છે. પણ જે ક્ષણે સારા, ખોટા કે તટસ્થ ઉકેલથી શરૂઆત કરીશું તે ક્ષણે જ 'શેના વડે'નો મૂંઝવતો પ્રશ્ન આગળ આવીને ઊભો રહે છે; અને આર્થિક મુશ્કેલીનો પ્રશ્ન મહા પ્રશ્ન બની રહે છે. આ બોજો કોણે ઉપાડી લેવો એ હમેશનો પ્રશ્ન રહ્યો છે; અને એનો નિર્વિવાદ ઉત્તર અપાય છે કે રાજ્ય એ ભાર ઉપાડી લે. રાજ્ય પોતાનું આ કર્તવ્ય ટાળી દેતું નથી, પણ આ તો આવાં બીજાં અનેક કર્તવ્યોમાંનું એક છે. તેથી, રાજ્ય માટે તો શિક્ષણ એ બીજા અનેક પ્રશ્નો જેવો જ એક પ્રશ્ન છે. આ અનેકકોણી ભૂમિકા પરથી જોઈએ તો કેળવણીનો પ્રશ્ન અસાધ્ય જણાય.

જો કે એનો ઉકેલ લાવવાનું કાર્ય નથી સહેલું કે નથી હસ્તામલકવત્, તો પણ, આ પ્રશ્ન સાચે જ અસાધ્ય તો નથી જ. જો સાધ્ય સ્પષ્ટ થાય તો સાધનો પણ સ્પષ્ટ થશે જ. ભૌતિક સાધનોનો પ્રશ્ન પણ પછી તો વધુ સ્વાધીન બની શકે અને પહેલેથી નંખાયેલી હાલની પદ્ધતિમાં પણ ફેરફારો કરવા આસાનીથી શક્ય બને.

કહેવાય છે કે આપણી શિક્ષણપદ્ધતિનું પુનર્ઘટન થવું જોઈએ. આ વિધાન કંઈ ખેદજનક નથી અને લગભગ બધા જ એને સંમતિ આપશે; કારણ કે થોડુંક પણ કંઈક કીમતી એ કહે છે. પણ જ્યારે 'પુનર્ઘટન'ને બરાબર સમજીશું ત્યારે એ વિધાનની પાંગુતા ઉઘાડી પડશે. "શિક્ષણ દેશની જરૂરિયાતને અનુરૂપ હોવું જોઈએ અને દેશની ચાલી આવતી સાંસ્કૃતિક પરંપરામાં એ ઘડાયેલું હોવું જોઈએ." પુનર્ઘટનની માગણીને માથે આ બોજો રહેલો છે. હાલનાં વર્ષોમાં શિક્ષણનાં ધોરણ નીચાં ગયાં છે અને એમણે નવા મુદ્દા તરફ લક્ષ દોર્યું છે—ધોરણો ઊંચે લાવવાં જોઈએ.

પહેલી માગણી એક મહત્ત્વના પ્રશ્નને સમાવી લે છે અને એ પ્રશ્ન છે કેળવણીના ધ્યેયનો. શિક્ષણ દેશની જરૂરિયાતોને અનુકૂળ હોવું જોઈએ એવી માગણી વૈયક્તિક જરૂરિયાતો અને દેશની જરૂરિયાતો વચ્ચેના સંઘર્ષણનો સમાવેશ કરે છે. દેશને અપાતું મહત્ત્વ એમ સૂચવે છે કે શિક્ષણનું ધ્યેય દેશસેવા કરે એવી વ્યક્તિઓ પેદા કરવાનું છે. આ વિચારણાને સ્વયંસિદ્ધ ગુણ એક રીતે ગણાવાય; અને છતાંય કદાચ, પ્રશ્ન પૂછી શકાય—શું દેશ પોતે જ એનું ધ્યેય છે? અથવા તો, એ જ અર્થમાં, શું સમાજ પોતે જ એનું ધ્યેય છે? અને જો એમ હોય તો કોઈ પણ શિક્ષણપદ્ધતિની કિંમત શિક્ષિત માણસો દેશની સેવા કેટલી બજાવી શકે છે એના પ્રમાણમાં

હોય; અને આજના સમયે જ્યારે દેશ એ દેશ-રાજ્ય છે (કે એ સ્થિતિએ પહોંચવા એ મથે છે) ત્યારે તો રાજ્યની કેટલી સેવા બજાવાય છે એના પ્રમાણમાં શિક્ષણપદ્ધતિનું મૂલ્ય અંકાય. દા. ત. જો કોઈ માનવી દેશ પર આવી પડેલી આફતને દૂર કરે તો એની સેવા લગભગ પૂર્ણતાએ પહોંચી કહેવાય, પછી ભલેને એના માનવ્ય ગુણોમાં ઊણપ હોય.

વ્યક્તિ : સાધન કે સાધ્ય ?

પણ જો વ્યક્તિને સાધન તરીકે નહીં પણ સાધ્ય તરીકે ગણવામાં આવે તો આનાથી તદ્દન વિરુદ્ધ પ્રકારનું દૃષ્ટિબિન્દુ મળી આવશે. જે શિક્ષણપદ્ધતિ પોતાની શરૂઆત વ્યક્તિને દૃષ્ટિ સમક્ષ રાખીને કરે છે તે દેશની કે સમાજની સેવા નહીં બજાવે એમ માનવાને કંઈ કારણ નથી. પણ હા, આવું શિક્ષણ પામેલી વ્યક્તિઓ ગતાનુગતિક રીતે સેવા ન પણ કરે અને ખરી રીતે જોઈએ તો, સ્વતંત્ર રીતે વિચાર કરનારાઓ કેટલીક વખતે ગતાનુગતિક કરતાં ઘણા વધારે કીમતી હોય છે. પણ હમણાં આ પ્રશ્નને આપણે છેડવા માગતા નથી.

મને લાગે છે કે સૌથી અગત્યનો આ પ્રશ્ન પ્રથમ પુછાવો જોઈએ—"માનવીજીવનનું મૂલ્ય શું ? પૃથ્વી પર માનવીજીવનની સ્થિતિ કઈ છે ?" આ પ્રશ્નના જવાબ પર શિક્ષણપદ્ધતિ તરફની આપણી દૃષ્ટિનો આધાર હશે.

જો વ્યક્તિ પોતે જ સાધ્ય હશે તો કોઈ પણ શિક્ષણપદ્ધતિનું મૂલ્ય એણે કેળવેલી વ્યક્તિઓનાં જીવનની ગુણવત્તા પર અંકાશે. જો એમનું જીવન કંગાલ હશે તો જણાશે કે આવાં કંગાલ માનવીઓ પેદા કરનાર શિક્ષણપદ્ધતિ પોતે જ કંગાલ હશે. અહીં એટલું ધ્યાનમાં રાખીએ કે એ 'નૈતિક બોધવચનો' કે કહેવાતી 'ચારિત્ર્ય ઘડતરની રીતો'ને શિક્ષણપદ્ધતિથી 'જીવનની ગુણવત્તા' વધારી શકાતી નથી. યોગ્ય રીતે શિક્ષણ પામેલો માણસ ચારિત્ર્યવાન જ હોય અને એવો ચારિત્ર્યવાન માણસ નૈતિક મૂલ્યોથી પણ સમૃદ્ધ જ હોય. પણ આ જરા જુદી વાત થઈ. કેળવણી એ માલ બનાવવાનું કારખાનું નથી. કાર્ડિનલ ન્યૂમેન, જે આ બાબતો વિશે બીજાં માણસો કરતાં કંઈક વધુ જાણકાર હતા એમણે કહ્યું હતું કે શિક્ષણનો હેતુ માનવીને ખ્રિસ્તી કે કેથોલિક બનાવવાનો નથી પણ એને સજ્જન બનાવવાનો છે. માનવીના ચારિત્ર્યને નવો ઘાટ આપવાની વાતો પર એ હસતા. ન્યૂમેનનો સજ્જન 'પ્રવીણ' નહોતો, એ તો હતો બીજાઓમાં વિરલ એવા ગુણો ધરાવતો માનવી. જો શિક્ષણપ્રથા આવી વ્યક્તિઓ નિપજાવી શકે તે પોતાની પૂર્ણતા સિદ્ધ કરે છે. જે દેશ આવી વ્યક્તિઓને (ભલે થોડા પ્રમાણમાં) ગણાવી શકે તે સાચે જ શક્તિશાળી છે.

બૌદ્ધિક અને ઇતર લક્ષ્યો

શિક્ષણનો મુખ્ય હેતુ પ્રથમતઃ નથી સામાજિક, નથી રાજકીય કે નથી નૈતિક; એ તો છે બૌદ્ધિક. દૃષ્ટિની આ ફેરબદલી એના પ્રયોજનને પણ ફેરવશે. જે શિક્ષણપદ્ધતિ બૌદ્ધિક ઉન્નતિને લક્ષ બનાવે છે તે વ્યક્તિઓને નજર સમક્ષ રાખે છે; જ્યારે બીજાં લક્ષ્યોને પહોંચવા મથતું શિક્ષણ-સમૂહને નજરમાં રાખે છે.

સરળતાને ખાતર, બૌદ્ધિકથી ઇતર પ્રકારનાં લક્ષ્યો વિશે કોઈ એમ વિચારે કે એમનો અભાવ નિર્ણય લેવાની શક્તિની બાબતમાં શિક્ષણક્ષેત્રે નબળાઈઓ લાવે છે. પણ એ બહુ જ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ કે શિક્ષણનાં બૌદ્ધિક લક્ષ્યોને સિદ્ધ કરવાથી જ આવાં ઇતર લક્ષ્યો સિદ્ધ થઈ શકે છે. શિક્ષણનાં બૌદ્ધિક લક્ષ્યો તો જાણવાં સાદાં ને સરળ છે. તેઓ મારે ભાગે એકબીજા સાથે સંકળાયેલાં છે. શિક્ષિત વ્યક્તિમાં કુશળતાથી વિચાર કરવાની અને પોતાના વિચાર સ્પષ્ટ રીતે અને નીડરતાથી અભિવ્યક્ત કરવાની શક્તિ હોવી જોઈએ.

આ પાછલાં વિધાનોમાં બે વાતો કહેલી છે જે કદાચ સ્પષ્ટ ન થઈ હોય. એની સ્પષ્ટતા આ પ્રકારના શિક્ષણની યોગ્યતા વિશે ઊભા થતા સંશયો દૂર કરવામાં ઉપયોગી થઈ પડે એમ છે.

પહેલું તો એ કે, સ્વતંત્ર વિચારણા સ્વભાવે જ ઊથલપાથલ કરનારી છે. જ્યાં વિચારને પરિણામે વ્યવસ્થા જળવાતી હોય કે 'સ્થિતસ્ય સમર્થનમ્' થતું હોય ત્યાં પણ એવો ભય સેવવામાં આવે છે કે સ્વતંત્ર વિચારનું કાર્યમાં થતું પરિણમન જે સ્થિત છે તેને ડગાવી દેશે અથવા તો એને ઉલ્લંઘી જશે. વિચારનું જે સ્વાભાવિક કાર્ય હોય છે તેને જુદા રસ્તે વાળે, એનો ત્યાગ કરવા ફરજ પાડે એવી કોઈ પણ ચીજ શિક્ષણપદ્ધતિમાં દાખલ કરવી જોઈએ નહીં. દેશની સંસ્કૃતિએ પોતે પણ બુદ્ધિની જાગૃતિને પોષવાની છે અને વિચારણાનું મિલન પણ વિચારણા સાથે થવું જોઈએ, લાગણી કે સત્તાની સાથે નહીં, પછી ભલે એ શાળાના ઓરડામાં

હોય કે બીજે કયાંય હોય, ભલે એ શિક્ષકની સાથે હોય કે રાજ્યના પ્રધાનની સાથે હોય. આથી જ કહું છું કે શિક્ષણ અને સત્તા સાથે સાથે રહેવાં જોઈએ નહીં. સાચું શિક્ષણ લોકશાહી તરફ લઈ જાય છે અને લોકશાહી સાચા શિક્ષણની હિમાયત કરે છે; આપણા દેશમાં આવા શિક્ષણ પહેલાં લોકશાહી આવેલી છે (એવું આપણને કહેવામાં આવ્યું છે) અને તેથી વિચારણાની આ બાજુને જો પૂરેપૂરું માન આપવામાં નહીં આવે તો ભયસ્થાનો વધુ છે અને એમનાં મૂળ ઊંડાં છે.

બીજું, વિચારો માત્ર શબ્દોમાં જ અભિવ્યક્ત થતા નથી, કાર્યમાં પણ થાય છે. જે નિપુણતાથી અને નીડરતાથી વિચારવાનું શીખે છે તે એને સ્પષ્ટ શબ્દોમાં અને સાથે સાથે સ્પષ્ટ અને યોગ્ય કાર્યમાં અભિવ્યક્ત કરશે અને માટે જ શક્તિશાળી બૌદ્ધિક શિક્ષણ એ જનસમુદાયથી દૂર રહેલા હાથીદાંતના મહેલ તરફ જતી માખીઓની હારમાળા નથી. અનાધાર થવાનો કે સમતુલા ગુમાવવાનો ભય રાખવાની જરૂર નથી. અસમતોલપણા સામે સાચાં નિવારણ છે સ્વાતંત્ર્ય અને કાર્યની વિવિધતા.

ઉચ્ચ ગુણવત્તા જ મુખ્ય લક્ષ્ય

ઉપર કહ્યું તે બધું જો શિક્ષણે પ્રાપ્ત કરવાનું હોય તો એની પદ્ધતિ એણે બદલવી પડશે; અને એ ઇચ્છનીય પુનર્ઘટન એવું હોવું જોઈશે જે જીવનમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતી વ્યક્તિઓ પેદા કરી શકે. જીવનની ઉચ્ચતા હાલના શિક્ષણથી પ્રાપ્ત થઈ શકે એમ નથી. રાજ્ય પોતાને ઉપયોગી થાય એવા નાગરિકો વિશાળ સંખ્યામાં માગે છે. જ્યારે બીજે છેડે માબાપો અને વાલીઓ નોકરી મેળવવામાં ઉપયોગી થાય એવું શિક્ષણ માગે છે. આથી વિદ્યાર્થીઓ પોતે જ અભ્યાસના નિશ્ચિત થયેલા સમયને અંતે કર્તવ્ય ભૂલીને સારાં કે ખોટાં સાધનો દ્વારા યેન કેન પ્રકારેણ ઉપાધિ (degree) પ્રાપ્ત કરવામાં જ રસ લે છે, અને વિદ્યાર્થીની ઉપાધિ મેળવવાની ઇચ્છાને સફળ બનાવવામાં શિક્ષકો પોતાના ધંધાની ઇતિશ્રી માનતા હોય છે. આથી આશાભરેલો યુવાન ખોટા ખ્યાલો સાથે વિદ્યાલય કે વિશ્વવિદ્યાલયનાં કારખાનામાં-થી બહાર આવે છે અને પરિણામે બને છે દગાબાજ અને કાવતરાખોર.

આવા યાંત્રિક રીતે તૈયાર કરવામાં આવેલ 'વિદ્યાર્થીઓ'-નો કાવતરાખોર સ્વભાવ સર્વને જાણીતો નથી એમ કહેવાનું તાત્પર્ય નથી. એ વાત જાણીતી છે એને વિશે ફરિયાદો પણ કરવામાં આવેલી છે. તો પણ કાર્ય અને કારણ વિશેની સાચી દૃષ્ટિમાં હજી અસ્પષ્ટતા રહેલી છે. શિક્ષણનાં ધોરણો નીચાં ગયાં છે એવી જે ફરિયાદ કરવામાં આવે છે તે મોટે ભાગે કેળવણીનાં શૈક્ષણિક લક્ષ્યોના અભાવને કારણે છે. તદુપરાંત, એ પણ યાદ રાખવું ઘટે કે શિક્ષણનું સામાન્ય ધોરણ બીજાં બળો ઉપર આધાર રાખે છે. એમાં શિક્ષણ-સંસ્થાઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને મહદંશે એમનાં ઘરનો સમાવેશ થાય છે. આ બધાની સંભાળ રાખવી ઘટે. એ વાત સાચી છે કે શિક્ષણસંસ્થાઓ પોતાનાં થોડાંક પણ સર્જનશીલ માણસો દ્વારા સમાજની દૃષ્ટિ બદલી નાખવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકે અને અંતે દેશની શિક્ષણપદ્ધતિ પર પણ એની અસર મોટા પ્રમાણમાં પડે. પણ હાલને તબક્કે તો આપણી શિક્ષણસંસ્થાઓ એ કર્તવ્ય બજાવી શકવા યોગ્ય હોય એમ જણાતું નથી. આ શિક્ષણસંસ્થાઓની જે સામાન્ય દૃષ્ટિ હોય છે તે સમાજની દૃષ્ટિનું વિશ્વસનીય પ્રતિબિંબ જ હોય છે, અને તે ઘણેભાગે મધ્યકાલીન અને અર્વાચીન સંસ્કૃતિનાં બદતર તત્ત્વોના શંભુમેળામાંથી જન્મેલી હોય છે. પરિણામે, બાહ્યદૃષ્ટિએ ઉથલપાથલ કરનાર લાગતી પણ સાચા અર્થમાં તો સર્જનશીલ એવી થોડીક વ્યક્તિઓના કર્તવ્યમાં મદદ કરવાને બદલે એમને દાબી દે છે.

નીચાં જતાં ધોરણને ઊંચે લાવવાની જે બીજી માગણી કરવામાં આવે છે તે સાચે જ અગત્યની છે; અને જેમ બને તેમ જલદીથી તે સિદ્ધ થાય એવા પ્રયત્નો કરવાના છે. લાંબે સમયે સિદ્ધ થઈ શકે એવા દૂરના લક્ષ્યને પહોંચવા મથનારે જલદીથી સિદ્ધ થઈ શકે એવી નજીકની બાબતોને અવગણવાની નથી. પોતાના વિદ્યાર્થીઓના નીચે જતા ધોરણને જોઈને અને નિશ્ચિત સંજોગોમાં નક્કી કરેલી પદ્ધતિએ શિક્ષણનું કાર્ય પોતે બરાબર નથી કરી શકતો એ જાણીને, પોતાનું કાર્ય ગંભીરતાથી આગળ ધપાવવા ઇચ્છતો એકેએક શિક્ષક જરૂર ખેદ પામશે. આપણી પાસે અનેક પ્રકારની યોજનાઓ તો હોય છે પણ એમાંની એકે 'અહીં અને અત્યારે' કામ આપે એવી નથી. આપણે યોજનાઓ ઘડી રહ્યા છીએ અને સૂચનો કરી રહ્યા છીએ એ દરમ્યાન વિશ્વવિદ્યાલયના યંત્રમાંથી સ્નાતકોની હાર સતત બહાર આવી

રહી છે અને સમાજમાં પથરાતી રહી છે. કોઈ વિરલ અપવાદોની વાત કરીએ તો એમના બૌદ્ધિક વિકાસને, એમની યોગ્યતાને અને એમની નિપુણતાને એમની કાગળ ઉપરની શૈક્ષણિક યોગ્યતા સાથે કંઈ લેવાદેવા નથી. બહાર આવતા સ્નાતકો પોતાની જાતે કંઈ પ્રગતિ કરી શકતા નથી અને સમાજને એથી કંઈ લાભ થતો નથી. તેમની વ્યક્તિગત જિંદગી કંગાલ હોય છે અને સામાજિક જિંદગી નિરર્થક હોય છે. પણ આપણે એમનો વાંક ન કાઢી શકીએ અને એથી પ્રશ્ન ઊભો થાય છે: એમને માટે શું કરી શકાય?

શિક્ષક: નિર્ણાયક બળ

આ ગબડતા સમુદાયની ગુણવત્તા વધારવા કંઈક તાત્કાલિક કરવું તો પડશે જ. આ 'કંઈક' તે શું, એ બીજાઓ કરતાં શિક્ષક વધારે સારી રીતે જાણી શકે; અને એમને માટે જે કંઈ કરવાનું હોય તે શિક્ષક દ્વારા જ થઈ શકે. આથી આ દૃષ્ટિએ શિક્ષક આમાં નિર્ણાયક બળ ગણાય. પણ સામાન્ય રીતે શિક્ષકને પોતાનું કર્તવ્ય બજાવવાની સ્વતંત્રતા નથી હોતી. એણે અનેક સત્તાધારીઓની આજ્ઞા પાળવાની હોય છે અને મોટે ભાગે તો શિક્ષકોને પોતાને ઘણું શીખવાનું બાકી છે. હાલને તબક્કે મોટા ભાગના શિક્ષકો શિક્ષકો છે કારણ કે તેઓ બીજું કંઈ પણ કરવા અશક્તિમાન છે. જો તેઓ આ 'પંતુજી'ની જગાએથી છૂટી શકે તેમ હોય તો તેઓ આ ક્ષણે જ એમનો ધંધો છોડીને ભાગી જાય. આમાંના કેટલાક જેઓ ખરેખર કંઈક જાણે છે અને કંઈક વધુ સારું કરી શકે એમ છે એમનામાં નિરાશા અને બેદરકારી પ્રવર્તે છે કારણ કે એમની વાત કોઈ સાંભળતું નથી. એમનો અવાજ બીજાઓને સંભળાય એવો એમની પાસે કોઈ માર્ગ નથી. આ સમસ્યા કંઈ ઓછી મુશ્કેલ નથી. એમાંથી માર્ગ કાઢવાની જો કોઈ પણ યોજના ઘડીશું તો તે સત્તાની ગતાનુગતિક પદ્ધતિઓને ઉલ્લંઘી જનાર જ હશે. આને માટે કેટલાંક હાલપૂરતાં સૂચનો કરી શકાય:

(૧) શિક્ષકોની ગુણવત્તા વધારવા પ્રયત્નો કરવા જોઈએ. પ્રત્યેક રિયત્યન્તરે નવા અને ઉચ્ચ પ્રકારના અભ્યાસક્રમો રાખવાની પદ્ધતિ ઉપયોગી નીવડે.

(૨) વર્ગમાં જે ધોરણે પાઠ્યપુસ્તકો શીખવાય છે એમાં કંઈક ત્વરિત ફેરફાર થવો જોઈએ.

(૩) જે સમય અને તક પ્રાપ્ત થયાં છે તેમને ધ્યાનમાં રાખીને વર્ગની શક્તિ અને એના ધોરણને અનુરૂપ કાર્યની વહેંચણી થવી જોઈએ.

(૪) વિદ્યાર્થીઓ સાથે મળીને હંમેશનું કામ તૈયાર કરવું જોઈએ. સંપૂર્ણ રીતે બહારથી અપાતી પરીક્ષાઓ રોજ-બ-રોજના કાર્ય તરફ માન ઘટાડે છે અને પરિણામે નુકસાનકારક બને છે.

(૫) વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત કરવાની તાત્કાલિક જરૂર છે. જો શિક્ષણસંસ્થાની કોઈ મુશ્કેલીને લીધે કે આર્થિક સંજોગોને લીધે એ હાલ ન બની શકે તો વિદ્યાર્થીઓ શિક્ષકને ચાર, ૭ કે આઠની સંખ્યામાં મળે એવી ગોઠવણ કરવી જોઈએ.

(૬) વિદ્યાર્થીઓના હિતમાં પોતે કંઈક વિચારી શકે એટલો ફાજલ સમય શિક્ષકને મળવો જોઈએ. શરૂઆતમાં વિદ્યાર્થી પોતે એ નથી કરી શકતો માટે આની જરૂર ઊભી થાય છે.

•

આ સૂચનો પૂરતાં નથી. આવા બીજા ઘણા પ્રયત્નો કરી શકાય.

અંતમાં—આપણે સ્પષ્ટ રીતે શિક્ષણનાં આપણાં લક્ષ્યોને નક્કી કરવાં જોઈએ. એ સાચાં સાધ્ય અને સાધનોને ગૂંચવાડામાંથી બહાર લાવશે અને દ્વૈતીયિક કે આનુષંગિક લક્ષ્યોને પ્રાથમિક કે મુખ્ય ગણાતાં અટકાવશે. આનાથી આપણી શિક્ષણપદ્ધતિનો વિકાસ કરવામાં જરૂરી એવાં ભૌતિક સાધનોની સમસ્યાનો પણ ઉકેલ આવશે. હાલની પરિસ્થિતિમાં તાત્કાલિક વિકાસ માટે સાચા સ્થળેથી સાચી શરૂઆત કરવી પડશે. દરેક કાર્યમાં પૈસાની ખૂબ જરૂર પડે છે એ ખરું, પણ સાચી નિષ્ઠા હશે તો એ પણ મળી રહેશે અને જો ચિંતન કાર્યમાં પરિણમે તો સાચી અને સારી નિષ્ઠાનો પણ કંઈ દુષ્કાળ નથી. ટૂંકમાં, આપણી કેળવણીમાં મુખ્ય જરૂર છે તટસ્થ વિચારણાની અને તટસ્થ પ્રયત્નોની.

વાર્તા

નવો જનમ

'ઇન્દિલાબ'

આખર આવી ગઈ હતી. વરસાદ હજી આવ્યો નહોતો. દિવસના ચોવીસ કલાકના મોટા ભાગના કલાકો તાપથી તપતા હતા. ધરતી તપી તપીને ગરમ બની ગઈ હતી. ઊના વાયરા મોડે સુધી વાતા હતા.

સૂરજ પશ્ચિમે ડૂબી ગયો હતો. પણ રાત હજી જામી નહોતી ને ધરતી પર હજી ભંજાતાનું ઘેરું અજવાળું પથરાયેલું હતું.

ખેતરે ગયેલા ખેડૂતો ઘરે પાછા આવી ગયા હતા. કેટલાક હાથપગ ધોતા હતા તો કેટલાક રોટલો ખાવા બેઠા હતા.

ગામડું ગામ. રસ્તા ઉપર દીવાબત્તી કરવાનો રિવાજ હીં હજી પડચો નહોતો.

પણ ઘરોમાં દીવા ટમટમી રહ્યા હતા.

ઘર ઘર ચૂલા સળગી ગયા હતા. તેનો ધુમાડો છાપરાંમાં-થી બહાર નીકળતો હતો. ઘણાં ઘરના ઘણા ધુમાડા ભેગા થઈ ગામને માથે આવેલ આભમાં વિધવિધ વળાંક લઈ ઊડતા હતા.

રોંટલાનું એ ટાણું હતું.

તે વખતે પાદરે ભડાકા થવા લાગ્યા.

કેટલાકે આ ભડાકા સાંભળ્યા ને બીજાને સંભળાય એટલે તો ભડાકાની વાત ગામમાં પસરી ગઈ. પણ એમાંથી જનમતું કુતૂહલ શમે તે પહેલાં તો ભડાકા ઉપરાછાપરી થવા લાગ્યા.

હાથપગ ધોતા લોકો ભીંજેલે હાથપગે બહાર આવ્યા. રોટલા ટીપતી બાઈઓ રોટલો બળતો મૂકી બહાર નીકળી આવી. છોકરાંઓનો શોરબકોર વધી ગયો.

એક આદમી દોડતો દોડતો બૂમો મારતો જતો હતો:

"જેમલાની દુકાનમાં ધાડ પડી; દોડો, દોડો, ધાડ પડી!" પવનના સૂસવાટાની જેમ આદમી આવ્યો અને ગયો ને એટલા જ જોરથી બૂમો પાડતો!

ને ગામનું નગારું શોધી કઢાયું. વર્ષોથી અણવપરાયેલા નગારા પરની ધૂળ ઝાપટવાની કોઈએ દરકાર કરી નહીં. દાંડીઆને અભાવે પાસે જ આવેલા વિલાયતી આંબલીના ઝાડની કાંટાળી ડાળીઓ તોડી પાડવામાં આવી. ઝટપટ આશરાના માપના તેના બે ટુકડા બનાવવામાં આવ્યા. તેનાં પાંદડાં તોડવાની કે કાંટા છોલવાની રાહ જોવાઈ નહીં. ને દાંડીઆ નગારા પર પડવા લાગ્યા.

નગારામાંથી અવાજ નીકળવા લાગ્યો. ચામડાં પરની ધૂળ નાચવા લાગી ને પછી ઊડીને નગારું ઠોકનારના મોં ઉપર છવાવા લાગી. ઠોકનારો આંખો મીંચીને ઠોકવા લાગ્યો.

કદી નહીં સંભળાયેલો નગારાનો પુકાર લોકોના કાનના પડદા સાથે અથડાયો.

બે પેઢીથી નગારું વાગતું કોઈએ સાંભળ્યું નહોતું. અજાણ્યુ ભાવિની આશંકાથી પોચાંનાં દિલ હાલી ગયાં. બધાંને અમંગળની કલ્પના આવી. પણ સાથોસાથ એ અજાણ્યુને રોકવા, એ અમંગળનો પ્રતિકાર કરવા ગ્રામજનતા કટિબદ્ધ બની!

હાથમાં જે આવ્યું તે લઈ લોકો ઘર બહાર નીકળી પડ્યા. અંગ્રેજોના પ્રતાપે હથિયારોએ તો ગામમાંથી લાંબા સમયથી વિદાય લીધી હતી.

ડાંગધારિયાં હાજર હતાં.

લોકો ઘરની બહાર પડવા લાગ્યા.

મરદ બહાર નીકળતા હતા ને બારણાં ભડાભડ વસાતાં હતાં. આગળા અને ભોગળ મરાતાં હતાં. દીવાની જ્યોત

ઓછી થતી હતી. ચૂલા ધીમા પડી ગયા હતા. ગામનું સંજાતાનું કામ અટકી પડયું હતું.

ખેતરે ફરી આવેલા બળદો બારણામાં જ રહ્યા.

નગારાનો શોર હવામાં ઘોર મચાવતો હતો.

પાદરે બંદૂકના ધડાકા સંભળાતા હતા.

બાળકોની ચીસો એ બંનેના અવાજોમાંથી પણ તરી આવતી હતી. બંદૂકના ધડાકાએ ગામની હવાને ધ્રૂજાવી નાંખી હતી. ધ્રૂજતી હવા લોકોના દિમાગને ઉત્તેજિત કરતી હતી.

ધાડ !

એ તો પીંઢારાના સમયમાં પડી હશે. ગામે ત્યારે પછી એ ઉત્પાતનો અનુભવ કર્યો નહોતો.

ઝઘડા તો ગામમાં રોજિંદા થતા હતા. ને લાઠી ને ધારિયાં પણ અનેકવાર ઊછળતાં હતાં. લોહીની છાંટથી ધરતી છંટાઈ હતી. પણ તે કલહકંકાસ આપસઆપસમાં હતા. એવી તો કંઈક લડાઈ થઈ હતી ને એવા પ્રસંગો પણ ઘણા આવી ગયા હતા. પણ એ કિસ્સાઓએ ગ્રામજનતાના હૈયાને માત્ર ઉપરછલ્લો સ્પર્શ કર્યો હતો ને ત્યારે લોકો, " એ તો ચાયલા કરે એવું " એમ માનીને જરાતરા ધાતો કરી બેસી રહેતા ને બંને પક્ષની ટીકા કરતા, ગાળો ભાંડતા; લડાવતા ને છૂટા પાડતા જીવ્યે જતા હતા.

પણ આજનો પ્રસંગ અપૂર્વ હતો !

ધાડ !

ધાડ ! ધાડપાડુ ! ગોળીબાર !

છાપામાં આવતાં કાઠિયાવાડની, મધ્યપ્રદેશની ને બીજા ભાગોની ધાડોનાં બયાન લોકો વાંચતા હતા. પણ જ્યાં સુધી જાત પર વીતે નહીં ત્યાં સુધી પૂરો ખ્યાલ આવે નહીં ને એવો ખ્યાલ લાવવાની કે વિચારવાની જરૂર પણ કોને હતી ?

પાદરેથી કરુણ ચીસો આવવા લાગી. ગેમલાને ત્યાંની સ્ત્રીઓનાં રુદન અને બાળકોની ચીસોથી પાદર ગાજી ઊઠયું હતું. ધડાકો થતો ને એ આર્તનાદની માત્રા વધી જતી. ને એ થોડી થાય એટલે તો બંદૂક વળી ગાજી ઊઠતી ને તે સાથે જ રોકકળની માત્રા વધી જતી.

ગામ એક હતું પણ ગ્રામતખ્તાને બે ખૂણે બે દશ્યો એકી સાથે ભજવાઈ રહ્યાં હતાં. ગામપાદરે આવેલ ગેમલ શેઠની દુકાનમાં ધાડીઆ ધાડનું તાંડવ ખેલી રહ્યા હતા. ગામમાં લોકો આવી પડેલી—અચાનક આવી પડેલી—આપત્તિનો સામનો કરવા ઊમટી રહ્યા હતા.

બંને દશ્યો જુદાં હતાં. બંનેનાં પ્રેરકબળો પણ અલગ હતાં. બંનેના પેંતરા પણ અલગ હતા.

દુકાનના બારણામાં એક બંદૂકધારી ઊભો ઊભો હવામાં ગોળીબાર કર્યે જતો હતો. દોરીલોટો લઈને આવેલા પોતાના બાપ નેમા મારવાડીની બેચાર ડબલાંની દુકાનમાંથી અનાજ–કરિયાણાં ને બીજી પરચૂરણ ચીજોના વેપારી બની ગયેલા અને ભીડભાડે શાહુકારી કરતા ગેમલ શેઠની હવેલીમાં ખૂમરાણ મચી રહી હતી.

ભંજાતાની ભરભર ઘરાકીટાણે એની દુકાનમાં પેટ્રોમેક્ષ સળગતી હતી. દુકાનના ગલ્લા પર ગેમલનો નાનો ભાઈ છીતુ બેસતો હતો. સામેના ઓટલા પર તકિયાનું ટેબલ બનાવી ગેમલ શેઠ ચોપડા લખતો હતો. ઓટલાને એક ખૂણે " આ આખી જમાવટનાં મૂળ મેં જ નાંખ્યા છે, " એ ખ્યાલને સતત મનમાં ઘૂંટતો ને એમાંથી જન્મતા હુંપદના આનંદની ધ્રુજારીથી ધ્રૂજતો નેમલો ડોસો તકિયે આડો પડ્યો હતો.

બહાર અંધારું થવા આવ્યું હતું. પણ અંદરની લાઈટને કારણે લોકો ઉઝરડાના હતા.

એવે સમયે એક આદમી દુકાનમાં દાખલ થયો ને તેણે તમાકુ માંગ્યો, સિગારેટ માંગી ને પછી તેણે ભાવતાલમાં રકઝક કરી મૂકી. એટલે તો ગેમલનો પિત્તો ગયો ને તે બેઠો થઈ ગયો. જીવનની શરૂઆતથી એને સફળતા વરી હતી એટલે એના મગજમાં એક જાતની ખુમારી હતી. ગેમલ માનતો હતો કે એનું વાકય એટલે જનાર્દનનું વાકય ! એનો બોલ ઉથટમો ! દુનિયામાં અનુકૂળતા આવે એટલે માણસ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવે ! બે ડબલાંની દુકાનમાંથી ગેમલ જનરલ વેપારી થઈ પડ્યા હતો. એ વિકાસ એના સમયમાં સધાયો હતો. એ એમ માનતો હતો કે એ વિકાસ એણે પોતે સાધ્યો હતો. એ સિદ્ધિ એના મનમાં એક પ્રકારની દઢતા જન્માવી ગઈ હતી. જરા સરખો વિરોધ પણ એનાથી સહન થતો નહોતો. ગામના ભલભલા નથુભાઈને પણ તડફડ સુણાવી દેતાં એને વાર લાગતી નહોતી. તેથી તો કેટલાય એને ' શરમ વગરનો નાગો ' કહેતા. તે જાણી ગેમલને આનંદ થતો. લોકોમાં ચાલતી એના વિષેની એ કહેતી વધું જોર પકડે એવું જાણીબૂઝીને એ કરતો: એ સહેતુક હતું. ગેમલ બંધો હતો. નાગા કે શરમ

વગરના કહેવાવાથી શું બગડી જવાનું હતું? ઊલટાનો એને તો એથી લાભ થતો હતો. ઉઘરાણી પાકી જતી હતી ને કોઈ સહેજમાં ઉધાર માંગવાની હિંમત કરતું નહોતું.

ગેમલનો પિત્તો ગયો ને તેણે પેલા આદમીને સુણાવી દીધું, "જોઈતું હોય તો લે નીં તો રસ્તો પકડ! મારે મોડું થાય!" તે બોલતી વખતે તેના મોં ઉપર ઠંડા તિરસ્કારની એક છાયા પથરાઈ ને પેલાના દિલમાં ઘા કરી ગઈ. સમૃદ્ધિને ખોળે આળોટતો ગેમલ પોતાને કોઈની જરૂર નહોતી એવું માનતો હતો ને વખત આવ્યે એ વાત છતી કરી લોકોને સરળતાથી સમજાઈ જાય એવી રીતે વર્તતો હતો. પેલા આદમીએ આ જોયું. એને ચોંટી ગઈ. લાગલો જ એ ગેમલ તરફ ધસ્યો ને બેચાર ગાળ સુણાવી દીધી. ત્યાં તો એક ટોળી ટપકી પડી. ટોળીના આદમીઓ બુકાનીવાળા ને ડાંગધારીઓ હતા. તેઓ વધુ ખટપટ વગર ગેમલ અને નેમા શેઠ પર ધસી આવ્યા ને તેમને એકેકો ડાંગનો ભધેકો ચડાવી દીધો.

બૂમરાણ મચી ગઈ. મારામારી થાય ત્યાં કોણ ઊભું રહે? દુકાને માલ લેવા આવેલાં સરી ગયાં ને છપતાં છપતાં ખસી ગયાં. તેમને ફિકર પડી કે રખે ડાંગનો માર એમના ઉપર પણ પડે! એમને પોતાની જાતની સલામતીની ફિકર પડી તે વખતે એમના મનમાં પોતાની જાતને થઈ પડનારી નુકસાનીની ગણત્રી પ્રબળ બની હતી. જીવનમાં સામાજિક હેતુ જેવી પણ કોઈ ચીજ છે તેનો ખ્યાલ તેમને તે વખતે રહ્યો નહીં. સ્વજીવનની ચિંતા, સ્વરક્ષણની ઇચ્છા એમને ત્યાંથી ખસી જવાને પ્રેરણારૂપ બની.

પણ ખસી ગયા પછી એમનામાં રહેલી બીજા પ્રત્યેની સ્વાભાવિક શુભેચ્છા જાગૃત થઈ. માણસ મરવા પડે, માણસ ઉપર આપત્તિ આવી પડે ત્યારે આઘો ઊભો હાથપગ જોડી બેસી રહે તે માણસ જ નહીં! ખસી ગયેલાંના દિલમાં ખસી ગયા પછી એ ખ્યાલ આવ્યો. થોડે દૂર જઈ એમાંથી ત્રણેક જણા પાછા આવ્યા અને હવેલીની ઓથમાં રહી બંદૂકધારીને છૂટા પથરા મારવા મંડ્યા. બંદૂકની નળી પથ્થરની દિશામાં વળી. ગોળીઓનો પ્રવાહ સામે જ નિર્વિકાર ચિત્તે ઊભેલાં શાળાનાં મકાનનાં છાપરાંનળિયાંને ખણખણાવતો હવામાં ઊડી જવા લાગ્યો.

બંદૂકમાંથી છૂટતી ગોળી હવામાં સૂસવાટા ભરતી હતી. એમાંથી એક સૂરાવલિ જન્મતી હતી. પણ એ સૂરાવલિ મોતનાં ગીતની સૂરાવલિ હતી. એ સૂરો લોકોના દિલને જિંદગીનો આનંદ અર્પતા નહોતા. એ સૂરો મોતના મરશીઆના હતા.

લોકોનાં હૈયાં ફડફડતાં હતાં. એમના દિલમાં ચિંતા હતી, ભય હતો, જાતની ફિકર હતી. પણ ધીમે ધીમે એ જાતની ફિકર–પોતાની જાતની ફિકર સમૂહની ફિકરમાં પલટાઈ ગઈ ને સમૂહના–સમસ્ત ગામના એક અંશ એવા ગેમલ શેઠની આપત્તિ તેની એકની જ નહીં પણ સારા ગામની આપત્તિ બની ગઈ.

આમ તો ગેમલ શેઠ પ્રત્યે કોઈને વહાલનાં ઝરણાં ઊભરાતાં નહોતાં. રોજરોજ વધતી જતી એની સમૃદ્ધિ લોકોના દિલની અદેખાઈનું કારણ હતી. માલના ભાવતાલ, લોકો સાથેનું એનું વર્તન વગેરેથી લોકોનો ગેમલ સાથેનો સંબંધ નાછૂટકે રાખવો પડતો સંબંધ હતો. છતાં પણ એ બધી અંગત રાગદ્વેષની વૃત્તિઓ પેલાં પ્રભાતનાં અજવાળાં આભમાં પથરાય ને દબાઈને ઝંખવાઈ જતા તારાઓની જેમ દબાઈ ગઈ. લોકોના દિલમાં પેલા વૈષ્ણવજનની પરપીડાને પિછાણનારી વૃત્તિ પ્રબળ બની ગઈ. અંગત ફિકર અને દ્વેષ જતાં રહ્યાં. સમગ્ર ગામની ચિંતા બધાના મનમાં પેસી ગઈ. કોઈ એક બોલી ઊઠ્યો: "કોથી મરે પણ જમ પેધો પડે તેનું શું? આજે ધાડિયા ફાવે તો તો કાલે પાછા આવે! ને પછી એનો છેડો ક્યારે?"

ફરતી બાજુએથી લોકોની ટોળીઓ જામવા લાગી. તેમાં કાયા હતા, પોચા હતા, બહાદુર હતા, સાદા હતા તે સમજદાર હતા. જુવાન હતા, ઘરડા હતા તો છોકરાઓ પણ હતા.

હવેલી સૌનું લક્ષ્ય બની ગઈ. તે એક આકર્ષિત મધ્યબિંદુ હતું. ને લોકોની ટોળકીઓ ચોમેરથી તે મધ્યબિંદુમાં ખેંચાઈ રહી હતી. એ બિંદુ સૌને ખેંચતું હતું. દીવો પતંગિયાને આકર્ષે તેમ હવેલી ગામલોકોને પોતા તરફ ખેંચી રહી હતી.

ટોળીઓ નાની હતી તેમ મોટી પણ હતી.

સૌથી મોટી ટોળી ગામના ઓતરાદા ખૂણામાંથી ધસી હતી. તેની અને હવેલીની વચ્ચે ઝાડવાં અને એકાદ ઊભેલી એક પાકી પરસાળ સિવાય કોઈ આડ નહોતી. હવેલીના બારણાંમાં ઊભેલ બંદૂકધારીની બંદૂકમાંથી ઝરતો ધડાકા સાથેનો તણખો તેમને પડકાર ફેંકતો હતો.

પચ્ચીસેક માણસોનું ટોળું હતું. વિધવિધ મંતવ્યો રજૂ થતાં હતાં. ઓપરીની ગત ન્યારી! અનેક ઓપરી ભેગી થઈ હતી. તેમાંથી જાતજાતના અભિપ્રાયો અને વિધવિધ યોજનાઓ બહાર પડતાં હતાં. દલીલોનો રાફડો ફાટ્યો હતો.

કોઈ બોલ્યું, "ખાલી બાર છે."

કોઈકે અભિપ્રાય આપ્યો, "નળીમાં દારૂ મૂકી સળીઆ વડે ફોડતા છે."

તો કોઈકના ફળદ્રુપ ભેજામાં ઊગ્યું, "ભોંયફટાકડા છે, ભોંય ફટાકડા!"

પણ ત્યાં તો દુકાનમાંથી સરી આવેલો એક જણ આવી પહોંચ્યો ને બોલી ઊઠ્યો, "બંદૂક છે, બંદૂક! ને અંદરથી સનસન કરતી ગોળીઓ છૂટે છે, હું અમણેં જ તાંથી આવવો!"

બધા તેની ફરતે વીંટાઈ વળ્યા ને એકસામટા અને જાતજાતના સવાલો પૂછવા લાગ્યા. ટોળાંમાંનાં બધાંને જ કાંઈ ને કાંઈ પૂછવાનું હતું. દરેક જણની ઈંતેજારી ને ઉતાવળ ભારે હતાં. સૌને હવેલીમાં શું બની રહ્યું છે તેની પૂરી વિગતો જાણવાની ભારે ઇચ્છા હતી. જવાબ દેનારો એક હતો. સવાલ હતા અનેક અને અનેક મોંઢેથી નીકળતા હતા. શબ્દો પંખી બનીને ટોળાંની ફરતે ઊડતાં હતાં.

અને છતાં ટોળું આગળ વધતું હતું.

રસ્તામાં વલભા સુથારનું ઘર આવ્યું. ખભે વાંસલો મૂકી એ ટોળામાં ભળી ગયો. બાજુની નાળમાંથી દૂબળવાડના દૂબળા આવી પહોંચ્યા. ડંગોરા ને ધારિયાં એમને ખભે ચડીને આવ્યાં હતાં. સંખ્યા વધતી જતી હતી. મારમાર કરતા લોકો આગળ વધતા હતા. હજામવાડ આવ્યો અને હુરનો હજામ ટોળામાં ભળી ગયો. એની લૂલી રોજ કરતાં વધુ વદના લાગી લોકોને પાણી ચડતું હતું. બાજુમાં પોતાની કોઢમાં ઊભેલા સોમલા લુહારનું દિલ હાથ ન રહ્યું ને તેણે ખભે ઘોણ મૂકી ચાલવા માંડ્યું. બાજુમાંથા કશનો ખેડૂત આવ્યો તેને ખભે કુહાડો હતો.

હવેલીની ચોમેરથી લોકોનાં ટોળાંઓ હવેલી પર દબાણ નાંખતાં હતાં. ઘડીભર હવાનાં મોજાં પણ ટોળાની સાથે દોડતાં હોય એવું લાગ્યું.

નગારું હજીય વાગતું હતું. એકધારું ને એક જ ઢબે. નગારાવાળાને નગારું વગાડવા સિવાય બીજું કોઈ ભાન જ ન હોય એમ લાગતું હતું.

બંદૂકધારી પર પથ્થરો ફેંકાતા હતા. જે દિશામાંથી પથ્થરો ફેંકાતા તે દિશામાં બંદૂકનું નાળચું ફરતું હતું. પણ ત્યારે બીજી દિશામાંથી પથ્થરનો વરસાદ વરસતો હતો. કોળીઓને કોઈ સૂચના દેનારું નહોતું કે નહોતું કોઈ વ્યૂહરચના રચનારું. છતાં આપઅક્કલે ખૂણાઓમાંથી વારાફરતી પથ્થરોનો મારો થતો હતો. લોકો આપમેળે સમજી ગયા હતા કે ધડાધડ છૂટતી ગોળીઓ સામે અદ્ધર દોડી જવું એ ખતરનાક હતું. ટોળાંનો ખ્યાલ દૂર રહીને પથ્થરો મારી ધાડીઆનાં કારતુસ ખલાસ કરાવવાનો હતો. હોકારાથી ગામનું પાદર ગાજી ઊઠ્યું હતું. મારમાર કરતા લોકો ધાડપાડુ પર દબાણ વધાર્યે જતા હતા.

બંદૂકધારી અકળાઈ ઊઠ્યો. એક પથ્થરે તેના પગને ટાંચી નાંખ્યો ને તેનાથી રાડ પડાઈ ગઈ. તે હવેલીના ઓટલા પર ચડી ગયો.

શત્રુની પીછેહઠ જોઈ લોકોનો જુસ્સો વધતો હતો.

ઓતરાદિ દિશાનું ટોળું આગળ વધવા લાગ્યું. ક્યાંકથી ઘેલિયો લંગડ ટપકી પડ્યા. લંગડા પગની ખોટ પૂરવા રાખેલ ઘોડીને ટેકે તે સફલતો હતો. વચ્ચે વચ્ચે તે બીજા હાથમાં રહેલ લાકડી ઘુમાવતો હતો. લંગડભાઈ! ચાલવાનાં તો ઠેકાણાં નહોતાં પણ આજનું તો ટાણું જ અપૂર્વ હતું. એનો મહિમા જ અનેરો હતો. જે હાથ આવ્યું તે લઈ લોકો દોડતા હતા. એમાં બહેરા હતા, બોબડા હતા, લંગડ હતો. હતી તેટલી બધી શક્તિ વાપરવાનો નિરધાર હતો. જાન પર આવી લોકોએ બાજી લગાવી દીધી હતી.

ગામને પાદરે ધીંગાણું મચી જવાનાં એંધાણ ચોખ્ખે ચોખ્ખાં વરતાતાં હતાં.

પણ કોઈ માતાએ પોતાનાં પેટના જણ્યાને ઝુકાવતાં રોક્યા નહીં. કોઈ પણ પત્ની પડખું સેવનારને ગળે પડી નહીં. કોઈ બાળક રડ્યું નહીં.

બંદૂકધારી ઓટલે ચડી ગયો ને લોકોનું જોર વધી ગયું. તેમને એમ લાગ્યું કે ધાડીઆ ગભરાયા છે, અકળાયા છે. તેની સહેજ સરખી પીછેહઠે લોકહલ્લાનું જોર બમણું બની ગયું. બધી કાળજી નેવે મુકાઈ ગઈ. ઉત્સાહનો ઊભરો ટોળાંના જુવાન દિલને તાણી ગયો. પાકા લોકો સાચવીને કામ લેવા બૂમો પાડતા હતા. પણ જુવાનોનાં માથાં ફરી ગયાં. એમના દિલમાં શત્રુને ફદ્દ ભોંય ભેગો કરવા તાલાવેલી જાગી ઊઠી.

હજામની પાણી ચડાવતી વાણી ચાલુ હતી.

ઘેલિયો લંગડ ઘોડી દબકાવતો આગળ જવા મથતો હતો.

દૂરથી આવતો નગારાનો અવાજ ભૂરકી નાંખતો હતો.

જુવાનોનો દિમાગ ફરી ગયો. એમણે આંધળુકિયાં કર્યાં. એમનો એ ધસારો મધ્યયુગના રાજપૂતોનાં 'કેસરિયાં'ની યાદ અપાવતો હતો. લોકો પણ તેમની પાછળ ખેંચાયા.

જાતની સલામતી, અગમચેતી, વ્યૂહરચના, ધાડપાડુનો મરણીઓ સ્વભાવ, ઘરડેરાંની શિખામણ, વંટોળ આવે અને પાદરે પડેલાં પીપળાનાં સુકાં પાંદડાં ઊડી જાય એમ ઊડી ગયાં.

મારમાર કરતા લોકો હવેલી તરફ ધસવા લાગ્યા ને એક દિશામાંથી હલ્લા થતાં ચારે બાજુથી લોકો ઉમટી પડયા.

ધાડપાડુઓએ પીછેહઠ કરી. હવેલીમાંથી એમની ટોળી બહાર પડી અને વ્યવસ્થિત બની ગઈ. એક જ હારમાં એ પાછળ હઠવા લાગ્યા, એમના હાથમાંની વીજળીની બત્તીઓ ઝળહળી રહી હતી. એના પ્રકાશને કારણે લોકો ધાડપાડુનાં મોંમાંથા જોઈ શકતા નહોતા. પ્રકાશને ઓથે પાપ છુપાતું હતું.

ચારે બાજુથી "મારો, પકડો, દોડો "ની બૂમો પડતી હતી. હવેલીમાંથી હવે રુદન એકધારું સંભળાતું હતું.

બંદૂકધારીની બંદૂકમાંથી હવામાં ધડાકા થયા કરતા હતા.

જુવાનિયાનું ટોળું ધસી ગયું.

વીજળીના પ્રકાશમાં કશું સૂઝતું નહોતું.

શત્રુને જેર કરવાનો એક જ ખ્યાલ લોકોના મનમાં રમતો હતો. ત્યારે બીજી કોઈ બાબતની હસ્તી તેમને માટે રહી નહોતી. બસ એક અને એક જ ધૂન સમસ્ત ગામને લાગી હતી બસ એક જ વાત એમના દિલની એરણ ઉપર હથોડાની જેમ ટકરાતી હતી.

સમસ્ત ગામ એક વિરાટ માનવ બની ગયું ને બધા લોકો એ એક જ વિરાટનાં અંગો બની ગયા. એ વિચાર જાગૃત થઈ ગયો હતો. એણે જાગીને ગામના શત્રુને ભરખવા પ્રવૃત્તિ આદરી હતી. ગામ પર ત્રાટકી પડેલી આપત્તિ એક પ્રેરક બળ બની ગયું. વિરાટનાં અંગો એનાથી દોરાતાં હતાં. ગામડામાં અકલ્પ્ય એવી વ્યવસ્થા જામી ગઈ. અદ્ભુત એવું યોજનાકૌશલ્ય જણું થયું.

વિરાટની ભીંસ ભારે હતી—જાણે એક વિરાટકાય અજગર ભરડો લેતો હતો.

ધાડીઆના ટાંટીઆ ધ્રૂજી ગયા.

ધાડીઆ જીવ પર આવી ગયા.

જુવાનજોધ ગુલબો નાયકો એમની નજીક આવી ગયો ને તેણે બંદૂકધારીની ઉપર પોતાની બેટરીનો પ્રકાશ છોડયો. બંદૂકમાંથી ગોળીઓ છૂટી. એક ગોળી જુવાનના પેટમાં ઘૂસી ગઈ અને અંદર ફરી વળી. બીજી એક ગોળી એની જાંઘ વીંધીને બહાર નીકળી ગઈ. ગુલબો પડયો.

તે દેખીને મકનો અને રણછોડ મરણીઆ બનીને ત્રાટકી પડ્યા. ને તેમનાંમાંના એકના ખભામાં ગોળી ઘૂસી ગઈ ને બીજાનું પડખું ઘવાયું. રણછોડ બેસી પડ્યો. લોકો તેમની ફરતે ફરી વળ્યાં.

દરમિયાન જીવ લઈ ધાડપાડુ ભાગવા લાગ્યા.

મારમાર કરતું એક ટોળું તેમની પાછળ પડ્યું.

બંદૂકધારીએ પાછા ફરી એકની સામે બંદૂક તાકી પણ તેમાંથી ગોળી છૂટે તે પહેલાં તો પેલાના ધારિયાના એક ઝાટકે બંદૂકનું નાળચું જમીનમાં મોં માંડી ગયું.

હવે ધાડીઆ જીવ લઈ નાઠા!

ગામ બહાર અંધારનો અફાટ સાગર ઊભરાતો હતો. હવાનાં મોજાં સાથે એ અંધારનાં મોજાં ગામને ભરખવા 'ધસતાં હતાં.' એ અંધારમાંથી મોતનાં મોજાં જેવા ધાડપાડુ ગામમાં ધસી આવ્યા હતા. જાણે મોત જીવનને ભરખવા ધસી આવ્યું હતું, પણ ગામનું જીવન જાગી ઊઠયું હતું–જાગી સક્રિય બની ગયું હતું અને જીવન અને મોત વચ્ચે, અંધારાં અને અજવાળાં વચ્ચે, પાપ અને પુણ્ય વચ્ચે ખુનખાર યુદ્ધ જામી ગયું હતું.

ગામના બત્રીસ લખણા જુવાને જાનકુરબાની કરી હતી. એ બત્રીસ લખણાના રક્તથી અર્ચાયેલ વિજયશ્રી જ્યારે ગામને વરી ત્યારે ધાડપાડુનું પાપ ગામ બહારના અફાટ અંધારમાં અંધાર બની સમાઈ ગયું.

પણ ગામના એક બત્રીસ લખણાની જિંદગીનો દીવો હોલવાઈ ગયો. એક જુવાનની આશા, આકાંક્ષા ધૂળમાં મળી ગયાં.

જુવાનોનાં લોહીથી ગામની ધરતી રંગાઈ ગઈ. પણ પોતાનું લોહી વહાવી નૂતન જીવન જન્માવતી માતાની જેમ ગ્રામજનતા નવો જનમ પામી.

આખી રાત નાતજાતના જુગજૂના ભેદ ભૂલી ગ્રામજનતા ખાધાપીધા વિના ગુલબાનાયકાના આંગણામાં બેસી રહી.

અશ્લીલતા—સાહિત્યિક દૃષ્ટિએ

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

'માનવ'ના ગયા અંકમાં અશ્લીલતા વિશે હેન્રી મિલર અને ન્યાયાધીશ શ્રી. દવેનાં દૃષ્ટિબિન્દુઓ મેં સંક્ષેપમાં રજૂ કર્યાં હતાં. એ વિશે વિચારતાં કંઈક વિશેષ કહેવાનું પ્રાપ્ત થાય છે.

અશ્લીલતાના બચાવમાં એક બહુ જ જાણીતી દલીલ આગળ ધરવામાં આવે છે : જીવનમાં જે હોય તે સાહિત્યમાં પણ આવી શકે. જીવનમાં જો અશ્લીલતા જણાતી હોય તો વાસ્તવનું નિરૂપણ કરતું સાહિત્ય એને પણ નિરૂપે. જીવનમાં અનીતિનાં ધામ ચાલી રહેલાં હોય, આપણે બધા જ એ જાણતા હોઈએ, તો પછી સાહિત્યમાં એની સામે આંખ આડા કાન કરવાની શી જરૂર ?

જીવન અને સાહિત્યના સંબંધનો વિચાર કરતાં આ દલીલનો ઉત્તર આપમેળે મળી રહેશે. કોઈ સામો પ્રશ્ન પૂછે: જીવનમાં જે હોય તે બધું જ સાહિત્યમાં યથાતથ સ્થાન પામે ? આના ઉત્તરમાં એમ કહી શકાય કે જીવનમાં જે હોય છે એ પ્રત્યેક વસ્તુ, વિચાર અને બનાવનું સ્થાન સાહિત્યમાં હોઈ શકે; સારું અને ખરાબ બન્નેય એમાં નિરૂપી શકાય, પણ તે એક શરતે કે તે બધું જ સાહિત્યિક બનીને આવે. જીવનમાં જેવું છે તેવું જ સાહિત્યમાં શોધવા કે નિરૂપવા જઈએ તો માનવું કે રસ્તો ભૂલ્યા છીએ. સાહિત્યમાં જે સ્થાન પામે છે તે જીવનમાંથી મળી રહે છે પણ તેના નિરૂપણમાં હેય-ઉપાદેયનો વિવેક કરવાનો રહે છે. આ વિવેકદૃષ્ટિ સાહિત્યજગતને વ્યવહારજગતથી જુદું પાડે છે. આને કારણે સાહિત્યની અને વ્યવહારની ભાષામાં પણ પાયાનો ભેદ રહેલો છે. વ્યવહારમાં વપરાતા શબ્દોનું પ્રયોજન એમના સંકેત પૂરતું મર્યાદિત હોય છે. સાહિત્યના શબ્દો 'તેજે ઘડેલા' હોય છે. વ્યંજનાનું વાતાવરણ એમની આજુબાજુ જામેલું હોય છે. અને એમાં શ્વાસ લઈને એ શબ્દો કાળની સામે થઈને જીવી રહ્યા હોય છે. ટૂંકમાં, સાહિત્યની ભાષા અતિક્રમણશીલ હોય છે.

આટલા પ્રાક્કથન પછી અશ્લીલતાનો મુદ્દો વિચારીએ. અશ્લીલતાનો અર્થ સાધારણ રીતે ઘટાવાય છે તે આ—સ્ત્રી-પુરુષના જાતીય સંબંધોનાં ઉઘાડાં વર્ણન અને એમનાં અંગો-ઉપાંગો કે ઇન્દ્રિયો વિશેની વાતો.

સાહિત્યમાં એ ન આવી શકે ?

આ પ્રશ્નના જવાબમાં એક દલીલ કરવામાં આવે છે—દાક્તરીવિદ્યાનાં અને શરીરવિજ્ઞાનનાં પુસ્તકોમાં જો એનાં વર્ણનો આવી શકતાં હોય, એમનાં ચિત્રો આલેખી શકાતાં હોય, તો નવલકથા કે નવલિકામાં લેખક એમનું નિરૂપણ કરે એમાં વાંધો લેવાવો જોઈએ નહીં. આ દલીલનો જવાબ આપતાં પહેલાં દાક્તરીવિદ્યા કે શરીરવિજ્ઞાનના સાહિત્ય અને નવલ-નવલિકાના સાહિત્ય વચ્ચેનો ભેદ સમજી લેવો જરૂરી છે. ડી ક્વીન્સીને અનુસરીને કહીએ તો પ્રથમ પ્રકારનું સાહિત્ય એ શાસ્ત્રીયસાહિત્ય (Literature of Knowledge) અને બીજા પ્રકારનું સાહિત્ય એ સર્જનાત્મક સાહિત્ય (Literature of Power) છે. બન્નેનાં ધ્યેય જુદાં છે; બન્નેનાં ક્ષેત્ર જુદાં છે. આથી, એકમાં હોય તે બીજામાં પણ હોઈ શકે એવી દલીલ ટકી શકે તેમ નથી. બન્ને પ્રકારના સાહિત્યમાં આવતા એ બનાવો, વિચારો કે વસ્તુઓના નિરૂપણનાં પ્રયોજન જુદાં જુદાં રહેલાં છે. જે જાતનું નિરૂપણ દાક્તરીવિદ્યાનાં પુસ્તકોમાં થયેલું હોય છે, એવું જ નિરૂપણ સર્જનાત્મક સાહિત્યનાં સ્વરૂપોમાં થયેલું નથી હોતું એ તો સ્પષ્ટ જ છે.

તો શું એ વર્ણનો સર્જનાત્મક સાહિત્યમાં ન આવી શકે ? શરૂઆતમાં કહેલી શરત ફરીથી યાદ કરી લઈએ—એ વર્ણનો સાહિત્યિક બનીને આવવાં જોઈએ; એમનાં વર્ણનોની ભાષા સાહિત્યની હોય. સાહિત્યિક બનીને આવે એટલે શું તે હવે વિચારવાનું રહ્યું. એનો અર્થ એ કે એ વર્ણનોનું સ્વતઃ કોઈ મૂલ્ય ન હોય; એમની પર્યાપ્તિ સાહિત્યિક રચના-પ્રક્રિયામાં જ હોવી જોઈએ. એ દૃષ્ટિએ થતાં વર્ણનોમાં ભલે પછી છેક નીવીબંધ સુધીની આવે, એ અશ્લીલ નહીં ગણાય. રચનાપ્રક્રિયાની મર્યાદામાં રહીને આવતાં એ વર્ણનો

વિકૃતિને ઉત્તેજતાં નથી. સાહિત્યિક રચનાના આવા બે દાખલા મને યાદ આવે છે. એક છે સ્વ. સઆદત હુસેન મન્ટોની 'ખોલ દો' નામની વાર્તા. એનું વસ્તુ ટૂંકમાં કંઈક આ પ્રમાણે છે:

માંદગીમાં બેભાન બનેલી એક સ્ત્રીને દવાખાનામાં લાવવામાં આવી છે. નર્સો અને દાક્તરોનું ટોળું એની પથારી પાસે ભેગું થયેલું છે. દવાખાનાની રૂમની બારીઓ પર પરદાઓ નાંખી દેવામાં આવ્યા છે. દરદીની હાલત જોતાં દાક્તરે પરિચારિકાઓને કહ્યું: 'ખોલ દો' અને બારી પરના પરદાઓ ખસેડી નાખવામાં આવ્યા. આ સમયે પેલી બીમાર અને બેભાન સ્ત્રીનો હાથ એના નીવીબંધ તરફ વળે છે અને એ એને છોડી નાંખે છે. બધાં સ્તબ્ધ બનીને જોઈ રહે છે.

આમાં વાર્તાકારને જે કહેવું છે એ એણે સ્પષ્ટ રીતે કહ્યું નથી, પણ સૂચનથી અસરકારક રીતે કહ્યું છે. બીમાર હાલતમાં પડેલી એ સ્ત્રી કોઈ વેશ્યા હોવી જોઈએ. જીવનમાં 'ખોલ દો' શબ્દોનો અર્થ એણે માત્ર આટલો જ જાણ્યો છે—નીવીબંધ ખોલીને દેહને સોંપી દેવો! જીવનની કેટલી નિરાધારિતા કે બેસાન અવસ્થામાં પણ એ એને ભૂલી શકતી નથી!

નીવીબંધની વાત એ મહાન વાર્તાકારે એવી રીતે અને એવી જગાએ કરી છે કે એને ભાગ્યે જ કોઈ અશ્લીલ કહી શકે. એ વિકૃતિને ઉત્તેજતી નથી પણ વાચકના ચિત્તમાં સમાજની એક પરિસ્થિતિનો સચોટ ચિતાર આપી એ સ્ત્રી પ્રત્યે સહાનુભૂતિ ઉપજાવે છે.

આનાથી જરા જુદા પ્રકારનો પ્રસંગ છે મહાભારતમાંથી. યુદ્ધ પૂરું થઈ ગયું છે. રણભૂમિ પર લોહીની ગળતાં અનેક શબો પડ્યાં છે. ભૂરિશ્રવાનું છેદાયેલ અંગોવાળું લોહીઝરતું શબ જોઈને એની પત્ની જે વિલાપ કરે છે તે આ દૃષ્ટિએ નોંધપાત્ર છે—

अयं स रशनोत्कर्षी पीनस्तनविमर्दनः ।
नाभ्युरुजघनस्पर्शी नीवीविस्रंसनः करः ॥

ભૂરિશ્રવાના કપાયેલા દૂર જઈને પડેલા હાથને જોઈને એની પત્ની વિલાપ કરે છે: પીન સ્તનોને મર્દનારો, નાભિ, ઉરુ, જાંઘાને સ્પર્શનારો અને મેખલાને દૂર કરીને નીવીબંધને છોડનારો આ હાથ!—

ગજબની હિંમત છે મહાભારતકારની. બિભત્સ રસની સાથે એના આનુષંગિક રસ તરીકે એ શૃંગારને લાવે છે: આ ઉચિત છે ખરું? પ્રથમ દૃષ્ટિએ તો એ જરા વિચિત્ર લાગે છે. પણ જ્યારે વિચારીએ ત્યારે લાગે કે એક યુવાન પત્ની પોતાના યુવાન પતિના હાથને જોઈને એનાથી વધારે મહત્ત્વનું બીજું યાદ પણ શું કરે? આ વર્ણન વાચકને આઘાત નહીં પહોંચાડે. ઊલટું, બિભત્સની સાથે મળતો કરુણનો પ્રવાહ એમાં જણાશે. આ રીતે આ વર્ણન મહાભારતકારના હેતુને સંગત જણાશે. એને અશ્લીલ નહીં કહી શકાય.

જે વર્ણન લક્ષ્યચ્યુત બનીને આવે છે, વર્ણનને ખાતર વર્ણન તરીકે એકાંગી બનીને આવે છે, તેની ગણના અશ્લીલમાં થવી જોઈએ એમ હું માનું છું. સહૃદયને એ ઉદ્વેગકર જણાશે. એવાં લક્ષ્યચ્યુત વર્ણનોની આસપાસ જ પોતાની સિદ્ધિનું વર્તુલ દોરવા માગતો સર્જક જરૂર અશ્લીલતાનો દોષ વહોરી લે છે. સાહિત્યકૃતિના સ્વરૂપને બાજુએ મૂકી ગલગલિયાં કરે એવાં વર્ણનો આપવાં એ કોઈ પણ પ્રકારે ઉચિત નથી.

આપણાં કેટલાંક દૈનિકપત્રો અને વાર્તામાસિકોમાં તો વાર્તાઓમાંથી જાણી કરીને એવાં વર્ણનોમાંથી કેટલાંક વાક્યો ઉઠાવી, મથાળે મોટા ટાઈપમાં છાપીને એ તરફ વાચકોનું ધ્યાન દોરવામાં આવે છે! સંદર્ભમાંથી છૂટાં પાડેલાં વાક્યો કે ગદ્યખંડો કલાકૃતિના સાહિત્યિક સ્વરૂપને સમજાવવા અસમર્થ હોય છે, એટલું જ નહીં પણ ક્યારેક એ કલાકૃતિના ઉચ્ચ હેતુને અન્યાય કરનાર પણ બની રહે છે. જો કોઈ 'વિવેચક' આ મહત્ત્વની વાતને વિસારે પાડીને કૃતિમાંથી સ્ત્રીપુરુષના જાતીય સંબંધો દર્શાવતાં કે અંગોનું સ્પષ્ટ નિરૂપણ કરતાં વાક્યો કે ગદ્યખંડો સંદર્ભમાંથી છૂટાં પાડીને એમની હારમાળા કરવાનું અને અનશ્લીલતા બચાવને નામે અશ્લીલતાનો વાવટો ઉડાડવાનું કાર્ય કરવા માંડે, તો જાણવું કે એમાં નથી મળતો કલાકૃતિને સાચો ન્યાય કે નથી થતી નીતિની રક્ષા. બીધેલા અને ભડકેલા માનસનું એ પરિણામ ગણાય.

ઔચિત્યબુદ્ધિને જો એવાં વર્ણનો ખૂંચે તો જરૂર એનો નિર્દેશ કરવો જોઈએ. બાકી 'સ્તન,' 'ઉરુ,' 'નીવી' જેવા શબ્દોથી ભડકવાની જરૂર ન હોય. હા, એમાં પ્રમાણભાન ગુમાવીને લેખક પોતાની નબળાઈને કારણે કે હીનવૃત્તિ સંતોષવાના મોહને કારણે એવાં વર્ણનો કરે, ત્યારે એ સામે લાલબત્તી ધરવાની છે અચૂક. જાઈ

નિર્ણયશક્તિ સૂક્ષ્મ ઔચિત્યબુદ્ધિની અપેક્ષા રાખે છે. ઉત્તમ અને વિશાળ વાચનથી સંસ્કારાયેલું ભાવકચિત્ત સહૃદયનું એ કર્તવ્ય બજાવી શકે. આચાર્ય ક્ષેમેન્દ્રને આ સ્થાને યાદ કરવા જોઈએ. અલંકારનું અનૌચિત્ય બતાવતાં કવિ ચન્દ્રકનો એક શ્લોક એમણે ટાંક્યો છે:

खगोत्क्षिप्तैरन्त्रै स्तरुशिरसि दोलेव रचिता
शिवा तृप्ताहारा स्वपिति रतिखिन्नेव वनिता ।
तृषार्तो गोमायुः सरुधिर मसिं लेढि बहुशो
बिलान्वेषी सर्पो हतगजकराग्रं प्रविशति ॥

યુદ્ધમાં થયેલા સંહાર પછીની સ્થિતિનું આ વર્ણન છે—વૃક્ષોની ટોચો પર પક્ષીઓએ આંતરડાં નાંખીને જાણે ઝૂલા બનાવ્યા છે, ભોજનથી તૃપ્ત શિયાળવી સંભોગથી પરિશ્રાન્ત રમણીની જેમ સૂઈ રહી છે, તૃષાર્ત શિયાળ રુધિરથી રંગાયેલી તલવારને વારંવાર ચૂસે છે અને દરને શોધતો સર્પ મરેલા હાથીની સૂંઢમાં પ્રવેશ કરે છે.

આમાં મનુષ્યના માંસના આહારથી તૃપ્ત થઈને સૂતેલી શિયાળવીની રતિક્રીડાથી શ્રમિત બનીને પડેલી સુન્દરીની સાથેની સરખામણી અનુચિત છે. સહૃદયને માટે એ ઉદ્વેગકર છે. ઔચિત્યભાન ગુમાવીને વર્ણનમાં લપસી પડતા કવિની નબળાઈની એ પરિચાયક છે.

અશ્લીલ–અનશ્લીલ વિશે વાત કરતાં હવે આપણે ઔચિત્ય–અનૌચિત્યના મુદ્દા પર આવી પહોંચ્યા. આ બન્નેની સાથે 'નીતિ'ને પણ જોડવામાં આવે છે. આ 'નીતિ' શબ્દનો સંકેત બદલાતો રહે છે. વળી નીતિ પણ અનેક પ્રકારની હોય છે. પહેલાં મુંબઈ રાજ્યમાં એક પુરુષ એકી સાથે એક કરતાં વધારે સ્ત્રીઓને પરણી શકતો. પણ કાયદો થયા પછીથી એ સ્થિતિ આજે અનીતિયુક્ત ગણાય. પણ પાકિસ્તાનમાં એ અનીતિ નથી ગણાતી. આમ સમયે સમયે અને સ્થળે સ્થળે નીતિની વિભાવના બદલાતી રહે છે. સાહિત્યમાં એને સ્થાયી મૂલ્ય તરીકે શી રીતે સ્વીકારાય? જો એ બંધન સ્વીકારવા જઈએ તો 'શાકુન્તલ'માં પોતાને અનેક રાણીઓ હોવા છતાં આશ્રમકન્યા શકુન્તલા સાથે લગ્ન કરતો દુષ્યંત અનીતિવાન ઠરે. પણ 'શાકુન્તલ' વાંચતાં એ 'અ-નીતિ'નો આઘાત આપણને લાગતો નથી, કારણ કે પરિવર્તનશીલ એ બંધનોને આપણું રસાત્મક ચિત્ત ઉલ્લંઘી જાય છે.

નીતિની વિભાવનાની પરિવર્તનશીલતાને કદાચ અવગણીને આપણા સંસ્કૃત આલંકારિકોએ રસાભાસના સિદ્ધાંતમાં કેટલાક નિયમો ઘડેલા છે. દા. ત. ગુરુપત્ની સાથે શારીરિક કે માનસિક સંભોગ ન કરાય. નાયિકા નાયક સિવાય અન્ય પુરુષ પાત્રો સાથે પ્રેમ ન કરી શકે, વગેરે. રસના સિદ્ધાંતમાં આવી સાપેક્ષતાઓ સ્વીકારવાથી રસાનુભૂતિનું ક્ષેત્ર સંકુચિત બનતું પણ જણાશે. એવા નક્કી કરેલા નિયમોનાં ચોકઠાં સ્વીકારવાનો કંઈ અર્થ નથી.

તો પછી કલાકૃતિમાં અશ્લીલ–અનશ્લીલ, ઉચિત–અનુચિત અને રસપ્રવણ કે રસાભાસી શું છે ને શું નથી એ નક્કી કરવાનાં ધોરણોનું શું? એ ધોરણોનો બધો જ આધાર તદ્દિદ પર અથવા તો સહૃદય પર રહે છે. કલાકૃતિમાંથી જ એ ધોરણો ઉપજાવે છે. એની ઔચિત્યબુદ્ધિને જે ઉદ્વેગકર લાગે તે અશ્લીલ અને અનુચિત; જે અનુદ્વેગકર લાગે તે અનશ્લીલ અને ઉચિત. અનેક પરિવર્તનો સાથે એની ઔચિત્યબુદ્ધિ યોગ્ય પરિવર્તન પામીનેય મેળ સાધવાની અને સાથે સાથે સ્થાયી મૂલ્યો પ્રત્યે સભાન રહેવાની. પૌરસ્ત્ય આલંકારિકોએ અને પાશ્ચાત્ય વિવેચકોએ સહૃદયને જે માનાર્હ સ્થાન આપ્યું છે તે આ દૃષ્ટિએ આપણે પણ સ્વીકારીએ. એવો સહૃદય કલાકૃતિનું સમગ્ર દર્શન કર્યા પછી રસાત્માને પૂછી લેશે: 'કૃતિની રચનાપ્રક્રિયામાં એનાં વર્ણનોની અનિવાર્યતા વરતાય છે ખરી?'

વૈચિત્ર્ય

જિંદગીભર સૌ શીખે, જીવવી કેમ જિંદગી;
શીખી પૂરું રહે ના કો, પૂરી ત્યાં જિંદગી થતી!

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

વિજ્ઞાન

> જ્યારે માનવજાત પર પરમાણુ-બૉમ્બ અને હાઈડ્રોજન બૉમ્બથી સર્વનાશ તોળાઈ રહ્યો છે ત્યારે ભારતનો પરમાણુશક્તિનો શાંતિ-પૂર્ણ વિકાસ માટેનો પ્રયોગ નવી આશાનું કિરણ છે. પંડિત નેહરુ-એ ટ્રોમ્બેના ઉદ્‌ઘાટન વખતે કહ્યું હતું: " ગમે તે થાય, ગમે તે સંજોગોમાં અમે આવી પડીએ, પણ અમે કદી પણ અણુશક્તિનો ઉપયોગ ખરાબ રીતે નહિ કરીએ."

વિજ્ઞાનક્ષેત્રે ભારતની મૌલિક સિદ્ધિ

સંપાદકો : મધુકર શાહ * દશરથ ગાંધી

વિજ્ઞાન સત્ય જેટલું જ આંતર-રાષ્ટ્રીય છે. વૈજ્ઞાનિક સત્યની મહાન શોધમાં, પદાર્થનું અનંત રહસ્ય ખોલવામાં ભારતના વિજ્ઞાનીઓએ પણ અગત્યનો ભાગ ભજવ્યો છે. વનસ્પતિ-શાસ્ત્રી સર જગદીશચંદ્ર બોઝ, રસાયણ-શાસ્ત્રી સર પ્રફુલ્લચંદ્ર રોય, પ્રતિભાવંત ગણિતશાસ્ત્રી શ્રી. રામાનુજમ્, ખ-ભૌતિકશાસ્ત્રી મેઘનાદ સાહા, હવામાન-શાસ્ત્રી શ્રી. સુશીલકુમાર પ્રામાનિક અને ભારતના વિજ્ઞાનદેહનું નવઘડતર કરનાર, ભારતમાં રાષ્ટ્રીય પ્રયોગ-શાળાઓની મોટી હરોળ સર્જનાર ડૉ. શાંતિસ્વરૂપ ભાટનાગર—આ બધા-એ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાનક્ષેત્રે પોતાનું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. તથા ભારતની પરમાણુશક્તિ કમિશનના પ્રમુખ, કાસ્કેડ સિદ્ધાંત (Cascade Theory)ના કર્તા, ૧૯૫૫ની આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક જીનીવા સભાના પ્રમુખ, ઉષ્મા–પરમાણુ કેન્દ્રીય શક્તિ (Thermo-nuclear power)નો ઘટસ્ફોટ કરનાર અને ભારતીય પરમાણુશક્તિના પિતા સમાન ડૉ. હોમી ભાભા અનન્ય સ્થાને વિરાજે છે. આઈન્સ્ટાઈન–બોઝ સમીકરણ (Einstein-Bose quantum equation)માં અમર થયેલ સત્યેન્દ્રનાથ બોઝ, ભૂસ્તરશાસ્ત્રી ડૉ. ડી. એન. વાડિયા અને વાતાવરણના ઊપલા સ્તરો વિષે અગત્યનું સંશોધન કરનાર ડૉ. કાલિદાસ મિત્ર (જેમને થોડા સમય પહેલાં જ ઇંગ્લેન્ડની રૉયલ સોસાયટી-એ ફેલોશીપ એનાયત કરેલી છે) —ભારતના વિજ્ઞાનક્ષેત્રે સ્વીકારાતા જતા ઉચ્ચ સ્થાનના નિર્દેશક છે.

ભારત ઝડપી પ્રગતિ કરી રહ્યું છે. ૧૯૫૫ની આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક જીનીવા સભામાં ભારતે ૩૫ મૌલિક સંશોધન નિબંધો રજૂ કર્યા હતા, જ્યારે સપ્ટેમ્બરમાં ભરાનાર તે સભામાં ભારત ૫૫ મૌલિક સંશોધન નિબંધો રજૂ કરનાર છે. કેનેડા–ઇન્ડિયા રીએકટર પર દેખરેખ રાખતા ડૉ. એચ. એન. સેઠનાની આ સભા માટે ડેપ્યુટી જનરલ સેક્રેટરી તરીકે થયેલી વરણી તો ભારત-ને મળેલું બીજું એક માન છે. ઉપરાંત, કે. એસ. કૃષ્ણન, એમ. એસ. ઠાકર, ડી. એસ. કોઠારે, પી. સી. મહાલનો-બીસ, ડી. ડી. કોસાંબી, કે. ચંદ્રશેખરન, સંઘવી, બર્નાડ પીટર્સ, શેશાધરી, અને એવા બીજા અનેક યુવાન વિજ્ઞાનીઓની હારમાળા છે.

વળી વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા માટે અપાતું કાલિંગ પારિતોષિક ભારતનો એક વિશિષ્ટ પ્રયત્ન છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શ્રી. રામનની નવી સિદ્ધિ

'રામન અસર' (Raman Effect) માટે નોબેલ પારિતોષિક મેળવનાર ભૌતિકશાસ્ત્રી સર સી. વી. રામનને વિશ્વશાંતિ માટે અપાયેલું લેનિન પારિતોષિક આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતની બીજી એક સિદ્ધિ છે. તેમની બેંગલોરની પ્રયોગશાળાએ અનેક અગત્યનાં સંશોધનો કરેલાં છે.

તેમનું છેલ્લામાં છેલ્લું સંશોધન 'પાર-રાતાં' (infra-red) વિકિરણો (Radiation) સ્ફટિકમય પદાર્થોમાંથી પસાર થતાં શું થાય છે તેના સિદ્ધાંતો (Theories) વિષે છે. તેને તેઓ "હીરામાં ક્ષ-કિરણોનું વિવર્તન" (Diffraction of x-rays in Diamond) એ નિબંધ સ્વરૂપે થોડા જ સમયમાં પ્રકાશિત કરવાના છે.

અત્યાર સુધી એમ મનાતું હતું કે સ્ફટિકમય પદાર્થમાં પસાર થતાં વિકિરણ (radiation) સીધાં પરમાણુ કેન્દ્રને આંદોલિત કરે છે અને તેથી તેમની વિકિરિત શક્તિ (radiant energy) શોષાઈ જાય છે. પણ ડૉ. રામનના નવા સિદ્ધાંત પ્રમાણે તો આ વિકિરણો પરમાણુ કેન્દ્રની આજુબાજુ પરિભ્રમણ કરતાં ઇલેક્ટ્રોનને ઉત્તેજે છે અને જ્યારે અમુક ખાસ સંજોગોમાં આ ઇલેક્ટ્રોન પરમાણુ કેન્દ્ર પર અસર કરે છે ત્યારે આ વિકિરણ સ્ફટિકમાં શોષાઈ જાય છે. વળી અનેક વખત એવું જાણવા મળ્યું છે કે અમુક જાતનાં પરમાણુ-આંદોલનો પાર-રાતાં કિરણોનું શોષણ કરતાં નથી. આ બધું પ્રો. રામનના નવા સિદ્ધાંતોથી સમજાવી શકાય છે.

તેમના આ નિબંધનો પ્રથમ વિભાગ સ્ફટિકમય પદાર્થો ઉપરની તેમની અભિનવ પદ્ધતિ અને સ્ફટિકમાંથી વિકિરણ પસાર થાય ત્યારે તેનું શું થાય છે તે વિષે છે. આ અભિનવ પદ્ધતિથી તેઓએ બધી જ તરંગ-લંબાઈઓ (wave-lengths) વિષેના બનાવોનું સાર્વદેશીય એકીકૃત ચિત્ર ખડું કર્યું છે અને તે એમની મહાન સિદ્ધિ છે.

બીજા વિભાગમાં તેમણે આ એકીકૃત ચિત્રના આધારે ક્ષ-કિરણો સ્ફટિકમાંથી પસાર થાય ત્યારે શું થાય છે તેનો નવો જ ખ્યાલ આપ્યો છે. અત્યાર સુધી, ૧૯૧૨ની સાલથી એવી તો માહિતી હતી કે જ્યારે ક્ષ-કિરણો સ્ફટિકમાંથી પસાર થાય છે. ત્યારે તેના પરમાણુ સ્તરો પરથી તેમનું પરાવર્તન થાય છે. પણ આ નવો સિદ્ધાંત બતાવે છે કે આ ક્ષ-કિરણો પરમાણુ-સ્તરોને પણ આંદોલિત કરે છે, તેમ જ આ આંદોલનોને લીધે જ સ્ફટિક આ ક્ષ-કિરણોનું શોષણ કરે છે. વળી જ્યારે આ આંદોલનો થાય છે ત્યારે પણ ક્ષ-કિરણોનું પરાવર્તન થાય છે. આ એક બીજી જ જાતનું ક્ષ-કિરણોનું પરાવર્તન છે.

ત્રીજા વિભાગમાં ડૉ. રામને એવું બતાવ્યું છે કે જ્યારે હીરામાંથી આ ક્ષ-કિરણો પસાર થાય છે ત્યારે થતા બનાવોના નિરીક્ષણ પરથી આ સિદ્ધાંતો સાબિત કરી શકાય છે. તેઓ હીરામાં થતા ક્ષ-કિરણોના વિવર્તનનું ભૌમિતિક ચિત્ર રજૂ કરે છે.

•

ડૉ. કાલિદાસ મિત્રની ક્રાંતિકારી શોધ

વિજ્ઞાનના ક્ષેત્રમાં આજે દિનપ્રતિદિન જે નવીન શોધો થઈ રહી છે, તેમાં લીડ્ઝ યુનિવર્સિટીના ઇજનેર ભારતીય વિજ્ઞાની શ્રી. કાલિદાસ મિત્રની શોધ ખરેખર ક્રાંતિકારી છે. ઔદ્યોગિક વિકાસ માટે અનિવાર્ય એવા બળતણનો વિકટ બનતો પ્રશ્ન આ શોધથી ઊકલી જશે.

ડૉ. મિત્ર એક એવું યંત્ર શોધી રહ્યા છે કે જેના વડે કાર્યશક્તિના સતત રૂપાંતર દ્વારા સતત યાંત્રિક ગતિ મેળવી શકાય. તેમનો સિદ્ધાંત એ છે કે કાર્યશક્તિનો જેમાં નાશ થતો નથી તેવા સતત કાર્યના આધારે યંત્રમાં સતત ગતિ પેદા કરી શકાય. આ યંત્ર વડે સ્થિતિશક્તિનું ગતિશક્તિમાં અને ગતિશક્તિનું સ્થિતિશક્તિમાં સતત રૂપાંતર થાય છે. સ્થિતિશક્તિ એટલે પદાર્થની સ્થિતિને લીધે તેનામાં રહેલી શક્તિ. દા. ત. ઊંચાઈએ રહેલું પાણી. ઘડિયાળની કમાન તેના સ્થાનના કારણે ઘડિયાળને ગતિશક્તિ એટલે ગતિ આપે છે. પદાર્થના ગતિમાં હોવાના કારણે તેમાં રહેલી શક્તિ. દા. ત. દોડતી મોટર, ફરતી પૃથ્વી, વહેતું પાણી વગેરે. દોડના દડામાં જે શક્તિ છે તે તેની ગતિના લીધે છે, તેથી તે ગતિશક્તિ કહેવાય. પણ જમીનથી ઊંચે ધરી રાખેલા દડામાં જે શક્તિ છે તે તેના સ્થાન (Position)ને આભારી છે. તેથી તે સ્થિતિશક્તિ કહેવાય.

કાર્યશક્તિના આ સતત રૂપાંતરને પરિણામે યંત્ર ગતિમાન રહે છે. એટલે આ સિદ્ધાંત પ્રમાણે યાંત્રિક ગતિને સતત ચાલુ રાખવા માટે દર વખતે નવી તાજી કાર્યશક્તિ

આપવી પડતી નથી પણ શરૂઆતમાં આપેલી અમુક ચોક્કસ કાર્યશક્તિના વારંવાર રૂપાંતરની પ્રક્રિયા દ્વારા જ યાંત્રિક ગતિ પેદા થાય છે. અત્યારે વપરાતાં યંત્રોમાં યાંત્રિક ગતિને ચાલુ રાખવા માટે દર વખતે નવી તાજી શક્તિ આપવી પડે છે. જેમ કે વરાળ યા વિદ્યુતશક્તિથી ચાલતાં યંત્રોમાં દરેક તબક્કે વરાળ યા વિદ્યુતનો નવો જથ્થો આપવો પડે છે. તેમના આ યંત્રને ચલાવવા માટે એટલે કે કાર્યશક્તિના સતત રૂપાંતર માટે, ડૉ. મિત્ર **ગુરુત્વાકર્ષણના બળનો** ઉપયોગ કરવા ધારે છે. તેમની આ શોધ બતાવે છે કે **મૂળ પદાર્થના ભૌતિક ગુણધર્મનો** નાશ કર્યા વગર કોઈ પણ પરમાણુમાંથી કાર્યશક્તિ લઈ શકાય છે, અને યાંત્રિક પ્રક્રિયા તથા કાર્યમાં વાપરી શકાય છે. સ્થિતિશક્તિ અને ગતિશક્તિનાં આ વારંવાર સતત રૂપાંતરને પરિણામે એટલી મોટી કાર્યશક્તિ પેદા કરવામાં આવશે કે તે ફક્ત શરૂઆતની યાંત્રિક ગતિ માટેની શક્તિ જ નહીં પણ મોટા પ્રમાણમાં વપરાતી ઉત્પાદક અશ્વશક્તિ પણ આપશે. એટલે કે કાર્યના સતત પુનરાવર્તનના દરેક તબક્કે શરૂઆતની કાર્યશક્તિના જેટલી જ કાર્યશક્તિ પેદા થાય છે અને કાર્ય કરે છે. વરાળયંત્રમાં વરાળનો નવો જથ્થો જે કાર્ય કરે છે તે જ કાર્ય અહીં કાર્યશક્તિના રૂપાંતરની પ્રક્રિયા કરે છે. ડૉ. મિત્રની આ શોધ વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતના આધાર પર જ રચાયેલી છે. (Law of conservation of energy).

આજના બધાં જ યાંત્રિકગતિ પેદા કરનારાં સાધનોને નિર્માલ્ય બનાવી દેનારી ડૉ. મિત્રની આ શોધ વૈજ્ઞાનિક જગતમાં એક ક્રાંતિકારી પગલા સમાન છે. ઔદ્યોગિક વિકાસને આવશ્યક એવા બળતણના પ્રશ્નને તો આ શોધ ઉડાવી જ દે છે. ડૉ. મિત્ર એવું વિધાન કરે છે કે તેમની આ શોધથી મોટરો પેટ્રોલ વગર દોડશે. ટ્રેનો વગેરે વરાળ યા વિદ્યુતશક્તિ વગર ચલાવી શકાશે.

ડૉ. મિત્રએ તેમના આ સિદ્ધાંતને આધારે જુદી જુદી યોજનાઓ અને નકશા બનાવવા પાછળ પોતાનો ઘણો સમય અને પૈસો ખર્ચ્યો છે. લગભગ પંદર વર્ષ સુધી અર્ધપેટે રહીને પણ તેમણે આ શોધ ચાલુ રાખી છે. અને આટલી મહેનત પછી જ્યારે થોડાં વર્ષ પહેલાં તેમના યંત્રનો પહેલો નમૂનો તૂટી ગયો ત્યારે તેમણે સખત આઘાત અનુભવ્યો. પણ કૃતનિશ્ચયથી તેઓ ફરીથી આ કાર્યમાં મંડી પડેલ છે. આજે તો આ મહાન ભારતીય વૈજ્ઞાનિકની ઉંમર ૬૦ વર્ષની છે. જો તેઓ થોડાંક વધુ વર્ષ કાઢી શકે તો જરૂરથી આ દિશામાં યશસ્વી નીવડશે.

ભારતનું ગૌરવભર્યું પરમાણુ કેન્દ્ર

વિજ્ઞાનની મદદથી, નિઃસીમ શક્તિ (Energy) ઉત્પન્ન કરવા અને વિજ્ઞાને શક્ય બનાવેલાં સાધનોથી આખા ભારતની કાયાપલટ કરવા ભારત સરકારે મુંબઈ પાસે ટ્રોમ્બેમાં 'પરમાણુશક્તિ કેન્દ્ર' સ્થાપ્યું છે. ૪ ઑગસ્ટ, ૧૯૫૬ના રોજ ટ્રોમ્બેમાં પ્રથમ પરમાણુ રીએક્ટર (Atomic reactor) 'અપ્સરા' નામે ચાલુ થયું ત્યારથી ભારતમાં અણુયુગનાં મંડાણ થઈ ગયાં છે. શ્રી. નેહરુએ પણ કહ્યું હતું, " જો આપણે એક સ્વતંત્ર દેશ તરીકે જીવવા માગતા હોઈએ તો પરમાણુશક્તિ એ આપણે માટે અનિવાર્ય છે."

વસ્તી અને ઉત્પાદન

ભારતના દરેક રહેવાસીની સરેરાશ વાર્ષિક આવક રૂ. ૨૭૫ છે એટલે કે દરરોજના બાર આના. આટલા પૈસામાં પૂરતાં ખોરાક, કપડાં અને ઘર, પૂરતી કેળવણી અને માંદગી માટેની સારવાર મેળવવાં અતિ મુશ્કેલ છે. જ્યારે ઇંગ્લૅન્ડના રહેવાસીની સરેરાશ વાર્ષિક આવક રૂ. ૩,૯૬૦ (રોજની રૂ. ૧૧) છે અને અમેરિકાના નાગરિકની રોજની આવક રૂ. ૩૫ છે. આપણને જીવનની મૂળ જરૂરિયાતો પણ પૂરતી મળતી નથી.

આ ઉપરાંત ફક્ત બે વર્ષમાં જ ભારતની વસ્તી કૂદકે ને ભૂસકે વધી રહી છે. ઈ. સ. ૧૯૭૫ સુધીમાં તો તે ૫૦ કરોડ ઉપર જશે. જો આપણે આપણું શક્તિ-ઉત્પાદન ન વધારીએ તો આપણું જીવનધોરણ અગાઉ કરતાં પણ વધુ નીચું જશે. આપણી વસ્તી દર વર્ષે ૧ ટકો વધે છે. પરંતુ, આ વધતી જતી વસ્તીને જો આપણે વધુ ને વધુ ઉત્પાદન-ક્ષેત્રે કામે લગાડી શકીએ તો જ આપણો આર્થિક પ્રશ્ન હળવો બની જાય.

પરંતુ ઉત્પાદન વધારવાનો પ્રશ્ન ઓછો જટિલ નથી. ડૉ. હોમી ભાભા આ બાબતમાં જણાવે છે તે મુજબ સમસ્યા આવા પ્રકારની છે:

ઉત્પાદક શક્તિની સમસ્યા

ભારતની જમીનમાં રહેલો ખનીજ કોલસાનો જથ્થો લગભગ દરેક માણસ દીઠ ૧૦૦ ટન જેટલો છે—ચીન કરતાં ૨૦ મા ભાગનો, ઇંગ્લૅન્ડના કરતાં ૭૫ મા ભાગનો અને અમેરિકા કરતાં ૧૫૦ મા ભાગનો છે. અમેરિકાના દરેક રહેવાસી દીઠ દર વર્ષે ૯ ટન કોલસા વપરાય છે. ખૂબ જલદી ઔદ્યોગીકરણ કરવા માટે ભારતમાં એટલો કોલસો વપરાય તો ભારતની જમીનમાં રહેલો બધો જ કોલસો બીજાં દશ વર્ષમાં ખલાસ થઈ જાય. આમ જો ખનીજ કોલસાનો જથ્થો બમણો થાય તો પણ ભારતના ભવિષ્યના ઔદ્યોગીકરણને ટકાવવા અને વધારવા માટે શક્તિનો પ્રશ્ન તો ઊભો જ રહે છે.

ભારત પાણીમાંથી વધુમાં વધુ વીજળી ૩ા થી ૪ કરોડ કીલોવૉટ ઉત્પન્ન કરી શકે તેમ છે અને આ વીજળી મેળવવી એ પણ ઘણું મુશ્કેલ અને ઘણું મોંઘું પડે તેમ છે. આ વીજળીની શક્તિ દરેક માણસ દીઠ ૦.૧ કીલોવૉટ જેટલી પડે છે, જ્યારે અમેરિકામાં તે ૦.૬ કીલોવૉટ છે અને નોર્વેમાં તે ૧ કીલોવૉટ છે. ૪ કરોડ કીલોવૉટ વીજળી દર વર્ષે દરેક માણસદીઠ ૦.૩ ટન કોલસા જેટલી થાય !

આમ આ જળશક્તિ પર પણ ભારત લાંબા સમય સુધી આધાર રાખી શકે તેમ નથી. વળી જો કે ખનીજ તેલ શોધવાના ભારતમાં અનેક પ્રયત્નો થઈ રહ્યા છે; છતાં તે લાંબા સમય સુધી શક્તિ આપી શકે એટલું મળી નહિ શકે એમ હાલ તો માનવું રહે છે; કારણ કે દુનિયામાં ખનીજ તેલ ખનીજ કોલસા કરતાં પણ ઘણું ઓછું છે.

આ ઉપરથી એટલું તો જરૂર કહી શકાય છે કે કોલસા, જળશક્તિ કે ખનીજ તેલમાંથી મળતી શક્તિ ભારતને લાંબા સમય સુધી શક્તિ પૂરી પાડી નહિ શકે. અને ભારતનું જીવન-ધોરણ દુનિયાના આગળ વધેલા દેશોમાં અત્યારે છે તેટલું પણ ઊંચું લાવવા બીજા માર્ગો વિચારવા-યોજવા રહ્યા.

પરમાણુશક્તિની પરિચર્યા

પરમાણુ-શક્તિ ઉત્પન્ન કરવા માટે યુરેનિયમ અને થોરિયમ મુખ્ય બળતણ છે. અત્યાર સુધીના સંશોધન પછી માલુમ પડ્યું છે કે ભારતમાં લગભગ ૩૦,૦૦૦ ટન જેટલું યુરેનિયમ છે. જ્યારે થોરિયમ લગભગ ૫ લાખ ટન છે.

દુનિયામાં વધુમાં વધુ થોરિયમ પેદા કરનાર દેશોમાંનું ભારત એક છે. ભવિષ્યમાં પરમાણુ રીએક્ટરમાં થોરિયમમાંથી યુરેનિયમ બનાવી શકાશે એવી શક્યતા છે અને આમ આ યુરેનિયમ અને થોરિયમ ભારતના કુલ કોલસાના જથ્થા કરતાં ત્રીસગણી શક્તિ આપી શકે. જો આપણે આ શક્તિ ઔદ્યોગીકરણમાં ખૂબ આગળ વધી ગયેલા દેશો જેટલી દરેક માણસ દીઠ દર વર્ષે વાપરીએ તો પણ તે ૩૦૦ વર્ષ સુધી ચાલી શકશે. અને અત્યારની વિજ્ઞાનની પ્રગતિના આધારે એટલું તો જરૂર માની શકાય છે કે બીજાં થોડાં જ વર્ષોમાં હલકાં તત્ત્વોનાં પરમાણુ કેન્દ્રોના ગલન (Nuclear fusion)થી શક્તિ મેળવી શકાશે; આ બાબતમાં અમેરિકા અને ઇંગ્લૅન્ડે ખૂબ પ્રગતિ સાધી છે. આ ઉષ્મા-પરમાણુ કેન્દ્રીય (Thermo-nuclear) શક્તિ મેળવ્યા પછી તો આખી દુનિયાનો શક્તિનો પ્રશ્ન હમેશ માટે ઊકલી જશે એમ લાગે છે; કારણ કે ત્યાર પછી દરિયામાંથી મળતા ભારે પાણી(Heavy water)ની મદદથી પણ શક્તિ ઉત્પન્ન કરી શકાશે.

આમ પરમાણુશક્તિથી આપણે ભારતનું ઝડપી ઔદ્યોગીકરણ કરી શકીએ તો લાંબા સમય સુધી ટકાવી શકીએ અને જીવનધોરણ ઊંચું લઈ જઈ શકીએ.

આ પરમાણુશક્તિ લાંબા સમય સુધી ઉત્પાદકશક્તિ આપવા ઉપરાંત બીજી અનેક રીતે આપણું જીવનધોરણ ઊંચું લાવવામાં અને આપણા બીજા અનેક પ્રશ્ન ઉકેલવામાં મદદ રૂપ થઈ શકે એમ છે.

૧. ભારતમાં ખનીજ કોલસાની અવરજવર માટે સરકારે રેલવેમાં મોટી નાણાંકીય સહાય આપી છે—૩૦%થી ૧૦૦% સુધીની. આ ઉપરાંત રેલવેના ત્રીજા ભાગના ટન-માઈલ (= એક ટન એક માઈલ જવું) કોલસા માટે જ વપરાય છે. આમ કોલસાની જગ્યાએ અણુશક્તિ વાપરી શકાય તો મુસાફરો માટે રેલવેની સગવડ વધારી શકાય. વળી કોલસાની કિંમત છેલ્લાં ૧૨ વર્ષમાં ૫૦ ટકા જેટલી વધી છે અને તે વધતી જ જશે. જ્યારે વિજ્ઞાનની વધતી જતી પ્રગતિ સાથે પરમાણુશક્તિની કિંમત ઘટતી જશે અને ઉપરાંત આ બચેલો કોલસો બીજા ઉદ્યોગોમાં કામ લાગી શકશે.

૨. વળી ભવિષ્યમાં પરમાણુશક્તિ કોલસા કરતાં પણ વધુ સસ્તી પડશે. જો કે પરમાણુશક્તિ ઉત્પન્ન કરવા માટે પ્રાથમિક ખર્ચ વધારે થશે; છતાં બળતણ (યુરેનિયમ,

થેરિયમ, પ્લુટોનિયમ) માટેનું ખર્ચ વધારે નથી. પરમાણુ-શક્તિથી વીજળી ઉત્પન્ન કરવા માટે શરૂઆતને ખર્ચ કુલ ખર્ચનો લગભગ ૬૬ % જેટલો થાય છે, પણ તેમાં બળતણનો ખર્ચ વધારે નથી. વળી કોલસાથી વીજળી ઉત્પન્ન કરવાના સ્ટેશનમાં શરૂઆતને સ્ટેશન બાંધવાનો ખર્ચ ખૂબ ઓછો થાય છે; જ્યારે બળતણ(કોલસા)નો ખર્ચ ખૂબ થાય છે.

૩. ૨૫૦ મેગાવોટના પરમાણુશક્તિના સ્ટેશનમાંથી એક કીલોવોટ વીજળીશક્તિ માટે રૂા. ૧૬૦૦નું ખર્ચ આવે છે. જ્યારે ૨૫૦ મેગાવોટના જળશક્તિના સ્ટેશનમાંથી એક કીલોવોટની કિંમત રૂા. ૧૭૮૦થી રૂા. ૧૮૧૦ થાય છે. વળી ભારતમાં જળશક્તિ ખૂબ સીમિત છે.

૪. અત્યારે આપણું મુખ્ય બળતણ ઢોરોનું છાણુ છે. લગભગ ૬૬ ટકા એટલે કે લગભગ સવા બે અબજ ટન ખાતર આપણે બળતણ માટે વાપરી નાંખીએ છીએ. જો આ ખાતર બચાવી શકાય તો તેનાથી આપણા ખેતી-ઉત્પાદનમાં મોટો ફેર પડી જાય.

૫. વળી આ પરમાણુશક્તિ ઉત્પન્ન કરવાના રીએક્ટરમાં ઉત્પન્ન થતાં કિરણોત્સર્ગી (*Radio-active isotope*) પદાર્થોની મદદથી આપણે કૃષિવિદ્યા, તબીબીવિદ્યા, જીવશાસ્ત્ર, તથા ઉદ્યોગોમાં ક્રાંતિ સર્જી શકીએ અને તેની મદદથી જીવન અને પદાર્થોનાં રહસ્યો વિષે મૂળભૂત સંશોધનો કરી શકાય તેમ છે.

'અપ્સરા'ની સિદ્ધિ

ભારતના પરમાણુશક્તિ કમિશનના પ્રમુખ ડૉ. ભાભાએ ૧૫ વર્ષની પરમાણુશક્તિ માટેની યોજના રજૂ કરી છે. ટ્રોમ્બેમાં 'અપ્સરા' રીએક્ટર તો ૪ ઑગસ્ટથી કામ કરતું થઈ ગયું છે. અને ડૉ. એચ. એન. સેઠનાની દેખરેખ નીચે કેનેડાની મદદથી કેનેડા-ઇન્ડિયા રીએક્ટર (CIR) બંધાઈ રહ્યાં છે. આ બંને રીએક્ટર આપણા વિજ્ઞાનીઓ અને ઇજનેરોએ બાંધ્યાં છે. ડૉ. ભાભાના કહેવા પ્રમાણે ભારતે આ વર્ષથી જ પરમાણુશક્તિ-સ્ટેશન બાંધવાનું શરૂ કરવું જોઈએ. નહિ તો આપણે દુનિયાનાં બીજાં રાષ્ટ્રોથી પાછળ પડી જઈશું અને આપણે આપણી ઝડપથી વધતી જતી વસ્તીની જરૂરિયાતો પૂરી પાડી નહિ શકીએ.

ડૉ. ભાભાની ૧૫ વર્ષની યોજના પ્રમાણે આ સ્ટેશનમાં પ્રથમ પાંચ વર્ષમાં એકલું કુદરતી યુરેનિયમ બળતણ તરીકે વપરાશે. આ સમય દરમિયાન અમુક પ્રમાણમાં પ્લુટોનિયમ પરમાણુશક્તિ રીએક્ટરમાં ઉત્પન્ન થશે. પ્લુટોનિયમ અને થોરિયમ ભેગા વાપરવાથી યુરેનિયમ બની શકશે. આમ બીજાં પાંચ વર્ષ દરમિયાન કુદરતી યુરેનિયમ તેમ જ પ્લુટોનિયમ અને થોરિયમ વાપરવામાં આવશે. જ્યારે ત્યાર પછી પૂરતું પ્લુટોનિયમ પેદા થતાં એકલું થોરિયમ જ પરમાણુશક્તિ માટે વાપરવામાં આવશે. આ માટે ટ્રોમ્બેમાં અનેક સંશોધનો ચાલી રહ્યાં છે.

ભારતનું પ્રથમ પરમાણુશક્તિ સ્ટેશન ડૉ. ભાભાના કહેવા પ્રમાણે ઈ. સ. ૧૯૬૧માં શરૂ થશે.

ભારતમાં પરમાણુશક્તિ મુખ્યત્વે વીજળીશક્તિ ઉત્પન્ન કરવા માટે અને કૃષિવિદ્યા, જીવશાસ્ત્ર અને તબીબીશાસ્ત્રમાં તેનો ઉપયોગ વધારવા માટે વપરાશે અને તે માટે જ ટ્રોમ્બેની પરમાણુશક્તિ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. વળી પરમાણુશક્તિ માટે જોઈતી બધી જ વસ્તુઓ ભારતમાં પેદા કરવી એ બીજું ધ્યેય છે.

મૌલિક સંશોધન

આમ ભારત આ ક્ષેત્રે અગત્યનું મૌલિક સંશોધન કાર્ય કરી રહ્યું છે. ડૉ. શંકરની દેખરેખ નીચે કામ કરતો રસાયણ વિભાગ અતિ સૂક્ષ્મ ખનીજોના અતિ સૂક્ષ્મવિશ્લેષણ માં તેમ જ મોટા પાયા પર ધાતુઓ પેદા કરવાની નવી પદ્ધતિએ શોધવાનું કાર્ય કરે છે. ડૉ. બ્રહ્મ પ્રકાશની દેખરેખ નીચે કામ કરતો ધાતુસંશોધન વિભાગ (Metallurgy Division) પરમાણુ રીએક્ટરમાં વાપરવા માટે જુદી જુદી ધાતુઓના પ્રયોગ કરે છે અને વધારે સારી ધાતુઓ શોધે છે. ઝર્કોનિયમ નામની ધાતુ પર તો અનેક પ્રયોગો થઈ ગયા છે અને હાલ બેરિલિયમ પર સંશોધન ચાલે છે. પરમાણુ રીએક્ટરમાં ખૂબ ઉત્પન્ન થતી ગરમીને સહન કરી શકે તેવી ધાતુની શોધ તેઓ કરી રહ્યા છે.

ડૉ. ઉન્નાઉ પીટર્સની દેખરેખ નીચે તબીબી વિભાગ કામ કરે છે. આ વિભાગ ટ્રોમ્બેમાં કામ કરતા લોકો પર થતી વિકિરણોની ખરાબ અસરની તપાસ રાખે છે, તેમનું સ્વાસ્થ્ય દર ત્રણ કે ૭ મહિને તપાસે છે અને તે ઉપરાંત કેન્સર વિષે અગત્યનું સંશોધન કરી રહ્યા છે. ઉપરાંત ક્ષ-કિરણોની માણસ પર થતી ખરાબ અસર

વિષે પણ ત્યાં સંશોધન ચાલે છે અને તખીબોને આ વિષે માર્ગદર્શન આપવામાં આવે છે. વળી કિરણોત્સર્ગી (Radio active) આઈસો ટોપની મદદથી આપણા શરીરની પાચનક્રિયા, જુદા જુદા પદાર્થોનું શરીરમાં શું થાય છે, વગેરે પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવે છે. એવું માલુમ પડ્યું છે કે કિરણોત્સર્ગી ફોસ્ફરસ ઘણાં ચામડીનાં દર્દો મટાડે છે જ્યારે કેન્સર ઉપર રેડિયમ કરતાં કિરણોત્સર્ગી કોબાલ્ટ વધુ સારાં પરિણામ આપે છે; આવું કોબાલ્ટ થોડા સમયમાં ટાટા મેમોરિય હોસ્પિટલમાં આપવામાં આવશે. જીવશાસ્ત્ર વિભાગના વડા ડૉ. એ. આર. આયંગર છે. આ વિભાગમાં કિરણોત્સર્ગની માનવજાતની પાછળની પેઢીઓ પર શું અસર થાય છે તે માટે સંશોધન ચાલે છે. માનવજાતના ગુણો એક પેઢીમાંથી બીજી પેઢીમાં લઈ જવાનું કાર્ય કરતાં 'જીન' (Gene) પર આ કિરણોત્સાર (Radio-activity) જે ખરાબ અસર કરે છે તેનો અભ્યાસ થઈ રહ્યો છે. ડૉ. આયંગર લખે છે: "શાને લીધે કેન્સરનો કોપ વધે છે તે આપણે જો શોધી શકીએ તો આપણને 'જીવન શું છે?' એ પ્રશ્નનો પણ જવાબ મળી શકે."

વળી આ કિરણોત્સર્ગી પદાર્થો(radio activity)થી આપણે આપણા ખોરાક વિષેના પ્રશ્નને પણ અમુક હદે મદદ કરી શકીએ. આપણને લગભગ ૩ ટકા જેટલા અનાજની દર વર્ષે ખોટ પડે છે. ૩ ટકા કરતાં વધુ અનાજ તો કહોવાઈ જવાથી અને ઉંદર વગેરે પ્રાણીઓના ખાઈ જવાથી ગુમાવીએ છીએ. અનાજ પર આ કિરણોત્સાર કરવાથી તે કહોવાશે નહિ કે તેને ઉંદર જેવાં પ્રાણી ખાશે પણ નહિ. તે ઉપરાંત મચ્છી અને માંસ સંગ્રહી રાખવા માટે પણ તેનો ઉપયોગ થઈ શકે તેમ છે. આ ઉપરાંત ખેતરમાં પણ અનેક જીવાતોને ઓછી કરી શકાશે કારણ કે કિરણોત્સારથી નરમાં રહેલી પ્રજનનશક્તિનો નાશ થાય છે. આ બાબત પણ ટ્રોમ્બેમાં સંશોધન ચાલી રહ્યું છે.

આમ ભારતના નવઘડતરમાં પરમાણુશક્તિ અગત્યનો ભાગ ભજવશે. પણ વિજ્ઞાનમાં આગળ વધવા માટે શાળાઓ, વિશ્વવિદ્યાલયો વગેરેમાં વિજ્ઞાનની કેળવણી પર ખાસ ભાર મૂકીએ તો જ આપણે આખા દેશનું ઔદ્યોગીકરણ કરી શકીશું, ટકાવી શકીશું, અને દુનિયાના બીજા દેશોની હરોળમાં ઊભા રહી શકીશું, એ વાત ભૂલવા જેવી નથી. અને ડૉ. ભાભા લખે છે—અત્યારે રશિયાએ જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે કેળવણીક્ષેત્રે, વૈજ્ઞાનિક તાલીમનું મહત્ત્વનું સ્થાન સ્વીકારવાને આભારી છે.

*

રશિયાનો ત્રીજો સ્પુટનિક

અમેરિકાના ત્રણ બાલચંદ્ર (મોટામાં મોટો ૩૦ પૌંડનો) હજુ પૃથ્વીની પ્રદક્ષિણા કરી રહ્યા છે ત્યારે રશિયાએ તેનો લગભગ દોઢ ટનનો ત્રીજો સ્પુટનિક (પહેલો ૧૮૩ પૌંડનો અને બીજો અર્ધા ટનનો હતો) પૃથ્વીની પ્રદક્ષિણા કરતો ૧૫મી મે, '૫૮ના રોજ છોડ્યો છે. એવું પણ જાણવામાં આવ્યું છે કે તે પોલાદનો બનાવેલો છે. આ સ્પુટનિક છોડવા પછી રશિયા અમેરિકા કરતાં ૩૦ મહિના આગળ વધી ગયેલું છે એમ ગણત્રી કરી શકાય. આ ખરે જ રશિયાના વિજ્ઞાનીઓની અદ્‌ભુત સિદ્ધિ છે.

આ ત્રીજો સ્પુટનિક શંકુ આકારનો છે, લગભગ ૧૨ ફૂટ ઊંચો છે (એરીયલ સિવાય) અને તેના તળિયાનો વ્યાસ ૭૦ ઇંચ છે. તેની પૃથ્વીની આજુબાજુની કક્ષા વિષુવવૃત્ત જોડે ૬૫° નો ખૂણો કરે છે અને વધુમાં વધુ તે પૃથ્વીથી ૧૧૭૫ માઈલ દૂર જાય છે. તે પૃથ્વીની એક પ્રદક્ષિણા ૧૦૬ મિનિટ (પોણા બે કલાક)માં પૂરી કરે છે. તેની સાથે રૉકેટ પણ ફરે છે. તેનું કુલ વજન ૨૯૧૯ રતલ (દોઢ ટનથી થોડું ઓછું) છે. તેમાં મૂકેલાં સંશોધન માટેનાં સાધનોનું વજન ૨૧૩૩ રતલ (૧ ટનથી થોડું ઓછું) છે. એક રતલ વજનને આમ પૃથ્વીની આજુબાજુ ફરતું મૂકવા માટે ૧૦૦૦ રતલ વજનના રૉકેટની જરૂર પડે છે. તો આટલા વજનના સ્પુટનિકને પૃથ્વીની આજુબાજુ ફરતો મૂકવા માટે લગભગ ૧૫૦૦ ટનનું રૉકેટ જોઈએ. ખરે જ આપણી કલ્પનાને પણ કંપાવી મૂકે તેવી આ વાત છે. રશિયાના વિજ્ઞાનીઓએ કોઈ નવું જ રાસાયણિક બળતણ શોધી કાઢ્યું હોય, કે પછી તેમણે પરમાણુ કેન્દ્રીય શક્તિ (Nuclear enegry)નો ઉપયોગ કર્યો હોય એવી અટકળ કરવી રહે છે.

આ સ્પુટનિક છોડવાનો મુખ્ય હેતુ વાતાવરણના ઉપલા સ્તરોનું સંશોધન અને બીજા અનેક ભૂ-ભૌતિક પ્રશ્નો વિષે માહિતી મેળવવાનો છે. તેમાં નીચેના વિષયોની માહિતી

મેળવવા માટેનાં સાધનો મૂકવામાં આવ્યાં છેઃ

૧. વાતાવરણના ઉપલા સ્તરોમાં હવાનું બંધારણ અને દબાણ.

૨. ધનભારિત આયનો (પોઝિટિવ (ધન) કે નેગેટિવ (ઋણ) ભારવાળા અણુ કે પરમાણુ)નું પ્રમાણ,

૩. સ્પુટનિક પર કેટલો વીજળિક ભાર છે તે અને પૃથ્વીની સ્થિર વીજળીનું ક્ષેત્ર,

૪. પૃથ્વીના લોહચુંબકીય ક્ષેત્રનું માપ,

૫. સૂર્યમાંથી પૃથ્વી પર આવતાં વિકિરણો (radiation)નું પ્રમાણ,

૬. પ્રાથમિક વિશ્વ-કિરણો (કૉસ્મિક રેઝ)નું બંધારણ અને તેમાં થતા ફેરફારોનું માપ,

૭. વિશ્વકિરણોમાં ફોટોન (પ્રકાશના કણો) અને ભારે અણુકેન્દ્રો (Nuclei)ની વહેંચણી,

૮. સૂક્ષ્મ-ઉલ્કાઓ (માઈક્રો-મીટિઓર્સ)નું પ્રમાણ,

૯. બાલચંદ્રની અંદરનું અને બહારનું ઉષ્ણતામાન,

આ બધી માહિતી મેળવવા માટે તેની અંદરનાં સાધનો બરોબર કામ આપે તે માટે સ્પુટનિકમાંનું ઉષ્ણતામાન અમુક હદમાં કાયમ રહે તે સારુ વળી ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આનાથી સ્પુટનિકની સપાટી પરથી થતાં પરાવર્તન (રિફ્લેક્શન) અને વિકિરણતાનું પ્રમાણ જોઈએ તે પ્રમાણે બદલાય છે.


આ બધાં નિરીક્ષણો સ્પુટનિકમાં રેડિયો-સંદેશા દ્વારા પૃથ્વી પર મળે છે. તે જ પ્રમાણે તેમાંથી આવતા ખાસ રેડિયો સંદેશાઓથી સ્પુટનિકનો ચોક્કસ માર્ગ નક્કી કરી શકાય. આ ઉપરાંત દુનિયાના બીજા ભાગના વિજ્ઞાનીઓ સ્પુટનિક નિરીક્ષણ કરી શકે તે માટે તેમાંથી બીજા ૨૦ મે સાયકલના રેડિયો સંદેશા આવે છે—જે મોર્સ કોડના 'L' જેવા છે—ડોટ, ડેશ, ડોટ, ડોટ. આ રેડિયો સંદે ઓ માટે મૂકેલી બૅટરીઓ રાસાયણિક દ્રવ્યોથી ચાલે તેમ જ બીજી બૅટરીઓ સૂર્યશક્તિથી ચાલે છે, તે ન નવીન સિદ્ધિ છે.

આ સ્પુટનિક અને તેની સાથે ફરતું રૉકેટ સૂર્યોદય અ સૂર્યાસ્ત સમયે નરી આંખે જોઈ શકાશે.

આ સ્પુટનિકમાં બીજા સ્પુટનિકની માફક કૂતરો મૂકવા આવ્યો છે કે નહિ તેની જાહેરાત કરવામાં આવી નથી. આ સ્પુટનિક પૃથ્વીના વાતાવરણમાં દાખલ થતાં બળી ના જાય માટે ખાસ સંરક્ષક શંકુ મૂકવામાં આવ્યો છે એમ લાગે છે આ સ્પુટનિક છોડ્યા પછી એટલું તો જરૂર લાગે છે કે રશિયા જો ધારે તો પૃથ્વીના ગુરુત્વાકર્ષણને વટાવી જઈ શકે.

બીજાની સ્વતંત્રતા છીનવી રાખતાં, પોતાની જ
સ્વતંત્રતા છિનવાઈ રહી છે........!

ફ્રેન્ચ પ્રજાસત્તાકની કરમ કહાણી



ફ્રાન્સના પ્રજાસત્તાકની કરમ-કહાણી એ છે કે, ત્યાં હમેશાં અસ્થાયી રાજ્ય સત્તા રહી છે! (છેલ્લાં ૧૩ વર્ષમાં ૨૫ વખત સરકાર બદલાઈ!) રાષ્ટ્રનાં આંતરિક બળોની કમજોરી, ઉપરાંત પછાત સંસ્થાનોનાં શોષણની નીતિ કારણરૂપ છે.

ટ્યુનિસિયા પછી અલ્જીરિયાનો મામલો વિફર્યો છે. છેવટ વાત એટલે સુધી પહોંચી છે કે, અલ્જીરિયાને દબાવવા જતાં, અલ્જીરિયાની અંદરનાં દ'ગોલની છત્રછાયા નીચેનાં ફ્રેન્ચ ફોજી પ્રત્યાઘાતીઓએ જ અલ્જીરિયાને મુક્તિ આપવા સામે વિરોધ વંટોળ જગાવી, ફ્રાન્સને વધુ પ્રત્યાઘાતી સરમુખત્યારની ભીંસમાં લેવાના પેંતરા નાખ્યા છે. અને દુઃખની વાત એ છે કે, દ'ગોલની સામે હાલની ફ્લિમલીન-ની કૅથોલિક-સોશિયાલિસ્ટ સરકાર વધુ ને વધુ ઝૂકતી જાય છે. અને ત્યારે, ફ્રાન્સનાં પ્રગતિશીલ બળો (કમ્યુનિસ્ટો —પાર્લામેન્ટમાં સૌથી વધુ પ્રતિનિધિત્વ અને ટ્રેડ યુનિયનોમાં સારું એવું બળ ધરાવતા છતાં, તથા ઉદ્દામ રિપબ્લિકનો) આંતરવિગ્રહના ભયે કોઈ નિર્ણાયક પગલું ભરી શકે એવી સ્થિતિમાં નથી! સમાજવાદીઓ 'કમ્યુનિસ્ટહાઉ'થી ગભરાઈને દ'ગોલ સામેના ઉદ્દામ સંયુક્ત મોરચાને નક્કરરૂપ આપી શકતા નથી.

આમ, ફ્રેન્ચ પ્રજાસત્તાક એક પણ નિર્ણાયક પગલું ભરવા અસમર્થ બની ગયેલ છે!

અને આનો લાભ લઈ દ'ગોલ અને અલ્જીરિયામાંના તેના સાગરિતો સમય પાકવાની રાહ જોઈ રહ્યા છે. દ'ગોલ

ક્રોમવેલની જેમ પડકારી રહ્યો છે: 'અપવાદરૂપ સમયે, અપવાદરૂપ કર્તવ્ય માટે, અપવાદરૂપ સત્તાઓ મારા હાથમાં મૂકી દો !'

આનાથી વિશેષ ભય અલ્જેરિયન પ્રજા માટે જ નહિ, ખુદ ફ્રેન્ચ પ્રજા માટે પણ બીજો શો હોઈ શકે ?

તો અમેરિકા અને બ્રિટનનું વલણ, દ'ગોલની વિરુદ્ધ હોવા છતાં, તેમને પણ આ સંઘર્ષમાં ઉદ્દામ બળો મજબૂત બને તેની ગભરામણ વધુ છે.

ટૂંકમાં, ફ્રેન્ચ સત્તાધારીઓ અને અમેરિકા-બ્રિટનના પ્રયાસો આ છે:

* અલ્જીરિયા વગેરે ઉપર શાહીવાદી પકડ ચાલુ રહે.
* ફ્રાન્સમાં ઉદ્દામોના હાથમાં સરકાર ચાલી ન જાય.
* અને દ'ગોલ જેવા ફાસિવાદી-ફોજીવાદીના હાથમાંય લગામ જઈ ન પડે !

અલ્જીરિયાના સવાલે ઘરમાં જ હોળી પેટાવી છે !

(૨૩-૫-'૫૮)

અલ્જીરિયા [પરિચય]

અલ્જીરિયા ઉત્તર આફ્રિકામાં પશ્ચિમે મોરોક્કો ને પૂર્વ-પડખે ટ્યુનિશિયા-એમ બે પ્રદેશોની વચ્ચે આવેલો દેશ છે. એનો વિસ્તાર ૫૦ હજાર લાખ ચોરસ માઈલનો એટલે કે હિંદુસ્તાનના ⅔ ભાગ જેટલો થાય. પણ વસ્તી માત્ર ૧ કરોડ ૨૦ લાખની છે. જેમાં ૮ લાખ ૭૬ હજાર જેટલી વસ્તી યુરોપિયનોની છે. તેમાં અડધો અડધ ફ્રેંચ છે, ને બાકીના અડધામાં સ્પેનિયાર્ડ, ઇટાલિયન્સ ને માલ્ટીસ છે.

અલ્જીરિયા ઈ. સ. પૂર્વે ૧૨૫૦ જેટલી બહુ જ પુરાણી સંસ્કૃતિવાળો દેશ છે. એની વસ્તી મુસ્લિમ ધર્મમાં માનનારી છે. ધરતી ખૂબ જ ફળદ્રુપ છે. ૧૯મી સદીની શરૂઆતમાં જ અલ્જીરિયા પર ફ્રેંચ શાહીવાદીઓનો ડોળો ફર્યો. ૧૮૩૦ની સાલમાં ફ્રેંચ લશ્કરોએ એના પર આક્રમણ કરી પોતાનો કબજો જમાવ્યો. આ પહેલાં અલ્જીરિયા એક સ્વતંત્ર દેશ હતો. ને સ્વતંત્ર દેશની હેસિયતથી એણે ફ્રાન્સ, ઇગ્લૅન્ડ, સ્પેન, હોલૅન્ડ, પોર્ટુગાલ તથા ડેન્માર્ક જેવા પડોશી દેશો સાથે મૈત્રીસંબંધો માનભેર જાળવેલા.

ને જ્યાં મૈત્રી ને સહાયના એ બધા પૂર્વ-ઇતિહાસને ઘોળીને પી જઈ, આજે છેલ્લાં સવાસો વર્ષથી (૧૨૮ વર્ષથી) ફ્રાંસ એના સાલસ પડોશી અલ્જીરિયાના દેહ પર પોતાના લોહિયાળ પંજા ખોડી બેસી ગયું છે. એની પકડમાંથી છૂટવા ને મુક્તપણે શ્વાસ લેવા ઝંખતા અલ્જીરિયાએ આ સવાસો વરસના ગાળા દરમિયાન અનેક વાર બળવો પોકાર્યો છે. આઝાદ થવા માટે જંગો ખેલ્યા છે. પરંતુ દર વખતે—(૧૮૫૧, ૧૮૫૭, ૧૮૫૯, ૧૮૬૩, તેમ જ ૧૯૧૬ના બળવા) એમના એ પ્રયાસોને લોહીના ખાબોચિયામાં ડૂબાડી દેવામાં આવ્યા છે.

૧૮૩૦ના ફ્રેંચોના પહેલા આક્રમણે ૨૦ લાખ અલ્જીરિયનો-ની કતલ કરી હતી.

ફ્રેંચ શાહીવાદીઓએ પોતાના દેશના ચોર, લૂટારુ ને મારફાડ કરનારાં બિનસામાજિક તત્ત્વોને બોટોમાં ભરી ભરીને અલ્જીરિયાની ધરતી પર ઠાલવ્યા; મૂળ વસ્તી પાસેથી ઝૂંટવી લીધેલી જમીનો આપી, એ બધાંને ત્યાં વસાવવા માંડ્યા ને મૂળ વતનીઓને-સહરાના રણમાં ધકેલી દેવા માંડ્યા.

૧૮૪૦માં એણે કાયદો કર્યો કે ફ્રેંચ સત્તા સામે માથું ઊંચકનાર ગમે તેની માલમિલકત જપ્ત કરવાનો અમને અધિકાર છે. આ કાયદાના પ્રતાપે અલ્જીરિયાના વતનીઓ પોતાના હાથમાંની બે તૃતિયાંશ જમીન ગુમાવી, બેકાર રખડુઓની સ્થિતિમાં આવી ગયા છે.

બીજું, અલ્જીરિયાના વતનીઓનો મુખ્ય ખોરાક ઘઉંની પેદાશ ઓછી ને ઓછી કરતા જઈ એમણે ત્યાંનો મુખ્ય ઉદ્યોગ શરાબની પેદાશનો—અર્થાત પોતાના નાશ માટેના માલનો જ બનાવી દીધો છે. મોટાં મોટાં ખેતરો પર યાંત્રિક ખેતીનાં સાધનો વાપરવાની નીતિ અખત્યાર કરી એમણે ત્યાંના લોકોની બેકારી ને કંગાલિયતમાં પુષ્કળ વધારો કરી દીધો છે. અલ્જીરિયામાં કોઈ પણ જાતના ઉદ્યોગો ન નંખાય એની ફ્રેંચ શાહીવાદે આજ સુધી ખાસ તકેદારી રાખી છે. ને એને જ કારણે કામધંધા વિનાની અલ્જીરિયન વસ્તીને દર વર્ષે ફ્રાંસ દેશ ભણી હિજરત કરી જવી પડે છે. અર્થાત આ રીતે ફ્રાંસના ઉદ્યોગોની સસ્તી મજૂરીને

જરૂરિયાત પણ પૂરી પડી રહે છે. આમ, બેધારી કટારની માફક અલ્જીરિયાના દેહમાં ભોંકાયેલું ફ્રેંચ શાહીવાદનું ખંજર એનું બેવડું હીર નીંગાળી રહ્યું છે.

આર્થિક ને સામાજિક રીતે બેહાલ બનેલી પ્રજાને નૈતિક રીતે પણ ઉન્મૂલ કરી નાખવી, એ પણ શાહીવાદી શોષણનો એક મુખ્ય પાયો રહ્યો છે.

ગુલામ થયેલી પ્રજાની સંસ્કૃતિ, એનો ધર્મ, એની નૈતિક-ભાવનાઓ વગેરેને કચડીને ચાલવું, એ દુનિયાના કોઈ પણ શાહીવાદને માટે તદ્દન સ્વભાવગત વસ્તુ બની ગયેલ જોવામાં આવી છે. અહીં પણ એ જ હાલત છે. અલ્જીરિયનોની રાષ્ટ્રભાષા અરબી ગણાય. પણ માધ્યમિક શાળાઓમાં એ ભાષા શીખવવાની જ મનાઈ! એ શીખવી હોય તો જેમ કોઈ એકાદ પરદેશી ભાષા શીખતા હો એમ શીખવાની !

પરિણામે એ દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ ૯૦ ટકા. ૧૦૦માંથી બે જ અલ્જીરિયન બાળકો નિશાળમાં બેસી ભણતર લેવા પામે છે.

સવાસો વર્ષથી ફ્રેંચ શાહીવાદની એડી હેઠળ ચગદાતો આ નાનકડો દેશ સતત એની સામે માથું ઊંચું કરવા મથ્યો છે.

વીસમી સદીના આરંભકાળે 'નોર્થ આફ્રિકન સ્ટાર' નામના સંગઠનનો ઉદય થયો. અલ્જીરિયા, ટ્યુનિશિયા તથા મોરોક્કોની આઝાદી એ એનું ધ્યેય હતું. આ સંગઠન પછી આ ત્રણે દેશોમાં રાષ્ટ્રીય ચળવળનાં મંડાણ થયાં. ૧૯૩૭થી માંડીને આજ સુધી અલ્જીરિયાની આ રાષ્ટ્રીય ચળવળને કચડી નાખવા માટે ફ્રેંચ સત્તાધિશોએ ત્યાંની પ્રજા પર અમાનુષી અત્યાચારો ગુજાર્યા છે. શાંતિમય રીતે સલાહ, સમાધાન ને ચર્ચામસલતોને આધારે રાજકીય અધિકારો મેળવવાનો પ્રયાસ પણ અલ્જીરિયનોએ ઘણા લાંબા વખત સુધી અજમાવી જોયો. પણ એમાં સફળતાનું કોઇ કિરણ એમને જોવા મળ્યું નહિ.

બીજા વિશ્વયુદ્ધે શાહીવાદના ખૂનખાર સ્વરૂપ-ફાસીવાદનો મૃત્યુઘંટ વગાડી દીધો. ફાસીવાદને શિકસ્ત આપવામાં સક્રિય ફાળો આપનાર અલ્જીરિયાએ માન્યું કે હવે આપણી ગુલામીનો પણ અંત આવ્યો—ને યુદ્ધની પૂર્ણાહુતિ ઊજવતાં ૧૯૪૫ના મેની આઠમી તારીખે આખા અલ્જીરિયા દેશમાં ઠેરઠેર 'વિજયદિન'ની ઊજવણી કરતાં નિદર્શનો કર્યાં. એમણે માન્યું, 'હિટલર ગયા.'

પરંતુ ૪૫ હજાર નિર્દોષ પ્રજાજનોની કતલના બોજે અલ્જીરિયનોને સમજાઈ ગયું કે હિટલર તો ગયો. પણ હિટલરની ઓલાદ હજી ધરતી પર હયાત છે.

૧૯૫૪ના નવેમ્બરની ૧લી તારીખે ફ્રેંચોએ અલ્જીરિયન દેશભક્તોને ભૂંજી નાખવા પોતાની સશસ્ત્ર તાકાત વડે જોરદાર હુમલો કર્યો. અલ્જીરિયન રાષ્ટ્રવાદીઓને શહેરો ને ગામડાંના વસવાટ છોડી જંગલો ને પહાડોમાં ભાગી જવું પડયું ને ત્યાં રહ્યા રહ્યા એમણે ફ્રેંચ શાહીવાદને હંફાવવાનું કામ ચાલુ રાખ્યું. આ બાજુ તમામ રાજકીય પક્ષોને ગેરકાનૂની ઠરાવી દેવામાં આવ્યા. એમનાં તમામ છાપાંઓને બંધ કરાવી દીધાં. કામદાર સંગઠનોને, એમની તમામ ચળવળને સમૂળી ગુંગળાવી નાખી. સેંકડો દેશભક્તાને ફાંસીએ ચઢાવ્યા, હજારોને જેલોમાં પૂર્યા કાં નજરકેદની છાવણીઓમાં બંદી બનાવી મોકલી આપ્યા.

અલ્જીરિયાના તમામ પક્ષો ને પાર્ટીઓ રાષ્ટ્રીય મુક્તિ-ઝુંબેશના મોરચામાં સંગઠિત થયેલા હતા. આ મોરચાએ પહેલાં તો ઠેર ઠેર, શસ્ત્રભંડારો ઉપર, લશ્કરી થાણાંઓ, રેડિયો સ્ટેશનો, રેલ્વે ને ફેક્ટરીઓ પર છાપા મારી ફ્રેંચ સત્તાને ખોરવી નાખવાનો કાર્યક્રમ અમલમાં મૂકેલો. પણ તે પછી દમનનો તાપ વધતાં ૩૦૦૦ દેશભક્તોને પહાડોમાં જઈ આશ્રય લેવો પડયો. એમણે ફ્રેંચો પાસેથી પડાવી લીધેલાં હથિયારોના જોર પર રાષ્ટ્રીય મુક્તિ સેનાની રચના કરી છે.

આની સામે ફ્રેંચોએ અલ્જીરિયામાં ૭ લાખનું લશ્કર ઉતાર્યું છે. મોટા ભાગનું 'નાટો'ના હાઈકમાન્ડની સંમતિથી જર્મનીમાં રાખેલા પોતાના લશ્કરમાંથી પાછું ખેંચી લઈ અહીં આણવામાં આવ્યું છે. તે ઉપરાંત ૪ લાખનું પોલીસ-ફોર્સ ને ત્યાંના સંસ્થાનવાસીઓમાંથી ઊભાં કરેલાં સંરક્ષણ-દળોનો એને સાથ છે. અલ્જીરિયાનાં ગામડાં પર વિમાનોમાંથી મોત વરસાવતાં પાછું વાળીને જોયું નથી. છેલ્લાં ચાર વરસથી શાંતિ ને આઝાદી ચાહતા અલ્જીરિયનોને માથે વણમાગ્યું યુદ્ધ ઠોકી, આજ સુધીમાં ૫ લાખ માણસોનો ભોગ લીધો છે!

સંયુક્તરાષ્ટ્ર સંસ્થાની જનરલ એસેમ્બ્લીએ બબ્બે ઠરાવ કર્યા કે ફ્રાંસે અલ્જીરિયાની પ્રજા સાથે સમાધાન કરી લેવું, પણ એ આંતરરાષ્ટ્રીય સંસ્થાની સલાહને પણ અવગણી ફ્રાંસના શાહીવાદે અપૂર્વ ધૃષ્ટતા દાખવી છે.

[અલ્જીરિયન મુક્તિ આંદોલનના ભારતીય પ્રતિનિધિ શ્રી. શેરીફ ગુએલ્લાલના લેખો ઉપરથી]

અંધારે ઉજાસ

આફ્રિકાનાં આઠ સ્વતંત્ર રાષ્ટ્રોની એક પરિષદ મેના પહેલા અઠવાડિયામાં આક્રા ખાતે મળી. આ આઠેય રાષ્ટ્રોનાં રાજકીય વ્યક્તિત્વ નિરનિરાળાં સ્વરૂપનાં છે. ધર્મ ને જાતિની રૂએ તેઓ નોખા નોખા જૂથનાં છે. તેમ છતાં જે એક જોરદાર ભાવના ને દૃઢ મંતવ્યે એમને સૌને એક સૂત્રે ગૂંથી લીધાં છે **તે છે: સ્વાધીનતા, રાષ્ટ્રીયતા, 'આફ્રિકન' ભાવના.**

અપૂર્વ વિવિધતા

રાજકીય રીતે જોતાં આ આઠ રાષ્ટ્રોમાંના બે જ દેશ–એટલે કે–સુદાન ને ઘાનામાં જ પાર્લામેન્ટરી પદ્ધતિએ ચાલતાં રાજતંત્ર છે. ઇથિયોપિયા ને મોરોક્કોમાં રાજાશાહી તંત્ર ચાલે છે. સંયુક્ત આરબ પ્રજાસત્તાકમાં રાજતંત્ર આખું લગભગ એક પક્ષની સરમુખત્યારી હેઠળ ચાલે છે. લિબરિયામાં અમેરિકન રાજતંત્રનો અધકચરો અખતરો ચાલી રહ્યો છે. ટ્યુનિશિયામાં રાજપ્રમુખની સત્તા પ્રવર્તે છે–તો વળી લીબિયામાં રાજાની હકુમતમાંથી લોકશાહી રાજતંત્ર ભણી પગલાં મંડાઈ રહ્યાં છે.

ધર્મની રૂએ જોવા જઈએ તો આરબ પ્રજાસત્તાક ટ્યુનિશિયા, મોરોક્કો, સુદાન અને લીબિયા મુસ્લિમ ધર્મમાં માનનારાં છે; ઇથિયોપિયા, ઘાના ને લિબરિયા ધર્મે ને રાજકીય નેતાગીરીની બાબતમાં ખ્રિસ્તી ગણાય.

જાતિની રૂએ ઉત્તર આફ્રિકાનાં ચાર રાષ્ટ્રો 'આરબ' છે. ઘાના ને લિબરિયા 'હબસી' છે–ને સુદાનમાં એ બંને જાતિઓ વચ્ચે પુલ સમાન બની રહેનારી પ્રજા વસે છે.

એ બધાં રાષ્ટ્રોની **ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં** પણ ઘણો ફેર છે. ઇજિપ્ત માનવ સંસ્કૃતિના આરંભકાળથી ઇતિહાસને પાને ચઢી ચૂકેલો પ્રાચીન દેશ. ઇથિયોપિયા ને મોરક્કો પણ જૂના ઇતિહાસમાં જડી આવનારા દેશ છે. ત્રણે બહુ જૂની શાહી સત્તાઓ છે; ત્યારે સુદાન બહુ પુરાણુંય નહિ ને નવુંય નહિ એવું રાષ્ટ્ર છે. ઘાના ને લિબરિયા તો હજી નવાં નવાં જ ઊભાં થયેલાં રાષ્ટ્રો છે.

પૃથ્વીના પટ પરના કોઈ પણ ખંડમાં આટલી વિવિધતાવાળો રાષ્ટ્રસમૂહ જોવા મળવો મુશ્કેલ છે. આટલી વિવિધતાવાળાં રાષ્ટ્રનું એક ઠેકાણે એકત્ર થવું એ જ દુનિયાની એ અજબ ને નોંધપાત્ર ઘટના છે.

આમ છતાં, એમને એક સૂત્રે ગાંઠનાર કોઈ મુખ્ય ને જોરદાર વસ્તુ હોય તો તે દુનિયાના રાજકારણમાં તાજેતરમાં જ માન્યતા પ્રાપ્ત કરનાર એમનું રાષ્ટ્રાભિમાન છે.

ઇજિપ્ત ભલેને માનવસંસ્કૃતિના શ્રીગણેશ માંડનારો દેશ હોય, પણ હજી પાંચ જ વર્ષ પહેલાં બ્રિટિશ લશ્કર એની ધરતી પર કબજો જમાવીને પડેલું હતું.

છેલ્લા મહાયુદ્ધ વખતે ઇટાલિયન દળોએ રોળી નાખેલ ઇથિયોપિયાનો શહેનશાહ બ્રિટનમાં નિર્વાસિત તરીકે દહાડા ગાળતો હતો. મોરક્કોનો સુલતાન ચાર વર્ષ પહેલાં માડાગાસ્કરમાં ફ્રેંચોનો કેદી હતો. સુદાનને આઝાદી મળ્યે પાંચ વરસ થયાં, ત્યારે ઘાનાની આઝાદી હજી એક જ વર્ષની છે. લિબિયા આઝાદ થયું છેલ્લા મહાયુદ્ધના અંત પછી. ત્યારે અજાયબીની વસ્તુ એ છે કે લિબરિયા જેવો દેશ આ બધાંમાં ઘણા લાંબા વખતથી આઝાદી ભોગવે છે; તે અમેરિકાએ એના ગુલામોને મુક્તિ આપી એમને સ્વદેશ પાછા મોકલી દીધેલા, એને કારણે.

સાર્વભૌમ સત્તાઓ તરીકેની પ્રતિષ્ઠા ને એનું ગૌરવ એ સૌથી પહેલી લાગણીએ એમને એક કર્યાં છે; પરંતુ એની સાથે સાથે એક બીજી વિસ્તૃત ભાવના છે, જેણે એમને એકબીજા સાથે હાથ મિલાવવા પ્રેર્યાં છે; ને તે એ કે—આપણે બધા 'આફ્રિકન' છીએ; ને હકીકતે, આરબ રાષ્ટ્રોમાં ઇજિપ્તના અમુક વિભાગ સિવાયના તમામ આફ્રિકન છે.

અપૂર્વ ઘડી

અત્યાર સુધી આફ્રિકાને એક અંધારિયો ખંડ માનવામાં આવતો. આજે પહેલી વાર એ અંધારિયા ખંડની પ્રજાઓ દુનિયાની સ્વતંત્ર ને લાગવગ ધરાવનારી સત્તાઓ પાસે પોતાનું વ્યક્તિત્વ સ્વીકારાવી, માથું ઊંચકી પોતાના ચોક્કસ અભિપ્રાયો વ્યક્ત કરી રહી છે. આ એક અપૂર્વ ઐતિહાસિક ઘડી છે.

આજે તેઓ ત્યાંની તમામ પ્રજાઓ સાથે પોતાનાં

[માનવ : નૂતન ૫૮

એકરૂપતા જાહેર કરે છે. એકી અવાજે તેઓએ અલ્જીરિયાના મુક્તિજંગને વધાવી લીધો છે. આ બાબતમાં ઉત્તર આફ્રિકાના દેશો જેટલી જ તત્પરતાથી ઘાના, ઇથિયોપિયા તથા લિબરિયાના લોકોએ સ્પષ્ટ રીતે પોતાનો અવાજ રજૂ કર્યો છે. પૂર્વ તેમ જ મધ્ય આફ્રિકાની પ્રજાઓની આઝાદી માટેની લડતમાંય એમણે સૌએ એક સરખો સાથ પુરાવેલો છે. એમાંય સહરાની દક્ષિણે વસતા લોકો જેટલા દૃઢ ને સ્પષ્ટ છે, તેટલી જ દૃઢતાથી ઇજિપ્ત, ટ્યુનિશિયા ને મોરોક્કોના લોકો એની હિમાયત કરે છે.

રંગભેદ સામે ઐક્ય

દક્ષિણ આફ્રિકા તેમ જ રોડેશિયામાં ગોરાઓએ ઊભા કરેલ રંગભેદ ને શોષણ સામે એ સૌએ પોતાનો વિરોધ જાહેર કર્યો છે. રાજકીય રીતે બંદી બનાવી રાખેલ બેલ્જિયમ કોંગોના—તેમજ પોર્ટુગીઝ અંગોલાના આફ્રિકન બંધુઓ પ્રત્યે પોતાની દિલસોજી જાહેર કરતાં તેઓ બિલકુલ અચકાયા નથી. ફ્રેંચ ઇક્વેટોરિયલ તેમ જ પશ્ચિમ આફ્રિકાની પ્રજામાં આવતી જાગૃતિ ને રાજકીય ચેતના પ્રત્યે એમણે પોતાનો હર્ષ વ્યક્ત કર્યો છે. નાઈજીરિયા જેવડું એમનામાં સૌથી મોટું રાષ્ટ્ર આજે સ્વતંત્ર રાષ્ટ્રની હેસિયતથી પોતાની સાથે જોડાઈ શકતું નથી એ બાબત એમના દિલમાં ઊંડો ખેદ છે.

વિશ્વશાંતિની ઝંખના

કેવળ આફ્રિકાને લગતા પ્રશ્નો પૂરતો જ વિચાર કરીને બેસી રહેવું પડે તો એથી એમને સંતોષ નથી. દુનિયાના રાજકારણમાં પણ સ્વતંત્ર રાષ્ટ્રોની હેસિયતથી તેઓ પોતાનો અવાજ રજૂ કરવા, ને મત દર્શાવવા ઉત્સુક છે. આક્રામાં ભેગા મળી તેઓએ વિશ્વશાંતિ માટે પોતાનો અવાજ ઉઠાવ્યો છે.

એમણે માગણી કરી છે કે યુદ્ધ માટે ચાલતી અણુશસ્ત્રોની તૈયારીઓ તત્કાલ બંધ થવી જોઈએ. તે ઉપરાંત દુનિયાનાં સરકારી ગણાતાં રાષ્ટ્રો આફ્રિકાના સહરા જેવા પ્રદેશને પોતાના અણુઅખતરાઓમાં પ્રયોગભૂમિ તરીકે ઉપયોગ કરવાની વેતરણો કરે છે, એની સામે પણ આ દેશોએ સખત વિરોધ દર્શાવ્યો છે.

આક્રામાં ભેગાં મળેલ આઠે રાષ્ટ્રોએ રાજકીય આઝાદીની ઘોષણા કરી છે.

એમની આ માગણી સંતોષાશે તે પછી જ સામાજિક ને આર્થિક સમાનતાનો પાયો નાંખી શકાવાનો છે. સાચો આંતરરાષ્ટ્રીયવાદ—કે જેમાં સમગ્ર દુનિયાના વૈભવ ને સંપત્તિનો આપણે સહિયારી રીતે ભોગવટો કરી શકીશું—તે પણ ત્યાર પછી જ સ્થાપવાની શક્યતા ઊભી થશે. રોગ, ગરીબી તેમ જ અજ્ઞાનને ધરતીના પટ પરથી દેશવટો દઈ શકાશે.

[રેનર બ્રોકવેના લેખના આધારે]

[અનુસંધાન પાન ૩૫૮થી]

નો આકાર પહેલી દૃષ્ટિએ નજર ખેંચતો લાગશે. પણ કલાકારે ખૂબીથી ઘેરા રંગની માનવાકૃતિને ઉમેરેલી જોતાં બન્ને સમતોલ થઈ જતા દેખાશે.

આ સાદાઈ અને Boldnessને વફાદાર રહેવા માટે કલાકારે આકારોના પ્રમાણોમાં મનગમતી છૂટ લીધી છે. પ્રાકૃતિક આકૃતિઓનું સામ્ય (Association) જાળવવાનો એમણે પ્રયત્ન કર્યો છે, પણ એ સામ્યને જ એમણે મહત્ત્વનું બનાવી નથી દીધું. આમ આ બન્ને ચિત્રો સીધા સાદા આકારોમાં લોકજીવનની મધુરરમ્ય કલ્પના શા પ્રફુલ્લ બની રહે છે. પ્રતીત થયા વિના નહિ રહે કે કલાકારે લોકપ્રણાલીનાં તત્ત્વોને ગમે તેવા વિષયની કલ્પનામાં પણ ઓગાળી નાખ્યાં છે—અને આપણી સામે આપણા જ સમયનું રસભર ચિત્ર ખડું કર્યું છે.

પા. ૩૫૮ ઉપર આપેલા શ્રીનાથજી, શ્રી રામેશ્વર અને જૈનપ્રણાલીની અસરવાળા એક રાજસ્થાની ચિત્ર પરથી કરેલાં રેખાંકનોની સરખામણી શ્રી. જામિની રાવનાં ચિત્રોને સમજવામાં માર્ગદર્શક નીવડશે.

કદર

—વસંત દેઢિયા.

પૃથ્વી પર અંધકારના ઓળા છવાઈ ગયા હતા. રસ્તા પરના વીજળીના દીવા એ અંધકાર દૂર કરતા હતા. દૂર એરોડ્રોમની લાલબત્તી ઝગમગ થતી હતી, ત્યારે જૂહુકિનારે ભેળપૂરીવાળાઓની ગાડીઓ ઉપરની પેટ્રોમેક્ષ ઝળહળાટ કરતી હતી. તો ચણાવાળાઓ માટીના કુંડલામાં મૂકેલી આગને ચેતાવવાનો યત્ન કરતા હતા. સહેલાણીઓ આમતેમ ફરતા હતા અને બને એ રીતે આનંદ લૂંટવાનો પ્રયત્ન કરતા હતા. આ બધાથી દૂર એક જગ્યાએ મશાલ સળગી રહી હતી અને લોકો આજુબાજુ ઊભા રહી કંઈક નિરીક્ષણ કરી રહ્યા હતા. મુંબઈમાં જોનારની સંખ્યા ક્યાં ઓછી છે? નાટક કે સિનેમાઘર જ્યાં બહુ ઓછાં ખાલી રહે છે ત્યાં મફતમાં જોવા મળતી ચીજ કોણ ન જુએ? કંઈક કુતૂહલથી, કંઈક એ 'આકર્ષણ'ના આકર્ષણથી હું પણ તે તરફ ખેંચાયો. જોયું તો એક યુવાન ભીની રેતી વડે ભગવાન શંકરની મૂર્તિ બનાવી રહ્યો હતો—છેલ્લા 'ટચીસ' આપી રહ્યો હતો, બાજુમાં રેતીમાંથી જ બનાવેલ કળામય નાગની ફેણ ઉપર મશાલ સળગી રહી હતી. એ કળાની કદરરૂપે એક કાગળ પર થોડા સિક્કા આમ તેમ વેરાયલા પડ્યા હતા. કલાકારે આજુબાજુ નાની દીવાલ ચણી દીધી હતી.

એક સિંધી પતિ-પત્નીની નજદીક હું ઊભો ઊભો મૂર્તિને જોઈ રહ્યો. મારું ધ્યાન તેમના તરફ દોરાયું. વાતચીત પરથી લાગ્યું કે કલાકારની કળા તેમના દિલ સુધી પહોંચી હતી. થોડા લાગણીના શબ્દો ઉચ્ચારી તેઓ આગળ વધ્યાં. અલબત્ત, તેમના હાથને પાકીટ સુધી પહોંચાડવામાં કળા અસમર્થ નીવડી હતી. હું મૂર્તિની બાજુએ હતો તે સામે આવીને ઊભો રહ્યો. અહીંથી મૂર્તિ વધુ સુંદર લાગતી હતી અને મશાલની અસ્થિર તેજરેખા સુંદરતામાં વધારો કરતી હતી. કલાકાર-યુવાન પોતાના કાર્યમાં મસ્ત હતો. મારી જમણી બાજુએ ત્રણ યુવાનો વાતો કરતા ઊભા હતા. થોડીવારે તેમાંનો એક અંગ્રેજીમાં બોલી ઊઠ્યો : આપણે 'કળાની કદર કરવી જોઈએ' અને એકાદ સિક્કો કાગળ પર નાંખી તેઓ આગળ વધ્યા. પણ કળાકારનું ધ્યાન તેના આ પ્રશંસકો પ્રતિ લાગ્યું નહિ.

ત્યાં વળી પસાર થતાં યુવક-યુવતીઓ અહીં અટક્યાં. પોષાક તેમ જ વર્તન પરથી લાગ્યું કે તેઓ પારસી છે. 'શું સુંદર છે!' કહીને એક સિક્કામાં વધારો કર્યો. બધા આગળ વધ્યા પણ તેમાંનો એક યુવાન ત્યાં જ ઊભો રહ્યો. પારસી હિંદીમાં તેણે પ્રશ્ન કર્યો. 'ઇસકો કિટના ટાઇમ લગા?' તેને આમાં કંઈક રસ હોય એમ લાગ્યું. જવાબ ન મળતાં તેણે બાજુમાં ઊભેલ ગૃહસ્થને પ્રશ્ન કર્યો, પણ ત્યારે જ આવેલ તે સજ્જનને ક્યાંથી ખબર હોય! આજકાલના 'ઘડીની ફુરસદ નહિ અને પાઈની આવક નહિ'ના જમાનામાં કોણ 'મૂર્ખ,' મૂર્તિ બનાવવાની શરૂઆતથી અત્યાર સુધી ઊભો રહી પોતાનો 'કિંમતી' સમય બગાડે? જવાબ મળવાની આશાએ તે યુવક ઊભો રહ્યો ત્યાં તેની સ્ત્રી મિત્ર બોલાવવા આવતાં તે ચાલ્યો ગયો.

સમુદ્રનાં મોજાંની માફક કળારસિકોની સંખ્યામાં પણ ફેર થતો હતો. સંખ્યા વધતી હતી, ફક્ત ભેળપૂરી ખાવાવાળાઓની ચોપાસ. જીભ પર મીઠી અને ભેળમાં તીખી ચટણીનો ઉપયોગ કરી, ગ્રાહક બે આનાની માગે ત્યાં બાર આનાની ભેળ આપી ભેળવાળાઓ બધાને ખુશ કરતા હતા અને મીઠું નાળિયેરપાણી પીવાની ફરજ પાડતા હતા. આમ તેઓ મરોશીના ધંધામાં પણ મંદી નહોતા આવવા દેતા.

સરકાર ' સહકાર સપ્તાહ ' ઊજવે છે પણ અહીં તો હમેશાં દરેક કામ સહકારથી થાય છે અને તે પણ ગ્રાહક અને વેચનાર પૂરતું જ નહિ, વેચનાર વેચનાર વચ્ચે પણ, વેચનાર અને પોલીસ વચ્ચે અને પોલીસ પોલીસ વચ્ચે પણ.

કળાકાર ઊઠ્યો. બીડી સળગાવી બેચાર ફૂંક મારી ફરી કામમાં લાગી ગયો. ત્યાં સામેથી એક ગુજરાતી ગૃહસ્થ તેમની પત્ની તેમ જ બાળકો જોડે આવી ચઢ્યા. મૂર્તિ જોઈ બહેન બોલી ઊઠ્યાં : ' આપણા જયંતભાઈએ પણ શિવ કોતર્યા છે પણ તેમાં કોપાયમાન છે જ્યારે અહીં ધ્યાનસ્થ છે. ' પતિદેવે શિર ઝુકાવ્યું. તેમની બાળાઓ તો તે પહેલાં જ કામમાં પરોવાયલી હતી. બન્ને બાળાઓ તૂટી ગયેલી દીવાલ સમારવામાં લાગી ગયેલી. કળાની ' કદર ' કરતાં તેમને નહોતી આવડતી. ત્યાં સામેથી ત્રણ સરદારજી, છૂટા સાંઢની માફક જોસમાં આવતા હતા. છત્રી જોઈ જેમ ગાય ભડકે તેમ મૂર્તિ જોઈ સરદારજી ભડક્યા, સરસ્વતીનો પ્રવાહ છૂટ્યો : ' યે દેખો । શિવ કી મૂર્તિ બના કે લોગોં કો લૂંટતા હૈ । ઔર કુછ કામ નહિ હૈ । ' મને થયું, તેઓ પોતાની વાણીનો લાભ વધારે વખત આપશે. પણ તેઓ તો, ગવર્નરની મોટર આગળ દોડતી પોલીસની ગાડીની માફક સડસડાટ આગળ વધ્યા. જોનાર જોવામાં જ રોકાયા, કળાકાર કામમાં.

'જો કોઈનું નુકસાન ન કરાય,' એક છોકરી નાનાભાઈને દીવાલ ભાંગી નાખવા બદલ શિખામણ આપી રહી હતી. ' ભલે આપણે બીજાનું ભલું ન કરીએ પણ બીજાના નુકસાન પ્રત્યે દિલસોજી દર્શાવીએ તે પણ ઘણું છે. ' પૈસામાં પણ જૂના કરતાં નવા સિક્કાઓ વિશેષ દેખાતા હતા. નવા પૈસા આવતાં હિસાબમાં સગવડ પડે છે, પણ, કેટલાયે વિચાર કર્યો અમુક વર્ગને નવા પૈસાથી નુકસાન પણ થવાનું છે. બેત્રણ પરોપકારી પ્રેક્ષકોએ રેતીમાં દટાઈ ગયેલ સિક્કા શોધી કાગળ પર નાખ્યા. નવા સાહેબ આવતાં નવી ગાડી આવે તેમ નવા નિરીક્ષકો આવતાં અભિપ્રાય પણ બદલાતા હતા : ' અદ્‌ભુત ! કી સુંદર ! સુધુ માટીતે બાનીયે છે. ચમત્કાર ! (અદ્‌ભુત, શું સુંદર, ફક્ત માટીમાંથી જ અદ્‌ભુત ચીજ બનાવી છે) એક બંગાળી યુવકના મોમાંથી મૂર્તિ જોઈ શબ્દો નીકળ્યા. તેના મિત્રો પણ એ જ મતના હતા. ભારતીય કળા અને સાહિત્યને નવજીવન આપનાર બંગાળ દેશ અને બંગાળી લોકો કળાના પારખુ તો છે જ. જો કે અત્યારે તો મુંબઈમાં પણ સાંસ્કૃતિક મંડળોનો રાફડો ફાટયો છે. કળા અને કલાકાર પાછળ વિશેષ રસ દર્શાવાય છે. મુંબઈના લોકો ભલે વ્યાપાર ધંધામાં પરોવાયલા રહે છે પણ અરસિક તો નથી જ. ત્યાં તો શબ્દો અંગ્રેજીમાં કાને પડ્યા: 'છે તો સુંદર પણ વધુ 'નેચરલ' જોઈએ...' મને થયું, કોઈ, કળા વિવેચકનું આગમન થયું છે. પાછળ નજર કરી તો ભૂલ સમજાઈ. મધ્યમ વર્ગની એક ખ્રિસ્તિબાઈ એ કલાકારની ભૂલ બતાવેલ. તેઓ હિંદીમાં બોલત તો કલાકાર સમજી અને 'Natural' બનાવવા પ્રયત્ન કરત ! ત્યાં તો પેલા ત્રણ સરદારજીનું ' મિશન ' પાછું વળ્યું. ફરી લોકોની આંખ ઉઘાડવા બોલ્યા, ' યે દેખો ! ભિખારીને અચ્છા ધંધા લિયા હૈ ! લોગોંકો લૂંટકે પૈસા બનાતા હૈ ! ઔર ધંધા નહિ હૈ ! 'ભિખારી'એ આંખ ઊંચી કરી.

સરદારજીની વાણીની અસર જોવા મેંય બાજુમાં જોયું, એક બાઈ બન્ને હાથ જોડી, આંખ મીંચી પ્રાર્થના કરી રહી હતીઃ " ભગવાન બધાનું ભલું કરો. " બાજુમાં જ નાની બેબી હાથ જોડી મૂર્તિ સામું જોઈ રહી હતી.

ભગવાન એના એ હતા, પણ જોનાર આંખો જુદી હતી !

આકાશમાં તારા અને પૃથ્વી પર સળગતી મશાલ શરૂઆતથી છેવટ સુધીનાં પ્રેક્ષકો હતાં. બાઈની પ્રાર્થના સંભળાઈ હોય તેમ શીતળ ચાંદની રેલાઈ રહી......



આસ્વાદ

આ વિભાગ દ્વારા કાવ્ય અને કલાનો પ્રારંભિક રસાસ્વાદ કરાવી વિશાળ જનસમૂહ અને સાહિત્યકલાનાં સર્જનો વચ્ચે સેતુ બનવાની અભીપ્સા છે.

જામિની રાય : પુન. સંસ્કૃત લોકકલા

—ગુલામ મોહમ્મદ શેખ

શ્રી જામિની રાયનાં આ બે ચિત્રોનું અવલોકન કરતાં પહેલાં જો આપણે જેમાંથી એમણે પ્રેરણા મેળવી છે એવા લોકકલાના સિદ્ધાંતો પર દૃષ્ટિ નાખીશું તો વધુ ઉચિત થશે.

લોકહૃદયના વિશાળ વેલામાંથી કેવાં અદ્‌ભુત ફૂલો પ્રકટયાં છે, તેનું દૃષ્ટાંત ચિત્રની સાથે સાહિત્ય–સંગીત જેવા અન્ય કલાપ્રકારો પરથી પણ મળી રહેશે. અવિસ્મરણીય પ્રસંગ કે ઘટનાને આલેખતું લોકહૃદય કોઈકવાર—' મોરબીની વાણિયાણુ મચ્છુ પાણી જાય—' ગાય છે અને સીધી સાદી બાનીમાંય કેવું રસભર ચિત્ર ઊપસી આવે છે! ગામડાગામમાં લગ્ન કે વારતહેવારે ભાંગતી રાતે જામેલા રાસનો જેમને અનુભવ હશે એ જાણતાં જ હશે કે સાવ સાદી તરજમાં ઓગળી જતો બુલંદ કંઠ હૈયાને કેવી મધુરતાથી ભીંજવી દે છે. કલાઓ જ શા માટે, સામાન્ય વાતચીતમાંયે અનુભવોના પાણીદાર સત્ય શા ઓડા ક્યાં સાંભળવા નથી મળતા? ' ચોસલાં પડે તેવું ગાઢ અંધારું ' ' એવો પ્રયોગ હમણાં જ સાંભળવા મળ્યો હતો.




જામિની રાય : મેડોનાં અને સેંટ જૉન

અને એ જ લોકહૃદય જ્યારે ચિત્રમાં નીતરે છે ત્યારે એમાંથી ફૂલ–ઝાડ, હાથી–ઘોડા, ઘર–ખેતર અને ઝાડવાં તેમ જ ગરવી ગામડિયણના આકારો ટપકી પડે છે. એમની દૃષ્ટિ એમના અનુભવો પૂરતી સીમિત રહે છે અને તેથી એકને એક આકારનું પુનરાવર્તન એમાં અનેકવાર જોવા મળે. પણ એમાંની સાદગી, સહજ તન્મયતા અને વસ્તુને મનસ્વીપણે કોઈપણ ઘાટ આપવાની બંધનહીન અને સ્વચ્છ વૃત્તિ બીજી ખામીઓને આવરી લે છે.

બીજી એક વાત: લોકહૃદયમાંથી પ્રગટેલું મોટા ભાગનું ઉદ્દેશહીન નથી હોતું. આપણી જૂની કલાપ્રણાલીઓ જેમ ધર્મ અને સામાજિક રીતરિવાજો

[માનવ : જૂન '૫૮



જામિની રૉય : કાળો ઘોડો

સાથે સીધી યા આડકતરી રીતે સંકળાયેલી છે—તેમ જ લોકકલાકારે પણ ધરતી અને દેવસ્થાનોની શોભા માટે ચિત્રો દોર્યાં—શિલ્પ ઘડ્યાં.

આકારોની સાદાઈ લોકકલાના દરેકે દરેક નમૂનામાં જોવા મળશે. છતાં એની પાછળ દૃષ્ટિ હતી. જે વાત કહેવાની છે એ રજૂ ભલે થઈ સામાન્ય શબ્દોમાં, પણ સાવ બોલચાલની ઢબે કહી હોય તો એમાં નવું શું ? ચિત્ર માટે સીધા સાદા આકારો તો પસંદ કર્યા પણ એ આકારો ફક્ત સાદા જ ન રહે, એમાંથી કશુંક અસ્ફુટ છતાં પ્રતીત થાય એવું હોય તો જ એની કિંમત; એટલે જે જે આકારો રચાયા તે પ્રતીકાત્મક થયા. આગળ જતાં એ આકારો રૂઢ થઈ ગયા અને કેટલાક નવા પણ ઉમેરાયા જેથી મર્યાદાનો વિસ્તાર લંબાયો.

પ્રતીકયોજનાની આ વિચારસરણી ઘડવામાં ધર્મે સારો એવો ભાગ ભજવ્યો છે. સંપત્તિએ તો માણસ માણસને જુદા પાડી શકાય પણ ધર્મ તો રાજા પાળે તે ગામનો ભિખારીય પાળી શકે રાજકલાકારોએ વિકસાવેલી કલામાં કવિતા અને બીજી કલાઓનો સંગમ થવાથી એમાં ઉપમાઓ અને પ્રતીકયોજનાઓ પ્રવેશ પામી (માછલી જેવી આંખ, સિંહકટિ, શંખ જેની ગરદન વગેરે.) ધર્મમાં પ્રતીકોનો ઉદય કેવી રીતે થયો તે પણ વિચારવા જેવું છે. વ્યક્તિપૂજાના નિષેધને લીધે અમુક સમય સુધી ચિત્ર–શિલ્પકલામાં સંતો–ઉપદેશકોનાં મનુષ્યરૂપી આલેખન થતાં નહિ. એ સંતો ઉપદેશકોની સ્મૃતિ ભૂંસાઈ જાય તો તો કદાચ ધર્મનો લોપ થાય. છેવટે નિર્ણય લેવાયો કે સંત માટે કોઈ એક નિશાન નક્કી કરવું અને એને જ હાજરી રૂપે માનવું. બૌદ્ધ ધર્મની શરૂઆતમાં અમરાવતી અને બીજી શિલ્પ–પ્રણાલિકામાં, જાતકકથાઓને આધારે, ભગવાન બુદ્ધને હાથી કલ્પેલા પણ જોવા મળે છે. અથવા તો ફક્ત સ્તૂપ જ દર્શાવીને એમની હાજરી પ્રસ્થાપિત કરતા નમૂનાઓ પણ છે. એક જ ધર્મ હોવાને લીધે પ્રજાના ઉપલા વર્ગમાંથી પ્રગટેલી આ વિચારસરણી સામાન્ય પ્રજામાં પણ ફેલાઈ અને ગૂંચ વગરની હોવાને લીધે રૂઢ બની વિકસિત થઈ. આગળ જતાં હિન્દુ ધર્મનાં સાથિયો (શુભ–દૈવી તત્ત્વ), હાથના અને પગના પંજા તેમ જ સૂર્ય વગેરે પ્રતીકચિહ્ન લોકકલામાં પણ પ્રવેશ પામ્યાં.

હવે આ લોકપ્રણાલીની ચિત્રપદ્ધતિ જોઈએ. પહેલું તો એ કે એમાંના આકારો દૃષ્ટિભ્રમ દર્શાવતા ખરેખર આકાર કરતાં જુદી જ જાતના નથી. દા. ત. પૃ. ૩૫૮ ઉપર આપેલી પાટલા અને લોટાની આકૃતિ. પ્રથમ આકૃતિ જોતાં લાગશે કે આપણે વસ્તુઓને અમુક કોણથી જ જોઈએ છીએ જેથી પાટલાનો આકાર સંકુચિત ચોરસ જેવો લાગે છે અને નજીકના પાયાથી દૂરના પાયા જરા નાના લાગે છે. વાસ્તવમાં પાટલાનો આકાર પ્રથમ દેખાય છે તેવો નહિ, પણ બીજી આકૃતિમાં દર્શાવેલ છે તેવો ચોરસ છે. વળી એના પાયા

નાના મોટા નહિ, પણ તદ્દન સરખા છે. લોકકલામાં આવા મૂળભૂત આકારોને જ સ્થાન અપાય છે. લોક–પ્રણાલીનાં ચિત્રોમાં આકારોમાં ઘનતા દેખાડવાનું પણ જોવા મળતું નથી. રંગો સાવ સપાટ જ લગાવેલા હોય છે. રંગોની હળવી ઘેરી કક્ષાઓ (Tones) મળશે પણ એક જ રંગના સમૂહમાં એ રંગની કે બીજા રંગની આછી–ઘેરી કક્ષાએ આકારને ઉપસેલો કે ઊંડો જતો બતાવાયો હોય તેવું નહિ મળે; જો કે રંગોની લાક્ષણિકતાઓને લીધે એક વસ્તુ બીજી વસ્તુની આગળ છે તેવું તો દેખાશે જ.

બીજો એક પ્રશ્ન છે મોં ચિતરવાનો. સાવ સામું બનાવવામાં કદાચ ઘનતા બતાવવી પડે અથવા તો મોંના જુદા જુદા વધારે પડતા સમૂહ યોજવા પડે. આમ ગૂંચભરી ગોઠવણી ન થાય એ ખાતર આવી જાતનાં ચિત્રોમાં મોટે ભાગે મોંને આડું જ દર્શાવવામાં આવે છે.


હવે આપણે મહાન ભારતીય કલાકાર જામિની રાયનાં ચિત્રો જોઈએ.

એક ચિત્ર છે ઘોડાનું. (પા. ૩૫૭) લાકડાના રમકડાને મળતી તદ્દન સાદી આકૃતિ છે. ખાસ ધ્યાન ખેંચે તેવું તત્ત્વ હોય તો એ આલેખનની Boldness. ગરદન પરનો વળાંક જ જુઓ. કેવો એક છરકામાં જ આલેખાયો છે !—ત્યાંથી આગળ વધતો કાન પર જરા રોકાઈ ઉપર ફરીને વળી પાછો મુખાકાર સાથે ભળી છેક પગ સુધી સીધા અને ઊભા આકાર કરતો જ રહે છે. જરા ધ્યાનથી જોઈએ તો જણાશે કે આખાયે ચિત્રમાં મુખ્યત્વે ગોળાકાર જેવા અને સીધા એવા બે આકારોનું જ સંયોજન છે. કલાકારે બહુ જ સાહજિક રીતે બધા આકારોને એક બીજા સાથે ભેળવી દીધા છે. લાંબા ઊભા પગ પાસેનાં ગોળ મીંડાં, ગરદન પાસેના ઘણા ગોળાકારોમાંના આડા ત્રણ રંગના છરકા અને અશ્વાકૃતિના ઊભા લંબાકારને સમતોલ ઉપરનીચેની આડી પટ્ટીઓ અને એમાંનાં ગોળ ટપકાં, વૈવિધ્યનો કેવો રસમય સુમેળ રજૂ કરે છે ! એકેય આકારનું આલેખન ખૂબ જ કાળજી લઈને કરેલું નથી પણ સ્વાભાવિકતાથી છરકાઓ જ લગાવી દીધા છે. છતાંય એ જેમતેમ લગાડાયેલા નથી એ કલાકારની હસ્તકૌશલની સાબિતી છે. આ સ્વાભાવિક આલેખન જ આકાર ચેતનવંતો હોવાની લાગણી જન્માવે છે.


બીજું (પા. ૩૫૬) જોઈએ. ઘોડાના ચિત્રમાં એક જ આકૃતિ છે પણ આમાં એવી અનેક સાદી આકૃતિઓનો સમૂહ છે. બહુ ગૂંચવણભર્યા આકારો કરતાં સીધા સાદા અને મૂળ આકારો જેવા કે ગોળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ વગેરેનો કલાકારે સવિશેષ ઉપયોગ કર્યો છે; આખુંય ચિત્ર જાણે કે લંબચોરસ આકારોનું જ સુમિશ્રણ છે. પ્રથમ ચિત્રમાં મોટા રંગસમૂહોનું આયોજન છે. જ્યારે આમાં નાના અને લગભગ સરખા સમૂહોનું.



આમાં કોઈ પણ એક રંગનો સમૂહ પ્રધાન થઈ જતો નથી.



કોઈ મોટો સમૂહ થયો તો ત્યાં વચમાં કશુંક ઉમેરીને એની મહત્તા ઓછી કરી ચિત્રના બધાય સમૂહોને સમતોલ કરી નાખવામાં આવ્યા છે. દા. ત. જમણી બાજુ મથાળે ફૂલની આકૃતિ અને ડાબી બાજુ મથાળે કરેલી માછલીઓ અને નીચેના ભાગમાં પ્રકાશિત રંગના લંબચોરસમાં કરેલી એથી જરા ઘેરા રંગની લીટીઓ અને ટપકાં. આકારોની સમાનતા જળવાવાથી આ એક સરસ ભાત જેવું ચિત્ર બની રહે છે. એને ઉલટાવી–સુલટાવીને જોતાં પણ કોઈ જગ્યાએ આકારો પાંખા પડી જતા કે વધુ પડતા આગળ આવી જતા દેખાશે નહિ, બલકે એક જ સપાટી પર રહેશે. જમણી બાજુના ઊભા મકાનનો મોટો પ્રકાશિત રંગ-



[લોકપ્રણાલીની ચિત્ર-પદ્ધતિ]

પાન ૩૫૭• ૬૫૨]

ઘરદીવડા



શ્રી. ભાઈલાલભાઈ દ્યા. પટેલ:

એકાગ્રતા અને પુરુષાર્થ : નિષ્ઠા અને નૈપુણ્યની પ્રેરણા

જૂનની ૭મી : 'વલ્લભવિદ્યાનગર'ના પ્રતિષ્ઠાતા શ્રી. ભાઈલાલભાઈ દ્યા. પટેલની ૭૦મી જન્મગાંઠ છે :

શ્રી. ભાઈલાલભાઈનો જન્મદિન ૭–૬–૧૮૮૮. બહુ જ ગરીબ કુટુંબ. છપનાનો દુકાળ જોયેલો; એની ઊંડી કારમી સ્મૃતિ હજી ભુલાઈ નથી; ગરીબી ને ભૂખમરો ક્યાંક પણ નજરે ચઢતાં આજેય એમનું અંતર દ્રવી ઊઠે છે અને જેવી ગરીબી તેવી જ પ્રજાની અજ્ઞાન દશા !

વલ્લભવિદ્યાનગરની સ્થાપનાના મૂળમાં શું જનતાની ગરીબી અને અજ્ઞાનદશાની જ પ્રેરણા નથી ?

સ્વ. મોતીભાઈ અમીને ૧૯૦૬થી ચરોતરમાં જ્ઞાનનો દીવો પ્રગટાવ્યો હતો. એ પછી ચાર દાયકે (૧૯૪૬) શ્રી. ભાઈલાલભાઈએ ઉચ્ચ કેળવણીના ક્ષેત્રે અસાધારણ હિંમત અને કુનેહના જોરે ઝંપલાવ્યું હતું અને ૧૦ વર્ષમાં તો આજે વડલો ઝૂકી રહ્યો છે : બાળમંદિરથી માંડી હાઈસ્કૂલ અને આર્ટ્સ, સાયન્સ, એન્જિનિયરીંગ કોલેજો,—કેવળ કોલેજો જ નહિ, પુરાતત્ત્વ-સંશોધન, હાથઉદ્યોગમાં નવા નવા અખતરા, નાનાં કારખાનાં અને સ્વતંત્ર યુનિવર્સિટીથી એ ભર્યો-ભાદર્યો છે.

એક છોડ ઉછેરવો, એક બાળક ભણાવવું કેટલું વિકટ કાર્ય છે એ સૌ કોઈ જાણે છે. એક સાથે સેંકડો વિદ્યાર્થીઓના વિવિધ વિકાસનાં ક્ષેત્રે સાહસ કરી ઝંપલાવવું કેટલું વિકટ હશે ! અને તેમાંય, હાથ ઝાલનારા સરદાર પટેલના અવસાન બાદ, બિરલા શેઠોની ઓથ દૂર થયા બાદ !

હજીય, આ સંસ્થાઓનાં અધૂરાં ચણાયાં, અધૂરાં પોલિશ થયાં મકાનો જાણે એક ધૂની વ્યક્તિના પુરુષાર્થનાં પ્રતીક-સમાં ઊભાં છે !

એક ધૂની વ્યક્તિનો પુરુષાર્થ—બલકે શ્રી. ભાઈલાલભાઈ અને એમના અનન્ય સાથી સ્વ. ભિખાભાઈનો અજોડ પુરુષાર્થ !

ધૂન અને પુરુષાર્થ જેમને ગળથૂથીમાં મળ્યાં છે, એવા શ્રી. ભાઈલાલભાઈને માટે આવો વિકટ રાહ ખેડવો—સહજ કાર્ય હતું. અપેક્ષિત હતું ને તેમણે પાર પાડ્યું.

ગરીબ કુટુંબમાં ઊછરી, ૧૯૦૫માં અંગ્રેજી ૭ ધોરણ તથા મેટ્રિકનું એક સાથે કરી, ૧૯૦૬માં વડોદરા કોલેજમાં શ્રી. ભાઈલાલભાઈએ પ્રવેશ કર્યો, ત્યારે ૧૮ વર્ષના આ જુવાનને સદ્‌ભાગ્યે, શ્રી. અરવિંદ ઘોષનો સંસર્ગ પ્રાધ્યાપક તરીકે પ્રાપ્ત થયો. તે જમાનાના અડંગ ક્રાંતિકારી પુરુષની પ્રતિભાએ અજાણતાંય શ્રી. ભાઈલાલભાઈને શું શું આપ્યું હશે તે તો કોણ જાણે.

પરંતુ ૧૯૦૮માં જુવાન ભાઈલાલભાઈ પૂના એન્જિનિયરિંગ કોલેજમાં પહોંચી ગયા, ત્યારે જ તેમને ભાવિ કર્તવ્ય-

પંથ ખેડવા માટેની તૈયારીની તૃપ્તિ તો થઈ—વરસોથી તેમના ચિત્તમાં એન્જિનિયરિંગના અભ્યાસની ઝંખના જાગી ગઈ હતી.

૧૯૧૧માં એલ. સી. ઈ.ની ડિગ્રી પ્રાપ્ત કરી; વડોદરા રાજ્યતાબાના મહેસાણા જિલ્લામાં નોકરી અર્થે પહોંચી ગયા અને પહેલે જ તડાકે દુષ્કાળ યોજનામાં તેમનું નૈપુણ્ય જોઈ, પ્રસન્ન થઈ ઊઠેલા તેમના ઉપરીઅમલદારની સલાહ–સૂચનાથી શ્રી. ભાઈલાલભાઈ ' રજવાડી ' નોકરી છોડી ' બ્રિટિશ ' નોકરીમાં દાખલ થઈ ગયા; અને જાણે ' નસીબનું પાંદડું ' ઊઘડી ગયું—પગારનો આંક તો ઘણો ઊંચો પહોંચી જ ગયો; પરંતુ એથી વિશેષ તો, બાહોશ સાહસિક યુવાનને પોતાની મૌલિકતા અને પુરુષાર્થને માટે જરૂરી તક લાધી ગઈ! ૧૯૨૪માં તેમણે માટી ખોદનારાં સસ્તાં અને ઝડપી કામ આપનારાં યંત્રો શોધી કાઢ્યાં. ૧૯૨૬માં મુખ્ય ઇજનેર બન્યા; અને ૧૯૩૦માં સિંધુ પ્રદેશમાં—લારખાના જિલ્લાને પૂરથી રક્ષણ આપવામાં પોતાની કુશળતા દાખવી. ક્રમશઃ નવા નવા ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરતા ગયા.

૧૧ા વર્ષ મહારાષ્ટ્રમાં અને ૧૬ા વર્ષ સિંધમાં ગાળી શ્રી. ભાઈલાલભાઈ ૧૯૪૦માં નિવૃત્ત થઈ ગુજરાતમાં પાછા ફર્યા ત્યારે દેશ બહાર પણ સારી ખ્યાતિ વિસ્તરી હતી. દુનિયાની એક મોટામાં મોટી ગણાતી સક્કર બરાજની નહેર-યોજના પાછળ ૮–૮ વર્ષ લગી શ્રી. ભાઈલાલભાઈએ ઉઠાવેલી જહેમત અને તેમાં દાખવેલી કુશળતા બેનમૂન હતી અને અફઘાનિસ્તાનની સરકાર ઇજનેરી સલાહકાર તરીકે તેમને પોતાને ત્યાં આવવા ઇજન દઈ રહી હતી.

પરંતુ સરદાર શ્રી. વલ્લભભાઈ પટેલની ચકોર નજરમાં શ્રી. ભાઈલાલભાઈ એવા વસી ગયા હતા કે ' નિવૃત્ત ' થતાં જ તેમની ' પ્રવૃત્તિ ' અમદાવાદ મ્યુનિસિપાલિટીને આપવાનું તેમણે દબાણ કર્યું. ને કદાચ સરદાર પ્રત્યેની પ્રીતિને જ કારણે શ્રી. ભાઈલાલભાઈએ ફરજની ભાવનાથી સરદારની સૂચનાને માથે ચઢાવી. કેવળ બે જ વરસની ટૂંકી મુદતમાં શ્રી. ભાઈલાલભાઈ એ અમદાવાદની ' સૂરત ' ફેરવવામાં ઘણો કીમતી અને યાદગાર ફાળો આપ્યો : સરકયુલર રૂટ્સ, નવા પૂલો અને કાંકરિયાનું ' નંદનવન ' એનાં પ્રતીક છે.

૧૯૪૨ માં ' ભારત છોડો 'નું આંદોલન જાગ્યું; સરદાર કારાવાસી બન્યા; અને શ્રી. ભાઈલાલભાઈ એ જાણે 'મુક્તિ' મેળવી લઈ, વરસો થયાં ચિત્તમાં ઘોળાઈ રહેલી, મનોભૂમિમાં વારંવાર રટાઈ રહેલી ગ્રામોદ્ધાર અને શિક્ષણની ધૂણી ધખાવવા પાછળ પોતાની જાતને એકાગ્રતાથી પરોવી દીધી.

વલ્લભવિદ્યાનગર એટલે એક સરકારનગર! એમાં માટી-ઈંટ, પાણી, વીજળી, ખેતી, મકાનો ને વિદ્યાધામ માટેની હજાર જરૂરિયાતો! સિમેંટ પૂરતો નથી, સ્ટીલ ને લોખંડ પૂરતું નથી... ને તોય હામ છોડી દેવી નથી. કરકસર કરી; એકને બદલે બીજા માલથી ચલાવી લીધું; જાતે જ કારખાનું ઊભું કરી અખતરા કર્યા!

અમુક કૉલેજની ગ્રાન્ટ બંધ થઈ ગઈ! પૉલિટેકનિકને મળતી ગ્રાંટ બંધ થઈ ગઈ! તો કરકસર કરી, આફ્રિકા ખૂંદ્યો, થાય તેટલું કરી છૂટયા : ને છતાંય બંધ કરવું પડે તો બંધ કર્યું! પણ સ્વતંત્ર દૃષ્ટિ અને આગવી પદ્ધતિથી કાર્ય કર્યા કરવાનું ચાલુ જ છે!

દૃષ્ટિ ગ્રામોદ્ધારની છે. પદ્ધતિ એને અનુકૂળ છે.

શ્રી. ભાઈલાલભાઈ યુનિવર્સિટીને ઉચ્ચ સ્થાને વિરાજતા પ્રતિભાવાન ' વિદ્વાન–નિષ્ણાત ' નથી; પણ પોતાના ગ્રામોદ્ધારનું ધ્યેય જાણે છે, પોતાનું કર્તવ્ય સમજે છે અને પોતાની દૃષ્ટિ અને પદ્ધતિને કાટ ન લાગે એ માટે સતત છેલ્લામાં છેલ્લાં જ્ઞાન-વિજ્ઞાનથી પરિચિત રહેવા મથે છે.

એક માણસ પાસે આનાથી વિશેષ શી અપેક્ષા રહે

*

આવી એકાગ્રતા અને પુરુષાર્થનું પરિણામ, નિષ્ઠા અને નૈપુણ્યનું પરિણામ ભલે ' અપૂર્વ–અદ્ભુત-મહાન ' ન હોય પરંતુ નાનુંશું અદકું પરિણામ પણ, ગમે ત્યારેય, ભવિષ્યમાં લગભગ એકલે હાથે ધ્યેય અને ધૂનથી કાર્યરત બનવા ઇચ્છનારને માટે પ્રેરણા આપનારું તો રહેશે જ.

—ભોગીલાલ ગાંધી

પ્રવૃત્તિ ને પડઘા

આ વિભાગમાં—

- ગુજરાતભરનાં સંસ્કાર અને શિક્ષણકેન્દ્રો, સાહિત્ય અને કલાકેન્દ્રોની ખાસ નોંધપાત્ર પ્રવૃત્તિઓ અંગે—
- ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ(કલકત્તા, દિલ્હી, આફ્રિકા વગેરે મુખ્ય મથકો સહિત)ની ઉપર કહી તેવી પ્રવૃત્તિઓ અંગે—મિતાક્ષરી સમાચાર આપવાની ઇચ્છા છે.

ગુજરાત અને બહારનાં કેન્દ્રો જરૂરી માહિતી મોકલતાં રહેશે તો "માનવ" ઉપકૃત થશે.

પુસ્તક-ઉત્પાદનમાં મોંઘવારી

છેલ્લા એકાદ વરસથી કાગળના ભાવોમાં અસાધારણ ઉછાળો આવ્યો છે. છાપકામના દેશી કાગળ જેના દર રતલે ૧૦થી ૧૧ આના હતા, તેના આજે રૂા. ૧થી રૂા. ૧ા થઈ ગયા છે.

પરદેશથી આયાત થતા કાગળ ઉપર પ્રતિબંધ અને મર્યાદા આવતાં ભારતીય ઉદ્યોગપતિઓએ ગેરલાભ ઉઠાવી જે રંજાડ ઊભી કરી છે એ જોતાં પુસ્તક પ્રકાશનનો ધંધો, આમેય ગુજરાતીમાં તો માંડ માંડ જીવવા ત્રલખાં મારતો રહ્યો છે, તે ખરેખરી ચિંતામાં ફેંકાઈ ગયો છે.

કાગળની મોંઘવારી ઉપરાંત પણ બાઇન્ડિંગમાં વપરાતા સ્ટ્રો બોર્ડ અને છીંટના દરોમાંય અસાધારણ મોંઘવારી આવી છે.

અને આ મોંઘવારી ઉપરાંત, સરકારે બીજા પોસ્ટ દરોની સાથે બુકપોસ્ટના દરોમાંય વધારો કર્યો હતો, તે ભૂલવું ન જોઈએ.

આપણા દેશમાં પુસ્તકોની ખરીદી એ રોજિંદા જીવનની ઉપયોગી–આવશ્યકતાની વસ્તુ લેખાતી નથી, એ સ્થિતિમાં પુસ્તકોના ઉત્પાદનની પડતર ઊંચી જતાં પરિસ્થિતિ વધુ વિકટ બનવાની જ. પુસ્તકોના અતિ મર્યાદિત વિક્રય ઉપર નવો ફટકો પડવાનો.

આ સ્થિતિમાં સરકારનું કર્તવ્ય છે કે, કાગળની કિંમત ઉપર નિયંત્રણ રહે એવો પ્રતિબંધ તેણે તત્કાલ કરવો જોઈએ.

પ્રકાશ અને સંસ્કાર–શિક્ષણક્ષેત્રે રસ લેનારા સૌની ફરજ છે કે આ બાબત ઘટતું આંદોલન કરે. —સો.

ર. વ. દે. સ્મારક–ઋણ

ગુજરાતના સૌજન્ય મૂર્તિ સાહિત્યકાર સ્વ. રમણલાલ દેસાઈનું સુયોગ્ય સ્મારક કરવાની પ્રેમાનંદ સાહિત્ય સભાની શુભનેમ, આટલે વખતેય હજી અધૂરી રહી છે, એ દુઃખની વાત છે; પરંતુ આ અધૂરું પૂરું કરવાનો પુનઃનિર્ણય તાજેતરમાં તે સંસ્થાએ લીધો છે તેને અમે આવકારીએ છીએ અને તે ઋણ વહેલામાં વહેલી તકે અદા કરવામાં તેમને સફળતા મળે એવી અભિલાષા સેવીએ છીએ.

—સો૦

ભારત ફોટો-હરીફાઈ :

ગઈ તા. ૪થી મેએ 'પાલનપુર કેમેરા કલબ' તરફથી સમગ્ર ભારતના ફોટોગ્રાફીના કલાકારોનું સ્પર્ધાયુક્ત પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

શ્રી રવિશંકર રાવળે આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ સ્પર્ધામાં ૩ ફોટો–કલાકારોને સુવર્ણચંદ્રકો તથા ૮ને પ્રશસ્તીપત્રો એનાયત થયાં હતાં. આ ૮ પ્રશસ્તીપત્રો પ્રાપ્ત કરનારામાં પાંચ ગુજરાતી કલાકારો હતા—

૧. અસદ કે. સૈયદ (પાલનપુર); ચિત્રઃ 'સનલાઈટ બાલકની.'

૨. શ્રી સબીર કે. સૈયદ (પાલનપુર); ચિત્રઃ કાસ્ટલેસ ઇન સેન્ડ'

૩. શ્રી એચ. એન. કાંટાવાળા (મુંબઈ) ચિત્રઃ 'પ્લેટાઈમ'

૪. શ્રી ટી. એફ. ગેટી (અમદાવાદ) ચિત્રઃ ' ૩૫૬ '
૫. શ્રી મધુ રાવળ (પાલનપુર) ચિત્રઃ ' ધ સ્ટૉર્મ '

પાલનપુર ફોટોક્લબ

ફોટોગ્રાફીના કેન્દ્ર તરીકે પાલનપુર વર્ષો થયાં ભારતનું એક ગૌરવભર્યું કલાકેન્દ્ર બન્યું છે ને રહ્યું છે.

પાલનપુરના ફોટો–કલાકારોમાંના આદ્ય શ્રી ખાનજીભાઈ સૈયદે મર્હૂમ નવાબ સાહેબના આશ્રયે ફોટોગ્રાફી ખીલવી તેમના સમગ્ર કુટુંબને એ કલાનો વારસો આપી પાલનપુરનું નામ પ્રસિદ્ધ કર્યું. સૈયદ કુટુંબની ફોટોગ્રાફીએ પાલનપુરના બીજા તરુણોને પણ તેનો નાદ લગાડ્યો અને તેમાંથી ઘણાં યશસ્વી કેમેરાવાળાઓ થયા છે. આજે વિશ્વના અનેક પ્રદર્શનોમાંથી માનચાંદ મેળવનારા બાર જેટલા સભ્યો નિયમિત રીતે આ ક્લબનું ગૌરવ સંભાળે છે. તે પૈકી અગ્રગણ્ય બનેલા ડૉ. કોઠારીએ ફોટોગ્રાફીમાં હિંદની તમામ અગ્રગણ્ય ફોટોસ્પર્ધામાં શ્રેષ્ઠતા મેળવી છે, એટલું જ નહીં પણ વિશ્વની ફોટો સંસ્થાઓમાં પણ તેમણે નામના મેળવી છે. પાલનપુરમાં તેમણે અનેકવાર અખિલ ભારતીય ફોટો પ્રદર્શન યોજ્યાં છે. તે ઉપરાંત તેમની જાગૃત કલા-સાધનાથી તે અખિલ ભારતીય ફોટો ફેડરેશનના પ્રમુખ બની શક્યા છે અને વિશ્વની ફોટો ફેડરેશનમાં પણ સભ્યપદ પામ્યા છે.

ભારતમાં ફોટોગ્રાફી

૧૯૫૩માં હિંદમાં ફોટોગ્રાફી કરનારા ચુંનદા કલાકારોએ ફેડરેશન ઑફ ઇન્ડિયન ફોટોગ્રાફીની સ્થાપના કરી. તેનું ઉદ્‌ઘાટન સર સી. વી. રામને કર્યું હતું. તેમાં હિંદુસ્તાનની ૪૪ ફોટોગ્રાફીની ક્લબો જોડાયેલી છે. ૧૯૫૭માં આ સંસ્થાનું ત્રિવાર્ષિક સંમેલન થયું, તેમાં અગત્યની વસ્તુ એ નક્કી થઈ કે સંસ્થા ઉપરાંત વ્યક્તિગત સભ્યપદ પણ ચાલુ કરવું. આમ થવાથી તે આંતરપ્રાંતીય બંધુત્વ અને મૈત્રી માટે એક વિશ્વકેન્દ્ર બન્યું. સેંકડો બહારના દેશના નવા સભ્યો તેમાં ભળ્યા છે. ફેડરેશનની વાર્ષિક ફી ૭ રૂપિયા રાખવામાં આવી છે. તેના બદલામાં સભ્યને ફેડરેશનનું માહિતીપૂર્ણ માસિકપત્ર મળે છે. ફેડરેશનની પ્રવૃત્તિઓ સંભાળવાને ૨૨ વિભાગો છે અને તે દરેકમાં નિષ્ણાત અધ્યક્ષ છે. દેશમાં ફોટોગ્રાફીનો અનેકવિધ વિકાસ અને અભ્યાસ થાય તે માટે દર વર્ષે ફેડરેશન તરફથી નીચે પ્રદર્શનો ભરવામાં આવે છે :

૧. અગીઆર અખિલ હિંદ ફોટો–પ્રદર્શનો.
૨. ચાર આંતર રાષ્ટ્રીય પ્રદર્શનો
૩. ઓછામાં ઓછાં દસ પરદેશનાં ફોટોચિત્રોનાં પ્રદર્શનો આખા હિંદમાં ફરે છે.
૪. એક ઑલ ઇન્ડિઆ મેડિકલ પ્રદર્શન
૫. એક વાઇલ્ડ લાઇફ(જંગલની દુનિયા)નું પ્રદર્શન
૬. એક અખિલ હિંદ રંગીન ફોટો ચિત્રોનું પ્રદર્શન
૭. એક ઇન્ટર ક્લબ હરીફાઈનું પ્રદર્શન.

આવી જાતની યોજનાઓ વધતી જ જાય છે. આંતર રાષ્ટ્રીય પ્રદર્શનોમાં હિંદના અનેક સભ્યોએ ઇનામો મેળવ્યાં છે.

ઉપરાંત, આ સંસ્થા બીજી અનેક સંસ્થાઓને સહકાર આપે છે; જેવી કે પંચવર્ષી યોજનામાં સાથ, ઇન્ડિયન મૅડિકલ ફોટોગ્રાફી, માઉન્ટન ફોટોગ્રાફી, વનનાં પશુ પંખીઓની સંસ્થાઓ.

આ સંસ્થાના હાલના મુખ્ય અધિકારીઓમાં પાલનપુરના ડૉ. કે. એલ. કોઠારી પ્રમુખ છે. ઉપપ્રમુખ તરીકે કલકત્તાના શ્રી. બી. કે. મુકરજી છે અને એના મંત્રી અને કોષાધ્યક્ષ તરીકે બેંગ્લોરના ડૉ. જી. ટોમસ છે.

આ ફેડરેશન તરફથી ૧૯૫૭માં હિંદમાં પહેલું 'કૉન્ટેમ્પરરી ઇન્ડિયન ફોટોગ્રાફી ' નામનું અપૂર્વ વાર્ષિક બહાર પડ્યું છે હિંદના શ્રેષ્ઠ ફોટોગ્રાફરોની ચાલીસ સુંદર કૃતિઓ તેમાં આપેલી છે. આ વર્ષે ' એશિયન ફોટોગ્રાફીનો ગ્રંથ બહાર પાડવાનો છે; તેથી એશિયાના સંબંધો સુદૃઢ બનશે અને બીજા પણ અનેક સાંસ્કારિક અને કલાત્મક પ્રકાશનો કરશે તેઓ ઉમેદ રાખે છે.

વર્લ્ડ ફેડરેશન ઑફ ફોટોગ્રાફીક આર્ટ

આ સંસ્થાનું ટૂંકું નામ એફ. આઈ. એ. પી. છે. આ ફેડરેશન દુનિયાની ટોચ સંસ્થા ગણી શકાય; તેમાં ૪૫ દેશોનું પ્રતિનિધિત્વ છે. તેનો એવો કાયદો છે કે દરેક દેશની જે સાચી રાષ્ટ્રીય સંસ્થા હોય તેમને જ તેઓ મંજૂર કરે છે અને તે જ ત્યાં પ્રતિનિધિત્વ પામે છે. ફેડરેશન ઑફ ઇન્ડિયન ફોટોગ્રાફીના આજે નેવું ટકા જેટલા સભ્યો ફો

આઈ. એ. પી. તરફથી સન્માન્ય છે તેથી તેને આ વિશ્વ-સંસ્થામાં મહત્ત્વનું સ્થાન મળ્યું છે.

એફ. આઈ. એ. પી. વિશ્વસંસ્થા ગણાય છે તે એટલા માટે કે તેની સભ્ય સંખ્યા દુનિયાના બાર લાખ ફોટોગ્રાફરોની છે. તેની મુખ્ય કચેરી સ્વીટ્ઝરલૅન્ડમાં છે અને 'કૅમેરા' નામનું શ્રેષ્ઠ માસિક બહાર પાડે છે. દર વર્ષે તેની મોટી પરિષદ મળે છે. તેમ જ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન કરે છે; અને તે દરેક દેશમાં ફેરવવા મોકલે છે અને તેમાંની શ્રેષ્ઠ કૃતિઓનો એક મોટો સંપુટ ગ્રંથ બહાર પાડે છે. આવી એક પરિષદ ૧૯૫૬માં જર્મનીમાં 'ફોટો ફેર' વખતે મળી હતી. ચાલુ સાલમાં પરિષદ બેલજીઅમમાં મળશે. તેમાં પણ હિંદના પ્રતિનિધિઓ હશે.

આ એફ. આઈ. એ. પી. ની પ્રતિષ્ઠા અને પ્રગતિ જોઈ ને યુનેસ્કોએ તેને તરત જ માન્ય કરેલ છે અને તેના પ્રતિનિધિઓને યુનેસ્કોમાં સ્થાન મળે છે અને તે રીતે હિંદના ફોટો ફેડરેશનને પણ યુનેસ્કો સાથે સીધો સંબંધ બંધાયો છે. આ રીતે જગતની કલાસંસ્કૃતિ વધારવામાં હિંદની ફોટોગ્રાફી મહત્ત્વનો ફાળો આપે છે. ફોટોગ્રાફીનો ઉદ્યોગ અને કળા ખીલવવાને ભારત સરકાર અન્ય દેશોનું દૃષ્ટાંત લઈ યોગ્ય પગલાં જલદી લે એ ઇચ્છવા યોગ્ય છે.

[શ્રી. ર. મ. રાવળની નોંધ]

કલાપ્રવૃત્તિઓ—

સૌરાષ્ટ્ર કલામંડળના આશ્રયે સૌરાષ્ટ્રના ચિત્રકારોનું એક પ્રદર્શન ગયા મહિને ભાવનગરમાં યોજાયું હતું. શ્રી રવિશંકર રાવળે તેનું ઉદ્ઘાટન કર્યું હતું. એમણે કરેલા પ્રસંગોચિત વક્તવ્યની પુસ્તિકા પણ છાપવામાં આવી હતી. ચિત્રોમાં પ્રથમ ઇનામ શ્રી ખોડીદાસ પરમારને આપવામાં આવ્યું હતું. અને બીજાં ઇનામો શ્રી વિનય ત્રિવેદી, શ્રી જ્યોતિ ભટ્ટ, શ્રી મનહર મકવાણા અને શ્રી ભૂપત લાડવા વગેરેને આપવામાં આવ્યાં હતાં. પરીક્ષક સમિતિમાં સંસ્થાના પ્રમુખશ્રી રવિશંકર રાવળ, શ્રી સોમાલાલ શાહ અને શ્રી હિંમત મહેતા હતા.

* શ્રી રવિશંકર પંડિતને એમનાં નવસર્જન શ્રેણીની પુસ્તિકામાંનાં પશુચિત્રો માટે મુંબઈ સરકારે ઇનામ આપ્યું છે.

* જાણીતા કલાકારો શ્રી આલમેલકર અને શ્રી રામકુમારે, અનુક્રમે મુંબઈ અને દિલ્હીમાં એમનાં એકવ્યક્તિ પ્રદર્શનો ભર્યાં.

યુ. શે.

નવશિક્ષિત—ગ્રંથસૂચી

યુનેસ્કોની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તરફથી તાજેતરમાં ભારતમાં પ્રગટ થયેલાં, નવશિક્ષિતો માટેનાં પુસ્તકોની એક ગ્રંથસૂચી તૈયાર કરવામાં આવી છે. તેમાં હિંદી, મરાઠી, ગુજરાતી, તામીલ, તેલુગુ તથા કન્નડ ભાષાના આવા સાહિત્યની યાદી વિગતવાર આપવામાં આવી છે. ભારતની લગભગ બધી જ ભાષાઓમાં નવશિક્ષિતો માટે થોકબંધ સાહિત્ય પ્રગટ થાય છે છતાં તેનો પરિચય કરાવતી કોઈ ગ્રંથસૂચી આજ સુધી તૈયાર થઈ નહોતી. હવે આ ગ્રંથસૂચી પુસ્તકાલયો અને સમાજશિક્ષણના કાર્યકરોને પોતાના વાંચકો માટે યોગ્ય પુસ્તકો પસંદ કરવામાં સહાયરૂપ થઈ પડશે. ગુજરાતીમાં પ્રગટ થયેલાં નવશિક્ષિતોનાં પુસ્તકોમાંથી લગભગ ૨૫૦ પુસ્તકો પસંદ કરીને આ ગ્રંથસૂચીમાં સામેલ કરવામાં આવ્યાં છે જેનું સંપાદન શ્રી. જયંત બક્ષીએ કર્યું છે.

આજ કા ભારતીય સાહિત્ય

(ભારતીય સોલહ ભાષાઓં કે સાહિત્ય કા પરિચય)
પ્રસ્તાવના : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
પ્રકાશક : સાહિત્ય અકાદેમી કી ઓરસે રાજપાલ ઍન્ડ સન્સ, , દિલ્હી

રૂ. ૭=૦૦ (પૃષ્ઠ ૫૦૦)

આ ગ્રંથમાં ભારતની પંદર મુખ્ય ભાષાઓનાં તથા ભારતમાં લખાતા અંગ્રેજી ભાષામાંના સાહિત્યનો ટૂંકો પરિચય આપવાનો પ્રયાસ થયો છે. દરેક ભાષાના અગ્રણી સાહિત્યકારને હાથે પોતપોતાના સાહિત્યનો આ પરિચય તૈયાર થયેલો છે, એ જેમ આ ગ્રંથનું સારું લક્ષણ છે; તે જ રીતે, આ પરિચયો ઇતર ભાષાભાષીને નજરમાં રાખી લખાયેલ હોય તેની ઘણીબધી મર્યાદાઓ પણ છે—જે કેટલીક વાર તે તે ભાષાના વાચકોને ખૂંચેય ખરી.

આ ગ્રંથનો પ્રવેશક લખતાં શ્રી રાધાકૃષ્ણન્ લખે છે :

' આ બધી ભાષાઓનું પ્રેરણાસ્થાન સમાન છે... આપણો દેશ બહારથી આવનારા વિચારો પ્રતિ કદિ અસંવેદનશીલ નથી રહ્યો; પરંતુ એ બધા વિચારોને આપણા આ દેશે પોતાના રંગ અને છટાનું પ્રદાન કર્યું છે. '

વળી ' સાહિત્ય એક પવિત્ર માધ્યમ છે; એના સતપ્રયોગથી આપણે અજ્ઞાન અને પક્ષાંધતાની તામસિક શક્તિઓ સામે સંઘર્ષ કરી શકીએ છીએ અને રાષ્ટ્રીય એકતા તથા વિશ્વબંધુત્વ સ્થાપિત કરી શકીએ છીએ... '

પ્રત્યેક ભારતવાસીએ ભારતના સંસ્કાર-વૈવિધ્યનો પરિચય હોવો અતિ આવશ્યક છે. આ પુસ્તક એને માટે ખૂબ જ ઉપયોગી થશે.

*

Education, Culture and the Social Order

By K. G. Saiyidain
(Education Adviser to the Govt. of India)
Pub. : Asia Publishing House : Bombay
Rs. 10=50

શ્રી. સૈયદીન ભારતના શિક્ષણખાતાના સલાહકાર છે. ભારતે છેલ્લાં દશ વર્ષ દરમ્યાન શિક્ષણક્ષેત્રે કેટલાક પ્રયોગો આદર્યા છે, તેની સાથે તેઓ સીધી રીતે સંકળાયેલા છે. આજ પૂર્વે તેમનો ' પ્રૉબ્લેમ્સ ઑફ એજ્યુકેશનલ રિકન્સ્ટ્રક્શન ' ગ્રંથ (રૂ. ૧૦=૫૦) પ્રગટ થઈ ચૂક્યો છે, જેમાં તેમણે શિક્ષણાત્મક પુનર્નિર્માણ અંગેની સમસ્યાઓ તથા તેને અંગેનાં તેમનાં મંતવ્યો પ્રગટ કર્યાં છે. ' નૂતન શિક્ષણ 'નાં વલણોથી માહિતગાર થવા ઇચ્છનાર માટે આ ગ્રંથ ઉપયોગી થયો છે.

આ બીજો ગ્રંથ શ્રી. સૈયદીનના વિચારો વધુ સુસંગઠિત સ્વરૂપે રજૂ કરે છે. અહીં ' વધુ સારું ' સામાજિક તંત્ર 'થી માંડી ' એશિયાઈ સંસ્કારિતાની વિશિષ્ટતા ' અને ' સંસ્કારિતા તથા પૂર્વગ્રહ ' જેવા વિષયો સાથે શિક્ષણને સંબંધ યોજીને ચર્ચાવિચારણા થઈ છે. ' શિક્ષણ અને સાંસ્કારિક કટોકટી ' જેવા અતિ મહત્ત્વના સવાલ ઉપર ધ્યાન દોરવામાં આવેલ છે. તો વળી, ' ઇસ્લામી સંસ્કારિતાનો આત્મા, ' ' શિક્ષણ અને સામાજિક આત્મચેતના ' વગેરે તાત્ત્વિક ચર્ચાઓ પણ તેમણે હાથ ધરી છે.

' યુનિવર્સિટીનું શિક્ષણધોરણ, ' ' વિદ્યાર્થીઓનું કર્તવ્ય, ' ' રાષ્ટ્રીય સંસ્કારિતાના વિકાસમાં યુનિવર્સિટીનો ફાળો, ' ' યુનિવર્સિટીમાં વિચારઔદાર્ય, ' ' વિજ્ઞાન-શિક્ષણની દેણગી, ' ' લોકશાહી માટે શિક્ષણ ' વગેરે વ્યવહારુ સમસ્યાઓ પણ છણવામાં આવી છે.

આ ગ્રંથ ભારતની શિક્ષણસમસ્યાના અભ્યાસ માટે દષ્ટિ અને માહિતી બંને રીતે ઉપયોગી નીવડશે.

*

Marriage Manual :

લે. : ડૉ. હન્નાહ અને અબ્રાહમ સ્ટોન

રૂ. ૨–૦૦

કુટુંબનિયોજનના ક્ષેત્રમાં કાર્ય કરનાર પ્રસિદ્ધ સ્ટોન દંપતીનું આ પુસ્તક અત્યંત પ્રસિદ્ધ છે. સેક્સ, લગ્નજીવન અને કુટુંબજીવન વિષેની માહિતી અને તેને સ્પર્શતા અને તેમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો, મુશ્કેલીઓ અને મૂંઝવણોની સમજણ તેમણે સરળ ભાષામાં આપી છે. લગ્નજીવનમાં પ્રવેશવા ઇચ્છતા એક યુગલ અને ડૉક્ટર વચ્ચે થતા સવાલજવાબના સ્વરૂપમાં માહિતી પૂરી પાડવામાં ડૉ. સ્ટોન દંપતીએ સફળતા મેળવી છે એ બાબતમાં શંકા નથી.

આપણા દેશમાં આવાં વૈજ્ઞાનિક પદ્ધતિનાં પુસ્તકો વાંચવા સામે પૂર્વગ્રહ રહ્યા છે, પણ પ્રગતિ સાથે આ વિષયનું જ્ઞાન હોવું અનિવાર્ય બનતું જાય છે. પ્રભુતામાં પગલાં માંડનારા માટે આ પુસ્તકમાં લગ્નજીવન અને જાતીયજીવનના ઘણા પ્રશ્નોનો જવાબ છે, અને મુશ્કેલીઓ અથવા મૂંઝવણમાંથી રસ્તો કાઢવામાં મદદરૂપ થાય એવું છે, એ નિઃશંક છે.

ડૉ. અબ્રાહમ સ્ટોન અમેરિકાની કુટુંબનિયોજન સંસ્થાના સંચાલક છે અને લગ્ન–સમસ્યાના નિષ્ણાત છે.

ટૂંકમાં આ પુસ્તક લગ્નપ્રસંગે નવોદિત દંપતીને ભેટ આપવા યોગ્ય અને ઉપયોગી છે.

*

Pocket Book of Baby and Child Care :

લે. : ડૉ. બેન્જામીન સ્પૉક

રૂ. ૩=૦૦

ડૉ. સ્પૉક આ વિષયમાં નિષ્ણાત છે અને તેમનું આ પુસ્તક બહુ જ પ્રચલિત છે.

બાળકોના ઉછેરમાં એવી ઘણી મુશ્કેલીઓ અને મૂંઝવણો ઊભી થાય છે કે બિનઅનુભવી ગુંચવાઈ જાય. બાળઉછેર, દેખરેખ, ખોરાક અને બાળકની શારીરિક પ્રગતિ વિષે આ પુસ્તક સરળ ભાષામાં ભરપૂર માહિતી આપે છે.

બાળકનાં માતાપિતા તથા માતાપિતા થવાની આશા રાખનાર દરેક યુવકયુવતીને આ પુસ્તક બાળઉછેર માટે વધુ કાબેલ બનાવશે, એ નિઃશંક છે.

*

Intelligent Manual :

લેખકો : ડૉ. ફ્લોરન્સ પાવડર મેકર તથા

ડૉ. લુઈસ ગ્રાઈમ્સ રૂ. ૨=૮૦

બાળકોની માનસિક પ્રગતિને લગતું આ પુસ્તક ડૉ. સ્પૉકના શારીરિક પ્રગતિ અને દેખરેખના પુસ્તકને સહાયક ગણી શકાય એવું છે.

ડૉ. ફ્લોરન્સ પાવડર મેકર માનસશાસ્ત્રી છે અને ડૉ. લુઈસ ગ્રાઈમ્સ બાળકોની શાળામાં શિક્ષિકા છે. બાળકોના વર્ષોનાં સહયોગ અને અનુભવ પછી તેમણે બાળકોના માનસ અને તેની ઉંમર પ્રમાણેની પ્રગતિનો અભ્યાસ આ પુસ્તકમાં પ્રગટ કર્યો છે. લેખકનાં બધાં મંતવ્યો સાથે કેટલાક સંમત ન પણ થાય, કારણ કે બાળમાનસશાસ્ત્રનો વિષય હજી ગુંચવાયેલ અને ચર્ચાને પાત્ર છે; છતાં પણ આ પુસ્તકના અભ્યાસથી ઘણી જ ઉપયોગી માહિતી મળે છે, જે બાળમાનસને સમજવામાં મદદ કરે છે અને તેમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો અને બાળકોની કેટલીક વિચિત્ર વર્તણુકનો ઉકેલ જડે છે.

આ ત્રણે પુસ્તકો પરિણીત યુગલને લગ્નજીવન અને કુટુંબજીવન અંગે માહિતી તથા માર્ગદર્શન આપવામાં ખૂબ જ મૂલ્યવાન છે.

—**મહેશ શાહ**

ગુજરાતી સાહિત્યસભા (અમદાવાદ) કાર્યવાહી : ૧૯૫૩

સમીક્ષક : શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી
રૂ. ૪–૦૦

આ ગ્રંથમાં ત્રણ સુવર્ણચંદ્રક વ્યાખ્યાનો (શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી ભોગીલાલ જ. સાંડેસરા, શ્રી ચંદુલાલ બ. પટેલનાં) આશરે ૫૦ પૃષ્ઠ રોકે છે; બાકીનાં ૨૪૦ પૃષ્ઠ (ડેમી સાઈઝનાં) વાઙ્મય સમીક્ષામાં રોકાયાં છે, જેમાં લગભગ ૨૦૭ પુસ્તકોનાં અવલોકનો સંગ્રહિત થયાં છે. એકેએક પુસ્તક વિગતે વાંચી જઈ, દરેકે દરેક ઉપર પ્રમાણમાં **લાંબી નોંધ** લખવાનું અને બનતાં સુધી ઉદાર હૈયે નવાં પ્રકાશનોને આવકારવાનું દુષ્કર કાર્ય શ્રી રામભાઈએ ચીવટપૂર્વક પાર પાડ્યું છે.

આ આખી સમીક્ષા તદ્દન સાધારણ પુસ્તકોનીય બિનજરૂરી સંખ્યાબંધ વિગતોથી એવી ઠસોઠસ છે કે વાંચી જતાંય થાક ચઢે; સમીક્ષાલેખકને તો કેવી કપરી ' ફરજ ' બજાવવી પડી હશે !

અમને લાગે છે કે, શ્રી રામભાઈ જેવા વિદ્વાન વિવેચકે આ પ્રકારની સમીક્ષાની ચીલાચાલુ પદ્ધતિને તિલાંજલિ આપી સાચી અભ્યાસી–સમીક્ષાનો માર્ગ અપનાવવો જોઈતો હતો.

ખાસ તો, અમે આ પ્રસંગે સંસ્થાના આ પ્રયાસ અંગે બે વાત કહેવા માગીએ છીએ.

*

ગુજરાત સાહિત્યસભાએ દરેક વર્ષના નવા ગુજરાતી સાહિત્યની અભ્યાસી સમીક્ષા કરવાના હેતુથી વરસો પૂર્વે જે સુંદર પ્રણાલી શરૂ કરી હતી ને હજી ચાલુ રાખી છે, એને અમે આવકારદાયી લેખીએ છીએ. પરંતુ એક તો, આ સમીક્ષા અતિશય અનિયમિત બની ગઈ છે—(દા. ત. ૧૯૫૦–'૫૧–'૫૨ની સમીક્ષા હજી બાકી છે, અને ૧૯૫૩ની છેક ૧૯૫૭માં પ્રગટ થઈ છે અને ૧૯૫૪ પછીની તો બાકી છે જ); પરંતુ આથીય વિશેષ દુઃખની વાત ઉપર કહી તે છે.

દર વરસે જે ગ્રંથ પ્રગટ થતો રહ્યો છે તેમાં વર્ષ દરમ્યાનનાં **કેટલાંક** અભ્યાસી વ્યાખ્યાનો (સુવર્ણચંદ્રક-પ્રદાન–વિધિ સમય સહિતનાં) બાદ કરીએ તો **સમીક્ષાનું** મુખ્ય લખાણ તો **ઉત્તરોત્તર** મોટે ભાગે નિરાશા ઉપજાવે એવું બની ગયું છે.

બલ્કે, છેક શરૂઆતથી આજ સુધીની સમીક્ષાઓનો વિચાર કરતાંય, જૂજ અપવાદો બાદ કરતાં, સ્પષ્ટ છાપ તરી આવે છે તે એ છે કે—

(**કેટલાક** સમીક્ષકો બધે બધાં પુસ્તકો જ વાંચી જતા નહિ હોય, એ વાત જવા દઈએ અને **મોટા** ભાગના સમીક્ષકો બધે બધાં પુસ્તકો વાંચી જાય છે, એવું સ્વીકારીને)—

* લગભગ દરેક પુસ્તક વિષે ટૂંકી નોંધ આપવામાં આવે છે. આ નોંધ જોતાં જણાય છે કે, એમાં અભ્યાસી અવલોકનનો અર્ક પણ ભાગ્યે જ હોય છે: **સવિશેષ રીતે** તો દૈનિકપત્રોમાં આવે છે તેવી **ટૂંકી** માહિતી–નોંધ અને ઉપર ઉપરનો અભિપ્રાય જ હોય છે. મોટા ભાગે આ નોંધ **અતિશય અપ્રમાણ** હોય છે: પુસ્તકના સાહિત્યિક મહત્ત્વને લક્ષમાં રાખ્યા વિનાની.

* સમીક્ષામાં વિદ્વત્તા દેખાવી જોઈએ યા આખા વરસના સાહિત્યનું એકંદર મૂલ્યાંકન થવું જોઈએ એવું દેખાડવા, મોટે ભાગે શરૂઆતનાં ૫–૭ પાનાં અને છેલ્લે ૨–૩ પાનાંમાં અવલોકનવાળા વર્ષના ' પ્રવાહો ' વિષે સર્વસાધારણ

છાપ રજૂ કરી દેવામાં આવી હોય છે.

* આથી સમીક્ષા, શરૂઆતની ટૂંકી 'પ્રવાહ-નોંધ, અને અંતના એથીય ટૂંકા ઉપસંહાર વચ્ચે, પાનાંનાં પાનાં ભરી પેપર-કટીંગ-અવલોકન-નોંધો ઠાંસી દીધેલી બની જાય છે.

વાર્ષિક સમીક્ષાનો આથી ભાગ્યે જ કશો અભ્યાસ-હેતુ સરે છે. વાર્ષિક સમાક્ષામાં લગભગ દરેક પુસ્તકની ઉપરચોટિયા નોંધ આપવાનો શિરસ્તો જ અમને તો અસ્થાને લાગે છે. જો ખરેખરી સમીક્ષાનો જ હેતુ હોય તો, નવાજૂના પ્રવાહો વિષેની તલસ્પર્શી ચર્ચા (બને તો, બીજી ભાષાઓના એ ગાળાના સાહિત્યની તુલનામાં) કરવાનો મુખ્ય પ્રયાસ રાખી, કેવળ ઉદાહરણ રૂપે, સાહિત્યિક દૃષ્ટિએ **ઊંચી** કક્ષાનાં યા **નીચી** કક્ષાનાં, સમીક્ષકની પોતાની સમજ અને દૃષ્ટિને **પોષક** અને તેનાથી **વિરોધી** વલણનાં, પરંતુ પ્રવાહની સમજ માટે ઉપયોગી અને મહત્ત્વનાં પુસ્તકોનો તે રીતે ઉલ્લેખ થવો જોઈએ. (અલબત્ત, સમીક્ષા માટેના દરેક પુસ્તકની યાદી અંતે પૂરેપૂરી આપી દેવી જરૂરી ગણાય.)

આથી સમીક્ષા પાનાંની દૃષ્ટિએ નાની થઈ જાય તેનો ઉચાટ શું કામ?

પરંતુ, આમ કરવું અતિશય મુશ્કેલ છે. કેમ કે એમ કરવા જતાં કેવળ નોંધ-ટીપ્પણોને જ સમીક્ષા તરીકે ખપાવી શકાશે નહિ અને સમગ્ર પ્રવાહોનો ઊંડો અભ્યાસ કરવો જોઈશે—કેવળ અવલોકનના એક વર્ષનો જ નહિ, આગલાં વર્ષોનોય જોઈશે.

આને માટે સંસ્થાના સંચાલકોએ પૂરતો સમય અને શક્તિ ખર્ચી શકે તેવા અભ્યાસીઓને જ આવું કામ સુપરત કરવું જોઈએ.

* આવા સમીક્ષકોને સારું એવું વળતર આપવું જોઈએ. અને સમયસર કાર્ય પૂરું થાય તે માટે તકેદારી રાખવી જોઈએ.

અમને લાગે છે કે, 'પ્રાધ્યાપકો' ઉપર જ સમીક્ષાની જવાબદારી નાખી શકાય એવો ખ્યાલ પણ સંસ્થાના સંચાલકોએ બદલવો જોઈએ, અને જુદી જુદી દૃષ્ટિ, પકડ અને અભ્યાસ વૃત્તિવાળાઓને કાર્ય સુપ્રત થવું જોઈએ.

—સો. ગાંધી

*

શ્રી. ભાઈલાલભાઈ પટેલ : ૭૦મી જન્મજયંતી ગ્રંથ

પ્રકાશક : વલ્લભવિદ્યાનગર

રૂ. ૫=૫૦

શ્રી. ભાઈલાલભાઈ-અભિનંદન-ગ્રંથમાં અંગ્રેજી, સંસ્કૃત તથા ગુજરાતી ભાષાનાં લખાણો સંગ્રહિત છે. શ્રી. ભાઈલાલભાઈના પરિચિતોમાંના અનેક આમાં પ્રશસ્તિ લેખો લખેલા છે; અને ભારતીય પ્રજાતંત્રના પ્રમુખ શ્રી. રાજેન્દ્રપ્રસાદ, ઉપપ્રમુખ શ્રી. રાધાકૃષ્ણન્, વડાપ્રધાન નેહરુ, મુંબઈના ગવર્નર શ્રીપ્રકાશ, કૉંગ્રેસના પ્રમુખ શ્રી. ઢેબર, મુંબઈના વડાપ્રધાન શ્રી. ચવ્હાણ અને મુંબઈ તથા બીજાં રાજ્યોના પ્રધાનો, શિક્ષણ, રેવન્યુ, વગેરે ખાતાઓના વડાઓ અને પૂના યુનિવર્સિટીના વાઈસચાન્સેલર શ્રી. પરાંજપે વગેરે અનેક જાણીતી વ્યક્તિઓના સંદેશાઓથી ભરપૂર છે. મોટા કદનાં લગભગ ૩૦૦ પૃષ્ઠમાં શ્રી. ભાઈલાલભાઈનાં જીવન, પ્રવૃત્તિ અને તેમની વિશેષ લાક્ષણિકતાઓની સારી એવી સામગ્રી મળે છે અને ફોટાઓ પણ થોકબંધ છે. પરંતુ લખાણોનાં સંપાદન—પસંદગીથી માંડી ગોઠવણી—પ્રત્યે દુર્લક્ષ સેવાયું લાગે છે. આથી આવડો મોટો ગ્રંથ એકધારી ઊંડી અસર તો નથી જ ઊભી કરતો, બલ્કે પુરુષાર્થી, અભ્યાસી અને ધ્યેયનિષ્ઠ જીવનની મથામણો અને આંતરિક સંઘર્ષો દ્વારા સધાયેલી મહત્ત્વની સિદ્ધિઓનો ઉઠાવ આપતો નથી. ખુદ વલ્લભવિદ્યાનગરની પ્રવૃત્તિઓનો વ્યવસ્થિત પરિચય પણ પ્રાપ્ત થતો નથી.

સર્વસાધારણ રીતે, આવા અભિનંદન ગ્રંથો માટેનાં લખાણો યોજનાપૂર્વક મેળવવામાં ન આવે, તેનું સુઘડ સંપાદન-કાર્ય ન થાય તો તેનો મૂળ હેતુ જ ઘણો બધો એળે જાય છે—એ વાતની અહીં સારા પ્રમાણમાં પ્રતીતિ થાય છે.

—સો.

[શ્રી. ભાઈલાલભાઈનો પરિચય આ અંકમાં 'ઘરદીવડા'માં]

*

રાષ્ટ્રપ્રિય પં. જવાહરલાલ નેહરુ
(પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ)

લેખક : અંબેલાલ નારણજી જોષી
પ્રાપ્તિ : એન. એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨.
પાન ૭૨૦ + ૪૪૬ = ૧૧૬૬
કિં. બન્ને ભાગના રૂા. ૨૦=૦

વર્તમાન અગ્રણી દેશનેતાઓનાં માહિતીભરપૂર જીવન-ચરિત્ર ગ્રંથો આલેખવા માટે શ્રી. અંબેલાલ જોષી જાણીતા છે જ. આ સાડીઅગિયારસો કરતાં વધુ પાનાં ઉપર એમણે જવાહરલાલ નેહરુની જીવનકથા આલેખી છે. નેહરુના જન્મકાળથી માંડીને છેક વર્તમાનકાળના બનાવોને એમણે મૂલવ્યા છે નેહરુના બહુરંગી જીવનનાં વિધવિધ પાસાંઓ-યુવાન અને મહત્ત્વાકાંક્ષી નહેરુ, શાંતિદૂત નેહરુ, રાજનૈતિક પુરુષ નેહરુ, સાહિત્યકાર નેહરુ, વક્તા નેહરુ, ગાંધીજીના વારસદાર નેહરુ, આંતરરાષ્ટ્રીય મુત્સદ્દી નેહરુ, એમ દરેક પાસું શ્રી. જોષીએ આલેખ્યું છે. આમ કરતાં એમણે કેટલીક બાબતમાં એમને પોતાને સાચી લાગી તેવી ટીકા કરતાં પણ કચાશ રાખી નથી. (દા. ત. જવાહર અને સુભાષ એ પ્રકરણમાં સુભાષ અનેક રીતે જવાહર કરતાં ચડિયાતા હતા એમ સ્પષ્ટ રીતે કહેતાં શ્રી. જોષી અચકાયા નથી.)

આ ચરિત્રલેખનની બીજી સારી વાત એ છે કે શ્રી. જોષીની શૈલી કયાંય ક્લિષ્ટ બની નથી, એમને જે હકીકત કહેવી છે તે એમણે નિખાલસપણે અને સરળ રીતે કહી છે. આવા ગ્રંથોમાં ‘ વીરપૂજા ’ ના અંશો તો રહેવાના જ અને હોય જ. પણ શ્રી. જોષીએ એમાંય સારી એવી તટસ્થતા જાળવી છે.

ખાસ કરીને પુસ્તકાલયો અને સારા મોંઘા ગ્રંથો વસાવવા જેટલી ક્ષમતા ધરાવનારાઓનું અમે આ ચરિત્રગ્રંથ પ્રત્યે ધ્યાન દોરીએ છીએ.

" કાશ્યપ "

*

મનમોજી :

લેખક : ગુણવંતરાય આચાર્ય
પ્રકાશક : નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ
કિંમત ૨=૫૦

ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ લખવામાં એક સમયે જેમનો ડંકો વાગતો હતો તેવા ગુજરાતના અતિ પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી. ગુણવંતરાય આચાર્યનું આ બે ડિટેકટીવ વાર્તાઓનું પુસ્તક છે. વાચકને સાદી સમજ હોવાનો પણ શ્રી. આચાર્યે જાણે આમાં ખુલ્લંખુલ્લા ઇન્કાર કરીને, આવી જાસૂસકથાઓમાં જે બુદ્ધિકૌશલ, પ્રસંગોની અટપટી પણ મોહક ગૂંથણી અને એક પ્રકારની પકડ હોવી જોઈએ તેનો સદંતર બહિષ્કાર કરીને, જાણે પ્રકાશકની માંગને સંતોષવા ખાતર જ (કારણ, એમના નામની ખપત છે !) બે વાર્તાઓ ઘસડી આપી હોય એમ લાગે છે. " નવોદિતો અને પ્રતિષ્ઠિતો "ની સાઠમારીમાં નવોદિતો અત્યંત નિશ્ચિંત મને આ પુસ્તક આગળ ધરીને પ્રતિષ્ઠિતો કયાં ગબડી જઈ રહ્યા છે તેનો સદ્ધર પુરાવો પૂરો પાડી શકે તેમ છે !

—કાશ્યપ

*

છૂપી તરસ :

લેખક : વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી
પ્રકાશક : ઉપર મુજબ
કિં. રૂા. ૩=૦

ચોપડી ઉપરનું ચિત્ર જુગુપ્સા અને ઘૃણાપ્રેરક છે. શ્રી. ધામી પણ પ્રતિષ્ઠિત લેખક છે. પૌરાણિક, ઐતિહાસિક અને સામાજિક વિષયો ઉપર કલમ અજમાવીને એમણે અત્યાર સુધીમાં નહીં નહીં તો ત્રીસેક પુસ્તકો લખ્યાં છે. પરંતુ આ ‘ છૂપી તરસ ’ની ભયંકર (!) વાર્તાઓ સાત નવોસવો લેખક પણ હિંમત ન ભીડી શકે તેની કંગાલ છે. એમાં જાતીયવૃત્તિઓનું આલેખન કરવાની સ્વસ્થતા તો નથી જ, પણ સારી વાર્તાઓ વાંચ્યાનો પણ સંતોષ મળતો નથી. દરેક વાર્તાના આરંભમાં મૂકેલી વિચારકંડિકા પણ શબ્દરમત સરખી લાગે છે.

—કાશ્યપ

*

પચરંગી ફૂલ :

લેખક : મોહનલાલ ધામી
પ્રકાશ : ઉપર મુજબ
કિં. રૂા. ૩=૦

આ પ્રસંગચિત્રોનો સંગ્રહ છે: રોજિંદા અખબારોમાં

પ્રગટતાં આવાં પ્રસંગચિત્રો વાંચતાં તત્કાલિન કદાચ આકર્ષક લાગે પણ ખરાં, પણ અહીં સંગ્રહસ્થ થતાં, એક સાથે વાંચતાં, આમાંનાં ઘણાં ફિસ્સાં લાગે છે. લેખકે જો આમાંથી સારી કક્ષાના જ પ્રસંગો સંગ્રહસ્થ કર્યા હોત, અથવા કેટલાંક પ્રસંગચિત્રોમાંથી સારી વાર્તાઓ ઉપજાવી શક્યા હોત તો સારું થાત.

*

નારી :

મૂળ લેખક : સૌરિન્દ્ર મોહન મુખોપાધ્યાય, અનુવાદક 'મૃદુલ'
પ્રકાશક : ઉપર મુજબ
કિં. ૩=૫૦

રુગ્ણાવસ્થામાં કરુણ રીતે અવસાન પામેલી પોતાની માના જીવનમાંથી બોધપાઠ લઈને વાર્તાની નાયિકા નહીં પરણવાનો સંકલ્પ કરે છે. સંસાર, પતિ, બચ્ચાંકચ્ચાં એ સર્વ નારીના જીવનને વિષમય કરનારાં છે; એના સ્વાતંત્ર્યને, વ્યક્તિત્વને કચડનારાં છે એવું એવું આ નાયિકા માને છે. એ પછી બનતું આવ્યું છે એમ નાયકનું સંવનન થાય છે. પ્રસંગોની પરંપરા, નિષ્ફળતાના દાવપેચ એમ વાર્તા આગળ વધતાં નાયિકા ગૃહત્યાગ કરી સેવિકા બને છે અને અંતે શીતળાના દર્દીની સારવાર કરતાં પોતે જ રોગનો ભોગ થઈ પડે છે. રૂપ જાય છે સાથે અભિમાન પણ જાય છે, અને એની જ વાટ જોતો હોય એમ નાયક અભિમાનવિહોણી, કુરૂપ નાયિકાનો સહર્ષ સ્વીકાર કરે છે. આ એક બંગાળી પીછેહઠવાદી વાર્તા છે, પણ વાંચવી ગમે તેવી છે—શું થવાનું છે એનો ખ્યાલ આવી જતો હોવા છતાં પ્રસંગોની ગોઠવણી મજાની છે. સામાન્ય વાચકોને જરૂર એક સારી લાંબીટૂંકી વાર્તા વાંચ્યાનો સંતોષ થશે.

—કાશ્યપ

*

પસંદગીનો પતિ

લેખક : દામુ સાંગાણી
પ્રકાશક : ઉપર મુજબ
કિં. ૪=૦

લેખકનો દાવો એવો છે કે ગુજરાતી સાહિત્યમાં 'ભદ્રંભદ્ર' અને 'અમે બધાં' પછી આ ત્રીજી 'હાસ્ય-રસિક' નવલકથા છે. અલબત્ત, લેખક પાસે હાસ્યને અનુકૂળ શૈલી છે. હાસ્ય નિપજાવવા માટે પ્રસંગો ઉપજાવી કાઢવાની સૂઝ છે અને પોતે કોને માટે લખી રહ્યા છે એનો સ્પષ્ટ ખ્યાલ છે. પરિણામે આ એક વાચનક્ષમ નવલકથા—વાર્તા બની રહી છે. કદાચ કોઈ ચિત્રનિર્માતા ચિત્ર ઉતારે તો સફળ પણ નીવડે—નાટક કરે તો તે પણ ચાલી જાય!

બેકાર ફરતો એક નટખટ યુવક, લગ્નના પ્રશ્ન ઉપર તકરાર થતાં ઘરમાંથી નાસી છૂટેલી બે યુવતીઓ : એટલાં મુખ્ય પાત્રોની સૃષ્ટિ ઉપર મંડાયેલી આ સળંગ વાર્તા સ્થૂળ હાસ્ય સારા પ્રમાણમાં પીરસે છે. હળવા મને વાંચતાં તે સમય પણ સારો કાપી આપે છે.

શ્રી સાંગાણી ખરેખર ગંભીર બનીને લખે તો આથી પણ વધારે સારી સામાજિક કટાક્ષની વાર્તાઓ આપી શકે એવો વિશ્વાસ જન્માવે છે.

—કાશ્યપ

*

નકો નગરીઓ

લેખક : ઓલિયા જોષી
પ્રકાશક : ઉપર મુજબ
કિં. ૫=૫૦

શ્રી દામુ સાંગાણી સરખા નવોદિત લેખકની ઉપરની વાર્તા વાંચ્યા પછી પ્રતિષ્ઠાવાન હાસ્યલેખક શ્રી. ઓલિયા જોષીની આ નવલકથા 'જૂની આંખે નવા ચશ્મા' અત્યંત નિરાશા ઉપજાવે છે. ૩૫૦ પાનાં વાંચવાની ધીરજની પણ કસોટી થાય છે. શ્રી. જોષીએ જાણીતા પ્રસંગો લઈને જૂની આંખે નવું નિહાળવાનો મિથ્યા પ્રયત્ન કર્યો હોય એમ લાગે છે. વાર્તાની ક્યાંય પકડ જામતી નથી, શૈલી ક્લિષ્ટ બની જાય છે અને એક પણ પાત્ર સુરેખ રીતે ઊપસી આવતું નથી. વચમાં વચમાં લેખકે વાર્તાપ્રવાહને રોકીને ટીકાટીપ્પણો કરવામાં પણ બાકી રાખી નથી.

—કાશ્યપ

*

છીપનાં મોતી

લેખિકા : કુ. સ્વપ્નસેવી
પ્રકાશક : ઉપર મુજબ
કિ. ૩=૦

કેટલીક વાચનક્ષમ કહી શકાય તેવી વાર્તાઓનો એક નવોદિત લેખિકાનો આ સંગ્રહ છે. કુ. સ્વપ્નસેવી પાસે શૈલી

તો છે જ, પણ વાર્તાનું વસ્તુ એમને કેટલીકવાર મૂઝવતું લાગે છે. એક વિચારઝબકારો આવી જાય તેને વાર્તામાં ઉતારવા માટે પરિશ્રમ, અભ્યાસ અને કલાની સૂઝની જરૂર રહે છે. લેખિકાએ કલાસંયમ રાખ્યો હોત, કેટલીક વાર્તાઓ ઘૂંટી હોત તો છે તેના કરતાં વધુ સારો ઓપ આપી શકાયો હોત. દરેકે દરેક વિચાર કે દરેકે દરેક પ્રસંગ વાર્તા બની શકતો નથી એટલું લેખિકા ધ્યાનમાં રાખશે તો તેમને જ ભવિષ્યમાં વધુ ઉપકારક બનશે.

—કાશ્યપ

*

જ્યોત્સ્ના (વાર્ષિક)

તંત્રી : બબીબેન ભરવાડા (અમદાવાદ)
રૂા. ૩=૦૦

'જ્યોત્સ્ના' સ્ત્રીઓના વાર્ષિક તરીકે ૭ વર્ષથી પ્રગટ થાય છે. સંપાદિકા લખે છે તેમ: '૧૯૪૯ની સાલ: આઝાદીનો જીવનધર્મ શીખવતા બાપુ એકાએક ચાલી નીકળ્યા અને ભારત અભૂતપૂર્વ શોકમાં ડૂબી ગયું. એ સમયની વેદના વચ્ચે 'જ્યોત્સ્ના'ના સર્જનની કલ્પના સ્ફુરી.'

આ 'વેદના'ની પ્રેરણામાંથી, બાપુની શીખને સ્મરાવે અને બલિષ્ઠ કરે એવી—સ્ત્રીઓના સંસ્કારઘડતરની ઊંડી સમજ અને કર્તવ્યનો પડઘો પાડતી સામગ્રી આ વર્ષના અંકમાં બહુ જૂજ છે. બલ્કે સર્વસાધારણ માસિકો અને સામયિકોમાં જોવા મળતી સામગ્રીથી વિશેષ અહીં નથી, એ ખૂંચે છે.

અલબત્ત, નિયમિતતા માટે તથા ખૂબ જ સુઘડ અને આકર્ષક સ્વરૂપે મોટા કદનું વાર્ષિક પ્રગટ કરવા માટે, અને ફોટો–ચિત્રો (સાદા–રંગીન)માં સુરુચિ પૂર્ણ ધોરણ જાળવી રાખવા માટે સંપાદિકા અભિનંદનને પાત્ર છે.

*

ફૂઈએ પાડયું નામ :

સંપાદક : ત્રિમૂર્તિ
પ્રાપ્તિ : મેઘદૂત પ્રકાશન, ઓવલવાડી, મુંબઈ–૨
રૂા. ૨=૦

આપણે ત્યાં રાશિ મુજબ નામ પાડવાનો રિવાજ હજી સારા પ્રમાણમાં પ્રચલિત છે, અને હવે નવાં નવાં 'અપ-ટુ-ડેટ' નામો પાડવાનો શોખ પણ વધતો જાય છે, તે જોતાં આવા પુસ્તકની ખાસ જરૂર કેટલાક કુટુંબોને જણાતીય હશે. એટલે તો આંડ ૮૦ પૃ.ના આ પુસ્તકની કિંમત મૂળ રૂા. ૧ા હતી તે વધારીને રૂા. ૨ રાખવામાં આવી છે.

આ પુસ્તકમાં આપવામાં આવેલી યાદીમાં કેટલાંક પ્રચલિત શિષ્ટ નામોય રહી ગયાં છે, અને છેક અપ-ટુ-ડેટ 'વિચિત્ર' લાગતાં કેટલાંક નવાં નામો તો હજી ઉમેરવાં બાકી જ છે

*

રસોઈનું રસાયણ :

લે. : વન્દિતાગૌરી દેસાઈ
પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ
રૂ. ૪=૫૦

આ પુસ્તકની આ ચોથી આવૃત્તિ છે તે આ વિષયની લોકપ્રિયતા બતાવે છે.

લગભગ ૪૦૦ પૃષ્ઠના આ દળદાર ગ્રંથમાં ખાદ્યવાનગીઓ ઉપરાંત અનાજ, મસાલા, કઠોળ વગેરેની પ્રાથમિક માહિતી છે; ઉપરાંત સુવાવડ, બાળઉછેર, બીમારી, દવાઓ, વગેરે અંગે પણ કેટલીક ઉપયોગી માહિતી આપવામાં આવી છે, અને આરોગ્યની દૃષ્ટિ તથા આસ્વાદની દૃષ્ટિનો મેળ ખવડાવવાની કાળજી રાખેલી જણાય છે. એ રીતે પુસ્તક કુટુંબોને અવશ્ય ઉપયોગી થશે.

વધુમાં આ પુસ્તકને શ્રી. હંસાબેન મહેતા તથા શ્રી. કાંતિલાલ છ. પંડ્યા જેવાં સુજ્ઞ વિદ્વાન નાગરિકોનો આમુખ ને પ્રવેશક મળ્યો છે, એ એની વધારાની ગુણવત્તા ગણાય. શ્રી. પંડ્યાનો પ્રવેશક રસોઈનાં મૂળતત્ત્વો ઉપર એક અભ્યાસી લેખ જેવો જ છે: તેમાં તેમના વિજ્ઞાનના અભ્યાસ અને દૃષ્ટિનો સ્પર્શ જણાયા વિના રહેતો નથી. માણસની વ્યાખ્યા 'રસોઈ કરતું પ્રાણી', રસોઈ એ માનવીનો 'second nature' છે, એવી રસિક વાતો ઉપરાંત, તેમણે ખોરાક અને શક્તિ, મસાલાઓ અને રસાયનશાસ્ત્ર, ખોરાક અને વિટામિન–પ્રોટિન, ખોરાક—પેટન્ટ ફુડ અને દવાઓ વગેરે સળગતા સવાલો ઉપર સારું ધ્યાન ખેંચ્યું છે.

માનવ

દિ -૧

૭

વાર્ષિક રૂ. ૬–૦૦ છૂટક ૦–૬૨ ન.પૈસા (૧૦ આ.
[પરદેશ શિલિંગ ૧૫]

સંપાદન : ભોગીલાલ ગાંધી

૧૯૫૮
જુલાઈ



સંચાલન :
ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ
રામજી મંદિરની પોળ : વડોદરા

ફોન : ૨૯૫૦

ચેતન

ચેતન પ્રકાશન

* જગતના તથા ભારતના સુવિખ્યાત સાહિત્યકારોનાં તથા મૌલિક લેખકોનાં નવલકથા, નવલિકા, નાટક, કાવ્ય, વિવેચન, સાહિત્ય, પ્રવાસ, જીવન તથા રાજકારણનાં ઉચ્ચ કોટિનાં પ્રકાશનો માટે ચેતન પ્રકાશન ગૃહની સૌ વિદ્વાનો-વિવેચકોએ પ્રતિષ્ઠા કરેલી છે.

નવસર્જન પ્રકાશનનાં—

* બાળકો અને પ્રૌઢો માટે સંસ્કાર અને શિક્ષણદૃષ્ટિએ નીવડેલું સાહિત્ય—શિશુ સંસ્કાર શ્રેણી, સમાજશિક્ષણ શ્રેણી, વિજ્ઞાન વિકાસ શ્રેણી, ઇતિહાસ પરિચય શ્રેણી, અમર બાળવાર્તા શ્રેણી, અમર શિષ્ટકથા શ્રેણી, કિશોર-સાહસ શ્રેણીનાં (ભારતીય સરકાર તથા મુંબઈ સરકારની હરીફાઈઓમાં પારિતોષિક પ્રાપ્ત કરનાર પ્રકાશનોની સંસ્થાનાં) પુસ્તકોના મુખ્ય વિક્રેતાઃ

ચેતન બુકસ્ટોલ

* ગુજરાતીમાં પ્રાપ્ય તમામ સંસ્થાઓનાં જૂનાં-નવાં પ્રકાશનોના વિક્રેતા: દરેક શાળા, સંસ્થા, લાયબ્રેરી તથા કુટુંબ અને વ્યક્તિને વધુમાં વધુ કમિશને પુસ્તકો પૂરાં પાડનાર ગુજરાતની પુસ્તકવિક્રેતા સંસ્થા.
* અંગ્રેજી (અભ્યાસી ગ્રંથો તથા સસ્તી પોકેટ, પેપર-બેક આવૃત્તિઓ) તથા હિંદી (હિંદી ગ્રંથ રત્નાકર, રાજકમલ, રાજપાલ, સસ્તા સાહિત્ય મંડળ, એશિયા પબ્લિશીંગ વગેરે)નાં ઉત્તમ ચૂંટેલાં પુસ્તકોના વિક્રેતા.
* ભારતીય કેન્દ્ર સરકારના પ્રકાશન વિભાગનાં—રાષ્ટ્રીય સાહિત્યના ઉત્તમ ગ્રંથો
—પરિચય પુસ્તિકાઓ
—આલ્બમો, ચિત્રકાર્ડ વેચનાર
* રશિયન અને ચીની પ્રકાશન વિભાગ તરફથી પ્રગટ થયેલ
—સાહિત્ય, વિજ્ઞાન, સિદ્ધાંતના ગ્રંથો
—બાળકો માટે રંગબેરંગી અત્યંત સુંદર સસ્તી પુસ્તિકાઓ

વડોદરામાં મુખ્ય રસ્તા ઉપર બુકસ્ટોલનું નવું સરનામું
ચેતન બુકસ્ટોલ : કોઠી કચેરી સામે : વડોદરા
★
ચેતન પ્રકાશન ગૃહ પ્રાઈવેટ લિમિટેડ
રામજીમંદિરની પોળ : વડોદરા

ઉપરાંત—

વાર્ષિક રૂ. ૭
[છૂટક ૬૨ ન. પૈ.]

માનવજીવનની સર્વાંગી અનુભૂતિ વ્યક્ત કરવા મથતું
માનવીની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું માસિક

ગુજરાતનું મૉડર્ન રિવ્યુ બનવા મથતું—

માનવ

માનવ

લવાજમ ભરવાનાં સ્થળ

આર. આર. શેઠની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨
રૂપમ પ્રકાશન મંદિર, ૬૯/૮૭ કેથેડ્રલ સ્ટ્રીટ, ભૂલેશ્વર : મુંબઈ-૨
એ. આર. શેઠની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨
એન. એમ. ત્રિપાઠી એન્ડ કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨
એન. એમ. ઠક્કરની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨
ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયા ચકલો : સુરત
(શાખા-ચૌટાપુલ : સુરત)
નટુ શાહ, ગોલવાડ : નવસારી
પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., ટાવર રોડ : વડોદરા
વિજય સ્ટોર્સ, સ્ટેશન રોડ : આણંદ
વલ્લભવિદ્યાનગર કન્ઝ્યુમર્સ કો-ઑપ. સ્ટોર્સ, વલ્લભવિદ્યાનગર
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો : અમદાવાદ
ભારતી સાહિત્ય સંઘ લિ., ગાંધી રસ્તો : અમદાવાદ
સ્વાણી પ્રકાશન ગૃહ, રિલીફ રોડ : અમદાવાદ
વિજય સ્ટોર્સ, ૬૨ કલ્યાણ ભુવન, રિલીફ રોડ : અમદાવાદ
લોકમિલાપ કાર્યાલય, પો. બો. ૨૩ : ભાવનગર
એલ. કે. મેઘાણી, ૧૪, અમરતલા સ્ટ્રીટ : કલકત્તા-૧
પ્રાણ ફોટોગ્રાફર, પો. બો. ૨૬૯, નાઈરોબી (ઈ. આફ્રિકા)

છૂટક મળવાનાં સ્થળ

ગાંધી ન્યુઝપેપર સરવીસ, ટીનવાલા બિલ્ડિંગ, ત્રિભુવન રોડ : મુંબઈ
કાંતિલાલ સોમાલાલ ખત્રી, રતનપોળ નાકા : અમદાવાદ

વડોદરા

એ. જી. વોરા એન્ડ કાં., ટાવર પાસે : વડોદરા

૧૯૫૮ : જુલાઈ

લવાજમના દર

વાર્ષિક રૂ. ૭-૦૦
[પરદેશ ૧૫ શિ.]
છૂટક નકલ ૬૨ પૈસા

•

માનવ(માસિક) મનીષા(ત્રૈમાસિક)
ભેગું લવાજમ રૂ. ૧૨

•

માનવ

[માસિક]

જાહેરખબરના દર

પૂ. પૂં ૨જું રૂ. ૮૦
પૂ. પૂં ૩જું રૂ. ૮૦
પૂ. પૂં ૪થું (બે રંગમાં) રૂ. ૧૨૫
સાદું આખું પાનું રૂ. ૬૦
સાદું અડધું પાનું રૂ. ૩૫

•

યુગોસ્લાવિયા : સમાજવાદનો ખમતીધર અખતરો

યુગોસ્લાવીઆ દક્ષિણ યુરોપમાં ગ્રીસ અને આલ્બેનિયાને માથે, રૂમાનિયા અને બલ્ગેરિયાના ડાબા પડખે આવેલો, તથા ઑસ્ટ્રીઆ અને હંગેરીને ખભે ચઢાવીને ઊભેલો સ્વતંત્ર સમાજવાદી દેશ છે.

યુગોસ્લાવ પ્રજાસત્તાક ફેડરેશનમાં સરબીઆ, ક્રોટીઆ, સ્લાવેનીઆ, મોન્ટેનેગ્રો, બોસનીઆ અને હરઝેગોવીના, તથા મેસડોનીઆનાં ૭ પીપલ્સ રિપબ્લિકોનો સમાવેશ થાય છે. રાજધાની બેલગ્રેડ છે.

પ્રદેશ : ૯૯૨૬૫ ચોરસ માઈલ (ગુજરાતથી આશરે સવાયો પ્રદેશ).

વસ્તી : ૧ કરોડ ૭૦ લાખ (આશરે ગુજરાત જેટલી).

૧

પૂર્વ ઇતિહાસ

૧૯૪૧માં હિટલરે હલ્લો કર્યો ત્યારે રાજાશાહી તંત્ર અસ્તિત્વમાં હતું. હલ્લો થતાં રાજકુટુંબ ભાગી બ્રિટનમાં ભરાઈ ગયું અને જનરલ મિહાઈ લોવિશની સરદારી નીચેનાં 'ચેટનિક' દળોએ દુશ્મન સાથે ભળી જઈ દગો દીધો, ત્યારે માર્શલ જોસિફ બ્રોઝ ટીટો (જન્મ : ૧૮૯૨)ના નેતૃત્વ નીચે ૮ લાખની રાષ્ટ્રીય સેના–યુરોપ આખામાં સૌથી મોટી અને સૌથી કાતિલ ફાસિવાદ વિરોધી રાષ્ટ્રીય ફોજ–હિટલરી ધાડાં સામે લડી; રશિયાની લાલ ફોજની કુમક મળી.

૧૯૪૪માં નાઝી પંજામાંથી પાટનગર બેલગ્રેડ મુક્ત બન્યું અને તરત જ 'પીપલ્સ રિપબ્લિક'ની સ્થાપનાની જાહેરાત કરી, રાજા પીટરને ગાદીભ્રષ્ટ કર્યો.

૧૯૪૫માં ચૂંટણી થતાં મતદારોના ૯૦ ટકાએ ટીટોને ટેકો આપ્યો: ટીટો રાષ્ટ્રીય મુક્તિ સમિતિનો પ્રમુખ બન્યો.

૧૯૫૩માં યુગોસ્લાવ ફેડરેશન ઑફ પીપલ્સ રિપબ્લિકનું નવું બંધારણ પસાર થયું.

આર્થિક સ્થિતિ

૧૯૧૮થી ૧૯૪૧ વચ્ચે રાષ્ટ્રીય અર્થતંત્ર ઉપર કારાગેઓરગેવિચ કુટુંબનું જબરજસ્ત વર્ચસ્વ હતું. યુગોસ્લાવના મોટા ભાગના ઉદ્યોગો તેને તાબે હતા. તો બીજે હાથે તાંબુ, જસત, લાકડું અને સિમેંટના ઉદ્યોગોના ૯૮% પરદેશી મૂડીદારોને હસ્તક હતા.

૧૯૪૫માં ટીટોની સરકારે વિદેશી દુશ્મનો અને તેમના શાગરિતો હસ્તકની મિલકતો કશા વળતર વિના છીનવી લઈ રાષ્ટ્રના ઉદ્યોગોના ૮૦% જેટલી સંપત્તિ રાષ્ટ્રની માલિકી નીચે આણી.

રાજકીય નીતિ

૧૯૪૬ થી ૧૯૪૮ : પરરાષ્ટ્ર નીતિમાં યુગોસ્લાવીઆએ સોવિયેત રશિયાના વર્ચસ્વ વિનાની સ્વતંત્ર કમ્યુનિસ્ટ નીતિ અખત્યાર કરી. તો વળી બીજે હાથે, તેણે ટ્રીએસ્ટીના સવાલ પર ઈટલી સાથે ઝગડો કરી, ગ્રીસમાંનાં કમ્યુનિસ્ટ દળોને મદદ કરી, વીએનાથી ટ્રીએસ્ટી ઊડતાં અમરિકી વિમાનોને ઉડાવી દઈ યુરોપી–અમરિકી મૂડીવાદી રાજ્યોનોય ખોફ વહોર્યો.

આંતરિક રાષ્ટ્રીય નીતિમાંય તેણે રશિયન સમાજવાદી અથવા યુરોપી–અમરિકી મૂડીવાદી પદ્ધતિને બદલે ત્રીજો જ –સ્વતંત્ર રાહ અપનાવ્યો.

રશિયા–યુગોસ્લાવીઆ સંબંધ

સ્તાલિનની નેતાગીરી નીચેના કમ્યુનિસ્ટ જૂથ 'કૉમિન્ફૉર્મ' (સ્થાપના : ૧૯૪૭ ઑકટોબર)માંથી ૧૯૪૮ના

જાન્યુઆરીમાં યુગોસ્લાવીઆને 'બહિષ્કૃત' કરવામાં આવ્યું. 'શાહીવાદનો પિઠ્ઠુ' જેવા ભયંકર આક્ષેપો અને બદનામીની ઝડી વરસાવવામાં આવી.

બાદ યુગોસ્લાવીઆએ પશ્ચિમી દેશો સાથેના સંબંધો સુધારી 'એક્સપોર્ટ-ઇમ્પોર્ટ બૅન્ક' તથા 'ઇન્ટરનૅશનલ મૉનેટરી ફંડ' અને 'ઇન્ટરનૅશનલ બૅન્ક' પાસેથી લોન મેળવી.

સ્તાલિનના મૃત્યુ બાદ, ૧૯૫૫ના મે :માસમાં ક્રુશ્ચેવે સંબંધો બગડવાનો ખરખરો કરી બેરીઆ–સ્તાલિનને માથે દોષ ઓઢાડી, મૈત્રી સંબંધો પુનઃસ્થાપિત કર્યા.

અને ત્યારે, યુગોસ્લાવીઆના પશ્ચિમી દેશો સાથેના મૈત્રીસંબંધો અંગે, તથા તેણે મેળવેલી આર્થિક મદદ અંગે કોઈ ટીકા-વિરોધ ન કર્યાં.

૧૯૫૬ના ફેબ્રુઆરીમાં મળેલી સોવિયેત સંઘની કમ્યુનિસ્ટ પાર્ટીની ૨૦મી કૉન્ગ્રેસમાં સ્તાલિનવાદનું બીષણરૂપ ક્રુશ્ચેવે પ્રગટ કર્યું. સાથોસાથ, દેશદેશની કમ્યુનિસ્ટ પાર્ટી વચ્ચેની સમાનતા અને સ્વતંત્રતાનો તથા દરેક દેશનો સમાજવાદ માટેનો નિરનિરાળો રાહ હોવાનો સિદ્ધાન્ત પણ સ્વીકાર્યો.

૧૯૫૭ના નવેમ્બર માસમાં મૉસ્કો ખાતે મળેલી બાર દેશોના કમ્યુનિસ્ટ જૂથની બેઠકમાં નક્કી થયેલા ઠરાવ ઉપર સહી કરવાનો, અને 'વૉરસૉ પૅક્ટ'માં જોડાવાનો ટીટોએ ઇન્કાર કર્યો અને પોતાની સ્વતંત્ર નીતિનો આગ્રહ જારી રાખ્યો.

વળી પાછું ભંગાણ પડ્યું...

૧૯૫૮ના ઍપ્રિલની ૨૨મીએ યુગોસ્લાવીઆની કમ્યુનિસ્ટ લીગની ૭મી કૉંગ્રેસની બેઠક લુબલાનામાં મળી. ત્યારે તેની સામે 'ડ્રાફ્ટ પ્રોગ્રામ'નો જે ખરડો રજૂ થયો, તેથી આંતરરાષ્ટ્રીય કમ્યુનિસ્ટ જૂથ ખળભળી ઊઠ્યું. આખા જૂથે તથા દુનિયાના તમામ દેશોની કમ્યુનિસ્ટ પાર્ટીઓએ તેનો બહિષ્કાર કર્યો.

સોવિયેત પત્ર 'કમ્યુનિસ્ટ'એ તથા ત્યારબાદ ચીનના 'પીપલ્સ ડેઈલી' પત્રે, અને પછી, ચીની કમ્યુનિસ્ટ પાર્ટીની ૮મી રાષ્ટ્રીય કૉંગ્રેસની બીજી બેઠકે, યુગોસ્લાવીઆ ઉપર ત્રણી 'સમાજવાદનો દ્રોહી,' 'પ્રતિક્રાંતિકારી' 'શાહીવાદનો મળતીઓ,' 'રિવિઝનિસ્ટ' (પુનઃ વિચારવાદી) વગેરે આક્ષેપોની ઝડી વરસાવી.

રશિયાએ તો 'લોન' આપવાનું પોતાનું વચન પણ ફોક કરી, રાજ્ય–રાજ્ય વચ્ચેના સલુકાઈ ભર્યા સંબંધોનો એકાએક બેહૂદી રીતે અંત આણ્યો.

એટલું જ નહિ પણ, 'અમેરિકા બીજા સમાજવાદી દેશોને કેમ મદદ નથી કરતું ને તમને જ કરે છે? હાળમાં નક્કી કાણું છે—તમે સમાજવાદને છેહ દીધો છે—માટે...' એવી દલીલ પણ કરી.

(કમ્યુનિસ્ટ જૂથમાંના જ પોલાંડે પશ્ચિમી મૂડીવાદી દેશોની લોન માગી હતી. એનું શું? અને રશિયાએ અમેરિકાની શરતી-મદદ સામે કુંફાડા મારી, ભારતને બિનશરતી લોન આપી છે, તો પછી યુગોસ્લાવિયા સામે જુદું વલણ શાથી?)

આક્ષેપો

રશિયાના નેતૃત્વ નીચેના કમ્યુનિસ્ટ જૂથે યુગોસ્લાવીઆ ઉપર કરેલા આક્ષેપોનો પાર નથી: દા. ત. વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અંગે, બે વિશ્વપદ્ધતિઓ (મૂડીવાદ અને સમાજવાદ) વિષે, વિવિધ દેશોમાં અને ખાસ કરીને રશિયામાં સમાજવાદી વિકાસ અંગે, શ્રમજીવી આંતરરાષ્ટ્રીયત્વ વિષે, સમાજવાદી દેશોના પરસ્પર સંબંધો વિષે, કમ્યુનિસ્ટ પાર્ટીઓના આંતરિક સંબંધો વિષે, રાજ્ય અને મૂડીવાદ વિષે, મૂડીવાદના વર્તમાન સ્વરૂપ અંગે, અને—

સૌથી મુખ્ય તો, સમાજવાદની સિદ્ધિના નિરનિરાળા રાહની સમજણ અંગે યુગોસ્લાવીઆએ માર્ક્સવાદ–લેનિનવાદનો ત્યાગ કર્યો છે, સમાજવાદનો દ્રોહ કર્યો છે, 'પુનઃ વિચારવાદ' (Revisionism)ની આગેવાની લીધી છે—અંતે મૂડીવાદી–શાહીવાદી જૂથનો પક્ષ લીધો છે અને ક્રાંતિને દગો દીધો છે!

સૌથી મુખ્ય સવાલની વાત આપણે અહીં વિચારીએઃ સમાજવાદના નિરનિરાળા રાહની.

શું ખરેખર રશિયા અને ચીન તથા જગતના કમ્યુનિસ્ટ પક્ષો કહે છે તેમ યુગોસ્લાવીઆએ સમાજવાદનો દ્રોહ કર્યો જણાય છે?

શું યુગોસ્લાવીઆએ પોતાના **આદર્શમાં,** આર્થિક અને રાજકીય **તંત્રમાં,** તથા પોતાના આટલા વર્ષના **વ્યવહારમાં** સમાજવાદને છેહ દીધા જેવું કૈં કર્યું છે?

(યુગોસ્લાવ કમ્યુનિસ્ટ લીગના ખરડાને ઉદ્દેશી આંતરરાષ્ટ્રીય કમ્યુનિસ્ટ જૂથે પ્રહારો ને આક્ષેપો કર્યા છે. પરંતુ આક્ષેપો કરનારે (રશિયા તથા ચીન) અને તે આક્ષેપો

ભારતમાં છાપનાર કમ્યુનિસ્ટપાર્ટીએ મૂળ ખરડો કે મૂળ શબ્દોમાં તેનો સારરૂપ સુદ્ધાં રજૂ કરવાનું યોગ્ય માન્યું નથી !)

૨

ખેર...યુગોસ્લાવ બંધારણનો આપણે આધાર લઈએ. ૧૯૫૩ના બંધારણ મુજબ—

આર્થિક માળખું

● યુગોસ્લાવિયાના આર્થિક તંત્રનું માળખું બીજા તમામ સમાજવાદી–કમ્યુનિસ્ટ દેશો કરતાં, એક વિશિષ્ટ રીતે, જુદા પ્રકારનું છે.

દુનિયાના ઇતર સમાજવાદી–કમ્યુનિસ્ટ તંત્રોમાં ઉત્પાદનનાં સાધનો અને મુખ્ય ઉદ્યોગો **રાજ્યની માલિકી**નાં હોય છે. ત્યારે યુગોસ્લાવિયાનો નવો અખતરો ઉત્પાદનનાં સાધનો–ઉદ્યોગોને '**સામાજિક માલિકી**' નીચે આણવાનો છે. આ '**સામાજિક માલિકી**' એટલે કે :—

(૧) કોઈ પણ વ્યક્તિ, જૂથ યા ખુદ રાજ્યતંત્રની પણ માલિકી નહિ–સાર્વત્રિક પ્રજાકીય માલિકી.

(૨) તમામ કામદારો કામદાર કાઉન્સિલો દ્વારા અને કિસાનો પોતાની કૃષિ–સહકારી મંડળીઓ દ્વારા પોતાના ઉત્પાદનતંત્રનું સંચાલન કરે.

(૩) તમામ આર્થિક ઘટકોમાં ઉત્પાદકોના પ્રતિનિધિઓનો અધિકાર.

આ અધિકારો નીચેની મર્યાદામાં અમલી બને છેઃ—

૧. સૌથી પ્રથમ, દરેક ઉદ્યોગ વ્યવસાયે ઘસારાની, નવા વિકાસની અને તેના નિભાવ–ખર્ચની રકમ અગાઉથી ફેડરલ એસેમ્બ્લી(સર્વોચ્ચ રાષ્ટ્રસભા)એ નક્કી કર્યા મુજબ બાજુએ કાઢવાની હોય છે.

૨. રોકાયેલી મૂડીનું વ્યાજ ફેડરલ એસેમ્બ્લીએ નક્કી કર્યા મુજબ જુદું કાઢવાનું હોય છે.

૩. આ બધા ભંડોળના આધાર પર કુલ રોકાણ કેટલું કરવું, કેટલો વિકાસ કરવો તેનો નિર્ણય પણ ફેડરલ એસેમ્બ્લી કરે છે.

૪. નફા ઉપર કર આપવાનો રહે છે. ઉપરાંત કેટલાક કિસ્સામાં (ફેડરલ એસેમ્બ્લીએ નક્કી કર્યા મુજબ) કુલ ખરીદ–વેચાણ ઉપર પણ કર આપવાનો રહે છે.

૫. જરૂર પડતાં ફેડરલ એસેમ્બ્લીના નિર્ણય મુજબ નેશનલ બૅન્ક તરફથી લોન આપવામાં આવે છે.

આ રીતે, રાષ્ટ્રની સર્વોચ્ચ લોકસભાએ બાંધેલી મર્યાદાઓની અંદર રહી દરેક ઉદ્યોગ સ્વતંત્ર રીતે પોતાનું સંચાલન કરે છે.

* દરેક ઉદ્યોગ-વ્યવસાય આવકના પ્રમાણમાં પોતાના પગાર પોતે નક્કી કરે છે.

* કુલ આવકના અમુક નક્કી ટકા પગારમાં ખર્ચ્યા પછી બાકીની રકમ સામાજિક હિતો પાછળ—તંદુરસ્તી, શિક્ષણ, સાંસ્કારિક પ્રવૃત્તિ વગેરેમાં ખર્ચવામાં આવે છે.

પરંતુ આવકના કેટલા ટકા પગારમાં ખર્ચવા તેનો નિર્ણય 'કમ્યુન' એટલે કે સ્થાનિક-સ્વ-રાજ્યની લોકસમિતિઓ યા પંચાયતો કરે છે.

આ રીતે, એક બાજુ પગારનો આધાર નફા ઉપર હોઈ કામદારો વધુ ઉત્પાદન માટે ઉત્સાહિત રહે છે; બીજી બાજુ, 'કમ્યુન'નું હિત સ્થાનિક ઉદ્યોગ-વ્યવસાયની સાથે જ સંકળાયેલું હોઈ તે પણ તેને ઉત્તેજન આપે છે.

માલિકીનાં ત્રણ સ્વરૂપ

આ પ્રકારની **સામાજિક માલિકી** લગભગ તમામ ઉદ્યોગો, મુખ્ય વેપાર, બૅન્કીંગ, વાહનવ્યવહાર, બાંધકામના ઉદ્યોગોમાં અસ્તિત્વ ધરાવે છે.

આ ઉપરાંત પણ બીજાં બે સ્વરૂપનાં આર્થિકતંત્ર અસ્તિત્વમાં છેઃ

બીજો પ્રકાર સહકારી માલિકીનો છે. નાના પાયાની ખેતી, સહકારી બૅન્ક, તથા અંશતઃ નાનાઉદ્યોગો અને બાંધકામ ઉદ્યોગોમાં અસ્તિત્વ ધરાવે છે.

ત્રીજો પ્રકાર ખાનગી માલિકીનો : ખેતીમાં આ પ્રકાર મહદંશે અસ્તિત્વમાં છે. લગભગ ૮૦% જમીનની ખેતી ખાનગી માલિકી નીચે થાય છે; કેટલાક હસ્તઉદ્યોગો, તથા કેટલાક સ્થાનિક વ્યવસાયોમાં પણ ખાનગી માલિકી છે.

ખાનગી માલિકી નીચેની ખેતીમાં વધુમાં વધુ અમુક જ એકર રાખી શકાય એવું નિયંત્રણ છે; અને તે જ રીતે કારીગરીના નાના ખાનગી ઉદ્યોગોમાં વધુમાં વધુ અમુક જ કામદારોને રોકવાનો કાનૂન છે.

ખેતીનું અર્થતંત્ર

સ્વાભાવિક રીતે જ, આ ત્રણે પ્રકારમાં 'સામાજિક માલિકી' વર્ચસ્વ ધરાવે છે અને તેનું પ્રમાણ વધી રહ્યું છે. બીજું મહત્ત્વનું રૂપ 'સહકારી' છે. પરંતુ એનો અર્થ એવો નથી કે, ખાનગી માલિકીનો કોઈ અગત્યનો ફાળો નથી. બલ્કે, ખેતીમાં તો 'સામૂહિક ખેતી' (કલેકિટવાઈઝેશન)નો પ્રયોગ કરીને, તેનાં દુષ્પરિણામો અનુભવ્યા (ખુદ ઉત્પાદનનો જ ઘટાડો) બાદ, આ લોકો સહકારી અને ખાનગી ખેતી તરફ વળ્યા છે.

તેઓ કહે છે કે, ખેતીમાં સમાજવાદી પરિવર્તન આણવા માટે 'જંગી–કૃષિ–ઘટકો' જ હોવાં જોઈએ એ વાત અનુભવે અનિવાર્ય જણાઈ નથી. ખેતીનાં 'ઉત્પાદનનાં યંત્રો' સામાજિક માલિકીનાં હોય. તોય સમાજવાદી પરિવર્તન શક્ય બને. બીજી રીતે જોતાં, ખુદ ખાનગી ખેડૂતો પોતાનું ઉત્પાદન આ રસ્તે વધતું હોઈ ઉત્પાદનનાં યંત્રો સામાજિક માલિકીનાં હોય એવું ઇચ્છે છે.

આ ઉપરાંત એવોય અનુભવ તેમને થયો છે કે, ઘણી વાર તો ખાનગી ખેડૂતો પોતાની જમીન 'સહકારી ખેતી મંડળી'ઓને ભાડાથી આપે છે; અને સહકારી મંડળીઓ તેમને બજાર–ભાવે ભાડું ચૂકવે છે, છતાં વધુ નફો કરી શકે છે. પરિણામે, ખાનગી માલિકી કરતાં સહકારી માલિકી પ્રત્યેની સદ્ભાવના અને ગરજ પણ વધે છે.*

સમાજવાદનો સાચો પાયો

આ પ્રકારના નવા અખતરા પાછળ, સૌથી પ્રથમ તો, તેમની એવી દઢ માન્યતા છે કે, 'સમસ્ત આર્થિક તંત્ર ઉપર રાજ્યની પકડ હોવી જોઈએ' એ કાંઈ સમાજવાદનો મૂળભૂત કાનૂન નથી. પરંતુ, સમસ્ત સામાજિક–આર્થિક પ્રવૃત્તિનું સમતોલપણું જાળવે, અને ઉત્પાદન તથા બચત–ઉત્પાદનની અંધાધૂંધી ટાળે એવી અર્થરચના સમાજવાદનો સાચો પાયો છે.

આથી કરીને આર્થિક આયોજનનો હેતુ પણ આર્થિક જીવનની પ્રત્યેક વીગત ઉપર કેન્દ્રિત રીતે કાબૂ રાખવાનો ન હોવો જોઈએ.

આવું અતિ કેન્દ્રિત આયોજન સમાજવાદી લોકશાહીને જ રૂંધાનાર, ઉત્પાદક જનતાની સૂઝસમજ અને શક્તિને જ માટે અવરોધક બની જાય છે.

યુગોસ્લાવીઆ જાતઅનુભવે આ વાત કહી રહ્યું છે. પહેલી પંચવર્ષીય યોજનાનો અમલ, બીજા સમાજવાદી દેશોની જેમ, તેણેય નોકરશાહી-તંત્ર દ્વારા જ કર્યો હતો. પરંતુ એ અનુભવ પછી આર્થિક આયોજનની એમની સમજમાં જ પરિવર્તન થયું છે.

એક વાત તેમને ખૂબ જ સ્પષ્ટ રીતે સમજાઈ ગઈ છે કે, ઔદ્યોગિક વિકાસ પણ જો લોકશાહી આર્થિક-રાજકીય તંત્ર દ્વારા કરવાને બદલે કેન્દ્રિત–નોકરશાહી માર્ગે સાધવામાં આવશે, તો સમાજવાદની ઇમારત બહારથી સમાજવાદી દેખાવા છતાં, સાચા લોકશાહી પાયાવાળી સમાજવાદી નહિ જ બને.

રાજકીય માળખું

આવી દઢ માન્યતાને અનુસરીને જ તેમણે તેમના રાજકીય–તંત્રનું માળખું પણ નવા સ્વરૂપે રચ્યું છે.

–જેમ આર્થિક તંત્રમાં ઉત્પાદકોનું **સ્વ–સંચાલન** (Self–Management) મુખ્ય સૂત્ર છે; તેમ,

–રાજકીય તંત્રમાં શ્રમજીવી પ્રજાનું **સ્વ–રાજ્ય** (Self–Government) એ મુખ્ય સૂત્ર છે.

એટલે કે, પ્રજાને **નામે** અથવા પ્રજા **વતી** રાજ્યતંત્રનું સંચાલન નહિ; પણ પ્રજા **દ્વારા** પ્રજાનું પોતાનું રાજ્યસંચાલન.

યુગોસ્લાવનો આ સમાજવાદી લોકશાહીનો પાયો 'કમ્યુન' (પંચાયત) છે. તેનાં બે ગૃહ હોય છે: (૧) આખા ગામના ચૂંટાયેલા પ્રતિનિધિઓની લોકસમિતિ અને (૨) ઉત્પાદકોની કાઉન્સિલ. બંનેને સરખા અધિકારો હોય છે.

આ રીતે જ દરેક રિપબ્લિકમાં અને સૌથી ટોચે ફેડરલ એસેમ્બલી (સર્વોચ્ચ રાષ્ટ્રીય લોકસભા)માં બે ગૃહો છે. એના દ્વારા નાગરિકો પોતાના આર્થિક, સામાજિક, સાંસ્કારિક અને રાજકીય અધિકારોની રક્ષા કરે છે.

'કમ્યુન' દ્વારા પ્રજાજનો કેવળ રાજકીય નહિ, સામાજિક

* ભારતમાં કેટલેક સ્થળે (દા. ત. રંગપુર–પ્રદેશ) ભૂદાન–પ્રવૃત્તિમાં આવા પ્રકારના અનુભવ થયાનું જાણવા મળે છે.

સ્વરાજ્ય ભોગવે છે. દા. ત. ઉદ્યોગોમાં, સહકારી મંડળીઓમાં, શાળા અને હૉસ્પિટલોમાં, સામાજિક ઇન્સ્યુરન્સની સંસ્થાઓમાં, સંસ્કારપ્રવૃત્તિઓ અને ઘર મકાનની વ્યવસ્થામાં. પરંતુ બીજી બાજુ, આ બધાના **આંતરિક સંચાલન**માં તેની કશી ડખલ નથી.

સ્વ-સંચાલિત 'આર્થિક ઘટકો' અને આ સ્વરાજ્ય ઘટક 'કમ્યુન' બંને વચ્ચેનો સુમેળ એ તેમનો આદર્શ છે. આ રસ્તે 'રાજ્ય-માલકી' (etatism) ને જન્મતી જ ડાંભી દેવાની તેમની ગણત્રી છે.

● ટૂંકમાં, તેમનો પ્રયાસ આજસુધીની આડકતરા સ્વરૂપની, અતિ કેન્દ્રિત, વ્યક્તિ અનુસારી, પાર્ટી–અનુસારી લોકશાહીને સ્થાને સીધી, સ્વસંચાલિત, રાજ્યની દખલગીરી વિનાની, અને સામુહિક સ્વરૂપની લોકશાહી: બલ્કે સ્વાધીન નાગરિકની બિનનોકરશાહી લોકશાહી સ્થાપવાનો છે.

● આમ, યુગોસ્લાવીઆના રાષ્ટ્રીય બંધારણમાં–તેના આર્થિક અને રાજકીય તંત્રમાં એણે ક્યાંય સમાજવાદને છેહ દીધાનું દેખાતું નથી: બલ્કે–બીજા દેશોએ કરેલી ભૂલો સુધારીને વધુ લોકશાહી માર્ગે સમાજવાદની સ્થાપના કરવાનો તેનો પ્રયાસ દેખાય છે.

૩

ખમતીધર અખતરો

અમેરિકાના વિખ્યાત માર્કસવાદી અર્થશાસ્ત્રી તથા ઉદ્દામ સ્વતંત્ર વિચારક ('મંથલી રિવ્યુ'ના સંપાદક) પૉલ સ્વીઝીએ ઊંડો અભ્યાસ કરીને તથા તાજેતરમાં જાતે યુગોસ્લાવીઆનો પ્રવાસ ખેડીને જે મંતવ્યો બાંધ્યાં છે, જે અભિપ્રાયો આપ્યા છે, તે આ આખી સમસ્યા ઉપર અધિકૃત પ્રકાશ પાથરે છે: (મંથલી રિવ્યુ: માર્ચ ૧૯૫૮)

સૌથી પ્રથમ એ સ્પષ્ટ કહી દે છે કે, યુગોસ્લાવીઆનું આજનું નવું અર્થતંત્ર અને રાજ્યતંત્ર **સમાજવાદી** છે જ છે; એટલું જ નહિ, પરંતુ **સુયોજિત** પણ છે. મોટા પાયા પર ખાનગી માલિકીના ઉદ્યોગો નથી; અને ખાનગી ઉદ્યોગોને જે આંતરિક સત્તાઓ આપવામાં આવી છે તેને સ્પષ્ટ રીતે સમાજવાદી ધ્યેય અને તત્ત્વવાળા કાનૂનો દ્વારા મર્યાદિત બનાવવામાં આવી છે. વળી ફેડરલ સરકાર વખતોવખત રાષ્ટ્રીય આવકની કેવી રીતે વહેંચણી કરવી અને દરેક ઉદ્યોગનો કેવા સ્વરૂપે વિકાસ જરૂરી છે તેની રૂપરેખા તૈયાર કરે જ છે.

બીજું—કામદાર–ઉત્પાદકોના હાથમાં ઉદ્યોગોનું સંચાલન સોંપીને, અને નાગરિકોના હાથમાં સ્થાનિક પ્રાદેશિક સરકારોનું સંચાલન સોંપીને નોકરશાહી તંત્ર ઘણા મોટા પ્રમાણમાં દૂર કરવામાં આવ્યું છે.

ત્રીજું—સૌથી જબરજસ્ત વિજય તો એ છે કે, યુગોસ્લાવ પોતાના પ્રયોગ દ્વારા એ વાત સાબિત કરી રહેલ છે કે, સમાજવાદી અર્થતંત્ર ઘણા મોટા પ્રમાણમાં વિકેન્દ્રિત હોઈ શકે; બિનનોકરશાહી બની શકે છે. આપણને ચક પમાડે એવો આ પ્રયોગ જોવા જેવો છે:

	સરકારી કર્મચારીઓની સંખ્યા	દરેકને હસ્તક બજેટ (અબજ દિનાર)
—ફેડરલ (કેન્દ્ર) સરકાર	૭,૨૦૦	૩૦
—રિપબ્લિકન સરકાર	૩૩,૬૦૦	૩૯
—લોકસમિતિઓ	૧,૬૪,૬૦૦	૩૯

(ઉપરના આંકડામાં મિલિટરી તથા પોલીસની સંખ્યા તથા તેના બજેટનો સમાવેશ નથી.)

કેવળ ૩½ ટકા જ નોકરિયાતો ફેડરલ સરકારે રોકેલા છે; ત્યારે ૮૦% કર્મચારીઓ સીધા સ્થાનિક લોકસમિતિઓને જવાબદાર છે. આ કોઈ જેવી તેવી હકીકત નથી.

ચોથું—'પ્લાનિંગ'—આયોજનની બાબતમાં પણ આ દેશ વિશેષતા સાથે છે: કેન્દ્ર-આયોજકોનું કાર્ય મુખ્યત: હકીકતો એકઠી કરવી, જે કાર્ય ચાલે છે તેનો અભ્યાસ કરવો, નવી શક્યતાઓ શોધવી, વગેરે જ રહી ગયું છે; ઉપરાંત, નીચેના થરો સુધી માહિતીઓ, સલાહો પહોંચાડવાનું કાર્ય તે કરે છે. કેન્દ્ર-આયોજકો તેમની ઇચ્છા નીચલી સંસ્થાઓ-ઘટકો ઉપર લાદી શકતા નથી; પરંતુ તેમણે સમજાવટથી તથા અનુકૂળ વાતાવરણ અને પરિસ્થિતિ પેદા કરીને કાર્ય કરાવવાનું રહે છે.

અને સ્વીઝી ઉમેરે છે કે,

૧ યુગોસ્લાવીઆની 'કૉમિન્ફૉર્મ'માંથી બરતરફી થઈ ત્યાં સુધી (૧૯૪૮) તો, તેનું આર્થિક અને રાજ્યતંત્ર રશિયાને ઘણે અંશે અનુસરતું હતું— (૧) અતિકેન્દ્રિત ઉત્પાદન પદ્ધતિ: મૂડી રોકાણ; ઉત્પાદન, કિંમત સહિતનાં

તમામ નિર્ણયો ' ઉપરથી ' લેવામાં આવતા. (૨) નોકરશાહી એટલે કે—સત્તા ' ઉપરથી ' શરૂ થાય અને જવાબદારી 'નીચેથી' શરૂ થાય—એવી પદ્ધતિ દ્વારા રાજ્યસંચાલન થતું હતું.

૨. યુગોસ્લાવીઆએ વરસોના અનુભવને અંતે નવો જ રાહ અપનાવ્યો છે : વિકેન્દ્રીકરણનો અને બિનનોકરશાહી સંચાલનનો; અને આજ સુધી સમાજવાદી માળખા માટે કેવળ એક જ પ્રકારનો આર્થિક રાહ શકય મનાયો હતો (કેન્દ્રીકરણ અને નોકરશાહી સંચાલનનો), તેને યુગોસ્લાવીઆએ પડકાર કર્યો છે.

કમજોરી

આ રીતે, સ્ત્રીઝી યુગોસ્લાવીઆના અસાધારણ નવા અખતરાને આવકાર આપે છે. અલબત્ત, સાથોસાથ આવા પ્રયોગની તમામ કમજોરીઓ અને મુશ્કેલીઓ તેની નજર બહાર નથી, અને તે સ્પષ્ટ શબ્દોમાં રજૂ કર્યા વિના રહેતો પણ નથી. આ કમજોરીઓ ગંભીર પ્રકારની પણ છે; અને આ પ્રયોગમાં અનેક જોખમો પણ રહેલાં છે, જે તે વિગતે જણાવે છે. તે કહે છે કે, નવા પ્રયોગને પરિણામે ૧૯૫૬થી ઔદ્યોગિક ઉત્પાદનમાં ૨૦%નો વાર્ષિક વધારો થયો છે—પરંતુ તે પૂરતો નથી. હજી તેની પછાત દશા તેના નવા અખતરાની જ આડે આવે છે અને સમાજવાદની સિદ્ધિ હજી ઘણી દૂર છે.

સ્ત્રીઝીની એવી દઢ માન્યતા છે કે, કોઈ પણ દેશ અમુક હદે ઔદ્યોગિક વિકાસ સાધી લીધા પછી જ વિકેન્દ્રીકરણને રસ્તે ચઢી શકે; અને ત્યારે જ તેની સફળતા નિશ્ચિત બને.

અપૂર્વ અંજલિ

આમ છતાં, તે યુગોસ્લાવીઆ તથા ભારત જેવા દેશોના અખતરાઓ પ્રત્યે વધુ ઊત્સુકતા પૂર્વક જુએ છે, વધુ ઝીણવટભર્યો અભ્યાસ કરે છે.

આથી જ તો, તે યુગોસ્લાવીઆના અખતરા વિષે કશી આગાહી કરી દીધા વિના, તેને અપૂર્વ ઉમળકાપૂર્વક અંજલિ અર્પે છેઃ

"યુગોસ્લાવીઆએ આ નવો અખતરો કરીને માનવ જાત સમક્ષ વિશાળ શકયતાઓ ઉઘાડી નાખી છે. આ અખતરો કાળની કસોટીએ ચઢી કેટલો સફળ બની પાર ઊતરે છે તે તો જોવાનું રહ્યું. પરંતુ એક વાત નિશ્ચિત છે કે, યુગોસ્લાવીઆએ નૂતન ઇતિહાસના કપરા રાહ પર આવેશપૂર્વક ઝંપલાવી દઈ માર્ગ કોરી દીધો છે, જેને માટે તે સદા યશભાગી રહેશે...અને કોક દિવસ કોક સ્થળે યુગોસ્લાવીઆ કરતાં વધુ અનુકૂળ પરિસ્થિતિમાં, આયોજન + કામદારોનો કાબૂ (=સમાજવાદ)નો અખતરો નવેસરથી થશે જ થશે."

વિધાયક સત્યાગ્રહની બારાખડી

સત્યાગ્રહ દિમાગોની કુસ્તી નથી, દિમાગોનો મેળ છે. તે જીવનનો એક નિયમ છે. જીવનના પાયા બદલવાનો રસ્તો છે. જો આ કામમાંથી આપણે કેવળ લોકોને સુખ આપવાનું શોધીશું તો ક્રાન્તિ કલ્યાણકારી રાજ્યવાદમાં ડૂબી જશે. માત્ર જીવનની બુનિયાદ બદલવાનું કામ જ ક્રાંતિકારી કામ છે. એ કામ તખ્ત, તલવાર અને તિજોરીની ઇજ્જત મટાડી ઇન્સાનની ઇજ્જત વધારવાનું છે. આજે એ કામ વિનોબા કરી રહ્યા છે.

સત્તાધારીઓએ નક્કી કરવું જોઈએ કે પરિસ્થિતિ પ્રક્ષુબ્ધ હોય તો પણ દેશમાં ફોજનો ઉપયોગ નહીં કરીએ અને કદાચને ગોળી ચલાવવી જ પડી તો તરત એની જાહેર તપાસ કરીશું.

રાજનૈતિક પક્ષોએ એ સંકલ્પ કરવો જોઈએ કે કોઈ પણ પ્રશ્નના ઉકેલ માટે તેઓ હિંસક સાધનોનો ઉપયોગ નહીં કરે, અને જો કયાંક આવો ઉપયોગ થઈ ગયો, તો એની જાહેર નિંદા તે પક્ષવાળા જ સૌથી પહેલા કરશે. નાગરિકોને તેમણે સમજાવ્યું હતું કે આપણા જીવનમાં હેવાનિયત પર ઇન્સાનિયતનો જેટલી હદ સુધી પ્રભાવ રહેશે એટલી હદ સુધી જ આપણી સ્વાતંત્ર્તા ટકી શકશે.

—દાદા ધર્માધિકારી

[પંઢરપૂર સંમેલનના એક ભાષણમાંથી]

કવિતા

જીવનનું ગીત

છે વિરામથી વેર
પ્રીત ગતિથી
ગતિ જીવનનું પ્રતીક.
આકાંક્ષા આટલી...
વિરામ મુકાય ન
ચરણ બસ ચાલ્યા કરે.
કિતાબ જીવનની અનંત
સર્યા કરે કલમ-શા શ્વાસ
અવ્યક્ત પ્રતિ અવિરત
ગતિ જીવન કેરું ગીત.

—અનવર આગેવાન

જહાંગીર, શા'જહાં

ઓ રહ્યા બંને—જહાંગીર, શા'જહાં.
આંહી નહીં, યુરોપમાં
કાલે હતા!—આજે નથી શું?
—તો જરા તમને પૂછું—
આગરામાં શું જહાંગીરે કર્યું સ્થાપત્ય?
'લાલ પથ્થરની ઇમારત કંઈ ચણી'
શા'જહાંએ શું ચણ્યું એના ઉપર?
'શ્વેત આરસના મઝાના માળ.'
તે તમે જોતાં નથી યુરોપમાં શું?
હા, હવે સાથે જીવે છે એ ખરું!
ને વળી ચણતર કરે યુરોપનુંયે એક સાથ
રંગ બંનેએ હજી પોતાનો તરછોડ્યો નથી!
ઓ રહ્યા...બંને—જહાંગીર, શા'જહાં.

રતિલાલ—અનિલ

જહાંગીરે આગ્રામાં લાલ પથ્થરની ઘણી ઇમારતો ચણી,
શા'જહાંએ તે પર તેના કાળમાં આરસનું ચણતર કરેલું.

કોણવટારિયાની સફર

૧

કોઈના કે'વાની અમને છે હું પડી? હંધું[1] જાણિયે છૈયે જાતેઃ
કોણ બાપના કૂવામાં બૂડી મરે, હડે હડે થૈને હંધામાં?[2]
કે'વી રીતે રે'વું[3] કોઈનાથી નિજ નાતમાં કે પરનાતે,
જ્યાં જગનભડાકા લોક કરે હારું દેખાડવા હગલામાં!
નંઈ લેખું આપણું કશામાં
પડી હા—હારુ તાં રે'યે?
મારા હારાની પુન જો હા પાડે તો કોણવટારિયે જૈયે!

ઓ કોણવટારિયા! નામ તારું છે કે'વતમાં જોડાયું,
પણ દીઠું નથી અમે આંખે તને કે કાં આઈવું દેવા;
કેવા બૂઢા અમે કે આજહુધી તારે હીમાડે ના ઉતરાણું?
માથે ચઢાવી લોકનાં ડપાડાં, જીવહાટે કરી લા'ઇ લેવા!
હાચા ઓદેમના છે વનેખા[4]
તાં કાં'ય હુધી હોરંયે?[5]
છોલ લોકમાં વસવા કરતાં ભલું કે કોણવટારિયે જૈયે!

કોણ જાણવાનું છે, તાં'ય જો ફાવે તેવું પે'રીને ફરિયે?
છે ચૂલામાં ટાંટિયો મેલાયો કે ઘરનો કાટ ઘલાયો,
શી સોડમ વસી છે હાંલ્લીમાં, ને શાનો તે વઘાર કરિયે?
ખરેખાત કર્યું છે દાતણ કે ભાવ દાતણનો પુછાયો!
દીવા છુતો ના, કે હોલાયો,
જ્યારે કોઈ ઠેકાણે ઝીંકેયે?
કેવી ટાઢકથી ઓ રે'યે, હવેરા જો કોણવટારિયે જૈયે?

—પતીલ

(નવી રચનાઓ: "કોસગીતો"માંથી)

૧ બધું ૨ બધામાં ૩ રહેવામાં ૪ વલખાં ૫ સોસવેએ

વંધ્યા

(પૃથ્વી)

સવાર-
થથરી રહ્યો મધુર પોપનો આતપ
વચોવચ ફળી મહીં
થથરતાં છતાં તન્મય
ભરે પયસઘૂંટડા વળગી આંચળે નાનકાં
સુપુષ્ટ ગલુડાં હુંફાળ બચકારતા જાય રે
કશી મધુર લિજ્જતે!
નજીક ઓસરીથાંભલે
અઢેલી નિજ શિરને અનિમિષદગા શોભના
ઊભી.
ઉર વિષે કશું પ્રબલ જુદ્ધ હો' સાતનું!
જતી ફળિયું છોડીને કૂતરી સાથમાં આંચળે
હજુય વળગી રહ્યાં ઢસડતા જતાં નાનકાં
સુપુષ્ટ ગલુડાં હુંફાળ પયલુબ્ધ,
ને સંગમાં
જતી ધરુજતી ભીની નજર.
રાત્રિયે સ્વપ્નમાં
રહી ગલુડિયું ધવાડી નિજ છાતિયે મુન્મય!

—લાભશંકર ઠાકર

શહેરમાં વર્ષા

(પૃથ્વી)

ઝરે સલિલ-ધાર આભ, સડકો ઝીલે ક્યારની,
વળી પવન-ઝાપટાં સસવતાં રહ્યાં વેગમાં;
અને સડક-કાયને ચગદીને જતાં વાહનો
જતાંય મૂકી જાય છે લસરકા નિશાની રૂપ!

નજીક ફૂટપાથની મલિન-નીર ખાબોચિયાં,
જરીક જળ તોય એ નવ સમાય કે 'ગૌરવે';
અરે, સહજ ભૂલથી લપસી જાય જો પાય કે
ફરે અરર ટાયરો......અચૂક જાત તો દાખવે!
ખૂણે ઢગ નર્યો સડે અરર! કાદવે, કીચડે-
સહી ક્ષણ નહીં શકાય બદબો ભમાવે શિર;
પસાર જન થાય જે (તરત નાકપે રાખતાં
રૂમાલ ગજવેથી કાઢી)... ઝડપે વટાવે પથ!
સુગંધ ઝરતી ધરા ઝરત આભ જ્યાં હેલીએ,
પરંતુ 'સડકો અહીં સુઘડ' ક્યાંથી મ્હેકી શકે?

—સુરેશ દલાલ

પિતા

જોઉં તને, ધીર ઉમંગથી રહી
ધારી ઉછંગે શિશુ ફૂલકોમળું;
રાત્રી વિષે શિશિરની હૂંફ પામતી, ત્યમ
પામ્યા થકીય વધુ અર્પતી ધન્ય તું જીવ;
ઝૂકેલ બીજ કર બેઉ વતી ઉરે જ્યમ
લે ચન્દ્ર, તું શિશુ લિયે સ્તન પૂર્ણ પ્રસન્ન.

જાગી જતો હુંય વિચારછોળથી
અચિંત્ય, જોતો અવ સર્વ; તોય હું
ના ધાબળો લેશય વેગળો કરું
ઓઢેલ ચારેગમ, વા ન હું તજી
શય્યા, દઉં સાથ ઉજાગરેય; રે!
ઊંડે હયું કેવલ મંથને ગરે:
રાગે રહું સતત હું તવ સંગ, તો ભલે!
ત્યાગે ન હું જનક, તું જનની જલે, જલે.

—હસિત બૂચ

ઇન્દ્રવંશા અને સંવર્ધિત વસંતતિલકાથી ગૂંથાયેલા આ સૉનેટમાં પિતાનું હૃદય વ્યક્ત કરાયું છે. શિયાળાની ઠંડી રાત્રે ઓચિન્તો જાગી જતો કવિ, પોતાની પત્નીને નાના શિશુને (બીજ બાંકીના ચન્દ્રને બેઉ હાથે છાતીએ લે, તેમ) સ્તને લઈ બેઠેલી જોતાં જ, પોતે ઓઢેલ ધાબળો ફગાવી ત્યાં નજીક તો જતો નથી જ; પણ માત્ર-હા, માત્ર મંથન જ અનુભવે છે! સ્ત્રી-પુરુષ રાગ-ઉપભોગમાં બન્ને સહચર રહી શકતાં હોય; ત્યાગમાં-સમર્પણમાં સ્ત્રી જનની સ્વરૂપે, પુરુષના જનક સ્વરૂપ કરતાં ચડે જ-એ જ, જનની જ એકલી, એમાં જીતે છે! પુરુષની પિતા તરીકેની સ્ત્રીના જનની રૂપ પ્રત્યેની આ દૃષ્ટિમાં રહેલો એકરાર, કવિ એક રોજિન્દા અનુભવમાંથી ઉપાડીને રજૂ કરે છે.

[માનવ : જુલાઈ '૫૮

પશ્ચિમ મેં

કલ યહાઁ વિસ્ફોટ હોગા
પ્રકૃતિ કે અન્તિમ રહસ્ય કા
કલ પરિચય દેગા માનવ ફિર
અપને ખોખલે કુઁવારેપન ઔર બર્બરતા કા !
સમઝ લો યહ શહર કી અંતિમ સાઁઝ હૈ
ફિર ભી ન જાને ક્યોં સબ ચુપ ઔર શાંત હૈ
દાઢ઼ી[1] છિપાએ, કંધે ઝુકાએ, ભીડ઼ કી હર ઇકાઈ[2]
પાસ આતે કલુષિત ભવિષ્ય કી પહિચાન હૈ !
એક મોટા આદમી અભી સે
રેશમી કપડ઼ે પહન અપને કો
તિજોરી મેં બન્દ કર બૈઠ ગયા હૈ
નોટોં કી ગડ્ડિયાઁ શાયદ બાલૂ[3] કા કામ દેં !
બૈંક કા કલર્ક ઉદાસ ફટી-ફટી આઁખોં સે
અપને બીબી-બચ્ચોં, મેજ-કુર્સિયાઁ, ઔર
કોને મેં રક્ખે નયે ટેબિલ-લૈમ્પ કો
દેખને મેં વ્યસ્ત હૈ
સબકો હૈ એક કિરાયે કા કમરા હૈ
જબ અપના મકાન બનવાને કી કલ્પના કી થી
સોચા થા—ઉસમેં તહખાના[4] ભી હોગા !
મિલ કી ગહરાઇયોં મેં અબ ભી
ચીડ઼[5] કી બડ઼ી-બડ઼ી પેટિયાઁ ઇધર સે ઉધર
હટાયી જા રહી હૈં ઔર ઢોને વાલા[6] મજદૂર
અપને કામ મેં રોજ સે અધિક સંલગ્ન હૈ !
એક ઇન્સાન ને યહ સબ દેખા ઔર આઁખે મૂંદ લીં,
શાયદ વહ જાનતા થા કિ આજ ઔર કલ મેં
એક રાત ઔર એક સ્થિતિ કા હી અન્તર હૈ
ઉસને મહજ[7] સોચા, ઇતિહાસ કે અન્તિમ
પૃષ્ઠ પર લિખા ભી નહીં—
ઇતની બડ઼ી સંક્રામક જડ઼તા કી ઉપસ્થિતિ મેં હી
ઐસી પાશવિક ઔર બેશર્મ કૃતિ કી સંભાવના
પલ સકતી હૈ !

(' કલ્પના 'માંથી) —વિપિન કુમાર અગ્રવાલ

" લલિતા-ગુણસુન્દરી "

લે.–ગોવર્ધનરામ મા. ત્રિપાઠી : અનુવાદક–કાન્તિલાલ છ. પંડ્યા

" આજે ઘરમાં જે શાન્તિ છે તે પેલી અનુપમ સ્ત્રીના ઉગ્ર નિશ્ચય ઉપર જ રચાઈ છે. એ સ્ત્રી તેર વર્ષની ઉંમરે, એક ચકોર ને આશા આપતી છોકરી તરીકે, મ્હારા કુટુંબમાં દાખલ થઈ. જીવનની ને આત્માની જે જે તાલીમો મેં એની સ્હામે મૂકી તે બધીનો સામનો કરી મ્હારા હૃદયને એ ખૂબ મીઠ્ઠી થઈ ગઈ છે. એના સ્વભાવમાંનો આ છેલ્લો પલટો, એની ઉંમર તથા શિક્ષણ જોતાં, મ્હને એક અલૌકિક આત્મસંયમનું જ પરિણામ જણાય છે. એ આત્મસંયમ મ્હને એની તથા આંત્માની ' આરતી ' કરવાની, એની પૂજા કરવાની ફરજ પાડે છે। એ આરતી–એ પૂજા એની ભલમનસાઈની, એના સદ્‌ગુણની· એની સમજદારીની ને એની નૈતિક સત્તાની છે.

ખરે એક વર્ષ પહેલાં મ્હને બિલકુલ આશા ન હતી, સ્વપ્ન પણ ન હતું એવી સરસ આજે ઘરની સ્થિતિ થઈ ગઈ છે. એણે મ્હારા ઘરનું જાણે સ્વર્ગ જ બનાવી દીધું છે. એ રમણી મ્હારી પત્ની છે એને માટે ઈશ્વરનો હું મ્હોટામાં મ્હોટો પાડ માનું છું. કોઈક બાબતોમાં તે મ્હારાથીય ચઢીઆતી છે એમ સાબિત થયું છે. મ્હારી બા તથા લલિતાની આગળ 'સરસ્વતીચન્દ્ર'ના મ્હારા બીજા ભાગની હસ્તપ્રત મ્હેં વાંચી ત્યારે કેટલી બધી વાર ને કેટલા ઉમળકાથી બા એની તરફ ફરીને કહેતી કે ' મ્હારી ગુણસુન્દરી આ રહી. "

એક વર્ષ પહેલાં કુટુંબની જે અત્યંત ક્લેશભરી હાલત હતી તે હાલ જે સુખી અવસ્થા છે તે બન્નેને એક સાથે સરખાવી જોતાં જ મ્હારી મનોદૃષ્ટિને એનો ખ્યાલ આવે છે. મ્હને ને મ્હારાં બા-કાકાને–તથા એના હાથ તળે આવતાં સર્વને–સુખી કરવાનો એને એક જ અભિલાષ છે–જાણે કે એના જીવનનો ને આત્માનો એ એક ભાગ એણે કરી મૂક્યો છે. મ્હને પણ એ જ માર્ગે દોરવાની એની મહદભિલાષા છે. "

" સ્ક્રેપ-બૂક " પુસ્તક ૧

૩-૪-૧૮૯૧

1. હડપચી 2. હાર 3 રેતી 4. ભોંયરું 5. દેવદારુ (લાકડાની) 6 લઈ જનારો 7. સહજ

મોડેલ

—ગુલામ મોહમ્મદ શેખ

હમ બેચૈન હૈં

પીંછી અને રંગના સાહચર્યે કેવી અદ્દભુત રંગસૃષ્ટિ ઊભી કરી છે ! રંગના લપેડાઓમાં બંદીવાન થઈને કેટલાયનો ભૂતકાળ કૅન્વાસો, ભીંતો અને લાકડાંની પાટોમાં ચીટકી રહ્યો છે. જોયેલું, જાણેલું, અનુભવેલું, કલ્પેલું કેટલુંય જળોની જેમ ત્યાં ચોંટયું છે. વધસ્તંભ પર ગ્લાનિ-ગ્રસ્ત અથવા તો મેડોનાના હાથમાં હસી રહેલા ખ્રિસ્ત, મહાપરિનિર્માણ પામતા બુદ્ધ અને કાલીયદમન કરતા કૃષ્ણ, લાંબી પથારીમાં આડી પડેલી વિચારગ્રસ્ત સુંદરી વિનસ, બખ્તર-ટોપ પહેરી કરડું મરકતા સૈનિકો અને બેચાર પાંદડીએ ગુમ્મસમાં ઢળી જતાં સફેદ ફૂલ, થીજેલ કલ્પનાઓનો શો મહાપુંજ !

એ એક એક લપેડા પાછળ અનેક કથાઓ પડી છે. લાંબી, ટૂંકી અને સત્ય. જેવી સહજ, કયાંક વાંકી ચૂંકી રેખાઓમાં ડોકિયું થઈ જાય છે—તો ટૂંટિયું વાળીને પડેલો કોઈ નીચી કાઠીનો જણ જીભ ઉઘાડે છે—' હા, હું જ તલુઝ લોત્રે, મેં જ વેશ્યાઓ સાથે જીવન ગાળ્યું છે ! ' કાપણી બાદ રહી ગયેલ ચાસટિયાના સૂકાં ઠૂંઠાં જેવી રક્ષ દાઢી પંપાળતો કોક વળી પોતાના કાન કાપેલા મોઢાનું ચિત્ર* દોરે છે. એની આંખો એનું નામ પણ પૂછવા દે એવી નથી. ઊછળતા મોજાંના પ્રચંડ ઘસારા પાછળ આંખ મીંચી હોકુસાઈ બેઠો છે. દૂર વેરાનમાં પડેલી અજંતા-ઇલોરાની ગુફાઓ તો આપણે શોધી કાઢી પણ એના સર્જકોનો ઇતિહાસ તો હજુય એ ભેખડોમાં ઊંડે ઊંડે ધરબાયેલો જ રહ્યો છે.

અને આજે પણ કેટલાંય એવાં જ ' સર્જકશ્રેષ્ઠ આંગળાં ' થી ઇતિહાસને ઘડતા અને એનું પુનરાવર્તન કરતા આપણી બાજુમાં જ પડયા છે. પણ એમની ભાળ આજે કાઢીએ તો દુનિયાનો યુગયુગોથી ચાલતો આવેલો શિરસ્તો તૂટે. જરા આંખ તો મીંચાવા દો એમની—એમના ગુણગાન ગાવા અખબારોની કાલમો અનામત જ પડી છે. એમનાં ચિત્રો ખરીદવા મ્યૂઝિયમો તૈયાર જ બેઠાં છે.

આવા અનેક જૂના કૅન્વાસ કે પાટિયાંમાંથી એક એના અભૂતપૂર્વ આકર્ષણ દ્વારા સૌની નજરો ખેંચે છે. એમાં ઊભેલી સ્ત્રીનાં બધાંય દશ્ય અંગો પર કેટલીય કવિતાઓ લખાઇ છે. એની આંખો તથા મોંના મરકાટ પાછળનું રહસ્ય પારખવા કોઈ શક્તિમાન થયું નથી—એનો ચિતારોય સમજ્યો નહોતો ને !

એ મોના લિસા અને એની પાછળ ઝીણી આંખોમાંથી તીક્ષ્ણ નજરો ફેંકતો કલાકાર લિયોનાર્ડો-દા-વિંચી અચાનક જ યાદ આવે છે. કારણ ફક્ત ૧૯૫૮ના માર્ચ મહિનાના અંતમાં, લગભગ ચારસો-એક વર્ષ પછી બની ગયેલો, નજીવો કહો તો સાવ નજીવો એવો એક પ્રસંગ, એક રીતે જુઓ તો બન્ને સાવ વિરોધાભાસી, છતાં વળી બન્નેનો એવો સંબંધ કે ફરીફરીને મનોચક્ષુ સમક્ષ તરવરી રહે છેઃ ચિત્રકાર અને મોડેલ.

કલાઓના પુનરુત્થાનનો યુગ અને વેનિસ જેવું શહેર. જુવાન લિયોનાર્ડો અને અદ્દભુત રૂપરાશિ ધરાવતી મોના લિસા. કવિતા, વાસ્તુશિલ્પ, શરીરવિજ્ઞાન અને ગણિત-શાસ્ત્ર જેવી આકરી વિદ્યાઓનાં ઊંડાણ ઉલેચી લિયોનાર્ડો પાછો ચિત્રકલાની પાછળ લાગ્યો હતો. એની પીંછીમાં સામર્થ્ય હતું. નજરે દેખાતી વસ્તુ કરતાંય મનુષ્યદેહમાં છૂપાયેલું કાંઈક

* વાન ગોઘ

અગોચર છતું કરવાની એનામાં અજબ આવડત હતી.

અને યોગાનુયોગ મોડેલ બની હતી મોનાલિસા. ફ્રાન્સિસ્કો નામના એક ગૃહસ્થની પત્ની. કુદરતનાં ગૂઢ રહસ્યો જેવી એની આંખની વાતો ભાગ્યે જ શબ્દાકાર ધારણ કરતી કોઈકવાર છાનીછપની વળી સ્મિત થઈ ને ડોકાઈ જતી તો કલાકારની ધારદાર નજર એને પકડી પાડી રંગોના લપેડામાં કેદ કરી લેતી.

આમ તો રૂપ અને કલાનો સંબંધ ચિત્ર પૂરતો જ હતો. બેય સજાગ હતાં, પણ બેયનાં તળિયે ઉથલપાથલ હતી. સાગર જેવું ધીરું મોં રાખી દિવસમાં માંડ બેચારવાર લિયોનાર્ડો સીધા સાદા પ્રશ્નો પૂછતો—' કેમ છો ?—કયાં રહો છો ?'—અને કોઈકવાર વળી ' તમે પરણેલાં છો ? ' જેવા. સામેથી જવાબ પણ એવા જ ટૂંકા ને ટચ મળતા. પણ મોનાલિસાના આંખો લિયોનાર્ડોનાં ઝંટિયાં સાથે કેટલીય વાતો કરતી અને લિયોનાર્ડો એના સ્મિત સાથે ઓગળતો. પરંતુ એ બન્નેની વચોવચ ખાલી પડેલા અવકાશમાં તો એમનો ચિત્રકાર અને મોડેલ તરીકેનો સંબંધ જ પડ્યોપાથર્યો રહેતો.

કોઈકવાર ચિત્ર સામે ઊભી રહીને મોનાલિસા નવાઈ પામતી. એને લાગતું કે ચિતારો એને સમજી ગયો છે. અને એ કહેતી—' પણ આ ચિત્ર તો તમારું જ કહેવાશે ને ? ' કલાકાર કહેતો—' મારું એકલાનું જ ? ના, ના, આપણ બન્નેને દુનિયા એકી સાથે યાદ કરશે. '

હળવો નિસાસો નાખી બેઠક પૂરી થતાં મોનાલિસા ચાલી જતી. આમ ને આમ દિવસો વીતી ગયા અને રૂપ કંટાળ્યું. વિષાદભીની આંખે એકવાર મોનાલિસા પૂછી બેઠીઃ ' ચિત્ર પૂરું થયું કે ? ' રંગો સાથે રમતો ઉન્મત્ત ચિતારો બોલ્યો—' ના, ના, હજી તો ઘણીવાર છે..'

નિરાશ થયેલી મોનાલિસાના હોઠ પરના સ્મિતને અચાનક ધસી આવેલી ગ્લાનિએ હડસેલો દીધો. જવું ન જવું કરતું સ્મિત ભાવોના વિચિત્ર મિશ્રણ સમું દદી પડ્યું. પણ પડ્યું તેવું જ ઝીલાઈ ગયું અને કેદ થઈ કેન્વાસ પર ચોંટી ગયું.

મોનાલિસા પર શીદી વીતી એ તો એ જ જાણે ! રૂપ અને કલાનો મેળ તો સધાયો. પણ કલાકાર તો નિમિત્ત બનીને આઘો ને આઘો જ ધકેલાતો ગયો. એ ઊભી થઈ ગઈ અને સીધી લિયોનાર્ડો પાસે જઈને બોલી—' લિયોનાર્ડો, તમે કદીય પૂરાં ન થાય તેવાં ચિત્રો દોરો છો... '

—અને ચાલી ગઇ.

અજંપામાં પીંજાતો કલાકાર કશુંક સમજ્યો અને ઘણુંય ન સમજ્યો. એણે આખી રાત મૂંઝવણમાં સિઝાઈ સિઝાઈ ને કાઢી. એને મોનાલિસાની આંખો જ યાદ આવ્યા કરી. પરોઢ થતાંમાં જ એ આનો ખુલાસો માગવા એના આવવાને રસ્તે અધવચ પ્રતીક્ષા કરતો બેઠો.

થોડીવાર બાદ કોઈ એ આવીને એને સમાચાર આપ્યા કે ગઈ રાત્રે ફ્રાન્સિસ્કોની પત્ની મૃત્યુ પામી હતી. એણે આપઘાત કરી લીધો હતો.

અને કલાકાર વેનિસ છોડવા માટે પોટલાં બાંધવા રોકાયો. એ મોનાલિસા—એક ચિત્રકારની મોડેલ—મરી ગઈ.

બીજીય એક મોડેલ હતી વડોદરાના લલિત કલા વિદ્યાલયમાં–સત્યભામા નામની, એય મરી ગઈ. વધુ સ્પષ્ટ કહો તો બળી મરી.

સમય અને સંજોગોની દૃષ્ટિએ તો મોનાલિસા અને સત્યભામામાં આભધરતીનો ફરક. બાહ્ય રૂપરંગનું પણ એવું જ. ઇટાલીના એક સદ્‌ગૃહસ્થની પત્ની મોડેલ બનીને જીવી ગઈ અને બીજી જીવવા માટે મોડેલ બની.

એના વિષે વ્યક્તિગત તો ખાસ કાંઈ માહિતી નથી. પણ એવા લોકોના જીવન વિષે જે કાંઈ જાણવા મળે છે તે આ—

કદરૂપી અને રૂપાળી કેટલીય ગરજુ છોકરીઓ કેટલીક એવી ટોળકીઓના હાથમાં પડે છે જેઓ એમને મારીમારીને જીવાડે છે, અને મરતાં પહેલાં જો યુવાન થઈ ગઈ તો એમને અનીતિ ગૃહોમાં વેચી મારે છે. આપણે નથી જાણતા એવી તો કેટલીય ટોળીઓ આમ કમાઈ ખાય છે. છતાં જાહેર થતા પ્રસંગોય જાણવા હોય તો પાંચદસ દિવસ જ વર્તમાનપત્રોના ખૂણેખાંચરે આવતી નાની નાની ખબરો પર ધ્યાન ફેરવશો કે એની ખાતરી થઈ જશે.

એ છોકરીઓ, યુવતીઓ અને વૃદ્ધાઓને મન સુખ એટલે કાં તો અશ્લીલ મશ્કરીઓ અને કાં તો ચેષ્ટાઓ : જીવન એટલે ખાવું, શરીર સાચવવું અને ઉપભોગ માટે તૈયાર રાખવું.

કારણ કે એમને જન્મથી જ જે જે વસ્તુઓની સોબત મળે છે તે આ જ. સંસ્કાર અને વિદ્યાને શાળા-કોલેજોમાંથી અને સ્વચ્છતાને બંગલાઓમાંથી બહાર નીકળવું ગમતું નથી. તેથી બેકારોનાં ટોળાં જેવા ગંદકી, આળસ, અપ્રામાણિકતા,

પડવાથી અવાજ ન થાય, જ્યાં મોટું બાકોરું પણ જલદી કોઈની નજરે ન ચડે, જ્યાં ક્ષારને કારણે ક્ષીણ થઈ ગયેલી ઈંટોથી મકાનનો ભાગ જીર્ણ થઈ ગયો હોય, જ્યાં જવાથી સ્ત્રીનું દર્શન ન થાય અને પરિણામે કાર્યમાં સફળતા મળે! આમ વિચારાતો એ દીવાલને અડકી જુએ છે અને આનંદ પામે છે. પાણીના સતત ટપકવાથી ભીની થતી અને નિત્ય સૂર્યના તાપથી તપતી એ જગા જીર્ણ બની ગયેલી છે અને ક્ષારને કારણે ક્ષીણ થઈ ગયેલી છે. ચોરને માટે તો આ પ્રથમ શકુન!

હવે એ વિચારે છે કે કયા પ્રકારનું બાકોરું પાડવું? એમના દેવ કનકશક્તિએ એ કાર્ય ચાર પ્રકારે થઈ શકે એમ કહ્યું છે—જો ઈંટો પાકી હોય તો ખેંચી કાઢવી, જો કાચી હોય તો તોડી નાંખવી; માટીની બનાવેલી હોય તો ઉપર પાણી નાંખીને પલાળી દેવી અને જો લાકડાની હોય તો પાડી નાંખવી. પણ અહીં તો પાકી ઈંટો છે એટલે ખેંચી લેવી જોઈએ એમ વિચારે છે. એ તો જાણે ઠીક પણ એમાં બાકોરું કયા આકારનું બનાવવું? ખીલેલું કમળ બનાવવું? સૂર્ય બનાવવો? બાલચન્દ્ર બનાવવો? કૂવો બનાવવો? લંબચોરસ બનાવવો? સ્વસ્તિક બનાવવો? કુમ્ભ બનાવવો?—વળી આ કલાને દીવાલના કયા ભાગમાં દર્શાવવી કે જેથી એને સવારમાં જોઈને નાગરિકો આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય, એ પ્રશ્ન એને વિચારતો કરી મૂકે છે! પાકી ઈંટોની આ ભીંતમાં કુમ્ભની આકૃતિ જ સારી દેખાશે એવો નિશ્ચય કરીને એ વરદાન આપનાર કુમાર કાર્તિકેય, દેવ કનકશક્તિને ભાસ્કરાનન્દીને અને જેમનો એ પટ્ટ શિષ્ય છે એવા ગુરુ યોગાચાર્યને એ મનોમન નમન કરે છે. એના ગુરુએ એની નિપુણતા પર ખુશ થઈને 'યોગરોચના' નામનો જાદુઈ લેપ એને આપેલો છે જે શરીરે લગાડવાથી માણસ અદૃશ્ય થઈ જાય અને એને શસ્ત્ર કે અસ્ત્ર કંઈ જ અસર કરી શકે નહીં. એ પોતાના શરીરે યોગરોચના લગાવે છે. પણ એકાએક એને યાદ આવે છે કે માપ લેવાની પટ્ટી તો એ ભૂલી ગયો! થોડો વિચાર કર્યા પછી એને સૂઝે છે કે ઉપવીતના દોરાથી એનું કામ સરશે! જનોઈ તો બ્રાહ્મણને—અને એમાંય એના જેવાનો—તો ખાસ ઉપયોગી છે. એની પવિત્રતાની એને કંઈ પડી નથી! દીવાલમાં બાકોરું પાડવું હોય ત્યારે એ માપ લેવાના કામમાં આવે, કમાડ ચૂસ્ત રીતે બંધ કરાયાં હોય તો ઉઘાડવાના કામમાં આવે અને જો સર્પદંશ થયો હોય તો ગાંઠ મારવાના કામમાં પણ આવે!

માપ લીધા પછી એ બાકોરું પાડવાનું શરૂ કરે છે. છેલ્લી ઈંટ ખેંચવાની બાકી હોય છે ત્યાં એને સર્પ કરડે છે. જનોઈના દોરાને એ સખત રીતે આંગળી પર વીંટે છે અને દવા લગાવે છે. એને આરામ થઈ જાય છે. હવે એ અંદર જૂએ છે. દીવો બળી રહ્યો છે. સુવર્ણ જેવી પીળાશ પડતી દીપકજ્યોતનો પ્રકાશ બાકોરા વાટે બહાર આવીને ચારે બાજુ અંધકારથી વીંટળાતો જમીન પર પથરાય છે, જાણે નિકષ પર પડેલા સુવર્ણના લિસોટા!

હવે એ અંદર પ્રવેશે છે. બે માણસો ઘસઘસાટ ઊંઘે છે. એક છે ચારુદત્ત અને બીજો એનો મૂર્ખ બ્રાહ્મણમિત્ર વિદૂષક. હવે પોતાના રક્ષણને ખાતર, જરૂર પડે તો ભાગી છૂટવા, ખંડનું દ્વાર ખોલી નાખવા શર્વિલક પ્રયત્ન કરે છે. પણ ઘર જૂનું હોવાથી કમાડ ઊઘડતી વખતે અવાજ કરે છે! અવાજ ન થાય એટલા માટે એના મિજાગરામાં એ પાણી છાંટે છે અને તે પણ એટલી કાળજીથી કે પાણીનો જમીન પરે પડવાનો અવાજ પણ ન થાય! હવે એ પેલા બે ઊંઘતા માણસો તરફ ફરે છે. એને શંકા જાય છે કે આ બે માણસો ખરેખર ઊંઘેલા છે કે ઊંઘવાનો ઢોંગ કરે છે? એને નક્કી થાય છે કે બન્ને જણ ખરેખર ઊંઘી ગયેલા છે કારણ કે એણે બીવડાવવાનો પ્રયત્ન કર્યો પણ એ બીતા નથી; એમનો શ્વાસોચ્છ્વાસ નિઃશંક છે, વિશદ છે, અને નિયમિત છે; આંખો પૂરેપૂરી બંધ થયેલી છે, ડોળા અંદર ફરતા હોય એમ જણાતું નથી કે પાંપણો પટપટતી નથી, શરીરનાં અંગો નિશ્ચિંત રીતે શિથિલ થઈને પડ્યાં છે; વળી જો તેઓ ઊંઘવાનો ઢોંગ કરતા હોય તો દીવાના પ્રકાશને મુખ પર પડવા દે નહીં.

બેય માણસો ઊંઘે છે એ જાણ્યા પછી એ આજુબાજુ જુએ છે અને અચંબો પામે છે. ત્યાં મૃદંગ પડેલું છે, દર્દુર છે, પણવ છે, વીણા છે, વાંસળીઓ છે અને પુસ્તકો છે! આ કોઈ નાટ્યાચાર્યનું ઘર તો નહીં હોય! એને લાગે છે કે મકાનના માત્ર બાહ્ય દેખાવથી જ મોહિત થઈને એ અંદર આવી ચઢ્યો! એ વિચારે છે કે આ ઘરમાલિક સાચેસાચ ગરીબ હશે, કે પછી ચોરના ભયથી એણે દ્રવ્યને જમીનમાં

સંતાડ્યું હશે? જો એમ હોય તો તો શર્વિલકથી કોઈ ધન છૂપું રાખી શકાય એમ નથી! એની પાસે એવા દાણા છે જે જમીન પર વેરવાથી ધન છે કે નહીં તેની ખબર આપે! દાણાને એ જમીન પર વેરી જુએ છે. એકે દાણો ફૂલનો નથી. એને ખાતરી થાય છે કે ઘરમાલિક દરિદ્ર છે. એ પાછા ફરવાની તૈયારી કરે છે પણ એટલામાં તો પેલો ચારુદત્તનો મૂર્ખ મિત્ર વિદૂષક ઊંઘમાં બકે છે અને એની પાસે સોનાનાં ઘરેણાંની પેટી છે એવી જાણ કરે છે. શર્વિલકને લાગે છે કે આ માણસ મારી મશ્કરી કરે છે. એને મારી નાખવાની એને ઇચ્છા થાય છે પણ એ વિચારે છે કે કદાચ મગજની નબળાઈને કારણે પણ એ માણસ આમ બકતો હોય. જતાં જતાં એ એક નજર એની ઉપર ફેંકી લે છે. પણ ત્યાં તો એને કંઈક પેટી જેવું કપડામાં વીંટાળેલું દેખાય છે. એને પડાવી લેવાનો એ વિચાર કરે છે પણ ખમચાય છે. એને થાય છે કે એક ગરીબ કુળવાન માણસને લૂંટી લેવો એ યોગ્ય થતું નથી. પણ એટલામાં તો પેલો ફરીથી બકી ઊઠે છે: 'ગાય અને બ્રાહ્મણની ઇચ્છાને માન આપીને આ ઘરેણાંની પેટી તું લેતો જા!' શર્વિલક વિચારમાં પડે છે. બ્રાહ્મણની ઇચ્છાની અવગણના ન કરવી જોઈએ. એ પેટી લેવા જાય છે પણ ત્યાં તો સળગી રહેલો દીપક એનું ધ્યાન ખેંચે છે. એને ઓલવી નાંખવો જોઈએ એમ એને લાગે છે. પોતાની પાસે રાખેલું પતંગિયું એ છોડે છે જેની પાંખની ઝાપટથી દીપક બૂઝાઈ જાય છે. એના પતંગિયાનું નામેય કેવું—ભદ્રપીઠ! અંધકારનું સામ્રાજ્ય વ્યાપે છે. એની સાથે એ કુળવાન નબીરાનું મનોમંથન શરૂ થાય છે: 'આ અંધકાર તો સામાન્ય છે પણ મારા બ્રાહ્મણકુળ ઉપર અંધકારનું આવરણ હું નથી લાવી રહ્યો? મારો પિતા તો ચાર વેદનો જાણકાર હતો. કોઈની ભેટ સરખીય એને ન ખપે. જ્યારે હું શર્વિલક, એનો પુત્ર, એક સામાન્ય મદનિકાને ખાતર આ કુકૃત્ય કરી રહ્યો છું!"...પણ એ લાચાર છે. સંજોગોથી એ કચડાવા માગતો નથી અને નીતિને અભરાઈએ મૂકતાં એને દુઃખ થાય છે. એના મનની મૂંઝવણ વધતી જાય છે. અંતે એ પેટી લઈ લે છે પણ એનું મન માનતું નથી. શું થાય? ધિક્કાર છે એ નિર્ધનતાને કે જેમાં સપડાવાથી માનવી એના માનવ્ય ગુણોને વિસરી જાય છે. આ શરમજનક કાર્યને ધિક્કારવા છતાં પણ એ કરવું પડે છે એની એને બેચેની છે.

હવે મદનિકાને મેળવવા એ વસન્તસેનાના ઘર ભણી જવા તૈયારી કરે છે. પણ એટલામાં એને કોઈનાં પગલાંનો અવાજ સંભળાય છે. એ પગલાં પોલીસનાં હોય એવું તો કંઈ એને લાગતું નથી. એ ગમે તે હોય, એની નજરમાંથી બચવા એ થાંભલાની પેઠે સ્થિર ઊભા રહેવા વિચારે છે. પણ તરત જ એ વિચાર પડતો મૂકે છે. પોલીસથી એમ ડરે તો એ શર્વિલક શાનો? એની ખુમારી તો ગજબની છે—ઊંચે ચઢવામાં એ બિલાડો છે, દોડવામાં એ હરણ છે, ઝૂંટ મારવામાં અને ટુકડા કરવામાં એ બાજ છે, જાગતા અને ઊંઘતા માનવીઓની શક્તિની અટકળ કરવામાં એ શ્વાન છે, સરકવામાં એ સાપ છે, અનેક રૂપો ધરવામાં એ સાક્ષાત્ માયા છે, વિવિધ બોલી બોલવામાં એ વાગ્દેવતા છે, અંધારી રાતે એ દીપક છે, જમીન ઉપર એ ઘોડો છે અને પાણીમાં એ નાવ છે!—આવો શર્વિલક કોઈથીય શાનો ડરે?

પગલાંનો એ અવાજ પોલીસનો નહોતો પણ ચારુદત્તની દાસી રદનિકાનો હતો. માનવી જેવું કંઈક જણાતાં એને મારવા શર્વિલક તૈયારી કરે છે પણ જ્યારે એ જાણે છે કે એ તો એક સ્ત્રી છે ત્યારે કંઈ પણ બોલ્યાચાલ્યા વિના એ જતો રહે છે.

શર્વિલક હવે વસન્તસેનાના ઘર ભણી આવે છે. રાત્રિના એ રાજ્ય અજવાળું થતાં, ઊગતા સૂર્યની સામે ઝાંખા લાગતા ચન્દ્રની પેઠે, બેચેની અનુભવે છે. વસન્તસેનાના ઘરમાં પ્રવેશતાં જ એને એની પ્રિયા મદનિકા મળે છે. શર્વિલકની બેચેની એ કળી જાય છે. શર્વિલક એને ચોરીની વાત કરે છે ત્યારે મદનિકા એને એવા સાહસ માટે ઠપકો આપે છે પણ શર્વિલક તો માને છે કે સાહસ વિના સુખ મળતું નથી. વળી પોતાને લાંછન લાગે એવું કાર્ય તો એ કરતો નથી. એના ધંધામાં પણ એણે નીતિ–અનીતિનાં બંધનો સ્વેચ્છાએ સ્વીકાર્યાં છે. ફૂલભારે લચી પડતી વેલી જેવી આભૂષણવતી અંગનાને એ લૂંટતો નથી, બ્રાહ્મણનું ધન ચોરતો નથી, યજ્ઞને માટે ભેગું કરેલું ધન એને વર્જ્ય છે. આયાના ખોળામાં રમતા બાળકને એણે ધનથી લોભાઈને કદીય લૂંટી લીધું નથી. એની બુદ્ધિ ભલે ચોરીના ધંધામાં રોકાયેલી હોય પણ સારાસારનો વિવેક તો એણે કર્યો જ છે.

શર્વિલક જ્યારે મદનિકાને ઘરેણાં બતાવે છે ત્યારે એ ઘરેણાં મદનિકા ઓળખી જાય છે—અને એ ક્યાંથી આવ્યાં એ વિશે પૂછે છે. શર્વિલક ચારુદત્તના ઘરની વાત કરે છે.

એ સાંભળી મદનિકાને આઘાત લાગે છે કારણ કે ચારુદત્ત તો એનાં શેઠાણી વસન્તસેનાનો પ્રેમી છે મદનિકાની બેચેની શર્વિલકથી સહન થતી નથી. એ એને બેચેનીનું કારણ પૂછે છે. મદનિકા એ સાંભળ્યા વિના અધીરાઈથી પૂછે છે —" તેં ત્યાં કોઈનું ખૂન તો નથી કર્યું ને ?" જ્યારે શર્વિલક કહે છે કે ઊંઘતા કે ગભરાયેલા માનવીનું હું ખૂન કરતો નથી ત્યારે મદનિકાને કળ વળે છે. અને આનંદ પામે છે. આ બધાંનું કારણ જાણવા જેટલી ધીરજ શર્વિલકમાં નથી. એ તો માની બેસે છે કે મદનિકા જરૂર ચારુદત્તના પ્રેમમાં હોવી જોઈએ ! અને આવી શંકા જતાં જ એના મગજનો પારો આસમાને પહોંચે છે અને પછી તો વરસે છે એનાં તાતાં વાગ્બાણોની વર્ષા. ક્રોધમાં ને ક્રોધમાં એ ચારુદત્તનું ખૂન કરવાનું કહે છે !

મદનિકાને લાગે છે કે કંઈક અવળું બફાય છે. શર્વિલકના આ અસંબદ્ધ પ્રલાપને શાંત કરવા એ ચોખવટ કરે છે કે હું ચારુદત્તના પ્રેમમાં નથી પડી પણ વસન્તસેના એને ચાહે છે. શર્વિલક હવે ધીરો પડે છે અને પોતાના નિષ્કારણ ગુસ્સા માટે પશ્ચાત્તાપ કરે છે.

હવે શું થાય ? જે ઘરેણાં જેને આપવાનાં છે તે તો તેનાં જ છે. આપવાં કયે બહાને ? શર્વિલક મૂંઝાય છે. એકે માર્ગ એને જડતો નથી. ક્ષણ પહેલાં મદનિકા પર શંકા લાવીને સમસ્ત સ્ત્રીજાત ઉપર દાખવેલો બધો ગુસ્સો ઊતરી જાય છે અને એ મદનિકાની સલાહ માગે છે કારણ કે સ્ત્રીઓ જન્મથી જ શાણી હોય છે, જ્યારે પુરુષો ડાહ્યા હોય છે ખરા પણ તે તો શાસ્ત્રોના અધ્યયનથી !

મદનિકા એને રસ્તો બતાવે છે કે ઘરેણાં ચારુદત્તને પાછાં આપી આવ ! શર્વિલકનું મન માનતું નથી. કોઈક બીજો રસ્તો સૂચવવાનું એ એને કહે છે. હવે એની ખરી ગમ્મત થાય છે. મદનિકા કહે છે કે વસન્તસેના પાસે જા અને કહેજે કે ચારુદત્તે આ ઘરેણાં આપને આપવા માટે મને મોકલ્યો છે ! શર્વિલક એ પ્રમાણે કરે છે પણ ખરો. વસન્તસેનાએ આ બન્ને જણાંની વાતચીત છુપાઈ ને સાંભળી હોય છે. શર્વિલકને આદર આપીને એ બેસાડે છે અને કહે -છે કે આવ્યા છો તો ભલે પણ આ મદનિકાને લેતા જાઓ, કારણ કે ચારુદત્તે મને કહેલું છે કે જે કોઈની સાથે હું ઘરેણાંની પેટી પરત કરું એને મદનિકા પરણાવવી ! ભાવતું'તું ને વૈદે કહ્યું ! હવે તો શર્વિલક ચારુદત્તનાં ગુણગાન ગાવા બેસી જાય છે, એટલું જ નહીં, એનો ભક્ત બની જાય છે !

મદનિકાને રથમાં બેસાડીને શર્વિલક જાય છે ત્યાં અવાજ સંભળાય—છે " સાંભળો ! સાંભળો ! ! સરકારનો હુકમ છે-યુવાન ભરવાડ આર્યક ભવિષ્યમાં રાજા થશે એવું ભવિષ્યવેત્તાઓનું વચન સાંભળીને આપણા રાજા પાલકે એને જેલમાં પૂર્યો છે, માટે દરેક રાજસેવકે પોતાની જગાએ ધ્યાનથી પહેરો રાખવો..."

આ સાંભળીને શર્વિલકનો પિત્તો ઊછળ્યો. પોતાના મિત્ર આર્યકને રાજા પાલક કેદમાં પૂરે-?–અને તે શર્વિલકનાં જીવતાં ?–બને નહીં. નવોઢા પત્નીને પોતાના મિત્રને ઘેર મૂકીને એ આર્યકને છોડાવવા અને જુલમી રાજા પાલકના રાજ્યને ઉથલાવી પાડવા નીકળી પડે છે. એના મિત્રો અને સંબંધીઓની ટોળીઓ જમાવે છે. એના મિત્રોમાં રસ્તે રખડતા જુગારીઓથી માંડીને તે રાજાના સેવકો અને પોલીસ અમલદારનો પણ સમાવેશ થાય છે. એ બધાયનો એ નેતા બને છે અને રાજ્યસત્તા સામે બળવો જગાવે છે. નિર્ધનતાનો ભોગ બનીને અનુભવવા પડેલા જીવનના અનેક બનાવોએ એનું જે જીવન ઘડ્યું છે તે એને આ તકે ઉપયોગી થઈ પડે છે.

એક વાતનો એને વસવસો રહી ગયો છે. ચારુદત્તે અને વસન્તસેનાએ એના ઉપર જે ઉપકાર કર્યો છે એનો બદલો ચૂકવવો શી રીતે ?–અને સમય આવી પહોંચે છે. બદલો જેવો તેવો નહીં પણ-જીવતદાન ! જુલમી રાજા પાલકના સાળાએ ચારુદત્ત ઉપર ખૂનનો ખોટો આરોપ મૂકીને એને શિક્ષા કરાવી છે. ચારુદત્તને વધસ્તંભ પર લાવવામાં આવ્યો છે. એનો બચાવ માત્ર એક જ રીતે થઈ શકે એમ છે—જો રાજા એને માફી આપે તો ! વાત અશક્ય છે. જુલમી રાજા પાલકના હૃદયમાં દયાનો છાંટો નથી. પણ એ જ ક્ષણે શર્વિલકે પાલકની રાજસત્તા ઉથલાવી પાડીને આર્યકને ગાદીએ બેસાડી દીધો છે ! એ દોડતો દોડતો વધસ્તંભ પાસે આવે છે અને આર્યકે ચારુદત્તને જીવતદાન આપ્યાનું જાહેર કરે છે આમ છતાંયે ચારુદત્તની પાસે જતાં એ અચકાય છે. એના ઘરમાં પોતે ચોરી કરીને એનો ગુનો કર્યો છે એ વાત એ વિસરી શકતો નથી. જીવનમાં જંગ ખેલનાર આ વીર એ સુજનતા સામે નમ્ર બની જાય છે. ચારુદત્ત તો વીર છે અને ક્ષમા એ વીરનું ભૂષણ છે એમ માની એને મળે છે. નાટકને અંતે આવતું આ બે વીર પુરુષોનું મિલન કોને યાદ નહીં રહે ?

[માનવ : જુલાઈ '૫૮

રેડીએશન!

[અણુયુગની બર્બરતાએ સરજેલ કરપીણ મૃત્યુ !]

સત્ય ઘટના

જપાનમાં હિરોશીમામાં પ્રથમ અણુબૉમ્બ ફેંકી બીજા વિશ્વયુદ્ધમાં સાથીરાજ્યો વિજયી નીવડ્યાં...

•

આ બૉમ્બવૃષ્ટિએ એક નવા કરપીણ રોગને જન્મ આપ્યો · એનાં વિસ્ફોટક કિરણોએ જપાનના અનેક અદના માનવીઓને માથે ભયંકર મોતની ઝડી વરસાવી. એ રોગનું નિદાન હજી થયું નથી! કેવળ એને 'રેડીએશન' કહે છે!

•

આ અનામી રોગમાં ઝડપાયેલા, તલતલ મૃત્યુના પાશમાં પડેલા જપાનના એક યુવાનની અત્યંત કરુણ ઘટના...એની પત્નીની દર્દભરી કહાણી અહીં આલેખાઈ છે......

અદિતા મોરીસ ને ઈરા મોરીસ એ બંને પતિપત્ની છે. સ્વીડન એમનું મૂળ વતન. બંને સારાં લેખક છે. આ દંપતી છેલ્લા એક વર્ષથી એક આરામ-કેન્દ્રનું સંચાલન કરી રહ્યાં છે. આ આરામ-કેન્દ્રનું નામ છે ' હિરોશીમા આરામ-કેન્દ્ર.' જપાનમાં હિરોશીમા ખાતે અણુબૉમ્બે સર્જેલ દાવાનળમાં જે લાખેક માણસો બચી ગયાં છે—એમને કંઈક આશરો મળે ને મદદરૂપ થવાય એ ઉદ્દેશથી આ કેન્દ્ર ચાલી રહ્યું છે. એ કેન્દ્ર સાથે નિયમિત રીતે સંપર્ક રાખનાર બે માણસો અણુબૉમ્બનાં રેડિયો-ઍક્ટીવ કિરણોને કારણે ઊભી થયેલ એક નવા જ પ્રકારની બિમારીથી મૃત્યુ પામ્યાં છે. આ નવી બીમારીનું નામ છે—' રેડીએશન.' અણુબૉમ્બ ફૂટ્યો તે સ્થળથી જેઓ સેંકડો માઈલ દૂર હતા, તેવા લોકોને પણ એના ભયંકર વિસ્ફોટક કિરણોની અસર થઈ. તેમાંથી આ નવો રોગ પેદા થયો—' રેડીએશન ! '

આ રોગ એવો છે કે જેની આજના તબીબી વિજ્ઞાન પાસે કોઈ દવા નથી. રેડીએશનનો દર્દી આજે દેખીતી રીતે સાજોસમો ને તંદુરસ્ત દેખાતો હોવા છતાં અચૂક રીતે મૃત્યુ ભણી પગલાં માંડી રહ્યો હોય છે. ને એ મૃત્યુ તે કેવું? અસહ્ય યાતનાઓથી ભરપૂર. આવા જ એક મૃત્યુનો ખ્યાલ આપણને હિરોશીમા આરામ-કેન્દ્રનાં સંચાલિકા બહેન અદિતા મોરીસ, પોતાના પર લખાયેલા એક યુવાન દંપતીના પત્રો પરથી આપે છે.

એક જાણીતા અમેરિકન લશ્કરી અધિકારી જનરલ ગ્રોવ્સ કહે છે કે: ' મારા ધારવા મુજબ ' રેડીએશન ' થી આવનારું મૃત્યુ બહુ આનંદદાયક હોવું જોઈએ ! ' ' રેડીએશન 'ને જન્મ આપનાર દેશના (અમેરિકાના) એ સંસ્કારી ગણાતા નાગરિકને જપાનના નાગરિકો કહે છેઃ આ જુઓ, તમારી સંસ્કૃતિએ માણસને માટે સરજેલું ' રેડીએશન ' શું ચીજ છે! તમારી પ્રજા—અરે, દુનિયાની કોઈ પણ પ્રજા—અમારી સ્થિતિ જોયાજાણ્યા પછી માનવજાતને માથે ' રેડીએશન ' નું ' વરદાન ' મઢવા નીકળનારાઓને ' માનવ ' નહિ પણ ' દાનવ ' તરીકે ઓળખશે.

કુમીઓ નાકામુરા જપાનનો એક ઊછરતો જુવાન હતો. એને પોતાનાં વહાલસોયાં બે બાળકો હતાં. સ્નેહમયી પત્ની હતી. ડ્રાઈવરનો ધંધો કરી નાકામુરા પોતાના આ નાનકડા કુટુંબનું ભરણપોષણ કરતો. ' રેડીએશન 'ની અસરમાં આવી ગયેલ આ જુવાનનો સતત પીછો કરતું મોત આખરે એને કેવી રીતે ઝડપી લે છે એનો ચિતાર અહીં એમના ૮ પત્રોમાં આપેલ છે.

•

૧૯૫૭ના નવેમ્બરની ૧લીના પત્રમાં નાકામુરાની પત્ની લખે છેઃ

'મારા પતિની દાક્તરી તપાસ કરાવી. દાક્તરોએ કહ્યું કે એમનું કાળજું (લીવર) બહુ ખરાબ થઈ ગયું છે. જો કે એમના ચહેરા પરથી તો તબિયત બહુ સારી લાગે છે... એમની આ છબી પરથી તમને પણ એમ જ લાગશે. એમણે ખોરાકમાં પ્રોટિનનું તત્ત્વ સારા પ્રમાણમાં લેવું પડશે. બહુ શારીરિક મહેનત એમનાથી નહિ લેવાય. દાક્તરોની સલાહ છે કે એમણે ખૂબ આરામ લેવો જોઈશે (પણ એ શી રીતે બનવાનું હતું? કારણ લૉરી હંકારવાનું કામ મૂકી દીધે તો ચાલવાનું જ નથી.) એમને એક્સરેની સારવાર અપાય તો થોડો લાભ થાય ખરો. પણ લાંબે ગાળે એની બહુ સારી અસર થવાની નથી. ભવિષ્યમાં કંઈક નુકસાન પણ દેખાય. મારું મન બહુ મુંઝાયા કરે છે. પ્રભુ કરે ને એમને સારું થઈ જાય—તમે તો જાણો જ છો, અમારે નાનાં નાનાં બાળકો છે. એમને ખાતર પણ એમણે ગમે તે ભોગે જીવવું જ રહ્યું.

નવેમ્બર : તા. ૨૬, ૧૯૫૭

કાલનાં છાપાંઓમાં ખબર હતા કે, રેડીએશનનો એક બીજો દર્દી ગઈ કાલે હૉસ્પિટલમાં મરી ગયો. એનાં ઘણાં બધાં લક્ષણો મારા પતિના દર્દને મળતાં છે. અમારાં સદ્ભાગ્ય કે એમને હજી સારું છે. પણ મને સમજાતું નથી, કે આટલાં બધાં શાથી મરી જાય છે. અમારી બધી બચત હું એમને માટે વિટામિનની ગોળીઓ ખરીદવા પાછળ ખરચી નાખું છું. મને આશા છે કે જરૂર એમની તબિયતમાં ફેર પડશે જ.

ડિસેમ્બર : તા. ૧૦, ૧૯૫૭

તમને એ લખતાં મને દુઃખ થાય છે કે, વળી પાછું મારા પતિને સારું લાગતું નથી. વળી પાછાં બધાં લક્ષણો એકે એકે દેખાવા લાગ્યાં છે. એમને ઝાડા થઈ જાય છે. એમની ભૂખ જાણે તદ્દન મરી ગઈ છે. વાયુ ખૂબ ઊપડે છે. રાતે ઊંઘ આવતી નથી ને મોં તો એકદમ લેવાઈ ગયું છે... વળી આજે કંઈક રાહત છે.

ડિસેમ્બર : તા. ૩૦, ૧૯૫૭

(નાકામુરા પોતે અંગ્રેજી જાણતો નથી એટલે એણે પોતાની પત્ની પાસે અદિતાના પત્રનો જે જવાબ લખાવેલ તેમાંથી.)

"મારા માટે આટલી કાળજી રાખવા બદલ તમારો ઘણો જ આભારી છું. કોકવાર હું તદ્દન નંખાઈ જાઉં છું ને મને એટલી બધી નબળાઈ લાગે છે કે ન પૂછો વાત. પણ હું જાણું છું કે મારે મારાં બાળકોને ખાતર પણ જીવવું જ જોઈએ.

મારી પત્ની મને સાજો કરવા ને મારામાં ઉત્સાહ પ્રેરવા કેટકેટલું કરે છે! ખેર, પણ રોજ સવારના પહોરમાં ઊઠું છું ત્યારે મને મારું આખું શરીર જાણે બહેરું પડી ગયું હોય એવું લાગે છે. મારું મોઢું, હાથ ને પગ પર સોજા ચઢી ગયેલ હોય છે.

પેટ ભારે ભારે લાગ્યા કરે છે. કારણ મારું કાળજું ખૂબ વધી ગયું છે ને તે સાધારણ રીતે હોય છે એના કરતાં ચારગણું મોટું! ને મારાં આંતરડાં તો બધાં કેમ જાણે પેડુને છેક તળિયે લટકી પડ્યાં હોય એવું લાગ્યા કરે છે. ખાવા બેસું છું ત્યારે ને ખોરાક લીધા પછી શ્વાસ જાણે તૂટતો હોય એવું થાય છે. આખો દિવસ મારું મન ખૂબ તંગ રહ્યા કરે છે ને રાતે બિલકુલ ઊંઘ આવતી નથી.

મારી પત્નીના અતિ આગ્રહને વશ થઈ મેં હમણાં જ મારું શરીર તપાસરાવ્યું. સંપૂર્ણ તપાસને અંતે દાક્તરોએ કહ્યું કે, મારું કાળજું બહુ વધી ગયું છે. પણ એમની પાસે એને મૂળ સ્થિતિમાં આણવા માટે કોઈ ઉપચાર નથી. સિવાય કે દર એક દિવસને આંતરે હું વિટામિન્સનાં ઇન્જેક્શનો લીધા કરું.

બીજી વાત એમ છે કે 'રેડીએશનનું દર્દ' તદ્દન નવો જ રોગ છે, એટલે મને એમ લાગે છે કે દાક્તરી અખતરાઓ માટે હું એક સારું પ્રાણી એમને હાથ ચઢી ગયેલ છું. એને લીધે કદાચ પ્રયોગશાળામાં થતી મારી તપાસમાં બહુ ચીવટ રખાતી હશે. પણ એક માંદા માણસને મન એનો શો ઉપયોગ?...રોગની સારવારનો સવાલ ઊભો થતાં જ કંઈક અટકીને ઊભું રહી જાય છે..."

જાન્યુઆરી : તા. ૬, ૧૯૫૮

આ ત્રીજી તારીખથી વળી એમની તબિયત વધારે બગડી લાગે છે. નાતાલના તહેવારો દરમિયાન જો કે એમને બહુ સારું રહ્યું. બાળકોને પણ તહેવારના દિવસોમાં બહુ મઝા પડી...એમને માટે દાક્તરે 'લ્યુકેશન સી. બી. ૧૪૩૮' નામની એક નવીન દવા લખી આપી છે તે હું લઈ આવવાની

છું. એ મોઢેથી લેવાની છે. તે કહે છે કે બીજી દવાઓની જેમ આની કંઈ બીજી ત્રીજી ખરાબ અસર શરીર પર થતી નથી.

દર અઠવાડિયે દાક્તરે એમનું લોહી તપાસવાનું કહ્યું છે ને લોહીનાં લાલધોળાં રજકણો પર દાક્તરો પૂરેપૂરી તપાસ રાખવા માગે છે. એમને હમણાંનો તાવ આવવા માંડ્યો છે. પણ તે ઝીણોઝીણો. બહુ વધારે નથી ચઢતો. સહેજસાજ હાલચાલ કરે તોય જાણે એમને છાતીમાં ગૂંગળામણ થવા લાગે છે, ને પેટ તો એમનું ફૂલીને એટલું મોટું થઈ ગયું છે કે પેટ પરની ચામડી તતડે છે, ચીમટીય ભરી શકાતી નથી.

એમને આ બધું દુઃખ સહન કરતા જોઈ કોકવાર તો હું તદ્દન હતાશ બની જાઉં છું. મને લાગે છે કે, ટાઢ ઓછી થતી જશે–તેમ તેમ કદાચ એમની તબિયતમાં સુધારો થશે. ને જો કંઈ ફેર નહિ જ પડે, તો પછી મારે એમને હૉસ્પિટલમાં દાખલ કરાવવા પડશે. પણ આજે તો એમ લાગે છે કે, બને ત્યાં સુધી એમને ઘરથી અળગા કરવા નથી. ઘરમાં રહીને જ નિયમિત દવાદારૂ લેશે એથીય ફેર પડશે.

માંદા માણસને સાજા થવા માટેનો ઉત્સાહ ટકાવી રાખવો એ પણ આજે તો મને બહુ અઘરું કામ લાગે છે. એ આખો વખત લવ્યા કરે છે કે: ' આ વરસનો અંત હું ભાગ્યે જ જોવા પામીશ. ' એમના મોઢામાંથી આવા શબ્દો નીકળે એ શરમની વાત છે. હું એમની હિંમત ટકાવી રાખવા કેટકેટલી મથું છું. પણ ઓ મારી વહાલી બેન ! તને શું કહું ? મારી ચિંતાનો પાર નથી.

જાન્યુઆરી : તા. ૩૧, ૧૯૫૮

(નાકામુરાએ પોતાની પત્ની પાસે લખાવેલા પત્રમાંથી.)

મારે ખાતર તમે કેટલાં ઉચાટમાં પડી ગયાં. આ મહિનાની શરૂઆતથી મેં જે દિવસો કાઢ્યા છે તે અસહ્ય છે. મને એવું લાગે છે જાણે મારું આખું શરીર અંદરથી સડી રહ્યું છે, અંદરનાં બધાં અવયવો ગળતાં જાય છે ! દિવસે દિવસે મારી નબળાઈ વધતી જાય છે. મને જીવતો ભઠ્ઠીએ ચઢાવી દીધો હોય એવું થાય છે. મારી સ્થિતિ રોજ ને રોજ બગડતી જાય છે. દાક્તરો મને જે કંઈ દવાઓ આપ્યા કરે છે, તે હું લીધા કરું છું. એનાથી કદાચ થોડે અંશે કંઈક રાહત મળતીય હશે. પણ મને લાગે છે કે મારી તબિયતમાં સુધારો થતાં તો હજી અઠવાડિયાંનાં અઠવાડિયાં નીકળી જશે.

મને હમણાંના પાણીભરેલા ફોલ્લા નીકળવા માંડ્યા છે. મારા કાળજાની દશા એટલી બગડી ગઈ છે કે, હું મીઠું તો બિલકુલ લઈ શકતો નથી. ને મીઠા વગરનો ખોરાક ફિક્કો બેસ્વાદ લાગે છે. જેની કોઈ દવા જ નથી, એવા રોગના ભોગ બનવું, એટલે રોજ ઝેર પીને મૃત્યુના દિવસની રાહ જોવા જેવું છે. કોક વાર તો હું એટલો અકળાઈ જાઉં છું કે, આખી રાત મારા ખાટલામાં પાસાં ઘસ્યા કરું છું. મન બહુ ખરાબ થઈ ગયું છે. છતાં આશા રાખું છું કે મને ઠીક થઈ જશે.

ફેબ્રુઆરી : તા. ૧૭, ૧૯૫૮

મેં તમને છેલ્લો પત્ર લખ્યો તે પછીથી મારા પતિની તબિયતમાં ખાસ કંઈ ફરક પડ્યો નથી એમને તાવ ચઢે છે, ઉધરસ ને કફ રહે છે. એમનું કાળજું કદમાં કંઈ નાનું થયું હશે. પરંતુ એમના શરીર પરના ફોલ્લા જરાય નાના થયા નથી. એમને જે દવાઓ લેવી પડે છે, એની વળતી અસરને કારણે એમના લોહીમાં સફેદ રજકણનું પ્રમાણ ૨૦૦૦ જેટલું ઊતરી ગયું છે. આને કારણે એમનું શરીર મૂઢ જેવું બની ગયું છે. એમની ભૂખ એકદમ એટલી બધી મટી ગઈ હતી કે મારે એમને પાછું ખોરાકમાં મીઠું આપવાનું શરૂ કરવું પડ્યું છે, એથી એમને કંઈક સારું લાગે છે.

ઘરમાં સતત માંદગીનું બિછાનું હોવું એ બહુ મોટી આપદા છે. રાતમાં કંઈ કેટલીય વાર કેટલાંય કારણસર મારે જાગવું પડે છે ને એમને હાથ આપવો પડે છે. પણ તેઓ પોતે જે દુઃખ ભોગવી રહ્યા છે, એની આગળ આની કંઈ જ વિસાત નથી. ઘણી વાર થાય છે કે એમની પીડામાં ભાગ પડાવી શકતી હોત તો કેવું સારું.

ગયે અઠવાડિયે દાક્તરોએ એમનાં હાડકાંમાંની મજ્જા તપાસી જોઈને કહ્યું : આ તપાસ પરથી લાગે છે કે થોડા વખત પછી એમના લોહીમાં સુધારો થવાની પૂરેપૂરી શક્યતા છે.

સવારનાં છાપાંમાં ખબર હતા કે ગઈ કાલે ૩૬ વર્ષની એક બાઈ આ જ રોગથી મરી ગઈ. ૧૯૫૮નું આ ચોથું મૃત્યુ.

માર્ચ : તા. ૪, ૧૯૫૮

મારા પતિની સ્થિતિ સારી છે એમ તો શી રીતે કહું ?

પરંતુ એ વાત ખરી કે અત્યારે એમને કંઈક રાહત છે. આ અમારો ખ્યાલ જ છે. એમના લોહીની તપાસમાં સફેદ રજકણનું પ્રમાણ ૮૦૦ પર આવી ગયું છે ત્યારે વળી છેલ્લાં ચાર અઠવાડિયાં થયાં 'લ્યુકેરાન' નામની દવા એમણે લીધી, એને કારણે એમના શરીર પર (દાઝેલા હોય એવા) ફોલ્લા ઊઠી આવેલા છે.

અને તેમાં હવે પરુ થવા માંડયું છે. ને એની વેદના વધવા માંડી છે. એમનું કાળજું ને બરોળ હવે ઘણાં નાનાં થઈ ગયાં છે એમનો ઉપરનો હોઠ આખો ફાટી ગયો છે, ને એમાં પરુ થવા માંડયું છે. મોઢાની દશા પણ બહુ ખરાબ છે. પણ મને લાગે છે કે એમના લોહીમાં સફેદ રજકણ વધવા માંડશે તેમ તેમ એમને કંઈક સારું થતું જશે. એમને પોતાને હજી ખબર નથી કે એમનાં સફેદ રક્તકણનું પ્રમાણ આટલું બધું ઘટી ગયેલું છે.

એ તો એમ જ કહે છે કે, આ પીડા જો આમ ને આમ વધતી જ જવાની હોય તો મારું મરણ આ ઘડીએ જ આવે તો સારું. આ તો જીવતેજીવ નરક ભોગવવા જેવું જ છે.

એમને ઘરપત બંધાવવાનું કામ હવે મુશ્કેલ બની ગયું કારણ છેલ્લા બે મહિના થયાં તેઓ આ પીડા ભોગવી રહ્યા છે.

ગઈ કાલે પેશાબ કરાવવા માટે એમને બે ઇંજેકશન આપેલાં. એ ઇંજેકશન એટલાં તો દર્દનાક હતાં કે એ લીધા પછી પાંચ કલાક સુધી એમને ચેન નહોતું. છતાં મને લાગે છે કે એ ઇંજેકશને નુકસાન કરતાં ફાયદો જ વધારે કર્યો છે...મને લાગે છે કે એમની ચાકરી કરતાં કરતાં હું એક સારી નર્સ બની જઈશ.

માર્ચ : તા. ૯, ૧૯૫૮

બધે જ વસંતની પ્રફુલ્લતા છવાઈ ગયેલી છે. બધે જ સુખ ને આનંદ પ્રસરી રહ્યાં છે—એક મારા પતિને બાદ કરતાં. એમની સ્થિતિ એટલી બધી વણસી ગયેલી છે કે, ઘેર રાખીને મારી એકલીથી એમની સંભાળ લઈ શકાય એમ નથી. એટલે મેં એમને હોસ્પિટલમાં ખસેડાવ્યા છે. અહીં એમની બધી રીતે ખૂબ સંભાળ લેવાય છે. પરંતુ દાક્તરે કહ્યું કે, એમની સ્થિતિ તત્કાલ સુધરે એવાં કોઈ ચિહ્ન દેખાતાં નથી—કારણ એમનું વજન બહુ ઘટી ગયું છે.

એમની ચામડી પર બધે ઘારાં થઇ આવ્યાં છે, રાતને વખતે તાવ એકદમ વધી જાય છે ને સવાર પડતાં ઊતરી જાય છે

હવે શું થશે...એની ચિંતામાં મારું મન રોકાઇ રહ્યું છે. આવો વિચાર આવે એ જ મને બિલકુલ રુચતું નથી. પણ હું જાણું છું કે એને લાંબો વખત ખાળી શકાય એમ જ નથી...મારે એનો સામનો કરવો જ પડશે. મારે બે નાનાં બાળક છે. એમને હજી લાલનપાલનની ખૂબ જરૂર છે ને મારા જેટલો જ વિયોગ એમનેય સાલવાનો છે.

કેટલાં નિર્દોષ ભુલકાં છે! હજી એમને તો માથે આવી પડનાર આફતનો ખ્યાલ સુદ્ધાં નથી. હું હિંમત રાખવા ને મન કાઠું કરવા ઘણું ઘણું મથું છું. પણ કોકવાર તો કશા જ કારણ વિના મારી આંખમાંથી આંસું ટપકવા માંડી પડે છે

હું એમને જોવા માટે હોસ્પિટલમાં જાઉં છું ને એ આનંદી દેખાવા કોશિશ કરે છે, ત્યારેય હું જોઈ શકું છું કે પોતે મૃત્યુ ભણી પગલાં માંડી રહ્યા છે એ હકીકત તેઓ બરાબર જાણે છે.

અમે ઘેરથી એમને હોસ્પિટલમાં લઈ ગયાં ત્યારે તેઓ કહેતા હતા કે, 'હવે ફરીથી આ ઘરમાં હું જીવતો આવવા પામવાનો નથી.' ગમે તેમ હું તો આશા રાખું છું કે બધું સારું જ થવાનું છે. તેઓ જીવી જાય એટલે બસ. પછી ભલે જિંદગીભર એમને અમુક મુશ્કેલી વેઠવી પડે, એની ચિંતા નથી.

માર્ચ : તા. ૧૬, ૧૯૫૮

મારી આસપાસ જાણે આફતનાં પૂર ઘૂઘવી રહ્યાં છે. એમની તબિયતમાં રજમાત્ર સુધારો વર્તાતો નથી. દાક્તરી પ્રયોગશાળામાં બધી તપાસ કરાવી ચૂક્યાં. પણ કશો અર્થ નથી. કારણ આ રોગ જ શરીર પર ઊપડી આવેલાં દૂઝતાં ઘારાનું મૂળ કારણ હોય એમ લાગે છે. ચામડીને ભરી દેતા આ વિસ્ફોટને રોકવાનો કોઈ ઉપાય જ નથી.

એમનો આખો ચહેરો એટલો તો સૂજી ગયો છે, જાણે કોઈ દાનવનું બનાવટી મોઢું પહેરી લીધું હોય એવા દેખાય છે. આયનામાં પોતાનું મોઢું જોતાં તેઓ પોતે જ ધ્રૂજી ઊઠયા.

આખી રાત પરુ ભરેલાં આ ઘારાંને કારણે એમને

પુષ્કળ વેદના થાય છે. ઊંઘ તો આવે જ શાની! જરા સરખો ખોરાક લે ત્યાં એમના ચિરાઈ ગયેલા હોઠમાંથી કાળી વેદના ઊઠે છે. હું જોઈ શકું છું કે તેઓ જીવતે-જીવ નરકની યાતનાઓથી તરફડી રહ્યા છે.

એમની અવદશાની શું વાત કરું? મારું મન વિચારે ચઢી જાય છે ને હું કલ્પના કરું છું કે આજ નહિ ને કાલે થોડા દિવસ પછી–યા અમુક વર્ષો પછી મારે પણ આ જ સ્થિતિમાંથી પસાર થવું પડશે...ને મારાં દીકરા-દીકરીની પણ આ જ દશા થવાની...મારી પાસે બોલવા માટે કોઈ શબ્દ નથી.....ગઈ કાલનાં છાપાંમાં સમાચાર હતા કે, રેડીએશનના દર્દે ૧૯૫૮માં આ આઠમા દર્દીનો ભોગ લીધો.

એપ્રિલ : તા. ૧, ૧૯૫૮

મન ખૂબ વ્યાકુળ બની ગયું છે. મારી ગમગીનીનો પાર નથી. આખરે મૃત્યુ આવીને મારા વહાલસોયા પતિને ઉપાડી ગયું. માર્ચની ૩૦મીએ સાંજના પોણાઆઠ વાગે એમની તમામ યાતનાઓનો અંત આવી ગયો. ૧૮મીથી એમને માથામાં સખત દર્દ ઊપડવા લાગેલું. આમેય માથું આખું અસંખ્ય ગુમડાંથી ભરાઈ ગયેલું હતું. માથાની આ ભયંકર વેદના ત્રણ કલાક સુધી એક સરખી રહેતી. તે પછી થાકીને લોથપોથ થઈ થોડીક મિનિટો સુધી તેઓ ઊંઘમાં ઢળી પડતા. આમ ચાલ્યા કરતું. આ વેદનાથી તેઓ એટલા તો ત્રાસી ગયેલા કે તેઓ નર્સોને કાલાવાલા કરવા લાગતા કે ગમે તે ઉપાયે તમે મને મારી નાખો.

એમના લોહીમાં સફેદ રજકણોનો બેહદ વધારો થઈ ગયો હતો. એને કાબૂ રાખવા માટેના અત્યારસુધીના ઉપચારો બિલકુલ નકામા બની ગયા હતા. એમના મોઢા પર એટલો બધો સોજો આવી ગયેલો કે છેલ્લે છેલ્લે તો એમની આંખ પણ ઉઘાડી શકતા નહિ. એમનાં ગુમડાં કંઈક સુકાઈ ગયેલાં ખરાં. એમનાં મોઢા પર ખસ જેવા ફોલ્લાનાં જાણે જાળાં બાઝી ગયાં હતાં. એને કારણે એમનું નાક રૂંધાઈ ગયેલું, કાન ભરાઈ ગયેલા.

૨૬મી માર્ચે એમના મોં પરના સોજા કંઈક ઓછા થયા ને આંખો બરાબર ઊઘડવા લાગેલી. એમને ઘણી રાહત થઈ હોય એમ લાગતું હતું. બે ઘૂંટડા દૂધ પણ એમણે લીધું. મેં એમને આશ્વાસન આપ્યું : હવે તમને ઝટ સારું થઈ જવાનું.

શનિવારે એમણે આંખે દેખતા ન હોય એવી વસ્તુઓ વિષે બોલવા માંડ્યું...પણ હકીકતે ખરેખર અમુક માઈલો છેટે એ ઘટનાઓ બની રહી હતી. (આ વસ્તુની જો કે મને પાછળથી ખબર પડી. બહુ વિચિત્ર કહેવાય!)

શનિવારને દિવસે એમણે ફરિયાદ કરી કે મારું માથું ભમી જાય છે. ચસકી જાય છે...એની તપાસ કરાવવી પડશે. એ જ દિવસે એમણે અમારી છેલ્લી વિદાય લઈ લીધી...ને પછી ખૂબ ઘસઘસાટ ઊંઘી ગયા. બેએક કલાક ઊંઘ્યા હશે. તે પછી એમણે બેઉ હાથે પોતાનું માથું ઘસડવા માંડ્યું ને માથામાં તો પાર વગરનાં ગૂમડાં હતાં!

તે પછી એમની નાડીની ઝડપ એકદમ વધી ગઈ ને દાક્તરોએ કહ્યું કે તેઓ હવે થોડા જ કલાકના મહેમાન છે. મેં મારાં સગાંસ્નેહીઓને બોલાવી આણ્યાં...એમની આખરી વિદાય લેવા માટે. એમને નિશ્ચિંત કરતાં બધાએ એમને ખાતરી આપી કે તેઓ મને બધી રીતે મદદ કરશે.

હું તો સાવ અકિંચન હતી. સ્નેહી મિત્રોના આ આશ્વાસનથી એમના દિલને ટાઢક વળી. 'આભાર' કહી ઢળી પડતી એમની આંખમાંથી એક અશ્રુ સરી પડ્યું ને ચિર વિદાય લઈ તેઓ આ દુનિયા છોડી ચાલ્યા ગયા......

('બ્લિટ્ઝ'ને આધારે) —સુભદ્રા ગાંધી

માનવી

ઓતરા શું નહિ સુભદ્રા?
ને અભિમન્યુ નહીં અર્જુન?
માનવી, સર્વત્ર એક જ માનવી
પંડે, પોતાનું કરે છે અપહરણ!

—રતિલાલ—અનિલ

' રમત '

—હસમુખ બારાડી

નિશાળમાંથી નીસરી સીધા ઘેર આવી, પુસ્તકો મૂકયાં ન મૂકયાં–અને નાસ્તો કર્યો ન કર્યો કરી, હમેશની જેમ જ, વીનુ પીયૂષ અને અપરા તેમના ખંડમાં હાજર થઈ ગયાં. ત્રણેયે એકબીજા સામે જોઈ લીધું. રમત હમેશની જેમ રમવાની હતી જ. પણ આજે કઈ રમત રમવી? ચડ્ડી કે ફ્રોકનો પાછલો ભાગ પકડી, ' છૂક...ભૂખૂ...'ની રમત એમને લાયક નહોતી, અને ' બેટબૉલ 'ની અચ્છી ખાસી ક્રિકેટ–ટીમને લાયક તેઓ નહોતાં. મનમાંથી બધી જ રમતો પસાર થઈ ગઈ. બધી જ રમાઈને જૂની થઈ ગઈ હતી. કંઈ સૂઝ નહોતી પડતી. પીયૂષ અને અપરાએ, નાના છતાં બુદ્ધિમાન ગણાતા, વીનુ સામે જોઈ લીધું. આજ એનો ભંડાર પણ જાણે ખાલી ગયો હતો. અંતે ત્રણેય મહાસત્તાના વડાપ્રધાનોએ ગંભીર મુખ કરી, ગાલે હાથ ટેકવી, બુદ્ધિ સતેજ કરી.

ત્યાં જ વીનુની આંખ ચમકી ઊઠી: બારીમાંથી ભાઈ અને ભાભી આવતાં દેખાયાં–નીચે મોંએ, હળવી ચાલે. ઑફિસમાંથી થાકયાંપાકયાં આવેલાં જણાતાં બન્નેને વીનુએ બરોબર તોળી જોયાં–અને પીયૂષનો ખભો હલાવ્યો.

' જો, ભાઈ–ભાભી આવે છે—'

' આવે ! તેનું શું છે ? કંઈક રમતની વાત કરને !'

' એ જ કહું છું. ભાઈભાભીની રમત આજ રમીએ ! '

' ભાઈ–ભાભીની ? '

' આપણે બા-બાપુજીની રમ્યા'તા એવી ! ' અપરાએ તરત જ કૂદકો માર્યો: ' કાં ભૂલી ગયો ? હું બા થઈ હતી–તું બાપુજી થયો હતો !...'

' હા, અને હું ઑફિસેથી આવતો ને તું જમવાનું મોડું કરતી એટલે હું ખિજાતો...' પીયૂષને કંઈક કંઈક યાદ આવવા માંડયું !

પરંતુ વીનુએ વડીલોચિત ગંભીર મોં રાખી, બંનેને રમતયોગ્ય સૂચનો આપવા માંડ્યાં:

' લગન થયાં એની પહેલાંથી શરૂઆત કરવાની. ભાભી ત્યારે આપણે ત્યાં આવતાં—ત્યારથી. ' અને તેણે દિગ્દર્શક-ની અદાથી દૂર બેઠાં બેઠાં પ્રયોગ કેમ ચાલે છે તે જોયા કર્યું.

અપરા રૂમની બહાર ચાલી ગઈ. પીયૂષે પોતે પ્રતીક્ષામાં હોય તેમ ઘડીકમાં રૂમમાં આંટા મારવા, તો ઘડીકમાં બારીમાંથી બહાર દૂર દૂર જોવાનું શરૂ કર્યું. પાછળથી અપરાએ ધીમે પગલે આવી, પીયૂષની આંખો પર હાથ મૂકયા. પીયૂષે ગભરાટમાં કે કોણ જાણે પણ ' ઓયમા ! '-ની રાડ પાડી દીધી.

' ખોટું ! ' વીનુએ કહ્યું: ' ભાઈ એવી રાડ પાડે જ નહીં ! અપરા ફરીથી હાથ મૂક ! '

આ વખતે, પીયૂષે ધીમેથી અપરાના હાથ પોતાની આંખેથી લઈ લીધા અને તેના તરફ ફરીને નાટકી અદાથી કહ્યું:

' કેટલું મોડું કર્યું ? '

' આવી શકી એ કહોને ! કેટલું જૂઠું મારે બોલવું પડયું ! ' અને અપરાએ વીનુ તરફ જોયું; ભૂલ નથી થઈ એ જોઈ, આનંદથી બંને સોફા પર બાજુ બાજુમાં બેઠાં અને ઘડી ભર, ખરેખર ભાઈભાભીની જેમ જ, ટીકીટીકીને જોઈ રહ્યાં !

' શાબાશ ! ' વીનુએ તાળીઓ પાડતાં કહ્યું: ' હવે

એકબીજાને કાગળ લખવાના.' અને કાગળનો ટુકડો અપરાને આપતાં ઉમેર્યું: 'મારો—'

'નરેશ!'.અપરા વચ્ચે જ બોલી.

'.ના, મારા નિરુ...વગેરે વગેરે...અને તમારા બંનેનો ચિઠ્ઠીનો ચાકર હું બનીશ.'

અને પીયૂષ તરફ ફરતાં ઉમેર્યું: 'આમાં તારે એનો જવાબ લખવાનો.'

થોડી વારે વીનુએ બહારથી અપરા પાસેથી કાગળ લઈ, ધીમે પગલે પીયૂષને દીધો. ફૂલને હાથમાં લેતો હોય તેમ પીયૂષે તે હાથમાં લીધો, અને તેને ખોલીને વાંચવાનો ડોળ કર્યો. મહાપરાણે આનંદને મોં પર લાવી, તેને ખીસામાં મૂકી, જવાબ લખવા બેઠો. વીનુએ બારી પાસે ઊભા રહી તેની બધી ક્રિયાઓ નિરખ્યા કરી.

'ચાલો ભાઈ, બહુ વાર કરી તમે તો!'

'મને ખબર છે ને, ભાઈને તો આથીય વધારે વાર થતી હતી!' અને ખરેખર જ ભાઈની જેમ જ તેણે કાગળ પર બે લીટી લખી, વળી ના-પસંદ પડતાં તે કાગળ ફાડી નાંખી, બીજો કાગળ લઈ, નવી શરૂઆત કરવાનું શરૂ કર્યું!

વીનુને ભાઈનું વર્તન યાદ આવતાં, તેણે મનોમન શાબાશી આપી થોડી વાર વધુ રાહ જોઈ.

ત્યાં જ તેના કાન પર કોઈના રડવાનો, બેએક તમાચા પડવાનો અવાજ આવ્યો, તેણે ધીરે રહીને 'વેન્ટીલેશન' દ્વારા અંદર ઝાંકવા પ્રયત્ન કર્યો—અને તે ચમક્યો:

ભાઈ અને ભાભી!

ભાઈ ઊભા ઊભા ગુસ્સા ભરી નજરે ભાભીને જોઈ રહ્યા હતા. ભાભી બેઠાં બેઠાં રડતાં હતાં!

વીનુ ઘડી ભર તો સમજી જ ન શક્યો. પણ તરત જ તાળી પાડતાં પીયૂષને બોલાવ્યો.

'આવું છું, વીનુ, શું ઉતાવળ છે?'

'આપવું નથી, જો—અહીં આવ! અને અપરા...એ અપરા...જુઓ અહીંથી છાનુમાનું જોવાનું.' અને ત્રણ મુખડાં 'વેન્ટીલેશન'માં ગોઠવાયાં!

'હું તમારી ગુલામ નથી.'

'મારી મરજી વિરુદ્ધ હું કાંઈ નહીં ચલાવી લઉં!'

'મરજી વિરુદ્ધ એટલે, મને ઇશારે નાચતી નિષ્પ્રાણ કઠપૂતલી સમજો છો?'

'જો, આ સામો શબ્દ આપણને પસંદ નથી.'

ભાઈ-ભાભીને એક ગાઢ પ્રેમી તરીકે, એક સેકન્ડ પહેલાં રજૂ કરી રહેલાં બાળનટો આ કંઈ જ ન સમજી શક્યાં! ફક્ત વીનુ ટીકી ટીકીને જોતો હતો.

'તો 'આપણને' પસંદ હોય એવું કરવાને હું બંધાયેલ નથી. કોઈ સાથે હસી બોલી વાત કરવાથી જો તમે આ મહાભારત કરતા હો તો, માનશો મા કે એ હું મૂકી દઈશ!'

'શું?'

'તો સાંભળી લ્યો: એક બી. એ. પાસનું ક્વૉલીફિકેશન ધરાવતી સ્ત્રીને જેવા અને જેટલા મિત્રો હોય તેવા અને તેટલા મિત્રો મારે છે, અને આપની સરમુખત્યારશાહીથી હું એ મૂકી નહીં દઉં! 'સમાન સ્ત્રી હક'ના ભાષણમાં પ્રથમ વિજેતા તમે જ હતા, ને? અને એક વર્ષ પહેલાંના જ તમારા લવ-લેટર્સમાંના ગાઢ પ્રેમ અને અખંડ વિશ્વાસ દર્શાવતાં વાક્યો આપ નામદારને વાંચી સંભળાવું?'

'મંદા!'

નરેશની આ ત્રાડથી ડરીને અને આ ઝગડો ન સમજાયાથી, અપરા અને પીયૂષે, વીનુની દરકાર કર્યા વિના જ, 'વેન્ટીલેશન'માંથી જોવાનું છોડી દીધું.

'એમ ત્રાડો પાડી તમે આ મંદાને નહીં ડરાવી શકો. માનશો મા કે પત્ની છે એટલે પગ પૂજશે અને લગ્ન કર્યાં છે એટલે ચૂપ મરશે. તમને ઠીક ન લાગતું હોય તો હજી ક્યાં બગડી ગયું છે? હું છૂટાછેડા માટે તૈયાર છું. જેટલી સહેલાઈથી લગ્નની રમત થઈ શકે છે એટલી જ સહેલાઈથી એમાંથી 'અટ્ટી...કટ્ટી!' પણ કરી શકાય છે...મારી વાતનો જવાબ બે દિવસમાં જોઈએ!'

'એય, ત્યાં શું કરે છે?' અચાનક જ નરેશની નજર 'વેન્ટીલેશન' તરફ જતાં વીનુનું અસ્તિત્વ પકડાઈ ગયું. 'મંદા-નરેશને બાળ-પ્રેક્ષકથી શરમાતા છોડી, વીનુ નીચે ઊતરી ગયો.

'ચાલો અપરા-પીયૂષ, 'રમત' આગળ ચલાવો. એકબીજાને ખૂબ કાગળ લખી, ભાઈભાભી પરણી ગયાં અને પછી આ લડાઈની રમત શરૂ કરો.'

પરન્તુ અપરા પીયૂષ ન તો કંઈ બોલ્યાં, ન રમત શરૂ કરવાનાં કોઈ ચિહ્નો જ દેખાયાં. તેમના અનુકરણશીલ બાલમાનસમાં અત્યારે ઘમસાણ મચ્યું હતું. ભાઈભાભીનો આ

ઝગડો, બોલાચાલી, મારફૂટ,...છૂટાછેડા...આ બધાનું કોઈ કારણ આજ મનમાં નહોતું બેસતું. બસ, સૂનમૂન નિશ્ચેતન બેઠાં હતાં, જેમ સ્વપ્નભોમમાં કોઈ પરી અને રાજકુમારના રાક્ષસ સાથેના અદ્ભુત રસભર્યાં પરાક્રમો નિહાળીને હતબુદ્ધિ થઈ ગયાં હોય, તેમ. ઘરના વડીલોનાં દરેક મહત્ત્વનાં કાર્યોનું ઝીણવટભર્યું અવલોકન અને પછી અનુકરણ કરવા ટેવાયેલાં તેમના બાલમાનસમાં ભાઈભાભીનો ઝગડો ન બેઠો તે ન જ બેઠો. બા અને બાપુજીનો ઝગડો પણ તેઓએ જોયો હતો–તેમ રમ્યાં પણ હતાં. પરન્તુ એ પણ કોઈ ચોક્કસ કારણસર હતું એમ તેઓ સમજી શકયાં હતાં.

પરંતુ વીનુ કંઈ માને ? તેણે તરત જ અપરાને તૈયાર કરી:

'ચાલ, હવે 'ભાઈ' હું બનું છું—તારે 'ભાભી' બનવાનું અને હું કહું એથી વિરુદ્ધ—હમણાં ભાભી કરતાં હતાં ને ?—હા, એમ જ કહેવાનું, કરવાનું ! સમજી ?' અને તરત જ ગુસ્સાભર્યો અવાજ કાઢયો:

'મારી મરજી વિરુદ્ધનું તારે કાંઈ નથી કરવાનું.'

'પણ વીનુ, ભાભીએ ભાઈની મરજી વિરુદ્ધ શા માટે કરવું જોઈએ ?'

'પણ—'

'હા, કહે. ભાઈભાભી કંઈ આપણી જેમ રમત થોડાં રમે છે કે ઘડીમાં હસે તો ઘડીમાં ઝગડી પડે ? અને કદાચ, મનદુઃખ થાય તો એવા નાના કારણસર છૂટાછેડા...'

અને ખરેખર વીનુ કંઈ જ ન સમજી શકયો.

ખંડનાં બારણાં પાસે ભાઈ અને ભાભી ફાટી આંખે આ બધું જોઈ રહ્યાં હતાં...

[પાન ૪૦૪નું ચાલુ]

સાંભળ્યું અને પછી તેને ઉપદેશ કરી, તેના મનને શાંતિ આપી તે ઉપરથી એ ગરીબ વિધવા પોતે થઈ ને ભિક્ષુણી બની ગઈ. વેશ્યાવૃત્તિથી જીવતી અનેક સ્ત્રીઓએ દીક્ષા લીધા પછી, જે શાંતિથી અને પવિત્રતાથી શેષ જીવન ગાળ્યું—તે સુખ અને તે જીવનની સરખામણી કરનારાં સુંદર વર્ણનો "થેરી ગાથા"માં છે.

એક ઠેકાણે, આનંદોત્સવ અને ઉત્સવસમારંભ ચાલતો હતો તે વખતે, તેમાં શોભે તેવાં વસ્ત્રાભૂષણ પહેરેલી એક સુંદર તરુણી, મઠમાં જઈ બુદ્ધનો ઉપદેશ સાંભળતાંવેંત ભિક્ષુણી થઈ ગયાનું વર્ણન આપેલું છે. એક તરફ સમારંભનો આનંદકલ્લોલ અને બીજી તરફ નિર્વાણની શાંતિ–એ બે વચ્ચેનો વિરોધ કવિત્વપૂર્ણ રીતે વર્ણવ્યો છે.

એક ગાથામાં, એક ધનવાન મનુષ્યની સુંદર પુત્રીને માટે ધનવાનોના પુત્રો તથા રાજકુમારો માગું કરતા હતા. એક ધનવાન યુવાને કન્યાના પિતાને કહેરાવ્યું કે, "કન્યાના વજનના આઠગણા વજન જેટલું સોનું અને જવાહીર હું તેના બદલામાં આપવા તૈયાર છું." પરંતુ એ સુંદર કન્યાએ, ભગવાન બુદ્ધનો જગતની અસારતાનો ઉપદેશ તેને સંભળાવ્યો; અને એણે ભિક્ષુણીસંઘમાં પ્રવેશ કર્યો !

એક કિસા ગોતમી નામે સ્ત્રી રસ્તામાં માંદી પડી; ત્યાં તેનો પતિ, પુત્ર તથા પુત્રી અને એનાં માબાપ પણ આવીને મૃત્યુ પામ્યાં છતાં એણે દાન આપવાની ઝંખનાને જતી કરી નહિ.

આવી કરુણ-રસપૂર્ણ કથા પછી એક આનંદજનક પ્રસંગ 'થેરીગાથા'માં આવે છે. એક સ્ત્રીને ભિક્ષુણીની દીક્ષા મળવાથી તેને ચોખા છડવાની મજૂરીમાંથી તથા તેના કંકાસી પતિ સાથે રહેવાના બંધનમાંથી જે મુક્તિ મળી અને તેનાથી એને જે આનંદ થયો તેનું વર્ણન તેમાં કરવામાં આવ્યું છે.

'થેરગાથા' તથા 'થેરીગાથા'માં આમ, તે સમયની સમાજ-સ્થિતિનું સુંદર પ્રતિબિંબ પડેલું છે. ખાસ કરીને તે યુગમાં ભરત-ખંડમાં સ્ત્રીનો સામાજિક દરજ્જો કેવો હતો તેનું તેમાંથી સુંદર ચિત્ર ખડું થાય છે.

'થેર ગાથા' : 'થેરી ગાથા'

—પ્રો. મંજુલાલ ર. મજમુદાર

૧

રામાયણ–મહાભારત જેવી 'વીર ગાથાઓ' માટે કોઈ ચોક્કસ સમય હજી નક્કી કરી શકાતો નથી. પરંતુ બૌદ્ધ-સાહિત્યની વાત કરતાં, આપણે ચોક્કસ ઐતિહાસિક સમયની લગભગ આવી પહોંચીએ છીએ.

ભગવાન ગૌતમબુદ્ધ, ઇસ્વીસન પૂર્વે ૪૮૫ના વર્ષમાં, એંશી વર્ષની વયે, પરિનિર્વાણ પામ્યા: ઓગણત્રીસ વર્ષની વયે એમણે ઘરનો અને સંસારનો ત્યાગ કરી 'મહાભિનિષ્ક્રમણ' કર્યું. પછીનાં થોડાં વર્ષ શાંતિ માટે, જ્ઞાન માટે એ ખૂબ ખૂબ ફર્યા.

આખરે એમને 'મહાબોધ' થયો. સંસારીઓ પ્રત્યેની અનુકંપાને લીધે, એમણે 'બહુજનહિતાય' અને 'બહુજનસુખાય' એ જ્ઞાનનો સાક્ષાત્કાર ખુલ્લો મૂકવાનું નક્કી કર્યું: અને લગભગ પચાસ વર્ષ સુધી એમણે જ્ઞાનનો ઉપદેશ કર્યા કર્યો: સાધુઓ અને સાધ્વીઓના 'સંઘ' સ્થાપ્યા અને સાચા 'ધર્મ' પ્રત્યે સૌને વાળ્યા.

બૌદ્ધસાહિત્યમાં ધર્મ અને સંઘને 'ત્રિરત્ન' અથવા 'રત્નત્રય' કહે છે. બુદ્ધ ભગવાને ધર્મોપદેશની શરૂઆત કરી તે વખતે જુદા જુદા પંથના અનેક શ્રમણો–સંન્યાસી હતા. એકેક પંથના શ્રમણોના સમુદાયને 'સંઘ' અથવા 'ગણ' કહેવામાં આવતા. બુદ્ધભગવાને ધર્મોપદેશ, સંવાદ, કથાનકો અને આચાર તથા શીલના જે જે નિયમો પ્રગટ કરેલા તે બધા સાહિત્યને "ત્રિપિટક" નામે ગ્રંથમાં સંગ્રહવામાં આવ્યું છે.

'ત્રિપિટક' એ પાલિ ભાષાનો મુખ્ય ગ્રંથ છે. 'પાલિ' ભાષા એ મગધ અને બિહારમાં પ્રચલિત એવી લોકભાષા હતી. સમાજના છેક નીચલા થર સુધી પોતાનો ઉપદેશ પહોંચી શકે તેટલા સારુ, બુદ્ધભગવાને બ્રાહ્મણીય પંડિતોની સંસ્કૃત ભાષાને સ્થાને, લોકબોલીનો ઉપયોગ કર્યો હતો. બુદ્ધના અવસાન પછી થોડા થોડા સૈકાને અંતરે, બૌદ્ધ–સાધુઓની 'સમિતિ' ઓ મળી હતી; અને એમણે 'તથાગત'ના ઉપદેશને સંભારી સંભારીને લખી રાખી, પુસ્તકારૂઢ કર્યો હતો.

'ત્રિપિટક' એ એમનો મુખ્ય ધર્મગ્રંથ છે. મહાભારતથી એ ત્રણ ગણો મોટો છે: એટલે તેની શ્લોક–સંખ્યા લગભગ ત્રણ લાખ છે. 'સુત્તપિટક', 'વિનયપિટક' અને 'અભિધમ્મ-પિટક'—એવા તેના ત્રણ ભાગ છે.

૨

'સુત્તપિટક'ના ભાગરૂપ ખુદ્દકનિકાય અનેક અંગમાંનું એક અંગ 'થેરગાથા' અને 'થેરીગાથા' છે. તેના ઉપર ધર્મપાલે લગભગ પાંચમા સૈકામાં ટીકા લખી છે: અને તેમાં ઘણી કથાઓનો તથા સ્થવિર અને સ્થવિરાનાં ચરિત્રોનો ઉમેરો કરવામાં આવેલો છે.

બીજાં, શુષ્ક અને નીરસ કાવ્યોને પડખે ઊંચામાં ઊંચી કવિતાવાળો "થેરીગાથા"નો ભાગ છે. ઋગ્વેદનાં સૂક્તોથી આરંભી, કાલિદાસ અને અમરુનાં પદોની સાથે સરખાવી શકાય એવું એમાં કાવ્યતત્ત્વ છે.

'થેર' અને 'થેરી' ગાથા—એ બન્ને, કાવ્યોના સંગ્રહ છે. "થેરગાથા"માં ૧૦૭ કાવ્ય અને લગભગ ૧૩૦૦ પદ્યો અથવા ગાથા છે. "થેરીગાથા"માં ૭૩ 'કાવ્ય' અને ૫૨૨ "ગાથા" છે. આ ગાથાઓ 'થેર' અને 'થેરી' એટલે 'સ્થવિર' અને 'સ્થવિરા' અર્થાત્ વૃદ્ધ–ભિક્ષુ અને ભિક્ષુણીઓએ રચેલી છે, અને તેમનાં નામ પણ તેમાં આપેલાં છે. પાંચમા સૈકામાં રચાયેલી ધર્મપાલની ટીકામાં એમનાં

નામો મળી આવે છે. એટલું જ નહિ; પરંતુ તેમાં થેર તથા થેરીની ચરિત્ર-વિષયક કથાઓ પણ ગૂંથેલી છે.

આ કથાઓ મૂળ ગાથાને આધારે, બીજા કથા ગ્રંથોમાંથી, અથવા તો કલ્પનાને આધારે, ટીકાકારે ઉપજાવેલી જણાય છે. ગાથાઓનાં રચનાર આ સ્થવિર અને સ્થવિરા જ હશે એમ પણ કહી શકાય તેમ નથી; પરંતુ તેમને નામે તે રચાઈ હશે એમ લાગે છે. તો પણ ભિક્ષુણીની ગાથાઓ ભિક્ષુણીઓએ જ રચી હશે એમ લાગે છે, કારણ કે ભિક્ષુવર્ગને તેમના પ્રત્યે સમભાવ હોવાનો બિલકુલ સંભવ નહોતો.

ભગવાન તથાગત ગૌતમ બુદ્ધે, પોતાની માશી તથા ધાત્રીમાતા મહા પ્રજાપતિ ગૌતમીના સ્વતંત્ર ભિક્ષુણીસંઘ સ્થાપવાના કાર્યમાં અનેક જાતનો વિરોધ અને અંતરાય ઊભા કર્યા હતા, એવી પરંપરાગત માન્યતા ચાલી આવી છે; અને શિષ્ય આનંદે સ્ત્રીઓનો પક્ષ લીધા બદલ સાંપ્રદાયિક ગ્રંથોમાં, તેમના દૂષણ તરીકે તેની ગણના કરેલી છે: તે ઉપરથી કોઈ ભિક્ષુ-ભિક્ષુણીને નામે કોઈ 'ગીત' કે 'ગાથા' રચી આપે એવો સંભવ જ નહોતો.

વળી ભિક્ષુઓની ગાથા તથા ભિક્ષુણીઓની ગાથા વચ્ચે ભાષા તથા ભાવના આલેખનમાં પણ મોટો ફરક વરતી શકાય તેમ છે. ભિક્ષુઓનાં ગીતમાં મનના નિરનિરાળા વિકાર અથવા અનુભવ વર્ણવેલા છે: ત્યારે ભિક્ષુણીઓ–'થેરી'–નાં ગીતોમાં, ઠેર ઠેર બાહ્ય જગતનો થયેલો અનુભવ વર્ણવેલો મળી આવે છે. ભિક્ષુનાં ગીતોમાં સૃષ્ટિ-વર્ણન વધારે પ્રમાણમાં મળે છે. ભિક્ષુણીનાં ગીતોમાં જીવનનું વાસ્તવિક ચિત્ર નજરે પડે છે.

ભિક્ષુ તથા ભિક્ષુણીના જીવનનું ધ્યેય ચાર નૈતિક તત્ત્વોની સાધના હતું: જેને-આર્યચતુર્વિધ માર્ગ કહે છે. તે સર્વભૂત-દયા, અહિંસા અને આત્મ-નિગ્રહ એ 'ધમ્મપદ'માં તથા 'સુત્તનિપાત'નાં પદોમાં વર્ણવ્યા છે. પરંતુ થેર ગાથા અને થેરી ગાથામાં ભિક્ષુ-ભિક્ષુણીઓના આત્માનુભવના ઉદ્ગાર છે અને તેથી તેની શૈલી ખૂબ અસરકારક છે.

૩

એક ભિક્ષુએ એક ગાથામાં પોતે પોતાની પત્ની તથા પુત્રનો ત્યાગ, ચિત્તની શાંતિનો ભંગ થતો હોવાને લીધે કેવી રીતે કર્યો, અને માયાનું બંધન કેવી રીતે તોડી નાખ્યું તેની અંગત હકીકત નોંધી છે.

બીજા એક ભિક્ષુએ, જેમ દીંટા ઉપરથી ફૂલની કળી ધીમે ધીમે, છતાં કાયમને માટે, છૂટી પડતી જાય છે તેમ એણે સંસારનો ત્યાગ કર્યો અને સુખની પ્રાપ્તિ કરી તે થેર-ગાથામાં કહ્યું છે.

ત્રીજા એક ભિક્ષુએ વેશ્યાના પાશમાંથી પોતે કેવી રીતે છૂટી આવ્યો તેનો, તથા તે પછી મળેલા સુખનો ઉલ્લેખ કર્યો છે.

ભિક્ષુઓની ગાથાઓમાં ઠેકાણે ઠેકાણે સ્ત્રીઓની નિંદા કરેલી છે. સ્ત્રીઓને ભૂરકી નાખનારી, સંસારનાં બંધનોમાં જકડી રાખનારી, અને ભિક્ષુના પવિત્ર જીવનક્રમમાં અંતરાય રૂપ બનતી–એવી કહેલી છે.

સ્ત્રીના સ્વરૂપની બીજી બાજુ પણ કેટલીક 'થેરગાથા'-ઓમાં મળી આવે છે. એક સ્થળે એક ભિક્ષુએ, પોતાની માતારૂપે તેને સત્યનું સાચું સ્વરૂપ કેવી રીતે ઓળખાવ્યું હતું તે બદલ ઘણા સુંદર શબ્દોમાં તેનો આભાર માન્યો છે. બીજા એક ભિક્ષુએ પોતાની માતાનું સાંત્વન એવી રીતે કહીને કરેલું છે કે, 'હું ભિક્ષુ થયો છું ખરો, પણ જગતને કાયમને માટે છોડીને ગયો નથી!'

એક ભિક્ષુ, પોતે પૂર્વાશ્રમમાં ખરી પડેલાં ફૂલો લાવી, તે વેચીને નિર્વાહ કરતો હતો એટલો બધો એ ગરીબ હતો એનો ઉલ્લેખ કરેલો છે. ભિક્ષુ બનેલો એક રાજા પહેલાંના પોતાના ઐશ્વર્યપૂર્ણ દરબારની તથા તેની સાંપ્રત ભિક્ષુદશાની તુલના કરતો ગાથામાં જણાવ્યો છે.

આ પ્રમાણે ભિક્ષુઓના જીવનના અંગત પ્રસંગોના ઉલ્લેખો 'થેર ગાથા'માં મળે છે: તેનાથી અધિક અંશે 'થેરી ગાથા' રચનારી સ્થવિરા વૃદ્ધ ભિક્ષુણીઓનાં ગીતોમાં સ્વાનુભવના ચમકારા દૃષ્ટિગોચર થાય છે.

સંતાનના વિયોગના દુ:ખથી ગાંડી થઈ ગયેલી એક બાઈ ભટકયા કરતી હતી. તેના મનનું સમાધાન ઉપદેશ આપીને ગૌતમબુદ્ધે કર્યું હતું અને તેને 'ભિક્ષુણી સંઘ'માં દાખલ કરી હતી. આવી રીતે પુત્રવિયોગથી વિહ્વલ બનેલી અનેક સ્ત્રીઓને સંઘમાં દાખલ કર્યાનાં દૃષ્ટાંત મળી આવે છે.

એક ગરીબ, વિધવાને, ઘેરઘેરથી ભિક્ષા માગીને પેટ ભરવાનો વારો આવ્યો હતો. તે વિધવા એક ભિક્ષુણી પાસે આવી; ત્યારે તેણે જે માયા અને મમતાથી તેનું દુ:ખ

[અનુસંધાન પાન ૪૦૨ ઉપર]

અવારનવાર

એક નવતર દૃષ્ટિએ હડતાળી શક્તિની મીમાંસા

—પ્રણવ

મુંબઈમાં સાંભળ્યું :

"...બધું તો ઠીક, પણ આ હડતાળોનું શું ? વાતે વાતે હડતાળ ! ઠેકઠેકાણે હડતાળ ! જિવાય કેમ ? રાજકારણના ધુરંધરો, સર્વોદયના ઉપદેશકો ને ગાંધીવાળા બધા ક્યાં સૂઈ ગયા છે ?"

"જવાદો ને ! બધા જ બેજવાબદાર થઈ ગયા છે ! રાજ ને સમાજ કામદાર તરફ બેજવાબદાર, ને કામદાર સમાજ ને રાજ તરફ બેજવાબદાર ! નેતાઓ ન છૂટકે જવાબદાર ને કાર્યકરો ચૂંટણી પૂરતા જવાબદાર ! સર્વોદયવાળા મગનું નામ મરી નહીં પાડે. કંઈ પણ પૂછો તો કહેશે, "ભૂદાન ! ભૂદાન !" ગાંધીજીએ જવાબદારી સામે ચાલીને માથે લીધી, ત્યારે સ્વરાજ આવ્યું. હવે થાય બધાય બેજવાબદાર ને પૂળો મૂકો સ્વરાજમાં ! બધાયને જંગે ચડવાના કોડ છે તે થશે મોટી જાદવાસ્થળી !"

"તે જંગે ચડવું હોય તે ચડે ને ! પણ કંઈક જબરો જંગ ઉપાડે— બધાયને ઉમંગ આવે એવો ! ને જવાબદારીથી લડાય એવો !"

ગાંધીજીનું દર્શન

મને ગાંધીજીનું છેલ્લું વસિયતનામું સાંભર્યું. નિર્વાણને છેક આગલે જ દિવસે ડોસો લખતો ગયેલો...સ્વતંત્રતા પછીનું પારગામી દર્શન એ બુઢ્ઢાને મૃત્યુને ઉંબરે થયેલું.—

લોક-સેવક-સંઘનો પાયો નાંખતી કેટલીક જરૂરી વાતો એમાં લખેલી છે. એક વાત આવી છે :–

"...સાત લાખ ગામડાંઓની દૃષ્ટિથી હિંદની સામાજિક, નૈતિક અને આર્થિક સ્વતંત્રતા સિદ્ધ કરવાની હજી બાકી છે. લોકશાહીના લક્ષ્ય તરફની હિંદની પ્રગતિ દરમ્યાન લશ્કરી સત્તા ઉપર સરસાઈ સ્થાપવા માટેની મુલકી (સિવિલ-નાગરિક) સત્તાની ઝુંબેશ અનિવાર્ય છે. એને રાજકીયપક્ષો અને કોમી સંસ્થાઓની અઘટિત સ્પર્ધાથી અળગી રાખવી જોઈએ."

સ્વતંત્ર ભારત સાચી લોકશાહીના માર્ગ પર આગેકૂચ કરે અને તેમાં લશ્કરી સત્તા (અર્થાત્ શસ્ત્રસત્તા) ઉપર નાગરિકસત્તા (અર્થાત્ લોકસત્તા) સરસાઈ મેળવતી જાય– આ છે મહાત્માની આંખો સામેનું આદર્શદર્શન ! શસ્ત્રસત્તા પરના લોકસત્તાના આવા વ્યાપક આરોહણ દરમ્યાન (ગાંધીજીના મૂળ શબ્દોમાં ascendency of the civil over the military દરમ્યાન) ક્યાં ક્યાં સંકીર્ણ બળો એમાં વિઘ્ન નાંખી શકે તેમ છે, તેનું પણ મહાત્માને દર્શન હતું. રાજકીય પક્ષો અને કોમી સંસ્થાઓ પોતપોતાની સાંકડી નિષ્ઠાઓવાળી અને ટૂંકી નજરવાળી આંતરિક અથડામણો વડે લોકસત્તાના આ ઐતિહાસિક આરોહણમાં અંતરાય નાંખી શકે.

'પ્રત્યેક યુગમાં ઇતિહાસ એકએક સુનિશ્ચિત વિરાટ પગલું ભરતો હોય છે. પણ તેની ગતિથી બેખબર માનવીઓ પોતાના નાના નાના ઝઘડા ને હારજીતના વારાફેરા વચ્ચે તેની અડફેટે ચડતા હોય છે—માની આંગળી ઝાલીને ચાલતું બાળક એની અડફેટે ચડતું રહે તેમ !'

ગાંધીજીને બે સત્તાઓનું દર્શન થયેલું શસ્ત્રસત્તા અને લોકસત્તા; બે અંતરાયોનું દર્શન થયેલું—રાજકીયપક્ષો અને કોમીસંસ્થાઓ.

ત્રીજી સત્તાનો ઉદય

અને ત્રીજય એક સત્તાનો ઉદય થઈ ચૂક્યો છે.

કેન્દ્રિત ઉદ્યોગીકરણની સાથેસાથે જ ટ્રેડયુનિયનિઝમ: વ્યવસાયી સંઘવાદ–નો ઉદય.

સર્વજનનું અમુક અનિવાર્ય કામ થોડાંક યંત્રો કરે છે ને યંત્રને થોડાં જણ ચલાવે છે. આ યંત્ર પર પ્રભુત્વ રાજ્ય સંસ્થાનું હોય, અર્થાત્ શસ્ત્રાવલંબી લોકપ્રતિનિધિનું હોય, પરંતુ વ્યવસાયી સંઘવાદ પોતાના સંઘબળથી તેને પડકાર આપતો માથું ઊંચકી રહ્યો છે. ભારતમાં ઠેરઠેર હડતાળોનો પવન ફુંકાઈ રહ્યો છે.

વ્યવસાયી સંઘવાદરૂપી આ ત્રીજી સત્તાને એક લેખકે 'કામદારશાહી'ને નામે ઓળખાવેલી. ચાવીરૂપ કામો હાથમાં હોઈ તેને જોરે ચાલતી સત્તાને કામદારશાહી કહી હતી. અને નામનાને જોરે લોકોના પ્રતિનિધિ બનેલાની રાજસત્તાને એણે 'નામદારશાહી' કહેલી. બંને વાસ્તવિક ને પ્રત્યક્ષ લોકસત્તાથી ભિન્ન છે, ઊતરતી છે.

આ ત્રીજી વ્યવસાયી સંઘવાદી (કામદારશાહી) સત્તા નવું બળ બતાવી રહી છે. તાર-ટપાલના કર્મચારી હડતાળની ઘોષણા કરે છે ને ભારતના કેન્દ્રીય પ્રધાનમંડળને ઉજાગરા કરવા પડે છે. કોઈક દલવી નેહરુની સામસામો આવી જાય છે. બંદરગાહી હડતાળ પડે છે ને લોખંડી પાટિલને મુંબઈમાં નજરકેદ કરી દે છે. મ્યુનિસિપલ હડતાળ પડે છે તે કાશી-કાંગેને પણ ગાંઠતી નથી. પક્ષીય શિસ્ત ત્યાં જરાયે લાગુ લાગતી નથી.

આ તો હજી વંટોળનું પહેલું તણખલું છે. એકસામટી રાષ્ટ્રીય હડતાળો ભાવિના પડદા પાછળ લપાયેલી હોઈ શકે.

વિવિધ વ્યવસાયમાં પડેલા સમૂહો લોકસમસ્ત પાસેથી પોતાનું હિત હાંસલ કરી લેવા દબાણ કરે છે. જે વ્યવસાયની લોકોને જેટલી વધારે અનિવાર્યતા તેટલી તે વ્યવસાયી સંઘની દબાણ કરવાની તાકાત ઝાઝી. કાલે અણુશક્તિનું પાવર-હાઉસ ભારતને વીજળી આપતું થશે, ત્યારે એમાં પાંચ-પંદર હજાર નિષ્ણાતો ને કારીગરો પાંત્રીસ કરોડની જનતાના જાનને બાનમાં ઝાલી શકશે.

આમ, આ હડતાલી શક્તિ (striking power) આખરી પૃથક્કરણમાં સામાન્ય જનની શક્તિ નથી. પણ વિશિષ્ટ જનની શક્તિ છે; સર્વહારાના બહુજન સમાજની શક્તિ નથી, પણ એક ઉદ્યોગની સાથે વિકસતા લઘુમતી વર્ગની શક્તિ છે.

અણુશક્તિએ આવતાં બરાબર માનવના સમસ્ત સંદર્ભમાં બે મોટા ફેરફારો કરી નાંખ્યા છે.

એક તો જાણે, એણે શસ્ત્રની શક્તિને બુઠ્ઠી કરી નાંખી છે. શસ્ત્ર પરાકાષ્ઠાએ પહોંચીને પરાસ્ત થવા માંડ્યું છે. યુદ્ધને હવે કોઈ હેતુ સિદ્ધ કરવા માટેનું વહેવારુ સાધન નથી માનતું. શસ્ત્રની ગતિશક્તિ (dynamism) આમ ખતમ થતાં એનું સ્થાન ક્રમશઃ એક નવી શક્તિ લઈ રહી છે અને તે નિષ્ણાતોની શાસ્ત્રશક્તિ, technocracy.

વર્ગ સંઘર્ષની નવી ભાત

અણુશક્તિના ઉગમે બીજું એક જબરું બેડું પરિવર્તન પણ આણ્યું છે. એણે વર્ગરચનાની ભાત પલટી નાંખી છે. જેમ જેમ શક્તિનો વિકાસ થતો જાય, તેમ તેમ વર્ગ પહોળો થતો જાય છે. ઉદ્યોગીકરણે ૨૦મી સદીમાં બુદ્ધિજીવી કારકુન, શિક્ષક, ગુમાસ્તા વગેરેને પણ સર્વહારાની સાથે એક કૌંસમાં મૂકી દીધા. આણ્વીકરણ (atomisation) સામાન્ય ઉદ્યોગપતિઓ અને રાષ્ટ્રનાં રાષ્ટ્રોને એક જ વર્ગમાં મૂકી દેશે. સર્વને સમાનભય હશે—સામૂહિક મૃત્યુ અથવા અપંગતાનો અને બીજો સામૂહિક બેકારીનો. સર્વની સામે એક જ સમાન ધ્યેય હશે, સામૂહિક જીવન, સ્વાસ્થ્ય અને ઉત્પાદનના કાર્યમાં સમાન હિસ્સો પામીને માનભેર સંપન્નતા મેળવવાનું.

આજ સુધીના વર્ગો અણુયુગમાં ભાગલા ને ફાટફૂટ કહેવાશે. વર્ગીય હિત માટેનાં સંઘર્ષ વર્ગની એકતાને તોડનારો વર્ગની અંદરનો ગૃહકલહ 'સિવિલ વૉર' ગણાશે.

અણુયુગનો આ નવો સંદર્ભ ગરીબ ભારતમાં ઊગી ચૂક્યો છે. જૂનાં ઢબનો વર્ગસંઘર્ષ ગરીબને જ ગરીબની સામે લડાવનારો સાબિત થઈ રહ્યો છે. જૂના વર્ગોને એકી ઝપાટે નાબૂદ કરીને પરિસ્થિતિ એક જ માનવસમાજ રચવાની ફરજ પાડી રહી છે. સર્વજનની ક્રાંતિનો સંદર્ભ ઉત્પન્ન થતાં વર્ગીય ક્રાંતિ પ્રત્યાઘાતી બની રહી છે.

ઓછેવત્તે અંશે આખી જનતા દુઃખમાં પિલાય છે. અણુશક્તિ ખડી કરી શકે તે સમૃદ્ધિની તુલનામાં તમામ સ્તરના

લોકો સરખા Paupar–દીન છે. તે વખતે હડતાલ વગેરે લઘુમતીનાં દબાણકારી પગલાં જનતાને અકળાવે છે. એક સંઘની હડતાલ બીજા સંઘને કઠે છે. બધા સંઘોની હડતાળ બધાને મારે મારક નીવડે તેમ છે, યાદવાસ્થળીની જેમ સામસામી કાપે તેમ છે.

બળપ્રયોગ કે દબાણની રીતો ઝડપભેર ક્રાંતિકારી શક્તિ ગુમાવી રહ્યાં છે. કારણ માનવીએ એનો મુખ્ય સામૂહિક બળપ્રયોગ હવે અણુના નવી ઢબના ઉત્પાદનક્ષેત્રે કરવાનો છે. માટે એના આપસના સંબંધોમાં હવે ફક્ત સ્નેહમૂલક સત્યાગ્રહ જ ઇષ્ટ અને શક્ય રહે છે. દ્વેષમૂલક વિગ્રહ સમસ્ત જનની સહાનુભૂતિને અભાવે તૂટી પડશે. સામાન્ય નાગરિકને વિશિષ્ટ સંઘો સામે ખડો કરી દેશે, લોકસત્તામાં ફાટફૂટ પાડશે. હવેની હડતાળ લોકસત્તાને દબાવનારી નહીં હોય પણ લોકસત્તાને જન્માવનારી હશે. સર્વજનની ક્રાંતિ જનસમસ્તથી અવિરુદ્ધ હશે, ખંડનાત્મક નહીં હોય પણ વિધાયક હશે.

સત્યાગ્રહી કલા

તો શું હવે હડતાળ પડશે જ નહીં ?

ના, પડશે. કોઈ પણ પરંપરા એકાએક અલોપ નથી થઈ જતી. પણ હડતાળની રીત બદલાઈ જશે. સંઘર્ષનો વ્યૂહ બદલાઈ જશે.

કેવી હશે એ રીત ? એમાં ગાંધીજીની સત્યાગ્રહી કલા મૂર્ત થતી હશે. આજની બળપ્રયોગાત્મક (Coercive) રીતોથી ટેવાયલી આંખો તરત કહેશે કે એવી સાનપ્રયોગાત્મક (persuasive) રીતે કદી કશું સિદ્ધ થાય જ નહીં. અને છતાં એ રીત અજમાવાતાં બરાબર વીજળીવેગે અસરકારી નીવડશે. કારણ ઇતિહાસનું વિરાટ વીજળીઘર ક્યારનુંય એના અદશ્ય તાર ત્યાં સાંધીને બેઠું છે.

એક માજી સંઘર્ષવાદી યુવકે પૂછ્યું, "અમે આવી હડતાળ વખતે શું કરીએ ? કામદારો પ્રત્યે અમને સહાનુભૂતિ છે. નાગરિકો અને કામદારો વચ્ચે પડતો અંટસ અમને ગમતો નથી. બંનેને એક કરે ને સમાજની વ્યવસ્થાને સુધારે તેવો રસ્તો જ નથી ?"

"કેમ નથી ? કામદારોને જઈને કહો કે ભલે હડતાળ પાડો. તમને અન્યાય લાગ્યો ને તમે હળતાળ પાડી તો ભલે પાડી. પણ તમારી હડતાળ તો અન્યાયી વ્યવસ્થા સામે છે, નાગરિકો સામે નથી ને ? તો તમે નાગરિકોની સાથે રહો. નાગરિકોએ બંધ પડેલું કામ કરવા સ્વયંસેવકદળ રચ્યું છે. તમે પણ તેમાં ભરતી થઈ જાવ. નોકરીની હડતાળ પાડી તો ભલે પાડી, સેવા ચાલુ રાખો. નાગરિકો તમારી સાથે હશે, તમારો અસહકાર સવિનય બની જશે, એમાંથી પ્રચંડ નૈતિક શક્તિ ઉત્પન્ન થશે. પછી વાટાઘાટ માટે તૈયાર રહો અને સામૂહિક સોદાને બદલે (collective bargainને બદલે) સામૂહિક શુભનિષ્ઠાને આધારે collective goodwillને આધારે) તોડ લાવવા તૈયાર રહો."

"અને હડતાલ ન પાડી હોય, પણ અન્યાયથી ધૂંધવાતા હોય તેને શું કહેવું ?"

"હડતાલ કામની ન પાડો, પગારની પાડો. આખાયે સમાજ સમક્ષ પૂરતી જાહેરાત સાથે પગાર લેવો બંધ કરો, કામ ચાલુ રાખો. સમસ્ત જનતાને રોજેરોજ ઘેરેઘેર પહોંચીને વિશ્વાસમાં લો."

આજે જાગીને જામી રહેલી વ્યવસાયી સંઘસત્તા સત્યાગ્રહી આંદોલન દ્વારા વાસ્તવિક ને પ્રત્યક્ષ લોકસત્તાની શત્રુ મટીને મિત્ર બની શકશે; એટલું જ નહીં ગાંધી અને માર્ક્સનું શોષણમુક્ત તથા શાસનમુક્ત સમાજનું દર્શન મૂર્ત કરવાના ભગીરથ કાર્યમાં એક શુદ્ધ ને શાસ્ત્રીય સાધન બની જશે.



ભારતના શિક્ષણખાતાના સલાહકાર શ્રી ખ્વાજા ગુલામ સૈયદીનની વિચારણા અહીં સંક્ષેપમાં રજૂ કરી છે.

વિદ્યાપીઠનું શિક્ષણ:

અનુવાદક અને સંક્ષેપક : **અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ**

અમુક નિશ્ચિત સંજોગોમાં હિંદમાં વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી હતી. એ સંજોગો હવે રહ્યા નથી. એમનું સ્થાન નવા સંજોગોએ લીધું છે; અને આ નવા સંજોગો એમની નવી સમસ્યાઓ લઈને આવ્યા છે. જે સંકુચિત અને મર્યાદિત લક્ષ્યો એ સમયે હતાં તે હવે નભી શકે તેમ નથી. નવાં મૂલ્યોની હવે જરૂર છે. એ સ્વીકારવું જોઈએ કે, આ મર્યાદાઓ હોવા છતાં, એમણે, સીધી કે આડકતરી રીતે, કેટલાંક મહત્ત્વનાં પરિણામો આણ્યાં છે. શૈક્ષણિક અને સામાજિક પરમ્પરાને વિકસાવ્યા સિવાય, સંશોધનને વેગ આપ્યા સિવાય, સળગતા પ્રશ્નો વિશે ચર્ચા-વિચારણા કર્યા સિવાય અને રાજકીય તથા રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કર્યા સિવાય વર્ષો સુધી સેંકડો શિક્ષકોને અને હજારો વિદ્યાર્થીઓને આપણે મેળવી શક્યા હોત નહીં. પણ સામાન્ય રીતે જોઈએ તો, વિદ્યાપીઠો તરફ જે ટીકા કરવામાં આવે છે કે તેમનું લક્ષ્ય વિદ્યાર્થીઓ પાસે અમુક પરીક્ષાઓ પસાર કરાવવાનું અને એ રીતે નોકરીધંધા માટે લાયક બનાવવાનું હતું, તે કંઈ સાવ ખોટી તો નથી જ. મોટા ભાગના વિદ્યાર્થીઓ તો તેત્રીસ કે પિસ્તાળીશ ટકા માર્ક્સ મેળવીને, પદવી ધારણ કરીને, નોકરીધંધામાં જોડાવાની યોગ્યતા મેળવવામાં જ ઇતિકર્તવ્ય માનતા આવ્યા છે. આનાથી એમના વિચારોમાં ઊંડાણ આવ્યું હોય, મગજ ત્વરાથી કામ કરી શકતું હોય, શાસ્ત્ર કે કલામાં એમણે રુચિ કેળવી હોય અને એમના વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કરતાં શીખ્યા હોય એવું માનવાને કંઈ કારણ નથી. થોડાંક પાઠ્યપુસ્તકો અને નોંધોથી આગળ વધીને એમણે કંઈ વધારે વાંચ્યું હોતું નથી. કેટલાક વિદ્યાર્થીઓ રમતોમાં, વક્તૃત્વસ્પર્ધાઓમાં અને કેટલાંક મંડળોમાં ભાગ લેતા હોય છે ખરા પણ તે પણ ગતાનુગતિક રીતે. એમાં યૌવનના ઉલ્લાસ અને ઉત્સાહ બહુ ઓછા વરતાતા હોય છે.

આપણી શિક્ષણપદ્ધતિ આને માટે જવાબદાર છે. આપણી સ્વાતંત્ર્યની લડત વખતે જે મુશ્કેલીઓ ઊભી થઈ હતી તે યાદ કરવી જોઈએ. જેને આપણે સામાન્ય રીતે રાજકીય શિક્ષણ કહીએ છીએ તેના વિષેની પરિસ્થિતિ વિચારવા જેવી બની ગઈ હતી. વિદ્યાપીઠોને આર્થિક મદદ કરનાર અને એમને પોતાને હસ્તક રાખનાર સરકારે સ્પષ્ટ સૂચન કરેલું હતું કે વિદ્યાર્થીઓએ રાજકીય બાબતોમાં કોઈ પણ પ્રકારનો ભાગ લેવો નહીં. આનાં ન ધાર્યાં હોય એવાં વિચિત્ર પરિણામો જોવા મળ્યાં. 'બીકણ' શિક્ષકોએ અને 'વફાદાર' સત્તાવાળાઓએ એવું માન્યું કે રાજકારણની ગંધ સરખી પણ વિદ્યાપીઠના વાતાવરણમાં આવવા દેવી જોઈએ નહીં. જોરદાર રાજકીય આંદોલનની વચ્ચે વિદ્યાર્થીઓ જીવતા હતા પણ એમણે તો પેલાં વાર્તાનાં ચીની માંકડાઓની પેઠે 'ખરાબ સાંભળવું નહીં', ખરાબ જોવું નહીં અને ખરાબ કહેવું પણ નહીં.' આ તો કાન, આંખ અને જીભની શક્તિઓને ગૂંગળાવવાની વાત હતી. પરિણામ એ આવ્યું કે જે વિદ્યાર્થીઓ સલામતી શોધતા હતા અને સરકારી નોકરીની તકને જવા દેવા માગતા નહોતા તેઓ રાજકારણના અભ્યાસમાંથી અને ચર્ચાવિચારણામાંથી

દૂર ખસી ગયા અને જગતમાં એમણે આ બધા પ્રશ્નો વિશે અણજાણ રહીને પગ મૂક્યો ! બીજા વિદ્યાર્થીઓ જેમને રાજકારણમાં રસ હતો (ખરેખરો, અથવા તો એ ફેશન હતી એટલા માટે) તેઓ એના અભ્યાસની અને એમના શિક્ષકો સાથે એ વિશે ચર્ચા થાય એની ઇચ્છા સંતોષી શક્યા નહીં. આથી રાજકરણ વિશેનો ખોટો અને ભૂલભરેલો ખ્યાલ એમણે બાંધ્યો અને પ્રચારવાદી બનવું, હડતાળો પાડવી, સૂત્રો પોકારવાં વગેરેને એમણે ગંભીર અને તટસ્થ વિચારણાની સાથે એકરૂપ ગણી લીધાં ! આમાંથી અશિસ્તનું વાતાવરણ જન્મ્યું જે આજે પણ પજવી રહ્યું છે.

આવી અસંતોષકારક પરિસ્થિતિ માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિદ્યાપીઠના સત્તાધીશો, રાજપુરુષો અને દેશની પરિસ્થિતિ જવાબદાર છે. વિદ્યાર્થીઓ સમતોલ વ્યક્તિત્વવાળા બને એવું જો શિક્ષણશાસ્ત્રીઓ ઇચ્છતા હોય તો એમણે આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવો રહ્યો. જો વિદ્યાપીઠો વિદ્યાર્થીઓમાં શિસ્તનું ઉચ્ચ ધોરણ અને બૌદ્ધિક પ્રામાણિકતા નહીં વિકસાવી શકે તો તેઓ એમની એક મહત્ત્વની ફરજને અવગણવાનો દોષ વહોરી લેશે. આ કેવી રીતે થઈ શકે ? વિદ્યાપીઠોમાં જે કાર્ય થઈ રહ્યું છે તેની દક્ષતા અને ગુણવત્તા નક્કી કરવાનાં ધોરણો કયાં ? આ પરિસ્થિતિમાં સીધેસીધો અને વ્યાવહારિક માર્ગ બતાવતી કેટલીક બાબતો હું સૂચવું છું.

એક વસ્તુ આપણે ભારપૂર્વક ધ્યાનમાં રાખવી જોઈએ કે આપણી શિક્ષણસંસ્થાઓમાં પ્રથમ કક્ષાના બુદ્ધિશાળીઓને આપણે અધ્યાપકો તરીકે આકર્ષવાના છે જેઓ શિક્ષણ અને અભ્યાસ માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા તૈયાર હોય. એ બદલ સારી રીતે રહેવા માટેની એમની જરૂરિયાતો આપણે સંતોષવી જોઈએ; અને સૌથી મહત્ત્વનું તો એ છે કે એમના કાર્યને ઉત્તેજવા માટે એમને સુંદર તકો મળી રહેવી જોઈએ. આને માટે એમનું વેતન વધારવું પડશે પણ તેના કરતાંય વધુ જરૂરી છે બૌદ્ધિક પ્રામાણિકતા અને મિત્રતાનું વાતાવરણ. શિક્ષકો માટે જે વધુ જરૂરી છે તે આ—સમભાવ, ઉત્તેજના, પ્રેરણા આપે એવાં બુદ્ધિશાળી માનવીઓ સાથેનો સંસર્ગ, પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓની સગવડ અને એમણે કરેલા કાર્યની કદર.

માટે પ્રથમ પગથિયે જે હું સૂચવવા માગું છું તે આ–અધ્યાપકોની પસંદગી કરવામાં અને તેમને તાલીમ આપવામાં સારી પદ્ધતિઓ અપનાવવી જોઈએ. શિક્ષકો તેવા પસંદ કરવા જોઈએ જેમને પોતાના વ્યવસાયની સૂઝ હોય. હાલમાં ઘણી જગાએ પ્રાદેશિકતાને, પ્રાંતીયતાને અને નાત–જાતને ધ્યાનમાં રાખીને જે પસંદગી કરવામાં આવે છે તે ખતરનાક છે. એનો સદંતર ત્યાગ કરવો જોઇએ. (પ્રાદેશિક ભાષાઓ જો શિક્ષણનું માધ્યમ હશે તો અધ્યાપકોની પસંદગી-નું ક્ષેત્ર સંકુચિત બની જશે, સમસ્યા અઘરી બનશે; માટે વધુ સજાગ બનવું પડશે.)

બીજું, અભ્યાસ અને સંશોધનને માટે ઉચ્ચ પ્રકારની સગવડો આપવી એ અત્યંત જરૂરી છે. ઉચ્ચ શિક્ષણની એવી ઘણી સંસ્થાઓની મને ખબર છે કે જ્યાં પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓની યોગ્ય સગવડ ન હોવાને કારણે સંશોધન કરતા અભ્યાસી વિદ્યાર્થીને નિરાશ થવું પડે એવી પરિસ્થિતિ ઊભી થતી હોય છે. છેલ્લાં થોડાંક વર્ષોમાં 'યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમીશને' વિદ્યાલયોને પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓ વસાવવા જે મદદ કરી છે તેની આ સ્થાને નોંધ લેવી જોઈએ. વિદ્યાપીઠમાં અભ્યાસ કરવાની સગવડ હોવી જોઈએ એટલું પૂરતું નથી. વિદ્યાપીઠોમાં પરસ્પર પુસ્તકો અને સામયિકોની આપ-લે થવી જોઈએ; અને હોંશિયાર વિદ્યાર્થીઓ અને અધ્યાપકો થોડા સમય માટે જરૂર પડે તો બીજી વિદ્યાપીઠોમાં જાય અને પોતાનું કાર્ય પૂરું કરે એવી સગવડ પણ હોવી જોઈએ. નિયમોની સખ્તાઈ ઓછી કરીને અધ્યાપકો અભ્યાસને માટે રજા લઈ પરદેશ જાય, નવા સંબંધો બાંધે અને પોતાના વ્યવસાયની નવી જાણકારી પ્રાપ્ત કરે એવી સગવડ પણ હોવી જોઈએ. આનાથી ઓછી ખર્ચાળ પદ્ધતિ પણ છે. એકાદ સત્ર પૂરતા હોંશિયાર વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને ભગિનીવિદ્યાપીઠોમાં અદલબદલ પણ કરી શકાય. આને કારણે યુવાન અધ્યાપકોમાં ખ્યાતિની અને વિશેષ યોગ્યતાની જિજ્ઞાસા ઉત્તેજાશે; અને એ ઉપરાંત, બીજો ફાયદો એ થશે કે ચીલાચાલુ જડ બની ગયેલી પદ્ધતિમાંથી અધ્યાપકોએ બહાર આવવું પડશે.

આ બધી વાત કરી અધ્યાપકો વિશે. વિદ્યાર્થીઓ માટે શું ? ભારપૂર્વક કહેવું જોઈએ કે વિદ્યાર્થીઓ પાસેથી સારા કાર્યની અપેક્ષા રાખવા માટેની પહેલી જરૂરિયાત છે પોતાના કાર્યમાં નિમગ્ન રહેતા શિક્ષકની હાજરી જે વિદ્યાર્થીઓમાં સારો અનુભવ (Response) જન્માવશે. જો આવા અધ્યાપકો હોય તો ઘણું કાર્ય થઈ શકે. એમાંનું મુખ્ય કાર્ય છે ધોરણોને ઊંચે લાવવાનું. આપણે આગળ જોઈ

ગયા તે પ્રમાણે, વિદ્યાર્થીઓ અમુક જગાઓ મેળવવા માટે પરીક્ષામાંથી ગમે તે પ્રકારે સરકી જવા માગે છે. જ્ઞાનની, અભ્યાસની, બુદ્ધિની કેળવણીની અને બીજાં ક્ષેત્રોમાં સુરુચિની કદર વિદ્યાપીઠોમાં થતી હોય એમ જણાતું નથી. અભ્યાસક્રમોમાં, શિક્ષણપદ્ધતિમાં, પરીક્ષાપદ્ધતિમાં અને સામાન્ય વિદ્યાર્થીમાં આનાં પ્રતિબિંબો જોવા મળશે. વિદ્યાર્થી બીજાં પુસ્તકો વાંચવાની ઇચ્છા કરતો નથી. અરે, એનાં પાઠ્યપુસ્તકો પણ પૂરેપૂરાં વાંચવાની એને દરકાર નથી. 'નોંધો' ઉપર આધાર રાખીને બી. એ. અને એમ. એ. ની પદવીઓ જેમણે પ્રાપ્ત કરી છે એવા વિદ્યાર્થીઓને મેં જોયા છે. આ 'નોંધો' બૌદ્ધિક રસિકતાને કચરી નાંખે છે અને વિદ્યાર્થીને અભ્યાસના સાચા પ્રશ્નો પરત્વે બેદરકાર બનાવે છે. શિક્ષણના કે બીજા ધંધાના ઇન્ટરવ્યૂ માટે આવતા વિદ્યાર્થીઓને મેં બહુ જ સામાન્ય પ્રશ્નો પૂછ્યા છે અને એમના ઉત્તર એમણે બહુ જ નિરાશાજનક આપ્યા છે. આ બતાવી આપે છે કે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને આપણે જે પદ્ધતિએ શિક્ષણ આપીએ છીએ તેમાં કંઈક ગંભીર ઊણપ રહેલી છે. વિદ્યાર્થીઓમાં કેટલાક બનાવો વિશે કે કેટલીક બાબતો વિશે જાણકારી ન હોય એનો મને બહુ અસંતોષ રહેતો નથી. પણ આ તો અભ્યાસમાં અને જ્ઞાનની શક્તિઓનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં રસિકતાની ખામી છે, સજાગ વૃત્તિની ઊણપ છે, દૃષ્ટિની ખોટ છે. થોડુંક પણ કંઈ કરવું નહીં અને આશા બહુ મોટાની રાખવી—આ વૃત્તિ નજરે પડે છે. આને માટે આપણે શું કરી શકીએ ?

આને માટે મારે કંઈ ક્રાન્તિકારી સૂચનો કરવાનાં નથી. સૂચનો તો ઘણુંય મળી રહેશે. એમનો માત્ર સૈદ્ધાન્તિક સ્વીકાર કરીને જ બેસી રહેવાનું નથી, એમને પ્રયોગમાં ઉતારવાનાં છે. ઉદાહરણ તરીકે, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો એકબીજાના બહુ જ નજીકના સંબંધમાં આવે એ જરૂરી છે. ઘણી વિદ્યાપીઠોમાં આ બહુ મુશ્કેલ બની ગયું હોય છે. સ્થાનિક વિદ્યાપીઠોમાં પણ મોટે ભાગે એ જ દશા છે. કારણ કે હજારને બદલે દશ દશ હજારની સંખ્યામાં વિદ્યાર્થીઓ ગણાવા લાગ્યા છે. 'રાધાકૃષ્ણન્ કમીશન'ના સૂચન મુજબ વિદ્યાપીઠોમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત બનાવી દેવી જોઈએ; અને તે ઉપરાંત ધાર્યાં પરિણામ લાવે એવી 'ટ્યુટોરિયલ' પદ્ધતિ અપનાવવી જોઈએ જેને કારણે વિદ્યાર્થીઓ એમના અધ્યાપકોને વારંવાર મળી શકે, અભ્યાસના પ્રશ્નો ચર્ચી શકે અને શિક્ષકો પણ વિદ્યાર્થીઓનું કાર્ય તપાસી શકે અને વાચનમાં એમને માર્ગદર્શન આપી શકે. આવી અનૌપચારિક ચર્ચાઓમાં જ વિદ્યાર્થીઓની માનસિક ગૂંચવણો દૂર થઈ શકશે. પરદેશી ભાષાનો શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ, સતત ભાષણખોરી, અર્થ વગરની નોંધો ઉપરનો આધાર, સારાં પુસ્તકો વાંચવાની બેકાળજી—આ બધાંએ આપણા વિદ્યાર્થીઓની સ્વતંત્ર વિચારણાને અને એની સ્પષ્ટ અને નીડર અભિવ્યક્તિને ગુંગળાવી નાંખી છે. અમુક સંજ્ઞાઓને, વ્યાખ્યાઓને, અરે, વાક્યો અને ફકરાઓને તેઓ વણસમજ્યે ગોખી નાંખે છે. આપણા અધ્યાપકોએ તેમની આ માનસિક ગુલામીની સામે ઝુંબેશ ઉપાડવાની છે.

વિચારણા અને અભિવ્યક્તિની પ્રામાણિકતા વિશેની માનસિક શિસ્ત શાળામાંથી શરૂ થવી જોઈએ અને શિક્ષણના બધા જ સમય દરમ્યાન એ ચાલુ રહેવી જોઈએ. આ માત્ર બૌદ્ધિક જ નહીં, સામાજિક અને નૈતિક ફરજ પણ છે. આ ત્યારે જ થઈ શકે જ્યારે સમભાવી શિક્ષકે, સહકાર આપીને વિદ્યાર્થીમાં વિવેચનાત્મક સૂઝ પ્રગટાવી હોય.

આની સાથે પુસ્તકાલયની વ્યવસ્થાનો ઘનિષ્ટ સંબંધ છે. પુસ્તકાલયમાં જવાની ટેવ દરેક વિદ્યાર્થીમાં હોવી જોઈએ. જ્ઞાન, પ્રેરણા અને આનંદનું એ સ્વાભાવિક પ્રભવસ્થાન બની રહેવું જોઈએ. પણ દુઃખની વાત તો એ છે કે સગવડ હોવા છતાં પણ મોટા ભાગના વિદ્યાર્થીઓ એનો ઉપયોગ કરતા હોતા નથી. વિદ્યાપીઠના શિક્ષણમાં પુસ્તકાલયનું સ્થાન મહત્ત્વનું છે એ તેઓ જાણતા હોતા નથી. નવાં અને સારાં પુસ્તકો રજૂ કરીને અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું ધ્યાન પુસ્તકાલયો દોરી શકે છે. અધ્યાપકો કેટલાંક ઉત્તમ પુસ્તકો વિદ્યાર્થીઓ સાથે વાંચે અને એ રીતે એમની રસવૃત્તિ સતેજ કરે એ બહુ જ જરૂરી છે.

વિદ્યાપીઠો માટે એક બીજી સમસ્યા છે. બહાર પડતાં સ્નાતકોમાં સમતોલ દૃષ્ટિની અને સામાન્ય સાંસ્કૃતિક ઘડતરની ખામી હોય છે. કાંઈ એક જ ક્ષેત્રમાં પ્રાવીણ્ય મેળવવા માટેના અભ્યાસને કારણે આપણને કલ્પનામાં પણ ન હોય એવી સંકુચિતતા મોટા ભાગના વિદ્યાર્થીઓના મનમાં પ્રવેશી ગયેલી જોવા મળે છે. આને કારણે વિજ્ઞાનનો વિદ્યાર્થી કલા અને

[અનુસંધાન પાન ૪૧૮ ઉપર]

આસ્વાદ

આ વિભાગ દ્વારા કાવ્ય અને કલાનો પ્રારંભિક રસાસ્વાદ કરાવી વિશાળ જનસમૂહ અને સાહિત્યકલાનાં સર્જનો વચ્ચે સેતુ બનવાની અભીપ્સા છે.

—સુરેશ હ. જોષી

વધામણી

વ્હાલા મ્હારા, નિશદિન હવે થાય ઝંખા તમારી,
આવો આપો પરિચિત પ્રતીતિ બધી ચિત્તહારી.
દૈવે જાણે જલ ગહનમાં ખેંચી લીધી હતી તે
આણી સ્હેલે તટ પર ફરીને મ્હને છોળ ઠેલે;
ને આવી તો પણ નવ લહું ક્યાં ગઈ, કેમ આવી,
જીવાદોરી ત્રુટિ ન ગઈ તેથી રહું શીષ નામી.

ને સંસ્કારો ગત ભવ તણા તે કની સર્વ, વ્હાલા,
જાણું સાચા, તદપિ અવ તો સ્વપ્ન જેવા જ ઠાલા;
માટે આવો, કર અધરની સદ્ય સાક્ષી પુરાવો,
મીઠા સ્પર્શો, પ્રણયી નયનો, અશ્રુતાલાપ લાવો.

બીજું, વ્હાલા, શિર ધરિ જીહાં 'ભાર લાગે શું'?' કહેતા,
ત્યાં સૂતેલું વજન નવું વીતી ઋતુ એક વ્હેતાં;
ગોરું ચૂસે અખૂટ જ રસે અંગૂઠો પદ્મ જેવો,
આવી જોઈ, દયિત, ઉચરો હોઇને કોણ જેવો?

—બ. ક. ઠાકોર

પ્રથમ પ્રસૂતિને માટે પિયર ગયેલી સ્ત્રી સંતાનના જન્મની વધામણી પત્ર દ્વારા પોતાના પતિને આપે છે. પિયરનાં આત્મીયજનો વચ્ચેથી અજાણ્યાં સાસરિયાંઓ વચ્ચે હજુ તો એ હમણાં જ ગઈ હતી. પણ એ સાસરામાં એક જણે એને એટલી તો પોતાની બનાવી લીધી કે હવે પોતીકાંઓથી ભરેલું પિયર પણ એને જાણે ગોઠતું નથી.

આથી, સંતાનના જન્મના સમાચાર જણાવવાને એ પત્ર લખતી હોવા છતાં, કાવ્યના આરંભમાં જ પહેલી વાત પ્રિયતમ પતિને માટેના પોતાના તલસાટની કરે છે. પ્રથમ પંક્તિમાંનું સાવ સાદું સરળ સંબોધન ' વ્હાલા ' એ ભાવની સાહજિકતાને અનુરૂપ છે. પછી તરત જ પોતાનો અધિકાર દર્શાવવાને એ ઉમેરે છેઃ ' મારા '. એ ' મારા ' શબ્દના પર વ્હાલનો કેવો દાબ વરતાય છે! પોતાના પ્રિયતમ પરનો પોતાનો અધિકાર એ પૂરા વિશ્રમ્ભપૂર્વક સહજ રીતે પ્રકટ કરે છે.

પ્રથમ પ્રસૂતિ એ સ્ત્રીને માટે એક ઘાત જેવી ગણાય છે. એમાં રહેલી ભયની આશંકા કવિએ નાયિકાને મુખે સુંદર રીતે પ્રકટ કરી છેઃ લગ્ન પછી, પતિપત્ની હજુ તો જાણે

સામે અફાટ વિસ્તરેલા દામ્પત્યસુખના સાગરમાં ક્રીડા કરતાં હતાં. બંને સાથે, હાથમાં હાથ ગૂંથીને, સુખની છોળોને ઝીલતાં, આગળ વધી રહ્યાં હતાં. ત્યાં એકાએક કશાંક ઊંડાણમાં સ્ત્રી સરી પડી. આમ, લગ્ન પછીના ઉત્કટ મિલનસુખ બાદ વિરહ આવ્યો. એને માટે દોષ કોને દેવો ? પતિને ? ના, એને માટે તો હૃદય પ્રેમથી એટલું તો સભર છે કે રોષના એક અણુને માટે પણ ત્યાં સ્થાન નથી. દોષ દેવો હોય તો દૈવને જ દેવો ઘટે, કારણ કે નિયતિનો ક્રમ જ એવો છે કે સ્ત્રીએ જ સંતાનના સંવર્ધનની જવાબદારી ઉપાડવી. પણ આ કાવ્યની નાયિકાની ઉક્તિમાં રોષ કે ઉપાલમ્ભનું સૂચન નથી. એની કૃતાર્થતા એને એવી કૃપણતા આચરતાં વારી લે છે. 'જલ ગહન 'માં એક છોળને ઠેલે એ ખેંચાઈ ગઈ તો, એટલી જ સહજ રીતે, બીજી છોળના ઠેલાથી એ તટ પર પણ આવી ગઈ. ' આણી રહેજે ' એમ કહીને દૈવની દુષ્ટતાની આશંકાને ટાળી છે.

પણ બહાર આવ્યા પછી જાણે એ બીજો ભવ પામી, સંતાનના જન્મ સાથે એણે પણ જાણે બીજો જન્મ લીધો. પ્રેયસીમાંથી માતાના પદને એ પામી. આથી, ડૂબકી મારીને બહાર નીકળતાં, જેમ ઘડીભર બધું બદલાઈ ગયેલું ને નવું નવું લાગે, કશીક પરિચિત એંધાણી શોધીને આપણે ફરીથી આપણી જાતને નિશ્ચિતપણે પામવા મથીએ તેમ, આ નાયિકા પણ કરે છે. ઘાત ગઈ, નવા જીવને જન્મ આપતાં પોતાના જીવનો ભોગ આપવો ન પડ્યો. તે બદલ કૃતજ્ઞતાથી નાયિકા જીવનના અધિષ્ઠાતાને વંદે છે. પ્રિયતમને માટેની ઝંખનાના પૂરને સહેજ ખાળી લઈને એ પ્રથમ કૃતજ્ઞતા પ્રકટ કરી લે છે.

' જીવા દોરી ત્રુટિ ન ગઈ તેથી રહું શીષ નામી '

કવિએ આ રીતે નાયિકાનું આભિજાત્ય કેવી ખૂબીથી સૂચવ્યું છે !

આ ઘડીભરનો વિચ્છેદ, ઘડીભરની વિસ્મૃતિ પ્રેમને વધુ ઉત્કટ બનાવવામાં જ કામે લાગે છે. જુઓને, કેટલી આત્મીયતાથી અનુપસ્થિત નાયકની સાવ પાસે સરી જઈને એ કહેવા માંડે છે : હું માતા બની તે પહેલાંની સ્થિતિનું મને સ્મરણ છે, એ બધું જ સાચું છે તેય જાણું છું, પણ હવે જાણે નવેસરથી એ બધાંની ખાતરી કરવી છે. ' તે કની સર્વ, વ્હાલા ! ' માં આત્મીયતાભર્યો હેતનો કેવો મીઠો ટહૂકો સંભળાય છે !

નાયિકા ચતુર છે. આ વિચ્છેદ અને વિસ્મૃતિને એ બમણો પ્રેમ મેળવવા માટે લેખે લગાડે છે. આમ તો, બીજી પંક્તિમાં જ એ બોલી ઊઠી હતી : આવો, હું તમારી છું ને તમે મારા છો, એની જે રીતે તમે મને લગ્નજીવનના આરંભમાં પ્રતીતિ કરાવેલી ને પછીથી જે આપણે માટે સુખદ રીતે પરિચિત બની ગઈ હતી તે પ્રતીતિ મને ફરીથી કરાવો. મારે આ વિરહનું સાટું વાળી લેવું છે.

એ વાત વચમાં અટકાવી દેવી પડી. કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરવા; એનાં ખાળેલાં પૂર હવે એ છૂટથી વહી જવા દે છે. પૂરને સહેજ ખાળીને પછીથી વહાવી દેવાથી એનો વેગ વધે છે. કવિએ આ યુક્તિ–અને તે એવી સહજ રીતે પ્રયોજી છે કે એ યુક્તિ છે એવો વહેમ સરખો ન જાય–વાપરીને ભાવનો વેગ સિદ્ધ કર્યો છે.

હવે નિઃસંકોચ બનીને, સ્વાધીનપતિકાની અદાથી પતિને ફરમાવે છે: આવો, અને પ્રિયતમ જે રીતે પ્રેયસીને પોતાના પ્રેમની પ્રતીતિ કરાવે તે રીતે મને નવેસરથી પ્રતીતિ કરાવો.

મનુષ્યે ભાષા તો પાછળથી શોધી, એ પહેલાં એને અણસારા અને સ્પર્શની ભાષા જ જાણીતી હતી. હજુય જ્યારે ભાષા ઊંચકી ન શકે એવા ઊંડા ભાવની વાત આવે છે ત્યારે સ્પર્શનો, આંખના અણસારાનો, ઉષ્ણ નિઃશ્વાસનો ઉપયોગ કરવો પડે છે. આથી જ પ્રેમની ખાતરી કરાવવા માટે નાયિકા સૌથી પ્રથમ યાદ કરે છે કર અને અધરને; અને યાદ રાખજો કે અહીં હોઠનો ઉલ્લેખ થયો છે તે વાણીના સાધન તરીકે નહિ પણ ચુંબનના પાત્ર તરીકે, પહેલાં કરપીડન પછી ચુંબન. એ ક્રમમાં ઔચિત્ય છે. માંયરામાં ઢોલત્રાસાં અને લગ્નગીત તથા પુરોહિતના કર્કશ મંત્રોચ્ચાર વચ્ચે સૌથી પ્રથમ પ્રીતિની પ્રતીતિ કરાવવાની આવી ત્યારે હાથમાં હાથ ઝાલ્યો. એ પ્રથમ અધિકૃત સ્પર્શ, સપ્તપદીના મંત્રોચ્ચાર પહેલાં આ સ્પર્શના ઉચ્ચારથી જ પ્રતીતિ કરાવી, પછી શયનગૃહના એકાન્તમાં હોઠે વાણી ફૂટી નહિ, પણ ચુંબનથી મધુ છલકાઈ ઊઠ્યું ! માટે સૌથી પ્રથમ સાક્ષી કરની, પછી અધરની. અને આમેય તે, પ્રિયતમના બાહુની પરિધિમાં સમાઈ જવામાં જે સંરક્ષણ છે તે બીજા શેમાં છે ?

આ પછીથી, મીઠા સ્પર્શની ભાષામાં પ્રતીતિ કરાવ્યા પછીથી સન્તોષ માની જાય એવી આ નાયિકા નથી. એને તો ઘણાનો લોભ છે. માટે લાડ કરતી, પોતાનું માગેલું

પ્રિયતમે આપ્યા વિના છૂટકો જ નથી એવા પૂરા વિશ્વાસ સાથે, એ કહે છે: સાથે પ્રણયથી છલકાતી એ આંખો (યાદ છે? લગ્ન પછી અગાશીમાં ચાંદની રાતે, કશું બોલ્યા વિના, આંખમાં આંખ પરોવીને બેસી રહેતાં તે?) ને અમૃતથી છલકાતી વાણી પણ લાવજો. પ્રેમની આવી પ્રતીતિ ફરી ફરી પામવાનું કઈ સૌભાગ્યવતીને મન ન થાય? એને માટે કૃત્રિમ કલહ યોજવો પડે તોય શું?

કૃતજ્ઞતા અને પ્રણયની સભરતાથી ભાવ પુષ્ટ થયા પછીથી હવે નાયિકાને મુખે કાવ્યની મુખ્ય વાત કવિ ઉચ્ચારાવે છે. ને તેય કેવી રીતે? જાણે કશું અસામાન્ય કહેવાનું નથી, આ તો લખતાં લખતાં એક વાત યાદ આવી તે કહી નાંખું છું! પેલી બાજુ, નાયક બિચારો વધામણીના સમાચાર જાણવાને કેટલો આતુર હશે! છેલ્લી ચાર પંક્તિઓ આપણા કાવ્યસાહિત્યની અમર પંક્તિઓ છે. એમાં પત્નીની ગર્ભધારણની વેદના પરત્વેની પતિની સહાનુભૂતિ નાયિકાને મુખે વ્યક્ત કરાવીને વહાલસોયા પતિનું સુરેખ ચિત્ર કવિએ ઉપસાવ્યું છે. જે એક વાર ગર્ભમાં 'સૂતેલું વજન' હતું તે જ ફૂલસરખું હવે ખોળે ખેલતું થઈ ગયું છે. 'વજન' કેવળ ઉપાડવાનું, વહેવાનું હોય, પણ એને ખોળે રમાડીએ એટલે એનો ભાર ન રહે.

નાયિકાની, અને સાથે સાથે કવિની, ચતુરાઈની બીજી વાર આપણને સુખદ પ્રતીતિ થાય છે. બાળકનું વર્ણન એ નાન્યતર જાતિમાં જ કરે છે, ને એ રીતે, છેક છેલ્લા શબ્દ સુધી, બાળકની જાતિ અધીરા પતિને કળવા દેતી નથી. ગૂજરાતી કવિતામાં પ્રાસ કાવ્યત્વને ભારોભાર ઉપકારી નીવડે એવી રીતે બીજે ક્યાંય ભાગ્યે જ યોજાયો હશે. અલબત્ત, જો કાવ્યનો નાયક વિદગ્ધ હોય, પ્રાસરચનાની કંઈક સમજ ધરાવતો હોય તો છેક છેલ્લી લીટીના છેલ્લા શબ્દ સુધી જવાની એને જરૂર ન પડે. 'અંગૂઠો પદ્મ જેવો' માંના 'જેવો' વાંચતાની સાથે જ એ દીકરાનો જન્મ થયો છે, એમ સમજી ગયા વિના ન રહે. પણ એટલી બધી ચતુરાઈ નાયકમાં આરોપીએ તો આપણા રસમાંથી બાદબાકી થાય માટે નાયકને નાયિકા કરતાં ચતુર માનવાની જરૂર નથી. અંગૂઠો ચૂસતું, (ને તે અંગૂઠોય વળી પદ્મ જેવો—પદ્મ જેવો નહિ, પણ પદ્મકોરક જેવો, કમળની વણખૂલેલી કળીના જેવો એમ જ કવિને કહેવું હશે) બાળક ને પેલું વજન—કેટલો ફેર પડી ગયો! હવે બાળકનો સાક્ષાત્કાર થયો. પહેલાં ગર્ભ ફરકે ત્યારે વેદનારૂપે જ એની ઉપસ્થિતિ અનુભવાતી, ને હવે તો જુઓને, આ ખોળામાં અંગૂઠો ચૂસતું પગ ઉલાળતું પડ્યું છે!

'ગોરૂં ચૂસે અખૂટ જ રસે અંગુઠો પદ્મ જેવો' એક જ લીટીમાં સુન્દર સ્વભાવોક્તિ કવિ આપણને આપે છે.

ને છેલ્લે સ્ત્રીસહજ ઉક્તિ કવિ ઉમેરે છે: એ દીકરો કેવો છે તેનું વર્ણન હું કાગળમાં નહિ કરું, હે પ્રિયતમ, તમે જ અહીં આવો, જુઓ અને એની આંખો કોના જેવી છે, તે કહો. અહીં, એ પુત્રને એની માતાના જેવી નમણી આંખો પ્રાપ્ત થઈ હશે ને તેના પૂરા ભાન અને ગૌરવ સાથે એ આ કહેતી હશે એવો આપણને વહેમ જાય છે. પણ એમાં આપણો શું વાંક?

સ્ત્રી-પુરુષના દામ્પત્યજીવનના એક મહત્ત્વના સીમાચિહ્નનું આવું કાવ્યમય નિરૂપણ આપણા સાહિત્યમાં વિરલ જ છે.

[પાના ૪૧૪થી]

અવકાશના મોટા સમૂહને આવરી લઈ કેવી ચિત્રને પાંખું બનતું ઉગારી લ્યે છે! જમણી બાજુના થાંભલા જેવા ખાલી મોટા આકારમાં પ્રવેશ કરતા હસ્તનું અને પુષ્પનું ઉચિત આલેખન ત્યાંની ખાલી જગ્યાને ભરી દે છે. બધાં પાત્રો અને પશ્ચાદ્ભૂને જુદા પાડવાથી સંયોજનનું સૌંદર્ય સ્પષ્ટ થાય છે. (એ માટે સાથે આપેલ ચિત્ર પરથી કરેલ છાયાચિત્ર જુઓ.)

ચિત્રકારે આમાં મુખ્યત્વે સ્ત્રીપાત્રોનાં મુખોને જ પ્રાધાન્ય અર્પી તેમાં વધુ કામ કર્યું છે. એમાંય વચ્ચેના પાત્રના દેશ-સમૂહને જરા ઘેરો આલેખી એને આગળ આણ્યું છે. આમ એમની ચિત્રવિષયને વફાદાર રહેવાની સૂઝ પણ વરતાઈ આવે છે. ભારતીય નારીનાં અંગોનું આવું સુષ્ઠુ પ્રમાણ કલાકારે આપણી પ્રાચીન ચિત્રપ્રણાલીઓનાં મૂલતત્ત્વોને મિશ્રિત કરી સફળતાપૂર્વક આલેખ્યું છે અને એ જ એમની મહત્તાનું સૂચક છે.

નંદલાલ બોઝ

—ગુલામ મોહમ્મદ શેખ

આજે ફરી આપણે રેખાનું સૌંદર્ય શ્રી માણીએ. ચુઘતાઈની રેખાનું માર્દવ કેવું સ્પર્શી જાય તેવું તીવ્ર હતું ! –સાથે આપેલા નંદબાબુના રેખાંકન ' નટીરપૂજા 'માં પણ એવી જ મૃદુતા અને આકારસૌષ્ઠવ છે. બન્ને કલાકારો એમની અંકન-વિશિષ્ટતાઓને કારણે તો જુદા પડી આવશે જ-પરંતુ એમનાં ચિત્રોમાંથી ફલિત થતી રસાત્મક અનુભૂતિને લીધે કલાના ભિન્ન પ્રકારોમાંનું અભિન્ન અને અખંડ તત્ત્વ પણ બહાર ઊપસી આવશે. ચુઘતાઈના રેખાંકનમાં જેમ ઇરાની રમણીયતાનું મુગ્ધદર્શન હતું તેમ આમાં ભારતીય (કંઈક અંશે અજંતા) રસિકચનું અભિનવ દૃષ્ટિબિન્દુ ઝીલાયેલું છે.

કેન્દ્રસ્થાને રહેલ સ્ત્રીપાત્રનાં નાજુક અને લાવણ્યભર્યાં અંગોનું આલેખન કેવું સ્વાભાવિક લાગે છે !–ખૂબી ત્યાં છે કે આમ કરવા જતાં એ કિલષ્ટ ભંગીઓ કે ફક્ત ભાવોદ્રેકની અભિવ્યક્તિનું જ પ્રાધાન્ય વહોરીને સાવ ઉદાહરણાર્થ (Illustrative) નથી બની જતું. જો કે કોઈ પ્રસંગ વિશેષનું નિરુપણ કરવાનું ઉદ્દેશ્ય તો એની પાછળ છે જ અને તેથી જ કલાકારે પાત્રોને પ્રાકૃતિક આકારોથી બને તેટલાં સંબંધિત રાખ્યાં છે. પરંતુ ફક્ત દસ્યાકારો સાથેનું સામ્ય જ નહિ, રેખાની નમનીયતા અને આકારોના આછા પ્રમાણભંગ વડે એમણે ચિત્રસ્થિત બધીય મૃદુલાંગીઓનાં ગાત્રોમાં જાણે કે નર્તન મૂકી દીધું છે ! (એમની કરાંગુલીઓ તો જુઓ, કેવી પાતળી અને નાજુક લાગે છે કે જાણે કોઈ અડે તોય ખરી પડે ! મધ્યસ્થપાત્રના મુખ પર વિરાજતું સુકુમાર સ્મિત પણ ભાવાલેખનની સચોટતા માટે પ્રશસ્ય નથી લાગતું ?)

આપણે એને હવે રેખાંકનનાં મૂળભૂત તત્ત્વોની દૃષ્ટિએ પણ તપાસીએ. આવાં ચિત્રોમાં મુખ્યત્વે તો પ્રસંગ વિશેષને આલેખતું ચિત્ર-વસ્તુ જ આસ્વાદ્ય છે, તેથી એની ચિત્ર-પદ્ધતિની પશ્ચાદ્‌ભૂમિમાં પ્રવેશ કરવો એ પહેલી નજરે જરા રુક્ષ કાર્ય અથવા તો ચુંથણાં જેવું લાગે. પરંતુ એ રેખાંકન-પદ્ધતિના અસ્તિત્વ વિના કદાચ ઉપરોક્ત ચિત્ર-વસ્તુનો જન્મ જ ન થયો હોત એ પણ વિચારવું ઘટે. વળી જ્યારે આપણે ચિત્રકલાને સમગ્રપણે સ્પર્શતાં અંગોનો અભ્યાસ કરીએ છીએ ત્યારે અંકનું હસ્તકૌશલ અને આકારોની ચોકસાઈ પણ તપાસવાં જ રહ્યાં.

પ્રથમ દૃષ્ટિએ જ આ ચિત્રમાંથી તરી આવતાં તત્ત્વો તે મોટાભાગના ઊભા આકારોનું વૈશિષ્ય અને હળવે હાથે થયેલા અંકનની કુમાશ. બધાય ઊભા આકારો આડા લંબચોરસ પટ્ટ પર આલેખાયેલા છે. (આ રેખાંકન જો કે ચિત્રનો અમુક હિસ્સો જ છે. મૂળ ચિત્રનો આકાર ઊભો લંબચોરસ છે અને એમાં ચિત્રકારે ઊભા આકારોની સમતુલા જાળવવા બીજા ઘણાખરા આકારોને આડા દર્શાવ્યા છે. ચિત્રનો ગમે તે હિસ્સો પણ એના સ્થાને વ્યવસ્થિત રીતે સંયોજિત થયેલો હોય એ કલાકારની આકાર-ગોઠવણીની ચોકસાઈની સાબિતીરૂપ છે.)

રેખાના વહનમાં જાણે કે ગતિ છે. કપડાંની સરી જતી સીમા-રેખાઓ જ જુઓને ! ગરદન પાસે ખભાના ઢોળાવ પરથી દડી પડતી લંબ ભુજાની રેખાઓ દોડતી દોડતી છેવટે આંગળીઓના અંતમાંય રમતી રહેતી દૃષ્ટિ સાથે કેવો લયમય સુમેળ સાધે છે ! અંકન ચોકસાઈથી કરવામાં આવેલું છે છતાં એ ચોકસાઈ પણ કલાકારની પીંછીને સહજ-સાધ્ય હોય તેવું નથી જણાતું ? (એક કે બે પાતળા છરકા જેવી રેખાઓમાં દોરેલી પુષ્પની પાંખડીઓ અને ગડી બની નીકળતા વસ્ત્રની ક્યાંક સંયુક્ત તો ક્યાંક તૂટેલી એવી રેખાઓ જુઓ.)

અવકાશના વિભાજન(રેખા દ્વારા આકારોની ગોઠવણી)-નો વિચાર કરતાંય પાત્રોની લંબ ચિત્રપટ્ટ પરની સ્થાન-વરણી પણ ઉચિત જ લાગે છે. ડાબી બાજુનાં ચારેય પાત્રોની પૃષ્ઠભૂમિમાં ઊભી અને ઉપર જતાં કોણાકારો દર્શાવતી રેખા

[અનુસંધાન પાન ૪૧૩ ઉપર]



● કલાચાર્ય શ્રી નંદલાલ બોઝની ચિત્રશૈલી ●



ઘરદીવડા

ખોડીદાસ પરમાર



ખૂબ જ નબળી આર્થિક સ્થિતિ ધરાવતું કુટુંબ. પિતા પાંત્રીસ રૂપિયાને પગારે માળી અને ચોકીદારની નોકરી કરે. એવા વાતાવરણમાં ૧૯૩૧ના જુલાઈ મહિનામાં કારડીઆ રજપૂત ભાયાભાઈને ત્યાં ભાવનગરમાં ખોડીદાસનો જન્મ થયો. અત્યારે એમની ચિત્ર-સર્જન-શક્તિ આટલી પાંગરી છે તેના મૂળમાં કારણભૂત પરિસ્થિતિ તે એ કે એ વખતે એમના ઘરમાં જ ભરત ભરવાનું અને ચિત્રો દોરવાનું સારું એવું ચલણ. એમનાં બા અને બહેનો જ જૂની લોકકલાના સંસ્કારોને પોષતા ચાકળા, ચણિયા અને કાપડાં પર મઝાનું ભરતકામ કરે. નાના ખોડીદાસને આમ ગળથૂથીમાં જ કલાના સંસ્કારો મળ્યા, અને ચિત્રકામ કે ભરતકામ એમના કુટુંબ-જીવનનું એક અંગ હોઈ, આર્થિક રીતે સદ્ધર નહિ હોવા છતાંય એમના ઉપરોક્ત સંસ્કાર પોષાતા રહ્યા.

અને અભ્યાસમાં પણ એમણે ઠીક ઠીક નામ કાઢ્યું. પિતાએ જેમ તેમ કરીને પુત્રને મેટ્રિક સુધી પહોંચાડ્યો અને ખોડીદાસે એમાં એમની શાળામાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ થઈ જાણે કે પિતાના પરિશ્રમનો બદલો ચૂકવ્યો. એમની જ્ઞાતિમાં એ સૌથી પહેલા મેટ્રિક પાસ કરનાર વિદ્યાર્થી અને શાળાની ઊજળી કારકીર્દિને લીધે તેઓ કૉલેજનો અભ્યાસ પણ ચાલુ રાખી શક્યા.



● ખોડીદાસ પરમાર ●

શાળાના અભ્યાસકાળ દરમ્યાન જ તેઓ એમના ચિત્રશિક્ષક અને જાણીતા ચિત્રકાર શ્રી. સોમાલાલ શાહની નજરે ચડી ગયા હતા. કલાપારખુ સોમાભાઈએ ખોડીદાસની ઊગતી પ્રતિભા-શક્તિને યોગ્ય રસ્તે દોરી પ્રોત્સાહન આપ્યું–અને એમની હૂંફે ખોડીદાસનો વિકસતો કલારસ ઑર ફાલ્યો.

અત્યારે પણ તેઓ શ્રી. સોમાભાઈ પાસે જ તાલીમ લઈ રહ્યા છે, પણ આટલા સમયમાં તેમણે સારી એવી સિદ્ધિ અને પ્રસિદ્ધિ મેળવી લીધી છે. ૧૯૫૭માં તેમને લલિતકલા અકાદમી તરફથી યોજાયેલ રાષ્ટ્રીય પ્રદર્શનમાં 'સૌરાષ્ટ્રમાં વિવાહ' નામના લાંબા ચિત્ર માટે રૂા. ૧૦૦૦નું પારિતોષિક એનાયત થયું હતું. એ ઉપરાંત આંતર્ વિદ્યાપીઠ યુવક મહોત્સવમાં તેમના ચિત્ર 'કૃષ્ણ-જન્મ'ને બીજું ઇનામ મળ્યું હતું. ઉપરાંત દિલ્હી, મુંબઈ અને સૌરાષ્ટ્રનાં જુદાંજુદાં પ્રદર્શનોમાં તેમને નાનાંમોટાં ઇનામો મળેલાં છે. ૧૯૫૭માં ગુજરાત યુનિ. તરફથી તેમને એક સુવર્ણચન્દ્રક પણ મળ્યો હતો.

તેમની ચિત્ર-પદ્ધતિ આપણા લોક-કલાના સિદ્ધાંતોને બરાબર અનુસરે છે. ચિત્ર-વિષયની બાબતમાં તેઓ શ્રીકૃષ્ણના જીવનપ્રસંગો તેમ જ લોકજીવનની રૂઢિયો, પ્રણાલીઓનું આલેખન કરવામાં સવિશેષ રસ ધરાવે છે. બાળપણમાં ચાકળા વગેરે પરની ભાત ચીતરવાના કૌટુંબિક ચિત્ર-સંસ્કારોની ગાઢી અસર હજી તેમની ચિત્રશૈલી પર છે. તેઓ ચિત્રને ફક્ત ભાત (Pattern) તરીકે જોવાની ચિત્ર-પ્રણાલીને અનુસરે છે.

અત્યારે તેઓ પોતાની આગવી પદ્ધતિએ ભાવનગર ચિત્રસર્જન કરી રહ્યા છે અને સાથેસાથે પોતાનો કૉલેજ અભ્યાસ પણ આગળ ધપાવી રહ્યા છે. સોમાભાઈના શિ હોવાનું તેમને ગૌરવ છે અને પોતાની બધીય ચિત્રપ્રવૃત્તિ પ્રણેતા તરીકે તેઓ એમને ગણાવે છે. કૉલેજનો અભ્યા પૂરો કર્યા બાદ તેઓ સૌરાષ્ટ્રના ભરતકામ, ઘરેણાં, લોકગીત તેમ જ મુખ્યત્વે લોક–ચિત્ર–પદ્ધતિ પર એક લાંબો નિબ લખવાની ઇચ્છા ધરાવે છે —ગુલામ મોહમ્મદ શેખ

મર્હુમ પ્રા. અબુ ઝફર નદ્વી

તા. ૨૮–૫–'૫૮ની સાંજે ગુજરાતના એક સન્નિષ્ઠ સંશોધક અને સાલસ વિદ્વાન મૌલવી સૈયદ અબુ ઝફર નદ્વી અવસાન પામ્યા. ગુજરાતે—આપણે કંઈક એવું ગુમાવ્યું છે, જેની જાણકારીય હજી ભાગ્યે જ આપણને થઈ ગણાય.

ગુજરાતમાં સંશોધનકાર્ય વરસોથી થતું રહ્યું છેઃ ગુજરાત ફાર્બસ સભા, ગુજરાત સંશોધન મંડળ, ગુજરાત વિદ્યાપીઠનું ' પુરાતત્ત્વ મંદિર ' અને ' ગુજરાત વિદ્યાસભા ' (ગુજરાત વર્નાક્યુલર સોસાયટી) તથા વડોદરા પ્રાચ્યવિદ્યાલય વગેરેનો ફાળો આગળ પડતો રહ્યો છે. પરંતુ આ સંશોધનનો મુખ્ય આધાર સંસ્કૃત-પાલિ અથવા અંશતઃ અપભ્રંશ સાહિત્ય રહ્યો છે.

● એક રીતે આ એકાંગી સંશોધન ગણાય. ભારત સમસ્ત અને ખાસ કરીને ગુજરાતના સર્વાંગી વિકાસમાં અરબી, ફારસી અને ઉર્દૂ ભાષા–સાહિત્ય અને ઇતિહાસનો (મુસ્લિમ રાજ્યકાળ દરમ્યાન વિશેષ રીતે) ઘણો જ પ્રભાવ રહ્યો છે. આ ખજનાઓમાં ગુજરાતી ઇતિહાસના સંશોધનનાં અનેક મોતી સંઘરાયેલાં પડ્યાં છે.

મહાસાગરને તળિયેથી આ મોતી કાઢવાનું અતિ દુષ્કર કાર્ય ગુજરાતમાં સર્વપ્રથમ વ્યવસ્થિત રીતે અને નિષ્ઠાપૂર્વક, વરસો લગી એકધારી જહેમતપૂર્વક કરનાર નદ્વી સાહેબ હતા.

ગુજરાતના સંશોધનને એકાંગિતા, પરિણામે અશાસ્ત્રીયતાથી વારનાર પ્રથમ સંશોધક વિદ્વાન પ્રો. સૈયદ અબુ ઝફર નદ્વી હતા.

પટના (બિહાર) નગરીની નજીકના એક ગામડાગામ (દેસ્ના)માં પ્રો. નદ્વીનો જન્મ થયો હતો. (એમની ચોક્કસ જન્મ સાલ એમના સહકાર્યકરો પણ આપી શક્યા નથી. પરંતુ મૌલાના અબુલ કલામ આઝાદના બરાબરીઆ હશે એવ ધારણા કરે છે). એમના પિતાજી નિષ્ણાત હકીમ હતા.

૧૯૧૯માં પંજાબ યુનિવર્સિટીની " આલિમ "ની અને ૧૯૨૧માં નદ્વા (લખનૌ)ની ' આલિમ 'ની ઉપાધિઓ એમણે પ્રાપ્ત કરી હતી. આ સમય દરમ્યાન તેમને મૌલાના અબુલ કલામ આઝાદ સાથે એક જ ઓરડામાં રહેવાની તક પ્રાપ્ત થયેલી એમ જણાય છે.

બાદ રંગૂનમાં છ સાલ શિક્ષક તરીકે નોકરી કરી, તેમણે કવિવર્ય રવીન્દ્રનાથ ટાગોરના સાન્નિધ્યમાં શાંતિનિકેતનમાં ફારસી–ઉર્દૂના અધ્યાપક તરીકે બે વરસ ગાળ્યાં હતાં. બાદ મદ્રાસની જમાલિયા (અરબી) કૉલેજના પ્રિન્સીપાલ તરીકે બે વરસ ફરજ બજાવી. ત્યાર પછી, ઉત્તર પ્રદેશમાં આઝમગઢમાં આવેલી દારૂલ મુસન્નિફીનની સંસ્થામાં તેમણે બે વર્ષ સંશોધનકાર્ય કર્યું.

પરંતુ ત્યાં તો ૧૯૨૧માં ગુજરાત (મૌલાના અબુલ કલામ આઝાદની પ્રેરણાએ) એમને ખેંચી લાવ્યું ને ત્યારથી તેમની આખી જિંદગી ગુજરાતના ઐતિહાસિક સંશોધનકાર્ય પાછળ પરોવાઈ ગઈ। વિદ્યાપીઠમાં અધ્યાપન અને સંશોધનમાં ગાળેલાં ૮ વર્ષ એમનાં ઉત્તમ વર્ષો ગણાય.* ગુજરાતમાં ઉચ્ચ કક્ષાના સંશોધકો અને પ્રાધ્યાપકોના સાથમાં તેમનો પોતાનોય ઘણો બધો ઘાટ ઘડાયો...

બાદ, ૧૯૪૦માં શ્રી આનંદશંકર ધ્રુવના આમંત્રણને

* ૧૯૨૬થી '૨૯ સુધીનાં વર્ષો દરમ્યાન, ગુજરાત વિદ્યાપીઠમાં તેઓ મારા ઉર્દૂ ભાષાના પ્રાધ્યાપક હતા. એમની મુલાયમ મમતા અવિસ્મરણીય રહેશે. આ નોંધ માટે બુદ્ધિપ્રકાશ (જૂન-'૫૮) માંના બે લેખોનો આધાર લીધો છે.

માન આપી તેઓ ગુજરાત વિદ્યાસભામાં અરબી, ફારસી, ઉર્દૂના અધ્યાપક તરીકે જોડાયા—અહીં તેમને શ્રી રસિકલાલ પરીખ જેવા જૂના વિદ્યાપીઠના સાથીની હૂંફ વળી પાછી મળી ગઈ. અને તેમણે જીવનની ઊંડી એકાગ્રતાથી સંશોધન-ક્ષેત્રને અપનાવી લીધું. (આ દરમ્યાન મુંબઈ અને ગુજરાત યુનિવર્સિટીઓએ એમને એમ. એ.ના વર્ગોને અરબી શીખવવા માટેની માન્યતા આપી હતી.)

સંશોધનકાર્ય જાણે ધૂળધોયાનું કાર્ય છે! પરિણામની દૃષ્ટિએ પૂછો તો, સૌ નાગરિકોનેય આંખે ઊડી બાઝે તેવું 'મહાન કાર્ય' ભાગ્યે જ કંઈ દેખાડી શકાય. પરંતુ તેથી તેનું મૂલ્ય ઘટતું નથી...ઇતિહાસની ખૂટતી કડીઓમાંની એકનું સંશોધન કરવું, બલ્કે—એક ઉપર નવો પ્રકાશ પાડવો એય ઘણીવાર 'મહત્ત્વનું કાર્ય' બની જાય છે!

પ્રો. નદવીના સંશોધનનું મૂલ્યાંકન તો ભવિષ્ય આંકશે. પરંતુ આરંભમાં કહ્યું તે મુજબ, ગુજરાત-સંશોધનના ક્ષેત્રે એક અતિ મહત્ત્વના ક્ષેત્રે (અરબી, ફારસી, ઉર્દૂના સાહિત્ય-ઇતિહાસ-ગ્રંથો દ્વારા સંશોધનના ક્ષેત્રે પ્રો. નદવીનું અર્પણ પુરસ્કર્તા તરીકેનું રહેશે જ રહેશે. એટલું જ નહિ, તેની ખોટ જલદી પુરાય એમ પણ નથી. —ભો.

એમણે લખેલાં પુસ્તકોમાંથી કેટલાંક—

(૧) બર્મી બોલચાલ (૧૯૨૪), (૨) મુખ્તસર તવારીખે હિંદ (૧૯૩૬), (૩) મુખ્તસર તવારીખે ગુજરાત (૧૯૨૭), (૪) મિરાતે અહમદીની પરિશિષ્ટનો અનુવાદ (૧૯૪૭), (૫) તવારીખે ગુજરાત (પૂરો) (મકાશન–ગુજરાતી અનુવાદ બે ભાગમાં), (૧૯૪૯), (૬) તારીખે બોહરા (૧૯૫૫), (૭) તવારીખે સિંદ (૧૯૪૬), (૮) તવારીખે આલે મુબુક્તગીન, (૯) મુઝફ્ફરશાહી (મૂળ અને અનુવાદ–૧૯૪૨), (૧૦) તવારીખે શેખ અહમદ ખટ્ટુ (૧૯૩૯), (૧૧) તમદ્દુની તવારીખે ગુજરાત (ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ,–મુસલમાન સમય), (૧૨) તઝકિરએ અકદસ હઝરત સૈયદ પીર મોહમ્મદ શાહ કાદરીનું જીવનચરિત્ર.

[પા. ૪૧૦થી]

કવિતા વિશે તથા સામાજિક અને રાજકીય પ્રશ્નો વિશે અનભિજ્ઞ રહે છે; અને એ જ પ્રમાણે વિનયન વિદ્યાલયનો વિદ્યાર્થી વિજ્ઞાનની સિદ્ધિઓ અને સમસ્યાઓ પરત્વે અણજાણ રહે છે. આવી ભેદરેખાઓને ઓળંગવાની છે. એક માનવી તરીકે વિદ્યાર્થીએ બધી બાજુએ સજાગ રહેવાનું છે. આને માટે વિદ્યાપીઠોએ સામાન્ય શિક્ષણના અભ્યાસક્રમો દાખલ કરવા જોઈએ.

અંતમાં, વિદ્યાપીઠના કાર્ય વિશે મારે થોડુંક કહેવાનું રહે છે. જો કે આપણે શિક્ષણ અને અભ્યાસનાં ધોરણો ઊંચે લાવી શકીએ, સાંકૃતિક અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓને દૃષ્ટિ આપી શકીએ, તો પણ એક ભય રહે છે અને તે એ કે રાષ્ટ્રીય જીવનમાં યોગ્ય ભાગ ભજવવાના કાર્યમાં વિદ્યાપીઠને ફતેહ ન પણ મળે. એનો આદર્શ સિદ્ધ કરવા માટે એણે પોતાના કાર્યમાં બહિર્મુખ બાજુ વિકસાવવી જોઈએ અને વિદ્યાપીઠના શિક્ષણના લાભ બહારની વિશાળ જનતાને મળે એવું કંઈક કરવું જોઈએ. આને લીધે વિદ્યાર્થીઓને એમની આજુબાજુના જીવનની વાસ્તવિકતાનો ખ્યાલ આવશે, તેઓ બીજાંઓ વિશે સમભાવ કેળવશે અને દૃષ્ટિની વિશાળતા પ્રાપ્ત કરશે. રાષ્ટ્રીય અને સામાજિક પુનર્નિર્માણમાં વિદ્યાપીઠો આ રીતે મહત્ત્વનો ફાળો આપી શકશે.

પ્રવૃત્તિ ને પડઘા

આ વિભાગમાં—

* ગુજરાતભરનાં સંસ્કાર અને શિક્ષણકેન્દ્રો, સાહિત્ય અને કલાકેન્દ્રોની ખાસ નોંધપાત્ર પ્રવૃત્તિઓ અંગે—
* ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ (કલકત્તા, દિલ્હી, આફ્રિકા વગેરે મુખ્ય મથકો સહિત)ની ઉપર કહી તેવી પ્રવૃત્તિઓ અંગે—મિતાક્ષરી સમાચાર આપવાની ઇચ્છા છે.

ગુજરાત અને બહારનાં કેન્દ્રો જરૂરી માહિતી મોકલતાં રહેશે તો "માનવ" ઉપકૃત થશે.

સૌરાષ્ટ્ર સાંસ્કૃતિક સંમેલન

રાજકોટમાં ૩૧મી મે અને ૧લી જૂને વિશ્વભારતની સંસ્થા તરફથી સૌરાષ્ટ્રનો એક સાંસ્કૃતિક મહોત્સવ ઉજવાઈ ગયો. આ સાંસ્કૃતિક મહોત્સવનું ઉદ્‌ઘાટન શ્રી રવિશંકર રાવળે કર્યું હતું અને શ્રી નરેન્દ્રભાઈ શુકલ, શ્રી જશવંત ઠાકર, શ્રી કે. કા. શાસ્ત્રી અને શ્રીઢોલરરાય માંકડ જુદા જુદા વિભાગમાં પ્રમુખસ્થાને હતા.

આ મહોત્સવનિમિત્તે બે દિવસ એક વિચારવિનિમય સંમેલન રાખવામાં આવ્યું હતું.

સંસ્કારના ઘડતર માટે સાંસ્કારિક પ્રવૃત્તિમાં નવી ચેતના પૂરવા માટે અને નવલોહીઆ કલાકારો તથા સાહિત્યકારોને પ્રોત્સાહન મળી રહે એ હેતુથી વિશ્વભારતીના ઉપક્રમે આ મહોત્સવનું આયોજન થયેલું. આ મહોત્સવમાં વિવિધ જાતના કાર્યક્રમો રાખેલા. ચિત્રકળા પ્રદર્શન હતું. વક્તૃત્વ કલા હરીફાઈ પણ હતી. રાસ, નાટક અને સંગીતની સ્પર્ધા હતી અને કવિસંમેલન પણ હતું. નિબંધની સ્પર્ધા અને વિચારવિનિમય સંમેલન પણ હતાં. આમ સૌરાષ્ટ્રના વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પડેલી શક્તિઓને બહાર લાવવાના ઉદ્દેશથી આ મહોત્સવનું આયોજન થયેલું.

સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં ગામોમાંથી ૨૦૦થી ૩૦૦ નવલોહીઆ યુવાનો તથા યુવતીઓએ આ મહોત્સવમાં ભાગ લીધેલો. કેટલીક મંડળીઓ નાટક લાવેલી તો કેટલીક મંડળીઓ રાસ તથા લોકનૃત્યોને લઈને આવી હતી તો કેટલાક શાસ્ત્રીય સંગીત લઈને આવ્યા હતા.

આ સંમેલનમાં શ્રી. જશવંત ઠાકરની સૂચનાથી સૌરાષ્ટ્ર સંગીત એકેડેમીની જગાએ સૌરાષ્ટ્ર નાટ્ય વિદ્યાલય શરૂ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી હતી, અને લલિતકલાની શિક્ષણસંસ્થાઓ સરકારી અંકુશથી સ્વતંત્ર હોવી જોઈએ તથા આવી સંસ્થાઓ ટ્રસ્ટરૂપે સંચાલિત થવી જોઈએ, એવો સૂર ઊઠ્યો હતો.

(લોકસત્તા ૯-૬-૫૮ના આધારે)

શ્રી ખત્રીને સુવર્ણચંદ્રક

ઈન્ડિયન એકેડેમી ઓફ ફાઈન આર્ટ્સ, અમૃતસરના અખિલ ભારતીય ચિત્રકલા પ્રદર્શનમાં ગુજરાતના જાણીતા ચિત્રકાર શ્રી હિરાલાલ ખત્રીને તેમના વ્યક્તિચિત્ર (Portrait) 'લોખંડી પુરુષ' (શ્રી સરદાર પટેલ) ઉપર પંજાબ સરકારનો સુવર્ણચંદ્રક શ્રેષ્ઠ તૈલચિત્ર માટે મળ્યો છે.

આ પ્રદર્શનમાં ભારતના મહાન કલાકારો શ્રી હલદનકર તથા શ્રી બરીનડે જેઓએ પાર્લામેન્ટ હાઉસમાં તૈલચિત્રો બનાવેલાં છે તેઓની કૃતિઓ પણ પ્રદર્શિત થઈ હતી. તેની હરીફાઈમાં શ્રી ખત્રીને ઉપરોક્ત પારિતોષિક મળ્યું છે, તે ગુજરાત માટે ગૌરવ છે.

પંજાબનું 'સન્ડે ટ્રીબ્યુન' તેના કલાવિવેચનમાં શ્રી ખત્રીની કૃતિ માટે લખે છે કે:—

*

જાણીતા ચિત્રકાર પ્રો. શ્રી એન. એસ. બેન્દ્રે ઇટાલીના ત્રણ મહિનાના પ્રવાસે ગયા છે. ગુજરાતી ચિત્રકાર શ્રી

શાંતિલાલ શાહ પણ યુરોપનો ઠીકઠીક લાંબો એવો પ્રવાસ માટે રવાના થયા છે.

*

ગુજરાતની જૂની પેઢીના છબી ચિત્રકારોમાં અગ્રગણ્ય એવા શ્રી નાનાલાલ જોષીનું એમના વતન વઢવાણમાં તા ૧૨મી જૂનના રોજ અવસાન થયું છે.

*

જગત્પ્યાત ચિત્રકાર બ્રાક (Braque)નું હમણાં જ ઇટાલીમાં સન્માન કરવામાં આવ્યું. એમને એ સમયે બે કરોડ લીરાની થેલી આપવામાં આવી હતી. સન્માન સમિતિમાં અતિખ્યાત ચિત્રકાર પિકાસો અને શિલ્પી હેન્રીમૂર પણ હતા.

*

" ગુજરાત સાહિત્ય સભા " તરફથી દર વર્ષે કરાવવામાં આવતું સમીક્ષાનું કામ ચાલુ વર્ષે (સને ૧૯૫૮ માટે) બે વિભાગમાં વહેંચી નાંખી નીચેના સમીક્ષકને સોંપવામાં આવ્યું છે.

વિભાગ પહેલો	વિભાગ બીજો
કવિતા, નાટક, નવલિકા, નવલકથા, નિબંધ, વિવેચન, જીવનચરિત્ર, ધર્મ-તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, પુરાતન, ભાષાશાસ્ત્ર, કેળવણી, બાળ-સાહિત્ય, પ્રવાસ વગેરે.	વિજ્ઞાન – ભૌતિકવિજ્ઞાન, જંતુવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, શાસ્ત્રીય-સાહિત્ય વગેરે.

શ્રી. મધુસૂદન હીરાલાલ પારેખ
' રણછોડનિવાસ, ' પંચવટી, મણીનગર,
અમદાવાદ-૮

(ગુજરાત સમાચાર)

વડોદરા મરાઠી વાંઙ્મય પરિષદ

[૨૭-૨૮-૨૯ જૂન ૧૯૫૯]

ગુજરાતમાં વસતા મહારાષ્ટ્રવાસીઓનાં વડોદરા-અમદાવાદ મુખ્ય કેન્દ્રો છે. આ કેન્દ્રોમાં મહારાષ્ટ્રીય સંસ્કારિતા અને સાહિત્યની ઉપાસના સૈકાંઓથી અખંડ રીતે ચાલતી રહી છે એ ઓછા આનંદની વાત નથી. તેમાંય, વડોદરા જેવા કેન્દ્રમાં, છેલ્લાં ૨૧ વર્ષ થયાં, નિયમિત રીતે, વડોદરા મરાઠી વાંઙ્મય પરિષદનું સંમેલન મળતું રહ્યું છે—એ વિશેષ નોંધપાત્ર છે. તેનું શ્રેય વડોદરામાં ચાલતી આવેલી જ્ઞાનપર્યેષણાની પ્રણાલિકાને વડોદરાના સાહિત્યનિષ્ઠ અને કલાનિષ્ઠ કાર્યકરોને છે.

આ વરસે તા. ૨૭થી ૨૯ જૂનના ત્રણ દિવસો દરમ્યાન, ૨૧મું અધિવેશન મળ્યું હતું. અધ્યક્ષસ્થાને મુંબઈ રેડિયોના મરાઠી વિભાગના સંચાલક શ્રી. પુ. લ. દેશપાંડે હતા. તેઓ એક અચ્છા નાટ્યલેખક (અદાકાર અને નટ તરીકેય) તથા વિનોદપ્રધાન સાહિત્યના લેખક તરીકે જાણીતા છે. સ્વાગતાધ્યક્ષ ડૉ. અનંત ગણેશ જાવડેકર (મ. સ. યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક) હતા.

આ ત્રણ દિવસના કાર્યક્રમોમાં ' સાહિત્ય તથા રાજ્ય-સંસ્થાનો સંબંધ ' અંગેનો પરિસંવાદ તથા ' હાલનું સાહિત્ય હેતુશૂન્ય છે ' એ પ્રકારની સાહિત્યચર્ચા ધ્યાન ખેંચે એવા હતા—વિષયની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો, ઉપરાંત વડોદરાવાસી કેટલાક ગુર્જર-સાહિત્યકારોનેય એમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું તે જોતાંય.

આ ઉપરાંત, સ્વાગતાધ્યક્ષે પોતાના ભાષણમાં, વડોદરાની પ્રમુખ સાહિત્યિક સંસ્થા ' પ્રેમાનંદ સાહિત્યસભા 'નો, તથા તાજેતરમાં વડોદરામાં ' સ્ત્રી ' નામની નવલકથા (આલ્બર્ટ મોરાવિયાની કૃતિ ' વુમન ઓફ રોમ 'નો ગુજરાતી અનુવાદ) ઉપર ' અશ્લીલતા ' અંગે ચાલેલા કેસનો ખાસ ઉલ્લેખ કરી—બલ્કે ગુજરાતી સાહિત્યની એક મહત્ત્વની ઘટનાનો સુયોગ્ય ઉલ્લેખ કરી, મહારાષ્ટ્રી-ગુજરાતી-ભારતીય એકતા અને મૈત્રીનો સુભગ સૂર પ્રગટાવ્યો હતો, તે અભિનંદનીય છે.

—શો.

વિજ્ઞાનીઓનું કર્તવ્ય

[ભારતીય વિજ્ઞાની સી. વી. રામનનું વકતવ્ય]

તાજેતરમાં સોવિયેટ રશિયાએ ભારતના વિખ્યાત ભૌતિકશાસ્ત્રી ડૉ. સી. વી. રામનને રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચેના શાંતિમય સંબંધો સ્થાપવાના પ્રયાસ માટે લેનિન-પારિતોષિક એનાયત કર્યો છે.

આ પ્રસંગે ડો. રામને આભારવચન ઉચ્ચારતાં કહ્યું કે :

" તેત્રીસ વર્ષ બાદ હું પુનઃ સોવિયેટ સંઘની મુલાકાતે આવ્યો છું અને કેટલાક જૂના મિત્રોને મળીને મને આનંદ થાય છે. મને તમારી વિજ્ઞાન અકાદમીના વિદેશી સભ્ય તરીકે ચૂંટી કાઢવામાં આવ્યો છે, એ જાણીને મને ઊંડો આનંદ તેમ જ સંતોષ થાય છે. સોવિયેટ સંઘની વૈજ્ઞાનિક પ્રગતિનો અભ્યાસ કરવાનો મને પૂરતો વખત મળ્યો નથી. પરંતુ મેં જે કાંઈ જોયું એથી હું સોવિયેટ દેશના જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલૉજી કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે અને રાજ્ય એના વિકાસ તેમ જ પ્રગતિ માટે કેટલી મદદ કરે છે, એ હું જાણી શક્યો છું. વળી, તમારા વિજ્ઞાનીઓની નવી પેઢી જે શક્તિ અને ઉત્સાહથી કામ કરે છે, એ જોઈ હું ખૂબ પ્રભાવિત થયો છું. આ વસ્તુ તેમ જ સોવિયટ સંઘની વિજ્ઞાન અકાદમીની ઉત્તમ દોરવણીને કારણે વિજ્ઞાન અને ઇજનેરી વિદ્યાનાં બધાં જ ક્ષેત્રોમાં સોવિયેટ સંઘ વધુ ને વધુ પ્રગતિ સાધી રહ્યું છે.

*

"હું વિજ્ઞાની છું, એટલે હાલની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ માટે વિજ્ઞાન કેટલું જવાબદાર છે, એ બરાબર જાણું છું. કમનસીબે વિજ્ઞાનની મહાન શોધોનો ઉપયોગ આજે વિનાશક શસ્ત્રો ઉત્પન્ન કરવા માટે થઈ રહ્યો છે.

'આ સદીમાં માનવજાતે બે વિશ્વયુદ્ધો અને કેટલાંય નાનાંનાનાં યુદ્ધો જોયાં છે. એ યુદ્ધોને પરિણામે થયેલો વિનાશ ભૂતકાળનાં યુદ્ધો કરતાં અનેકગણો હતો. હવે ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો અદ્યતન શસ્ત્રોની પ્રચંડ વિનાશક તાકાતને લીધે વળી એ ઔર ભયંકર બની રહેશે અને આજે દુનિયા આવા વિનાશને આરે આવીને ઊભી છે, એ પણ દરેક સમજદાર વ્યક્તિના મનમાં સ્પષ્ટ હોવું જોઈએ. એને અટકાવવા માટે બધા જ દેશોની શુભેચ્છા ધરાવતી વ્યક્તિઓથી સંગઠિત થવું જોઈએ અને પોતાની વગનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય તંગદિલી હળવી બનાવવા તેમ જ એને નાબૂદ કરવા માટે કરવો જોઈએ. આજની તંગદિલીનાં મૂળ ઉખેડી નાખવાનું જરૂરી છે, અને જો ઇચ્છા હોય, અને એ ઇચ્છા આ કાર્યનો વિરોધ કરનારાં પરિબળોને જીતી લે તો એ શક્ય પણ છે. એવાં વિરોધી પરિબળોને સૌ કોઈ ઓળખે છેઃ દા. ત. વધતી જતી આંતરરાષ્ટ્રીય તંગદિલી ઉપર જેના સુખચેનનો આધાર છે, અને એમાંથી જેઓ જંગી નફો મેળવે છે, એવાં લશ્કરવાદી તત્ત્વો અને યુદ્ધ-ઉદ્યોગપતિઓ. દુઃખની વાત છે કે અનેક વિજ્ઞાનીઓ આવાં પરિબળો સાથે જોડાયા છે અને પોતાની જાતને દેશભક્ત ગણાવતા એ લોકો પોતાના જ દેશને તેમ જ સમસ્ત માનવજાતને આત્મઘાતને માર્ગે ધકેલી રહ્યા છે."

*

કેન્યા પ્રતિ ભારતની હમદર્દી

પોતાની આઝાદી માટે લડત ચલાવી રહેલ આફ્રિકાની પ્રજા પ્રત્યે ભાઇચારાની લાગણી ભારતે વારંવાર વ્યક્ત કરેલી છે. તેમાંય ખાસ કરીને કેન્યાની પ્રજા જે બહાદૂરીભરી લડત ચલાવી રહેલ છે, તેને એણે હંમેશા સહાનુભૂતિપૂર્વક ટેકો આપેલો છે.

૧૯૫૨ની સાલમાં કેન્યાની પ્રજાના નેતા જોમો કેન્યાતા ઉપર બ્રિટિશ સરકાર કેસ ચલાવી રહી હતી, ત્યારે કેન્યાના દેશભક્તો પર બ્રિટિશ સલ્તનતે ચલાવેલ દમન સામે ભારતને ખૂણે ખૂણેથી અવાજ ઉઠાવવામાં આવેલો. ભારતના આગેવાન ધારાશાસ્ત્રીઓએ જોમો કેન્યાતા તેમ જ બીજા અનેક લોકોના

ચર્ચાના અંતરાયને લીધે ધીમી ગતિએ આગળ વધતી વાર્તા પાછલા ભાગમાં આગ અને ખૂનોની મદદ મેળવીને ઝડપી બને છે. એમ કરવામાં પ્રતાપની દુષ્ટતાને વધુ પડતો ઘેરો રંગ ચઢાવી દેવાયો છે. જાજરમાન, ગૌરવશીલ પણ આખરે પ્રતાપી પાત્રોને ચરણે ઢળતી મુનશીની નાયિકા જેવી ચન્દ્રા છે. પણ ચન્દ્રાને વિશ્વસ્ત તરફ વાળવાને માટે લેખકને જે ઘટનાઓ યોજવી પડી છે તે પૈકીની ઘણી તાલમેલિયા લાગે છે. મોટરનો અકસ્માત, શેઠ વિશ્વશતું ખૂન–આ બધું છતાં વિશ્વસ્ત કે ચન્દ્રાનું બદલાતું વલણ સ્વાભાવિક નથી લાગતું.

ભાષામાં કચાશ ઘણી છે. અમુક શબ્દોનો લેખકને મોહ છે. કેટલાક સંસ્કૃત શબ્દો, એમના સંકેતની સાચી સમજ વિના વપરાય છે. 'દેહયષ્ટિ'ને બદલે 'દેહદષ્ટિ' લેખકે એક કરતાં વધારે વાર વાપર્યો છે. આ ઉપરાંત 'વ્યક્તિત્વ', 'વિહ્વળતા'–આવા કેટલાક શબ્દોનો અર્થ લેખકના મનમાં સ્પષ્ટ નથી. દા. ત. 'તેઓ વિહ્વલ થયા ને સ્થિર દષ્ટિથી ચંદ્રાને વિલોકી રહ્યા.' સામ્યવાદીઓ સૌંદર્ય-પ્રકૃતિનું સૌંદર્ય પણ જીરવી નહિ શકે એમ લેખક માને છે ને એક કઢંગા વાકયમાં કહે છે: "આવા સૌંદર્યયુકત વાતાવરણના ભારથી પ્રતાપકુમારનું સામ્યવાદી હૃદય અત્યંત અશાંત થઈ કુ–કવિતાની ભૂમિકાને સાનુકૂળ થયું." આવું જ કઢંગું ને ખૂંચે એવું બીજું વાકય: "ચંદ્રાની સમસ્ત દેહદષ્ટિ પરમ શાંત સૌંદર્યયુક્ત માદકતાથી લદબદી ઊઠી હતી." આ ઉપરાંત, કેટલીકવાર અંગ્રેજી શબ્દોનો પણ લેખક અજબ ઉપયોગ કરે છે: "તેને ડર હતો કે કાંઈ વાત કરતાં પણ ટસલ થઈ જાય!"

લેખકે થોડી બંગાળી કૃતિઓનો અનુવાદ કર્યો છે આથી બંગાળી લઢણનું જાણેઅજાણે એમનાથી અનુકરણ થઈ જાય છે. વિનોદની માતાની મરણવેળાની ઉક્તિ (પૃ. ૧૨૨) શરદ્‌બાબુનું કોઈ પાત્ર બોલતું હોય એવી લાગે છે.

આ કચાશો દૂર કરીને નવલકથાના સ્વરુપ વિશેની સૂઝનો વિકાસ સાધવાની જરૂર છે. એ માટે શ્રેષ્ઠ કૃતિઓનું પરિશીલન એ એક મહત્ત્વની જરૂરિયાત છે. આશા રાખીએ કે લેખકના ઉત્સાહમાં સાધનાનો ઉદ્યમ ભળે અને એનાં સુન્દર પરિણામો ગૂજરાતી સાહિત્યને પ્રાપ્ત થાય.

—સુ. જો.

*

નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવ-ગુપ્તાચાર્ય

લેખક: કે. કા. શાસ્ત્રી
પ્રકાશક: પ્રિન્સિપાલ આર. સી. મહેતા.
ભારતીય સંગીત–નૃત્ય–નાટ્ય મહાવિદ્યાલય
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા
પ્રાપ્તિસ્થાન: પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા
મૂલ્ય: રૂ. ૨.૭૫

આ પુસ્તકમાં લેખકે ભારતીય સંગીત–નૃત્ય–નાટ્ય મહાવિદ્યાલયને ઉપક્રમે ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર અને એના ઉપર 'અભિનવ ભારતી' નામની ટીકા લખનાર અભિનવ-ગુપ્તનું અર્પણ—આ વિષય પર સમર્પક સ્વરૂપનાં આપેલાં ત્રણ વ્યાખ્યાનોનો સંગ્રહ છે. એ પૈકીના વ્યાખ્યાનમાં ચર્ચેલો, નાટ્યશાસ્ત્રમાં ચર્ચાયેલા વિષયોવાળો ભાગ જુદા ગ્રંથમાં છપાવાનો હોઈ, અહીં આપ્યો નથી. વ્યાખ્યાનો મુખ્યત્વે પરિચયાત્મક છે. નાટ્ય અને કાવ્ય જેવા લલિત વિષયનું નિરૂપણ લલિત શૈલીમાં થાય એવો કદાચ કોઈ આગ્રહ રાખે તેથી લેખક શરૂઆતમાં જ સ્પષ્ટ કહી દે છે: 'અહીં થયેલી ચર્ચા–વિચારણામાં આપને વિવેચનની કર્કશતા જ માત્ર મળશે.' પરંતુ વિદ્યાર્થીઓને માટે પાઠ્યગ્રન્થ તરીકે યોજાતું પુસ્તક સુખપાઠ્ય હોય એવી અપેક્ષા રાખવી ગેરવ્યાજબી ન લેખાય. સંસ્કૃત ઉદ્ધરણોનો બધે સ્થળે અનુવાદ આપવામાં આવ્યો નથી. 'અભિનવ ગુપ્તની વિશિષ્ટતા' વાળો ભાગ આપણી અપેક્ષાઓને પૂરી સંતોષતો નથી. રસસૂત્ર વિશેના અભિનવ ગુપ્તના સિદ્ધાંતના નિરૂપણમાં પણ આપણને આવો જ અસંતોષ રહી જાય છે. અભિનવ ગુપ્તની વિશિષ્ટતાની વાત કરતાં લેખક એને સુકોમળહૃદય ભક્ત તરીકે બિરદાવે છે ત્યાં એ લેખકના અંગત પક્ષપાતનું દ્યોતક બની રહે છે. છતાં—શ્રી કે. કા. શાસ્ત્રીએ ચીવટ અને ચોકસાઈથી નાટ્યશાસ્ત્ર જેવી મહત્ત્વની કૃતિ વિશે જે માહિતી ઉપલબ્ધ કરી આપી છે તે બદલ આપણે પ્રકાશક સંસ્થાના તથા એમના ઋણી છીએ.

—સુ. જો.

*

ધરતીનું સૌંદર્ય

લેખક : પ્રબોધ મહેતા
પ્રકાશક : સ્મૃતિ સાહિત્ય મંદિર, ઉમરગોઠણ, વીરાર, (મુંબઈ)
કિં. રૂા. ૩-૮-૦

ચારેક નવલકથાના લેખક ના. પ્રબોધ મહેતાની આ નવલ સાવ નબળી છે. કાશ્મીરને એમણે નવલની પશ્ચાદભૂ તરીકે લીધું છે. મુંબઈનો એક તરવરાટભર્યો જુવાન પત્રકાર નાયક તરીકે ઝડીયો છે. કાશ્મીરની બે યુવતીઓને નાયિકા અને ઉપનાયિકા બનાવી છે અને ભારત-પાકિસ્તાનના કાશ્મીર અંગેના ઝઘડાઓ 'વસ્તુ' તરીકે છે. આટલો બધો સબળ અને સુસજ્જ કરી શકાય તેવો સરંજામ હોવા છતાં અંતે શૂન્ય ! એકકે પાત્ર ઉપસતું નથી. એકકે બના ચોટ સાધતો નથી. એકકે વર્ણન કશી પણ-કંટાળા સિવાય અસર ઉપજાવતું નથી. પત્રકાર હોવા છતાં નાયકને એનું પત્રકારત્વ નિરર્થક બની રહે છે. નવલકથા વારંવાર એક સસ્તી જાસૂસી વાર્તામાં ઢળી પડે છે. વાર્તાની છેલ્લી દશ્યરચના ચિત્રપટની ચોખ્ખી અસર (!) બતાવે છે. મુદ્રણમાં અનેક અક્ષમ્ય ભૂલો છે.

*

કલ્યાણી :

લેખક : લાલભાઈ ભટ્ટ
પ્રકાશન : રૂપમ્ પ્રકાશન મંદિર ૬૯-૮૭ કેથેડ્રલ સ્ટ્રીટ, મુંબઈ. ૨
કિં. રૂા. ચાર

નારીનું જીવન કેવું છે ? પરાધીન-સાવ પરાધીન. મોંપાસાની પેલી ખ્યાતનામ નવલકથા 'વુમન્સ લાઈફ'માંથી પ્રેરણા મળી હોય એમ આ 'કલ્યાણી' લખાઈ છે— ઉત્સાહપૂર્વક લખાઈ છે. સમાજે પરણાવેલા પતિથી ત્રાસેલી કલ્યાણી નાસી છૂટે છે; સ્વાભાવિક રીતે જ આત્મહત્યાના માર્ગે વળે છે. ત્યાં નાયક ઇજનેર સ્વાભાવિક રીતે બચાવે છે અને નવલકથામાં બનતું આવ્યું છે તેમ બન્ને વગર પરણે પતિપત્ની તરીકે સાથે રહે છે. અદેખા સમાજથી તે સહન થતું નથી. નાસી છૂટેલી પત્નીની તલાશમાં મૂળ પતિ પોલિસનો આશરો લે છે પણ ખુદ કાયદો હાથમાં લઈને પત્ની પતિ પાસે જવાનો ઈન્કાર કરે છે.

નવલકથામાં જ બને એમ પતિ હાથ ઘસતો રહી છૂપા કાવાદાવા રચવાની દિશા પકડે છે. એક દંભી અને સમાજને નામેથી રૂપ વિપ્ર ખલનાયક બને છે. સ્ત્રીમાં રહેલી વાત્સલ્યની લાગણીને ઉશ્કેરી અસલનાં પતિનાં બાળકોને મળવા તેને પ્રેરે છે. પત્ની તરીકે નહીં પણ માતા બની 'કલ્યાણી' પોતાના અસલ ઘરભણી પગલાં માંડે છે, પણ ક્રોધીલો પતિ તેને આવકારવાને બદલે તેનું ખૂન કરે છે. ખૂની પતિ પોલીસને શરણે જાય છે અને વાર્તા પૂરી થાય છે.

કદાચ સારી બની શકે એવી વસ્તુ ધરાવતી નવલકથા સારી બનતી અટકી ગઈ છે. લેખક પાસે ઠીક કહી શકાય તેવી શૈલી છે પણ સ્વસ્થતા નથી. વસ્તુ છે પણ માવજત નથી. લેખકે ધ્યાનમાં રાખેલી વસ્તુને વફાદાર રહી, પ્રણય-તોફાનોના વર્ણનના ખોટા પ્રલોભનમાં તણાયા વિના, ઉત્સાહને સંયમમાં રાખી સ્વસ્થતાપૂર્વક લખ્યું હોત તો છે તેના કરતાં ઊંચા થરની નવલકથા મળત ખરી. આમ છતાંય 'કલ્યાણી' વાચનક્ષમ છે ખરી.

*

અંતે તો તમારી જ (ત્રિઅંકી) :

લેખક પ્રકાશક : મધુકર રાંદેરિયા ૫, અરદેશર દાદી ક્રોસ લેન, સી. પી. ટેન્ક મુંબઈ ૪
કિં. ૧.૫૦

આ એક ભજવવા જેવું સારી રીતે ભજવાય તો, પહેલા બે અંક સુધી તો સારી રીતે ઊંચકાય તેવું નાટક છે. લેખક પોતે અદાકાર અને દિગ્દર્શક હોવાથી નાટકની તખ્તા લાયકી માટે કહેવાનું રહેતું નથી. એમણે તખ્તાને જ લક્ષમાં રાખ્યો છે. આજ કાલ યુવક-યુવતીઓમાં જે અદાકાર થવાનો અને 'રંગભૂમિ' ધ્રુજાવવાનો અભખરો ફાટી નીકળ્યો છે તેના ઉપર લેખકે સારો એવો કટાક્ષ કર્યો છે. રંગભૂમિ એ જીવન નથી પણ જીવન એ રંગભૂમિ છે એનું આ નાટકમાં યથાર્થ દર્શન કરાવ્યું છે. માત્ર ત્રીજો અંક-સમાપન-નબળો જાય છે કારણકે નાટકનો અંત અમુક જ લાવવાનો છે. એવું નાટ્યકારે પહેલાંથી વિચારી રાખેલું જણાય છે; પરિણામે અંત એકદમ, અચાનક અને અસ્વાભાવિક રીતે આવી જાય છે, જે આખા નાટકની અસરને મારી નાંખે છે. બાકી સંવાદો ચટકીલા છે. દશ્યરચના કુશળ છે— પ્રસંગો ઉપસી આવ્યા છે. પણ નાટક તો ભજવાએલું

જોવાય ત્યારે જ એની વધારે કિંમત સમજાય. આ નાટક ભજવવા માટેનું જ છે.

*

વિશ્વસાહિત્યની વાર્તાઓ

અનુવાદકો : ભોગીલાલ ગાંધી અને સુભદ્રા ગાંધી
પ્રકાશક : ચેતન પ્રકાશનગૃહ લિ. રામજી મંદિર પોળ, વડોદરા
કિં. : રૂા. સાડા પાંચ

વિશ્વની પ્રમુખ ભાષાઓ–ફ્રેંચ, રશિયન, જર્મની, અંગ્રેજી, ચીની, જાપાની, સ્વીડીશ, ઝેક, આયરિશ વગેરે અઢાર ભાષાઓમાંથી ચૂંટી કાઢેલી પચ્ચીસ વાર્તાઓનો આ સંગ્રહ છે. ઉપરાંત પ્રા. સુરેશ જોષી લિખિત ૪૫ પાનાંનો " પશ્ચિમમાં ટૂંકી વાર્તાનો વિકાસ "નો માહિતીપૂર્ણ પ્રવેશક પણ સાથે જોડેલો છે; જે વાર્તા અને વાર્તાકારને સમજવામાં સહાયભૂત બની રહે છે. દુનિયાના અન્ય દેશોમાં નવલિકાનું સ્વરૂપ કેટલું બધું વિકસ્યું છે. તેનો જેમ આ વાર્તાઓ વાંચતાં ખ્યાલ આવે છે તેમ આપણી ગુજરાતી નવલિકાઓ કેટલી પાંગળી છે તેનો પણ વિચાર આવે છે જ. સારી વાર્તા કેટલી ચિરસ્મરણીય બની રહે છે તેનો આ સંગ્રહ સચોટ એવો પુરાવો પૂરો પાડે છે.

સંપાદકોએ ખરેખર ગુજરાતના અલ્પધન નવલિકા સંગ્રહ દ્વારા સારો એવો ઉમેરો કર્યો છે, સાહિત્યમાં આ એટલું જ નહીં પણ ઊગતા વાર્તાકારો સમક્ષ વિશ્વનું નવલિકા–નવનીત પણ ધર્યું છે.

*

અનોખી પ્રીત

અનુવાદક : ભોગીલાલ ગાંધી
પ્રકાશક : ઉપર મુજબ
કિં. રૂા. ૨–૭૫.

બે મશહૂર પ્રેમકથાઓનો આ અનુવાદ છે. એક છે ' કાર્લ એન્ડ અના ' અને બીજી ટાગોરની ' નષ્ટનીડ '— ' અનોખી પ્રીત ' અને 'વીંખાયેલો માળો'ના નામે. બન્ને વાર્તાઓ અત્યંત હૃદયંગમ છે. પણ એક વાતનું સૂચન કરવાનું મન થાય છે. પહેલી વાર્તા 'અનોખી પ્રીત'માં અનુવાદકે " શંકર કેશવ અને રેવા " એવા તળપદાં ગુજરાતી નામો શા સારું પસંદ કર્યાં હશે ? કારણ કે સુજ્ઞ વાંચક તો તુરત જ પરદેશી વાતાવરણ પરખી જાય છે. અમારા મતે તો આવી રસદાયક વાર્તાઓમાં વિશેષનામો ભાગ્યે જ આડે આવે છે.

*

ફોલતાં ફૂલ :

લેખક : નટવરલાલ અધ્વર્યુ
પ્રાપ્તિસ્થાન : રવાણી એન્ડ કંપની રીલીફ રોડ, અમદાવાદ
કિં. બે રૂપિયા

માધ્યમિક શાળાઓમાં ઇતર વાચન માટેનો આ નવલિકા સંગ્રહ છે; અને એ રીતે આવકાર્ય છે.

' કાશ્યપ '

*

વડોદરા રાજ્યની સાહિત્ય પ્રવૃત્તિ

લેખકો : ભરતરામ ભા. મહેતા તથા
રમણિકરાય શ્રીપતરાય દેસાઈ
પ્રકાશક : મ. સ. વિશ્વ વિદ્યાલય : વડોદરા.
કિંમત : રૂ. ૩=૨૫.

ગયે વરસે વડોદરામાં PEN(ભારતીય લેખક પરિષદ) નું ૪ થું અધિવેશન મળ્યું હતું. તે પ્રસંગે, સૈકાંઓથી અસ્ખલિત રીતે વહેતી આવેલી વડોદરાની સાહિત્યધારાનો શક્ય તેટલી બધી માહિતી સાથેનો પરિચય આપતો આ નાનકડો ગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો હતો તે સર્વથા ઉચિત હતું.

વડોદરા રાજ્યની સ્થાપના ૧૭૩૪થી થઈ ગણાય અને વડોદરાનું સ્વતંત્ર રાજ્ય વિલીન થયું ૧૯૩૯માં. આ બસો વર્ષ દરમ્યાન વડોદરાની સંસ્કારિતાને (અને તે રીતે ગુજરાતને) ઓપ આપનારાં વર્ષો ૧૮૭૫થી ૧૯૩૯નાં (ત્રીજા સયાજીરાવ ગાયકવાડના રાજ્યકાળ દરમ્યાનનાં) હતાં. આ ગ્રંથમાં પ્રથમ ૧૭૨૩થી ૧૮૭૫ સુધીનાં ૧૫૦ વર્ષમાં વડોદરાના તાબાનાં વડોદરા, દહેગામ, નવસારી, કલોલ, વડનગર, ડભોઈ, ચાણોદ, પાટણ, વિજાપુર, સિદ્ધપુર વગેરે મુખ્ય કેન્દ્રોના સાહિત્યકારોનો ઉલ્લેખ મળે છે, અને ત્યાર બાદ ત્રીજા સયાજીરાવે મરાઠી-ગુજરાતી સાહિત્યને પરિપુષ્ટ કરવા આરંભેલી સાહિત્ય-પ્રવૃત્તિઓનો વીગતવાર પરિચય પ્રાપ્ત થાય છે. તેમાં લેખકોને મહેનતાણું આપી ગ્રંથો તૈયાર કરાવવાની પ્રવૃત્તિ ઉપરાંત

લેખકોએ પોતે પ્રગટ કરેલ ગ્રંથોની ખરીદી કરીને તથા, આર્થિક મદદ આપવાની યોજનાનો પણ સમાવેશ થાય છે. 'સંસ્કૃત–શોધક' નામનું એક જુદું ખાતું ઊભું કરી, તે યુગના પ્રખર વિદ્વાન શ્રી. મણિલાલ નભુભાઈ દ્વિવેદીને તેના સંચાલકપદે નીમીને કરવામાં આવેલું સંશોધનકાર્ય મહત્ત્વનું છે. તે જ રીતે 'પ્રાચીન કાવ્યમાળા' અને 'પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક'નું સંચાલનનું કાર્ય શ્રી હરગોવિંદદાસ કાંટાવાળા તથા નાથાશંકર શાસ્ત્રી હસ્તક 'શ્રી સયાજી જ્ઞાન મંજૂષા ગ્રંથમાળા' તથા 'બહુભાષા શબ્દકોશ'નું કાર્ય શ્રી. ત્રિ. ક. ગજ્જર હસ્તક અને હિંદુ ધર્મશાસ્ત્રનાં પુસ્તકો તદ્‌વિદ શાસ્ત્રીઓ દ્વારા તૈયાર કરાવવામાં આવ્યું હતું. આ પાયાનાં કાર્યો વિષે તથા ત્યાર બાદની વિવિધ પ્રવૃત્તિઓ વિષે આ ગ્રંથમાં સભર માહિતી આપવામાં આવેલી છે અને બાદ ૨૩ ગ્રંથમાળાઓ દ્વારા પ્રગટ કરવામાં આવેલ પુસ્તકોની વિગતવાર યાદી જોડવામાં આવી છે.

આ રીતે આ પુસ્તક સહેલાઈથી ઉપલબ્ધ નથી એવી ઉપયોગી માહિતી પૂરી પાડે છે. **સો૦**

*

મુંબઈ રાજ્યનાં કેટલાંક કૃષિકેન્દ્રો

લેખક : સ્વ. શ્રી. માર્તંડ શિવભદ્ર પંડ્યા.
પ્રકાશક : મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા.
શ્રી સયાજી ગ્રામવિકાસમાળા પુષ્પ. ૨૪૬ :
કિં. ૦–૯–૦

આ પુસ્તિકામાં મુંબઈ રાજ્યમાં સ્થપાયેલાં કુલ ૬૪ જેટલાં કૃષિકેન્દ્રોની વિગત આપવા પ્રયાસ થયો છે તે ખરેખર પ્રશંસનીય છે. કેટલાંક બંધ થયેલાં કૃષિસંશોધન કેન્દ્રો વિશે પણ વિગત અપાઈ છે એથી ખેતીમાં રસ લેતા ભાઈઓ મુંબઈ રાજ્યમાં સ્થપાયેલાં કુલ કેન્દ્રો પર થયેલાં કામની વિગત પણ જાણી શકે. લેખકે માહિતી મેળવવા સારો એવો પ્રયત્ન કર્યો છે. પરંતુ ગુજરાતના ખેડૂતોને ઉપયોગી એવી વિગત જેવી કે સંકરણ કરવાની રીત, કેન્દ્ર અમુક જ ગામે સ્થપાયાનાં કારણો વગેરે આપી શકત અને તેથી ખેડૂતોને સારું એવું માર્ગદર્શન પણ મળત. છતાંય આવાં પુસ્તકોની સંખ્યા નજીવી છે તેમાં એક સારો એવો ઉમેરો છે એમ કહ્યા વિના ચાલી શકે તેમ નથી.

સંજોગો અનુસાર પુસ્તકોની ઓછી કિંમત ન પોષાય છતાં આ દિશામાં પ્રયત્ન કરવો આદરણીય ગણાય.

—'કૃષિકાર'

*

રાસતરંગિણી (દસમી આવૃત્તિ)

લે. : દામોદર ખુ. બોટાદકર
સં. જમુભાઈ વ. દાણી
પ્ર. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ–૨
મૂલ્ય : ૮૦ નયા પૈસા

આપણા તહેવારોમાં રાસગરબાનું સ્થાન મહત્ત્વનું હતું. એ મહત્ત્વ આજે ભૂલાતું જાય છે. એનું સ્થાન આજકાલ ફિલ્મી ગીતોના ઘોંઘાટ કરનાર ધ્વનિવર્ધકોએ લીધું છે. એમાં કયું કલ્યાણ રહેલું છે તે મને સમજાતું નથી. એને બદલે ગરવી ગુજરાતણનાં સૂરીલાકંઠ રાસગરબાની હૃદયંગમ હલક-થી વાતાવરણ ભરી દે એવું કોણ નહીં ઇચ્છે?

ગૃહજીવનની શાંતિ, એની મીઠાશ અને એના નાજુક ભાવો વર્ણવતા રાસની ગુજરાતને લહાણ કરનાર કવિઓ-માં સ્વ. બોટાદકરનું સ્થાન આગલી હરોળમાં છે. 'રાસ-તરંગિણી'માં એમની ઉત્તમ કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. શબ્દાર્થની સરળતા અને લયની મધુરતા સ્થળે-સ્થળે પ્રકટ થાય છે. આ પુસ્તિકાની કિંમત પણ પ્રમાણમાં ઓછી છે આશા છે કે ગુજરાતી બહેનો એને આવકારશે.

અ. બ્ર.

ચૂંટેલા વધુ અંગ્રેજી પુસ્તકો

	Shillings
An autobiography of Jawaharlal Nehru	12/6
Bertrand Russell's Best (Robert Egner)	10/6
The Discovery of India (Jawaharlal Nehru)	21/-
Inside Russia to-day (John Gunther)	25/-

Albert Camus

The Rebel	21/-
Albert Camus by Philip Thoddy	18/-
The Myth of Sisiphus	15/-
Catigula Cross Purpose	10/6
The Plague	12/6
Exile and the Kingdom	13/6
The Fall	10/6
The Climate of Love (Maurois)	13/6

* શિલિંગ : ૮૦ નયાપૈસા

Cheap Editions

	Rs.
Pigs Have Wings (Woodhouse)	2-00
Quick Service (,,)	2-00
Uneasy Money (,,)	2-00
The Pearl and burning Bright (Pan) J. Steinbeck	2-00
Sweet Thursday (Great Pan)	2-50
The Young Lions (Irwin Shaw)	3-00
After the Fireworks and other Stories (Aldous Huxley)	2-00
The Keys of the Kingdom (A. J. Cronin)	3-00
Moulin Rouge (Pierre La Mure)	3-00
Crime and punishment (Dostoyevsky)	3-00
The kipling Sampler (,,)	3-00
The Mountain Inn (Maupassant)	2-00
Domestic peace (Balzac)	2-80
The Devils (Dostoyevsky)	4-80
Boule De Suit (Maupassant)	2-00
The Meaning of Glorious Koran	3-00
The Birth and death of the Sun (Gamow)	3-00
Man the Particular Animal (R. J Harrison)	4-00
The Summing Up (Maugham)	3-00
Selected Essays Poems (Oscar Wilde)	2-00
I'll cry to-morrow (Lilian Roth)	1-50
The Sea Around us (Rachel Carson)	2-00
Dialogues of Alfred North whitehead (Lucien Price)	3-00

Chinese Literature

Literary Works

Record of Buddhist Countries (Fa-Hsien)	0-50
A Thousand Miles of Lovely Land (Yang Shuo)	2-75
Ashma (A ballad)	2-12
Love under the Willows (An Opera)	0-75
The People Speak Out Poetry (Rewi Alley)	0-50
"Li Sao" And other Poems of Chu Yuan	1-20
The Palace of Eternal Youth [An opera] (Hung Sheng)	3-00

Novels and Short Stories

Selected Works of Lu Hsun	3-50
The True Story of Ah Q (Lu Hsun)	0-62
Spring Silkworms and other Stories (Mao Tun)	2-20
Son of the working Class (The autobiography of Wu Yun-to)	1-50
The Hurricane [A novel] (Chou Li-po)	2-25
The Plains are Ablaze [A novel] (Hsu Kwang-yao)	1-25
Changes in Li Village [A novel] (Chao Shu-li)	0-75

વિશ્વ માનવ

માનવીય ગૌરવની પુનઃ પ્રતિષ્ઠા ઝંખતું સાિ

સંપાદન : ભોગીલાલ ગાંધી

૮

૧૯૫૮
ઑગસ્ટ

સંચાલન :
ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ
રામજી મંદિરની પોળ : વડોદરા

ફોન : ૨૯૫૦

વાર્ષિક રૂ. ૬-૦૦ છૂટક ૦-૬૨ ન.પૈસા (૧૦ આના
[પરદેશ શિલિંગ ૧૫]


Alembic
ગ્લાયકોડિન
ટર્પ વસાકા
ગ્લાયકોડિન-ટર્પ-વસાકા
લેવાથી તમારી ખાંસી
જલદી મટી જશે
ખાંસી માટે તે ઘરગથ્થુ દવા છે.
એલેમ્બિક કેમીકલ વર્કસ કું. લિ., વડોદરા-૩.
૫૦ મી જયન્તિ ૧૯૦૭-૧૯૫૭
GTV-57-28

વિશ્વમાનવ

☆

આ અંકથી 'માનવ' વિશ્વમાનવ તરીકે પ્રકટ થાય છે. કારણ એટલું જ છે કે, 'માનવ' નામનું એક હિંદી સામયિક તમસાર (નાગપુર પાસે)થી નીકળે છે; અને સરકારનો નવો કાનૂન એવો છે કે, એક જ 'રાજ્ય'માં એક જ નામનાં બે સામયિકો, જુદી જુદી ભાષામાં પણ પ્રગટ થઈ શકે નહિ....!

આથી નામ બદલવું પડયું છે.

—પ્રકાશક



૧૯૫૮ : ઑગસ્ટ

લવાજમના દર

વાર્ષિક રૂ. ૭-૦૦

[પરદેશ ૧૫ શિ.]

છૂટક નકલ ૬૨ પૈસા

વિશ્વમાનવ (માસિક)

મનીષા (ત્રૈમાસિક)

ભેગું લવાજમ રૂ. ૧૨

વિશ્વમાનવ

[માસિક]

જાહેરખબરના દર

પૂઠું ૨જું રૂ. ૮૦

પૂઠું ૩જું રૂ. ૮૦

પૂઠું ૪થું (બે રંગમાં) રૂ. ૧૨૫

સાદું આખું પાનું રૂ. ૬૦

સાદું અડધું પાનું રૂ. ૩૫

બીજા વિશ્વયુદ્ધને અંતે—

એશિયાઈ-આફ્રિકી જાગ્રતિ

• ૧૯૪૭ના એપ્રિલમાં 'એશિયન રિલેશન્સ પરિષદ'ની તૈયારી દિલ્હીમાં થઈ. એમાં એ વાત સ્પષ્ટ જાહેર કરવામાં આવી કે, વિશ્વશાંતિ જો ખરેખરી ટકાઉ બનાવવી હોય તો, એશિયાઈ પ્રજાઓની આઝાદી અને આબાદી વિના તે અશક્ય જ ગણાય. અને ત્યાં એશિયાઈ દેશોના પરસ્પર સંપર્કની દિશામાં વિચારણા થઈ.

• ૧૯૪૯ની જાન્યુઆરીની તા. ૨૦થી ૨૩ના દિવસોમાં દિલ્હી ખાતે ઇન્ડોનેશિયા-પરિષદ થઈ. તેમાં અફઘાનિસ્તાન, ઑસ્ટ્રેલિયા, બ્રહ્મદેશ, સિલોન, ઇજીપ્ત, ઇથોપિયા, ભારત, ઇરાક, લેબનોન, પાકિસ્તાન, ફિલીપીન્સ, સાઉદી અરબીઆ, સિરિયા અને યેમન-આટલાં રાજ્યોના પ્રતિનિધિઓ હાજર હતા. એમણે પ્રતિનિધિઓ દ્વારા તથા યુનો દ્વારા પરસ્પર 'સંપર્ક' સાધવાનો નિર્ણય લીધો હતો.

• ૧૯૫૦માં બાગુઈઓ પરિષદ મનિલા(ફિલિપિન્સ)માં મળી. તેમાં ઑસ્ટ્રેલિયા, સિલોન, ભારત, પાકિસ્તાન તથા ફિલિપિન્સ, થાઈલૅન્ડ અને ઇન્ડોનેશિયાના સંયુક્ત રાજ્યોના પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ પરિષદમાં રાજકીય સંપર્ક ઉપરાંત, સામાજિક-શૈક્ષણિક ક્ષેત્રે વધુમાં વધુ પરસ્પર સહકારનો વિચાર થયો.

કોલમ્બો-પરિષદ

• ૧૯૫૪ મે ૨: દક્ષિણ-પૂર્વ-એશિયાના વડા પ્રધાનોની પરિષદ કોલમ્બો તથા કેન્ડી ખાતે મળી, તેમાં બ્રહ્મદેશ, સિલોન, ભારત, ઇન્ડોનેશિયા અને પાકિસ્તાનના વડા પ્રધાનો મળ્યા. ત્યાં દૂર પૂર્વના અને એશિયાઈ પ્રદેશોની શાંતિના સવાલો ચર્ચાયા; અને હિંદી-ચીન (ઇન્ડો-ચાઈના)માં લાંબા સમયથી ચાલતી લડાઈને કારણે ત્યાંની પ્રજાની આઝાદી અને એશિયાઈ શાંતિ ભયમાં મુકાયાનો અભિપ્રાય વ્યક્ત કર્યો અને તત્કાલ 'યુદ્ધ-તહકૂબી' જાહેર કરી દઈ, એક પક્ષે ફ્રાન્સ અને બીજે પક્ષે ઇન્ડોચાઈના તથા વિએતમિન્હનાં ત્રણ સાથી રાજ્યો વચ્ચે મંત્રણા આરંભી દેવાનું સૂચન કર્યું. વળી આ પરિષદે જ કમ્યુનિસ્ટ ચીનને યુનોમાં સ્થાન આપવા અંગે સર્વસંમત વિચારણા કરી.

પરંતુ ખાસ તો, આ પરિષદમાં સંસ્થાનવાદ સામે સખ્ત ટીકા કરવામાં આવી અને સંસ્થાનવાદની હયાતી જ મૂળભૂત માનવીય અધિકારોની વિરોધી છે, તથા એ જ તો વિશ્વયુદ્ધનો દારૂગોળો છે, એવું સ્પષ્ટપણે જાહેર કર્યું.

એટલું જ નહિ, ફ્રેન્ચ શાહીવાદને હસ્તક રીબાતાં ટ્યુનિશિયા તથા મોરોક્કો (આફ્રિકાનાં)ની સમસ્યા પર વિચારણા કરી સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો કે, આ દેશોની રાષ્ટ્રીય સ્વાધીનતાનો સ્વીકાર થવો જ જોઈએ; અને સ્વનિર્ણયનો અધિકાર તેમની પ્રજાને હસ્તક જ હોઈ શકે.

વધુમાં, મધ્યપૂર્વ (પશ્ચિમ એશિયા)-માં પેલેસ્ટાઈનમાં આરબ-નિર્વાસિતોની યાતનાઓની ચિંતા વ્યક્ત કરી, તેમને તેમની ભૂમિમાં પુનઃસ્થાપિત કરવા યુનોને સૂચવ્યું.

• ૧૯૫૪ જૂન ૨૮: ભારત અને ચીનના વડા પ્રધાનોએ પંચશીલના સિદ્ધાન્તોનો સ્વીકાર કર્યો.

• ૧૯૫૪ ડિસેમ્બર ૨૯: બોગર ખાતે બ્રહ્મદેશ, સિલોન, ભારત, ઇન્ડોનેશિયા, પાકિસ્તાનના વડા પ્રધાનો ભેગા થયા. ત્યાં એશિયન-આફ્રિકન પરિષદની વિચારણા કરી.

બાંડુંગ પરિષદ

૧૯૫૫માં મળેલી બાંડુંગ પરિષદનો ફાળો આ જાગ્રતિ માટે અપૂર્વ ગણાય

• ૧૯૫૫: એપ્રિલ ૧૮: બાંડુંગ (ઇંડોનેશિયા) ખાતે એશિયાઈ આફ્રિકી પરિષદ મળી હતી.

આ પરિષદ ઐતિહાસિક બની ગઈ હતી. જાણે પહેલી જ વાર સમસ્ત એશિયા-આફ્રિકાની પ્રજા એક અવાજે દુનિયાના સમસ્ત સંસ્થાનવાદને છેલ્લો પડકાર દેતી ઊભી હતી!

એથી જ તો આ પરિષદમાં ભંગાણ પાડવાના પ્રયાસો શાહીવાદ તરફથી થયા વિના ન રહ્યા—પાકિસ્તાન, સિલોન, ફિલિપિન્સ, થાઈલૅન્ડ અને ઇરાકના તે સમયના રાજ્યકર્તા વર્ગો દ્વારા પ્રયાસો થયા પણ ખરા. આમ છતાં, એશિયાઈ-આફ્રિકી પ્રજાનો મિજાજ જ આ વખતે જુદો હતો. ૩૦ રાષ્ટ્રોએ પંચશીલને અપનાવી સ્વાધીનતા અને સમાનતાની, બંધુતા અને શાંતિની ઘોષણા કરી હતી. આ ઘોષણાને અવગણવાનું જગતના શાહીવાદો માટે અશક્ય બની ગયું હતું.

આફ્રિકા

ટ્યુનિશિયા, અલ્જેરિયા, કેન્યા, ઘાના વગેરે તો સ્વાધીનતાના ઇતિહાસનાં ઊજળાં પાનાં આલેખી ચૂક્યાં છે અને ઈજીપ્તે પ્રાપ્ત કરેલી સિદ્ધિ બેનમૂન છે.

[વિશ્વમાનવ: ઑગસ્ટ '૫૯

મધ્યપૂર્વ (પશ્ચિમ એશિયા): શાહીવાદનો ગળાફાંસો

ઈરાન, ઈરાક, સિરિયા, જોર્ડન, લેબનોન, સાઉદી અરેબીઆ, ટર્કી, યેમેન—


•

મોટા ભાગનાં આ રાજ્યોમાં રાજાશાહી જીવંત છે: પાર્લામેન્ટો છે ત્યાંય રાજાઓને હસ્તક અસાધારણ સત્તાઓ છે.

તાજેતરના બંડ પૂર્વે ઇરાક, ઇરાન, જોર્ડનમાં બંધારણીય રાજાશાહી હતી; તો સાઉદી અરેબીઆમાં અને ટર્કી, યમનમાં સર્વ સત્તાધીશ રાજાશાહી રહી છે.

સિરિયા સંયુક્ત આરબ પ્રજાસત્તાકમાં શામેલ થયું તે પૂર્વે ઉપરાઉપરી ફોજી કાવતરાંનો તે પ્રદેશ રહ્યો હતો.

આ પ્રદેશોમાં ધાર્મિક પછાતપણું પુષ્કળ છે. ખ્રિસ્તી, મુસ્લિમ અને ઇતર ધર્મો અને જાતિઓનો શંભુ મેળો છે. લોકશાહીની પ્રણાલી નહિ જેવી છે અને મુખ્યત્વે બ્રિટિશ વર્ચસ્વ રહ્યું છે; હવે અમેરિકી વર્ચસ્વ વધી રહ્યું છે. આ પ્રદેશમાં શાહીવાદીઓનાં મુખ્ય બે હિત છે:



* દુનિયાનાં મોટામાં મોટાં તેલ-(પેટ્રોલ)ના અહીં મથકો છે.

* રશિયા સામેના ફોજી મથકો અહીં ઊભાં કર્યાં છે.

ઇજીપ્તના રાહે

પરંતુ ઇજીપ્તના પ્રમુખ નાસરે ૧૯૫૬માં બ્રિટિશ સામે સુએઝના સવાલ ઉપર જે હિંમત અને દૃઢતાથી રાષ્ટ્રીય અસ્મિતાનું ગૌરવ કરવું પસંદ કર્યું તે પછી આફ્રિકા અને પશ્ચિમ એશિયાઈ રાષ્ટ્રોનો જાણે આખો ચહેરામહોરો પલટાઈ ગયો છે અને શાહીવાદી સત્તાઓની ધારણાઓ અને રમતની ઇમારત કડડભૂસ તૂટી રહી છે।

લેબનોન, ઇરાક, જોર્ડન સાચી આઝાદીને પંથે પળી ચૂક્યાં છે...રહ્યાંસહ્યાં એમની ભણી મીટ માંડી તૈયારી કરી રહ્યાં છે.

ઈરાકનો ભડકો

તા. ૧૪મી જુલાઈના ઐતિહાસિક દિને* ઈરાકની ઐતિહાસિક ભૂમિ પર રાષ્ટ્રવાદીઓએ રાજાશાહીનું દફન કરી પ્રજાસત્તાકનો ધ્વજ ફરકાવ્યો.

નવી સરકારે સત્તામાં આવતાં જ ઇજિપ્ત સાથે દોસ્તીનો હાથ લંબાવ્યો છે; અને ઇજિપ્ત, ચીન તથા રશિયાએ તત્કાલ, અને ભારતે પણ હવે તો, આ નવી રાજ્યસત્તાને માન્યતા આપી દીધી છે.

ઈરાકની ક્રાંતિએ કેવળ પોતાના દેશની રાજાશાહીને માથે નહિ પણ તમામ આરબ દેશોમાંના શાહીવાદને માથે જીવલેણ ફટકો લગાવી દીધો છે.

* તે જ તારીખે ૧૭૮૯માં ફ્રેન્ચ ક્રાંતિકારીઓએ બૅસ્તાઈલના કિલ્લા પર હલ્લો બોલાવી જગતની લોકશાહી ક્રાંતિનો ધ્વજ ફરકાવ્યો હતો.

[વિશ્વમાનવ'ના ઑગસ્ટ 'પેંટ]

ઈરાકની ક્રાંતિએ બગદાદ કરારના+ ફૂરચા ઉડાવી દઈ શાહીવાદીઓના પાયા હચમચાવી નાખ્યા છે. ઈરાકની જેમ જ શાહીવાદના હાથા બની રહેલા જોર્ડનમાં પણ બળવાની આગ પ્રગટી ઊઠી છે. લેબનોન પોણું તો રાષ્ટ્રવાદીઓને હાથ ગયું છે; અને સિરિયા ક્યારનું ઇજિપ્ત સાથે સંયુક્ત આરબ પ્રજાસત્તાકમાં જોડાઈ ગયું છે. યમન પણ એ જ માર્ગે વળ્યું છે.

ઈરાકની ક્રાંતિ કોઈ છૂટોછવાયો બનાવ ન હતો. એશિયા-આફ્રિકાની છાતી પર ચઢી બેઠેલી શાહીવાદી સત્તાઓ સામે, પહારાવાર દુષ્વારીઓ સામે, સૈકાંઓ થયાં માથાં હાથમાં લઈ સ્વાધીન રાષ્ટ્રીયતાના આશકોએ ખેડેલા કુરબાનીઓના અખંડ અવિરત રાહનો જ આ એક નવો જ્વલંત આવિષ્કાર હતો.

લેબનોન અને જોર્ડન ઉપરના અમેરિકા અને બ્રિટનના ફોજી આક્રમણે જગતને એકાએક વિશ્વયુદ્ધનો આંચકો અનુભવાવી દીધો છે!

રશિયાએ ટર્કી અને સિરિયા ભણીની સરહદો ઉપર લશ્કરો ખડકી દીધાં છે; ને અમેરિકા–બ્રિટનને લેબનોન-જોર્ડનમાંથી ખસી જવા પડકાર સંભળાવી દીધો છે.

+ ૧૯૫૫માં શાહીવાદી ફોજી મોરચાના કરાર: તેમાં મુખ્ય સભ્યો ઈરાક, ટર્કી, પાકિસ્તાન, પર્શિયા અને બ્રિટન! હવે ઈરાક જતાં અમેરિકા પોતે જોડાવા ઇચ્છે છે!

લેબનોનમાં બંડ

ઘણા સમયથી લેબનોનમાં ત્યાંના પ્રમુખ ચમૂન સામેનો રોષ તો ધૂંધવાઈ રહ્યો જ હતો. આરબ લીગના અન્ય દેશોએ 'આઈઝનહોવર સિદ્ધાન્ત'ને (કમ્યુનિસ્ટ રશિયા સામે આરબ દેશોમાં મોરચાબંધી ખડી કરવાનો) જાકારો દીધો હતો; ત્યારે ચમૂને જ તેને વધાવી લીધો હતો! એટલું જ નહિ, ચમૂને મિ. ડલેસને એટલી હદે કહ્યાનું જણાયું છે કે જો અમેરિકા લેબનોનને પૂરતી મદદ આપે તો તે લેબનોનને ઇઝરાયલના જેવું જ એક યુદ્ધથાણું બનાવવાની ખાતરી આપે છે!

આમ, મહિનાઓ પૂર્વે, ચમૂને અમરિકી શાહીવાદ તરફી નીતિનો રાહ લઈ લીધો હતો.

પરિણામે, લેબનોનના રાષ્ટ્રવાદીઓએ પ્રમુખ ચમૂનની આ નીતિ સામે બંડ પોકારી એવું તહોમતનામું મૂક્યું હતું કે તેણે ૨૫ લાખ અમરિકી ડૉલર, ૧૮ ટેન્ક અને બ્રિટન તરફથી શસ્ત્ર-સાધનો મેળવવાના લોભે પોતાનો દેશ શાહીવાદીઓને ચરણે વેચી દીધો છે! અને ત્યારથી રાષ્ટ્રવાદીઓની લડતનું મુખ્ય સૂત્ર ચમૂનને પ્રમુખપદેથી પદભ્રષ્ટ કરવાનું બની ગયું હતું.

આ વિરોધને ખાળવા જે યુક્તિપ્રયુક્તિઓ કરવામાં આવી હતી–તેમાં એક એવી હતી કે, જુલાઈની ૨૪મી તારીખે (આ લેખ જ્યારે લખાઈ રહ્યો છે તે જ દિવસે!) નવી ચૂંટણી કરવામાં આવશે.* પરંતુ વિદ્રોહીઓની મક્કમ માંગ શરૂથી જ એવી રહી છે કે ચમૂન રાજીનામું આપે, ત્યાર બાદ જ નવી ચૂંટણી હાથ ધરવામાં આવે. (જૂન ૩૦)

આમ છતાં, ચમૂને અમરિકી મદદ ઉપર મુસ્તાક રહી, નવી ચૂંટણીમાં ફરી ચૂંટાઈ આવવાની તરકીબો આદરી દીધી હતી.

પરંતુ, બીજી બાજુ, રાષ્ટ્રવાદી બંડખોરોને પ્રજાનો અસાધારણ સાથ સહકાર સાંપડ્યો. લેબનોનનો કંઈ હિસ્સો તો બંડખોરોએ તત્કાલ હાથ કરી જ લીધો;+ તથા કંઈ પ્રદેશ 'નો મેન્સ લેન્ડ' બની ગયો; અને માંડ કંઈ પ્રદેશ ઉપર જ ચમૂનની સત્તા અમલમાં રહી. તેમાંય ટ્રિપોલી, સિડનિ અને ટાયર જેવાં મુખ્ય નગરો બળવાખોરોને હસ્તક ચાલ્યાં ગયાં હતાં.

બંડખોરોના નેતાઓમાં મુખ્યત્વે અગાઉના વડાપ્રધાનો અને પ્રધાનો છે. દા. ત. સાએબ સલામ, કમાલ જુમ્બ્લાટ (સમાજવાદી નેતા), રશીદ કરમે વગેરે.

વળી કોઈ પણ પ્રજાકીય ક્રાંતિની જેમ, બંડખોરોને હસ્તક ગયેલા પ્રદેશોની અંદર નૂતન લોકશાહી વ્યવસ્થાનાં આશાદાયી એંધાણ જોવા મળે છે. તેમને પ્રજાનો પૂરો સાથ છે. [પાન ૪૩૮ ઉપર]

* તા. ૨૪નાં પત્રો જણાવે છે તે મુજબ પરિસ્થિતિ શાંત ન પડે ત્યાં લગી ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે.

+ બૈરુતના તા. ૨૮ જૂનના સમાચાર મુજબ બંડખોરોએ કંઈ પ્રદેશ હાથ કર્યાનો દાવો છે.

[વિશ્વમાનવ : ઑગસ્ટ '૫૮

ઇરાક : જોર્ડન : લેબનોન

ઇરાક (પુરાણકાલીન મેસોપોટેમિયા)

ઉત્તરે ટરકી, પશ્ચિમે સિરિયા અને જોર્ડન, દક્ષિણે સાઉદી અરેબીઆ તથા પૂર્વે ઇરાનથી ઘેરાયેલો મશહૂર ટાઇગ્રિસ અને યુફ્રેટિસ નદીઓની વચ્ચે વસેલો દેશ: તેલનું મુખ્ય મથક. વસ્તી ૫૨ લાખ: વિસ્તાર ૧,૭૧૦૦૦ ચો. મા.

ઈ. સ. નાં ૬૦૦૦ વર્ષ પૂર્વેની આ પ્રદેશની સંસ્કૃતિને આપણે મેસોપોટેમિયાની એક પ્રાચીનતમ સંસ્કારિતા તરીકે ઓળખીએ છીએ. એમાં જ સુમેરિયન, ખાલ્ડિયન અને એસીરિયનનો સમાવેશ થતો હતો.

● ઈ. સ.ની ૭મી સદીમાં આરબોએ એ પ્રદેશ જીત્યો. અને બગદાદ પાટનગરી જગતમાં મશહૂર બની.

* ઈ. સ. ૧૨૫૮માં મોંગોલ આક્રમણખોરોએ આ નગરીને પાયમાલ કરી. બાદ, ૧૬૩૮માં ઈરાક તુર્ક-ઓટોમાન શહેનશાહિયતનો ભાગ બન્યું.

* પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટને ઇરાકમાં પોતાની ફોજો ઉતારી અને યુદ્ધ બાદ ૧૯૨૦માં, 'પાલક' તરીકે બ્રિટનની મુનસફી ઠોકાઈ. બ્રિટને ઈરાકની રાજગાદી પર અમીર ફૈઝલ ઈબ્નહુસેનને બેસાડી પોતાની પકડ મજબૂત બનાવી.

આની સામે વરસો લગી અસંતોષ ધુંધવાયા કર્યો, અને ૧૯૩૬માં બંડ જાગ્યું. અલબત્ત તે દબાઈ ગયું.

* બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન વળી બ્રિટન વિરોધી લાગણી પ્રબળ બની. ૧૯૪૧ એપ્રિલમાં જર્મન તરફી રશીદ અલીનું બંડ નિષ્ફળ નીવડ્યું. આ પછી તો ઈરાક બ્રિટનનું સલામત મથક બની રહ્યું.

* પરંતુ ૧૯૪૮માં બ્રિટન સાથેના જૂના કરાર નવેસરથી થયા ત્યારે પ્રજાની બ્રિટન વિરોધી લાગણી છાની રહી ન હતી

* ૧૯૫૫ના ફેબ્રુઆરીમાં ઇરાકે ટર્કી સાથે ફોજી કરાર કર્યા

ઇરાક, જોર્ડન, સિરિયા તથા લેબનોન દ્વારા શાહીવાદ તરફી મોરચો ઊભો કરવાના પ્રયાસો થતા રહ્યા હતા પરંતુ તેમાં સફળતા મળી ન હતી અલબત્ત ઇરાક 'બગદાદ કરાર'નું મથક બન્યું હતું.

●

૧૯૫૮ના જુલાઈની ૧૪મીએ ઈરાકના રાષ્ટ્રવાદીઓએ બળવો કરી રાજા તથા વડાપ્રધાનનું ખૂન કરી, પ્રજાસત્તાકની સ્થાપના કરી, ત્યાં લગી ઇરાકમાં બંધારણીય રાજાશાહીનુ રાજ્ય હતું. અને ત્યાં સુધી ઇરાક શાહીવાદના હાથમાં રમતું રહ્યું હતું.

જોર્ડન

સ્વતંત્ર રાજાશાહી પ્રજાસત્તાક: ૩૭,૭૦૦ ચો. મા.નો વિસ્તાર:

વસ્તી: ૮ લાખ ૬૬ હજાર: તેમાં ઉમેરાયા પેલેસ્ટીનમાંના ૪,૬૮૦૦૦ આરબ નિરાશ્રિતો.

* ૧૩મી સદીથી ટર્કીને તાબે; પહેલા વિશ્વયુદ્ધ બાદ ૧૯૨૨થી બ્રિટિશની છત્રછાયા નીચે.

* ૧૯૪૬મા રાજા અબ્દુલ્લાના રાજમાં રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત.

રાજા અબ્દુલ્લાનું ખૂન ૧૯૫૧માં: બાદ રાજા હુસેન ગાદી ઉપર.

* બ્રિટન સાથેના કરાર-સંબંધો: બ્રિટનની જ દોરવણી અને લશ્કરી તાલિમ. બ્રિટનને હસ્તક વ્યૂહ-મહત્ત્વનાં મથકો. બ્રિટિશ રાજનીતિની સાથે જોતરાયેલી રાજનીતિ!

રાજા અબ્દુલ્લાની આવી બ્રિટિશ તરફી નીતિને કારણે જનતામાં અસંતોષ.

લેબનોન

● પૂર્વ ભૂમધ્યનું સ્વતંત્ર રાજ્ય: પ્રદેશ માત્ર ૩૪૦૦ ચો. મા. (અમદાવાદથી દોઢું ક્ષેત્રફળ); વસ્તી ૧૪ લાખ; તેમાં ખ્રિસ્તી, મુસ્લિમ અને દ્રુસીસ પ્રજાઓ છે. વળી મોટી વસ્તી પેલેસ્ટીનથી ભાગી આવેલા શરણાર્થીઓની છે.

● ૧૯૧૮ સુધી તુર્ક સામ્રાજ્યને તાબે હતું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન, ૧૯૧૮માં બ્રિટને ફ્રેન્ચ અને આરબ મદદથી કબજો મેળવ્યો અને ૧૯૨૦થી લીગ ઑફ નેશન્સ તરફથી ફ્રાન્સને તેનો વહીવટ સોંપ્યો. પરંતુ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન, ફ્રાન્સને તાબેના સિરિયાએ ફ્રાન્સની ફાસિવાદી વીચી સરકાર આગળ નમતું મૂક્યું: આથી બ્રિટને ૧૯૪૧મા ફ્રેન્ચ સૈન્યને હટાવી કબજો લીધો.

● ૧૯૪૧ના નવેમ્બરની ૨૬મીએ લેબનોનનું સ્વાતંત્ર્ય જાહેર કરવામાં આવ્યું. ૧૯૪૩માં સ્વતંત્ર પ્રજાસત્તાકના પ્રમુખની ચૂંટણી થઈ. યુદ્ધ પૂરું થયા પછી ૧૯૪૬ના ડિસેમ્બરમા બધી વિદેશી સેનાઓ ત્યાંથી હટી ગઈ.

● ૧૯૫૩ની ચૂંટણીમાં પ્રમુખ તરીકે પ્રમુખ ચુંટાયો.

● પડોશી આરબ રાજ્યો સાથે લેબનોનનો વેપારી, સાંસ્કારિક સંપર્ક રહ્યો છે. અને પશ્ચિમની શાહીવાદની પકડમાંથી છૂટવા ઇજીપ્તે (૧૯૫૬) સુએઝના સવાલ ઉપર માથું ઊંચું કર્યું ત્યારે તેને તેણે ટેકો આપ્યો હતો. તેની પ્રજાનું સર્વસાધારણ વલણ પશ્ચિમી શાહીવાદીઓની વિરુદ્ધ જ રહ્યું છે.

તો સુનયાત સેન (ચીન), કમાલ આતાતુર્ક (અફઘાનિસ્તાન), ગાંધી (ભારત), જગલુલ પાશા (ઈજીપ્ત) વગેરે રાષ્ટ્રવાદીઓએ પોતાની પછાત અર્ધવસાહતી અવદશાને ફગાવી દેવાનો નિરધાર કરી લીધો હતો, એમને સૌને એક વાત તો સ્પષ્ટ સમજાઈ ગઈ હતી કે, 'શાહીવાદ અને સંસ્થાનવાદ' અભિન્ન છે. સંસ્થાનવાદની સામેની લડત શાહીવાદી સત્તાઓ સામેની જ લડત છે.

બીજા વિશ્વયુદ્ધનો અંત આવતાં તો આખું વાતાવરણ જાણે પલટાઈ ગયું હતું. તેમાંય, છેલ્લા એક જ દાયકામાં તો, ભારત, પાકિસ્તાન, બ્રહ્મદેશ, સિલોન, મલાયા, ઇન્ડોનેશિયા, વિએતનામ, ઈજીપ્ત, સિરિયા, લેબેનોન, ટયુનિશિયા, ઘાના—એશિયા આફ્રિકાનાં આ રાષ્ટ્રોએ બંધારણીય રાજકીય સ્વાધીનતા તો પ્રાપ્ત કરી લીધી છે.

પરંતુ, કેવળ 'બંધારણીય રાજકીય સ્વાધીનતા' એ કાંઈ સાચી ને સંપૂર્ણ સ્વાધીનતા નથી. રાજકીય દષ્ટિએ પણ ઘણીવાર એ સંપૂર્ણ સ્વાધીનતા રહેતી નથી; તો આર્થિક સ્વાધીનતાની તો વાત જ શી?

શાહીવાદનો ગળાફાંસો

બીજા વિશ્વયુદ્ધ પછી તો શાહીવાદનું સ્વરૂપ વિશેષ છદ્મવેશી બન્યું છે—અમેરિકા એમાં અગ્રણી છે.

આ છદ્મવેશી અમેરિકી શાહીવાદ પોતાની રાજકીય સત્તા બીજા મુલ્કો પર સીધી લાદતો ન હોવા છતાં, એ દેશોની પછાત દશાનો લાભ લઈ, એમની ઉપર આર્થિક પકડ જમાવી રાખી, ત્યાંની રાજકીય સત્તા પણ પોતાના 'કહ્યાગરા' જૂથના હાથમાં કાયમ રહે તે માટે સતત દાવપેચમાં રહ્યો છે.

આ રીતે તે તેની આર્થિક શોષણની મુરાદ તો પાર પાડે જ છે. પરંતુ આર્થિક શોષણ જ હવેના શાહીવાદનો એક માત્ર રસ રહ્યો નથી. આજે તેમની સૌથી વધુ કટ્ટર નેમ હોય તો તે કમ્યુનિસ્ટ વિરોધની નેમ છે. કોઈ પણ ભોગે કમ્યુનિસ્ટ રશિયા—ચીન અને તેમના સાથીદારોના પ્રસાર સામે દુનિયાભરમાં ઠેર ઠેર ફોજી સુરક્ષિત મથકો ખડાં કરી દેવા પાછળ તેઓ તેમની બધી તાકાત લગાવી રહેલ છે. શાહીવાદને પોતાની સલામતીનો કેમ જાણે એક માત્ર માર્ગ દેખાય છે: રશિયા અને એના જૂથનો નાશ! આવા નાશના નશામાં અંધ બનેલ શાહીવાદ કોઈ પણ પ્રજાની સ્વાધીનતાથી, કોઈ પણ રાષ્ટ્રની સ્વતંત્ર નીતિથી, કોઈ પણ રાજ્યસત્તાના શાહીવાદી સાંડસાની બહારના તટસ્થ અસ્તિત્વથી ભડકી ઊઠ્યા વિના રહેતો નથી. એટલું જ નહિ આવા આ શાહીવાદને દરેક દેશમાં પોતાના 'કહ્યાગરા' ગાદીપતિઓની જરૂર રહે જ છે—જેઓ તેમનાં આર્થિક-રાજકીય હિતોની રક્ષા કરે.

આફ્રિકા અને એશિયામાંની શાહીવાદી રાજરમત આ સત્ય રોજ રોજ પ્રગટ કરી રહેલ છે. નાટો, સેટો, બગદાદ કરાર, આરબ ફેડરેશ, અને પછાત પ્રદેશોને 'આર્થિક-લશ્કરી સહાય'ને નામે દાવપેચ ખેલાતા રહ્યા છે.

પરંતુ તાજ્જુબીની વાત તો એ છે કે આ શાહીવાદી રાજરમતોના દાવ હવે સાવ ઊંધા પડવા લાગ્યા છે!

ગઈ કાલ સુધી અબુધ ગણાયેલા અને સાવ અંધારામાં અટવાતાં નાનાંનાનાં પછાત સંસ્થાનો ને અર્ધસંસ્થાનોએ કદી કલ્પી ન હોય એવી જાગૃતિ,—જાગૃતિ જ નહિ બલ્કે આત્મનિષ્ઠાથી, સાચી રાષ્ટ્રીય સ્વાધીનતાના રાહે મરણિયા સંગ્રામ આદર્યા છે: પોતાની પછાત આર્થિક દશા, રશિયાનો ભય, અગર બીજા કશાની ભીતિ વિના એ હવે પોતાનું ભાવિ પોતાને જ હાથ લેવાનો નિરધાર કરી ચૂક્યા છે: એમને બીજી કોઈ વાત સમજાઈ હોય યા નહિ, પણ સ્વાનુભવે એમણે એટલું તો સમજી લીધું છે કે શાહીવાદની સીધી રાજકીય સત્તા નીચે યા આડકતરા આર્થિક કાબૂ નીચે જીવવું એના જેવું નાલેશીનું જીવન બીજું કોઈ જ નથી.

એથી જ તો, ઘરફોડુ ગાદીપતિઓની સામે રાષ્ટ્રવાદીઓના મોરચા ખડા થાય છે, ને લગભગ આખી પ્રજાનો સાથ-સહકાર ને વિશ્વાસ રાષ્ટ્રવાદી બંડખોરોને સહજ રીતે જ મળી રહ્યો છે.

વર્ષો લગી અઢળક ડૉલર અને બેશુમાર શસ્ત્રો વેડફયા પછીય, આ પછાત દેશોમાંના શાહીવાદના પાગીઆઓના હાથમાંથી ફાંસાનો ગાળિયો સરકી પડી—પ્રજાને ગળેથી નીકળી ખુદ શાહીવાદને ગળે જ ભેરવાઈ ચૂકયો છે!

મિડલ ઇસ્ટના તાજેતરના બનાવો આ જ રહસ્ય પોકારી રહ્યા છે. [તા. ૨૪-૭-'૫૮]

પવન

શો પવન !
ઊપર હયું પણ બે ઘડી થાતું, ખરે, ઉપવન !
ધીરે ધીરે બસ આવતો
મલકાવતો વનવેલીઓ
છલકાવતો ફૂલડાંકટોરી હાથમાંની.
ને મુગ્ધ કો કન્યાસમી શરમાળ
આ ભીની ધરાનાં અંગ પરથી
(છેલ શો નફ્ફટ બની) ઉડાડતો
કોળી ઊઠેલા ઘાસનું લીલું ગવન !
શો પવન !

ધીરે મલપતો આવતો
ને લાવતો છૂપા મિલન–સંદેશ
(જ્યારે આભનો સુવાન રંગીલો લઈ આશ્લેષમાં
ધરતી તણી ધન્યા નવોઢા નારને
બસ ચુંબને ન્હવડાવતો.)
કયા ખબર એને કશી—
કે થાય શું આકુળ થાતા દગ્ધ વિરહીની કને
જો જાય એની ગંધ !
ભીંજાયલા ઉરના ઉઘાડી બંધ
આવતું રૂડે બ્હાર રંગીલું કવન !
શો પવન !

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

અમિતાભ ઝૂકે

ઊભો રહે અડગ માનવી આતમ–ટૂકે,
એને શિરે કર ધરી અમિતાભ ઝૂકે.

—અનવર આગેવાન

પવન

જહીં વાયો પવન
કાયમી હૈયાતણું રહેઠાણ છોડી
પારકાની આંખ બેડું આવરી ઘેલું ગવન.
આ સાંજ શીળી, સીમ સૂની, ધૂંધળું વાતાવરણ,
નવજાત આકાંક્ષાસમું અલ્લડ વહે જાતું ઝરણ
ને કોઈનું મીઠું સ્મરણ
આ પોપચાંની બંધ પ્યાલીમાં
રહ્યું ઘોળાઈ કેવું શરબતી થઈ ને સ્વપન !
—જહીં વાયો પવન.

પથરાળ પગદંડી ઊપર
આ બોરડીની બંકડી કાયાતણી છાયા નમે,
પાંદડાંની પાળ કૂદી કાંકરાની સાથ શાં
નખરાળ ચાંદરડાં રમે !
એ ક્ષણે કો' શીત મીઠી લ્હેરખીની પાંખ પર બેસી
અચાનક આંખ કેરા આંગણે આ કોણ ઊતર્યું
કે ફરી કલ્લોલતું અંતર તણું સૂનું ભવન !
—જહીં વાયો પવન.

ને તું પવન !
પ્રગટાવતો શી પીડ
ખોલતો આશા–કળી અધખીડ;
(બાંધશું પાછા વળી શું એ ચમન એ નીડ ?)
કે ઉન્મત્ત જેમાંથી વહી જાતા પરિમલ શું
જતું બે હોઠથી સરકી કવન.

—ગુલામ મોહમ્મદ શેખ

વર્ષાગમન

(૧)

ઝટ ઝટ
અગાશીમાં પડ્યું છે તે બધું અંદર ખસેડો :
સુકવવા મૂકેલ તે ભીંજાઈ જાશે ગોદડાં;
અંદર લઈ લો બાજરનાં ખાસ આ જૂતાં જૂતાં,
કપડાં, રખડતાં કિશોરીનાં કે રમકડાં;
આ કોલસાની ડોલ, સાવરણી વળી
—સળગે નહિ બળતણ, સડી જાશે સળી—
લીધું બધું ?
હાશ, હવે ભલે
થાય પ્રલે !

(૨)

આ વાદળાં આવી રહ્યાં ઓરાં
ટપ ટપ
સુણો ફોરાં.
અગાશીમાં ચાલો
વાયરો કેવો લાગે છે વ્હાલો !
રહી ન જવાય જો જો કયાંય આજ કોરાં !
વીજળી હસે છે ? વાદળાં ' નફફટ ' કહે છે ?
કોણ જુએ, કોણ એને સાંભળે છે ?
ટપ ટપ...કશી ટાઢક વળે છે !
હાશ, હવે ભલે
થાય પ્રલે !

વર્ષા

રાત આખી
મેઘ જાણે બાર વરસ્યા એકધારા
ને ધરાના હોઠના એવા ધખારા
કે પીધી એણેય આખી રાત
આંખ મીંચીને અમીધારા.
ને પછી પ્રગટયું પ્રભાત :
પાંપણો શી બે મુલાયમ પાંદડીઓ લૈ
જવારા કૈંક ઝૂલે,
ધરાની તૃપ્ત જાણે આંખ ખૂલે !

—જયન્ત પાઠક

નકાબેં

મેરે પથ્થર ચેહરે પર,
પ્યાજ કે પરતદાર છિલકોં કી તરહ
અનગિન નકાબેં[૧] હૈં !
ફૂલોંકી ગન્ધ ભીની મુસ્કરાહટેં,
ધૂપકી શર્મીલી છુઈ-મુઈ[૨] કરવટેં,
પૂર્ણિમા કે જ્વાર-સા[૩] સુખ,
મિત્રતા, સ્વાગત, સમર્પણ,
પ્યાર ઔર વિશ્વાસ કે વાદે...... ।
યહ ઉધાર માઁગી, ચુરાઈ મુસ્કુરાહટ,
ઇસમેં અજબ મિલાવટ, કૉકટેલ[૪] હૈ :
સસ્તે ફિલ્મોંકી આવારા ચિતવન,[૫]
ઘરેલૂ બહુઓંકે ઘૂંઘટ-મુંદે નયન,
નકલી બાઈ આઁખ,
સંગમરમરી સફ઼ેદ યે દાઁત,
આપકો માલૂમ હૈ,
કિતના પોલિશ હૈ !

પ્યાજ કે પરતદાર છિલકોં કી તરહ
મુઝ પર અનગિન નકાબેં હૈં ।

—અરવિંદ જોષી

આવકાર, જાકાર

તું ' આવ, જો ' બોલી
(' આવ ' ' જો ' વચમાં મજાનું અંતર !)
જાણે દીધું તેં ખંડનું તુજ દ્વાર ખોલી !
ને ' આવ જો 'નો સાંભળ્યો ઉદ્ગાર
(વર્ણ વચમાંનું રહ્યું ના અંતર)
જાણે ભીડાયું દ્વાર
ને હું બ્હાર !

—જયન્ત પાઠક

૧. બુરખા. ૨. લજામણીનો છોડ. ૩. ભરતીના જેવો. ૪. ઘણી જાતના દારૂનું મિશ્રણ. ૫. નજર.

ફિયોદોર દોસ્તોએવ્સ્કી : થોડાક પ્રસંગો

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

[ફિયોદોર દોસ્તોએવ્સ્કી: ૧૮૨૨થી ૧૮૮૧

કેવળ રશિયન સાહિત્યનો નહિ, જગતના ઉત્કૃષ્ટ સાહિત્યનો એક અસાધારણ પ્રતિભાવાન જ્યોતિર્ધર.

ખેડૂતો, ગરીબો ને દલિતો પ્રતિ, ગુનેગારો અને હડધૂતો પ્રતિ એને અદ્દ્ભુત માયા બંધાઈ ગઈ હતી, અને આખી જિંદગી પોતેય અકિંચન રહ્યો હતો. એની ગરીબી, એની 'એપિલેપ્ટિક ફીટ,' એનો હૃદયરોગ ને વિચારવાયુના ઉગ્ર હુમલાઓ!

એમાં વળી, શરૂઆતનાં વર્ષોમાં 'સમાજવાદી વર્તુળો'માં ભાગ લેવા માટે ચાર વર્ષ સાઈબેરીઆના 'આંદામાન'માં વીતાવવાં પડ્યાં હતાં અને છૂટીને આવ્યા બાદ પણ દેવાદારીને કારણે ફરી જેલમાં જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો—એનું તન તૂટી ગયું હતું ને મન ભાંગી ગયું હતું, પણ હૈયું સાબૂત હતું: સંસારની અમર નવલકથાઓ સરજી ગયું—

'બ્રધર કારામોઝોવ,' 'પુઅર ફોલ્ક,' 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ,' 'ધ પઝેસ્ડ,' 'ઇન્સલ્ટેડ ઍન્ડ હ્યુમિલિએટેડ,' તથા સાઈબેરીઆના જેલનિવાસ દરમ્યાનના પ્રસંગો: 'નોટ્સ ફ્રોમ એ ડેડ હાઉસ' વગેરે. —સંપાદક]

નાનકડો ફિયોદોર પોતાના ખેતરે કામ કરતા ખેડૂતો પાસે જાય છે. એમને સંદેશા પહોંચાડે છે. ખેડૂતો એમના આ નાનકડા શેઠને હળ ફેરવવા દે છે અને રાશ પકડાવી ઘોડાને હાંકવા દે છે. ચાસમાં ઊછળતાં માટીનાં ઢેફાં, ખેતરના જેવા ખડબચડા ખેડૂતોના ચહેરા, દૂર દેખાતી ઘાસની ભૂખરી ઝૂંપડીઓ—આવાં દશ્યો એ કુમળા મગજમાં કોતરાઈ રહે છે. પણ ભૂમિનાં દશ્યો કરતાં તો માનવીઓએ એના પર વધુ અસર પહોંચાડી છે. ખેડૂતો સાથે બનેલા કેટલાય પ્રસંગો એને યાદ રહી ગયા છે. એમાંનો એક એણે બહુ ભારપૂર્વક નોંધ્યો છે:

ઑગસ્ટનો સ્વચ્છ દિવસ. ફિયોદોર બર્ચનાં વૃક્ષોની ઘટામાં બર્ચના તાંતણા ભેગા કરવા જતો હતો. એટલામાં "વરૂ...વરૂ"ની બૂમ ઝાડીમાંથી ચળાઈને આવતી એણે સાંભળી. એ ભયથી ધ્રૂજી ઊઠ્યો. થોડે દૂર હળ ચલાવતા ખેડૂત પાસે એ દોડી ગયો. એક હાથથી હળની દાંડી અને બીજા હાથથી ખેડૂતનો કોટ એણે પકડી લીધાં. ખેડૂતે આ બાળકની આંખમાં ભય વ્યાપેલો દીઠો. એણે એને પાસે ખેંચી લીધો. વરૂ આવવાની બૂમ કોઈએ સાંભળી નથી. ફિયોદોરને એનો ભ્રમ થયો હોવો જોઈએ. પણ નાનકડો ફિયોદોર એ માની શક્તો નથી. ખેડૂતના કોટને એ વળગી રહે છે.

જિંદગીભર ફિયોદોરે ખેડૂતના કોટને પકડીને જ જાણે શ્વાસ લીધા છે. એને મન ખેડૂત એટલે દયા અને સમભાવનું ઝરણું.

*



ફિયોદોર અને મિખેઈલની જોડી. મિખેઈલ એનો મોટો ભાઈ. બન્નેય હવે તો શાળાએ મોકલવા જેવડા થયા છે. તમારે શું ભણવું છે એવું પૂછવાની એમના લશ્કરી દાક્તર પિતાને જરૂર લાગતી નથી. પિટર્સબર્ગની લશ્કરી ઇજનેરી વિદ્યાની શાળામાં એમને દાખલ કરવામાં આવ્યા. એમને ત્યાં મોકલવાના હતા તે અરસામાં જ એમની મા માંદી પડી. છોકરાંઓ ઉપર એને બહુ વહાલ. બાકી પિતા તો લશ્કરી મિજાજનો. છોકરાંની કુંળી લાગણીઓ સમજે એવી એક મા, અને તેય ક્ષયના દર્દની ભોગ થઈ પડી. કોમળ શરીર હાડપિંજર બની ગયું. પોતાના વાળ ઓળવાનીય શક્તિ એનામાં નથી રહી. અન્તે ન છૂટકે વાળ કાઢી નંખાવવા પડ્યા. શરીરનું સૌન્દર્ય કદર્ય બની ગયું. બાળકો એની પાસે જતાંય બીતાં. ફિયોદોર અને મિખેઈલ શાળાએ જાય તે પહેલાં તો એ મરી ગઈ.

...અને લગભગ એ અરસામાં જ એક બીજા મૃત્યુના સમાચારે આ બે ભાઈઓનાં હૃદય ભાંગી નાંખ્યાં. ૧૮૩૭ની જાન્યુઆરીની ૨૯મી તારીખે પુશ્કીન ગયો. પુશ્કીન તો એમનો માનીતો કવિ. એ કવિની પાછળ લખાયેલ એક વિરહકાવ્ય આ બે ભાઈઓના હોઠ ઉપરથી ક્યારેય સુકાયું નથી.

*

શાળામાં ભણતો હતો ત્યારે ફ્રિયોદોર વિચારો અને લાગણીઓની જટાજાળમાં ઘેરાયલો રહ્યો. ત્યાં કિશોરાવસ્થાના ઉલ્લાસને પ્રવેશવા માટે દ્વાર નહોતું. એના મનનું અડાબીડ જંગલ નિરાશાની ખાઈથી ઘેરાયેલું હતું. આપઘાત કરવાનો વિચાર એના મનનાં બારણાં ખખડાવી રહ્યો હતો. એ લખે છે: "...બીજું કંઈ જ નહીં પણ જેમાં જગત ગબડી રહ્યું છે એવા વાસ્તવિકતાના કઠોર પડને જોવું...પ્રબળ ઇચ્છાનો એક જ તિખારો એના ટુકડે ટુકડા કરી નાંખવા શક્તિમાન છે એમ જાણવું, આપણાથી શાશ્વતતામાં મળી જઈ શકાય છે એ પણ જાણવું...અને આ બધું જાણ્યા પછી પણ બધાં પ્રાણીઓમાં અધમ બની જીવ્યે રાખવું— કેટલું અસહ્ય ! માનવી કેટલો હૃદયશક્તિહીન ! — હેમ્લેટ ! હેમ્લેટ ! — એની વાણીની ઝંઝામાં તો ગળે ડૂમો ભરાયેલા વિશ્વના નિઃશ્વસિતના પડઘા સંભળાય છે...અને જ્યારે હું એનો વિચાર કરું છું ત્યારે મારો આત્મા નિરાશા અનુભવે છે."

જગતની આ જટાજાળમાંથી છટકવાનો એને એક જ માર્ગ ખુલ્લો દેખાય છે. એ એક પત્રમાં લખે છે: "મેં યોજના ઘડી છે: ગાંડા થઈ જવું. પછી લોકો ભલે ગુસ્સે થાય; ભલે મારી ચિકિત્સા કરે...મને પાછો શાંત બનાવવો હોય તો ભલે બનાવે."

સમય પસાર થતો જાય છે. નિરાશાનાં આ ઘેરાં પાણીમાંથી એ કિનારે આવી શકતો નથી. એના મોટાભાઈ મિખેઈલને એ જણાવે છે: "ભાઈ, આશા વિના જીવવું નકામું છે...જીવનનો હવે ભાર લાગે છે." વર્તમાન એને કચડી રહ્યો છે. ભવિષ્યનો એને ભય લાગે છે. બીતાં બીતાં એ શ્વાસ લઈ રહ્યો છે અને એના ભાઈના મૃત્યુ પછી તો એની સ્થિતિ એક ગૂંગળાયેલા કેદી જેવી બની ગઈ છે—

I had no thoughts, no feeling—none—
Among the stones I stood, a stone...

વિચાર ના, ન લાગણી—નહીં કશું—
પથ્થરો મહીં ઊભેલ હું ય એક પથ્થર !

*

જેમની પાસે એ પોતાનું હૃદય ખોલી શકે એવા બહુ જ ઓછા મિત્રો ફ્રિયોદોરને હતા. એમાંનો એક હતો ઈવાન સિદ્‌લોવ્સ્કી. ફ્રિયોદોરથી એ પાંચ વર્ષ મોટો. પિટર્સબર્ગની શાળામાં એમને દોસ્તી થઈ. સિદ્‌લોવ્સ્કી દર રવિવારે ફ્રિયોદોરને મળવા આવતો. ક્યારેક ફ્રિયોદોર પણ શિયાળાની સાંજે શેરીનો બરફ ખૂંદતો ખૂંદતો સિદ્‌લોવ્સ્કીને ઘરે જતો. પછી બન્ને જણા ભેગા થઈને કલાકોના કલાકો સુધી હૈયાં ખોલીને એમની ગમગીની ભરેલી વાતો એકબીજાને કહેતા.

સિદ્‌લોવ્સ્કી કવિ હતો. આખા વિશ્વ પર સત્તા જમાવવાની અને ઈશ્વર સાથે છૂપી વાતો કરવાની ઇચ્છા પ્રદર્શિત કરતી કવિતાઓ એણે લખી હતી. એનો દેખાવ કોઈ સન્યાસી જેવો હતો. એનો અતૃપ્ત પ્રણય એને પીડી રહ્યો હતો અને એને કારણે એની આંખોમાં વારંવાર ઝળઝળિયાં આવતાં. આ બધાંએ એકાકી ફ્રિયોદોર પર ઊંડી અસર પાડી. એ સિદ્‌લોવ્સ્કી માટે કહેતો: શેક્સપિયરે અને શિલરે દોરેલાં માનવીઓ જેવું આ એક જીવંત માનવી છે."

સિદ્‌લોવ્સ્કી પછી તો ફ્રિયોદોરથી છૂટો પડ્યો. છૂટો તો પડ્યો પણ યાદમાં જડાઈ રહ્યો. એણે ફ્રિયોદોર પર એક કદીય ન ભૂંસાય એવી છાપ પાડી કે લેખન એ એક જ યોગ્ય વ્યવસાય છે. કપરી વાસ્તવિકતામાંથી છટકીને મુક્તિનો શ્વાસ ખાવાનો ઝરુખો જો કોઈ પણ આપી શકે એમ હોય તો તે છે લેખનવ્યવસાય.

*

છેલ્લી કેટલીય રાતોથી ફ્રિયોદોરને ઊંઘ આવતી નહોતી. એવી જ એક રાતે એણે બારી ઉઘાડી અને બેઠો, નિરાશાના શ્વાસ લેતો. એટલામાં ઘંટડી રણકી ઊઠી. લગભગ ચાર વાગ્યા હશે. બારણું ખૂલ્યું અને નેક્રાસોવ અને ગ્રીગોરોવીચ હાથમાં હાથ મિલાવીને અંદર આવ્યા. ઉષઃકાળની રાહ જોતા પેલા ગમગીન ફ્રિયોદોર પાસે તેઓ પહોંચ્યા અને એને ભેટી પડ્યા. આવનાર બે મિત્રોએ દોસ્તોએવ્સ્કીનું 'Poor Folk' વાંચવાનું સાંજના શરૂ કર્યું હતું, આખી રાત વાંચ્યા કર્યું હતું અને એણે

એમના પર એટલી તો અસર કરી હતી કે તે બે જણે એના લેખકને મળવાનું તરત ને તરત જ નક્કી કર્યું હતું અને ચાલી નીકળ્યા હતા ! જો કદાચ દોસ્તોએવ્સ્કી ઊંઘી ગયો હોત તો ? તો તેઓ તેને જગાડત ! એમને ફિયોદોરને કંઈક કહેવાનું હતું. નેક્રાસોવે એ જુવાન લેખકને વચન આપ્યું કે દુરારાધ્ય મહાન વિવેચક બેલીન્સ્કી પાસે ફિયોદોરના પુસ્તકને એ રજૂ કરશે.

*

શરૂઆતમાં તો બેલીન્સ્કીએ આ 'નૂતન ગોગોલ' તરફ ધ્યાન ન આપ્યું. ફિયોદોરનું પુસ્તક ત્રણ દિવસ તો એમ ને એમ એના ટેબલ પર પડી રહ્યું. પણ જ્યારે એણે એ હાથમાં લીધું ત્યારે પૂરું કરીને જ મૂક્યું. આખી રાત એ વાંચતાં વહી ગઈ હતી. સવારે એણે ફિયોદોરને બોલાવવા માણસ મોકલ્યો. દોસ્તોએવ્સ્કી એક મહાન વિવેચક પાસે આવીને ઊભો રહ્યો. અને એણે શું સાંભળ્યું ? દોસ્તોએવ્સ્કી તો અવાક બનીને કંઈક ગભરાયેલો ઊભો છે. બેલીન્સ્કી બોલ્યે જાય છે : "તમે એક ઘણું જ સુંદર પુસ્તક લખ્યું છે. એમાં રજૂ થયેલા વિચારોની ગહનતાનો કદાચ તમને પોતાનેયે ખ્યાલ નહીં હોય." એ બોલ્યે જ ગયો. એની સાક્ષરી ભવ્યતા ઉત્સાહમાં ઓગળતી ગઈ.

*

ઉત્તેજના પામેલો ફિયોદોર દોસ્તોએવ્સ્કી બહાર આવીને ઊભો છે. થોડેક દૂરના એક પુલને જોતો એક શેરીના છેડે એ ઊભો છે. એ કોઈ ઊંડા વિચારમાં ઊતરી ગયો છે. એની આંખો આકાશ તરફ જોઈ રહી છે. એણે પોતે જે સ્વપ્ન સેવ્યાં હતાં. તેમાં એણે પોતાની જાતને આવી કચારેય કલ્પી નહોતી. એક નવી દુનિયાના ઉંબરે આવીને એ ઊભો રહ્યો છે. એને લાગે છે કે આટલી કીર્તિને એ લાયક નથી. વારુ, હવે એ પોતાને કીર્તિ માટે લાયક બનાવશે. એવો નિશ્ચય કરીને એણે પગ ઉપાડ્યા. એના જીવનની આ ધન્ય ઘડી હતી.

*

ફિયોદોરની મુશ્કેલીઓમાં એની ખરાબ તબિયતે વધારો કર્યો. પોતાની જાતની એણે દરકાર કરી નહીં. ગળાના રોગથી એ પીડાતો હતો. જ્ઞાનતંતુઓની નબળાઈનો રોગ થવાનો એને ભય પેઠો હતો. પોતે મરણને દ્વારે આવીને ઊભો છે એવી પરિસ્થિતિનું વર્ણન કરતાં એ એના ભાઈ મિખેઈલને લખે છે: "હું બહુ જ માંદો હતો. જ્ઞાનતંતુઓની નબળાઈનો હું ભોગ થઈ પડ્યો હતો. એ વ્યાધિએ હૃદય પર હુમલો કર્યો હતો. હૃદયના સળગતા અગ્નિ પર રાખેલો પોપડો જાણે વળી ગયો હતો." દાક્તર કહેતા હતા કે માંદગી વધ્યે જ જતી હતી અને એમાંથી એને બચાવવો એ ઘણો લાંબો સમય માગી લે એવું કામ હતું. ૧૮૪૬ના મે માસની એક સવારે યાનોવ્સ્કી નામના એક યુવાન દાક્તરને એ મળ્યો. દાક્તરને સાહિત્યમાં રસ હતો. 'Poor Folk'ના ખ્યાતનામ લેખકની સારવાર કરવાનું કાર્ય એને ખૂબ ગમ્યું એણે આ નવા દરદી તરફ જોયા કર્યું. એને લાગ્યું કે એની ઊંચાઈ સાધારણ રીતે હોવી જોઈએ એના કરતાં કંઈક ઓછી હતી. એના ખભા પહોળા હતા. એના હાથ-પગ નોંધપાત્ર રીતે લાંબા હતા. એના સુંદર સુંવાળા વાળ છેડેથી સફેદ થઈ ગયા હતા. એનું લલાટ વિશાળ હતું. એની ફિક્કી ભૂરી આંખો નાની પણ ચંચળ હતી. એના હોઠ પાતળા અને પીસેલા હતા. દાક્તરને નવાઈ લાગી કે એના દરદીનો દેખાવ કોઈ લશ્કરી શાળાના સ્નાતકનો નહીં પણ કોઈ દેવી શિક્ષણ પામેલા વિદ્યાર્થી જેવો હતો.

દોસ્તોએવ્સ્કીની પરિસ્થિતિ એની પીડાની પરિચાયક હતી. એ વાતવાતમાં ગુસ્સે થઈ જતો. અનેક શંકા-કુશંકાઓ એને થયા કરતી. નાની નાની બાબતોને એ બહુ જ મોટું સ્વરૂપ આપીને જોતો. કચારેક એ બહુ વિચિત્ર રીતે વર્તતો. એક પત્રમાં એ મિખેઈલને લખે છે: "જ્યારે મારું હૃદય પ્રેમના સરોવરમાં તરતું હોય ત્યારે દયાના એક પણ શબ્દની અપેક્ષા તું મારી પાસેથી ન રાખી શકે !"

એનો બીજો રોગ હતો વિચારવાયુનો. વિચારોમાં ને વિચારોમાં એ ઊંડો ઊતરી જતો અને ગમગીની એના મગજનો કબજો લઈ લેતી. હૃદયના ધબકાર અનિયમિત થઈ જવાની ફરિયાદ પણ એ કર્યા કરતો. પછી હવાફેર માટે ઇટલી જવાનું નક્કી થયું હતું.

*

કચારેક દોસ્તોએવ્સ્કીને પથારીમાં સૂઈ રહેવાની પણ બીક લાગતી. કદાચ એ ઊંઘ ચિરનિદ્રા હશે તો ! રાત્રે મિત્રો સાથે એ વાતો કરતો બેઠો હોય ત્યારે એકાએક ગળગળો થઈ બોલી ઊઠતો: "મને દાટવામાં ઉતાવળ કરશો

નહીં', જો હું મરી જાઉં તો." અને પછી જાણે પોતે કબરમાંથી જીવતો થઈ ઊભો થાય છે એવાં ચિત્રો, એની આંખ સામે આવ્યા કરતાં. રાત્રે સૂતાં પહેલાં એ ટેબલ પર ચિઠ્ઠી લખીને મૂકતો કે મને દાટવામાં કોઈ ઉતાવળ કરશો નહીં. વારંવાર એને લાગ્યા જ કરતું કે મૃત્યુ એને નજીક ને નજીક બોલાવી રહ્યું છે. આ અનુભવે એની જાણે બધી જ ચેતના હરી લીધી હતી. 'ધ ઇન્સલ્ટેડ ઍન્ડ ઇન્જર્ડ'ના નાયકનો અગમ્ય ભય આલેખવામાં એનો આ અનુભવ કામમાં આવ્યો હોય એમ જણાઈ આવે છે.

દોસ્તોએવ્સ્કીના આ ભયે એના મગજનો કબજો વધુ ને વધુ લેવા માંડ્યો. એક વખતની વાત. દોસ્તોએવ્સ્કી અને ગ્રીગોરોવીચ ફરવા નીકળ્યા હતા. એમણે એક સ્મશાનયાત્રા જોઈ. ત્યાંથી નાસી જવાનું દોસ્તોએવ્સ્કીને મન થયું. પણ તેઓ થોડે દૂર પહોંચ્યા હશે એટલામાં જ દોસ્તોએવ્સ્કીને ચક્કર આવ્યા. એ પડ્યો. રસ્તા પરની એક ગાંધીની કરિયાણાની દુકાનમાં એને લઈ જવામાં આવ્યો જ્યાં એને અનેક ઉપચારો પછી ભાન આવ્યું.

*

૧૮૪૬ કે ૪૭ના ઉનાળાની આ વાત. દોસ્તોએવ્સ્કીને મગજના રોગનો હુમલો થયાનું એનો એક બીજો મિત્ર જણાવે છે. ઘણી રાત વહી ગઈ હશે. સરખેસરખા મિત્રોની જામેલી મંડળી હવે તો વેરાવાની તૈયારી કરે છે. એ દરમ્યાન ફિયોદોરનો ચહેરો બદલાવા માંડ્યો અને એક ભયગ્રસ્ત દૃષ્ટિ એની આંખોમાં જણાઈ. થોડીક ક્ષણો એ અવસ્થામાં જ પસાર થઈ ગઈ. પછી ઘોઘરા અવાજે એ બોલ્યો: "હું ક્યાં છું?" અને બહારની હવામાં શ્વાસ લેવા એ બારી તરફ દોડી ગયો. એનો મિત્ર એની પાસે ગયો. બીજાઓ તો ચાલ્યા ગયા હતા. એણે જઈને જોયું તો ફિયોદોર બારી પાસે બેઠો હતો. એનો ચહેરો વિકૃત થઈ ગયો હતો. એનું માથું એક બાજુએ નમી પડયું હતું. એનું શરીર સતત ધ્રૂજી રહ્યું હતું. પેલા મિત્રે એના શરીર પર થોડું પાણી છાંટ્યું. પણ દોસ્તોએવ્સ્કી તો એને ગણકાર્યા સિવાય શેરી તરફ દોડ્યો. ગભરાયેલો મિત્ર એની પાછળ દોડ્યો. છેક દવાખાનાના દરવાજા પાસે એ એને પકડી શક્યા. હવે ફિયોદોર ભાનમાં આવ્યો હતો. ઘરે પાછા જવાની એણે ઇચ્છા બતાવી. એણે જણાવ્યું કે કોઈક મદદની શોધમાં હું દોડી નીકળ્યો હતો!

ગોવર્ધનરામની અપ્રકટ "સ્ક્રૅપ-બૂક્સ્"માંથી *

અનુવાદ: કાન્તિલાલ છગનલાલ પંડ્યા

"મ્હારા પોતાની તરફ—મ્હારી શી ફરજ છે? જિંદગીની મીઠી ચીજો મ્હેં જાણી કે મ્હાણી નથી. એમને માટે મ્હને કદી ઝંખના થઈ નથી. મ્હારું જીવન આપદાઓનું તથા અનર્થોનું થઈ પડયું છે; મ્હારા શરીર, મન તથા મ્હારા પૈસાની ઉપર થતા ગુપ્ત ઘસારાઓનું એ બન્યું છે; વાંચવું, લખવું અને વિચારવું, અવલોકનો તથા પ્રયોગો કર્યા કરવા એ જ એના મુખ્ય બનાવો છે; નિરાશાઓ તથા તરફડાટોનું તે બન્યું છે; બીજાઓ તરફથી કોઈ ફરજોની આશા રાખ્યા વિના મ્હારી જ ફરજો એમની તરફ બજાવ્યે જવાનું છે (આમાં લલિતા જ એક અપવાદ છે.) કદી કદી આ તકદીર માટે મ્હને લાગી આવે છે, પણ સાધારણ રીતે હું તે ઉપર હસું છું અને સંતોષ માનું છું. આ છેલ્લું વર્ષ (૧૮૯૧નું) મ્હારી જિંદગીમાં યાદગાર રહેશે. મ્હારા સંશયો—મ્હારી સંશયાત્મક પ્રકૃતિ જાણે ઊડી ગયાં છે, અને એક-એક જ શક્તિની ફિલસૂફી મ્હારા મનમાં જાણે ઊગી નીકળી છે, અને જીવન તથા મૃત્યુના એક સંપૂર્ણ ઉદ્દેશ્યને એણે મ્હારી આગળ રજૂ કર્યો છે, મ્હારી પત્નીના મિજાજમાંનો વિસ્મયકારક પલટો—જે એની પોતાની બહાદુરીભરી કોશિશનું જ પરિણામ છે—એણે મ્હને એક બીજી દિશામાંય રસ્તો દેખાડ્યો છે. ને તેથી એ પોતે એક સર્વોત્કૃષ્ટ રીતે મ્હને વ્હાલામાં વ્હાલી થઈ છે...

બા ને કાકા પોતાની યાત્રા કરી આવ્યાં; લીલાવતીનું મન વિકસતું જાય છે, વગેરે.........

હું કદીય શ્રીમંત થવાને સરજાયો હોઉં એવું દેખાતું નથી.

[ગોવર્ધનરામની સ્ક્રૅપબૂક" ૨, ૭૫-૭૭ ૯ જૂન, ૧૮૯૧]

૧. જાન્યુઆરી ૧૯૫૮માં ત્રિપાઠી લિ.એ ગોવર્ધનરામની અપ્રકટ Scrap-Bookનો સાતમો ભાગ પ્રકટ કર્યો. કુલ સાત નોટ-બુકોમાં લખેલાં લગભગ ૧૨૦૦ પાનાં થાય છે. એ અંગ્રેજી લેખો ગોવર્ધનરામે જાણે કે પોતાને માટે જ લખેલા. એનો ઉદ્દેશ, એમની પાછળના ગોવર્ધનરામનું મન, એક ઉતારામાં મ્હેં પ્રકટ કર્યું છે. ને "સંસ્કૃતિ"ના મે ૧૯૫૭ના અંકમાં—ગુજરાતીમાં—તે આપ્યું છે. બીજો લેખ "માનવ"ના પાંચમા અંકમાં છે, "લલિતા અને ગુણસુન્દરી" એવું શીર્ષક મ્હેં જ આપ્યું છે. ગુણસુન્દરીને જાણનારા સૌને એ જરૂર આકર્ષશે. સ્ક્રૅપ-બુકના બાકીના ભાગો પ્રગટ કરવાનું બાકી છે: બા ૧-૨-૩ને એક જ ગ્રંથમાં છપાવવાની તૈયારી ચાલે છે. —કા.

૧ : તુંબડું અને ધરતી

વાંસનો એક માંડવો હતો.

માંડવા પર એક વેલો ચડ્યો હતો.

વેલા પર એક તુંબડું હતું.

તુંબડું કહે: વાહ વાહ ! હું કેવું અદ્ધર વિમાનમાં બેઠું છું. મારો કંઈ વટ છે ! હું ધારું તો હમણાં આકાશમાં ઊડી જાઉં ! પણ આ દુષ્ટ ડીંટું મને પકડી રાખે છે. ”

નીચેથી ધરતી કહે: બેટા, જરી મારી સામું તો જો ! હું તારી મા છું.

સાંભળીને તુંબડું નાકનું ટેરવું ચડાવીને કહે: છટ્ ! તું વળી કોણ ? હું તો તને ઓળખતુંયે નથી ! હું આકાશવાસી છું. આકાશમાં મારું ઘર છે, આકાશમાં મારો વાસ છે ! હું અહીં કેવું અદ્ધર વિમાનમાં બેઠું છું ! હું ધારું તો હમણાં આકાશમાં ઊડી જાઉં. પણ આ દુષ્ટ ડીંટું મને પકડી રાખે છે !

ધરતી કહે: બેટા, આકાશમાં તારું કોઈ સગું નથી. તારા સગામાં એક આ વેલો છે ને બીજી હું છું !

તુંબડું છણકો કરી કહે: છી ! છી ! તું મારી સગી થવા આવે છે ! તારું તો મોં ગંધાય છે ! તારી સામે નજર કરતાંય મને શરમ આવે છે. જાણવું છે મારું કોણ સગું છે તે ? પેલો આકાશમાં ફરતો સૂરજ—હા, એ મારો સગો છે; રાતે આકાશમાં પેલો ચાંદો ઊગે છે તે, એ મારો સગો છે ! તું તો ખાલી ગભેપડુ છે—તું કોણ ? તુચ્છ પૃથ્વી ! તું ચાલાકી કરી એ વેલા દ્વારા મને તારી સાથે સગપણના સંબંધે બાંધી રાખવાનું કહે છે, પણ જાણ, કે હું આકાશવાસી છું. આ વેલાની સાથેનો સંબંધ તોડી હું હમણાં આકાશમાં ઊડી જઈશ—તારા અંધારા લોકમાં હું નહિ રહું, હું તો માત્ર ચાંદતારાવાળા જ્યોતિર્મય લોકમાં ચાલી જઈશ ! આ ડીંટું તોડી નાખીને ઊડું એટલી વાર છે !

ધરતીએ કહ્યું: ખમા, બાપ, ખમા ! તારે મને મા ન કહેવી હોય તો ન કહેજે પણ ડીંટાની સાથેનો સંબંધ તોડી નાખતો નહિ ! નહિ તો...

ત્યાં તો તુંબડાએ તેને બોલતી અટકાવી ખડખડ હસીને કહ્યું : હું સમજી ગયો તારી હોંશિયારી ! હું મોટું માણસ એટલે તું મારી સગી થવા નીકળી છે ! પણ નહિ, હું હમણાં જ...

ધરતી ના ના કરતી રહી, ત્યાં તો તુંબડાએ ડીંટાથી છૂટીને એકદમ આકાશમાં ઊડી જવાનું કર્યું.

અને એ છૂટ્યું !

છૂટ્યું કે તેના આનંદનો પાર ન રહ્યો.

તેણે ડીંટાને અંગૂઠો દેખાડી કહ્યું : લે લેતો જા, હું તો ચાલ્યો આકાશમાં—ચાંદતારાના દેશમાં. ’

પણ રે, આ શું ?

ઊંચે જવાને બદલે હું આ ક્યાં જાઉં છું ?

અરે, મારું માથું કેમ ભમે છે ! મને કેમ ચક્કર આવે છે !

ચક્કર ચક્કર ફરતું તુંબડું માંડવા પરથી ધરતી પર પછડાઈને પડ્યું. એના મોંમાંથી ચીસ નીકળી ગઈ: ઓ મારી મા !

આ રહી બેટા, હું ક્યાંય ગઈ નથી. કહી ધરતીએ એને વહાલથી ખોળામાં લઈ લીધું.

ઉપરથી પછડાવાથી તુંબડાને સારી પેઠે વાગ્યું હતું, પણ હવે એને સમજાયું હતું કે મારું ઘર આકાશમાં નથી પણ ધરતી પર છે, આકાશમાં મારું કોઈ નથી. પણ જે છે તે ધરતી પર છે.

તેથી મા ધરતીના ખોળામાં મોં સંતાડી તે બોલ્યું : મને માફ કર, મારી મા !

૨ : પોથીનો કીડો

એક હતા પંડિત.

પંડિતની પાસે એક મોટી પોથી હતી.

એકવાર એ પોથી પર એક કીડો ચડ્યો.

કીડાને પોથી ભાવી ગઈ.

એણે ધીરેધીરે એ કોતરવા માંડી, અને આખીયે પોથી પહેલા પાનાથી તે છેલ્લા પાના સુધી આરપાર કોતરી નાખી.

પંડિતે પોથી ઉઘાડી જોયું તો એની આ દશા!

એને કીડા ઉપર ખૂબ ગુસ્સો ચડ્યો.

એણે કહ્યું: અરે ક્ષુદ્ર કીડા, તેં આ શું કર્યું? તને બીજું કાંઈ ખાવાનું ન મળ્યું તે તું અહીં આવ્યો?

કીડાએ નવાઈ પામી કહ્યું: કેમ, શું આ પોથી ખાવાની ચીજ નથી? મને તો એ બહુ મીઠી લાગી!

પંડિતે કહ્યું: 'અરે, પણ તું જાણે છે એ પોથી શું છે?

શું છે?

એ મહાભારત છે.

બસ, એ જ ને એથીયે લાંબું નામ આપો તોયે તને કંઈ વાંધો નથી!

પંડિતે ખિજાઈ ને કહ્યું: અરે મૂર્ખ, એમાં તો જ્ઞાનનો ભંડાર હતો!

હસીને કીડાએ કહ્યું: હજીયે બીજું કહેવું હોય તો કહો. જ્ઞાનનો ભંડાર, બુદ્ધિનો ભંડાર, શક્તિનો ભંડાર—

પંડિતે કહ્યું: હા, હા, એ બધુંયે એમાં છે! કીડાએ વળી હસીને કહ્યું: કહેવામાં કંઈ જ વાંધો નથી. તમે ખુશીથી એમ કહો, અરે, મન ચાહે તે કહો! પણ મારે મન એ શું છે તે જાણો છો?

ના, એ શું છે? પંડિતે કહ્યું.

કીડાએ હાવકું મોં કરી કહ્યું: મારે મન, આ તમારી મહાભારતની પોથી માત્ર ખાવાની ચીજ છે. તમે ભલેને ગમે તે કહો: પણ એમાં જોઈને હું તરત સમજી ગયો કે આમાં કંઈ માલ નથી. આનો કંઈ ખપ નથી. બધું ધૂળ ને રાખ છે. એટલે મેં એને પહેલા પાનથી છેલ્લા પાન સુધી ખાઈ નાખી એની ધૂળ ને રાખ કરી નાખી! કહો, આમાં મેં શું ખોટું કર્યું છે? આ ધૂળ ને રાખ નથી તો બીજું છે શું?

પંડિતે માથું કૂટી કહ્યું: અરે મૂર્ખ, હું તને કેમ કરીને સમજાવું કે આમાં શું છે!

હસીને કીડાએ કહ્યું: 'હું પણ એ જ કહું છું, બાબા, હું તમને કેવી રીતે સમજાવું કે આમાં કંઈ નથી. ખરેખર કંઈ નથી, માત્ર ધૂળ ને રાખ છે!

પંડિત કંઈ બોલ્યો નહિ.

[ગુરુદેવ ટાગોરની 'કણિકા' ઉપરથી : રમણલાલ સોની]

રથયાત્રા, લોકારણ્ય, ભારે ધામધૂમ
ભક્તો સૌ આળોટી પથે કરે છે પ્રણામ.
પથ માને હું છું દેવ, રથ માને કે હું,
મૂર્તિ માને હું જ દેવ, હસે અંતર્યામી.

*

પ્રાચીરના* છિદ્રે એક નામગોત્રહીન
ખીલી ઊઠ્યું નાનું ફૂલ અતિશય દીન.
ધિક્ ધિક્ કરે એને કાનને બધાંય
સૂર્ય ઊગી પૂછે એને: 'ઠીક છે ને, ભાઈ?'

*

સૂર્યના ઉદયે થશે મહિમાનો ક્ષય
શાંત મુખે કહે પ્રભાતનો ચંદ્ર તોય:
'રાહ જોઈ રહ્યો છું હું અસ્ત સિન્ધુતીરે
પ્રણામ કરીને જૈશ ઉદિત રવિને.'

*

પ્રકાશ ના પદચિહ્ન આકાશમાં રાખે;
ચાલ્યા જવું જાણે તેથી ચિરદિન રહે.

*

જાય જે તેમને હવે સાદ દેવો વૃથા,
અશ્રુજળે સ્મૃતિ એની થાઓ પલ્લવિતા.

—અનુ. : સુરેશ જોષી

[વિશ્વમાનવ : ઓગસ્ટ '૫૮

* દીવાલ

વાર્તા

સુથારનું મન

—રાધેશ્યામ શર્મા

દિવસની રજતશ્વેત કબર ઉપર રાત્રિએ પોતાનું ઘનશ્યામ કફન ઓઢાડયું હતું. લગભગ રાતના એકનો સુમાર હશે. રૂપાપુર ગામના એક ઘરમાં માંદા માણસના ખાટલાને વીંટળાઈ સગાંવહાલાં ને ઓળખીતાંનું ટોળું બેઠું હતું. પાણિયારે મૂકેલા દીવાની જ્યોત મૂંઝાતી હતી. ખાટલામાં સૂતેલ બીમાર માણસના ગળામાં ચાલતા શ્વાસના ઘરેડા સિવાય સર્વત્ર શાંતિ હતી. ત્યાં બેઠેલા દરેક જણને પૂરી ખાતરી હતી કે: ' હિંમતલાલ ઘડી–બે ઘડીના મહેમાન છે. ઝાડથી પાંદડું ખરે તેમ ખરી જશે. ' બહાર જાડા અંધારામાં કૂતરાંની ટહૂવાડ અવિરતપણે ચાલુ હતી. ત્યાં અચાનક દર્દીનો શ્વાસ થંભી ગયો. સૌએ આશા મૂકી દીધી પણ તુરત હિંમતલાલનો પરિચિત અવાજ સંભળાયો: ' પાણી... ' ખાટલા આગળ ઊભેલા એમના પુત્રે ટાપલીથી પાણી રેડયું. આંખો ખોલી હિંમતલાલ પોતાના પુત્ર અવિનાશ સામું જોઈ રહ્યા ને ખૂબ ધીરેથી અચકાતે અચકાતે બોલ્યા: ' જો, અત્યાર સુધી મેં તને કંઈ કહ્યું નથી...પ...ણ આજ મારી છેલ્લી ઘડીએ તને કહેતો જાઉં છું કે મારી પાછળ નાત-વ્યવહાર કે નવગામું કશું જ ના કરતો અને તેં જે ના...ત–વરા ને વરઘોડા સમૂળા બંધ કરવાની ઝુંબેશ ઉઠાવી છે તે પાર પાડજે. બ...સ આટલું જ. હવે હું સુખેથી મરીશ. '

હિંમતલાલ તરવાડી—ગામના ભૂતકાલીન પંચાતિયા ને વ્યવહારવટવાળા માણસના મોઢે મરતી વેળાએ આ વાત! ગજબ થઈ ગયો. આજુબાજુ બેઠેલા તમામ માણસોના માથે આ અંતિમ વાકયોએ જાણે વીજળી ઝીંકી! સૌના મોં પર આશ્ચર્ય ને કુતૂહલના ભાવો ફેરા ફરતા હતા. જે હિંમતલાલે પોતાના બી.એ. થયેલા સુધારક પુત્ર અવિનાશની સાન ઠેકાણે લાવવા અનેક પેંતરા રચ્યા હતા અને ગામનાં બીજા સુધારાવાદી છોકરડાઓને દાઝે બાળવા પોતાના ઘરમાં આખો જનમારો કાઢનાર એક અદના માણસ ગણપતના મૃત્યુ પાછળ પંદર દહાડા પહેલાં નાત કરી હતી; તે જ હિંમતલાલ પોતાની પાછળ કશું જ કરવાની ના પાડતા હતા!

અને જાણે આ આશ્ચર્યના અનુસંધાનમાં અનેક આશ્ચર્યોની પરંપરા શરૂ થઈ ગઈ. તે વખતે આખી રાત સૌ હિંમતલાલના ખાટલા આગળ ' હમણાં જશે, હમણાં જશે ' માની બેસી રહ્યાં પણ કાળચોઘડિયું વીતી ગયું કે શું થયું તે એ રાતે તો ના મર્યા એ ના મર્યા પણ થોડા દહાડામાં હરતાફરતા થઈ ગયા! ઘરના ખૂણામાં, કૂવા ઉપર, માદેવના મંદિરમાં, કોઈકના મરણ પાછળ વંચાતા ગરુડ પુરાણની કથામાં, ઠેર ઠેર હિંમતલાલ વિશે આ જ વાક્ય સંભળાતું: ' મુડદું મસાણમાંથી ઘેર આવ્યું. ' નવજીવન પ્રાપ્ત કર્યા પછી હિંમતલાલ તરવાડીમાં આમૂલ પરિવર્તન થઈ ગયું. એમના આચાર-વિચાર સાથે એમની બેઠક પણ બદલાણી!

મરતી વખતે પોતાની પાછળ નાત ન કરવાનું કહેનાર આ વિરલ પુરુષ હિંમતલાલ સુધારાની ચળવળ ચલાવતા થોડાક યુવાનોના આરાધ્યદેવ બની બેઠા. કારણ કે ક્રાન્તિના શ્રીગણેશ એમણે પોતાના ઘેરથી કર્યા. ઘૈડિયાઓ ચોરે ને ચૌટે ' હેમતા તરવાડીની બુદ્ધિ બગડી છે, સાઠે બુદ્ધિ નાઠે તે આનું નામ ' વગેરે વાતો કરવા લાગ્યા. માત્ર વાતો જ નહિ પરંતુ આગેવાનોએ પંચ બોલાવી તરવાડીને નાત બહાર મેલ્યા. નાતીલાઓએ એમને નાતવરો આપ્યો એ કરતાં હિંમતલાલ હર્ષથી નાત બહાર રહ્યા એમાં વિશેષ ગૌરવ જણાતું હતું. આમેય ગામમાં એમનું ઘર પૈસેટકે, કેળવણી અને મોભામાં પૂછાતું હતું. વધારામાં એ પોતાના પુત્ર અવિનાશ માટે મેટ્રિક પાસ વહુ લાવ્યા પછી પૂછવું જ શું!

ગામમાં ક્યાંય નાતવરો થતો તો એ આખો દિવસ હિંમતલાલ વાડી આગળથી નહોતા નીકળતા. જો કે, એમનું ઘર બરાબર વાડીની પાછળ જ હતું ને વાડીમાં થતી રસોઈની મહેંક એમની ઓશરીમાં બેઠે આવી શકતી, પણ એટલું સાચું કે એક વાર ના-છૂટકે એમને વાડી આગળથી જવું પડેલું અને એમની આંખે પડિયા–પતરાળાં લઈ જતી સ્ત્રીઓ, કમંડળમાં દાળ–શાક ને કથરોટમાં લાડુ લઈ જતા પીરસણિયાઓ ને વાડીના પ્રવેશદ્વાર આગળના બે સામસામા ઓટલા ઉપર ' પટલાઈ ' કરતા પંચાતિયાઓ જોયા ત્યારે એમને અંદરઅંદર કાંઈક થઈ ગયું ! આ કાંઈકનું પૃથક્કરણ કરવા એ તે સમયે ઊભા રહ્યા હોત તો ફજેતી થઈ જાત. પણ એટલા કોઠા–ડાહ્યા કે પોતાનું કામ અધૂરું મૂકીને તે સીધા વેરાઈમાતાની પછવાડે આવેલા તળાવ ઉપર ચાલ્યા ગયા. તળાવ ઉપર એ સમયે કોઈ નહોતું. ઝાંખી સાંજમાં માત્ર કેટલીક આળસુ ભેંસો આંખમાં સુસ્તી ભરીને કીચડમાં બેઠી હતી. તળાવને કિનારે એક નાનો ચોતરો હતો, જેની ઉપર કો'ક દેવતાનાં પગલાં હતાં; તેની ગામલોકો શ્રદ્ધાથી પૂજા કરતાં, એ ચોતરાની કોર ઉપર બેસીને હિંમતલાલ પેલા ' કાંઈક 'ની મનોમન ગડ બેસાડવા લાગ્યાઃ

' સાળું, ગમે તેમ વલખાં મારો પણ વિધિની આગળ કોઈનું કાંઈ ચાલતું નથી. વિધિની બલિહારી આગળ ભલભલાને ઝૂકવું પડે છે. નહીંતર જુઓને, મારી સલાહ વગર કોઈ ડગલું નહોતા મૂકી શકતા એ આજ મારી મશ્કરી કરવા માંડ્યા છે એય જમાનો હતો જ્યારે રોટી–બેટીના વ્યવહારમાં કોઈની, હિંમતલાલને પૂછ્યા વગર કશું કરવાની દેન નહોતી. પંચાતમાંય આપણો અવલ નંબર. અલ્યા, મેં વટની ખાતર ઘરના નોકર ગણપતનીય નાત કરી. પણ હાય રે જીવ ! એ નાતે જ મને બીજા વિચાર કરતો કર્યો'ને. જો કે એ વિચાર પણ ખોટા નહોતા. એ ગણપતની નાત પતી ગઈ એ રાતે જ્યારે વસવાયાને ભાણું ચૂકવાતું હતું ત્યારે પેલા માધા રાત અને મગન ચામડિયાની વાત સાંભળીને તો મારી આંખો ઊઘડી ગઈ. '

એ માધા રાત અને મગન ચામડિયાની ગૂસપૂસ જે એમણે કોઈને ખબર ના પડે તેમ સાંભળી લીધી હતી તે અત્યારે જાણે ફરી સાંભળતા હોય એમ હિંમતલાલ એક કાન થઈ રહ્યા !

મગન કહેતો હતો : ' માધા ! આ તે કાંઈ જીવતર છે. એક તો એંઠું–જૂઠું ખાવાનું ને ઉપરથી ગાળોની પિસ્તાલ. '

માધાનો અવાજ ખૂબ ગાંજો પીનારા જેવો ખરબચડો હતો એટલે એ જ્યારે બોલતો ત્યારે દમ ભીડાવતો હોય એમ લાગતું. ' હાળા ચામડ, તને શી ગતાગમ. આ ભાળતો નથી કે તારા ડગલા લોકોની એંઠી શાહુકારીના લાડુ વાળીને આપણને દે છે તે. અને હું તો કઉં છું કે ગાંડે ભંઠ ભરાયા વગર કોઈ પાંસરું રહે એમ નથી. આ હેમતલાલે મોભાને ટેકો દેવા બે જીના ગણપત માટે નાત કરી, પણ આ દાળ તો સાવ મૂતર જેવી કરી છે. હાચું કઉં હો, પે'લા આ જ કટંબમાંથી મને આ આપ્યા છે એના કરતાં ડબ્બલ લાડવા મલતા'તા પણ હેમતલાલ, મૂળેથી એવો. મોટો ' નાતનો પટેલ ' ના જોયો હોય તો. '

માધાને એકદમ ધીરેથી જરા દબાવીને મગને કહ્યું : ' બોલ મા, નંઈતર તારા ભેગો હુંય સમૂળગો લટકતો રઈશ. કો'ક તારી આ કોઢાફાડ જીભથી ફાડેલાં છોડિયાં વીણી ચાડઈ ખાશે...... '

'...તો મારું શું રંડઈ જવાનું છે ? હું તો કાણાને કાણો કે'વાનો. ભલે મારી લૂલી લૂંદાળ હશે પણ આપણું હૈડું કો'કના માટે દાઝતું હોય તો બોલ્યા વના ના રહીએ. અને તનેય ગામમાં ચ્યમની ચાલે છે એનું શું ભાન ? ' મગનને અધવચ અટકાવી માધાએ કહ્યું.

' ચ્યમ, ગામમાં શું ચાલે છે ? તારા ભડભડાટમાં કશી ચોખ્ખી સમજ જ નથ પડતી. ' માધાની વાક્પ્રતિભાથી અંજાએલા મગને કુતૂહલથી પૂછ્યું.

' અલ્યા મગન, તું પે'લા હતો એવો ને એવો ભોળો જ રહીશ કે ? આવી સે'લીસટ વાતમાં સમજ પાડવાની કે પડવાની શી જરૂર જ છે ? આ હેમતલાલ ને એના ઘરનો કાજી ને એની કૂતરી જેવો ઘાટ થશે. ' માધાએ ભવિષ્ય ભાખ્યું.

' કાજીકી કૂતરીનો ઘાટ એ વળી શું ? ' મગને સાશ્ચર્ય પૂછ્યું. ' હા, હા, કાજી ને કૂતરીનો ઘાટ. તને ખબર નથી એ વાતની ? આપણા ગામ જેવા ગામમાં એક કાજી હતા. એમને એક કૂતરી ઉપર બહુ જ વા'લ એટલે જે આવે તે એ કૂતરીને ખવડાવે–પીવડાવે. ધીરે ધીરે પછી તો એવું જ થઈ ગયું કે કાજીને રાજી કરવા હોય તો પહેલાં કૂતરીને રાજી કરવી પડે. આમને આમ કાજીના અતિશે વા'લથી જ જાણે એક દા'ડો કૂતરી મરી ગઈ. આ તે કાંઈ જેવી

તેવી થોડી હતી હેં ? એ તો કાજીની કૂતરી ! એટલે એનો તો જનાજો નીકળ્યો અને ખુદ કાજી મર્યા હોય એમ આખા ગામે શોક પાળ્યો. થોડા વખત પછી ખુદ કાજીનેય કાળનું તેડું આવ્યું. પણ એ જ ગામે એની કૂતરી જેટલોય શોક ના પાળ્યો, કેમ કે એ જોવા કાજી કયાં રહ્યો'તો ?'

'પણ આમાં હેમતલાલને શું લાગેવળગે ?' મગને ફરી પૂછ્યું.

'કેમ તારે ? હેમતલાલ પોતે જીવતા છે ને એમની બધે ધાક વાગે છે એટલે તો એમણે પોતાના એક અદના માણસની પછવાડે વરો કર્યો. પણ હેમતલાલ પ'ડે મરશે ત્યારે એમની પાછળ એમનો ભણેલો દીયરો ને એમની માટલી-મેટ્રિક પાસ મડમ કશું નહિ કરે.'

'નહિ કરે એની તને શી ખાતરી ?' મગને માધાને તંગ કરતાં કહ્યું. માધાએ પોતાનો ક્રોધ 'નહિ કલે એની છી ખાતલી' એમ બોલી, ચાળા પાડતાં વ્યક્ત કર્યો. 'અલ્યા ભોટ, તને બધી પડાપૂછ. અમે કહીએ તેમાં રતિભાર ખોટું ના હોય, સમજ્યોને ? લે, સાંભળ તારે. પરમ દા'ડે ગામના પેલા ચળવળિયા જુવાનો રાતે નીલકંઠ મા'દેવમાં ભગા મળ્યા'તા ત્યાં હેમતલાલનો દીયરો જ ઊભો થઈ ને કે'તો'તો: દરેકે સુધારો પોતાના ઘરઆંગણાથી જ કરવાનો છે. ખુદ મારા ઘેર કોઈનું મયણું થાય તો પણ નાત-વરો નહિ કરવાનું પાણી મૂકું છું!'

—ખલાસ ! માધા અને મગનની એ વાતોએ મને વિચારના ઊંડા ધરામાં ફેંકી દીધો. એ વાતે મારી ભયંકર માંદગીમાં પણ અજગરની જેમ એવો ભરડો લીધો કે, મરતી વેળાએ મને એમ જ થયું: આમેય છોકરો કે વહુ કોઈ મારી પાછળ કશું કરનાર નથી એના કરતાં મને જ ના પાડીને મારો હાથ ઉપર રાખવા દેને'. હિંમતલાલે જાત આગળ જ પોતાનો બચાવ રજૂ કર્યો.

પણ અંદરથી કોઈએ સવાલ પૂછ્યો: 'તમારો એ નિર્ણય તમારી અંતિમ પળોનો હતો પણ હાલ જ્યારે તમે જીવી ગયા છો ને હજુ દશકો કાઢશો એમ લાગે છે ત્યારે જીવતે જીવત ફોલી ખાય એવા સમાજમાં કેમ જીવશો ?'

હિંમતલાલ એ જવાબ દેવા જતા હતા ત્યાંતો તળાવના પાણીમાં 'છબ છબ' એવો એચિંતો અવાજ થયો. એમણે એ તરફ જોયું તો કો'ક રાવળિયા જેવો માણસ સામાન લાદેલા એના ઊંટને કિનારાના લીંબડા સાથે બાંધી પાણીમાં ઊતરી હાથપગ ધોતો હતો. આછી, ઘણી જ આછી ચાંદનીના રૂપેરી પ્રકાશમાં એ આખુંય દશ્ય છાયાચિત્રની ભ્રાંતિ કરાવતું હતું ! 'ઘણું મોડું થઈ ગયું' એમ ધારી હિંમતલાલ ઘર ભણી ચાલવા માંડયા પણ પેલું મન નળની પાછળ કળજુગની જેમ એમનો કેડો નહોતું મૂકતું !

રાતે ઓશરીમાં ખાટલો પાથરીને આડે પડખે સૂતા તોય એમનું મન તો ચકવાની જેમ જાગતું જ હતું. હજુ વાડીમાંથી તમતમતાં ચણા-શાકની સોડમ આવતી હતી. બરાબર વાડીની પછીતે એમનું ઘર આવ્યું હતું. એમના ઘરની ઓસરી આગળ એક મોટો ચોક હતો ને એની પાસે બે દૂઝણી ભેંશો બંધાતી. એ ચોકની ડાબી કોર પર એક મોટી દીવાલ ચણેલી હતી જે વાડીના મોટા રસોડાને આ ઘરથી વિખૂટી પાડતી હતી એટલે વાડીમાં દાળનો વઘાર થાય તો પણ અહીં ઓં છીંક આવતી ! ખાટલામાં પડચે પડચે પણ આજે હિંમતલાલને જંપ નહોતો. જ્યારથી એમણે વાડીમાંનું પેલું દશ્ય જોયું હતું ત્યારથી એમના મનની શાંતિનું કોઈએ હરણ કર્યું હતું.

એમના મનના પગ, વિચારના કાદવમાં ખૂંપતા જતા હતા, એ જેમ બહાર નીકળવા કરતા તેમ એ વધારે ઊંડા ઊતરતા ! પણ આજુબાજુની સર્વ પરિસ્થિતિ સમજતા હોઈ પોતે રઘવાયા જીવને આશ્વાસન આપતા: 'ફટ ભૂંડા, તારે શી ખોટ છે ? આ વાડીમાં થઈ છે એથી ચારગણી રસોઈ ઘેર બનાવડાવી આરોગવી હોય તો તને કોણ રોકનાર-ટોકનાર છે ?'

પણ પેલો લાલચુ જીવ જ જાણે ટહુકી ઊઠતો: 'એ ધાનની કે પકવાનની કોને પડી છે, પણ વાડીના ઓટલે કે ચોરેચૌટે બેસી બે પગ ઊંચા રાખી ફરતું ફાળિયું વીંટી પાંચ માણસમાં કોઈના ઝઘડાનો નિકાલ-ચુકાદો આપવાની લાલચ કેમ કરીને રોકવી ? ગમે તેવી સીધીસાદી વાતને ગૂંચવી નાખવાની, ગોટવી નાખવાની મજા તે કયાંથી લાવવી ?'

આખરે થાકીને અંતિમ નિર્ણય આપતું માનસનું બીજું પાસું 'લાખ વાનાં કરો પણ અંતે સુથારનું મન બાવળિયે' કહી ઊંઘી ગયું !

આવાં ને આવાં બે વરસ વીતી ગયાં. કાળના પ્રવાહમાં, નદીનાં પાણીથી જેમ અનેક પથરા ઘસાઈ દૂબળા પડી જાય છે તેમ હિંમતલાલનું શરીર ચિંતાથી ઘસાઈ ગયું.

આટલું મોટું મકાન બનાવવું એ તો અઘરું છે જ. પણ આ મકાનની અજાયબી એ છે કે, ૩૫૦ ફીટ વ્યાસની છતને ટેકો આપવા એક પણ થાંભલો નથી. આ જાતની રચના કરવા એડવર્ડ સ્ટોને ખૂબ જ બુદ્ધિ કસીને સાઇકલનાં પૈડાં જેવી છત બનાવી છે.

છતની વચ્ચે ૬૩ ફૂટ પહોળી અને ૨૫ ટન વજનની એક 'રીંગ' છે. સ્ટીલની અને છતની કિનારી એ કોન્ક્રીટ (આર. સી. સી.)ની ૨૫૦ ફીટ વ્યાસની કિનાર છે અને સ્પોકની જગ્યાએ, સ્ટીલનાં દોરડાં છે જે મધ્યની રીંગને અદ્ધર રાખે છે ને દરેક દોરડું ૧૧૦ ટન વજન ઝીલે છે; વળી ૬૮,૪૦૦ ચોરસફૂટ જેટલી પ્લાસ્ટિકની ઉપરની છતને એક પણ થાંભલા વગર અદ્ધર રાખી છે. કોન્ક્રીટની બહારની રીંગ કોન્ક્રીટના થાંભલા (સોનેરી રંગના) ઉપર મૂકી છે. વચ્ચેના રીંગ ઉપર છત નથી. દીવાલો પણ પ્લાસ્ટિકની છે અને તેને અદ્ધર રાખવા સ્ટીલના પટ્ટા રાખ્યા છે.

છતને નીચેથી હજારો સોનેરી ચકતીઓથી ઢાંકી લીધી છે. આ આખી રચના એટલી નાજુક લાગે છે કે જાણે હમણાં તૂટી પડશે આવી જાતની છત દુનિયામાં આ પહેલી છે.

આ ડબ્બી જેવા પ્રદર્શનગૃહમાં બીજે માળે અમેરિકન રહેણીકરણીની માહિતી આપતા તરતા ટાપુઓ છે. અમેરિકાની પ્રખ્યાત 'મેઈન-સ્ટ્રીટ'ની આબેહૂબ નકલ પણ એક બાજુ ઊભી કરવામાં આવી છે—જાણે આપણે અમેરિકામાં જ ઊભા હોઈએ! 'ફેસીસ ઑફ અમેરિકા' નામના પ્રદર્શનમાં એક યાંત્રિક મગજ મૂકવામાં આવ્યું છે જે દુનિયાના ઇતિહાસ (૧૯૫૮ સુધીના) વિષેના કોઈ પણ સવાલનો જવાબ માત્ર ૬ સેકન્ડમાં જ આપી દે છે.

આ અમેરિકન પ્રદર્શનમાં ઔદ્યોગિક અને એન્જિનિયરીંગ સિદ્ધિઓ કરતાં વિવિધ કળાઓ પર વધારે ભાર અપાયો છે.

અમેરિકન પ્રદર્શનગૃહ પાછળ વૉલ્ટ ડીઝનીનું 'સરકેરીમા' (Circarama) છે. એમાં અજાયબી એ છે કે એનો પડદો પ્રેક્ષકોની ચારે બાજુ ગોળ ફરતો હોય છે. ૧૧ પ્રોજેકટરો એકસામટાં વાપરીને બતાવવામાં આવતા ચિત્રમાં દર્શકને ચિત્રની અંદર જ ઊભા હોય એવો આભાસ થાય છે.

રશિયન પ્રદર્શન

બાજુમાં જ એલ્યુમિનિયમ અને દૂધિયા કાચનું ચોરસ રશિયન પ્રદર્શનગૃહ છે. આખું પ્રદર્શનગૃહ રશિયામાં તૈયાર કરી ટુકડે ટુકડે અહીં લાવી ઊભું કરવામાં આવ્યું છે. લેનીનના ૮૧ ફૂટ ઊંચા એક મોટા પૂતળાની આજુબાજુ એની રચના કરી છે. રશિયનોએ વધુમાં વધુ એક જંગી યંત્રો તથા યંત્ર બનાવવાનાં યંત્રો, ખેતીવાડીનાં નવાં ઓજારો ઉપર મૂક્યો છે. એક મોટો તેલ કૂવાનો ડેરીક ઊભો કરવામાં આવ્યો છે જે આઠ દિવસમાં માઈલ ઉપરાંતની ઊંડાઈ સુધી પહોંચી શકે.

કોલસાની ખાણનું જંગી મૉડલ અને સ્પુટનિકનું મૉડલ તેનાં સૌથી મોટાં આકર્ષણો છે. તેઓ રાક્ષસી TU 104 વિમાન પણ લાવવા ઇચ્છતા હતા; પણ તેને લાવવાની સગવડ ન થઈ શકી.

પરંતુ સૌથી મોટાં આકર્ષણ તો પ્રદર્શનમાં બે જીવતાં કૂતરાં છે. રશિયનો કહે છે કે તેઓ અવકાશની સફર કરી આવ્યાં છે!

ઇતર રાષ્ટ્રોનાં પ્રદર્શનો

બ્રિટિશ વિભાગમાં ત્રણ જુદા જુદા ભાગો છે: એક સરકારી વિભાગ છે જેની બાંધણી અત્યંત નવી ઢબની અને અસરકારક છે. બીજામાં ખુલ્લા બગીચામાં પ્રદર્શન છે અને ત્રીજા ભાગમાં મોટો ઔદ્યોગિક મંડપ છે. માત્ર કાચનો બનેલો આ મંડપ અંદરથી ૭ થાંભલાના આધારે ઊભો કર્યો છે.

બેલ્જિયમના પોતાના ૫૦ મંડપોમાં શ્રેષ્ઠ બાંધકામખાતાનો છે. એક બાજુ ત્રણ માળનું પ્રદર્શનગૃહ છે. ત્યાં જવા માટે એક ત્રિકોણ આકારનો ઘુમ્મટ બનાવેલો છે; અને તેમાંથી તીર જેવા કોન્ક્રીટનો બનાવેલો મોભ પ્રદર્શનગૃહ તરફ જાય છે. આ મોભના એક છેડાને ઘુમ્મટના વજનથી દબાવી બીજા છેડાને અદ્ધર રાખેલો છે. આ મોભના સાથે જડેલી સાંકળોથી એક પૂલ લટકતો રાખવામાં આવેલો છે. આ પૂલની નીચે દૃષ્ટિ કરતાં જ ઘુમ્મટ અને પ્રદર્શનગૃહ વચ્ચેની જમીન પર વિસ્તરેલો બેલ્જિયમનો ભવ્ય નકશો ધ્યાન ખેંચ્યા વિના રહેતો નથી. આ નકશામાં બેલ્જિયન સરકારે હાથ ધરેલાં બાંધકામનો ચિતાર આપેલો છે.

ફ્રાન્સનો મંડપ પણ સ્થાપત્યકલાનો સુંદર નમૂનો છે ને તેની રચના ખૂબ જ આધુનિક છે. પણ શરૂઆતમાં પોચી માટીમાં ગરકી જતાં પંદર દિવસ મોડો ખૂલ્યો હતો.

કેનેડાનો પેવીલિયન સાદો અને સુંદર ચોરસ આકારનો

[પાન ૪૬૦ ઉપર]

વિજ્ઞાન : યંત્ર ને માનવી

[શ્રી. વિનોબાનાં તાજેતરનાં ત્રણ ભાષણોમાંથી સંચયન]

૧

પ્રચલિત માન્યતા એવી છે કે વિજ્ઞાન અને યંત્ર બંને બિલકુલ એક જ ચીજ છે. પરંતુ વાસ્તવમાં એ પ્રમાણે નથી. વિજ્ઞાનને કારણે એક તરફથી જંગી યંત્રો બને છે, અને નાનાં નાનાં યંત્રો પણ બનતાં હોય છે. વિજ્ઞાનની મદદથી વિકેન્દ્રિત અને કેન્દ્રિત બંને પ્રકારનાં યંત્રો બને છે. વિજ્ઞાનથી નાનું અમસ્તું ઘડિયાળ પણ બને છે, તો રાક્ષસી એંજિન પણ બને છે. જેમ આત્મજ્ઞાન એક નિર્મળ, શુદ્ધ વિચાર ગણાય છે અને રોજિંદા જીવનમાં એનો કેમેક પ્રયોગ કરવો તેનો તે મુજબ વિચાર કરવો પડે છે, તે જ રીતે વિજ્ઞાન પણ એક નિર્મળ અને શુદ્ધ વિચાર છે, જેની મારફતે આપણને સૃષ્ટિ અને શરીર આદિનું જ્ઞાન મળે છે. યંત્રયુગ સાથે એને કશી લેવાદેવા નથી. કદાચને સમાજમાં યંત્રીકરણ કરતાં નોખી જ વ્યવસ્થા નિર્માણ થઈ, તો તેવે વખતે પણ વિજ્ઞાનનો ઠેબો તો રહેવાનો જ.

વિજ્ઞાન શું નહિ કરી શકે ?

અણુશક્તિ વળી વીજળીથી પણ વધુ વિકેન્દ્રિત થઈ શકે છે. તેમાંય જો અણુશક્તિ વિપુલ માત્રામાં મળવા લાગી અને પાછો તેનો ઉપયોગ કન્સ્ટ્રક્ટિવ (રચનાત્મક) પ્રવૃત્તિઓમાં થયો તો એવાં નાનાં નાનાં યંત્રો બનવા લાગશે જેનો ઉપયોગ પોતપોતાનાં સ્થાનમાં રહીને પણ મનુષ્ય કરી શકશે. એટલે કહું છું કે વિજ્ઞાન એટલે અનિવાર્ય રીતે યંત્રયુગ એવા ભ્રમમાં નહિ રહેશો. ખરેખર થશે તો એવું કે જે રીતની આપણી માગણી હશે તે પ્રમાણે વિજ્ઞાનની રૂખ બદલાતી જશે.

વિજ્ઞાનને કારણે મનુષ્યનું જીવન વધુ ને વધુ કૉમ્પ્લેક્સ (જટિલ) બનતું જશે એ ખ્યાલ ખોટો છે. એ જટિલ પણ બની શકે છે અને સિમ્પલ (સાદું સરળ) પણ બની શકે છે. વિજ્ઞાનનું મોઢું કઈ દિશામાં ફેરવવું છે એ આખરે તો માણસે જ વિચારવાનું છે. જેમ જેમ વિજ્ઞાન આગેકૂચ કરતું જશે તેમ તેમ આજની ઢબનાં વિશાળકાય નગરો નહિ ટકી શકે, કારણ વિજ્ઞાનની જ એવી માંગ થશે કે વસ્તી બહુ ગીચ નહિ હોવી જોઈએ. આજે વિજ્ઞાનનો ઉપયોગ કેન્દ્રિત વ્યવસ્થા ઊભી કરવા પાછળ થઈ રહ્યો છે, આવતી કાલે એ જ વિજ્ઞાન વિકેન્દ્રિત વ્યવસ્થા ઊભી કરવા માટે કામ આવવાનું છે, અને તે વખતે દરેક ઘરની આસપાસ નાનકડાં ખેતરો હશે, અને પાછાં આ ઘરો એકબીજાથી છેટે છેટે બંધાયાં હશે.

વિજ્ઞાન અને મૂડીવાદ

આજે વિજ્ઞાને મૂડીવાદ સાથે હાથ મિલાવ્યા છે. પણ કાલે ઊઠીને આથી નોખી, વિકેન્દ્રિત જીવનની આવશ્યકતા પેદા થઈ તો વિજ્ઞાનને તેવી દિશા અને ઘાટઘૂટ મળશે. આજે વસ્તી વધતી ચાલી છે, તો એને માટે નપુંસક મનુષ્યોની જમાત વધારવાનો ઇલાજ ખોળી કાઢ્યો છે. વિજ્ઞાન આજે નપુંસક મનુષ્યો બનાવવામાં સહાય કરે છે, કારણ આજે તેની માંગ છે. આખરે તો ભગવાન પણ મનુષ્યને તે જ વરદાન આપવાનો છે, જે તે સૌ પોતે ઝંખતા હશે. અગર કાલે મનુષ્ય એવી માગણી કરે કે અમને તો બસ એક સંતાનમાં જ તૃપ્તિ થઈ જશે અને એના પાલન-પોષણ, રક્ષણ, દર્શનમાં જ અમારું જીવન વીતે, તો વિજ્ઞાન તેમાં પણ મદદે ધાશે. ધૂમાડાની સાથે અગ્નિની માફક વિજ્ઞાન સાથે અનિવાર્યપણે જટિલ રચના જોડાયલી જ છે એવું કાંઈ નથી. જેમ આત્મજ્ઞાનના વિકાસની સાથે મનુષ્યનું જીવન સાદું

બનતું જશે, તેવું જ વિજ્ઞાનના વિકાસથી પણ થઈ શકે છે. જૂની-પુરાણી બધી મુસીબતો કાયમ રહે તો જ તે સાદું જીવન ગણાય એવું નહિ સમજશો. જીવનમાં સગવડો તો હોવી જોઈએ, પણ સાથે સાદાઈ પણ હોવી જોઈએ.

વિજ્ઞાનના ક્ષેત્રમાં સત્યાગ્રહની શોધ

આ દૃષ્ટિએ જ્યારે આપણે સત્યાગ્રહને વિજ્ઞાનની સાથે જોડી દઈએ છીએ, તો આપણને એક નવું જ દર્શન મળે છે કે વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ આપણે સત્યાગ્રહની ખોજ કરવાની છે. અસલના વારામાં વૈદકશાસ્ત્રમાં એવી કોઈ ઔષધી જરૂરી હતી જેથી શસ્ત્રક્રિયા કરવામાં દરદીને ઊની આંચ નહિ આવે. તે દિવસોમાં આવી કોઈ ઔષધીના અભાવમાં મનુષ્યને ઢોરની માફક બાંધીને શસ્ત્રક્રિયા કરવી પડતી હતી અને તે પણ પાછી ઉપરછલી જ. પણ આજે હવે ક્લોરોફોર્મ શોધાયું હોવાથી બહુ સલૂકાઈપૂર્વક, રમતમાં શસ્ત્રક્રિયા થઈ શકે છે. આમ ક્લોરોફોર્મની ખોજ અહિંસાની દિશામાં છે. આથી મનુષ્યની પીડા ટાળવાનું એક ઘણું ભારે સાધન હાથ આવ્યું. તે જ રીતે જેની આજે તીવ્ર જરૂર છે એવા સત્યાગ્રહની ખોજ સંબંધે પણ વિજ્ઞાન મગજ લડાવશે.

મારું માનવું છે કે સર્વોદયને માટે વિજ્ઞાન ઘણું ઉપયોગી છે અને એટલે તો હું ફરી ફરીને કહું છું કે વિજ્ઞાન આપણી શક્તિ છે, પ્રતિપક્ષીની નહિ. આજે થયું છે એવું કે જે લોકોએ હિંસાનું તાંડવ ખેલ્યું છે, તેમના સકંજામાં વિજ્ઞાન સપડાયું છે. બાકી સાચું પૂછો તો અહિંસાના પક્ષમાં વિજ્ઞાન અત્યંત સુરક્ષિત છે. માટે કહું છું કે વિજ્ઞાન હિંસાના પક્ષમાં ચાલી ગયું તો જાણજો કે મનુષ્યજાતિને માટે તો જોખમ છે જ, પણ ખુદ વિજ્ઞાન માટે પણ જોખમ છે.

ખોટી દિશાનું ચિંતન

આપણા ચિંતનમાં વિજ્ઞાનની કમી ન હોવી જોઈએ. પણ આપણા સાથીદારોમાં મને એની ખોટ વરતાય છે. એ લોકો કંઈક એવું વિચારતાં લાગે છે કે જેમ ઓજાર નાનાં તેમ સારું; અંબર ચરખાથી પેટી રેંટિયો સારો, રેંટિયાથી વળી તકલી સારી, અને આંગળીઓ હોય તો તો તેથી પણ ઉત્તમ. આ બધું ખોટી દિશાનું ચિંતન છે. હા, આપણાં કાંઈ એવાં અરમાન નથી કે સમાજમાં ઊથલપાથલ થઈ જાય અને બેકારી વધે એ રીતે આપણે આગળ વધવું. પણ જ્યાં સુધી શુદ્ધ વિજ્ઞાનને સંબંધ છે, ત્યાં સુધી આપણે વિજ્ઞાનની શોધખોળોને મોકળા દિલે સત્કારીએ છીએ. આપણું વલણ આ દિશાનું નથી લાગતું, અને આપણે નાના નાના સ્થૂળ નિયમોના જાળામાં અટવાતા રહીએ છીએ.

ગ્રામોદ્યોગનો વિચાર તો સારો જ છે. પણ આપણે લોકો ચટ કરતાં એના નિયમ બનાવી દઈએ છીએ, એ વિચાર સમાજને ગળે ઉતારવાની ઝંઝટમાં પડતા નથી. વ્રતપાલનની મઝાની યુક્તિ શોધી કાઢીએ છીએ અને જે લોકો આવા નિયમોમાં નથી ગોઠવાતાં તે બધાંની કેટલીક વાર સર્વોદય વિચારમાંથી બાદબાકી કરીએ છીએ. આ બધી ખોટી ધારણાઓ છે. શું સર્વોદયનો વિચાર અમેરિકા અને ઇંગ્લૅંડને માટે નથી ? શું ત્યાં પહોંચીને આપણે એમને એવો ઉપદેશ દેવા મંડશું કે: "અલ્યાઓ, તમારી આ જંગી મશીનરીને દરિયામાં ડુબાડી દો અને એને સ્થાને નાનાં ઓજારો બનાવો તો તમારે ત્યાં અહિંસાદેવી પ્રગટ થશે, એ સિવાય બીજી કોઈ રીતે એ પ્રસન્ન નહિ થાય !" ખરેખર તો આપણે એમને એટલી જ પ્રાર્થના કરશું કે આજે તમે "ડર ખાતે" સઘળું ધન વેડફો છો તેને બદલે ભલા થઈને એ સઘળી ધનસંપત્તિનો દુનિયાના કલ્યાણમાં સદુપયોગ કરો, ત્યારે અહિંસા દેખા દેશે."

કુદરતમય જીવન

હું તો એવું માનનારો છું કે જીવનની વિકસિત દૃષ્ટિ ખીલશે તો એકેએક મનુષ્ય કુદરતમય જીવન જીવતો થશે, અને પછી તો નગરરચના પણ એવી થશે કે ઘર બેઠાં સામે જ લહેરાતાં ખેતરો ને આંખ ઠારતું આકાશ તરવર્યા કરશે. જીવનનો કંઈ ને કંઈ હિસ્સો સૃષ્ટિની સેવામાં રહે એ ઢબે આપણું ચિંતન ચાલ્યું તો આપણે પેલા અમેરિકાવાળાઓને પણ સમજાવશું કે જો આજે ને આજે શક્ય ન હોય તો ભલે, પણ તમે હવે શહેરો વધારો છો શીદને ? નાનાં નગરોની રચના કરો તો તે તમારા લાભમાં છે. પણ આ બધી વાત આગળ ઉપર. આજે ને આજે આપણે એમની પાછળ નહિ પડીએ કે: "અહિંસાને માટે શહેરો તોડો જ તોડો." એ તો પ્રાકૃતિક જીવનની મહત્તાની ગેડ બેસશે એટલે આપોઆપ એમના જીવનમાં ફેરફારો થતા જવાના.

ઉસ્માનાબાદ (મુંબઈ રાજ્ય), તા. ૧૩-૬-'૫૮

(પદયાત્રિકો સાથેની વાતચીતમાંથી-સંક્ષેપ)

૨ ધર્મનો પાયો વિજ્ઞાન

આજ લગી ધર્મસ્થાપના થઈ જ નથી, ધર્મ બન્યો જ નથી. ધર્મને બનવા માટે, ધર્મની રચના માટે જે પાયાની જરૂરિયાત છે તે પાયા આજ લગી પડ્યા જ નહોતા, કારણ વિજ્ઞાન નહોતું. એટલે ઋષિઓએ દર્શન કરીને કેટલીક વસ્તુઓ લોકો સામે મૂકી અને લોકોએ શ્રદ્ધાથી તે ગ્રહણ કરી. આ રીતે કેટલીક માન્યતાઓ અને આસ્થાઓ ઘડાઈ છે, પરંતુ હજી એના અફર કાયદા નથી ઘડાયા; એને પ્રમાણભૂત માનવાની ભૂમિકા પર દુનિયા હજી નથી આવી. સત્ય, અહિંસા વગેરેની આ જ હાલત છે. લોકો કહે છે કે સત્ય સારું છે, પરંતુ ગમે તે પરિસ્થિતિમાં સત્ય જ સારું છે એવું એ લોકો નથી કહેતાં. મકાન ચણનારો કડિયો જાણે છે કે ભીંત જમીનને કાટખૂણે જ બાંધવી જોઈએ. એને આ બાબતમાં જેવો નક્કર વિશ્વાસ બંધાઈ ગયો છે તેવો વિશ્વાસ મનુષ્યજાતિને સત્યને વિષે હજી બંધાયો નથી. સત્ય હમેશાં સારું જ છે એમ કહેવાની હામ નથી. અર્થાત્ સત્યનો કોઈ કાનૂન નથી બન્યો, અને તેથી જ હજી સુધી ધર્મની રચના થઈ નથી. એટલે હવે વિજ્ઞાન ધર્મનો પાયો બનશે અને તેની ઉપર ધર્મ ઊભો રહેશે. આજના માનસિક ક્ષેત્ર પર ધર્મની જે વાતો થતી રહે છે તે તો તદ્દન નાની નાની ને નજીવી છે. એથી ઉપર ગયા પછી ધર્મનો ઉદય થશે, પછી વિજ્ઞાન અને ધર્મની વચ્ચે કશો વિરોધ નહીં રહે. ઊલટો સંપૂર્ણ સુસંવાદ રહેશે.

૩

આધ્યાત્મિક ક્રાંતિની પ્રગતિ પહેલાં ક્યારેય નહોતી થઈ એટલી આજે આ વિજ્ઞાનયુગમાં થઈ રહી છે. મતલબ કે આધ્યાત્મિક વિકાસ એ આજના જગતની પરમ ભૌતિક આવશ્યકતા છે.

વિજ્ઞાનયુગમાં સર્જનશક્તિ માનવને હસ્તક આવી છે. એટલે કે માનવ સ્રષ્ટાનું પદ પામ્યો છે. બીજી બાજુ વેદાંત કહે છે કે માનવ દ્રષ્ટા છે. અર્થાત્ સમસ્ત સૃષ્ટિથી અળગો થઈ એ એનું દર્શન અને સંશોધન કરી શકે છે. આમ એ દ્રષ્ટા છે અને એ જ એની શ્રેષ્ઠ ભૂમિકા છે. પરંતુ આજે એ દ્રષ્ટાની સાથોસાથ સ્રષ્ટા પણ બની ગયો છે. 'બાલચન્દ્ર'નું નિર્માણ કરી એ ઉપગ્રહને એણે આકાશમાં તરતો મૂક્યો છે. આજે એ પૃથ્વીની ચારેકોર હજારો જોજનની પ્રદક્ષિણા કરી રહ્યો છે. હવે તો અણુ અને પરમાણુની સહાયથી માનવસમાજના નિકંદનની તૈયારી કરવી એ પણ એની મુનસફીની વાત છે. એ શિવજીનું તાંડવ પણ ખેલી શકે છે. પણ મને એની સહેજે ચિંતા નથી. ...મુદ્દાની વાત એ છે કે આજે માનવના હાથમાં સર્જનશક્તિ આવી ગઈ છે. એનો ઉપયોગ દ્રષ્ટા બનીને (દીર્ઘદૃષ્ટિપૂર્વક) કરવો જોઈશે. આ સંબંધે આજે જે ચિંતન ચાલી રહ્યું છે એને પરિણામે ભારે મોટી ક્રાંતિ આવવાની છે.

તાકાતનું વરદાન

આજે માનવના મનમાં એ હકીકત વસવી જોઈશે કે વિજ્ઞાને એને અસાધારણ તાકાતનું વરદાન આપ્યું છે. આજ સુધી એ પ્રાણિક અને માનસિક અવસ્થામાં વિહાર કરતો રહ્યો, હવે એણે એથી ઉપર ઊઠવું જોઈશે. માનવની પ્રાથમિક અવસ્થા તો આવી 'પ્રાણિક' જ રહી. એટલે ખાવુંપીવું અને પ્રજોત્પાદન કરવું એટલી જ એની દુનિયા હતી. એથી આગળ જઈએ એટલે મનની અવસ્થા આવે છે. હમણાં સુધી માણસ આ મનની અવસ્થામાં જ જીવતો હતો. હવે વિજ્ઞાનયુગમાં પણ જો એ આ મનની જ અવસ્થામાં ગૂંચવાયલો રહ્યો તો નક્કી માનજો કે એ ટકી શકવાનો નથી. પહેલાં તો મનનું સ્થાન અત્યંત મહત્ત્વનું રહ્યું. રામાયણ અને મહાભારતમાં એની જ કથાઓ છે ને? જુઓ, રાવણ સીતાને ભગાડી ગયો. આજનો માનવ તો કહેશે કે આ કેવી વાહિયાત વાત છે? પણ એ જ વાતની પૃષ્ઠભૂમિ પર આખું રામાયણ રચાયું. મહાભારતમાં દ્રૌપદીના ચીરહરણની કથા છે. શું આજના કોઈ કવિને કોઈના દ્વારા કોઈની સ્ત્રી ભગાડી જવાના, કે એને છોડાવી લાવવાના વસ્તુ પર કાવ્ય લખવાની ઊર્મિ થશે ખરી? હરગીજ નહિ. કારણ આજે તે અવસ્થા નથી. વૈજ્ઞાનિક દૃષ્ટિએ માનવ આવી વાતોને સાવ ક્ષુલ્લક ગણશે. એટલે કે મનુષ્ય આજે મનની ભૂમિકા ઓળંગીને એથી આગળની વિજ્ઞાનની ભૂમિકામાં પ્રવેશી ચૂક્યો છે. એટલે એણે વિષયવાસનાનું પણ નિયંત્રણ કરવું પડશે. નહિ તો "कामात् क्रोधोऽभिजायते।" –કામમાંથી ક્રોધ જન્મશે અને આખરે માનવનો નાશ થશે. એટલે હવે કામવાસનાનું નિયંત્રણ કરવું પડશે; કૃત્રિમ ઉપાયોથી નહિ, સંયમથી જ. નહિ તો આ સંહારક શસ્ત્રોને પરિણામે માનવનો સર્વનાશ થશે.

ધાતુર (જિ. ઉસ્માનાબાદ), તા. ૧૯-૬-'૫૮ (સંક્ષેપ)

દવ રે લાગ્યો

દવ રે લાગ્યો ને ખડો સળગિયા
સળગ્યાં સાગર ને આભ;
બળ્યાં શે'રો ને બળિયાં ગામડાં
સારે સંસારે લાય....

ઊંચી ઇમારત બાંધી બુદ્ધિએ
એના મોભેય ઝાળ;
મથીને હૈયે રચિયા બાગ જે
લાગી તેમાંયે આગ.

લોઢી રે પડે ને લપકો ઊઠતી,
ઝાઝે જોરે એ ઝાળ!

ફરે રે જળમાં, જાતી આભમાં
તેને શાની રે પાળ ?

બળે રે મ્હેલો ને બળતાં ઝૂંપડાં
સળગે મોટાં ને બાળ;
ઊભા રે સળગાવી દૂર જે બધાં,
થતી સહુનો એ કાળ.

બુઝાવી ન શકે એને રાજવી
કોઈ નહીં વા કુબેર;
એક રે થાયે અદના આદમી,
ત્યારે અટકે એ કેર.

(સોવિયેત દેશ)

—પ્રહ્લાદ પારેખ

[પાન ૪૫૯નું ચાલુ]

છે. પહેલી નજરે જોતાં તો સ્ટીલનું માળખું ઊભું કરી કોઈ કોઈ જગ્યાએ દીવાલ બતાવી હોય તેમ લાગે, પણ ધ્યાનથી જોતાં તેની સુંદરતાનો ખ્યાલ આવે છે.

સ્વીટ્ઝરલૅન્ડ જે યુરોપનું રમતમેદાન ગણાય છે તેણે નાનાં નાનાં મકાનની રચના મધપૂડાની જેમ કરી છે અને વચ્ચે સ્વીટ્ઝરલૅન્ડના પ્રતીક સમું સરોવર છે. નાનાં મકાનોમાં તેમના રાષ્ટ્રીય ઉદ્યોગોનો ખ્યાલ આપ્યો છે. ઘડિયાળ, બારીક મશીનરી તથા એન્જિનિયરીંગ ક્ષેત્રની સિદ્ધિઓ સમાં બંધ અને બોગદાંઓનો પણ ખ્યાલ આપ્યો છે.

વેસ્ટ જર્મનીનો મંડપ તો વર્ષ પહેલાં તૈયાર કરી ઢાંકીને, વેસ્ટ જર્મનો પાછા જતા રહ્યા હતા અને મેળાનો સમય થતાં આવીને પડદા હટાવીને બેસી ગયા !

સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થાનો

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાનો મંડપ છત્રીના જેવો ઘુમ્મટ આકારનો છે તેમાં પણ આખા ઘુમ્મટનું વજન અદૃશ્ય થાંભલા ઉપર છે ને ઘુમ્મટની આખી છત કાચથી મઢી લીધી છે.

૭ વર્ષની પ્રચંડ મહેનત પછી તૈયાર થયેલો આ મેળો વિશ્વનો ઇતિહાસ ઘડવામાં—ઠંડા યુદ્ધની ગતિ ધીમી પાડવામાં અને સહઅસ્તિત્વ અને સહકારની ભાવનાને પુષ્ટ કરવામાં જરૂર અગત્યનો ફાળો આપે છે.

આધાર

ન્યુસવીક; ટાઈમ; પોપ્યુલર મીકેનીક્સ; લાઈફ; રીડર્સ ડાઈજેસ્ટ; ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડીઆ.

અવારનવાર

માનવીના રંજનને મૂડીની મુઠ્ઠીમાંથી છોડાવો

—મણુવ

વનસ્પતિ જેમ પ્રકાશ તરફ સ્વાભાવિક વળે છે, તેમ મનુષ્ય આનંદ તરફ વળે છે. મનુષ્યનું આ એક મૂળભૂત વલણ છે અને તેથી એ નીતિ-પર છે. એ વલણ ઉત્તમ નૈતિક સાંસ્કૃતિક સ્વરૂપો પણ ધારણ કરી શકે અને અધમમાં અધમ વ્યસનો-ને ગુનાનું સ્વરૂપ પણ ધારણ કરી શકે.

એટલે માણસ સંસ્કૃતિના આરંભથી જ પોતાના આનંદોત્સવની ઊર્મિઓને ધર્મ, નીતિ અને સામાજિકતાથી સંસ્કારતો રહ્યો છે. સંસ્કારમાં બે વસ્તુ આવે : એક તો એની મર્યાદાઓ નક્કી થાય અને બીજું એમાં સહજીવનનાં તત્ત્વો ઉમેરાય, જેથી અદેખાઈ, સ્પર્ધા, યુદ્ધ વગેરે દૂષણો દૂર થાય.

આ જ રીતે સહજ કામવૃત્તિને સંસ્કારીને મનુષ્યે લગ્ન અને ગૃહસ્થાશ્રમની પવિત્રતા પેદા કરી. પરણે છે બે, પણ પ્રસન્ન થાય છે આખોયે સમાજ. બેના સુખમાં બધા સહભાગી બને છે તેથી બેનો આનંદ નિર્ભય બને છે અને અભિવૃદ્ધિ પામે છે.

સહભોજન, સહપાન, સંમેલન, સમૂહ-ઉત્સવ વગેરે દ્વારા માનવીએ પોતાની સાહજિક વૃત્તિઓને સામાજિકતાથી સંસ્કારી સહજ વૃત્તિઓ પર નિયમન આણ્યું; પણ સરવાળે લાભ થયો. કારણ એક તો, સમાજના અભયવચન અને સ્પર્ધામુક્તિને કારણે વૃત્તિઓની તૃપ્તિની શક્યતાઓમાં પુષ્કળ વધારો થયો; અને બીજું, એ વૃત્તિઓ મનુષ્યના આદર્શ પ્રત્યે તકાઈ, ધ્યેયલક્ષી બની. લગ્નજીવન બ્રહ્મચર્ય પર તકાયું. સહજ રંજન પણ વિશુદ્ધ આનંદ પ્રત્યે તકાયું.

જ્યાં આવું નથી થતું ત્યાં શું થાય છે? ભોગ પોતે જ ભોગનો ઉદ્દેશ બની જાય છે. રંજન રંજન માટે, વાસના વાસના માટે, રમત રમત માટે થઈ જાય છે. અને પછી જ્યારે શરીર ભોગથી થાકવા માંડે છે, મન કંટાળવા માંડે છે, ત્યારે માણસ ભયંકર કંટાળાનો શિકાર બની જાય છે. પછી કશાથી એનું રંજન થતું નથી. જીવન હેતુ વગરનું ને ભારરૂપ લાગવા માંડે છે. આપણા જમાનામાં પશ્ચિમના દેશોએ આવા ધ્યેયરહિત ભોગમાંથી પેદા થતી હતાશાની પીડા ઠીક ઠીક જાણી છે. ત્યાં કવિઓ, લેખકો અને સંસ્કાર-સ્વામીઓ પોતાના યુગનું ધ્યેય શોધવા તરફડતા જણાય છે, અથવા તેટલો વિકાસ ન થયો હોય ત્યારે ' સિનિક '—સર્વત્ર શંકાશીલ—બનેલા જણાય છે. આવું શાથી થયું? અત્યાર સુધી સંસ્કૃતિએ માનવવૃત્તિ સાથે તાલ મેળવ્યો, તો હવે એ કેમ અટકી?

કારણ યંત્ર-વિજ્ઞાનના અભૂતપૂર્વ વિકાસની સાથે સાથે, રંજનનાં સાધનોએ પણ કદી ન કલ્પ્યો હોય તેવો વિકાસ સાધ્યો. આજથી સો વરસ પહેલાં જ સિનેમા, રેડિયો અને ટેલીવિઝનની તો પૌરાણિક કલ્પનાઓ કરી કરીને જ માનવી પોતાનું મનોરંજન કરતો.

મનોરંજનની આ હરણફાળ સાથે નીતિ કદમ ન મિલાવી શકી તેનું મુખ્ય કારણ એ હતું કે આ નવાં રંજન–સાધનો એક મોટા માનવસમૂહને ' મઝા ' પિરસતાં, જ્યારે તેવડા મોટા માનવસમૂહનું કોઈ સામાજિક સંગઠન નહોતું. ધીમે ધીમે તે સંગઠન રચાતું આવે છે અને તેણે હવે આ રંજન-સાધનોને જવાબદારીપૂર્વક હાથમાં લેવાં જોઈએ.

અવળો પાટો

આજે શું થાય છે?

ફિલ્મ-નિર્માતાઓ એકએકથી ચડે તેવાં નફ્ફટ ચિત્રો ઉતારે જાય છે. જે નિર્માતા લોકોને બહેલાવીને વધુમાં વધુ

જેટલો તડાકો પાડે તે તેટલો કુશળ કસબી ગણાય છે. અને ત્યારે દેશની સરકાર. શું કરે છે? એ તડાકામાંથી ભાગ પડાવે છે, મનોરંજન-કર ઉઘરાવે છે. આજે જે જાતના રાજ ને સમાજ છે તેમાં કાંઈક એવો અવળો પારો પડેલો છે કે રાજ સમાજશત્રુઓ સાથે ઠેરઠેર ભાગીદાર થયેલું જણાય છે.

રેસના મેદાન પર જેટલો વધુ જુગાર ખેલાય તેટલી રાજની આવક મોટી!

દારૂ જેટલો વધુ પિવાય તેટલી રાજની આવક મોટી!

નફ્ફટ ફિલ્મ લોકોને જેટલી વધુ લૂંટે તેટલી રાજની આવક મોટી!

કોઈએ આવું વિચાર કરીને ગોઠવ્યું નથી. દેશના ને રાજના નેતા તેને સારું માનતા નથી. પણ પારો આવો પડી ગયો છે એટલું નક્કી. એ મૂડીવાદની બલિહારી છે.

તો શું થવું જોઈએ?

સર્વપ્રથમ લોકરંજનને મૂડીની મુઠ્ઠીમાંથી છોડાવવું જોઈએ.

આપણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ રચી છેઃ ગ્રામ-પંચાયતો, જિલ્લાપંચાયત મંડળો, કસ્બા મ્યુનિસિપાલિટીઓ અને શહેર મ્યુનિસિપલ કૉરપોરેશનો. પોતાના ગામ કે શહેરને સ્વચ્છ ને આરોગ્યવાન રાખવાની તેની જવાબદારી છે. હવે એણે પોતાનાં ગામ ને શહેરની શારીરિક સ્વચ્છતા તથા આરોગ્યની સાથે સાથે જ માનસિક આરોગ્યની જવાબદારી પણ માથે ઉપાડવી પડવાની છે.

કેટલીક મ્યુનિસિપાલિટીઓ નગરગૃહો બાંધે છે. શહેરનું ભાગ્યે કોઈ થિયેટર એની બરોબરી કરી શકે, એવાં સરસ એ નાટ્યગૃહો હોય છે ને મોટે ભાગે તે નાટકો માટે જ વપરાતાં હોય છે.

મ્યુનિસિપાલિટીઓ 'ઓપનઍર થિયેટરો' પણ કાઢે છે.

પણ ગંભીરતાપૂર્વક એમણે હજી લોકોના રંજનને પૂરેપૂરું ઉપાડી લેવાની કમર કસી નથી. હવે તે કસવી પડશે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓએ લોકરંજનને પોતાનો વિષય બનાવવો પડશે.

ઓપનઍર થિયેટરો બરાબર કામ કરવા માંડે તો ક્રમશઃ ખાનગી થિયેટરો મ્યુનિસિપાલિટી સામે અશક્ય હરીફાઈ કરવાનું છોડી તેને હસ્તક વેચાવા માંડશે.

પછી, ગુજરાત જેવા એક પ્રાંતની સ્થાનિક સ્વરાજ-સંસ્થા હસ્તકનાં પાંચસો કે હજાર લોકરંજનગૃહો ફિલ્મ-નિર્માતાઓને કહી શકશે કે અમને આવાં નહીં પણ આવાં પ્રકારનાં ચિત્રો આપો, અને ભારત સરકારનું ફિલ્મખાતું ઉમંગથી તેની વહાર પણ કરશે. ફિલ્મ ઉદ્યોગની મૂળભૂત કાયાપલટ થશે. ફિલ્મીજગતને વિચાર કરનારા માનવસમૂહ સાથે પનારો પડશે. આજે તો વિચાર વિનાના આનંદ પાછળ ઝાંવાં નાંખતાં ટોળાં સાથે એનો પનારો છે. તેથી ઉત્તમ કલાવિદોની ફિલ્મો જગતને આંગણે જયજયકાર પામે છે, પણ બૉક્સ ઑફિસના બજારમાં એનો ભાવ પણ નથી પુછાતો. જેમ કે, 'પથેર પાંચાલી.'

સ્થાનિક સ્વરાજ્યના હાથમાં ફિલ્મીકલાને એકહથ્થુપણાનો કે નીતિવાદી પ્યુરિટનિઝમનો પણ ભય નથી. કારણ સ્થાનિક સ્વરાજ્યસંસ્થાઓ અનેક છે અને સર્વસામાન્ય જનની છે. કેન્દ્રીય કે પ્રાંતીય સરકારના હાથમાં હોય તો કલાને સ્વતંત્રતા અંગે ભય પેદા થાય ખરો. પણ આજે તો સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા પ્રવર્તે છે. સ્વરાજ્ય સંસ્થાઓના હાથમાં કલા પણ સ્વરાજ્ય પામી શકશે.

સ્થાનિક સ્વરાજ્ય+ઉત્પાદક સમાજવાદ=ગ્રામસ્વરાજ્ય

અને સાથે જ, ભારત ગ્રામસ્વરાજ્યના આદર્શ પ્રત્યે એક વાસ્તવિક પગલું ભરશે. આજે તો સ્થાનિક સ્વરાજ-સંસ્થા કર-ઉઘરાતદાર છે અને સાંકડા ને મામૂલી ક્ષેત્રમાં કામ કરે છે. એને ઝોળીમાં ઉપરથી ટુકડો પડે ત્યારે એનું પૂરું થાય અને એ નીચે કટકી કટકી લાભ વહેંચે. આવી સ્વરાજ્ય-સંસ્થા સાચી સમાજવાદી રચનાનું વાહન બની શકે.

અને સમાજવાદી રચનામાં સ્થાનિક સ્વરાજ્યસંસ્થા વાહન ન બને તો કેન્દ્રિત સમાજવાદ વહેલોમોડો સરમુખત્યારીમાં જ પરિણમે. માટે સ્વરાજસંસ્થાઓએ હવે ઉત્પાદક સમાજવાદનો પાયો નાંખવા માંડવો પડશે. મૂડીવાદી ઉત્પાદકો પાસેથી કર ઉઘરાવી ઉઘરાવીને લોકોનું ભલું કરનારો સમાજવાદ 'ધર્માદા સમાજવાદ' છે. એ લોકોમાં ભિખારી મનોદશા ઉત્પન્ન કરે છે. વધુમાં વધુ લોકોને એ સુખી પશુ બનાવી શકે, પણ જવાબદાર નાગરિક ન બનાવી શકે. તેને બદલે હવે જવાબદાર જનતાનો ઉત્પાદક સમાજવાદ જરૂરી છે.

માટે સ્થાનિક સ્વરાજ્સંસ્થાને રૂપે સ્થાનિક જનતાને જવાબદાર એવું જે લોકસંગઠન રચાયું છે, તેણે ધીમેધીમે

કર ઉઘરાવનારી ને ખરચ કરનારી સંસ્થાઓ મટીને ઉત્પાદક સંસ્થાઓ બનવા માંડવું જોઈએ.

એવી સંસ્થાઓએ સૌથી પહેલા કેવા ઉદ્યોગો હાથમાં લેવા જોઈએ ?

એક તો તે ઉદ્યોગ જેમાં યંત્ર ને તંત્ર સુવ્યવસ્થિત ગોઠવાઈ ગયાં છે. જે ઉદ્યોગમાં જેટલું યંત્રીકરણ ને તંત્રીકરણ વધુ વિકસ્યું હશે તેટલું જનસમૂહને તે ઉદ્યોગ હાથમાં લેવાનું સહેલું પડશે.

અને બીજું: એવો ઉદ્યોગ પહેલો હાથમાં લેવો જોઈએ જે મૂડીવાદી ઢબે ચાલતો રહે તો જનતાનું વધુમાં વધુ નુકસાન કરે.

સિનેમા તેવો એક ઉદ્યોગ છે. પેટ્રોલના પંપો તેવો એક બીજો ઉદ્યોગ છે. બસસરવિસો તો લેવાવા માંડી જ છે.

આવા ઉદ્યોગો સ્વરાજ્યસંસ્થાઓ ચલાવી શકશે અને એ રીતે કમાઈ ને પોતાની આરોગ્ય, શિક્ષણ વગેરે જવાબદારીઓ પગભર થઈ ને નભાવી શકશે. એ જેટલી પગભર થશે તેટલી તેના સ્વરાજ્યની કાંતિ ખીલી ઊઠશે.

બીજો એક વ્યવસાય પણ છે જેને વિશે સ્થાનિક સ્વરાજ્યસંસ્થાએ વિચારવું પડશે, અને તે છે રોગ પર ચાલતો વ્યવસાય: દાક્તરોનો ધંધો. પણ તે વિશે જુદો વિચાર કરવો પડશે. સૌરાષ્ટ્રની મહુવા સુધરાઈએ, સાંભળ્યા પ્રમાણે, દાક્તરી વ્યવસાયના સુધરાઈ-કરણનો એક પ્રયોગ કર્યો છે. 'પ્રણવ 'ને લાગે છે કે શ્રી. જમુભાઈએ પોતાના પ્રયોગના ઉદ્દેશો, સિદ્ધિઓ અને અંતરાયો વિશે 'વિશ્વમાનવ' દ્વારા ગૂજરાત સમક્ષ નિવેદન કરવું જોઈએ.

આજે ગૂજરાતની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં નવો પ્રાણ થનગનવા માંડ્યો છે, ત્યારે હવે નવા વિચારો અનિવાર્યપણે આગેકદમ કરવાના જ છે.

વિશ્વવિગ્રહનો વિકલ્પ : વિશ્વમાનવ

વિશ્વમાં આજે જે તંગદિલીનાં વાદળાં ઘેરાઈ રહ્યાં છે તે ચિંતા ઉપજાવે તેવાં છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેનાં આવાં ઘર્ષણો કેમ કરતાં અટકે તે વિચારવું જોઈએ. એનો એક જ ઉપાય છે—વિશ્વમાનવનો, અર્થાત્ સમસ્ત વિશ્વની એક નાગરિકતાનો સિદ્ધાંત હવે બધાંએ અપનાવી લેવો જોઈએ. જગતના સર્વ ધર્મોમાં વિશ્વમાનવનો સિદ્ધાંત કોઈ ને કોઈ રૂપે પડેલો જ છે. વાંધો એટલો જ છે કે તે તે ધર્મોના અનુયાયીઓ એની પાછળની વ્યાપક ભાવના સમજી શકતા નથી અને શબ્દોને વળગીને સાંકડા બને છે અને અન્યધર્મીઓ સાથે સંઘર્ષમાં ઊતરે છે. અરે, તે તો ઠીક, એક જ ધર્મના દેશો—જેમ કે ખ્રિસ્તી ધર્મના—એકમેકની સામે પેંતરા ભરીને ઊભેલા દેખાય છે. ઇસ્લામ જેવા વિશ્વની બંધુતા અને વિશ્વની શાંતિના પાઠ પઢાવનાર ધર્મનો જ્યાં જન્મ થયો હતો તે પશ્ચિમ એશિયામાં આજે વિશ્વવિગ્રહનું રણમેદાન રચાતું આવે છે આથી વધુ ખેદની બિના બીજી શી હોઈ શકે ?

વિશ્વમાં ભડકો થશે તો તે ભારતને દઝાડ્યા વિના રહેવાનો નથી. ભારત ભડકાથી દૂર રહે કે ન રહે એ સવાલ જ નથી. ભારતની બીજી પંચવાર્ષિક યોજનાનો મદાર વિદેશી મદદ અને આયાત-નિકાસ પર મંડાયેલો છે. વિશ્વવિગ્રહનું વાતાવરણ થતાં બરાબર તેનો પહેલો ભોગ આપણી આ યોજના થઈ પડશે. માટે ભારતે જો બચવું હોય અને વિકાસને પંથે આરંભાયેલી એની કૂચને ચાલુ રાખવી હોય તો એને માટે ભૂદાન-ગ્રામદાન આંદોલન મારફતે પોતાનાં ગામડાંને પગભર બનાવી દીધા સિવાય બીજો છૂટકો જ નથી. ભૂદાન-ગ્રામદાનથી ગામડાંની અંદરના ભડકા શમી જશે અને ગામડાં એક બનશે. એમની શાંતિ સ્વાવલંબી બનશે. વિશ્વવિગ્રહની સામે આવી સ્વાશ્રયી ગ્રામશાંતિ અભેદ્ય કવચનું કામ આપશે. માટે ગ્રામદાન એ આપણા રાષ્ટ્રીય સંરક્ષણનો કાર્યક્રમ છે. આજે હવે આપણે તે અવિલંબ ઉપાડી લેવો જોઈએ.

—વિનોબા

ઔરંગાબાદ, જુલાઈ ૨૧ના હેવાલો ઉપરથી



તુલસીદાસ: યુગ અને ચેતના

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

તુલસીદાસ સોળમી સદીમાં થઈ ગયા. એ વખતે ભારતમાં મુસલમાની રાજસત્તા હતી. ભારત પર આક્રમણ કરનાર વિદેશીઓમાં મુસ્લિમો કંઈ પહેલા નહોતા. બહુ પ્રાચીન સમયથી આપણા દેશ પર વિભિન્ન બર્બર જાતિઓએ આક્રમણ કર્યાં છે અને આ તમામ આક્રમણખોરોએ ભારતની પ્રજા પર લૂંટ અને જંગાલિયતનો કેર ઊતાર્યો છે. પરંતુ આ બધી પ્રજાઓ ધીમે ધીમે ભારતની પ્રજામાં ઓતપ્રોત બની ગઈ છે.

પણ આરંભના વિદેશી મુસ્લિમ આક્રમણકારોની વિશેષતા એ છે કે, તેમની નજર મુખ્યતઃ ભારતની અઢળક સંપત્તિ ઉપર રહી હતી; ને લૂંટ એ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો. ઉપરાંત, તેમનાં ધર્મ અને સંસ્કારિતા પણ ભારતનાં તે કાળનાં ધર્મ અને સંસ્કારિતાથી સારી એવી ભિન્નતા ધરાવનાર હતાં: એક જ ઈશ્વર, મૂર્તિપૂજાનો અભાવ, ઊંચનીચ નાતજાતના ભેદોનો અભાવ–આવાં મુખ્ય લક્ષણો હતાં. ત્યારે ભારતમાં અનેક દેવદેવીઓ, મૂર્તિપૂજા, જડ વર્ણાશ્રમ ધર્મની ઊંચનીચતા વગેરે લક્ષણો ભારતીય સંસ્કૃતિનાં અંગરૂપ બની ગયાં હતાં, અને તેની સામેનો આંતરિક સંઘર્ષ ચાલુ જ હતો. આવી પરિસ્થિતિમાં મુસ્લિમ સંસ્કારિતાનો નવો સંઘર્ષ ઉમેરાયો.

આમ, ભારતમાં બે સબળ સંસ્કારિતાઓનો સંઘર્ષ, એ પછી સંપર્ક અને ત્યારબાદ સંગમ જોવા મળે છે. આ લાંબા કાળ દરમ્યાન ભારતને ઘણા ઉત્પાતોમાંથી પસાર થવું પડ્યું છે. પઠાણ વંશે ભારત પર ત્રણસો વર્ષથી વધારે રાજ્ય કર્યું. (૧૨૦૫–૧૫૨૫). એ પછી એમનું સ્થાન મોગલોએ લીધું. એમની સત્તા પણ લગભગ ત્રણસો વર્ષ ટકી. એ દરમ્યાન ભારતે યુદ્ધો, કતલો, દુષ્કાળ, લૂંટ વગેરેના અનેક બનાવો જોયા છે.

તુલસીદાસનું બાળપણ અને એમની યુવાની આવા ભયાનક દિવસોમાં પસાર થયાં. એમનો જન્મ ઈ. સ. ૧૫૩૨માં. મોગલ વંશના મહાન સમ્રાટ અકબર કરતાં તે દસ વર્ષે મોટા. તુલસીદાસે અકબર અને જહાંગીરના સામ્રાજ્યનો સમય જોયેલો. કેટલાક તો કહે છે કે તે શાહજહાંના સમય સુધી જીવેલા. મુસલમાન રાજ્યસત્તાના સમયમાં અકબર–જહાંગીરનો સમય નોંધપાત્ર છે. પાછલી પાંચ સદીઓની અસહ્ય ગૂંગળામણ પછી ભારતની પ્રજાએ થોડોક રાહતનો શ્વાસ લીધો. હિન્દુ–મુસલમાનને નજીક લાવવાના અનેક પ્રયત્નો અકબરે કર્યા.

એક બાજુ હિન્દુ–મુસલમાનને નજીક લાવવાના પ્રયત્નો અકબર કરતો હતો, પણ બીજી બાજુ વિશાળ જનસમુદાયમાં શાસનકર્તા અને શાસિત પ્રજા વચ્ચેનું અંતર વધતું જતું હતું. સમાજ વ્યવસ્થામાં 'સ્વયંપર્યાપ્ત ગ્રામસમાજ'ને કારણે અપરિવર્તનશીલતા પેસી ગઈ હતી. શાસકો આવે, જાય; પણ શાસિત પ્રજાનાં જીવન બંધિયાર પાણી જેવાં બની ગયાં હતાં: નથી પ્રગતિ કે નથી વિકાસ. આર્થિક વ્યવસ્થાની

સમતુલા નથી. પરિણામ એ આવ્યું કે નીચે દૈન્યમાં ડૂબેલી પ્રજા; અને ઉપર વિલાસ ભોગવતા શાસકો. અકબરે એની રાજનીતિથી આ અંતર ઓછું કરવાના પ્રયત્નો કર્યા હતા. પણ આ અંતર તો એટલું મોટું હતું કે એને પૂરવા માટે વર્ષોની સાધના જોઈએ. જાતિ, ધર્મ, સંપ્રદાયોના વાડાઓ તોડવા એ કંઈ નાનીસૂની વાત નહોતી.

ભારતીય એકતાનો તાર

અને એ બીડું ઝડપ્યું આપણા સંતોએ. એમનાં વાણી, વિચાર અને કર્મમાં વ્યાપકતા છે. સંકુચિતતા સામેની એ ઝુંબેશ છે. માનવીય ચેતનાના પરિઘનો વિસ્તાર વધારવો એ એમનું કર્મ. આ સંતોની વિચારણાથી ધર્માંધતાનાં બંધનો તૂટે છે. નાતજાતના વાડાઓ પહેલા જેવા રહ્યા નથી. પ્રભુની ભક્તિ કરવાનો સૌ કોઈને અબાધિત અધિકાર છે. આની વ્યાપક અસર એટલે સુધી થઈ કે સમસ્ત ભારતમાં 'ભક્તિની જ્વાળાઓ' પ્રકટી. એમનો એકતારો એ ભારતીય એકતાનો તાર બન્યો. પંડિતવર્ગની સંસ્કૃત ભાષાને છોડી દઈને જનતાની ભાષામાં ઉપદેશ આપવાનું મહત્ત્વનું કાર્ય આ સંતોએ કર્યું. વિભિન્ન ધર્મો વચ્ચેનું, નાતજાત વચ્ચેનું, ગરીબ અને ધનવાન વચ્ચેનું તથા શાસક અને શાસિત વચ્ચેનું અંતર ઓછું કરવામાં આ સંતોનો ફાળો નાનોસૂનો નથી.

આવી એક મહત્ત્વની પ્રતિભા તે સંત તુલસીદાસ. સમાજમાં જ્યારે એકતા નહોતી, નૈતિક વફાદારી નહોતી, સ્વસ્થતા નહોતી અને આખો સંસાર જ્યારે ગોંધાતો હતો ત્યારે સંસ્કૃતિજ્યોત 'રામાયણ'ના તેજઃપુંજ રેલાવતા એ આગળ આવ્યા. માનવહૃદયમાંથી ડગી રહેલી શ્રદ્ધાને એમણે પુનઃપ્રસ્થાપિત કરી.

દબાયેલી પ્રજાએ મુક્તિ મેળવવાનો પોતાનો અધિકાર જ્યારે જાહેર કર્યો ત્યારે શાસકો અને પુરોહિતોને એ પાલવ્યું નહીં. મુક્તિ અને ધર્મ પર તો તેઓ એમનો ઇજારો સમજતા હતા. એ ઇજારાની સામે પડકાર કરનાર તુલસીદાસને અનેક અપમાન સહન કરવાં પડ્યાં હતાં. એમની લોકપ્રિયતા વધવાની સાથે સાથે એમની સામે વિરોધનો વંટોળ પણ વધતો રહ્યો હતો. પણ તુલસીદાસ તો કહે છે :

" ધૂત કહૌ, અવધૂત કહૌ
રજપૂત કહૌ જુલહા કહૌં કોઊ ।
કાહૂ કી બેટી સોં બેટા ન બ્યાહબ
કાહૂ કા જાતિ બિગાર ન સોઊ ।
તુલસી સરનામ ગુલામ હૈ, રામ કો
જાકો રૂચૈ સો કહૈ કછુ ઓઊ ।

પોતાની હેકડી ઉડાડનારની ઉપેક્ષા કરતા આ સ્વાભિમાની સંત નીચ કહેવાતી જાતિઓ તરફ સમભાવ બતાવે છે. એમની રામભક્તિનું મુખ્ય કારણ એ પણ હોઈ શકે કે એમના પ્રભુએ હીનજાત વ્યક્તિઓને પોતાની બનાવી હતી. સંતોનો તો એ મુખ્ય મંત્ર હતો કે: "જાતિ પાઁતિ પૂછે નહિ કોઈ, હરિ કો ભજે સો હરિ કા હોઈ" આમ, જે લોકોને માટે પુરોહિત વર્ગે ઉપાસના અને મુક્તિનાં દ્વાર બંધ કર્યાં હતાં, એ સર્વને માટે તુલસીદાસે એ દ્વાર ખોલી નાખ્યાં. કોલ-કિરાત જેવા ગરીબ લોકોનો મોગલોના સમયમાં શિકાર કરાતો, એમને પકડવામાં આવતા અને કાબૂલમાં ગુલામો તરીકે વેચી દેવામાં આવતા. તુલસીદાસ એમને કેમ ભૂલે ? જ્યારે રામ ચિત્રકૂટ પર પહોંચે છે ત્યારે તુલસીદાસ કહે છે: "યહ સુધિ કોલ કિરાતન્હ પાઈ। હરષે જનુ નવનિધિ ઘર આઈ ॥" કેવટ અને નિષાદ જેવા હલકા ગણાતા લોકો તરફનો તુલસીદાસનો પ્રેમ સ્થળે સ્થળે પ્રકટ થાય છે. રામ જ્યારે અયોધ્યા પાછા ફરે છે ત્યારે નિષાદ વિદાય લે છે, એ વખતે રામ પોતે કહે છે :

" તુમ્હ મમ સખા ભરત સમ ભ્રાતા
સદા રહેહુ પુર આવત જાતા । "

પુરોહિતપ્રથાની સામે આમ તુલસીદાસે પડકાર કર્યો છે. પણ તેમ છતાં તે પુરોહિતોને નગણ્ય ગણતા નથી. એક સાચા સંતના તાટસ્થ્યથી એમણે એ લોકોનો પણ સત્કાર કર્યો છે. એ ખાસ કરીને ઉત્તરકાણ્ડમાં જોવા મળશે. માનવી પ્રત્યે એમનો રોષ નથી, માનવતાવિરોધી માન્યતાઓ અને ભ્રામક મૂલ્યો પ્રત્યે છે. એમની સામે મુખ્ય એક જ લક્ષ્ય હતું—માનવીય એકતા.

*

કેટલાક એમ કહે છે કે મુસલમાન ધર્મની અસરમાંથી હિંદુધર્મને બચાવી લેવા 'રામચરિતમાનસ' લખીને એમણે હિન્દુધર્મમાં નવો પ્રાણ પૂર્યો. સાચી વાત તો એ લાગે છે કે એકતા સ્થાપવા માટે અને જનજાગૃતિ માટે એમણે આ

અંતરાત્માની સ્વાધીનતા

હેરી સાચર વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા) વચ્ચેના કેસનો નિકાલ કરતાં, તા. ૧૯-૫-'૫૮ને રોજ અમેરિકાની સુપ્રિમ કોર્ટે, આગલી નીચલી કોર્ટના ચુકાદાને અમાન્ય કરી નવો ચુકાદો આપ્યો હતો. સાચર ઉપર એવા પ્રકારનો આરોપ હતો કે અમેરિકાની 'સેનેટ સબકમિટી ઓન ઇન્ટરનલ સિક્યુરિટી' એ તેમને પૂછેલા કેટલાક સવાલોનો જવાબ આપવાનો તેમણે ઇન્કાર કર્યો હતો.

છેલ્લાં અનેક વર્ષો દરમ્યાન અમેરિકામાં ઉદ્દામ વિચાર ધરાવનારા લેખકો, કલાકારો, વિજ્ઞાનીઓ, વિચારકો ઉપર આ પ્રકારના કેસ કરવામાં આવેલા છે. સુપ્રસિદ્ધ લેખક આર્થર મિલર ઉપરનો આવો કેસ તથા ચાર્લી ચેપ્લીન, પૉલ રોબ્સન ઉપરનાં નિયંત્રણો અતિ જાણીતાં દૃષ્ટાન્તો છે.

પરંતુ આ કેસ તો એ બધા કરતાંય વધુ વિશિષ્ટ પ્રકારનો છે. આજ પૂર્વે મિલર જેવાએ અમુક સવાલોના જવાબો આપવાનો ઇન્કાર કરેલો છે—પણ તેને માટે તેમણે બંધારણના અમુક સુધારાનો આશરો લીધો હતો. ત્યારે, હેરી સાચરે તો પોતાના અંતરઆત્માની સ્વાધીનતાના એક માત્ર કારણે જવાબો આપવાનો ઇન્કાર કર્યો હતો.

આ કેસ દરમ્યાન મિ. સાચર અને સેનેટર વચ્ચે થયેલા સવાલ-જવાબોમાંથી નાનકડો પણ અગત્યનો હિસ્સો અહીં રજૂ કર્યો છે.

મિ. સાચર: મિ. ચેરમેન, ન્યુ યૉર્કમાં તથા અમેરિકામાં અન્ય સ્થળે મેં ૩૦ વર્ષ સુધી વકીલાત કરી છે અને નમ્રતા ગુમાવવાનો મારા ઉપર આક્ષેપ વહોર્યા વિના હું કહી શકું કે, આપણા વતનનાં નરનારીઓ વતી કરવા જેવાં કાર્યોમાં મેં મારો આગળ પડતો ફાળો આપ્યો છે; અને હું માનું છું કે મારી જિંદગી પોતે જ હું જે કાંઈ છું, અને મેં મારા વતન માટે જે કાંઈ કર્યું છે તેની જીવતીજાગતી સાક્ષીરૂપ છે. હું અદબપૂર્વક કહેવા ઇચ્છું છું કે, ૩૦ વર્ષની મારી કારકીર્દિ પછી, કોઈની પણ સામે યુનાઈટેડ સ્ટેટ્સની લોકશાહી પ્રત્યેની મારી વફાદારી પુરવાર કરવા માટે ઊભા રહેવું પડે એ ઘણું જ અસમયનું ને અજૂગતું છે. અને હું બિલકુલ પ્રતિજ્ઞાપૂર્વક અને નિશ્ચતપણે તમને જણાવવા માગું છું કે, મારા વતનનાં ઉત્તમ હિતો પ્રત્યેની મારી ભક્તિ અક્ષુણ્ણ છે.

વળી, હું માનું છું કે, હું જ્યારે મારા અંતરંગ વિચારો અને માન્યતાઓ અંગે, પછી તે રાજકારણ અંગે હો યા ધર્મ અંગે તપાસકમિટી સમક્ષ ઘૂંટણીએ ઝૂકવા ઇન્કાર કરું છું, ત્યારે હું આપણા વતનનાં ઉત્તમ હિતોનું જ સેવન કરું છું. મારો અંતરઆત્મા મને અનુજ્ઞા દઈ રહ્યો છે કે, હું કોઈ પણ પ્રકારની બળજબરી નીચે એક પણ સવાલનો જવાબ નહિ આપું—જેમ, ૧૬૪૦માં આવાં જ કારણોસર કોર્ટ ઑફ સ્ટાર ચેમ્બર સમક્ષ મુક્ત-જન્મ-માનવી જૉન લિલિબર્ને સવાલોનો જવાબ આપવાનો ઇન્કાર કર્યો હતો.

એ કારણો, મિ. ચેરમેન, એ જ હતાં કે, માનવીના વિચારો અને માન્યતાઓ બળજબરીથી જાહેર કરાવવાનું કાર્ય તેનો વ્યક્તિગત ગૌરવ સાથે મેળ ખાઈ શકે એમ નથી; અને એથી જ તો હું, અદબપૂર્વક આપના સવાલનો જવાબ આપવાનો ઇન્કાર કરું છું.

સેનેટર મેકક્લીલન: અલબત્ત, તમને ઇન્કાર કરવાનો અધિકાર બંધારણીય રીતે છે, જો તમે એનો લાભ લેવા ઇચ્છો તો.

મિ. સાચર: હું મારા અધિકારો એક માનવી તરીકે, માનવીય ગૌરવના ભાગ તરીકે માગું છું, અને હું મારી જાતને ગુનેગાર ગણીને કોઈ કાનૂની બચાવ કરવા ઇચ્છતો નથી. મેં એવું કાંઈ જ

[પાન ૪૬૭ ઉપર]

આસ્વાદ

આ વિભાગ દ્વારા કાવ્ય અને કલાનો પ્રારંભિક રસાસ્વાદ કરાવી વિશાળ જનસમૂહ અને સાહિત્યકલાનાં સર્જનો વચ્ચે સેતુ બનવાની અભીપ્સા છે.

—સુરેશ હ. જોષી

સાગર અને શશી

આજ મહારાજ! જલ પર ઉદય જોઈ ને
ચન્દ્રનો, હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે;
પિતા! કાલના સર્વ સંતાપ શામે!
નવલ રસ ધવલ તવ નેત્ર સામે!
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી;
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી.
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
તરલ તરણી સમી સરલ તરતી!
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

—કાન્ત

ચન્દ્ર આપણે બધાંએ જોયો છે; સમુદ્ર પણ આપણામાંના ઘણાએ જોયો હશે. સમુદ્ર પર ઉદય પામતા ચન્દ્રને પણ ઘણાએ જોયો હશે. તેમ છતાં આ કાવ્ય વાંચીએ છીએ ત્યારે, એ સાગર અને શશીને જાણે નવે જ રૂપે, પહેલી જ વાર કોઈ બતાવતું હોય એવો સુખદ અનુભવ થાય છે. કવિઓ ચંદ્રનું વર્ણન કરતાં કયારે થાકયા છે? વાલ્મીકિ જેવો કોઈ આરણ્યક કવિ શરદના ચોખ્ખા આકાશમાં ચન્દ્રને જોઈ ને કહી ઊઠે છે: અરે, નીલ સરોવરમાં શ્વેત રાજહંસ તરી રહ્યો છે કે શું? કૃષ્ણ ભગવાનની બાળલીલા વર્ણવવામાં રમમાણ રહેતો કોઈ કવિ એ જ ચન્દ્રને જોઈ ને કૃતાર્થ ભાવે કહે છે: ઘનશ્યામ ભગવાનના દેહ ઉપર માખણનો પિણ્ડ કેવો ચોંટી ગયો છે? તો વળી બીજની તન્વી શશીલેખાને જોઈ ને કોઈ શૃંગારી કવિને પુરુરવા સાથે પ્રણયકલહ કરી બેઠેલી ઉર્વશીના મરડેલા હોઠ યાદ આવે છે. એ જ ચન્દ્રને જોઈ ને પ્રથમ પ્રણયથી ચકિત બનેલી કોઈ મુગ્ધા એમ કહી ઊઠશે: હે પ્રિય, મારા હોઠ તારું જ રટણ કરતા હતા, ત્યાં સાક્ષાત્ તને જ મારી સામે ઊભેલો જોતાં હું એવી તો મુગ્ધ બની ગઈ કે એ રટણ કેવળ ઉચ્છ્વાસરૂપે જ રહી ગયું. મારા મુગ્ધ હૃદયના એ ઘનીભૂત ઉચ્છ્વાસનો જે પિણ્ડ તે જ આ ચન્દ્ર! એ

મૌનના અવકાશમાં કેવું તેજ પાથરી રહ્યો છે! આધુનિક કવિ આં બધી રંગદર્શી વાતોથી સો ડગલાં દૂર હઠી જઈને કહેશે: 'પરુદ્રઝતા' ઉઘાડા વ્રણ ઉપર આ તારાની માખીઓ જેવી બણબણી રહી છે!

જોયું ને? ચન્દ્રનાં કેટલાં રૂપ! એમાં કયું રૂપ સાચું ને કયું ખોટું એવો પ્રશ્ન આપણે ઉઠાવતા જ નથી. દરેક કવિ પોતાના ભાવજગતમાંથી એક નવા સંદર્ભને ઉપજાવે છે. આ નવા નવા સંદર્ભો ઉપજાવવાની શકયતા અનંત છે; ને તેથી જ, ચન્દ્રનાં હજુ તો કેટલાંય રૂપો કવિએ આપણને બતાવશે! આમ, કવિતામાં આપણે અનુભૂતિને આવા નવીનરૂપે, જાણે પહેલી જ વાર એનો સાક્ષાત્કાર કરતા હોઈએ તેવી રીતે પામીએ છીએ. આથી એમાં એક પ્રકારની તાજગી અને પ્રફુલ્લતા રહી હોય છે.

આ કાવ્યમાં પણ કવિ, પોતાની આગવી રીતે, એક નવો સંદર્ભ યોજીને સાગર અને શશીનું નવું જ રૂપ બતાવે છે. સાગર ઉપર ચન્દ્રનો ઉદય થયો. એના ઉદયથી જેમ સાગરમાં ભરતી આવી, તેમ હૃદયમાં પણ ઉલ્લાસની ભરતી આવી. અહીં સુધી તો વાત સાવ સીધી છે. દરિયાકાંઠે ફરતા હોઈએ ને ભરતી ચઢવા માંડે ત્યારે એક મોજું લપાતું સંકોચાતું પગની પાનીને ભીંજવીને વળી નાસી જાય, એની પાછળનું મોજું વળી એથી જરા વધારે હિંમત કરે ને ઘૂંટીને પણ ભીંજવી નાંખે, પછી તો આપણે જ હિંમત કરીને કાંઠા તરફ ચાલ્યા જવું પડે. અહીં પણ કાવ્યની પંક્તિઓ એવી જ રીતે છલકાતી આવે છે. બીજી જ પંક્તિમાં (ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે) 'જામે' ક્રિયાપદ વાપરીને એ ઉલ્લાસની વધતી જ જતી માત્રાને કવિએ ખૂબીથી સૂચવી દીધી છે, ને ત્રીજી પંક્તિમાં તો (સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન) છોળ કેટલી છલકાય છે!

બરાબર યાદ છે: નિશાળમાં ભણતા ત્યારે આ પંક્તિઓ-ત્રીજી ને ચોથી-શિક્ષકને બહુ હેરાન કરતી. વિદ્વાનો પણ એના જુદા જુદા અર્થ કરે છે. પણ અહીં એવી કશી અર્થની ભૂલભુલામણીમાં આપણે પડવું નથી. કવિના ભાવજગતની કેડીએ આપણે ચાલવાનું છે. ત્યાં રસ્તાના નામનાં પાટિયાં નથી. માટે તો સાહસને અવકાશ છે. ભાવજગતની ભૂગોળ જ જુદી છે. વારુ, તો આપણે આપણી સૂઝ પ્રમાણે રસ્તો કરી લઈએ!

અહીં કવિતાની ને કવિપ્રતિભાની એક ખૂબીનો આપણને પરિચય થાય છે. એક વસ્તુ હૃદયને રુચી ગઈ. હૃદય તુષ્ટ થયું ને પોતાની બધી ભાવસંપદ—પુરાણી સ્મૃતિ, સંસ્કાર, અભ્યાસ વગેરે રૂપે સંચિત થયેલી—એણે એ વસ્તુ પર ઓવારી દીધી. પરિણામે બન્યું શું? એ વસ્તુનું આખું રૂપ જ બદલાઈ ગયું, આપણા નિત્યનૈમિત્તિક પરિચયની ચતુસ્સીમાને એ આનંદના પૂરે તોડી નાંખી. આથી, હવે તમે એમ કહેવા જાઓ કે આ મુખ મને એટલું બધું ગમે છે કે જાણે એને ચન્દ્ર જ કહી દઉં એવું થાય છે. ત્યાં વળી થાય કે ના, ચન્દ્ર જ શા માટે? એને કમળ પણ કહેવાનું મન થાય છે—પણ પછી અટકી શકાતું નથી, અટકવું એ આપણા હાથની વાત રહેતી નથી.

સાગર ઉપર ચન્દ્રનો ઉદય જોઈને આપણા કવિને પણ કંઈક એવું જ થયું. માટે જ એમનું હૃદય બોલી ઊઠ્યું:

સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે;

જાણે સ્નેહનાં વાદળ ઊમટ્યાં છે (આ વાદળ તે વર્ષાના જળભારથી શ્યામ નહિ, શરદ્‌ના અહેતુક યદૃચ્છાવિહારી), ચારે બાજુ કુસુમોનું વન (જોયું ને, વનમાં કુસુમ નહિ, કુસુમોનું જ વન) મહેકી ઊઠ્યું છે; કશી કળી ન શકાય તેવી, ગહન સુવાસથી મન તરબતર થઈ ઊઠ્યું છે! સમૃદ્ધિના અભિષેકથી થયેલી કૃતાર્થતાના રોમાંચનો આમાં સ્પર્શ છે.

તો, ચન્દ્ર ચન્દ્ર ન રહ્યો. છવાઈ જતાં, વિખેરાઈ જતાં, ને વિખેરાઈ જવાની ક્રિયા વડે જ પળેપળે નવી શોભાનું નિર્માણ કરતાં વાદળો; એ વાદળોથી સૂચવાતો કુસુમોનો પુંજ ને એ તો આકાશને—આખાય આકાશને ભરી દે છે; શાખા–પત્ર કશું દેખાતું નથી માટે કવિ તરત જ કહે છે: અરે, સ્નેહના ઘન કહેવાથી સંતોષ થતો નથી, આ તો ચારે બાજુ કુસુમોનું વન લહેરાઈ રહ્યું છે; ને તરત જ કુસુમની સાથે સંકળાયેલી સુવાસની સ્મૃતિ જાગે છે, એવો અનુભવ કંઈક ગહન છે; એ અકળ રીતે અંતરમાં વ્યાપી જાય છે. આમ આકારને પળેપળે ઓગાળી નાખતાં વાદળોમાંથી જ સૂચવાતો કુસુમોનો આકાર અને તેમાંથી વળી નિરાકાર, અને તે જ કારણે ગહન એવી વિમલ સુવાસ—આવી કવિતા મનની ગતિ અહીં વરતાય છે. કાવ્યના આકાર સાથે આ ગતિને ઘનિષ્ઠ સંબંધ છે.

[વિશ્વમાનવ : ઑગસ્ટ '૫૮

. આ ઉલ્લાસના અનુભવથી ચિત્તમાં અકળ રીતે વ્યાપી જતો કશોક ભાવોચ્છ્વાસ કવિએ આ રીતે વર્ણવ્યો. જે દૃષ્ટિગોચર હતું તેનું પરિણામ બદલી નાખીને ઘ્રાણેન્દ્રિયના પરિમાણમાં મૂકી દીધું. અનુભૂતિની વ્યાપકતાની માત્રાને વિસ્તારવાને કવિ આ રીતે ઇન્દ્રિયોનાં પરિમાણને બદલી નાંખે છે, વિસ્તારે છે. વ્યવહારજગતમાં આપણે તે તે ઇન્દ્રિયોનાં દૃઢ પરિમાણોમાં રહીને યંત્રવત્ જીવીએ છીએ. કવિ એ પરિમાણની સીમાને ભૂંસી નાખે છે. સાગર ઉપર ઊગેલો શશી દૃષ્ટિગોચર હતો તેને ઘ્રાણેન્દ્રિયગોચર બનાવી દીધો. આ રીતે ચન્દ્રના અનુભવમાં કશાક અનનુભૂત તત્ત્વનો પ્રવેશ થયો; એ અનુભવનું રહસ્ય વિસ્તર્યું. સાચો કવિ હમેશાં આવો વિસ્તાર સાધી આપે છે. એ જે પ્રાકૃતિક દૃશ્ય જુએ છે અને એ દૃશ્ય જોવાથી એના ચિત્તમાં જે પ્રતિભાવ જાગે છે, તે આ બે બિન્દુની વચ્ચે ભાવકને વિહરવાને માટે એ સારાસરખા વિસ્તારની સગવડ કરી આપે છે. એણે યોજેલાં પ્રતીકો, એણે યોજેલી શબ્દાવલી આ વિસ્તારને ઉપકારક નીવડે છે. પ્રાકૃતિક દૃશ્ય અને તેથી થતા પ્રતિભાવનો સંબંધ, ઊંચી કોટિના કવિમાં, કદિય બીજગણિતના સમીકરણ જેવો હોતો નથી. આથી જ તો પરિમલની વ્યાપનશીલ ગહનતાના વિસ્તારમાં કવિએ આપણને અહીં મુક્ત કરી દીધા. આપણા ચિત્તગગનમાં પણ, બાહ્ય-સૃષ્ટિના આકાશમાં રેલાતી ચાંદનીની જેમ, આ ગહન પરિમલ રેલાઈ રહ્યો.

આટલે સુધી આવ્યા પછી કવિનું ચિત્ત કૃતજ્ઞભાવે પુલકિત થઈને બોલી ઊઠે છે:

'પિતા! કાલના સર્વ સંતાપ શામે!'

આપણે મન કાળ એ સૌથી મોટી સીમા, કાળના પિંજરમાં રહેનારને આ અનુભવે એક વિશાળ અવકાશમાં મૂકી દીધો. આથી સીમાની સંકુચિતતાના જુલમમાંથી છૂટયા; સીમાને કારણે વ્યાપનશીલ ચિત્તને જે સંતાપ થયા કરતો તે બધો જ શમી ગયો, બ્રહ્મરૂપ જીવ દેશકાળની ઉપાધિમાંથી ઊગરી જઈને બ્રહ્મસંકોચના પાપમાંથી મોક્ષ પામ્યો! આ મુક્તિનો જે રસ તે કોઈ નવલ જ રસ છે. એ અવકાશને માણવાનો અનોખો રસ છે. એ રસનું ઉદ્ભવસ્થાન તે વાત્સલ્યમય પિતાના ધવલનેત્રરૂપ ચન્દ્ર જ છે. એ ધવલ છે, કારણ કે અવકાશમાં મુક્તિ પામવા સુધીની સ્થિતિએ પહોંચતાં વચ્ચે આવતાં સ્થિત્યંતરોની કષાયતા એમાં રહી નથી, ધોવાઈ ગઈ છે. આ કૃતાર્થતાથી કવિ એવા તો પુલકિત થઈ ઊઠ્યા છે કે એ બદલ આભાર વ્યક્ત કરતી પંક્તિનું એમણે, સહજ રીતે જ, પુનરુચ્ચારણ કર્યું છે; એ કૃતાર્થતાને ઘૂંટીને આનંદનો પુટ આપ્યો છે.

બીજા ખંડમાં કવિના ચિત્તમાં થયેલી આ વ્યાપ્તિની અસરના સૃષ્ટિમાં થતા પ્રસારને કવિ વર્ણવે છે:

જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી;

આ ઉલ્લાસ સૃષ્ટિમાં સર્વત્ર વ્યાપી ગયો છે. સમુદ્રની ઊછળતી ઊર્મિમાળા પર ચાંદનીનું ચમકવું તે વીજળીના ચમકારા જેવું છે. સમુદ્રનો અફાટ પ્રસાર ઊર્મિમાળાને કારણે ખંડોમાં વિભાજિત થયેલો લાગે છે; એના દરેક ખંડ પર ચાંદની રેલાય છે. એથી પ્રસારની જ લાગણી નવે રૂપે થાય છે. અંતરાય વિનાની અવકાશમાંની મુક્ત ગતિ કવિએ તો પોતાના ચિત્તમાં અનુભવી જ છે. હવે કવિ સૃષ્ટિમાં એ ભાવસ્થિતિના પ્રસારને વર્ણવે છે. કવિ રાત્રિને માટે યામિની શબ્દ દામિની સાથેના પ્રાસને કારણે તો યોજે છે જ, પણ સાથે યામવાળી, પ્રહરવાળી એવો એનો અર્થ થતો હોવાથી સમય પોતે જાણે અંતરાય ઊભો કર્યા વિના અવકાશમાં સરી જાય છે એમ પણ સૂચવતા લાગે છે. વળી વ્યોમને સરોવર કહ્યું છે તેથી કોઈ અલંકારશાસ્ત્રી અહીં હીનોપમાનો દોષ જુએ. પણ કવિને અહીં સરોવરના જળની નિશ્ચલતા સૂચવવી છે, અને એ અવકાશના સરોવરમાં સમય એવો તો સરે છે કે એથી બુદ્બુદ સરખા ઉદ્ભવતા નથી. પણ આ નિશ્ચલતા નીરવ નથી; એ નિશ્ચલતાના પાત્રમાં ઉલ્લાસની સભરતાના સાર્થક ઉચ્ચારણરૂપ કામિની કોકિલાનું કૂજન છલકાઈ ઊઠે છે: (કામિની કોકિલા કેલિ કૂજન કરે)ને એની સાથે જ કવિ સાગરની ભવ્ય ભરતીની વાત કરી દે છે (સાગરે ભાસતી ભવ્ય ભરતી). આમ ભરતીનો આખો ઉછાળો પૂરો થાય છે ને આગલા ખંડની જેમ કવિ આનંદનો ઉદ્ગાર પ્રકટ કરે છે. આખી સૃષ્ટિ ઉલ્લાસભરી બની ગઈ છે (સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી). પણ આ ઉલ્લાસની સભરતા એને ભારે બનાવી દેતી નથી. આપણું મન ઉલ્લાસથી સભર હોય છે ત્યારેય હળવું જ રહે છે. એક આંસુનો ભાર અદકો હોય છે. આથી જ કવિ કહે

છે: સામે છલકાતા ઉલ્લાસના સાગરમાં હળવી શી હોડીની જેમ સૃષ્ટિ તરી રહી છે: (તરલતરણી સમી સરલ સરતી). એનું તરવું સરલ છે, અનાયાસ છે, ઉલ્લાસનો આવેગ જ એનામાં સહજ ગતિનો સંચાર કરે છે. ભરતીનાં મોજાં, એકની પાછળ એક, ઊંચાં ઊછળતાં આવ્યે જ જાય તેમ કવિનો આનન્દોદ્‌ગાર પણ પુનરુક્તિ પામીને જાણે આપણા ચિત્તમાં છલકાઈ છલકાઈને ઊછળ્યા જ કરે છે. એ છલકાતી ભરતીના સંગીત સાથે કાવ્ય પૂરું થાય છે—પૂરું થાય છે એમ કહેવાનું મન થતું નથી, કારણ કે ચિત્તના કાંઠા સાથે અથડાઈને એની છેલ્લી પંક્તિની છોળ આપણને ભીંજવ્યા જ કરે છે.

હવે, આટલા ભીંજાયા પછી, આપણે 'સાગર અને શશી' એ શીર્ષકની સાર્થકતા સમજી શકીશું. ચન્દ્ર સ્થિર છે, એ જે આકાશમાં પ્રકાશે છે તે વ્યોમસર પણ નિશ્ચલ છે, પણ એ ચન્દ્રને જ કારણે સાગરમાં 'ભવ્ય ભરતી ભાસે' છે. આમ નિશ્ચલતા જ ગતિને પ્રેરે છે, ગતિનો આધાર બની રહે છે; સાગરકાંઠાની નિસ્તબ્ધતાના પાત્રમાં જ કોકિલાનું કૂજન છલકાઈ ઊઠે છે. નિશ્ચલતામાંથી નિરાકાર—આવી કશીક ભાત આમાંથી ઊપસી આવતી લાગે છે.

કાવ્યને સમજવાને કવિના જીવનની ઘટનાને જાણવી અનિવાર્ય નથી; કેટલીકવાર એ વિશેની માહિતી કાવ્યાસ્વાદની દૃષ્ટિએ ઉપકારક નીવડે પણ ખરી. નિયતિની નિષ્ઠુરતાનું કાન્તને ઉગ્ર ભાન હતું. ખ્રિસ્તી ધર્મને આવકારતાં આપ્તજનો અને મિત્રોથી વિચ્છેદ થાય, ને આપ્તજનો અને મિત્રોને સ્વીકારે તો ખ્રિસ્તી ધર્મનો અંગીકાર ન કરી શકાય—આવી વિકટ પરિસ્થિતિ કવિના જીવનમાં શાપરૂપ બની રહી. પોતાની આ શાપિત જિન્દગીના અંગત દુઃખને કાન્તે કલાપીની જેમ ઘવાયેલા હૃદયના નિઃશ્વાસ જેવી, રુદુદિલાંથી ભરેલી કવિતામાં ન પ્રકટ કરતાં નાટ્યસિદ્ધ પાત્રોના માધ્યમ દ્વારા એમનાં પરલક્ષી પ્રસંગ કાવ્યોમાં મૂર્ત કરી. આ કાન્તનું વૈશિષ્ટ્ય એમની કવિતાનું પણ વૈશિષ્ટ્ય છે. મથામણ અને સંઘર્ષને અંતે, દુઃખના વિષનું પાન કરી ગયા પછી, ચિત્તમાં જે કૃતાર્થતા ને ઉલ્લાસ રહ્યા તે જ આવા ઊર્મિકાવ્ય દ્વારા એમણે કૃતજ્ઞતાપૂર્વક પ્રકટ કર્યો.

કાન્તની કવિતાની બીજી વિશિષ્ટતા તે એના આકારની સુરેખતા. કથયિતવ્યના આકાર વિશેની આવી સૂક્ષ્મ સૂઝ ગૂજરાતી કાવ્યસાહિત્યમાં એક વિરલ ઘટના છે. અહીંનું પરમ્પરિત ઝૂલણાનું રૂપ કવિના હૃદયની ભાવભરતીના લય સાથે લય મેળવીને સરજાયું છે. ધસી આવીને પાછાં વળતાં મોજાંની દ્રુત અને વિલંબિત ગતિ એમણે ઝૂલણામાંથી ઉપજાવી આપી છે.

પણ કાન્તને આપણે કવિ તરીકે સદા સ્મરીશું તે એમના ભાવની મૂર્તતા તથા એમની કવિતાના ઇન્દ્રિય સંતર્પકતાના ગુણને કારણે. આ કાવ્યમાં પણ એમણે દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ—આ ઇન્દ્રિયોને કેવી તો તરપી છે! ઉલ્લાસના સાગરમાં સરલ સરી જતી સૃષ્ટિના જેવી અનાયાસ રચાઈ જતી યમક તથા પ્રાસયુક્ત ભાવાનુકૂળ પદાવલીના સ્રોતમાં ભાવકનું ચિત્ત પણ સરલ વહ્યું જ જાય છે—ગહનતાની દિશામાં.

અવનીન્દ્રનાથ ટાગોર



જન્મ ૭ ઑગસ્ટ, ૧૮૭૧. જોરા સાંકોમાં કવિવર ટાગોરના કુટુંબ સાથે જ રહેતા. સંસ્કૃત કોલેજમાં પાશ્ચાત્ય ભાષાના શિક્ષકો પાસે અભ્યાસ કર્યો અને છેવટે કલકત્તા યુનિવર્સિટીમાં લલિતકલા વિભાગમાં અધ્યાપક તરીકે રહ્યા હતા. ભારતનાં લગભગ બધાં જ મ્યુઝિયમ્સ અને દેશપરદેશની જાણીતી વ્યક્તિઓ પાસે એમનાં ચિત્રો છે.



રેખાંકન : સુધતાઈ

આજે અવનીન્દ્રનાથનું 'અભિસારિકા' લઈએ. મોટા શ્યામરંગના સમૂહમાં ઊઘડતા રંગોવાળું એક પાત્ર જાણે કે સફેદ છાયા સમું ઊભું છે. સંયોજનનું સૌંદર્ય વાતાવરણમાંની નિઃસ્તબ્ધતા અને ફક્ત એક જ પાત્રનું સુયોગ્ય આલેખન સ્ત્રીઆકૃતિના અવકાશમાં તરી રહેલા અસ્તિત્વનું ભાન કરાવે છે. ઉપરનો મોટો કાળો સમૂહ જાણે કે ખલેલ વગરની નિદ્રા સમો ચિત્રપટ પર વિસ્તરી રહ્યા છે– નીચે નિદ્રાની જડાવસ્થા તોડતું કોઈક–શમણા સમું વિચરી રહ્યું છે. અને એનું આટલા મોટા ખાલી અવકાશમાં નહિ જેવું સ્થાન હોવા છતાંય એ પોતાના ઊજળા વ્યક્તિત્વથી અને ઉચિત સ્થળે સ્થિત હોવાથી વાતાવરણની શૂન્યતાને જાણે કે ભરી દે છે. વળી નિષયાત્મક ચિત્રરચનાને સાર્થક કરતો વિરોધાભાસી રંગકક્ષાઓનો સમૂહ પણ વાતાવરણનો સૂચક બની રહે છે. અને વાતાવરણે કેવું! કાળી ડિબાંગ રાત છે. વચવચે આવી જતાં શ્વેત કમલના વિરલ સ્પર્શ સિવાય જાણે કે સઘળું અંધકારના અંચળા હેઠળ લપાઈ બેઠું છે. ક્યાંય કોઈ દેખાતું નથી. અધીરી અભિસારિકાનો કંપતો એક પગ પવનથી ઊડતાં કપડાં મહીંથી, પ્રિયને મળવાની ઉત્કટ આકાંક્ષા સમો ડોકાય છે. અને મુખ તો જુઓ! કોઈ અજ્ઞાત આશંકા એને ઘેરી વળી હોય તેમ એ બાજુએ દૃષ્ટિ કરે છે. છાતી પર હાથ ધરી જાણે કે એકાંત અને વિરહની અતિવૃષ્ટિમાં સપડાયેલો ગભરુ નારી જીવ બોલી ઊઠે છે: 'ક્યાં છુપાયા છો પ્રિયે?'

અને આ જાતનાં ચિત્રોનું સૌંદર્ય હોય તો તે એ જ. વિષયવસ્તુના મહત્ત્વ દ્વારા ફક્ત પ્રસંગ વિશેષનું જ સ્પષ્ટીકરણ કરવું. વિષયવસ્તુ અને ચિત્રને કેટલો સંબંધ છે તે આપણે અહીં ચર્ચવું નથી. આપણે તો ચિત્રના ગુણોને જ ઓળખવા છે એ દૃષ્ટિએ પણ એનું સંયોજન રમ્ય અને સ્પર્શી જાય તેવું તીવ્ર છે.



અભિસારિકા

શું રેકેચ કે શું ચિત્ર, બધેય કલાકારની શક્તિ એકધારી અને એકસરખી સ્ફુટ થતી નજરે ચડે છે. આજ કલાકારનું નીચેનું બીજું રેખાંકન જુઓ. નતનયના નારીના કપાળથી શરૂ થઈ ને રેખા દડતી દડતી કેવી છેક નીચે સુધી ઢોળાતી જાય છે! ગળામાં વાળેલ કમલકળીની દાંડીનો વળાંક જુઓ, અંબોડેથી નીકળી ગળા તરફ લંબાતી કમાન જુઓ કે ચિબુક પરથી સરી પડતો ઢોળાવ, બધેય એકસરખો સાહજિક રેખાંકનનો પ્રવાહ પ્રતીત થયા વિના નહિ રહે! આ રેખાંકન કમલના પાંદડા પર આંસુ સારતી એક રમ્યાંગીનું છે. (પૂરા ચિત્રનું રેખાંકન આપી શકાયું નથી છતાંય) એના મુખ પર વિરાજતી શાંતિ



અને અધખીડયાં પોપચાંનું વાસ્તવિક આલેખન ભાવસભર સૌંદર્યનું સજીવ પ્રતીક બની રહેલું દેખાયા વિના નહિ રહે.

આવી જ રમ્ય અને આપોઆપ સરી જતી પ્રવાહી રેખા નીચેના બાઉલ સંગીતકારના રેખાંકનમાંય મળશે. સારંગીની કામઠીએ ખેંચેલો લાંબો સૂર જેમ કાનને હળવા હળવા વળાંકોથી રીઝવતાંય એકસૂત્રતા ત્યજી દેતો નથી તેવો જ વળાંક બાઉલના પહોળા ઝભ્ભાના રેખાંકનમાં નથી દેખાતો?

'અભિસારિકા'માંનું વિરોધાભાસી રંગકક્ષાઓના સમૂહનું આયોજન ઘડીવાર પશ્ચિમના કેટલાક છબી-ચિત્રકારોના ચિત્રોની યાદ દેવડાવી જાય છે. પરંતુ અહીં તો કલાકારે એ પદ્ધતિનો ઉપયોગ ભારતીય ઢબ-ભારતીય દૃષ્ટિબિન્દુ અનુસાર જ કર્યો છે. અવનીન્દ્રનાથે આ ચિત્ર કર્યું તે પહેલાં આપણે ત્યાં આવાં ચિત્રો ન થતાં અને વિસંવાદી કક્ષાવાળાં ચિત્રોના દાખલાઓ તો આપણી પુરાણી ચિત્રશૈલીઓમાં પણ બહુ ઓછા છે. જે વખતે રવિવર્માનાં પાશ્ચાત્ય પદ્ધતિએ કરેલાં અતિસામાન્ય કક્ષાનાં ચિત્રો સર્જાઈ રહ્યાં હતાં તે જમાનામાં આ ચિત્ર એક સીમાચિહ્ન જેવું બની રહ્યું હતું—જેમાં કલાકારે પશ્ચિમના અને ભારતના સુતત્ત્વોનું મિશ્રણ કરવાનો સફળ પ્રયત્ન કર્યો. એ માટે ભારતના કલા-ઇતિહાસમાં એમનું સ્થાન પ્રથમ હરોળમાં રહેશે.



—ગુલામ મોહમ્મદ શેખ



પ્રવૃત્તિ-પરિચય

આ વિભાગમાં—

* ગુજરાતભરનાં સંસ્કાર અને શિક્ષણકેન્દ્રો, સાહિત્ય અને કલાકેન્દ્રોની ખાસ નોંધપાત્ર પ્રવૃત્તિઓ અંગે—

* ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ(કલકત્તા, દિલ્હી, આફ્રિકા વગેરે મુખ્ય મથકો સહિત)ની ઉપર કહી તેવી પ્રવૃત્તિઓ અંગે—મિતાક્ષરી સમાચાર આપવાની ઇચ્છા છે.

ગુજરાત અને બહારનાં કેન્દ્રો જરૂરી માહિતી મોકલતાં રહેશે તો "વિશ્વમાનવ" ઉપકૃત થશે.

અમદાવાદમાં મૉડર્ન આર્ટનું પ્રદર્શન

અમદાવાદમાં અખંડાનંદ હૉલમાં તા. ૨૭ જુલાઈએ અમદાવાદની જુનીઅર ચેમ્બર્સ અને ઇન્ટરનેશનલ કલચરલ સેન્ટરના આશ્રયે ન્યુ યૉર્કના મૉડર્ન મ્યુઝીઅમ તરફથી આવેલા અમેરિકન ચિત્ર-છાપોનું પ્રદર્શન રજૂ થયું હતું. આ સાથે ભારતના મૉડર્ન ચિત્રકારોની 'શિલાલેખ' નામની સંસ્થા તરફથી આઠ ચિત્રછાપો રજૂ થઈ હતી, જેમાં શ્રી. હુસેન, શ્રી. ગાયતોંડે, શ્રી. રામકુમાર અને શ્રી. મહેતા વગેરેનાં છાપચિત્રો હતાં.

ન્યુ યૉર્કના કેટલાક શ્રીમંતોએ મૉડર્ન આર્ટ મ્યુઝીઅમ સ્થાપીને લોકોને પોતાના સમયની કલાનો પરિચય અને આસ્વાદ આપવાનું કાર્ય ૧૯૨૯થી શરૂ કર્યું છે. તેમાં આજ સુધી કળામાં જે નવી નવી તરાહો જન્મી તેના અનેકવિધ નમૂના રૂપે ફોટોગ્રાફી, ચિત્રો, છાપો, મકાનનાં ચિત્રો, છાપકામ વગેરે પુષ્કળ સામગ્રી એકઠી થઈ છે અને હવે તેનો આદર કરનારો એક જનસમુદાય ઊભો થયો છે. તેને સરસ યોજનાઓ કરી ચિત્રોનાં પ્રદર્શનો મોકલે છે.

આ રીતે અમદાવાદના જુનીઅર ચેમ્બર્સના સભ્યોએ તેનો લાભ નગરની પ્રજાને આપવા આ પ્રદર્શન યોજ્યું હતું. પ્રદર્શનની સુઘડ અને હળવી ગોઠવણ નમૂનારૂપ હતી અને ચિત્રો ગોઠવવાને ઊભા કરેલા પાઈપ યુનિટ ઘણી સંસ્થાઓને સરસ અને સસ્તી તરકીબનો દાખલો થઈ શકે એમ છે.

પરંતુ મૉડર્ન આર્ટનાં જે ચિત્રો રજૂ થયાં છે તે આ દેશની ચિત્રપરંપરાથી એટલાં જુદાં અને નવતર લાગે છે કે પ્રજાજનો તેમાંથી આનંદ કે રસાનુભવ કેમ મેળવવો તેની વિમાસણમાં પડી જાય. આ બાબતમાં સંચાલકોએ ચિત્રોની સમજુતી આપતાં વ્યાખ્યાનોની ગોઠવણી કરી હોત તો આવકારદાયક બનત. [જનસત્તા, તા. ૬-૭-'૫૮]

શ્રી પ્રાગજી ડોસાને અભિનંદન

શ્રી પ્રાગજી ડોસાનું જાણીતું ત્રિઅંકી સામાજિક નાટક "છોરુ કછોરુ" હવે ટૂંક સમયમાં રશિયાની રંગભૂમિ ઉપર રજૂ થશે. આ સમાચાર સાચે જ કોઈ પણ ગુજરાતીને મગરુરી અનુભવવાને પ્રેરે એવા છે. ગુજરાતી રંગભૂમિનો તખ્તો તો વિદેશમાં ગાજ્યો છે, પરંતુ ગુજરાતી ભાષાનું નાટક રશિયન જેવી વિદેશી ભાષામાં ભજવાય એ વસ્તુ જેવી તેવી કે સામાન્ય નથી. આ નાટકે સન ૧૯૫૬માં મુંબઈ રાજ્ય સરકાર પ્રયોજિત તૃતીય નાટ્યહરીફાઈમાં રૂા. અઢી હજારનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરીને પોતાની ગુણવત્તા સિદ્ધ કરી છે. એટલે એ વિશે વિશેષ લખવાનું હોય નહીં. સંસ્કાર એ જ સાચું ધન છે એ આ નાટકનો ધ્વનિ છે. આ નાટક તારકંદના વિશાળ ગોર્કી થિયેટરમાં રશિયન કલાકારો રશિયન ભાષામાં રજૂ કરશે. એનું દિગ્દર્શન વિખ્યાત રશિયન દિગ્દર્શક શ્રી એલેકઝાન્ડ્રા મિન્સબર્ગ કરશે. નાટકમાં જે પ્રમાણે હિંદુ કુટુંબનું વાતાવરણ આલેખાયું છે તે જ મુજબ ભારતીય સ્વરૂપે એ રશિયન રંગભૂમિ પર રજૂ થશે. શ્રી પ્રાગજીભાઈની આ એક સિદ્ધિ ગણાય અને તે માટે તેમને અવશ્ય અભિનંદન ઘટે છે.

['ગુજરાત મિત્ર']

[વધુ પાન ૪૮૨ ઉપર]

બિનગુજરાતી ભાષાનાં આવકારદાયી પુસ્તકોનો મીતાક્ષરી પરિચય

કવિતા (ત્રૈમાસિક) ભાષા : બંગાળી

તંત્રી : બુદ્ધદેવ બસુ
પ્રકાશનસ્થળ : કવિતાભવન, ૨૦૨ રાસબિહારી એવન્યુ, કલકત્તા ૨૯
વાર્ષિક લવાજમ : ચાર રૂપિયા

છેલ્લાં બાવીસ વર્ષથી 'કવિતા' ત્રૈમાસિક શ્રી બુદ્ધદેવ બસુ પ્રસિદ્ધ કરે છે. કાવ્યવાચન અને કાવ્યવિવેચનમાં રસ લેનાર વર્ગ બહુ થોડો. તેમાંય ધોરણ ઊંચું રાખો તો એ વર્ગની સંખ્યા સાવ ઘટી જાય. આવી મુશ્કેલીઓ છતાં (એકએ વાર બંધ કરવાનો નિર્ણય પણ લઈ લીધેલો!) શ્રી બસુ એકસરખી નિષ્ઠા અને ખંતથી, ધોરણને જરાય નીચું પાડયા વિના, એનું પ્રકાશન ચાલુ રાખી શકયા છે.

શ્રી બુદ્ધદેવ બસુ પોતે બંગાળના આજના પ્રમુખ કવિઓ પૈકીના એક છે. અર્વાચીન બંગાળી કવિતાના આકારઘડતરમાં એમનો સારો ફાળો છે. 'કવિતા' દ્વારા એમણે આજની બંગાળી કવિતાના વિકાસને અમુક ચોક્કસ દિશા આપી છે; પણ એમ કરવામાં કાવ્ય વિશેની પોતાની કોઈ પ્રિય વિભાવનાને જ નિર્ણાયક તત્ત્વરૂપે લેખી નથી. પોતાનાથી જુદી દૃષ્ટિ અને રીતિ ધરાવનારા કવિઓને પણ એમણે ઉચિત આવકાર આપ્યો છે. આ જ કારણે દક્ષિણપંથી ને વામપંથી બંને 'કવિતા'માં સ્થાન પામે છે. જીવનાનન્દ દાસ, અમીય ચક્રવર્તી અને સુધીન્દ્રનાથ દત્તની સાથે વિષ્ણુ દે તથા સુભાષ મુખોપાધ્યાયની કવિતા પણ એમાં સ્થાન પામે છે. પૂર્વ બંગાળના મુસલમાન કવિઓ હજુ પણ 'કવિતા'ને પોતાનું મુખપત્ર માનીને પોતાની કૃતિઓ એમાં પ્રસિદ્ધ કરે છે.

સરજાતી જતી કવિતાની પ્રસિદ્ધિ ઉપરાંત કાવ્યવિવેચનની પરિભાષા, વાલેરી કે ટી. એસ. એલિયટ જેવાની કાવ્યવિભાવનાનો પરિચય, પશ્ચિમના કાવ્યસાહિત્યમાંથી રિલ્કે, વેર્હારેન, મેટરલિંક, બોદલેર, હેન્રિખ હાઈનિ, હોલ્ડરલીન, રામ્બો, માલાર્મે; વાલેરી વગેરેની કવિતાના અનુવાદો –આ દ્વારા આપણી કાવ્યપ્રવૃત્તિની અન્યદેશીય કાવ્યપ્રવૃત્તિ સાથે તુલના કરવાની સામગ્રી પણ 'કવિતા' પૂરી પાડે છે. આ ઉપરાંત ચીની કવિતાના અનુવાદ પણ એમાં અવારનવાર આવે છે.

ઉપરાંત, બંગાળી કવિઓની કૃતિના અંગ્રેજી અનુવાદોનો વિશેષાંક પણ પ્રકટ થયો છે. તે જ રીતે, શિકાગોના 'પોએટ્રી' સાથે સહકાર સાધીને અમેરિકી કવિઓની મૂળ કૃતિ તથા સાથે એનો બંગાળી અનુવાદ રજૂ કરતો દ્વિભાષી વિશેષાંક પણ પ્રકટ થયો હતો. રવીન્દ્રનાથની પ્રતિભાની જુદી જુદી બાજુઓનો અધિકારીઓને હાથે આલોચનાત્મક એક વિશેષાંક પણ પ્રકટ થયો હતો. બંગાળની ત્રીસીના કવિઓમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર, રવીન્દ્રનાથની સર્વગ્રાહી અસરથી મુક્ત રહી પોતાની પ્રતિભાને આગવી રીતે વિકસાવનાર જીવનાનન્દ દાસના મૃત્યુ પ્રસંગે એમની સ્મૃતિમાં એક ખાસ અંક પ્રકટ કરી એમની થોડીક અપ્રસિદ્ધ કૃતિઓ તથા એમની કવિતાનું વિવેચન કાવ્યરસિકોને 'કવિતા'એ ઉપલબ્ધ બનાવ્યું હતું.

'કવિતા'માં જ તાજેતરમાં શ્રી બુદ્ધદેવ બસુએ કરેલો 'મેઘદૂત'નો અનુવાદ, બે હપ્તે, પ્રસિદ્ધ થયો હતો. એની સાથે 'સંસ્કૃત કવિતા અને મેઘદૂત'એ વિષય પરની એમની મૌલિક અને મર્મગામી મીમાંસા પણ પ્રસિદ્ધ થઈ હતી.

'કવિતા'ની નજર યુરોપીય કાવ્યસાહિત્ય તરફ મંડાયેલી રહે છે. ભારતીય અન્ય ભાષાઓનાં કાવ્યસાહિત્યનાં સમકાલીન વલણોનો એમાં નિર્દેશ મળતો નથી, એનું કારણ કદાચ એ હોય કે બંગાળી કવિતાએ પ્રેરણા માટે હમેશાં યુરોપીય કવિતા તરફ દૃષ્ટિ માંડી છે.

કાવ્યરચના તથા કાવ્યવિવેચન અંગેના પ્રશ્નોની મીમાંસા કરતું તેમ જ બંગાળી કવિતાનાં વલણોનો તટસ્થતાથી પરિચય કરાવતું આ સામયિક આપણને બંગાળી કવિતાના જીવંત સમ્પર્કમાં તો મૂકે જ છે; સાથે સાથે યુરોપીય

[વિશ્વમાનવ : ઑગસ્ટ '૫૮

કાવ્યસાહિત્ય અને કાવ્યવિવેચનનું પ્રવેશદ્વાર પણ ખોલી આપે છે. કાવ્યરસિકોએ ' કવિતા 'નો સમ્પર્ક કેળવવો ઘટે.

—સુ. જો.

*

The Making of the Indian Nation
By : B. G. Gokhale
Pub. : Asia Publishing House : Bombay
Rs. 15-50

સિંધુ-સંસ્કૃતિથી આરંભ કરી વર્તમાન ભારત સુધીના વિકાસની રૂપરેખા શરૂઆતના ૧લા ખંડમાં આપી દઈ, ૨જા ખંડમાં રાજ્ય અને રાજકારણ, સમાજ અને અર્થતંત્ર, સાહિત્યકલા અને સ્થાપત્ય તથા ભારત અને વિશ્વ અંગેની માહિતી આપવામાં આવી છે.

● વિદ્વાન પ્રોફેસર અને જાણીતા ઇતિહાસજ્ઞને હાથે તૈયાર થયેલ આ ગ્રંથમાં ભારતની ' ભારતીયતા 'ના વિકાસની રૂપરેખા પ્રાપ્ત થાય છે. ભારતના વિકાસને સમજવામાં આ પુસ્તક મદદરૂપ થયા વિના નહિ રહે.

*

The Use of Force in International Relations
By : A. Appadorai
Pub. : Asia Publishing House : Bombay
Rs. 5-75

આ પુસ્તકના લેખક ઇન્ડિયન સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડિઝના ડાયરેક્ટર અને પ્રોફેસર છે. બે વિશ્વયુદ્ધાના અનુભવ પછી અને ખાસ તો, ઍટમ-હાઇડ્રોજન બૉમ્બના જન્મ પછી માનવજાત ત્રીજા વિશ્વયુદ્ધની કલ્પનાથી જ ડઘાઈ ગઈ છે; અને યુદ્ધને સ્થાને શાંતિમય સહકારમય સંબંધો સ્થપાય તેમ સૌ કોઈ ઝંખી રહ્યું છે. આ પુસ્તકમાં આંતરરાષ્ટ્રીય કાનૂન અને આંતરરાષ્ટ્રીય સંબંધોના પ્રકાશમાં કેટલીક નક્કર સૂચનાઓ પણ કરી છે.

● આપણા યુગની અતિમહત્ત્વની સમસ્યાની રજૂઆત, એનું પૃથક્કરણ તથા ઉકેલની દૃષ્ટિ એક અભ્યાસીની કલમે આ પુસ્તકમાં જોવા મળે છે.

*

Indian Foreign Policy
By : Karunakar Gupta
World Press Pri. Ltd.
Rs. 10-00

૧૯૪૬-'૫૪નાં ૮ વર્ષ દરમ્યાનની ભારતીય વિદેશનીતિ અંગે આ પુસ્તકમાં આલોચના કરવામાં આવી છે. વિશ્વ-રાજકારણમાં ભારતનું સ્થાન આજે ગણનાપાત્ર છે. આ તેની સક્રિય-તટસ્થ વિદેશનીતિને આભારી છે. આ નીતિનું તલસ્પર્શી મૂલ્યાંકન આ પુસ્તકમાં પ્રાપ્ત થાય છે.

આ પુસ્તકના લેખક કલકત્તાની સીટી કોલેજમાં પ્રાધ્યાપક છે.

● આ પુસ્તક ભારતીય સક્રિય-તટસ્થ નીતિનું રહસ્ય સમજવા ઇચ્છનાર દરેક માટે ઉપયોગી છે.

*

Asia and Africa in the Modern World
Ed. By : S. L. Popali
Pub. : Asian Relation organization
Rs. 5-00

આજ લગી અંધારામાં અટવાઈને સૂતેલા જેવા એશિયા અને આફ્રિકાના દેશો આખી દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યા છે. આ પુસ્તકમાં આફ્રિકા તથા એશિયાનાં ૨૯ રાષ્ટ્રોની ભૌગોલિક માહિતી, ઐતિહાસિક પાર્શ્વભૂમિ, વર્તમાન રાજકારણ, ઉદ્યોગ વગેરેની માહિતી આપવામાં આવી છે.

● એશિયા-આફ્રિકાની ઝડપથી પલટાતી સૂરતને સમજવામાં આ પુસ્તક ઉપયોગી છે.

નવું વાચન

● ગુજરાતીમાં પ્રગટતાં નવાં પુસ્તકોનો મીતાક્ષરી પરિચય ●

સાક્ષરજીવન (બીજી આવૃત્તિ)

પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાન સાથે
લે. : ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી
પ્રવેશક તથા ટિપ્પણ : બળવંતરાય કલ્યાણરાય ઠાકોર
પ્રકાશક : ફાર્બસ ગુજરાતી સભા : મુંબઈ
પ્રાપ્તિસ્થાન : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ-૨
મૂલ્ય : રૂ. ૩-૭૫

સાધનાનું મહત્ત્વનું સોપાન

કર્તવ્યને પંથે આરોહણ શરૂ કરીને સાધનાના મહત્ત્વના સોપાને શ્વાસ લઈને આગળનો પંથ જાણી લેવો, એની જવાબદારી સમજી લેવી અને એ પછી અનેક ઝંઝાઓ વચ્ચે પણ અડોલ રહીને સિદ્ધિનાં શિખરો આંબવા પ્રયત્નો કર્યા કરવા એ સજાગ અને સમતોલ બુદ્ધિશક્તિવાળા ધ્યેયલક્ષી સાહિત્યકારો પસંદ કરતા આવ્યા છે. ગોવર્ધનરામ આવા ધ્યેયલક્ષી સાહિત્યકાર હતા.

જવાબદારીનું ભાન

૧૮૯૭ના ઓકટોબરમાં માત્ર બેતાળીસ વર્ષની વયે વકીલાતનો ધીકતો ધંધો એમણે છોડી દીધો. એ સાહસ કરતાં પહેલાં એમને શાં શાં મનોમંથનો નહિ થયાં હોય? સાક્ષરજીવનનો પંથ જેટલો આકર્ષક છે એટલો સુગમ નથી એના બરાબર ભાન સાથે સંગમયુગના એ દ્રષ્ટાએ એ પંથ ગ્રહણ કર્યો હતો. એમની વિચારણા કેટલી સજાગ હતી, દૂરગામી હતી, જવાબદારીની સૂઝવાળી હતી એનો ખ્યાલ તો 'સાક્ષરજીવન' વાંચીએ ત્યારે આવે. 'સાક્ષરજીવન' એમની સાધનાનું મહત્ત્વનું સોપાન છે કારણ કે વકીલાત છોડીને એ લખવું શરૂ કર્યું જે ૧૮૯૯ના જાન્યુઆરીથી 'સમાલોચક'ના અંકોમાં ક્રમશઃ પ્રગટતું રહ્યું.

સાક્ષરજીવનનો ઉચ્ચતમ આદર્શ

વ્યાસ, વાલ્મીકિ અને વસિષ્ઠનાં જીવન એ સાક્ષરજીવનનો આદર્શ. અન્નપૂર્ણાનો પ્રસાદ એમના આશ્રમોમાં વરસી રહેતો; લક્ષ્મીના પ્રસાદની એમને આવશ્યકતા નહોતી. અક્ષરબ્રહ્મ અને શબ્દબ્રહ્મના પ્રકાશ અને આનંદ ત્યાં વિલસતા. જ્યાં અક્ષરનો અનાહત નાદ ગૂંજતો હોય, જ્યાં સરસ્વતીની મંજુલ વીણા રણકી રહેતી હોય, જ્યાં માયાવી બંધનો છૂટી-તૂટી ગયાં હોય ત્યાં જીવનચરિત લખવાનું રહેતું નથી. એ જીવનની ગતિ મપાતી નથી. એથી જ કદાચ એ સાક્ષરોનાં જીવનચરિત લખાયેલાં નથી. એમના અક્ષરમાં જ જીવનની સમાપ્તિ છે. કીર્તિને માટે નીકળેલા એ અક્ષર નથી. જ્યાં કીર્તિનો મોહ હોય ત્યાં અક્ષર લૌકિક વાસનાઓને પરતંત્ર રહે છે. એવી સર્વતંત્ર સ્વતંત્ર વાગીશ્વરીનો કવિ જગતને આકર્ષે છે; જગત તરફ આકર્ષાતો નથી. એ ઋષિનું-ક્રાન્તદ્રષ્ટાનું દર્શન ઉચ્ચપદને પામીને લોકસંગ્રહાર્થે અક્ષરરૂપે અવતરે છે.

હાલને તબક્કે

આપણી પ્રાચીન આશ્રમવ્યવસ્થા નષ્ટ થઈ ગઈ છે; વર્ણવ્યવસ્થાનું કંઈ ઠેકાણું નથી. હાલમાં આપણે ત્યાં છે માત્ર બે વર્ણ: વણિક અને શૂદ્ર. આશ્રમ માત્ર એક: ગૃહસ્થાશ્રમ. એમાંથીયે ઉચ્ચગ્રાહ અને સદ્દવૃત્તિ ચાલ્યાં ગયાં છે. વર્ણધર્મનું ખોટું ગુમાન વધતું રહ્યું છે. આ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે સાક્ષરજીવનના સેવનની અત્યંત જરૂર છે. આપણા અધ્યાપકો, શાસ્ત્રીપુરાણીઓ અને વિદ્યાપીઠના સ્નાતકો તરફ આપણે અપેક્ષાભરી મીટ માંડીએ. શ્રીમંતો એમને સહકાર આપે.

[વિશ્વમાનવ : ઑગસ્ટ '૫૮

આત્મકલ્યાણમાંથી લોકકલ્યાણ

બુદ્ધ જેવો એકાદ ધર્મપ્રવર્તક એના જમાનાની આખી આચારવિચારપરમ્પરાને ફેરવી નાંખે છે અને નવી જ ભાવના જગત સમક્ષ મૂકે છે જે જમાનાઓ સુધી અસરકારક બની રહે છે. આવા મહાત્માઓ સાહિત્ય, કલા અને તત્ત્વજ્ઞાનથી જગતને આકર્ષે છે. માનવી બહુ બહુ તો દસેક દાયકા જીવે; સાહિત્યકલામાં આલેખાયેલો મહાપુરુષ અને તત્ત્વજ્ઞાને ચીંધેલો આદર્શ તો જ્યાં લગી વિદ્યાનાં ઝરણુ વહે ત્યાં લગી વિશ્વનાં નયન ખેંચે. એ ઝરણુંનો મૂલ ઝરો તે સાક્ષરજીવન.

સાક્ષરી તાટસ્થ્ય

સાક્ષરજીવન સ્વીકારનાર જો જીવનના પ્રવાહમાં પડ્યો રહે તો પ્રવાહની સાથે વહેવા લાગે. જીવનના પ્રવાહનો વેગ જાણવા એણે કિનારે આવીને ઊભા રહેવું જોઈએ. ફિલસૂફી જેને detached awareners કહે છે તે આ. આને કારણે દ્રષ્ટાનું દર્શન એકાંગી, સંકુચિત કે રાગદ્વેશયુક્ત નહીં હોય.

ભયસ્થાન

જેમ જેમ ઊંચે ચઢતા જઈએ તેમ તેમ પગ લપસવાના ભયસ્થાન પણ વધતાં જાય. સાક્ષર વિફર્યો એટલે રાક્ષસ. साक्षराः विपरीताः राक्षसाः भवन्ति । સામાન્ય માનવીની પાપભૂલો કરતાં એની તો વધુ ભયંકર, કેમ કે એને સૌ અનુકરણીય ગણે.

પાંચ દ્રષ્ટા

જ્યારે મુદ્રણકલા તો શું, લેખનકલાયે નહોતી ત્યારે કણ્ઠપરમ્પરાએ શ્રુતિશુદ્ધપાઠે વેદાદિના જાળવનાર તે શુકદ્રષ્ટા, જેમની વિદ્યાભૂખ વણસંતોષાયલી હોય એમ વાંચ્યા જ કરે તે બાલદ્રષ્ટા, દૃષ્ટિનો વિકાસ થવાથી સ્વતંત્ર વિચાર અને સર્જનશક્તિ ખીલ્યાં હોય અને એથી ગ્રન્થ રચવાનો, શિષ્યોને ઉદ્‌બોધવાનો અને સમકક્ષ સાથે ચર્ચા કરવાનો ધર્મ જેને પ્રાપ્ત થયો હોય તે લક્ષણદ્રષ્ટા. આ પછી આવે છે લક્ષ્યદ્રષ્ટા અને પર્યેષકદ્રષ્ટા. કર્તાએ આ બેનાં પ્રકરણો લખ્યાં નથી. ગ્રન્થ અપૂર્ણ રહી ગયો છે.

બહુશ્રુતતા

જેટલું છે તેટલા પરથી કર્તાની બહુશ્રુતતા પ્રતીત થાય છે. સંસ્કૃત અને અંગ્રેજીનું, બલ્કે સાહિત્યસમસ્તમાંથી મળેલાં ગ્રન્થરત્નોનું એમનું અધ્યયન એમની સાધનાની ઉચ્ચ કોટિ બતાવી આપે છે. આ ગ્રન્થનું વાચન, મનન અને પરિશીલન ખંત, ધીરજ અને અમુક કક્ષા માગી લે છે. સ્વ. ઠાકોરે એનો પ્રવેશક લખીને, ગ્રન્થમાં આવતાં ઢગલાબંધ સંસ્કૃતઅંગ્રેજી અવતરણોનાં ભાષાન્તર આપીને અને વિચાર સમજવા સુગમ પડે એટલા માટે ટિપ્પણ લખીને એક મહત્ત્વનું કર્તવ્ય બજાવ્યું છે. ગ્રન્થને છેડે પહેલી ગુજરાતી સાહિત્યપરિષદના પ્રમુખપદેથી ગોવર્ધનરામે આપેલું વ્યાખ્યાન જોડવામાં આવ્યું છે. ગુજરાતીસાહિત્યના ઇતિહાસના અભ્યાસીઓને એ ઉપયોગી થઈ પડશે અને જે જહેમત અને ઉત્સાહ એના શબ્દેશબ્દ પાછળ ડોકિયાં કરી રહે છે તે ભવિષ્યના સાહિત્યપરિષદના પ્રમુખોને પ્રેરણારૂપ બની રહેશે. આવો મૂલ્યવાન ગ્રન્થ સુંદર છપાઈમાં આકર્ષક રીતે બહાર પાડનાર સંસ્થા ધન્યવાદને પાત્ર બને છે.

—અ. ઘ.

*

ગૃહજીવનમાં સ્ત્રીનું સ્થાન :

લેખિકા: સરોજિની મહેતા

પ્રકાશક: મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા.

રૂ. ૬—૦૦

ગૃહજીવન અને સ્ત્રી—પછી તે કન્યા હો, ગૃહિણી હો, માતા હો, વિધવા હો યા ત્યક્તા હો—કેવળ, આધુનિક જમાનામાં જ નહિ, વેદો અને મહાકાવ્યોના યુગમાં અને સૂત્રો, સ્મૃતિઓ અને પુરાણોના સમયમાં તથા બૌદ્ધયુગ અને મધ્યયુગમાં કેવા પ્રકારની હતી, તેનું અભ્યાસી બયાન આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. ઐતિહાસિક આલોચનાની સાથેસાથ સ્ત્રીજીવનની અનેક સમસ્યાઓ અંગે પણ અહીં ચર્ચા—અભિપ્રાયો રજૂ કરવામાં આવ્યા છે. સુધારાની સિદ્ધિઓની સાથેસાથ ક્ષતિઓ પ્રત્યે પણ ધ્યાન દોર્યું છે.

અને આ બધાને અંતે આ પુસ્તકમાં લેખિકાએ એક વાત ફરી ફરીને સિદ્ધ કરવા કોશિશ કરી છે કે, દરેક અવસ્થામાં સ્ત્રીઓ ઉપર અયોગ્ય અંકુશો રહ્યા છે...ઘણે સ્થળે તેમની પાસે ગુલામની માફક કામ લેવામાં આવ્યું છે... સ્ત્રીને લાગણી જેવી ચીજ હોય એમ માનવા પણ સમાજનો મોટો ભાગ તૈયાર નથી...વગેરે. આ ઉપરાંત તેમણે એ વિધાન પણ ફરી ફરી, પુનરાવૃત્તિનો દોષ વહોરીને રજૂ કર્યું છે કે,

સ્ત્રીઓ પરાધીન, પરવશ, નિર્બળ અને અજ્ઞાન હોય તો પ્રજા પણ તેવી જ થવાની અને રહેવાની......લેખિકાએ પુસ્તકમાં ઠેર ઠેર જૂની માન્યતાઓ, કુધારા, જડતા અને 'પૂર્વની સંસ્કૃતિ'ને નામે ચાલતી ખોટી ગુલબાંગો ઉપર પ્રહારકર્યા છે અને આદર્શ તથા વ્યવહારનો મેળ સાધવાની દૃષ્ટિએ કેટલુંક વિવરણ કર્યું છે......

લેખિકાનાં બધાં ગંતવ્યો સાથે સંપૂર્ણ સંમતિ ભલે ન દર્શાવી શકાય, અગર ક્યાંક સમતુલા ગુમાવાયા જેવું પણ લાગે, પરંતુ લેખિકાએ આરંભમાં જ કહી નાખ્યું છે તે સર્વથા યોગ્ય છે કે, આપણા ગૃહજીવનમાં સ્ત્રીની જે સ્થિતિ છે તેના ઉપર ફૂલની ચાદર બિછાવવાનું કામ કોઈ રીતે યોગ્ય નથી. પરિસ્થિતિનું વાસ્તવિક આલેખન કરવાથી જ પ્રગતિનું પ્રથમ પગથિયું ચઢી શકાશે...

શ્રી સરોજની મહેતા જેવાં અભ્યાસી અને અનુભવી બહેનને હાથે તૈયાર થયેલા સો ટકા નિખાલસતા અને વિચારોની સ્પષ્ટતાવાળા આ ગ્રંથને અમે હર્ષપૂર્વક આવકારીએ છીએ. —ભો.

*

ત્રીશી પછીનો દામ્પત્ય પ્રેમ

લે : ડૉ મૅરી સ્ટોપ્સ
અનુ : શાંતિ ડગલી
પ્રકાશક : મમતા
પ્રકાશનગૃહ : નવા ડિસા (બનાસકાંઠા)
રૂ. ૩-૦૦

સ્ત્રી-પુરુષ પ્રણય, માતૃત્વ અને જાતીયસંબંધ અંગેનાં શ્રીમતી મૅરી સ્ટોપ્સનાં અંગ્રેજી પુસ્તકો લગભગ એક પચ્ચીસીથી તો મશહૂર બની ચૂકેલાં છે. તેમાંથી મમતા પ્રકાશનગૃહે પરિણીત પ્રેમ (મૅરિડ લવ), ચિરંજીવ પ્રેમ ('એન્ડ્યુરીંગ પૅશન), અદ્યતન સંતતિ નિયમન, ત્રીશી પછીનો દામ્પત્ય પ્રેમ (ચેઈન્જ ઑફ લાઈફ ઈન મેન ઍન્ડ વિમેન), તથા ઉજ્જ્વળ માતૃત્વ (રેડિઅન્ટ મધરહૂડ) પુસ્તકો ગુજરાતીમાં પ્રગટ કર્યાં છે, એને અમે સહર્ષ આવકારીએ છીએ.

તંદુરસ્ત સ્ત્રીપુરુષ સંબંધ માટે તે પરત્વેનું તંદુરસ્ત સાહિત્ય પણ હોવું જરૂરી છે. એના અભાવે વિકૃત સાહિત્યનો ધોધ ધરેઘર ઘૂસી જાય છે. વિકૃત વાસનાને ઉત્તેજવાથી વિશેષ લાભ-અર્થે એનાથી મોટો ગેરલાભ બીજો શો હોઈ શકે ?

કવિવર ટાગોરે ગાયું છે :

> વૈરાગ્ય-સાધને મુક્તિ, હું ચાહું ના,
> ઇન્દ્રિયદ્વાર રૂદ્ધ કરી યોગાસન, મને ખપે ના.

જીવનની આ રસ અને આનન્દમયી સ્વસ્થતા વિરલ છે : એ તો જીવનની કલા છે: સુખી-સ્વસ્થ દામ્પત્ય એવી સાધના છે.

ડૉ. મેરી સ્ટોપ્સનાં પુસ્તકો સવિશેષ આવકાર્ય છે, કેમ કે તેઓ સ્વસહજ સંયમ અને લાગણીશીલતાનો સ્પર્શ કરાવી શકે છે. —ભો.

*

સોવિયેટ સંઘ વિષે પ્રશ્નો અને ઉત્તરો

પ્રકાશક : ભારત ખાતેના સોવિયેત સંઘના રાજદૂતાવાસનું માહિતી ખાતું, નવી દિલ્હી.
રૂ. ૦-૫૦

સોવિયેટ-રશિયા વિષેની પ્રાથમિક માહિતી—સોવિયેત સંઘ એટલે શું, તેનો રાજ્યવહીવટ, પ્રધાનમંડળો, પ્રજાસત્તાકના અધિકારો, ચૂંટણી, સ્થાનિક ત્યાંનું આર્થિકતંત્ર, ઉદ્યોગો, ખેતીવાડી, સહકારી મંડળીઓ, નાગરિકોની ફરજો અને અધિકારો, શિક્ષણ, બાળઉછેર તથા વિજ્ઞાન, એન્જિનિયરીંગ, અણુશક્તિના ઉપયોગો, સાહિત્ય-પ્રકાશન તથા પુસ્તકાલયો, સંગ્રહસ્થાનો અને કલાઓ વગેરે વિષયો અંગે તથા સામ્યવાદીપક્ષ અને તેની કેટલીક નીતિ અંગે—પૂરા ૧૦૦ પ્રશ્નોના જવાબો આ પુસ્તકમાં આપવામાં આવેલા છે. અલબત્ત, દરેક દેશ પોતાના દેશની માહિતી પરદેશ પાસે રજૂ કરતાં જે મર્યાદા જાળવે તેની અહીં પણ છે—અનેક જવાબો વિવાદાસ્પદ હોય—એ સ્વાભાવિક છે. —ભો.

યમસામે લડાઈ

લેખક : દેવીપ્રસાદ ચટ્ટોપાધ્યાય
અનુવાદક : સુભદ્રા ગાંધી
પ્રકાશક : નવસર્જન પ્રકાશન (પ્રાપ્તિ : ચેતન પ્રકાશક ગૃહ) વડોદરા.
કિં. દોઢ રૂપિયો.

શયતાનના સામ્રાજ્યમાં

લેખક, અનુવાદક અને પ્રકાશક : ઉપર મુજબ
કિં. અઢી રૂપિયા.

વિજ્ઞાન યાત્રા

લેખક, અનુવાદક અને પ્રકાશક : ઉપર મુજબ
કિં. અઢી રૂપિયા.

બાળકો માટેની વિજ્ઞાનવિકાસ શ્રેણીની આ ત્રણ પુસ્તિકાઓને આવકાર આપતાં આનંદ થાય છે. જાણ્યા પ્રમાણે તો આપણા બાલસાહિત્યમાં આ પ્રકારનાં વૈજ્ઞાનિક જ્ઞાન આપતાં આ પુસ્તકો પહેલાં જ છે. ખરી રીતે તો આપણા બાલસાહિત્યના લેખકોએ આ દિશામાં વિચાર્યું જ નથી. નાના મોટા રોગ, તેના ફેલાવનારા કીટાણુઓ અને પ્રતિકાર શોધવા પાછળ રહેલા શ્રમનું અહીં સરસ બયાન રજૂ થયું છે. કેવળ પરીકથાઓ અને તરંગી વાર્તાઓથી પોષાતા આપણા બાલસાહિત્યમાં આ પુસ્તિકાઓ અત્યંત મૂલ્યવાન ફાળો આપે છે. બાળકો અને પ્રૌઢોય કંઈક નવું જાણવા માટે આ પુસ્તિકાઓ વાંચશે તો તેમને ધાર્યા કરતાં પણ ઘણો ફાયદો થશે.

'શયતાનના સામ્રાજ્ય'માં કીટાણુઓ અને રોગોને શયતાન તરીકે વર્ણવી તેને જેર કરવાના ઉપાયો વર્ણવાયા છે. જ્યારે ત્રીજા પુસ્તક 'વિજ્ઞાન યાત્રા'માં બાળકોને પૃથ્વીગ્રહણ, નક્ષત્રો, શરીરવિજ્ઞાન વગેરેનું સાચું જ્ઞાન આપવાનો પ્રયત્ન છે. ત્રણેય પુસ્તકોમાં મળીને કુલ્લે સો ચિત્રો છે એ સવિશેષ નોંધવું જોઈએ. એક વખત બાળ-પ્રૌઢ વાચકને આવું નક્કર વાંચવાનો શોખ જાગી જવો જરૂરી છે.

● આ પુસ્તિકાઓને માધ્યમિક શાળાઓમાં સાતથી દસ ધોરણ સુધી ઇતર વાચન તરીકેનાં પુસ્તકો તરીકે આવકારવા અમે કેળવણીકારોને મજબૂત ભલામણ કરીએ છીએ.

'કાશ્યપ'

*

કીમિયાગર કબીર

લેખક : વિજયગુપ્ત મૌર્ય
નવસર્જન પ્રકાશન : (પ્રાપ્તિ : ચેતન પ્રકાશન ગૃહ) વડોદરા
કિં. ત્રણ રૂપિયા

આ એક અજબ મજાની સરસ વાર્તા છે. લતા અને દિલીપ બે ભાઈબહેન જાદુઈ શરબત પીધા બાદ અજાયબ પતંગસૃષ્ટિમાં જઈને જે રમખાણ મચાવે છે તેની આ રંગીલી કથા છે. જીવસૃષ્ટિ અને પતંગિયાંનો પરિચય આપવા ઉપરાંત બાળકોને આ સૃષ્ટિ પ્રત્યે એક નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થશે. આખીય વાર્તા એક નવલકથાનો રસ જાળવી રાખે છે.

જાણવા મુજબ, આનાં હિંદી અને મરાઠી અનુવાદો પણ થયા છે.

*

પૂછડાં અને પાંખો

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી
પ્રકાશક : ઉપર મુજબ
કિં. ૩ રૂપિયા.

અહીં લેખકે જુદાં જુદાં પ્રાણીઓ અને જીવજંતુઓનો પરિચય આપ્યો છે, અને તેને કથનાત્મક શૈલીમાં રજૂ કર્યો છે. ભાષા એટલી સરળ છે કે પ્રકૃતિનો પરિચય સાધવામાં તેથી કશી મુશ્કેલી નહીં પડે. પુસ્તકમાં લગભગ પાને પાને ચિત્રો છે તેથી કરીને બાળ-પ્રૌઢ વાચકને વધુ અનુકૂળ થશે. આપણે ત્યાં આવાં પુસ્તકો ઘણાં જ ઓછાં લખાય છે એ હકીકત છે, અને તેથી આ પુસ્તક સવિશેષ આવકારપાત્ર બને છે.

*

પહેલું સુખ તે જાતે નર્યા

લેખક-પ્રકાશક : ઉપર મુજબ
કિં. દોઢ રૂપિયો

આપણા શરીરયંત્રને સમજવા જેવું છે. 'પહેલું સુખ તે જાતે નર્યા'ની કહેવતનું મહત્ત્વ પણ સમજવા જેવું છે. સૂર્યપ્રકાશ, હવા, પાણી સરખી કુદરતદીધી બક્ષિસોનું મહત્ત્વ પણ બાળકોને સમજાવવા સરખું છે. આ પુસ્તિકામાં માંદા પડવાનાં કારણો, તેના ઉપચાર, સૂર્યપ્રકાશ, પાણી, હવા, ખોરાક, વ્યાયામ અને રોગનાં વાહકો જેવાં વ્યસનોનાં લાભ-હાનિને ચર્ચવામાં આવ્યાં છે. અલબત્ત કેટલેક ઠેકાણે લેખકે અંગ્રેજી પારિભાષિક શબ્દોનો ઉપયોગ કર્યો છેઃ જેમ કે, 'આરટેરીઓ સ્કલેરોસીસ', 'ડાયાબેટીસ', 'ફોલિક એસિડ', 'સીફીલીસ', 'ઓટોઈન્ટોક્સીકેશન' વગેરે.

આ પુસ્તકને ગુજરાતના ગ્રામસેવક શ્રી બબલભાઈ

મહેતાનો ઊમળકાભર્યો આવકાર પ્રાપ્ત થયો છે—એ નોંધ યોગ્ય છે.

'કાશ્યપ'

*

ગાડામાંથી મોટર : હોડીમાંથી આગબોટ

લેખક : હર્ષવદન શાહ

પ્રકાશક : ઉપર મુજબ

કિં. : એક રૂપિયો અને દોઢ રૂપિયો અનુક્રમે

મોટર, ટ્રામ અને રેલગાડી રોજિંદી વસ્તુ છે; અને સ્ટીમર તથા ઍરોપ્લેન પણ આ યુગની નવીનતા નથી. પરંતુ એનાં વિકાસની રસિકતા કેટલા જાણે છે?

આ બન્ને પુસ્તિકાઓમાં આપણાં ગાડાં કે નાવડી જેવાં ગ્રામ વાહનોમાંથી મોટર અને સ્ટીમર જેવાં વાહનોનો વિકાસ કેવી રીતે થયો તે અત્યંત રોચક શૈલીમાં આલેખાયું છે અને મોટા ટાઈપમાં છપાયું છે. બન્ને પુસ્તિકાની શરૂઆતમાં અને વચ્ચે જુદાં જુદાં વાહનોનાં ચિત્રો પણ આપવામાં આવ્યાં છે.

*

ઉપરની આઠે પુસ્તિકાઓ ભરપટ્ટે ચિત્રો સહિત પ્રકટ કરીને પ્રકાશન સંસ્થાએ આપણા બાલસાહિત્યમાં બહુમૂલ્ય ફાળો નોંધાવ્યો છે એમ કહેવું જ જોઈએ. ગુજરાતનાં બાળકો અને પ્રૌઢો આ પુસ્તકો જરૂર જરૂર વાંચે એવી ભારપૂર્વકની ભલામણ છે.

'કાશ્યપ'

*

સાભાર સ્વીકાર

ગુજરાતી-મરાઠી-શિક્ષક	રૂ. ૧-૨૫
મરાઠી-ગુજરાતી-શિક્ષક	રૂ. ૧-૨૫
હિંદી-ગુજરાતી-શિક્ષક	રૂ. ૧-૦૦
ગુજરાતી-હિંદી-શિક્ષક	રૂ. ૧-૦૦
મરાઠી-ફ્રેંચ શિક્ષક	રૂ. ૧-૦૦
English Grammar with Hindi	રૂ. ૦-૩૭
Essay writing	રૂ. ૦-૧૯
મરાઠી-રશિયન-શિક્ષક	રૂ. ૧-૦૦

લેખક : એન. જી. મહેતા

પ્રકાશક : નૅકાત્મા પ્રકાશન, સંશોધન કાર્યાલય પંચવટી, નાસિક.

લોકભારતી થીએટર્સ

"લોકભારતી" દ્વારા અમે લોકજીવનમાં સમરસ થવા ઝંખીએ છીએ અને "લોકભારતી થિયેટર્સ" એ આ જાગૃતિનું પગરણ છે. સંસ્કૃતિ-સંસ્કારની જાળવણી સિવાય પ્રજાજીવન રોળાતું જાય છે—સવિશેષ આજના અતિ વેગીલા ને વિચારક્ષુબ્ધ જીવનમાં. એ તબક્કે દિલને સંસ્કારના પાસ સાથે પ્રફુલ્લ ને ઉલ્લાસભર્યું કરી શકાય, તખ્તા દ્વારા લોકજીવનને ધબકતું રજૂ કરી ભાવનાઓને પ્રતિબિંબિત કરી શકાય અને નાનામોટાનાં અંતરો ઓછાં કરી જીવનને માત્ર માનવ-પગથારે જ નિહાળવા-મૂલવવાની ભાવના જન્મે, એ આદર્શનો માનવી આજે પુરસ્કર્તા બને એ અમારી ઝંખના રહી છે ને રહેશે.

"લોકભારતી થિયેટર્સ"ના પ્રારંભથી જ એનું એ પરમ સૌભાગ્ય છે કે તેનું ઉદ્ઘાટન કેન્દ્ર-સરકારના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રધાન શ્રી પ્રો. હુમાયુન કબીરના વરદ હસ્તે થયું. સાથે સાથે થિયેટર્સની સલાહકાર સમિતિ પણ વિદ્વાન અને અધિકારી સભ્યોની લગભગ નિશ્ચિત બની ચૂકી છે, ને

[પાન ૪૭૫થી ચાલુ]

સૌનાં એક સરખાં શુભેચ્છા અને આશીર્વાદ સાંપડ્યાં છે.

[જુલાઈના આરંભમાં 'લોકભારતી થિયેટર્સ'ના સંસ્થાપક શ્રી કાંતિલાલ હ. પરીખના પ્રારંભિક નિવેદનમાંથી.]

સુરેન્દ્રનગર લેખક-મિલન

તા. ૧૩મી જુલાઈના રોજ સુરેન્દ્રનગર ખાતે ગુજરાતના નવોદિત લેખકો વિષેના પ્રશ્નો ચર્ચવા એક અવિધિસરનું મિલન યોજવામાં આવ્યું હતું. જેમાં અશોક હર્ષ, રમણલાલ પાઠક, નરેન્દ્ર દવે, ધનવંત ઓઝા, લાભશંકર રાવળ, મીનાપિયાસી, વિજયશંકર કામદાર સહિતના લેખકોએ હાજરી આપી હતી.

લાંબી વિચારણા બાદ એક નિવેદન ઘડી કાઢયું હતું. ત્યારબાદ 'ગુજરાત લેખક સંઘ'ની સ્થાપના કરવામાં આવી હતી. નવોદિત લેખકોની સંગઠિત પ્રવૃત્તિઓનો આગ્રહ રાખતું આ નિવેદન થોડા સમયમાં ગુજરાતનાં નવલેખકોને પહોંચાડવામાં આવશે. અને બીજા લેખકોની સલાહસૂચનાઓ અનુસાર નવું વ્યવસ્થિત બંધારણ ઘડી કાઢવામાં આવશે. હાલ પૂરતા આવાહકો તરીકે શ્રી રમણલાલ પાઠક અને શ્રી નરેન્દ્ર દવેની વરણી કરાયેલી છે.

[વિશ્વમાનવ : ઑગસ્ટ '૫૮

વિશ્વ માનવ

માનવીય ગૌરવની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું માસિ

સંપાદન : ભોગીલાલ ગાંધી

૧૯૫૮
સપ્ટેમ્બર

સંચાલન :
ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ
રામજી મંદિરની પોળ : વડોદરા

ફોન : ૨૯૫૦

વાર્ષિક રૂ. ૭–૦૦ છૂટક ૦–૬૨ ન.પૈસા (૧૦ આ
[પરદેશ શિલિંગ ૧૫]

લવાજમ ભરવાનાં સ્થળ

આર. આર. શેઠની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨
રૂપમ પ્રકાશન મંદિર, ૬૯/૮૭ કેથેડ્રલ સ્ટ્રીટ, ભૂલેશ્વર : મુંબઈ–૨
એ. આર. શેઠની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨
એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨
એન. એમ. ઠક્કરની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨
ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયા ચકલો : સુરત
(શાખા–ચૌટાપુલ : સુરત)
નટ્ટુ શાહ, ગોલવાડ : નવસારી
પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., ટાવર રોડ : વડોદરા
વિજય સ્ટોર્સ, સ્ટેશન રોડ : આણંદ
વલ્લભવિદ્યાનગર કન્ઝ્યુમર્સ કો-ઑપ. સ્ટોર્સ, વલ્લભવિદ્યાનગર
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો : અમદાવાદ
ભારતી સાહિત્ય સંઘ લિ., ગાંધી રસ્તો : અમદાવાદ
રવાણી પ્રકાશન ગૃહ, રિલીફ રોડ : અમદાવાદ
વિજય સ્ટોર્સ, ૬૨ કલ્યાણ ભુવન, રિલીફ રોડ : અમદાવાદ
લોકમિલાપ કાર્યાલય, પો. બો. ૨૩ : ભાવનગર
એલ. કે. મેઘાણી, ૧૪, અમરતલા સ્ટ્રીટ : કલકત્તા–૧

*

પ્રાણ ફોટોગ્રાફર, પો. બો. ૨૬૯, નાઇરોબી (ઈ. આફ્રિકા)

છૂટક મળવાનાં સ્થળ

ગાંધી ન્યુઝપેપર સરવીસ, ટીનવાલા બિલ્ડિંગ, ત્રિભુવન રોડ : મુંબઈ

કાંતિલાલ સોમાલાલ ખત્રી, રતનપોળ નાકા : અમદાવાદ

વડોદરા

એ. જી. વોરા ઍન્ડ કાં., ટાવર પાસે : વડોદરા

૧૯૫૮ : સપ્ટેમ્બર

લવાજમના દર

વાર્ષિક રૂ. ૭–૦૦
[પરદેશ ૧૫ શિ.]
છૂટક નકલ ૬૨ પૈસા

•

વિશ્વમાનવ (માસિક)
મનીષા (ત્રૈમાસિક)
ભેગું લવાજમ રૂ. ૧૨

•

વિશ્વમાનવ

[માસિક]

જાહેરખબરના દર

પૂઠું ૨જું રૂ. ૮૦
પૂઠું ૩જું રૂ. ૮૦
પૂઠું ૪થું (બે રંગમાં) રૂ ૧૨૫
સાદું આખું પાનું રૂ. ૬૦
સાદું અડધું પાનું રૂ. ૩૫

•

અંતરાત્માની સ્વાધીનતાનો અવાજ

રેવરંડ ફાધર આલ્બર્ટ મેન્ડોન્ઝા જાણીતા વિદ્વાન તત્ત્વજ્ઞ છે તેઓ મુંબઈ યુનિવર્સિટીમાં તથા સેન્ટઝેવિયર્સ કોલેજમાં, ફિલોસોફીના પ્રોફેસર તરીકે વર્ષો થયાં વ્યાખ્યાનો આપતા આવ્યા છે. ફાધર મેન્ડોન્ઝાએ ફ્રાન્સ અને ઇટલીમાં અભ્યાસ કર્યો છે; અને રોમન કેથોલિક ધર્મસંસ્થા 'સોસાયટી ઓફ્ જેસ્યુટ' માં ૨૫ વર્ષ થયાં સભ્યપદે રહ્યા છે.

મુંબઈની સેંટ ઝેવિયર્સ રોમનકેથોલિકોનો અડ્ડો છે. તેનું સંકુચિત ધાર્મિક વલણ, ઉપરાંત ભારત વિરોધી સાંસ્થાનિક વલણ ફાધર મેન્ડોન્ઝા જેવા સ્વતંત્ર વિચારકને સહી ન શક્યું અને ત્રણ વર્ષ લગી તેમના ઉપર સતામણી, અપમાનની ઝડી વરસી....અંતે જુલાઈની ૧૫મીએ એકાએક તેમને ફરમાવવામાં આવ્યું કે તમારે સેંટ ઝેવિયર્સ તથા યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો આપવાનું બંધ કરી દેવું.

ફાધર મેન્ડોન્ઝાએ આવા ફતવાનો સ્વીકાર કરવા ઇન્કાર કર્યો, અને તે જ ઘડીએ જેસ્યુટ સોસાયટીમાંથી છૂટા થઈ જવાનું બહેતર માન્યું.

રેવરંડ ફાધર આલ્બર્ટ મેન્ડોન્ઝાએ અંતરાત્માની સ્વાધીનતાને વફાદાર રહી, રાજીનામું આપતાં જે વિચારો પ્રગટ કર્યા છે, તેમાંથી કેટલાક અહીં રજૂ કર્યા છે:

"કેમ કે હું મારા વતનને અને તેની તમામ મહાનતાને ચાહનારો છું; કેમ કે હું ગોવાની ભૂમિ, કે જ્યાં મારો જન્મ થયો હતો, ને જે હજી પરદેશી ...ડી નીચે દબાયેલી પડી છે, તેની ...ક્તિ વાંછું છું, ને મા ભારતીની ...દમાં એ શમાઈ જાય એમ ચાહું ...; કેમ કે હું અંતરઆત્માની અને ...તંત્ર વિચારની સ્વાધીનતા ચાહું છું; ...ને મારા મોટા ભાગના બિનખ્રિસ્તી ...દ્યાર્થીઓની સ્વતંત્ર માન્યતાની ...ાધીનતામાં માનું છું; અને કેમ કે હું મારા વર્ગોનાં વ્યાખ્યાનો દરમ્યાન કેથોલિક ધર્મનાં સૂત્રો બિનખ્રિસ્તી વિદ્યાર્થીઓ ઉપર ઠોકી બેસાડવાનો ઇન્કાર કરું છું—એટલા જ સારુ મારા ઉપર વરસો થયાં સતામણીની ઝડી વરસતી રહી છે.

"મેં રાજીનામું આપવાની હદે પગલું ના છૂટકે ભર્યું છે. મારી સામે છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન જુઠ્ઠાણાં, બદનામી, સતામણીઓ, આકબંધનો અને અપમાનોની જે રીતે ઝડી વરસાવવામાં આવી છે, તેના પ્રતિકાર રૂપે મને આવું પગલું ભરવાની ફરજ પડી છે. મેં મારા કેસ અંગે ધ્યાન આપવા રોમમાંના ધર્માધિકારીઓને બબ્બે પત્રો લખ્યા હતા. મેં એની પણ વિનંતિ કરી હતી કે રજા આપો તો હું જાતે રોમ આવી ખુલાસા કરી સમજાવું. પરંતુ જવાબમાં મને કેવળ એટલું જ ફરમાવાયું કે જો હું જેસ્યુટ પંથમાં ચાલુ રહેવા માગતો હોઉં, તો મારે ફિલોસોફી શીખવવાનું જ છોડી દેવું!

"એક જેસ્યુટ-પંથી તરીકે મેં, મને હુકમ કરવાના મારા ઉપરીના અધિકારનો કદી ઇન્કાર નથી કર્યો. તેઓ બિનશરતી તાબેદારી પણ માગી શકે છે—પરંતુ એમની આજ્ઞા સત્ય અને ન્યાયની વિરોધી તો ન જ હોઈ શકે. પ્રાધ્યાપક તરીકે કોલેજમાં હું વ્યાખ્યાનો આપું તે સામે મને મનાઈ કરતો જે હુકમ આપવામાં આવ્યો છે, તેનો આધાર જ અસત્ય છે-બલ્કે વિકૃત કરેલ સમાચારો અને ઇરાદાપૂર્વકના તેના ખોટા અર્થો આ હુકમના પાયામાં છે. આ હુકમની પાછળ રહેલું વલણ એક માનવી તરીકેના, એક ભારતી તરીકેના અને જિસસની સોસાયટીના બંધારણના મૂળભૂત અધિકારોનો જ ઇન્કાર કરે છે! મારી સામેનો હુકમ ભારતમાં વસેલા પરદેશી (મિશનરીઓ)ના ગ્રુપ અને હલકટ કાવતરાંનું જ પરિણામ છે. આ પરદેશીઓ સંપૂર્ણતઃ સાંસ્થાનિક પ્રણાલિકામાં હજુય ભારતવાસીઓને હડધૂત કરતાં થાકતા નથી."

[વિશ્વમાનવ : સપ્ટેમ્બર '૬૮

મહાગુજરાતનું આંદોલન :
શહીદોનું સ્મારક અને સરકારી કારોબાર

લોકશાહીની સમસ્યા

૧

કોઈ પણ લોકશાહી સરકાર પ્રજાના મોટા સમૂહની લાગણી સમજી જ ન શકે અથવા સમજ્યા પછીય, તેને અનુરૂપ વલણ અને વર્તન દાખવી ન શકે ત્યારે રાજ્યનાં લોકશાહી તત્ત્વનો કરુણ ફેજ થયા વિના રહે નહિ; મુંબઈ સરકારને હાથે આવો ફેજ બે વર્ષ પૂર્વે મહાગુજરાત આંદોલનના આરંભમાં થયો હતો; અને ફરીથી, બે વર્ષ પૂર્વેના શહીદોનાં સ્મારક રચવાના જનતા પરિષદના તાજેતરના નિર્ણયને મહાત કરવાના પ્રયાસોમાં સ્પષ્ટ વરતાઈ રહ્યો છે.

એ વાત સાચી હતી કે જનતા પરિષદના જ ટેકાથી અમદાવાદમાં નાગરિક પક્ષ સ્થપાયો હતો, અને અમદાવાદ મ્યુનિ. કોરપોરેશનમાં તે સત્તાધારી પક્ષ હોવા છતાં, શહીદોનાં સ્મારકનો નિર્ણય આટલો સમય અટવાયો હતો; અને એ વાતનીયે ના પાડી શકાય એમ નથી કે જનતાપક્ષની 'લડત'-ની પદ્ધતિને કારણે, તેની અંદર રહેલાં બિનલોકશાહી વલણને કારણે, તથા અંદરનાં હરીફ પક્ષોની ખેંચતાણને કારણે જનતાપક્ષ જનતાને લાગણીઓના સ્તર ઉપરથી આગળ લઈ જવામાં નિષ્ફળ નીવડ્યો હતો; અને પ્રાથમિક કક્ષાના આંદોલન પછી થવા જોઈતા નક્કર સંગઠનની કમજોરી સ્પષ્ટ વરતાઈ રહી હતી. વળી, એમ પણ હોવાનું માની શકાય કે, આ કમજોરી ખંખેરી નાખવાની નેમથી શહીદોના સ્મારકનો કાર્યક્રમ બે વરસને અંતે આગળ ધરાયો હોય.

પરંતુ આ ઉપરથી એવી ધારણા પર આવી જવું કે હવે આંદોલન તૂટી ગયું છે, હવે લોકલાગણી શમી ગઈ છે, હવે દ્વિભાષી પ્રત્યે લોકવૃત્તિ વળી છે—અને તેથી સખ્તાઈથી કામ લેવામાં આવે તો મહાગુજરાતનો રહ્યોસહ્યો પરપોટો ફૂટી જશે, હવા નીકળી જશે—તો તેવી માન્યતા કેટલી બધી ભ્રામક અને અસ્થાને હતી તે વાત પણ આજે જાહેર થઈ છે.

આંદોલનની પાયાની કમજોરી

એ વાત સાચી છે કે, મહાગુજરાતના આંદોલનની પાયાની કમજોરીઓનો પાર ન હતો. શરૂઆતથી તેણે કેવળ લોકલાગણી ઉપર જ મદાર બાંધી હતી.

કોઈ પણ આંદોલન માટે પ્રાથમિક કક્ષાએ, પ્રાથમિક ભૂમિકા તરીકે લોકલાગણીનો વિદ્યુતસ્પર્શ અનિવાર્ય છે.

પરંતુ ત્યાર પછી, વિશાળ આમજનતાને મહાગુજરાતનું મહત્ત્વ તેના પોતાના જીવનમાં દૈનંદિન વ્યવહારમાં શું છે તે સમજાવવા તરફ નેતાગીરીએ ઉદાસીનતા અને દુર્લક્ષ સેવીને જેવી તેવી ખાનાખરાબી સરજી નથી.

* મહાગુજરાતના કર્ણધારો મહાગુજરાતનાં ભાષા, સાહિત્ય, સંસ્કારિતા દ્વારા મહાગુજરાતની અસ્મિતા જાગ્રત કરવા અંગે નિષ્ક્રિય રહ્યા.

* સરકારી કચેરીઓમાં સઘળું કામકાજ માતૃભાષા દ્વારા ચાલે, માતૃભાષામાં જ કોર્ટોના ચુકાદા સહિતનું તમામ કામકાજ ચાલે, કોલેજો સુદ્ધાંમાં માતૃભાષા દ્વારા શિક્ષણ આપવામાં આવે—વગેરે પ્રાથમિક બુનિયાદી બાબતો સારુય નેતાગીરીએ કદી આંદોલનનો વિચાર સરખો કર્યો નહિ. (ઊલટું—મહાગુજરાતના આંદોલનમાં માનનારાય ઘણા કોલેજોનું શિક્ષણ માતૃભાષા સિવાયની ભાષા દ્વારા આપવાનો આગ્રહ સેવે છે; અને દ્વિભાષીમાં માનનારા માતૃભાષાનો આગ્રહ અમલી બનાવી રહ્યા છે—એ નોંધવા જેવી વાત છે).

પોતાના પ્રાથમિક કર્તવ્ય પ્રત્યે આટલી હદે દુર્લક્ષ સેવવામાં આવ્યું.

અને—

* મુંબઈનો જે કોયડો કોંગ્રેસ બંને પક્ષને ગળે ઉતારી ઉકેલી ન શકી, અને અંતે દ્વિભાષીનો નિર્ણય ગુજરાત પર ઠોકી બેસાડાયો; તેની સામે મહાગુજરાત નેતાગીરી એ શું કર્યું ? પોતાની અંદર અંદરના જ ઘર્ષણને કારણે, કેટલાક કોંગ્રેસની શરૂઆતની માંગ મુજબ મહારાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈ—એવા ત્રણ રાજ્યની તરફેણ કરતા રહ્યા; તો બહુ નાનકડું કમ્યુનિસ્ટ જૂથ મુંબઈ મહારાષ્ટ્રનો ભૂમિ ખંડ હોઈ તેને અપાવું જોઈએ એમ માનતું હોવા છતાં, દબાણ કરી શકે એવી સ્થિતિમાં ન હતું; પરિણામે મહાગુજરાતની નેતાગીરી એ કોયડાના ઉકેલ અંગે કોઈ પણ પ્રકારની યોગ્ય દરખાસ્તો રજૂ ન કરી શકી. એટલું જ નહિ, શરૂથી તે હમણાં સુધી સરકાર મહારાષ્ટ્રમાં વધુ નાણાં ખરચે છે કે ગુજરાતમાં, તથા બીજી બાબતોમાંય સરકાર ગુજરાતને ભોગે મહારાષ્ટ્રને પોષે છે—એવી ફરિયાદો દ્વારા એકતાને બિનપોષક વાતાવરણ ઘુંટાતું રહ્યું.

* પરિણામે, કશી વિધાયક દૃષ્ટિ અને તેને અનુરૂપ કાર્યક્રમના અભાવમાં, લડત ' ગોળીબારો સામે, ' ' દ્વિભાષી નિર્ણય ' સામે, ' સરકાર અને કોંગ્રેસ ' સામે, કેવળ લોકલાગણીના જોરે આગળ ધપી.

* મહાગુજરાત પ્રાપ્ત કરવા સૈદ્ધાંતિક, ધીરજપૂર્વકના, લાંબા ગાળાના, સહકારપૂર્વકના, સમજપૂર્વકના લોકશાહી માર્ગો ઉપર ઝોક આપવાને બદલે, આંદોલન લોકલાગણીને એટલી હદે બહેકાવનારું બની ગયું કે સરકારી અમલદારો અને કચેરીઓ, પોલીસો અને પોલીસથાણાંઓ, ' સરકાર પક્ષી ' કોંગ્રેસી આગેવાનો અને કોંગ્રેસ કચેરીઓ, કોંગ્રેસી રંગવાળી લોકસેવાની અને શિક્ષણની સંસ્થાઓ, ખાદીભંડારો, અને એથીય આગળ વધી, જનતા પક્ષના આધિપત્યવાળી મ્યુનિ.ઓની માલમિલકતો ઉપર તથા કેટલીક વાર તો જનતા પરિષદના જ આગેવાનોમાં જે ' ઢીલા ' દેખાયા, તેમના ઉપર પણ હુમલા થયા !

* અને નેતાગીરી આવાં કૃત્યોનો લૂલોપાંગળો ' અફસોસ ' ને લૂલોપાંગળો ' બચાવ ' કરતી રહી !

લૉ-ઍન્ડ ઑર્ડરની સરકારી રખેવાળી

તો બીજી બાજુ, આવો લાગ મળતાં લોકોનાં જાનમાલની અને ' લૉ ઍન્ડ ઑર્ડર 'ની રખેવાળી જેણે ઉપાડી છે એ સરકાર, અનેક ગણી ધીટતાથી બંદૂકબાજીનો ઉપયોગ કરે, ને ઉપરથી એવો જ બચાવ કરે તો એને કોણ રોકે ? એનું મોં કોણ બંધ કરી શકે ? તેમાંય વળી સામો પક્ષ જ્યારે નબળો પડ્યો છે એવી ભ્રાંતિય થતાં, સરકારનું દિમાક ફરી જાય એમાં નવાઈ શી ?

તાજેતરના બનાવોમાં જાણે સરકારની આવી મનોદશાનો સ્પષ્ટ પડઘો સંભળાય છે.

શહીદોના સ્મારક અંગે સરકારપક્ષને ને કોંગ્રેસપક્ષને ભલે ઈતરાજી હો, અને ભલે બે વર્ષ પૂર્વેના અને તાજેતરના ગોળીબારોથી નીપજેલાં મોતનું મૂલ્ય એમને મન નહિવત્ હો; ભલે મરનારાઓને શહીદો ગણવાનો ઊમળકો એમને ન હો; (બહુ બહુ તો ગેરમાર્ગે ગયેલા નાગરિકો કહી શકાય) પરંતુ એ કોઈ ધંધાદારી ગુંડા, લુંટારા ને હીણા સ્વાર્થમાં આંધળા બનેલા તિરસ્કારપાત્ર તો ન હતા જ; એ તો હતા, તમારા ને મારા જેવા, દિલના દુભાયેલા ને લાગણીએ ઉશ્કેરાયેલા નગરજનો. એમને એમના ધ્યેયની પૂરી સમજ કોઈએ આપી ન હતી. ને એને હાંસલ કરવાની તાલીમ આપવાની જવાબદારી જેમને શિરે હતી તેમાંના કોઈએ (સરકાર, કોંગ્રેસ, વિરોધપક્ષો, બિનપક્ષી આગેવાનો, સંસ્કાર અને શિક્ષણ ક્ષેત્રના ધુરંધરોએ સુદ્ધાં) આપી ન હતી. અન્યાયની ધૂંધળી ઉત્તેજના એમને મોતને ભેટવા ઘસડી લાવી હતી, એ વાત સાફ હતી.

આ રીતે મરનારાઓ માટેની સહજ પ્રચંડ લોકલાગણી આગળ ક્ષુલ્લક કાનૂનો, અને સંકુચિત પક્ષવાદથી પર થઈ ને વર્તવાનું કોંગ્રેસ માટે, લોકશાહી સરકાર માટે શક્ય ન બન્યું !

સરકારે તો ટ્રાફિકને ખલેલ પડવાની દલીલ આગળ ધરી ! (જાણકારો કહે છે કે, કોંગ્રેસ હાઉસ આગળના નાનકડા પ્રતીકરૂપ સ્મારક માત્રથી રોજિંદા ટ્રાફિકને કશી ખલેલ પડે એવી નથી. વળી ત્યાં ' ટ્રાફિક—આઈલૅન્ડ ' જેટલી જગા તો છે જ; ને ટ્રાફિક કંટ્રોલ–પોલીસ અથવા તેની જગાએ ક્વચિત્ ખાલી પીપડાં પડ્યાં રહેતાં હોવાનુંય જણાવે છે...ટૂંકમાં, ટ્રાફિકની આવજા જ બંધ થઈ જાય એવી ગંભીર આડઅડચણ તો નથી જ એટલું સ્પષ્ટ થાય છે) વળી પંત પ્રધાને તો આગળ વધી એટલુંય પરખાવી દીધું છે કે, રસ્તા વચ્ચે તો નહિ જ, પણ ફૂટપાથ ઉપર યે શહીદ-સ્મારક નહિ રચવા દેવામાં આવે.

સર્વપક્ષી સમસ્યા !

સરકાર અને બીજા પક્ષો તથા જૂથો વચ્ચે સંઘર્ષ તો હરેક દેશમાં છે ને રહેશે. બધે હડતાલો, દેખાવો, સરઘસો અને ઇતર પ્રકારનાં સામૂહિક વિરોધો થાય છે. પરંતુ ભારતમાં આ સંઘર્ષ એકદમ પથરાબાજી (પ્રજાપક્ષે) અને બંદૂકબાજી (સરકારપક્ષે) રૂપે જેટલા પ્રમાણમાં જોવા મળે છે તેવું તો કોઈ દેશમાં જોવા નહિ મળે !

ભારતના સર્વપક્ષો અને બિનપક્ષી નાગરિકો આનો વિચાર કરશે ?

કોંગ્રેસી, સમાજવાદી અને કમ્યુનિસ્ટ ત્રણે સરકારોના ગોળીબારો પછી—

લોકશાહી મૂલ્ય-સ્થાપનાનો - અવાજ

ગોળીબાર અંગે અમારામાં કોઈની વચ્ચે કંઈ તફાવત નથી. કોઈ પણ પક્ષની સરકારના ગોળીબારમાંથી ફૂલ નહીં, ૩૦૩ની ગોળીઓ જ છૂટે છે. ગમે તે રાજકીય પક્ષ હોય તો પણ તે ભારતની ધરતી પર ગોળીબાર નહીં કરી શકે. આ માટે આપણે લોકશાહી મૂલ્યોની સ્થાપના માટે આગળ વધવાનું છે. હાથીની માફક દેખાડવાના અને ચાવવાના દાંત જુદા હશે તે સંસ્થા ટકી નહિ શકે. જાગ્રત લોકો એને તોડી પાડશે. જનતા પરિષદ પણ એ મુખે વાત કરતી હશે તો તેય નહિ ચાલે.....'

જયંતિ દલાલના
એક ભાષણમાંથી

*

આપણા અભિપ્રાયો જુદા હોઈ શકે છે, નીતિ પણ જુદી હોઈ શકે છે. તો પણ સાથે રહીને સમજીબૂજીને કામ કરી શકીએ છીએ. પોતાનો મત કે નીતિ બળજબરીથી કે બંદૂકથી બીજા પર લાદવાનો કોઈને અધિકાર નથી...

પંડિત નેહરુ
(તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૫૮)

અમને લાગે છે કે, શહીદોના સ્મારકના આ સવાલ ઉપર સરકારે ખોટી જક ઝાલી છે. અમે તો એટલી હદ સુધી માનીએ છીએ કે, પ્રજાની લાગણીને સમજીને સરકારે પોતે જ તેને અનુરૂપ સ્મારક માટે જનતા પરિષદ સાથે વાટાઘાટો કરી, સ્થળ કાઢી આપવું જોઈતું હતું. (અને એવો પ્રયત્ન ચીવટાઈપૂર્વક જનતા પરિષદે પણ કરવો જોઈતો હતો—સ્થળની જક કર્યા સિવાય, એમ પણ સૂચવી શકાય.)

પરંતુ એવું કશું કરવાને બદલે કાનૂનના ઓઠે સત્તાધારી કડક વલણ દાખવીને તો સરકારે ખોટું જ કર્યું છે.

આંદોલનનો નવો તબક્કો

આ બધા છતાં, એક વાત વાતાવરણમાં વરતાઈ રહી છે કે, પ્રાથમિક આવેશનાં પરિણામો બબ્બેવાર જોયા પછી, આંદોલનના સંચાલકોએ વધુ દુરંદેશી ભર્યો પેંતરો નાખી, સરકાર સામે બેવડો ભરડો ઊભો કર્યો છે.

* એક તો, છેલ્લા ૧૦ દિવસથી અમદાવાદની સખત શિસ્તબદ્ધ નાનકડા જૂથોમાં સત્યાગ્રહ રૂપે ચાલી રહી છે અને આગળ ધપી રહી છે.

* બીજી બાજુથી એક નવો કાનૂની ભરડો લેવાયો છે. અમદાવાદ મ્યુનિ.માં નાગરિક પક્ષે સર્વાનુમતિથી (મેયર શ્રી ચીનુભાઈએ રાજીનામું આપ્યું અને બીજા કેટલાક ગેરહાજર રહ્યા એય એક રીતે સર્વાનુમતિની જ તરફેણનાં પગલાં ગણાય !) ઠરાવ કર્યો છે કે એક મહિનામાં વિક્ટોરિયા બાગમાં શહીદોનું સ્મારક ઊભું કરવું; અને જો જનતા પરિષદ કોંગ્રેસ હાઉસ સામે યા બીજે ગમે ત્યાં સ્મારક કરવાનો નિર્ણય કરે તો તેનેય છૂટ આપવી.

* ત્રીજી બાજુથી, સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલનનો ભરડો આવી રહ્યો છે.

મુંબઈમાં પણ શહીદોનું (સંયુક્ત મહારાષ્ટ્ર લડતના અને ૧૯૪૨નાય) સ્મારક ફ્લોરા ફાઉન્ટન અને ગોવાલિયા ટેન્ક

આગળ કરવાની નેમ જાહેર થઈ છે; અને મુંબઈ મ્યુનિ. કોરપોરેશનમાં સંયુક્ત મહારાષ્ટ્રવાદી જૂથનું વર્ચસ્વ હોઈ આવો ઠરાવ કરવાનું શક્ય પણ છે.

આ છેલ્લો મુદ્દો મહત્ત્વનો છે: કેમ કે હવે, સંયુક્ત મહારાષ્ટ્ર અને મહાગુજરાત આંદોલન વચ્ચે એકતાનો પ્રથમ અંકોડો નખાઈ રહ્યો છે.

ટૂંકમાં, આ લડત હવે વિશાળ પાયા ઉપર શાંત અને કાનૂની તબક્કા પર જઈ રહી જણાય છે. ત્યારે, મુંબઈ સરકારે અમદાવાદમાં કૉંગ્રેસ હાઉસ કે તેની આજુબાજુના વિસ્તારમાં તથા મુંબઈ માં ફ્લોરા ફાઉન્ટન કે ગોવાલિયા ટૅન્કમાં સ્મારકો રચવા સામેય મનાઈ સંભળાવી દીધી છે. અમદાવાદમાં 'ટ્રાફિક–અડચણ'નું કારણ બતાવ્યું હતું. મુંબઈમાં એવું કશું કારણ બતાવી શકાય એમ ન હોવા છતાં મનાઈ હુકમ કર્યો છે!

આ પગલાં પછી, સરકારી નીતિ પ્રજાને ઉશ્કેરવાની અને ઉશ્કેરાયેલી પ્રજાને આવેશમય આંધળિયાં કરવાની હદે ધકેલી મારવાની બની રહી જણાય છે. અને એવી છાપ પડે છે કે,

- અમદાવાદમાં કૉંગ્રેસ હાઉસ સામે, કૉંગ્રેસી આગેવાનોની હાજરીમાં, કૉંગ્રેસી સરકારની બંદૂકોએ ઠાર કરેલાઓનું સ્મારક રચાય એમાં કૉંગ્રેસ અને સરકારને નીચું જોવા જેવું લાગે છે!
- મુંબઈમાં જાહેર પ્રજા સદાકાળ જોયા કરે, ને ફરી ફરી યાદ કરે એની શરમને કારણે જાહેર જગાએ સ્મારકની મનાઈ થઈ રહી છે!

૨

લોકશાહીનું સ્વરૂપ

આ તમામ બનાવોનું અવલોકન કરતાં તથા આ અને આવાં અનેક આંદોલનોનો તાગ લેતાં એક સત્ય અત્યંત સ્પષ્ટ રૂપે અને ચોંકાવનારી હદે ખુલ્લું થાય છે કે—આવી લડતોનો અને તેના સરકાર તરફથી થતા પ્રતિકારોનો દેખાવ ઘણો બધો છેતરામણો હોય છે.

* આ અને આવાં આંદોલનોમાં પ્રજા પક્ષે ઘણી વાર લોકશાહી તત્ત્વ, અન્યાય સામે માથું ઉંચકવાની તમન્ના હોવા છતાં, મુખ્યતઃ તેમનો ઉપયોગ સત્તાધારી પક્ષ સામેના વિરોધપક્ષોના મોરચા પૂરતો જ થઈ રહ્યો હોય છે.

* અને સરકાર અને સરકારપક્ષ બહુધા લોકશાહી તત્ત્વ જોવાને બદલે પોતાની પ્રતિષ્ઠા, કાનૂનની પ્રતિષ્ઠા અને સામા વિરોધપક્ષની નબળાઈ ઉપર જ લક્ષ એકાગ્ર કરીને તેમને પાઠ શીખવવાનું વર્તન કરતાં હોય છે.

ટૂંકમાં વિકૃત પક્ષાપક્ષીમાંથી ઝેર પ્રગટે છે.

આ સ્થળે આપણે વર્તમાન લોકશાહીના સ્વરૂપનો વિચાર કરવા જેવો છે—

૧. આજની લોકશાહીના સ્થંભો પક્ષો છે

૨. અને પક્ષસત્તાનો આધાર કેવળ બહુમતી છે. (ઘણી વખતે કોઈ પણ એક પક્ષની ચોખ્ખી બહુમતી હોતી નથી; પરંતુ, કાં તો બીજા કોઈ પણ પક્ષ કરતાં વધુ મત હોય તેથી; અથવા બીજા પક્ષો સાથે લગભગ તકવાદી રીતે એકત્ર થઈ, બહુમતી ઊભી કરી સત્તાની ધૂરા હાથમાં લે છે; તો વળી ક્યાંક દા. ત. કેરલાની કૅમ્યુનિસ્ટ સરકાર એવું બેઠકો પૂરતી નામની બહુમતી ધરાવે છે.)

૩. વળી મતદારોનો સીધો કાબૂ, એક વાર પ્રતિનિધિઓને ચૂંટ્યા પછી, કશો જ રહેતો નથી.

૪. અને બે ચૂંટણી દરમ્યાન સત્તાધારી પક્ષ યા વિરોધપક્ષના આગેવાનો ગમે તે રીતે વર્તે, તેઓ મતદારોની ઇચ્છા મુજબ જ વર્તતા હોવાનો દાવો કરે છે. તે એટલી હદે કે સત્તાધારી પક્ષ વરસો સુધી 'કટોકટી'ને નામે 'ઑર્ડિનન્સ રાજ' ચલાવી શકે, ચૂંટણીઓ મુલતવી રાખી શકે; અને 'અટકાયતી ધારા' નીચે કશા કેસ વિના ગમે તેટલી ગિરફતારીઓ કરી શકે.

૫. એકવાર પ્રતિનિધિને ચૂંટ્યા પછી 'પાછા બોલાવવાનો' અથવા 'રેફરેન્ડમ' અને 'પ્લેબિસાઈટ' દ્વારા નિયંત્રણ મૂકવાનો કોઈ અધિકાર મતદારોને હોતો નથી.

૬. મોટે ભાગે ચૂંટણીઓ અમુક રાજકીય કાર્યક્રમ ઉપર થતી હોય છે; પરંતુ સર્વસાધારણ રીતે જોતાં, આજે તો સ્થિતિ એવી છે કે સૌ પક્ષો સમાજવાદ અને જનકલ્યાણનું ધ્યેય રજૂ કરતાં હોય છે. એટલે કેવળ ચૂંટણીના ઢંઢેરા કે ખરડા ઉપરથી પ્રગતિશીલ અને પ્રત્યાઘાતીપણાનો નિર્ણય કરવો પણ મુશ્કેલ હોય છે. પ્રજાને વધુ વીગતે જાણકારી હોતી નથી; ને અનુભવ તો જૂજ હોય.

૭. સત્તા પર આવ્યા બાદ, ચૂંટણી પૂરતા ફુગાવેલા ઢંઢેરાનો અમલ કરવાનું સત્તાધારી પક્ષ માટે મોટે ભાગે મુશ્કેલ નીવડે છે; અને વિરોધપક્ષને માટે તેના ઉપર વિરોધ જગાવવાનું સરળ થાય છે. પરંતુ બેમાંથી કોઈ એ ઢંઢેરાનો

અમલ કરી શકે એવી સ્થિતિમાં (દાવો કરવા છતાં) હોતા નથી.

૮. કેવળ 'બહુમતી' સરકાર સામે વિરોધપક્ષોનો ફાળો નહિ જેવો બની જાય છે; અને તેમની રીતિનીતિ ગમે તે નામે ને બહાને વિરોધ કરી, સત્તાધારી પક્ષને મુશ્કેલીમાં મૂકી દેવાની જ રહે છે. (કોંગ્રેસી રાજ્યો અને કેરલામાંય આવો જ ઘાટ દેખાય છે!)

૯. આ બધાને કારણે બધા પક્ષો માટે એન કેન પ્રકારે ચૂંટણીઓમાં વિજયી નીવડવું, બહુમતી મેળવવી, સત્તા પ્રાપ્ત કરવી એ જ એક માત્ર ધ્યેય બની રહે છે.

સત્તાનું વિષવર્તુળ

પોતાને વ્યવહારુ આદર્શવાદી માનનારા પણ ભયંકર વિષવર્તુલ રચે છે—

—આદર્શો, કાર્યક્રમો અમલી બનાવવા ચૂંટણી જીતવી **જરૂરી** છે.

—તો પછી, ચૂંટણીઓ જીતવા માટે જે કાંઈ કરવું પડે તે કરવું **જરૂરી** છે.

—ચૂંટણી જીતી સત્તામાં આવ્યા પછી વિરોધીઓને મહાત કરવા ને બીજી ચૂંટણી સુધી ટકી રહેવુંય એટલું જ **જરૂરી** છે.

પરિણામે, લાંબા કાળ લગી બિનલોકશાહી, બિનનૈતિક ધોરણે કામ કરતા રહી, સામા પક્ષોને લગભગ મહાત કરી, એકહથ્થુ સત્તા લાંબો સમય ચલાવ્યે રાખી, અંતે આદર્શોની સ્થાપના કરવાની, નૈતિકતાની સ્થાપના કરવાની, લોકશાહીની સ્થાપના કરવાની અભિલાષાઓ સેવવાની!

ટૂંકમાં પ્રથમ સત્તા, પછી સત્તા અને છેવટે સત્તા!

આવી પક્ષાંધતામાં 'ડેમોક્રસી'નું સ્થાન 'ડેમેગોગી' બહુ સહેલાઈથી પચાવી લે છે. ઊંચા આદર્શોની વાતો, વિરોધીઓ સાથે કઠોર વર્તાવ, લોકોને તત્કાલ ગમી જાય તેવાં તકવાદી ભાષણો, બેવડાં ધોરણો—સામાને માટે એક, પોતાને માટે બીજાં...

અને 'રાજકારણમાં તો ગંદવાડ હોય જ' એવો અભિપ્રાય કાર્યકરો અને પ્રજામાં ધીમેધીમે ઘર કરી બેસે છે. પરિણામે રાજકારણનેય નૈતિક મૂલ્યોથી ચકાસવાની વૃત્તિ જ લગભગ નાશ પામે છે.

લોકશાહીની નિષ્ફળતા અથવા અશક્યતાની ભાવના નાગરિકોનો પોતામાંનો જ વિશ્વાસ ઉડાવી દે છે—પોતે ખરેખર કંઈ જ કરી શકનાર નથી, એવી હતાશા તેમને ઊલટા ઉદાસી અને નિષ્ક્રિય બનાવી મૂકે છે!

એક હથ્થુ સરમુખત્યારી સત્તા માટે આવું વાતાવરણ ખૂબ જ અનુકૂળ ને પોષક બની જાય છે. આ જેવું તેવું ભયંકર પરિણામ નથી.

૩

લોકશાહીની નવી ભૂમિકા

આજની પક્ષીય લોકશાહીમાં આવી પરિસ્થિતિ પ્રવર્તે છે; એનો અર્થ એ નથી કે નૈતિકતાની સ્પૃહા કરનારે રાજકારણથી દૂર રહેવું, અગર રાજકારણને માર્ગે જનારે નૈતિકતાને છેલ્લી સલામ ભરી દેવી રહે છે.

* રાજકારણ + નૈતિકતા = સાચી લોકશાહી. આ સત્ય ભલે પક્ષો જલ્દી ન સ્વીકારે, ને સ્વીકારે તોય અમલમાં ન મૂકે. પરંતુ માર્ગ આ એક જ છે: લોકોનું લોકશાહી શિક્ષણ જ આ પરિસ્થિતિમાંથી પાર્ટીઓને છોડાવી શકશે.

* આમાં પક્ષો એટલે કે સામુહિક સંગઠનશક્તિનો ઇન્કાર નથી; પરંતુ પક્ષીય રાજકારણને આજની સંકુચિત ભાગલાવાદી, વિદ્વેષશીલ અને સ્વાર્થસાધુ તકવાદની પકડમાંથી મુક્તિ અપાવવાનો જ હેતુ છે.

* આજનું કર્તવ્ય આજ લગીની લોકશાહીની સિદ્ધિઓનો ઇન્કાર કરવામાં નથી, તેમને માનનીય નૈતિક મૂલ્યો આપવામાં રહેલું છે.

* આવી પક્ષરહિત નૈતિક શક્તિ દ્વારા જ જનતા પર અને સરકાર પર દરેક ક્ષેત્રે વૈચારિક-નૈતિક વર્ચસ્વ રહી શકશે, જેની અસર ચૂંટણીઓ પર, આંદોલનો પર, સરકારી કામગીરી ઉપર રહેશે.

ચૂંટણીઓમાં પક્ષની છાપ જોઈ મતદાન કરવા કરતાં વ્યક્તિની લાયકાત અને નિષ્ઠા, આંદોલનોમાં સંત્રો કરતાં સહકારી ભાવના, અને સરકારી કામગીરીમાં નોકરશાહી નિસ્પૃહીને સ્થાને પ્રજામતાનુસારી સેવા મુખ્ય બની શકશે.

* સમસ્યા નવાં સંગઠનો—નવી પાર્ટી સ્થાપવાની નથી. સમસ્યા જે કોઈ સંગઠનો, પાર્ટીઓ અને સરકાર અસ્તિત્વમાં હોય તેમની વચ્ચેના સંબંધો સહકારી લોકશાહી ધોરણે સચવાય તેવું નૈતિક વાતાવરણ પેદા કરવાની અને સતત

જાગ્રતપણે જાળવવાની છે. બલ્કે આ સતત જાગ્રતિનો સૌનો કાર્યક્રમ છે.

આજની પક્ષીય શિસ્ત, પક્ષીય સંકુચિતતા, જડતા અને તકવાદને સ્થાને પરસ્પર પૂરક, પરસ્પર સહાયક સહકારી ભાવના સ્થાપવાનો આમાં આગ્રહ છે. આવી લોકશાહીમાં ૫૧–૪૯ની બહુમતીને સ્થાને અતિશય મોટી બહુમતીથી મોટા ભાગનાં કાર્યો, આંદોલનો અને નિર્ણયો સંચાલિત થાય એ જ સ્વાભાવિક ગણાશે.

આ વિચાર પક્ષો અંગે રૂઢ થઈ ગયેલી માન્યતાને ખૂંચશે; પરંતુ સમૂહોની શક્તિનો આમાં ઇન્કાર નથી; બલ્કે તેને પોષક છે.

આ દૃષ્ટિ સ્વીકારાય તોય, કોઈ તત્કાલ રામબાણ ઇલાજ કે કોઈ જાદુઈ જડીબુટ્ટી યા ઇલ્મ–નુસખાની ભ્રમણામાં રહ્યા વિના, જો નીચેના મુદ્દાઓ ઉપર લોકમત કેળવવાનું પ્રાથમિક કાર્ય આરંભાય તો અમને લાગે છે કે, બીજું કાંઈ નહિ તોય, રાજકારણમાં નૈતિકતા માટેની આટલી ભૂમિકા તો ઊભી થશે જ—

૧. કોઈ પણ સામાજિક–રાજકીય આંદોલન દરમ્યાન કોઈ પણ પક્ષ યા જૂથ, ગમે તેવી ઉશ્કેરણી છતાં, હિંસક ઉપાયો ન લે; એટલું જ નહિ પણ, ભાંગફોડ, આગ, તોફાનો, લૂંટ જેવાં કૃત્યો કરનાર સમાજવિરોધી તત્ત્વોને (પછી તે પોતાના પક્ષના હો યા ગમે તે) સહી ન ર અને જાતે જ ખુલ્લાં પાડી, અળગા કરે.

૨. કોઈ પણ પ્રકારનાં સામાજિક–રાજકીય આંદોલ દરમ્યાન, નાગરિકો તરફથી તોફાનો થવાની સ્થિતિમાંય, સરકા બંદૂકબાજીનો આશરો તો હરગીઝ ન જ લે; અને જિન નાગરિક ગુંડાતત્ત્વો તેમાં ભળેલાં હોવાની ખાતરી થાય ગોળીબાર કરવામાં આવે તોય, તત્કાલ તેની નિષ્પક્ષ તપાસ જાહેર કર્યા વિના ન જ રહે.

૩. ઉપરના કિસ્સાઓમાં સરકાર કે પ્રજા તરફથી હિંસાનો આશરો લેવાય ત્યારે, કેવળ લોકજાગ્રતિ દ્વારા જ પરિવર્તનમાં વિશ્વાસ ધરાવનારા નાગરિકો, બને તેટલા સામુહિક રીતે સરકારી અને પ્રજાકીય હિંસાની વચ્ચે જાનના જોખમે, આડ બની ઊભા રહે.

આ અશક્ય નથી—અત્યંત મુશ્કેલ હોવા છતાં. કેમ કે, કેવળ પક્ષરહિત નાગરિકો જ નહિ, તમામ પક્ષોમાંથીય કેટલાક જાગ્રત કાર્યકરો હવે આ માર્ગને આવકારે એવી પરિસ્થિતિ પાકી ગઈ છે.* [તા. ૨૭-૮-'૫૮

* આનંદની વાત એ છે કે, તાજેતરનાં તોફાનો દરમ્યાન, અમદાવાદ-વડોદરા વગેરે સ્થળે ભૂદાન-સેવકો, અને કેટલાક જનતા પક્ષીઓ સુદ્ધાં જોખમ વહોરી શાંતિ-સ્થાપના અર્થે નીકળી પડ્યા હતા; એમની અંશતઃ સફળતાએ પણ સારું એવું વાતાવરણ સર્જ્યું જણાય છે.

આ સમાજવાદી નૈતિકતા નથી

"જાહેર જીવનની એ કઈ જાતની રાજકીય નૈતિકતા છે કે જ્યાં વિરોધી મત–વિચારકોને દબાવી દેવા ઉપરાંત, એમની આજીવિકાય ખરેખાત છિનવાઈ જાય એવી સજા ફટકારવામાં આવતી હોય; જ્યાં વિરોધી મત-વિચારકોને 'ખુદ બંધારણમાં જાહેર કરેલા માનવીય અને નાગરિક હકોની બેશરમ અવહેલના કરીને સમાજમાંથી બહિષ્કૃત કરવામાં આવતા હોય; જ્યાં સત્તાધારી રાજકીય વલણ સામે સૈદ્ધાન્તિક રીતે માથું ઊંચકનારાને તેમના વ્યવસાયોથી વંચિત બનાવવામાં આવતા હોય...

"જ્યાં 'વૈચારિક સંઘર્ષ' આવાં હીન હથિયારો વડે ચલાવાતો હોય, જ્યાં સ્વાધીનતા વિશે જુઠાણાં વહેતાં મુકવામાં આવતાં હોય, અને સાથોસાથ સ્વાધીનતાના વીર યોદ્ધાઓને રોજિંદા જીવનની જરૂરિયાતોથીય બાકાત બનાવવામાં આવતા હોય ત્યાં, જાહેર જીવનની નૈતિકતાની વાતો સત્તાધારીઓના મોઢામાં શોભે છે ખરી ?

આ સમાજવાદી નૈતિકતા નથી. બલ્કે આ તો વર્તમાન યુગી 'પ્રપંચવાદ' છે...

[હંગેરીમાં તાજેતરમાં ફાંસીએ ચઢાવવામાં આવેલ માજી વડા પ્રધાન ઇમ્રે નાગના શબ્દો: ૧૯૫૫]

સુધારો:—

અંક ૮ (પા. ૪૪૦) ૧લી લીટીમાં કૌંસમાં (અફગાનિસ્તાન) છે, ત્યાં (તુર્કસ્તાન) વાંચવું.

આ શ્રાવણ છે !

આષાઢ ગયો;
આ શ્રાવણ છે !
આ છેડેથી પેલે છેડે,
નભમાં બસ વાદળ વાદળ છે !
કાળાં ભમ્મર
ઊંચે ઊંચે જળટોપ ભરેલાં વાદળ છે !
પણ ધરતી પર
હું વસી રહ્યો એ ધરતી પર,
સહેવાય નહીં
કહેવાય નહીં,
ઘર કે ઘરબ્હાર બધે એવો
ઉકળાટ જ છે ! ઉકળાટ જ છે !

આ હરિયાળીનું આંખોમાં
અંજન અવ ખાલી ખાલી છે !
ફફડાટ કરું છું; પાંખોનાં
ઊડણ પણ ખાલી ખાલી છે !
ક્યાં સૂરજ છે ?
દિનરાત અહીં તો વ્યાકુલ કરતી
ડાહીડમરી છાંય જ છે !
ને નિજનું જેને જીવન નથી,
એ પવન નથી !
છે કેવલ, આજે કેવલ ઝરતી
આ પરસેવે લ્હાય જ છે !
ગુંગળામણ છે !
આકાશ મહીં જળનાં ઝુમ્મર
મદભર ઝૂલે અદ્ધર અદ્ધર;
ફરતાંય નથી !
ખરતાંય નથી !
આજે જાણે એનાં રસધર
અંતર પણ ખાલી ખાલી છે !

આ ગોળી-ગાગર-સરવરમાં
ક્યાં અષાઢદીધી ટાઢક છે ?
આ પ્હેલાં માણી શ્રાવણમાં
ક્યાં આજે એવી છાલક છે ?
શી વાત કરું ?
આ ધરતી પર હું જ્યાંય ફરું
કે નજર કરું,
ત્યાં દઝાયલી
કાં નિષ્ફળ અમથી કહ્યાયલી,
અકળામણ છે ! અકળામણ છે !

પણ અંદરથી
રે, મથી મથી
પડકાર રહ્યો ઝંકારી, એ હું સ્પષ્ટ લહું :
તેથી જ કહું :
ગુંગળામણ છે ! અકળામણ છે !
અથડામણ છે !
નવસર્જનના પગરણનું એ એંધાણ જ છે !
નિઃશ્વાસભરી આ ધરતીને
કણકણ પાછું સંગીત થશે !
અણુએ અણુએ
કિલ્લોલ થશે ! કિલ્લોલ થશે !
છે વાર નહીં,–
આ ગાઢ થતી વ્યાકુલતાની મરુભોમ થકી
લીલી લીલી લહરી ઊઠશે !
રસસેર અખંડ ફરી ફૂટશે !
આખર આ કૈં વૈશાખ નથી !
ઊંચે ઊંચે,
પણ વાદળ છે; કૈં રાખ નથી !
ન્યોચ્છાવર થૈ જાણે એવો મહેરામણ છે;
આ શ્રાવણ છે ! આ શ્રાવણ છે !

—હસિત બૂચ

મારા પવિત્ર પ્યારના બદલામાં—

[તર્જ]

મારા પવિત્ર પ્યારના બદલામાં
કોણ રખડાવે છે કાન્તારે ?
આખો રસ્તો અજાણ્યો-શા ખપનો ?
પ્યારી ભૂમિમાં થોડી જગા બસ છે,
પ્યારી ભૂમિમાં થોડી જગા,
મોરી કાન્તા રે !

પરન્ત્ર, પરાયા મહોલ્લામાં,
જ્યાં ઊતર્યો છું હું અત્યારે,
ત્યારે કોણ મારા મનમાં આવે ?
અને ખટકો કોના દિલને ડંખે
વારંવારે ?

મારા એક જ અશ્રુના દરિયામાં
લાખ લાખ હોડી જે હંકારે ?
નહીં જાણું ડૂબી ત્યમ જાણું તરી
છતાં હો જિંદગી આનંદભરી
એના આધારે !

—પતીલ

જિન્દગી જોઈ લીધી

મેં જિન્દગી જોઈ લીધી.
અમરતપિયાલી વિષકટોરી એક સાથે પી લીધા !
મેં જિન્દગી જોઈ લીધી.
મેઘઆચ્છાદિત ઝૂકેલું ગગન જોયું,
ને ધરાનું તપ્ત આતુર વદન જોયું.
તૃપ્ત કરવાની, થવાની મેં તરસ જોઈ લીધી.
મેં જિન્દગી જોઈ લીધી.
ખીલતા ફૂલનો હૃદયઆનંદ જોયો,
મ્લાન કરમાતા કુસુમનો રંગ જોયો.
મેં લીલા અનિવાર્ય નિયતિક્રમ તણી જોઈ લીધી.
મેં જિન્દગી જોઈ લીધી.
પંકમાંથી ઊર્ધ્વ ઊડતું પદ્મ જોયું,
ને ધરાતલથી ગગનની મેર વધતું સદ્મ* જોયું.
આકુળ ઉત્કર્ષની અંતરઅભીપ્સા જોઈ લીધી.
જિન્દગી મેં જોઈ લીધી.

—જયન્ત પાઠક

વેદનાની નહિ વાત

કોઈની નથી કરવી પિછાન, બાંધવો નથી નાતો;
મૂગે મોઢે જીરવી જવી: વેદનાની નહિ વાતો.
હાથ આપું જ્યાં હેતથી ત્યાં તો લઈ ને એ હડસેલે;
વ્યરથ તો પછી દોડવું શાને ઝાંઝવા કેરા જલે ?
ફૂલ ઝરે નવ સુરભિ ને જો ગાય ન ઝરણ ગીત;
તો પછી કો અદીઠ તારે માંડવી શાને મીટ ?
કોઈ નો પરિચય ને પછી પ્રીતના આછા ભાવ—
પ્રકટે ત્યાં તો શમતા: મારી રણમાં જાણે નાવ !
કોઈની નહિ કરવી પિછાન, બાંધવો નહિ નેહ;
વેદનાની નહિ વાત ભલેને ભીતર જલે એહ !

—સુરેશ દલાલ

આજ

આજ અનેરી આંખમાં તારી આલ મેં જોયું.
એહનાં અતલ કૈંક ઊંડાણો ખોળતાં મારું ઉર મેં ખોયું !
ઉરના તારા મૂક બપૈયાને ગુંજવાં 'પિયુ' ગીત,
મૌનના ભારે તોય મૂંઝાવું ! પ્રીતની કેવી રીત !
મેઘધનુના રંગ પરે અલી, ભમતું મારું મનડું મોહ્યું !
દૂર ગોરંભે મેઘ આષાઢી : ઝમતી ધીમી ધાર
નમણાં તારાં નેણ પરે એનો આવડો તે શો ભાર ?
અંગની ધરા મ્હેંકતી ભીની: ફૂલને તો બસ ફોરવું રહ્યું !

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

* મંદિર.

ગાંધી વિચાર

આયુષ્ય કંઈ ટૂંકું નથી,
પાંગરે ના તોય, કાં ગાંધીવિચાર ?
કેટલું પાણી સીંચાયું મૂળિયે !
તોય, મીઠાં ફળ અરે, લાગ્યાં નહીં !
છે હજીયે રાષ્ટ્રનું ધખતું શરીર
છાંયડા માટે સતત તલખી રહ્યું.

વાસ્તવમાં કેટલોયે છે વિરાટ !
વર્તને વરતાય કેવો વામણો !

આયુષ્યમાં મોટાં છતાંયે
વામણાં બહુ, વૃક્ષ
ફળ અને છાયા વિનાનાં
દેખવા, દેખાડવા માટે ફક્ત
જાપાનનાં ઘરમાં રહે છે.
એમ શું ઊછરે અહીં ગાંધીવિચાર ?

—રતિલાલ—અનિલ

હે સ્નેહ-સરિતા

શૈલ-હૈયેથી વહે છે કે કમળની પાસથી ?
હે સ્નેહ-સરિતા,
તું શૈલજા છે કે સરોજા ?

કેટલીક સરિતા પર્વતમાંથી નીકળી વહે છે, કેટલીક કમળોવાળા સરોવરમાંથી. તે ઉપરથી. શૈલજા-સરોજા નામો કાકાસાહેબ વાપરે છે ખરા.

લવાદ

કદીક પરશુરામ પાસ, કદી બુદ્ધ કને !
મનુષ્ય ન્યાયને માટે લવાદ બદલે છે ! !

હાથપગ જોઈને કોઢ માગનાર

સમાજ ક્યાં મને પોતાનું અંગ સમજે છે ?
શરીર પૂર્ણ મળ્યું, પણ અપંગ સમજે છે !

—રતિલાલ-અનિલ

હવા

દિલ કી હર ચિન્ગારી કો સુલગા રહી હૈ
આજ કૈસી હૈ યહ હવા મેરે શહર કી ?
શાયદ તુમ્હારા શહર છૂ કર આયી હૈ ।

હર સાઁસ ઇસ કે હોઠોં કા બેચૈન હૈ
જિસ રાહ સે મુહબ્બત ગુઝરી હો કભી
શાયદ ઉસી રાહ સે હોકર આયી હૈ ।

ખાલી ભી હૈ ઔર ભરપૂર ભી હૈ
કુછ ઐસે દિખાઈ દેતી હૈ કિ જૈસે
ફિર તેરી દહલીઝ[1] પે ઠહર કર આયી હૈ ।

વૈસે તો સારી ઉમ્ર યૂઁ હી ગુઝરી હૈ
પર આજ માલૂમ હોતા હૈ કિ મેરી તરહ
યહ મુહબ્બત કી બુલન્દી કો છૂકર આયી હૈ ।

વક્ત કી હર તલ્ખી[2] કો યે આઝમા ચુકી
અબ ઇસ તરહ નિઢાલ હૈ કિ જૈસે
આજ કહીં અકેલી બૈઠ કર રોકર આયી હૈ ।

—અમૃતા પ્રીતમ

વિશ્વયુદ્ધના ભયની અશાંત છાયામાં

મારો હૃદય-કલશોર,
ગ્હેકી રહ્યા છે મોર !
નોખી સમયની રાગણી,
દિલનું કુંજન કંઈ ઓર !

મુત્સદ્દીઓ સામે શાંતિની ચામડી ઓઢી ઊભેલું શીલ

આજ કૌરવ વીર (!),
ઢૂંઢયે મળે ના દ્રૌપદીનાં ચીર !
હાથ છે વ્યાકુળ-છતાં નિષ્ક્રિય;
નગ્નતા સામે ઊભી છે સ્થિર !

૧. ઉમરો. ૨. કટુતા

રવીન્દ્ર–સાહિત્ય



[ગુરુદેવની આ અંતિમ કવિતા છે : તા. ૩૦મી જુલાઈએ ગુરુદેવના શરીર પર શસ્ત્રક્રિયા થઈ અને તા. ૭મી ઑગસ્ટ, ૧૯૪૧ને દિને તેમણે દેહ છોડયો.]

તારી સૃષ્ટિનો પથ કરી રાખ્યો છે આકીર્ણ તેં
વિચિત્ર છલના – જાલમાં
હે છલનામયી !
મિથ્યા વિશ્વાસની જાળ બિછાવી છે નિપૂણ હાથે
સરલ જીવનમાં.
આ પ્રવંચના દ્વારા મહત્ત્વને કર્યું છે તેં ચિહ્નિત
એને માટે રહેવા ન દીધી ગુપ્તતા.

તારો જ્યોતિષ્ક એને
જે પથ દાખવે છે
એ જ તો છે એનો અંતરતમ પથ;
એ તો છે ચિર–સ્વચ્છ,
સહજ વિશ્વાસે
કર્યો છે એને ચિર–સમુજ્જ્વલ.
બાહ્યરૂપ ભલે હો કુટિલ, અંતરમાં એ ઋજુ
એ જ તો છે એનું ગૌરવ.
લોકો એને કહે છે ‘ વિડંબિત. ’
સત્યને એ પામે છે
પોતાના પ્રકાશમાં, સ્વચ્છ અંતરે.
કેમે ના શકાય છેતરી એને,
શેષ પુરસ્કાર લઈ જાય એ
પોતાના ભંડારમાં.

અનાયાસ જે સહી લે છે છલના
પામે છે એ તારે હાથ
શાંતિનો અક્ષય અધિકાર.

૩૦ જુલાઈ ૧૯૪૧ અનુ. : ભોગીલાલ ગાંધી

[પોતાની કલ્પનાના ‘ અમરકવિ ’ને સંબોધેલું ગુરુદેવનું આ કાવ્ય, આજે આપણે ગુરદેવને સંબોધી કૃતાર્થ થઈએ.]

તમનેય હતાં ના શું સુખ અને દુઃખ,
આશાનિરાશાનાં દ્વંદ્વ અમારી જ જેમ
હે અમર કવિ ? હતાં ના શું અનુક્ષણ
રાજસભાષડયંત્ર ને ગુપ્ત આઘાત ?
ક્યારેય સહ્યા ના તમે અપમાનભાર,
અનાદર, અવિશ્વાસ, દુઃસહ અન્યાય,
અભાવ ,કઠોર ક્રૂર ?–નિદ્રાહીન રાત
ગાળી ના શું વક્ષ પરે મૂકી શિલાભાર ?

તોય એ સર્વથી ઊર્ધ્વ નિર્લિપ્ત નિર્મલ
ખીલી ઊઠ્યું કાવ્ય તવ–સૌંદર્યકમલ
આનંદના સૂર્યકરે; નહીં એમાં ક્યાંય
દુઃખદૈન્ય દુર્નિતનું ચિહ્નયે દેખાય.
જીવનમન્થન વિષ પોતે કરી પાન
અમૃત પ્રકટ્યું તેનું તમે કર્યું દાન.

ચૈતાલિ અનુ. : સુરેશ જોષી

રૂપ–નારાયણને તીરે
જાગી ઊઠ્યો હું
જાણ્યું મેં આ જગત
સ્વપ્ન નથી.
રક્તના અક્ષરે જોયું
પોતાનું રૂપ,
પરિચય પામ્યો પોતાનો
આઘાતે આઘાતે
વેદના–વેદનાએ
સત્ય છે કઠોર.
કઠોર થકી કરી પ્રીતિ
એ કદી ન જાય છેતરી.

આમૃત્યુ દુઃખ–તપસ્યા છે આ જીવન
સત્યનાં દારૂણ મૂલ્યની પ્રાપ્તિ કાજે
મૃત્યુનું સકળ ઋણ ચૂકવી દેવા માટે.

૧૩–૫–૧૯૪૧
શેષલેખા અનુ. : ભોગીલાલ ગાંધી

[વિશ્વમાનવ : સપ્ટેમ્બર ૫૮





—ગુલામ મોહમ્મદ શેખ

ઉઝાર બર્ક ગિરે, લાખ આંધિયાં ઊઠે
વો ફૂલ ખિલકે રહેંગે જો ખિલને વાલે હૈં!

કેટલાક લોકો કલાકારો-કવિઓને આર્ષદ્રષ્ટા કહે છે. ીજી રીતે કહીએ તો એમ થાય કે એ લોકો પોતાના ામયના વિચારપ્રવાહથી હમેશાં એક ડગલું આગળ ચાલતા ાય છે. આમ તો કલાકારોને એ બહુ મોટું બિરુદ મળ્યું ્હેવાય. પણ અફસોસ એ બાબતનો રહે છે કે એ બિરુદ-ાન કે ગૌરવ ધારણ કરવા લગીની ઘડી સુધી બહુ ઓછા ાલાકારો જીવિત રહી શક્યા છે.

પેલો રેન્વા (Renoir) ઘર છોડીને ધોબણોનાં ચિત્ર ારવા ગયો અને પોલ ગોગાં(Paul Gaugin)ને તો ામાજે દૂર દૂર તાહિતિયન ટાપુઓ સુધી તગડી મૂક્યો અત્યારે ભલે મોંમાગ્યાં દામે એનો નજીવો રકેચ ખરીદવા ણ પડાપડી થતી હોય !). રોટલીના બદલામાં ફ્રાન્સ હોલ્સે અત્યારે મોંઘામૂલાં મનાતાં) ચિત્રો દોર્યાં-અને રુઓ Rouault) એના જીવનની વસંતે માલિકે આપેલ ટપાલ હોંચાડવા ગાડીની પાછળ એક શ્વાસે દોડી-ગાડીભાડાના ૈસા બચાવી તેમાંથી ચિતરવાનાં સાધનો ખરીદતો...! અને ેલો રેમ્બ્રાં—?

ભરાવદાર છતાં ભારેખમ શરીર અને ટૂંકા કદવાળો રેમ્બ્રાં—દુઃખ, અપમાન, નિરાશા, તિરસ્કાર અને નિષ્ફળતા-ઓને ઘોળી ઘોળીને પી જનારો મરજીવો કલાકાર—જીવનની છેલ્લી ઘડીએય યાતનામાં સબડતો હતો. લુવ્ર અને મેટ્રોપોલીટન મ્યૂઝિયમની જગત્ખ્યાત ગેલેરીઓમાં આજે એનાં ચિત્રો લટકે છે. એની ઢબે છબી દોરવા હજી ઘણાય ચિત્રકારો આકર્ષાય છે, એની અવકાશ રચના અને રંગયોજનાનો સૂઝ આગળ ભલભલા કલાકારો અને વિવેચકો અદબથી માથું નમાવે છે. એનાં ચિત્રોનાં પ્રદર્શનો જગતભરમાં ઘૂમે છે અને બધેય આદર પ્રાપ્ત કરે છે...તે રેમ્બ્રાં આમ્સ્ટર્ડામના વેસ્ટચર્ચના કબ્રસ્તાનને એક ખૂણે એનાં બધાંય સ્વપ્નાંઓ અને મહેચ્છાઓની માટી ખડકીને સૂતો છે. એના બેફિકર સ્વભાવ જેવી જ એ માટી કોઈ પૂછનારાને દાદ નહિ આપતી હોય પણ એણે રંગી મારેલા ડસો કેન્વાસ અને ત્રણસો ત્રાંબાની એચીંગ પ્લેટ્સ, તેમ જ હજારો રેખાંકનોમાંનો એક એક લપેડો તમને એની અનેક વાતો સંભળાવશે. નાચતોકૂદતો આવીને એક લપેડો કહેશે: 'જોયું-મારામાંનું રમતિયાળપણું ?' બીજો જણાવશે: 'હું કેવો મજબૂત અને અસરકારક લાગું છું, નહિ કે ?' તો ત્રીજો વળી કહેશે: 'હું તો આછા મોટા ઘેરા રંગના સમૂહમાંથી ઊપસી આવીને કેવો તમારી કીકીઓને સ્પર્શી રહ્યો છું !' પણ બીજી જ પળે તમને કોરસગાન જેવો કરુણ સ્વર સંભળાશે: 'પણ અમારા સર્જકપિતા વિના તો અમે ટયૂબમાં સંતાયેલા નિર્જીવ લોંદા જ હતા...'

એ રેમ્બ્રાં-એક ઘંટીવાળાનો દીકરો. બાપ અને બધા મોટેરાઓને દીકરાના ચિતરવાના અપલખણ પ્રત્યે ઘનરાજી. તોય એ તો સહુની ઉપરવટ થઈને યુનિવર્સિટીમાં જઈ વકીલ-ડૉક્ટર થવા કરતાં ચિત્રશાળામાં પહોંચી ગયો. અને એ સમયે પણ તે કેવી વાતો કરતો !-અવકાશની, હવાની અને સ્વરૂપની. મોટેરા એનું કામ જોતા, છબી દોરાવનાર,

પણ છેવટે તો આ ધંધો છોડી દેવાની જ શિખામણ આપતા. પણ નાનો રેમ્બ્રાં વાનરીન એમ મૂંઝાઈ ને બેસે તેવો નહોતો. એણે તો બાપની ઘંટીના કામ સાથે ચિતરવાનુંય ચાલુ રાખ્યું. અને પછી તો એ ઘંટી જ એને સહાયક થઈ પડી. એમાંથી જ એની આગવી ચિત્રપદ્ધતિનાં મંડાણ થયાં.

ફાટેલા કોથળાને સીવવા માટે બાપે નાના વાન રીનને (એને એક મોટો ભાઈ પણ હતો.) ઘંટીના એક ખૂણે બેસાડ્યો. પણ દીકરો તો કોથળા સીવવાનું કામ પૂરું કરીને, બાપ વળી કોઈ બીજું કામ ન ચીંધે એટલા માટે કામ કરવાનો ઢોંગ કરતો ભંડકિયા જેવા ઘંટીના મકાનની ગોખલા જેવી નાનકડી બારીઓમાંથી અંદર કૂદાકૂદ કરતા અજવાળા સાથે રમવામાં પરોવાયો હતો. ગામમાં પ્લેગનું જોર વધી જવાને લીધે ઉંદરોને પકડી પાંજરે પૂરી દેવામાં આવતા—એવું એક મોટા ઉંદરોનું પાંજરું ત્યાં લટકે. મકાનની નાનકડી બારીમાંથી આવતું અજવાળાનું ચોસલું એ પાંજરાને વળગી પડે. પણ પાછું ઘંટીના હવાથી ફરતા પંખાનું પાંખિયું બારી આગળ આવે અને પળવારમાં તો અજવાળાના એ ચોસલાને આખાયે ખંડનું અજવાળું ભરખી જાય. પંખાનું પાંખિયું બારી પાસેથી જરા ખસે કે ફરી ખંડમાં બારીવાટે અજવાળું–આવી પડે. આમ અંધારા ને અજવાળાની રમત જામેલી. આ રમતમાં આંખ અને મન રોવી બેઠેલા ઘંટીવાળાના દીકરાના શરીરમાં ક્યાંક પડેલો કલાકાર એક નવી જ અનુભૂતિ લઈ સળવળ્યો. પાછળથી એણે એ અનુભૂતિને રંગ અને તેલમાં ઓગાળી કૅન્વાસ પર પાથરી દીધી. અંધારાં અને અજવાળાનું જીવતું જગત રચી આપ્યું...!

∴ જેમાં હસતે મુખે દેવી ફ્લોરા આવી, કરડું મરકતા સૈનિકો આવ્યા, ગુલાબના ગોટા જેવી નગરસુંદરીઓ, ગંભીર મુખવાળા પ્રભાવશાળી પીઢ નગરજનો અને તલવારો લઈ સોગન ખાતા સુભટો પણ આવ્યા...સૌંદર્યરાણી વીનસ નગ્નરૂપે હાજર થઈ, ડિલાઇલા અને સેમ્સન, ડેવીડ અને બાથશેબા અને પંથ ભૂલેલ પુત્ર પણ એ અંધારાં–અજવાળાની વિરોધાભાસી રંગલીલામાં પૂર્ણરૂપે અવતર્યા...આખરે આંખોમાં ઉદાસી ભરીને વિચારમગ્ન ખ્રિસ્ત પણ પીંછીના પ્રેમબંધને બંધાઈ આવ્યા.

...પણ ન આવ્યું તે એક ચેન. કલાકારને આર્થિક કઠણાઈઓ, વિધિની ક્રૂરતાઓ અને સમાજનાં રૂઢિબંધનો જડનીતિ–નિયમોએ જીવનભર જંપવા ન દીધો.

લગ્નના પહેલા દસકામાં જ રેમ્બ્રાં–દંપતીએ (એક ટીટસ સિવાય) ત્રણ બાળકો કુદરતને ખોળે સોંપ્યાં. કદાચ ત્યાંથી જીવનની મોટી વિડંબનાએ શરૂઆત કરી. એ તો એના જીવનનો મધ્યાહ્ન હતો અને કલાકારનો વજ્રદેહ કે હૈયું આવા ફટકાઓથી ભાંગે તેમ નહોતાં. પણ આકરાં મંડાણ તો પાછળથી થયાં. રૂહાઈન નદીનાં નિર્મલ નીર જેવી જેની કાંતિ હતી અને જેના જૂઈ જેવા હૃદયે રેમ્બ્રાના જીવનમાં મ્હેક મ્હેક પાથરી હતી, એ એની પત્ની સાસ્કીઆ આઠ વર્ષના પ્રેમભર્યા સહવાસ બાદ અગોચર લોકમાં ઊપડી ગઈ.. જેને દેવી ફ્લોરા–ફૂલરાણી તરીકે આલેખી, ઊંચા કુળની અને ઠીક ઠીક લાડ–કોડમાં ઊછરેલી હોવા છતાંય જેણે ઘંટીવાળાના દીકરાને અખૂટ માયામમતા પીરસી અને જતાં જતાંય બાપ તરફથી મળતો બધોય વારસો એના નામે છોડી ગઈ, એ પત્નીને રેમ્બ્રાં કેમ ભૂલે ? સાસ્કીઆનું અકાળ મૃત્યુ કલાકારના જીવનમાં જબરો ભાગ ભજવી ગયું. તાણી-તૂસીને પૈસા ભેગા કરીને એ ભગ્નહૃદય પ્રેમીએ સાસ્કીઆને જે દેવળ પાસે દાટેલી ત્યાંની કબર પાસેની જગ્યા મહામહેનતે ખરીદી લીધી. ફૂલ જેવી સાસ્કીઆને પથ્થર જેવા પારકા અજાણ્યાની પડખે સૂવું ન પડે ને, એટલે !

જેના માટે આટલી લગની અને પ્રેમ, તેના મૃત્યુએ એના પર કેવી કારી અસર કરી હશે તે તો કલ્પી જ લેવાનું. કોઈ બીજો પત્નીની કબર પર આંસુઓનો સમુદ્ર ઠાલવી આવ્યો હોત. કોઈએ કબરની ધૂળમાં હૈયાની વેદનાનાં ફૂલ વેર્યાં હોત. પણ આ પ્રેમી અનોખો હતો. એ પ્રેમી તો હતો જ; કિન્તુ સાથોસાથ કલાકાર પણ. સાસ્કીઆના દફન બાદ તરત જ જાણે બીજી જીવનસંગિની પીંછીએ ઘરમાં પગલાં પગલાં સાદ દીધો અને કલાકાર પાછું વાળીને જોયા વગર રંગો સાથેની સર્જનલીલામાં લાગી પડ્યો. તેલમાં ઓગળીને એકરસ થઈ જતા રંગની જેમ એના જીવનની સઘળી વેદનાઓ જાણે કે એણે નિર્મમતાના રંગમાં ઓગાળી નાખી. કલાકાર જાત ખોઈ બેઠો...અને એણે આલેખ્યું એક ચિત્ર–જ્યારે નવવધૂ બનીને પોતાના ગૃહઆંગણે સાસ્કીઆએ તાજી જ પગલીઓ પાડી હતી તેનું.

ત્યાર પછીનાં ત્રણ વર્ષ એમ જ વીત્યાં. પણ પછી પાછો અચાનક ઉંબરે કોઈની પાનીનો સ્પર્શ થયો અને રેમ્બ્રાંના ઘરની બધી વસ્તુઓનું સ્વરૂપ બદલાઈ ગયું. ગામડાગામની

એક છોકરી હેન્ડ્રીક્જ્ સ્ટોફેલ્સ નાના ટીટસને સંભાળવા અને રેમ્બ્રાંનું ઘરકામ કરવા આવી. એ થઈ ને તો આવી નોકરાણી પણ ત્યાર પછીની રેમ્બ્રાંની આખીય જિંદગી પર રાજ કરી ગઈ. નિર્દોષિતા એ જ જાણે કે હેન્ડ્રીક્જ્ની ઓળખાણ હતી. સ્વચ્છતા અને કાળજી એ જ એનો સ્વભાવ હતાં અને મૂક સહિષ્ણુતા જાણે કે એનો પ્રાણ હતી (એટલે જ તો મૃત્યુ પહેલાંના મહિનાઓમાં એ ખૂબ જ થાકેલી અને નબળી પડી ગઈ હોવા છતાંય ઘરનું બધું જ કામ કરતી અને રેમ્બ્રાંની બધી આજ્ઞાઓ પાળતી–પોતાની શારીરિક નબળાઈઓ–મુશ્કેલીઓની કોઈ ને પણ જાણ થવા દીધા વિના).

એણે રૈમ્બ્રાંના અસ્તવ્યસ્ત જીવન અને ઘર બંનેમાં બને તેટલી વ્યવસ્થા આણી. દિનપ્રતિદિન જગત પ્રત્યે બેદરકાર બન્યે જતા કલાકારના હૃદયમાં એણે ફરી પ્રેમનો દીવો પેટાવ્યો અને કલાકાર એના તેજે ફરી પાછો અખૂટ ઉત્સાહ સાથે સર્જન કરવા લાગ્યો.

પણ સમાજની નજરે આવું ક્યાં સુધી ચાલે ? જ્યારે સહુને પોતાના ઘરના ઝગડાઓનો નિકાલ ન મળ્યો ત્યારે બધાએ પારકા ઘર તરફ નજર માંડી–આપણા કરતાં વધારે બૂરા હાલ છે ક્યાંય કોઈના ? અને તરત જ પાડોશીઓની નજરે રેમ્બ્રાં ચડ્યો. પત્નીને મર્યે હજી માંડ ત્રણ વરસ થયાં છે, ખાસ્સો એવો સમજણો ટીટસ જેવો દિકરો છે અને ઘરધણીને ઘરની તાચીઝ નોકરાણી સાથે આવો વહેવાર ! ! તોબા ! તોબા ! કોઈએ મોં મચકોડયું તો કોઈ આડું જોઈ ગયું. આમ ને આમ હોઠની સીડીએ સીડીએ ચડતી વાત ચર્ચની ઊંચી ટોચ જેટલું જ્ઞાન ધરાવનાર ધર્મગુરુના કાન સુધી પહોંચી, અને ધર્મના રક્ષક ગુરુએ ત્યાર પછીના જાહેર ભાષણમાં બધાની સામે થઈ રહેલો પાપાચાર વર્ણવી બતાવ્યો.

પણ ધર્મ, સમાજ અને જીવનના રૂઢ નીતિ-નિયમોથી પર એવું એક નવું જ અસ્તિત્વ ખોળી બેઠેલો કલાકાર કોઈથી ન ડર્યો. અપમાન–તિરસ્કારની સામે ઝૂઝ્યો અને છેવટે ખાળીને રહ્યો.

·

આટલું જ હોત તો ઠીક, પણ જે એનું જીવન હતું, જેમાં એણે પોતાના પ્રાણને નિચોવી નાખ્યો હતો એવા કલાસર્જનની બાબતમાંય એણે ઓછું નથી સહ્યું. એના આગળ પડતા વિચારોને સમજવાની એના ગ્રાહકોમાં શક્તિ નહોતી. એની અવકાશની બાંધણી અને વિભાજન તેમ જ છાયાપ્રકાશનાં આયોજનો લોકોને મન નિરર્થક હતાં. એથી એને બહુ ઓછા ઓર્ડર મળતા અને જે કાંઈ મળતા તેમાં પણ કેવાં કેવાં વિચિત્ર ભેજાં અથડાતાં ! ચિત્ર પૂરું થઈ ગયા બાદ, એ મૂળ વ્યક્તિને મળતું આવતું નથી, એમ કહી પૈસા પાછા માંગનારા પણ એને મળ્યા. ચિત્રના સુયોગ્ય સંયોજન માટે કેટલીક વાર અમુક વ્યક્તિઓને આગળ પાછળ–અથવા તો ઓછાવત્તા મહત્ત્વવાળી દર્શાવવી પડે છે. એવું એણે જ્યાં કર્યું ત્યાં કેટલાક તો એને ધમકી પણ આપી ગયેલા કે જો તે તેમને આગળ પડતા અને પ્રકાશિત રંગોમાં નહિ આલેખે તો તેઓ એને એક પાઈ પણ નહિ ચૂકવે...

અને પછી તો ચૂકવવાનો સવાલ જ ન રહ્યો. એને મહિનાઓ સુધી કામ ન મળ્યું. મળતું બંધ થયું. પરિસ્થિતિ ત્યાં સુધી વણસી કે આખરે એને ઘર વેચવા સુધીનો સમય આવ્યો. મહામોંઘી કિંમત આપીને જગતના મહાન સર્જકોની કલાકૃતિઓથી જે ઘર મ્યૂઝિયમથી પણ અધિક સમૃદ્ધિવાન હતું તેને વેચાતું અને બધી કલાકૃતિઓને હરરાજ થતી જોવાનું પણ કલાકારની નબળી પડતી જતી આંખોને ભાગે આવ્યું. જ્યાં સાસ્કીઆ સાથે આઠ વર્ષ સુધીનો સુખભર્યો સંસાર ભોગવ્યો, ટીટસ જેવો પુત્ર મેળવ્યો અને છેવટે દુઃખના વારિધિમાં તરફડતાં હાથ લાગેલ તરાપા જેવી હેન્ડ્રીક્જ્ના સહારે નવા જીવનનો પ્રારંભ કર્યો, એ બ્રેસ્ટ્રાટનું ઘર કલાકારે તજ્યું. દેવું કરીનેય ખરીદેલા પોતાના પ્રિય ચિત્રકારના ચિત્રને છેલ્લીવાર જોઈ ને નવી પ્રેરણા મેળવવાની હામ હવે એના ઘરડા બન્યે જતા શરીર અને હૃદયમાંથી ખૂટવા માંડી.

છતાંય લેણદારોનાં માગાં અને ઘરની અનેક અગવડો વચ્ચે પણ કલાકારનો હાથ કેન્વાસ-અને ધાતુની પ્લેટ્સ પર (એચીંગ માટે) ફરતો રહ્યો.

પણ હજી ઉપરવાળાને મન આટલું બસ નહોતું.

એક દીકરી કોર્નેલીઆ અને સાવકાપુત્ર ટીટસને છોડી હેન્ડ્રીક્જ્ પણ સાસ્કીઆને મળવા ચાલી. આળા હૃદય પર મલમ ભરનારી પોતે જ જખમ કરી ગઈ. અને એય એટલો ઊંડો કે જ્યાંથી કલાકાર પોતે પણ એના ખોવાયેલા અસ્તિત્વને શોધી ન શકે.

ધૂંધળા વાતાવરણમાં શું બની ગયું એની પૂરી ભાળ કલાકારનું હૃદય કાઢી શકે એટલામાં તો બીજા જ વરસે

એનો દીકરો ટીટસ પણ પરણ્યા પછીના થોડાક જ મહિને ભરજુવાનીમાં સદાને માટે ચાલી નીકળ્યો.

રહી ગયો તે એક રેમ્બ્રાં જ. એના જીવનમાં મોત નહોતું. બીજાઓને-બધાંયને મરતાં જોવાનું અને જીવવાનું આકરું કામ એને સોંપાયું હતું, અને કલાકારે પૂરી ઝિંદાદિલીથી એ પાર પાડ્યું. એણે જે કાંઈ મેળવ્યું તે રંગમાં હલવી રજૂ કર્યું અને જે કાંઈ ખોયું તે હૈયામાં ભારી રાખ્યું. એણે જે આલેખ્યું તેમાં પોતાનાં વ્યક્તિગત દુઃખો ગાવાની એણે ઝાઝી પરવા કરી નહિ. એણે તો રંગ અને અવકાશનું એક નવું જગત બાંધ્યું—જે જોનારને આનંદ પણ આપે. અને જે કાંઈ એણે ચીતર્યું, તે અદ્‌ભુત ઊર્મિશીલતાથી. પીંછીએ એને પિછાણી અને રંગોએ એને પ્રગટ કરી, અને બન્નેએ ભેગાં મળીને કલાકારને પોતાના જીવન સમી કઠોરતા બદલામાં આપી. જેને લીધે કલાકાર બધું ભૂલીને બધીય ઉપાધિઓ સામે કઠોર થઈ બેઠો. પીંછીના સાહચર્યમાં એને બાહ્ય જીવનની એકેય ઉપાધિ સ્પર્શી શકી નહિ; સ્પર્શી તો હરાવી શકી નહિ. અને એ એમને એમ ઝૂઝતો, આપત્તિઓ હઠાવતો અડીખમ ઊભો રહ્યો.

બીજુંય મકાન એને ભાડું વધારે પડવાને લીધે નાછૂટકે ફેરવવું પડ્યું-જ્યાં એને કામ કરવા માટે જરાય સગવડ નહોતી. છતાં એ હિંમત ન હાર્યો અને જીવનના એક માત્ર આધાર જેવી સર્જનલીલાને છોડી નહિ. અને એ અતિશય કામને લીધે જ એ ભાંગ્યો. મન કે હૃદય તો ગમે તેવા ઝંઝાતો સામેય ટક્કર ઝીલે તેવાં હતાં પણ શરીરે સાથ ન આપ્યો અને આખરે કલાકાર પડ્યો.

મૃત્યુ પહેલાં એણે પોતાના એક સંબંધીને બાઇબલમાંથી જીનેસીસમાંની જેકોબની વાત વાંચવાની કહી-એ જેકોબ, કે જે દેવ સાથે લડ્યો હતો. સંબંધીએ વાંચ્યું:

'અને જેકોબને એકલો છોડવામાં આવ્યો. અને તેની સાથે સૂર્યાસ્ત સુધી એક માણસ લડ્યો.

'જ્યારે જેકોબે જોયું તો એના સાથળનો સાંધો તૂટી ગયો હતો. એટલે તેણે કહ્યું કે હવે સૂર્યાસ્ત થયો છે મને જવા દો. તેને કહેવામાં આવ્યું કે તે જ્યાં સુધી આશીષ નહિ આપે ત્યાં સુધી એને છોડવામાં નહિ આવે. પછી એનું નામ પૂછવામાં આવ્યું. જવાબ મળ્યો 'જેકોબ' અને તેણે કહ્યું-'હવેથી તું જેકોબ નહિ; પણ ઈઝરાએલ કહેવાશે...'

માંદા રેમ્બ્રાંની રગોમાં જાણે કે પેગમ્બર ઈઝરાએલના પ્રાણનો સંચાર થયો અને એણે ઉપરની વાત ગોખી નાખી હોય તેમ એ વાક્યે વાક્ય દોહરાવવા લાગ્યો. પછી ઈશ્વરે કહેલું છેલ્લું વાક્ય આવતાં એ બોલ્યો: 'હવેથી તું જેકોબ નહિ, પણ રેમ્બ્રાં કહેવાશે...'

સોળસો ઓગણસિત્તેરની ચોથી ઑક્ટોબરે એ મરી ગયો. એણે 'જીવનભર તો સહી શકાય તેટલું સહ્યું પણ મૃત્યુ પછીય વિધિની ક્રૂરતાએ એનો પીછો છોડ્યો નહતો. એને દફનાવવા માટે એના સંબંધીઓ (દીકરી કૉર્નેલીઆ અને પુત્રવધૂ મેગ્ડાલેના) પાસે પૂરતા પૈસા પણ નહોતા. પણ ત્યારે રેમ્બ્રાંની આંખો મીંચાઈ ગઈ હતી. હવે એને એવું બધું જોવાનું નહોતું...એનાં ચિત્રોને એના જ કેટલાક વિદ્યાર્થીઓએ (અણસમજુ ગ્રાહકો તો ઠીક) પણ અત્યંત હીનકક્ષાના નમૂનાઓ તરીકે વર્ણવ્યાં-પણ એ સાંભળવા રેમ્બ્રાંની કર્ણેન્દ્રિય જાગૃત નહોતી; એનાં ચિત્રોને નજીવી કિંમતે ખરીદવાય કોઈ તૈયાર થતું નહોતું; પણ ત્યારે એના દેહને રોજીની જરૂર નહોતી. સમાજના જુલમો, સિતમ અને પજવણીઓથી ખવાઈ ખવાઈને ચાળણી જેવો થઈ ગયેલો એનો દેહ હવે માટી ખાઈ રહ્યો હતો. જીવતાં અને મર્યા બાદ પણ એ પૂરેપૂરો કામ આવી ગયો હતો...

આજે આપણે એનાં ચિત્રોનાં પ્રદર્શનો ભરીએ છીએ. એની છાયાપ્રકાશની અને રંગરચનાની માંડણી પર વારી જઈએ છીએ. એની અનુભૂતિઓને સમજી શકવાની થોડી ઘણી લાયકાત ધરાવવાની હિંમત કરીએ છીએ. ત્યારે દૂર દૂર આમ્સ્ટર્ડામના ખૂણે પડેલા વેસ્ટર્ચર્ચના કબ્રસ્તાનની કોઈ એક કબરની માટીમાં આજે બસો વરસ પછીય સંતોષનાં-સ્મિતનાં ફૂલ ઊગતાં હશે કે નહિ એવી લાગણી સહેજ જ થઈ આવે છે—ન જાણે!

પ્રસંગ

હાથીપગો

—રાધેશ્યામ શર્મા

બપોર પણ આળસુની જેમ, જાણે તસુએ ખસવાની ઇચ્છા ના હોય એમ લાંબી થઈ આરામ કરતી પડી હતી. ખખડી ગયેલા એક ઘરના છાપરા નીચેના પોલાણમાં એક કબૂતર આંખો મીંચી શાન્તિથી મુન્મય અવસ્થામાં બેઠું હતું ત્યાં એની નજર પડી. કબૂતરની એને ઈર્ષા આવી. પોતાને માખીઓ કેવી સતાવી રહી હતી ! જેમ એ ઉડાડતો તેમ બમણા જોરથી એ હલ્લો કરતી, અણગમતા સ્પર્શનો અનુભવ કરાવતી. ઊભો થવા કરતાં કોઈ બીજી બાબતમાં ધ્યાન પરોવવાનું એને ઠીક લાગ્યું, કારણ કે આંખમાં ઘેન ભરાયું હોવા છતાં માંખો ક્યાં ચેન પડવા દે એમ હતી ? અચાનક એની દૃષ્ટિ હૃષ્ટપુષ્ટ એવા એક મંકોડા ઉપર પડી. ફૂટપાથ ઉપરના ખાડાખાંચા ચઢતો ઊતરતો એ સરસર પોતાની તરફ ધપી રહ્યો હતો. ખૂબ જ સાચવીને મમતા ને કાળજીપૂર્વક ગોઠવેલા એના જમણા પગ પાસે આવીને મંકોડો અટકી ગયો—જાણે કોઈ તોતીંગ વસ્તુ જોઈને ડઘાઈ ના ગયો હોય ! નિમેષમાત્રમાં એ એના પગનાં ગંદાં બે આંગળાં—અંગૂઠા અને એની પાસેની—વચ્ચેની જગામાં આગળ વધ્યો. એણે મંકોડાને પ્રગતિ કરવા દીધી, ગૌરવથી જોયા કરી. હાં, હવે એ આગળ વધતો આંગળાં વચ્ચેની ફાડ ઉપર, ધરતીને છોડી દઈને, ધીરેથી ચઢવા જતો હતો; ચઢ્યો પણ ખરો, ત્યાં તો એને એક વિચિત્ર વિચાર આવી ગયો: આ બે આંગળાં પાસે લાવી એ બંનેની ભીંસમાં મંકોડાને ચગદી નાખવાની કેવી મઝા આવે ! એ સપડાય તો શું કરે ? પરંતુ એ કાંઈ પણ કરે તે પહેલાં તો મંકોડો એ સાણસાને વટાવી વિજયશેર ઉપર આવી ગયો અને કોણ જાણે કેમ એ સ્થળ એનેય પસંદ ના પડવાથી નીચે ઊતરી ચાલતો થઈ ગયો.

માખીઓની સતામણીના કબ્જામાં હવે એ રહે તે લગભગ અસંભવિત હતું. અવકાશમાં એનું અસ્તિત્વ નિસ્તબ્ધ પૂતળા જેવું બની ગયું. ઉપરની પાંપણે હવાના આછા સ્પર્શથી સ્પંદન અનુભવ્યું અને ખડકાયેલા વજનને કારણે પોપચાં ક્યારે મીંચાઈ ગયાં, એનું ભાન ના રહ્યું.

ધૂંધળું ધુમ્મસ હવામાં પ્રસરી ગયું છે. દેખાય છે માત્ર એક જબરજસ્ત પુલ, નીચે ફૂંફાડા મારતી ધસમસતી પ્રમત્ત નદી અને જેના આધારે પુલ ખડો છે એ મોટા તોતીંગ થાંભલા —જાણે પુલના ખૂબ સૂઝી ગયેલા પગ ! પુલની જેમ પોતાના પગ પણ ફૂલવા માંડે તો ? નદી ઉપર ચંદનથી ચિતરાએલો કોઈ હાથી આવ્યો છે. મંદિરના અર્ધનગ્ન બાવાઓ એને પાણી પાવા લાવ્યા હશે ? શી ખબર ? પણ એને આમ ટેકરી ઉતારીને પેલા કાદવ તરફ ક્યાં લઈ ચાલ્યા ! પાણી પાવા તો આ બીજી બાજુથીય જવાય એમ હતું. એ...પ... હાથી ફસાણો, ચીકણા કાદવમાં. માન્યું નહિ ને આ દશા થઈ. માવતની જગાએ બેઠેલો બાવો અંકુશ ઉગામે છે, હાથી બહાર નીકળવા એક પગ ખેંચવા જાય છે ત્યાં તો બીજા અંદર ગરકતા જાય છે. હાથી જેમ જોર કરે છે તેમ વધુ ઊંડો ઊતરતો જાય છે. ચિચિયારી કરે છે ભયંકર...એ અંદર ને અંદર, નિરૂપાયે નીચે ને નીચે, ખૂંપતો જાય છે....

એને સફાળા જાગી જવું પડે છે, કેમ કે એક કૂતરો ધૂનમાં ને ધૂનમાં એના એલ્યુમિનિયમના પાણી ભરેલા પાત્રને ઠેબે લે છે, ઢોળી નાંખે છે અને એના દેહને ઠીક ઠીક ભીંજવે છે. ભૂખરા રંગના મકાન ઉપર આવેલું ટાવર વચ્ચે વચ્ચે અટકીને, પાંચ ટકોરા વગાડે છે તે એ ગણે છે અને અણગમાપૂર્વક લાકડીની મદદથી ઊભો થઈ ખૂબ ધીમે ચાલવા માંડે છે. વાદળની ચાદર ઓઢેલી સાંજ માંદી અને સુસ્ત બી જેવી ક્ષિતિજ ઉપર દેખા દે છે.

એ થોડું ચાલે છે ત્યાં તો ઘરડા થયેલા ઘોડાની જેમ હાંફી ઊઠે છે. મોટર, ગાડી, રિક્ષા બધાંને દોડતાં જોઈ એ

વધારે થાક અનુભવે છે. સમગ્ર વાતાવરણ એકસૂરીલું, જડ અને કંટાળાજનક લાગે છે. દૃષ્ટિ પોતે પણ હાંફી રહી છે. પોતાના અસ્તિત્વને આજુબાજુનું કશું જ બંધબેસતું આવતું નથી એવી તીવ્ર લાગણી એની નસેનસમાં વ્યાપી વળે છે. દૂરથી, જાણે પોતાને જ ભસતો હોય એવા કૂતરાનો અવાજ હવા ઉપર વહી આવી એને બેચેન કરી મૂકે છે. પોતાના દેહને પરાણે ઢસડયા કરતો હોય એમ એ આગળ વધતો એક બૂટ-કંપનીની દુકાન આગળ આવી પહોંચે છે. આ કંપનીનું ઉદ્‌ઘાટન આજે સવારે જ થયેલું. કેટલાક લોકો, જેમનાં મોઢાં કુતૂહલ અને આશ્ચર્યથી પહોળાં થઈ ગયાં છે, તે એક નવીનતા જોવા જથ્થામાં ખડાં છે. સામાન્ય માણસના પગના પંજા કરતાં ઠીક ઠીક મોટું એવું એક 'રાવણ ચંપલ' આકર્ષણ રૂપે ત્યાં લટકે છે—જેના ઉપર રાહદારીઓ વાંચે તેમ લખવામાં આવ્યું હતું: 'Present to whom it fits,' 'જેને થાય તેને ભેટ!'

—એ ત્યાં અટકે છે. પોતાના રસ ઊતરેલ હાથીપગ તરફ જુએ છે અને વિચારે છે કે બીજું કાંઈ નહિ તો આવું આ ચંપલ તો બંધ બેસશે જ...આટલુંય ક્યાંથી? મૂઢ શો એ આગળ વધે છે ને પેલું ચંપલ લેવા કરે છે. દુકાનમાલિક અને લોકો આ બધું જુએ છે. એમનેય થાય છે કે, હાથીપગાનો પગ ચંપલમાં બરાબર આવી રહેશે. ચંપલમાં પગ ગોઠવાય છે અને લો, બધાની નવાઈ વચ્ચે થોડાક માટે બગડી બેઠું, ચંપલ સહેજ મોટું પડ્યું! સજ્જન દુકાનદાર એને એમ ને એમ મફત ચંપલ થોડુંક નાનું કરી આપવા માટે તૈયાર થાય છે, તોય એ ના પાડે છે અને આગળ ચાલવા માંડે છે. એની પાછળ કેટલાકના હસવાના અવાજ હવામાં અદ્ધર લટકી રહે છે!

હિરોશીમા [૬ ઑગસ્ટ ૧૯૪૫]

[૨૪ વર્ષની જાપાની બાળા યોશિકો મુરાટોના શબ્દોમાં તેની યાતનાનું બયાન]

અણુ ધડાકાને લીધે પેદા થયેલી ગરમી ૫૦૦૦ અંશ સુધી પહોંચી હતી...આ ધડાકામાં ૨૦૦,૦૦૦ માણસો મૃત્યુના મોંમાં ભરખાઈ ગયાં. તેમાં મારા શિક્ષકો અને મિત્રો પણ હતા. મારા શરીરનો ઉપરનો ભાગ, ખાસ કરીને મારા હાથ અને ચહેરો બળી ગયા હતા. મારા કોઈ ટુકડા કરતું હોય એમ મને લાગતું હતું. મારાં ચામડી ને માંસ છૂટાં પડી ગયાં હતાં. મારા વાળ નીચે ખરતા હતા. મારા તમામ ઘામાંથી લોહી વહેતું હતું.

હું પરામાં મારે ઘેર પહોંચી ત્યારે મારાં માબાપ મને ઓળખી ન શક્યાં. હું સંપૂર્ણ રીતે કદરૂપી બની ગઈ હતી. અરીસામાં મેં મારું મોઢું જોયું તો હું મને ઓળખી ન શકી. હું હતાશાથી ભરાઈ ગઈ.

પણ મારો દાખલો અપવાદરૂપ નથી. મારા જેવી શારીરિક યાતના ભોગવનારાઓની સંખ્યા ઘણી મોટી છે.

અમારા જીવનનો હેતુ અણુયુદ્ધને અટકાવવાનો છે અને અમારું કર્તવ્ય અણુ અને હાઇડ્રોજન બોમ્બ સામેની ઝુંબેશમાં ભાગ લેવાનું ચાલુ રાખવાનું છે.

આ સાલ અત્યાર સુધીમાં હિરોશીમાના અણુ બોમ્બમારાનો ભોગ બનેલાઓમાંથી ૧૦ માણસો મૃત્યુ પામ્યા છે. વિજ્ઞાન એમને બચાવી શક્યું નથી. અહીં પારીસ આવ્યા બાદ મને સમાચાર મળ્યા છે કે, મારી એક ખાસ બેનપણી જે ૧૯૪૫માં કિરણોત્સર્ગનો ભોગ બની હતી તે મરી ગઈ છે.

હું જાણું છું કે મારું ભાવિ એ જ છે.

મારાં માબાપ મને યુરોપ જવા દેવા ઇચ્છતાં નહોતાં. એમને ડર હતો કે આ હાડમારીભરી સફરથી મને ધીરે ધીરે મોતના મુખમાં ધકેલતો રોગ વધુ ઊથલો મારશે.

પરંતુ મારે આ સંદેશો બધે પહોંચાડવો હતો આપણે બધા સંયુક્ત રીતે અણુશસ્ત્રો પર પ્રતિબંધ મૂકવા કામ કરીએ કે જેથી હિરોશીમાની યાતના ફરી ન થાય.

('સોવિયેત દેશ'માંથી)

ગુજરાતનું પ્રથમ મર્દ સુધારક પખવાડિક

ડાંડિયો...

[પ્રગટ : ૧૮૬૪ સપ્ટેમ્બરની ૧લી : સ્થળ સુરત]



વીર સુધારક નર્મદ (૧૮૩૩થી ૧૮૮૬)ની સવાસોગી જન્મજયંતી સપ્ટેમ્બરમાં ઉજવાઈ રહી છે...અને વીર સુધારક નર્મદનો મર્દ 'ડાંડિયો' (પખવાડિક પત્ર) સુધારાના રણક્ષેત્રે જન્મ્યો તા. ૧ સપ્ટેમ્બર ૧૮૬૪માં. એ જમાનામાં મુંબઈથી બુદ્ધિવર્ધક, અમદાવાદથી બુદ્ધિપ્રકાશ અને શાળાપત્રક (સરકારી કેળવણી ખાતાનું) પત્રો પ્રગટ થતા હતાં...પરંતુ 'ડાંડિયો' એના ગુણ-કર્મે જુદો જ હતો. એના તળપદા વિષયો અને એની તળપદી ભાષાને કારણે પ્રગટ-તાંવેંત.એ મુંબઈ-ગુજરાત-કાઠિયાવાડમાં ને કચ્છ-હાલારમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યો. (લવાજમ વાર્ષિક રૂા. ૧) નકલ તો માત્ર ૩૦૦ છપાતી હતી; પણ એણે જબરું આકર્ષણ જમાવી દીધું હતું. નર્મદની નોંધ મુજબ'...' જેમ મોર બપૈયા મેઘને માટે આતુર હોય છે તેમ ગરીબ, તવંગર, મૂરખ, ભણેલ, સ્ત્રી ને પુરુષ સહુ પહેલી પંદરમીના ડાંડિયાને માટે વાટ જોતાં બેસી રહે છે.'

રાજનીતિ, સંસારસુધારો, સાહિત્ય અને તત્કાલીન બનાવો અંગે ડાંડિયો ઝૂઝતો રહ્યો...ઍમલદારો, પ્રેમચંદ રાયચંદ જેવા બેતાજ બાદશાહ સમા શેઠીઆઓ, ગોસ્વામીઓ, અને દલપતરામ-દુર્ગારામ જેવા સુધારકોનાં વર્તન અને વાચન અંગે, તથા 'રાસ્તગોફ્તાર,' 'સૂર્યોદય,' 'સમાચાર,' 'સત્યદીપક' વગેરે તે જમાનાનાં સામયિકોની નીતિ સામે ફટકા વીંઝવામાં તે ઊણપાછી પાની કરી નથી...

અલબત્ત, આ બધું નર્મદે તે વખતની તેની સમજ અને સ્વભાવ અનુસાર, અને તેથીય વિશેષ તો જમાનાની જરૂરિયાત અનુસાર કર્યું છે...ચાલો 'ડાંડિયો'માંની થોડીક ચૂંટેલી કંડિકાઓ વાંચીએ.

અમાસ નિશ ઘનઘોરમાં, ચોરી ધાડનો ભોથ;
ઘરમાં વસ્તી દીપની, બહાર ડાંડીની હોય.
ડાંડી વગાડે ડાંડીએ, હોય ડાંડિયો જેહ
મૂકે ડાંડપણ ડાંડિયા, મસ્ત કરતો રેહ.
નહિ ડાંડિયા સાંઢિયા, પણ વળી લોક અજાણ.
નાનાં મોટાં નાર-નર, સરવે થાય મુજાણ.
ડાંડીની મહેનત થકી, ધજા ડાંડી સોહાય;
દેશતણો ડંકો વળી, બધે ગાજતો થાય.

ડમ ડમ ડમ ડમ-જાગજો રૈયત, બાર વાગ્યા બાર ! કાલે રોનવાળાઓએ મને કહ્યું છે કે, આજકાલ ખાતર ધાડ ઘણાં પડે છે-ચોર, જુગારી, છિનાળવા, રંડીબાજ, ઠગ, ધૂતારા, ખૂની વગેરે હરામનું તકાવનારાઓની ટોળીઓ ઠામઠામ જોવામાં આવે છે-રે તેમાં મોટાઓ છે-બડે બડે વેપારીઓ છે-સરકારી હોદ્દેદારો છે-પઢેલા લોકો છે-તેઓએ પોતપોતાનો આબરૂદાર ધંધો કરવો છોડી દીધો છે-તેઓ હરામનું ખાવાની (આડી વાટની ધૂળ ખાવાની) અને તેથી ગરીબ રૈયતને પાયમાલ કરી નાખવાની તજવીજ કરે છે. મૂરખ અને નીચ લોકોની ટોળીઓ તો ઝટ વિખૂટી પડે, પણ મોટાઓની—પૈસે વગે અક્કલે ભરપૂર એવા લોકોની—ટોળી વિખેરવી મુશ્કેલ છે.-('આભ ફાટે ત્યાં થીંગડું કેમ દેવાય?') ધરમ, નીતિ, પ્રમાણિકપણું, વિદ્યા, બુદ્ધિ, ઉદ્યોગ, વગેરે જતાં રહે છે અને તેને બદલે પાખંડ, ઢોંગ, ધતૂરા, અનીતિ, વ્યસન, અપ્રમાણિક-પણું, વહેમ, અજ્ઞાન, જડપણું, આળસ વગેરે હરખમાં કૂદતાં કૂદતાં આવતાં દેખાય છે-એથી શહેરેશહેરના અને પછી દેશના લોકોને ઘણું નુકશાન છે.

એ લોકો, એમ ન જાણશો કે હું ડાંડિયો ડમ ડમ ડમ-ડાંડી પીટી જ જાણું છું-રૈયતને જુલમમાંથી બચાવવાને માટે, લુચ્ચાની ટોળી વિખેરી નાખવાને, તમારામાંથી અજ્ઞાન, વહેમ ને અનીતિ કાઢી નાખવાને, દેશનું ભલું થાય તેમ કરવાને, હું થોડોઘણો લાયક છઉં: મેં તરેહવાર આદમીઓ જોયા છે. પંડિત સાથે, મૂરખ સાથે, નીતિમાન સાથે, અનીતિમાન

સાથે, ભલા અને ડાંડ-ડાંડગા-ડાંડિયા-લોકો સાથે મારે ઝાઝો પ્રસંગ પડેલો છે.-પૈસાદાર અને ગરીબોનાં ઘરોમાં ફરી વળ્યો છઉં,-ગાડીઘોડે બેઠો છઉં, ને જંગલોમાં ચાલ્યો છઉં. સાહેબી ને વેઠ કરી છે. મતલબ કે મેં દુનિયાને સારીપેઠે ઓળખી છે. હું ડાંડિયાના ભેદપ્રપંચો જાણું છઉં-(ડાંડિયાપણું કર્યું નથી) માટે ડાંડિયાઓની વાત બહાર કાઢીશ અને તે ઉપરથી તેઓ મને ડાંડિયો કહેશે, માટે હું મારી મેળે પહેલેથી જ ડાંડિયો છઉં એમ કહું છું-ખબરદાર.

એ લોકો, દેશી નરસી ચાલચલણ, વહેમ, અજ્ઞાન કાઢવાને, તેઓને હસી કાઢવાને; તેઓને મહેણાં મારવાને મારી પાસે મજબૂત ડાંડિયો-સોટા છે, એટલે ડાંડિયો મારવાની મારામાં શક્તિ છે, એટલે કે જાણે હું જ ડાંડિયો-છઉં એમ સમજજો.

એ રીતે હું ત્રણ રીતે ડાંડિયો છઉં; તો પણ કોઇના ઉપર વગર કારણે હું હુમલો કરનાર નથી; કારણ કે હું ઊંચ કુળનો, ભણેલો, વિવેકી, નીતિમાન, દુનિયાદારી જાણનાર, સુખદુઃખનો અનુભવી, ટેકને સમજનાર, અને જ્ઞાનથી ક્ષમાનો ગુણ ધારણ કરનાર છઉં. તોપણ, દેશના કલ્યાણને માટે મહેનત કરવામાં ડાંડિયા-ડાંડગાની પેઠે-સોટા મારવામાં અને અજ્ઞાની લોકોની લુચ્ચાઈ-અનીતિ-વહેમ બાબતની ડાંડી પીટવામાં આળસ કરનાર નથી. તેમ ઘણો રસિક છઉં, એટલે વેળાએ વેળાએ થોડાનું મન દુઃખવી ઘણાઓને ખડખડ હસાવ્યા વિના રહેનાર નથી.

જાગતા જાઓ, જાગતા રહો લોકો-ડમ ડમ ડમ, ડમ ડમ ડમ, ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડંમ-વહાણું વાશે !

ડાંડિયાની વર્તણૂક

ડાંડિયાની વર્તણૂક (જેને ડાંડિયા પડતા હશે તેઓ ગમે તેમ સમજે) નીચી નથી. એક સારો ગૃહસ્થ સાક્ષરમંડળમાં બોલી ગયો કે 'ડાંડિયો પોતાનું કામ ઘણી જ સારી રીતે બજાવે છે. પણ એટલું ખોટું કરે છે કે, જેની સાથે આગળ મિત્રાઈ અથવા જેના પાંચ પૈસા ખાધેલા તેની સામા (પછવાડેથી મતલબ ન સરી માટે) બોલે છે,' એનો જવાબ ડાંડિયાએ તરત વાળ્યો કે, 'તમે ધારો છો ને કહો છ, તેવું કામ ડાંડિયો કરે તેવો નથી.' વધારે ખુલાસો આ પ્રમાણે કીધો: (દાખલાને માટે) ડાંડિયાને કેટલાક મિત્રો મતલબિયા મળ્યા હોય, તે મતલબિયાઓએ ડાંડિયા પાસે કામ કઢાવી લેવાને ડાંડિયાની મૈત્રી બાંધી હોય-ડાંડિયો તે સમજતો હોય, તોપણ દેશને કંઈ લાભ છે એમ સમજી મતલબિયા મિત્રોનું કામ કરતો હોય-એ મિત્રો (વ્યાધિ ગયો કે વૈદ વેરી તે પ્રમાણે) ગરજ સરી કે ડાંડિયાના સામું પણ ન જોતા હોય (મદદ તો શાની કરે ?) ઊલટા ડાંડિયાની નિંદા કરતા હોય-તે સહુ ડાંડિયો સાંખી રહેતો હોય-એવી હાલતમાં સાચો, ટેકી, પરમાર્થુ ને જોસ્સાવાળા ડાંડિયો, કોઈ વેળા 'હું સઘળું સમજું છ બચ્ચાજીઓ' એમ જણાવવાને અને તેઓને આડી વાટે જતા અટકાવી સીધે રસ્તે રાખવાને પોતાના મતલબિયા મિત્રો વિશે સંકેતમાં ટીકા કરે, તો તેમાં કોઈ રીતે ડાંડિયો નીચો થતો નથી.

ઘણું નિભાવ્યું, હવેથી ડાંડિયો મતલબિયા મિત્રોનો મિત્ર રહેવાને ઇચ્છતો નથી. હવે જો તેઓની તરફથી કંઈ પણ ડાંડિયાની વિરુદ્ધ બોલાયું તો નક્કી ડાંડિયો પોતાના બચાવમાં ખરુંખોટું દેખાડવાને પડદો ખોલી દેશે-મતલબિયા મિત્રોનાં કાવતરાં જાહેરમાં આણશે. ડાંડિયો ગમે તેટલું બોલશે તે પણ તે સજ્જનની નજરમાં હલકો ઠરવાનો નથી, હલકા તો ઊપરની વાતથી જે ઠરવાના હતા તે ઠરી જ ચુક્યા છે. ખરુંખોટુ બતાવી આપતી વેળા ડાંડિયાથી થયેલી ભૂલો પણ ડાંડિયો આંચકો ખાધા વગર જણાવશે ને કાનની બૂટ ઝાલશે.

ઝાંસા શા ખાવા?

કહેવડાવવું ત્યારે ક્રિશ્ચિયન, પાલક, વિદ્વાન અને વર્તવું ત્યારે રાક્ષસ, ઘાતકી મૂર્ખની પેઠે ! હાય, દહાડો છે !

આપણે તાબેદાર છીએ એટલે ઉપરીના ઝાંસા ને માર ખાઈએ છીએ.

જેટલા ગરીબ દોસ્તો કામ લાગે છે તેટલા પૈસાદાર દોસ્તો કામ નથી લાગતા.

રાજદ્વારી કામ અને સંસારનીતિ સંબંધી મોટાં ભાષણો કરી આપ્યા નગરમાં હું હું કરી મેલવું અને સહેજ આવેલા જેવા તેવા પ્રસંગો પર રે પદવીવાળા મિત્રોની ખાતર કરવામાં ઊઃ ઊંઃ કહી ખૂણે ભરાવું એ શું ?

અમને ડાંડિયાઓને લાગે છે તો ઘણું, પણ શું કરીએ ! દ્રવ્યની વાતમાં અમારી પદવી ઊતરતી છે; બાકી તો બતાવી

આપીએ. અમારી પાસે સ્વતંત્રતા મોટું ધન છે અને મોટી પદવી છે; જેની આગળ ખુશામતધન અને ખુશામતપદવી કંઈ જ નથી.

સ્વતંત્રતાને માટે ખરા જોદ્ધા પ્રમાણે સર્વસ્વ ખોઈને મરીશું, પણ ધન પદવી માનને માટે ગંડુ કાયર પ્રમાણે સર્વસ્વ સમાલી રાખી ભોગવવાને માટે નહિ જીવીએ.

કાળું બાવલું

હાય જુલાઈ આવી રે, વરસી રહી છે લાય,
રાય રંક સિવાય રે, કટકટ નાક કપાય.

૧૮૬૫ની ૧લી જુલાઈ* ઇતિહાસમાં નોંધી રાખવા જોગ છે. જેમ મોટાં કામની યાદદાસ્તને માટે મિનારાઓ અને મોટાં કામ કરનારાઓનાં બાવલાં કરવાની દેશદેશમાં ચાલ છે, તેમ તારીખ ૧ જુલાઈ નિમિત્ત કંઈ થવું જોઈએ, ને એમ કરવાને સારુ ઊજળાં કામ કરનારાઓની સભામાં અમે ડાંડિયાઓ નીચે પ્રમાણે દરખાસ્ત કરીએ છૈએ.

(આ દરખાસ્ત કાળું બાવલું ખડું કરવાની હતી)

બાવલાની બેસણી ઉપર આ પ્રમાણે ટૂંકો લેખ કોતરાવવો કે મુંબાઈનો ચંદ્ર તા. ૧લી જુલાઈ ૧૮૬૫ એ ફરી ચાંદણીજ ન થાય એવી રીતે આખા મુંબાઈ ઇલાકાની ગાળ ખાતો સામરો છેલ્લો અસ્ત પામ્યો છે.

જિલ્લાના અમલદારો અને ડાંડિયા છોકરાઓ

ડાંડિયા છોકરાઓ ખૂબ ફાલ્યા છે, તેના ઉપર જખમી થયેલાં અમલદારો તહોમત ઉઠાવે એમાં કંઈ તેઓની ઓછી બહાદુરી નહિ. પેટ બળ્યો ગામ બાળે જ. પણ ઓ જિલ્લાના અમલદારો, ખૂબ યાદ રાખજો કે હવે આગળના દહાડા ગયા છ—હવે તમે રાજધાનીની પાડોશમાં છો—હવે તમારા ભલકા, અજ્ઞાનીઓ ઉપર, ગામડામાં જશો ત્યાં જ ચાલશે. તમે તમારા ઉપરીઓના કેવા કેવા ઠપકા કેવી રીતે સાંભળો છો તે અમે જાણીએ છીએ. ગામડાના લોક શું જાણે? માટે અમે ગભરાતા નથી. જૂઠું ને જુગતું રચી અમને ફાંદામાં લેશો ને તેથી પ્રથમે અમે કેદમાં જઈએ (કેદમાં મોકલાવીએ એવા છીએ) તો પણ અમે અમારી ખરી તલવારના હાથ કર્યા વગર રહેવાના નથી. આજકાલ તો છોકરાઓ સહુને ડરાવે તેવા છે.

આજકાલ

આજકાલ સહુના માથામાં એ જ ધૂન ભરાઈ રહેલી છે કે પુષ્કળ ધન કમાઈ ને ગાડી—વાડી—લાડીનો ઉપયોગ કરવો, એ જ જીવ્યાનું સાર્થક છે—ખ, પ, ચ, એ બીજ અક્ષરો પૂરા સધાયા એટલે આઠ સિદ્ધિ ને નવ નિધિપ્રાપ્ત થઈ—સાધનારો કૃતાર્થ થયો એમ મનાય છે.

—સઘળું સુખ ને સાચું સુખ એ ત્રણમાં જ છે એમ કહેવાય છે. એ વિચાર અજ્ઞાની લોકોમાં (નિર્ધન અને ગર્ભશ્રીમંત એ બંનેમાં) પરંપરાથી ચાલતો આવ્યો છે, માટે એમાં કંઈ નવાઈ જેવું નથી. પણ આજકાલ ભણેલા જ્ઞાની લોકો માયાના પાશથી એ વિચારના થઈ પડ્યા છે, એ મોટું આશ્ચર્ય છે, ઠીક ઠીક!

આજકાલ ધનવંતો પોતાના લોભ, મદ, મત્સર અને સરસાઈના જોરમાં પોતાનાં ધનમાન વધારવા સારુ પ્રથમ ગરીબને નાખી દેવા ને પછી પોતે ઝંપલાવવાને અને છેવટે દેશને પાડવાને ખટારીનો ખાડો ખોદે છે—ધન કાઢવાને ખાડો ખોદે છે, એમ દેખાય તો પણ આખરે તે ખાડામાંથી ઊની જ્વાળા નીકળવાની કે જેણે કરીને ખાડામાં પડેલા પડેલા ને ન પડેલા પછી, વહેલા મોડા સર્વે દેશીજન બળી મરવાના. અ રે રે રે રે!

આજકાલ બધા બહાવરા બની રહ્યા છે. ઓ ભાવ વધ્યો, ઓ ઘટ્યો. એમ રાતદહાડો કર્યા કરે છે—ચાર મિત્રો એકઠા મળ્યા તો ત્યાં પણ તે જ વાત. ઘરમા રાતે કુટુંબ સાથે જમવા બેઠા, તો ત્યાં પણ પોતે પોતાના વિચારમા જ હાં, હાં!

આજકાલ પણિયત સ્ત્રીપુરુષની કુળદેવી જંપ પારકાં સ્ત્રીપુરુષની કુળ દેવી થઈ છે. સરસ્વતીએ કુંભકર્ણની નિદ્રા લીધી છે. અખંડ પ્રીતનેત બેચરનીપણું તથા વિશ્વાસઘાત એના ઝેરી વાયુથી ઘેરાઈ ગઈ છે. માયાવી રાક્ષસી લક્ષ્મીનું રાજ્ય જોઈ બચારી ભક્તિ નીતિ ખૂણેખોતરે ભરાઈ રહ્યા કરે છે. ઈશ્વર તો ઉદ્ધારનાર લક્ષ ને બેઠો છે. ઠીક ઠીક!

* અમેરિકી આંતરવિગ્રહ શમી જતાં રૂની કિંમત ગગડી ગઈ ને પ્રજા રોઈ ઊઠી.

**

સુખ.....

રે જીવ, તું મોટો ભાગ્યશાળી છે, તું રાતદહાડો ઉદ્યોગ કરે છે, ગુજરાન જેટલું ને કંઈક વધારે પણ પેદા કરે છે, નાના પ્રકારના નિર્દોષ વિલાસવૈભવ પણ કરે છે, શરીરે નિરોગી છે, કોઈનો તાબેદાર નથી, શક્તિ પ્રમાણે તનમનધનથી લોકનું કલ્યાણ કરે છે, તને તારી યોગ્યતા પ્રમાણે બધેથી માન મળે છે, તારા ઉપર સર્વે જનનો લોભ છે,–હવે તારે શું કરવા રડવું જોઈએ ? હા, તું રડે છે તે એક તો તારો ટેક નભ્યો જશે કે નહિ એ વિચારથી પેદા થતી ધાસ્તીથી; પણ હોય, ચડતીપડતી સહુને જ છે–હમણાં જ્યારે તું સુખ ભોગવે છે, ત્યારે દુઃખ પણ સોસજે. રે જ્ઞાનીને વળી દુઃખ કેવું ? એને તો રડવામાં પણ પ્રભુનો ખેલ જાણી આનંદ જ છે. બીજું તું રડે છે તે એટલા સારુ કે તું લોકોની સાથે સીધો છતાં લોકો કેમ તારી સાથે આડા ચાલે છ ને એશઆોનું જગતમાં ફાવે છ કેમ ? હા, તું તારી પોતાની વાતથી નિવૃત્ત (નિરાંત પામેલો) છે, પણ ઉપર કહેલી બીજી વાતો જોતાં તું ઘણો પ્રવૃત્ત (રોકાયેલો) છે અને એથી તું ઉદાસ રહે છે.

૧૮૬૨થી ૧૮૬૫નો જમાનો ખાસ સમજવા જેવો છે. ૧૮૬૨માં અમેરિકામાં આંતરવિગ્રહ ફાટી નીકળતાં ત્યાંના કપાસનો પાક કથળ્યો; અને માન્ચેસ્ટર, લેન્કેશાયરની મિલોને અમેરિકી રૂ મળતું બંધ થયું...ભારતે કપાસના પાક તરફ ઝુકાવ્યું...અને કદી કલ્પ્યો ન હોય તેવો રૂના ભાવમાં ઉછાળો આવ્યો. લોકોને ધનપ્રાપ્તિનું કલ્પવૃક્ષ હાથ લાગ્યાનો ભાસ થયો. ગામે ગામ ને શહેરોમાં શેર કંપનીઓ ઊભી થઈ ગઈ...ને ગામડાં ને શહેરોની પ્રજા–રાંડીરાંડો સુદ્ધાંનું ધન આ કંપનીઓમાં ઠલવાવા માંડયું... ૧૮૬૫માં તો અમેરિકી યુદ્ધ બંધ પડયું...ને શેરોની કિંમત કનકવાના કાગળિયાં જેવી બની ગઈ ! ધનિકોએ ને એમની કંપનીઓએ દેવાળાં કાઢયાં ને પ્રજાની પાયમાલી થઈ...

આ આખા સમય દરમ્યાન નર્મદે સૌથી વધુ સ્વસ્થતા જાળવી રાખી, અસાધારણ હિંમતથી શેરના કનકવા પાછળ પડેલાને ચેતવ્યા ને એમાં ફસાવનારને ફટકાર્યા—

'ડાંડિયો' અળખામણો બન્યો પણ લોભ, લાલચ અને દંભને ન નમ્યો.

નર્મદે આ સ્થિતિમાંય જે ' સુખ ' માણ્યું તે એના જ શબ્દોમાં ઉપર આપ્યું છું.

...એકરારને દિવસે હું જ્યારે મારી જાત પર દોષના ટોપલા ઠાલવતો, ત્યારે પાદરીને નવાઇ લાગતી ને એ કહેતા : " ના, ના. તમારામાં સારાપણું છે ! " સારાપણું ? હું જાણુંને ! મારી અંદર ખાટા શરાબ વિના બીજું કાંઈ નથી અને એ ખૂબ સારું જ હતું. માણસ બૂરો ન હોય તો એ વધુ સારો:બને કઈ રીતે ? મને એ મઠમાં એમણે જે કાંઈ ભણાવ્યું તે પરથી એટલી એક વાત મેં પકડી લીધી...

[' ધ રિનેગેડ 'માંથી]

—આલ્બર્ટ કામુ

સાહિત્ય

[શ્રી. વિનોબાની સાહિત્ય-વિચારધારામાંથી ચૂંટીને]

સર્વોત્તમ સાહિત્ય

હું મારા મનમાં જ્યારે સાહિત્યની વ્યાખ્યા કરવા જાઉં છું–અને વ્યાખ્યા કરવાનો મને શોખ છે–ત્યારે એની એવી વ્યાખ્યા કરું છું કે "સાહિત્ય એટલે અહિંસા." આ સાંભળીને લોકો કહેશે કે આ તો કમબખ્તી છેઃ હર જગાએ અહિંસા લઈ આવે છે!

પરંતુ સાહિત્યકારોએ પણ એની વ્યાખ્યા એવી કરી છે કે, સર્વોત્તમ સાહિત્ય 'સૂચક' હોય છે. 'સૂચક સાહિત્ય'-ને સર્વોત્તમ શાથી બનાવવામાં આવ્યું છે. એટલા માટે કે એ સાંભળનારાઓ ઉપર આક્રમણ નથી કરતું. કોઈના ઉપર અગર ઉપદેશનો પ્રહાર થવા લાગે, તો ભલેને એ ઉપદેશ હિતકર હોવા છતાં, એનો સ્પર્શ શીતળ નથી હોતો...

ઉત્તમ કૃતિનું લક્ષણ એ છે કે, જે રીતે રામચંદ્રને જોતાં અનેક લોકોએ અનેક કલ્પનાઓ પોતપોતાની ભાવના અનુસાર કરી; તે રીતે જે બોધમાંથી અનેકવિધ તાત્પર્ય નીકળે, એ જ સાહિત્યબોધ છે. કાનૂનની કિતાબમાં આથી સાવ ઊલટી વાત હોય છે. એક વાકયમાંથી માત્ર એક જ અર્થ નીકળવો જોઈએ, બીજો ન નીકળવો જોઈએ. જો એક વાકયમાંથી બે અર્થ નીકળ્યા તો વકીલોની કમબખ્તી થઈ જાય છે. પરંતુ સાહિત્યની પ્રકૃતિ આથી સાવ ઊલટી હોય છે. ગીતા ઉત્તમ સાહિત્ય છે, રામાયણ ઉત્તમ સાહિત્ય છે, કેમ કે એમના તાત્પર્યને વિષે મતભેદ છે. જે સાહિત્યના તાત્પર્યના વિષયમાં મતભેદ ન હો, અને તાત્પર્ય નિશ્ચિત રીતે કહી શકાતું હોય, એમાં સાહિત્યશક્તિ કમ પ્રગટ થાય છે.

પ્રસિદ્ધ ઋષિવાક્ય છેઃ "પરોક્ષ પ્રિયાઃ ઈવ હિ દેવાઃ, પ્રત્યક્ષ દ્વિષઃ"

દેવ પરોક્ષપ્રિય હોય છે. એમને પરોક્ષવાણી પસંદ હોય છે; પ્રત્યક્ષવાણી પસંદ નથી હોતી. આનો મર્મ પણ એ જ છે કે પ્રત્યક્ષ ઉપદેશમાં જાણે સામાને ડામવાનો પ્રયત્ન હોય છે. વાલ્મીકિનું રામાયણ આપણે વાંચીએ છીએ તો તેમાં ઉપદેશનાં બહુ બધાં વચનો નથી જોવામાં આવતાં; કથાગંગા વહેતી રહે છે; વાચક એની સાથે સાથે વહેતો જાય છે. અનેક વાચકોને અનેકવિધ તાત્પર્ય હાંસિલ થાય છે, અને એક જ વાચકને સમયાનુસાર અનેકવિધ તાત્પર્ય પ્રાપ્ત થાય છે. સાહિત્યની વિશેષતા આ વિવિધતામાં છે. આથી જ્યારે અમે સાહિત્યિકો પાસેથી કંઈક અપેક્ષા રાખીએ છીએ, તો એની મતલબ એવી નથી કે તેઓ પોતાની વિશિષ્ટતાઓ છોડી દઈને અમારું કામ કરે.

ઈશ્વરના પ્રેમને વિષે ભક્તજન કહે છે કે એનો પ્રેમ અહેતુક હોય છે. એમાં હેતુ નથી હોતો. પ્રેમ કરવો ઈશ્વરનો સ્વભાવ છે. એ જ રીતે સાહિત્યમાં પણ કોઈ હેતુ નથી હોતો. સાહિત્ય એક સ્વયંભૂ વસ્તુ છે. પરંતુ હેતુ રાખીને જે સાધી શકાતું નથી, તે સાહિત્યમાં હેતુ રાખ્યા વિના સધાય છે, એ તો સાહિત્યની ખૂબી છે. ગીતા એટલા માટે મને પ્યારી છે કે તે હેતુ ન રાખવાનું શીખવાડે છે. એ એક એવો ગ્રંથ છે, જે એટલી હદે કહેવાનું સાહસ કરે છે કે નિષ્ફળ કાર્ય કરો. નિષ્ફળ કાર્યની પ્રેરણા આપનારો એવો બીજો ગ્રંથ મેં દુનિયામાં જોયો નથી. સાથોસાથ ગીતા જાણે છે કે જેણે ફળની આશા છોડી છે એને અનંત ફળ પ્રાપ્ત થાય છે.

મેં સાહિત્યની જે વ્યાખ્યા કરી, એમાં પણ એ જ વિશેષતા છે. સાહિત્યમાં એવી શક્તિ છે કે જેથી 'શ્રમ'નો 'શમ' બની જાય છે. વિના શ્રમ કોઈ પણ મહત્ત્વની ચીજ નથી બનતી. પરંતુ સાહિત્યમાં 'શ્રમ'નું 'શમ'માં રૂપાંતર થાય છે. બીજી બાબતોમાં માનવીને આરામની પણ આવશ્યકતા હોય છે. ત્યાં શ્રમ અને આરામ પરસ્પર-વિરોધી હોય છે. માનવી શ્રમથી થાકે છે તો એની પછી આરામ લે છે, અને આરામથી થાકે છે તો ત્યાર બાદ વળી શ્રમ કરવા લાગે છે. પરંતુ સાહિત્યની એ ખૂબી છે કે એમાં 'શ્રમ'ની સાથે સાથે 'શમ' ચાલે છે. ચોવીસે કલાક કામ અને ચોવીસે કલાક

આરામ એ છે સાહિત્યની ખૂબી. સાહિત્યનો ચિત્ત પર કોઈ બોજો નથી હોતો. × ×

ઉત્તમ સાહિત્યિક શબ્દ-સ્વલ્પાક્ષર હોય છે. બહુ પાણી નાખીને ફેલાવેલું નથી હોતું. સ્વલ્પાક્ષર હોય છે, એટલે કે થોડામાં વધુ સૂચકતા હોય છે, અને એમાં અનાક્રમણશીલતા હોય છે, જેથી સહજ રીતે જ બોધ મળી જાય. વ્યક્તિ બોધ લેવા ચાહે તો લઈ શકે છે; અને ન લેવા ચાહે તો નથી પણ લઈ શકતી. દર વખતે બોધ લેવો પડે, તો મુસીબત થાય. એટલા માટે જ્યારે બોધ લેવા ઇચ્છા થાય ત્યારે લઈ શકે છે. સમયાનુકૂલ બોધ મળે અને ન પણ મળે, તો પણ જે પ્રિય હોય તે જ સારું સાહિત્ય છે. × ×

કવિનું ચિંતન તો હમેશાં અસ્પષ્ટ હોય છે. એના કાવ્યના ઊંડાણને એ પોતે જ નથી જાણતો. એના પર પરસ્પર-વિરોધી ભાષ્ય કરી શકાય છે, અગર કોઈ કવિએ પોતાની કવિતા પર કોઈ ભાષ્ય લખ્યું તો હું એનાથી બિલકુલ વિરુદ્ધ ભાષ્ય લખી શકું છું, અને સંભવ છે કે લોકો મારું ભાષ્ય કબૂલ કરે અને કદાચ તે પોતે પણ કબૂલ કરે ! કવિને જે સૂઝે છે, તે એના સ્પષ્ટ ચિંતનની બહારની ચીજ છે. કોઈક ચીજ એને પ્રાપ્ત થાય છે. તે કંઈ બનાવતો નથી, કંઈ રચના કરતો નથી. સહજ જ એને ચીજ મળી જાય છે, એની ઝાંખી મળી જાય છે. કવિને ક્રાંતદર્શી કહ્યો છે: "કવિઃ ક્રાંતદર્શી"— કવિ દૂરનું જુવે છે, એવો અર્થ કેટલાક લોકો લગાવે છે. હા, એવો અર્થ પણ હોઈ શકે. પરંતુ એનો એક અર્થ એવો પણ છે કે કવિ બહુ જ અસ્પષ્ટ જુવે છે. જે સ્પષ્ટ વસ્તુ છે, એને તો સૌ કોઈ જુવે છે, પશુ પણ જુવે છે. પશુનો અર્થ જ એ છે કે 'જે જુવે છે તે પશુ છે'— 'પશ્યતિ ઇતિ પશુઃ' જે જુવે છે, વિના જોયે જેને ભરોસો થતો નથી, ચિંતનથી કોઈ વાત માનતો નથી, કહે છે 'સાબિતી લાવો,' એ પશુ છે. કવિમાં આ પશુત્વ નથી હોતું. એટલા માટે એની વાણીમાં વિવિધ દર્શન હોય છે.*

['સાહિત્યકારોંસે' પુસ્તિકામાંના 'સર્વોત્તમ સાહિત્ય'માંથી]

આના અનુસંધાનમાં નીચેનો ફકરો પણ જોવા જેવો છે

* વ્યાજોક્તિ, વ્યંગ્યોક્તિ, વક્રોક્તિ આદિ સૂચન સીધા અનુક્રમણીય અધિક અપ્રિય હોય છે. સારાંશ કે સૂચન 'વિદગ્ધ' જ હશે એવું નહિ, અને પ્રત્યક્ષ-બોધ પણ અગર પ્રેમાધિકાર-સંપન્ન હોય તો 'વિદગ્ધ' હોઈ શકે છે. એટલા માટે ગીતાના જેવો પ્રત્યક્ષ ઉપદેશ પણ વિદગ્ધ વાઙ્મય છે. વિદગ્ધ વાઙ્મયના આદર્શો સાબિત થઈ શકે છે. પ્રેમથી રિઝાવીને હિતોપદેશ કરવાના જેટલા પ્રકારો છે, ભલે પછી તે પ્રત્યક્ષ ઉપદેશના હો, ચાહે પરોક્ષ સૂચન હો વિવેચનરૂપ હો, અથવા કથારૂપ, વિદગ્ધ-વાઙ્મય છે.
(દર્શન ઔર વિદગ્ધ વાઙ્મય પૃ. ૭૫)

સાહિત્યના પોષણનો પ્રશ્ન

સાહિત્ય વિચિત્ર સ્વભાવવાળી ચીજ છે. એને પોષણ આપો તોય સુકાઈ જાય છે, તે ન આપો તોય સુકાઈ જાય છે વચલી હાલત—જ્યારે પોષણ અપાય પણ છે ને નથી પણ અપાતું—તેવી હાલતમાં જ તે જીવંત રહી શકે છે.

× × × અમે માનીએ છીએ કે જેને આપણે સરકાર યા રાજદરબાર કહીએ છીએ, એમણે જેમને પોષણ આપ્યું અને એમનાથી જે ઉત્તમોત્તમ સાહિત્ય મળ્યું છે, એ પણ બીજા દરજ્જાનું છે. વાલ્મીકિ અથવા તુલસીદાસ દરબારી કવિ હોઈ જ ન શકત દરબારી કવિઓનું ઉત્તમ દૃષ્ટાંત કાલિદાસ છે...

એ દિવસોમાં કવિઓને રાજ્યાશ્રય આપવામાં આવતો હતો; અને કવિઓનો પૂરતો આદર હતો. પરંતુ કવિ આશ્રિત ગણાતો ન હતો; બલ્કે આશ્રય આપનારો જ એમ માનતો હતો કે કવિએ અમને આશ્રય આપ્યો છે. કવિ પોતાની પાસે રહે, એનો જ એ લોકો ઉપકાર માનતા.

હું માનું છું કે કવિને ક્લાર્ક જેવી નોકરીનો આધાર મળે તો એ આધાર એને તોડનારો જ થવાનો...કુદરતની સાથે એકરૂપ થવાવાળો ધંધો કવિને હોવો જરૂરી છે.

હવે પુરાણા રાજવીઓના દિવસો વીતી ગયા છે. હવે તો જનસમાજની સેવાના દિવસો આવ્યા છે. એટલા માટે સેવા કરનારને કંઈક મદદ મળશે. મુખ્ય મદદ તો જનતા દ્વારા જ મળવી જોઈએ. જેની પાસે વાણી, વિચાર અને વર્તન ત્રણે છે, એવા પ્રતિભાવાન પુરુષોને જીવન અર્થે કંઈક આપવામાં આવે તો એમાં આપણે એમના ઉપર ઉપકાર નથી કરતા, બલ્કે આપણા પર એમનો ઉપકાર છે.

× × × ×

કવિને માટે વધારે પોષણ ન હોય; અને કમતી પણ ન હોવું જોઈએ. એને કૃત્રિમ પોષણ ન મળવું જોઈએ. જેમ માનું દૂધ બાળકને સહજ મળી જાય છે તે રીતે કવિને પોષણ મળવું જોઈએ...કવિએ પરાશ્રિત ન બનવું જોઈએ. એથી તો એ સુકાઈ જશે. એને એટલું જ મળવું જોઈએ કે જેથી એનાં શરીર, મન અને પ્રાણ કાયમ રહે.

[વિશ્વમાનવ : સપ્ટેમ્બર '૫૮

ગ્રામવિસ્તારની સમસ્યા

—અક્ષય ર. દેસાઈ

ભારતમાં બ્રિટિશ રાજ્યની શરૂઆત થઈ ત્યારથી ભારતીય સમાજ તેની તવારિખમાં સૌથી પ્રચંડ પરિવર્તન અનુભવતો રહ્યો છે. એનો ટેકનોલોજીનો પાયો, એનું આર્થિક બંધારણ, વર્ણાશ્રમ અને સંયુક્ત કુટુમ્બપ્રથા ઉપર આધારિત એવું સામાજિક સંગઠનાત્મક માળખું, તેનું રાજકીય સંગઠન, તેનું વૈચારિક ઘડતર તથા સાંસ્કારિક મૂલ્યતંત્ર—આ બધામાં ગુણાત્મક પરિવર્તન થતું રહ્યું છે. બ્રિટિશ રાજ્યકર્તાઓએ મુખ્યતઃ પોતાના જ સ્વાર્થને અનુલક્ષીને ભારતીય સમાજમાં આ પરિવર્તનો સર્જ્યાં હતાં, આ પરિવર્તનો એકધારાં અને વ્યવસ્થિત સ્વરૂપનાં ન હતાં. અને તેથી કરીને ભારતીય સમાજની અંદર તેણે વિશિષ્ટ પ્રકારના વિરોધાભાસો તથા વિરોધીબળો પ્રગટાવ્યાં.

બ્રિટને ભારતમાંથી પાછાં પગલાં ભર્યાં ત્યાર બાદ ભારતીય પ્રજા વિકાસની એક નવી જ કક્ષાએ પ્રવેશી છે; સ્વતંત્રતાએ એની સૂઝ અને સર્જક-શક્તિઓને વહેતી કરી છે. પ્રજાના સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કારિક જીવનમાં પરિવર્તન આણવા સારુ ભારતીય સરકાર તથા બીજી સંસ્થાઓ વિવિધ યોજનાઓ યોજી રહેલ છે તથા અમલમાં આણી રહેલ છે. આ પરિવર્તનોનો અભ્યાસ અત્યંત આકર્ષક અને સૂચક છે. કેમ કે આ સામાજિક પરિવર્તન માનવજાતના એક પંચમાંશ ભાગને અસર કરી રહ્યાં છે. હાલને તબક્કે, ભારતમાં જે વિવિધ પરિબળો સામાજિક જીવનના પરિવર્તન માટે મથી રહ્યાં છે તેમાં રાજ્યનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે.

* ડૉ. અક્ષય દેસાઈ મુંબઈ યુનિવર્સિટીમાં સમાજવિજ્ઞાનના લેક્ચરર છે. તેમનો આ લેખ 'થર્ડ વર્લ્ડ કોન્ગ્રેસ ઑફ સોશિયોલોજી' માં રજૂ થયો હતો. અહીં અંશતઃ ટૂંકાવીને આપેલ છે.

સ્વતંત્ર ભારતનું ધ્યેય

ભારતસંઘના બંધારણમાં ભારતીય સમાજના વિકાસનું ધ્યેય રજૂ કરવામાં આવ્યું છે. બંધારણમાં દર્શાવ્યા મુજબ, મૂળભૂત અધિકારો અને સિદ્ધાન્ત તરીકે સાર્વત્રિક મતાધિકાર તથા તેના નાગરિકોનું હિતકલ્યાણ—એ જ મુખ્ય હેતુ જેના પાયા તરીકે સ્વીકારાયો હોય તેવું 'સિક્યુલર' રાજ્ય સ્વતંત્ર ભારતના રાષ્ટ્રીય આદર્શ તરીકે અસ્તિત્વમાં આવ્યું છે.

અલબત્ત, જે દેશમાં ધાર્મિક પૂર્વગ્રહોની ઊંડી જડ પડેલી હોય તેવા દેશમાં સાચા 'સિક્યુલર' રાજ્યનો વિકાસ કરવો; જે દેશના નાગરિકો પ્રણાલીગત રીતે, સંયુક્ત કુટુંબ, ન્યાતજાત અને અર્ધસામંતી સમાજરચનાના પાયા ઉપર રચાયેલી સત્તાશીલ સામાજિક જીવનપદ્ધતિ નીચે જીવતા આવ્યા હોય, તેમને માટે પોતાના મતાધિકારનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવા સારુ સામાજિક અને સાંસ્કારિક વાતાવરણ સર્જવું; જે દેશમાં સમસ્ત ઉત્પાદકપદ્ધતિ પછાત હાલતમાં રહી છે, નિર્બળ રહી છે, અને બદતર થતી આવી છે, તેવા દેશમાં કલ્યાણકારી અર્થરચનાનો વિકાસ કરવો; જે દેશમાં નાગરિકો માટે કામધંધા અંગેની નહિ જેવી હયાત સગવડો અને તકો સાચવી રાખવાનુંય કાર્ય મુશ્કેલ બન્યું છે, ત્યાં બંધારણમાં સુજબ, કામ અંગેના, સામાજિક સલામતી અંગેના, શિક્ષણ અંગેના અધિકારોનું પાલન કરાવવું; અને રંક, બંધિયાર, પ્રમુખતઃ અશિક્ષિત સમાજને આબાદ, સાંસ્કારિક રીતે પ્રગતિમાન અને લોકશાહી પ્રજાના ઘડતરની દૃષ્ટિએ અનુકૂળ સામાજિક સંગઠનો સર્જવાં;—આ પ્રચંડ કાર્ય છે.

બ્રિટિશ સત્તાનો વારસો

ભારત સરકારે આ ધ્યેય પાર પાડવા જે માર્ગો અખત્યાર કર્યા છે તેનું અવલોકન કરવા પૂર્વે, એ આવશ્યક છે કે આપણને બ્રિટિશ રાજ્ય સત્તા તરફથી ગ્રામ–સામાજિક–રચનાનો કેવા પ્રકારનો વારસો પ્રાપ્ત થયો છે, જેના પાયા પર આપણે કાર્ય કરવાનું આવ્યું છે, તે જોઈ લઈએ.

(૧) સદીઓ સુધી ભારતમાં લગભગ સ્વતંત્ર અને સ્વયંસંપૂર્ણ ગ્રામરચના ચાલતી આવી હતી; જમીન ઉપર ગામની માલિકી હતી; ખેતી અને ગ્રામોદ્યોગ વચ્ચે એકતા હતી; મોટે ભાગે પોતાપૂરતું ઉત્પાદન કરતી; અને રાજ્ય અથવા તેના હાથ નીચેના અધિકારીઓને ખરેખાત ઉત્પાદનમાંથી સામુહિક રીતે ભાગ આપતી (નાણાંમાં નહિ); આવી ગ્રામરચનાના પાયાની ત્રણ સંસ્થાઓ—સંયુક્ત કુટુંબ, વર્ણાશ્રમ અને ગ્રામપંચાયત.

(૨) બ્રિટિશોએ આવી સામુહિક સમાજપદ્ધતિનો લગભગ વિનાશ કર્યો; અને જમીન ઉપર વ્યક્તિગત માલિકીનું તથા હરીફાઈનું તત્ત્વ દાખલ કર્યું; **જમીનદારી** તથા **રૈયતવારી** એવા બે પ્રકાર પાડ્યા; ખરેખાત થયેલી ઉત્પાદનમાંથી સામુદાયિક રીતે અમુક ભાગ આપવાની પ્રથાને સ્થાને વ્યક્તિગત રીતે ચોક્કસ રકમ નાણાં રૂપે આપવાની પ્રથા દાખલ કરી; આનું પરિણામ એ આવ્યું કે, ખેતી—ઉત્પાદનની સમૂળી પદ્ધતિ જ પલટાઈ ગઈ—ગામની પોતાની જરૂરિયાત પૂરતું ઉત્પાદન કરવાને સ્થાને હવે સરકારી મહેસૂલ ચૂકવવા તથા બીજી જીવનની જરૂરિયાતો ખરીદવા સારુ બજારમાં વેચવા માટે ઉત્પાદન કરવાની પ્રથા દાખલ થઈ. આમ, સ્વયંસંપૂર્ણ આર્થિક તંત્ર તૂટીને તે ભારત અને દુનિયાનાં બજારો સાથે સંકળાયેલું બન્યું. વળી બ્રિટિશોએ પોતાનો યંત્ર–ઉત્પાદિત માલ ગામડાં સુધી ઘુસાડી દઈ, ગ્રામ–કારીગરોના ઉદ્યોગોનો નાશ કર્યો. આ રીતે ગ્રામ–ઉત્પાદક–પાયામાં પરિવર્તન થતાં, ગ્રામપંચાયતની સત્તા તૂટી પડી અને તેને સ્થાને મધ્યસ્થ સરકારના કાનૂનોની સત્તા સ્થપાઈ.

(૩) બ્રિટિશે ભારતની પ્રણાલિકાગત જૂની આર્થિક–સામાજિક સમતુલાનો વિનાશ કર્યો; મૂડીવાદી અર્થતંત્ર દાખલ કર્યું, પણ નવી સમતુલા ન સ્થાપી શકી—કેમ કે, ભારતનો સ્વતંત્ર આર્થિક વિકાસ, ખાસ કરીને ઔદ્યોગિક વિકાસ તેણે રૂંધ્યો; અને એ રીતે શાહીવાદી હિતો સામેનાં લડાયક પરિબળોને જન્મતાં જ રોક્યાં; પરિણામે, ખેતી તૂટી પડી, ગ્રામજનતા વધુ ને વધુ ગરીબ બની; અને ગ્રામવિસ્તારમાંના વર્ગોનું માળખું પણ ઘણું જ બદલાઈ ગયું.

(૪) હાથ કારીગરોનો નાશ થયો, ખેતી ઉપર દબાણ વધ્યું; ખેતરો નાનાં નાનાં બન્યાં—બિનઆર્થિક બન્યાં; પાક નીચો ગયો, ખેડૂતોને શિર દેવાં વધ્યાં; શાહુકારો, વેપારીઓ અને જમીનદારોની તથા સંપન્ન ખેડૂતોની ગરીબ ખેડૂતો ઉપરની પકડ વધી; ગરીબ ખેડૂતોના હાથમાંથી જમીનો છીનવાઈ શાહુકારો–લેણદારોના હાથમાં–બિનખેડૂત વર્ગના હાથમાં ગઈ; જમીન વિનાના ખેત–મજૂરોની સંખ્યા વધી; જમીનદારી વિભાગોમાં જમીનનો હક્ક ધરાવવા છતાં જાતે નહિ ખેડનારાની એક મોટી જમાત ઊભી થઈ–જેનો બોજ ખેડૂત ઉપર જ પડ્યો!

(૫) આનું સામાજિક જીવનમાં પરિણામ એ આવ્યું કે, જમીન ખરીદ–વેચાણની અને ગીરે મૂકવાની વસ્તુ બની જતાં સંયુક્ત કુટુંબની છિન્નભિન્નતાનું કારણ બની.

(૬) બ્રિટિશ રાજ્યસત્તા નીચે જ્ઞાતિનાં બંધનો પણ શિથિલ થયાં, અને આર્થિક સદ્ધરતા સાથે તેનો સંબંધ જોડાયો.

એકંદર, ગ્રામવિસ્તારના સામાજિક–આર્થિક તંત્રમાં જબરજસ્ત પરિવર્તન થવા માંડ્યું. કેટલીક જ્ઞાતિઓના હાથમાં આર્થિક ઇજારદારી જઈ પડી; અને બીજી જ્ઞાતિઓએ તેમના હાથમાંથી આર્થિક કાબૂ પોતાને હસ્તક કરવા સંઘર્ષ માંડ્યો. નીચલી ગણાતી જ્ઞાતિઓ ખુવાર થઈ. એકંદર ગ્રામવિસ્તારમાં નવા વર્ગો જાગ્યા ને નવા પ્રકારના વર્ગ–સંઘર્ષો જાગ્યા.

બ્રિટિશ સત્તાનો વારસો નીચેના આંકડાઓ ઉપરથી વધુ સ્પષ્ટ થશે!

*દુનિયાભરમાં મોટી વસ્તીવાળા દેશોમાં ચીન પછી ભારતની ગણના થાય છે (લગભગ ૩૫ કરોડ ૭૦ લાખ.) આમાંથી ૨૯ કરોડ ૫૦ લાખ એટલે કે ૮૩ ટકા વસ્તી, ૫ લાખ ૫૮ હજાર ગામડાંમાં વસે છે. આ ગામડાંમાંનાં ¾ તો માત્ર ૫૦૦થીય ઓછી વસ્તીવાળાં છે.

*માથાદીઠ ખેતીલાયક જમીન ૦·૯ એકર (એક એકર-

થીય ઓછી) આવે છે. વાવેતર નીચેની કુલ જમીનનો પોણો ભાગ અનાજ ઉત્પાદન કરે છે. બાકીના પા ભાગ ઉપર કૅશક્રૉપ (બજારમાં વેચી નાણાં મેળવવા માટેનો પાક) થાય છે. નાણાંની રીતે જોતાં, પોણા ભાગની જમીન ઉપર થતા અનાજના પાકની કિંમત અને પા ભાગની જમીન ઉપર થતા કૅશક્રૉપની કિંમત સરખી છે. કુલ ઉત્પાદનના ૩૫ ટકા ખેડૂતો વેચે છે. ખેડૂત જેને વેચે છે, તેનો નાણાં, શરાફ અને બજારભાવ તથા વાહનવ્યવહાર ઉપર કાબૂ હોઈ ખેડૂતને નમતું જોખવું પડે છે.

બ્રિટિશો ગયા ત્યારે ગ્રામવિસ્તારનું વર્ગ–માળખું આ પ્રકારનું હતું—

જમીનના માલિક ખેડૂતો	૨૨·૨ ટકા
જમીન ઉપરના ગણોતિયા	૨૭·૨ „
ખેતમજૂરો	૩૦·૪ „
ખેતી પર આધાર નહિ રાખનારી વસ્તી	૨૦·૨ „

	કુલ ખાતેદારોના ટકા	કુલ જમીનના ટકા
૧ એકરથી ઓછી જમીનવાળા	૧૭ ટકા	૧·૦
૧ થી ૨½ એકર „	૨૧ „	૪·૬
૨½ થી ૫ „ „	૨૧ „	૯·૯
૧૦ થી ૨૫ „ „	૧૬ „	૩૨·૫
૨૫ થી વધુ „ „	૫·૬ „	૩૪·૦

જમીનનું અમુક હાથોમાં કેન્દ્રિત થવું, જમીનના બિન–પોષક ટુકડા, વસ્તીના ⅓ ખેતમજૂરની દશા, બીજા મોટા ભાગના જમીનના માલિક ગણાતા ખેડૂતોની પણ કરોકટીની દશા—આ છે ભારતીય ગ્રામવિસ્તારનું ચિત્ર.

ભારતના કરોડો કિસાનો બહારથી ન દેખાય એ છતાં બેકાર હોય છે. તેમને માટે, તથા પાયમાલ બનેલા અને બેકાર બિન–ખેડૂત વિભાગ માટે વ્યવસ્થા કરવી; તે જ રીતે, ખેત-મજૂરો માટે પૂરતા પગારનો સવાલ; ગણોતિયા માટે માલિકી-હક્ક અને ખેડાણ માટે પોષણક્ષમ ઘટકો; નીચલા થરના તથા વચલા થરના ખેડૂતો માટે પોષણક્ષમ જમીન, તથા યોગ્ય ધીરાણ વ્યવસ્થા, માલના વેચાણની વ્યવસ્થા, આબાદ અને ધનિક ખેડૂતો સામે લાભદાયી હરીફાઈ કરી શકે તે પ્રકારની પાક ઉગાડવાની સગવડો,—ગ્રામવિસ્તારની જનતાના વિશાળ સમૂહો માટે આ કેટલીક પાયાની આવશ્યકતાઓ છે. આ ઉપરાંત, વધુ સારું બિયારું, ખાતર, પૂરતું પાણી, સારી વાહનસગવડ અને બજારની સગવડોની તેમને જરૂર હોય છે. ટૂંકમાં, નવી સરકાર સામે પાયાનું કર્તવ્ય એ હતું કે ખેતી–આધારિત તમામ ઉત્પાદકો બજારમાં બીજાઓની સામે હરીફાઈમાં ઊભા રહી શકે તે માટે સુયોગ્ય તકો પૂરી પાડવી.

રાજકીય જીવન પર અસર કરનારાં પગલાં અને તેની અસર

(૧) કોઈ પણ પ્રકારના ભેદ વિના રાજ્યે લોકોને સાર્વત્રિક મતાધિકાર આપ્યો તે એક અત્યંત મહત્ત્વનો બનાવ છે. આ રીતે સમસ્ત ગ્રામજનતાને રાજકીય પ્રવાહમાં આણવામાં આવી છે. ભારતના ૨૦ કરોડ મતદારોમાંથી બહુમતી ગ્રામપ્રદેશની છે...૧૯૫૧માં ચૂંટણી માટે જે પ્રકારનું તંત્ર રચવામાં આવ્યું હતું તેની ગ્રામજનતા ઉપર ઘણી મોટી અસર પડી છે. ૯૦ હજાર મતપ્રદાન-મથકો તૈયાર કરવામાં આવ્યા હતા; ૨,૨૪૦૦૦ મતદાન મંડપો બાંધવામાં આવ્યાં હતાં. મત-પ્રદાન અંગે લોકોને સમજણ આપવા પદ્ધતિસર પ્રચાર–વ્યવસ્થા કરી હતી. જુદે જુદે સ્થળે થઈ મતપ્રદાનનું કાર્ય ૧૦૦ દિવસ સુધી ચાલ્યું હતું. અભણ પ્રજાને અનુકૂળ થાય તે માટે જુદી જુદી પાર્ટીના પ્રતીકવાળાં મતદાનપત્રો જુદા જુદા રંગમાં છાપવામાં આવ્યાં હતાં. વર્ણ–જ્ઞાતિ યા ધર્મનાં પ્રતીકો સ્વીકારવામાં આવ્યાં ન હતાં. વડી ધારાસભાની ૪૯૭ બેઠકો માટે ૧૮૦૦ હરીફો હતા, અને ૨૨ રાજ્ય ધારાસભાઓની ૩૨૮૩ બેઠકો માટે ૧૫૦૦૦ ઉમેદવારો હતા. એકંદર ૧૦ કરોડ ૬૦ લાખ પ્રજાજનોએ મતાધિકાર ભોગવ્યો હતો.

આ એક જ પગલું ભારતના ગ્રામપ્રદેશોમાં જબરજસ્ત સામાજિક અને રાજકીય જાગ્રતિ આણવા શક્તિમાન બન્યું હતું. આનાં સર્વાંગી પરિણામોનો તો હજી ખ્યાલ કરવો બાકી જ છે. વિવિધ રાજકીય પક્ષો અને જૂથોના કાર્યક્રમોમાં વ્યક્ત થયેલા વિચારોની ઝડી પ્રથમવાર ભારતની ગ્રામપ્રજા સામે ઝીંકાઈ હતી. એણે એક નવા જ પ્રકારની સામાજિક અને સાંસ્કારિક આબોહવા તૈયાર કરી. રાજકીય ચર્ચાઓ, સભાઓ, સરઘસો અને નિદર્શનો ભારતીય ગ્રામપ્રજાજનો માટે અપૂર્વ બનાવો હતા; આને પરિણામે પ્રથમવાર આ પ્રજાજનોમાં નવી શારીરિક, માનસિક અને ઊર્મિશીલ સંચાલના જન્મી હતી. આમાંથી સંખ્યાબંધ

રાજકીય, આર્થિક અને સાંસ્કારિક મહત્ત્વનાં સંગઠનો ઊભાં થયાં; આમાંનાં કેટલાંક પ્રગતિશીલ હતાં, કેટલાંક પ્રત્યાઘાતી (જ્ઞાતિવાદી, કોમી, અર્ધ સામંતી વગેરે). ચૂંટણી દરમ્યાન આર્થિક સમસ્યાઓ આગળ તરી આવી, અને વિવિધ વર્ગહિતો ખુલ્લાં થયાં; જ્ઞાતિની લાગણીનો ઉપયોગ કરવા માટેના પ્રચારનેય સ્પષ્ટ આર્થિક અપીલનો આશરો લેવો પડતો હતો. જ્ઞાતિની વફાદારી અનુસાર થયેલા મતદાનમાં પણ એ વાત ખુલ્લી થઈ હતી કે અમુક જ્ઞાતિ–જાતિઓ અમુક ચોક્કસ રાજકીય અને આર્થિક પક્ષોને પક્ષે ઝૂકી હતી. દુઃખની વાત છે કે સમાજવિજ્ઞાન અને માનવવંશ વિજ્ઞાનના સાહિત્યનું પૂરતું ધ્યાન ચૂંટણીઓ અને તેનાં પરિણામરૂપ ગ્રામપ્રદેશમાં આવેલી સામુહિક રાજકીય જાગ્રતિ તરફ, સમકાલીન ગ્રામજીવનમાં પ્રગટેલા વિદ્યુતસંચાર તરફ હજી દોરાયું નથી......

આ પૂર્વે કદી, સદીઓ દરમ્યાન ગ્રામ પ્રજાજનોએ આટલાં સમૃદ્ધ ઉત્પાતો ભર્યો જીવનનો, વિરલ પ્રસંગનો અનુભવ કર્યો નથી. સાર્વત્રિક મતાધિકાર અને ચૂંટણીઓને પરિણામે કરોડો ગ્રામપ્રજાજનોનો સક્રિય રાજકારણમાં પ્રવેશ —એ ગ્રામસમાજની તવારિખમાં નવું જ પ્રકરણ છે; જેમાં અસંખ્ય શક્યતાઓ રહેલી છે.

આર્થિક જીવન પર અસર કરનારાં પગલાં

ભારતસરકારે મિશ્ર-અર્થતંત્રના સિદ્ધાંત પર ભારતનાં અર્થજીવનનું પુનર્ઘડતર કરવા વિવિધ પગલાં ભર્યાં છે. ગ્રામસમાજના આર્થિકતંત્રના પુનર્ઘડતર માટે નીચેનાં પગલાં મુખ્ય છે:

(અ) હયાત ખેતીમાં સુધારો કરવા તથા વૃદ્ધિ કરવા અંગે.

(૧) કેટલી નવી જમીન ખેતીના ઉપયોગમાં આણવી.

(૨) નાનાંમોટાં નહેરબાંધકામો: કેટલાંક બહુ-હેતુ સિદ્ધ કરે તેવાં.

(૩) સુધરેલા પ્રકારનાં બિયારુ, ખાતર અને ખેતીનાં સાધનો તથા જંતુનાશક દ્રવ્યો.

(બ) ખેતીવિષયક સંબંધોમાં સુધારો કરવા અંગે:

(૧) જમીનદારો, તાલુકદારો વગેરેની કેટલીક જાગીરો વળતર આપીને રાજ્યહસ્તક લેવી:

(૨) ભવિષ્યમાં જમીનો લેવા અંગે મર્યાદાઓ મૂકવી.

(૩) ગણોતસુધારા દ્વારા ગણોત ઓછું કરવું, જમીન ઉપરથી હકાલપટ્ટી કરવા સામે રક્ષા આપવી, અને ગણોતિયો જે જમીન ખેડતો હોય તેને કાયમી રીતે ખેડવાનો નક્કી કરેલા વળતરે અધિકાર મળે (માલિક પોતે જમીન ખેડવા ચાહે ત્યારે અમુક જમીન પાછી મેળવી શકે તે રીતે) તેવા ધારા કરવા.

(૪) જમીનના વેચાણ અને ગીરો મૂકવા અંગે, ભાડે આપવા અંગે પગલાં.

(ક) લેણદારના અત્યાચારમાંથી ખેડૂતને રક્ષણ આપનારાં પગલાં.

(૧) ખાનગી ધીરધારનું નિયંત્રણ કરનાર કાયદા.

(૨) દેવાં ઓછાં કરી નાંખવાનાં પગલાં.

(ड) ગ્રામવિસ્તારના સર્વાંગી વિકાસ માટેનાં, જેથી કરીને રાષ્ટ્રીય અર્થતંત્ર મજબૂત બને તેવાં, પગલાં:

(૧) કોમ્યુનિટી ડેવલપમેન્ટ બ્લૉકસ અને નેશનલ એક્સ્ટેન્શન સરવિસિઝ.

(ઇ) ગ્રામ પ્રજાજનોના ઉત્કર્ષની પ્રક્રિયાને મદદ કરે તે માટે નવાં સંગઠનો ઊભાં કરવાં.

(૧) સહકારી મંડળીઓ, વિકાસમંડળો, ગ્રામ-પંચાયતો, ન્યાયપંચાયતોની સ્થાપના.

(ફ) ગ્રામવિસ્તારોમાં નાના પાયાના અને ગૃહઉદ્યોગોને મદદ કરનારાં પગલાં.

આનાં પરિણામો અને અસરો ટૂંકમાં જોઈએ—

* ગ્રામવિસ્તારની અતિ ઉગ્ર સમસ્યાસમી બેકારી અંગે પૂરતાં યોગ્ય અને શક્ય પગલાં લેવાયાં નથી.

* ખેતમજૂરને વધુ સારું જીવતર મળે એવું બન્યું નથી. ગ્રામવિસ્તારની સૌથી નીચલી જાતિઓ મોટે ભાગે જમીનવિનાના ખેતમજૂર હોય છે; નહેરબાંધકામો યા જમીનની પુનર્ વહેંચણીથી હજી તેને ભાગ્યે જ કશો લાભ મળ્યો છે. તેઓ સર્વહારા હતા ને હજી એ સ્થિતિમાં રહ્યા છે. વિકાસ-યોજનાઓ દ્વારા તેમની અને બીજા ગ્રામજનો વચ્ચેનું અંતર ઘટવાને બદલે, ઘણીવાર વધ્યું છે (ડેવિડ જી. મેન્ડલબોમકૃત ઇન્ડિયન વિલેજીઝ પૃ. ૧૫)

* બિયારુ, ખાતર, સુધરેલાં સાધનો માટે પૈસા આપવાના કોઈ નહેરનો લાભ મોટે ભાગે સદ્ધર આસામીઓ જ લઈ શકે છે, એવું 'પ્રોજેક્ટ ઇવેલ્યુએશન રિપોર્ટ' પોતે

સ્વીકારે છે. (પુ. ૧ પૃ. ૧૩૯–૪૧)

* જમીનદારો અને વચગાળાના વર્ગોની નાબૂદી કરવાનાં પગલાંમાં બે પાયાના દોષો છેઃ એમને આપવાના વળતરની રકમ ૫૫૦ કરોડ રૂ. છે; અને તેનો બોજ ખેડૂતો ઉપર પડે છે. ઉપરાંત, કેટલીક જમીનોના મોટા પટા આ વર્ગોના હાથમાં રહે એ પ્રકારની કાયદામાં સહુલિયતો છે; અને ગણોતિયાએ આપવાનું વળતર માથાભારે છેઃ ભાગ્યે જ થોડાક સદ્ધર ગણોતિયાઓ જ આનો લાભ લઈ શકે છે.

* ગણોત–સુધારા કાનૂનો અંગે પરિસ્થિતિ એવી છે કે, એક તો, નાના પ્લોટ ઉપરના ગણોતિયાના ૫૦%નો આ કાનૂનોમાં સમાવેશ થતો નથી (શોષણ એવું ને એવું હોવા છતાં); બીજું—જમીનદાર હજી સબળ સ્થિતિમાં રહ્યો હોઈ ગણોત–કાયદાઓ બહુ અમલી બનતા નથી. અને ત્રીજું—ગણોત–કાયદાની વાતો શરૂ થઈ ત્યારથી જ, એટલે કે કાનૂન બને તે પૂર્વેથી જ જમીનમાલિકોએ મોટા પાયા પર હકાલપટ્ટી શરૂ કરી દીધી હતી—જેથી ગણોતિયાનો ભોગવટાનો અધિકાર જ ઊભો ન થાય.

* ધીરધારી શાહુકારોના અત્યાચારોને કાબૂમાં લાવવાનાં પગલાં ભાગ્યે જ સફળ બન્યાં છે. રૂરલ ક્રેડિટ સર્વેનો રિપોર્ટ આ વાત સચોટપણે બહાર આણે છે. હજીય ગ્રામવિસ્તારોમાં એમનું જ વર્ચસ્વ ચાલુ છે.

* સહકારી અને વિકાસમંડળો, ગ્રામપંચાયતો અને ન્યાયપંચાયતો ઉપર પણ મોટે ભાગે ધનિકોની પકડ હોય છે ને આ સંસ્થાઓ તેમને સહાયરૂપ બને છે.

* કોમ્યુનિટી પ્રોજેક્ટ ઇવેલ્યુએશન રિપોર્ટ આ વાત જાહેર કરે છે. (પુ. ૧ પૃ. ૧૪૦-૪૧)

* કોમ્યુનિટી ડેવેલપમેન્ટ પ્રોજેક્ટ બાબત પણ, આ હેવાલ, જણાવે છે કે—

(૧) સુધારાના લાભો મુખ્યતઃ સદ્ધર ખેડૂતને મળ્યા છે.

(૨) ગ્રામજનતાના નીચલા થરને .મારે જે બોજો પડે છે તે ભારે લાગે છે.

(૩) આ પ્રદેશમાં જે સંગઠનો જન્મે છે તેના ઉપર ઉપલા વર્ગોનું વર્ચસ્વ જામેલું દેખાય છે

(૪) આ પ્રોજેક્ટનાં કામોમાં આરંભમાં મોટી આશાઓ સાથે જે ઉત્સાહ હતો તે નીચલાં સ્તરોમાં ધીમો પડી રહ્યો છે.

ગ્રામ વિસ્તારમાં સામાજિક ભેદોનો વિકાસ

એકંદર રીતે, ગ્રામજનતાના આર્થિક જીવનનું પુનર્-ઘડતર કરવા માટેનાં સરકારી પગલાંને પરિણામે, ગ્રામસમાજના સામાજિક–આર્થિક માળખામાં મોટાં પરિવર્તનો થયાં છે. કેટલાક જૂના વર્ગોનું (સામંતી અને અર્ધસામંતી) મહદ્ અંશે ખંડન થયું છે; કેટલાક (સદ્ધર ખેડૂતો) વધુ મજબૂત બન્યા છે. મધ્યમ અને નીચલા વિભાગોને લાભ થયો નથી. આ વર્ગોની આર્થિક છિન્નભિન્નતાની પ્રક્રિયા આગળ વધી રહી છે.

(૧) ઘણા **જમીનદારી** પ્રકારના ભૂપતિઓનું સદ્ધર ખેડૂતોમાં અને મૂડીવાદી પદ્ધતિએ ખેતી કરનારાઓમાં રૂપાંતર થવા પામ્યું છે. (૨) ઉપર દર્શાવેલા અનેક ગણોત–કાનૂનો તથા બીજા કાનૂનો દ્વારા સરકાર સદ્ધર ગણોતિયા અગર તો મધ્યમ–શ્રેણીના ખેડૂતોમાંથી કેટલાકનું ધનિક કિસાનોમાં રૂપાંતર થવામાં મદદ કરી રહેલ છે. આ વર્ગો જ આગળ જણાવેલાં પગલાંનો લાભ લઈ શકે છે. બાકીના વિભાગો આ લાભોથી અસ્પૃશ્ય રહી જાય છે; અથવા ઊંધી અસર નીચે આવે છે.

વડી સરકાર યા રાજ્ય સરકારનાં પગલાંને કારણે ગ્રામ-વિસ્તારોમાં, એક બાજુ ધનિક ખેડૂતો, જમીનદારો, ગામડાના શાહુકારો અને વેપારીઓ તથા ગ્રામજનતાના ધનવાન વિભાગો, અને બીજી બાજુ મધ્યમ અને નાના ખેડૂતો, ખેતમજૂરોના મોટા સમૂહો, અને પાયમાલ પામેલી બિન–ખેડૂત વસ્તીઃ આ પ્રકારે હિતોની ઉગ્ર અથડામણ અને પરિણામરૂપ સામાજિક ભેદ વિકસે છે.

અને આગળ જોઈ ગયા તેમ, સામાજિક જ્ઞાતિ–દરજ્જો અને આર્થિક વર્ગહિતો પરસ્પર સંબંધ ધરાવે છે. પરિણામે આ વર્ગોના સંઘર્ષો ન્યાતજાતના સંઘર્ષોનું રૂપ પણ ધારણ કરે છે. આ ગ્રામવિસ્તારો ન્યાતજાતના ઉત્પાતોથી ધમધમી ઊઠે છે—કેટલીકવાર ચૂંટણીઓમાં, કેટલીકવાર આર્થિક લડતોરૂપે, કેટલીકવાર સ્થાનિક સંગઠનોમાં લડતોરૂપે વ્યક્ત થાય છે.

સંઘર્ષોની આ નવી પેટર્ન ધીમે ધીમે ખુલ્લું અને ઉગ્રરૂપ ધારણ કરે છે.

(જુઓ પાન ૫૧૭)

ભારતની લગભગ ૩૬ કરોડની વસ્તીમાં ૩૦ લાખ જેટલા ક્ષયના દર્દીઓ છે...
અને વર્ષે ૭ લાખ ક્ષયથી મૃત્યુ પામે છે !

રુદન્તિ : તબીબી વિજ્ઞાનને આયુર્વેદની અપૂર્વ ભેટ

—મહેશ શાહ

થોડાંક વર્ષ પહેલાં ડૉ. રુસ્તમ જાલ વકીલે લોહીના દબાણના રોગની બાબતમાં આયુર્વેદિક ઔષધિ સર્પગંધાનો ઉપયોગ કરી તબીબી દુનિયામાં ભારતીય ઔષધિનું ગૌરવ વધાર્યું હતું. આ પછી જાણીતા તબીબ ડૉ. કૃષ્ણમૂર્તિએ (ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલ, મુંબઈના સંશોધન-વિભાગના વડા) ક્ષયની સારવારમાં ભારતની આયુર્વેદિક ઔષધિ 'રુદન્તિ'નો ઉપયોગ કરી તબીબી દુનિયામાં ખળભળાટ મચાવ્યો છે. આપણે ત્યાં આયુર્વેદમાં આ ઔષધિ ક્ષયમાં વપરાતી ન હતી, પણ તેનો ઉપયોગ ચામડીના દર્દો માટે થતો હતો. ડૉ. કૃષ્ણમૂર્તિએ ક્ષયમાં તેનો સફળતાપૂર્વક ઉપયોગ કરીને એક નવી આશાને જન્મ આપ્યો છે.

'રુદન્તિ' એક જંગલી છોડનું ફળ છે. તેનો દેખાવ એકાદ નાનકડા સુકાઈ ગયેલા દાડમ જેવો છે. તેનો છોડ દશથી પંદર ફૂટ ઊંચો થાય છે. સિલોન અને કાંકણનાં જંગલોમાં આ છોડ સમુદ્રસપાટીથી બેથી ત્રણ હજાર ફૂટની ઊંચાઈએ જ ઊગે છે. તેના ઉપરથી એપ્રિલ માસમાં ફળ ઉતારવામાં આવે છે. અત્યાર સુધી આ ફળનો ઉપયોગ ત્યાંનાં જંગલના આદિવાસીઓ ઉઝરડા તથા ચાંદાના ઉપચાર માટે કરતા હતા. તેમાંથી ડૉ. કૃષ્ણમૂર્તિએ ક્ષય માટે આ ઔષધિનો કરેલો ઉપયોગ રહસ્યકથા જેવો રસિક છે.

પાંચેક વર્ષ પહેલાં ડૉ. કૃષ્ણમૂર્તિના કોઈક મિત્રે મોઢા પર નીકળતા ખીલ માટે 'રુદન્તિ' વાપરવાનું સૂચન કર્યું હતું. ડૉ. કૃષ્ણમૂર્તિએ પ્રયત્ન કરી જોયો અને તેમની અજાયબી વચ્ચે ખીલ તો જતા રહ્યા, પણ તેના ડાઘ પણ અદૃશ્ય થઈ ગયા. આથી ડૉ. કૃષ્ણમૂર્તિના દિલમાં એક નવો પ્રકાશ પથરાયો...એક વખત તેમની પાસે એકદમ નંખાઈ ગયેલું માંદું બાળક લાવવામાં આવ્યું. આ બાળક ત્રણ મહિનાનું હતું ત્યારથી જ સુકાતું જતું હતું. ક્ષયની ચિકિત્સા માટે ક્ષયની હૉસ્પિટલમાં દશ મહિના સુધી ક્ષય માટેની ત્રણે દવા સ્ટ્રેપ્ટોમાઈસીન, આઈસોનીકોટીનીક હાઈડ્રાઝાઈડ અને પેરાઅમાઈનો સેલીસીલીક ઍસિડ વાપરી જોઈ હતી; પણ બાળકની તબિયત દિવસે દિવસે કથળતી જ જતી હતી અંતે આશા છોડી દઈ તબીબીઓએ તેને રજા આપી દીધી હતી.

૧૯૫૩ના જુલાઈમાં ડૉ. કૃષ્ણમૂર્તિએ બાળક જોયું ત્યારે તે મરવા જેવું જ થઈ ગયું હતું. બાળક બહુ જ રિબાતું હતું. સાથળની ગાંઠો ફૂટી ગઈ હતી અને પરુ નીકળતું હતું. ડૉ. કૃષ્ણમૂર્તિએ આ બાળકને માટે 'રુદન્તિ' વાપરવાનો વિચાર કર્યો; કારણ કે 'રુદન્તિ પરુ બંધ કરી રૂઝ લાવવા માટે સફળ થઈ હતી. તેમણે ગાંઠ પર લગાડવા રુદન્તિ આપી અને વધારે અસર થાય છે કે નહીં તે જોવા દિવસમાં ત્રણ વખત ફાકવા રુદન્તિના ફળનો પાવડર આપ્યો. આમાં તેમને અણધારી સફળતા મળી. અઠવાડિયામાં તો પરુ બંધ થઈ ગયું; ગાંઠો રૂઝાવા લાગી અને બાળકની તબિયતમાં સુધારો જણાવા લાગ્યો. પંદરેક દિવસ પછી ગાંઠો નાની થવા લાગી ને ત્રણ મહિનામાં બેસી ગઈ. એક મહિનાની વધુ સારવાર પછી બાળક તંદુરસ્ત થઈ ગયું ને વજન વધવા માંડ્યું.

આ બનાવથી ડૉ. કૃષ્ણમૂર્તિનું ધ્યાન રુદન્તિના આ નવા ગુણ તરફ ખેંચાયું. આમે ૨૫ વર્ષથી તેઓ ક્ષયની બાબતમાં રસ ધરાવતા જ હતા. આ નવા અનુભવથી તેમનો ઉત્સાહ વધ્યો. આ દવા કદાચ ક્ષયના નિવારણમાં મદદરૂપ થાય એવી આશા તેમના મનમાં ઉદ્‌ભવી. તેમણે ૮૨ વર્ષના એક ક્ષયના દર્દી (જેને જમણા ફેફસાની ઉપરના ભાગમાં ક્ષય થયો હતો) ઉપર પ્રયોગ શરૂ કર્યો. આ દર્દી

' નિઃસાર નિઃસાર '

—પ્રીતિરેખા

વિશ્વકર્મા આનંદ અને ઉલ્લાસપૂર્વક એક મૂર્તિનું સર્જન કરવામાં તન્મય બની ગયા હતા. આજે હમેશના ક્રમથી એ જરા જુદી રીતે વર્તી રહ્યા હતા. હમેશાં શરીરના વિભાગોની એ યથાવત્ ગોઠવણી કરતા ને પછી ચૈતન્યનો એમાં આવિષ્કાર કરતા. પરંતુ આજે એમણે ક્રમ બદલ્યો'તો. આજે ચૈતન્યના એક કણની આસપાસ તેઓ દૈહિક સૌંદર્યનો પુંજ પ્રગટાવવા મથી રહ્યા હતા. જાણે મૂર્તિમંત સૌન્દર્યને બ્રહ્મા આજે સાકાર કરવા મથી રહ્યા હતા. એટલે જેમ જેમ એ મૂર્તિનું વિધાન કરતા ગયા તેમ તેમ એની સુરેખતા અને સપ્રમાણતા માટે અનેકવિધ ફેરફાર કરતા રહ્યા. એના હાથ, એના પગ, એના દેહના નાનામાં નાના, સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગો માટે એમણે અથાગ પરિશ્રમ લીધો હતો. શરીરનાં અંગઉપાંગમાં જરા પણ ત્રુટિ દેખાતાં એ ભાગને સદંતર દૂર કરી ત્યાં ફરી નવા જ પિંડમાંથી રચના કરતા ને તેથી શરીરનું એકેય અંગ એવું નહોતું રહ્યું કે જેની બ્રહ્માએ એક જ વાર રચના કરી તુષ્ટિ માની હોય; ને આમ શરીરના અણુએ અણુમાં બ્રહ્માએ પ્રાણ પૂરી અપૂર્વ રચનાકૌશલ વડે નિતાંત સૌન્દર્યનું સર્જન કર્યું હતું. ને એમાં પણ સૌથી વધુ હૃદયગમ્ય તો એ સુંદર સપ્રમાણ મોં ઉપરનું સ્નિગ્ધ મધુર હાસ્ય હતું. બ્રહ્મા પોતે જ એ જોઈને ચકિત થઈ ગયા હતા. ને બ્રહ્માએ એને માટે સારી એવી જહેમત પણ ઉઠાવી'તી. કેટલીયે વાર એ ઓષ્ઠના આકાર એમણે બદલ્યા'તા અને ત્યારે જ ઊઘડતી પુષ્પકળી જેવી એ ઓષ્ઠપંક્તિ પર મધુર સ્મિત અંકિત થયું હતું. ને ઘડીભર તો સર્જનના આ આનંદમાં સૃષ્ટિકર્તા પોતે જ લીન બની ગયા. પૃથ્વી એક અનુપમ

પણ હોસ્પિટલમાંથી હતાશ થઈને પાછો આવ્યો હતો. ત્રણેક અઠવાડિયામાં તેની તબિયતમાં નોંધપાત્ર સુધારો જણાવા માંડ્યો. પાંચમા અઠવાડિયે તેની છાતીનું એક્સ-રે સ્ક્રીનીંગ કરતાં ખબર પડી કે ફેફસાંનો ક્ષય મટવા લાગ્યો હતો અને રૂઝ આવવા લાગી હતી. ડૉ. કૃષ્ણમૂર્તિ ને હવે ખાતરી થવા લાગી અને બહોળા પાયા પર સંશોધનકાર્યની શરૂઆત કરી દીધી.

જેમ જેમ પરિણામો આવતાં ગયાં તેમ તેમ ડૉ. કૃષ્ણમૂર્તિ વધારે ચકિત થતા ગયા. પહેલી વખતે ૯૭ દર્દીઓ લીધા (જેમાંથી ૮૬ વીસ વર્ષની નીચેના હતા) ઘણાએ પહેલાં દવા કરી હતી પણ ક્ષય મટ્યો ન હતો. બાકીના કેટલાકે દવા જ નહોતી કરી. દરેક દર્દીને સરેરાશ ૧૮ અઠવાડિયાં સુધી રુદન્તિ આપી અને પરિણામ જોયું તો ૯૭ માંથી ૯૧ દર્દીઓમાં સારો એવો સુધારો થયો હતો. ઘણાખરા કિસ્સામાં તો ચાર જ અઠવાડિયામાં અસાધારણ વજન વધ્યું હતું.

અજાયબીની વાત તો એ છે કે જ્યારે અન્ય સારવારથી ક્ષય મટયા પછીય, રૂઝાયેલા ઘા 'ક્ષ' કિરણોથી જોઈ શકાતા હતા, ત્યારે રુદન્તિના ઉપચાર પછી ઘણાખરા કિસ્સામાં આ નિશાનીઓ પણ દેખાતી ન હતી. જાણે કે તેમને ક્ષય થયો જ ન હતો! આવાં ચમત્કારિક પરિણામોને લીધે રુદન્તિનું ક્ષયનિવારણમાં અસાધારણ મહત્ત્વ સ્વીકારાયું...

ભારતમાં અત્યારે લગભગ ત્રીસ લાખ જેટલા તો ક્ષયના રોગીઓ છે અને અંદાજે વર્ષના ૭ લાખ માણસો ક્ષયથી મરી જાય છે. દેશને પાયમાલ કરતા આ રોગની સામે અસરકારક છતાં સાદી અને સસ્તી ઔષધિ 'રુદન્તિ' એક જબરજસ્ત આશીર્વાદરૂપ બની જવાની આગાહી આપી રહી છે.

સૌન્દર્યથી મંડિત થશે એ ખ્યાલથી પણ બ્રહ્મા સંતુષ્ટ હતા.

એનાં ઘનશ્યામ ઝુલ્ફાંમાં આંગળાં પરોવી વત્સલ નયને બ્રહ્મા એને જોઈ રહ્યા અને પછી સ્નેહભીના અવાજે કહ્યું: 'વત્સ, ચિરંજીવ થા!'

બ્રહ્મા સંતોષના સ્મિત સાથે ત્યાંથી ઊઠ્યા. પરંતુ પીઠ ફેરવી જેવું એક ડગ આગળ ભરે છે, ત્યાં તો એ ચોંકી ઊઠ્યા. 'આ...આ શું?' અને એક આર્ત્તચીસ સાથે એ ચૌદલોકના અધિષ્ઠાતાએ આંખો મીંચી દીધી. એ વેદનાના ચિત્કારથી સમસ્ત વાયુમંડળ થંભી ગયું. પૃથ્વી ભયભીત બની. તારામંડળ વાદળની આડશમાં લપાઈ ગયાં. ચૌદલોકને તેજથી છાઈ દેનાર વિશ્વકર્માનાં અર્ધનિમીલિત નયનો નીતરી રહ્યાં. એમણે આર્દ્રકંઠે કહ્યું: 'પૃથ્વી...' પરંતુ અસહ્ય વેદનાથી એમની વાણી રૂંધાઈ રહી'તી. સ્થાવરજંગમ સહુને હલાવી મૂકતો બ્રહ્માના મુખમાંથી નિઃશ્વાસ સર્યો: 'આહ! સુંદરની સાથે આ અસુંદરનું સર્જન! સુકૃતિ અને વિકૃતિનો આમરણાંત સહયોગ!' એ વક્ર મોં, તીણા બરછટ વાળ, એ જુગુપ્સાજનક હોઠ, હમણાં નહોરિયાં ભરી ઊઠશે એવાં આંગળાં. તમે એને જોઈને કંપી ઊઠો. તમારું સમસ્ત મન, પ્રાણ, શરીર કોઈ ક્રૂર આંચકા દ્વારા વળ ખાઈ ઊઠે; જાણે હમણાં એનું વિકરાળ જડબું પહોળું થઈ તમને ભરખી જશે અને લોહી, માંસ મજ્જાની ઉજાણી કરશે.

અને બ્રહ્માએ ક્ષેત્રસંન્યાસ લીધો. જેમ આદિકાળથી સૃષ્ટિ ચાલતી હતી તેમ ચાલતી રહી. વળી એક વખત બ્રહ્મા એ શોકસમાધિમાંથી ઊઠ્યા અને એક અપૂર્વ કૃતિનું સર્જન કર્યું. બ્રહ્માએ આ વખતે કાળજીપૂર્વક કામ કર્યું હતું. આ અપૂર્વ સર્જનમાં દૈહિક સૌન્દર્ય ક્યાંય નહોતું મૂક્યું. એના વિશાળ ભાલપ્રદેશ ઉપર માત્ર તેજના લિસોટા વિના ક્યાંય કશી અસામાન્યતા નહોતી. પરંતુ બ્રહ્માએ પોતાનું બધું સામર્થ્ય એના હૃદયના પરિષ્કાર પાછળ ખર્ચ્યું હતું. ઋત અને આભિજાત્યથી જ એનું હૃદય રસ્યું હતું. અને એના પૃથ્વીપ્રતિ પ્રયાણ વખતે બ્રહ્માના મુખમાંથી સ્વાભાવિક શબ્દો સર્યા: 'શિવાસ્તે પન્થાનઃ।'

પૃથ્વીનું સૌભાગ્ય ખીલી ઊઠ્યું. વિશ્વના દાવાનળમાં શાંત પ્રેમાળ મૂર્તિનું અવતરણ થયું હતું. ચારે તરફ ફેલાયેલાં દાભને એણે ઉખાડી નાખ્યો અને એ હરિયાળી જમીનમાં પ્રેમ, અહિંસા, સત્ય અને સૌન્દર્યનું વાવેતર કર્યું. અને આથી જ સ્વર્ગલોકમાં અપૂર્વ આનંદ વ્યાપ્યો હતો કે પૃથ્વી આખરે પયગંબરી આવેશને ઓળખી શકી છે. બ્રહ્માના અપૂર્વ સર્જનનું એણે સન્માન કર્યું છે અને આ સાફલ્ય માટે જ દેવગણો એક સમારંભ ઉજવવા માગતા હતા; પણ બ્રહ્મા હમેશાં એ વાત તરફ દુર્લક્ષ કરતા.

આખરે દેવગણોની જીત થઈ. આજે તેઓ આનંદથી મસ્ત બન્યા હતા. બ્રહ્માએ આજે એમની વિનંતિ માન્ય રાખી હતી. ઈશુ અને સોક્રેટીસે પણ એમનાં આમંત્રણો સ્વીકાર્યાં હતાં. દેવ ગણો આ પ્રસંગવિશેષને માટે ઘણા વખતથી ઉત્સુક હતા. તેઓ હમેશ કહેતા કે બ્રહ્માના અપૂર્વ સર્જનથી પૃથ્વી મહિમાન્વિત બની ઊઠી છે, અને અનેક પ્રતિકૂળતાઓને આંબી સત્ય અને કલ્યાણની યાત્રા ત્યાં નિર્વિઘ્ને ચાલી રહી છે. પરંતુ બ્રહ્માએ આ વાત ઘણીવાર સાંભળી ન સાંભળી કરી હતી કારણ કે એમની સાશંક દૃષ્ટિ સમક્ષ સુંદર-અસુંદરનું દૃશ્ય ઘણીવાર ઝબકી જતું. પરંતુ દેવગણોના અતિ આગ્રહને આજે તેઓ વશ થયા હતા.

સોક્રેટીસે એમના લાક્ષણિક વક્તવ્યને અંતે કહ્યું કે પૃથ્વીમાં હવે ડહાપણનું પલ્લું કંઈક ઝૂકતું લાગે છે. ઇશુએ પણ પૂર્ણાહુતિ કરતાં કહ્યું કે કરુણા અને ક્ષમાના વાગ્યાર્થમાંથી છૂટી જનહૃદય એને ચરિતાર્થ કરતાં પણ શીખ્યું લાગે છે.

ઉર્વશી, રંભા, મેનકા તારાખચિત કુસુમોનો હાર લઈ બ્રહ્મા પાસે આવ્યાં. બ્રહ્માએ જરા ડોક નમાવી. ત્યાં તો પ્રચંડ પ્રપાત સમા એક પછી એક ત્રણ અવાજ આવ્યા. અપ્સરાઓના હાથ ધ્રૂજી ગયા. દેવગણ જાણે મૂર્ચ્છાવશ બની ગયો અને ધીરે ધીરે વિશ્વકર્મા સભાખંડ છોડી જતાં અસાધારણ મંથન અનુભવી રહ્યા: 'પૃથ્વીમાં શું હમેશાં અસામાન્યતાનો અનાદર જ થશે?'

સોક્રેટીસે હોઠ કચડતાં કચડતાં કહ્યું: 'પૃથ્વીવાસીઓના હાથે સમતુલાની દાંડી તો ક્યારનીયે ભાંગીને ભુક્કો બની હતી, આખો વખત જોખાજોખ કરીને. પણ આજે તો તેઓ બીજી ઘણી ફિકરમાંથી બચી ગયા. બીજા એક પલ્લાનો પણ એમણે ભુક્કો બોલાવી દીધો છે.'

ઈશુની વેદનાથી વ્યથિત વાણીમાં દાહાત્મક તેજ હતું. 'રખેને શીલ નિઃસહાય થઈ રહે એ બીકે, હે પૃથ્વીસંતાનો! તમે એનેય સોક્રેટીસની સાથે વિદાય આપી! કારુણ્યની પણ એ જ ગતિવિધિ.' અને ઘડી થોભી સજલ નેત્રે વદ્યા: 'ધરિત્રી, આજે તું સત્યથી પણ વંચિત બની.'

દેવગણો સૌ શોકવ્યાકુલ બની એકમેકની સામે અર્થસૂચક દૃષ્ટિથી જોતાં, બ્રહ્માના નિઃશ્વાસ અને પૃથ્વીના ડૂસકામાં જાણે, 'નિઃસાર' 'નિઃસાર'નો ધ્વનિ સાંભળી રહ્યા.

આસ્વાદ

આ વિભાગ દ્વારા કાવ્ય અને કલાનો પ્રારંભિક રસાસ્વાદ કરાવી વિશાળ જનસમૂહ અને સાહિત્યકલાનાં સર્જનો વચ્ચે સેતુ બનવાની અભીપ્સા છે.

—સુરેશ હ. જોષી

ઊંડી રજની

[રાગ ગ્હાડ]

આ શી ઊંડી રજની આજની
    ભાળે ઊંડા ખાણકાર !
ઘેરી ગુહા આકાશની રે
    માંહિ સૂતા ઊંડા અન્ધકાર,
ઊંડા ડૂબ્યા નક્ષતારલા કંઈ
    ગૂઢ સન્દેશ વ્હેનાર રે;
        આ શી ઊંડી રજની ! ૧

શાન્તિપૂર રેલી રહ્યું રે
    ઊંડું, અદ્ભુત સહુ ઠાર,
એ પૂરને ઝીણું ઝીણું હલાવી,
    છાનો અનિલ રમે સુકુમાર રે;
        આ શી ઊંડી રજની ! ૨

ડૂબી ઊંડી એ પૂરમાં રે
    તરુવરકેરી હાર,
મોહમન્ત્રથી મૂઢ બની એ
    કાંઈ કરે ન ઉચ્ચાર રે;
        આ શી ઊંડી રજની ! ૩

મૂઢ બન્યો એહ મન્ત્રથી રે,
    સ્તબ્ધ ઊભો હું આ વાર;
ગૂઢ અસંખ્ય ભેદો કંઈ,
    કરે ચોગમ ઘોર ઝંકાર રે;
        આ શી ઊંડી રજની ! ૪

જાગી ઊઠી એ ઝંકારથી રે
    અનુભવું દિવ્ય ઓથાર;
ભરાયું ભેદ અસંખ્યથી રે
    મ્હારું હૃદય ફાટે શતધાર રે
        આ શી ઊંડી રજની ! ૫

ગૂંથાયું એ શત ધારથી રે
    એહ સ્તબ્ધ હૃદય આ ઠાર,
શાન્ત, અદ્ભુત, ઊંડા કંઈ
    સુણે ઉચ્ચ ગાનના પુકાર રે.
        આ શી ઊંડી રજની ! ૬

—નરસિંહરાવ

[પાન ૫૧૩થી]

ઉપસંહાર

સરકારી પગલાંને પ્રતાપે ગ્રામવિસ્તારોમાં આ પ્રકારે પરિવર્તનો થઈ રહ્યાં છે. આ પરિવર્તનોની દિશા અને ગતિ કેવાં હશે ? નવા 'વિકસી' રહેલા વર્ગ અને સામાજીક વિદ્વેષ સાથે લોકશાહી રાજકીય ધ્યેયનો મેળ ખાશે ખરો ? શું આ વિરોધાભાસો ઉત્પાદનનો પ્રેરક હેતુ અને તેનું સ્વરૂપ બદલ્યા વિના ટાળી શકાશે ખરા ? ગ્રામવિસ્તારોમાં આર્થિક આબાદી અને સામાજિક એકરૂપતા સ્થાપવા માટે કેવા પ્રકારનાં સંસ્થાગત પરિવર્તનો જરૂરી હશે ? તમામ સમાજવિજ્ઞાનીઓ સામે આવા કેટલાક પાયાના સવાલો રજૂ થઈ ચૂક્યા છે.

અંધકારના અનુભવને વર્ણવવો એ કપરું કામ છે. આથી જ તો કાવ્યસાહિત્યમાં અંધકારને વિશેનાં કાવ્યો વિરલ છે. ગૂજરાતી કવિતાસાહિત્યમાં કવિ શ્રી ખબરદારે સનાતન અંધકારને ગાયો છે, શ્રી પ્રહ્લાદ પારેખે શ્રાવણના પારિજાતની ખુશબોથી તરબતર, અંધકારનો પરિચય કરાવ્યો છે.

નરસિંહરાવે આ કાવ્યમાં અંધકારને 'વર્ણવતાં ઊંડો, અદ્ભુત, ગૂઢ, શાન્ત–એવાં વિશેષણો વાપર્યાં' છે. આ વિશેષણો અંધકારનાં કોઈ સાકાર છબિ ખડી કરતાં નથી તે સૂચક છે. ઊંડો એટલે તાગી ન શકાય તેવો, ઇન્દ્રિયગ્રાહ્યતાની સીમાની બહારનો; અને જેને ઇન્દ્રિય સ્પષ્ટ રૂપે ગ્રહી નહિ શકે, આ જગતની રૂપસૃષ્ટિથી થતાં અન્ય સંવેદનો જોડે એક કક્ષામાં મૂકી જેને સમજી શકીએ નહિ, તે વિસ્મય અને ભય ઉપજાવે. વિસ્મયમાત્રને ભીતિનો સ્પર્શ હોય જ છે. જેની સાથે આપણે મેળ બેસાડી શકયા નથી, જે આપણને ઉલ્લંઘીને પણ વ્યાપી રહે છે તેની આ વિભુતા આપણને નહિવત્ કરી નાંખે છે. જેને ઇન્દ્રિયો સ્પષ્ટ કરી આપે તે વિશે આપણે નિશ્ચિંત થઈને રહીએ, કારણ કે એને આપણાથી નોખું પાડીને આપણા જ્ઞાનનો એક પદાર્થ બનાવી દઈ શકીએ. આમ, એ જ્ઞાનની પકડમાં આવ્યા પછી આપણને ઉલ્લંઘી નહિ જઈ શકે, એટલે જે ગોચરતાની સીમામાં છે તે ગૂઢ નથી, તેનો આપણને ભય નથી.

પણ અંધકાર તો રૂપને ભૂંસી નાંખે છે, આપણી ચેતના એમાં એક બુદ્બુદના જેવી સ્થિતિમાં રહી જાય છે. બીજી રીતે જોઈએ તો, આકારની સીમામાંથી ઉપાડીને અવ્યક્તની વિરાટ અનન્ત ભૂમિકા પર આપણને એ ખડા કરી દે છે. આપણી ઇન્દ્રિયના છેડા ત્યાં સુધી પહોંચતા નથી, ઇન્દ્રિયોને બહુ પસાર્યા છતાં આકારની, ગોચરતાની તટરેખાને આંબી શકાતી નથી. આપણું મન પોતાને પોતાનામાં રહીને જાણવાને ટેવાયું નથી. એ અનેક સંબંધોની તંતુજાળ પ્રસારે છે. આ સંબંધ આપણી ગોચરતાની, અભિજ્ઞતાની અનિવાર્ય શરત છે, ને અંધકાર એને જ છેદી નાંખે છે, આકારહીન નર્યા પ્રસારમાં મન અટવાતું ફરે છે. આ સ્થિતિ મનથી જીરવી શકાતી નથી. આથી નરસિંહરાવ એમને દાબતા ઓથારની (પછી ભલેને એને દિવ્ય કહો, ને આ 'દિવ્ય' તો અહીં 'ગૂઢ'નો પર્યાય બની રહે છે ને!) વાત કરે છે, એથી એમનું હૃદય શતધા ફાટી જાય છે. આપણી અકબંધ સાચવી રાખેલી વ્યક્તિતાની ચતુસ્સીમા અંધકારના વિરાટ પ્રસારના ઘોડાપૂર સામે કયાં સુધી ટકી શકે?

જે આકારમાત્રને ભૂંસી નાંખે તેને આકારની પરિભાષામાં વર્ણવી શી રીતે શકાય? પણ એ સિવાય આપણે એને વર્ણવીએય શી રીતે? નરસિંહરાવે આમાંથી શી રીતે રસ્તો કાઢ્યો છે તે જોઈએ.

અંધકારને હાથે પરાજય પામનાર સૌથી પ્રથમ ઇન્દ્રિય તે ચક્ષુ; ને સેનાપતિના હાર્યા પછી લશ્કર આખું ટકી રહી શકે નહિ! આપણે કાવ્યની શરૂઆત કરીએ છીએ ત્યારથી, બલકે એની પહેલી પંક્તિ શરૂ થાય છે તે પહેલાં, આંખ હારી ચૂકી છે. માટે જ તો રજનીને 'ઊંડી' કહેવી પડી! પણ આંખ જોતી બંધ થાય ત્યારે એની જવાબદારી કાન પર આવી પડે, એ કર્ણધાર બને. આથી બીજી પંક્તિમાં કવિ 'ભણકાર'ની વાત કરે છે. પણ એય ઊંડા છે, કારણ કે એ અવાજ નથી, પણ અવાજની સ્મૃતિ છે, જેનો આકાર પણ ભૂંસાતો જાય છે.

ત્રીજી અને ચોથી પંક્તિમાં ગુહાશાયી અંધકારની મૂર્તિ કવિ ઉપસાવે છે; અંધકારને આકારની સીમામાં ખેંચી આણવાનો આ છેલ્લો પ્રયત્ન છે. આ 'ગુહા' શબ્દ સાથેના આપણા અધ્યાસને તપાસો: ભગવાન હૃદયગુહામાં રહે છે. ગુહામાં જે રહે છે તે અકળ હોય છે, ગોચર હોતું નથી. એટલે એ આકાર વગરનું છે, એમ જ આખરે તો થયું ને!

અંધકારની નિરાકારતા કેવી તો સંપૂર્ણ છે તે બતાવવા કવિ કહે છે કે જેના પર આંખ ઠરે, દૃષ્ટિના તંતુથી જેની જોડે સેતુબંધ બાંધીને વિનિમય સાધી શકાય, એવા તારાય આ ઊંડા અંધકારમાં ઊંડેઊંડે ડૂબ્યા છે. એ હોત તો કદાચ આ અંધકારની ગૂઢતાનું હાર્દ જાણવાનું કાંઈ સાધન રહ્યું હોત. પણ એ તારા પણ નિરાકારને તળિયે બેઠા છે.

આગળ વધીએ તેમ તેમ આ ધસ્યે જતાં નિરાકારનાં ઘોડાપૂરનો વધુ ને વધુ અનુભવ થતો જાય છે. પહેલી કડીમાં કાનને જે 'ઊંડા ભણકાર' સંભળાતા હતા તેય હવે શાન્તિના પૂરમાં ડૂબી ગયા. બીજી ઇન્દ્રિયનો પરાજય થયો. હવે? અંધકારમાં સ્પર્શ આપણી આંખ બને છે. આપણે હાથ પસારીને સ્પર્શથી આપણા પરિવેશથી પરિચિત થવાનો પ્રયત્ન કરીએ છીએ. અહીં પણ સુકુમાર અનિલનો આછો

સ્પર્શ આ પૂરને ઝીણું હલાવે છે. અંધકારને સ્પર્શગોચર કરવાનો આ પ્રયત્ન છે. પણ પછીની પંક્તિમાં, એ સુકુમાર અનિલનો સંચાર કરનાર, તરુવરકેરી હાર પણ આ અંધકારના મોહમંત્રની અસર નીચે આવીને મૂઢ બની જાય છે, સ્તબ્ધ બની જાય છે, શાંતિને તળિયે ડૂબી જાય છે.

આમ આગળ ને આગળ વધ્યે જતાં પૂર કવિને પણ ગ્રસે છે, કવિ પણ એથી સ્તબ્ધ બને છે. રૂપ અને રૂપ વચ્ચેની ભેદસીમા હવે રહી નથી, બધું એકાકાર થઈ ગયું છે, બુદ્ધિનાં પ્રપંચનું કશું આલમ્બન રહ્યું નથી. આમ અંધકારનો રેલો ચેતનાના છેક છેલ્લા સ્તર સુધી પહોંચે છે. આપણા ચિત્તના નેપથ્યમાં રહેલી નિરવયવી ભાવસૃષ્ટિનાં અસંખ્ય રહસ્ય એ નિસ્તબ્ધતામાં ઝંકૃત થઈ ઊઠે છે. શરૂઆતમાં, પહેલી કડીમાં, કવિએ 'ભણકાર'ની વાત કરી; એ જ ભણકાર આ કક્ષાએ ઝંકારમાં ફેરવાઈ ગયા, એમાં નિસ્તબ્ધતા અને અંધકારના ગર્ભમાંથી જન્મતું સંગીત ભળ્યું. પાયથાગોરાસે એ સંગીત સાંભળ્યું હતું: I hear the music of the spheres. વેદના કવિઓએ એ સાંભળ્યું હતું.

આ સંગીતથી પેલી મૂઢતા ચાલી ગઈ; એક નવી જ જાગૃતિ આવી. અંધકારનાં જળમાં નાહીને નીકળતી સદ્યઃસ્નાતા ઉષાની જાગૃતિનો અણુસાર પંખીના કંઠમાં પ્રથમ સંગીતરૂપે ઝીલાય છે, પછી પ્રકાશની ટશર પૂર્વમાં ફૂટે છે. જાગવામાં આંખ પાછળ રહી જાય છે, કાન આંખને જગાડે છે.

પણ આ જાગૃતિ, એની પહેલાંની સ્થિતિને એની પાછે મૂકીને બતાવે છે. ત્યારે કશાક, જીરવાય નહિ એવા ઉત્કટ અનુભવથી આપણા ચૈતન્યની પાળ તૂટું તૂટું થઈ રહે છે. પાંચમી કડીમાં કવિ 'દિવ્ય ઓથાર' એ સંજ્ઞાથી આ જ અનુભવની વાત કરે છે. ઓથાર એટલે તો દુઃસ્વપ્ન. પણ એની આગળ 'દિવ્ય' વિશેષણ મૂકીને નરસિંહરાવે વાત સુધારી લીધી.

અંતમાં, જે અપૂર્વ ઉત્કટ અનુભવથી હૃદય શતધા ફાટી ગયું તેનાથી જ વળી એ ગૂંથાઈ જાય છે. આ કેવી અદ્ભુત વાત! એ ઉચ્ચ સંગીતે જ હૃદયને વળી અખંડ કરી દીધું. આમ સંગીતે પ્રલયમાંથી આપણને બચાવી લીધા.

નિરાકાર અંધકારને વર્ણવતી આ કવિતામાં કેટલાંક ચિત્રો યાદ રહી જાય તેવાં છે: શાંતિના પૂરને ઝીણું ઝીણું હલાવીને રમતો છાનો સુકુમાર અનિલ, મોહમંત્રથી મૂઢ બનીને ઊભેલી તરુવરની હાર ને યોગમના રહસ્યમય ઝંકારની વચ્ચે મંત્રમુગ્ધ સ્તબ્ધ બનીને ઊભેલા કવિ.

આ ભવ્ય ભાવને સ્રગ્ધરા જેવા ગૌરવવંતા છન્દમાં ઢાળ્યો હોત તો? કવિએ એમ કરવાને બદલે માઢ રાગના ગીતમાં આ પૂરની છોળ છલકાવા દીધી છે. પ્રથમ કડીમાં શરૂ થતી છોળ, ઇન્દ્રિયોને લુપ્ત કરતી આગળ વધે છે. ને આખરે છેલ્લી કડીમાં એ ઉચ્ચ ગાનમાં પરિણમે છે. અંધકારમાંથી શાંતિ, અને શાંતિમાંથી ગાન સુધીની ગતિ આમાં વરતાય છે. નરસિંહરાવના પ્રિય શબ્દો 'દિવ્ય' અને 'ક્રાર' અહીં પણ હક્ક કરીને આવ્યા છે. ગીતમાં પરિણમતા અંધકારનું આ ગીત આપણા કાવ્યસાહિત્યની એક સ્મરણીય કૃતિ છે.


(પાન ૫૨૦ ઉપરથી)

તો, આ તારટપાલના જમાનામાં (અને નાયિકા પણ પત્ર લખીને જ આ વધામણી આપે છે તેથી એ આ જમાનાની જ છે એમાં શંકા નથી. તેથી આ જમાનામાં): પ્રસૂતિ પછી બબ્બે મહિના સુધી પતિને આ વધામણી કોઈએ પહોંચાડી જ ન હોય કે આવો વહાલસોયો અને રસિક પતિ જાતે જઈને કે બીજી કોઈ રીતે તપાસ ન કરે અને નાયિકા દોઢ મહિનાનું નાહ્યા પછી પત્ર લખીને પોતાને સમાચાર આપે ત્યાં સુધી રાહ જોતો બેસી રહે એ બનવાજોગ છે ખરું?

—મનસુખલાલ ઝવેરી

૧-૯-૧૯૫૯

[વિશ્વમાનવ : સપ્ટેમ્બર '૫૯]



‘ વધામણી ’ : એક ચર્ચા

મહાશય,

‘માનવ’ના જુલાઈ અંકમાં ‘આસ્વાદ’ વિભાગમાં શ્રી સુરેશ જોષીએ સ્વ. પ્રો. ઠાકોરના ‘ વધામણી ’ એ કાવ્યનો રસાસ્વાદ કરાવ્યો છે. શ્રી સુરેશ જોષી આપણા રસજ્ઞ અને મર્મજ્ઞ અભ્યાસીઓમાંના એક છે. એટલે એમના જેવા સહૃદય અધિકારીને હાથે આપણાં કેટલાંક ઉત્તમ કાવ્યોનો કાવ્યરસિક વાચકોને પરિચય થાય અને એ રીતે વાચકોની કાવ્યાસ્વાદ લેવાની વૃત્તિ સંસ્કારાતી જાય એ ઘણું ઇષ્ટ છે.

‘ વધામણી ’ની છેલ્લી ચાર પંક્તિઓ—

બીજું, વ્હાલા, સિર ધરિ જિહાં ‘ ભાર લાગે શું ? ’ કહેતા,
ત્યાં સૂતેલું વજન નવું વીતી ઋતુ એક વ્હેતાં;
ગોરું ચૂસે અખૂટ જ રસે અંગૂઠો પદ્મ જેવો,
આવી જોઈ, દયિત, ઉચરો લોચને હોણુ જેવો ?

વિશે શ્રી સુરેશ જોષી લખે છે કે:

‘ છેલ્લી ચાર પંક્તિઓ આપણા કાવ્યસાહિત્યની અમર પંક્તિઓ છે. એમાં પત્નીની ગર્ભધારણની વેદના પરત્વેની પતિની સહાનુભૂતિ નાયિકાને મુખે વ્યક્ત કરાવીને વહાલસોયા પતિનું સુરેખ ચિત્ર કવિએ ઉપસાવ્યું છે. જે એક વાર ગર્ભમાં ‘ સૂતેલું વજન ’ હતું તે જ ફૂલસરખું હવે ખોળે ,ખેલતું થઈ ગયું છે. ‘ વજન ’ કેવળ ઉપાડવાનું, વહેવાનું હોય, પણ એને ખોળે રમાડીએ એટલે એનો ભાર ન રહે. ’

આમાં, મને એમ લાગે છે કે શ્રી જોષીએ ગર્ભધારણની વેદના પરત્વેની પતિની વહાલભરી સહાનુભૂતિનો જે વ્યંગ્ય તારવ્યો છે તે દૂરાકૃષ્ટ છે.

કાવ્યની પંક્તિઓને ગદ્યમાં ગોઠવીએ તો તેમાં માત્ર આટલું જ કહેવામાં આવ્યું છે:

“ બીજું, વ્હાલા, જિહાં શિર ધરી, ‘ ભાર લાગે શું ? ’ કહેતા, ત્યાં સૂતેલું નવું વજન વ્હેતાં એક ઋતુ વીતી. ”

અને મારો ખ્યાલ છે તે પ્રમાણે, ‘ જિહાં ’ એટલે ખોળામાં એવો અર્થ પ્રો. ઠાકોરે પોતે આપ્યો છે. તે અને બીજો બધો સંદર્ભ ધ્યાનમાં રાખીએ તો એ પંક્તિઓનો અર્થ આટલો જ થાય :

“ તમે મારા ખોળામાં તમારું માથું રાખીને સૂતા, અને ‘ આનો તને ભાર તો નથી લાગતો ને ? ’ એમ પૂછતા. એ જ ખોળામાં આજે એક નવું વજન સૂતું છે: ને એનું વહન કરતાં આજે બે મહિના (એક ઋતુ) થયા છે. ”

નાયિકાની સગર્ભાવસ્થામાં એના ખોળામાં માથું રાખીને સૂવાથી, એને કદાચ ભાર લાગતો હશે એમ માનીને વહાલસોયો પતિ લાગણીભરી પૃચ્છા કરે એ સ્વાભાવિક છે. પણ જે ‘ ભાર ’ની વાત પતિ કરે છે તે ગર્ભસ્થ શિશુના વજનનો નહિ, પણ પોતાના માથાનો છે, એ સ્પષ્ટ છે. શ્રી સુરેશ જોષી ‘ ભાર ’ એટલે ગર્ભસ્થ શિશુના વજનનો ભાર એવો અર્થ કરે છે તેનું કારણ, એમણે આ પંક્તિઓને કંઈક આવી રીતે બેસાડી હોય એમ લાગે છે તે છે :

“ તમે જ્યાં માથું રાખીને ‘ તને ભાર તો નથી લાગતો ને ! ’ એમ પૂછતા હતા ત્યાં જે વજન સૂતેલું હતું તે હવે ખોળે ખેલતું ગોરું ગોરું શિશુ બની ગયું છે. ”

મને લાગે છે કે ‘ વજન ’ એ શબ્દ કવિએ ગર્ભસ્થ શિશુને માટે નહિ પણ ખોળે ખેલતા બાળકને માટે વાપર્યો છે.

શ્રી સુરેશ જોષી છેલ્લી બે પંક્તિઓનું વિવરણ કરતાં લખે છે કે:

“ અલબત્ત, જો કાવ્યનો નાયક વિદગ્ધ હોય, પ્રાસરચનાની કંઈક સમજ ધરાવતો હોય તો છેક છેલ્લી લીટીના છેલ્લા શબ્દ સુધી જવાની એને જરૂર ન પડે. ‘ અંગૂઠો પદ્મ જેવો ’માંના ‘ જેવો ’ વાંચતાની સાથે જ એ દીકરાનો જન્મ થયો છે, એમ સમજી ગયા વિના ન રહે. ”

આ અર્થ તો જો બાલકને પદ્મની સાથે સરખાવવામાં આવ્યો છે એવો કરીએ તો જ નીકળી શકે. અને ‘ પદ્મ ’ એ બાલકનું ઉપમાન છે, અંગૂઠાનું નહિ, એવો અર્થ તારવવાનું, બીજી બધી મુશ્કેલીઓ બાજુએ રાખીએ તો પણ, એક જ રીતે બની શકે: ‘ અંગૂઠો ’ પાસે અલ્પવિરામ હોય તો. અહીં એ નથી.

‘ પદ્મ ’ને એક વાર અંગૂઠાના અને બીજી વાર બાલકના ઉપમાન તરીકે લેવાથી કાવ્યભાવ વિશેષ ચમત્કારક બને છે એમ પણ કહી શકાય તેમ નથી. કારણ કે ‘ જેવો ’ એ વિકારી પદ છે; અને એનો અન્વય ‘ ગોરું ’ને છે તે પ્રમાણે નપુંસકલિંગવાચક ‘ વજન ’ની સાથે નહિ પણ પુલિંગવાચક ‘ અંગૂઠો ’ની સાથે જ બેસી શકે.

શ્રી સુરેશ જોષી વિશેષમાં લખે છે કે: “ જાણે કશું અસામાન્ય કહેવાનું નથી. આ તો લખતાં લખતાં એક વાત યાદ આવી તે કહી નાખું છું !” અને ઉમેરે છે કે, “ નાયિકાની, અને સાથે સાથે કવિની, ચતુરાઈની બીજી વાર આપણને સુખદ પ્રતીતિ થાય છે. બાળકનું વર્ણન એ નાન્યતર જાતિમાં જ કરે છે, ને એ રીતે, છેક છેલ્લા શબ્દ સુધી, બાળકની જાતિ અધીરા પતિને કળવા દેતી નથી. ”

મારો ખ્યાલ છે તે પ્રમાણે કવિની આ ખૂબી પર આપણે મૂળથી જ વારી જતાં આવ્યાં છીએ. પણ, બીજી રીતે જોઈએ

(વધુ પાન પા૯ ઉપર)

આર. ડી. રાવલ



આર. ડી. રાવલને નામે જાણીતા શ્રી રસિક દુર્ગાશંકર-રાવલનો જન્મ ત્રીસ વર્ષ પહેલાં સાબરકાંઠામાં થયેલો. ૧૯૪૪માં મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં તે અભ્યાસ માટે જોડાયા. ત્યારથી માંડીને આજ સુધી એમણે ભારતીય ચિત્રકલા-ક્ષેત્રે, પુરાતન ભારતીય કલાનાં લક્ષણોના અભ્યાસ દ્વારા, તેમ જ લોકચિત્ર-પદ્ધતિએ કરેલા અવનવા પ્રયોગો દ્વારા, સારું એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કારણ એમની લોકપ્રિયતાનું બીજુંય એક કારણ છે. તેઓ એમનાં ચિત્રોનો પ્રાણ જન્મભૂમિ ભારતની જ સંસ્કૃતિમાંથી મેળવે છે. પુરુષો, સ્ત્રીઓ, પક્ષીઓ અને પ્રાણીઓ ભારતનાં છતાં અરૂઢિગત લક્ષણો દ્વારા એમણે આલેખ્યા છે.

કૌશલના અનેક પ્રયોગો દ્વારા એમણે એમનાં ચિત્રોમાં વિવિધતા આણી છે—અને આધુનિક દૃષ્ટિબિન્દુને એમણે પુરાતન ભારતીય કલાનાં અંગો સાથે મિશ્રિત કરવા પ્રયત્ન કર્યો છે. મોટે ભાગે લાલ, લીલો અને વાદળી તેમ જ કોઈવાર પીળો (Lemon yellow)ના ઉપયોગ દ્વારા તેઓ

(વધુ પાન ૨૨ ઉપર)

આ માણસે (એટલે મનુષ્યજાતિએ) પણ ભારે કરી છે! આ પૃથ્વી પર એનો જન્મ થયો ત્યારથી એણે જાતજાતની રમતો આદરી છે. ખુશ થવા માટે અને ખુશ કરવા માટે. એ બીજાં પ્રાણીઓની જેમ ખાઈ, પીને તેમ જ સંતતિ ઉત્પન્ન કરીને બેસી ન રહ્યો. એણે તો ખળખળ વહેતાં ઝરણાંને જોઈ ગાવા માંડયું, ડોલતી વેલીઓને જોઈ ને નાચવા માંડયું અને પડછાયાને જોઈ ચીતરવા માંડયું. એની પાછળનો હેતુ શો ? હજી આજે પણ આપણે એ શોધી રહ્યાં છીએ. પણ ત્યારે તો માણસે એનો અર્થ લીધો— બસ આનંદ. એણે તો ફાવે તેવા રંગીન પથ્થરથી કે કોલસાથી ખરબચડા ગુફાના પથ્થર પર આકૃતિઓ દોર્યે રાખી. રંગરેખાનું પૃથક્કરણ કરવાની એને નવરાશ નહોતી (એ આપણા માટે રહેવા દીધું.) એણે તો મનમાં આવ્યું તે દોર્યું. એને શિકાર કરવો ગમતો—અને પેટ પૂરવા માટે કરવોય પડતો. એટલે એણે પહેલાં શિકાર કરતાં જાતભાઈઓ આલેખ્યા અને મરતાં-દોડતાં પ્રાણીઓ પણ. એ આકૃતિઓ સાચા મનુષ્યોને મળતી ન પણ આવે. પણ તેથી શું ? એક ઊભી લીટી અને નીચેથી ત્રિકોણાકારે જતી બીજી લીટી એટલે માણસ અને આડી લીટી નીચે ચાર ઊભી લીટી એટલે કોઈ એક પ્રાણી. એને તમે પ્રતીકાત્મક કહો કે ભાવાત્મક કહો પણ એ જ એમની કલા.

આજે પણ આપણે એ માનવીની જેમ ‘ જીવીએ ’ છીએ-આપણે ઘણા બદલાઈ ગયા છીએ, અને બીજી રીતે કહો તો સુધરી ગયા છીએ. પણ એ સુધરવાની સાથે આપણે ઘણુંય ગુમાવ્યું છે. એમાંની એક વસ્તુ તે નિર્બંધતા અથવા તો મુક્તિ. આજે આપણે આપણા મન પ્રમાણે સ્વેચ્છાચાર સંપૂર્ણપણે આચરી શકતા નથી. ઘણુંયે નીતિનિયમો અને રૂઢિબંધનોનાં વસ્ત્રો આપણે ચોવીસે કલાક પહેરી રાખીએ છીએ.

પણ આ બંધનોથી અકળાઈ ને આપણે કાંઈ બેસી નથી રહ્યા. કેટલાક નવસોહિયા જે આ ગૂંગળામણ સહી ન શક્યા, તેમણે એને દૂર કરવા જાતજાતના રસ્તા લીધા. એમાંનો એક સીધોસાદો અને બિનજોખમી રસ્તો તે આ કલાનો. આપણે એમાં આપણી ઇચ્છા પ્રમાણે આચરણ કરી શક્યા, સીધી રીતે નહિ તો આડી રીતે. એ સ્વૈરવિહારની મજા આપણે આજે એક ચિત્રમાંથી મેળવીએ. રસિક રાવલનું Pastorale આ સાથે આપ્યું છે.

ચિત્રકારને ઇચ્છા થઈ ચિતરવાની. પણ શું ચિતરવું ? એને એની જનમભોમકા બહુ વહાલી. અને એ ધરતીમાંથી જ ધરતીમાંનું જ કાંઈક

(પાન ૫૨થી)
રંગરચના કરે છે. પરંતુ એમનો પ્રિય રંગ તો ઘેરો લાલ જ રહ્યો છે.

એમનાં આયોજનો ઘણી સમજપૂર્વક કરેલાં હોય છે–એમાંનું એક સુંદર ઉદાહરણ આ સાથે આપ્યું છે. અવકાશનું ઉચિત વિભાજન એ તેમનાં ચિત્રોનો એક વિશિષ્ટ ગુણ છે અને એ માટે જાણીતા કલાવિવેચક શ્રી. ચાર્લ્સ ફેબ્રીએ તો ત્યાં સુધી કહી નાખેલું કે ' રાવલ અવકાશની ગોઠવણીમાં અજબ પ્રભુતા ધરાવે છે. '

શ્રી રાવલે જુદાંજુદાં અનેક ભારતીય પ્રદર્શનોમાં ભાગ લીધો છે અને ઇનામો જીત્યાં છે. એમાંનાં ગણાવવા જેવાં કેટલાંક : બૉમ્બે આર્ટ સોસાયટીના વાર્ષિક પ્રદર્શનમાં ભારતીય શૈલીના ચિત્ર માટેનું પ્રથમ ઇનામ, તેમ જ લલિતકલા અકાદમીના પ્રથમ પ્રદર્શનમાં પુરસ્કૃત દશ ચિત્રકારોમાંના એક તેઓ પણ હતા. ' માર્ગ ', ઇલસ્ટ્રેટેડ વીકલી ' અને લંડનના સ્ટુડિયો ' જેવાં સામયિકોમાં તેમનાં ચિત્રો પ્રગટ થયાં છે અને બધેય પ્રશંસા પામ્યાં છે. મુંબઈમાં એમણે બેએક વ્યક્તિ–પ્રદર્શનો ભર્યાં છે. ભારતની અને પરદેશની અનેક જાણીતી વ્યક્તિઓએ એમનાં ચિત્રો ખરીદ્યાં છે–જેમાંનાં બે જાણીતા બ્રિટિશ કવિ સ્ટીફન સ્પેન્ડર પાસે છે. તેઓ એને ' કેન્વાસ પરની કવિતાઓ ' તરીકે વર્ણવે છે.

*



આલેખવાની એની અદમ્ય ઝંખના; એટલે એણે ધરતીના લાડકા દીકરા જેવા ગોવાળને–ગ્રામજનને પસંદગી આપી. ગોવાળને ચિતરવો. એટલું જ. એટલે કે બસ, કોઈ પણ ગોવાળને ચિતરવો અને ચિતરવું એટલે બસ ચિતરવું જ. કાગળ ઉપર તો એ ગોવાળ બનીને આવેલી કલ્પના બીજા કશામાં વેરાઈ જાય તોય હરકત નહિ.

પણ અહીં તો કલાકાર ગોવાળને થોડે ઘણે અંશે વળગી રહ્યો. એણે ગોવાળ અને ઘેટાના જૂથને પસંદ કર્યું. મોટું પેટ, વળેલાં શિંગડાં અને પ્રમાણમાં નાના અને પાતળા પગ એટલે જ ઘેટાંને ? એ જ ઘેટાંની સાચી ઓળખાણ. એટલે એણે પેટને મોટું દોરવાનો અને પગને વધુ પાતળા દોરી શરીરને ઓર મોટું બતાવવાનો વિચાર કર્યો. ચિત્રમાં સાચેસાચાં ફોટોગ્રાફ પાડેલાં ઘેટાં આવે એ તો નકલખોરી કહેવાય. એણે તો ઘેટાંને જોઈ એમાંથી પોતે તારવેલું ઘેટાંપણું આલેખવાનું. પણ ઘેટાંને દોરવાં કેવાં ? બધાંય એક સરખાં ? તો તો ભૂમિતિની સમાન રચનામાં અને એમાં ફેર શું ? એટલે એણે એકાદ નાનું ચીતર્યું તો એકાદ મોટું. પણ ઘણાં ઘેટાં દોરવાનાં હતાં એટલે વધારે વૈવિધ્ય દર્શાવ્યું–કોઈને આડું ચિતરીને તો કોઈને ઊભું, કોઈને ઊંચું જોતું તો કોઈને નીચું નમતું. છતાં રહ્યાં તો બધાં ઘેટાં જ. એટલે કે એમનાં સ્વરૂપની એકરૂપતા તૂટી નહિ, પણ છતાંય વૈવિધ્યનો સુમેળ ઉમેરાયો. આ વૈવિધ્યને કારણે વળી ઘેટાંઓની જુદી જુદી ક્રિયાઓ પણ બતાવાઈ

ગઈ તે તો વધારાનું.

પછી આવ્યો ગોવાળ. સૂરજનો તાપ અને આબોહવાની બીજી વિટંબણાઓ સહેવા માટે સદા સજ્જ એવો એના શરીરનો ઘેરો રંગ (ને પાછો કૃષ્ણનો ગોઠિયો પણ ખરો ને?) એક ધોતલી અને એક ફાળિયું. બસ આટલું જ? બપોરનું ભાતું સાથે લઈ નીકળે તે પોટલી અને પેલી હંમેશની સાથીદાર લાકડીનું શું? એણે બેયનો સુમેળ લાકડી પર પોટલી લટકાવીને કરી આપ્યો. બસ આટલું ઘણું. એને વળી ભપકો અને ઠેરદમામ શાનો? રંગીન કેડિયું, ફૂલવાળો ચોરણો અને ભાતવાળું મેલખાયું પણ એને પહેરાવી શકાય–પણ તો તો જાણે આપણે કોઈ ખાસ પ્રસંગનું વર્ણન કરતા હોઈએ તેવું લાગે. (ભૂગોળની ચોપડીના ઉદાહરણ માટે–અમુક પ્રાંતના લોકોનો પહેરવેશ વર્ણવવાની દૃષ્ટિએ–એ ઉપયોગી થાય ખરું!) આપણે તો એના આખાયે સ્વરૂપનો–જીવનનો પ્રાણ પકડવો છે. રોટલો, છાશ અને ડુંગળી ખાવી, ખાદીનાં કે બરછટ કપડાં પહેરવાં, ઢોર ચારવાં અને ખેતી કરવી, એમાં ક્યાં ભપકો આવ્યો કે આપણે એને છેલછબીલો દોરીએ? એના કરતાં એને એના જીવન જેવો જ સીધો સાદો આલેખીએ તો? એ જ વધુ નજીકનું સત્ય નથી લાગતું? આમ આપણે ગોવાળને દોર્યો તો ખરો, છતાંય એક વસ્તુ પ્રત્યે સતત કાળજી રાખવાની કે ભાઈ, આમ કરવા જતાં (થોડી ઘણીય વીગતોનું આલેખન કરવા જતાં) ક્યાંક પાછું આકારોનું ઐક્ય તો ભાંગી નથી પડતું ને? પણ આમાં તો ઊલટું એ સહાયક નીવડે છે. બધાં ઘેટાંના પગની પાતળી રેખાઓ ઊભી અને ખભે નાખેલ લાકડીની એક જ આડી રેખા કેવી પૂરક બની રહી છે! ઘેટાંની આંખો જરાતરા દેખાડી તો ગોવાળની પણ બતાવવી જ પડે ને? અને ખરીઓ આલેખી તો આંગળાએ શો ગુનો કર્યો? એક ચિત્રમાંના બધાય હિસ્સા સરખા લયમાં ગોઠવવા જોઈએ ને?

છતાંય એક મોટો પ્રશ્ન રહે છે તે ગોઠવણીનો. ઘેટાંના શરીરના ઊજળા રંગના કેટલા બધા લાંબા અને આડા સમૂહ છે! અને એની સાથે એમનાથી ત્રણ ગણી ઊંચાઈ ધરાવતું મનુષ્યશરીર અને તે પણ સમૂહની દૃષ્ટિએ તો ઘેટાના સ્વરૂપ સાથે સામ્ય ધરાવતું હોય તો જ યોગ્ય કહેવાય. ઘેટામાંનું ઘેટાપણું તો ઝીલાયું પણ આ ગોવાળનું ગોવાળપણું પણ સચવાવું જોઈએ ને! કાં તો એ વાંસળી વગાડતો હોય, કાં તો દૂહા લલકારતો હોય. અરે, એટલી બધી વીગતમાં ક્યાં ઊતરવું? (કારણ કે ઘેટાની પણ એવી ઝીણી ખાસિયતો આપણે બાદ કરી છે.) એટલે એને ફક્ત ગાતો જ, ડોકી ઊંચી કરતો જ બતાવીએ એટલે બસ, અને વળી પાછો ઊભો. ઊભા ઘેટાંના આડા આકારોને પૂરતો એનો ઊંચો ઊભો આકાર પણ યોગ્ય થઈ રહેશે.

બધા આકારો એકસરખી સપાટીવાળા રહે એ પણ બરાબર ન કહેવાય. ક્યાંક થોડું ખરબચડું ને ક્યાંક લીસું રાખ્યું હોય તો વળી ઓર રસમય બને. પણ હજી એક પ્રશ્ન છે. આકારોને આગળ આવતા અને પાછળ જતાં કેમ બતાવવા? છાયા બતાવીએ તો કદાચ બીજા આછા આકારોનું મહત્ત્વ માર્યું જાય અને વળી ઘરેડમાં–પ્રણાલીબંધનમાં ઘસડાયા જેવું પણ કહેવાય. એટલે એને છોડો. બીજી એક રીત છે રેખાની. પાતળી-નાજુકથી જોઈએ તો જ દેખાય એવી રેખા દોરીએ તો પગને શરીરથી આગળ આવતાં બતાવી શકાય અને છતાં એ હવે આકારોના સામાન્ય આયોજનમાં (પાતળી હોવાને લીધે) ખલેલરૂપ પણ ન થાય.

આ બધા આકારો તો નક્કી થયા–પાસેના અને એની ઉપરના. પણ પશ્ચાદ્ભૂનું શું? ત્યારે કલાકારને થયું કે પશ્ચાદ્ભૂમિની શી જરૂર છે? એમાં વળી જો કાંઈ વીગત-લેખન અથવા તો ઓળખી શકાય તેવો પદાર્થ દર્શાવવામાં આવે તો–અત્યાર સુધી જેની પાછળ વિચાર કરવામાં પ્રાણ રેડ્યો તે મુખ્ય આકૃતિઓનું મહત્ત્વ કેટલું રહે? સાવ ઘટી જ જાયને? માટે એવી પશ્ચાદ્ભૂમિ આલેખો કે જેથી મૂળ આકૃતિઓ ઝાંખી પડી ન જાય, બીજા ભાગો પાંખા (છાયાચિત્ર) જેવા ન બની જાય.

આપણી આજુબાજુ શું છે? કોઈ કહેશે અવકાશ. પણ અવકાશ એટલે શું? તો કહેશે કે ખાલી જગ્યા. પણ બસો વરસ પહેલાંનો એક ચિત્રકાર કહેતો હતો કે અવકાશ એ હવા છે. આપણી આજુબાજુ હવા તો છે જ એ આપણે કબૂલવું જોઈએ, અને હવાને લીધે જ આપણે છીએ એ પણ. એ હવાને પશ્ચાદ્ભૂમિ તરીકે આલેખી હોય તો? પણ એ કેમ બને? એને ન તો રંગ છે ન આકાર. પણ એ માણી તો શકાય છે ને? બસ તો એ નથી છતાં છે એ જ એની ઓળખાણ. કલાકારે ભીની પીંછી લઈને રંગને (હવાની જેમ જ) ફાવે તેમ ઊતરવા દીધો. રંગ ક્યાંક ઘેરો થયો તો ક્યાંક આછો—ક્યાંક કોઈ ઓળખા

(પા. ૫૨૯ ઉપર)

સ્વ. કિશોરલાલ ઘ. મશરૂવાળા [જન્મ ૧૮૯૦; મૃત્યુ ૯-૯-૧૯૫૩]

ચિંતક કંઈ અમસ્તા નથી થવાતું. સત્યની શોધ માટેની અદમ્ય નિષ્ઠા, એને માટેની મથામણ, 'પોતાનાં મંતવ્યો રજૂ કરવા માટેની નિર્ભીકતા, સત્યને ખાતર જીવન સમર્પિત કરવાની તૈયારી — આ બધુંયે જોઈએ. કિશોરલાલભાઈ ને આનો વારસો તો પાછલી પાંચ પેઢીથી મળેલો.

પિતાનું નામ ઇચ્છારામ. નાનપણથી જ એમની શરીરસંપત્તિ નબળી. એની અસર કિશોરલાલભાઈ પર ઊતરેલી. માતા તો કિશોરલાલને સાતેક વર્ષના છોડીને ગુજરી ગયેલાં. પણ માતા-પિતાની ધર્મ વિશેની અનન્ય શ્રદ્ધા કિશોરલાલભાઈમાં ઊતરી. એ શ્રદ્ધાથી જ પ્રેરાઈને અકસ્માતમાંથી બચી જનાર કિશોરલાલ 'સહજાનંદ સ્વામીની કૃપાથી જ બચી ગયા એવા દૃઢ વિશ્વાસથી માતાપિતાએ કિશોરલાલના નામ પાછળ સહજાનંદ સ્વામીનું ' ઘનશ્યામ ' નામ મૂકેલું. અને એથી 'કિશોરલાલ ઇચ્છારામ' નહીં પણ ' કિશોરલાલ ઘનશ્યામ ' નામ પ્રસિદ્ધિમાં આવ્યું.

કિશોરલાલભાઈ નેય સહજાનંદ સ્વામીમાં એટલી જ શ્રદ્ધા. સત્યાગ્રહ આશ્રમની રાષ્ટ્રીય શાળામાં જ્યારે તે શિક્ષક થયા ત્યારે ત્યાં પણ સ્વામીનારાયણ સંપ્રદાય મારફત સેવા કરવાનો પિતાજીનો આદેશ ભૂલ્યા નહોતા. એમની તો ત્યાં સુધીની ઇચ્છા હતી કે સંપ્રદાયના આશ્રયે એક વિદ્યાપીઠ શરૂ કરવી પણ સંપ્રદાયના અગ્રણી સાધુઓમાંથી કે આગેવાનોમાંથી એમને સાથ કે સહકાર મળ્યા નહીં. સહજાનંદ સ્વામીની તે નિયમિત રીતે પાડપૂજા કરતા. કૉલેજમાં જતા. કિશોરલાલભાઈ તિલક અને એની વચમાં પાઈ જેવડો હિંગળોકનો ચાંલ્લો કરીને જતા.

સંપ્રદાય તરફની આવી અનન્ય શ્રદ્ધા હતી પણ એમના સત્યાન્વેષી આત્માને માટે એ સંપ્રદાય પર્યાપ્ત થઈ શક્યો નહીં; અને આ જન્મમાં જ સાચું પારમાર્થિક સ્વરાજ્ય પ્રાપ્ત કરવાની મથામણ એમના ચિત્તમાં શરૂ થઈ. આ મથામણ ત્યાં સુધીની કે એ સ્વજનોને છોડી દેવા તૈયાર થાય છે. દૂરની ઝૂંપડીમાં એકાંત સેવે છે, ત્યાં પણ સંતોષ ન થ[તાં] સૌને છોડીને ચાલી નીકળે છે. ક્યાં જવું એ નક્કી નથી, શું થશે એની ચિંતા નથી. મન તો રોકાયેલું છે સત્ય[ના] પંથે. પૂ. કેદારનાથજી એમની સાથે જાય છે અને એ સાચા ગુરુને છાજે એટલી આત્મીયતાથી કિશોરલાલભાઈની માનસિક પરિસ્થિતિમાં રસ લઈ એમની સાથે એ પ્રશ્નો વિ[ષે] વાતચીત કરે છે. એક ધન્ય ક્ષણે એવી એક વાતચીતમાંથી જ કિશોરલાલભાઈ ને જીવનને જોવા-સમજવાની દૃષ્ટિ મ[ળે] છે. આ દૃષ્ટિ લાધ્યા પછી એમના જીવનમાં સ્થિરતા આવે છે; અને એ વ્યવહારમાં પાછા પરોવાય છે.

પણ વ્યવહારમાં ધાર્યા પ્રમાણે કામ કરવા દે એવી એમની શરીરસંપત્તિ નહોતી. દમના રોગે યુવાનીમાં જ દેખા દીધેલી; અને તે છેક મૃત્યુપર્યંત રહ્યો. મહામુશ્કેલીએ શ્વાસ લેવાતો. ઉધરસ આવતી ત્યારે બેવડ વળી જતા. હવા અને ફેફસાં વચ્ચેના આડવેર સામેની એ ઝુંબેશ હતી. પણ એથી એ નિરાશ કે હતાશ નહોતા થયા. એટલી શારીરિક પીડામાંય એમણે જિંદગીભર અવિરતપણે કામ કર્યા કર્યું છે. અને એ કામ તે સત્યાગ્રહની રાષ્ટ્રીય શાળાના એક શિક્ષકથી માંડીને તે વિદ્યાપીઠના મહામાત્ર, ગાંધીસેવાસંઘના પ્રમુખ, સત્યાગ્રહની લડતના અગ્રણી કાર્યકર્તા, હરિજનપત્રોના તંત્રી અને ચિંતનાત્મક ગ્રંથોના સર્જક અને અનુવાદક સુધીનું.

શિક્ષક તરીકે એમણે વિદ્યાર્થીઓનાં દિલ જીતી લીધાં હતાં કારણ કે એ સૌના સ્વજન બનીને રહેતા. સ્વચ્છ[તા] અને નિયમિતપણે કામ કરનાર તરીકેની એમની પ્ર[તિષ્ઠા] હતી. એક આદર્શ શિક્ષક તરીકે શું શીખવવું છે તેનો અગાઉથી વિચાર કરી લેતા. પણ છતાંય પોતાને મા[થે] ફરજ એ હંમેશાં મોટા રાખતા. એમને એમ લાગ્યા ક[ે]

કે શિક્ષણક્ષેત્ર માટે પોતે અયોગ્ય છે. કારણ કે પોતે બહુશ્રુત નથી.

કિશોરલાલભાઈ એમના પ્રત્યેક કાર્યમાં પોતાની બુદ્ધિને જે યોગ્ય લાગે તે પ્રમાણે વર્તવાનો આગ્રહ રાખતા. ઘણીવાર ગાંધીજીના વિચારોથી તે જુદા પડતા અને એવે પ્રસંગે પોતાનો મત નિઃસંકોચપણે જાહેર કરતા. ગાંધીજીએ પણ કહેલું કે સત્યની અમારી ખોજ એક માર્ગે નહીં, પણ સમાન્તર માર્ગે ચાલે છે. પણ છતાંય કિશોરલાલભાઈએ ગાંધીજીની વિચારણા વિશદ રીતે સમજાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ટૂંકમાં ગાંધીગ્રન્થનું વિવરણ બનીને એમણે વિશાળ જનતાને ગાંધી-વિચાર-સરણી સમજાવી હતી.

પોતાની વિશિષ્ટ વિચારણાને એમણે અનેક લેખો, વ્યાખ્યાનો અને પુસ્તકો દ્વારા અભિવ્યક્ત કરી. 'જીવનશોધન,' 'સમૂળીક્રાન્તિ' અને 'કેળવણીના પાયા' એ એમની ફિલસૂફીના મહત્ત્વના સિદ્ધાન્તો સમજાવતાં પુસ્તકો છે. તત્ત્વજ્ઞાનને એ બુદ્ધિના અટૂલા મિનાર પરથી નીચે ઉતારીને જીવનની ભૂમિકા પર મૂકે છે. એ સામાજિક દૃષ્ટિને નજર સમક્ષ રાખીને જ એમણે પરભાષાનાં કેટલાંક પુસ્તકોના અનુવાદો કર્યાં છે. અન્યોન્યના સહકારથી જીવન સુખમય બને છે એમ દર્શાવતા મોરિસ મેટર્લિંકના 'લાઈફ ઑફ ધી વ્હાઈટ એન્ટ' નામના પુસ્તકનો 'ઊધઈનું જીવન' નામે એમણે અનુવાદ કર્યો છે. હતાશ ન થતાં અવિરત કર્મયોગને પંથે પળેલા માનવીનું જીવન આલેખતું 'માનવી ખંડિયેરો' પણ એ દૃષ્ટિએ કરેલો અનુવાદ છે. આવાં અનેક પુસ્તકો એમણે આપ્યાં છે. એમાંથી સાર્વજનિક જીવનધ્યેય અને સ્વાશ્રયના એમના સિદ્ધાંતો પ્રતીત થાય છે.

કિશોરલાલભાઈની વિચારણા ક્યારેક પરમ્પરાને અનુસરનારી, ક્યારેક નવો વળાંક આપનારી, તો ક્યારેક પરંપરાને તોડનારી છે. એમની આ વિચારણાઓ જમાનાની પરિસ્થિતિને અનુલક્ષીને ઘડાઈ છે કે એ કાલનિરપેક્ષ છે; અને છે તો કેટલે અંશે એ બધું વિચારવાનો સમય પણ હવે પાકી ગયો છે. શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એ વિશે એક સૂચકવિધાન પણ કર્યું છે: "જીવનની તાત્કાલિક જરૂરિયાતોને તાત્ત્વિક પુષ્ટિ ફિલસૂફો ઘણીવાર આપે છે. આપણા દેશની વર્તમાન સ્થિતિ અને શ્રી. મશરૂવાળાની ફિલસૂફી આ વસ્તુનું એક સારું નિદર્શન છે." (પરિશીલન: પૃ. ૧૧૫). પણ ત્યાંથી એ અટકી ગયા છે. એમની વિચારણાનું સાચું મૂલ્યાંકન કરીને જ આપણે એમનું ઋણ અદા કરી શકીએ. નવમી સપ્ટેમ્બરે—એમની પુણ્યતિથિના પ્રસંગે એની યાદ આપવી અસ્થાને નહીં લેખાય.

—સ.

પ્રવૃત્તિ ને પડઘા

આ વિભાગમાં—

* ગુજરાતભરનાં સંસ્કાર અને શિક્ષણકેન્દ્રો, સાહિત્ય અને કલાકેન્દ્રોની ખાસ નોંધપાત્ર પ્રવૃત્તિઓ અંગે—

* ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ(કલકત્તા, દિલ્હી, આફ્રિકા વગેરે મુખ્ય મથકો સહિત)ની ઉપર કહી તેવી પ્રવૃત્તિઓ અંગે—મિતાક્ષરી સમાચાર આપવાની ઇચ્છા છે.

ગુજરાત અને બહારનાં કેન્દ્રો જરૂરી માહિતી મોકલતાં રહેશે તો " વિશ્વમાનવ " ઉપકૃત થશે.

નર્મદજયંતી : ઔપચારિક ઊજવણી !

તા. ૨૪-૮-૫૮ને રોજ કવિ નર્મદની ૧૨૫મી જન્મજયંતી ગુજરાતે ઊજવી એમ કહી શકાય—પરંતુ એ કહેવા જેટલું જ. આખા ગુજરાતમાં કેટલે સ્થળે ઊજવાઈ? ગુજરાતનાં મુખ્ય મુખ્ય શહેરોમાં પણ ક્યાં ઊજવાઈ? અને કેટલી સંસ્થાઓએ ?

નર્મદ કવિ હતો, અને તેથીય મોટો વિવિધ સાહિત્યક્ષેત્રે નવાં પગરણ પાડનાર હતો, અને તેથીય મોટો કહી શકાય તેવો સંસારસુધારક હતો; અને એથીય વિશેષ તો, જ્યારે જ્યારે જે સત્ય લાગ્યું તે સંપૂર્ણ નિર્ભીક રીતે જાહેર કરનાર સત્યાગ્રહી હતો. જેવું માનતો હતો, તેવું બોલતો હતો, ને લગભગ તેવું વર્તન કરનારો, વિચાર-વાણી (લેખનસહિત) અને કર્મની એકતા સાધનારો સાધક હતો. જિંદગીભર એ વિચાર, વાઙ્મય ને કર્મથી ઝૂઝતો રહ્યો ને સહન કરતો રહ્યો. પાછલા જીવનમાં સુધારા અંગેના એના વિચારો ફેરવાયા ત્યારેય જીવનની આ એકતા એણે છોડી નથી.

૧૯મી-૨૦મી સદીમાં, બ્રિટિશ રાજ્ય, શિક્ષણ અને સંસ્કારના સ્પર્શથી બધી રીતે પલટાઈ રહેલા સંસારના પ્રતિનિધિ સમો નર્મદ, ગુજરાતની નવયુગી અસ્મિતાનો પ્રથમ પુરુષ હતો. યુગની શક્તિ અને કમજોરીનો પડઘો પાડતો અને યુગને પ્રેરતો યુગપુરુષ હતો. આજના આપણા જીવનનાં કેટલાં બધાં મૂળિયાં નર્મદ સાથે સંકળાયેલાં છે ?

આવા યુગપુરુષની સવાસોમી જન્મજયંતી જૂજ સાહિત્યની સંસ્થાઓએ, સુધારાની ભાગ્યે જ કોઈ સંસ્થાઓએ અને કેટલીક શાળા-કોલેજો સિવાયની ભાગ્યે જ કોઈ કેળવણીની સંસ્થાઓએ તથા ચિંતન-વિચાર કરનારા સારસ્વતોની મંડળીઓએ ઊજવી. ... કવિની જન્મભૂમિ એક સુરત શહેરને બાદ કરતાં, વિશાળ શહેરીઓએ જેમાં ભાગ લીધો હોય તેવુંય ક્યાં બન્યું? કદાચ નર્મદની આ જન્મજયંતીનો મુખ્ય યશ રેડિયોને ભાગે જ જાય છે, એય જેવી તેવી વિચિત્રતા છે?

પરંતુ, રેડિયો દ્વારા પ્રસારિત થયેલા ઉચ્ચ કક્ષાના સાક્ષર સાહિત્યકારોનાં ભાષણો શાથી 'ખોખલાં' સંભળાયાં? સ્વ. નવલરામથી માંડી સ્વ. પાઠક સુધીનાં મૂલ્યાંકનોનો સર્વસાધારણ પડઘો પાડવાથી વધુ તાજગીભર્યું, નવું ચિંતન અને વિવેચન સાંભળવા મળ્યું નહિ!

નર્મદનાં લખાણોથી સુપરિચિત અધ્યાપકો માટે એ કાંઈ અશક્ય ન હતું. કદાચ, બહુ પ્રવૃત્તિના બોજા નીચે લદાયેલા આપણા આ વિદ્વાનો માટે, આવે પ્રસંગેય અંતરના ઉમળકાથી રસાઈ જઈ, ફરી એકવાર નર્મદ-સાહિત્યમાં થોડાક કલાકો એકાગ્ર બની રમમાણ થવાનું બન્યું નહિ કે શું-સાવ જાણે છેલ્લી ઘડીએ ઘસડી કઢાયેલા સર્વસાધારણ વિવેચન-પ્રશંસાથી અધિક કશું ગુજરાતને મળ્યું નહિ!

આવો મોટો પ્રસંગ પણ સાવ ઔપચારિક ઊજવણી બની ગયો!

—મો.

કવિ નર્મદની ૧૨૫મી જન્મ-જયંતીના ઉત્સવનો મંગલારંભ ૨૪–૮–૫૮ની સવારે સવાસાત વાગ્યે કવિના અસલ નિવાસસ્થાન આગળથી પ્રભાતફેરીથી થયો હતો.

પ્રભાતફેરીમાં સુરતના લેખકો અને સંસ્કારપ્રેમીઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. કવિનર્મદનાં અને એને લગતાં ગીતોનું સમૂહગુંજન કરતી આ પ્રભાતફેરી 'ગાંધી ઉદ્યાન 'માં આવ્યા પછી પ્રતિમાને સંખ્યાબંધ સંસ્થાઓ તથા વ્યક્તિઓએ પુષ્પમાલાર્પણ કર્યું હતું.

સાંજે કોંગ્રેસ હાઉસમાં શ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપદે શ્રી જ્યોતીન્દ્ર દવેના સંચાલન હેઠળ કવિઓએ નર્મદ કાવ્યાંજલિ આપી હતી. ચિકાર માનવમેદનીએ કવિ નર્મદ વિષયક કાવ્યો તથા વિદ્વાન વક્તાઓનાં પ્રવચનો સાંભળ્યાં હતાં.

*

આકાશવાણી અમદાવાદ વડોદરાના સહકારથી સુરત નર્મદ સાહિત્યસભાએ સુરત ખાતે તા. ૨૪–૮–૫૮–ના રોજ નગીનચંદ હોલમાં રાત્રે ૯–૧૫થી ૧૧–૦ સુધી નર્મદ રત્નજયંતીનો કાર્યક્રમ ઊજવ્યો હતો. કાર્યક્રમના પ્રમુખ તરીકે જાણીતા વિવેચક પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી હતા.

કાર્યક્રમનો પ્રારંભ નર્મદરચિત સ્તુતિથી થયો હતો. બાદ પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું પુરોવચન અને ત્યાર પછી ગુજરાતના કવિજનોએ નર્મદને કાવ્યાંજલિ અર્પી હતી. પછી ગુજરાતના પ્રતિષ્ઠિત સાહિત્યકારોનો સંવિવાદ થયો હતો. જેમાં શ્રી ઉમાશંકર જોષી 'કવિ નર્મદ,' શ્રી. જ્યોતીન્દ્ર હ. દવે 'સુધારક નર્મદ', શ્રી. નટવરલાલ માલવી 'પત્રકાર નર્મદ' અને શ્રી. મોહનલાલ પાર્વતીશંકર દવેએ ગદ્યલેખક અને 'કોષકાર નર્મદ' વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. બાદ જાણીતા પત્રકાર શ્રી. ઈશ્વરલાલ દેસાઈએ નર્મદરચિત 'હિન્દુઓની પડતી' એ કાવ્યમાંથી વાચન કર્યું હતું.

એ પછી નર્મદરચિત ગીતો, ગરબીઓનું સંઘગીત રજૂ થયું હતું. તેનું સંગીતનિયોજન જાણીતા સંગીતવિદ્ શ્રી કંચનલાલ મામાવાળાએ કર્યું હતું. એ પછી નર્મદચંદ્રક-વિજેતા શ્રી. કિશનસિંહ ચાવડાએ નર્મદના 'આત્મકથન' 'મારી હકીકત' નું મૂલ્યાંકન કર્યું હતું, અને શ્રી. ચંદ્રવદન મહેતાએ એમની આગવી શૈલીમાં નર્મદના આત્માને સાદ દેતી એકાંકિત રજૂ કરી હતી. બાદ પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'સ્મરણાંજલિ' આપી હતી. "જય જય ગરવી ગુજરાતના" સમૂહગાન સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

નર્મદ-સાહિત્યનું પ્રદર્શન

કવિ નર્મદની સવાસોમી જન્મજયંતી પ્રસંગે કવિ નર્મદના સાહિત્ય ને ચિત્રોનું પ્રદર્શન સુરત સુધરાઈ તરફથી ગાંધીબાગમાં રંગ ઉપવનનાં મંચ પર યોજાયું હતું.

રાણી બાગમાં નર્મદની પ્રતિમા જોઈને

[નર્મદજયંતી પ્રસંગે રેડિયો ઉપરથી પ્રસારિત લાંબા કાવ્યમાંથી]

અહોહો !
સો સો વરસ ને ઉપર પણ પા સદી !
આની આ તાપી નદી.
કૈં કૈં જ્યહીં ભરતી ચઢી ને ઊતરી ઓરો ભદી !
પણ તેં ચઢાવી એક દિન તેવી પછી ચઢી ના કદી;
ને ઓટ એવી તો પછી અહીં લોકનેય ગઈ સદી
કે હે કવિવર ! આજ તું અહીં હોત
જોઈને આ જિંદગી કેરુ પલેપલ મોત
ભડકો થઈ ઊઠી હતે બાળવા વિશે તવ આકળી એ પ્રાણ જ્યોત.

નર્મદ કવિ ! હે ભ્રાત !
તેં જોયું તે હજી ક્યાં અહીં અરુણ પ્રભાત ?
લોકને આંખે હજી અંજવલી છે રાત
તું હતે તો — ખાતરી — એવું કૈંક તો ગાત
કે કઈક વ્હેલી પથારી લોકની (રે કોકની) નિશ્ચે અહીંથી—
ઊઠી જાત.

—કિશનન્

[ઑ. ઇ. રેડિયોના સૌજન્યથી]

હમણાં ભારતના કેટલાક આગળ પડતા ચિત્રકારોએ (જેઓ સારા શિલાલેખકો–lithographers પણ છે) તેમણે મળીને ચૂંટેલી શિલાછાપોનું એક પ્રદર્શન યોજ્યું. એ પ્રદર્શન વડોદરા, અમદાવાદ, મુંબઈ વગેરે જગ્યાએ ફર્યું અને ભારતનાં બીજાં શહેરોમાં ફરશે. આયોજકોનો હેતુ દેશમાં વિકસી રહેલી હુન્નરઉદ્યોગ કલાનો (ખાસ કરીને શિલાછાપ જ) બહોળો ફેલાવો કરવાનો છે. સારા શિલાલેખકોનો તેમને સહકાર મળ્યો છે અને બીજાઓના સહકારની આશા છે. હાલ તેમણે બહુ નાના પાયા પર ચાર ચિત્રકારોની શિલાછાપના આઠેક નમૂનાઓ રજૂ કરેલા. એમાં સર્વશ્રી હુસેન, ગાયતોંડે, તૈયબ મહેતા અને રામકુમાર હતા. હવે પછી તેઓ બીજા ચિત્રકારો જેવા કે એન. એસ. બેન્દ્રે, સુબ્રમણ્યન વગેરેની શિલાછાપો રજૂ કરશે.

આ પ્રદર્શનની સાથે જ હાલના અમેરિકન ચિત્રકારોના વૂડકટ, લીનોકટ, સેરીગ્રાફ અને શિલાછાપોનું પ્રદર્શન પણ શામેલ હતું. ન્યુ યોર્કના મ્યૂઝિયમ ઑફ મૉડર્ન આર્ટની આંતરરાષ્ટ્રીય પરિષદ દ્વારા શ્રી પોર્ટર એ. મેકેએ એનું આયોજન કરેલું હતું. રજૂ થયેલી પચીસ છાપોમાં હાલના અમેરિકન કલાકારોની છાપકલા પરનું પ્રભુત્વ સિદ્ધ થતું હતું.

આ ઉપરાંત હમણાં પરદેશથી એક બીજું પ્રદર્શન આવ્યું તે કલાકાર રેમ્બ્રાંનાં ચિત્રોના ફોટોગ્રાફ્સનું. તેમાં રેમ્બ્રાંનાં જીવનનો (પ્રસંગવાર) ટૂંક પરિચય તેમ જ એના ચૂંટેલાં ચિત્રોનો ઇતિહાસ પણ (શક્ય તેટલો) આપવામાં આવ્યો હતો. એના સમકાલીન ચિત્રકારોનાં ચિત્રોની સરખામણીમાં રેમ્બ્રાંની સર્જનશક્તિ કેવી અપૂર્વ હતી–તે ઉદાહરણો સહિત દર્શાવેલું હતું. પ્રદર્શન સાથે બહાર પાડેલા કેટલોગમાં પણ લગભગ બધાંય ચિત્રો અને રેમ્બ્રાંનો જીવનપરિચય ચાર ભાષાઓમાં આપવામાં આવેલો હતો. આ એક પ્રશંસનીય પગલું છે અને આપણી રાષ્ટ્રીય અકાદમીના અધિષ્ઠાતાઓએ વિચારવાયોગ્ય છે.

ભારતની રાષ્ટ્રીય-લલિતકલા અકાદમી તરફથી ભારતના સમકાલીન ચિત્રકારોની ગ્રંથમાળામાંની પ્રથમ પુસ્તિકા શ્રી એન. એસ. બેન્દ્રે પર પ્રગટ થઈ છે. આશરે ચોવીસેક ચિત્રો (એમાંના ત્રણ–ચાર રંગમાં) આપવામાં આવ્યાં છે, અને બેએક પાનામાં એમનો પરિચય આપેલો છે. બેન્દ્રેની કલાના વિકાસને ભારતીય આધુનિક કલાના વિકાસરૂપ ગણાવી શકાય. કલાજગતમાંની બધી નવી હિલચાલોના એ સમર્થક અને સહભાગી રહ્યા છે. એમના શરૂઆતનાં ભૂમિદૃશ્યોથી માંડીને હાલના ભાવાત્મક ચિત્રપ્રણાલી સુધીનો એમનો વિચાર–વિસ્તાર દર્શાવવામાં આવ્યો છે. છતાંય એમ થાય છે કે વધુ પડતાં સ્કેચીઝ પસંદ કરવાને બદલે ચિત્રો જ અપાયાં હોત તો સારું થાત. છતાં આ પ્રશંસનીય પગલું છે એ તો નિઃશંક છે.

[પાન ૫૨૩થી]

શકાય તેવા આકાર જેવું થયું તો ક્યાંક સાવ અસ્પષ્ટ. બસ હવાની–અવકાશની અચોક્કસતા પકડાઈ ગઈ. એક રીતે જોઈએ તો એમાં કંઈ જ નથી. પણ એમાં કાંઈ નહિ હોવાને લીધે જ જેમાં 'કાંઈક છે' એવા બીજા આકારોને છતા કરે છે, એટલે એનો હિસ્સો નાનોસૂનો ન કહેવાય. અનુકૂળ ગોઠવણી કરવા માટે ત્યાર બાદ ક્યાંક ક્યાંક રંગ ઘસી કાઢ્યો તો ક્યાંક વધુ ઘેરો બનાવ્યો એ પણ આપણે શોધી શકીશું.

આમ જાણે કે આપણે ચિત્ર કરવાની એક રમત રમી નાખી, અને એ રમતમાં આપણે પણ અજાણપણે ભાગ ભજવી આવ્યા. જે ચિત્રકારે દોર્યું તે આપણે જોયું અને અનુભવ્યું એટલે આપણને પણ પેલા ચિત્રના આકારો જેવા જ લાંબા–પહોળા વિસ્તારના અવકાશમાં રખડવાનું મળ્યું. અવકાશની શૂન્યતામાં નહિ પણ એ અવકાશમાં રહેલી હવાના હળવા ભારે પ્રવાહમાં જામેલી સંતાકૂકડીમાં આપણે ઝીલ્યા. ચિત્રના મથાળે પહોંચી જતાં જાણે કે ખૂબ ઊંડી ડૂબકી મારી હોય તેમ થઈ ગયું કે અહોહો–કેટલો લાંબો, વિસ્તીર્ણ પટ છે આ જગ્યાનો! ક્યાંક ડૂબી તો નહિ જવાયને? પણ જરાક આગળ જતાં જ હળવા રંગની કક્ષાએ–પ્રાણવાયુના હળુ સ્પર્શે પાછો શ્વાસ ચલાવ્યો. ક્યાંક ઘેટાંએ તો ક્યાંક ગોવાળે, ક્યાંક લાકડીએ તો ક્યાંક વળી પોટલીએ આવીને શૂન્યને પૂરી દીધું. હવામાં ઝૂલવાનો–ઊડી જવાનો તો ક્યાંક વળી બેસી પડવાનો અને વળી પાછો છૂટવાનો—એવી જીવનની ગતિનો આપણે અનુભવ કર્યો. કલાકારની પીંછી તમને બેસવા દે જ નહિ. એ તો બસ સાહસ પર સાહસ કરાવ્યે જ જાય. અહીંથી ત્યાં અને ત્યાંથી બીજે ક્યાંક એમ જુદા જુદા આકારો પર કુદાવ્યે જ જાય–પણ ક્યાંક પડવા ન દે, ડૂબવા ન દે. ત્યારે આપણે કલાકારની પીંછીના પ્રાણને બિરદાવીએ એમાં શી નવાઈ?

—ગુલામ મોહમ્મદ શેખ

નવું વાચન

● ગુજરાતીમાં પ્રગટતાં નવાં પુસ્તકોનો ઓતાક્ષરી પરિચય ●

ભા. મ. પંડિત ગટ્ટુલાલજી (જીવન અને સાહિત્ય)

લેખક : ડૉ. ચીમનલાલ મ. વૈદ્ય
પ્રકાશક : શુદ્ધાદ્વૈત સંસદ : મોડાસા (જિ. સાબરકાંઠા)
કિંમત : રૂા. ૩–૦૦

પં. ગટ્ટુલાલજી વૈષ્ણવ સંપ્રદાયના પંડિત આચાર્ય હતા. ૭ વર્ષની કૂળી વયે એ બાળકને શીળીના રોગે જિંદગીભરનો અંધ બનાવી દીધો હતો. જીવનની આવી કરુણતા અને કઠોરતા છતાં શ્રી. ગટ્ટુલાલજીએ બાલ્યવયથી જ અસાધારણ પ્રતિભા પ્રાપ્ત કરી હતી. તેમના પિતાજી તથા મોસાળપક્ષે માતામહ–ઉભય પક્ષેથી વિદ્યાનો વારસો તેમને મળ્યો હતો; અને ૯મા વરસે તો તેઓ સંસ્કૃત ભાષામાં શ્લોકો બનાવતા થઈ ગયા હતા. ૧૩ વર્ષની વય થતાંમાં તો વ્યાકરણગ્રંથો અને સંસ્કૃત કાવ્યગ્રંથો તેમણે કંઠાગ્ર કરી લીધા હતા. ૧૪મા વરસથી તેમણે દર્શનશાસ્ત્રનો અભ્યાસ આરંભ્યો અને ૧૭–૧૮વર્ષની વય થતાં તેમાંય નિપુણતા પ્રાપ્ત કરી લીધી.

પ્રજ્ઞાચક્ષુ પંડિત ગટ્ટુલાલજીમાં શીઘ્ર કાવ્યશક્તિ, સ્મરણ-શક્તિ અને અષ્ટાવધાની શક્તિ અદ્દભુત હતી. કોઈ પણ પ્રકારની પૂર્વ તૈયારી વિના તેઓ સંસ્કૃતમાં (અને ગુજરાતી-માંય ક્વચિત) વિવિધ વિષય અને રસનાં શીઘ્ર કાવ્યો રચતા હતા; લગભગ અરધા કલાક સુધી જુદી જુદી ભાષાઓમાં વંચાતા ફકરાઓના ફકરાઓ એક જ વાર સાંભળી, શબ્દશઃ પ્રતિશ્રવણ કરી બતાવતા હતા; અને એક સાથે અનેક અવધાનો સાધી શકતા હતા. દેશભરમાં પંડિતોની સભાઓમાં પં. ગટ્ટુલાલજીની આ શક્તિઓ વારંવાર પ્રગટ થઈ હતી. ઉપરાંત શાસ્ત્રાર્થ અને તત્ત્વચર્ચાની સભાઓમાં પણ તેમની પ્રતિભા પંકાઈ હતી.

ભારતભરના દેશી અને વિદેશી શાસ્ત્રીઓ, ભાષાવિદો, પંડિતો (કલકત્તા તથા મુંબઈના મહામહોપાધ્યાયો, તર્કવાગિશો, ન્યાયરત્નો,) તથા ઇન્ગ્લીશમૅન, સ્ટેટ્સમૅન, વગેરે અંગ્રેજી પત્રવૃત્તોના સંપાદકો, તથા અભ્યાસીઓમાં મોનિયર વિલિયમ્સ (પુરાતત્ત્વવિદ્) વિલિયમ વેડરબર્ન (મુંબઈના જજ) વગેરે સૌમાં ગટ્ટુલાલે નામના પ્રાપ્ત કરી હતી. વળી મહારાષ્ટ્રી અને ગુજરાતી વિદ્વાનો તથા સુધારકો ને:આગેવાનો–શ્રી કાટવટેકર હરિદેશમુખ, ઝવેરીલાલ ઉમિયાશંકર, નવલરામ, ઉત્તમલાલ ત્રિવેદી (સમાલોચકના તંત્રી), ઇચ્છારામ (ગુજરાતી પત્રના તંત્રી) કવિ દલપતરામ, નર્મદાશંકર, મણીલાલ નભુભાઈ, ખુરશેદજી કામા વગેરેના સીધા સમાગમમાં આવ્યા હતા; અને સર્વત્ર કીર્તિ સંપાદન કરી ચૂકયા હતા.

મહારાષ્ટ્રનાં તેજસ્વી રત્નો — તે જમાનામાં હજી યુવાન વયમાં પ્રવેશેલા શ્રી. ભાંડારકર અને તેલંગ પંડિતજી પાસે સંસ્કૃતનો અભ્યાસ કરવા આવતા હતા.

પંડિતજીની પ્રવૃત્તિ સાંપ્રદાયિકતાથી આગળ વધી તત્કાલીન સામાજિક સવાલો (સામાજિક સુધારા, મહારાણી વિક્ટોરિયા હિરકમહોત્સવ, શયહન ભઠ્ઠી, સ્ત્રી–શિક્ષણ, દુષ્કાળનિવારણ વગેરે) સુધી વિસ્તરી હતી.

અલબત્ત, આ યુગ જ સંસારસુધારાનો પ્રખર યુગ હતો. ઈ. સ. ૧૮૪૫માં પં. ગટ્ટુલાલજીનો જન્મ થયો, તે જ વરસે ગુજરાતના આદ્ય સુધારક દુર્ગારામ મહેતાજીએ સુરતમાં 'માનવધર્મ સભા'ની સ્થાપના કરી હતી. અને બાદ બેત્રણ દાયકામાં તો સુધારો મુંબઈ–મહારાષ્ટ્ર–ગુજ-રાતમાં હિલ્લોળે ચઢી ચૂકયો હતો. ઈ. સ. ૧૮૪૩માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને ૧૮૫૪માં કેશવચંદ્ર સેન, તથા ૧૮૭૪માં સ્વામી દયાનંદ સરસ્વતી જેવા સુધારક ધુરંધરો મુંબઈ આવ્યા હતા. ૧૮૬૨માં 'મહારાજ-લાયબલ-કેસ'થી

આખો હિંદુસમાજ ખળભળી ઊઠ્યો હતો; અને પ્રાર્થના સમાજ (૧૮૫૮), અને થિયૉસૉફી-સોસાયટી (૧૮૭૮)ની સ્થાપના થઈ ચૂકી હતી.

આવા આ સંઘર્ષના કાળમાં પં. ગટ્ટુલાલજીએ વિદેશી મિશનરીઓથી માંડી ભારતીય સંસાર સુધારકો સામે પોતાનાં જ્ઞાન અને શક્તિઓ વડે જંગ ખેલ્યો હતો પરંતુ, દુર્ભાગ્યની વાત એ છે કે, ત્યારે વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓમાં જ નહિ, તેમના અનેક ગુરુ-આચાર્યોમાં સુદ્ધાં વૈભવ, વિલાસ અને વિષયવાસનાનો સડો બેહદ ફેલાઈ ચૂક્યો હતો; અને તેમના જુનવાણી અંધશ્રદ્ધા, જૂનવાણી જડ આચાર તથા જુનવાણી વિદ્યા-પાંડિત્ય-તર્કનાં હથિયારો યુગાનુસારી વિકાસોન્મુખી સુધારાના પ્રવાહ સામે ટકી શકવા સમર્થ ન હતાં.

*

લગભગ ૨૪ સંસ્કૃત ગ્રંથો અને ૨૨ ગુજરાતી ગ્રંથોના કર્તા-અનુવાદક પ્રજ્ઞાચક્ષુ શીઘ્રકવિ પંડિત ગટ્ટુલાલજીના 'જીવન અને સાહિત્ય'નો આ પરિચયગ્રંથ લેખકે ઘણી મહેનત લઈ, માહિતીઓ એકત્ર કરી, ચરિત્રનાયક પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈ આલેખ્યો છે. અને લેખક પોતે ચુસ્ત સાંપ્રદાયિક લેખક હોવા છતાં, તેમણે કેવળ અંધશ્રદ્ધાથી પ્રેરાઈ એ જમાનાનાં સુધારાનાં પરિબળો અને ઇતર પ્રવૃત્તિઓ ઉપર પ્રહારો કર્યા નથી; ચરિત્રનાયકના ગુણોને બહાર આણવા માટે જાણીને બીજા ધર્મધુરંધરો, સુધારકો તથા વિદ્વાનો પ્રતિ અનાદરની વૃત્તિ દાખવી નથી, એ ખરેખર પ્રશંસનીય છે.

દરેક સંપ્રદાયના અગ્રણી પુરુષોનાં જીવનનો ઊંડો અભ્યાસ કરી, ઐતિહાસિક દૃષ્ટિએ બનતી તટસ્થતા ધારણ કરી, ચરિત્ર ગ્રંથો લખાય એ આપણા સમાજ અને સંસ્કારિતાને સમજવા માટે ખૂબ જ અગત્યનું છે, એમ સમજી અમે આ ગ્રંથને આવકારીએ છીએ.

—ભો.

*

ગુજરાત : એક દર્શન

લેખક : શ્રી શિવપ્રસાદ રાજગોર

પ્રકાશક : મ. સ. વિશ્વવિદ્યાલય-પ્રાચ્યવિદ્યામંદિર-વડોદરા

રૂ. ૧૨-૦૦

કવિ નર્મદે જેમ્સ કેમ્પબેલ સંપાદિત ગેઝેટિયરોના ગ્રંથો ઉપરથી તૈયાર કરેલ ગ્રંથ 'ગુજરાત સર્વ સંગ્રહ' ૧૮૮૭માં પ્રગટ થયો હતો; ત્યારબાદ ગુજરાતીમાં ગુજરાતની બને તેટલી સર્વાંગી અને અદ્યતન માહિતી આપતા ગ્રંથની ખોટ ગુજરાતને રહી જ છે. અલબત્ત, આ ૭ દાયકા દરમ્યાન ગુર્જરજીવનના વિવિધ અંગો અને ક્ષેત્રો પરત્વે ઘણું સંશોધનનું કાર્ય થયેલું છે; અને ઘણી નવી માહિતીઓ એકઠી થયેલી છે. આ બધાનો અભ્યાસ કરી, યથાયોગ્ય નીચોડ—સારગ્રંથ તૈયાર કરવાનું કાર્ય ભગીરથ કાર્ય છે: એક વ્યક્તિની મર્યાદા બહારનું એ કાર્ય છે.

અહીં નિર્દેશ કરાયેલ ગ્રંથ એક અભ્યાસી વ્યક્તિએ, ઉપલબ્ધ માહિતીઓમાંથી તારવણી કરીને તૈયાર કરેલો, 'સર્વસંગ્રહ' (સહજ રીતે મર્યાદિત અર્થમાં) છે. તેમાં ગુજરાતની સીમા અને ભૂરચના, ભૂસ્તર અને ખનિજ, આબોહવા, વન્યસંપત્તિ, પશુધન અને ઇતર પ્રાણીઓ, જમીનના પ્રકાર અને સંરક્ષણ, ખેતી, ઉદ્યોગો, વ્યવહારમાર્ગો, લોકો, પ્રાચીન સંસ્કૃતિ, ઇતિહાસ, સંપ્રદાયો, તીર્થધામો, સ્થાપત્ય, ભાષા અને સાહિત્ય, કેળવણી તથા અંતે એને ભાષાવાર પ્રાંતરચના સહિતની માહિતી પ્રાપ્ત થાય છે.

અલબત્ત, આ ગ્રંથમાં આપેલી માહિતી, દરેક પ્રકરણવાર તપાસતાં, તે તે તદ્‌વિદોને ઘણીવાર અધૂરી અને અપ્રમાણ લાગે; (સાહિત્ય, શિક્ષણ, શિલ્પ; ઇતિહાસ-૧૮૫૭ અંગેની ઉપલબ્ધ માહિતીય નહિ!) તથા આપવામાં આવેલા આંકડાઓ એ વિષયનું યોગ્ય ચિત્ર બહાર આણતા નથી એવું લાગે; (દા. ત. ખેતી, ઉદ્યોગ પ્રકરણો); તો વળી, ભાષાવાર પ્રાંતરચના અને 'મહાગુજરાત' જેવો અતિ વિવાદાસ્પદ વિષય આમાં ઉમેરીને, અને અંગત અભિપ્રાયો (પા. ૪૫૮/૪૫૯) આપીને, 'ભાષાકીય સામ્રાજ્યવાદ' જેવા પ્રયોગો કરીને, આ ગ્રંથની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે એવુંય લાગે તો નવાઈ નહિ.

અગાઉ અમે નોંધ કરી તે રીતે, આવો ગ્રંથ એક વ્યક્તિ માટે તૈયાર કરવાનું કાર્ય અતિ દુષ્કર છે. એની મર્યાદાઓ અતિ સ્વાભાવિક છે. આ રીતે જોતાં, અમે આ ગ્રંથને એક સાચી દિશાના મહત્ત્વના અને અતિ આવશ્યક પ્રયાસ તરીકે આવકારીએ છીએ.

—ભો.

વિશ્વ માનવ

માનવીય ગૌરવની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું મા

સંપાદન : ભોગીલાલ ગાંધી



૧૯૫૮
ઑક્ટોબર-નવેમ્બર

સંચાલન :
ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ
રામજી મંદિરની પોળ : વડોદરા

ફોન : ૨૬૫૦

સર્વોદય વિશેષ અંક

રૂ. ૧–૫૦



Alembic
ગ્લાયકોડિન
ટર્પ વસાકા
ગ્લાયકોડિન-ટર્પ-વસાકા
લેવાથી તમારી ખાંસી
જલદી મટી જશે
ખાંસી માટે તે ઘરગથ્થુ દવા છે.
એલેમ્બિક કેમીકલ વર્કસ કું. લિ., વડોદરા-૩.
૫૦ મી જયન્તિ ૧૯૦૭-૧૯૫૭
GTV-57-2

અનુક્રમ

૧૯૫૮
ઑક્ટોબર : નવેમ્બર

લવાજમના દર
વાર્ષિક રૂા. ૭-૦૦
[પરદેશ ૧૫ શિ.]
છૂટક નકલ ૬૨ પૈસા

વિશ્વમાનવ (માસિક)
મનીષા (ત્રૈમાસિક)
ભેગું લવાજમ રૂા. ૧૨

વિશ્વમાનવ
[માસિક]
જાહેરખબરના દર
પૂ. ઠું રજું રૂા. ૮૦
પૂ. ઠું ૩જું રૂા. ૮૦
પૂ. ઠું ૪થું (બે રંગમાં) રૂા. ૧૨૫
આડું આખું પાનું રૂા. ૬૦
આડું અરધું પાનું રૂા. ૩૫

નિવેદન

વિનોબાજીએ ગુજરાતમાં તા. ૨૨મી ઑક્ટોબરે પ્રવેશ કર્યો છે, અને જાન્યુઆરીની ૧૩મી સુધી તેઓ ગુજરાત–યાત્રા કરનાર છે, એ ખરેખર ગુજરાતનું એક મહદ્ ભાગ્ય છે.

ગાંધીજી પછી વિનોબાજીએ ભારતના સર્વોદયી વિકાસની દિશામાં જે અપૂર્વ યોગ આદર્યો છે તેને અમે હૃદયપૂર્વક આવકારીએ છીએ અને એમને યશપ્રાપ્તિ થાવ એવી અંતરની ઇચ્છા પ્રકટ કરીએ છીએ.

સર્વોદય આંદોલને આ ૭ વર્ષ દરમ્યાન ચિંતનને ક્ષેત્રે જે નવા રાહ ખેડયા છે, ને જે ઊંડાણ પ્રગટ કરવા માંડયું છે, એનાં વિવિધ પાસાંઓ, એ દિશાના વિચારકો તથા વિવેચકોની કલમે રજૂ કરવાનો અમે આ વિશેષ અંક દ્વારા નમ્ર પ્રયાસ કર્યો છે. આશા છે કે, અભ્યાસ અને ચિંતનની દૃષ્ટિએ અમારો આ પ્રયાસ ફળદાયી નીવડશે.

આ અંક માટે જે જે લેખકોએ લેખ લખી મોકલ્યો છે, અથવા બીજી ભાષામાં પ્રગટ થયેલો પોતાનો લેખ ગુજરાતીમાં છાપવાની સંમતિ આપી છે, તે માટે તેમના, તથા જે જે લખાણો પુસ્તકો અને સામયિકોમાંથી ઉતાર્યાં અથવા અનુવાદ રૂપે પ્રગટ કર્યાં છે તે માટે તે લેખકો તેમજ તે પ્રકાશન સંસ્થાઓના અમે ઋણી છીએ; અને તે સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ અંક ઑક્ટોબર-નવેમ્બરના જોડિયા વિશેષાંક તરીકે પ્રગટ કરીએ છીએ. ગયા મહિને અમે આ બાબત અગાઉથી ખબર આપી નથી શકયા, તે માટે વાચકો અને ગ્રાહકો અમને ક્ષમા કરશે એવી વિનંતિ સાથે—

—સંપાદક





આવો

તપસ્વી હે ! આવો.
તવ પગલાં અમ અંતરઅંતર પ્રેમલ જ્યોત જગાવો.

પ્રફુલ્લશે તવ પગલે પગલે અમ આંગળિયે તરણાં;
દયા, કરુણા સમતાનાં બસ પ્રગટો પુનિત ઝરણાં;
એ વેરઝેર-કાલિમા ધોતાં અમીમય ધાર વહાવો.
તપસ્વી હે ! આવો.

સત્ય બનો અમ શ્રદ્ધા યોગી, પ્રેમ રહો અમ શૌર્ય,
ગાંધીનાં આ ધામ મહીં બસ અભય હજો, ના ક્રૌર્ય,
પારસ-સ્પર્શ તમારો હાં નિષ્કામ જીવન સરજાવો.
તપસ્વી હે ! આવો.

બ્રહ્માંડ સમાવે એવી યોગી, નાનકડી તવ ઝોળી !
સાગર રહે એ ગાગરમાં અમ ઉર દેશું ઝબકોળી !
ક્ષમા ધરીશું ધરતીની : આ અમ જીવનમાં કહાવો.
તપસ્વી હે ! આવો.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

સર્વોદય : ક્રાંતિ-વિજ્ઞાન

—ભોગીલાલ ગાંધી

૧

આજના અણુ-યુગનું જો કોઈ પરમ લક્ષણ હોય તો તે તેણે સર્જેલો સમસ્ત સમાજજીવનને આવરી લેતો વિસંવાદ છે.

એ વાતની ના પાડી શકાય એમ નથી કે, આજે દુનિયામાં ધનદોલતના જે ઢગલા ખડકાઈ રહ્યા છે, અને એથી ય વધુ અનેકગણા ઉત્પાદનની જે શક્યતા વધતી જ ચાલી છે, તે અપૂર્વ છે. અને એ વાતનો ય ઇન્કાર થઈ શકે તેમ નથી કે, આજે વિજ્ઞાનની અદ્ભુત સિદ્ધિઓએ સમસ્ત બ્રહ્માંડ ખૂંદવાનું જે સામર્થ્ય માનવીના હાથમાં મૂકી દીધું છે, તે ચમત્કારિક છે.

ચિંતન, ઇતિહાસ, વૈદક, મનોવિજ્ઞાન, કલા, રાજકારણ, અને ઇતર સામાજિક સાંસ્કારિક સંશોધન-વિકાસના ક્ષેત્રે આજે જે પ્રગતિ સધાઈ ચૂકી છે, ને નવી શક્યતાઓ ઊઘડી રહી છે તે અપૂર્વ છે, એ વિશે ય શંકા નથી.

એમાં ય વળી, અણુશક્તિની સર્જકતાની શક્યતાઓ તો અણુકલ્પ્યા અદ્ભુત ભાવિની આગાહી આપી રહી છે.

પરંતુ ઉત્પાદનક્ષેત્રે, વાહનવ્યવહારના ક્ષેત્રે, રોગ-નિવારણના ક્ષેત્રે, જ્ઞાન અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે, સંસ્કાર અને કલાના ક્ષેત્રે, સંગઠન અને રાજકારણના ક્ષેત્રે માનવીએ પ્રાપ્ત કરેલા વિજયો—ગમે તેટલા અપૂર્વ અને અન્યથા ગૌરવભર્યા હોવા છતાં—એ વાત યે એટલી જ સાચી ને સ્પષ્ટ છે કે, આ તમામ સિદ્ધિઓની પ્રક્રિયા દરમ્યાન જ, જેને માટે અને જેને નામે આ બધાં કૌભાંડ રચાયાં છે, તે માનવી જ ગૂંગળાઈ રહ્યો છે: બલ્કે આ તમામ પ્રવૃત્તિનો સર્જનારો માનવી જ કેંદ્રમાંથી લગભગ દૂર ધકેલાઈ ગયો છે।

સમાજને નામે, સમૂહને નામે માનવીનું રૂંધામણ થઈ રહ્યું છે. લોકશાહીને નામે, સમાજવાદને નામે અતિકેંદ્રિત આર્થિક-ઔદ્યોગિક અને રાજકીય સત્તાની દિશામાં જે આંધળી હરીફાઈ જામી છે, તેનાં પરિણામો ભયંકર ચોંકાવનારાં સિદ્ધ થયાં છે. આર્થિક અને રાજકીય માંધાતાઓના હાથમાં નાગરિકોનું સમસ્ત જીવન સોગઠાની જેમ રમી રહ્યું છે.

આ માંધાતાઓ ક્યારે તમામ મર્યાદાઓનો લોપ કરી સારી માનવજાતને અણુયુદ્ધની આગમાં ધકેલી દેશે એની ચિંતામાં જ સમસ્ત માનવજાત આજે તો અધ્ધર શ્વાસે જીવી રહી છે.

અને માનવીની સ્વાધીનતા, નૈતિકતા અને આંતરિક નીડરતાના અભાવનું અને અંધસંમતિવાદનું અતિ હીણું પ્રદર્શન થઈ રહ્યું છે।

સુધરેલા અને સુવિકસિત રાષ્ટ્રોમાં આ દશા છે, તો ભારત જેવાં અર્ધવિકસિત નવાં સ્વતંત્ર રાષ્ટ્રો અને શાહીવાદની એડી નીચે સીધી યા આડકતરી રીતે હજી ય કચડાઈ રહેલાં અર્ધગુલામ રાષ્ટ્રો ગરીબી, બેકારી, ભૂખમરો, અજ્ઞાન, પછાતપણું, ને ઘણે અંશે લાચારી અને અપમાનિત જીવનની કારમી ભીંસ અનુભવી રહ્યાં હોય તેમાં તો નવાઈ જ શી !

આજના યુગની કેવી વિષમતા છે !

માર્ક્સની પરિભાષામાં—

"માણસ એવી દશાએ પહોંચી ગયો છે કે જ્યાં માણસને પોતાનું કાર્ય પોતાની વિરુદ્ધની અને પોતાને માથે ચઢી બેઠેલી પરાઈ તાકાત રૂપે દેખાય છે—અને નહિ કે, પોતાની આણ નીચે કામ કરતી શક્તિ રૂપે."

એટલે કે માણસ પોતાને જાગ્રત સક્રિય સંચાલક બળ તરીકે અનુભવવાને બદલે નિષ્ક્રિય, લાચાર અને પોતાથી

બહારની કો'ક શક્તિ ઉપર આધાર રાખનાર રંક રિક્ત વસ્તુ રૂપે અનુભવે છે!

એરીક ફ્રોમ હદન આપણા આ યુગની વિરોધાભાસી વિશિષ્ટતાનું ચિત્ર આ રીતે આલેખે છે:

"આપણો યુગ ખરેખાત ઉત્કટતમ 'પેરેડૉકસઝ'-નો છે. આજ પૂર્વે કદી ય એવું બન્યું નથી કે જ્યારે આટલાં અસંખ્ય માનવીઓએ શાંતિની ખોજ કરી હોય, અને છતાં યુદ્ધ દ્વારા સ્વાવનાશના કિનારે તેઓ જાતે થથરતાં ઊભાં હોય; એવું કદી બન્યું નથી કે જ્યારે આટલાં માનવીઓએ એક સાથે રાષ્ટ્રીય અને વૈયક્તિક સ્વાતંત્ર્ય તથા કલ્યાણ માટે આટલા મોટા પાયા ઉપર અને આટલી ઝડપી ગતિએ ગંભીરતાથી માથાં પછાડ્યાં હોય, અને છતાં, તેમ કરતાં કરતાં જ તેમણે તમામ સ્વાતંત્ર્યો અને માનવકલ્યાણ કેવળ મૂઠીભર માનવીઓના હાથમાં અને રાજ્યના અતિ-અધિકાર નીચે ધરી દીધાનું બન્યું હોય; આજ પૂર્વે એવું ય કદી બન્યું નથી કે ટેકનિકે સમગ્ર માનવસમૂહોને આટલા પરસ્પર નજીક આણ્યા હોય અને પરસ્પર આધાર રાખતા કર્યા હોય, અને છતાં રાષ્ટ્રની અંદરોઅંદર અને પરસ્પર રાષ્ટ્રો વચ્ચે આટલી ઉગ્ર રીતે જડ સિદ્ધાંતો, કપોળકથાઓ, સૂત્રો, લાગણીઓ અને વલણોને કારણે છિન્નવિચ્છિન્નતા ઘર કરી ગઈ હોય; તે જ રીતે, એવું કદી બન્યું નહિ હોય કે અસંખ્ય અઢળક માનવીઓએ એક સાથે, આજ પૂર્વે, તેમનાં સંતાનો માટે આટઆટલા મોંઘાં શિક્ષણ ઉપર આવડી મોટી આશાઓ બાંધી હોય, અને છતાં એટલો જ બિનજવાબદાર નિર્ણય લેવાયો હોય કે જેને પરિણામે વ્યક્તિગત નાગરિકોના નિર્ણય કરવાના અધિકારનો અને સ્વનિર્ણયના અવકાશનો જ અંત આવી જવામાં હોય! કદી પણ; આજ પૂર્વે, માનવજાતની આવડી મોટી સંખ્યાએ, ટેકનિકલ પ્રગતિના જોર પર, આજના જેવી મહાન આશા સેવી નહિ હોય, બડાશો હાંકી નહિ હોય, હિંમત સીડી નહિ હોય; અને છતાં, રાજ્યકારભારીઓના સ્થાપિત હિતવાળા જૂથોએ જ્યારે પોતાને હસ્તક વિજ્ઞાનની ત્વરિત વિકસતી શક્તિનો ઇજારો લઈ લીધો હોય, ત્યારે આજના જેવી સાર્વત્રિક મૂંગી સંમતિ અપાઈ હોય! છેવટે, ઇતિહાસમાં કદી પણ એવું બન્યું નહિ હોય કે, આટલાં બધાં માનવીઓએ આટલા બધા ઉત્સાહથી માની લીધું હોય કે જૂનાં આર્થિક અનિષ્ટો સદાને માટે ભૂંસી નાખવામાં આવ્યાં છે, અને છતાં હકીકતે એ જ અનિષ્ટો ઘણા મોટા પાયે પુનરુજ્જીવિત થાય, એવી રાજકીય અને આર્થિક નીતિનો જ સંપૂર્ણપણે સ્વીકાર થઈ ચૂક્યો હોય!"*

આપણો આજનો ઔદ્યોગિક યુગ આ રીતે સર્વથા વિલક્ષણ યુગ છે.

૨

માનવ ઇતિહાસમાં યુગે યુગે વિસંવાદો જાગ્યા છે; અને જ્યારે જ્યારે સમસ્ત સમાજ-જીવનને ભીંસમાં લેનારું ભીષણ રૂપ એણે ધારણ કર્યું છે, ત્યારે ત્યારે ક્રાંતિનો અવતાર અનિવાર્ય બન્યો છે. રાહતના નાના નાના ટુકડા અને ધીમા રગશિયા સુધારા અતિ વામણાં અને નિરર્થક સાબિત થયા છે. આમૂલ પરિવર્તન જ ત્યારે યુગધર્મ બની જાય છે.

માનવ ઇતિહાસમાં યુગે યુગે પ્રગટેલા વિસંવાદોનાં સ્વરૂપો જુદાં જુદાં રહ્યાં છે. કદીક એનું બાહ્ય રૂપ ધાર્મિક-સાંસ્કારિક દેખાયું છે, તો કદીક રાજકીય-આર્થિક.

આપણે બુદ્ધની વાત વિચારીએ. એ યુગમાં હિંસાનો પાર ન હતો. જીવનના દરેકે દરેક ક્ષેત્રે હિંસા વ્યાપી ગયેલી હતી. ગૌતમ બુદ્ધ એથી હચમચી ઊઠ્યા; ગૃહત્યાગ કર્યો, રાજ્યત્યાગ કર્યો; વરસો લગીનાં ચિંતન અભ્યાસ ને સાધનાને અંતે તેમણે 'અહિંસા, કરુણા અને અવૈર'નો મંત્ર દુનિયાને

* 'વર્કર, ફ્રીડમ, એન્ડ ઇન્ફેરર' (રેપકે કૃત)ની પ્રસ્તાવનામાં.

આપ્યો. તેમણે સેંકડો માઇલની પદયાત્રા કરી, હજારો લાખો માનવીઓને એનો ઉપદેશ આપ્યો; સંઘો ને મઠો સ્થાપ્યા. ઉચનીચ સ્ત્રીપુરુષ અને બીજા તમામ પ્રકારના ભેદભાવો (જે તે જમાનામાં ઊંડી જડ નાખી બેઠા હતા) વિના સૌને નિર્વાણના અધિકારી ઠરાવ્યા; મૂર્તિપૂજા, શાસ્ત્ર ગ્રંથો અને ચાતુર્વર્ણ્યની જડ પકડને ઢીલી કરી. ઉપરાંત પોતાનો ઉપદેશ સંસ્કૃત (તે જમાનાની પ્રતિષ્ઠિત ભાષા; તેમાં જ ધર્મનો બોધ થઈ શકે તેવો શિરસ્તો) ભાષાને બદલે, ગ્રામજનો સુધી ઘેર ઘેર પહોંચાડવા માટે, તે તે પ્રદેશની ગામઠી ભાષાનો ઉપયોગ કરવાનો આદેશ પોતાના શિષ્યોને કર્યો. એ યુગમાં સામાજિક જીવનમાં લોકશાહીનો આ જબરજસ્ત પ્રયોગ હતો. તેની અસર સેંકડો વર્ષો સુધી રહી; અને બાદ, તે જ લોકશાહી પ્રણાલીના આધાર પર, ભારતના સંતોએ મધ્યયુગમાં અધિક પરિણામ આણ્યાં. બુદ્ધની આ એક મહત્ત્વની સફળતા હતી. પરંતુ આથી ય વિશેષ બીજી સફળતા તો એ ગણાય કે તેમણે અહિંસાનો સર્વસાધારણ ઉપદેશ કરવાની સાથોસાથ એક નાનકડા બિંદુ ઉપર લક્ષ કેંદ્રિત કર્યું; સમાજમાંથી હિંસાનું સમૂળું તત્ત્વ ઓસરી જઈ શકે એમ ન હતું; પણ સર્વવ્યાપક બની ગયેલી યજ્ઞ-બલિની પ્રથાને એમણે પડકારી અને એમના પ્રયાસોના પરિણામે એ પ્રથા સારા પ્રમાણમાં ઘસાઈ પણ ખરી.

યુગાનુસારી ઉચ્ચાલનો

સમજવાનું એ છે કે, બુદ્ધે આચારવિચારની બાબતમાં, **યુગાનુસારી નાનકડાં ઉચ્ચાલનો** (levers) નો ઉપયોગ કર્યો હતો. આ નાનકડાં ઉચ્ચાલનો એટલે કે ધર્મ અને ભક્તિના ક્ષેત્રે સૌની સમાનતા–લોકશાહીનું તત્ત્વ અને પશુબલિનો નિષેધ. અહિંસા અને લોકશાહીના આ તત્ત્વને કેવળ વ્યક્તિગત અંગત આચારમાં પરિમિત ન રાખતાં, અતિ મર્યાદિત રીતે ય, તેમનું સામાજીકરણ કરવામાં એમની યુગપ્રવર્તક ક્રાંતિકારિતા હતી. એમની કમજોરી અને મર્યાદા એ હતી કે સમાજના રોજિંદા જીવનથી અલિપ્ત રહીને તેઓ વિચાર અને ભાવ–પ્રચાર દ્વારા ક્રાંતિ કરવા માગતા હતા.

બુદ્ધની જેમ ઈશુ તથા અન્ય સંતોએ પણ ધાર્મિક સાંસ્કારિક પરિબળો દ્વારા સામાજિક સમતુલા નવેસરથી સ્થાપિત કરવા પ્રયાસો આદર્યા હતા. આ પ્રયાસોની ય પ્રેરણા સામાજિક અસમાનતા હતી.

તો વળી, મધ્યયુગી યુરોપીય ક્રુઝેડો (ધર્મયુદ્ધ) અને લ્યુથર તથા ક્રોમવેલની ક્રાંતિઓનું બાહ્યરૂપ ધાર્મિક હોવા છતાં તેની પ્રેરણા આર્થિક–રાજકીય હતી.

અને જેને આપણે ઈતિહાસમાં સફળ ક્રાંતિઓને નામે ઓળખીએ છીએ તે, માલિકો સામેનાં ગુલામોનાં બંડો, સામંતો અને ઉમરાવો સામેનાં સંર્ફ–અર્ધ ગુલામોનાં બંડો અને રજવાડી રાજ્યસત્તા તથા જમીનદારી આર્થિક હિતો સામેના મૂડીવાદી વર્ગોના વિગ્રહો, અને શાહીવાદી રાજ્યોની શૃંખલામાંથી મુક્તિ પામવા મથતી રાષ્ટ્રીય ક્રાંતિઓ—આ સૌની પ્રેરણા આરંભમાં આર્થિક અને પરિણામમાં રાજકીય રહી છે. અને ઉચ્ચાલન–બળ મુખ્યતઃ સશસ્ત્ર બંડો બન્યાં છે.

વળી, આ તમામ ક્રાંતિઓ—ગુલામોનાં બંડોથી માંડી મૂડીવાદી ક્રાંતિઓ, અલબત્ત, એક વર્ગની બીજા વર્ગ ઉપરની સત્તા માટેની રાજકીય ક્રાંતિઓ હતી. અને એનું કલેવર જૂની શોષણપ્રથાઓને જારી રાખનારું હતું. એટલે કે એ ક્રાંતિઓ સર્વાંગી સર્વોદયી ક્રાંતિ થઈ શકે એવી ગુંજાશ જ એમનામાં ન હતી.

માર્ક્સનું ક્રાંતિ વિજ્ઞાન

મહામુનિ માર્ક્સે પ્રથમ વાર આ સત્યને પ્રગટ કર્યું. એમના જમાના પૂર્વેના તમામ સંઘર્ષો અને ક્રાંતિઓનું અધ્યયન કરી તેમણે સમાજવિકાસના ઐતિહાસિક સિદ્ધાંતો તારવ્યા; અને તે પૂર્વેની તમામ ક્રાંતિઓ અને પ્રયાસોની પાયાની કમજોરી બહાર આણી, વર્ગવિહીન, શોષણવિહીન, રાજ્યવિહીન સર્વાંગી માનવીય ક્રાંતિનું શાસ્ત્ર રચ્યું :

—સામ્યવાદી સમાજમાં કશા પ્રકારની દમન શક્તિ અને ભીતિ વિના પરસ્પર સહકાર અને પ્રેમથી સૌ જીવતાં હશે. રાજ્યસત્તા વિલીન થઈ ચૂકી હશે.

—કોઈ પ્રકારના બાહ્ય દમન, ભય અને લાલચ વિના પોતાની **શક્તિ મુજબ** સૌ વધુમાં વધુ શ્રમ કરતાં હશે.

—અને પોતાની **જરૂરિયાત મુજબ** કશા સંકોચ વિના સૌ ઉપભોગ કરી શકતાં હશે.

શું માર્ક્સની આ કલ્પના તરંગી ન હતી? ઘણાએ એને તરંગી કહી પણ હતી.

પરિવર્તનની ચાવી !

માર્ક્સની પૂર્વે, રોબર્ટ ઑવન, ફુરીઅર, સેન્ટ સાયમન જેવા થઈ ગયા હતા જ. તેઓ સૌ તેમના જમાનાનાં બેફામ અમાનવીય શોષણ અને અસમાનતાથી કકળી ઊઠ્યા હતા; અને માનવીય મૂલ્યોની પુનઃપ્રતિષ્ઠા થાય એવી આકાંક્ષા સેવતા હતા; સમાજવાદી સમાજ રચનાની ભાવના અને યોજના વિચારતા હતા; અને એને અમલી બનાવવા મથતા હતા. આમ છતાં, તેમને **પરિવર્તનની ચાવી** હાથ લાગી ન હતી. તેમણે મહદંશે ધનપતિઓ, કારખાનાના માલિકોને અપીલો કરી હતી. ફુરીઅરે તો જાહેર ખબર છપાવી ધનપતિઓને પોતાના પ્રયોગોમાં સાથ આપવા વિનંતિઓ કરી હતી; અને ઑવન* 'સહકારી ગ્રામો'માં સમાજવાદના 'પ્રયોગો' કરી છૂટ્યો હતો. અલબત્ત અંતે એ સર્વને એમના પ્રયોગોમાં નિરાશા જ સાંપડી હતી. ત્યારે માર્ક્સ સર્વપ્રથમ ક્રાંતિકારી હતો જેણે સામાજીક પરિવર્તનની સફળ **ઉચ્ચાલન શક્તિ** શોધી કાઢી હતી. અને તે હતી—જેમને કાંઈ ગુમાવવાનું ન હતું, સિવાય કે શૃંખલાઓ; અને જેઓ પરિસ્થિતિને કારણે ઐતિહાસિક રીતે તમામ શ્રમજીવીઓના અગ્રણી બનવા નિર્માયા હતા; તથા જેઓ આખર તકના શિસ્તબદ્ધ અટંકી યોદ્ધાઓ બની શકે એમ હતા—તેવા શહેરી કામદારો (પ્રોલિટારિયેટ)ની સંગઠિત શક્તિ.

માર્ક્સે વિશ્વના પ્રોલિટારિયેટને એકત્ર થવા હાકલ કરી; અને તેમને ક્રાંતિના વિવિધ તબક્કાઓનું દર્શન કરાવ્યું :

૧. પ્રોલિટારિયેટ પ્રથમ તો પોતાની ક્રાંતિકારી પાર્ટી રચશે. અને તે તમામ શ્રમજીવીઓની ક્રાંતિકારી રાહબર બનશે.

૨. આ પાર્ટી સૌથી પ્રથમ રાજ્ય સત્તા હાંસલ કરશે અને વિરોધી વર્ગોનું નિકંદન કરી શકે એવી કેંદ્રિત સરમુખત્યાર સત્તા દ્વારા વર્ગવિહીન સમાજની સ્થાપના કરશે.

૩. વર્ગશોષણ નાબુદ થતાં, વર્ગસંઘર્ષ ટળી જતાં, દંડ શક્તિ (રાજ્યશક્તિ)ની આવશ્યકતા જ નિર્મૂળ થશેઃ રાજ્યવિહીન સમાજરચના અસ્તિત્વમાં આવશે :

"ખરેખાત સમસ્ત સમાજના પ્રતિનિધિ તરીકે દાવો કરી શકે એવું રાજ્યનું પહેલું પગલું જ—એટલે કે, આખા સમાજને નામે ઉત્પાદનનાં સાધનો ઉપર કબજો કરવાનું પહેલું પગલું, એ જ વેળાએ રાજ્ય તરીકેનું છેલ્લું **સ્વતંત્ર કાર્ય** બની જશે.... "

"એટલે કે, આ પછી દમનના હથિયાર રૂપ રાજ્ય સત્તાની જગાએ વસ્તુઓનું વ્યવસ્થા તંત્ર સ્થાન લેશે."

અને ત્યારે—"વર્ગો અને વર્ગ વિગ્રહોવાળા, જુના મૂડીવાદી સમાજનું સ્થાન એવા પ્રકારનું સંગઠન લેશે, જેમાં દરેક વ્યક્તિનો સ્વતંત્ર વિકાસ, સૌના સ્વતંત્ર વિકાસનો રાહ બને."

(કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો)

તથા

—"માનવીનું નિયંત્રણ કરનાર રાજ્યસંસ્થાનું સ્થાન વસ્તુઓની સુવ્યવસ્થા સ્થાપનાર સંચાલન તંત્ર લેશે."

(એંગલ્સ).

રશિયાનો પ્રયોગ

માર્ક્સે રચેલું ભાવિ શ્રમજીવી ક્રાંતિનું આ કડીબદ્ધ વિજ્ઞાન હતું.

માર્ક્સનું આ દર્શન હતું—જે ભૂતકાળમાં કદિ શક્ય બન્યું ન હતું ને વર્તમાનમાં હયાત ન હતું; તેમ છતાં ભાવિમાં શક્ય બનવાની તેની શ્રદ્ધા હતી. કેમકે તેને તેના સામાજીક ક્રાંતિના વિજ્ઞાનમાં અટળક શ્રદ્ધા હતી

માર્ક્સના જીવતે જીવત મૂડીવાદની ઘોર ખોદાઈ રહી હતી; અને તેને સ્થાને સમાજવાદી સમાજ રચનાની ઈમારતના પાયા નંખાવા લાગ્યા હતા. માર્ક્સે ખોધેલા માર્ગે યુરોપ આખામાં રાષ્ટ્રીય અને શ્રમજીવી ક્રાંતિઓ ફાટી નીકળી હતી. અલબત્ત, માર્ક્સના સિદ્ધાંતોને સાકાર કરવાના દાવાવાળી પ્રથમ સફળ ક્રાંતિ ૧૯૧૭માં લેનિનની રાહબરી નીચે રશિયામાં થઈ. તેની સામે દુનિયાના શાહીવાદીઓએ મરણીઓ ભરડો લીધો. પણ રશિયાનો સમાજવાદ તેમાંથીય હેમખેમ બહાર નીકળ્યો. ને આખી દુનિયામાં એની બોલબાલા થઈ. આખી દુનિયાના દલિતોએ એની પ્રેરણા ઝીલી; પોતાનો રાહ સરળ કરવા કમર કસી. રશિયાએ દૈનંદિન—જીવનની પ્રાથમિક જરૂરિયાતો, અને શિક્ષણ સંસ્કાર અને ઈતર સગવડોમાં અસાધારણ સિદ્ધિઓ, અપરંપાર મુશ્કેલીઓ છતાં, ટૂંકા સમયમાં

---

* 'સમાજવાદ' શબ્દનો પ્રયોગ પ્રથમ ઑવને ૧૮૩૧માં કર્યો હતો.

ઝડપી ગતિએ હાંસલ કરીને, પશ્ચાત ગુલામ દેશોને પાનો પાયો; અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન નાઝીવાદી બર્બર ધાડાં સામે, દુનિયાનો ચમત્કાર કહી શકાય તેવો ભવ્ય સંગ્રામ ખેલી, વિજય પ્રાપ્ત કર્યો. અપૂર્વ રાષ્ટ્રીય અસ્મિતા અને શહાદત જોઈ દુનિયા આખી મોંમાં આંગળાં નાંખી ગઈ.

મૂડીવાદની આભા આથમી રહી હતી ત્યારે સમાજવાદીની પ્રતિષ્ઠા કૂદકે ને ભૂસકે આગળ વધી રહી હતી.

આ જેવી તેવી સિદ્ધિ ન હતી.

અને છતાં, આ અપૂર્વ ઐતિહાસિક સિદ્ધિનો 'પૅરેડૉક્સ' પણ જેવો તેવો નથી.

શ્રમજીવી સમાજવાદી ક્રાંતના અગ્રદૂત ખુદ સોવિયેત રશિયામાં (અને તેની છત્રછાયામાં વિકસતા તમામ મુલકોમાં) વ્યક્તિપૂજાનો યુગ પ્રવર્ત્યો; તે દરમ્યાન, હજારો પ્રામાણિક દેશભક્તો અને રાષ્ટ્રવીરો ઉપર બર્બરયુગી અત્યાચારોની ઝડીઓ વરસતી રહી, માનવીની સ્વાધીનતાનું અને આંતરિક સત્યનું ગળું ઘોંટાઈ ગયું.*

૧૯૩૬થી સમાજવાદનો રાહ લગભગ પૂરો કરી સામ્યવાદની કક્ષામાં પ્રવેશ કરી ચૂક્યાનો દાવો કરનાર, અઢળક ભૌતિક સિદ્ધિઓ હાંસલ કરનાર દેશની જ બીજી બાજુ અત્યંત વિકૃત નીવડી!

જાણે કે તેનું અરધું અંગ અત્યંત સંસ્કારી હતું; ને બાકીનું અરધું બર્બર રહી ગયું હતું!

ઐતિહાસિક લાલબત્તી

આપણા યુગનો આ એક સૌથી મોટો વિસંવાદ છે. તમામ ભાવિ ક્રાંતિઓ સામે આ ઐતિહાસિક લાલબત્તી છે.

હવે પછીની કોઈ પણ ક્રાંતિ રશિયાની સિદ્ધિઓની સાથોસાથ તેની વિકૃતિઓ તરફ દુર્લક્ષ કરીને આગે કદમ ભરી શકનાર નથી. અલબત્ત, આના ઉપરથી જો કોઈ એવા નિર્ણય ઉપર પહોંચી જાય કે હવે તો, સમાજવાદી સમાજ પદ્ધતિ જ નિષ્ફળ પુરવાર થઈ છે; માટે તેનો સમૂળો ઈન્કાર કરવો રહ્યો, અથવા તો એના કરતાં તો મૂડીવાદી સમાજ રચના સારી...તો તે ઇતિહાસનાં ચક્રોને ઊલટાં કરવા બરાબર છે.

* ૧૯૫૬માં મળેલી સોવિયેત સંઘની કમ્યુનિસ્ટ પાર્ટીની ૨૦મી કોંગ્રેસ સમક્ષ ક્રુશ્ચોવે રજૂ કરેલો ગુપ્ત હેવાલ આની ભયંકર અને ભરપૂર વીગતો પૂરી પાડે છે.

કેમકે હવેનો સમાજ શોષક-શોષિત સંબંધો પર રચાયેલી કોઈ પણ રચના તરફ પાછો વળે એ ઈષ્ટ નથી ને શક્ય પણ નથી.

ક્રાંતિની નાંદી

પરંતુ હવેની ક્રાંતિએ નાંદી રૂપે નીચેનાં ક્રાંતિ સૂત્રોનો પુનરુદ્ઘોષ કરવો જ રહ્યો—

૧. સાચી સર્વાંગી ક્રાંતિનો આખરી હેતુ માનવીય **નૈતિક** સમાજ રચનાનો જ હોઈ શકે.

૨. જે કોઈ સમાજ રચનાનો **આર્થિક પાયો** શોષણ, અસમાનતા, અંગત સ્વાર્થનો હોય, તેની સમાજરચના કદિ પણ માનવીય બની જ ન શકે.

૩. જે કોઈ સમાજ રચનાનો **આર્થિક પાયો** શોષણ રહિત સમાનતા અને સામાજિક સામુહિક હિત-સભર હોય તેવો જ સમાજ ભાવિ સંસ્કારી નૈતિક સમાજની રચના કરી શકે.

૪. પરંતુ કેવળ આર્થિક પાયો રચાઈ જવા માત્રથી જ ઇમારત ખડી થઈ જતી નથી. અને પાયો ગમે તેટલો સધ્ધર હોય તો પણ, ઇમારત બાંધવામાં જે જાતનો માલ વાપરવામાં આવે અને તેની જે **પ્રકારે રચના** થાય, તે જ **છેવટે તો**, તે ઇમારતની સધ્ધરતાનું નિર્ણાયક તત્ત્વ બની જાય.

૫. આમ, નિર્ણાયક તત્ત્વો બે પ્રકારનાં હોય છે. એક તો, સુદૃઢ પાયો (સમાનતાના આધારવાળો આર્થિક પાયો) પ્રાથમિક નિર્ણાયક તત્ત્વ છે. તે જ જો કાચો હોય તો ઇમારતમાં ગમે તેવો સારો માલ વપરાયો હોય અને તેની બાંધણીમાં ગમે તેટલી કુશળતા વાપરવામાં આવી હોય, છતાં તે નિષ્ફળ જ જવાની. એટલે પાયાની સુદૃઢતા એ પ્રાથમિક નિર્ણાયક તત્ત્વ છે. પરંતુ જેઓ એમ માને છે કે, એક વાર સુદૃઢ પાયો રચાઈ ગયો એટલે આપોઆપ ઇમારત સુદૃઢ બની જશે; બની જવી જ જોઈએ, તેઓ પાયા સાથે સંકલિત છતાં આગવા એવા 'ઇમારત'ના સ્વતંત્ર વિજ્ઞાનનો ઇન્કાર કરે છે. બીજી બાજુ, જેઓ પાયો ગમે તેવો હોવા છતાં, એનાથી અસંબધ્ધ રીતે, ઇમારત-રચનાની સ્વતંત્ર કુશળતા ઉપર જ મુસ્તાક રહે છે, તેઓ પણ ઇમારતના પાયાના વિજ્ઞાનનો ઇન્કાર કરે છે

તેઓ સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ આદિ ખરેખર

ઉન્નત અને સામાજિક જીવનની તંદુરસ્તી માટે અત્યંત આવશ્યક ગુણો ઉપર ઝોક આપ્યા છતાં, આર્થિક પાયાની અવગણના કરી, કેવળ તરંગી યુટોપિયન–સ્વપ્નશીલ રહી જાય છે !

૬. એકવાર પ્રોલિટારિયેટ વર્ગ ક્રાંતિનો અગ્રદૂત બની રાજ્યસત્તા હસ્તગત કરી આર્થિક પાયો બદલી નાખે તો, **અનિવાર્ય રીતે** બધું હેમખેમ પાર ઊતરી જશે; પછી, બાકીનું બધું તો આપોઆપ ગોઠવાઈ જશે; ને વર્ગવિહીન, શોષણવિહીન, રાજ્યવિહીન આદર્શ માનવીય સમાજની સ્થાપના અનિવાર્ય રીતે જઈ જશે— એવી શ્રદ્ધા ઇતિહાસે ખોટી ઠેરવી છે.

૭. ક્રાંતિ પૂર્વે અને ક્રાંતિ દરમ્યાન માનવીય મૂલ્યો તરફ આંખ મીંચામણાં કરવા છતાં, ક્રાંતિ બાદ તો માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા **અનિવાર્ય** રીતે થઈ જશે, એવી ગણત્રી સર્વથા **અવૈજ્ઞાનિક** છે, અને **અવાસ્તવિક** સાબિત થઈ ચૂકી છે.

૮. ક્રાંતિ–વિજ્ઞાનનું એ હાર્દ છે કે જે **પ્રકારની** ક્રાંતિ કરવી હોય, તે **પ્રકારનાં** ને તે **પદ્ધતિનાં** સાધનો યોજવાં જોઈએ. દા. ત ફાસિવાદ વિરોધી આંતરરાષ્ટ્રીય યુદ્ધ માટે અથવા તો રાષ્ટ્રીય મૂડીવાદી ક્રાંતિ માટે જે પ્રકારના સંયુક્ત મોરચાઓ રચવા રહે, જે પ્રકારના વ્યૂહ યોજવા રહે, જે પ્રકારનાં સાધનો વાપરવાં રહે, તે જ પ્રકારનાં સાધનો અને પદ્ધતિથી શ્રમજીવી ક્રાંતિ સિદ્ધ ન થાય. એટલું જ નહિ, રાષ્ટ્રીય ક્રાંતિ થયા બાદ, ચાલુ રાજ્યતંત્રમાં જે પ્રકારનો ફેરફાર કરવો જરૂરી ગણાય, તેવો ને તેટલો જ ફેરફાર શ્રમજીવી ક્રાંતિ સિદ્ધ થયા પછી પૂરતો ને યોગ્ય ન ગણાય વગેરે...આજ પૂર્વેની તમામ ક્રાંતિઓની સફળતા યા નિષ્ફળતામાં આ સત્ય પ્રગટ થયું છે.

૯. દરેકે દરેક પરિવર્તનનું સુયોગ્ય અને સમર્થ ઉચ્ચાલન-બળ શોધવું અને તેને કામે લગાડવું એમાં તો ક્રાંતિની દક્ષતા અને સફળતા રહેલી છે.

૩

વિનોબાએ આરંભેલી સર્વોદયી ક્રાંતિ આજે ઇતિહાસની કસોટીએ ચઢી છે.

વેદો અને ઉપનિષદોથી માંડી ભારતીય તત્ત્વજ્ઞાનનું ઊંડું અધ્યયન, જગતનાં સામાજિક પરિવર્તનોનું ચિંતન, અને સામાજિક વિજ્ઞાનોનું પૃથક્કરણ–તત્ત્વ વિચારકને શોભે એવો વિનોબાનો વૈભવ છે.

વિનોબાની જીવન દૃષ્ટિમાં બુદ્ધની કરુણા, સંતોનો ભક્તિ-યોગ, શંકરનો જ્ઞાનયોગ અને માકર્સ આદિ સામાજિક ક્રાંતિકારોનાં વૈતાંનકતાનો સંભાર છે.

વધુમાં—

ગાંધીજીને ચરણે બેસી તેમણે અપરિગ્રહી સ્થિતપ્રજ્ઞ શાંતિ–સેવકની તાલીમ પ્રાપ્ત કરેલી છે.

વિનોબા અનેક રીતે ગાંધીજીનો વારસો ઉન્નત બનાવી વધારી રહ્યા છે.

ગાંધીજીની વિરલ સિદ્ધિ

ગાંધીજીએ ભારતની સ્વાધીનતાના લાંબા સંગ્રામ દરમ્યાન અપનાવેલો રાહ અનેક રીતે વિરલ હતો.

પોતાની રાષ્ટ્રીય સ્વાધીનતા માટેના આજ પૂર્વેના સંગ્રામોમાં, જગતના કોઈ રાષ્ટ્રે કદિ નહિ અપનાવેલો એ રાહ હતો—અને છેવટે આઝાદી પ્રાપ્ત થઈ ચૂકી ત્યારે જ 'એ રાહે સ્વાધીનતા પ્રાપ્ત થઈ શકે કે કેમ' એવી શંકાઓનું નિવારણ થયું, એટલો એ અપૂર્વ હતો ને મૌલિક હતો.

કોઈ પણ સત્તા, અને તેમાં ય બ્રિટિશ સામ્રાજ્ય જેવી મહાન શહેનશાહત નિઃશસ્ત્ર અને 'નિર્વીય' દેખાતા, ઔદ્યોગિક રીતે પછાત ગણાતા રાષ્ટ્રની 'નિર્વીય' દેખાય તેવી સત્યાગ્રહની—તે ય સેંકડો આગેપાછે કદમો વાળી—લડતની સામે ઝૂકી, પરાજય સ્વીકારે, એ છેવટ સુધી કલ્પના બહારની વસ્તુ હતી.

અલબત્ત, **કેવળ** ગાંધીજીની અહિંસક લડતને ભાગે આનો સંપૂર્ણ યશ અભિપ્રેત નથી. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ય અનેક રીતે અનુકૂળ બની ચૂકી હતી.

એમ તો, રાષ્ટ્રીય પરિસ્થિતિ ઘણાં બધાં વરસોથી પાકી ચૂકી હતી; અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ય યુદ્ધ દરમ્યાન અમુક તબક્કે તો અતિ વધારે અનુકૂળ લેખાય તેવી હતી. પરંતુ પરિસ્થિતિને સમજવી, તેને પૂરતી પરિપક્વ

બનાવવી, તેને યોગ્ય ઘાટ આપવો, અને તેને છેવટે પરિણામ-દાયી બનાવવી એ **આખરી નિર્ણાયક કર્તૃત્વ** તો કાંઈ જડ પરિસ્થિતિથી આપોઆપ સિદ્ધ થઈ શકતું નથી; એવું ઐતિહાસિક નિર્ણાયક કર્તૃત્વ તો જાગ્રત ચેતના-શક્તિ વિના, જાગ્રત નેતાગીરીની સામુહિક સંગઠિત જાગ્રત શક્તિ વિના શક્ય જ નથી.

ગાંધીજી આ નિર્ણાયક કર્તૃત્વશીલ ચેતનાના પ્રતીક બની ગયા : ગાંધીજીના નેતૃત્વ નીચે ભારતીય સ્વરાજ્ય પ્રાપ્તિ-ની સાધના ફળી—એ તર્ક નથી, એ હકીકત બની ચૂકી છે. સ્વીકાર-અસ્વીકારનો એ સવાલ નથી. એટલે જ તો એનું રહસ્ય-સંશોધન જરૂરી છે.

ગાંધી-માર્ગનું રહસ્ય સંશોધન

ગાંધીમાર્ગના સાફલ્યનું રહસ્ય સંશોધન આજ પૂર્વે થયું છે, થઈ રહ્યું છે, ને છતાં હજી ઘણું બધું બાકી છે. જેમ જેમ વિશ્વપરિસ્થિતિ વધુ ને વધુ વિકટ બની રહી છે, તેમ તેમ જાણે ગાંધીમાર્ગનું રહસ્ય વધુ ને વધુ સ્ફુટ બની રહ્યું છે—

૧. ગાંધીજીએ ભારતની સ્વરાજ્યપ્રાપ્તિની પ્રક્રિયા દરમ્યાન, અત્યંત વિકટ પરિસ્થિતિમાંય, સામાજીક પરિ-વર્તન પરત્વેના પોતે સ્વીકારેલા કેટલાક **અટળ સિદ્ધાન્તોના** પાલનનો દૃઢ આગ્રહ સેવ્યો હતો.

અને તેમ કરતાં તેઓ અનેક વખત પરાજય, બાંધછોડ, અને વિરોધાભાસોનો ભોગ બન્યા હતા; પરંતુ એ બધા વિરોધાભાસો પાછળ રહેલી એકાકી સ્વરાજ્ય નિષ્ઠા કદી ડગી ન હતી.

૨. ગાંધીજીને મન સ્વરાજ્યની કલ્પના છેક ૧૯૦૮માં 'હિંદ સ્વરાજ્ય' લખ્યું ત્યારથી નિશ્ચિત ઘાટ લઈ ચૂકી હતી. અને જીવનના અંતકાળ સુધીમાં એ કલ્પનાનો **પાયો** લગભગ એવો ને એવો જ રહ્યો હતો.* ચાર ચાર દાયકાઓ પૂર્વે ગાંધીજીએ રામરાજ્યની છબી પોતાના મનમાં આંકી લઈને તેને મૂર્ત કરવા પાછળ જ પોતાની સાધના લગાવી દીધી હતી.

*'હિંદ સ્વરાજ'ની ૧૯૩૮ની આવૃત્તિમાં ગાંધીજીની પ્રસ્તાવના, તથા સ્વ. મહાદેવભાઈનો તેમાંનો લેખ.

૧૯૩૦માં ગાંધીજીએ સ્વરાજ્યને **રામ રાજ્ય** તથા **ધર્મ રાજ્ય** રૂપે ઓળખાવ્યું હતું. અને તેનો **ત્રિકાલ-સત્ય અર્થ** 'ગરીબોની સંપૂર્ણ રક્ષા,' 'બધાં કામ ધર્મ-પૂર્વક થાય,' અને 'લોકમતનો આદર'—આ ત્રણ સૂત્રોમાં આપી દીધો હતો. (હિંદી નવજીવન, ૨૭-૩-૩૦)

ગાંધીજીએ વખતો વખત કરેલી સ્વરાજ્યની વ્યાખ્યા ગમે તે હો, પરંતુ ઉપરની ત્રણ ભાવનાઓ પાયામાં હતી જ હતી.

અને એથી જ તો, ગાંધીનું કાર્ય અતિશય કપરું હતું.

૩. એક વાર આદર્શનું સુનિશ્ચિત, સુદૃઢ, વિશદ ચિત્ર ચિત્તમાં અંકાઈ ગયા પછી તેની સાધનાનો રાહ રજ માત્ર આઘો પાછો થતાં શી પરિસ્થિતિ થાય તેનું પૂર્વ-જ્ઞાન કોઈ પણ દક્ષ ક્રાંતિનિષ્ણાતને હોય તેમ, ગાંધીજીને થઈ ચૂક્યું હતું. તેથી જ તો, જે **સ્વરૂપની** સિદ્ધિ પ્રાપ્ત કરવી છે, તેને જ અનુકૂળ લડતનાં સાધનો અને પ્રકારો અપનાવવા માટેનો તેમનો જાગ્રત **આગ્રહ** એક ઉત્તમ કોટિના ક્રાંતિકારી વિજ્ઞાનીને છાજે તેવો હતો.

૪. પરંતુ આ સિદ્ધાંતનિષ્ઠ ક્રાંતિકાર સામેની સમસ્યા જેવી તેવી ન હતી. ભારતમાં જે પરિસ્થિતિ પ્રવર્તતી હતી, જન-જાગ્રતિનું જે સ્તર હતું, ત્યાંથી જ છેવટે તો **આરંભ** કરવો રહ્યો !

ગાંધીજીએ સ્વરાજ્ય સાધનાના સાધન તરીકે અહિંસા-નો 'ફેઈથ' તરીકે સ્વીકાર કરી લીધો હતો. (આ ફેઈથ કોઈ તરંગી fad ન હતો—પરંતુ ગાંધી જે **પ્રકારના** સ્વરાજ્ય-રામરાજ્ય-ધર્મરાજ્યનું ઘડતર કરવા માગતા હતા તે પ્રકારનાં સાધનો વિના તે શક્ય જ ન બને, એટલા માટે). પરંતુ ત્યારે રાષ્ટ્રની વિશાળતમ જનશક્તિની પ્રતિનિધિ રાષ્ટ્રીય કોંગ્રેસ એનો રાજકીય 'ક્રીડ' તરીકે જ સ્વીકાર કરવાની હદે તૈયાર હતી.

ગાંધીજીએ આ આદર્શનિષ્ઠા અને સ્વરાજ્યનિષ્ઠાનો સવાલ કેવી રીતે ઉકેલ્યો ? તેમણે એ બે વચ્ચેનો વિરોધ ઉકેલ્યો.

ગાંધીજીની જીવન સાધનાનું પ્રેરક બળ કયું હતું ?

આદિકાળના ભક્ત-સંત-મહાપુરુષોની સ્થિતિમાં ગાંધીજી જીવતા ન હતા. તેમની જીવન સાધના, તેમની આત્મશુદ્ધિ, તેમની

ઈશ્વરપ્રાપ્તિની અને મોક્ષની કલ્પના સમાજથી લગભગ અળગી રીતે, યા: પ્રજા-જીવનની વાસ્તવિક સમસ્યાઓથી લગભગ પર રહીને, સાધવાની ન હતી.

'સંસારમાં સરસો રહી 'ને તેઓ એ સાધના સાધવા માગતા હતા. ભારતના દરિદ્રનારાયણ એમની પ્રેરણાનું ઝરણું હતું. ભારતની રાજકીય ગુલામીનું નિવારણ અને સાચી લોકશાહીની સ્થાપના—એમનું સીધું લક્ષ્ય હતું. ભારતમાં રામરાજ્ય—ધર્મરાજ્યની પ્રતિષ્ઠા એમનું ધ્યેય હતું; અને આ બધા દ્વારા જ તેઓ પોતાની આત્મશુદ્ધિ, ઈશ્વર પ્રાપ્તિ, અને મોક્ષપ્રાપ્તિનો પંથ ખેડી રહ્યા હતા.

એટલે તો, ગાંધીજીએ અતિ સહજ રીતે, પોતાની આદર્શનિષ્ઠા અને સ્વરાજ્યનિષ્ઠા વચ્ચેના વિસંવાદનો તોડ કાઢ્યો: ગાંધીજી પોતે 'ફેઈથ' તરીકે અહિંસાનો સ્વીકાર કરીને સ્વરાજ્યપ્રાપ્તિના પંથે નેતૃત્વ કરે; અને જન-શક્તિ 'રાજકીય ક્રીડ' તરીકે અહિંસાનો સ્વીકાર કરીને એ જ પંથે ગાંધીજીની રાહબરી નીચે, આગળ વધે.

આ પંથ તલવારની ધાર પર ચાલવા જેવો કપરો હતો. અનેકવાર ગાંધીજી સામે ગુંચવણભરી, વિરોધાભાસી અને વિકટ પરિસ્થિતિઓ આવી ય ખરી. ગાંધીજીએ ભારે વ્યૂહનિષ્ણાતની અદાથી આદર્શનિષ્ઠા અને સ્વરાજ્યનિષ્ઠાનો એવો મેળ ખવડાવ્યો કે આખરે 'અહિંસાની ક્રીડ' સ્વીકારેલી જનશક્તિ દ્વારા ગાંધીજી ભારતને સ્વરાજ્યના દ્વાર સુધી હેમખેમ લઈ આવ્યા જ.

ગાંધીજીની આ અપૂર્વ સિદ્ધિનું રહસ્ય કેવળ એ નથી કે તેમણે અહિંસાનો 'ફેઈથ' તરીકે સ્વીકાર કર્યો હતો; અને એ તો નથી જ કે તેમણે સિધ્ધાન્ત-ત્યાગ કરી, ગમે તેમ કરી ભારતને સ્વરાજ્ય અપાવ્યું.

સમન્વય

ગાંધીજી પૂર્વે, ગાંધીજીની જેમ અહિંસાને 'ફેઈથ' તરીકે સ્વીકારી જીવન સાધના કરી ચૂકેલા અનેક સંતો-ભક્તોની ભારતને તો નવાઈ નથી. પરંતુ એવી વ્યક્તિગત સાધના (અલબત્ત સમાજ જીવનની શુદ્ધિ માટે પ્રેરકબળ બની જવા છતાં) આવું ક્રાંતિકારી પરિણામ લાવી શકી નહતી, એમ ઇતિહાસ જણાવે છે.

ગાંધીજીની વિશેષતા એ છે કે તેમણે (૧) વ્યક્તિગત શુદ્ધિના સાધન તરીકે યુગોયુગોથી સ્વીકારાયેલા **અહિંસાના આદર્શનું સામાજીકરણ કર્યું.**

કોઈ પણ વિચાર, મન, ગુણ (એટલે કે શક્તિ) વ્યક્તિગત મટી જઈ, સામાજીક બનતાં તેનું ગુણાત્મક પરિવર્તન (ક્વૉલિટેટિવ ચેઈન્જ) થાય છે. ગાંધીજીએ અહિંસાના ગુણનું તેવું ગુણાત્મક ક્રાંતિકારી શક્તિ રૂપે પરિવર્તન કર્યું. **ઉપરાંત –**

(૨) ગાંધીજીએ પોતાની આદર્શનિષ્ઠા (ધર્મનિષ્ઠા) અને સ્વરાજ્યનિષ્ઠા (વ્યવહારનિષ્ઠા)નો અદ્‌ભુત વ્યવહારુ સમન્વય સાધ્યો.

અલબત્ત, આમાંથી એ વાત પણ આપોઆપ ફલિત થાય છે કે:–

ભારતમાં જે જનજાગૃતિ અને જનશક્તિ હયાત હતી, અને ગાંધીજીની પોતાની જે **શક્તિ મર્યાદાઓ** હતી એનો જ **સમન્વય** થયો હતો. અને એથી કરીને જે સ્વરાજ્ય પ્રાપ્તિ થઈ તેમાં અનેક રીતે બીજી ક્રાંતિઓ કરતાં વિશેષતાઓ હોવા છતાં, તે રામરાજ્ય રૂપે, પાકા ફળ રૂપે ગાંધીજીના હાથમાં આવી પડેલી ન હતી.

સ્વરાજ્ય પ્રાપ્તિ બાદ, ગાંધીજીના જીવતાં જ, ભારતમાં જે કારમો કૌભાંડ પ્રવર્ત્યો, તેથી ગાંધીજીનું પોતાનું હૈયું કેટલો જબરજસ્ત આઘાત પામ્યું હતું તે સુવિદિત છે.

ભારતીય સ્વાતંત્ર્ય ભારતના વર્તમાન યુગી **શક્ય-શ્રેષ્ઠ સમન્વય**ની પેદાશ હતી—એની તમામ શક્તિ અને કમજોરી સાથે.

છતાં ગાંધીજીએ પોતાનું સર્વસ્વ સમર્પી દઈ, ભારતના નવઘડતર પાછળ, પોતે સેવેલા 'સર્વોદય'ના* આદર્શની સ્થાપના માટે; જે અતિ-માનુષ પ્રયાસો (નવાખલી, દિલ્હી, પંજાબ આદિ સ્થળે) આદર્યા હતા, તે પછી તો જગતની વિરલ વિભૂતિઓમાં તેમનું સ્થાન અંકાઈ ચૂક્યું છે.

૪

વિનોબાનું સિદ્ધાંત ચિંતન

વિનોબા ગાંધીમાર્ગના આધારપર સર્વોદયી ક્રાંતિનો ભગીરથ મનોરથ સેવી રહ્યા છે.

*મૂળ આ શબ્દ ગાંધીજીએ રસ્કિનકૃત 'અનટુ ધ લાસ્ટ'ના રૂપાંતર વખતે વાપરેલો.

ગાંધીજી કરતાં વિનોબાની સાધના **અતિદુષ્કર** છે. ગાંધીજીનો તાત્કાલિક ઉદ્દેશ ભારતની સ્વરાજ્યપ્રાપ્તિનો હતો. વિનોબાનો સામાજીક ઉદ્દેશ ભારતમાં સર્વોદયી સમાજ રચનાની સ્થાપનાનો છે.

ગાંધીજીનો ઉદ્દેશ રાષ્ટ્રીય ક્રાંતિનો હતો; વિનોબાનો ઉદ્દેશ **રાષ્ટ્રીય ઉત્થાનનો** છે.

ગાંધીજી અને વિનોબાની જીવન સાધના એક જ છે: જનકલ્યાણદ્વારા, જનતા જનાર્દનની ભક્તિદ્વારા, આત્મ-કલ્યાણની. આ માર્ગે જેટલાં શુદ્ધ સાધનોનો આગ્રહ વધુ એટલી જનકલ્યાણની સિદ્ધિ, મોડી વહેલી, પણ સદ્ધર, સુદૃઢ અને **સ્થાયી** સ્વરૂપની; એટલો આત્મકલ્યાણનો પંથ વધુ શુદ્ધ, વધુ ઉન્નત; એટલે સર્વોદય વધુ વ્યાપક, વધુ ચિરંજીવી.

વિનોબા માટે બધી રીતે કસોટી વધુ આકરી છે:

૧ વિનોબાએ ગાંધી–માર્ગનો અપ્પતરો અસાધારણ મોટો—સર્વોદયી સમાજ રચનાના–ધ્યેય માટે આરંભ્યો છે.

૨ વિનોબાને એક બાજુ, ગાંધીજી જેવી વિરલ વિભૂતિનો વિપુલ વારસો મળ્યો છે; તે જ રીતે ગાંધીજીના જમાનામાં જે હયાત જનજાગ્રતિ અને જનશક્તિ હતી, તેના જ આધાર પર, અને ગાંધીજીની પોતાની શક્તિ–મર્યાદા અનુસાર, સ્વરાજ્ય પ્રાપ્ત થઈ હતી. વિશિષ્ટ શક્તિની સાથોસાથ પરિસ્થિતિની કમજોરી પણ વિનોબાને વારસામાં મળેલી છે.

૩. ભારતનું આજનું ચિત્ર ભારતની આ કમજોરીની વાત પોકારી પોકારી જાહેર કરી રહી છેઃ પં. જવાહરલાલ નહેરું જેવી પ્રતિભાની છત્રછાયામાં સમાજવાદી સમાજ-રચનાના ધ્યેય પ્રતિ ભારતનું નવઘડતર આકાર લઈ રહ્યું હોવા છતાં, હજી સ્થાપિત હિતોની આર્થિક, રાજકીય અને વહીવટી તંત્રોમાં જે પ્રમાણમાં બોલબાલા ચાલી રહી છે, ભારતના અદના પ્રામાણિક ઈન્સાનની આજે ય હજી જે દીનહીન દશા પ્રવર્તી રહી છે—એ કોઈનાથી ય નજરઅંદાજ થઈ શકે એમ નથી. ઘડીભર તો, ડઘાઈ જવાય એવું આ ચિત્ર છે.

ગાંધીજીએ ભારતની સ્વાધીનતાનું સ્વપ્ન રજૂ કર્યું ત્યારે ય ઘણે અંશે, અને જ્યારે તેમણે અહિંસક શસ્ત્રો દ્વારા રાષ્ટ્રીય ક્રાંતિનો દૃઢ આગ્રહ સેવ્યો ત્યારે તો લગભગ સર્વાંશે એમને તરંગી, યુટોપિયન તરીકે નવાજવામાં આવ્યા હતા. અલબત્ત, જેઓ ભારતીય સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકા અને વિચારધારાથી ખૂબ જ વિમુખ હતા, અને ઉદ્દામ ક્રાંતિ વિજ્ઞાનની બાબતમાં પ્રણાલિકાગત જડ વલણ લઈ ચૂક્યા હતા, એવાં જૂથોએ તો તેમને શાહીવાદના પિઠુ અને મૂડીવાદના મળતિયા તરીકે જોયા; અને ભારતના દુર્ભાગ્યે ગાંધી–માર્ગ અને માકર્સ–માર્ગ વચ્ચેનો વિરોધ કાયમી રૂપ પકડી, પ્રગતિની આડે અંતરાયરૂપ બની રહ્યો.

વિનોબાએ આજે સર્વોદયનું જે ભગીરથ આરોહણ આરંભ્યું છે, તેની ય કેવળ પ્રણાલિકાગત જડ વલણથી જ (પછી તે માકર્સને નામે હો કે ખુદ ગાંધીને નામે) ચકાસણી કરવામાં આવે તો તે **કેવળ** તરંગી યુટોપિયન જ લાગવાનું.

માર્ક્સ ગાંધી સમન્વયનો યુગ

માકર્સે પોતાની પાછળ માકર્સવાદને નામે કેવો અંધ જડ ઉત્પાત થઈ શકે, એની કલ્પના કરીને જ તો કહ્યું હશે: **"એક વાત નક્કી છે કે હું માકર્સવાદી નથી...."**

અને ગાંધીજીએ ય અમસ્તું નહિ ઉચ્ચાર્યું હોય: "ગાંધીવાદ જેવી કોઈ ચીજ નથી; હું મારી પાછળ કોઈ સંપ્રદાય છોડી જવા ઇચ્છતો નથી."

માકર્સ–માર્ગે આર્થિક–રાજકીય-ઐતિહાસિક પરિવર્તન-ની દૃષ્ટિ અને ગાંધી–માર્ગે નૈતિક, સાંસ્કારિક ભારતીય ક્રાંતિ–ચિંતનની દૃષ્ટિ–બંનેએ જે વિશિષ્ટ દૃષ્ટિઓ અને શક્તિઓ આપી છે, બંનેએ પોતપોતાની રીતે જે સિદ્ધિઓ પ્રગટ કરી છે, એના સમન્વયનો યુગ પાકી ગયો છે. ભૌતિક પ્રગતિના પાયા ઉપર આધ્યાત્મિક નૈતિક વિકાસ; અને આધ્યાત્મિક નૈતિક વિકાસના જોરે ભૌતિક સિદ્ધિઓ –આજનો યુગ આવા સમન્વયનો યુગ છે.

વિનોબાની વિશેષતા એ છે કે, તેઓ પોતાની આગવી રીતે વિજ્ઞાન અને આત્મશક્તિનો સમન્વય સાધીને સર્વોદય આરોહણની સાધના કરી રહ્યા છે.

* અત્યંત લાક્ષણિક રીતે, ભારતીય તત્ત્વજ્ઞાનની આધ્યાત્મિક ભૂમિકા સાથે વર્તમાન ભૌતિક સામાજિક જીવનનો સમન્વય સાધવા તેઓ મથી રહ્યા છે. એથી જ તો, એમનું પ્રત્યેક સોપાન જેટલું ભૌતિક ચિંતનનું છે, એટલું જ આધ્યાત્મિક છે.

આપણામાંના અનેક જેઓ ઈશ્વર પ્રત્યેની ભક્તિપૂર્ણ આસ્તિકતાનો અને ધર્મ વિષેની શ્રદ્ધાપૂર્ણ આસક્તિનો દાવો કરી શકે એમ નથી (અથવા કરવા ઇચ્છતા ય નથી) એમને વિનોબાની સમસ્ત વિચારધારામાં સતત રીતે વણાઈ ગયેલો આ સ્રોત, પ્રથમ પરિચયે, નડતરરૂપ પણ લાગે...

પરંતુ, વિનોબા ભગવાન અને ધર્મશાસ્ત્રોનું પુનઃ પુનઃ સ્મરણ કરતા છતાં, અને ઘણીવાર આધ્યાત્મિકતાની ભાષામાં જ બોલતાલખતા હોવા છતાં, એક વાત નિશ્ચિત છે કે, ગાંધીજીની જેમ તેમની પ્રેરણા પણ ભારતના સર્વહારા-દરિદ્રનારાયણો પ્રત્યેની પ્રીતિમાંથી પ્રગટેલી છે; અને તે કરુણા-ની જ છે. અને તેમનું ચિંતન વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, બુદ્ધિ અને વિવેક (logic) ઉપર સ્થિત થયેલું છે. આથી જ તો તેમનો 'અથ' (આરંભ) અને 'ઇતિ' (અંત) —બંને ભૌતિક સહિતના સમસ્ત સામાજિક જીવન સાથે સંલગ્ન છે.

એથી જ તો, એમની પરિભાષા પ્રત્યેની આપણી અપરિચયતા (જો અને જેમને હોય તેમને માટે) દૂર થતી જાય તેમ તેમ, અને આપણા ચિત્તમાં, ભારતીય ઉકેલ માટેની ભારતીય ભૂમિકાનો આગ્રહ વધતો જાય તો, વિનોબાના ચિંતનમાં આપણને ઘણી બધી વૈજ્ઞાનિક દૃષ્ટિની પ્રતીતિ થયા વિના નહિ રહે.

નૂતન ક્રાંતિકારી તત્ત્વજ્ઞાન

માર્ક્સે, ૧૧૦ વર્ષ પૂર્વે, સામાજિક ક્રાંતિનું એક નવું જ વિજ્ઞાન રચ્યું, ત્યારે તેણે 'આઈડિયાલિસ્ટ' (વિચારવાદી) હેગલના 'દર્શન' (ફિલસૂફી)માંથી 'ડાયલેક્ટિકલ' પદ્ધતિ-નો બેઠો સ્વીકાર કરી લઈ, તેને 'મટિરિયાલિઝમ'ના પોતાના ચિંતન સાથે જોડી દઈ 'ડાયલેક્ટિકલ મટિરિયાલિઝમ'નું નૂતન ક્રાંતિકારી તત્ત્વજ્ઞાન પ્રગટાવ્યું હતું. એને કારણે તો સમસ્ત ઇતિહાસ અને વર્તમાનને સમજવાનું અને પલટવાનું કડીબદ્ધ ક્રાંતિ-વિજ્ઞાન શક્ય બન્યું હતું.

વિનોબા વેદો, ઉપનિષદો અને ગીતાના તથા ભક્તો અને જ્ઞાની સંતોના આખા વારસાને પચાવી લઈ, કળીકાળનું—બલ્કે આજના અતિ ઘોર વિસંવાદી ઔદ્યોગિક યુગનું ક્રાંતિ-વિજ્ઞાન સર્જવા મથી રહ્યા છે.

ભારતમાં ધર્મ-સંસ્થાઓ અને ધર્મગ્રંથો, ધર્મસૂત્રો અને ધર્મોપદેશોનો ઉપયોગ જુદે જુદે સમયે જુદા જુદા હેતુઓ માટે થયો હોઈ, તેમાં પ્રત્યાઘાતી તત્ત્વો પણ અવશ્ય રક્ષાયાં છે; એટલા જ માટે શું, એ તત્ત્વજ્ઞાન દ્વારા યુગે યુગે થયેલી માનવીય પ્રગતિનાં લક્ષણો પ્રત્યે આંખો બંધ કરવામાં વૈજ્ઞાનિકતા રહેલી ગણાશે?

યા એમાંનાં કેટલાંક તત્ત્વો આપણા આજના છિન્ન-વિચ્છિન્ન જીવનને એકતા અર્પવામાં, એકાંગી બની ઝૂકી ગયેલી આપણી સામાજિક તુલાની સમતુલા સ્થાપવામાં આવશ્યક જણાય તો શું તેનો ઉપયોગ અવૈજ્ઞાનિક લેખાશે?

વળી—

શું કોઈ એક જમાનામાં નક્કી થયેલાં સંઘર્ષનાં સ્વરૂપો (Forms of Struggle) બીજા યુગમાં તે ને તે રીતે કામ લાગ્યાં છે? અથવા તે સિવાયનાં બીજાં સ્વરૂપોનો સ્વીકાર વર્જ્ય ગણાયો છે?

ખુદ માર્ક્સના જમાનામાં ય શસ્ત્રોનો એક માત્ર ક્રાંતિ-શક્તિ તરીકે સ્વીકાર થયો ન હતો. ત્યારે ય, પાર્લામેન્ટ પદ્ધતિ (તેના અતિ મર્યાદિત સ્વરૂપમાં)નો સ્વીકાર હતો જ હતો; એટલું જ નહિ પણ, ઇન્ગ્લેન્ડ, અમેરિકા અને હોલેન્ડ જેવા દેશોમાં તો શાંતિપૂર્ણ માર્ગે ક્રાંતિ થવાની આગાહી (અલબત્ત શક્યતા જ) માર્ક્સે પોતે ૧૮૭૨માં આમ્સ્ટરડામમાં જાહેર સભામાં ઉચ્ચારી હતી.

અને લેનિને ય, ૧૯૧૭ની રશિયન ક્રાંતિ દરમ્યાન પણ (એપ્રિલ-જૂન દરમ્યાન) શાંતિમય ક્રાંતિની શક્યતા જોઈ હતી.

જો કે એ વાત સાચી છે કે, ૧૮૭૧ના પારિસકમ્યુન-ની નિષ્ફળ ક્રાંતિ પછી, તે ક્રાંતિ દરમ્યાનની ભૂલો અને કમજોરીઓનું પૃથક્કરણ કર્યા બાદ તથા દુશ્મન તાકાતોનું નિરીક્ષણ કર્યા બાદ, માર્ક્સ-એન્ગલ્સ બંને એવા મત તરફ વધુ ઢળ્યા હતા કે ક્રાંતિની સિદ્ધિ માટે હિંસક શસ્ત્રશક્તિ લગભગ અનિવાર્ય છે; અને ક્રાંતિ બાદ ક્રાંતિની રક્ષા માટે હિંસક દંડશક્તિ (રાજ્યશક્તિ) અનિવાર્ય છે. આ પછી, લેનિને 'સ્ટેટ એન્ડ રેવોલ્યુશન' દ્વારા 'ડિક્ટેટરશીપ ઑફ ધ પ્રોલિટારિયટ'ના વિચારને પરિપુષ્ટ સિદ્ધાંતરૂપે રજૂ કર્યો હતો.

આમ છતાં, માર્ક્સ-એન્ગલ્સ કે લેનિને શાંતિમય માર્ગે

ક્રાંતિની શક્યતાઓ જ્યારે જ્યારે જોઈ ત્યારે ત્યારે તેને આવકારી જ હતી.

એટલે, એમ કહેવું કે માકર્સવાદી ક્રાંતિ હિંસાનો જ આધાર લેવામાં માને છે, અને ગાંધીમાર્ગની ક્રાંતિ અહિંસાનો આધાર લેવાનો આગ્રહ રાખે છે; તથા આ બેની વચ્ચે કોઈ ભેદ હોય તો તે હિંસા-અહિંસાનો છે, તો તે અર્ધસત્ય છે.

માકર્સ-માર્ગ : ગાંધી-માર્ગ

માકર્સ-માર્ગ અને ગાંધી-માર્ગ બંને માર્ગો સર્વાંગી સામાજિક ક્રાંતિનું ધ્યેય ધરાવતા હોવા છતાં,- **માકર્સ-માર્ગની શ્રદ્ધા**, આગળ ઉપર જોઈ ગયા તેમ, એવી હતી કે:—

* એકવાર પ્રોલિટારિયટોને હસ્તક રાજકીય સત્તા આવી જતાં, બાકીનું બધું અનિવાર્ય રીતે પરિણમશે.

* માટે પ્રોલિટારિયટ-ક્રાંતિ સાધવામાં જ 'અથ' અને 'ઇતિ' રહેલાં છે.

* માટે એની સિદ્ધિ જે કોઈ માર્ગે, વહેલામાં વહેલી, શક્ય હોય તે માર્ગો અખત્યાર કરવા એ ઐતિહાસિક રીતે આવશ્યક છે, અને માનવીય આદર્શોની ત્વરિત સ્થાપના માટે અનિવાર્ય છે, માટે નૈતિક પણ છે.

ત્યારે **ગાંધી-માર્ગની શ્રદ્ધા** જુદી છે. તે એમ તો જરૂર માને છે કે,—

* જ્યાં લગી આર્થિક સમાનતાનો પાયો રચાશે નહિ અને શોષણમુક્ત સમાજરચના અસ્તિત્વમાં આવશે નહિ, ત્યાં લગી સામાજિક ન્યાય, અને નૈતિક આદર્શોનો અમલ કરવો શક્ય નથી.

* પરંતુ ગાંધી-માર્ગની શ્રદ્ધા તો એ છે કે **સ્થાયી** આર્થિક સમતુલાવાળો સમાજ 'એનકેન પ્રકારે' સ્થપાવો **શક્ય નથી.**

તે જ રીતે, શ્રમજીવીઓ-શોષિતો 'એનકેન પ્રકારે' રાજ્યસત્તા હસ્તગત કરી શોષણમુક્ત સમાજવ્યવસ્થા સ્થાપે (લાદે) તે યોગ્ય નથી; આખરી ધ્યેયની પ્રાપ્તિ એ રીતે શક્ય પણ નથી.

કેમકે-ગાંધી માર્ગની **શ્રદ્ધા** એવી છે કે,

* કેવળ આર્થિક રાજકીય સમાનતાવાળું રાજ્યતંત્ર પ્રાપ્ત કર્યા થકી જ ક્રાંતિનું કાર્ય નિષ્કલંક બની જતું નથી; અને તેની સ્થાયી સદ્ધરતાનું કર્તવ્ય પતી જતું નથી.'

બલ્કે, 'યેનકેન પ્રકારે' પ્રાપ્ત કરવામાં અને લાદવામાં આવેલી સમાજરચના બીજું ગમે તેવું પરિણામ લાવી શકતી હશે, પણ નવનૂતન માનવીય સમાજ સ્થાપવાનું તો તેને માટે **શક્ય જ નથી.**

* ક્રાંતિપૂર્વે અને ક્રાંતિદરમ્યાન નૈતિક ધોરણો સચવાશે નહિ તો ય, રાજ્યસત્તા તો જરૂર આવી શકશે; અને શ્રમજીવી વર્ગના હાથમાંય જરૂર આવી શકે; પરંતુ ક્રાંતિપૂર્વે અને ક્રાંતિદરમ્યાન અખત્યાર કરેલી ગેરનીતિઓ તેની સત્તાને વિકૃત બનાવ્યા વિનાં નહિ રહે—સામાજિક માનવીય ક્રાંતિનું આ અટલ સત્ય માકર્સના ખ્યાલ બહાર રહ્યું. માકર્સ એટલે અંશે તરંગી-સ્વપ્નસેવી રહી ગયો હતો ?

માકર્સે સામાજિક ક્રાંતિના વિજ્ઞાનને બીજાં જડ ભૌતિક વિજ્ઞાનોની **બરાબરીએ** મૂકી દઈ આર્થિક-રાજકીય ક્રાંતિના કાનૂનો તારવ્યાં હતાં; અને બાદ તેના અનુયાયીઓએ એ આર્થિક-રાજકીય પાસાંઓને જ ક્રાંતિનું **સર્વસ્વ** ગણી જે ઉપકાનૂનો રચ્યા તેનું તો આ પરિણામ નહિ હોય ?

જડ ભૌતિક વિજ્ઞાનના કાનૂનોથી ભિન્ન રીતે, કદીક સાવ વિરોધી રીતે, કામ કરી રહેલા માનવ-સમાજના પરિવર્તનના કાનૂનો ઉપર વિનોબા વેધક પ્રકાશ પાથરી રહ્યા છે.

આપણે શું એને અવિજ્ઞાન કહીશું ?

ક્રાંતિનાં ઉચ્ચાલન-બળો

આમ, વળી આપણે પરિવર્તનની ઉચ્ચાલન-શક્તિના સવાલ ઉપર આવી પહોંચીએ છીએ.

આજ પૂર્વેના ઇતિહાસનાં અનેક પરિવર્તનોનું પૃથક્કરણ કરતાં જણાય છે કે, જુદે જુદે યુગે જુદી જુદી 'ઉચ્ચાલન શક્તિઓ' કામ કરતી રહી છે.

આજ સુધીના ઇતિહાસમાં—

* શુદ્ધ શસ્ત્રશક્તિ (યુદ્ધો, બંડો સહિત) ઘણા મોટા પ્રમાણમાં કામ કરતી આવી છે. ઉપરાંત, દંડ, ભય, ભેદ અર્થ—તમામ શક્તિઓ કામ કરતી રહી છે. કોઈ

વખતે શસ્ત્ર (યુદ્ધ-બંડ)તો કોઈ વખતે દંડ (રાજ્ય) અને કોઈ વખતે બીજી શક્તિઓનું વર્ચસ્વ રહ્યું છે. પરંતુ આ ઉપરાંત યે, આ સમય દરમ્યાન, જો કોઈ શક્તિ એકધારું કામ કરતી રહી હોય તો તે વિચારશક્તિ છે. અલબત્ત આજ પૂર્વે કદી તે સર્વોપરી બની નથી. પરંતુ આજે આખા ઇતિહાસ પર દૃષ્ટિપાત કરતાં એક અવનવો વિસંવાદ નજરે ચઢે છે, જે નવી આશાને જન્માવે છે.

● જેમ જેમ સમાજ વિકસતો ગયો છે તેમ તેમ એક બાજુ, શસ્ત્રશક્તિનો વિસ્તાર થતો ગયો છે. દંડશક્તિ પણ તેની સાથે હાથ મિલાવી વિસ્તરી છે. પરંતુ તેમ તેમ પરિવર્તનનું તેનું (ખાસ કરી શસ્ત્રશક્તિનું) નિર્ણાયક બળ ઘટતું ગયું છે. જૂના જમાનામાં ન્યાય-અન્યાયનો ફેંસલો શસ્ત્ર-દંડના બળ પર વધુ આધાર રાખતો હતો, તે લોકશાહીના યુગમાં ઘણો બધો ઘટી ગયો છે.

● આજે તો એવી સ્થિતિએ સમાજ આવીને ઊભો છે કે, એક બાજુ અણુશસ્ત્રોની સર્વનાશી શક્તિનો પુંજ ખડકાયો છે; ત્યારે જ બીજી બાજુ, તેના ઉપયોગની શકયતા સાવ ઘટી ગઈ છે! 'કો-એક્ઝીસ્ટન્સ'-(સહજીવન)આજે અણુશસ્ત્રો ધારણ કરનારી સત્તાઓનું પોતાનું સૂત્ર બની ગયું છે!

ગુણાત્મક પરિવર્તન

આવડું જબરજસ્ત ગુણાત્મક પરિવર્તન શાને આભારી છે?

* આ પરિવર્તન સર્વનાશી શસ્ત્રોએ સત્તાઓ પર લાદેલું છે, એ નિઃશંક છે. જગતનું આ મહાન પરિવર્તન-બલ્કે, સર્વનાશની શક્તિ ધરાવનાર મહાસેનાઓનો આ શસ્ત્રત્યાગ— તેમણે પોતે જ પેદા કરેલી પરિસ્થિતિનું કાર્ય-કારણ-અનુસારી (લોજિકલ) પરિણામ છે!

ભય અને ત્રાસથી પેદા થયેલું આ પરિવર્તન છે, એટલા માટે એના ઉપર જ મુસ્તાક બની માનવજાત નિરાંતનો શ્વાસ લઈ શકે એમ નથી. પરંતુ ઇતિહાસના વિકાસનું રહસ્ય અહીં છુપાયેલું છે.

* યુગે યુગે પરિવર્તનના સંચાલક બળ તરીકે આગળ પડતો ભાગ ભજવનારી પ્રચંડ હિંસાશક્તિ આજે પીછેહઠ કરી ચૂકી છે; અને સહમંત્રણા, સહવિચાર દ્વારા, 'યુનો' અને 'પંચશીલ' દ્વારા સહજીવનને શકય બનાવવાના પ્રયાસો કારગત બની રહ્યા છે; ત્યારે વિચાર અને મંત્રણાની શક્તિ માટે અજબ શકયતાઓ ઊઘડી ચૂકી છે—એ સત્ય ક્રાંતિકારની નજર બહાર જઈ જ ન શકે.

અને છેલ્લા એક દાયકા દરમ્યાન ત્રીજા યુદ્ધ ભણી ધસી રહેલી, કવચિત્ એને આરે જઈ ઊભેલી દુનિયા સર્વનાશમાંથી ઊગરી શકી છે, એમાં વિચારનો ફાળો જેવો તેવો નથી. આજે તો હર ડગલે ને પગલે શસ્ત્રશક્તિ ઉપર વિચારની શક્તિ પોતાનો પ્રભાવ વિસ્તારી રહી છે. અલબત્ત, શસ્ત્રશક્તિએ **સંન્યાસ** લઈ લીધો છે, અને વિચાર શક્તિને એનું સ્થાન સોંપી દીધું છે, એવું નથી; પરંતુ એની શકયતા જાગી ચૂકી છે એ નિશ્ચિત છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણના ક્ષેત્રે આવી રહેલા મહાન પરિવર્તનનું પ્રતિબિંબ દેશદેશની રાષ્ટ્રીય નીતિમાં આછુંઆછું વર્તાય છે.

રશિયાની કમ્યુનિસ્ટ પાર્ટીની ૨૦મી કોંગ્રેસે ૧૯૫૬માં ઉચ્ચારી દીધું છે કે, હવેની નવી પરિસ્થિતિમાં, અનેક દેશો માટે, મૂડીવાદમાંથી સમાજવાદમાં પરિવર્તન માટે પાલમિન્ટરી અને શાંતિપૂર્ણ સાધનો શકય બન્યાં છે.

ભારતની કમ્યુનિસ્ટ પાર્ટીની અમૃતસર કોંગ્રેસનું એલાન અને પાર્લામેન્ટરી લોકશાહી પદ્ધતિએ જ કેરાલામાં કમ્યુનિસ્ટ સરકારનું આરોહણ—આ હકીકતો નાની દેખાવા છતાં, એનાં તમામ implicationsમાં વિચારતાં, અસાધારણ ગુણાત્મક પરિવર્તનની સૂચક છે.

યુગ-પ્રવર્તક વળાંક

* હિંસાની ગતિશીલતા સંકોચાઈ રહી છે, ને અ-હિંસા (હિંસા સિવાયનાં બળો)ની ગતિશીલતાનો વિસ્તાર વધી રહ્યો છે-આટલું તો નિશ્ચિત છે.

પરિવર્તનની ઉચ્ચાલન-શક્તિના ઇતિહાસમાં આ એક યુગપ્રવર્તક વળાંક છે.

કોઈ પણ ક્રાંતિકારી માટે સફળ યુદ્ધવ્યૂહનું સૂત્ર એ છે કે—

* પરિવર્તનની અસ્તગામી ઉચ્ચાલન-શક્તિનો ઉપયોગ છોડતા જઈ ઉદયોન્મુખ શક્તિ ઉપર ઝોક આપવો.

માર્કસે સમાજવાદી ક્રાંતિની ઉચ્ચાલન–શક્તિ તરીકે બહુ-સંખ્ય કિસાનોને શિર નહિ; પરંતુ અલ્પસંખ્ય શહેરી કામદાર –પ્રોલિટારિયટનું નેતૃત્વ (હેજીમની) પ્રબોધ્યું હતું તેની પાછળ આ જ સિદ્ધાંત છે. (મૂડીવાદમાં મધ્યમ વર્ગ, ખેડૂત સહિતનો ઘસાતો જાય છે, ગરીબ બનતો બનતો લગભગ સર્વહારા – 'નહીં' કંઈ ગુમાવવું, ફક્ત શૃંખલા બેડીઓ'–ની સ્થિતિમાં ફેંકાઈ જાય છે; ત્યારે કામદાર વર્ગ એક જ એવો છે જે મૂડીવાદના વધવા સાથે વધતો અને બલિષ્ઠ બનતો જાય છે; અને તેની પરિસ્થિતિને કારણે આખરી જંગ સુધી ટકી શકે છે.×)

* આજે હિંસા–શક્તિ, શસ્ત્ર–શક્તિ પીછેહઠ કરી રહી છે, પંચશીલ તથા સહઅસ્તિત્વની (વિચાર તથા અહિંસક સંગઠનની) શક્તિ આગળ વધી રહી છે, એ નિર્વિવાદ છે.

—અહિંસાની પ્રતિષ્ઠા એ યુગ–પુકાર છે.

—વિચારશક્તિનું આવાહન પરિસ્થિતિની જ માંગ છે.

–જે વિજ્ઞાન-શક્તિ આજ પૂર્વે હિંસા અને દંડશક્તિની પૂંઠે પૂંઠે ઘસડાઈ રહી હતી, તેની મુક્તિનો, અને સંહારશક્તિને સ્થાને સર્જકશક્તિ રૂપે તેનું રૂપાંતર થવાની ઘડીઓ ગાજી રહી છે.

—વિજ્ઞાન-શક્તિ અને વિચાર–શક્તિનું મિલન નવા યુગની એંધાણી છે. વિનોબા એના પુરસ્કર્તા છે.

૫

વ્યવહાર-ચિંતન

વિનોબાએ ક્રાંતિવિજ્ઞાનનો પહેલો કોઠો સિદ્ધાંત-ચિંતનનો વટાવી જઈ વ્યવહાર–ચિંતનમાં ય ઊંડું અવગાહન કર્યું છે.

યુગની આ માંગ વિનોબા કેવળ રજૂ કરી સંતૃપ્ત થયા નથી, (કેવળ રજૂ કરવું એ તો ઇતિહાસ નોંધનારનું કામ હોઈ શકે, ઇતિહાસ-સર્જક ક્રાંતિકારનું નહિ); આજે જેનો ઉદય થઈ ચૂક્યો છે, અને આવતી કાલે જેનો વિકાસ ઇતિહાસની આરસી પર વાંચી શકાય એવો લખાઈ ચૂક્યો છે, એ યુગને વિનોબા બબ્બે હાથોએ ઉમળકાપૂર્વક આવકારી રહ્યા છે; બલ્કે ભૂમિદાન, ગ્રામદાન, સંપત્તિદાન આદિ સ્વરૂપમાં સાકાર બનાવવા મથી રહ્યા છે.

મધ્યવર્તી વિચાર

આ બધા નાના દેખાતા કાર્યક્રમોમાં ય વિનોબાની દૃષ્ટિ સુધારાની નહિ, આમૂલ ક્રાંતિની જ છે.

–ભૂમિદાન, ગ્રામદાન, સંપત્તિદાનના કાર્યક્રમ દ્વારા વિનોબા અમૂલ સામાજિક પરિવર્તન કરવા માગે છે.

વિનોબા આ ક્રાંતિ–ચિંતન કેવળ આધ્યાત્મિક આદર્શ-વાદીની ભૂમિકા પરથી જ કરી રહ્યા છે તેવું નથી. વ્યવહાર--ચિંતન પણ તેમણે કરી લીધું છે.

એથી કરીને તો, ભૂદાન–આરોહણનાં અનેક સોપાનનો તેમણે સ્વીકાર કર્યો છે. અને આમજનતાને સ્વીકાર્ય ભૂમિકાથી કાર્યારંભ કરવાનું કૌશલ્ય તેમણે દાખવ્યું છે. સર્વોદયનું આવાહન વિરલ સંન્યાસીઓ માટે રહી ન જાય, પરંતુ સાધારણ દુન્યવી સંસારીજનો માટે શક્ય રહે તેની તેમણે પૂરતી કાળજી સેવી છે.

* 'સબ ભૂમિ ગોપાલકી' એ એમનું આરંભનું ક્રાંતિસૂત્ર છે. કેવળ ભારતમાં જ નહિ, એશિયા અને યુરોપના અનેક દેશોમાં ભૂમિ–સમસ્યા પાયાની સમસ્યા છે. વિનોબાએ ભારતની બુનિયાદી સમસ્યાને સ્પર્શીને અચ્છા ક્રાંતિકારની કાબેલિયત આરંભથી જ પ્રગટ કરી છે.

દાન નહિ યજ્ઞ

વળી 'ભૂદાન'ને 'યજ્ઞ'નું નામ આપી તેમણે 'દાન'નો દીનતા–ભીખ સાથેનો સંદર્ભ બદલી નાખ્યો છે. 'દાન'નો અર્થ જ તેમણે (અલબત્ત શાસ્ત્રાધારે) સંવિભાગ એટલે કે 'વહેંચીને ખાવું' એવો કર્યો છે; યજ્ઞનો અર્થ પણ એ જ છે. ભૂમિદાન=ભૂમિયજ્ઞ=નાનામોટા સૌએ વહેંચી-ને ભૂમિનો ઉપયોગ કરવો.

[પાન ૬૩૫ ઉપર]

[વિશ્વમાનવ : ઓક્ટોબર-નવેમ્બર '૫૮

× ચીનમાં માઓ ત્સે તુંગે કિસાનોનો ક્રાંતિના મુખ્ય બળ તરીકે સ્વીકાર કર્યો છે, પરંતુ હેજીમની-નેતૃત્વ તો કામદાર વર્ગની (કમ્યુનિસ્ટ પાર્ટી સૈદ્ધાંતિક રીતે કામદાર વર્ગની મોનોલિથિક પાર્ટી છે) જ હોવાનો સિદ્ધાંત સ્વીકારે છે.

પાયાની વિચારણા

પં. જવાહરલાલ નહેરુ

આપણી સામે ઘણી ગંભીર આંતરિક સમસ્યાઓ પડી છે. પરંતુ આ આંતરિક સમસ્યાઓની આપણે કેવળ વિચારણા કરવા માંડીએ કે તરત જ આપણે અનિવાર્ય રીતે વિચારણાના વિશાળ ક્ષેત્રમાં પ્રવેશીએ છીએ. આપણી પાસે થોડીય દૃષ્ટિની વિશદતા ન હોય, કંઈ નહિ તોય સ્પષ્ટતાપૂર્વક આપણી સમક્ષ ખડા થતા સવાલો આપણે જોઈ શકતા ન હોઈએ તો આજે, દુનિયા જે ગોટાળામાં ગુંચવાયેલી છે, તેમાંથી આપણે બહાર નીકળી શકવાના નથી. મારામાં આવા પ્રકારની કોઈ દૃષ્ટિની વિશદતા હોય કે મોટા ભાગના પ્રશ્નોનો હું કોઈ ઉકેલ જાણતો હોઉં એવો દેખાવ હું કરી ન શકું. અતિ નમ્રભાવે હું તો માત્ર એટલું જ કહી શકું કે આ બધા સવાલોનો હું સતત વિચાર કરી રહ્યો છું. એક રીતે તો હું એટલું જ કહું કે જેઓ આ સવાલો વિષે ચોક્કસ મત ધરાવે છે, અને એટલા માટે આજના સવાલોની ઊંડે સુધી જવા જેટલી તકલીફ લેતા નથી, તેમની હું ઈર્ષા કરું છું. કોઈ ધર્મ કે કોઈ વિચારસરણીના કારણે આ ભલે હોય પરંતુ મહાન સંક્રાંતિકાળની સાથોસાથ જે માનસિક સંઘર્ષો ઊભા થાય છે તેથી તેઓ વ્યથિત થતા નથી.

૨. જડ વિચારણા ધરાવવી અને સ્વયંસંતુષ્ટ બનવું એ ભલે સુગમ હોય, પરંતુ આ અવસ્થા કોઈ રીતે પ્રશંસનીય તો નથી જ, કારણ કે એ તો આપણને સ્થગિતતા અને સડા તરફ જ લઈ જાય છે. આજે માનવજીવનમાં જે ઝડપી પરિવર્તન થઈ રહ્યું છે તે જ આજની પાયાની હકીકત છે. મારી પોતાની જિંદગીમાં મેં નવાઈભર્યાં પરિવર્તનો નિહાળ્યાં છે અને આવતી પેઢીઓના જીવન દરમિયાન આથીય મોટાં પરિવર્તનો નીપજશે એની મને ખાતરી છે.

૩. આજે માનવીનું મન ભૌતિક દુનિયા પર ઉત્તરોત્તર વિજયો અને સમજણ સંપાદન કરી રહ્યું છે અને આ પ્રક્રિયા પૂર ઝડપે ચાલી રહેલી છે. આના કરતાં બીજી કોઈ ઘટના વિશેષ નોંધપાત્ર નથી. માનવીએ હવે કોઈપણ રીતે બાહ્ય ઘટનાનો બલિ રહેવાનું મહદ્ અંશે જરૂરી નથી. બાહ્ય ઘટના પર આ પ્રમાણે વિજય સંપાદન કરવામાં આવ્યો છે, ત્યારે બીજી બાજુ પર, નૈતિક તંતુ અને આત્મસંયમના અભાવની વિચિત્ર ઘટના નિહાળીએ છીએ. ભૌતિક દુનિયા પર વિજય મેળવનાર માનવી, પોતાને જીતવામાં નિષ્ફળ જતો દેખાય છે.

૪. આજના પરમાણુ અને સ્પુટનિક યુગનો આ કરુણ વિસંવાદ છે. અત્યારના અને ભવિષ્યના સમય માટે અણ્વાસ્ત્રોના પ્રયોગો ખતરનાક છે, એ બાબત સર્વ સ્વીકૃત હોવા છતાં, આ પ્રયોગો ચાલુ રહેવા પામ્યા છે; સામુહિક વિધ્વંસનાં શસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવે તો માનવજાતનું નિકંદન નીકળી જાય એમ સૌ જાણે છે છતાં, આવાં શસ્ત્રોનું ઉત્પાદન ચાલુ રહેવા પામ્યું છે અને તેના ગંજાવર ઢગલા ખડકાયે જાય છે. આ બેઉ હકીકત આપણી સમક્ષ ચોંકાવનારી સ્પષ્ટતાપૂર્વકનો વિસંવાદ ખડો કરે છે. માનવજાતનો મોટો વિશાળ ભાગ સમજી શકે તેના કરતાં પણ વિશેષ ઝડપથી વિજ્ઞાન આગેકૂચ કરી રહ્યું છે, અને તે આપણી સામે એવા સવાલો ખડા કરે છે જેને આપણે સમજી શકતા નથી અને તેથી ઓછા તેનો ઉકેલ કરી શકીએ તેમ છીએ. આજ તો આપણા સમયનો આંતરિક સંઘર્ષ અને ઝંઝાવાત છે! એક તરફ વિજ્ઞાન અને ટેકનોલોજી અને તેમાંથી નિપજતાં બહુવિધ પરિણામોમાંની મહાન અને આંજી દેનારી પ્રગતિ છે, ત્યારે બીજી બાજુ પર ખુદ સંસ્કૃતિ કોઈક પ્રકારનો માનસિક થાક અનુભવી રહેલી જણાય છે.

૫. ધર્મ બૌદ્ધિક સમજની સાથે ઘર્ષણમાં આવે છે. ધર્મ અને સામાજિક રૂઢિ અને પરંપરાની શિસ્ત બીજી નૈતિક અને આધ્યાત્મિક શિસ્તને સ્થાન સોંપ્યા વિના અદૃશ્ય

થઈ રહ્યાં છે. જે રીતે ધર્મ આચારમાં પળાય છે, તે રીતે તે એવા પ્રશ્નોનો સ્પર્શ કરે છે, જે આપણા નિત્યના જીવનની સાથે મુદ્દલે સંકળાયેલા નથી હોતા અને આપણામાં એક એકદંડીઆ મહેલમાં વસનારની વૃત્તિ નિપજાવે છે; અથવા તો તે એવી સામાજિક પરંપરાની સાથે સંકળાયેલો છે, જેનો આજના યુગના જીવનની સાથે મેળ બેસતો નથી. બીજી બાજુ પર બૌદ્ધિક સમજણ એના સૌ સદ્‌ગુણો સમેત અંદરનાં હાર્દને ખુલ્લું કર્યા વિના કેવળ વસ્તુસ્થિતિની બાહ્ય સપાટીને જ સ્પર્શે છે. વિજ્ઞાન આજે એવા તબક્કા પર આવી પહોંચ્યું છે જ્યારે તેની સમક્ષ વિશાળ શક્યતા અને ગહન રહસ્યો તોળાઈ રહેલાં છે. ભૌતિક પદાર્થ (મેટર), શક્તિ અને આધ્યાત્મિક બાબતોનાં વર્તુળો પરસ્પરને સ્પર્શતાં જણાય છે.

૬. આદિકાળમાં જીવન સરળ હતું અને કુદરતની સાથે વધુ સંકળાયેલું હતું. આજે તો એ વિચાર કરવા માટે કે સવાલ કરવા માટે ક્ષણેક પણ થંભ્યા વિના તે વધુ ને વધુ પ્રમાણમાં જટિલ બની રહ્યું છે અને પૂર ઝડપે ધસમસતું આગેકૂચ કરી રહ્યું છે. વૈજ્ઞાનિક વિકાસે બળ અને શક્તિનો એટલો બધો ફાજલ પુરવઠો નિપજાવ્યો છે કે તેનો અનેકવાર ખોટા હેતુ માટે ઉપયોગ થઈ રહ્યો છે.

૭. જીવનનું રહસ્ય શું? યુગોના યુગો થયાં આ આદિ સવાલ માનવીની સામે ખડો થયા કર્યો છે. આજે પણ આ આદિ સવાલ આપણી સામે આવી ઊભો છે.

શ્રદ્ધાનો જૂનો યુગ આજના સવાલોના જવાબ આપી ન શકે ત્યાં સુધી એ પૂરતો નથી જણાતો. પરિવર્તનશીલ દુનિયામાં આ પરિવર્તનો અને બનાવોની સાથે જીવને સતત મેળ ખવડાવતા રહેવું જોઈએ. આ પ્રમાણે મેળ બેસાડાતો નથી, માટે જ તેમાંથી સંઘર્ષ ઊભો થાય છે.

૮. પુરાણી સભ્યતાઓ, તેના અનેક સદ્‌ગુણો છતાં, દેખીતી રીતે અપૂરતી સાબિત થઈ છે અને અર્વાચીન પાશ્ચિમાત્ય સંસ્કૃતિ પણ તેની ફત્તેહો, સિદ્ધિઓ અને પરમાણુ બોમ્બ સમેત અપૂરતી જણાય છે; અને એટલા માટે જ એવું સતત લાગ્યા કરે છે કે આપણી સંસ્કૃતિમાં ક્યાંક કંઈક દોષ રહેલો છે. તત્ત્વતઃ તો આપણા સવાલો ખુદ સંસ્કૃતિના પોતાના જ સવાલો છે. ધર્મે આપણને અમુક ચોક્કસ પ્રકારની નૈતિક અને આધ્યાત્મિક શિસ્ત આપી હતી; વળી તેણે વહેમ અને સામાજિક રુઢિ રિવાજો વડે ધર્મ[…] સાચા આત્માને ગુંગળાવી માર્યો હતો. આના પરિણામે આપ[…] જે ભ્રાંતિ સેવતા હતા તે નષ્ટ થઈ ગઈ. આમ ભ્રાંતિ નષ્ટ થ[…] તેની પછવાડે સામ્યવાદ આવે છે અને એક પ્રકારની શ્રદ્ધ[…] અને શિસ્ત આપણને બક્ષે છે. કંઈક અંશે એ નષ્ટ થયે[…] ભ્રાંતિ તેની ખાલી પડેલી જગા પૂરે છે. માણસના જીવન[…] કંઈક હેતુ બક્ષવા. છતાં થોડે અંશે તેની જડતાના કારણે પણ તેથીયે વિશેષે કરીને, માનવસ્વભાવની કેટલીક મહત્ત્વની આવશ્યકતાઓ તરફ દુર્લક્ષ કરવાના કારણે તે નિષ્ફળ જાય છે. સામ્યવાદ, મૂડીવાદી સમાજના વિસંવાદ વિષે ઘણું કહે છે અને તેના કથનમાં સત્ય પણ છે.

પરંતુ ખુદ સામ્યવાદના જડ ચોકઠામાંય આપણે વિસંવાદ ભાળીએ છીએ. વ્યક્તિસ્વાતંત્ર્ય પરનું તેનું દમન, જબરા અત્યાઘાતો જન્માવે છે. આપણે જેને જીવનનું નૈતિક અને આધ્યાત્મિક અંગ કહીએ છીએ, તેના તરફ તે જે ઘૃણા દર્શાવે છે, તે માનવીમાં રહેલી પાયાની બાબતની કેવળ ઉપેક્ષા જ કરતું નથી પરંતુ તેથીય વિશેષ માનવીના જીવન-વ્યવહારને ચોક્કસ પ્રમાણ અને મૂલ્યોથી વંચિત બનાવે છે. દુર્ભાગ્યે તે હિંસાની સાથે સંકળાયેલો હોઈ માનવીમાંનાં કેટલાંક અનિષ્ટ વલણને ઉત્તેજે છે.

૯. સોવિયેત સંઘની અનેક સિદ્ધિ માટે મને ખૂબ જ આદર છે. તેની આ મહાન સિદ્ધિઓમાં બાળક અને સામાન્ય માનવીને જે મહત્ત્વ આપવામાં આવેલું છે તેનો સમાવેશ થાય છે. શિક્ષણ અને જાહેર આરોગ્યની તેની વ્યવસ્થા, સંભવતઃ દુનિયામાં શ્રેષ્ઠ છે. પરંતુ સાચી રીતે જણાવવામાં આવે છે કે ત્યાં વ્યક્તિસ્વાતંત્ર્યનું દમન કરવામાં આવે છે. આમ છતાં અનેક પ્રકારનું ત્યાં જે શિક્ષણ વ્યાપ્ત થવા લાગ્યું છે, તે ખુદ જ મુક્તિની એવી પ્રચંડ શક્તિ નિર્માણ કરે છે, જે વ્યક્તિસ્વાતંત્ર્ય પરના અંકુશને નભાવી નહિ લે. આ વળી એક બીજો વિસંવાદ થયો. દુર્ભાગ્યે સામ્યવાદ હિંસાની જરૂરિયાતની સાથે એટલો બધો સંકળાઈ ગયો છે કે આથી તેણે દુનિયા સમક્ષ રજુ કરેલો આદર્શ કલુષિત બનવા પામ્યો છે. સાધન સિદ્ધિને વિકૃત કરે છે. અહીં આપણે ખોટાં સાધનો અને પદ્ધતિની કેવી ખરાબ અસર નિપજે છે તે જોઈએ છીએ.

૧૦. સામ્યવાદનો આક્ષેપ છે કે સમાજનું મૂડીવાદી

માળખું હિંસા અને વર્ગવિગ્રહ પર આધાર રાખે છે. મૂડીવાદી માળખું, લોકશાહી અને બીજા પ્રકારની લડતો અને અસમાનતાઓના કારણે પરિવર્તન પામ્યું છે અને પરિવર્તન પામી રહ્યું છે, આમ છતાં તેના વિષેનું સામ્યવાદી કથન તત્ત્વતઃ સાચું છે. આ માળખાને કેવી રીતે દૂર કરવું અને સૌ માટે સમાન તકોનું નિર્માણ કરી વર્ગવિહીન સમાજની કેવી રીતે રચના કરવી એ આજનો સવાલ છે. હિંસા દ્વારા શું આ સિદ્ધ કરાશે કે શાંતિભર્યા માર્ગો દ્વારા? આપણે આ લક્ષ્ય સુધી પહોંચવાનું શક્ય બનશે? સામ્યવાદે હિંસક પદ્ધતિની સાથે ચોક્કસ રીતે હાથ મિલાવ્યા છે. સાધારણ રીતે તે શારીરિક રીતે હિંસાનો આશરો ન લે તો પણ તે હિંસાની ભાષામાં બોલે છે, તે હિંસાની રીતે વિચારે છે અને તે જે પરિવર્તન આણવા માગે છે તે પરિવર્તન સામાને સમજાવી, શાંતિભર્યા લોકશાહી આગ્રહો દ્વારા નહિ પરંતુ બળજબરી, વિનાશ અને નિકંદન દ્વારા આણે છે. ફાસીવાદમાં ખરાબમાં ખરાબ સ્વરૂપમાં હિંસાનાં તથા નિકંદનનાં આ સઘળાં અંગો જોવામાં આવે છે, જ્યારે તેની પાસે કોઈ આદર્શ નથી.

૧૧. ગાંધીજીએ આપણને જે શાંતિમય માર્ગ બતાવ્યો છે તેનો આ તદ્દન વિરોધી છે. સામ્યવાદીઓ અને તેમના વિરોધીઓ એમ બન્ને એવું વિચારતા જણાય છે કે હિંસાની વાણી દ્વારા જ આદર્શનો બચાવ થઈ શકે અને જેઓ પોતાની આ વાતનો સ્વીકાર કરતા નથી તેમનો તિરસ્કાર કરવો જોઈએ. આ બેને મન માત્ર બે જ રંગ છેઃ સફેદ અથવા કાળો. એ બેની વચ્ચે રહેલી રંગોની ઈતર છાયા તેમને માન્ય નથી. આ તો થયો કેટલીક ધર્માંધતાનો જૂનો પુરાણો માર્ગ. બીજાઓ પણ સત્યનો કંઈક અંશ ધરાવી રહેલા છે એવી માન્યતાવાળો સહિષ્ણુતાનો એ માર્ગ નથી. આ માર્ગ ધર્મના ક્ષેત્રમાં સ્વીકારવામાં આવતો હોય કે આર્થિક સિદ્ધાન્તો કે અન્ય માટે ઉપયોગમાં લેવામાં આવતો હોય, પણ મને તો એ સદંતર રીતે, અવૈજ્ઞાનિક અને અસંસ્કારી લાગે છે. સમાજમાંની ધાર્મિક માન્યતાને બાજુએ રહેવા દો તો તેમાં રહેલી પુરાણી સહિષ્ણુતાને હું પસંદ કરું. આ અંગે આપણે ગમે તે વિચારતા હોઈએ પરંતુ, અર્વાચીન દુનિયામાં આજે આપણે એવી કક્ષાએ આવી પહોંચ્યાં છીએ જ્યારે પ્રજાના વિશાળ સમૂહો ઉપર બળપૂર્વક વિચારોને ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરવામાં આવે, તો તે જરૂર અંતે નિષ્ફળ જાય જ. આજના સંજોગોમાં તો આમાંથી યુદ્ધ જ અને પારાવાર ખાનાખરાબી નિપજે. આમાં ક્યાંય વિજય તો દેખાશે જ નહિ પરંતુ સૌને માટે પરાજય જ નિપજશે. છેલ્લાં એકાદ બે વરસમાં આપણે એ પણ જોયું કે તાજેતરમાં સ્વતંત્ર બનેલા દેશોમાં મોટી સત્તાઓ પણ ફરીથી સાંસ્થાનિક અંકુશ લાદી શકતી નથી. આનું દૃષ્ટાંત ૧૯૫૬ના સૂએઝના બનાવમાં મળી રહે છે. હંગેરીમાં પણ જે કંઈ બની ગયું તેણે આપણને બતાવી આપ્યું કે વિચારસરણી કરતાં પણ રાષ્ટ્રીય આઝાદી માટેની તમન્ના બળવત્તર છે અને આ તમન્નાને આખરે દબાવી દઈ શકાય તેમ નથી. હંગેરીમાં જે કંઈ બની ગયું છે, તે કંઈ સામ્યવાદ અને તેનાં વિરોધી તત્ત્વો વચ્ચેનું કોઈ ઘર્ષણ ન હતું. એ તો પરદેશી અંકુશ હેઠળથી મુક્ત થવા માગતા રાષ્ટ્રવાદનું એક લક્ષણ હતું.

૧૨. હિંસા ખૂબ જ ભયાનક અને સંહારક બની હોઈ તે આજે કોઈપણ મોટા સવાલોનો નિકાલ લાવી શકે તેમ નથી. વ્યવહારુ પરિસ્થિતિએ આ સવાલનો નૈતિક રીતે નિવેડો આણવાનું વધારે દૃઢ બનાવ્યું છે.

૧૩. આપણે જે સમાજનું નિર્માણ કરવાનું લક્ષ્ય રાખીએ છીએ તે સમાજની સ્થાપના, મોટા પાયા પરની હિંસા દ્વારા કરી શકતા ન હોઈએ તો તે શું થોડી હિંસા આચરવાથી શક્ય બનશે? આ પણ મુદ્દલે શક્ય નથી. એનું એક કારણ એ છે કે, આ નાના પાયા પરની હિંસા મોટા પાયા પરની હિંસા તરફ આપણને ઘસડી લઈ જાય છે. અને બીજું કારણ એ છે કે, એના પરિણામે ઝગડા અને વેરવિખેરનું વાતાવરણ સર્જાશે. ઝઘડામાંથી સમાજમાં પ્રાગતિક બળો ફત્તેહ મેળવશે એમ વિચારવું પણ બેહૂદું છે. જર્મનીમાં સામ્યવાદીપક્ષ અને સોશિયલ ડેમોક્રેટિક પક્ષ એમ બેઉ પક્ષો હિટલર દ્વારા ફગોળાઈ ગયા હતા. બરાબર આ જ વસ્તુ બીજા દેશોમાં પણ બનવા પામે. હિંસાના ગર્ભમાં વિનાશક તત્ત્વો રહેલાં હોઈ, ભારતમાં હિંસાની વાત પણ ભયાવહ નીવડે. આપણે ત્યાં અંદર અંદર ઝઘડતાં એટલાં બધાં તત્ત્વો છે કે, આપણે કોઈ પ્રકારનું જોખમ ખેડી શકીએ તેમ નથી. પણ પ્રમાણમાં તો આ બધી બાબતો ગૌણ છે. ખોટાં સાધનો આપણને સાચી સિદ્ધિ તરફ લઈ જશે નહિ; આ કંઈ કોઈ નૈતિક સિદ્ધાન્ત નથી પણ એક વ્યવહારુ બાબત છે. આ વાત જ આપણો પાયાનો સવાલ છે એમ હું માનું છું.

૧૪. આ સામાન્ય ભૂમિકાની અને ખાસ કરીને ભારતમાંની પરિસ્થિતિની આપણે ચર્ચા કરીએ છીએ. ઘણીવાર કહેવામાં આવે છે કે ભારતમાં નિષ્ફળતા અને નિરાશાની લાગણી વ્યાપી છે અને જ્યારે ઉત્સાહ અને સખ્ત પરિશ્રમની ખાસ કરીને જરૂર છે ત્યારે, અસલની ચપળતા જોવામાં આવતી નથી. આ કેવળ આપણા દેશમાં જ જોવામાં આવે છે એવું નથી. કંઈક અંશે આખી દુનિયાને આવરતી આ ઘટના છે. આપણા એક જૂના અને નિષ્ઠાવાન સાથીદારે (સંપૂર્ણાનંદે) કહ્યું છે: જીવનનું કોઈ તત્ત્વજ્ઞાન આપણી પાસે નહિ હોવાના પરિણામે આ ઘટના બનવા પામી છે અને દુનિયા પણ આવા આધ્યાત્મિક વલણના અભાવના કારણે પિડાય છે. દેશમાં ભૌતિક સમૃદ્ધિ વધારવાની લાહ્યમાં આપણે માનવ સ્વભાવમાં રહેલા આધ્યાત્મિક તત્ત્વ તરફ લક્ષ આપ્યું નથી: આથી વ્યક્તિ અને રાષ્ટ્ર સમક્ષ જીવવાને માટે અને જરૂર પડે તો મરી ફિટવાને માટે કંઈક આદર્શ રજૂ કરવા માટે આપણે; જીવનની કોઈક ફિલસૂફીને પુનર્જાગ્રત કરવી પડશે અને વિશાળ અર્થમાં આપણી વિચારસરણીને આધ્યાત્મિક ભૂમિકા આપવી પડશે. આપણે કલ્યાણરાજ્ય, લોકશાહી અને સમાજવાદની વાતો કરીએ છીએ. આ બધા સુંદર વિચારો છે. પરંતુ તેમાંથી સુસ્પષ્ટ અને ચોક્કસ અર્થ ફલિત થતો નથી. આ તો એક દલીલ રૂપે હતું અને ત્યારબાદ આપણું અંતિમ લક્ષ્ય શું હોય એ સવાલ ઊભો થયો. લોકશાહી અને સમાજવાદ એ તો સિદ્ધિપ્રાપ્તિનાં સાધનો છે. પોતે સિદ્ધિ નથી. આપણે સમાજના કલ્યાણની વાતો કરીએ છીએ. આ શું એવી ચીજ છે જે, સમાજ જેનો બનેલો છે, તે વ્યક્તિઓથી પર હોઈ શકે ? જેને સમાજનું કલ્યાણ ગણવામાં આવે છે તેને ફાળે જો વ્યક્તિની અવગણના કરી તેનો ભોગ આપવામાં આવે તો એ શું ઇચ્છનીય લક્ષ્ય કહી શકાય ?

૧૫. એ તો સ્વીકારી લેવામાં આવતું હતું કે વ્યક્તિનો આ રીતે ભોગ અપાવો ન જોઈએ અને વ્યક્તિ કોઈ ચોક્કસ પસંદ કરેલ સમૂહની ન હોય પણ સમસ્ત સમાજના એક અંતર્ગત ભાગ રૂપે હોય, તો તેને વિકાસની તક આપવામાં આવે ત્યારે જ સાચી સામાજિક પ્રગતિ શક્ય બને છે. આથી કેટલેક અંશે વ્યક્તિને નજીવા સ્વાર્થથી પર કરી શકવામાં અને સૌના કલ્યાણની રીતે તેને વિચારતી કરવામાં રાજકીય કે સામાજિક સિદ્ધાંત મદદરૂપ થાય છે. તેમાં જ તેની સાચી કસોટી રહેલી છે. જીવનનો નિયમ હરીફાઈ કે સંગ્રહવૃત્તિ નહિ પરંતુ સહકાર છે. પ્રત્યેક વ્યક્તિનું કલ્યાણ સૌના કલ્યાણમાં સમાઈ જવું જોઈએ. આવા સમાજમાં ફરજ તરફ, નહિ કે અધિકાર તરફ લક્ષ આપવામાં આવશે, ફરજ બજાવવાના પરિણામે અધિકાર આપમેળે પ્રાપ્ત થશે. આપણે શિક્ષણને નવો વળાંક આપવાનો છે અને નવા પ્રકારનો માનવ સમાજ ઘડવાનો છે.

૧૬. આ રીતે વિચારતાં આપણે અચૂક રીતે વેદાંતની કલ્પના તરફ જઈએ છીએ. એ અનુસાર પ્રત્યેક જડ અને ચેતન વસ્તુ એક પૂર્ણ ચૈતન્યમાં સમાયેલી છે. પ્રત્યેક વસ્તુમાં ચૈતન્યનો અંશ અથવા મૂળભૂત શક્તિ અથવા સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત જીવનશક્તિ રહેલી છે. આ પ્રમાણે વિચારતાં આપણે આધ્યાત્મના ક્ષેત્રમાં પ્રવેશીએ છીએ અને આપણી સામે પડેલા જીવનના સવાલોથી આપણે દૂર ધકેલાઈ જઈએ છીએ. મને લાગે છે કે કોઈ પણ વિચારધારાનું આપણે યોગ્ય રીતે અનુશીલન કરીએ તો તે આપણને કેટલેક અંશે આધ્યાત્મ તરફ લઈ જશે. આજે ખુદ વિજ્ઞાન પણ લગભગ એવી કક્ષાએ આવી પહોંચ્યું છે જ્યારે, એની સમક્ષ એવા કેટલાક સવાલો આવી પડ્યા છે, જેની સાધારણ પ્રકારે વિચારણા શક્ય ન બને. આ બધી આધ્યાત્મિક બાબતો હું અત્યારે ચર્ચવા ઇચ્છતો નથી. પરંતુ ખુદ આ દલીલ, આપણું મગજ ભૌતિક દુનિયાના પાયામાં રહેલા કોઈ તત્ત્વની ખોજ કરી રહ્યાનું દર્શાવે છે. જીવનની આ સર્વવ્યાપ્ત કલ્પનાનો આપણે સ્વીકાર કરીએ તો તે આપણને જાતિ, કોમ અને વર્ગની સંકુચિતતાનો ત્યાગ કરવામાં સહાયભૂત બનશે અને આપણને વધુ સહિષ્ણુ અને જીવનના સવાલોનો ઉકેલ લાવવામાં સમજુ બનાવવામાં મદદરૂપ બનશે.

૧૭. પરંતુ આ આમાંના કોઈપણ સવાલનો ઉકેલ લાવતો નથી અને એક અર્થમાં તો આપણે ઠેરના ઠેર જ રહીએ છીએ. ભારતમાં આપણે સમાજવાદ અને કલ્યાણરાજની વાતો કરીએ છીએ. એક અર્થમાં તો પ્રત્યેક દેશ, ભલેને તે મૂડીવાદી હોય કે સમાજવાદી કે સામ્યવાદી હોય, પરંતુ તે કલ્યાણરાજના આદર્શનો સ્વીકાર કરે છે. થોડાક દેશોમાં મૂડીવાદે મોટાભાગે આ સહિયારું કલ્યાણ સિદ્ધ કર્યું છે. જો કે, તેણે તેના પોતાના સવાલોનો નિવેડો આણ્યો નથી અને તેનામાં કંઈક જીવન્ત વસ્તુનો મૂળભૂત અભાવ છે.

મૂડીવાદની સાથે હાથ મિલાવેલી લોકશાહીએ નિ:શંક રીતે મૂડીવાદનાં કેટલાંક અનિષ્ટોની ધાર બુઠ્ઠી બનાવી છે અને વસ્તુતઃ એક કે બે પેઢીઓ પહેલાં તે જે પ્રકારનો હતો તેવો તે રહેવા પામ્યો નથી. ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશોમાં સતત અને ઉત્તરોત્તર રીતે આગે બઢતો આર્થિક વિકાસ શક્ય બન્યો છે. આ અતિ આગળ વધેલા ઔદ્યોગિક દેશોમાં વિશ્વ વિગ્રહોની વિનાશકતાએ આ વલણને અટકાવ્યું નથી અને ઓછેવત્તે અંશે આ વિકાસ સૌ વર્ગોમાં ફેલાયેલો છે. પરંતુ ઔદ્યોગિક રીતે આગળ ન હોય તેવા દેશોમાં આ શક્ય બનવા પામ્યું નથી. ખરેખર આવા દેશોમાં વિકાસ માટેનો પ્રયત્ન ખૂબજ મુશ્કેલ નીવડે છે અને ઘણીવાર આવી ભારે જહેમતો ઉઠાવવા છતાં, આર્થિક અસમાનતાઓ ચાલુ રહેવા પામે છે. એટલું જ નહિ પરંતુ તે વધુ વણસે છે. સાધારણ રીતે જોતાં એમ કહી શકાય કે, દેશમાં કામ કરતાં બળોનું નિયમન કરવામાં ન આવે તો તેના પરિણામે પૈસાપાત્ર વધુ પૈસાપાત્ર બને છે, જ્યારે ગરીબો વધુ ગરીબ થાય છે અને પરિણામે આ બે વર્ગ વચ્ચેનું અંતર વધુ મોટું થતું જાય છે. આ બાબત દેશોને અને એક જ દેશના સમૂહો, પ્રદેશો અને વર્ગોને પણ લાગુ પડે છે. આ સાધારણ વલણ પર લોકશાહીની વિવિધ પ્રક્રિયાઓ અંતરાય નાખે છે. આથી, મૂડીવાદમાં તેના મૂળ અંશો જળવાઈ રહેલા હોવા છતાં કંઈક સમાજવાદી તત્ત્વો વિકસવા પામ્યાં છે.

૧૮. અલબત્ત સમાજવાદ સાધારણ પ્રકારની પ્રક્રિયામાં વિચારપૂર્વક હસ્તક્ષેપ કરે છે અને આમ કરીને તે ઉત્પાદક બળોમાં ઉમેરો કરે છે, એટલું જ નહિ પરંતુ અસમાનતાનું પ્રમાણ ઓછું કરે છે. પરંતુ સમાજવાદ શું છે, આનો ચોક્કસ અર્થ આપવાનું મુશ્કેલ છે. તેની અસંખ્ય વ્યાખ્યાઓ દર્શાવવામાં આવી છે. કેટલાક લોકોને મન સમાજવાદ એવી કોઈ અસ્પષ્ટ ઝાંખી કલ્પના રૂપે છે. જે તેમને મન કલ્યાણકારક અને અસમાનતા દૂર કરનાર લાગે છે. પણ આ કલ્પના આપણને આગળ વધવામાં મદદરૂપ નીવડતી નથી. સમાજવાદ મૂડીવાદ કરતાં મૂળભૂત રીતે જુદા જ પ્રકારનો ઉકેલ દર્શાવે છે. જો કે, મને લાગે છે કે બન્ને વચ્ચેનું અંતર ઘટવા લાગેલ છે. કારણ કે સમાજવાદમાં રહેલી કેટલીક કલ્પનો મૂડીવાદી માળખામાં સમાવી લેવામાં આવી છે. સમાજવાદ આખરે તો કેવળ એક પ્રકારની જીવનરીતિ જ નથી, પરંતુ તે સામાજિક અને આર્થિક સવાલોનો વૈજ્ઞાનિક ઉકેલ પણ દર્શાવે છે. પછાત અને અવિકસિત દેશમાં સમાજવાદ દાખલ કરવામાં આવે, તો તેથી એ તેને એકાએક ઓછો પછાત બનાવી દેતો નથી. સાચી હકીકત તો એ છે કે એથી આપણી સામે પછાત અને ગરીબ સમાજવાદ રજૂ થાય છે.

૧૯. દુર્ભાગ્યે સામ્યવાદનાં ઘણાં રાજકીય અંગોએ સમાજવાદની આપણી કલ્પનાને કલુષિત બનાવી છે. ઉપરાંત સામ્યવાદે લડતની જે ટેકનિક ઉપજાવી છે, તેણે હિંસાને અગ્રસ્થાને મૂકી છે. આથી સમાજવાદનો વિચાર આપણે આવાં રાજકીય તત્ત્વો અને હિંસાની અનિવાર્યતાથી અલગ રીતે કરવો જોઈએ. કોઈપણ સમાજનું સાધારણ સામાજિક, રાજકીય અને બૌદ્ધિક જીવન તેનાં ઉત્પાદક સાધનોથી ઘડાય છે, અને જેમજેમ આ ઉત્પાદક સાધનોમાં પરિવર્તન આવે છે. તેમતેમ સમાજના જીવન અને વિચારપ્રવાહમાં પણ પરિવર્તન આવે છે.

૨૦. સામ્રાજ્યવાદે તથા સંસ્થાનવાદે પ્રાગતિક સામાજિક બળોને કચડી નાખ્યાં હતાં અને હજુ ય તે કચડે છે અને અનિવાર્ય રીતે તે કેટલાક સત્તાધારી સમૂહો અને વર્ગોની સાથે હાથ મિલાવે છે કારણ કે, પ્રવર્તમાન સામાજિક અને આર્થિક અવસ્થાને ચાલુ રાખવામાં તે હિત ધરાવે છે. કોઈ એક દેશ માટે સ્વતંત્ર બન્યા પછી પણ બીજા દેશો પર આર્થિક રીતે આધાર રાખવાનું બને. આ અવસ્થાને ગાઢ સાંસ્કારિક અને આર્થિક સંબંધોનું ગોળ ગોળ બિરુદ આપવામાં આવે છે.

૨૧. ઘણીવાર આપણે ગામડાંની સ્વયંપૂર્ણતાની વાતો કરીએ છીએ. આ વિકેન્દ્રીકરણના એક અંગ રૂપ હોઈ શકે, પરંતુ તેને તેની સાથે ભેળવી દેવાની જરૂર નથી. વધુમાં વધુ પ્રમાણમાં વિકેન્દ્રીકરણ જરૂરી અને ઇચ્છનીય હોવા છતાં, મારા ધારવા મુજબ જો તે ઉત્પાદનની જરીપુરાણી રીત તરફ આપણને લઈ જશે તો એનો અર્થ એ થશે કે પશ્ચિમના કેટલાક દેશોમાં જે આધુનિક પદ્ધતિએ મહાન બૌદ્ધિક પ્રગતિ આણી છે તે આધુનિક પદ્ધતિનો આપણે ઉપયોગ કરવા માગતા નથી. આથી તો આપણે ગરીબ જ રહેવા પામીએ છીએ અને વસ્તીના વધવાની સાથે આપણે વધુ ને વધુ ગરીબ બનતા જઈએ છીએ. વિજ્ઞાને આપણા હાથમાં શક્તિનાં જે નવાં સાધનો મૂક્યાં છે, તેનો ઉપયોગ કર્યા વિના આપણે ગરીબાઈના આ વિષચક્રમાંથી બહાર આવીએ એવો કોઈ માર્ગ હું જોતો નથી. આપણે

ગરીબ છીએ માટે આપણી પાસે રોકાણ કરવાનું કોઈ સાધન નથી. અને આપણે નીચે ને નીચે ખૂંપતા જઈએ છીએ.

૨૨. શક્તિનાં નવાં સાધનો અને આધુનિક ટેકનિકનો લાભ ઉઠાવીને આપણે આ અંતરાયને હઠાવી આગળ વધી શકીએ. પરંતુ આમ કરતી વખતે આપણે પાયાના આ માનવતત્ત્વને અને વૈયક્તિક સુધારણા અને અસમાનતા દૂર કરવાના આપણા લક્ષ્યને વિસારે પાડવાં ન જોઈએ તથા જીવનને હેતુવાળું બનાવનાર સંસ્કાર અને સંસ્કૃતિના પાયામાં રહેલાં જીવનનાં નૈતિક અને આધ્યાત્મિક અંગોને આપણે ભૂલવાં જોઈએ નહિ.

૨૩. સમાજવાદ કે મૂડીવાદની રીતનો સ્વીકાર કરી લેવાની સાથોસાથ એકદમ કોઈ જાદુઈ રીતે ગરીબાઈ અલોપ થઈ જશે અને આપણે ત્યાં રાતોરાત ધનના ઢગલા ખડકાઈ જશે એમ માનવાની જરૂર નથી. એને માટેનો એક માત્ર રસ્તો, સખત જહેમત ઉઠાવવામાં, દેશની પેદાશ વધારવામાં અને ચીજ વસ્તુઓની ન્યાયપૂર્વકની વહેંચણી કરવામાં રહેલો છે. આ લાંબી અને મુશ્કેલ પ્રક્રિયા છે. કંગાળ રીતે વિકાસ પામતા દેશમાં મૂડીવાદ કોઈ તક આપતો નથી. સમાજવાદી ધોરણે આયોજન કરવાથી આપણે સ્થિર રીતે પ્રગતિ સાધી શકીશું. જો કે, આ માટે પણ સમય તો લાગશે જ. આ પ્રક્રિયા ચાલુ રહેશે તેમ તેમ જીવનનું વલણ અને આપણી વિચારધારામાં ક્રમશઃ પરિવર્તન આવવા લાગે છે.

૨૪. આના માટે આયોજન જરૂરી છે. કારણ કે તે વિના આપણે આપણાં મર્યાદિત સાધનોનો દુર્વ્યય કરીશું યોજનાઓ એકઠી કરવી એથી કાંઈ અર્થ નથી સરતો. સમાજ બધી દિશામાં આગેકૂચ કરી શકે, તે માટે પ્રગતિનો પાયો અને વેગ કેવી રીતે વધે, તેની વિચારપૂર્વકની યોજના કરવામાં તેનું રહસ્ય રહેલું છે. દેશની સર્વસાધારણ ગરીબાઈ ઉપરાંત ચોક્કસ વિશાળ પ્રદેશોની ભયંકર કંગાલિયત એ આપણો ભારે સવાલ છે. થોડા સમય માટે કંગાળ પ્રદેશો તરફ દુર્લક્ષ કરીને, પસંદ કરેલા અને વધારે અનુકૂળ પ્રદેશોમાં કેવળ ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવું કે પ્રદેશ પ્રદેશ વચ્ચેની અસમાનતા દૂર થઈ શકે તે રીતે એક સાથે પછાત પ્રદેશોની પણ ખિલવણી કરવાનો પ્રયત્ન કરવો ? આ આપણી સમક્ષની મુશ્કેલ પસંદગી પડેલી છે. આમાં આપણે ક્યાંક સમતુલા ગોઠવવાની છે અને સંકલિત રાષ્ટ્રીય આયોજન કરવાનું છે. રાષ્ટ્રીય આયોજને જડ હોવાની કંઈ જરૂર નથી. તે કોઈ જડ સિદ્ધાંત પર આધારભૂત પણ ન હોય. પરંતુ, તેણે અત્યારની વાસ્તવિક હકીકતોનો વિચાર કરવો જોઈએ. ઘણાં ક્ષેત્રોમાં તે ખાનગી સાહસને ઉત્તેજન આપે. અત્યારની ભારતની અવસ્થા જોતાં મને લાગે છે કે તેણે આવાં ખાનગી સાહસને ઉત્તેજન આપવું જોઈએ. જો કે આવાં ખાનગી સાહસે રાષ્ટ્રીય આયોજનમાં પોતાનો મેળ બેસાડવો જોઈએ અને જરૂરી એવા નિયમોનો તેણે સ્વીકાર કરવો જોઈએ.

૨૫. જમીન સાથે સંકળાયેલા સુધારાનું વિશેષ પ્રકારનું મહત્ત્વ છે. કારણ કે તેના વિના આપણા જેવા ગીચ વસ્તી ધરાવતા દેશમાં ખેતીની પેદાશમાં ભારે સુધારણા કરવી શક્ય નથી. પરંતુ જમીનસુધારણાનો મુખ્ય હેતુ તેથી વધુ ગહન છે. સ્થગિત બની ગયેલા સમાજના પુરાણા વર્ગીય માળખાને તોડવાનો તેનો હેતુ છે.

૨૬. આપણે સામાજિક સલામતી ઇચ્છીએ છીએ. પણ આપણે સ્વીકારવું જોઈએ કે અમુક પ્રકારની પ્રગતિ સાધ્યા બાદ જ સામાજિક સલામતી શક્ય બને છે. આ વિના આપણને ન તો સામાજિક સલામતી મળશે કે ન તો આપણે પ્રગતિ સાધી શકીશું.

૨૭. અંતે તો કેવા પ્રકારનું માનવતત્ત્વ છે એ જ મુખ્ય બાબત બને છે. આખરે તો માનવ જ દેશની સંપત્તિ નિપજાવે છે અને સાંસ્કૃતિક પ્રગતિ સાધે છે. આથી માનવીમાં આ ગુણ કેળવવા માટે શિક્ષણ અને આરોગ્ય અગત્યનું સ્થાન પામે છે. આ માટેનાં પણ આપણાં સાધનો અતિ અલ્પ છે. પરંતુ, આપણે હંમેશાં યાદ રાખવું ઘટે કે સારું શિક્ષણ અને સારું સ્વાસ્થ્ય જ આર્થિક તથા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રગતિનો પાયો રોપશે.

૨૮. આમ રાષ્ટ્રીય આયોજનને લાંબા ગાળાનું તેમ જ ટૂંકા ગાળાનું એમ બન્ને પ્રકારનાં લક્ષ્ય છે. લાંબા ગાળાનું તેનું લક્ષ્ય તેને સાચી દૃષ્ટિ આપે છે. એના વિના ટૂંકા ગાળાનું આયોજન ઉપયોગી નિવડતું નથી. અને તે આપણને અંધારગલીમાં દોરી જશે. આમ જોતાં આયોજન હમેશાં વિશાળ દૃષ્ટિવાળું હશે અને જે નક્કર સિદ્ધિઓ આપણે મેળવવા માગીએ છીએ તેની કલ્પના કરતું હશે. બીજા શબ્દોમાં કહીએ તો તે ભૌતિક આયોજન હશે. જો કે,

માળખાંકીય સાધનો અને આર્થિક પરિસ્થિતિથી પરિમિત અને આધારભૂત હશે.

૨૯. ભારતની સામે જે સવાલો પડેલા છે તે, બીજા દેશો સામે પણ કેટલેક અંશે પણ સમાન રીતે પડેલા છે. પણ તેથીય વિશેષ આપણી સામે એવા કેટલાક નવા સવાલો છે જેનાં જેવા કયાંય પણ ઐતિહાસિક પ્રસંગો અને પરંપરા શોધ્યાં જડે તેમ નથી. ભૂતકાળમાં ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશોમાં જે કંઈ બની ગયું છે તેની સાથે આપણે આજે કંઈ નિસ્બત નથી. સાચી હકીકતે જે દેશો આગળ વધેલા છે તેમણે ઔદ્યોગિક રીતે વિકાસ સાધ્યો તે અગાઉ માથાદીઠ મૂડીની બાબતમાં આજના ભારત કરતાં આર્થિક રીતે સારી સ્થિતિમાં હતા. આથી પશ્ચિમનું અર્થતંત્ર આપણને મદદરૂપ હોય તેમ છતાં આપણા આજના સવાલોની સાથે તેને સીધો સંબંધ નથી. એ જ અવસ્થા માર્ક્સવાદી અર્થતંત્રની છે. આ અર્થતંત્ર હવે ઘણી બાબતોમાં જરીપુરાણું બની ગયું છે, જો કે તે આર્થિક પ્રક્રિયા પર ઠીક ઠીક પ્રમાણમાં પ્રકાશ ફેંકે છે. આથી આપણે બીજાના અનુભવનો લાભ ઉઠાવીને આપણા પોતાના માટે પોતાની રીતે વિચારવાનું છે. તત્ત્વતઃ આપણે આપણી પરિસ્થિતિની સાથે સુમેળ સાધે તેવો માર્ગ શોધવાનો પ્રયત્ન કરવાનો છે.

૩૦. આપણા સવાલોની આવી આર્થિક બાબતોની વિચારણા કરતી વખતે આપણે હમેશાં શાંતિમય સાધનો દ્વારા પાયાના ઉકેલનો વિચાર કરવાનો છે અને કદાચ આપણે આપણી સામે જે કાંઈ સર્જાયેલું છે તેના આંતરિક પાયામાં રહેલી જીવનશક્તિની પુરાણી વેદાન્તની વિચારધારા નજર સમક્ષ રાખવાની છે.

['ધ બેઝિક એપ્રોચ' નામે એક પરિપત્ર: 'એ. આઈ. સી. સી. ઇકોનોમિક બુલેટિન' ૧૯૫૮, ઑગસ્ટ: ૧૫]

લોકશાહીની લક્ષ્મણરેખા

દાદા ધર્માધિકારી

જે પ્રકારની લોકશાહીમાં નાગરિકોના સ્વયંકર્તૃત્વનો તથા પરસ્પરાવલંબનનો સતત વિકાસ થઈ શકે એવા જ પ્રકારની લોકશાહીનો વિકાસ કરવાની દૃષ્ટિથી આજની પરિસ્થિતિમાં બધા રાજકીય પક્ષોએ અને લોકનિષ્ઠ નાગરિકોએ લોકજીવનની કેટલીક નિશ્ચિત મર્યાદા નિરપવાદ રીતે પાળવી જરૂરી છે. નિષ્પક્ષ લોકશાહીની સ્થાપના ઇષ્ટ અથવા શક્ય છે કે નથી તેવિ વાદગ્રસ્ત સવાલનો આ સ્થળે વિચાર કરવાની જરૂર નથી. પક્ષો છે અને તેઓ તે રીતે રહેશે એમ ઘડીભર માની લઈએ. તોય લોકશાહીનું સંરક્ષણ અને વિકાસ કરવાની દૃષ્ટિએ બધા પક્ષોને લોકજીવનનાં કોઈક મર્યાદા અને કંઈક પથ્ય (દવાદારૂ) સ્વેચ્છાથી માન્ય રાખવા જ પડશે અને એનો અમલ કરવો જ પડશે; નહિ તો લોકશાહી સુરક્ષિત રહેશે નહિ.

૧. લોકજીવનની પ્રથમ મર્યાદા એટલે કે માનવીય જીવન એ સર્વશ્રેષ્ઠ મૂલ્ય મનાય. આનો અર્થ એ છે કે સત્તાધારી પક્ષના વિચારોથી જે વ્યક્તિનો વિચાર ભિન્ન કે વિરોધી હોય તે વ્યક્તિ પણ, અવધ્ય મનાય. આજની આધુનિક શિક્ષાની યોજનામાં તો હત્યાકારી અને ખૂની ગુનેગાર માણસ પણ અવધ્ય મનાવો જોઈએ, એવો મત છે. પરંતુ ભિન્ન વિચારનું પ્રતિપાદન કરનારા માનવનો શિરચ્છેદ કરવો એ વિધાનવિહિત અને શિષ્ટસંમત મનાય છે. એટલે માનવ એ અવધ્ય માનવામાં આવશે એવી પ્રતિજ્ઞા થવી જરૂરી છે.

૨. રાજ્યસંસ્થાને દંડશક્તિ અને શસ્ત્રબળનો પ્રયોગ કરવાનો સમય ઓછામાં ઓછો આવે, એટલે કે પોલીસ અને ફોજનો ઉપયોગ ઓછામાં ઓછો થાય, આ તત્ત્વ

સર્વસંમત છે. અમુક જ પક્ષના હાથમાં હમેશાં સત્તા રહેશે એવો ભય કે આશા રાખવાની પરિસ્થિતિ હવે રહી નથી. એટલે જ સત્તાધારી પક્ષને જે જે પ્રસંગે અનિચ્છા છતાંય ગોળીબાર કરવાનો પ્રસંગ આવે, ત્યારે ત્યારે એવો એક નિરપવાદ નિયમ થઈ જવો જોઈએ કે જ્યાં જ્યાં નાગરિકોના સમુદાય પર ગોળીબાર થશે, ત્યાં ત્યાં તે ગોળીબારની ન્યાયાધીશી તપાસ અપરિહાર્ય ગણાશે.

૩. નાગરિકોના કે વિશિષ્ટ સમુદાયના હક્કોના સંરક્ષણ માટે અથવા સ્થાપના માટે જે જે આંદોલનો થશે, તે તે બંધારણીય ન હોય તોય શાંતિમય હોવા જ જોઈએ: આ સિદ્ધાંત પણ બધા પક્ષોએ માન્ય કરેલો હોવો જોઈએ. તેથી બધા પક્ષોએ મળીને એવી પ્રતિજ્ઞા કરવી જોઈએ કે કોઈ પણ આંદોલનમાં કોઈ પણ પરિસ્થિતિમાં આંદોલન કરનાર લોકો તરફથી શાંતિનું ઉલ્લંઘન નહિ થાય. પરિસ્થિતિ કાબૂમાં ન રહેવાથી આંદોલન કરનારાઓને હસ્તે હિંસાત્મક કૃત્યો થાય તો જે પક્ષે, સમુહે, સંગઠ્ઠને કે સંસ્થાએ આ આંદોલન શરૂ કર્યું હોય તે પક્ષ, સંસ્થા કે સમુદાય તે હિંસાનો નિષેધ કરશે. હિંસાની જવાબદારી અંગે પરસ્પર આરોપ કરવાનો પ્રયત્ન કોઈપણ પક્ષે થશે નહિ.

૪. આજની પદ્ધતિએ ચૂંટણીઓ થવી જોઈએ કે નહિ, આ મુદ્દો ચર્ચાસ્પદ છે. તેથી તેની ચર્ચા આ સ્થળે કરવી બિનજરૂરી છે—એનું કોઈ પ્રયોજન નથી. આજની જ પદ્ધતિએ ચૂંટણીઓ થશે અને તેમાં જુદાજુદા પક્ષો તરફથી ઉમેદવારો ઊભા રહેશે, એવું, આપણે ગૃહિત ગણી લઈએ છતાં પણ, 'લોકશાહી રાજ્યમાં ચૂંટણી એ લોકશિક્ષણનું પુણ્યપર્વ છે,' આ સિદ્ધાંત હવે સર્વમાન્ય બન્યો છે. એટલે જ દેશમાંના બધા રાજકીય પક્ષોએ ભેગા મળી એવો એક સંકલ્પ કરવો કે ચૂંટણીમાં દરેક પક્ષે અને ઉમેદવારે પોતપોતાના સિદ્ધાંતોનું, નીતિનું અને કાર્યક્રમનું પ્રતિપાદન કરવું, પરંતુ સામાપક્ષની વ્યક્તિગત કે અંગત ટીકા જરાય ન કરવી તથા પરસ્પર દોષારોપણ પણ ઓછામાં ઓછું કરવું. કોઈપણ ઉમેદવાર શિષ્ટાચારની વિરુદ્ધ જઈ નિયમોનું ઉલ્લંઘન કરે અથવા લાંચરુશવત કે ધાકધમકી અને ત્રાસનું વર્તન બતાવે તો જે પક્ષનો તે ઉમેદવાર હોય તે પક્ષ તેનો વિરોધ-નિષેધ કરે અને તેને શિક્ષા કરે. બધા પક્ષો મળીને એવો એક 'દંડક' નક્કી કરે તો ચૂંટણી સર્વપક્ષીય લોકશિક્ષણના મહોત્સવની મહત્તા ને માન્યતા પામશે.

૫. લોકશાહીની સંસ્થાઓનો ઉપભોગ માણવાનો હક તેને જ પ્રાપ્ત થાય જે તે સંસ્થાઓના સંરક્ષણની જવાબદારી સ્વીકારવા તૈયાર હોય. ધાર્મિક સંપ્રદાયોમાં મંદિર, મસ્જીદ, ગુરુદ્વાર કે ગિરિજાઘર (ચર્ચ)—એ સ્થળોને જેટલી 'પવિત્રતા અપાય' છે, તેટલી જ 'પવિત્રતા' આ લોકાયત રાજ્યવ્યવસ્થામાં લોક પ્રતિનિધિની લોકસભા (પાર્લામેન્ટ)ને છે. તેથી તે લોકસભાની મર્યાદા બધાં પક્ષોએ મળીને ખૂબ તીવ્રતાથી પાળવી જ પડશે. લોકસભાનો અધ્યક્ષ-પ્રમુખ હમેશાં 'અમુક' પક્ષનો રહેશે; એવુંય માનવાનું હવે કોઈ કારણ નથી. એટલે જ લોકસભાના અધ્યક્ષનું અપમાન કે લોકસભાના નિયમોનું ઉલ્લંઘન કોઈપણ પરિસ્થિતિમાં અને કોઈપણ પક્ષ દ્વારા થવું ન જોઈએ, એવી દક્ષતા રાખવાનો સંકલ્પ બધા પક્ષોએ મળી કરવો જોઈએ. જે પક્ષના સભાસદ તરફથી આ મર્યાદાનું ઉલ્લંઘન થાય તે જ પક્ષે પોતાના આવા સભ્યનાં કૃત્યોનો ધિક્કાર જાહેર કરવો. આમ થાય તો લોકસભામાં સૌજન્યનું વાતાવરણ રમતું થશે.

૬. ચૂંટણીના સમયે દરેક ઉમેદવાર જે તે પક્ષનો ઉમેદવાર તરીકે ઊભો રહે છે. પરંતુ ચૂંટણીમાં ચુંટાઈ ગયા પછી તે માત્ર પોતાના પક્ષનો જ પ્રતિનિધિ ન રહેતાં આખાય ક્ષેત્રનો પ્રતિનિધિ બને છે. એટલે કે આજની પક્ષનિષ્ઠ લોકશાહીમાંય ઉમેદવારી પક્ષનિષ્ઠ હોય તો ય પ્રતિનિધિત્વ લોકનિષ્ઠ છે. એટલે જ વિધાનસભામાં કે લોકસભામાં સર્વપક્ષીય સ્થાયી સમિતિઓ સ્થાપન કરવામાં આવે—અને જે સવાલો રાષ્ટ્રીય મહત્ત્વના કે સાર્વજનિક, એટલે કે પક્ષનિરપેક્ષ મહત્ત્વના હોય, એવા પ્રશ્નો તે સ્થાયી સમિતિઓને સોંપાય. મતદાનની બાબતમાંય પક્ષનો કોઈ આદેશ કે નિર્દેશ ન હોય. આમ કરવામાં આવે તો એક પક્ષનું જે અધિરાજ્ય સ્થાપન થવાનો ડર ઓછો થશે અને લોકશાહીનું સોપાન પક્ષસત્તામાંથી લોકસત્તાની દિશામાં આગળ ને આગળ પગલાં માંડશે.

*

લોકજીવનની આ મર્યાદાઓ બિલકુલ અનુલ્લંઘનીય મનાઈ જવી જોઈએ. એક દેશમાંની ૯૮ ટકા ગોરા લોકોની વસ્તીએ એકમતે ૨ ટકા કાળા લોકોના બધા અધિકાર ઝૂંટવી લેવાનો

સર્વસંમત ઠરાવ કર્યો હોય તો પણ તે અન્યાયમૂલક જ મનાય. અલ્પસંખ્ય લોકોના હક્કોનું સંરક્ષણ એ જે રીતે ન્યાય્ય સમાજવ્યવસ્થાનો એક અપરિહાર્ય નિયમ છે તેવા જ પ્રકારની ઉપર જણાવેલી મર્યાદાઓ માનવામાં આવવી જોઈએ.

દુનિયાના મહાન ક્રાંતિકારીઓએ રાજ્યસંસ્થાનો વિચાર બે દૃષ્ટિથી કર્યો છે. એક છે ક્રાંતિ પછીના કાળની વ્યવસ્થાની દૃષ્ટિએ–અને બીજો ક્રાંતિની પ્રક્રિયાની દૃષ્ટિએ.

"સામ્યવાદી ક્રાંતિ સિદ્ધ થયા પછી રાજ્યસંસ્થાનો લોપ થશે અને લોકશાહી (પદ્ધતિ) પણ વિલીન થઈ જશે. સામાજિક જીવનના જે નિયમોનું પ્રતિપાદન વર્ષોથી સહસ્રવિધ પ્રવચનોમાંથી કરવામાં આવ્યું તે નિયમોનું પાલન કરવાની ટેવ લોકોનાં લોહીમાં ઓતપ્રોત થયેલી હશે. એટલે રાજ્યસંસ્થાની જરૂરિયાત રહેશે જ નહિ." એવું ચિત્ર લેનિને પોતાના "સ્ટેટ ઍન્ડ રેવોલ્યુશન" નામના પુસ્તકમાં દોર્યું છે.

ક્રાંતિની પ્રક્રિયાની દૃષ્ટિથી વિવેચન કરતી વેળાએ પોતાના "ડેમોક્રસી ઍન્ડ ડિક્ટેટરશીપ" પુસ્તકમાં લિયો ટ્રોટ્સ્કી કહે છે: "ક્રાંતિનો મૂળ પ્રશ્ન સત્તાનો પ્રશ્ન છે. અર્થાત્ સત્તાના ઉપભોગ કરતાં અથવા પોતાનું (પક્ષનું) પ્રભુત્વ સ્થાપન કરવા કરતાં રાજ્યસંસ્થા કબજે કરવાનો પ્રયત્ન રાજકારણમાં અંતર્ભૂત થતો હોય તો પણ તે ક્રાંતિની પ્રક્રિયાનો ભાગ ન જ બની શકે. ક્રાંતિકારી (પક્ષ) સમાજ–પરિવર્તન માટે સત્તાનો ઉપયોગ કરવા ઇચ્છે છે, પોતાનું વર્ચસ્વ સ્થાપન કરવા માટે નહિ. 'છેવટે એક દિવસ એવો આવે કે જ્યારે સત્તાનું પ્રયોજન જ રહે નહિ' એવી તેની આકાંક્ષા હોય છે. તેથી સત્તાનો ઉપયોગ કરતી વેળાએ ધીરે ધીરે પ્રશાસન ઓછું થાય અને લોકોનું સ્વયંશાસન વધતું જાય એવી યોજના તેણે કરવી જોઈએ. રાજ્યસંસ્થા સત્તાના પ્રયોગની તકો નિર્માણ કરવા માટે નથી, પરંતુ સુવ્યવસ્થાનું સંયોજન કરીને નાગરિકોમાં સહજીવનનો ઉત્કર્ષ કરવા માટે છે–આ ધ્રુવતત્ત્વ કોઈ દિવસ ક્રાંતિકારી (પક્ષ)ની નજર બહાર જવું ન જોઈએ."

રાજ્યસંસ્થા અને જીવન

રાજ્યસંસ્થા કોઈ કાળે પૂર્ણ રીતે વિલીન થઈ શકશે કે નહિ આ અંતિમ પ્રશ્ન એક બાજુએ મૂકીએ તોય નાગરિક–જીવનમાં કાયદા અને શાસનનો પ્રવેશ વધુ ન થાય, નાગરિકોનો પરસ્પર સંબંધ બંધુત્વ અને મિત્રતા ઉપર આધારિત હોય એ વાત કોઈપણ અમાન્ય કરશે નહિ. નાગરિક નિયમ પાળનારો અને શાંતિપરાયણ હોય એ તો ખરું જ; પણ તે કાયદાબાજ, કોર્ટબાજ અને માત્ર રક્ષણાકાંક્ષી ન હોય એ પણ એટલું જ આવશ્યક છે. એટલે કે તેના વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક જીવનમાં રાજ્યસંસ્થાનો પ્રવેશ કરવાની ઓછામાં ઓછી તક મળે એ ક્રમપ્રાપ્ત જ છે. આજની પરિસ્થિતિમાં "શાસનમુક્તિ"નો આટલો મર્યાદિત અર્થ કરવામાં કોઈને પણ વાંધો ન હોવો જોઈએ.

નાગરિકોનું પવિત્ર કર્તવ્ય:

અનિયંત્રિત રાજ્યવાદ, નિરંકુશ સત્તાવાદ અને રાજકીય અને આર્થિક કેન્દ્રિકરણવાદ આ પ્રાણઘાતક અનિષ્ટોમાંથી લોકતંત્રનું સંરક્ષણ કરવું એ આજે બધા જવાબદાર નાગરિકોનું પવિત્ર કર્તવ્ય છે. જુદા જુદા પક્ષોનું અસ્તિત્વ સત્તાની સ્પર્ધા માટે નહિ, પણ પોતાના પ્રામાણિક મત મુજબ સમાજપરિવર્તનની અને લોકસેવાની તક પ્રાપ્ત કરવા માટે છે. પક્ષનિષ્ઠ લોકતંત્ર પણ પ્રથમ લોકનિષ્ઠ અને પછી પક્ષનિષ્ઠ હોય તો જ તે લોકતંત્રને મારક બનશે નહિ. નહિ તો પક્ષવાદ જામી જશે અને લોકશાહીને તિલાંજલિ મળ્યા વિના રહેશે નહિ. આ આ અનર્થ ટાળવાની દૃષ્ટિએ આજની સ્થિતિમાં શી ઉપાય–યોજના કરી શકાય, તેનું અંશતઃ દિગ્દર્શન 'સ્વરાજ્ય–દિન'ના શુભ અવસરે અહીં કર્યું છે.

['સાધના' (મરાઠી સાપ્તાહિક)માંના લેખમાંથી]

સર્વોદયી સમાજનું માળખું

જયપ્રકાશ નારાયણ

એક સમાજવાદી તરીકે કહું છું—

આજની પરિસ્થિતિનો ઉપાય રાજ્ય સત્તા દ્વારા સમાજવાદની સ્થાપના કરવામાં નથી; પરંતુ પ્રજા પોતે સ્વેચ્છાએ સમાજવાદી જીવનનાં સ્વરૂપો જન્માવે અને વિકસાવે એમાં છે. બીજા શબ્દોમાં કહું તો, 'રાજ્ય-સમાજવાદ'ને સ્થાને 'લોક-સમાજવાદ' સ્થાપવામાં ઉકેલ રહેલો છે.

સર્વોદય એ 'લોક-સમાજવાદ' છે. પ્રત્યેક સમાજવાદી સર્વોદય સાથે સંમત હો યા ન હો, પરંતુ એટલું તો એણે કબૂલવું જોઈશે કે, જેટલા પ્રમાણમાં પ્રજાકીય અથવા સ્વૈચ્છિક સમાજવાદ વધુ અને રાજ્ય તરફથી લદાયેલો ઓછો, તેટલા પ્રમાણમાં વધુ સાચો અને સંપૂર્ણ સમાજવાદ......

એ વાત સ્પષ્ટ થવી જોઈએ કે બિન-રાજ્ય સ્વરૂપના સમાજવાદના વિકાસ માટે, કોઈએ પાર્ટી તરીકે કામ કરવાની જરૂર નથી; અથવા રાજ્ય સત્તા કબજે કરવાની લડાઈમાં જોડાઈ જવાની આવશ્યકતા નથી. આ સંદર્ભમાં વિચારતાં તો રાજ્ય સત્તા અને પાર્ટીનો કોઈ સવાલ જ ઊભો થતો નથી. બલ્કે, ખરી જરૂરિયાત તો, સ્વાવલંબન અને સ્વરાજ્યના પાયા ઉપર જનતાનું જીવન પુનર્વ્યવસ્થિત કરવામાં તેમને સહાયરૂપ થાય, અને તેમની વચ્ચે રહી કાર્ય કરવા તૈયાર હોય તેવા સ્વાર્થરહિત કાર્યકરોની ટુકડીઓની છે. અહીં ગાંધીજીની '**લોકસેવક સંઘ**'ની વાત યાદ આવ્યા વિના રહેતી નથી.

હવે સવાલ તો એ ઊભો થાય છે કે, પ્રજા પોતાનો વ્યવહાર સીધો ચલાવે અને સમાજવાદી સમાજની લાક્ષણિકતાવાળાં (સહકાર, સ્વ-શિસ્ત, જવાબદારીની ભાવના) જીવનનાં મૂલ્યોનો વિકાસ કરે, એવી શક્યતાવાળા સમાજનું બાહ્ય સ્વરૂપ કેવું હશે? આ સવાલ તરફ સમાજવાદીઓએ આજ સુધી ઓછામાં ઓછું લક્ષ આપ્યું છે.

માનવ-સમાજ એટલો વિકસી ગયો છે કે આજે જટિલ સ્વરૂપની ઔદ્યોગિક સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી ચૂકી છે; તેમાં નગરોને નામે ઓળખાય છે તેવાં મહાન માનવ-જંગલો અસ્તિત્વ ધરાવે છે; તેમાં જે આર્થિક અને સામાજિક સંબંધો છે તે તદ્દન બિનઅંગત અને જીવનતત્ત્વ વિહોણાં છે; તેમાં કામના જે પ્રકારો છે તે આનંદરહિત કંટાળાજનક છે, અને સર્જક તત્ત્વ માટેની તકોને તેમાં કંઈ જ સ્થાન નથી. આ ઔદ્યોગિક સંસ્કૃતિઓનો એક માત્ર માપદંડ ઉત્પાદન અને કુશળતા કેટલી વધી તે જ જોવા પૂરતો છે.

વિજ્ઞાને તો આખી દુનિયાને એક મુઠ્ઠીમાં ભેગી કરી દીધી છે, ત્યારે માણસે એવી સંસ્કારિતા સર્જી છે કે જેમાં પડોશીઓ પણ અપરિચિત બની જાય છે! આવો જટિલ અને માથા-ભારે (ટોપ હેવી) સમાજ, નોકરશાહો-મેનેજરો, ટેકનોક્રેટો, અને આંકડાશાસ્ત્રીઓ માટે સ્વર્ગભૂમિ બની ગયા વિના ન જ રહે. આવો સમાજ ભાઈઓ ભાઈઓ તરીકે ભેગા રહી શકે તેવું ઘર ન જ બની શકે. સમાજવાદીઓએ વિજ્ઞાન, ઉત્પાદન, કાર્યકુશળતા, જીવનધોરણ અને ઇતર ભભકદાર સૂત્રોને નામે એક જંગી ફ્રેન્કેન્સ્ટિન સમાજને આખો ને આખો અપનાવી લીધો છે; અને હજી તો એમાં જાહેર (રાજ્ય સં.) માલિકીનું તત્ત્વ ઉમેરીને તેને સમાજવાદી બનાવવાની આશા સેવે છે! હું નમ્રતાપૂર્વક જણાવું છું કે, આવા સમાજમાં સમાજવાદ રૂંધાઈ ગૂંગળાઈ ગયા વિના નહિ રહે. સ્વ-રાજ્ય, સ્વ-વ્યવસ્થા પરસ્પર સહકાર અને સહ-ઉપભોગ, સમાનતા, સ્વાધીનતા ને બંધુતા, આ બધું જો માણસો નાનાં ઘટકોમાં જીવતા હોય તો જ વધુ સારી રીતે વ્યવહારમાં આવી શકે, અને વિકસી શકે. પશ્ચિમ સુધ્ધાંમાં દૂરદર્શી વિચારકોને આ વાત સમજાવા માંડી છે.

[વિશ્વમાનવ : ઓક્ટોબર-નવેમ્બર '૫૮]

વધુમાં, માણસ પ્રકૃતિ અને સંસ્કૃતિનું ફરજંદ છે. તેથી કરીને, તેના સમતુલ વિકાસ માટે બંને વચ્ચે એકરાગ સ્થપાય એ જરૂરી છે. લંડન, પારિસ, ન્યુયૉર્ક, મોસ્કો જેવાં અદ્યતન સંસ્કૃતિનાં કેન્દ્રોમાં (ત્યાં બગીચા અને હરિયાળીઓ હોવા છતાં) આ પ્રકારની સમતુલા શકય નથી. પરિણામે માનવીનો વિકાસ રુંધાઈ ગયો અને એકાંગી રહી જવાનો. પ્રકૃતિ અને સંસ્કૃતિનો એકરાગ કેવળ પ્રમાણમાં નાનાં એવાં ઘટકોમાં જ શકય છે.

નાના સમૂહોમાં જીવવું અને નાનાં યંત્રો દ્વારા મહદંશે પોતાના અગર સ્થાનિક ઉપયોગ માટે ઉત્પાદન કરવું—આ વાતને વિજ્ઞાનની પીછેહઠ તરીકે ગણવામાં આવે છે. વિજ્ઞાન અને વિશાળ પાયા પરની કેન્દ્રિત ઉત્પાદનપદ્ધતિ તથા માનવ વસવાટોનાં તોતિંગ નગરો—આ બંને જુદાં ન પડી શકે એવું મનાય છે. આનાથી વધારે બેહૂદું કશું નથી. વિજ્ઞાન બે પ્રકારનું છેઃ (અ) શુદ્ધ વિજ્ઞાન (આ) વ્યવહારગમ્ય વિજ્ઞાન હું શુદ્ધ વિજ્ઞાનને જ વિજ્ઞાન કહું છું; અને 'વ્યવહારગમ્ય' વિજ્ઞાનને ટેકનોલૉજી કહું છું. વિજ્ઞાનનો વ્યવહાર કેવળ વિજ્ઞાન ઉપર આધાર નથી રાખતો, પરંતુ સમાજના ઘડતર-સ્વરૂપ ઉપર આધાર રાખે છે. મોટા પાયા પરનાં જંગી યંત્રો દ્વારા ઉત્પાદન કરવું એ ધનપતિઓના લાભમાં હતું; એથી કરીને ટેકનોલૉજીએ એ પ્રકારની ઉત્પાદનપદ્ધતિનો રસ્તો અપનાવ્યો હતો. સમાજમાં પૈસા બનાવનારાની બોલબોલા હતી; એટલે તેમની ઇચ્છા મુજબ જ થતું રહ્યું!

ગમે તે વિચારસરણીમાં માનનારી સરકાર હો, પણ બધી સરકારોએ મોટા પાયા પરની કેન્દ્રિત ઉત્પાદનપદ્ધતિને પસંદગી આપી; એક તો, યુદ્ધ કરવા માટે (અથવા તો તમે કહી શકો છો, સંરક્ષણ માટે), અને એથીયે વધુ તો પ્રચંડ પ્રમાણમાં આર્થિક અને તે દ્વારા રાજકીય સત્તા હાથમાં આવતી હતી, તે માટે.

આ રીતે સરકારોએ અને નફાબાજોએ મળી જઈ વર્તમાન સમાજનો ફ્રેન્કેન્સ્ટિન ઊભો કર્યો! બિચારા વિજ્ઞાનનો તો કોઈએ ભાવ પણ ન પૂછ્યો. વિજ્ઞાનીઓનું ચાલતું હોત તો તેઓએ ઉત્પાદનનાં અનેક એંજિનોનો અને નવાં નવાં સર્જનમાં ખપ લાગેલી એવી શોધોનો જ નાશ કર્યો હોત.

પરંતુ ધારો કે, સમાજે સત્તા, નફો અને યુદ્ધનો માર્ગ ન લીધો હોત, પણ શાંતિ, શુભેચ્છા, અને સહકારનો તથા સ્વાધીનતા અને બંધુતાનો માર્ગ અખત્યાર કર્યો હોત, તો વિજ્ઞાનનો ઉપયોગ એટલીજ સહેલાઈથી એ આદર્શને અનુકૂળ ટેકનોલૉજીનો વિકાસ કરવા માટે થઈ શકયો હોત. એમ થયું હોત તો વિજ્ઞાનની પીછેહઠ ન થાત; અને તેનો ઉપયોગ વિનાશકને બદલે સર્જક પ્રગતિ માટે થાત...

એ વાત જણાવવી જરૂરી છે કે, ઍટમશક્તિએ આજે અગાઉ કદી નહિ એટલા મોટા પ્રમાણમાં એ વાત શકય બનાવી છે કે, નાના સ્વરૂપની ટેકનોલૉજીનો વિકાસ અને ઉત્પાદનનું વિકેન્દ્રીકરણ થઈ શકશે.

હું એમ કહેવા નથી માગતો કે આ નવા સમાજનું આખું ચિત્ર કોઈની સામે સ્પષ્ટ બની ગયું છે; અથવા તો તેની બધી સમસ્યાઓનો વિચાર થઈ ચૂકયો છે ને ઉકેલ શોધાઈ ગયો છે. દા. ત. આ નાના સ્વ-અવલંબી, સ્વ-સંચાલિત સમાજ-ઘટકોનું એક બીજા સાથે કેવી રીતે સંગઠન થવા પામશે એ મહત્ત્વનો સવાલ મારા મનમાં ઊભો જ છે.

અલબત્ત, આ બાબતમાં ગાંધીજીની ભવ્ય કલ્પના આપણી સમક્ષ છે જ:

"આ માળખામાં અસંખ્ય ગામડાંઓનો સમાવેશ થતો હશે; અને તેમાં સતત વિસ્તરતાં, અને નહિ કે સંકુચાતાં વર્તુળો હશે. જીવન પિરામીડના જેવું નીચેના પહોળા તળિયા ઉપર ઊંચે ઊભેલા શિખર જેવું નહિ હોય; પરંતુ એ તો સમુદ્રમાં હોય છે તેવાં વર્તુળોવાળું હશે. જેનું મધ્યબિંદુ વ્યક્તિ હશે—જે વ્યક્તિ ગામને માટે પોતાને નિઃશેષ હરવા સદા તત્પર હશે; ને ગામ ગ્રામસમૂહો માટે ભોગ આપવા તૈયાર હશે. આમ અંતે વ્યક્તિઓનું બનેલું સમસ્ત એક-જીવન હશે—તેમાં વ્યક્તિઓ ઘમંડી અને આક્રમક નહિ હોય, પરંતુ અતિ નમ્ર હશે; અને સામુદ્રિક-વર્તુળના તેઓ અવિચ્છિન્ન ઘટકો છે તેની મહાનુભાવના ધારણ કરતી હશે."

ગાંધીજીના આ શબ્દો આપણને દિશા સૂચવે છે, પરંતુ આખું ચિત્ર સુસ્પષ્ટ થાય તે પૂર્વે ઘણો અનુભવ અને વિચાર જરૂરી છે. ગમેતેમ તો ય, એક ચેતવણી જરૂરી છે.

એ વાત નિઃશંક રીતે સાચી છે કે, જેમાં વ્યક્તિગત સંબંધોને સ્થાન હશે અને જેમાં તેનો ઉત્કર્ષ શકય થશે, એવાં નાનાં સામાજિક ઘટકો સર્વોદયના આદર્શોની સિદ્ધિ માટે વધુ અનુકૂળ બનશે; પરંતુ એ ઉપરથી એવું માની લેવું

ન જોઈએ કે, કેવળ નાનાં ઘટકો હોવાને કારણે જ તે સર્વોદયી સમાજ-ઘટકો બની જશે. એવું જ હોત તો તો આજે જ ભારતના દરેક ગામમાં આપણે સર્વોદયનાં દર્શન કરી શકતે. જીવનનાં બાહ્ય સ્વરૂપોનું મહત્ત્વ ત્યારે જ છે કે જ્યારે આંતરિક સ્વરૂપો સાથે તેનો મેળ ખાય.

['ધી ઇવોલ્યુશન ટોવર્ડ્ઝ સર્વોદય ' પુસ્તિકામાંથી]

સર્વોદયના ત્રણ પાયા

મનુભાઈ પંચોલી

સમાજ ભારે ફેરફાર માગે છે એમ તો ઘણા વખતથી સ્વીકારાતું આવ્યું છે. આ ફેરફાર સૂચવનારા કે ઇચ્છનારામાં બે વર્ગો રહ્યા કર્યા છે: એક એમ માને છે કે, માણસને સુધારો ને બધું સુધરી જશે. ને બીજો એમ કહે છે કે રાજ્યતંત્ર હાથ કરો, માણસ તો માટી છે, તમે ઇચ્છશો તેવો ઘાટ અપાશે. સર્વોદયે આ બેમાંથી એકે નીચે સહી કરી નથી. એ માને છે કે વ્યક્તિઓના સમૂહમાં ફેરફાર થાય તે માટે સમાજ ફરે ને આવશ્યક છે, પણ આવશ્યક ફેરફાર પણ વ્યક્તિઓએ જ કરવાનો છે. ને બધાં દુઃખો સામાજિક નથી.

સર્વોદય એ રીતે અનોખી વિચારણા છે. સર્વોદય એટલે સર્વનો ઉદય એટલું જ નથી મનાયું, પણ સર્વોદય એટલે સહુનો ને સમ્યક્ વિકાસ. સમાજમાં એક વ્યક્તિ કે વર્ગને ભોગે બીજી વ્યક્તિ કે બીજા વર્ગનો વિકાસ ઇષ્ટ નથી, આપત્તિરૂપ છે. તેમ જ ખુદ વ્યક્તિનો પણ એક સદ્વૃત્તિને ભોગે બીજી સદ્વૃત્તિનો વિકાસ પણ આપત્તિરૂપ છે. એમાં પણ સંતુલિત વિકાસ જ સાચો વિકાસ છે. આ રીતે સર્વોદય એ અખિલાઈથી જોનારું દર્શન છે. ને જ્યારે જ્યારે આ અખિલાઈથી જોવાનું અટકી જાય છે, ત્યારે સર્વોદય પણ અટકી જાય છે.

આ અખિલાઈથી જોતાં સર્વોદય વિચારના દાતાએ બેત્રણ પાયાની વસ્તુઓ કહી છે. સર્વોદયની વિચારણામાં એવી કેટલીક વસ્તુઓ છે જે બધે નહિ લાગુ પડે. બધે તેવા કોયડા પણ નથી. પણ એવી કેટલીક વસ્તુઓ છે જે સ્થળકાળથી પર છે. જે ચિરંતન પાયા છે.: આ પાયા આટલા ગણાવી શકાય.

અ = સાધનશુદ્ધિ; બ = વિકેન્દ્રીકરણ; ક = શ્રમનિષ્ઠા

સર્વોદયને મતે માનવજીવનનું આખરી લક્ષ્ય શું છે? જે તત્ત્વ જીવ ને જગતમાં રમે છે, ને જે સત્ય-શિવ-સુંદર છે, જેનો અનુભવ સાધુ-સંતો મરમીઓએ જગતભરમાં કાળેકાળે કરેલ છે, ને જેને અનુભવ્યા પછી મનની વિવિધ મથામણોનું શમન થાય છે, તેનો અનુભવ લેવો તે. આ અનુભવ જીવનમાં હરકોઈને સત્પ્રવૃત્તિ કરતાં કરતાં થઈ શકે છે.

પણ આ અનુભવ શરીર દ્વારા શક્ય છે, માટે શરીર ટકી રહે ને સ્વસ્થ રહે તેવું સૌને મળવું જોઈએ. ને સૌને આ સ્વમાનભેર મળે તે માટે એક એવો સમાજ રચાવો જોઈએ કે જેમાં –

यस्मान्नो द्विजते लोकः लोकान्नो द्विजते च यः

– કોઈ કોઈથી ઉદ્વેગ પામતું નથી, કે કોઈ કોઈને ઉદ્વેગ આપતું નથી.

આ જ વિચારમાંથી સંયમપૂર્ણ જીવન ફલિત થાય છે. નદી જેમ કાંઠા વચ્ચે પોતાના પાણીને રાખી સમુદ્ર તરફ વહે છે, તેમ સંયમના કાંઠા વચ્ચે પુરુષે પોતાના જીવતરને રાખી સત્યાનુભવ તરફ વહ્યે જવું. કાંઠા વિના જેમ નદી

[વિશ્વમાનવ : ઑક્ટોબર-નવેમ્બર, '૫૮]

સંભવતી નથી, તેમ જ સંયમ વિના આવાં વ્યક્તિ કે સમાજ–જીવન સંભવતાં નથી.

સંભવ છે કે આવો સંયમ મોડો સિદ્ધ થાય. ખાસ કરીને જેને પરાણે ભૂખ્યા રહેવું પડ્યું છે તેવા સમાજને માટે એ મુશ્કેલ લાગે–ને શરૂઆતમાં ન પણ સ્વીકારાય. પણ તે ફરી એક કાળે સ્વસ્થબુદ્ધિથી વિચાર કરતો થશે ત્યારે સ્વીકારશે, તેવી સર્વોદયને આસ્થા છે.

ગમે તે સમાજમાં ફેરફારની જરૂર અવારનવાર રહે છે જ. સમાજ કાયમ એક જ સ્થિતિમાં રહે તેવી કલ્પના બરાબર નથી. તો આ ફેરફાર કરાવવો કઈ રીતે? લોકશાહી જ્યાં સારી રીતે ચાલતી હોય ત્યાં આ પ્રશ્ન એટલો તીવ્રપણે ઊઠતો નથી. પણ કોઈ જ વાર ત્યાં ઊઠતો નથી તેવું નથી. બહુમતિ પણ ઘણી વાર જડ હોય છે. આપણે ત્યાં અસ્પૃશ્યતા તે બહુમતિની સંમતિથી જ હતી. અમેરિકા ને બીજાં સ્થળોએ રંગભેદ બહુમતિની છાપવાળો છે. સામાન્ય ને આવા અપવાદરૂપ સંજોગોમાં ફેરફાર કેમ કરાવવો?

ફેરફાર કરવાનો છે. પણ એ ફેરફાર એવી રીતે નથી કરવાનો કે જેથી રોગ બહારથી મટ્યો દેખાય પણ અંદર લાગ જોતો છૂપાઈ રહે. અથવા તો એવી રીતે નથી કરવાનો કે જેથી રોગ એક દિશામાંથી મટે પણ બીજી દિશામાં ફૂટી નીકળે.

માનો કે આપણે લશ્કરના આધારે અમુક રાજકર્તા-વર્ગને હઠાવ્યો. પણ જો તેનું સ્થાન લશ્કરના વડાઓ કે લશ્કર લેવાનું હોય તો રોગની દિશા બદલાઈ તેટલું જ બન્યું.

—એવી જ રીતે માનો કે શિક્ષકે વિદ્યાર્થીને ભય કે લાલચ આપીને ખાદી પહેરાવી, ને ગ્રામકાર્યકરે ગામમાં તેવી જ રીતે નિશાળ બંધાવી, પણ તેથી વિદ્યાર્થી તે ખાદીને આત્મસાત્ નહિ કરે, ને ગામલોકો તે નિશાળમાં છોકરાં નહિ મોકલે.

ભય અથવા લાલચનો જે પ્રક્રિયામાં અંશ છે તે તેટલા અંશે અશુદ્ધ સાધન છે, ને તેટલા અંશે રોગ નિર્મૂળ થતો નથી. ફેરફાર કરવો છે, પણ ભય ને લાલચનાં સાધનો વાપર્યા વિના કરવો છે. એટલે કે જાતે કરીને –વિરોધીઓ તરફ પણ સદ્‌ભાવ–સહાનુભૂતિ રાખીને કરવો છે. પ્રેમવિસ્તારની સાથે જ વિચાર ને કાર્ય વિસ્તાર કરવાનો છે.

પણ સાધનશુદ્ધિનો વિચાર કેવળ સમાજિક પરિણામોના ગજે જ થયો નથી, વ્યક્તિગત વિકાસદષ્ટિએ પણ તેનો વિચાર થયો છે.

માણસનાં કર્મની બે અસરો છે: એક સમાજ ને પ્રકૃતિ ઉપર ને બીજી તેના ખુદના ઉપર. મારું હરેક કર્મ જેમ બહારના સમાજને ઘડે છે, તેમ જ મારા મનને પણ ઘડે છે. એકએક કર્મ એકએક ટચાકો છે; ને તે મારી મનોરચનાને સારો કે માઠો ઘાટ આપે છે. એટલે સારા હેતુથી પણ જો હું અશુદ્ધ કર્મ કરવાનું સતત ચાલુ રાખું તો આખરે હું અશુદ્ધમૂર્તિ થયા વિના રહું નહિ. આથી આપણા ધ્યેય કે સાધ્ય કરતાં પણ આપણાં સાધનો વધારે મહત્ત્વનાં છે. ને તે સાધનો જ છેવટે આપણને ઘડે છે.

જેણે જીવનનું લક્ષ્ય જ સત્ય–શિવ–સુંદરનો સાક્ષાત્કાર કરવાનું રાખ્યું હોય, તે જો અસત્ય–અશિવ ને અસુંદરનો રોજ રોજ ઉપયોગ કરે, તો અંતે તે પોતે જ અકલ્યાણની મૂર્તિ બને ને અકલ્યાણનો સર્જક થાય, તેવું આ કર્મના કાયદાનું વિધાન છે. આ ચૂકી જવાને પરિણામે કૃષ્ણમાંથી કંસ થયેલાની ઇતિહાસ શું ગવાહી નથી દેતો?

સર્વોદયે વિચ્છિન્ન સમાજને જ અવિચ્છિન્ન કરવાનો નથી પણ વ્યક્તિની અંદર પણ કર્મ દ્વારા વિસંવાદ ન જન્મે તે જોતા રહેવાનું છે.

આવા જીવનવિકાસ માટે વિકેંદ્રિત સમાજ આવશ્યક છે. હરેક માણસની સર્જનવૃત્તિને સામાજિક સેવામાં વ્યક્ત થવા દેવી તે શાંત અને સ્વસ્થ સમાજની આવશ્યક શરત છે. સર્જનનો આનંદ હરેકને જોઈએ છે. તે રૂંધાય છે ત્યારે જ અભિમાન-ઈર્ષ્યા ને મારફાડ રૂપે પ્રગટ થાય છે. કેંદ્રિત-સમાજમાં થોડા લોકો આયોજકો, આજ્ઞા કરવાવાળા, કામ માપવાવાળા ને બહુસંખ્યક લોકો તેનાં વાહનો બને છે. આ માપની ગણતરીએ મધ્યયુગી કે શરૂઆતનો મૂડીવાદી સમાજ કેંદ્રિત કલ્યાણરાજ્યવાદી, સામ્યવાદી કે સમાજવાદી સમાજ કરતાં ચડિયાતો હતો. સર્વોદય ધૂંસરી બદલવાનો કે ધૂંસરી બૂઠી કરવાનો વાદ નથી, ધૂસરી ફેંકી દેવાનો વાદ છે. પણ ધૂસરી ફેંકી દેવાનો રૂપાળો આદર્શ રાખવાથી ધૂસરી ફેંકાઈ જતી નથી. તેમ વિકેંદ્રિત સમાજનાં ગુણગાન ગાવાથી વિકેંદ્રિત સમાજ થવાનો નથી. સર્વોદયવાદીઓની આ ભારે ખામી રહી છે. તેઓ ભાવનાવિહારી રહ્યા કર્યા છે. કેંદ્રિત

સમાજરચનાનો એક ગુણ છે ને તે ગુણ જો વિકેંદ્રિત ઘટકો-માં ન લઈ જાય તો આ ભાવનાવિહાર આકાશવિહાર જ રહેવાનો.

મુંબઈ, કલકત્તા કે અમદાવાદમાં ધન ને સત્તા બન્નેનું કેંદ્રિકરણ થયું છે ને થતું પણ જાય છે. કારણ કે ત્યાં વિજ્ઞાન છે. આ વિજ્ઞાનનો લગભગ અભાવ તે સર્વોદયવાદીઓનું એક જાણે લક્ષણ રહ્યા કર્યું છે. કર્મ તે વિજ્ઞાન નથી. સર્વોદયવાદી-ઓએ જેટલી જહેમત ગ્રામજનતા કે આમજનતા માટે ઉઠાવી છે, તેટલી આ દેશમાં બીજા કોઈ સમુદાયે ઉઠાવી નથી. પણ તે છતાંય તેઓ કેંદ્રિત અર્થસત્તા કે રાજ્યસત્તાની પાસે તેજોહીન કેમ દેખાય છે? કાયમી સબસીડી કે દાન વિના તેમની રચના ચાલતી નથી ને ચાલવાની નથી.

એક ભૂદાન કાર્યકરે પૂછ્યું:

"ગ્રામદાન પછી સરકાર પાસેથી શી અપેક્ષા રખાય?"

મેં કહ્યું: "તે ગામમાં સરકાર વીજળી પહોંચાડે. તેટલું કામ કરી આપીને તે આઘી ખસી જાય."

વિકેંદ્રિત ઘટકો તો જ ટકવાનાં છે, જો તેનું ઉત્પાદન કેંદ્રિત ઘટકો કરતાં સરવાળે ઉતરતી કોટિનું ન હોય. અને જો કોઈ પ્રાકૃતિક શક્તિની સહાય તેમને મળે તો તેવું રહેવાનું કશું કારણ નથી. કાચો માલ ત્યાં છે, વધારાની માનવશક્તિ ત્યાં છે, વાપરનારા પણ ત્યાં છે. શા સારુ ત્યાંનો માલ વધારે સસ્તો ન પડે? કોલસાની હેરફેર મોંઘી પડે તેમ હતું. પણ વીજળી થતાં શક્તિ લઈ જવી તે મુશ્કેલ નથી રહ્યું. પણ મુશ્કેલી રહી છે અવૈજ્ઞાનિકતામાં. વિજ્ઞાનને વિકેંદ્રિકરણના રથે જોડવામાં સર્વોદયવાદીઓ ઉત્સુક નથી રહ્યા. વિનોબાજીએ અહિંસાને વિજ્ઞાનનો સમન્વય કરવાની વાત શરૂ કરી છે, ત્યાર-થી થોડો સળવળાટ શરુ થયો છે. અણુયુગમાં ઝડપ આવશ્યક છે. ધીરે ધીરે નહિ ચલાય એમ તેઓ કહે છે. પણ ઝડપની સહુથી વધુ જરૂર આ ક્ષેત્રમાં છે. તે જો સુસ્થાપિત થયું તો ઉપલું માળખું બદલાઈ જશે. માર્ક્સની એ વાત સર્વોદયવાદીઓએ ઝડપથી સ્વીકારી લેવા જેવી છે કે—જેવી અર્થરચના કરશો તેવી રાજ્ય રચના થતી જશે. યંત્ર અનિવાર્યપણે બેકારી લાવે છે, તેવો તેમનો (સ.વા.નો) સંસ્કાર છે. એક સંદર્ભમાં તે વાત સાચી છે. જો કે વિકસતા મૂડીવાદમાં એમ ઓછું બને છે. પણ વિકેંદ્રિત સમાજ-રચના કે જેમાં સંપત્તિની બહુ ઓછી અસમાનતા છે, યંત્ર કે યંત્રશક્તિ સર્વસુલભ કે સામાજિક છે, ત્યાં યંત્ર આવવાથી બેકારી આવશે તે માન્યતા ખોટી છે. વિકેંદ્રિત અર્થરચના તે સર્વોદયનો પાયો છે, પણ આવી અર્થરચના આજની વસ્તી, તેની જરૂરિયાતો વ. જોતાં વીજળી કે તેવી શક્તિની વૈજ્ઞાનિક સહાય વિના રચાવી ને ટકાવવી મુશ્કેલ છે.

પણ આનો અર્થ સર્વોદયમાં એવો નથી કે માણસે યંત્રને જીવનમાં એ હદે સ્થાન આપવું કે એને શરીરશ્રમ જ ન કરવો પડે. ભાવિમાં કોઈ સમાજ આવું કરી શકશે કે નહીં તે પણ પ્રશ્ન છે. પણ માનો કે તેવું શક્ય હોય તો, પણ સર્વોદય તો દરેક વ્યક્તિ રોજ કાંઈક સામાજિક રીતે ઉપયોગી કામમાં થોડા કલાક શરીરશ્રમ કરે, તેના ને સમાજના સ્વાસ્થ્ય માટે અનિવાર્ય ગણે છે. માણસના મનને જેમ સર્જનાત્મક ચિંતનમાં રોકવું તે જરૂરી છે, તેમ જ શરીરને પણ આવા સર્જનાત્મક સામાજિક શ્રમમાં રોકવું તે તેને સ્વસ્થ રાખવા માટે જરૂરી છે. સમાજમાં વિવિધ કામો રહેવાનાં. તેમાંનાં કેટલાંક પ્રયત્નતઃ બૌદ્ધિક કામો જ હશે. છતાં જનસમાજનો મોટો ભાગ શરીરશ્રમમાં રોકાયેલો હશે. અલબત્ત તેના કામના કલાકો ઘટયા હશે, તેની આવક વધી હશે. પેલા વિવિધ વર્ગો આ બહુજનસમાજ સાથે તાદાત્મ્ય સાધે તે જરૂરી છે. તેનો આ મોટો લાભ છે. પોતાના વ્યક્તિગત ને ધંધાગત અહંકારને ગાળવાનો પણ એ રસ્તો છે.

સર્વોદયના આ ત્રણ પાયા છે. આની સાથે માંડવાળ કરવી સર્વોદય માટે શક્ય નથી. કારણ કે એ વગર સમ્યક્ વ્યક્તિ કે સમ્યક્ સમાજ શક્ય નથી.

નૈતિક આદર્શોના સંસ્થાગત પાયો

એમ. એલ. દાંતવાળા

નૈતિક મૂલ્યોનું પ્રતિબિમ્બ પાડી શકે તેવી સંસ્થાગત ઈમારત રચવાના પ્રશ્ન તરફ ઘણીવાર યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી. આના કારણે ઘોષિત થયેલા આદર્શો અને વાસ્તવિક પરિસ્થિતિની વચ્ચે એક પ્રકારનું અંતર વિકસે છે, જે ઘણીવાર એટલું બધું ચોંકાવનારું થાય છે કે, ખુદ આદર્શ પરની શ્રદ્ધા હૃદયમાંથી ઊઠે છે. આદર્શ કેવળ પોકળ સૂત્ર–ઊંચા વિચારોના શણગારરૂપ બની જાય છે. પરંતુ પરસ્પર વિરોધી વાસ્તવિક ઘટના આગળ તેની શક્તિ ક્રમશઃ ઘટવા માંડે છે અને સાધારણ માનવીની સમજને એક પ્રકારના આંતરિક સડાને પ્રેરે તેવી ઉદાસીનતા ઘેરી વળે છે. લોકશાહી સમાજવાદ, કલ્યાણરાજ વગેરે જેવા અનેક આદર્શોની આવી દશા થવા પામી છે અને સર્વોદય તેમાંથી છટકી ન પણ જઈ શકે.

આદર્શો અને સંસ્થા વચ્ચેની એકરૂપતાની અભાવનું એક કારણ, ફિલસૂફો અને આપણે જેમને ટેકનિશિયનો કહીએ છીએ તેમની વચ્ચે ગાઢ સંપર્ક ન સાધવામાં રહેલું છે. સત્યનું દર્શન એ અણમોલ બક્ષિસ છે. પણ સર્વસાધારણ રીતે એની સાથે વ્યવહારમાં તેને ઉતારવાની દુન્યવી બક્ષિસ જોવામાં આવતી નથી. કાર્લમાર્ક્સના યુગ સુધી ફિલસૂફોને ઈતિહાસના પરિવર્તનની પડી ન હતી. હકીકતે તો આવા વિચારને તુચ્છ ગણવામાં આવતો હતો ઘરઆંગણાનો દાખલો લઈએ તો ગાંધીજીને મન આચાર આદર્શ જેટલોજ અગત્યનો હતો. વ્યક્તિગત આચાર એક વાત છે, જ્યારે આદર્શને અનુરૂપ સર્વસામાન્ય સંસ્થાકીય ઈમારતની રચના કરવી એ જુદી જ વાત છે. ગાંધીજીએ આ વસ્તુ પ્રત્યે વધારે ધ્યાન આપ્યું હતું એ નિઃશંક છે. પરંતુ આ લેખકના નમ્ર મત પ્રમાણે એક પ્રકારની કચાશ અને નિષ્ણાત જ્ઞાનના અનિવાર્ય અભાવનું આ પરિણામ હતું.

સદ્ભાગ્યે, વિનોબા ભાવેએ સામાજિક–આર્થિક સંસ્થા એ દ્વારા, સર્વોદયનો આદર્શ અમલમાં મૂકવા માંડ્યો છે અને આ દિશામાં ગ્રામદાનની પ્રવૃત્તિ ખૂબ જ હિંમતપૂર્વકનું પગલું છે. આ જ એવો વખત છે, જ્યારે ભૂતકાળની ભૂલનું પુનરાવર્તન ન થાય અને આદર્શવાદીઓ અને ટેકનિશિયનો વચ્ચે શક્ય એવો શ્રેષ્ઠ સંપર્ક સધાય તેની કાળજી લેવામાં આવવી જોઈએ. આવી પરિણતિનું શુભચિહ્ન કોરાપુટ કે જ્યાં, આ અખતરાનો નિષ્ઠાપૂર્વક અમલ થઈ રહેલો છે, તેમાંથી મળે છે. આમ છતાં આ માર્ગપર પણ ઘણાં ભયસ્થાનો રહેલાં છે, જેના પ્રત્યે ધ્યાન ખેંચવું જરૂરી છે.

આમાંનું એક ભયસ્થાન તો આદર્શવાદીઓ તેમના આદર્શોના સંસ્થાકીય પર્યાય તેમની પોતાની મેળે શોધી કાઢે અને તેમને નૈતિક નિરપેક્ષતાની સપાટીપર મૂકી દે તેમાં રહેલું છે. ટેકનિશિયનો પ્રત્યેના કંઈક વાજબી અવિશ્વાસ અને આ ટેકનિશિયનો તેમ જ જૂના ચીલામાંથી બહાર નીકળવાને અશક્ત છે, એવી તેમની માન્યતા કદાચ આ વસ્તુને બળવત્તર બનાવે છે. ટેકનિશિયનોના વિચાર આ ચીલાની પાછળ પાછળ જાગ્રત અને અજાગ્રત રીતે જુદા પ્રકારનાં મૂલ્યો રહેલાં છે. એવી ભીતિ સેવવામાં આવે છે કે ટેકનિશિયનો નવાં મૂલ્યોની સાથે એકરૂપ ન થઈ શકે અને આથી તેમની દ્વારા સંસ્થાકીય પરિવર્તન કરાવવું સલામત નહિ બને. આમ હોય તોપણ, કેવળ નૈતિક ઉત્સાહ એ ટેકનિકલ કુશળતાનું સ્થાન લઈ શકે નહિ. અને અપરિપક્વ વ્યક્તિ બિનનૈતિક (amoral) ટેકનિશિયનો કરતાં સારી ન હોઈ શકે. આ જ માત્ર પસંદગી અનિવાર્ય નથી. આદર્શવાદીઓ અને ટેકનિશિયનોનો સતત સંપર્ક બન્નેની ભૂલો દૂર કરી શકે અને યોજનાનું સંગીન માળખું તૈયાર કરી શકે. યોજનાનું માળખું ટેકનિકની દૃષ્ટિએ સંગીન બને જ્યાં નૈતિક મૂલ્યોને કલુષિત ન કરે.

સંસ્થા સિદ્ધિએ પહોંચવાના સાધનરૂપ હોઈ, તે નૈતિક

કસોટીથી પર છે એવું કહેવાનું નથી. પરંતુ સિદ્ધિની નિરપેક્ષતા તેનામાં–સાધનોમાં હોતી નથી. અહીં અખતરો અજમાવવાની ગુંજાયશ છે અને આદર્શોને સિદ્ધ કરવા માટે નૈતિક મૂલ્યોનો વિરોધ ન હોય તેવી અનેક પ્રકારની પ્રવૃત્તિઓ હોઈ શકે.

આદર્શોથી માંડીને સાધનો સુધી અંધસૂત્રતા લાગુ પાડવામાં આવે ત્યારે આદર્શો બહુધા તેનું આકર્ષણ ગુમાવે છે. લોકશાહીના આદર્શને જે નિરપેક્ષતા આરોપવામાં આવે તેવી કોઈ નિરપેક્ષતાનો દાવો પાર્લામેંટરી સ્વરૂપની સરકાર કરી ન શકે. સમાનતાના આદર્શના જેટલી પવિત્રતાનો દાવો સામુહીકરણ (Collectivisation) ન કરી શકે.

અન્ય આદર્શોની માફક, સર્વોદય પણ સંસ્થાગત પ્રાગટ્ય શોધે છે. ગ્રામદાની ગામોમાં આ પ્રશ્નનો ઉકેલ શોધવાનું ચિન્તાજનક રીતે અગત્યનું બન્યું છે. જમીનની માલિકી અને તેનો ઉપયોગ, વૈયક્તિક વિરુદ્ધ સામુહિક ખેતી, સ્વયંપૂર્ણતા વિરુદ્ધ બહારની નિષ્ણાત સલાહ, યંત્રનું સ્થાન અને તેના કાર્ય અંગેની મુશ્કેલ પસંદગી, સ્વયંપૂર્ણતા વિરુદ્ધ શોષણ વિહીન પરસ્પરાવલમ્બનઃ આ બધા અંગેની ખૂબ જ મહત્ત્વની સમસ્યા ખડી થાય છે. ઉપરની યાદી કંઈ સંપૂર્ણ નથી. આના મારેનો તત્કાલ કોઈ ઉકેલ દર્શાવવાનો આ લેખનો હેતુ પણ નથી. આ બધી બાબતોપરની ચર્ચા કરતી વખતે વેદિયાવેડા ન થાય તેની અત્યાવશ્યકતા પર ભાર મૂકવાનો જ માત્ર આની પાછળનો હેતુ છે. ટેક્નિશિયનોનું નૂતન ઘડતર કરવાની જરૂર હોય તો, સાથે સાથે આદર્શવાદીઓએ ખૂલ્લાં મન કરવાની પણ જરૂર છે. વિચાર અને તાલીમ વારસામાં મળતાં હોય તો એ બન્નેને લાગુ પડે છે.

એક બીજી, અસ્વસ્થ કરે તેવી શક્ય અસરનો પણ ઉલ્લેખ કરી લેવો ઘટે. સર્વોદયના અનુયાયીઓ જુદા જુદા માર્ગો દ્વારા ભેગા મળ્યા છે. કેટલાકો સંભવતઃ તેમની અગાઉની માન્યતાથી પૂર્ણપણે વિમુક્ત ન બન્યા હોય. એમના મનના ઊંડાણમાં અન્તર્ગત ડંખની લાગણી રહી જવા પામી હોય. આમાંના કેટલાકો હજુ હમણાં સુધી રાજકીય ક્ષેત્રમાં પડેલા હતા અને રાજકારણ સાથે સંકળાયેલા ઉદ્દામવાદ અને લોકપ્રિયતાનો મીઠો સ્વાદ પણ તેમણે ચાખ્યો હોય. સર્વોદયનો નિર્મળ પ્રવાહ તેની ઉચ્ચતાને છાજે તેવો આછો પાતળો અને એકાંતિક છે. આ પ્રવાહ મોટા નદના રૂપમાં ફેરવાય તે અગાઉ તેમાં ઘણા એટલા જ નિર્મળ અને થોડા ઓછા નિર્મળ પ્રવાહો સંગમ પામશે. પણ અત્યારે અમે એ મુદ્દા પર ભાર મૂકવા માગીએ છીએ કે સર્વોદય સમાજની સંસ્થાકીય ઇમારત રચવાની પ્રક્રિયા કરતી વખતે આપણે વારસામાં મેળવેલા વિચારોના ઢાંચા અને આદર્શવાદીઓ તથા ટેક્નિશિયનોની માન્યતાનું પુનઃપરીક્ષણ કરવું પડશે. ટેક્નિશિયનો વ્યવહારુ માર્ગ બતાવે અને આદર્શવાદીઓ નૈતિક ચોકઠું આપે, તેના પાયા પર સમજદારીપૂર્વકની સહિષ્ણુતાના વાતાવરણમાં આપણે અખતરો અજમાવવો જોઈએ. [ગાંધીમાર્ગ (અંગ્રેજી) જાન્યુઆરી : ૧૯૫૮]

ભૂદાન અને સમાજવાદી સમાજ–વ્યવસ્થા

ઉ. ન. ઢેબર

સમયની ગતિની સાથે ભૂદાન ગ્રામદાનના રૂપમાં વિકસી રહ્યું છે. જનસાધારણની અને નેતૃત્વની જે શક્તિઓ આ આંદોલનને આકાર આપી રહી છે, તે ભારતના નવનિર્માણની દિશામાં આત્મ-વિશ્વાસ અને સાવધાનીપૂર્વક ઊંચા ચઢાણ ચઢી રહી છે. આ પ્રગતિની દિશામાં યેલવાલ સંમેલન એક નિશ્ચિત ચઢાણ છે.

[વિશ્વમાનવ : ઑક્ટોબર-નવેમ્બર '૫૮

વિનોબાજીએ આ આંદોલન શરૂ કર્યું છે, ત્યારથી ઘણીવાર અમારો અને એમનો રાહ એકબીજાને મળતો રહ્યો છે. સમાજવાદી અર્થ-વ્યવસ્થાનો આદર્શ અને ભૂદાનનો આદર્શ એકબીજાને મળતો અથવા પૂરક જણાયો છે. પરંતુ કેટલીક વાર ગ્રામજીવનના દૃષ્ટિકોણથી જોતાં તે એકબીજાના ઘર્ષણમાં આવતા અને હરીફ જેવાય દેખાયા છે.

ભૂદાન અને સમાજવાદી સમાજની કલ્પના

વાસ્તવમાં ભૂદાન અને સમાજવાદી સમાજ-વ્યવસ્થાની કલ્પના વચ્ચે શો સંબંધ છે? શું ભૂદાનની કલ્પના દેશી અને મર્યાદિત વ્યવહાર અંગેની છે? અને સમાજવાદી સમાજરચનાની કલ્પના શું એવી પશ્ચિમી ચીજ છે કે જે, બીજો કોઈ દેશી ઉપાય હાથ ન લાગવાને કારણે આપણા નેતાઓએ ધ્યેયને વ્યક્ત કરવા પરદેશી આદર્શ આયાત કર્યો હોય?

જે સિદ્ધાંત દુનિયાની ⅓ માનવ-વસ્તીની સામાજિક તેમ જ આર્થિક સમસ્યાઓનો ઉકેલ કરી શકે, તે પોતાના અમલ અને વિસ્તારમાં મર્યાદિત ન રહી શકે. જો એ સિદ્ધાંત પોતાના કાર્યમાં બહુમૂલ્ય તત્ત્વજ્ઞાનની ઘેરી છાપ ઉપસાવવામાં અને એની ચમકને પ્રગટ કરવામાં અસફળ રહે; જો તે વિવિધ અને અસરકારક ટેકનિક અને પદ્ધતિઓનો વિકાસ સાધીને, પોતાના દેશની વિશાળ જનસંખ્યાના વિચારોને આવરી લઈને, પ્રભાવશાળી લહર અને સ્થાયી પ્રગતિ સાધવા અસમર્થ નીવડે; તથા એ જે નિષ્કર્ષ ઉપર પહોંચવાનો દાવો કરે છે તેને અનુરૂપ પૂરતું બળ પ્રગટાવવામાં નિષ્ફળ નીવડે, તો એવું આંદોલન લાંબા સમય સુધી લોકો પર પોતાનો પ્રભાવ જમાવી શકે નહિ.

પરંતુ જો તેમની પાસે આવશ્યક તત્ત્વજ્ઞાન હોય, જનસાધારણ પર પ્રભાવ પાડવાની ગુંજાયશ હોય અને પોતાનાં જાહેર કરેલાં મૂલ્યોને અનુસરી પરિણામ લાવી શકે અને એ મૂલ્યોને અનુરૂપ ટેકનિક વિકસાવી શકે એવી તાકાત હોય તો શરૂઆતમાં મર્યાદિત હોવા છતાં, લોકોના મગજ ઉપર તે અવશ્ય પ્રભાવ પાડ્યા વિના નહિ રહે. મારા મતે, ભૂદાન આ પ્રકારનું એક આંદોલન છે. અલબત્ત તેનું મૂળ ભારતીય છે ને એના પ્રણેતા તથા નિર્માતાની મહાનતાને અનુરૂપ એવી નમ્ર વિધિથી જ તેનો આરંભ થયેલો છે. આ આંદોલન લોક-આંદોલનના સઘળા આવશ્યક ગુણો અત્યારથી જ પ્રગટ કરી રહ્યું છે. પોતાની છૂપી શક્તિઓને પ્રગટ કરીને તે કેવળ જન-સાધારણને જ નહિ, પરંતુ બીજા વર્ગોને પે આકર્ષી રહેલ છે. જેવી રીતે સામ્રાજ્યવાદનો ભારતમાંથી અંત આણીને સત્યાગ્રહનાં સાધનો-અર્થાત્ સત્ય અને અહિંસાએ સમસ્ત દુનિયાના વિચારો પર અસર પાડી છે, તેવી જ રીતે ભૂદાન આંદોલન સફળ થયેથી દુનિયાની વિચારધારા પર ચોક્કસ અસર કરશે જ.

સમાજ અને ભારત

સમાજવાદી ઢબની સમાજવ્યવસ્થાની બાબતમાં પણ આવું જ કહી શકાય. વિજ્ઞાનને કોઈ સીમા-બંધનો નથી. સામાજિક વિજ્ઞાનમાં અર્થશાસ્ત્રના નિયમોના અમલનું અને એ જ નિયમોની સામાજિક વ્યવસ્થા પર જે અસર પડે છે, એનું જ્ઞાન ભરેલું હોય છે. આવું વિજ્ઞાન આખી માનવ-જાતની સંપત્તિ છે. ભલે પછી એ વિચાર પશ્ચિમથી પૂર્વ તરફ ગયો હોય યા તો પૂર્વથી પશ્ચિમ તરફ ગયો હોય. અંતિમ પૃથક્કરણમાં તો, પ્રજા સામે જે સમસ્યાઓ ખડી હોય તેના નિરાકરણ માટેના પુરુષાર્થ ને અનુભવોનો જ તે પડઘો પાડે છે. પછી એમાં તે તે લોકોના દેશ અથવા તો ચામડીના રંગનું મહત્ત્વ રહેતું નથી; છતાં અમુક વિચાર કોઈ અમુક લોકોના અનુભવનું પરિણામ હોવાને કારણે, આપણે જ્યારે એમના વિચારને આપણા દેશ માટે અપ-નાવવા માગતા હોઈએ, ત્યારે સૌ પ્રથમ તો, જે લોકોએ, જે ખાસ પરિસ્થિતિમાં એ રીતને અજમાવી હોય, તેમની સામાજિક આર્થિક અવસ્થાનું ખાસ અધ્યયન કરવું જરૂરી બને છે.

ભારતીય લોકોનો એવો મત છે કે, સમાજવાદના સિદ્ધાંતોને આપણા દેશની પરિસ્થિતિ અનુસાર અહીંની સામાજિક, આર્થિક તેમ જ દેશની ઐતિહાસિક સાંસ્કૃતિક ભૂમિકાને અનુરૂપ બનાવી લાગુ પાડવા પડશે. એમને અહીંના લોકોની પ્રતિભાને અનુરૂપ એવું સ્વરૂપ આપવું પડશે. અમે સરકાર તેમ જ કોંગ્રેસ તરફથી અનેકવાર એ વાત ઘોષિત કરેલી છે, કે સંદર્ભથી અલગ પાડી નાખી વાપરવામાં આવતા શબ્દોને અમે કોઈ મહત્ત્વ આપતા નથી. અને જ્યારે અમે કહીએ છીએ, કે સમાજવાદી સમાજવ્યવસ્થાના સિદ્ધાંતોનો અમે સ્વીકાર કર્યો છે, ત્યારે અમારો અર્થ સ્પષ્ટ હોય છે કે, અમે ભારતીય પરિસ્થિતિને

અનુરૂપ અને અહીંના લોકોની ગ્રહણ–ક્ષમતામાંથી પાર ઊતરે એવા જ સ્વરૂપને અમલમાં આણવામાં માનીએ છીએ. અહીં જ અમે કોમ્યુનિસ્ટ વિચારસરણીથી જુદા પડીએ છીએ.

સાધનશુદ્ધિ

બેઉ–ભૂદાન અને કોંગ્રેસે પ્રબોધેલ સમાજવાદના સિદ્ધાંતોમાં બીજું ય સામ્ય છે. તે છે સાધ્યને પ્રાપ્ત કરવા માટેનાં સાધનોની બાબતમાં. આ સિદ્ધાંતમાંનો વિશ્વાસ-એ તો રાષ્ટ્રપિતા તરફથી આપણને મળેલા કીમતી વારસાનું સૌથી અધિક મૂલ્યવાન મોતી છે. ગાંધીજી કહેતા :—

> "કેટલાક લોકો કહે છે: 'સાધન એ તો આખરે સાધન જ છે. હું તો કહીશ કે, આખરે જે કંઈ છે તે સાધન જ છે. જેવું સાધન તેવી સિદ્ધિ. હિંસા દ્વારા મેળવેલું સ્વરાજ્ય પણ તેવું જ હશે. તે ભારત માટે જ નહિ પરંતુ આખી દુનિયાને માટે શાપરૂપ બની રહેશે. સાધન અને સાધ્યની વચ્ચે દીવાલ હોઈ જ ન શકે. અલબત્ત, સૃષ્ટિના કર્તાએ સાધનો પર અંકુશ રાખી શકાય એવી શક્તિ આપણને આપી છે (અને તે પણ ઘણી જ મર્યાદિત). પરંતુ સાધ્ય પર આપણું કશું જ નિયંત્રણ નથી. જેવાં સાધનો તેવી સિદ્ધિ—આ એવું વિધાન છે, જેમાં કોઈ કશો અપવાદ કામ કરતો નથી."

દેશની આંતરિક બાબત હો, અથવા તો વિદેશનીતિ હો, આર્થિક સમસ્યા હો અથવા કોક સામાજિક કોયડો હો, લક્ષ્ય ગમે તે હો: એની સિદ્ધિ કેટલીક નિશ્ચિત દૃષ્ટિએ જ કરવી પડશે. આપણા માટે સવાલ ગમે તે ભોગે લક્ષ્યસિદ્ધિ પ્રાપ્ત કરવાનો નથી, પણ સાધનો ઉપરની આસ્થાનો છે.

તત્ત્વજ્ઞાન

સર્વોદય અને સમાજવાદી સમાજવ્યવસ્થા–આ બન્ને વિચારધારાઓમાં ત્રીજી એક સમાનતા બન્નેના તત્ત્વજ્ઞાનમાં રહેલી છે. ભારતનાં સર્વસામાન્ય સ્ત્રી–પુરષના જીવન અને વિચારોના સ્તરને ઊંચે લઈ જવાનો ઉદ્દેશ અને સંકલ્પ: આ બન્નેનો આધાર છે. ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ તાત્કાલિક વિજય પામવાના લક્ષ્ય ઉપરાંત આ તત્ત્વ હતું જ. બંનેનું લક્ષ્ય એક એવો વર્ગ–રહિત, જ્ઞાતિભેદ–રહિત સમાજ રચવાનો છે કે જ્યારે દરેક માણસને ઊંચનીચ, શોષક ને શોષિત–એવા ભેદોથી મુક્તિ પ્રાપ્ત થાય, અને આજે જે આર્થિક અને સામાજિક અસમાનતાઓ અને અન્યાયો માનવજાત ઉપર લદાય છે, તેમાંથી તેમની મુક્તિ હાંસલ કરવાનો આદર્શ સિદ્ધ થાય.

પરસ્પર પૂરક વિચારધારાઓ

બેઉ વિચારધારાઓ વચ્ચેની આ સમાનતાઓને સમજી લીધા બાદ, હવે આપણે એ જોઈશું કે તે એકબીજાનાં પૂરક કેવી રીતે છે! એકબીજાને પૂરક થવાના આ ક્ષેત્રમાં, આ દેશની સામાજિક–આર્થિક સમસ્યાઓના ઊંડાણ સુધી પહોંચવાનો ભૂદાનનો દૃષ્ટિકોણ બતાવે છે કે તે, ઘણો તલસ્પર્શી છે.

સમાજવાદી વ્યવસ્થાનો રસ્તો એ ઉપરથી અને જંગી યોજનાઓ અમલમાં આણીને તે દ્વારા સમસ્ત સમાજને બદલવાનો છે; ત્યારે ભૂદાન નીચલા થરથી શરૂ કરીને સમાજમાં આમૂલ પરિવર્તન આણવા માગે છે. જો કે આ બેઉ વિચારધારાઓની શરૂઆત બે જુદા જુદા છેડાઓથી શરૂ થયેલી છે, છતાં વાસ્તવમાં બંનેનો શક્તિ-સ્રોત ગાંધી–ક્રાન્તિ જ છે. ટેકનિકલ શબ્દાડંબર દૂર કરીએ, તો ગાંધી-ક્રાન્તિનો સાર ગ્રામ–નિર્માણ યોજનાઓ, સક્રિય પંચાયતો, અને સહકારી ગ્રામવ્યવસ્થાની સિદ્ધિ ઉપર આધારિત માનવ-મુક્તિ જ છે. ગાંધીજી કહેતા હતા કે:– "ભારત ગામડાંમાં વસે છે, શહેરમાં નહિ. જ્યારે હું ગામડાંઓને એમની દરિદ્રતામાંથી મુક્તિ અપાવવામાં સફળ થઈશ, ત્યારે જ હું તમારા માટે અને આખા યે ભારત માટે સ્વરાજ્ય મેળવી લીધું એમ માનીશ."

રાષ્ટ્રીય પ્રગતિના પંથે

ઓકટોબર ૧૯૫૪માં રાષ્ટ્રીય નિર્માણ સમિતિમાં બોલતી વખતે પંડિત જવાહરલાલ નેહરુએ પણ લગભગ આ જ મતલબના શબ્દો ઉચ્ચાર્યા હતા :—

> "જેને હું સૌથી વધુ અગત્ય આપું છું તેને વિષે હવે હું બોલીશ; તે છે કે કમ્યુનિટી પ્રોજેક્ટ્સ અને નેશનલ એક્સ્ટેન્શન સર્વીસીઝ મારી માન્યતા મુજબ જો આ યોજનાઓને સારી રીતે અમલમાં મૂકવામાં આવે, તો એમાં કોઈક એવું તત્ત્વ છે જે મૂળભૂત રીતે ક્રાંતિકારી છે. હું એમ નથી કહી શકતો કે તે યોજનાઓ ૧૦૦ ટકા સારી રીતે કામ કરી રહી છે. પરંતુ એટલું તો હું ચોક્કસ માનું છું કે, એમાં એકંદરે બહુ સારી રીતે કામ થઈ રહ્યું છે અને એથી આપણાં ગામડાંઓમાં જબરજસ્ત ફેરફારો

થઈ રહ્યા છે, અથવા તો થવાના છે. મારા ખ્યાલ પ્રમાણે, બીજા વ્યક્તિગત પ્રયાસોને યોજનાબદ્ધ રીતે વિકસાવવાની દિશામાં આ વિકાસયોજનાઓ ઘણી જ આશાજનક ચીજ છે. આપણે ભૂતકાળમાં ગામડાંઓ પ્રત્યે પૂરતું ધ્યાન આપ્યું નથી અને જ્યાંસુધી આપણે એને એક નિશ્ચિત કક્ષા ઉપર નહિ લાવી મૂકીએ, ત્યાંસુધી તે આપણી પ્રગતિમાં અવરોધક બનશે."

ભૂદાન યા સર્વોદયની કલ્પના તેમ જ કોંગ્રેસે અપનાવેલ સમાજવાદી સમાજ–વ્યવસ્થાની કલ્પનાની પાછળ પંચાયત પદ્ધતિ અને ગ્રામસહકારના વિચારો એકબીજાના પૂરક છે.

બે નોંખી આખરી કલ્પનાઓ

પરંતુ આ બંને આંદોલનોમાં સમાનતા હોવા છતાં ઘણો મોટો ફરક છે, અને અસમાનતાઓ પણ છે. તે એટલે સુધી કે આ બંનેનાં આખરી સ્વરૂપની કલ્પનાઓમાં ઘણો મોટો ભેદ પડી જાય છે. આનો અભ્યાસ પણ રસદાયી છે. કદીક કદીક આ ભેદો જુદી જુદી વ્યક્તિઓ પર જે જાતની દાર્શનિક અસરો પાડે છે તેને કારણે પેદા થાય છે, તો કોઈકવાર વળી એનું કારણ એવું પણ હોય છે કે, મનુષ્ય-સ્વભાવ, પરિસ્થિતિ એને મધ્યમ માર્ગ ગ્રહણ કરવાની ફરજ ન પાડે ત્યાં સુધી અંતિમવાદ તરફ ઢળતો હોય છે. આ વાત બંને વિચારસરણીઓ માટે સાચી છે.

ઉપર કહ્યા તે પ્રભેદો અને પ્રકારો કયા છે ? સમાજવાદી વિચારણા એ એવા પ્રકારની વિચારણા છે જે વર્ગવિગ્રહના સિદ્ધાંત પર ભાર મૂકે છે, ને તેનું નિરાકરણ ઉત્પાદનનાં સાધનો ઉપર સામાજિક માલિકી યા નિયંત્રણ દ્વારા લાવવા માગે છે.

ત્યારે ભૂદાનની વિચારણાનો ઉગમ માનવીની મૂળગત ભલાઈ ઉપરના વિશ્વાસમાં રહેલો છે અને તે માલિકી-હક્ક તથા મિલકતના સ્વૈચ્છિક ત્યાગનો માર્ગ ચીંધે છે. સમાજવાદી જો કે માનવીય તત્ત્વને નજરઅંદાજ નથી કરતાં, તેમ છતાં તે સમસ્યાની વિચારણા આર્થિક દૃષ્ટિકોણથી કરે છે.

ભૂદાન આંદોલનના પ્રણેતા સહકાર અને સ્વાર્પણની ભાવનાને પ્રગટાવવાની દિશામાં વિચારે છે; ને તેને લાગે છે કે, એક વાર જો એવી ભાવના પ્રગટશે તો આર્થિક સમસ્યાઓને ઉકેલવા આવશ્યક સાધનો તે જોગવી શકશે. આમાં ભૂદાનના પ્રણેતા **પહેલાં પાયા તરફ** દૃષ્ટિ રાખે છે. ત્યારે સમાજવાદી વિચારક, આર્થિક વલણોને ગતિમાન કરવા તરફ ઢળે છે, અને તે દ્વારા એવા સામાજિક આવેગો પ્રગટાવવા મથે છે કે જે **આખરે પાયા તરફ** વળે.

વિનોબાજી પ્રત્યેક પગલે આગળ વધી રહ્યા છે. ચાંડિલ સમ્મેલનમાં ભાષણ આપતાં તેઓએ કહ્યું હતું કે :

> "ભારત એ તત્ત્વજ્ઞાનની ભૂમિ છે, જો કોઈ આચારનો ઉપદેશ કરવામાં આવે તેની પાછળ દાર્શનિક સમજણ શોધવાને આપણા લોકો ટેવાયા છે.
>
> બૌદ્ધ ધર્મ આચારની સીમામાં પરિમિત રહ્યો. એણે કેટલાક સામાજિક સુધારા દાખલ કર્યા, પરંતુ તત્ત્વજ્ઞાનના હાર્દ સુધી તે પહોંચ્યો નહિ. પરિણામ એ આવ્યું કે, ભારતે બૌદ્ધ ધર્મથી ફાયદો તો મેળવ્યો પરંતુ તે ધર્મ લાંબા સમય સુધી આ દેશમાં ટકી શક્યો નહિ. હું આ ઉદાહરણ ફક્ત એટલું બતાવવા માટે ટાંકું છું કે, કોઈપણ આચારને ગહન તાત્ત્વિક ટેકો ન હોય ત્યાં સુધી આ દેશ તેને લાંબો વખત સહન કરી લેતો નથી."

તત્ત્વજ્ઞાનનો આધાર

ભારતમાં કોઈ પણ પગલું ભરનારે તત્ત્વજ્ઞાનનો આધાર લેવો પડે છે એ વાત સમજાવતાં વિનોબાજી કહે છે :–

> "આ ભૂદાન અને અન્ય દાનઆંદોલનો તો કેવળ ઉચ્ચાલનો છે. શરૂઆતમાં તો આ આંદોલન આસક્તિ અને પ્રલોભનમાંથી માણસને મુક્તિ આપવાની પ્રક્રિયા માત્ર છે. માણસ પોતાની જાતની મુક્તિ કઈ રીતે સાધી શકે ? એની શરૂઆત ભૂમિની માલીકીના ત્યાગથી કરો. દાન આપીને તમે કોઈના પર અહેસાન ચઢાવતા નથી. અંતે તો ગામની સારી યે જમીન સામુહિક રૂપમાં સૌની માલિકીની થશે."

અને અંતે હવે એનું સંપૂર્ણ ચિત્ર રજૂ થાય છે. વિનોબાજી કહે છે :–" આખા ગામની જમીન ભેટમાં આપી દેવી એને હું દાન નથી ગણતો. હું એને સમર્પણ કહું છું. એવું સમર્પણ જ ગ્રામ–રાજની સ્થાપના કરી સર્વોદયની કલ્પનાને મૂર્ત કરશે."

તત્ત્વજ્ઞાનથી આરંભ કરી, સામુહિક ગ્રામજીવનની કલ્પના કે જ્યાં ગામની તમામ જમીનની માલિકી એ ગામમાં વસનારાઓની જ હોય, અને આવા સામુહિક માલિકીના ગામથી આરંભી ગ્રામરાજ અથવા સર્વોદય સમાજની કલ્પના

—આ બંને થઈને આખું ચિત્ર પૂર્ણ થાય છે. એનું પહેલું સોપાન છે ભૂદાન અને છેલ્લો વિચાર છે ગ્રામરાજ. માર્ગ લાંબો જરૂર છે પણ ગ્રામજનો માટે સરળ છે—સમાજવાદના ગૂંચવાડાભર્યા સિદ્ધાંતો કરતાં તેઓ આ વાત બહુ સહેલાઈથી સમજી શકે છે.

અહીં હું એમ કહેવા માગતો નથી કે ગ્રામવાસીઓ એને સરળતાથી સમજી શકે છે, એથી કરીને ભૂદાન અથવા ગ્રામદાન-ક્રાંતિને મૂર્તરૂપ આપવાનું એટલું સરળ છે. આ તત્ત્વજ્ઞાનને માટે ગામડાંની સ્વયંપૂર્ણતા, અહિંસા અથવા જીવમાત્ર પ્રતિ સન્માન, તેમ જ પ્રાકૃતિક તત્ત્વોને નુકસાન પહોંચાડ્યા વગર, વ્યક્તિગત ઉન્નતિની સાથોસાથ પ્રાકૃતિક સાધનોનો વિકાસ પણ આવશ્યક છે.

આ દૃષ્ટિ શિક્ષણના સિદ્ધાંતો અને પદ્ધતિઓ ઉપર પણ અસર કરે છે. માલિકીહક્કનો ત્યાગ કરવાનું વિચારનારી સમાજવ્યવસ્થામાં 'કેરીઅર' માટેના શિક્ષણને કોઈ સ્થાન નથી. ત્યાં તો શિક્ષણ સેવાને માટે હોય છે. આવા શિક્ષણનું ધ્યેય અપરિગ્રહ અને સહકારના પાયા પર રચાયેલ નવમાનવવાદ જ હોઈ શકે. તેની અસર વ્યાપાર અને ઉદ્યોગ પર પણ થાય છે. અલબત્ત, કેન્દ્રિત ઉદ્યોગો તેમાં હશે જ; પરંતુ એની માલિકી સમાજની હશે; તેમ જ તેનું સંચાલન, શક્ય હશે ત્યાં, સ્વાયત્ત કૉર્પોરેશનો અથવા સહકારી મંડળીઓ કરશે.

આ શિક્ષણ શાસનતંત્ર ઉપર પણ પ્રભાવ પાડશે. એ તો રાજ્યવિહીન સમાજ હશે; જેમાં પ્રાદેશિક સંઘો સર્વસાધારણ શાસન-તંત્રનું સંચાલન કરતાં હશે. અલબત્ત આ આખરી લક્ષ્યની વાત થઈ. એકવાર સંપત્તિની માલિકીની ધારણા બદલાઈ જતાં, ગ્રામ-સ્વયંપૂર્ણતા પ્રાપ્ત થતાં, સામાજિક સ્થિતિનો વિકાસ થઈ જતાં, તેમ જ ગ્રામપંચાયતો અને અન્ય સહકારી સમિતિઓને આવશ્યક કાર્યકુશળતા પ્રાપ્ત થતાં રાજ્યને માટે ભાગ્યે જ કશું કામ કરવાનું બાકી રહેશે. પરિણામે રાજ્ય આપમેળે જ નાબૂદ થઈ જશે; અથવા બહુબહુ તો તેણે વિદેશનીતિ, સંપર્ક-વ્યવહાર તથા તે પ્રકારનાં બીજાં અખિલ ભારતીય ઢબનાં થોડાંક કાર્યો કરવાનાં બાકી રહી જશે. શાસક અને શાસિત તરીકેની લાગણી પેદા કરનારી, મુખ્યતઃ નિરીક્ષણ અને નિયંત્રણ જ કરવાવાળી સંસ્થાઓથી સાવ જુદા જ પ્રકારની પંચાયતો અને તેના જેવાં બીજાં સંગઠનો સિવાયની સંસ્થાઓ માટે તો સર્વસાધારણ જનતામાં શંકાદૃષ્ટિ રહેશે.

બે ચિત્રો

આ ચિત્રને આપણે સમાજવાદી સમાજ-વ્યવસ્થાના ચિત્ર સાથે સરખાવીએ. પહેલાં તો એવું લાગશે કે જાણે બંને એકબીજાનાં નિષેધક છે. પણ એવું નથી. જે વસ્તુ એકને માટે સારી છે, તે બીજા માટે પણ સારી જ છે. ભારતીય પરંપરા, આપણા વિકાસની કક્ષા, આપણી બાહ્ય પરિસ્થિતિ અને આપણા દેશની પાયાની સગવડો-સૌએ પોતપોતાનું મહત્ત્વ વ્યક્ત કરવાનું છે. ભારતીય ક્રાન્તિની આ એક વિશેષતા છે કે તે 'અંતિમ' સ્થિતિ તરફ નથી જતી, કેમકે એનાથી દેશની પ્રગતિશીલ શક્તિઓનો નાશ થાય છે. જે લોકો ગાંધી વિચારસરણી અનુસાર આ દેશના ભાગ્યને ઘાટ આપવા લાગ્યા છે, તેઓ પોતાના સિદ્ધાંતો અને આચરણનો પરિત્યાગ કર્યા વિના, એ વાત પ્રત્યે સંપૂર્ણ સાવધાન છે કે પોતે એવું વલણ ધારણ કરી બેસી ન જાય કે જેથી કેવળ વેદિયા સિદ્ધાન્તવાદી બની જવાય. લોકશાહી અને લોકશાહી રીતે પરિવર્તન લાવવાની ઘોષણા એમને મતે કેવળ ઘોષણા જ નથી. આ સંઘર્ષનું મૂળ તત્ત્વ છે: પરસ્પર સહિષ્ણુતા અને મૂલ્યોનો ત્યાગ કર્યા વગર સમાધાન કરવાની ઉત્સુકતા.

વિકેન્દ્રીકરણ તરફ

એટલે કે મેં આગળ બતાવેલા ચાર કે પાંચ ભેદો તેના અમલ દરમિયાન જ બીજા તત્ત્વજ્ઞાન ઉપર અસર કરશે, અને બીજી ફિલસૂફી વળી તેમના પર અસર કરશે.

સમાજવાદી સમાજરચનામાં રાજ્યનું અસ્તિત્વ હશે. પરંતુ દેશની વિશાળતા તથા મોટા ભાગના લોકો ગામડાંમાં રહે છે, તે મહત્ત્વની હકીકત જ રાજ્યને વિકેન્દ્રીકરણ તરફ ધકેલે છે. વળી જો, લોકો પોતે શું સાધી શકે તેમ છે તેને વિષે વધુ ને વધુ જાગૃત થાય અને, રાજ્ય પાસે વધુ ને વધુ પ્રમાણમાં માગણીઓ રજૂ કરતા થાય ત્યારે, તે સમસ્યાને પહોંચી વળવું હોય તો, રાજ્યે વિકેન્દ્રિત થવું પડશે. કેમકે આ બધી માગણીઓ સ્થાનિક સાધનોનો જ વિકાસ કરીને મહદ્ અંશે પ્રાપ્ત કરી શકાય તેમ છે. સામાજિક-આર્થિક નીતિ અંગે તથા, વહીવટીતંત્રની અને તેના અમલીકરણની

રીતિનીતિ અંગેના નિર્ણયો લેવાની જવાબદારી ને અધિકાર-ને વિકેન્દ્રિત કર્યા વિના ચાલવાનું નથી. વહીવટીતંત્રનું વિકેન્દ્રીકરણ સમય જતાં આ પ્રક્રિયાને અનિવાર્ય બનાવશે. સૈદ્ધાન્તિક રીતે, આ કલ્પના અને સર્વોદયની કલ્પના વચ્ચે જરૂર થોડોક ભેદ રહેશે. પરંતુ વ્યવહારમાં રાજ્યે તો પોતાની સતત વિકાસ પામતી સત્તાઓને ગ્રામવહીવટીતંત્રને હસ્તક સુપ્રદ કરવી પડશે.

ગ્રામ વ્યવસ્થાતંત્રની બાબતમાં પણ સહકારનો સિદ્ધાન્ત થતાં તે વૈયક્તિકવાદ તરફની વૃત્તિઓ તથા વૈયક્તિક માલિકી સુદ્ધાંને વધુ ને વધુ પ્રમાણમાં નિયંત્રિત કરશે. ખાનગી માલિકી અસ્તિત્વમાં રહે તો પણ વૈયક્તિક માલિકી અને સમાજનાં પોતાનાં સાધનોનો પૂરેપૂરો કાર્યક્ષમ ઉપયોગ થાય તેના અધિકારની વચ્ચે સમસ્યાનો ઉકેલ આણવો પડશે. નાણાંકીય અને બીજાં કાનૂની પગલાં દ્વારા ખાનગી માલિકી દ્વારા થતા શોષણની શક્યતાને વધુ ને વધુ પ્રમાણમાં નિયંત્રિત કરવી પડશે. ઉદ્યોગ અને વેપારવણજની બાબતમાં જાહેર વિભાગ અને સહકારી વિભાગ અગ્રસ્થાન ધરાવશે અને સંકલિત રાષ્ટ્રીય માળખા માટે કાર્ય કરશે. મોટા અને નાના ઉદ્યોગો વચ્ચેની સમતુલા રોજગારીની માંગ દ્વારા સ્થપાશે.

નહેરુએ કહ્યું છે: "આજના ભારતમાં આપણે એમ જ અથવા તો કેટલીકવાર આપણી માન્યતાને કારણે નાના ઉદ્યોગો અને ગૃહઉદ્યોગો પર ભાર મૂકયો છે. આ (સમતુલા) દ્વારા જ રોજગારીની સમસ્યાનો ઉકેલ લાવી શકાશે એ વિષે મારા મનમાં મુદ્દલે શંકા નથી. હું એવું કહેવા માગું છું કે એનો ઉકેલ અન્ય માર્ગોદ્વારા પણ સધાશે; પરંતુ જ્યાંસુધી આપણે નાના અને ગૃહ તથા ગ્રામોદ્યોગો ઉપર અત્યંત ભાર ન મૂકીએ અને ભારે ઉદ્યોગોનું અત્યંત મહત્ત્વ પણ સ્વીકારીશું નહિ તો રોજગારીની સમસ્યાનો ઉકેલ લાવી શકીશું નહિ. આ બન્નેમાંથી એકપણ પ્રકારના ઉદ્યોગને અન્યથી ગૌણસ્થાન આપવાનો સવાલ નથી. બન્નેને હાથ ધરવા પડશે. આ રીતે જ, ઉત્પાદન અને રોજગારીની એમ બન્ને બાબતમાં આપણે ત્વરિત ગતિએ આગળ વધી શકીશું, કેમકે આ બન્ને પ્રકારો પરસ્પર અસર કરે છે."

નવી પેઢી અને શિક્ષણ

આપણી યુવાન પેઢીમાં, આપણી ક્રાંતિના પાઠોનું પરિશીલન કરાવીને તથા ન્યાયી અને સમાન સમાજરચનાં પ્રત્યે તંદુરસ્ત સદ્ભાવના તેમનામાં જાગ્રત કરીને, તથા ન્યાતજાત અને સંકુચિત પંથવાદી પૂર્વગ્રહોની દીવાલોને ખતમ કરીને જ, તેમનામાં સ્વાતંત્ર્ય અને એકતાનાં બળોને સુદૃઢ બનાવવાની અત્યાવશ્યકતા પર બાજુએ મૂકીએ તો પણ, આપણે ભારતીય પરિસ્થિતિની વાસ્તવિકતા સાથે શિક્ષણનો મેળ ખવડાવવો જ જોઈ શે. રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં કાર્યભાર આપણા વિદ્યાર્થીઓએ ઉપાડવો પડવાનો છે. તેના માટે તેમને સજ્જ કરવા પડશે. નહેરુ કહે છે: "અલબત્ત, આપણે રોજગારીના પ્રશ્ન પરત્વે જ આપણી શૈક્ષણિક નીતિને કેન્દ્રિત કરવી પડશે. વ્યક્તિઓને અમુક પ્રકારની તાલીમ આપવી અને બીજી વ્યક્તિઓને તમુક પ્રકારની તાલીમ આપવી એવી ગોળગોળ વાતોથી આ બનવાનું નથી. પરંતુ આપણે આપણા આયોજનમાં જે બાબતો રજૂ કરવાના હોઈએ તેને અનુલક્ષી આ કરવું પડશે. ચીનનું જ ઉદાહરણ લો. ત્યાં વિદ્યાપીઠોમાં, દરેક વ્યક્તિને અમુક વિશિષ્ટ પ્રકારના કાર્યની તાલીમ આપવામાં આવે છે. અને જેવો તે વિદ્યાપીઠ છોડીને જાય છે, કે તરત જ તે તે કાર્ય હાથ ધરી લે છે.

"ત્યાં, તાલીમની સંસ્થાઓમાં ઘણી મોટી સંખ્યામાં લોકો દાખલ થાય છે અને તાલીમ પૂરી થતાં જ સીધા કામ પર ચડી જાય છે. ભારતમાં આથી ઊલટું જ જોવામાં આવે છે. વિદ્યાપીઠોમાંથી આપણે ત્યાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ બહાર પડે છે. પણ તેમને રોજગારીનો કોઈ અવકાશ મળતો નથી. આથી, આપણે આ સમસ્યાને પહોંચી વળવાનું છે અને, જે બીજા દેશોએ આનો ઉકેલ આણ્યો છે, તેમની પાસેથી કેટલેક અંશે શીખવાનું રહે છે."

વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં મેં બન્ને ચિત્રો નિહાળ્યાં છે. બંને ચિત્રો દોરનારાઓ એવા પુરુષો છે, જેમની એક વ્યક્તિ પ્રત્યે ઊર્મિગત નિષ્ઠા છે, તથા જેઓ તેના પગ આગળ બેસીને જીવનના પાઠ ભણ્યા છે, જેમણે તેના જીવન સમય દરમિયાન તે પાઠોને જીવનમાં વણી લેવાનો પ્રયાસ કર્યો છે. સહકાર તથા એકતા સાધવાની આવશ્યકતાને છોડી દીધા વિના સિદ્ધાન્તના પ્રવાહમાં ઘસડાઈ નહિ જાય તેવો આપણે તેમના પર વિશ્વાસ રાખી શકીએ.

ભારતની પાયાની પ્રવર્તમાન પરિસ્થિતિની દૃષ્ટિએ પણ

મેં આ ચિત્ર નિહાળ્યું છે. જો ભારતે તેની આઝાદી જ નહિ, કેવા પ્રકારની સામાજિક અને રાજકીય નીતિ–રીતિ અખત્યાર કરવી તે બાબતની પસંદગીની આઝાદી પણ જાળવી રાખવી હશે તો, તેને માટે એક જ માર્ગ છે; અને તે એ કે જે કાંઈ સાધનો ઉપલબ્ધ હોય તેને ઘાટ આપવો, ભેગાં કરવાં અને તેનો ઉપયોગ કરવો. આ દેશનો આત્મા અને તેનો પ્રાણ ગામડાંમાં રહેલો છે. માનવશક્તિનો જંગી હિસ્સો ત્યાં સંગ્રહાઈ પડેલો છે. અને બીજાં પણ સાધનો મોટા જથ્થામાં ત્યાં વેરવિખેર પડેલાં છે. બેકારીનો અને બીજા કેટલાક આર્થિક સવાલોનો શહેરો અને ગામડાં એમ બંને મોરચે સામનો કરવાનો છે. શહેરનો મોરચો આજે બોલતો છે, પણ ગામડાંનો મોરચો કંઈ લાંબો સમય મૂંગો પડી રહેવાનો નથી.

ભૂખ્યાં જઠર અને બેકાર હાથની વાણી એ ભલભલા ભાષણીઆ પ્રચારકો કરતાં વધારે જોરદાર છે. દેશ સમક્ષ અંતે આપણે જે કંઈ યોજના રજૂ કરીએ. તેણે ગામ વિસ્તારના એંસી ટકાની અને શહેરી વિસ્તારના વીસ ટકાની સમસ્યાઓનો ઉકેલ કરવો જ રહ્યો. બેમાંથી એકની આપણે ઉપેક્ષા કરી શકીશું નહિ. બંને વિચારસરણીએ એની યોગ્ય નોંધ લેવી પડશે. સામાજિક, ઔદ્યોગિક, કૃષિવિષયક, શૈક્ષણિક અથવા વહીવટી તંત્રના મોરચે જે કંઈ સમસ્યાઓ આપણી સામે ખડી થતી હોય, તેના અસરકારક અને સમતોલ ઉકેલવાળું ચિત્ર તો જ ઉપજશે.

આ બંને ચિત્રો આપણી સામે રાખીને અને બન્ને પ્રત્યે સન્માન અને સહાનુભૂતિ જાળવીને, બંનેનો એક સાથે પ્રયોગ હાથ ધરીને, આપણે ઊલટા પ્રકારના વિચારોને દૂર કરી શકીશું. અને બંનેએ જેનો સ્વીકાર કર્યો છે તેવાં મૂલ્યોના આધારે અને તેવાં સાધનો દ્વારા ઉકેલ લાવવાની જેમનામાં શક્તિ અને અંતર્ગત શક્યતા રહેલી છે, તેવું કંઈક બળ આપણે વિકસાવી શકીશું.

ઉપસંહાર કરતાં હું માત્ર એટલું જ જણાવીશ કે, મેં આગળ ઉપર જણાવેલાં બંને આંદોલનોનાં, સમાન અને પરસ્પરને પૂરક લક્ષણો તથા, ભારતીય પરિસ્થિતિની વાસ્તવિકતા આ બંને તેમની વચ્ચે કોઈપણ પ્રકારનું ઘર્ષણ નહિ થાય તેવી ખાતરીરૂપ છે.

[ગાંધી માર્ગ (અંગ્રેજી) જાન્યુઆરી : ૧૯૫૮]

સર્વાંગીણ સાધનાનો પથ

નારાયણ દેસાઈ

સમાજની ક્રાંતિવડે પોતાના કોયડાઓ ઉકેલવા માણસે પ્રયત્નો કર્યા છે.

અંતરમાં પડેલા કામક્રોધાદિ ષડ્‌રિપુઓને જીતવા માણસે પ્રયત્નો કર્યા છે.

આ બંને પ્રવાસોમાં જ માનવનો ઇતિહાસ રચાયો છે. બહારની દુનિયાને જીતવા માણસ મથે છે. પ્રકૃતિની સાથે બાથ ભીડે છે. એક પછી એક કિલ્લાઓ સર કરતો જાય છે. તેમાંથી બને છે વિજ્ઞાન. સમાજને ફેરવવા માણસ મથે છે, એને ફેરવવા શાસ્ત્રો રચે છે, શસ્ત્રો સજે છે, એમાંથી સરજાય છે સમાજશાસ્ત્ર. અંતરનાં ઊંડાણને શોધવા માણસ મથે છે, એની વિવિધ આંટીઘૂંટીઓને ઉકેલવા મથે છે, તેમાંથી નીપજે છે માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન.

પરંતુ આ બધા પ્રયત્નો એકાંગી હોય છે તો તે અધૂરા પડે છે. આત્મજ્ઞાન વિનાનું વિજ્ઞાન માણસને અણુબોંબ સુધી લઈ જાય છે. વિજ્ઞાન અને સમાજશાસ્ત્ર વિનાના તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન માણસને હિમાલયની ગિરિકંદરામાં કે ગાંડાની ઇસ્પિતાલમાં લઈ જાય છે.

કુરુક્ષેત્ર જ્યાં ધર્મક્ષેત્ર બને છે ત્યાં જીવન સંપૂર્ણ બને છે. વિજ્ઞાન જ્યાં આત્મજ્ઞાન સાથે જોડાય છે, સામાજિક ક્રાંતિ જ્યારે વ્યક્તિગત ઉન્નતિ સાથે ભળે છે ત્યાં સર્વોદય થાય છે.

સર્વોદય એક સમન્વય-પ્રયાસ છે. ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્રનો, વિજ્ઞાન અને આત્મજ્ઞાનનો, સામાજિક ક્રાંતિ અને વ્યક્તિગત ઉન્નતિનો જ્યાં સમન્વય સધાય છે, ત્યાં નામ લીધું હોય કે ન હોય, સર્વોદય આવે છે. દેશકાળ પ્રમાણે એનું સ્વરૂપ ભલે બદલાય. એનું અંતઃકલેવર સ્થિર છે. જીવનને તે ભાગલા પાડીને જોવા ઇચ્છતો નથી. તે સંપૂર્ણ જીવનવિચાર છે. જીવનના જ્યાં ભાગલા પડ્યા હોય ત્યાં એ ભાગલા દૂર કરી જીવનને પૂર્ણ કરવાનો પ્રયાસ તે સર્વોદય-વિચાર. ભેદમાંથી અભેદનો પ્રયાસ તે સર્વોદય.

ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્રને અભિન્ન બનાવવાં છે. સામાજિક ક્રાંતિ વ્યક્તિગત સાધનોથી ભિન્ન ન રહે, સામાજિક ક્રાંતિ એ જ વ્યક્તિગત સાધનાનું માધ્યમ બને, વ્યક્તિગત સાધના એકાંગી ન રહે, તેની મારફત જ સામાજિક ક્રાંતિ સર્જાય એ સર્વોદયનો પ્રયાસ છે.

વિસંવાદિતામાંથી સંવાદિતા

એકાંગી પ્રયાસો માનવને ગૌણ બનાવે છે, પ્રયાસને મુખ્ય બનાવે છે.

એકાંગી વિજ્ઞાનની પ્રગતિ માણસને પોતાની જ શોધખોળોની ભયંકરતા આગળ એક તુચ્છ તણખલું બનાવી દે છે. એકાંગી આત્મોન્નતિ શક્ય નથી, અને જેટલે અંશે તે શક્ય છે, તેટલે અંશે એ માણસને માનવ-સમાજ-વિમુખ બનાવે છે.

માનવને કેન્દ્રમાં રાખીને એની સર્વાંગીણ ઉન્નતિ સાધવાના ઉપાયો સર્વોદયે ગોતી કાઢવા છે. આ દિશામાં થયેલા તમામ પ્રયાસો પાસેથી એને શીખવું છે. અગાઉના પ્રયાસો ભલે એકાંગી હોય, સર્વાંગીણ પ્રયાસની સાધનામાં એની પાસેથી શીખવાનું ઘણું ઘણું છે.

સર્વોદય વિજ્ઞાન પાસે શીખવા માગે છે.
માનસશાસ્ત્ર પાસે શીખવા માગે છે.
સમાજશાસ્ત્ર પાસે શીખવા માગે છે.
તત્ત્વજ્ઞાન પાસે શીખવા માગે છે.

જે શીખે છે તેણે મનને હંમેશા મોકળું રાખવું પડે છે. બારણાં બંધ હોય તો તેમાં જ્ઞાનનો પ્રવેશ થાય જ નહીં. તેથી જ સર્વોદય એક બંધ વિચાર નથી. જીવનના વિકાસ સાથે એનો પણ વિકાસ થવાનો.

વાદ એ બંધ વિચાર છે, તેથી સર્વોદય એ વાદ નથી. જ્યાં આગ્રહ સત્યનો નહીં પણ પદ્ધતિનો હોય, ત્યાં તે વાદ બને છે. દેહને જીવન છોડયા પછી પણ જાળવી રાખવાનો પ્રયત્ન કરીએ તો તે સડે છે, તેમ પદ્ધતિને એના પ્રાણતત્ત્વના નીકળી ગયા પછી પણ વળગી રહેવાનો પ્રયત્ન કરીએ તો તે સડે છે, ગંધાઈ ઊઠે છે. પદ્ધતિ ચિરસ્થાયી નથી, સત્ય ચિરસ્થાયી છે.

દેશકાળ પ્રમાણે પદ્ધતિ બદલાય, સત્ય બદલાય નહીં. એક દેશમાં સત્યનું એક રૂપ હોય બીજામાં બીજું. એક કાળમાં સત્ય એક રૂપે પ્રગટે બીજામાં બીજે રૂપે. તે તે દેશમાં અને કાળમાં સત્યના તે તે સ્વરૂપનું મહત્ત્વ છે, પણ તે જ છેવટનું મૂલ્ય નથી. તેથી સર્વોદય પદ્ધતિનું મહત્ત્વ કબૂલ કરશે પણ તે તે દેશ અને કાળ પૂરતું; પણ એનું પરમમૂલ્ય બનશે સત્ય. માનવને કેન્દ્રમાં રાખીને જે સત્ય જે પરિસ્થિતિમાં પ્રગટ થતું હશે તેનો આગ્રહ સર્વોદય તે પરિસ્થિતિમાં રાખશે.

પદ્ધતિ શરીર છે, સત્ય આત્મા છે. સર્વોદય એ માનવને પરમ મૂલ્ય માનીને સત્ય શોધવાનો પ્રયાસ છે, પદ્ધતિ શોધવાનો નહીં; તેથી સર્વોદય વાદ નથી.

જીવનની વિસંવાદિતામાંથી એક સંવાદિતા લાવવાનો એનો પ્રયત્ન છે. એ વિસંવાદિતા વ્યક્તિગત જીવનમાં હોય તો ત્યાંથી પણ દૂર કરવી છે. એ વિસંવાદિતા સામાજિક ક્ષેત્રમાં હોય તો ત્યાંથી પણ દૂર કરવી છે. અને જો વિસંવાદિતા વ્યક્તિગત અને સામાજિક જીવન વચ્ચે હોય તો તેને પણ દૂર કરવી છે.

વ્યક્તિગત જીવનની વિસંવાદિતા વિચ્છિન્ન વ્યક્તિત્વના રૂપમાં પ્રગટ થાય છે. સહાનુભૂતિ એક તરફ હોય છે, મનોરથ બીજી તરફ હોય છે. આદર્શ એક હોય છે, આચાર બીજો હોય છે. એક જ વ્યક્તિ નાટકના અલગ અલગ પાત્રો ભજવતી દેખાય છે. કુટુંબમાં પ્રેમ શોધતો અને પ્રેમ કરવા મથતો માનવ બજારમાં શોષણ કરતો દેખાય છે. સમાજમાં સેવા કરવા મથતો માણસ કુટુંબમાં ઉદાસીન રહેતો કે બળાત્કાર કરતો દેખાય છે.

'સામાજિક જીવનની' વિસંવાદિતા વર્ગના રૂપમાં પ્રગટ થાય છે. ઊંચનીચના ભેદ, અમીર-ગરીબના ભેદ, કાળા-ગોરાના ભેદ, સ્ત્રી-પુરુષના ભેદ, દેશ-વિદેશના ભેદ, વાદ-પ્રતિવાદના ભેદ, બુદ્ધિજીવી અને શ્રમજીવીના ભેદ, પરોપજીવી અને પરોપસેવીના ભેદ. આ તમામ ભેદો વર્ગો બનાવે છે, જે સામાજિક જીવનમાં વિસંવાદિતા લાવે છે.

વ્યક્તિગત અને સામાજિક જીવન વચ્ચેની વિસંવાદિતા કોયડાના રૂપમાં પ્રગટ થાય છે. વ્યક્તિ કે સમષ્ટિનો કોયડો, વ્યક્તિગત સ્વતંત્રતા કે સામાજિક નિયમનનો કોયડો, પહેલાં રાજ્ય કે પહેલાં અન્નજનનો કોયડો.

વિચ્છિન્ન વ્યક્તિત્વ મટાડવું છે, વર્ગો ખતમ કરવા છે, કોયડાઓ ઉકેલવા છે: આ છે સર્વોદયનો પ્રયાસ. વિચ્છિન્ન વ્યક્તિત્વમાં દંભ છે, વર્ગોમાં અન્યાય છે, કોયડાઓમાં કૃત્રિમતા છે. દંભ, અન્યાય અને કૃત્રિમતા ત્રણે અસત્યની જુદા જુદા પ્રકારની અભિવ્યક્તિ છે. તેને મટાડવાનો પ્રયત્ન એટલે સત્યની શોધ. તેથી સર્વોદય એટલે સત્યની અવિશ્રાંત ખોજ.

'સર્વોદય'ની સમીક્ષા*

બી. ટી. રણદીવે

ભૂદાન એ સર્વોદય સમાજ તરફની આગેકૂચનું પ્રથમ ડગલું છે. એ વાત સ્પષ્ટ છે કે, ભારતીય સામાજિક માળખામાં પરિવર્તન કરવું હશે તો તેનો આરંભ ભૂમિ-સમસ્યાથી જ કરવો પડશે. આનો ઉકેલ જાતે ખેતી કરનારા ખેડૂત અને ભૂમિહીન ખેતમજૂરોના હિતમાં ન થાય ત્યાં સુધી ભારતનું આર્થિક જીવન, ઔદ્યોગિક પ્રગતિની રીતે અને જીવનધોરણ ઊંચું લાવવાની રીતે, પુનર્ વ્યવસ્થિત થઈ જ નહિ શકે. એથી કરીને ભૂમિસમસ્યા તરફ વિનોબાજીનું લક્ષ દોરાયું તે સુયોગ્ય જ છે. પરંતુ તેમનો દાવો તો એવો છે કે આ સમસ્યાનો નવો ઉકેલ તેમણે શોધી કાઢ્યો છે.

પરંતુ સર્વોદયસમાજની રચનામાં ભૂમિ-સમસ્યા ઉપરનો તેમનો લગભગ એકાંગી ઝોક તેમનું માનસ વ્યક્ત કરે છે. આજના ભારતની બિનવિકસિત આર્થિક સ્થિતિનું જ પ્રતિબિંબ તેઓ પાડી રહ્યા છે. એથી કરીને તો તેઓ એટલી હદે કહી નાખે છે કે: "અહિંસાના ક્ષેત્રે ગ્રામદાનનું એટલું જ સ્થાન છે જેટલું હિંસાના ક્ષેત્રે હાઈડ્રોજન બૉમ્બનું છે."

સાધારણ માનવીને માટે એટલું તો સ્પષ્ટ છે કે ભારતની ભૂમિ-સમસ્યાનો ઉકેલ, વિનોબાની પદ્ધતિએ થાય તોય, દુનિયાના રાજકારણને તે ખાસ કશી અસર કરી શકનાર નથી; અથવા વિશ્વશાંતિને સ્થાપી શકનાર નથી. પરંતુ વિનોબાજી તો ભૂદાનને ઈશ્વરી સંકેત માને છે, વિશ્વ-શક્તિ માને છે; અને તેમની દ્વારા તે પ્રગટ થઈ રહી હોવાનું અનુભવે છે! કોઈ બુદ્ધિશીલ, વિચારવંત માનવી આ પ્રકારના ઈશ્વરી-સંકેતનો, વિશ્વબળરૂપે આ રીતે થનાર પ્રાગટ્યનો હકીકતરૂપે સ્વીકાર કરશે? વિનોબાજી અને તેમના અનુયાયીઓ તો ભૂતકાલીન ઇતિહાસના અનુભવોનો ઇન્કાર કરી પોતાનો રામબાણ ઇલાજ રટ્યા કરે છે!

વાત એમ છે કે વિનોબાજી ભારતની ભૂમિ-સમસ્યાના ઉકેલ માટે કંઈક કરવા આતુર હતા; સાથોસાથ લડત ટાળવા ઇચ્છતા હતા. આવી મનઃસ્થિતિમાં એમને તેલંગણામાં પ્રથમ

* 'ન્યુ એજ'ના ૧૯૫૮ના સપ્ટેંબર-ઑક્ટોબરના લેખ ઉપરથી સંક્ષિપ્ત: સંક્ષેપક: ભોગીલાલ ગાંધી

ભૂદાન મળી ગયું', અને ત્યારથી તેમણે તેને દૈવી સંકેત રૂપે સમજી લીધો.

ભૂદાનનો આ પ્રકારે કાલ્પનિક આધ્યાત્મિક ભૂમિકામાં ઉદ્‌ભવ થયો છે. આમ છતાં, અલબત્ત, એમાં ભૌતિક જરૂરિયાતનું પ્રતિબિંબ પડયું જ છે. તેઓ પોતે અને તેમના અનુયાયીઓ ભૂમિ-પદ્ધતિના અન્યાયો અને ભૂમિહીનોનાં નસીબ અંગે ખૂબ જ આવેશપૂર્વક ભાષણો કરે છે. પરંતુ ખાસ નોંધવા જેવી વાત એ છે કે, વિનોબાજી ભૂમિહીનોનાં હિતોની જેટલી તરફદારી કરી રહ્યા છે, તેટલી જમીનદારો સામે ખેડૂતનાં હિતોની કરતા નથી. તેઓ ફ્યુડલ-મિલકત સંબંધો સામે કિસાનોની સમસ્યા ઉપર પૂરતું લક્ષ આપતા નથી, એ સાફ છે. વળી ભૂમિ-હીનોની તેમની તરફદારીમાં તેમનાં દુઃખોના નિવારણની જ વાત નથી. પરંતુ મોટા ભાગના ભૂમિહીનો અછૂતો છે; એટલે આ રસ્તે ગ્રામ-વિસ્તારોમાં અસ્પૃશ્યતા ઉપર જબ્બર ફટકો લગાવી શકાય એમ છે.

* આ રીતે, ભૂમિહીનોને ભૂમિ આપવાનું મહત્ત્વ સમજી શકાય છે. સવાલ તો એ છે કે, ભૂદાન આ કેવી રીતે કરવા માગે છે ?

વિનોબા લડાયક કિસાન-આંદોલનોનું સ્થાન ભૂદાન-આંદોલનને આપવા માંગે છે. કિસાન-આંદોલનો અને કિસાન-લડતો ટાળવા માટે તેઓ લોકોને અપીલ કરીને દાનમાં જમીન મેળવવાનો મહાન માર્ગ ચીંધે છે ! અને ભૂમિનું દાન માંગતી વખતે તેઓ સૌની પાસે-એક એકર વાળા કે એક હજાર એકરવાળા સૌની પાસે- જમીનનું દાન માગે છે. અને તેઓ માને છે કે, પ્રથમ નાના જમીન માલિકોએ માલિકીનો ત્યાગ કરી ઉદાહરણ ધરવું પડશે. પછી જ મોટા માલિકોની ભૂખ શમશે.

ટૂંકમાં, નાના જમીન માલિકો મોટા જમીનદારો કરતાં વધુ ગુનેગાર છે ! એટલે તો નાનાઓએ મોટાઓને માર્ગ દાખવવો રહ્યો ! અલબત્ત, નાના મોટા સૌની પાસેથી ભૂમિનું દાન લેતાં વિનોબાજી ખાનગી મિલકતના અધિકારને હિંમતભર્યો પડકાર કરે છે, અને 'સબ ભૂમિ ગોપાલકી' કહી ઉમેરે છે કે, જો બધી જમીન સામાજિક માલિકીની થઈ જાય, તો આજનો અસંતોષ નાબૂદ થાય અને તેને સ્થાને પ્રેમ તથા સહકારનો યુગ સ્થપાય. પરંતુ ભગવાનનો ભૂમિ ઉપરનો અધિકાર કાનૂન દ્વારા સ્થાપિત કરવા તેઓ તૈયાર નથી; અથવા તો શ્રમજીવી આમ જનતાને એ અધિકાર સ્થાપી લેવાનું એલાન કરવા ય તૈયાર નથી. એ તો ઊલટા ભગવાનનો અધિકાર અમલમાં મુકાવવા ય જમીનદારોને વળતર આપવા તૈયાર છે !

આ કાંઈ પહેલી વાર નથી કે જ્યારે અહિંસાનો ઉપયોગ શોષકોના હરામના લાભોની રક્ષા માટે થયો હોય. એક બાજુ તેઓ સૌની સંમતિથી-જમીનદારોની ય સંમતિથી કાનૂન કરવા કહે છે; બીજી બાજુ વળતર આપવાનું કહે છે ત્યારે, જેમને આનો બોજ ઉઠાવવો પડવાનો છે, તેમની સંમતિ શું તેમાં છે ?

'પવિત્ર-મિશન'નું પરિણામ

આ પવિત્ર-મિશનનું પરિણામ શું આવ્યું છે ? વિનોબાજી ૧૯૫૭ સુધીમાં ૫ કરોડ એકર મેળવવા માગતા હતા. હકીકતમાં ૧૦ ટકા પણ સિદ્ધિ નથી મળી-અને તમામ અખબારી પ્રસિદ્ધિ, રાજકર્તા પક્ષનો પૂરો ટેકો, અને અખૂટ ભંડાર-ફંડ પછીય, ૧૯૫૭ સુધીમાં ભૂમિ-ક્રાંતિ કરવાની યોજના નિષ્ફળ નીવડી છે. આ ઉપરાંત જે જમીન મળી છે, તેમાં ઘણી **બધી** (?) ન ખેડી શકાય તેવી છે; કેટલીક જમીન અંગે માલિકીના ઝઘડા છે.

ઇતિહાસમાં બનતું આવ્યું છે તેમ, એક બાજુ વિનોબાજી પદયાત્રા કરી, ભૂમિહીનો માટે ભૂમિનાં દાન મેળવી રહ્યા હતા, ત્યારે જ બીજી બાજુ, ઉપરના વર્ગો કિસાનોને જમીન ઉપરથી હડસેલી દઈ, ભૂમિહીનોની સંખ્યામાં ઉમેરો કરી રહ્યા હતા ! વિનોબાજી જેટલી જમીન મેળવી શક્યા છે, તેનાથી વધુ જમીન કિસાનો પાસેથી છીનવાઈ ગઈ છે.

આમ, ઇતિહાસ વિનોબાજી અને તેમના અનુયાયીઓને માટે અતિ અનુદાર રહ્યો છે અને વિનોબાજી કાંઈ આ બધા (કિસાનોને જમીન ઉપરથી હડસેલી દેવાના) બનાવોથી અજાણ હતા, એવું ય નથી. બલ્કે, એમને આની જાણ થતાં તેઓ વ્યગ્ર થઈ ગયા હતા અને તેમણે સત્યાગ્રહની ધમકી ય આપી હતી. એમણે ખેડૂતોને ગમે તે પરિણામ આવે તો ય જમીનો ઉપરથી ન હટવાની સલાહ આપી હતી. જો વિનોબાજીએ આનો અમલ કરાવ્યો હોત તો, લાખો કિસાનોની જમીન ઝૂંટવાઈ ન ગઈ હોત અને આભારવશ કિસાનોએ

ખુશ થઈને દાનમાં જમીન આપી હોત. પરંતુ કાર્યની હાકલ કદી સંભળાઈ જ નહિ.

એ જ રીતે ભૂદાન દ્વારા આંતરિક શાંતિ સ્થાપવાનું તરંગી સ્વપ્ન પણ એળે ગયું. સરકાર અને પ્રજા વચ્ચેની હિંસક અથડામણો, પોલીસ દ્વારા નિર્દય મોટી સંખ્યામાં ખૂન વગેરે પછી ખુદ વિનોબાજીએ પણ પોતાની નિષ્ફળતા સ્વીકારી: "હું તો માનું છું કે ભૂદાનની અસર ગામડાં ઉપર થઈ છે, શહેરો ઉપર નહિ."

વિશ્વ-વિજયી દાવાઓ કર્યા પછી ભૂદાન-આંદોલનનાં નાનાં પરિણામો 'એન્ટી-કલાઈમેકસ' જેવાં દેખાય છે! પરંતુ એ અનિવાર્ય હતું. જે કોઈ આંદોલન સામાજિક-સંઘર્ષના કાનૂનો અને આર્થિક વાસ્તવતા તથા તેમાંથી ઉદ્ભવતાં ઘર્ષણો તરફ આંખો બંધ કરે છે, તે કદી પણ સામાજિક-પરિવર્તનની દિશામાં કશું જ પ્રાપ્ત કરી શકે નહિ. સૌથી પ્રથમ તો, ભૂદાન-આંદોલન એક અગત્યનો સવાલ હોવા છતાં, ભૂમિ-પદ્ધતિ બદલવા માટેની, સંપૂર્ણ રીતે સામંતી સંબંધોનો અંત આણવાની અને તેમને લોકશાહી અને બૌદ્ધિક ધોરણે ચઢાવવાની સાર્વત્રિક લડતનો એક ભાગ માત્ર છે, એ વાત તેઓ સમજી જ ન શક્યા. સવાલ કેવળ ભૂમિહીનોનો જ નહિ ગરીબ કિસાનોના વિશાળ સમૂહોનો છે. આ રીતે જોતાં એ કાર્યક્રમ ભૂમિક્રાંતિનો સાચો કાર્યક્રમ જ નથી. એ માર્ગે થોડીક રાહત પ્રાપ્ત થઈ શકે છે, ઉદ્દામ સામાજિક પરિવર્તન નાહ જ.

પરિવર્તનની પદ્ધતિ

પરંતુ ભૂદાનની સૌથી વધુ કરુણા તો તેની પદ્ધતિમાં છે. અહિંસાના નામે વિનોબાજીએ અકિંચનોની કોઈ પણ પ્રકારની લડતને ઇન્કારી છે. વર્ગ સંઘર્ષ તેમને મન શાપરૂપ વર્જ્ય છે અને પ્રેમને નામે તેઓ શોષકો સામેના કાનૂની પ્રતિબંધોનો ય ઇન્કાર કરે છે. અને વધુમાં વધુ એમનું કહેવું એવી જાતનું છે કે, પહેલાં સ્થાપિત હિતોને સમજાવો પછી કાયદો કરો.

સત્યાગ્રહની બાબતમાં ય તેઓ 'નકારાત્મક' સત્યાગ્રહનો ઇન્કાર કરે છે. કોઈ પણ પ્રકારનું દબાણ ન થાય, સિવાય કે પ્રેમનું, એમ તેઓ ઇચ્છે છે. માનવીના સ્વભાવ અને પ્રેમ ઉપર જ આધાર રાખવાની આ વાત, કિસાનો અને ભૂમિહીનોની લડતોને નિર્વીર્ય બનાવવામાં જ પરિણમે છે.

ભૂદાને લોકોને ભૂમિસમસ્યા અંગે જાગ્રત બનાવ્યા છે એ વાતનો ઇન્કાર નથી. વિનોબાજીનાં વ્યક્તિત્વ ત્યાગ અને ભૂમિરહિતો વતી તેમની અથાગ પ્રવૃત્તિ વિષે ય સવાલ નથી. પરંતુ એમાંથી એવો દાવો થઈ શકે એમ નથી કે, આ પ્રવૃત્તિએ ભૂમિહીનો અને કિસાન-જનતામાં સાચા પ્રકારની જાગ્રતિ આણી છે-તેમને સ્વાવલંબી અને ન્યાય-પ્રાપ્તિ માટે સંગઠિત બનવાનું શિક્ષણ આપ્યું છે. એણે જે એવા દાવાઓ કર્યા છે કે, ભૂમિ-સમસ્યા પ્રેમ દ્વારા અને લડત વિના હલ થઈ શકશે; તથા એનાં હથિયાર વધુ ઉચ્ચ કક્ષાનાં છે; તથા આ પ્રક્રિયા દ્વારા જ તેઓ માનવીને અને તેની ચેતનાને બદલી શકશે; અને વિશ્વશાંતિને પક્ષે તો તેનો ફાળો અપૂર્વ એકાકી બનશે-વગેરે દાવાઓ સામે જ અમારી ટીકા છે.

ગ્રામદાન-નવો તબક્કો

ગ્રામદાન એ ભૂમિદાનનો નવો તબક્કો છે. એ સાચી ભૂમિક્રાંતિ હોવાની તેમની ધારણા છે. વ્યક્તિગત રીતે જમીન આપવાને બદલે, તેમાં આખું ગામ ભૂમિદાનમાં જમીન આપે છે. આ ગ્રામદાનનાં સાત હેતુઓ છે: (૧) ગરીબીનું નિકંદન; (૨) જમીનદારોના હૃદયમાં પ્રેમની લાગણી જન્માવવી; અને તે રીતે રાષ્ટ્રનું નૈતિક વાતાવરણ સુધારવું; (૩) પરસ્પર સહાયનાં અને સાથી-માનવી પ્રત્યેની લાગણીનાં બંધનો દ્વારા સમાજને સુદૃઢ બનાવવો. આ રીતે, મોટા જમીનદાર અને જમીન ઉપરથી ફેંકાઈ ગયેલા ભૂમિહીન વચ્ચેનો વર્ગ-ધિક્કાર, જે અન્યત્ર વ્યક્ત થતો રહ્યો છે, તેને ટાળવો; (૪) યજ્ઞ, દાન, તપનાં અનન્ય તત્વજ્ઞાનના આધારે ઉપર રચાયેલ ભારતીય સંસ્કારને પુનરૂજ્જીવન આપવું તથા તેનો વિકાસ કરવો; અને આ રીતે સાચા ધર્મમાં માનવીની આસ્થા દૃઢ કરવી; (૫) સ્વૈચ્છિક શારીરિક શ્રમ, અપરિગ્રહ, સહકાર અને સ્વ-અવલંબનના પાયા ઉપર નવા સમાજનું નિર્માણ કરવું; (૬) તમામ રાજકીય પક્ષોને એક સર્વમાન્ય મંચ ઉપર એકત્ર કરી, સાથે કામ કરતા કરવાની તક આપવી; અને તે દ્વારા કટુતા અને આપખુદાઈનું નિકંદન કરવું; (૭) વિશ્વશાંતિને સહાયરૂપ થવું.

અમે ફરી એક વાર કહીએ છીએ કે, સ્વતઃ એક સારા અને નક્કર વિચારને ઘણુ મોટા દાવાઓ કરીને ખરડવામાં આવ્યો છે.

એ તો સાફ વાત છે કે, જો આખાં ગામોનાં ગામો તેમની તમામ જમીનો એકત્ર કરે, તો સહકારી પ્રયાસ શક્ય બને; અને તો વધુ ઉત્પાદન થાય અને આજના કરતાં વધુ સારું જીવન જીવવાનું શક્ય બને.

વળી એ પણ એટલી જ સાફ વાત છે કે, જ્યાંલગી ઉત્પાદનનાં બધાં સાધનોનું સામાજીકરણ ન થાય, જ્યાંલગી બજારુ–વેચાણ–માલનું ઉત્પાદન દૂર ન થાય, ત્યાંલગી કેવળ ગ્રામદાન ગ્રામ–શોષણની પ્રક્રિયાને સંપૂર્ણ રીતે રોકી નહિ શકે. જ્યાંલગી શહેરોમાં અને અન્યત્ર ઉત્પાદનનાં સાધનો ઉપરની માલિકી સામાજિક ન બને, અને વિનિમય માટે કરવામાં આવતા ઉત્પાદનનું સ્થાન સામાજિક જરૂરિયાત માટેનું ઉત્પાદન લે નહિ, ત્યાંલગી, ગ્રામદાન દ્વારા ખાનગી માલિકી નિર્મૂળ કરવા માત્રથી નૂતન સમાજનું નિર્માણ થશે નહિ.

આજે સત્તાધારી પક્ષને ગ્રામદાનની વાત શાને કારણે સ્પર્શે છે? કેમકે એ વાતમાં લડતનો પ્રશ્ન નથી; તથા એ રાહે ભૂમિ ઉપરનો સર્વહારા પણ મર્યાદાઓ ઓળંગશે નહિ અને સામાજિક શાંતિને હચમચાવી મૂકશે નહિ, એવી તેમને નિરાંત છે.

સ્વયંસંપૂર્ણતાનો ભ્રમ

* ગામડાંમાં જુદાં જુદાં ક્ષેત્રે 'સહકાર'ની દિશામાં સ્વેચ્છાએ ગ્રામ–આંદોલન થાય, તેને સૌ કોઈ વધાવી લેશે. કામદાર વર્ગ સત્તામાં આવશે. ત્યારે, ગ્રામ વિસ્તારોમાંની સહકારી પ્રવૃત્તિ ખેતીના ઉત્પાદનમાં નિર્ણાયક ફાળો ભજવી શકશે.

* જો વિનોબાજીના પ્રયાસોથી મોટા પ્રમાણમાં ગ્રામદાનો થાય; જો ગ્રામદાનોમાં તમામ ફ્યૂડલ સંબંધો અને અસમાનતાઓ નિર્મૂળ થાય; તો તે ગ્રામવિસ્તારોમાં જબરજસ્ત સમાનતા લાવનારું બળ બની જશે.

પરંતુ તેમ છતાંય, એની આખરી મર્યાદાઓનો સ્વીકાર કરવો જોઈશે. જ્યાંલગી ઉત્પાદનનાં બીજાં સાધનો ઉપર સામાજિક કાબૂ ન આવે, ત્યાંલગી સમાજમાં તે મૂળભૂત પરિવર્તન ન આણી શકે.

જ્યાંલગી પ્રત્યેક પગલે સરકારની અને કાનૂની મદદ મળે નહિ, ત્યાંલગી ગ્રામદાની ગામડાંઓનું અસ્તિત્વ નિશ્ચિંત અને સફળ બની નહિ શકે.

એમ જણાય છે કે, વિનોબાજીનાં ગ્રામદાની ગામડાંમાં ઉત્પાદન વ્યક્તિગત હશે, નહિ કે સહકારી. વળી આ ગ્રામદાની ગામડાંમાં પુરાણયુગી–ઘોની અને રેંટિયાને ભેગા કરવાની વ્યવસ્થા ફરજિયાત (?) થશે. કપડું, જોડા, તેલ વગેરે માટે સ્થાનિક આધાર રાખવાનો હશે.

* અલબત્ત, વિનોબાજી એવું નથી કહેતા કે, ગામડાં સંપૂર્ણ રીતે સ્વયંસંપૂર્ણ હોવાં જોઈએ. તેઓ વિનિમયનો સ્વીકાર કરે છે, અલબત્ત, વધુમાં વધુ મર્યાદિત સ્વરૂપમાં. એ વાત સાચી છે કે, વચગાળાના સમય દરમ્યાન ગ્રામ–ઉદ્યોગોની રક્ષા થાય અને સૌને રોજી–કામગીરી મળે, તે માટે તમામ પ્રયાસ થવા જરૂરી છે; પરંતુ ગ્રામ–સ્વયં–સંપૂર્ણતાનું જે ચિત્ર દોરવામાં આવે છે, તે નથી સાચું, નથી વ્યવહારુ. આમ છતાં વિનોબાજી ગ્રામદાન ઉપર, બહારની દુનિયા સાથે તેનો મર્યાદિત વિનિમય સંબંધ હોય તે પ્રકારનો ઝોક આપે છે તે સહજ રીતે સમજી શકાય તેવું છે. શહેરો સાથેના વિનિમયદ્વારા ગામડાંઓનો જે સર્વનાશ થઈ રહ્યો છે તે વિનોબા જુએ છે.

તેઓ વિનિમયને મર્યાદિત કરીને માર્ગ શોધવા માગે છે, ત્યારે સાચો સમાજવાદી રાહ જડયો ન હોવાને કારણે છટકબારી સૂચવે છે.

ભાવિ શક્યતા

પરંતુ યક્ષપ્રશ્ન તો એ છે કે, ગ્રામદાન આંદોલન માટે ભાવિ શક્યતા કેટલી છે? ૧૯૫૭ના સપ્ટેમ્બર સુધીમાં ૩૦૦૦ ગામડાંનુ ગ્રામદાન થયું હતું. આમાં સૌથી મોટી સંખ્યા, હજી જ્યાં ખાનગી મિલકત—માલિકીનો દઢ વિકાસ નથી થયો તેવાં ગામડાંની છે. ગ્રામદાનની જેમ ભૂદાન પ્રવૃત્તિ પણ ઉજ્જવળ વિજય મેળવવામાં નિષ્ફળ જવાની છે. કેમ કે ગ્રામદાનીઓ માને છે કે, ગામડાંનાં સ્થાપિત હિતો એક દિવસ તો એમના પ્રચારને વશ થશે ને મિલકત–મુક્તિનો આનંદ

માણુશે. અલબત્ત એવી માન્યતા માટે કોઈ વૈજ્ઞાનિક પાયો મળ્યો નથી. તેઓ એ વાત સમજી શકતા જ નથી કે કોઈ પણ આર્થિક-વર્ગનું સામાજિક વર્તન તેની વર્ગ-સ્થિતિને અનુરૂપ જ ઘડાય છે; અને કેવળ થોડીક છૂટી છવાયી વ્યક્તિઓ જ તેનાથી પર થઈ શકે છે. ત્યારે વિનોબાજીની વિચારસરણી મુજબ, **વિચાર** જ વ્યક્તિઓ અને પરિસ્થિતિને પલટનાર સર્વોપરી બળ છે.

સંપત્તિદાન

ગ્રામદાન અને ભૂદાન સંપત્તિદાન સાથે સંકળાયેલ છે. વિનોબા કહે છે :

> 'ભૂદાનનું કામ જેમ જેમ આગળ વધ્યું, તેમ તેમ એ વાત વધુ સ્પષ્ટ બની કે, એ આંદોલન પાછળનો વિચાર સફળતાને પામી નહિ શકે, સિવાય કે આપણે એક ડગલું આગળ વધી, સંપત્તિ અને મિલકતના હિસ્સાની પણ માંગણી કરીએ.'

આ પછી સંપત્તિના ૧/૬ ભાગની માંગ કરવામાં આવી.

ફરી આપણે એનો એ જ દષ્ટિકોણ, એ જ ટેકનિક જોઈએ છીએ; ફરી પાછી ફંડ માટેની અપીલ અને તે ય ધનિકોને. શોષણને રોકવાનો અથવા તેના ઉપર કાપ-દાબ મૂકવાનો પ્રયાસ નહિ, પરંતુ ધનિકો પાસે ઉદાર ધર્માદા-વૃત્તિની અપીલ !

ભૂદાન સાથે સંકળાયેલી, વધતી જતી પ્રવૃત્તિઓને પોષવા માટે વિનોબાજી સંપત્તિદાનની માંગ કરી રહ્યા છે, ત્યારે તેના પાંચ હેતુઓ ગણાવવામાં આવે છે; (૧) ધનિકો ગરીબોનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરે; (૨) ધનિકો ને ગરીબો બંને સંઘરાવૃત્તિનો ત્યાગ કરે અને તમામ મિલકત સરકારની અથવા સમાજની માને; (૩) પૈસા અને સોનાની કિંમત ખતમ કરી કામને સાચી સંપત્તિ ગણવી; (૪) લોક-શક્તિ પેદા કરી, લોકો રાજ્ય ઉપર ઓછો ને ઓછો આધાર રાખી, પોતાનું કામકાજ કરવા શક્તિમાન બને; (૫) સમાજ-તંત્રને નવેસરથી ઘાટ આપવો.

ઉત્પાદનનાં સાધનોનું રાષ્ટ્રીયકરણ કરવાને બદલે ૧/૬ સંપત્તિભાગ માટે અપીલ; ઉદ્યોગોનું કાનૂની રીતે રાષ્ટ્રીયકરણ કરવાની માંગને બદલે એવી તરંગી આશા સેવવી કે, એ એક દિવસ સ્થાપિત હિતો અંતે જ સંપત્તિ-મુક્તિ ઇચ્છશે; વિનોબાજીના ભાવિ સર્વોદયનો આવો પાયો છે.

'યુટોપિયન' દષ્ટિબિંદુ

ભૂદાન, ગ્રામદાન અને સંપત્તિદાનમાં જે સળંગ તંતુ છે તે એ કે, લડત છોડી દેવી, સંઘર્ષ ટાળવો-સત્યાગ્રહ પણ નહિ. કેવળ શબ્દની શક્તિ ઉપર પરિવર્તનનો બધો જ (?) આધાર રાખવો; વિનોબાજી માટે પરિવર્તનની પદ્ધતિ મુખ્ય વસ્તુ છે. તેઓ માણસોનું પરિવર્તન કરી, તેમને નૂતન સમાજનું સર્જન કરવા સજ્જ કરવા માગે છે. એ કહેવાની જરૂર નથી કે એમના માર્ગે એમનો હેતુ કે પરિવર્તન એ સધાશે નહિ. એ માર્ગ માનવીનાં મનમાં કેવળ એવી ભ્રમણા જ પેદા કરશે કે, તેઓ તેમના હેતુઓ પ્રચારદ્વારા સાધી શકશે; આ રીતે તે માર્ગ આમ-જનતાનાં સમાજવાદ અને લોકશાહી માટેનાં આંદોલનોને નિર્વીર્ય બનાવી દેશે.

> વિનોબાજી અને એમના અનુયાયીઓની આટ-આટલી તીવ્ર આતુરતા છતાં આવું પરિણામ શાથી આવે છે ? એનું કારણ એ છે કે, સમાજ-વિકાસના ઐતિહાસિક કાનૂનો તરફ તેઓ આંખો બંધ કરે છે, કેમકે વિનોબાજી વર્ગથી પર રહેવા માગે છે. બંને પ્રત્યે નિષ્પક્ષ રહેવાની અને સંઘર્ષ ટાળવાની ઇચ્છામાં તેઓ આમ-જનતાના હિતની વિરુદ્ધની હરોળમાં જઈ પહોંચે છે !

ભૂતકાળમાં તરંગી સ્વપ્નશીલો-'યુટોપિયનો' થઈ ગયા છે. ને તેમને ઉદ્દેશી માર્ક્સે કમ્યુનિસ્ટ મેનિફેસ્ટોમાં જે ટીકા કરી, છે તે વિનોબાજીને પણ લાગુ પડે છે.

વિશ્વશાંતિ

શાંતિની બાબતમાં વિનોબાજી જેટલી ઉત્કટતા સેવે છે એટલી બહુ થોડા સેવતા હશે ! વિશ્વ-પરિસ્થિતિ અંગેના એમના પૃથક્કરણ તથા ઉપાય અંગે ભલે આપણે હંમેશાં સંમત ન થઈ શકીએ; તેમ છતાં તેમની તમામ શક્તિ શાંતિને પક્ષે જ છે.

* વિનોબાજી અને તેમના અનુયાયીઓ સામાજિક પરિવર્તનનો ઉત્કટ આવેગ અનુભવે છે...પોતાની આજુબાજુ ફરતાં કોંગ્રેસી નેતાઓથી સાવ ભિન્ન રીતે, વિનોબાજી

જમીનની માલિકીને નિર્મૂળ કરવાની હિંમતભરી સિફારસ કરી રહ્યા છે. વિનોબા જેવી કક્ષાની વ્યક્તિ જ્યારે વર્ગ-વિહીન અને રાજ્ય વિહીન સમાજની—ઉત્પાદનનાં સાધનોમાં ખાનગી માલિકી ન હોય તેવા સમાજની—સિફારસ કરે છે, ત્યારે વર્તમાન સમાજના સૌથી નાજુક મર્મ-સ્થાન પર લોકોનું લક્ષ કેન્દ્રિત તો થાય જ છે.

* માર્ક્સવાદીઓ ખાનગી મિલકતની પ્રત્યેક શુભાશયી ટીકાને આવકારે છે; કેમકે આ અન્યાયી અને અનિષ્ટ સમાજ પદ્ધતિને નિર્મૂળ કરવામાં તે સહાયરૂપ છે. વિનોબાજીની ફિલસૂફીમાંનાં ટીકાત્મક તત્ત્વો ભારતીય પરિસ્થિતિમાં અમુક વિધાયક (પોઝિટિવ) ભાગ ભજવવા સમર્થ પણ બને. અલબત્ત, સોવિયેત અને ચીની ક્રાંતિઓ તથા વિશ્વ-સમાજવાદી જાગૃતિની પાર્શ્વભૂમિકામાં એમની ટીકાને ભારતનાં પ્રગતિશીલ તત્ત્વો સાવ પ્રાથમિક કક્ષાની અને વૈજ્ઞાનિક સમાજવાદના પાયાની સમજ વિનાની ગણશે.

ગાંધીજી અને રાજકીય લડત

આધ્યાત્મિક વિચારો ઉપર અત્યંત ભાર મૂકવા છતાં ગાંધીજી ભારતના અનન્ય મહાન રાજકીય નેતા હતા. અને બ્રિટિશ સામેની રાજકીય લડતમાં તેમણે ભારતને દોરવાની હિંમત કરી હતી. અહિંસા અને સત્યાગ્રહ, અલબત્ત, આમજનતાના જુસ્સાને મોળો પાડવા અને લડતને કાબૂમાં રાખવા વાપરવામાં આવ્યાં હતાં; પરંતુ રાજકીય લડત, પરદેશી રાજ્ય સામેની લડત તેમણે કદી છોડી દીધી ન હતી.

પ્રત્યેક વર્ગીય સમાજમાં સામાજિક પરિવર્તન માટેની લડતનું કેન્દ્ર અનિવાર્યતયા રાજ્ય અને સરકાર હોય છે, કેમકે સરકાર અથવા રાજ્ય અન્યાયી સમાજરચનાના પરિવર્તનની આમજનતાની પ્રગતિની આડે આવે છે. સામાજિક પરિવર્તનની લડત અનિવાર્ય રીતે રાજકીય લડતમાં, રાજકીય સત્તા હસ્તગત કરવાની લડતમાં પરિણમવી જ જોઈએ. આ લડત શાંતિમય હો, અહિંસક હો વા હિંસક, તેણે રાજકીય સ્વરૂપ તો ધારણ કરવું જ રહ્યું. નવો વર્ગ રાજ્યસત્તા હસ્તગત ન કરે ત્યાંલગી નૂતન સમાજવ્યવસ્થા શક્ય જ નથી. સામાજિક પરિવર્તનનો આ કાનૂન છે, અને તે ભારતને ય એટલો જ લાગુ પડે છે.

આપણે જોઈ એ છીએ કે ભૂદાન અને ગ્રામદાનનું અનિવાર્ય પરિણામ રાજકીય લડતનો ઇન્કાર છે. પ્રેમ અને અહિંસાના સિદ્ધાંતોનો અર્થ એવો થઈ રહ્યો છે કે, પ્રજાએ રાજકીય લડત અને રાજ્ય બંનેને વર્તમાન રાજ્યકર્તાઓને હસ્તક બિનવિક્ષેપ સલામત છોડી દેવાં!

આ દૃષ્ટિબિંદુના અનુસંધાનમાં વિનોબાજી તમામ પક્ષોનો ય ઇન્કાર (!) કરે છે.

પરંતુ રાજકીય પક્ષોની ખરાબી શી છે? તો વિનોબા કહે છે: 'પાર્ટી રાજકીય સત્તા લેવાનું સાધન છે. અને વિચારો તો રાજકીય સત્તાની સ્પર્ધામાં અનુકૂળ ટ્રેડમાર્ક જ બની જાય છે!'

એ વાત સાચી છે કે, ક્ષય પામી રહેલ અને પ્રત્યાઘાતી વર્ગની પાર્ટીઓ માટે આ સાચું છે. તેમનામાં નિતાંત સડો, અધઃપતન અને તકવાદ જોવા મળે છે. પરંતુ એટલા સારુ તમામ રાજકીય પક્ષોનો તિરસ્કાર કરવાને કારણ નથી. કચડાયેલો વર્ગ પોતાની જાતને પક્ષ રૂપે સંગઠિત કર્યા વિના પોતાની મુક્તિ હાંસલ કરી શકશે નહિ... આવી રાજકીય પાર્ટીનો હેતુ સત્તા હાસલ કરવાનો હોય તેમાં કશું જ ગુનાહિત નથી.

રાજકારણથી દૂર ભાગવાની હિમાયત અજાણતાંય સત્તાધારી વર્ગને માટે અત્યંત અનુકૂળ રાજકીય કૃત્ય બની જાય છે.

૨

રાજ્યસંસ્થા

વિનોબાજી રાજ્યરૂપી સંસ્થાના કટ્ટર વિરોધી છે. તેઓ રાજ્યવિહીન સમાજરચનામાં માને છે; અને આજે તેને જ માટે કામ કરી રહ્યાનો તેમનો દાવો છે. આ રીતે, તેઓ પોતાને કમ્યુનિસ્ટો કરતાં આગળ માને છે, કેમકે કમ્યુનિસ્ટો રાજ્યસત્તાની નાબૂદી ભવિષ્યમાં માગે છે. ત્યારે તેઓ આજે જ નાબૂદી કરવા માગે છે.

તેઓ રાજ્યસત્તાને સમાજ ઉપર લાદવામાં આવેલ કૃત્રિમ પેદાશ માને છે. અને રાજ્યને કેન્દ્રિત આર્થિક તથા રાજકીય સત્તાના અનિષ્ટનું મૂળ સમજે છે. તેઓ તેની સામે લડ્યા વિના જ તેની નાબૂદી કરવા મથે છે. અને તેઓ રાજ્યને

સમાજથી પર એવા તંત્ર તરીકે જુએ છે, અને નહિ કે સમાજ ઉપર પ્રભુત્વ ધરાવવાના વર્ગીય સાધન તરીકે. એટલે જ તો તેઓ એને અમુક ઐતિહાસિક પરિસ્થિતિની પેદાશ તરીકે જોતા નથી. અને જ્યારે વર્ગો નાબૂદ થશે અને વર્ગ વર્ગ વચ્ચેનું શોષણ ખતમ થશે, ત્યારે નિશ્ચિત રીતે તે અદશ્ય થઈ જશે જ, એવું માનતા નથી. નવા સામાજિક સંબંધો સ્થપાયા પછી જ, તેનાં પરિણામ રૂપે જ તે કરમાઈ જશે, અને તે પૂર્વે નહિ જ, એ વાત તેમની સમજણમાં ઊતરી નથી.

વળી રાજ્ય વિલય પામે તે પૂર્વે કામદારવર્ગે સત્તા હસ્તગત કરવી જ રહી; એ વાત સમજવામાં પણ તેઓ નિષ્ફળ ગયા છે. રાજ્યસત્તાનો ઉપયોગ નવી સમાજરચના બાંધવાના વચગાળાના ગાળામાં આર્થિક જીવનને સુવ્યવસ્થિત બનાવવા માટે અને એને ઊંધુંચત્તું કરનારને સજા કરવા માટે કરવો જ રહ્યો.

ત્યારે વિનોબાજી તો રાજ્યસત્તાની **તત્કાલ નાબૂદી (?)** કરવા માગે છે. તેમની સમજ મુજબ, રાજ્ય એક વર્ગના બીજા વર્ગ ઉપરના આધિપત્યનું સાધન નથી; પણ એ તો સમાજથી પર એવું એક તંત્ર છે, જેમાં થોડીક વ્યક્તિઓ સત્તા લઈ બીજાઓ ઉપર આધિપત્ય જમાવે છે. રાજ્ય ખરાબ છે, કેમકે તે થોડાક હાથોમાં આર્થિક અને રાજકીય સત્તાનું કેન્દ્રીકરણ કરીને, વ્યક્તિગત સ્વતંત્રતાનું નિયંત્રણ કરે છે. આર્થિક શોષણ અને મૂડીવાદી શોષણની પરિસ્થિતિ જ આજના રાજ્યને જન્મ આપે છે, અને નાનકડા વર્ગના હાથોમાં આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ કરે છે, એવું વિનોબાજી માનતા નથી. પણ તેઓ તો ઊલટું એવું માને છે કે, રાજ્ય જ થોડાક હાથોમાં સત્તાનું કેન્દ્રીકરણ કરે છે !

એનાર્કિસ્ટ દૃષ્ટિબિંદુ

આ દૃષ્ટિબિંદુ કાંઈ નવું નથી. ૧૯મી સદીના યુરોપી અરાજકતાવાદીઓ (એનાર્કિસ્ટો)નું વ્યક્તિવાદી દૃષ્ટિબિંદુ આવું જ હતું. તેઓ પણ રાજ્યને વ્યક્તિવાદી દૃષ્ટિથી જ જોતા; અને મૂડીવાદી રાજ્ય સામેની વર્ગીય લડતના સાધન તરીકે ભૂલી જ ગયા હતા. કમ્યુનિસ્ટ સમાજમાં રાજ્ય અદશ્ય થઈ જશે, એવા કમ્યુનિસ્ટોના વૈજ્ઞાનિક વિચાર સામે, ૧૯મી સદીના યુટોપિયન અરાજકતાવાદીઓએ સત્તાવાદ સામે અણઘડ પ્રકારનો સવાલ ઊભો કર્યો હતો. રાજ્ય-સત્તાની તત્કાલ નાબૂદી માગી હતી; અને વ્યક્તિને કોઈ પણ પ્રકારની સત્તામાંથી સંપૂર્ણ મુક્તિ હોવી જોઈએ, એવી માંગ ઉઠાવી હતી. તેઓ ક્રાંતિકારી કામદાર વર્ગનું નહિ, પરંતુ મૂડીવાદી સમાજના **અંતિમ પ્રકારના વ્યક્તિવાદનું** પ્રતિનિધિત્વ કરતા હતા.

રાજ્ય સંગઠન, રાજકારણ અંગેના વિનોબાજીના વિચારો **૧૯મી** સદીના યુરોપીય અરાજકતાવાદીઓ (બાકુનિન અને પ્રુધોંના અનુયાયીઓ)ના વ્યક્તિવાદી વિચારો સાથે ઘણું જ સામ્ય ધરાવે છે. અને એ સ્વાભાવિક જ છે. વિનોબાજીના સર્વોદયનો આધાર દલિત ક્રાંતિકારી વર્ગ નથી; પણ તમામ વર્ગોની વ્યક્તિઓ છે.

રાષ્ટ્રીય સરકાર

વિનોબાજી વર્તમાન રાષ્ટ્રીય સરકાર સામે લડવા માગતા નથી, એ આપણે અગાઉ જોઈ ગયા છીએ. હાલના રાજ્યકર્તા વર્ગ સામેની રાજકાર્ય લડત વિના જ તેઓ રાજ્યવિહીન સમાજ સ્થાપવાનો સિદ્ધાન્ત ખડો કરે છે એટલે એ આદર્શ નિષ્ફળ જવા જ સર્જાયો છે.

આ દૃષ્ટિને કારણે તેઓ એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદ જોતા નથી – બધાં રાજ્યોને સરખાં ખરાબ ગણે છે. અને નવો સમાજ ઘડવામાં કામદાર–રાજ્યનો કોઈ ફાળો નથી એવું માને છે. કૃપલાનીજીએ, ભૂદાનીઓને કહ્યું કે 'ભૂદાન ક્રાંતિ' સફળ રીતે પાર પાડવા માટે તેમણે રાજ્ય-ધુરા હાથમાં લેવી પડશે.' ત્યારે વિનોબાજીએ સ્પષ્ટ જવાબ આપી દીધો હતો કે, 'રાજ્યસત્તા મારા હાથમાં હોવાની જરૂર નથી; હું એના પર કાબૂ રાખી શકું તો પૂરતું છે.' વિનોબાજી **રાજનીતિ** સામે **લોકનીતિ** પર જોર લગાવે છે. અને લોકનીતિ દ્વારા રાજનીતિ ઉપર કાબૂ રહે એવી તેમની કલ્પના છે. એટલે કે દલિતો અને શ્રમજીવીઓએ રાજ્યસત્તા હાથમાં લેવાની જરૂર નથી; પણ બહાર રહી તેના પર કાબુ ધરાવવો—આ બધું રાજ્યની નાબૂદી કરવાના તેમના ધ્યેયના હિતમાં છે.

વિનોબાજી એક બાજુ રાજ્ય પર 'કાબૂ' રાખવાની વાત કરે છે; બીજી બાજુ એની નાબૂદીની પ્રક્રિયા આજથી જ શરૂ કરી દેવા માગે છે. ક્રાંતિકારી વૈજ્ઞાનિક માર્કસવાદી

કલ્પના એવી છે કે, શોષણની નાબૂદી થયા પછી અને ઉત્પાદનનાં સાધનોનું સામાજીકરણ થયા પછી રાજ્યનું વિલીનીકરણ થશે; ત્યારે વિનોબાજી તેને સ્થાને એવી યુટોપિયન કલ્પના રજૂ કરે છે કે,' રાજ્યની નાબૂદીની પ્રક્રિયા હાલ તુરત શરૂ કરી દેવી જોઈએ.

પક્ષો–ચૂંટણીઓ–બહુમતિ

વિનોબાના રાજકીય પક્ષો, ચૂંટણીઓ અને બહુમતિના શાસન અંગેના ઘણા બધાં સવાલો પરત્વે રાજકારણ–વિરોધી અને સત્તાવાદ–વિરોધી વલણ ધરાવે છે.

રાજકારણથી દૂર રહેવાના તેમના સિદ્ધાન્તનો બચાવ કરતાં તેઓ એવું કહે છે કે :—

"દેશને આઝાદ કરવાનો હતો, ત્યાંસુધી રાજકીય સત્તા ઉપરનો ઝોક જરૂરી હતો; પણ સ્વરાજ આવ્યા પછી તો સામાજિક અને આર્થિક ક્રાંતિ પાછળ જ બધો પ્રયાસ લગાવી દેવો જોઈએ એટલે કેવળ રાજકીય સત્તા મેળવવામાં જ બધી શક્તિ રહેલી છે, એમ વિચારવું તે તો સ્વરાજ્યનું રહસ્ય જ ચૂકી જવા બરાબર છે. ભૂદાનયજ્ઞમા માનનારાઓ મૂળભૂત સામાજિક પરિવર્તન લાવવા તો માગે જ છે. પરંતુ ભૂદાન આંદોલન હાલના પક્ષીય ભેદો ધોઈ નાખવા અને લોકનીતિ સરકારી નીતિની ઓશિયાળી રીતે નહિ, પણ સ્વતંત્ર રીતે વિકસે તેવી—સામાજિક કાર્યની નવી ગતિશીલતા પેદા કરવા મથે છે."

ચૂંટણીઓ અને બહુમતિ સત્તા

વિનોબાજી તો, ચૂંટણીઓ પણ નવા ભેદો અને ઝઘડા પેદા કરનાર છે, એવુ માને છે. આગળ વધી તેઓ તો પાર્લામેન્ટરી પદ્ધતિની બહુમતિની રાજ્યસત્તા સામે ય અવાજ ઉઠાવે છે. બહુમતિની પદ્ધતિનો વિકાસ એ કૃત્રિમ રાજકીય વિજ્ઞાનનું પરિણામ છે એવુ માને છે. ચૂંટણી પદ્ધતિ એ પશ્ચિમી પેદાશ છે; બહુમતિ રાજ્યપદ્ધતિ ભારતને અનુકૂળ નહિ એવી પશ્ચિમી પદ્ધતિ છે, અને એ પદ્ધતિ બહુમતિ અને લઘુમતિ વચ્ચે ઘર્ષણ પેદા કરે છે, એમ સર્વોદયના નેતા માને છે. બહુમતિ અને લઘુમતિ વચ્ચેના સામાજિક એકરાગને નામે તેઓ પાર્લામેન્ટરી પદ્ધતિનો ધરમૂળથી તિરસ્કાર (?) કરે છે

બહુમતિની રાજ્યપદ્ધતિને સ્થાને વિનોબાજી બીજી કઈ પદ્ધતિ સૂચવે છે? પંચ બોલ્યા એટલે પરમેશ્વર બોલ્યા એ પ્રકારની સર્વાનુમતિની તેઓ સિફારસ કરે છે.

આનો અર્થ તો એવો થયો કે, સર્વાનુમતિને નામે લઘુમતિને 'વીટો'ની સત્તા આપવી!

આ દૃષ્ટિ ક્રાંતિકારી વર્ગની નથી. પણ સામાજિક સહકારી જીવનમાં અનિવાર્ય રીતે જરૂરી એવા સામાજિક નિયંત્રણોથી ત્રાસી ગયેલી વ્યક્તિની છે.

વિકેન્દ્રીકરણ

કેન્દ્રીકરણ–વિકેન્દ્રીકરણ અંગે પણ, સર્વોદયીઓના ઉપર જેવા જ ગલત વિચારો છે. આજના જમાનામાં જે પ્રકારે રાજકારણી અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું છે, તેની સામેનો તેમનો વિરોધ વ્યાજબી છે. તેમનો ભાવિ આદર્શ સમાજ રાજકીય અને આર્થિક સત્તાના વિકેન્દ્રીકરણના પાયા પર રચાશે, એમ તેઓ જણાવે છે પરંતુ તેઓ વિકેન્દ્રીકરણ ખોટા અર્થમા સમજે છે તેઓ એનો અર્થ એવો કરે છે કે, શકય હોય ત્યાંસુધી મોટા પાયા પરના ઉદ્યોગો જ નહિ જોઈએ–એટલે કે શકય હોય ત્યાલગી નવી વૈજ્ઞાનિક પ્રગતિ ટાળવી (?) એમની માન્યતા મુજબ સમાજમા ઓછામાં ઓછો વિનિમય હશે; ગામડાંમાં નાના પાયા પર કિસાન–ઉત્પાદન થતું હશે; મોટાં યંત્રો અને મોટા ઉદ્યોગોનો ઓછામા ઓછો ઉપયોગ થશે; તથા વધુમાં વધુ સ્વયંસંપૂર્ણતા હશે. આ પ્રકારનુ વિકેન્દ્રીકરણ પ્રગતિની જ રૂંધામણ કરશે; એટલે કે માનવીની ઉત્પાદક શક્તિને ઘણી વહેલી અંતિમ મર્યાદામાં પૂરી દેશે. પરિણામે સમાજ ઘણા નીચા ધોરણે જીવશે.

વળી જ્યાંલગી શ્રમની ઉત્પાદક શક્તિ અતિ મોટા આંક પર પહોંચે નહિ, અને અઢળક પેદાશ થાય નહિ ત્યાં લગી સર્વ પ્રજાની જરૂરિયાતો સંતોષવાનુ અને 'દરેક જણ પોતાની શક્તિ મુજબ કામ કરે અને જરૂરિયાત મુજબ ઉપભોગ કરે' એ ધોરણે પહોંચવાનુ શકય જ નથી. મોટાં યંત્રો અને ભારે ઉદ્યોગો સામે કૃત્રિમ મનાઈ ફરમાવવાથી ઉપરનો આદર્શ કદી અમલી નહિ બની શકે. માર્કસવાદીઓ આ સત્ય એક સદી પૂર્વે જાણી ચૂકયા છે, અને જેમણે

જેમણે એના પ્રત્યે દુર્લક્ષ કર્યું છે, તેમને સુધારવાનો પ્રયાસ કરતા રહ્યા છે.

બૌદ્ધિક અને શારીરિક શ્રમ

ઉપર મુજબની ગલત દૃષ્ટિને કારણે સર્વોદયીઓ પોતાનો એક બીજો પ્રિય આદર્શ અમલમાં નહિ ઉતારી શકે. તે આદર્શ તે બૌદ્ધિક અને શારીરિક શ્રમ વચ્ચેનો ભેદ દૂર કરવો. આજે થોડાંક જ રાષ્ટ્રોમાં બૌદ્ધિક પ્રવૃત્તિનો ઇજારો છે, અને મોટા ભાગની વિશાળ પ્રજા યાંત્રિક અને શારીરિક શ્રમનો અપરંપાર ઢસરડો કરી રહી છે. આ દૂષણ મૂડીવાદી સમાજરચનાનું છે. અને નવી સમાજરચનામાં આ દૂષણ દૂર થવું જ રહ્યું.

સર્વોદયીઓ એવું માને છે કે, જો કોઈ ને કોઈ પ્રકારનો શારીરિક શ્રમ સૌ કરે તો જ આ ભેદ દૂર થાય. હકીકતે તો, આ ભેદ ત્યારે જ દૂર થશે કે જ્યારે ઉત્પાદન-કાર્યમાં સૌ હિસ્સો લેતાં થશે, અને સામાજિક ઉત્પાદન-શક્તિ એટલી વધી ગઈ હશે કે જેથી ઘણા ઓછા કલાક શ્રમ કરવો પડતો હશે, અને આમપ્રજા બૌદ્ધિક પ્રવૃત્તિમાં પૂરતો સમય આપી શકે એવી સ્થિતિમાં હશે. નવા સર્વોદય સમાજમાં ભારે ઉદ્યોગો સામે નિયંત્રણ હોઈને તો ઊલટું જ પરિણામ આવશે.

બૌદ્ધિક અને શારીરિક શ્રમ વચ્ચેનો ભેદ દૂર કરવા માટે બે શરતો મહત્ત્વની છે: તેમાંની પહેલી શરત—દરેક જણે ઉત્પાદક-શ્રમમાં હિસ્સેદાર બનવું જોઈએ, એ તો સર્વોદયીઓ સ્વીકારે છે. પરંતુ બીજી શરત—ઉત્પાદન પ્રચંડ પ્રમાણમાં થવું જોઈએ, કામના કલાક ઘટવા જોઈએ, બૌદ્ધિક પ્રવૃત્તિ માટે પૂરતો સમય મળવો જોઈએ, વગેરે તરફ આંખો બંધ કરે છે.

સર્વોદય આજની કેન્દ્રિત આર્થિક સત્તાનો અંત આણવાની માંગ કરે છે. તે માંગ તદ્દન સાચી અને ન્યાયયુક્ત છે. પરંતુ તેઓ આર્થિક સત્તાના કેન્દ્રીકરણને મોટા પાયા પરના ઉદ્યોગો સાથે સેળભેળ કરી દે છે. પ્રથમ વાત એ છે કે, કેન્દ્રીકરણ થાય છે તે ઉદ્યોગોના કદને કારણે નહિ, પરંતુ મોટાં આર્થિક ઘટકો ઉપરની માલિકી ખાનગી છે, તે તેને માટે જવાબદાર છે. ઉત્પાદન ઉપર સામાજિક માલિકી સ્થપાતાં સદાને માટે આ કેન્દ્રીકરણનો અંત આણશે. વળી બીજી વાત એ છે કે, મૂડીવાદી પદ્ધતિમાં ખાનગી માલિકીના મોટા ઉદ્યોગો મોટાં શહેરો અને નગરોમાં કેન્દ્રિત થાય છે. શહેરો ટેકનિકલ અને વૈજ્ઞાનિક શોધખોળો—પ્રગતિનો ઇજારો કરી લે છે, અને ગ્રામપ્રદેશ પછાત રહી જાય છે: જેમાંથી શહેરો અને ગ્રામપ્રદેશ વચ્ચે વૈમનસ્ય જાગે છે.

સર્વોદયમાં જો આજનાં નગરો અને ગ્રામપ્રદેશો વચ્ચેનું આ વૈમનસ્ય દૂર કરવાના અર્થમાં જ વિકેન્દ્રીકરણની વાત કરતા હોય તો તેમની સાથે અમારે કશો કજિયો નથી. અલબત્ત, આમાં એવી ધારણા-ગૃહિત છે કે, વર્તમાન ઉદ્યોગોનું વધુમાં વધુ સમાન વિતરણ આખા દેશમાં થઈ જશે; અને નહિ કે મોટા ઉદ્યોગોના વિસ્તાર સામે વધુમાં વધુ નિયંત્રણ રહેશે.

વણલખ્યું સૂત્ર

આ મહત્ત્વના સવાલો ઉપર વિનોબાજી ભૂલભર્યા ખ્યાલો ધરાવે છે; ઉપરાંત આજના કેટલાક મહત્ત્વના રાજકીય સવાલો અંગે વિનોબાજી કોંગ્રેસ સરકારને લગભગ મળતા અભિપ્રાયો વ્યક્ત કરે છે. દા. ત. મહારાષ્ટ્ર—ગુજરાતની સમસ્યા અંગે: વિનોબાજી આટલા વિશાળહૃદયના હોવા છતાં ગુજરાત—મહારાષ્ટ્રના પ્રજાજનોને થયેલો અન્યાય શાથી જોઈ પણ શકતા નથી?

જાણે કે એમ જ લાગે છે કે, પોતે સંમત ન હોવા છતાં ખુલ્લી અને કડક ટીકાઓ કરી કોંગ્રેસ સરકારને મુશ્કેલીમાં ન મૂકવાનું તેમનું વણલખ્યું સૂત્ર છે. અલબત્ત, કેટલીકવાર વિનોબાજી અસાધારણ ઉગ્ર ભાષામાં સ્વાર્થી તત્ત્વો સામે કહી નાખે છે: એક બાજુ નાની ચોરી કરનારાનો તિરસ્કાર થાય છે, ત્યારે બીજી બાજુ સમાજવિરોધી પ્રવૃત્તિના સર્જનારા અને નાણાંના ઢગલા જમા કરનારાઓ માન અને પ્રતિષ્ઠાનાં સ્થાન ભોગવતા હોય છે!—એવું કહી નાખે છે; અને સમાજમાં કેવી ધૂર્તતા અને દંભવૃત્તિ પ્રવર્તી રહી છે એવું વર્ણન કરે છે. વિનોબાજી વારંવાર સાધારણ માનવીની વતી હૃદયના આવેગ સહિત અન્યાય અને દંભ સામે અવાજ ઉઠાવતા હોય છે. અને તેમના મતભેદો છતાં કમ્યુનિસ્ટો તરફ તેઓ મૈત્રીની લાગણી પ્રદર્શિત કરે છે. તથા મનની વિશાળતા અને ધીરજપૂર્વક તેમનું દૃષ્ટિબિંદુ સમજવા કોશિશ કરે છે.

[વિશ્વમાનવ : ઑક્ટોબર—નવેમ્બર '૫૮

અંતમાં આપણે કહી શકીએ કે, વિનોબા ભાવેની સર્વોદય ફિલસૂફી અને વિચારધારા ભારતીય સામાજિક અસ્તિત્વના અંશ રૂપ કેટલાંક તત્ત્વોની બનેલી છે.

સર્વોદય કાર્યકરોની તત્કાલ વ્યવહારૂ પ્રવૃત્તિઓમાં ભારતને હારી રહેલી ભૂમિ-સમસ્યા સૌથી મહત્ત્વનો ભાગ ભજવી રહી છે. પ્રગતિમાન કમ્યુનિસ્ટ વિચારોના ધસારા નીચે, સર્વોદય કાર્યકરો એક એવો આદર્શ સમાજ રજૂ કરી રહ્યા છે કે જેમાં વર્ગો નહિ હોય, રાજ્યસત્તા નહિ હોય, અને તેનું આધાર-સૂત્ર એ હશે કે ‘ સૌ પોતાની શક્તિ પ્રમાણે કામ આપે અને જરૂર મુજબ ઉપભોગ કરે. ’ તેઓ ઍંગલ્સનાં અવતરણો ટાંકીને કહે છે કે, અમારે એવો સમાજ જોઈએ છે કે જેમાં માણસો ઉપરના તંત્રને સ્થાને વસ્તુઓનું સંચાલન થતું હશે.

આમ છતાં બીજી બાજુ, તેઓ સિદ્ધાન્તના જોરે તમામ રાજકીય લડતોનો ઈન્કાર કરે છે. હકીકતે, તેઓ તમામ લડતોનો ઈન્કાર, નવા ‘ વિધાયક સત્યાગ્રહ ’ને નામે કરે છે વિનોબાજીના પાર્લમેન્ટ, બહુમતિ રાજ્યપદ્ધતિ, રાજકીય પક્ષો વગેરે અંગેના વિચારોનો વાસ્તવતા સાથે મેળ ખાતો નથી; અને તેમની વિચારસરણી નૂતન સમાજના ઘડતર તરફ લઈ જનારી પ્રગતિને પોષક છે એવું કહી શકાય એમ નથી.

સર્વોદયીઓ વર્ગ–વાસ્તવતા તરફ ઉપેક્ષા સેવી માનવીનાં હૃદય પલટવા માટે માત્ર પ્રચાર ઉપર જ એકાગ્રતા કરે છે. અન્યાયો દૂર કરવા માટે તેઓ ભવિષ્યમાં નજર ઠારવાને બદલે, નાના પાયા પરનું ઉત્પાદન, વ્યવહારગમ્ય ગ્રામ સ્વયંસંપૂર્ણતા—એટલે કે ભૂતકાળ ભણી જુએ છે; અને તે દ્વારા વિજ્ઞાન અને મોટા ઉદ્યોગો માટેનો ભય વ્યક્ત કરે છે.

રાજ્ય સામે લડત આપ્યા વિના જ તેઓ તેને તત્કાળ નાબૂદ કરવા માગે છે. સામાજિક પરિવર્તનના સંચાલક બળ તરીકે આમપ્રજાની લડતનો ઇન્કાર કરીને, તેમણે તેમના આદર્શો અને તત્કાળ હેતુઓને અપ્રાપ્ય બનાવી દીધા છે.

ભૂદાન અને ગ્રામદાનનાં વ્યવહારુ પરિણામો આપણી સામે છેઃ તે બતાવે છે કે રાજ્યની છત્રછાયા છતાં, કદાચ તેને જ કારણે, કેટલું નહિ જેવું પરિણામ તેઓ લાવી શક્યા છે!

વિનોબાજી અને તેમના સાથીઓ પોતાને મહાત્મા ગાંધીના અનુયાયીઓ ગણાવે છે, પણ મહાત્મા ગાંધીને પ્રજાના નેતા તરીકે સ્થાપનાર શક્તિ—આમજનતાની રાજકીય લડત રૂપી વારસાનો જ તેઓ ઈન્કાર કરી રહ્યા છે. વિનોબાજી સાથે કામ કરી રહેલા પ્રામાણિક સ્વાર્થરહિત સેવકો પ્રત્યે આપણને સહાનુભૂતિ થાય છે; અને વિનોબાજીની પ્રવૃત્તિને સર્વાંશે આવરી લેનારી ધ્યેય પ્રત્યેની નિષ્ઠા માટે આપણને ઘણું જ માન પણ છે; અને આપણે અંતરથી એવી આશા સેવીએ કે એમની પ્રવૃત્તિદ્વારા તેઓ આપણા દેશની આમજનતાને કેટલીક રાહતો અપાવી શકશે. પરંતુ જ્યાંલગી તેઓ તેમના દૃષ્ટિબિંદુમાં પરિવર્તન નહિ કરે, અને પ્રવર્તમાન અસમાનતા અને અન્યાયો સામે આમજનતાને દોરશે નહિ ત્યાંલગી તેમના મહાન આદર્શો અમૂર્ત જ રહેશે!

[આ લેખમાં કૌંસમાં (?) તથા કાળા ટાઈપ છે, તે સંપાદક તરફથી છે]

ગાંધીજી અને યંત્રો

મહાદેવ હરિભાઈ દેસાઈ

‘ આપ યંત્રમાત્રની વિરુદ્ધ છો શું ? ’ રામચંદ્રનના સરળભાવે પુછાયેલા આ પ્રશ્ન ઉપર સ્મિત કરતાં ગાંધીજીએ જવાબ આપ્યો :

‘ હું કેમ હોઈ શકું ? જ્યારે હું જાણું છું કે આ શરીર પણ એક અતિશય નાજુક યંત્ર જ છે. ખુદ રેંટિયો પણ યંત્ર જ છે; નાની દાંતખોતરણી પણ યંત્ર છે. મારો

વાંધો યંત્રો સામે નહીં, પણ યંત્રોની ઘેલછા સામે છે. આજે તો જેને શ્રમનો બચાવ કરનારાં યંત્રો કહેવામાં આવે છે તેની લોકોને ઘેલછા લાગી છે. શ્રમનો બચાવ થાય છે ખરો, પણ લાખો લોકો કામ વિનાના થઈ ભૂખે મરતા રસ્તા ઉપર ભટકે છે. સમય અને શ્રમનો બચાવ હું પણ ઇચ્છું છું, પરંતુ તે અમુક વર્ગનો નહીં, આખી માનવજાતિનો થવો જોઈએ. થોડા ગણ્યાગાંઠ્યા પાસે સંપત્તિનો સંચય થાય એમ નહીં, પણ સૌની પાસે થાય એમ હું ઇચ્છું છું. આજે તો થોડા માણસોને કરોડોની કાંધ ઉપર ચડી બેસવામાં યંત્રો મદદગાર થઈ રહ્યાં છે. યંત્રોના ઉપયોગની પાછળ પ્રેરક કારણ શ્રમના બચાવનું નથી, પણ ધનના લોભનું છે. અત્યારની આ ચાલુ અર્થવ્યવસ્થા સામે મારી તમામ શક્તિ ખર્ચીને હું યુદ્ધ ચલાવી રહ્યો છું.'

રામચંદ્રને આતુરતાથી કહ્યું: 'ત્યારે તો, બાપુજી, તમારો ઝઘડો યંત્રોની સામે નહીં, પણ અત્યારે ચાલી રહેલા યંત્રોના દુરુપયોગની સામે છે?'

'જરાયે આનાકાની વિના હું કહું છું કે "હા." પરંતુ એટલું ઉમેરવા ઇચ્છું છું કે યાંત્રિક સંશોધનો અને વિજ્ઞાન એ પહેલપ્રથમ લોભનાં સાધનો મટી જવાં જોઈએ. પછી કામદારો પાસે ગજા ઉપરાંત કામ કરાવવામાં નહીં આવે, અને યંત્રો નડતરરૂપ થવાને બદલે સહાયતારૂપ થઈ પડશે. મારો ઉદ્દેશ યંત્રમાત્રનો વિનાશ કરવાનો નથી, પણ યંત્રોની મર્યાદા આંકવાનો છે.'

રામચંદ્રને કહ્યું: 'એ દલીલ આગળ લંબાવીએ તો એનો અર્થ એ થાય કે ભૌતિક શક્તિથી ચાલતાં અને ભારે અટપટાં એવાં તમામ યંત્રોનો ત્યાગ કરવો જોઈએ.'

ગાંધીજીએ સ્વીકાર્યું: 'ત્યાગ કરવો ય પડે. પણ હું એક વસ્તુ સ્પષ્ટ કરીશ. આપણે જે કાંઈ કરીએ તેમાં પ્રધાન વિચાર માનવહિતનો હોવો જોઈએ. માણસનાં અંગોને કામને અભાવે જડ અને નિરુપયોગી કરી નાખવા તરફ યંત્રોની પ્રવૃત્તિ ન હોવી જોઈએ. એટલા માટે હું યંત્રોનો વિવેક કરું. દાખલા તરીકે, સિંગરના સીવવાના સંચાને હું વધાવી લઉં છું. ...પત્ની પ્રત્યેના સિંગરના પ્રેમે તેને અનાવશ્યક શ્રમમાંથી ઉગારી લેવા આ સંચાની યોજના કરવા પ્રેર્યો. આ શોધ કરીને તેણે માત્ર પોતાની પત્નીનો જ શ્રમ બચાવ્યો નથી, પણ તેનો સીવવાનો સંચો ખરીદી શકે તે સહુને હાથે સીવવાના કંટાળાભરેલા શ્રમમાંથી મુક્ત કર્યાં છે.'

રામચંદ્રને કહ્યું: 'પરંતુ સિંગરના સીવવાના સંચા બનાવવાને તો મોટું કારખાનું જોઈએ. અને તેમાં ભૌતિક શક્તિથી ચાલતાં યંત્રોનો ઉપયોગ કરવો જ પડે!'

રામચંદ્રનના ઉત્કંઠિત વિરોધ પ્રત્યે સ્મિત કરતાં ગાંધીજીએ કહ્યું: 'હા, પરંતુ હું એટલો સમાજવાદી તો છું જ કે આવાં કારખાનાં રાષ્ટ્રની માલિકીનાં હોય અથવા પ્રજાકીય સરકાર તરફથી ચાલતાં હોય એમ કહું. અત્યંત સુંદર અને આદર્શ પરિસ્થિતિમાં આવાં કારખાનાં ચાલતાં હોય. તેની હસ્તી નફાને માટે નહીં પણ લોકહિતને અર્થે હોય. લોભને સ્થાને પ્રેમને સ્થાપવાનો એનો ઉદ્દેશ હોય. ધન પાછળ આજની ગાંડી દોટ અટકવી જોઈએ. મજૂરોને કેવળ સારી રોજી મળે એટલું જ નહીં, પણ તેમનાથી થઈ શકે એવું કામ દરરોજ મળી રહેવું જોઈએ. આવી સ્થિતિમાં યંત્ર સરકારને અથવા તેના માલિકને જેટલો લાભ કરશે તેટલો જ લાભ તે ચલાવનાર કામદારને પણ કરશે. મારી કલ્પનામાં યંત્રો વિષે કેટલાક અપવાદો છે તેમાંનો આ એક છે. સિંગરના સંચાની પાછળ પ્રેમ રહેલો હતો, એટલે કે માનવસુખનો વિચાર પ્રધાન હતો. માનવશ્રમનો બચાવ એ યંત્રનો ઉદ્દેશ છે. તેનો ઉપયોગ કરવાની પાછળ હેતુ ધનના લોભનો નહીં, પણ પ્રામાણિક રીતે દયાનો હોવો જોઈએ...લોભને સ્થાને પ્રેમને સ્થાપો. એટલે સૌ રૂડાં વાનાં થશે.'

મને નથી લાગતું કે ઉપરના સંવાદમાં ગાંધીજીએ કહેલી વસ્તુની સામે આ ટીકાકારોમાંથી કોઈને સિદ્ધાંતનો કશો વાંધો હોય. દેહની પેઠે યંત્ર પણ, એ જો આત્માના વિકાસમાં મદદ કરે તો, અને જેટલે અંશે મદદ કરે તેટલે અંશે જ, ઉપયોગી છે.

[શ્રી નારાયણ દેસાઈ કૃત 'સર્વોદય વિચાર'માંથી]

સત્યાગ્રહ-માનવનો જન્મસિદ્ધ હક

પ્યારેલાલ (ગાંધીજીના રહસ્યમંત્રી)

સત્યાગ્રહને એના મૂળ સ્વરૂપમાં જોઈએ તો સત્યાગ્રહ એ જીવનનો નિયમ છે. પ્રજાતંત્રમાં તો એ વ્યક્તિનું કર્તવ્ય બની જાય છે. પણ પ્રજાતંત્રની સામે સત્યાગ્રહ કરી શકીએ કે નહિ એ આજે એક મોટો સવાલ છે. પણ એનો ઉત્તર સ્પષ્ટ છે. ગમે એવો સમાજ હોય પણ સત્યના આગ્રહને જેણે પોતાના જીવનનો નિયમ બનાવ્યો છે અને તે પ્રમાણે જેણે જીવનમાં અમલ કર્યો છે તે જ આ રીતે સત્યાગ્રહ કરી શકે. વળી સત્યના આચરણમાં બાધા ઉત્પન્ન થાય ત્યારે જેણે અહિંસાપૂર્વક તેનો પ્રતિકાર કર્યો છે, ટૂંકમાં જેણે સત્ય અને અહિંસાની કડકમાં કડક સાધના કરી છે તેને માટે તો આવો કોઈ સવાલ જ નથી. સત્યાગ્રહ એ આવી વ્યક્તિનું કર્તવ્ય બની જાય છે.

પ્રજાતંત્રમાં સત્યાગ્રહ ક્યારે ?

હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે પ્રજાતંત્રમાં સત્યાગ્રહનો મોકો ક્યારે આવે છે? અને તેમાં પણ સવિનય કાનૂનભંગ ક્યારે થઈ શકે ?

સત્યાગ્રહનાં તો અસહકાર, ઉપવાસ આદિ અનેક સ્વરૂપો છે. પણ જ્યારે બધી બાજુના પ્રયત્નો કર્યા છતાં ન્યાય નહિ મળે ત્યારે બાપુએ સવિનય કાનૂનભંગને એક અંતિમ ઉપાય તરીકે જ માન્યું હતું. ઉપવાસ અને સવિનય કાનૂનભંગમાં એક તફાવત છે. ઉપવાસમાં વ્યક્તિ પોતાની જાતને જોખમમાં નાખે છે, જ્યારે સ. કા. ભં.માં સમાજને નુકસાન પહોંચે છે. આથી એનો ઉપયોગ ઘણી સાવચેતી માગી લે છે. **સ. કા. ભં. એ પણ જનતાના મત-પરિવર્તનનું એક સાધન છે. અને પ્રજાતંત્રમાં પ્રજાના મત-પરિવર્તન માટેનો પ્રયાસ માન્ય છે જ.** અને આ રીતે પ્રજાનું મત-પરિવર્તન થાય તો આખરે રાજનીતિ પર પણ એની અસર થઈ શકે.

હવે **જ્યાં પ્રજાતંત્ર જ નથી, આપખુદ શાસન છે, ત્યાં તો બીજો કોઈ રસ્તો જ નથી.** પણ જ્યાં એવું નથી, પ્રજાતંત્ર છે પણ—

(૧) જનતા શિથિલ છે, જાગૃત નથી, સ્વાર્થમાં ડૂબેલી છે.

(૨) પ્રજાતંત્ર હોવા છતાં પ્રજામત પ્રગટ થાય છે તેના પર ધ્યાન નથી અપાતું, તંત્રમાં જ અનેક જાતની ખામીઓ છે.

આ પરિસ્થિતિમાં બે ઉપાય છેઃ

(૧) લોકોને કર્તવ્ય માટે પ્રેરિત કરવા, એમનામાં વ્યાપી વળેલી શિથિલતા દૂર કરવી; જેથી એમનામાં પોતાના અધિકારો પ્રાપ્ત કરવાની શક્તિ આવે.

(૨) વિધાનમાં પરિવર્તન લાવવું.

જ્યારે સર્વસાધારણ સત્યાગ્રહ થાય છે ત્યારે કેટલીક વાતો ભૂલી જવાતી હોય છે. સવિનય કાનૂનભંગની પહેલી શરત છે—સવિનય. કાયદાભંગ તો ક્રિમિનલ્સ (ચોર-લૂંટારા) કરે જ છે. જ્યારે સવિનય કાયદાભંગ તો તે જ કરી શકે જે અંતર્મુખ થઈને અંદરથી ખોજ કરતો હોય છેઃ " હું સત્યનો પ્રતીક કઈ રીતે બની શકું ? " જનતા સાથે એનો ગાઢ સંપર્ક હોય, એની અડચણો દૂર કરવા એ પ્રમાણિકપણે ઝૂઝ્યો હોય, બચ્ચેબચ્ચું એનાથી અનુપ્રાણિત થયું હોય, જનતામાં એને માટે પ્રેમ હોય.

કાનૂનભંગનો અધિકારી

બંધારણ સામે લડનારે બંધારણના બધા કાયદાને ચીવટથી પાળ્યા હોવા જોઈએ. ગાંધીજીએ પોતાનાં બાળકોને 'ગૉડ સેવ ધ કિંગ' એ ગીત એને મારના ખાસ નક્કી સૂરમાં શીખવ્યું. અને એટલે એમને કાનૂનભંગ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો. તે વખતે હિંદમંત્રીને પણ કહેવું પડ્યું, "આજ લગી તો તમે ઘણા સારા માણસ હતા, પણ હવે તમને

કંઈક થઈ ગયું છે." આટલી બધી સાવધાનીપૂર્વક એમણે કામ કર્યું તો એનું કારણ શું? અંતર્મુખ થઈને જરા વિચારો!

આપણે આવી બધી કોશિશો નહિ કરીએ ત્યાં સુધી સ. કા. ભં. નું નામ પણ લેવાનો આપણને અધિકાર નથી. આપણા પ્રયત્નોને પરિણામે એક એવો તબક્કો આવશે જ્યારે બધા જ આપણી વાતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરતા હશે; ખુદ અધિકારીઓ પણ કહેશે, "તમારી વાત તો સાચી છે, પણ અમે લાચાર છીએ, અમારા હાથની વાત નથી." આ રીતે એવો મોકો આવશે, જ્યારે એમનામાં એક જાતનો આત્મ-વિરોધ પેદા થઈ ગયો હશે, તે વખતે સત્યની ભૂમિકામાં અવિચળ રહીને અંતિમ પગલા તરીકે કાનૂનભંગ થઈ શકે.

સત્યાગ્રહ એ તો માનવનો જન્મસિદ્ધ હક છે. અને આથી સત્યાગ્રહને સરકાર સ્વીકારે-લિજેલાઈઝ કરે એવી અપેક્ષા રાખવી એ એક જાતનો વિરોધાભાસ છે.

આમ નાગરિકધર્મનું પૂરેપૂરું પાલન કરીને, અધિકારપૂર્વક, આવી કોશિશ થાય તો દુષ્પરિણામ નહિ આવી શકે.

[પંઢરપુર ખાતે ભરાયેલા સર્વોદય-સંમેલન દરમિયાન 'સત્યાગ્રહ' વિષે યોજાયેલા ચર્ચા-મંડળમાં આપેલા પ્રવચનને આધારે. ભૂમિપુત્ર ૧૬-૬-૫૮]

*સર્વોદય આયોજન

પ્રવેશ

સર્વોદય-આયોજનનું ધ્યેય સર્વોદયી સમાજરચના સ્થાપવાનું છે.

સર્વોદય સમાજવ્યવસ્થામાં તો માને છે, પરંતુ ઉપરથી લદાયેલી વ્યવસ્થામાં નહિ.

મનુષ્ય સમાજ જેમ જેમ સંયમની દિશામાં પ્રગતિ કરતો જશે તેમ તેમ રાજ્યસત્તાનો ઉપયોગ ઘટતો જશે.

સર્વોદય-સમાજમાં સમાજની એકતા તથા પ્રગતિ માટે સત્તાની જરૂરત જ નહિ હોય. એ કામ પ્રેમ, સહકાર, અને સમજણના આધારે થશે.

આ પ્રક્રિયા એક સાથે બે બાજુ શરૂ થશે. એક બાજુ, આજે રાજકીય અને આર્થિક સંસ્થાઓના હાથમાં જે કેંદ્રિત સત્તા છે, તેને સ્થાને વિકેંદ્રીકરણની પ્રક્રિયા શરૂ થશે; અને બીજી બાજુ, આમપ્રજાને સત્યાગ્રહના તત્ત્વ અને કલાનું શિક્ષણ આપવામાં આવશે. આમ જ તો, સત્તા સામેની સાચી આખરી ગેરંટી ઊભી થશે.

સર્વોદય-સમાજવ્યવસ્થા તરફ આપણે જઈ રહ્યા છીએ કે નહિ, તેનું અચૂક લક્ષણ તો એ હશે કે રાજસત્તા અને આર્થિક સત્તાનું વિકેંદ્રીકરણ થઈને, બળપ્રયોગ ન કરે તે પ્રકારનાં નાનાં નાનાં ઘટકોના હાથમાં એ બંને સત્તાઓ ઉત્તરોત્તર કઈ ગતિએ જઈ રહી છે.

હકીકતે, લોકશાહી અને સમાનતાનો આત્મા વિકેંદ્રીકરણ છે, કેમકે સિદ્ધાંતરૂપે, લોકશાહીનો આદર્શ જ સમાન વિતરણ કરવાનો છે.

* સર્વોદય પ્લાનિંગ કમિટી (કન્વીનર: શ્રી. શંકરરાવ દેવ) તરફથી ૧૯૫૦માં 'સર્વોદય આયોજનના સિદ્ધાંતો' નામે એક ખરડો પ્રગટ કરવામાં આવ્યો હતો. બાદ, નવેસરથી વિસ્તારપૂર્વક સર્વોદયનાં ધ્યેય અને કાર્યક્રમ તૈયાર કરવા 'સર્વોદય પ્લાનિંગ કમિટી'ની રચના થઈ હતી. તેણે તૈયાર કરેલ 'પ્લાનિંગ ફોર સર્વોદય' અખિલ ભારત સર્વસેવા સંઘ, કાશી તરફથી પ્રગટ થયેલ છે, તેની અંગ્રેજી આવૃત્તિના આધારે મહત્ત્વના મુદ્દાઓ અહીં તારવીને રજૂ કર્યા છે.

આથી, સર્વોદય-સમાજમાં કેવળ રાજકીય સત્તા જ નહિ, પણ જે કોઈ વસ્તુઓ માણસની બીજા માણસ ઉપરની સત્તા જન્માવવામાં મદદ કરે છે તે તમામ પ્રકારની માલિકીનું વિકેન્દ્રીકરણ કરવામાં આવશેઃ ચંદ હાથોમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી કેંદ્રિત થવા દેવામાં નહિ આવે. અલબત્ત ઉત્પાદનનાં સાધનો, શક્ય હશે ત્યાં, ખુદ વ્યક્તિગત ઉત્પાદકની માલિકીનાં રહેવા દેવામાં આવશે; અને જ્યાં એ શક્ય નહિ હોય ત્યાં જે એનો ઉપયોગ કરતા હશે તે સમૂહોના હાથમાં તેમના લાભાર્થે રહેશે.

આમ, માનવી-માનવી વચ્ચેનું શોષણ નહિ હોય; તથા ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ એ પ્રકારે કરવામાં નહિ આવે કે જેથી એ સાધનો વડે કામ કરનારામાંથી મોટી બહુમતી કેવળ પગારદાર યંત્રો જ બની જાય અને બહુ નાની લઘુમતી એશઆરામમાં ઝૂલ્યા કરવાની સ્થિતિએ ચઢી બેસે.

સર્વોદય સમાજમાં જુદા જુદા વર્ગો નહિ હોય. દરેકે દરેક જણને પોતાના ભરણપોષણ માટે કામ કરીને કમાઈને ખાવું પડે એવી સ્થિતિ હશે. સમાજને ઉપયોગી તમામ કામ, પછી તે શારીરિક હો યા બૌદ્ધિક—તેનું સમાન સામાજિક મૂલ્ય અંકાશે. સર્વોદય-સમાજમાં પ્રણાલિકાગત ઉચનીચની સામાજિક આડઅડચણોને તથા ન્યાતજાતના ખ્યાલોને કંઈ જ સ્થાન નહિ હોય...સૌને માટે કરવામાં આવેલા શ્રમના ફળનો દરેકને આનંદ હશે; દરેકની નૈતિક, સાંસ્કારિક, આત્મિક પ્રગતિ અને આબાદી માટે આવશ્યક એવી ભૌતિક સુખસગવડો પ્રાપ્ત થાય તે સારુ સૌ શ્રમ કરશે.

ભૌતિક સુખસગવડનું સ્થાન

આવા સમાજમાં ભૌતિક સુખસગવડ કાંઈ સ્વયં આખરી ધ્યેય હોઈ નહિ શકે. નૈતિક અને આત્મિક પ્રગતિના પંથે પોતાની જાતને અને સમાજને યોગ્ય રીતે સ્થાપિત કરી શકાય તે સાર, સૌને સમાન તક આપવા સારુ ભૌતિક સુખસગવડ એ તો અત્યંત અગત્યની પૂર્વ શરત છે; માટે તે જ રીતે તેના તરફ જોવામાં આવશે.

એ વાત સાફ છે કે, આર્થિક અને રાજકીય સમેતનાં જીવનનાં તમામ પહેલુઓને સ્પર્શ કરનારી આમૂલ સામાજિક ક્રાંતિ સમાજના કેવળ આર્થિક-રાજકીય માળખાને નવેસરથી ગોઠવી દેવાથી સાધી શકાશે નહિ. એને માટે તો ઘણી વધુ આમૂલ ક્રાંતિની જરૂર રહે છે. તે એટલી હદે કે, માનવીની ખુદ દૃષ્ટિ અને તેની ટેવોમાં ક્રાંતિ થાય, મૂલ્યોમાં પરિવર્તન થાય, સમાજ અને વ્યક્તિઓ જે ધ્યેય માટે મથે છે તે ધ્યેયમાં જ પરિવર્તન થાય.

આવી આમૂલ ક્રાંતિ શિક્ષણક્ષેત્રની ધીરજપૂર્વકની અને અસ્ખલિત પ્રક્રિયા દ્વારા જ સાધી શકાય.

અલબત્ત, એ વાત સાચી છે કે આ પ્રક્રિયાને ઝડપી બનાવવી હોય અને તેની સફળતાની તકો વધારવી હોય તો આ આદર્શો સિદ્ધ કરવામાં આજે જે આડઅડચણો આપણા સમાજમાં છે તેને હઠાવવી પડશે; તથા આપણી આર્થિક અને રાજકીય સંસ્થાઓ અને સંબંધોનું આમૂલ પુનર્ઘડતર અને પુનર્નિર્માણ કરવું પડશે.

આ દૃષ્ટિએ, આપણા આજના સમાજના આર્થિક-રાજકીય માળખામાં કેવા પ્રકારનાં પરિવર્તનો કરવાં પડશે તેનો નિર્દેશ કરવો, અને તેના તત્કાલ હેતુઓ રજૂ કરવા મહત્ત્વનું કાર્ય છે.

તત્કાલ ઉદ્દેશ

(૧) સૌથી પ્રથમ તો સૌને પૂર્ણ અને અખંડ રોજગારી મળે એ વાત પર ભાર મુકાવો જોઈએ. સંપૂર્ણ રોજગારી આપી શકાય, કાર્યકુશળતા વધે, અને ઉત્પાદનમાં વધારો થાય તે ધોરણે જ ઉદ્યોગોનું પુનર્ઘડતર કરવું જોઈએ.

મૂડીવાદી યોજના એવી હોય છે કે જે ઉત્પાદનનો જથ્થો વધારવા ઉપર જ ભાર મૂકે છે. અને તેને માટે તે ઉત્પાદનની ગતિ વધારવા, ગમે તેવા વિવેકરહિત ઔદ્યોગીકરણની હિમાયત કરે છે. અને જે ઉદ્યોગો 'કેપિટલ-ફોરમેશન'ની ગતિને વેગ આપે તેના જ વિકાસને પસંદગી આપે છે. આવી યોજનામાં રોજગારી વધે તો તે કેવળ આકસ્મિક જ હશે. કદી પૂરતી રોજગારી તો તે નહિ જ આપી શકે. પછી બહુ બહુ તો બેકારોને 'મદદ' આપવાની પેરવી થશે.

બીજા પ્રકારનું આયોજન—સર્વોદય આયોજન—પૂર્ણ અને અખંડ રોજગારી માટે વ્યવસ્થા કરવાના કાર્યને પોતાનો પ્રથમ અને પ્રમુખ ઉદ્દેશ સમજે છે. આનું પ્રેરકબળ પણ

શ્રમ જ હશે; અને આજે જેઓ પૂરા અથવા અંશતઃ બેકાર છે તેમને સૌથી પ્રથમ કામ આપીને તે તેમનું જીવન-ધોરણ ઊંચું લાવવા મથશે. એટલે કે જે સૌથી નીચેના સ્તર પર હશે તેવા કામદારોને પ્રથમ લાભ પ્રાપ્ત થશે.

વળી સર્વોદય સમાજવ્યવસ્થા વિકેંદ્રીકરણના પાયા પર રચાયેલી હોઈ, ધનિકોના તથા સત્તાધારીઓના હાથમાં અથવા ટેકનિક–વિચારકોના હાથમાં ઉત્પાદનનાં સાધનોની માલિકીનું કેન્દ્રીકરણ શક્ય જ નહિ રહે.

કામદાર જ્યારે પોતાનાં ઉત્પાદનનાં સાધનો ગુમાવીને બીજાનાં સાધનો દ્વારા શ્રમ કરે છે ત્યારે જ 'કામે લગાડનાર' અને 'કામે લાગનાર'નો ભેદ ઊભો થાય છે. સર્વોદય સમાજમાં આવી કક્ષાઓ જ નહિ હોય. મોટા ભાગનો શ્રમ કરનાર પાસે પોતાની માલિકીનાં સાધનો હશે. તે પોતે જ પોતાને 'કામે લગાડનાર' હશે. બીજા શબ્દોમાં, 'કામે લગાડનાર' અને 'કામે લાગનાર' વચ્ચેનો સંબંધ જે મૂડીવાદી સમાજમાં અન્યાયનું મૂળ કારણ છે, અને સર્વાધિકારી સમાજ-વ્યવસ્થામાં ગુલામીનું રૂપ ધારણ કરે છે (કેમકે ત્યાં રાજ્ય જ તમામ ઉત્પાદનનાં સાધનો અને ઉદ્યોગો ઉપર માલિકી ધરાવે છે) તેવી સ્થિતિ સર્વોદયી અર્થ-વ્યવસ્થામાં દૂર થશે.

જ્યાં એવા પ્રકારનો ઉદ્યોગ હશે કે, તેમાં વપરાતાં સાધનો અને હથિયારો ઉપરની વૈયક્તિક માલિકી શક્ય ન હોય, અથવા તેનો વૈયક્તિક રીતે ઉપયોગ શક્ય ન હોય ત્યાં તે સાધનો ઉપર સહકારી મંડળીઓની, ગ્રામ પંચાયતોની અથવા રાજ્યની માલિકી હશે અને તેના પર સહકારી રીતે કામ થશે.

(૨) સર્વોદય સમાજનો બીજો તત્કાલ હેતુ આ છે: સમાજનો દરેક સભ્ય પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવા અને સમાજની આબાદીના કાર્યમાં પોતાનો સર્જનાત્મક ફાળો આપવા સમર્થ બને તે માટે તેને જે ભૌતિક સુખસગવડો અનિવાર્ય રીતે આવશ્યક હોય તે મળી રહે, તેવી ખાતરી આપવી.

સર્વોદય અધિકાધિક ભૌતિક સુખસગવડોને પ્રગતિની એક માત્ર કસોટી અથવા મુખ્ય લક્ષણ માનતો નથી.

પરંતુ, જે કોઈ આર્થિક રચના સમાજની પાયાની જરૂરિયાત પૂરતું ઉત્પાદન કરવા પ્રત્યે દુર્લક્ષ સેવે છે, તે કદિ પણ શાંતિ, સ્થિરતા, ન્યાય, સમાનતા, અને અહિંસાની સુરક્ષાની આશા જ ન સેવી શકે.

આ દૃષ્ટિએ, ઉત્પાદનનાં સાધનોમાં સુધારો કરવો પડશે; અને ઉત્પાદનની પ્રક્રિયા એવી રીતે ગોઠવવી પડશે કે જેથી કરીને આ ઓછામાં ઓછી પાયાની આવશ્યકતા પૂરતું તો ખાતરીપૂર્વક પેદા કરે જ કરે.

ન્યૂનતમ ધોરણ

આજે ભારતમાં જે પરિસ્થિતિ અને પ્રણાલી પ્રવર્તમાન છે, તેના ધોરણે એક કુટુંબને વરસે દહાડે ખોરાક, કાપડ, ઘર, આરોગ્ય, શિક્ષણ અને રંજન પાછળ ઓછામાં ઓછી કેટલી રકમ જરૂરી થાય તેનો અંદાજ કાઢવામાં આવ્યો છે. અને ૧૯૫૫ના ભાવોના ધોરણે તે આંકડો રૂા. ૩,૦૦૦ ('વાર્ષિક')નો અંદાજવામાં આવ્યો છે.

આ રકમ ન્યૂનતમ રકમ તરીકે લેખાવી જોઈએ. અને યોગ્ય કહી શકાય તેવી સમયમર્યાદામાં આ ધોરણ વ્યવહારુ બનાવવા કોઈ પણ આયોજને મથવું જોઈએ. આવકના આ ધોરણને પહોંચી વળવા પૂરતો માલ પેદા કરવો જોઈએ, પૂરતી સર્વીસો તૈયાર કરવી જોઈએ.

પરંતુ આજે સરેરાશ જે આવકનું ધોરણ છે, અને ઉપર જણાવી તે ન્યૂનતમ આવક—બંને વચ્ચે આજે તો એટલું બધું અંતર છે કે, મોટા ઉદ્યોગો દ્વારા યા વિકેંદ્રિત અર્થતંત્ર દ્વારા ય તે ટૂંકા સમયમાં પૂરી નહિ શકાય. આમ છતાં, સમયમર્યાદા તો નક્કી કરી દેવી જ પડશે.

આજની આવક

આજે ભારતમાં કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક માત્ર રૂા. ૧૩૨૦ છે. અને આવકનો કોઠો નીચે મુજબ છે—

વાર્ષિક આવક	કુટુંબો (લાખમાં)	કુલના ટકા
રૂા. ૬૦૦ સુધી	૧૬૩.૨	૨૦.૪
રૂા. ૬૦૦થી ૧૨૦૦	૨૪૯.૬	૩૧.૨
રૂા. ૧૨૦૦થી ૧૮૦૦	૧૬૮.૮	૨૧.૧
રૂા. ૧૮૦૦થી ૨૪૦૦	૮૩.૨	૧૦.૪
રૂા. ૨૪૦૦થી ૩૬૦૦	૭૬.૨	૯.૫
રૂા. ૩૬૦૦થી વધુ	૫૯.૨	૭.૪
	૮૦૦.૨	૧૦૦.૦

[વિશ્વમાનવ : ઑક્ટોબર-નવેમ્બર '૫૮

એટલે કે આશરે ૯૦ ટકા કુટુંબોની આવક ન્યૂનતમ ધોરણથી ય નીચે છે.

પ્રાદેશિક સ્વયંપૂર્ણતા

(૩) સર્વોદય આયોજન ખોરાક, કપડાં તથા જીવનની બીજી પ્રાથમિક જરૂરિયાતોની બાબતમાં પ્રાદેશિક સ્વયંપૂર્ણતાનો આગ્રહ રાખે છે. આ ઉપરાંત એક પ્રદેશે સ્વેચ્છાએ બીજા પ્રદેશ ઉપર કેટલો આધાર રાખવો તેની બાબતમાં અમુક મર્યાદાઓ હશે જ.

આ આયોજન જે પ્રકારની સ્વયંપૂર્ણતા દાખલ કરવા મથશે તે જડબેસલાક પ્રકારની નહિ હોય, કે જેમાં લોકોને આદિકાળના પછાત જીવનધોરણ ઉપર ફરજિયાત જીવવાનો વારો આવે. જીવનની પ્રાથમિક કક્ષાની જરૂરિયાત ઉપરાંતની બીજી અનેક સરવીસો અને ભૌતિક ચીજોની બાબતમાં, તથા બૌદ્ધિક અને સાંસ્કારિક આંતરસંબંધની બાબતમાં ગામડાં અને પ્રદેશો વચ્ચે તંદુરસ્ત પરસ્પરાવલંબન હશે જ. પરંતુ આ પરસ્પરાવલંબનનો આધાર સહકાર હશે, શોષણ નહિ.

વળી પ્રાથમિક જરૂરિયાતોની બાબતમાં સ્વયંપૂર્ણતાના આદર્શમાં 'એરટાઈટ' સંકુચિત ભૌગોલિક પ્રાદેશિકતાને સ્થાન નથી.

ટેકનિક અને સાધનો

(૪) ઉત્પાદનની ટેકનિક અને તેનાં સાધનો એવાં ન હોવાં જોઈએ કે કુદરત(પ્રકૃતિ) પ્રત્યે લૂંટણખોર અને બર્બર વલણ અખત્યાર કરી વધુમાં વધુ સુખસગવડો પેદા કરી લેવાનો પ્રયાસ થાય; પરંતુ તે એવાં હોવાં જોઈએ કે જીવમાત્ર પ્રત્યે માને પ્રગટે અને કેવળ હયાત માનવજાત જ નહિ, પણ ભાવિ પેઢીઓને ય નજરમાં રાખી કુદરતનો ઉપયોગ કરવામાં આવે. જેની ખોટ પૂરી ન શકાય તેવા કુદરતના ભંડારો ખતમ કરી નાખે અને નાશ કરે એવી ટેકનિક અને ઉત્પાદનની પદ્ધતિઓની નોંધ લેવી રહેશે; અને તેમનો ઉપયોગ શાશ્વત અને સાર્વત્રિક લાભને અનુસરીને કરવામાં આવે એ પ્રકારનો બંદોબસ્ત કરવો જોઈશે.

* માનવજાતની આજની એકંદર જરૂરિયાતો તથા આજ પૂર્વે યુગો દરમ્યાન માનવજાતે જે સાંસ્કારિક મૂલ્યો સર્જ્યાં છે તે બંનેએ ભેગા થઈ ને ટેકનિક અને ઉત્પાદનના પ્રકારો અંગે નિર્ણય કરવો રહેશે.

આ બધું એ વાત બતાવે છે કે આયોજનના ઘડતર અને અમલ દરમ્યાન દરેક સ્થળે, કુટુંબમાં સુદ્ધાં, લોકોનો જાગ્રત અને સ્વૈચ્છિક સહકાર દરેક કક્ષાએ અનિવાર્ય છે. આથી કરીને આવું આયોજન વડી સરકારના વડા મથકે થોડાક ટેકનિશિયનો ભેગા થઈ તૈયાર નહિ કરી શકે; અને કેવળ સરકારી તંત્રોની કુશળતાના જોર ઉપર જ તેનો અમલ પણ થઈ નહિ શકે.

લોકો કેવળ એમાં પાછળથી ભાગ લેવા માટે એટલાથી નહિ ચાલે; લોકોએ આયોજન તૈયાર કરવું પડશે; અને લોકોએ એનો અમલ કરવો પડશે. આનો અર્થ એ કે આયોજનની આવશ્યકતા અંગે તથા સર્વોદય સમાજવ્યવસ્થાના સિદ્ધાંત ઉપર તેની રચના કરવાની જરૂરિયાત બાબત દરેક ગ્રામવાસીને શિક્ષણ આપવું પડશે.

આના વિનાની બીજી કોઈ પદ્ધતિનો વિકેંદ્રીકરણ અને સ્વયંપૂર્ણતાના સિદ્ધાંત સાથે મેળ ખાશે નહિ.

* ટૂંકમાં, આ આયોજન એવા પ્રકારનું નહિ હોય કે જ્યારે તે તૈયાર થઈ રહેલ હોય ત્યારે લોકોએ કેવળ પ્રેક્ષકો તરીકે રહેવાનું હોય, અને જ્યારે તેનો અમલ કરવાનો આવે ત્યારે જ તેમણે કામ કરવાનું હોય.

ઉત્પાદનનો વધારો

(૫) સર્વોદય આયોજનનો સૌથી પ્રથમ ઝોક સૌને રોજી આપવા ઉપરાંત, જેમની આવક સૌથી નીચી છે, એટલે કે વાર્ષિક રૂ. ૧૦૦) થી નીચે છે એવાં કુટુંબોને ઉપર આણવાનો રહેશે; અને બધાં કુટુંબો અમુક ધોરણે આવી જતાં વળી તેમને આગળ લઈ જવાનો પ્રયાસ થશે; આ રીતે ઓછામાં ઓછા રૂ. ૩૦૦૦ના લક્ષ ઉપર પહોંચવાનો પ્રયાસ થશે.

આનો અર્થ એવો નથી કે આયોજનના આરંભના પ્રથમ તબક્કાએ જે ધોરણ લક્ષ તરીકે રાખવામાં આવ્યું હશે તેનાથી વધારે આવક જેમને મળતી હશે તેમના તરફ બેપરવાઈ સેવાશે.

હકીકતે, ઉત્પાદનમાં વધારો કર્યા વિના રૂ. ૧૦૦ (વાર્ષિક) યા તેથી નીચી આવકવાળાને ઊંચા આણી જ નહિ

શકાય. એથી તો, આ આયોજનમાં રજૂ કરેલા સિદ્ધાંતો સાથે મેળ ખાય તે રીતે, ઉત્પાદન વધારવાના તમામ પ્રયાસો થશે; અને એ તરફ ધ્યાન આપવામાં આવશે કે નીચલા આવક-જૂથવાળાની સાચી આવક વધે તે માટે ઉપયોગની વસ્તુઓનો ઘણો મોટો જથ્થો ઉત્પન્ન થાય.

* આ રીતે, ઉત્પાદન વધતું જશે, સાથોસાથ રોજગારી વધશે, અને તેનો મેળ ન્યાયી વિતરણ સાથે ખવડાવવામાં આવશે.

પાયાનું ઘટક

(૬) અમુક સુઘટ્ટ ભૌગોલિક પ્રદેશ જ આવા આયોજનનું પાયાનું ઘટક હશે. સ્થાનિક જરૂરિયાતો અને ત્યાંથી પ્રાપ્ત થનાર સાધનોના પૂરા અંદાજના આધાર ઉપર જ આયોજન તૈયાર કરવાનું રહેશે; તેથી કરીને તેનું પાયાનું ઘટક ગામડું જ હશે. ગ્રામપંચાયત જરૂરિયાત મુજબ બહારની ટેકનિકલ કુશળતા અને જ્ઞાનની મદદથી આયોજન તૈયાર કરશે અને અમલ કરશે.

અલબત્ત, ગામડાંમાંથી પ્રાપ્ત થનારાં કુદરતી સાધનો મર્યાદિત હશે અને તેને કારણે સ્થાનિક રીતે કરવામાં આવનાર ઉત્પાદન ઉપર પણ અમુક મર્યાદાઓ આવી જ જશે; તેને કારણે, તથા ગ્રામ-આયોજનનો મેળ પ્રદેશ-આયોજન સાથે, અને પ્રદેશ-આયોજનનો મેળ રાષ્ટ્ર-આયોજન સાથે ખવડાવવા માટે ય, તથા આખા રાષ્ટ્રની જરૂરિયાતો મુજબ ઉત્પાદન થાય તે જોવા માટે **પ્રાદેશિક** અને **અનુ-પ્રાદેશિક** સમિતિઓ રચવી જરૂરી રહેશે; તથા ગ્રામપંચાયતોએ તૈયાર કરેલ આયોજનોનું સંકલન કરવા સારું અને દુર્વ્યય રોકવા સારુ **રાષ્ટ્રીય** સમિતિની પણ આવશ્યકતા રહેશે જ. આવી સર્વોપરી સમિતિનું કામ એ જોવાનું રહેશે કે કોઈ ઘટક પાસે કુદરતી સાધનો પૂરતાં ન હોવાને કારણે, અથવા માનવ-શક્તિના અભાવે તેને અછતનું જીવન જીવવું પડતું નથી; અથવા તો કુદરતી સાધનોની ઊણપ માનવપ્રયાસથી દૂર થઈ શકે એવી હોય તો તે દૂર કરવા માટે ય આવી ઉચ્ચ સમિતિની જરૂર રહેશે. રાષ્ટ્રીય અને પ્રાદેશિક સમિતિઓનું કામ એ જોવાનું રહેશે કે કોઈ પ્રદેશની પછાત દશા તેને સતત પાછળ ઘસડાયા કરવાનું કારણરૂપ બની જતી નથી.

ખેતી

જમીનની માલિકી

(૧) જે સમાજ સમાનતા અને ન્યાય સ્થાપવા માગે છે, તેમાં જમીનની ખાનગી માલિકી અને કુદરતી સાધનો (ખાણો, ખનિજ દ્રવ્યો વગેરે) ઉપર ખાનગી માલિકી હોઈ જ ન શકે.

(૨) જમીનની માલિકી, વેચાણ અને ખરીદહક્ક ધરમૂળથી ખતમ થઈ જવો રહ્યો. તે તો ગ્રામપંચાયતના હાથમાં એક 'ટ્રસ્ટ' રૂપે જ હોઈ શકે.

(૩) આજે જે પ્રકારે ગામડાં વસેલાં છે તે જ પ્રકારે ગામડાં રહે એવું જરૂરી નથી, કેમ કે આજનાં ગામડાં અત્યંત અવ્યવસ્થિત રીતે વસેલાં છે. એટલે ગામડાંનો પુનર્વસવાટ જરૂરી રહેશે.

(૪) જે કોઈ ગ્રામજન પોતાને માટે અને પોતાના કુટુંબ માટે અનાજ પેદા કરવા માગતો હશે, અથવા તો આખા ગ્રામસમાજની જરૂરિયાત પૂરી કરવાના ઉત્પાદનમાં સહભાગી થવા માગતો હશે તેને જમીન ઉપર કામ **કરવાનો** અધિકાર રહેશે જ. અલબત્ત, તેને જમીન વેચવાનો કે બીજા કોઈને પસાર કરી દેવાનો અધિકાર રહેશે નહિ.

(૫) આમ, કાયદેસર રીતે તો જમીન ઉપરની માલિકી ગ્રામપંચાયતની ગણાશે; છતાં, જ્યાં સુધી ગ્રામજન ખેતીકામ કરતો હશે ત્યાં સુધી વ્યવહારમાં તેની માલિકી રહેશે. અને તેના વારસદારો પંચાયતની રજાથી તેના ઉપરની ખેતી ચાલુ રાખી શકશે.

(૬) ગ્રામપંચાયત તમામ ગ્રામજમીનનો અંદાજ લીધા બાદ, ગોચર, જંગલ તથા હયાત વૃક્ષોની રક્ષા કરવાની અને નવાં વૃક્ષો ઉગાડવાની દૃષ્ટિએ, તથા વૈદકીય રીતે જરૂરી લાગે તેવી જમીનને આખા ગામની સહિયારી જમીન તરીકે જુદી રાખી, બાકીની ખેડાણ જમીનની ન્યાયી વહેંચણી જમીન ખેડવા ઇચ્છનાર ગ્રામકુટુંબો વચ્ચે કરશે. અને દર થોડાંક વરસે કુટુંબની વસ્તી તથા બીજાં કારણોને અનુરૂપ રીતે નવેસરથી વહેંચણી કરવાની જરૂરિયાત રહેશે.

આ પુનર્વહેંચણીની પદ્ધતિ આપણા દેશ માટે કાંઈ નવી નથી. આપણા દેશમાં તો તે પ્રથા હતી જ; પણ બીજા કેટલાક દેશોમાં ય હતી.

ખનિજ પદાર્થો :

ખાણો અને ખનિજ પદાર્થો પણ ખાનગી માલિકી નીચે રહેશે નહિ.

વળી, જો નાની ગ્રામપંચાયતને હસ્તક ખાણો વગેરેની જવાબદારી રાખવામાં આવે તો, આખા સમાજના સૌથી વધુ ફાયદામાં કુશળતાપૂર્વક તેનો ઉપયોગ થઈ ન શકે. એથી કરીને, એ તો વિશાળતર પ્રાદેશિક સમિતિઓને હસ્તક રહેશે; અને તેનો વહીવટ પ્રાદેશિક તથા કેન્દ્રીય વહીવટીતંત્ર દ્વારા થશે.

ખેતીની પદ્ધતિ

(૧) ખેતીનું કાર્ય જ્યાં જ્યાં શક્ય હશે ત્યાં સંમતિપૂર્વક સહકારી પદ્ધતિએ થશે. સામૂહિક ખેતી (કલેક્ટીવાઈઝેશન) નહિ હોય, અને સહકારી પદ્ધતિમાં ય સામેલ થવા માટે ખેડૂતો ઉપર સીધું કે આડકતરું દબાણ નહિ થાય. અલબત્ત, ગ્રામપંચાયત આવી સહકારી પદ્ધતિને પ્રોત્સાહન આપશે અને તે પ્રકારનો તેને વળાંક આપશે. ઉપરાંત એવા પ્રકારનું સંસ્થાગત માળખું તથા ટેકનિકલ કુશળતા અને બીજી સગવડો તે પેદા કરશે કે સહકારી પદ્ધતિ માટે વધુ આકર્ષણ જન્મે, અને તે ખેડનારાને ખરેખાત વધુ લાભદાયી નીવડે. સહકારી પદ્ધતિ દરેક ખેડૂતને વધુ સારાં હળ-સાધનો, બળદ, બી, ખાતર મેળવી આપવામાં તથા જીવાત સામે રક્ષા કરવામાં અને ઉત્પાદનનો નિકાલ કરવામાં સહાયરૂપ બનશે.

(૨) ખેતીનાં સાધનો અને બળદો વ્યક્તિગત માલિકીનાં હોઈ શકશે. અને ખેતીનું કાર્ય ખેડૂત પોતાના કુટુંબની મદદથી અને સાથી ખેડૂતોની મદદથી કરશે; અથવા તો તે સહકારી પદ્ધતિમાં, અથવા સંયુક્ત ખેતરમાં જોડાવા ઇચ્છશે તો તે રીતે કરશે.

જ્યાં ક્યાંય મોટા ભાગના ખેડનારાઓ પોતે જ એવું ઇચ્છે કે તમામ ખેતીનાં કાર્યો સહકારી ધોરણે કરવાં, અને જ્યાં એ શક્ય અને ઇષ્ટ હોય ત્યાં સંયુક્ત ખેતરો અથવા સહકારી ખેતરોની સ્થાપના કરવી. પરંતુ, બહુમતી તે રીતે જોડાય તો ય, બીજાઓ ઉપર તે માટે ફરજ પાડવામાં નહિ આવે; એટલું જ નહિ સહકારી પદ્ધતિ દ્વારા જે કાંઈ મદદ શક્ય હશે તે તેમને આપવામાં આવશે.

વળી સંયુક્ત ખેતરો અને સહકારી ખેતરોમાં ય એ બાબત પૂરતી કાળજી લેવાશે કે ખેતરનું વહીવટી તંત્ર એવું ન બની જાય કે જેથી ઉત્પાદનની પ્રક્રિયામાં માનવીનું અમાનવીકરણ થઈ જાય, અથવા તો મેનેજરો અને કામદારો એવા જુદા વર્ગો પડી જાય.

યાંત્રિક ખેતી

(૧) ભારત જેવા દેશમાં જ્યાં વસ્તી ઘણા મોટા પ્રમાણમાં ગીચ છે ત્યાં જો, વસ્તીવધારાની સાથે ખેતી ઉત્પાદનનો મેળ ખવડાવવો હશે તો, એકર દીઠ પાકનું પ્રમાણ ઊંચું લાવવું જ જોઈશે. ઉત્પાદનનો ઊંચો આંક સાધવા માટે અને ટકાવવા માટે ઇન્ટેન્સિવ-યાંત્રિક અને મિશ્રપ્રકારની ખેતી વિના ચાલવાનું નથી.

જંગી ખેતરો અને ખેતીની અતિ-યાંત્રિક-પદ્ધતિ આપણી સમસ્યાઓ ઉકેલી નહિ શકે. અતિ-યાંત્રિક પદ્ધતિમાં માનવ-શક્તિ અને કુદરતી સંપત્તિનો બગાડ થયા વિના રહેતો નથી; આવો બગાડ ન થાય તે માટે તથા એકર દીઠ પાક વધારવા માટે, તથા ખેતીની કાબેલિયત વધારવા માટે ઇન્ટેન્સિવ ખેતીનો આધાર લેવો જરુરી છે. એમાં:—

વધુ સુધરેલાં સાધનો અને ટેકનિકનો તથા વધુ સારા ખાતરનો અને બિયારુનો વપરાશ થવો જોઈએ. મિશ્રખેતી અને અમુક વરસે અનાજ અને અમુક વરસે ઘાસચારો-એમ આંતરે આંતરે થતી ખેતી આપણી જમીનની ફળદ્રુપતા અને એકર દીઠ પાક વધારશે.

(૨) યંત્રોનો ઉપયોગ ખેતીના કામની કાબેલિયત વધારવા તથા નિવારી શકાય તેવો શારીરિક ઢસરડો નાબૂદ કરવા કરી શકાશે. પરંતુ જે યંત્રો (૧) કેંદ્રીકરણ ઊભું કરે, (૨) સંપૂર્ણ રોજગારી સ્થાપવાની શક્યતા ઓછી કરી નાખે (૩) શોષણ માટે ભૂમિકા ઊભી કરે (૪) ભૂમિની ફળદ્રુપતા ઓછી કરે અથવા (૫) ખેતર ઉપર કામ કરનારને 'પગારદાર કામદાર'ની સ્થિતિએ લાવી મૂકે તેવા પ્રકારનાં યંત્રોનો ઉપયોગ ગ્રામપંચાયતો નહિ કરે. વધુમાં, જે યંત્રો પ્રદેશમાં બનાવી શકાતાં હશે, અથવા તો સહેલાઈથી જેનું સમારકામ સ્થાનિક રીતે થઈ શકતું હશે, અને જે યંત્ર ખેડનારો પોતે ચલાવી શકતો હશે અથવા

સહકારી ખેતી દ્વારા જેનો ઉપયોગ થઈ શકતો હશે તેવાં યંત્રોનો ઉપયોગ કાબેલિયત વધારવા અને ઉત્પાદન સુધારવા કરવામાં આવશે.

નહેરકામ

(૧) આજે ૩૨૭૮ લાખ એકર જમીન ખેતીના ઉપયોગમાં આવે છે. આમાંથી ૧૯૫૨ના આંકડા મુજબ, આશરે ૫૨૪¾ લાખ એકરને જ નહેર–પાણીનો લાભ મળે છે. આમાંથી ૧૮૫¾ લાખ એકરને રાજ્યની નહેરો દ્વારા, ૨૬¾ લાખ એકરને ખાનગી નહેરો દ્વારા, ૮૬¾ લાખ એકરને તળાવો દ્વારા, ૧૫૭¾ લાખ એકરને કૂવાઓ દ્વારા અને ૫૬¾ લાખ એકરને બીજાં સાધનો દ્વારા પાણી મળે છે. બાકીની આશરે ૨૭૬૪ લાખ એકર મુખ્યત: વરસાદ ઉપર જ આધાર રાખે છે.

* આવડા મોટા પ્રમાણમાં જમીનને પાણી પૂરું પાડવાની સમસ્યા જબરજસ્ત છે. એ કાંઈ વૈયક્તિક પ્રયાસો દ્વારા પાર ન પડે. આ સમસ્યા ગ્રામપંચાયતો અને ઉચ્ચતર પ્રાદેશિક આયોજકોએ હાથ પર લેવી પડશે. તળાવો ફરી ખોદાવવાં ને કચરો જામ્યો હોય તે બહાર કઢાવવો, કૂવાઓની સંખ્યા વધારવી અને નાના બંધો બાંધવા વગેરે કામ ગ્રામપંચાયતો હાથ ધરી શકે. પરંતુ પ્રાદેશિક આયોજન સમિતિઓ અને મધ્યસ્થ સમિતિએ મોટી નદીઓને નાથનારી નહેર–યોજનાઓ તૈયાર કરવી પડશે.

દેવાં અને ધીરાણ :

(૧) કોઈ પણ યોજના માટે, ગ્રામવિસ્તારને પુનર્જીવિત કરવામાં, અતિ મુશ્કેલ અને છતાં અતિ મહત્ત્વનો કોઈ સવાલ હોય તો તે ખેડૂતોનાં દેવાં અને નવા ધીરાણનો ...ઘણા બધા ખેડૂતો પોતાની આજીવિકાનો છેલ્લો આધાર ગુમાવી બેસવાની બીતિમાં જીવે છે. પરિસ્થિતિમાં તત્કાલ અને ધરમૂળનો સુધારો ન થાય તો ખેતીના પુનર્જીવનનો અથવા ન્યાયી સમાજરચનાનો સવાલ જ રહેતો નથી.

(૨) મોટા ભાગના કિસ્સાઓમાં દેવાં ઘણે અંશે કાપી નાખવાં પડશે. અને કોઈ પણ કિસ્સામાં વ્યાજ મૂડી જેટલું થઈ જાય અથવા વધી જાય એવું ચલાવી નહિ લેવાય. અને જ્યાં એવી ખાતરી થાય કે ધીરનારે મૂળ મૂડી અને વાજબી વ્યાજ કરતાં ય વધારે મેળવી લીધું છે, ત્યાં ધીરનારને વધારાની રકમ પાછી આપવાનું પણ ગ્રામપંચાયત કહેશે.

(૩) જ્યાં જમીન ઉપરની વ્યક્તિગત માલિકી નાબૂદ થઈ હોય, અને જમીન ગ્રામપંચાયતને હસ્તક સોંપાઈ ગઈ હોય, તેવી સ્થિતિમાં વ્યક્તિગત દેવાં પંચાયત પોતે લઈ લેશે. તે કાં તો ધીરનાર પાસેથી એનો દાવો છોડાવી દે, અથવા પંચાયતને દાન રૂપે આપી દેવાનું કહે; અથવા તેમ ન જ બને તો તેની લોન પાછી ભરવાનું ય સ્વીકારે; અને ત્યારે, જો મૂળ દેવાદાર વ્યક્તિની સ્થિતિ સદ્ધર હોય તો પંચાયત પૂરી યા આંશિક રકમ તેની પાસેથી મેળવે.

(૪) દેવું નાબૂદ કરવાનું અથવા ઓછું કરી નાખવાનું જરૂરી લાગે ત્યારે ય, જો ધીરધાર કરનારની સ્થિતિ એવી હોય કે, દેવું પાછું ન વાળવાને કારણે તેને બીજો કોઈ વ્યવસાય શોધી કાઢવાનું શક્ય ન રહે, ત્યારે પંચાયત તેને બીજો વ્યવસાય આપશે, અગર તો 'પુનરવસવાટનું એલાવન્સ' આપશે.

(૫) ઋણનાબૂદી યા ઋણરાહતને કારણે ખેડૂતના માથા પરનો ભાર ઠીકઠીક ઓછો થઈ જશે, પરંતુ, ગ્રામવિસ્તારની ઋણ–સમસ્યાના હાર્દને તો તે ભાગ્યે જ સ્પર્શી શકશે. કેમકે બીજી ધીરાણયોજનાના અભાવે, કાં તો નવાં દેવાં થતાં જશે, અગર તો, ખેતીનું કામ જ ખરેખરી ભીંસમાં આવી જશે.

(૬) મુખ્ય સવાલ પૂરતા પ્રમાણમાં નવી ધીરાણ કરવાનો છે, કે જેમાં શોષણ અગર વ્યાજખોરીને સ્થાન ન હોય... ગામડાંની બહુલક્ષી સહકારી મંડળીએ ધીરાણની સગવડ કરવી જ પડશે—વસ્તુઓ રૂપે અને નાણાંરૂપે...અને સામેથી આ મંડળીઓને **રાજ્યબેંક** અથવા **પ્રાદેશિક રાજ્યસત્તા** પાસેથી અનાજ–ભંડોળની સિક્યુરિટી સામે લોન મળે એવી જોગવાઈ હોવી જ જોઈશે. દરેક ગામ પાસે, કટોકટીના વખતે ઉપયોગમાં આવે તે હેતુથી બે વર્ષ પૂરતો આવો અનાજભંડાર હશે જ.

ખેતીવિષયક સંશોધન

(૧) આયોજનના હેતુને પહોંચી વળવું હશે તો, ખેતીના પ્રકાર અને પદ્ધતિ બંનેમાં જબ્બર સુધારો કરવો

અનિવાર્ય છે. 'ઇન્ટેન્સિવ', ખેતીનું વૈજ્ઞાનિક શિક્ષણ બહોળા પાયા પર આપ્યા વિના છૂટકો નહિ-થાય. તેમાં વૈજ્ઞાનિક પદ્ધતિની ખેતી, ખાતર અને યંત્રોના ઉપયોગનો પણ સમાવેશ થશે. આવી દેશવ્યાપી સ્થિતિ પેદા કરવા માટે કૃષિસંશોધન કેંદ્રોનો દેશવ્યાપી વિસ્તાર અનિવાર્ય છે.

(૨) ખેડ-જમીનના ટુકડા નાના હોવા છતાં, આ કેંદ્રો ઇન્ટેન્સિવ ખેતીના પ્રયોગો દ્વારા, જપાનની જેમ સારાં પરિણામો લાવી શકશે.

(૩) પહેલી વાર ખેડાણ નીચે આણેલી જમીન ઉપર કૃષિસંશોધન કેંદ્રો અને 'પ્રયોગાત્મક ખેતરો'ની સ્થાપના કરવી પડશે.

આ પ્રયોગાત્મક ખેતરો છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનો વાપરશે અને વિવિધ પ્રકારની ખેતીના ગુણોનું સાપેક્ષ સંશોધન કરશે.

ઉદ્યોગો

૧. આપણા સમાજના સમસ્ત ઔદ્યોગિક માળખાની સંપૂર્ણ ક્રાંતિ કરવી પડશે. વિકેંદ્રીકરણ, સ્વયંપૂર્ણતા તથા પૂર્ણ અને અખંડ રોજગારી તરફ જ એવું નિશ્ચિત રીતે નવઘડતર થવું જોઈશે.

વિકેન્દ્રીકરણનો અર્થ આયોજન અને સંકલનાનો અભાવ નહિ. વિકેન્દ્રિત ઔદ્યોગિક વ્યવસ્થાનો અર્થ એવો ય નથી કે તેમાં ઉદ્યોગો કશી જ યોજના વિના સ્વયં પ્રકટી નીકળે; તથા પ્રદેશનાં પ્રાપ્ત સાધનો અને જરૂરિયાતો સાથે, અથવા ઉત્પાદનના બીજા ઘટકોમાં જે પ્રયાસો થઈ રહ્યા હોય તેની સાથે કશો જ સંબંધ ધરાવ્યા વિના, કામ કરવા માંડે. આ તો એ પ્રકારની આયોજનાપૂર્ણ વ્યવસ્થા છે કે જેમાં ઉત્પાદનનો વપરાશની ચીજોની જરૂરિયાત સાથે મેળ ખાતો હોય, અને પ્રત્યેક પ્રદેશની જરૂરિયાતનો અને ભાવિ શકયતાનો મેળ બીજા પ્રદેશોની જરૂરિયાતો અને ભાવિ શકયતાઓ સાથે ખાતો હોય; તથા રોજગારી અને ઉત્પાદન બંનેને વધુમાં વધુ બહેલાવનારાં સાધનોની મદદથી ઉત્પાદનની પ્રક્રિયાની એવી રીતે રચના કરવામાં આવે કે, ચંદ હાથોમાં ઉત્પાદનનાં સાધનોની માલિકીનું કેંદ્રીકરણ થવાને કારણે પરિણામ રૂપે જે ઓશિયાળાપણું અને શોષણને ફાલવાનો અવકાશ મળતો હોય છે તેવો અવકાશ પ્રાપ્ત થાય જ નહિ; તથા આજે શહેરી કારખાનાંની હરીફાઈથી ગ્રામ-ઉદ્યોગો જેમ ભીંસમાં આવતા હોય છે તેવી જ ભીંસમાં તેઓ જે ટેકનિક અને સાધનો વાપરે છે તેને કારણે ય આવતા હોય છે; તેથી કરીને મૃતઃપ્રાય ગ્રામોદ્યોગના પાયા પર તેમનો આપોઆપ વિકાસ થવો શકય નથી.

* વિકેંદ્રીકરણ કાંઈ ઘડિયાળનો કાંટો પાછો ફેરવવાની અને આદિકાળનો પ્રાથમિક કક્ષાનો સમાજ જે પ્રકારની ઉત્પાદનની પદ્ધતિ અખત્યાર કરતો હતો તેવી પ્રાચીનકાળની પદ્ધતિ ઉપર પાછા ચાલ્યા જવાની તરફેણ નથી. **વિકેંદ્રીકરણ કાંઈ ટેકનોલોજીની પ્રગતિનો ત્યાગ કરવા માગતું નથી.** એ તો એટલું જ પાકું કરી લેવા ઈચ્છે છે કે, શારીરિક ઢસરડો ટાળવાની સાથોસાથ તથા ઉત્પાદન અને રોજગારીનો આંક વધુમાં વધુ ઉંચો લઈ જવાની સાથોસાથ વિજ્ઞાન અને ટેકનોલોજીના લાભો આપણને લોકશાહીના તત્ત્વની રક્ષા કરવા શક્તિમાન બનાવે. આથી કરીને, ઔદ્યોગીકરણની મૂળ કલ્પનામાં જ, અને ટેકનોલોજીએ કયા હેતુઓ પાર પાડવાના છે તે બાબતમાં વિકેંદ્રીકરણ ધરમૂળથી ક્રાંતિ આણે છે.

(૨) આવા વિકેંદ્રીકરણમાં ઈજારદારી મૂડીવાદ અથવા સરમુખત્યારશાહી માટે કશો અવકાશ રહેતો નથી. કામદારો જે સાધનો વડે કામ કરે છે તેની માલિકી ધરાવી શકે છે. એટલે કામે રોકનાર અને કામે રહેનાર એવા ભેદો જ રહેતા નથી.

(૩) આવો કામદાર શ્રમનીસર્જકતાનો આનંદ લૂંટી શકશે, અને તેની આપખુદી પણ ચાલી નહિ જાય. આથી રોજગારી સચવાશે અને ઉત્પાદન વધશે. તથા પ્રદેશોની જરૂરિયાતને અનુલક્ષી ઉત્પાદન થતું હોઈ, કાચા અને પાકા માલની જંગી હેરફેર કરવાનું ખર્ચ ટળી જશે, વિતરણ માટેનું જંગી તંત્ર બિનજરૂરી બનશે; બંને ઓછામાં ઓછા પ્રમાણમાં રહેશે. વળી આમાં મૂડીની જરૂર પણ ઓછી રહેશે.

(૪) એમ માનવું એ ભ્રમ છે કે, આજે જે પ્રકારનું ઔદ્યોગીકરણ ચાલે છે તેના કારણે સારા પ્રમાણમાં રોજગારીમાં વધારો થશે. નીચેના આંકડા પરથી જણાશે કે ઉત્પાદનની

કેંદ્રિત પદ્ધતિવાળા ઉદ્યોગો જમીન ઉપરનું દબાણ ઓછું કરવામાં તથા બીજા ત્રીજા વ્યવસાયો આપવામાં, અથવા તો રોજગારી વધારવામાં નિષ્ફળ નીવડ્યા છે.

કુલ મૂડી (લાખ રૂ.માં)	૧૯૪૭	૧૯૫૦	૧૯૫૩
રજીસ્ટર્ડ કારખાનાંની સંખ્યા	૫૬૩૨	૭૦૯૯	૭૧૦૪
કુલ મૂડી	૪૦૩,૪૪	૬૧૪,૫૩	૭૨,૮૮૮
કુલ કામદારોની સંખ્યા (હજારમાં)	૧૪૮૭	૧૪૬૮	૧૪૭૧
કામદારો સિવાયના કર્મચારીઓ (હજારમાં)	૧૪૬	૧૬૪	૧૫૭

[આ આંકડા ઈસ્ટર્ન ઇકોનોમિસ્ટ : એપ્રિલ ૨૦, ૧૯૫૬માંથી લીધા છે.]

તો વળી બીજા આંકડાઓ એવું બતાવે છે કે નિકેંદ્રિત ઉદ્યોગો, જે ટેકનિકલ સુધારાનો લાભ લે છે, તેમાં રોજગારીને માટે વધુ વિવિધ અને વધારે પ્રમાણમાં તક હોય છે.

અર્થ–વ્યવસ્થા

(૫) સર્વોદય અર્થ વ્યવસ્થા ત્રણ પ્રકારની હશે :

(અ) પોતાનાં હથિયારો સાથે કામ કરનાર કારીગરોનો **જાત–રોજગારી**નો વિભાગ. આ વિભાગ રોજંદી જરૂરતી વસ્તુઓનું મુખ્ય ઉત્પાદન કરશે.

(આ) મોટા ભાગે પોતાનાં હથિયારોવાળા, અને કેટલેક અંશે, પોતે જે ન વસાવી શકે તેવાં, પૂરક સાધનો વડે કામ કરનારાઓનો **સહકારી** વિભાગ. આ સાધનો ઉપરની માલિકી આખા સમાજની હશે; પરંતુ સહકારી મંડળીઓ એનું સંચાલન કરતી હશે.

આમાં કાચા માલમાંથી પાકો તૈયાર માલ ઉત્પાદન કરવાના સ્થાનિક 'પ્રોસેસિંગ' ઉદ્યોગોનો મોટે ભાગે સમાવેશ થશે.

(ઇ) **સમાજ** અથવા તો **રાજ્ય હસ્તકના ઉદ્યોગો**નો વિભાગ. તે ઉદ્યોગોની વ્યવસ્થા કરશે, કાચો માલ મેળવી આપશે, અને ઉત્પાદનનો નિકાલ કરશે; પરંતુ આ ઉદ્યોગો સરકારી કર્મચારીઓ જ ચલાવે એવું કાંઈ નથી.

અને ત્યાં લગી આવા ઉદ્યોગોની વ્યવસ્થા અને સંચાલન **મ્યુનિસિપાલિટી** તથા **અન્ય કોરપોરેશનો** દ્વારા કરવામાં આવશે.

આ વિભાગમાં ભારે ઉદ્યોગો અને જે ઉદ્યોગો આંતરપ્રાદેશિક ધોરણ વિના ચલાવી જ ન શકાય તેવાઓનો સમાવેશ થશે. આવા ઉદ્યોગોમાં અમુક હદે કેંદ્રીકરણ અનિવાર્ય ગણાશે. દા. ત. લોખંડ, પોલાદ, જહાજ, યાંત્રિક વાહનવ્યવહાર, ધાતુ-ઉદ્યોગો, એંજીનિયરિંગ, રક્ષણ ઉદ્યોગો (સર્વોદય સમાજની પ્રાપ્તિ દરમ્યાનના ગાળા પૂરતા જરૂરી હોય તે પ્રમાણમાં)નો આમાં સમાવેશ થશે.

આ ઉદ્યોગો (૧) જાત–રોજગારીના ઉદ્યોગોને અને સહકારી ઉદ્યોગોને જરૂરી અને કાબેલ સાધનો સસ્તા દરે પૂરા પાડશે. (૨) યાંત્રિક વાહનવ્યવહારની અને જાહેર ઉપયોગિતાની સરવીસોની જરૂરિયાત પૂરી પાડશે. (૩) દેશ જે માલ પરદેશ નિકાસ કરવા માગતો હશે તેનું ઉત્પાદન કરશે.

વચગાળાના સમયમાં—

(૧) પરંતુ વચગાળાના સમયમાં ઔદ્યોગિક પદ્ધતિનું સુકાન કેવી રીતે કામ કરતું હશે તેનો સવાલ મહત્ત્વનો છે. સૌથી પ્રથમ તો, ઉપર જે ત્રણ પ્રકારના વિભાગો દર્શાવ્યા તેમના પ્રદેશો સ્પષ્ટસ્વરૂપે નોખા પાડવા પડશે; તથા દરેક વિભાગ કયા પ્રકારનું ઉત્પાદન કરશે, કઈ પદ્ધતિએ દરેક વિભાગ કામ કરશે, અને દરેક વિભાગ કેટલો આંક સાધશે તે બાબતો નક્કી કરી લેવી જોઈશે.

(૨) જ્યારે જમીન ઉપરની ખાનગી મિલકતની નાબૂદીનું આંદોલન જોર પકડશે, અને મોટા ભાગના લોકો સ્વેચ્છાએ પોતાની સનદોનો ત્યાગ કરશે, ત્યારે ઉદ્યોગોમાં ખાનગી મિલકતને ચીટકી રહેવાની નિશ્ચયવૃત્તિ પણ ઢીલી પડી જશે; અને ત્યારે ઉદ્યોગપતિઓ આયોજનમાં દર્શાવેલી ઔદ્યોગિક નીતિની હરોળમાં કદાચ સ્વેચ્છાએ આવી પણ જશે. જ્યારે ઘણી મોટી સંખ્યાના કામદારો જાતે જ ખાનગી–મિલકતના સમાજવિરોધી લક્ષણથી જાગ્રત થયા હશે, અને પોતાની ખાનગી માલિકીના અધિકારપત્રોનો ત્યાગ કર્યો હશે, ત્યારે તેઓ એટલું બળ જમાવશે કે જેથી ઉદ્યોગપતિઓને પણ ઉત્પાદનનાં સાધનો ઉપરની ખાનગી માલિકી છોડી દેવાની ફરજ પડે.

(૩) અને આમ છતાં, જો ઉદ્યોગોના માલિકો નવી નીતિ સાથે એકમત થવામાં નિષ્ફળ જાય, તો સમાજ તેમના ઉદ્યોગધંધાઓનું સામાજીકરણ કરે પણ ખરો. અલબત્ત ત્યારે તેમને પુનર્વસવાટ એલાવન્સનું વળતર આપવામાં આવશે—પંચાયતો કોઈ જમીન માલિકની જમીન લઈ લેતાં વળતર આપે છે તેમ.

(૪) ત્રણે વિભાગો કયું કેવું ઉત્પાદન કરશે તે બાબત નક્કી કરી લેવામાં આવશે, એનો અર્થ એવો નથી કે, જે મિલો અને કારખાનાં હાલ જે ઉત્પાદન કરી રહ્યાં છે તે તત્કાલ બંધ કરી દેવામાં આવશે. એવો એકાએક ફેરફાર કરવા જતાં તો આખું ઔદ્યોગિક તંત્ર જ પાટા પરથી ઊતરી પડે. ઉપર કહ્યો તેવો ફેરફાર તો, બીજા વિભાગોમાં, સાથોસાથ અને સપ્રમાણ ઉત્પાદન વધારીને જ શક્ય બનશે. આથી કરીને વચગાળાનો સમય રહેશે જ; આ દરમ્યાન હયાત કેંદ્રિત ઉદ્યોગો અને વધી રહેલા જાત રોજગારીના (કારીગરોના) ધંધાઓ તથા સહકારી ઉદ્યોગો-ત્રણે વચ્ચેના સુમેળવાળા, 'સહિયારા' ઉત્પાદનના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

(૫) અલબત, વચગાળાના સમયમાં જાત-રોજગારી અને સહકારી ઉદ્યોગોને સીધી યા આડકતરી રીતે નાણાંકીય સહાય આપવી પડશે; અને એમાં કશો સંકોચ કરવાની જરૂર નથી. આજે મોટા ઉદ્યોગોને પણ રાજ્ય તરફથી મદદ કરવામાં આવતી હોય છે. રાજ્યની ઔદ્યોગિક નીતિ જ તેમને મદદરૂપ થવાની હોય છે. તો પછી, જે આયોજન આજના ઔદ્યોગિક તંત્રમાં જ ક્રાંતિ કરવા માગતું હોય તેની ઔદ્યોગિક નીતિ તેને અનુરૂપ રહે એ સ્વાભાવિક છે, અને વિકેંદ્રિત ઉદ્યોગોને સ્થાપિત કરવાના તે પ્રયાસો કરે એ સહજ છે.

(૬) એ બને કે શરૂઆતમાં જાત-રોજગારી અને સહકારી વિભાગોદ્વારા પેદા થયેલ માલ પૈસાની દૃષ્ટિએ કેન્દ્રિત ઉદ્યોગોના ઉત્પાદનની સરખામણીમાં વધુ મોંઘો જણાય; પરંતુ કેંદ્રિત ઉદ્યોગોમાં જે સામાજિક દામ (cost) ખરચાય છે તે બીજા બે પ્રકારના ઉત્પાદન કરતાં ઘણું વધારે હોય છે. વળી એ પણ છે કે, જેમ જેમ ટેકનિકલ કાબેલિયતમાં અને સાધનોમાં સુધારો થતો જશે, અને રાજ્ય આ બે વિભાગોને સહાય આપી પગભર બનાવશે, પછી ઉત્પાદનનું પડતર મૂલ્ય નીચું ગયા વિના નહિ રહે; અને જતે દિવસે માલની ગુણવત્તા પણ કેંદ્રિત ઉદ્યોગોને ટક્કર મારે એવી થશે.

(૭) એ વાત સ્પષ્ટ છે કે, જ્યાં લગી એક જ પ્રકારનો માલ કેંદ્રિત અને વિકેંદ્રિત બંને વિભાગો દ્વારા પેદા થતો હશે અને બંને વચ્ચે હરીફાઈ હશે ત્યાં લગી જ વિકેંદ્રિત ઉદ્યોગોને સરકારી મદદની જરૂર રહેશે.

(૮) સરકારી મદદનો બોજો વસ્તુ વાપરનાર અને કર ભરનાર ઉપર પડે છે. પરંતુ છેલ્લી એક પચીસીથી મોટા ઉદ્યોગોને 'સબસીડી' આપવામાં આવે છે તે જોતાં એ ભાર તો ચાલતો આવેલો જ છે. એટલે જ્યારે ૯૨ ટકા લોકોનું જીવનધોરણ ઉપર લાવવા રાજ્ય મર્યાદિત સમય માટે વિકેંદ્રિત ઉદ્યોગોને 'સબસીડી' આપવાનું ચાલુ રાખે તો તેની સામે લોકોનો જુદા પ્રકારનો પ્રત્યાઘાત જાગશે, એવું માનવાને કારણ નથી.

યંત્ર-મશીનરી, શક્તિ અને ઔદ્યોગિક સંશોધન

(૧) એ ભૂલભરેલી માન્યતા છે કે સર્વોદય તમામ પ્રકારની મશીનરી અને ટેકનોલોજીની પ્રગતિનો વિરોધી છે; અથવા તે તો પ્રાથમિક કક્ષાની પછાત પદ્ધતિઓને વળગી રહેવા માગે છે, તથા સમાજને અતિ રંક જીવન-ધોરણ પર ઘસડી જવા માગે છે. સર્વોદયી જીવનદૃષ્ટિનું આ તો કઢંગું ચિત્ર છે—તેની ભયંકર વિકૃતિ છે.

સર્વોદય મશીનરી કે ટેકનોલોજીની પ્રગતિનો વિરોધી નથી. માનવીની ઉત્પાદક કાબેલિયતને વધારવા, તેને એકધારા ઢસરડામાંથી બચાવવા, તથા જીવનને અર્થપૂર્ણ બનાવનારી ઉચ્ચતર નૈતિક અને સાંસ્કારિક પ્રવૃત્તિઓ માટે તેને પૂરતો ફાજલ સમય મળે તેવી શક્યતા સર્જવા તે બંનેનો ઉપયોગ કરવા માગે છે.

(૨) હાલની ઔદ્યોગિક સંસ્કૃતિ એ તો, જે યુગમાં સમાજે યંત્રનો સ્વીકાર કર્યો હતો તેવા ઐતિહાસિક-આર્થિક યુગની વારસદાર છે. એનો સ્વીકાર કરનાર યુગ હતો Laissez faire મૂડીવાદનો, કે જેનો મુખ્ય રસ હતો ઉત્પાદન વધારતા જઈ નફો વધારતા જવાનો; નવાં નવાં યંત્રો દ્વારા શ્રમ બચાવી લઈ, નવાં નવાં બજારો કબજે કરવાનો. એથી કરીને ઉત્પાદન કરનાર માનવીના વ્યક્તિત્વની તેને પડી ન હતી; કે ન હતી તેને કશી પરવા, પેદા થયેલી વસ્તુમાં સર્જક માનવીના વ્યક્તિત્વનું પ્રતિબિંબ ઊઠે એવા પ્રકારની

આગવી કલાત્મકતાની. ઉપરાંત, સૌને સંપૂર્ણ અને સર્જનાત્મક રોજગારી મળે તે પ્રકારની સામાજિક જરૂરિયાતની યંત્રોને કશી પડી ન હતી. પરિણામ એ આવ્યું કે, મશિન માણસોને બેકાર બનાવતું ચાલ્યું; કામમાં સર્જનાત્મક આવિષ્કારની તક ઝૂંટવાતી ચાલી; અને સમૂહ-ઉત્પાદનના ચક્કરમાં માનવી કેવળ એક રકૂ બની ગયો.

આમ, મશીને એવા 'સમૂહ-માનવો'નું સર્જન આરંભ્યું કે જેમનું રહેઠાણ ભંગાર નિવાસો હતાં, અને જેમનાં જીવન તમામ પ્રકારની હેતુપૂર્ણતાથી વિમુખ બની ગયાં, અને ઔદ્યોગિક તંત્રે સર્જેલા મનસ્વી અને મર્યાદિત વિકલ્પો પ્રમાણે, સ્વભાવગત રીતે, એક પછી એક પડઘો પાડનારાં બની ગયાં.

આના પરિણામે ઉત્પાદન 'વ્યક્તિત્વવિહોણું' બન્યું, ને માનવી 'માનવતાવિહોણો!'

(૨) ટેકનૉલૉજી પણ મૂડી અને વ્યાપારને આશ્રયે વિકાસ પામી; તેથી કરીને તે એવાં યંત્રો બનાવવા પાછળ પડી કે જેથી વ્યક્તિ અને સમાજને ભોગે મૂડીનો નફો વધુમાં વધુ મળે. **મૂડીવાદની લૂંટી તરીકેનો વેશ સ્વીકારી લેનાર ટેકનૉલૉજી અને મશીનરીનાં આ અનિવાર્ય પરિણામ હતાં.**

મૂડીવાદનાં અનિષ્ટોને કારણે મશીન અને ટેકનૉલૉજીને માથે કાળી ટીલી ચોંટી છે, ત્યારે મૂડીવાદે તો મશીનના ગુણો માટે બેશરમ બની પોતાની શાખ વધારી લીધી છે.

(૩) સમાજવાદે યંત્રમૂડીવાદી ઔદ્યોગીકરણનાં અનિષ્ટો સામે પૂરતી સુધારણા દાખવી નથી. દુર્ભાગ્યે વલણ તો એવું માનવા તરફ છે કે, ઉદ્યોગવાદનાં અનિષ્ટો ખાનગી માલિકી દૂર થતાં ખતમ થઈ જશે. પરંતુ **હાલની ઔદ્યોગિક સંસ્કૃતિનાં અનિષ્ટો જેટલે અંશે ઉત્પાદનનાં સાધનોની ખાનગી માલિકીને આભારી છે તેટલાં જ ઉત્પાદનની પદ્ધતિને આભારી છે.** આથી કરીને આ અનિષ્ટો આ બંને સામે ઝૂઝ્યા વિના નાબૂદ નહિ થાય.

સર્વોદય-વિચાર મશીનની અપરંપાર શક્તિ અને માનવીની આર્થિક અને સાંસ્કારિક આઝાદી કરવાની પરમ વિચારણા—બંનેના 'ગતિશીલ એકત્વ' માટે આગ્રહી છે. **સર્વોદય ઔદ્યોગિક ક્રાંતિનો વિરોધી નથી. તે તો ૧૮મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ અને મૂડીવાદે જે પેટર્ન-ઢાંચા અને હેતુઓને જન્મ આપ્યો છે, તેનો વિરોધી છે.**

આથી, ફરી પાછાં અનિષ્ટમાં ન પડાય તેની સર્વોદય જાગ્રત તકેદારી રાખવા માગે છે.

(૪) વીજળી શક્તિ, અણુશક્તિ, સૂર્યશક્તિ વગેરે શક્તિઓની શોધખોળોએ કેંદ્રીકરણનાં અનિષ્ટોને આમંત્ર્યા વિના શક્તિ ઉત્પન્ન કરવાનું, વિતરણ અને ઉપયોગ કરવાનું આપણે માટે શક્ય બનાવ્યું છે.

શક્ય હશે ત્યાં શક્તિ ઉત્પન્ન કરવાનું વિકેંદ્રિત ધોરણે થશે, અને સ્થાનિક રીતે પ્રાપ્ત હોય એવી તમામ શક્તિનો ઉપયોગ કરવાની આર્થિક જરૂરિયાત તરફ દુર્લક્ષ કરવામાં નહિ આવે ત્યારે જ જુદા જુદા કૃષિક અને ઔદ્યોગિક કાર્યો માટે તે વપરાશમાં લેવાનું શક્ય બનશે.

દા. ત. ખેતી અને ઘાણી માટે બળદ અને પાડાનો ઉપયોગ થાય; પાણી ઉલેચવાનાં કાર્યો ઢોરશક્તિ અને જરૂર પડે ત્યાં યાંત્રિક શક્તિ બંને દ્વારા થાય; કેટલાક પ્રકારનો વાહનવ્યવહાર ઢોરો દ્વારા થાય, અને બાકીના માટે વરાળ, વીજળી વગેરેનો ઉપયોગ કરવામાં આવે.

કરવેરા

(૧) આજે જેને કરવેરા ગણવામાં આવે છે તે, ઉઘરાણાંનું કામ ગ્રામપંચાયતો, મ્યુનિસિપલ સમિતિઓ, તથા પ્રાદેશિક સરકારોને હસ્તક રહેશે. આમાંથી અમુક હિસ્સો રાજ્ય સરકારને અને વડી સરકારને આપવામાં આવશે.

(૨) બને તેટલા આડકતરા વેરાઓ કાઢી નાખી સીધા વેરા લેવાની પદ્ધતિ વધુ પસંદ કરવામાં આવશે. સીધો આવકવેરો આવકના પ્રમાણમાં ચઢઊતર હશે. અને જેમની આવક કર લેવાના ધોરણથી ઓછી હશે તેઓ પણ ગ્રામપંચાયતને પોતાનો ફાળો તો આપશે જ. અલબત્ત, આ ઐચ્છિક અને પ્રતીકરૂપ હશે.

(૩) વચગાળાનાં સમયમાં, મધ્યસ્થ તંત્ર પોતે જ સીધા કરવેરાની આકારણી કરવાનું અને ઉઘરાવવાનું સુદ્ધાં કામ માથે લે એ અમુક કિસ્સાઓમાં આવશ્યક ગણાય પણ ખરું. ખાસ કરીને જેમની આવક ઘણા બધા ધંધા-

ધાપાઓમાંથી થતી હોય, અને તે ધંધાનો કોઈ એક જ પ્રાદેશિક ઘટકમાં સમાવેશ થતો ન હોય તો તેવાઓની પાસે ઉઘરાવવાની બાબતમાં.

(૪) વચગાળાના સમયમાં જ્યારે, પ્રાદેશિક સત્તાઓને ઔદ્યોગિક તંત્રના પુનર્ઘડતર માટે ખૂબ જ મોટા પ્રમાણમાં નાણાંની જરૂર પડવાની છે, ત્યારે તેના પોતાનાં જ સાધનો દ્વારા પૂરતી રકમ મેળવવાનું મુશ્કેલ ન પણ બને. આ ઊણપ પૂરવા માટે **સંપત્તિદાન**, અને જરૂર પડે તો, કેટલાક પ્રકારના આડકતરા કરવેરાનો ઉપયોગ પણ કરવો પડે. પરંતુ **એ બાબત ખાસ કાળજી લેવામાં આવશે કે આ આડકતરા વેરાનો બોજો ધનિકો ઉપર જ પડે.**

(૫) વચગાળાના સમય દરમ્યાન—દરેક ઘટકનાં જાહેર આવકનાં સાધનો નીચે મુજબ ગણી શકાય:

अ ઘટકો:

૧. સીધો આવકવેરો
૨. સાચી એસ્ટેટ ઉપર કર
૩. મોજશોખનાં સાધનો ઉપર કર
૪. ખેતરોમાં જળસિંચાઈનો કર
૫. કેંદ્રિત ઉદ્યોગોએ પેદા કરેલ માલ ઉપર ઑક્ટ્રોય જકાત
૬. વારસાવેરો

आ રાજ્ય:

૧. સીધા આવકવેરામાં અમુક હિસ્સો
૨. મુલ્કી વહીવટી તંત્રની આવક
૩. પ્રાદેશિક રીતે સંચાલિત જાહેર ઉપયોગી સર્વીસોની આવક તથા રાજ્યના પોતાના ઉદ્યોગો વગેરે પ્રવૃત્તિની આવક.
૪. જંગલની પેદાશની આવક

इ કેંદ્ર:

૧. સીધા આવકવેરામાંથી અમુક હિસ્સો
૨. જાહેર સરવીસોની આવક
૩. કેંદ્ર સંચાલિત ઉદ્યોગોની આવક
૪. સ્ટેટ-ટ્રેડિંગ કૉરપોરેશનની આવક
૫. મુલ્કી વહીવટની આવક
૬. આયાત-નિકાસની જકાત
૭. ખાણો અને જંગલોની આવક

આયોજન માટે મૂડી

(૧) સર્વોદય આયોજન માટે કેટલી મૂડી જોઈ શે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. પરંતુ તે કેવી રીતે ઊભી કરવામાં આવશે તેનું સૂચન અહીં થઈ શકે:

૧. કરવેરાના મુદ્દામાં જણાવેલ જાહેર આવક
૨. 'બચત'નું એકીકરણ
૩. આજના ખાનગી ઉદ્યોગો પાસેથી રાજ્યે લઈ લીધેલ યંત્રો, સાધનો, મૂડી.
૪. શ્રમદાન, સંપત્તિદાન, સૂતાંજલિ વગેરે સ્વૈચ્છિક દાન.
૫. **બિનશરતી રીતે આપે તેવા બીજા દેશો પાસેથી ટેકનિકલ કાબેલિયત, સાધનો અને યંત્રો, નાણાં વગેરે મદદ.**
૬. ઉત્પાદન વધવાની જે ગણતરી હોય તેના આધાર પર બાંધવાળું શરાફી તંત્ર.

આમ છતાં નાણાં પૂરતાં ન મળી રહે તો આયોજનની મુદત લંબાવવી; **પરંતુ આયોજનના પાયાના સિદ્ધાંતોનો ભોગ તો, અમુક મનસ્વી સમયમાં પહોંચી વળવા માટે, ન જ અપાવો જોઈએ.**

આયોજનનું વ્યવહાર-તંત્ર

સર્વોદયી આયોજનનું ઘડતર નીચેથી ઉપર થતું હોઈ, સ્થાનિક સંસ્થાઓ જ આયોજનના આધારસ્થંભ ગણાશે. ગામડાંમાં ગ્રામ પંચાયતો અને બહુલક્ષી સહકારી મંડળીઓ હશે; નગરોમાં પુખ્ત વયના પ્રજાજનો મ્યુનિસિપાલિટી અને બહુલક્ષી સહકારી મંડળીઓ દ્વારા કામકાજ ચલાવશે. આ પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓને માથે પ્રજાજનોના જાનમાલના રક્ષણની અને સમાજવિરોધી તત્ત્વોને પહોંચી વળવાની, તથા શિક્ષણની, વૈદકીય અને સાંસ્કારિક સગવડો પૂરી પાડવાની જવાબદારી રહેશે.

(૨) ગ્રામ અને નગરના પુખ્ત વયના લોકો તેની

વિનોબા-વિચારગંગા

આ ખંડમાં વિનોબાજીનાં પ્રવચનોમાંથી સાર-સંચય તારવી રજૂ કર્યો છે. સ્થળ-સંકોચને કારણે તે ઘણોજ અપૂર્ણ તો છે જ.

મારા જે વાહિયાત લાગતા વિચારો છે, એને છોડી દેવા જોઈએ. મારા આ વિચારો કોઈ પણ હિસાબે લોકોએ માનવા જ જોઈએ એવું મેં સ્વપ્નેય નથી માન્યું. સમાજે મારા એકેએક વિચારને ઝીલી લેવો જોઈએ એવું મારા ભેજાના કોઈ ખૂણામાં નથી. મારા આવા વિચારોને આપ લાઉડથિંકિંગ (પ્રગટ-ચિંતન) સમજી લેજો, અને જેટલા ગળે ઊતરે એટલા જ વિચાર સ્વીકારજો. કારણ હું તમને ગમે ત્યારે કહું એવો છું; વિચાર બદલું એવો છું. એટલા માટે હું ફરી ફરીને તમને કહું છું કે, મારા જે બીજા-ત્રીજા વિચારો છે તે છોડી દેવા જોઈએ; અથવા તો વારે વારે થતી આપણી ચર્ચાગોષ્ઠીઓમાં (સેમિનાર) એને અંગે મોકળા મને ચર્ચા કરી લેવી જોઈએ, અને મારા કેવળ સત્ય, પ્રેમ અને કરુણાના જ વિચારો માન્ય કરવા જોઈએ. આ ત્રણ વિચારોને છોડીને મારા નિરનિરાળા મતોના સંબંધમાં આપને જો મતભેદ હોય, તો એને મોજથી છોડી દો.

ચાલીસગાંવ, ૯-૮-'૫૮

હું વિનયથી, પ્રેમથી અને વસ્તુસ્થિતિ સમજાવીને માગું છું. મારાં ત્રણ સૂત્રો છે (૧) મારો વિચાર સમજાય। પછી પણ કોઈ નથી આપતું તો તેનું મને દુ:ખ નથી લાગતું. કારણ હું માનું છું કે જે આજે નથી આપતો તે કાલે આપશે, વિચાર બીજ ઊગી નીકળ્યા વગર રહેવાનું નથી. (૨) મારો વિચાર સમજી ને કોઈ આપે તો તેથી મને આનંદ થાય છે. કારણ કે એનાથી બધી બાજુએ સદ્ભાવના પેદા થાય છે. (૩) મારો વિચાર સમજ્યા વગર, કોઈનાં દાબ દબાણથી કોઈ આપશે તો મને દુઃખ થશે. મારે ગમે તેમ જમીન ભેગી કરવી નથી, પણ મારે તો સામ્યયોગ અને સર્વોદયવૃત્તિ નિર્માણ કરવી છે.

અકબરપુર (જૌનપુર) ૨૮-૪-'૫૨

૧ : રત્નચિંતામણીની શોધ

ગાંધીજીના ગયા પછી હું અહીં (દિલ્હી) આવી પહોંચ્યો. નિરાશ્રિતો વચ્ચે કામ કરવાનો પણ વિચાર હતો. કામ થોડું ઘણું થયું પણ ખરું. પણ હું જે ચીજ શોધતો હતો તે મને ન મળી. એ બધું કામ સરકારી અમલદારો સાથે સંબંધ રાખીને કરવાનું હતું. તેથી તેની પોતાની મર્યાદાઓ હતી. થોડા જ દિવસોમાં મેં જોઈ લીધું કે મારે બીજો જ કોઈ રસ્તો શોધવો જોઈએ.

તે દરમ્યાન મેવ લોકોમાં કામ કરવાની તક મળી. તેમાં પણ સરકારી અધિકારીઓ સાથે સંબંધ રાખવાનો સવાલ હતો; પણ કામ મર્યાદિત હતું અને તે વખતે એ તરફ કોઈનું ધ્યાન પણ નહોતું; બલ્કે જરા તિરસ્કાર જેવું હતું. પરમેશ્વરની કૃપાથી આજે એ તિરસ્કાર નથી રહ્યો. મને લાગ્યું કે એ કામ વડે અહિંસાની શક્તિ કાંઈક પ્રગટ થઈ શકે છે. × × × મેં જે ભલામણો કરી તેની ઉપર સરકાર તરફથી પૂરો અમલ ન થયો. તેમણે એમાંથી કેટલીક વાત માની, કેટલીકનો અમલ કર્યો. છતાં પ ત્યાં ઠીક ઠીક કામ થયું એમ જ કહેવું જોઈએ. પરિણામ એ આવ્યું કે મુસલમાનોમાં જાઉં છું, ત્યારે તેઓ માને છે કે આ માણસ કોઈ

પણ જાતનો ભેદભાવ નથી રાખતો. આ વાતનો અનુભવ મને અજમેરના દરગાહ શરીફમાં થયો...એવું પરિણામ મેં હૈદ્રાબાદમાં જોયું...

ત્યાંય હું શોધવા લાગ્યો કે કોઈ એવી રીત હાથ આવવી જોઈએ કે જેને અહિંસાત્મક ક્રાંતિનો—સર્વોદયનો ક્રિયાત્મક આરંભ કહી શકાય. મેં એ પણ સમજી લીધું હતું કે, જો તેમ થશે તો ખાદી, ગ્રામોદ્યોગ વગેરેનું પણ કામ આગળ વધશે, નહીં તો કોઈ ખાદીનો ભાવયે નહીં પૂછે, અને ગ્રામોદ્યોગનોયે નહીં. પણ જ્યારે તેલંગણાની યાત્રાનો* અવસર આવ્યો, ત્યારે એમાં કાંઈક સંશોધન થયું અને એક ચીજ હાથમાં આવી ગઈ. ત્યારથી હું એની પાછળ લાગ્યો છું. મને એક જીવનકાર્ય જેવું મળી ગયું છે. મેં સમજી લીધું છે કે, આટલું કામ કરતાં કરતાં જો મારા જીવનનો અંત આવે તોય જીવ્યું સફળ છે. જાણે કે જેની શોધમાં હતો તે રત્નચિંતામણિ જ મને મળી ગયું!

જમીનનો કોયડો

જમીનનો કોયડો આખી દુનિયાનો કોયડો છે. એને ઉકેલવામાં બીજા દેશોએ જુદા રસ્તા અજમાવ્યા છે. આપણે તેને અહિંસક રીતે ઉકેલવો છે. માટે તમે થોડી થોડી જમીન આપશો, તો તેનાથી ગરીબોને થોડી જમીન તો મળશે, પણ ક્રાન્તિનું મારું કામ લાજશે. સમાજ પરિવર્તનની અને સમાજનું આર્થિક માળખું બદલવાની આકાંક્ષા એનાથી તૃપ્ત નહીં થાય. તેથી જ્યાં જ્યાં હું ગયો, ત્યાં ત્યાં મેં એ જ વાત સમજાવી કે, મારે દાન નથી જોઈતું. એક કુટુંબીજન સમજીને મારો હક મને આપો અને દરિદ્રનારાયણની સેવામાં લાગી જાઓ. મેં તો લોકોને સમજાવ્યું છે કે 'જુઓ, આ તો વામનાવતાર પ્રગટ થયો છે અને તે ત્રણ ડગલાં ભૂમિ માગે છે. પહેલું પગલું એ છે કે, ભૂમિહીન ગરીબોને માટે, પોતાના દીકરાને આપતા હો તેમ આપો. બીજું એ કે, તમારે ગરીબોની સેવાની દીક્ષા લેવી જોઈએ; અને ત્રીજું પગલું એ કે, ગરીબોની સેવા કરતાં કરતાં પોતે ગરીબ બની જવું જોઈએ. આમ એક પછી એક ત્રણ ડગલાં જમીન આપી શકો તો બલિરાજાની જેમ તે પૂર્ણ બલિદાન થશે. એનાથી હિન્દુસ્તાનનો નકશો જ બદલાઈ જશે.

જ્યારે હું કહું છું કે 'જે જમીન આપવી છે તે પૂરા ઉત્સાહથી આપવાની છે, અને જેમને આપવાની છે, તેમના જેવું જીવન ગાળવાની તૈયારી રાખવાની છે, ત્યારે **મારી મતલબ એ નથી હોતી કે એ ભૂમિહીનોની માફક આપણે પણ દીનહીન અવસ્થામાં રહેવાનું છે. બલ્કે બંને સમાન હકદાર છીએ એ ભાવનાપૂર્વક સમ્મિલિત ભોગ ભોગવવો છે અને સામ્યયોગ સિદ્ધ કરવો છે.**

રાજઘાટ દિલ્હી, ૧૩-૧૧-૫૧

ગરીબોને જમીન

મારે ગરીબોને જમીન અપાવવી છે. માવડી અને છોરું વિખૂટાં પડી ગયાં છે, તેમનો સંબંધ જોડી આપવો છે. જે જમીન પર મહેનત કરી શકે છે, એમની પાસે આજે જમીન નથી એ સારું નથી. એનાથી હિંદુસ્તાનનું ઉત્પાદન ઘટી રહ્યું છે, ભેદભાવ અને અસંતોષ વધી રહ્યાં છે. માટે ખેતર પર મહેનત કરનાર દરેક માણસને જમીન મળવી જ જોઈએ: હવે આ જમીન મળે શી રીતે? ઇતિહાસમાં એક પદ્ધતિ એ દેખાય છે કે, ધનિકોની જમીનો એમની પાસેથી છીનવી લેવામાં આવે. પણ એ રીત માનવતાની વિરુદ્ધ છે, અને એમાં શ્રેય પણ નથી, એનાથી સમાજમાં વેર અને દ્વેષ વધશે, સુખ-શાન્તિ નહીં મળે. માટે લોકો જાતે સહકારથી, પ્રેમથી, ખુશીથી અને આત્મીયતાપૂર્વક આપે, એવા પ્રયત્ન થવા જોઈએ.

દાન અને યજ્ઞ

મેં જે કામ શરૂ કર્યું છે, તેનું નામ 'ભૂદાન યજ્ઞ' છે, કેવળ 'ભૂદાન' નહીં.

* ૧૯૫૧ના એપ્રિલમાં હૈદ્રાબાદ પાસેના શિવરામપલ્લી ગામે સર્વોદય સમાજનું ત્રીજું અધિવેશન મળ્યું હતું. વિનોબાજી પોતાના સ્થાનક પરમધામ (પવનાર)થી પદયાત્રા કરીને આ સંમેલનમાં ગયા હતા. ત્યાંથી તેમણે તા. ૧૫ એપ્રિલે શાંતિસૈનિક તરીકે તેલંગણાની યાત્રા આરંભી. અને તા. ૧૮મીએ નાલગોંડા જિલ્લાના શિવરામપલ્લી ગામે પહોંચ્યા. ત્યાં રામચંદ્ર રેડ્ડીએ ૧૦૦ એકરનું પ્રથમ ભૂમિદાન આપ્યું હતું.

દાન કોણ કરે? જે ધનિક છે તે. પણ યજ્ઞમાં તો નાના મોટા સૌ કોઈ ભાગ લઈ શકે છે. આપણે દેશભરમાં આપવાની પ્રવૃત્તિ વધારવી છે. એક હવા જ પેદા કરવી છે. આપણને લેતાં તો આવડે છે, પણ દેતાં નથી આવડતું. એટલે આપવાની હવા પેદા કરવી છે.

તેલંગણામાં કૉમ્યુનિસ્ટોના ઉપદ્રવને લીધે જ જમીન મળી, એમ માનતા હોઈએ તો હિન્દુસ્તાનમાં અહિંસક ક્રાન્તિની આશા જ છોડી દેવી જોઈએ.

પરંધામ, પવનાર ૧૧-૯-૫૧

ઉપનિષદનો આદેશ

સરકારે 'અનાજ વધુ વાવો'નું સૂત્ર ઉચ્ચાર્યું છે. આ સૂત્ર ઘણું જૂનું છે. મેલવાલની નેતા પરિષદમાં મેં યાદ કરેલું अन्नं बहु कुर्वीत तद् व्रतम्। ઉપનિષદમાં આ વાત કેમ આવે છે? શું એ અર્થશાસ્ત્રનો ગ્રંથ છે?

ધારો કે પાણી મોંઘું થઈ ગયું. આજે તો મફત મળે છે એટલે સામસામો વિવેક કરીએ છીએ, પહેલાં તમે પીઓ!...ના, ના તમે પીઓ! પણ દુકાળ પડ્યા હોય ને પાંચ પાંચ દિવસ પાણી જોવા ન મળ્યું હોય તો બીજાને પાઈને પીનારા બહુ ઓછા નીકળે. કારણ આખરે પ્રાણી-તત્ત્વ પશુતા જાગ્રત થઈ જાય છે. હવા જ્યાંસુધી સર્વને સહેલાઈથી મળે છે ત્યાંસુધી તો એને વિષે લોકો ઉદાર રહી શકે છે. તેમ જ અન્ન પણ જ્યાંસુધી બહોળા પ્રમાણમાં મળતું રહે, બલ્કે એટલું મળતું રહે કે, ગમે તેને ગમે તે ઘેર ખાવાનું તો મળે જ મળે, તો કરુણા ટકશે, તો કરુણા વધશે, ને તો જ આધ્યાત્મિક જીવન પણ વધશે.

આમ વિચારીને જ ઉપનિષદે આવો આદેશ આપ્યો છે. એ આદેશમાં કેવળ અર્થશાસ્ત્ર નથી.

અર્થશાસ્ત્ર પૂછે છે કે 'અન્ન વધારો કહો છો તો કેવી રીતે વધારીએ? ત્યારે ઉપનિષદ કહે છે, यया कया च विधया बहु अन्नं आप्नुयात्—જે કોઈ રીતે અન્ન વધી શકે તેમ હોય તે રીતે વધારો. એ ગ્રંથ તો બ્રહ્મ-વિદ્યાનો છે.

---

* दानं संविभागः આપણા શાસ્ત્રકારોએ 'દાન' એટલે સમાન વિભાજન એવી વ્યાખ્યા કરી છે.

—વિનોબા (૧૯-૫-૫૧)

આ આત્મિક આદેશ છે. અન્ન કોઈ પણ રીતે વધારવું એ કેવળ માનવની નહીં પણ માનવતાની પણ આથમિક આવશ્યકતા છે.

આલિંદર, ૮-૧૧-૫૭

ભૂમિપતિ નહિ ભૂમિપુત્ર

આપણે ભૂમિપતિ ન થઈ શકીએ, ભૂમિપુત્ર જ થઈ શકીએ. વેદોમાં કહ્યું છે: माता भूमिः पुत्रोऽहं पृथिव्याः આપણે ભૂમિપુત્ર હોવાનો હક કરી શકીએ, અને તેવી જ રીતે બીજા અસંખ્ય લોકો પણ કરી શકે. જે ખેતી કરવા માંગતો હોય તે ભૂમિપુત્ર છે. આ એક પાયાની વાત સ્વીકારી લો કે ભૂમિ સૌની છે, સૌને સારુ છે અને સેવા સારુ છે.

નરાદા ૧૬-૪-૫૩

આર્થિક ક્રાંતિ

સંસ્કૃતમાં કહ્યું છે: 'दानात् देवः रक्षणात् राक्षसः' એટલે દાન આપે છે તે દેવ છે, અને સંઘરે છે—રાખે છે તે રાક્ષસ છે. બધા સદ્ગુણોનો સાર છે દાન દેવાની વૃત્તિ, અને બધા દુર્ગુણોનો સાર છે સંઘરવાની વૃત્તિ. સંગ્રહ કરનારથી મોટો રાક્ષસ નથી, દાન કરનારથી મોટો દેવ નથી.'

મને ખાતરી છે કે જે સામાજિક અને આર્થિક ક્રાંતિની આપણે ધારણા રાખીએ છીએ તે થવાની જ છે. જમાનો ધસમસતો આવી રહ્યો છે, આપણે એને લાવતા નથી. પણ આપણે જો એની સાથે થઈ જઈએ, તો એનો જશ આપણને મળવાનો છે.

દિવસ પછી રાત, તેમ રાજકીય સ્વતંત્રતા પછી આર્થિક સ્વતંત્રતા સ્વાભાવિક જ ચાલી આવે છે. જે સાધનો દ્વારા આપણે રાજકીય આઝાદી પ્રાપ્ત કરી, તે સાધન-સંપદા મટી શકતાં નથી. એ અમુક સમય સુધી દબાઈ ગયેલી દેખાય ભલે, પણ એ પ્રગટ થવાની જ છે, એવી મારી શ્રદ્ધા છે. જે પુણ્ય-પ્રતાપ સ્વરાજ્યનાં આંદોલનોમાં પ્રગટ થયો હતો તે, અને જે વચલાં ચાર વર્ષોમાં ઊડી ગયેલો લાગતો હતો તે, હું માનું છું કે ફરીથી પ્રગટ થશે. જે શક્તિ રાજકીય આંદોલનમાં પ્રગટ થઈ હતી તે એથી પણ વધારે જોરપૂર્વક આ આંદોલનમાં પ્રગટશે.

રાંચી, ૧-૭-૧૯૫૩

આરંભનું કામ

એકવાર દાન દીધાથી છૂટી નથી જવાતું. એકવાર ખાધાથી પતી નથી જતું અને શરીરના નિભાવ માટે ટંકે ટંકે જમવું પડે છે. તેવી જ રીતે જ્યાંસુધી સમાજમાં ભોગ-ક્રિયા ચાલે છે ત્યાંસુધી દાનક્રિયા પણ ચાલશે. દાનમાં જે ધર્મ છે તે તો સતત કરવાનું કામ છે.

છઠ્ઠો ભાગ એ તો આરંભનું કામ છે. અંતે જતાં તો બધી જ જમીન આપી દેવી પડશે. બધી જમીન ગામની થશે. સગવડ ખાતર એ જુદી જુદી વહેંચવામાં આવશે....

આ રીતે ખુદ દાન જ કપાઈ જશે—દાનની જરૂર નહીં રહે ત્યાં સુધી દાનની પ્રવૃત્તિ ચાલશે અને ત્યારે જ દાન સાર્થક થશે.

મે ૧૯૫૪

છઠ્ઠા ભાગનો મંત્ર

મેં છઠ્ઠા ભાગનો જે મંત્ર શરૂ કર્યો છે, તે પૂરેપૂરી ભૂમિ પહોંચાઈ ન જાય ત્યાંસુધી હું ચાલુ રાખવાનો છું. એક વાર છઠ્ઠો ભાગ માંગ્યા પછી ફરીથી છઠ્ઠો માગીશ. આમ માંગતો ચાલ્યો જઈશ. મેં આજે ખાધું છે તેથી કાલ નથી ખાવાનો એવું થોડું જ છે? કાલે પણ ભૂખ લાગશે, કાલે પણ ખાઈશ, પરમ દહાડે ભૂખ લાગશે અને પરમ દહાડે પણ ખાઈશ. પણ કાલે અને પરમે ભૂખ લાગવાની છે તેથી આજે જ દસ દહાડાનું ઝાપટી લેવું એવું થોડું જ છે? છઠ્ઠો ભાગ લીધા પછી પણ જો ભૂખ રહે છે, તો ફરી માંગીશ; અને એટલાથી ભૂખ મટી જાય છે તો કોઈ સવાલ નથી. પણ જો ભૂખ રહી તો ફરી માંગવાનો જ. આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે: षष्ठांशमुर्व्या इव रक्षितायाः। છઠ્ઠો ભાગ આલતે આલતે બધું જ આલી દીધું અને જે સર્વસ્વ આપે છે તે જ સમ્રાટ છે. એ કશું ખોશે નહીં, બન્ને હાથે પામશે.

આના કેટલાય દાખલા ઇતિહાસમાંથી મળી આવે છે. ધીમે ધીમે સમાજને આપવાનો અભ્યાસ થઈ જશે. બાળકને ચાલતાં ધીરે ધીરે શીખવીએ છીએ; 'દસ માઈલ ચાલવું સારું છે, માટે એકદમ દસ માઈલની મંજલ કર.' એમ નથી કહેતા. આજે તો લોકોને લેવાની ને સંઘરવાની ટેવ પડી ગઈ છે. એ ફેરવીને આપવાનો અભ્યાસ પાડવો હોય તો ધીમે ધીમે પાડવો જોઈશે. બાળકને 'શાબાશ' કહીને થાબડીએ તો એને પાનો ચડે છે ને વધારે કામ કરે છે. તેમ, આજે તો દેનારાઓને 'શાબાશ' કહીને એમનું હું ગૌરવ વધારીશ. પછીથી આપવાની પ્રેરણા એમને પોતાની મેળે અંદરથી જ થશે અને અંતે આપવાનો અભ્યાસ પડી જશે. એ એક સ્વાભાવિક વસ્તુ થઈ જશે. આપ્યા વગર રહેવાશે જ નહિ. રોજ ખાઈએ છીએ તો રોજ દાન કરવું જ જોઈએ, એ એક ધર્મ બની જશે. આ અહિંસાની પદ્ધતિ છે.

કેટલાક કહે છે કે તમારો માર્ગ લાંબો છે. અમને તો ચપટી વગાડતામાં પહોંચાડે એવો માર્ગ જોઈએ.

ઉતાવળા માર્ગો ઝપાટાબંધ મૃત્યુ તરફ લઈ જાય છે. તો બોલો, તમારે ઝપાટાબંધ યમલોક તરફ જવું છે કે ધીમેધીમે જીવન જીવવું છે? તમારે ઉતાવળ ખપે કે જીવન! મારો માર્ગ ધીમે ધીમે જીવન તરફ લઈ જનારો છે. એમનો માર્ગ ઝપાટાબંધ મરણ તરફ લઈ જનારો છે, પણ એનાથી બધાં કામ પતી જશે; સવાલ પતી જશે અને એનો ઉકેલ લાવનારો પણ ભેગો.

જે માર્ગ જીવનદાયી હોય, તે ધીમો હોય તો પણ એ જ પકડવો જોઈએ. માટે ધીમો કે ઉતાવળો રસ્તો છે એ રીતે ન વિચારવું. એ જીવન તરફ લઈ જાય છે કે મૃત્યુ તરફ એ વિચારવું જોઈએ.

લોહરદગા (રાંચી), ૨૪-૧૧-૧૯૫૨

કળીયુગમાં દાન

લોકોને એમ લાગતું હતું કે આ કલિયુગમાં ભૂદાન કોણ આપશે? લોકો પોતાની તસુભર જમીન પણ છોડવા નથી ચાહતા. એક તસુ ભોંય સારુ પણ કોર્ટે ચડે છે અને હજારો રૂપિયા ખરચે છે. પોતાના ખેતરમાંથી પાડોશી ખેડૂતે જરા સરખો હિસ્સો દબાવ્યો કે શઢની વાડ જરા ત્યાં ખસેડી તો ઝઘડા થાય છે. એકએક હાથ જમીન સારુ ઝઘડા થાય છે, ખૂન થાય છે. તો એવી હાલતમાં ભૂદાન દેતું કોણ જ હતું? કાયદાથી જમીન છીનવી લો તો ચાલે.

[વિશ્વમાનવ : ઓક્ટોબર-નવેમ્બર '૫૮

પ્રેમથી કોણ આપશે? પણ લોકોએ જોયું કે એક માગનારો મળી ગયો તો લોકો એને આપવા પણ લાગ્યા, અને આજ સુધીમાં ત્રણ હજાર એકર જમીનનું દાન થઈ ગયું.

તાનિકલ્લા, (વરંગળ) ૨૧-૫-'૫૧

ગરીબોની વકીલાત

મૂળ વાત એ છે કે આપણા ગરીબ બંધુઓ કેવળ ભૂમિ-હીન જ નથી, વાચા-હીન પણ છે, એ પોતાનો અવાજ સંભળાવી શકે તેમ નથી. હું એમની વકીલાત સારામાં સારી રીતે કરી રહ્યો છું. પાંચ વીઘાંવાળા પાસેથી તેમની નિશાની ખાતર એક અથવા અડધું વીઘું ભોંય પણ લઉં છું, પણ દશહજાર એકરના ધણી પાસેથી સો એકર નથી લેતો. એવાં કેટલાંયે દાનપત્રો મેં પાછાં વાળ્યાં છે. મોટો જમીનદાર દરિદ્રનારાયણનો ભાગ સમજીને સરખું દાન આપે તો જ સ્વીકારું છું.

*

હું પણ કહી દેવા માંગું છું કે મારે આવી સમાજ-રચના રાખવી નથી—ટકાવવી નથી. આજે જે સમાજ-રચના છે તે હકીકતમાં રચના જ નથી. એ તો નસીબ જોગે બની જવા પામી છે. મારે એને બદલવી છે.

બલિયા, ૨-૪-૫૨

યજ્ઞમાં સૌનો હિસ્સો

આ ભૂમિદાન યજ્ઞમાં પણ દરેકનો હિસ્સો હોવો જોઇએ. કારણ દરેકની અન્તઃશુદ્ધિ થઈ જાય એ એનો ઉદ્દેશ છે. એટલે જેની પાસે થોડી જમીન હોય તે થોડી આપે. પણ જેમની પાસે જમીન નથી તે આ યજ્ઞમાં શી રીતે ભાગ લે? એ ખરું કે તેઓ ભૂમિદાન ન આપી શકે. એ તો ભૂમિ લેનાર હશે, પણ જ્યારે એમને જમીન આપવામાં આવે ત્યારે તેઓ એની પર સારી રીતે મહેનત કરે, તો એ એમનો યજ્ઞ જ કહેવાશે.

જીવન પરિવર્તનનો પ્રયોગ

જ્યાં હું દાન લઉં છું, ત્યાં હું હૃદયપરિવર્તનની, ચિત્તશુદ્ધિની, માતૃવાત્સલ્યની, ભ્રાતૃભાવનાની, મૈત્રીની અને ગરીબોને માટેના પ્રેમની આશા રાખું છું. જ્યાં બીજા માટેની ચિંતાની ભાવના જાગે છે, ત્યાં સમત્વ બુદ્ધિ પ્રગટ થાય છે. ત્યાં વેરભાવ ટકી નથી શકતો. પુણ્યમાં તાકાત હોય છે. પણ પાપમાં કોઈ તાકાત નથી હોતી. પ્રકાશમાં શક્તિ હોય છે, પણ અંધકારમાં કોઈ શક્તિ નથી હોતી. તમે પ્રકાશને અંધકારનો અભાવ ન કહી શકો, કારણ કે પ્રકાશ વસ્તુ છે, અંધકાર અવસ્તુ. લાખો વર્ષના અંધકારમાં પ્રકાશ લઈ જાઓ, એક ક્ષણમાં એનું નિવારણ થઈ જશે. તેમજ આ જે પુણ્યોદય છે, એની સામે વેરભાવ ટકી ન શકે. ભૂદાનયજ્ઞ અહિંસાનો એક પ્રયોગ છે—જીવન પરિવર્તનનો પ્રયોગ છે. હું તો નિમિત્ત માત્ર છું અને તમે પણ નિમિત્ત માત્ર છો. આ કાળપુરુષની—પરમેશ્વરની પ્રેરણા છે.

સામાજિક ક્રાંતિ

આ જે પ્રયોગ કર્યો તે કેવળ ભૂમિદાન મેળવવાનો નહોતો. નિઃસંદેહ ભૂમિદાન એ બહુ મોટી વસ્તુ છે. પણ મારી આગળ મુખ્ય કલ્પના એ જ છે કે, આપણી સામાજિક અને વ્યક્તિગત બધા પ્રકારની મુશ્કેલીઓનો પરિહાર અહિંસાથી શી રીતે થાય એની શોધ કરું. એ મારું મુખ્ય કાર્ય છે.

પરંધામ આશ્રમ, પવનાર, ૨૮-૬-'૫૧

સભ્યતાનો સંદેશ

વર્ષોથી ચાલી આવેલી સભ્યતાનો એ સંદેશ છે કે ધર્મ અને અર્થ સાથે સાથે ચાલે છે. બધા અર્થનું નિયમન ન કરી શકે એ ધર્મ સાચો ધર્મ જ ન હોઈ શકે. તે જ પ્રમાણે જે ધર્મબુદ્ધિને જાળવી ન શકે અથવા તેને આઘાત પહોંચાડે એ અર્થ પણ સાચો અર્થ નથી. માટે ધર્મ અને અર્થમાં વિરોધ ન હોઈ શકે. મેં જે કામ ઉપાડયું છે તેનાથી ધર્મ અને અર્થ બન્ને સધાશે.

ગોંડા, ૧૯૫૨

મહત્ત્વ 'પ્રકાર'નું, નહિ કે 'આકાર'નું

આપણે કેવળ આર્થિક પ્રગતિ અને અર્થ સામ્ય જ નથી જોઈતાં, પણ ઉન્નત ધર્મ પણ જોઈએ છીએ. હું માનું છું કે ભૂદાનયજ્ઞ ધર્મોન્નતિનું પણ સાધન છે.

લોકશાહી સમાજવાદ

લોકશાહીમાં દરેકને મત આપવાનો અધિકાર મળે છે. બધું કામ મતના જોરે ચાલે છે. એમાં લઘુમતીનું રક્ષણ થતું નથી પણ બહુમતીનું થાય છે. લોકશાહી સમાજવાદનો દાવો છે કે એમાં તમામનું રક્ષણ થાય છે. પણ એમાંથી પેદા થતી બૂરાઈ એને સુધારવાનો ઈલાજ સમાજવાદ પાસે નથી. જ્યાંસુધી બહુમતીની દયા પર જ લઘુમતીનું રક્ષણ લટકતું હશે ત્યાંસુધી પૂરો સમાજવાદ આવી ન શકે.

સામ્યવાદ

સામ્યવાદ કહે છે કે, આજનો મોટાંઓનો વર્ગ છે તેને ખતમ કર્યા વિના સમાનતા નહીં સ્થપાય. જેમના હાથમાં સત્તા છે તેમને ખતમ કર્યા વગર અને વર્ગ સંઘર્ષ વગર બીજો એકે આરો નથી. એટલે હિંસા કરવી જરૂરી છે અને એ ધર્મરૂપ છે. આ વિચારથી પણ દુનિયામાં શાંતિ તો નહીં આવી શકે. કેમકે હિંસામાંથી પ્રતિહિંસા-વળતી હિંસા પેદા થાય છે. એમ બને કે થોડીવાર એ દબાઈ જાય. પણ એને લીધે માનવતાનું મૂલ્ય અને પ્રતિષ્ઠા ઘટી જાય છે.

સામ્યયોગ

સામ્યયોગ માને છે કે માનવમાત્રમાં એકજ આત્મા સમાનરૂપે વસે છે. સામ્યયોગમાં માણસ માણસ વચ્ચે કશો ભેદ નથી.

સામ્યવાદ અને સામ્યયોગમાં આ જ ભેદ છે કે સામ્યવાદ આત્મામાં નથી માનતો જ્યારે સામ્યયોગ માને છે. એટલું જ નહીં, સામ્યયોગ એનો આધાર લઈને વધારે ઊંડો ઊતરવા માગે છે. પરિણામે નૈતિક, આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં એની ક્રાંતિકારી અસરો પડે છે.

આપણા તમામ ગુણો સમાજના ભલા માટે છે, તેથી આપણી તમામ શક્તિઓને ઈશ્વરની દેણગી માનીને સમાજને અર્પણ કરવી જોઈએ. આપણે આપણા શરીરના પણ માલિક નથી, એના આપણે માત્ર ટ્રસ્ટી છીએ. સામ્યયોગ કહે છે કે સંપત્તિ ગમે તે રૂપે હોય, આપણે એના માલિક નથી. સામ્યયોગ અને સામ્યવાદ વચ્ચે આ જ મોટો ફરક છે.

ટ્રસ્ટીશીપનો વિચાર

આજસુધી લોકો પોતાને સંપત્તિના માલિક માનતા હતા. એમાં જુદાં જુદાં હિતો વચ્ચે અથડામણ થાય છે. પણ ટ્રસ્ટીવાળા વિચારમાં સંપૂર્ણ વૈચારિક ક્રાંતિ થાય છે. એટલે પોતાની વસ્તુઓ પર આપણે આપણી માલિકી માનીએ છીએ તે ખોટું છે. આપણી પાસે જે કંઈ શક્તિઓ છે તે બધી સેવા માટે છે, વ્યક્તિગત સ્વાર્થ સાધવા માટે નથી. વ્યક્તિગત સ્વાર્થ તો પોતાનો સ્વાર્થ સમાજને ચરણે સમર્પિત કરી દેવામાં જ રહેલો છે. પોતાનો સ્વાર્થ સમાજના સ્વાર્થમાં ભેળવી દેવો અને આખા સમાજના હિત માટે સતત પ્રયત્ન કરવો એ જ આપણો સ્વાર્થ છે. સામ્યયોગથી આ નૈતિક વિશેષતા પેદા થાય છે.

સામ્યયોગની અર્થનીતિ

હવે સામ્યયોગને કારણે આર્થિક ક્ષેત્રમાં કેવી ક્રાંતિ થાય છે તે આપણે જોઈએ. આપણી પાસે જે કાંઈ શક્તિ છે તેને આપણે આપણી નથી માનતા. કોઈ પણ વ્યક્તિ પોતાની તમામ શક્તિથી સમાજનું કામ કરે તો તે રોટલાનો હક્કદાર બને છે. એક આંધળો માણસ આંખ ન હોવા છતાં પોતાથી બનતું બધું કરી છૂટે, તો એ રોટલાનો અધિકારી છે-પછી ભલેને દેખતા માણસ કરતાં એનું કામ ઓછું—ઊતરતું હોય. ઓછી વધારે શક્તિના પ્રમાણમાં ઓછી વધારે સેવા થઈ શકે. પણ સેવા એ નૈતિક વસ્તુ છે. નૈતિક વસ્તુની કિંમત ભૌતિક વસ્તુથી આંકી જ ન શકાય. બધી સેવાઓની કિંમત પૈસાથી આંકી નહિ શકાય. હૃદય રેડીને કામ કર્યું હોય તેની કિંમત પૈસાથી શી રીતે અંકાય? પુત્ર માતાને, વિદ્યાર્થી ગુરુને અને ખેડૂત સમાજને જે કાંઈ આપે છે એની કિંમત આંકી ન શકાય.

શ્રમનું મૂલ્ય

નૈતિક મૂલ્યોની જેમ આર્થિક ક્ષેત્રમાં શ્રમનું મૂલ્ય પણ સરખું હોવું જોઈએ. પણ આજે એથી ઊલટું ચાલે છે. આજે શારીરિક કામ કરતાં બૌદ્ધિક કામની કિંમત વધારે ચૂકવાય છે. એની આબરૂ પણ વધારે મનાય છે. પણ આ ભેદ તદ્દન નાપાયાદાર છે.

પાંચ આંગળીમાંથી કોઈ વધારે ઓછું કામ આપતી હશે છતાં આપણે બધીને સરખી જ માનીએ છીએ. આ રીતે

સમાજમાં દરેકની સેવા જુદી જુદી જાતની હોઈ શકે પણ એ બધાંનું આર્થિક મૂલ્ય તો સરખું જ હોવું જોઈએ.

સામ્યયોગના સિદ્ધાંત પ્રમાણે નૈતિક મૂલ્યમાં જેમ ભેદ નથી તેવી જ રીતે આર્થિક મૂલ્યમાં પણ ભેદ હોવો ન જોઈએ. દરેકને વિકાસની પૂરી તક મળવી જોઈએ અને દરેકને શિક્ષણ માટે અવકાશ મળવો જોઈએ.

વિકેન્દ્રીકરણ

આર્થિક ક્ષેત્રમાં આ વિચારનું પરિણામ એ આવશે કે દરેક ગામ સંપૂર્ણ બનશે.

આર્થિક ક્ષેત્રમાં સમાનતા નહિ થાય તો ઊંચનીચના ભેદ વધશે, પરાવલંબન પેદા થશે અને એક આત્મા બીજાનો ગુલામ બનશે. માટે મારે વિકેન્દ્રિત અર્થ–વ્યવસ્થા જોઈએ છે.

રાજકીય ક્ષેત્રમાં પણ આજ પ્રમાણે આપણાં મૂલ્યો બદલાશે. માટે માત્ર શોષણ રહિત સમાજ નથી જોઈતો, **શાસન મુક્ત** પણ જોઈએ છે. સામ્યયોગની કલ્પના પ્રમાણે વહીવટ ગામે ગામ વહેંચાઈ જશે. ગામે ગામ પોતાનું રાજ થશે અને કેન્દ્રમાં નામમાત્રની સત્તા રહી જશે. આમ ક્રમે ક્રમે શાસનમુક્ત સમાજ રચાશે.

સામાજિક ક્ષેત્રમાં પણ ઊંચનીચનો ભાવ નહિ રહે. કોઈમાં બ્રાહ્મણના ગુણ હોય તેટલા કારણસર એને પોતાની જાતને બીજાથી ઊંચી માનવાને કોઈ કારણ નથી. એવી જ રીતે ભંગી, ચમાર વગેરે પણ નીચ નહીં ગણાય. એમના વગર સમાજનું ગાડું નભવું નથી.

સામ્યયોગી ક્રાંતિ

સામ્યયોગ આ રીતે નૈતિક, આર્થિક રાજનૈતિક અને સામાજિક ક્ષેત્રોમાં પલટો આણવા તાકે છે. એને જ ક્રાંતિ કહે છે. આજકાલ લોકો હિંસાને જ ક્રાંતિ માની બેઠા છે

પરંતુ પાયાની બાબતોમાં ક્રાંતિ ન થાય અને ઉપરછલ્લા ફેરફારોને ક્રાંતિ કહીએ તો તે ભૂલ છે. આપણે આપણા નૈતિક જીવનમાં પરિવર્તન કરીએ ત્યારે ક્રાંતિ થાય છે.

મારો દાવો છે કે સામ્યયોગ નૈતિક મૂલ્યોમાં પરિવર્તન આણે છે; કારણ કે એનો પાયો આધ્યાત્મિક છે અને જીવનનાં તમામ પાસાંઓમાં એ ધરમૂળથી ક્રાંતિ કરે છે.

સામ્યયોગની વ્યાપક દૃષ્ટિ

ભૂદાન તો એક ફ્રાયર માત્ર છે. શરૂઆતમાં મોહ-મમતામાંથી છૂટીને વિચાર સમજાય તે પૂરતો આ વિચાર છે. પણ છૂટાય શી રીતે? તો કે' એની શરૂઆત જમીનની માલિકી છોડવાથી કરવી છે. દાન આપવું એટલે કોઈ પર પાડ ચડાવવાનો નથી. અંતે તો ગામની તમામ જમીન ગામલોકની બને, એ આપણો આખરી વિચાર છે. આગળ ઉપર તો એક પ્રાંતમાં વસતિ ઝાઝી હશે અને જમીન થોડી હશે, તો તે પ્રાંતના લોક બીજા પ્રાંતમાં જઈને વસી શકશે. અને એ જ રીતે એક દેશની વસતિ બીજા દેશમાં જઈને વસી શકશે. આખી મા–ધરતી પૂર્ણ મુક્ત છે. જેને જ્યાં વસવું હોય ત્યાં તે વસી શકે અને જ્યાં સેવા કરવી હોય ત્યાં કરી શકે. આમ આપણે દુનિયાના નાગરિક–વિશ્વનાગરિક બનવાનું છે.

બારાહાર, તા. ૨૬-૯-૧૯૫૩

સર્વોદયનો પાયો

સર્વોદય વિચારમાં બે પાયાની વાતો મનાઈ છે: (૧) રોજના વપરાશની ચીજો જેવી કે ખોરાક, કાપડ, વગેરે ગામમાં જ પેદા થાય. નાના નાના ઉદ્યોગો વડે લોક સ્વાવલંબી બને. ઘરમાં થઈ શકે એવાં કામો–જેવાં કે રસોઈ, કાંતણ વગેરે ઘરમાં થાય, અને ગામમાં થઈ શકે તેવાં કામો જેવાં કે તેલ પીલવું, જોડા બનાવવા વગેરે ગામમાં થાય. (૨) લોઢું, કોલસો, અબરખ જેવા મોટા ધંધાઓ જેનો સંબંધ કેવળ દેશ સાથે જ નહીં પણ આખી દુનિયા સાથે છે, તે કોઈ વ્યક્તિની ખાનગી માલિકીના ન હોય. એના પર આખા સમાજની માલિકી હોય. એ વગર સર્વોદય થાય તેમ નથી.

આવા મોટા મોટા ધંધા જેમાં લાખો મજૂરો કામ કરે છે તે બે પાંચ માણસોના હાથમાં હોય એ જોખમ-કારક છે. આની સામે કેટલાકનું એમ કહેવું છે કે, ખાનગી માલિકી નહીં હોય, તો લોક એમાં પૂરી અક્કલ નહીં ચલાવે. આજે સ્વાર્થને લીધે એમાં પૂરી અક્કલ ચલાવે છે, તેથી ધંધા કરકસરપૂર્વક ચાલે છે. પણ એ ધંધા સરકારી માલિકીના થશે, ત્યારે એ કરકસરપૂર્વક નહીં ચલાવે. આમ એમની અક્કલનો દેશને લાભ નહીં મળે!

આ વાત જો ખરી હોય તો કહેવું પડશે કે આપણે ધર્મહીન બની ગયા છીએ. તમામ ધર્મો કહે છે કે, જે કામ સમાજ માટે કરવાનાં હોય છે, તે પૂરી નિષ્ઠાથી કરવાં જોઈએ. ખાનગી માલિકી હોય તો જ માલિકોને પ્રેરણા મળે એ સાવ ઉઘાડો-અધર્મ વિચાર છે.

ડામચાંચ, ૧-૪-૧૯૫૩.

ક્રાંતિનો ઉદ્દેશ

મારો ઉદ્દેશ ક્રાંતિ ટાળવાનો નથી. હું હિંસક ક્રાંતિથી દેશને બચાવવા અને અહિંસક ક્રાંતિ લાવવા માગું છું. આપણા દેશમાં ભાવિ સુખ-શાંતિ ભૂમિસમસ્યાના શાંતિમય ઉકેલ પર જ અવલંબે છે હું એવી હવા પેદા કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું કે જેને લીધે કાયદાના બંધનોથી આપણું કામ અટકી ન પડે હું તો શ્રીમંતો પાસેથી સીધી જમીન લઉં છું અને ગરીબોને સીધી આપું છું. પૂરું વળતર નહીં મળે એ બાબતમાં પણ જમીનદારોને સમજાવી શકાય છે. જેટલું એમને માટે પૂરતું હોય એટલું જ લઈને એમણે સંતોષ મેળવવો જોઈએ.

એમાં એમ પૂછી શકાય કે તો પછી એને માટે બંધારણમાં જ સુધારો શા સારુ ન કરી લેવામા આવે? પણ એ બરાબર નથી. એને સારુ પહેલાં આપણે જમીનદારોનો નૈતિક ટેકો મેળવવો જોઈએ. કાયદો લોકો પર લાદવો ન જોઈએ. એમાં બધાની, જમીનદારોની પણ સંમતિ લેવી જોઈએ.

એને વિષે એમ કહી શકાય કે ચાલુ વ્યવસ્થામાં જેમનો સ્વાર્થ સંડોવાયેલો હોય, તેમની મનોવૃત્તિ પોતે થઈને પોતાનો જ અંત આણવાની ન થાય પણ માનસશાસ્ત્રના આ વિચારને હુ બરાબર નથી માનતો. જો ભૂમિવાન લોકો પોતાની જમીન સ્વેચ્છાથી ન છોડે અને ભૂમિસુધાર કાયદા માટે પણ અનુકૂળ વાતાવરણ ન કરવામા આવે, તો ત્રીજો રસ્તો ખૂની ક્રાંતિનો છે. મારો પ્રયત્ન એવી હિંસક ક્રાંતિને રોકવાનો છે.

આખરે આ બધું હું શું કરી રહ્યો છું? ઉદ્દેશ શો છે? એ દેખીતું છે કે હું પરિવર્તન ઇચ્છું છું. પહેલા હૃદય-પરિવર્તન, પછી જીવન-પરિવર્તન અને બાદમા સમાજ-રચનામાં પરિવર્તન લાવવા ઇચ્છું છુ. આ ત્રિવિધ પરિવર્તન —ત્રેવડી ક્રાંતિ—મારા મનમાં છે.

જ્યા આવી રાજનૈતિક અને સામાજિક ક્રાંતિ કરવાની વાત હોય, ત્યાં મનોવૃત્તિ જ બદલી નાખવાની જરૂર હોય છે. એ કામ લડાઈઓથી કે હિંસક ક્રાંતિથી ન થઈ શકે જે કામ લડાઈઓથી અને હિંસક ક્રાંતિઓથી ન થયું, તે બુદ્ધ, ઈસુ, રામાનુજ વગેરે મહાપુરુષોએ કર્યું. આ કામ પણ એમના જ માર્ગે થવાનુ છે. છેવટે હું જે ઇચ્છું છું તે સર્વસ્વદાનની વાત છે. સૌના કલ્યાણ માટે પોતાનું સમર્પણ કરી દેવાનુ છે.

રાજઘાટ, દિલ્હી, ૨૧-૧૧-૫૧

ક્રાંતિનો સૌમ્ય રાહ

અમે જાણીએ છીએ કે સૂત્રો ઉચ્ચાર્યાથી ઉત્સાહ પેદા થાય છે. અમે એ ઉત્સાહને રોકવા નથી ઇચ્છતા. પરંતુ અમે કહેવા માગીએ છીએ કે આ ભૂદાન-આંદોલન સૂત્રોથી યા પોકારથી સફળ નહિ થાય, એ તો શાંત-ચિંતનથી જ થશે. કેમકે આ કામ થોડાક દુઃખી લોકોને ભૂમિ આપવાનુ કામ નથી. કોઈ ભૂખ્યાને જોઈ અમે દયાથી એને થોડું ખવડાવીએ છીએ, એવા પ્રકારની તાત્કાલિક દયાનું આ કામ નથી. પરંતુ ભૂખની પીડા લોકોને શું કામ થાય છે, કેટલાકને ખાવાનુ કેમ નથી મળતું, અને લોકો શું કામ દુઃખી થાય છે, એનું ચિંતન કરીને સમાજની રચનામા પલટો કરવાનું જ આ કામ છે... કોઈ બિમાર પડ્યો ને એના પેટમા પીડા થાય, તો એના પરિણામે એનુ માથું દુખે છે. પરંતુ, ભૂદાન-યજ્ઞમાં આપણે કેવળ માથું દબાવવાનું નથી કરતા, બલ્કે રોગીને ઔષધિ આપી એનો રોગ નિર્મૂળ કરવાની કોશીષ કરીએ છીએ.

અમે એવો પ્રયાસ કરીએ છીએ કે તીવ્ર ઔષધ આપી રોગનુ નિવારણ કરવામા ન આવે, પરંતુ સૌમ્ય ઔષધિથી નિવારણ થાય. કેમકે ઉગ્ર ઔષધિથી એક રોગ દુરસ્ત થયો, તો બીજો એની જગાએ પેદા થાય છે

આમ, અમે એક બાજુ, માથું દબાવવા આદિ જેવા નાના (સુધારવાદી-સં.) કામો કરીને સંતોષ લેવા નથી માગતા; તો બીજી બાજુ, ઉગ્ર ઔષધિ પણ નથી ઇચ્છતા

અમે ઇચ્છીએ છીએ કે, રોગ નાશ પામે પણ મનુષ્ય નાશ ન પામે.

અમે જે ઉપાય સુઝાડયો છે તે હિંસાનો—કતલવાળો—ઉગ્ર ઔષધિનો નથી, કે નથી પેટને કારણે માથું દુખતું હોય ત્યારે લમણે સૂંઠ લગાડવાનો. આ તો છે ત્રીજો સૌમ્ય માર્ગ. બે રસ્તા (હિંસા અને શસ્ત્ર તથા નાના નાના સુધારાના —સં.) નકામા સાબિત થઈ ચૂકયા છે, ત્યારે ત્રીજો રાહ અપનાવવો જ રહ્યો.

કોત્તાપેટા, ૧૮-૧૧-૫૫

શ્રદ્ધા-શરમ-ભય

આ એક ધાર્મિક કામ છે. શાસ્ત્ર કહે છે કે ' श्रद्धया देयम्, अश्रद्धया देयम्, ह्रिया देयम्,-भिया देयम् । ' કોઈ શરમનો માર્યો આપતો હોય તો મને વાંધો નથી. બાળક નાગું રખડે છે કારણ એને એમાં શરમ લાગતી નથી. પણ પછી ભાન આવતું જાય છે, તેમ તેમ એને જ્ઞાન થાય છે અને શરમ લાગે છે. એટલે કોઈ શરમ કે લોકલાજથી દાન આપશે, તો યે કહેવું પડશે કે એ પણ વિચાર સમજ્યો છે, માટે આપે છે. એ ह्रिया देयम् થયું. એવી જ રીતે કહું છું કે બીકના માર્યા પણ આપી દો. એનો અર્થ એમ નથી કે નહીં આપો તો અમે કતલ કરીશું. આવા ભયથી અપાય તેમ હું નથી ઇચ્છતો. પણ કોઈની પથારીમાં સાપ પડયો હોય અને હું એને ચીંધીને કહું કે તારી પથારીમાં સાપ છે, તો જે સાચો ભય છે તે જ એને બતાવ્યો છે. સાચો ડર બતાવ્યો છે. માણસે જે વસ્તુથી બીવું ઘટે તેથી બીવું સારું. અને જેનાથી બીવું ન ઘટે તેનાથી ન બીવું સારું. બીક એ પણ એક સારી વસ્તુ છે. કોઈ બીકનો માર્યો ખોટું કામ ન કરે તો સારું જ છે.

નવાદા ૧૬-૪-૫૩

ત્રણ રસ્તા

દુનિયામાં કામ કરવાના ત્રણ જ રસ્તા છે. (૧.) કતલ (૨) કાયદો અને (૩) કરુણા. પહેલો રસ્તો કતલનો હોય છે. શું કતલને રસ્તે કોઈ કામ કરવાથી કોઈનું ય કલ્યાણ થઈ શકે ખરું? એથી કોઈનું યે કલ્યાણ નથી થતું. બીજો રસ્તો કાયદાનો હોય છે. હું કાયદો એવો ચાહું છું કે જેને સર્વસાધારણ લોકો માને. કોઈ કામ કાયદો બનાવીને બળજબરીથી નથી થતું. કાયદો બનાવવાનો અર્થ તો એ છે કે લોકો એને ખુશીથી માને અને એનાથી સુખશાંતિ સ્થપાય.

છેવટે, કાયદો બનાવવો કે બગાડવો એ તમારા જ હાથમાં હોય છે. ધારો કે સરકાર એક કાયદો કરે અને તમે તેને ન માનો, તો એ કાયદાનો અર્થ જ શો રહ્યો?

એટલે કે કાયદો વધુમાં વધુનો નહીં પણ ઓછામાં ઓછાનો બને છે. સરકારને કાયદાને રસ્તે લોકોની સેવા કરવી છે. સરકાર કાયદો બનાવશે ત્યારે તે દેશના દરેક હિસ્સાને લાગુ પડશે. એ જ તો કાયદાની ખૂબી છે. પણ કાયદાની મારફત કોઈ ક્રાંતિ નથી કરી શકતું.

હવે તમારી સામે કેવળ ત્રીજો રસ્તો રહે છે કરુણાનો. તો તમે કરુણાથી જ કેમ કામ નથી કરી નાખતા? જમીનનો પ્રશ્ન નહીં ઊકલે, તો જે કોઈ સરકાર આવશે તે સફળ નહીં થાય. પછી એ પાંચ વરસની મહેતલ માગે એ જુદી વાત છે. પણ કોયડો ન ઊકલે તો જે કોઈ પણ સરકાર આવશે, તે ફક્ત બદનામ થવા જ આવશે અને પાંચ વરસ પૂરાં કરીને ખતમ થશે.

ચિરગાવ, ૧૯-૧૦-૫૧

જમીનના કબજા ન છોડશો

હિન્દુસ્તાનમાં જમીન પરના કબજા છોડાવવાના—ઇજેકશનના દાખલા ઘણા વધી ગયા છે. × × × ભૂદાનમાં આ કાર્યક્રમનો અમે સ્વીકાર કરી લીધેલો છે. જો કોઈ માણસે જમીન પરથી બીજા માણસનો કબજો છોડાવી દીધો હોય, ને એને કારણે એ ભૂમિહીન બની ગયો હોય, તો અમે જમીનવાળા પાસે જઈ ને એને વિનંતી કરીએ છીએ કે, "આપ ભૂમિદાનમાં અમને જમીન આપો, કે જેથી અમે એ જમીન પેલા જ માણસને આપી દઈ શકીએ, જે ઇજેકશનને કારણે જમીનવિહોણો બની ગયો છે. આથી આપને હાથે જે એક ખોટું કામ થયું છે, તે ય સુધરી જશે, ને પાવનતા લાધશે—દાન પણ થશે. આ રીતે અમે લોકોને સમજાવીએ છીએ. તેમ છતાં ઘણી જગાએ આનું પરિણામ નથી પણ નીપજતું. તેવે વખતે અમારે ભૂમિહીનોને કહેવું પડયું છે કે, 'તમે તમારી જમીનો પરથી ખસશો નહિ. એ જમીન પર દસ દસ વરસ થયાં-

તમે ખેતી કરતા આવ્યા છો, એ વાત જો સાચી હોય તો પછી માલિક એને મનફાવે તે કરે, તો પણ તમે સત્ય પર અડગ રહેજો.' આથી ભૂમિહીનોને જ વેઠવાનું આવ્યું છે. છતાં જ્યારે આવી સલાહ આપવાની નોબત મારા પર આવી પડી, ત્યારે લાચાર બનીને મેં આમ કહી દીધું છે. એટલે જ હું પૂચ્છું છું કે, કબજા છોડાવવાની આ પ્રવૃત્તિને મિટાવી દેવાનું કામ કૉંગ્રેસે ઉપાડી લેવું જોઈએ. ભૂદાનયજ્ઞ તેમ જ કબજા છોડાવવા સામેની પ્રવૃત્તિ એ બંને એક જ કામ છે. એ સમજણના પાયા પર આપણે આગળ વધવાનું છે.

બ્રહ્મપુર, ૯-૫-૫૫

કાયદા ક્યારે ?

એમ માની લો કે, દરેક ગામમાં એંસી ટકા લોકોએ જમીન આપી, ને વીસ ટકા લોકો જમીન આપવા માટે તૈયાર ન જ થયા. એમને આ વિચાર પસંદ હોવા છતાં, મોહને કારણે તેઓ આપવા માટે હાથ લંબાવી શક્યા નહિ. તો એવી પરિસ્થિતિમાં પણ સરકાર કાયદો બનાવી શકે છે.

એટલે આ બાજુ અમારી કોશિશ તો એ જ રહેશે કે, તમામે તમામ લોકો આ વિચારને પસંદ કરે, કે જેથી સરકારને તો ખાલી એની નોંધ જ લેવાની રહે, એના પર કાયદાની મહોર મારવાનું કામ જ એને માટે બાકી રહી જાય.

જેવી રીતે પુસ્તકમાં આપણે પહેલાં એક અધ્યાય પૂરેપૂરો લખી નાખીએ છીએ, ને લખવાનુ પૂરું થાય છે, તે પછી અંતે 'સમાપ્તમ્' લખીને પૂરું કરીએ છીએ, એવી જ રીતે જનતા પહેલાં એક કામ કરી નાખે, તે પછી અંતે 'સમાપ્તમ્' લખવાનું કામ સરકારને માટે બાકી રહે છે.

પરંતુ જો લોકશક્તિ વડે અધ્યાય લખવાનું કામ પૂરું જ ન થયું હોય, અધ્યાય અધૂરો જ રહી ગયો હોય, ને ત્યાં એના પર સરકાર 'સમાપ્તમ્' એમ લખી દે, તો એથી કંઈ એ અધ્યાય પૂરો થઈ જતો નથી. પૂરું લખાઈ રહે ત્યારે જ અધ્યાય તો પૂરો થયો ગણાય.

જેમ કે બાળલગ્ન ન થવાં જોઈએ એમ આપણે માનીએ છીએ, એનો અધ્યાય આપણે લખી રહ્યા હતા, ત્યાં વચમાં આવીને સરકારે લખી નાખ્યું – 'સમાપ્તમ્'. પરંતુ એ ત્યાં સમાપ્ત ન થયો ને બાળલગ્નો હજી આજે ય ચાલુ છે.

દિગાપહંડી, ૧૪-૫-૫૫

લાખો ગ્રામદાનો...

જો લાખોની સંખ્યામાં ગ્રામદાન થશે તો તમે ચિંતામુક્ત થઈ જશો. બધી યે ચિંતા ગ્રામસભા, બહારના લોકોની શહેરસભા અને સરકાર એ ત્રણના માથા પર જઈ પડશે. જેવાં હજારો ને લાખોની સંખ્યામાં ગ્રામદાન થશે કે તુરત સરકારે પોતાના કાયદા બદલવા પડશે. કમ્યુનિટી પ્રોજેક્ટનું બીબું બદલાશે, સરકારની રચના જ બદલાશે. એટલે જો લાખો ગ્રામદાન મેળવી શકીએ તો આપણે નિશ્ચિત બની જઈએ.

(ગાંધીજનને : પાન ૬૬)

૨ : વિચારક્રાંતિ

જમાનાની માંગ

એક દેશમાં ક્રાંતિ થઈ તે જ રીતે બીજા દેશમાં ન થાય. ક્રાંતિ તો દેશ, કાળ અને પરિસ્થિતિ પર આધાર રાખે છે.

જમાનાની માંગ પ્રમાણે આપણે સમાજની રચના કરવી પડશે. ત્યારપછી શું, તેનો વિચાર આજે નથી કરતા માત્ર એટલું સમજી લેવું જરૂરી છે કે જૂના જમાનાનાં મૂલ્યો જેમનાં તેમ ટકી શકે તેમ નથી.

કિમાલેરી, ૧૪-૯-૫૩

આજનો જમાનો

પહેલાંની લડાઈઓ નાની નાની થતી. જરાસંધ અને

ભીમ લડયા. કુસ્તી થઈ, પાંડવોને રાજ્ય મળી ગયું, અને આખી પ્રજા ખૂનખરાબીથી બચી ગઈ જો આજના જમાનામાં એવી લડાઈઓ આવે તો એમાં હિંસા તો થાય જ; તો યે નુકસાન ઓછું છે, તેથી એવું દ્વંદ્વ હું મંજૂર કરું. જો હિટલર અને સ્ટેલિન કુસ્તી કરવા ખડા થઈ જાત અને નક્કી કરત કે, જે હાર્યો તે હાર્યો અને જે જીત્યો તે જીત્યો, તો હું એને કબૂલ કરી લેત. જો દુનિયા એ દ્વંદ્વયુદ્ધ જોવા આવત, તો હું એનો વિરોધ ન કરત. કારણ કે એમાં દુનિયાનું ખાસ નુકસાન ન થાત. પણ હવે દ્વંદ્વયુદ્ધનો જમાનો વીતી ગયો. પહેલાં દ્વંદ્વયુદ્ધ થતાં. પછી હજારો લોકો માંહોમાંહે લડવા લાગ્યા. એનાથી પણ પરિણામ ન આવ્યું. પછી એક બાજુ વીસ લાખ, તો બીજી બાજુ પચાસ લાખ! એમ કરતાં આવ્યો આજનો જમાનો, હજારો-લાખો નહીં, કરોડો લોક માંહોમાંહે લડવા લાગ્યા. આજે મનુષ્યની સામે એ જ સવાલ છે કે કાં 'ટોટલવૉર'–વિશ્વયુદ્ધની તૈયારી કરો, કાં હિંસા છોડીને અહિંસાને અપનાવો.

વરંગલ, ૨૯-૫-૫૫

જમાનાનું રૂપ

આજે હિંદુસ્તાનમાં જ નહિ, બલ્કે આખી દુનિયામાં સારી જેવી અસમાનતા છે. પણ આ જમાનો છે સમતાનો. જમાના-જમાનાની ભૂખ હોય છે. અને તે તે પ્રમાણે અમુક ગુણને મહત્ત્વ પ્રાપ્ત થતું હોય છે. કોઈ યુગમાં સ્વતંત્રતાને મહત્ત્વ મળ્યું, કોઈ યુગમાં વિવેકબુદ્ધિને મળ્યું, કોઈ યુગમાં સેવાભાવને મળ્યું, તો કોઈ યુગમાં આત્મ-સંશોધનને મળ્યું. આમ એક એક યુગની એક એક માગણી હોય છે અને તે પ્રમાણે અમુક ગુણ તરફ આખો સમાજ ખેંચાય છે. આજે સમત્વની ભૂખ છે, તેથી વધુમાં વધુ વહેવાર સમતાના પાયા પર ચાલે, એવી આપણને ઈચ્છા થાય છે. સમતાનો આ વિચાર કોઈ નવો વિચાર નથી. પ્રાચીન કાળથી આપણે એને મહત્ત્વ આપતા આવ્યા છીએ. ગીતાએ સમત્વનો મહિમા વારંવાર ગાયો છે. ભક્ત અને જ્ઞાનીનાં લક્ષણોમાં સમતાનો વહેવાર ગૂંથી લીધો છે. આમ એનું મહત્ત્વ પ્રાચીન કાળથી છે. પણ એ જમાનામાં એની વહેવારુ જરૂરત નહોતી વરતાતી. આજે વરતાય છે. જમાનાની જરૂરત પ્રમાણે અમુક ગુણ રાજા બને છે. આજે સમત્વ રાજા છે. સમત્વની ભૂખ એકાએક નથી ઊઘડી પડી. દુનિયામાં ને દેશમાં પણ એ માટે લડાઈ ઝઘડા ને સંઘર્ષ ચાલે છે. હિંસામાં દોષ છે, છતાં જમાનાને સમત્વની ભૂખ એટલી બધી હતી કે વિષમતા મટાડવા માટે દુનિયા ખોટે રસ્તે જવા પણ તૈયાર થઈ ગઈ.

ગિરિડીહ (હજારીબાગ) ૪-૪-૧૯૫૩

વિચારનો મહિમા

વિચારનો એક મહિમા અને એક શક્તિ છે. હું માનું છું કે વિચારની શક્તિની બરોબરી કરે એવી એકે શંક્ત દુનિયામાં નથી. એક સવાલ પુછાયો હતો: અહીં તમે સદ્‌વિચારનો પ્રચાર કરતા ચાલ્યા જાવ છો, અને પણે અણુબૉંબની તૈયારીઓ ચાલે છે. એથી આગળ હવે હાઈડ્રોજન બૉંબ બનવાનો છે. તેવા સંજોગોમાં આ વિચાર અને એનો ઉપદેશ ક્યાં સુધી ટકવાનો છે?

અણુબૉંબમાં જે શક્તિ આવી, તે વિચારથી જ આવી છે. એ ભલે સદ્‌વિચાર હો યા ન હો પણ વિચાર જરૂર છે. વિચારથી જ માણસ પ્રેરાયો અને દુનિયાને વશ કરવા સારુ એણે શસ્ત્રાસ્ત્રના ભંડર ભર્યા. પણ આ શસ્ત્રાસ્ત્રો છે તે પોતે ઊઠીને કોઈ કામ કરવા જવાનાં નથી. એમના બનાવનારાઓએ વિચારપૂર્વક બનાવ્યાં. આમ એના ઘડનારાના મનમાં એક વિચાર આવ્યો હતો, અને એનો ઉપયોગ કરનારો પણ એક વિચારવાન મનુષ્ય જ હોય છે. આમ એના આદિ, મધ્ય અને અંતમાં વિચાર જ હોય છે. **એનું બહારનું સ્વરૂપ અણુબૉંબ હોઇ શકે અથવા દાનપત્ર પણ હોઇ શકે. બંને પાછળ વિચારની પ્રેરણા છે.**

અણુબૉંબની તાકાત અને તેઃ વિચારની તાકાત શું હોઈ શકે તેનાં જ દર્શન કરાવે છે. જો સદ્‌વિચાર હોય છે તે ટકે છે અને અસદ્‌વિચાર એક પળ માટે આવીને દેખાડો તો કરી જાય છે, પણ બીજી જ પળે એનો લોપ થાય છે. એક અશાશ્વતવિચાર છે, બીજો શાશ્વત. કયો શાશ્વત અને કયો અશાશ્વત?

વિજ્ઞાનમાં જેમ પ્રયોગો થાય છે તેમ સમાજ-શાસ્ત્રમાં પણ પ્રયોગો અનાદિકાળથી ચાલતા આવ્યા છે. સૃષ્ટિ પેદા થઈ ત્યારથી આ પ્રયોગો ચાલતા આવ્યા છે. એક વિચાર અસદ્‌વિચાર સાબિત થયો કે માણસે એને છોડ્યો છે અને

બીજો ગ્રહણ કર્યો છે. સમાજશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, બધામાં એવું જ થતું આવ્યું છે. જીવનનાં અંગ-ઉપાંગમાં એમ જ બને છે. એક નવો વિચાર આવે છે, એ આગલા વિચારને તોડીને એનું સ્થાન લે છે. વળી ત્યારબાદ બીજો વિચાર આવે છે. વખત જતાં એમાં પણ દોષ દેખાય છે, એટલે એના સંશોધન માટે ત્રીજો વિચાર આવે છે એ વળી તે વખતે અતિપરિશુદ્ધ હોય છે. એ જૂના વિચારને તોડે છે ને એનું રાજ જમાવે છે. આજસુધી દુનિયામાં વિચારનાં જ રાજ ચાલ્યાં છે. એક વિચાર આવ્યો ને ગયો, પણ સત્તા તો વિચારની જ ચાલી.

એનાં (જૂના નવા વિચારનાં) ઘર્ષણો નિત્ય-નિરંતર ચાલતાં રહે છે. સમાજશાસ્ત્રમાં એને સંઘર્ષ કહે છે. અધ્યાત્મશાસ્ત્રમાં એને વિચાર-મંથન, વિચાર-શોધન અથવા સંશોધન કહે છે.

વિચાર સમજાશે ત્યારે આખો સમાજ પોતાની મેળે માળખું ફેરવી નાખશે. એટલે એકવાર વિચાર ગળે ઊતરી જશે, તો જે હાથોએ આ શસ્ત્રો ઘડ્યાં છે, તે જ હાથો એનો નાશ પણ કરશે. જે હાથે આ બધી માયાનો સંસાર રચ્યો છે, તે જ એને ભાંગી પણ નાખશે. માટે સત્તા તો વિચારની જ ચાલે છે.

હું જમીનનો માલિક છું એ અમંગળ વિચાર છે. હું જમીનનો સેવક છું—એ મંગળ વિચાર—સદ્‌વિચાર છે. દુનિયાએ એ સ્વીકારવો જ પડશે, એમાં મને જરાયે સંદેહ નથી.

ગયા, ૩-૫-૧૯૫૩

વિચારનાં અસીમ આંદોલન

હવે એવો સમય આવ્યો છે કે વિચારનાં આંદોલનો એક જ દેશના સીમાડામાં બંધાઈ નહીં રહે. એ હવે પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વ તરફ વહેશે. અહીં ઉત્તરમાંથી દક્ષિણ અને દક્ષિણમાંથી ઉત્તરમાં વિચારો પહોંચ્યા, તેવી જ રીતે વિજ્ઞાને આજે એવી પરિસ્થિતિ પેદા કરી છે કે, દુનિયાભરના વિચારો ભારતમાં આવશે અને ભારતના વિચારો દુનિયાભરમાં ફેલાશે. જ્યારથી વિજ્ઞાન આવ્યું છે, ત્યારથી દેશવ્યાપી આંદોલનોને બદલે વિશ્વવ્યાપી આંદોલનો થવા માંડ્યાં છે.

પૂર્વના દેશોમાં વિજ્ઞાન નહોતું, પશ્ચિમમાં એ શરૂ થયું, ત્યાંથી નીકળી એ અહીં પહોંચ્યું. એટલે વિજ્ઞાન વગરના હતા તે વિજ્ઞાનને વશ થાય એ સાવ સારું હતું. ઉત્તર ભારતમાંથી આત્મજ્ઞાન દક્ષિણમાં પહોંચ્યું અને દક્ષિણ ઉત્તરને વશ થયું. દક્ષિણમાંથી ભક્તિમાર્ગ નીકળ્યો તે ઉત્તર પહોંચ્યો અને ઉત્તર દક્ષિણને વશ થયું. આવી જ રીતે વિજ્ઞાન પશ્ચિમમાંથી ઊઠીને અહીં આવ્યું અને બીજા દેશો એને વશ થયા. આમ એક દેશનું બીજા દેશ પર આક્રમણ થયું. આમાં કેટલીક દુ:ખદાયક ઘટનાઓ બની, છતાં લાંબી નજરે જોતાં આપણે એને દુ:ખદાયક નથી માનતાં.

અધ્યાત્મ અને વિજ્ઞાનનો સંયોગ

હિંદુસ્તાનની આધ્યાત્મિક સંસ્કૃતિ પર પશ્ચિમના વિજ્ઞાનનો રંગ લાગતાં એક નવો વિચાર જન્મ્યો. આપણે એને સામૂહિક અહિંસા કહીએ છીએ. એ હિંદુસ્તાનના આધ્યાત્મિક વિચાર અને પશ્ચિમના વિજ્ઞાનના સંયોગમાંથી જન્મ્યો છે. આત્માનું દર્શન થતાં આપણા જીવનમાં વધતે ઓછે અંશે અહિંસા આવી જ જાય છે. આમ છતાં એ અહિંસા સામૂહિક નહોતી બની શકી, કારણ કે વિજ્ઞાનને લીધે આજે મનુષ્ય એક બીજા સાથે સંકળાયેલો છે, તેટલો એ જમાનામાં નહોતો. એટલે એ વખતે અહિંસાના જે કાંઈ પ્રયોગો થતા તે વ્યક્તિગત જ થતા. જ્યારે આજે જે કાંઈ સંપર્ક થાય છે, તે માત્ર વ્યક્તિગત નથી રહેતા, સામાજિક બની જાય છે. રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચે અને સમાજ-સમાજ વચ્ચે સંપર્ક અને સંઘર્ષ થાય છે.

કહેવાની મતલબ એ કે પશ્ચિમનું વિજ્ઞાન અને હિંદુસ્તાનનું અધ્યાત્મ એ બેના સંયોગમાંથી સામૂહિક અહિંસા પ્રગટ થઈ, અને આપણે અહિંસા વડે સ્વરાજ્ય મેળવ્યું. હવે પૂર્વનો વારો છે, એણે પશ્ચિમને સામૂહિક અહિંસાનો સંદેશો પહોંચતો કરવાનો છે.

સંસ્કૃતિ અને વિકૃતિ

પ્રકૃતિમાંથી સંસ્કૃતિ અને વિકૃતિ પેદા થાય છે. વિકૃતિ પેદા થાય તો ખોટાં કામો થાય છે. અને સંસ્કૃતિ પેદા થાય

તો સારાં કામો બને છે. પ્રકૃતિ વૈજ્ઞાનિકોના કાબૂમાં ગઈ તેથી કેટલાંક સારાં કામો થયાં. પતિતાંઓની સેવા કરવાનું આપણે વૈજ્ઞાનિક યુગ પહેલાં વિચારી શકતા હતા ખરા ? પણ ખ્રિસ્તીઓએ એ કામ ઉપાડયું, એ વિજ્ઞાનનું જ પરિણામ છે. ખ્રિસ્તી લોકો હિંદુસ્તાન, ચીન, જાપાન અને આફ્રિકા ગયા. ત્યાં એમણે વિજ્ઞાનની મદદથી ઠેકઠેકાણે અનેક સેવાકાર્યો કર્યાં. એનાં ગુણગાન કર્યા વિના છૂટકો નથી.

વિજ્ઞાનની મારફતે જે સંસ્કૃતિ પ્રકટી તેમાંથી આવું પરિણામ આવ્યું. રાજામહારાજાઓ અને લડવૈયાઓ મારફતે વિજ્ઞાનનો પ્રચાર થયો. તેમાં એક દેશ બીજા દેશ પર ચડી બેસે, એને ગુલામ બનાવે, વગેરે ખોટાં કામો થયાં, એ વિજ્ઞાનની વિકૃતિ લેખાશે. મૂળ પ્રકૃતિમાંથી કેટલીક સંસ્કૃતિ તો કેટલીક વિકૃતિ પેદા થાય છે અને પછી એ સંસ્કૃતિનું સુખદુઃખ અથવા તો પાપપુણ્ય બને છે. તમે જોશો તો ખબર પડશે કે, દક્ષિણમાંથી જે સદ્‌વિચારો હિંદુસ્તાનમાં ફેલાયા, તેની સાથે સાથે કેટલાક જુલમો પણ થયા હતા. વિજ્ઞાનમાં પણ એમ જ બન્યું.

હિંદુસ્તાનમાં જે દશ્ય દેશવ્યાપી થયું, તે જ આજે વિશ્વવ્યાપી બનવા મથી રહ્યું છે.

ભાગલપુર, ૫-૧૦-૧૯૫૩

વિચારનિષ્ઠા

વિચારનો પ્રચાર ક્યારે થાય ? માણસ એનો અમલ કરે ત્યારે. માણસ **આચરણની કસોટી** પર વિચારોને એક વાર કસી લે છે, પછી વાણી તો નિમિત્તમાત્ર બની જાય છે, અને આચરણ મારફતે જ વિચાર ફેલાય છે.

હું લગાતાર બત્રીસ વર્ષ સુધી ચિંતન કરતો રહ્યો છું. અને વિચારોને આચરણની કસોટી પર કસતો રહ્યો છું.

અનુભવોથી જે વિચારમાં નિષ્ઠા બેઠી હતી, જે વિચારોને મેં કસીને પારખી લીધા હતા, તેનો પ્રચાર કરવા લાગ્યો છું. **ભૂદાન યજ્ઞ તો એક બહાનું છે. એ તો આજના જમાનાનો સવાલ છે, યુગધર્મ છે.** એ સવાલ ઉપાડી લેઈને વિચારનું સંશોધન કરવા બેસીએ છીએ, તો જ એ હૃદયના ઊંડાણ સુધી પહોંચે છે. પણ જો યુગધર્મથી ઊલટા વિચારનું સંશોધન કરવા બેસીએ, તો પછી એ યોગીની પ્રયોગશાળા બની જાય છે. એમાંથી ખૂબ ઊંડા વિચાર નીકળે એમ બને. પણ એ રીતે યોગીની પ્રયોગશાળામાંથી નીકળેલા વિચારનું બહુ તો શાસ્ત્ર લખાય. પણ એ વિચાર તત્કાલ સમાજમાં ફેલાઈ તો ન જ શકે. એ તો જે વિચાર પ્રયોગ-શાળામાં કસાઈ ચૂક્યો હશે અને જમાનાની માંગને **અનુરૂપ હશે, તે જ વિચાર સમાજમાં ફેલાવાનો છે. કહેવાનો સાર એ કે વિચાર કાર્ય-સાધક હોવો જોઈએ.**

ઉનાળામાં તપેલી જમીન જેમ વરસાદની રાહ જોતી હોય છે, ને વરસાદ વરસતાંની સાથે જ એને ચૂસી લે છે. તેવી જ રીતે યુગ અનુસારનો યુગપ્રવર્તક અને કાર્યસાધક એવો વિચાર જનતાની સામે રજૂ થાય છે, ત્યારે જનતા ખોટી વિમાસણમાં નથી પડી જતી. એ તો ઊલટી એને સાંભળવાને ઉત્સુક હોય છે. " આપણું નૈતિક અધઃપતન થઈ રહ્યું છે, લોક વાસનામાં સબડી રહ્યાં છે ! " આ નિંદા પરનિંદા નથી, આત્મનિંદા છે. પોતાની જાતને આવો ભોગ-વિલાસી માનનારો સમાજ પણ ત્યાગનો સંદેશો સાંભળવા ઉત્સુક છે.

હવે ભોગી લોકોને પણ એ સમજાઈ ગયું છે કે, ભોગની સાથે સાથે ત્યાગ ચાલશે, ત્યારે જ ભોગ ભોગવી શકાશે.

આદિકાળથી આજસુધી માનવ સમાજ વિકાસ કરતો આવ્યો છે. યુગની આવશ્યકતા પ્રમાણે એ એક પછી એક ગુણનું ચિંતન અને વિકાસ કરતો આવ્યો છે.

મુંગેર, ૨-૧૦-૧૯૫૩

વિચાર વિકાસનો ઇતિહાસ

આજ સુધીમાં જેટલા વિચારપ્રવાહો આવ્યા, વિચારોમાં સુધારા આવ્યા અને વિચારોનાં પ્રવર્તન થયાં, એ બધાંએ મનુષ્યને પ્રેરણા આપી છે એને કોઈ ને કોઈ મૌલિક વિચાર સૂઝતા રહ્યા છે. ભગવાન બુદ્ધે પશુહિંસા સામે અવાજ ઉઠાવ્યો એમણે લોકોને સમજાવ્યું કે, પશુઓ પાસેથી આપણે જે કંઈ મદદ લઈ શકીએ તે લેવી અને એમને આપણાથી બનતી મદદ દેવી જોઈએ. પણ એમની હિંસા કરવી એ મનુષ્યને શોભા દેતું નથી પણ આ કોઈ બહારની વસ્તુ નથી. પશુ-હિંસા તો નિમિત્ત હતું, એની પાછળ તો કરુણાનો વિચાર હતો. મનુષ્યે આસપાસની સૃષ્ટિ સાથે

કરુણાપૂર્વક વર્તાવ કરવો જોઈએ, એ વિચાર એમને ફેલાવવો હતો. પશુ-હિંસાનો વિરોધ એ તો નિમિત્ત-માત્ર હતું.

એનાથી સમાજમાં એક ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. હિંદુસ્તાન પર એની અસર એક હજાર વર્ષ સુધી થઈ. આજે પણ આપણે એ વિચારની કદર કરીએ છીએ. આજે સમાજે એ વિચાર સ્વીકારી લીધો છે. પશુ-હિંસા જો કે પૂરેપૂરી બંધ નથી થઈ, તો પણ સમાજે એ વિચાર સ્વીકારી લીધો છે.

આ જાતનું ક્રાંતિકારી પરિવર્તન થયા બાદ સમ્રાટ અશોક, જેમના ચક્રચિહ્નનો આપણે ઉપયોગ કર્યો છે, એમણે એ વિચારનો પ્રચાર કર્યો. હિંદુસ્તાનના જીવનમાં એ વિચાર સ્વીકાર્યા બાદ રાજ્યકર્તાઓએ એ વિચાર સ્વીકાર્યો. ત્યાર બાદ એ વિચાર હિંદુસ્તાન બહાર બીજા દેશોમાં પણ ફેલાયો અને એણે બીજા દેશોને હિંમત આપી. આજે પણ બૌદ્ધ-ધર્મના અનુયાયી ચીન, જાપાન, મલાયા, બ્રહ્મદેશ, લંકા વગેરે દેશોમાં છે. આ રીતે જે વિચાર બિહારમાં પ્રગટ થયો તે આખા એશિયામાં ફેલાયો.

આમ વિચારની પ્રેરણા મનુષ્યને આગળ વધવાની સ્ફૂર્તિ આપતી રહે છે. મનુષ્યનું શારીરિક જીવન તો છે જ, પણ એની જે ઉન્નતિ થાય છે, તેની પાછળ એક વિચાર રહેલો હોય છે. વિચારને લીધે આંદોલન થાય છે, એક જુસ્સો પેદા થાય છે અને એમાંથી નવું જીવન ઘડાય છે. અને ત્યારે સમાજ-રચના ફેરવાય છે અને જીવનનું માળખું બદલાય છે. ફ્રાંસમાં જે રાજ્યક્રાંતિ થઈ, તેની પાછળ પણ એક વિચાર જ હતો. માર્ક્સ આવ્યો અને એના વિચારને આધારે રશિયામાં એક ક્રાંતિ નિર્માણ થઈ. આવી રીતે આપણે વિચારની શક્તિ અનુભવીએ છીએ. મનુષ્યને વિચાર જ તાકાત આપે છે. એ ખાશે પીશે, પણ એ બધાની સાથે સાથે, એ બધાની પાછળ, એ બધાની પૂર્તિમાં અને એના પાયારૂપે એક વિચાર હોય છે. એને જ આપણે 'ધર્મ' અથવા નીતિ કહીએ છીએ. વિચારના પાયા પર જીવનની ઇમારત ખડી થાય છે.

હમણાં હું જે કામ ચલાવી રહ્યો છું, તેનું બહારનું સ્વરૂપ જમીનનો સવાલ ઉકેલવાનું દેખાય છે. પરંતુ એની પાછળ એક વિચાર છે. એ વિચાર ફેલાવવા માટે મેં આ કામ ઉપાડ્યું છે. બહારનું કામ જોડાયેલું ન હોય તો વિચાર નિર્ગુણ અને નિરાકાર રહે છે. વિચાર-પ્રચાર અને વિચાર-પ્રકાશન માટે એને બાહ્ય કામ જોડે જોડવું જરૂરી છે. એ જ કારણસર મેં હિંદુસ્તાનનો જે એક જરૂરી સવાલ હતો તે ઉપાડી લીધો અને વિચાર-પ્રચાર કરવા નીકળી પડ્યો છું. મેં કેટલીયેવાર કહ્યું છે કે, ભગવાન બુદ્ધે જેમ ધર્મ-ચક્ર-પ્રવર્તન કર્યું તેવું એમના જ પગલે હું પણ કરી રહ્યો છું. એ વિચારનું નામ છે 'સર્વોદય.'

પોતાને કૉમ્યુનિસ્ટ કહેવડાવનારાઓને હું પૂછું છું કે, માર્ક્સના હાથમાં એવી તે કઈ રાજસત્તા હતી જેથી વિચારમાં ક્રાંતિ થઈ શકે? વિચાર-બીજ જ્યારે લોક હૃદયમાં ઊંડે ઊતરી ચૂકે છે, ત્યારે સરકાર એનો અમલ કરે છે. અને જો સરકાર અમલ નથી કરતી તો ઊથલે છે. માટે વિચાર-પ્રવર્તનનું મહત્ત્વ જરા સમજો.

આજકાલ સૌને ફળ જોઈએ છે. પણ એટલું નથી જાણતા કે એ માટે તો પહેલાં બી વાવવું પડે. બી વાવ્યા વગર ફળ શી રીતે મળવાનું હતું? ફ્રાન્સમાં રાજ્યક્રાંતિ થઈ, તેની પાછળ રૂસો અને વૉલ્ટેરના વિચારો હતા. માર્ક્સે એક વિચારનો પ્રચાર કર્યો અને એ વિચારને આધારે લેનિને ક્રાંતિ કરી.

વિચાર-પ્રચાર પછી જ ક્રાંતિ થાય છે.

ડાલ્ટનગંજ (પલામુ), ૧૯-૧૧-૧૯૫૨

કમ્યુનિસ્ટો અને હૃદય-પરિવર્તન

કૉમ્યુનિસ્ટો હૃદય-પરિવર્તનની વાતની મજાક ઉડાવે છે. પણ હું કહું છું કે હૃદય-પરિવર્તન તો તમારું (કૉમ્યુનિસ્ટોનું) જ થયું છે. કાર્લ માર્ક્સની એક ચોપડીએ તમારું દિલ પલટાવી નાખ્યું છે. તે શું માર્ક્સ લાઠી ને પિસ્તોલ લઈ ને તમારે માથે સામ્યવાદ ઠોકી બેસાડવા આવ્યો હતો! તમે એક પુસ્તકને લીધે જ સામ્યવાદી બન્યા છો. શંકરાચાર્યે જે રીતે વિચાર-પ્રચારનું કામ કર્યું, તે જ રીતે આપણે પણ કરવાનું છે.

બકસર, ૨૪-૯-૧૯૫૨

ગુણોનું સામાજીકરણ

હિંદુસ્તાનમાં કેટલાક માણસો વધી વધીને પહાડ જેટલા

ઊંચા થઈ ગયા: તો કેટલાક ભોંય સરસા નીચા જ રહ્યા. હું ઇચ્છું છું કે આ પહાડ ને મેદાન જેવો ભેદ ન રહે. જે ઉત્તમ ધર્મ હોય તે સમાજમાં ફેલાઈ જાય. એનું સામાજીકરણ થાય. પ્રેમ, ત્યાગ, વૈરાગ્ય વગેરે બે-પાંચ માણસોનો ઇજારો ન ગણાય, બધાંને મળે.

મારે ધર્મને મઠ કે મંદિરોમાં પુરાયેલો રાખવો નથી, અને નથી તો સ્થિતપ્રજ્ઞને ભળાવવો. મારે એ સમાજમાં લાવવો છે. સંપત્તિ વિષે પણ પહેલાં એવું હતું કે, કેટલાંક માબાપ ને કેટલાંક હતાં બાળકો. માબાપને મન હતું કે બાળકોની દેખભાળ રાખવી ને ઉછેરવાં એ આપણું કર્તવ્ય છે. પણ આજે એવું નથી રહ્યું. હવે બાળકો પોતાની સંભાળ લઈ શકે એવડાં થઈ ગયાં છે. તેથી મા-બાપે પોતે જ બાળકોની સંભાળ લઈ શકે એવાં હોવાનો અહંકાર છોડવો જોઈએ. મારે જમીનની વહેંચણી કરવી છે, સંપત્તિની વહેંચણી કરવી છે. અક્કલ તો ભગવાને વહેંચી રાખી જ છે, હવે મારે ધર્મની પણ વહેંચણી કરવી છે.

ઘઉંના ઢગલામાંથી શેર જેટલા ઘઉં કાઢી લો તો ખાડો પડી જશે. બે ચાર ઘઉં–મહાત્મા–ખાડો પૂરવા કૂદી પડશે, પણ એટલાથી ખાડો નહિ પુરાય. આજના સમાજની એ હાલત છે. સમાજના દુઃખનો ખાડો પૂરી દેવા બે-ચાર મહાત્માઓ કૂદી પડે તેથી ખાડો પુરાતો નથી. એ મહાત્માઓએ તો પોતાની ફરજ બજાવી, પણ ખાડો તો જેમનો તેમ રહ્યો. આ પરથી સાફ દેખાય છે કે:

બે-ચાર મહાત્માઓથી ખાડો નથી પુરાતો, પણ જ્યારે તમામ લોકો પાણીનાં ટીપાંઓની જેમ ખાડો પૂરવા ધસી જશે, ત્યારે ખબરે ય નહીં પડે કે ત્યાં કોઈ દહાડો ખાડો પડ્યો હતો કે નહિ.

તેથી આપણે બીજાના દુઃખે દુઃખી થતાં શીખીશું, ત્યારે સમાજનું ઉત્પાદન વધારે હશે યા ઓછું, તો યે કોઈ દુઃખી નહીં હોય.

પદરી જરવાં, ૨૧-૪-૧૯૫૩

‘ અપરિગ્રહ ’

ઉદારતાને જ ‘ અપરિગ્રહ ’ કહેવામાં આવે છે. પરંતુ લોકો અપરિગ્રહનો બીજો જ અર્થ સમજે છે. એ લોકો તો માને છે કે, અપરિગ્રહ એટલે દારિદ્ય. પરંતુ વાસ્તવમાં એવું નથી. વાસ્તવમાં અપરિગ્રહનો અર્થ એવો છે કે, પરિગ્રહ હાથમાં આવ્યો ન આવ્યો, ત્યાં તો તત્કાલ બીજાની પાસે એને પહોંચાડી દેવો. લક્ષ્મી જ્યાં પ્રવાહિત રહે છે, ત્યાં અપરિગ્રહ રહે છે. આપ ખૂબ પેદા કરો, અમને કાંઈ વાંધો નથી. ખુદ ઉપનિષદના ઋષિઓ, જે અપરિગ્રહના આચાર્ય હતા, તેઓ જ કહે છે: “ अन्नं बहु कुर्वीत तद् व्रतम् ” એટલે કે ‘ અન્ન બહુ પેદા કરવાનું વ્રત લો. ’ પરંતુ એ અન્ન સતત બીજા પાસે પહોંચાડવું જોઈએ. ધનને ‘ દ્રવ્ય ’નું રૂપ હોવું જોઈએ. દ્રવ્ય એટલે દોડવાવાળું, ‘ દ્રુત ’ થવાવાળું, યા ‘ પ્રવાહિત ’

વાતીકી (શ્રીકાકુલમ્) ૧-૧૦-’૫૫

લોકસંગ્રહ અને વિશ્વશાંતિ

મને આનંદ થાય છે કે, ધીરે ધીરે કમ્યૂનિસ્ટ પણ પ્રેમપન્થમાં દાખલ થઈ રહ્યા છે. એનો અર્થ એવો નથી કે એમના સિવાયના બીજા બધા તો પ્રેમી છે જ. પરંતુ કમ્યુનિસ્ટોએ સંઘર્ષને એક ‘ વાદ ’ માન્યો છે. બીજાઓ સંઘર્ષને ‘ વાદ ’ નથી માનતા, તેમ છતાં લોભને કારણે સંઘર્ષ કરે જ છે. પરંતુ વિશ્વશાંતિ કોઈ અભાવાત્મક વસ્તુ નથી. કેવળ લડાઈ રોકવાથી ‘ વિશ્વશાંતિ ’ થવાની નથી; એને માટે પ્રેમનો પ્રયાસ કરવો પડશે.

વિશ્વશાંતિનો તરીકો એ છે કે, આપણે આખા સમાજની સેવા કરીએ અને સમાજમાં સમાનતા સ્થાપીએ. આને જ ગીતા લોક–સંગ્રહ કહે છે.

જાતિ, વર્ગ, ધર્મ આદિના ઝઘડા કરતા રહીશું, તો વિશ્વશાંતિ નહિ સ્થપાય. ભલે બેચાર વરસ માટે યુદ્ધ રોકાય, જે કૂટનીતિ તો કર્યા જ કરે છે. પરંતુ સમસ્યાઓ હલ કર્યા વિના શાંતિ નહિ સ્થપાય; અને એ એવી રીતે હલ કરવી જોઈએ કે જેથી સૌના હૃદયમાં શાંતિ અને સમાધાન જન્મે. સમાજના ટુકડા કરીને સમસ્યા હલ કરવાની કોશિશ કરવામાં આવશે તો શાંતિ નહિ આવે.

જે રીતે બુદ્ધ ભગવાને યજ્ઞમાં થતી પશુ-હિંસાનો સવાલ હાથમાં લઈને દુનિયામાં કરુણાનો વિચાર ફેલાવ્યો: એ જ રીતે, અમે પણ ભૂમિ–સમસ્યા હાથમાં લઈને લોક મૂલક

માલકિયતની ભાવના મિટાવવાનો વિચાર દુનિયામાં ફેલાવવા ઇચ્છીએ છીએ.

સામલકોટ: ૯-૧૧-'૫૫

દાન અને ન્યાસ

'મહીનારાયણોપનિષદ્ 'માં અતિથિ-સેવા, તપ, દાન આદિ ઘણી વાતો કરવામાં આવી છે. પરંતુ અંતમાં એમ કહ્યું કે આ બધામાં ન્યાસ શ્રેષ્ઠ ચીજ છે.

આજે આપણે 'દાન' અને 'ન્યાસ'માં જે ફરક છે તે સમજીએ.

ભૂદાન-યજ્ઞનું પહેલું કદમ 'દાન' છે, અને અંતિમ કદમ છે 'ન્યાસ'. દાનનો અર્થ છે-આપવું: 'સંવિભાગ'. એટલે કે આપણી પાસે જે ચીજ છે, એનો એક હિસ્સો સમાજને આપવો. દાનમાં કોઈના ઉપર ઉપકાર કરવાની ભાવના નથી હોતી. બલ્કે, મનુષ્ય જ એવું અનુભવે છે કે, સમાજ પાસેથી ભરપૂર પ્રાપ્ત કર્યું છે, હું સમાજનો અત્યંત ઋણી છું. એટલા માટે મારી પાસે જે ચીજ છે, તે સમાજની દેણગી છે, અને પ્રસાદરૂપે જ હું એનું સેવન કરી શકું. એટલા માટે એનો એક અંશ સમાજને આપતો રહું, ત્યારે જ મને એનો ઉપભોગ કરવાનો અધિકાર રહેશે. જો આપણે આપણી પ્રાપ્તિનો અંશ સમાજને ન આપીએ, ને જાતેજ એનો ઉપભોગ કરીએ, તો ચોરી કરીએ છીએ. એવો શાપ ભગવાને ભગવદ્‌ગીતામાં આપ્યો છે.

આજ સુધી એમ માનવામાં આવ્યું છે કે, ચોરી કરવી માનવતાની વિરુદ્ધ છે, માટે એ પાપ છે. પરંતુ એ વાત આપણા ધ્યાનમાં ન આવી કે **સંગ્રહ** કરવો એ પણ પાપ છે.

ચોરી અને **સંગ્રહ** એકજ સિક્કાની બે બાજુ છે એક બાજુ આપણે સંગ્રહ કરીએ છીએ. તો બીજી બાજુ એની પ્રતિક્રિયારૂપે ચોરી થાય છે. આજના સમાજે સંગ્રહ પર પ્રહાર નથી કર્યો, અને કેવળ ચોરીને જ ગુનો માન્યો. એટલું જ નહિ, એનાથી ઉલટું જ, વ્યક્તિના સંગ્રહ (ખાનગી મિલ્કત ઉપરના માલકી હક્કને-સં) ને પવિત્ર માનવામાં આવે છે. માનવીનો એવો હક્ક સ્વીકારીને કાનૂનમાં પણ એને એક પવિત્ર અધિકાર માનવામાં આવ્યો છે. પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે ચોરીનું મૂળ સંગ્રહમાં છે. સંગ્રહ જ ચોરીને જન્મ આપે છે. એથી **જો ચોરી પાપ છે, તો સંગ્રહ પુણ્ય નથી બની શકતો; એ પણ પાપ જ હોવો ઘટે.**

તો પણ, મનુષ્ય જ્યારે સંસારમાં વ્યવહાર કરે છે, ત્યારે દરેકથી કંઈ ને કંઈ પ્રકારનો સંગ્રહ થઈ જ જાય છે. એટલા માટે એ પાપથી છૂટવાની યોજના એ છે કે, એનો એક હિસ્સો સમાજને અર્પણ કરી દેવો...ભોગ ભોગવવાવાળાનું એ કર્તવ્ય છે. એને 'દાન' કહે છે. એમાં એ વાતનો સ્વીકાર થઈ ચૂક્યો છે કે, આપ આપની પાસે થોડો પણ સંગ્રહ રાખો છો. એટલા માટે એ હાલતમાં આપને દાનનું કર્તવ્ય પ્રાપ્ત થાય છે. જેની પાસે કશો જ સંગ્રહ નથી, એવી વ્યક્તિ બહુ વિરલ હોય છે. એથી દાનના કર્તવ્યથી કોઈની મુક્તિ નથી. આને 'નિત્યદાન' કહેવાય છે. એટલે કે, કોઈ ખાસ મોકા પર કરવાનો ધર્મ નહિ, પણ સતત કરવાનું કામ.

ન્યાસ : માલિકીનું વિસર્જન

'ન્યાસ'માં માલિકીનું પૂરું વિસર્જન છે: હું મારી પાસે સંગ્રહ રાખીશ જ નહિ; જે કાંઈ હશે તે ગામને આપી દઈશ. પછી સમાજ તરફથી મને જે કાંઈ મળશે તે હું લઈશ. 'હું નારાયણાશ્રિત બનીશ'—આ નારાયણોપનિષદ્‌નું વાક્ય છે; તેમાં ઋષિ કહે છે કે 'ન્યાસ' સૌમાં શ્રેષ્ઠ તત્ત્વ છે. એટલે કે માલકિયતનો પરિત્યાગ કરી નારાયણને શરણે જવું સૌથી શ્રેષ્ઠ ધર્મ છે.

ભૂદાન યજ્ઞનું અંતિમ કદમ આ જ છે. જેમ ભૂમિતિમાં બે બિંદુ હોય, ત્યારે જ સુરેખા બને છે. એ જ રીતે સર્વોદયનાં પણ બે બિંદુ છે. પહેલું બિંદુ છે દાન, અને બીજું બિંદુ છે ન્યાસ.

દાનથી શરૂ કરી ન્યાસ સુધી ધર્મનો પંથ છે, જેના પર આપણે ઉત્તરોત્તર આગળ વધીશું, અને આખરે આપણી માલકિયતનું વિસર્જન કરી દઈશું.

આ રીતે, ન્યાસ કરી સમાજની પાસે પહોંચવાવાળા લોકો હશે, એમના હાથમાં સમાજનું નેતૃત્વ હશે તો સમાજમાં દાન પરંપરા ચાલશે. જ્યારે સમાજમાં સર્વસ્વ સમર્પણ કરી, સમાજ-આશ્રિત બની રહેવાવાળા કેટલાક સંન્યાસી નીકળશે, ત્યારે જ લોકોમાં દાન ચાલશે.

એટલે કે સમાજમાં જે નેતાઓ સર્વસ્વ' પરિત્યાગી બનશે, તો લોકો ઓછામાં ઓછા દાન-શીલ તો બનશે જ.

આજકાલ લોકો 'સંન્યાસ'નો અર્થ ખોટો સમજી બેઠા છે. તેઓ એમ માને છે કે, સંન્યાસ એટલે સમાજનો ત્યાગ. વાસ્તવમાં સંન્યાસનો અર્થ સમાજમય થઈ જવું, પૂર્ણત: અભય બનવું.

સારાંશ કે, વ્યક્તિ પોતાનું સર્વસ્વ સમાજને અર્પણ કરી દે, એ સંન્યાસ છે અને ઉપભોગ કરતાં છતાં સમાજને હિસ્સો આપે એ દાન છે.

પરંતુ દાન અને ન્યાસ-બંનેનું કેવળ વ્યક્તિગત મૂલ્ય જ નથી, સામાજીક મૂલ્ય પણ છે. જે મૂલ્યો કેવળ વ્યક્તિગત રહી જશે, એમનામાં શક્તિ નહિ આવે. સામાજીક દૃષ્ટિએ દાનનો અર્થ એવો છે કે આખા સમાજમાં દાન સતત પ્રવાહિત રહ્યા કરે.

આજે આપણી પાસે કોઈ ચીજ આવી, તો એનો થોડો શો અંશ ઉપભોગ કરીને બાકીનો ભાગ તરત જ સમાજને પાછો આપી દેવો—આ પ્રક્રિયાને સામાજિક દાન-પ્રક્રિયા કહે છે.

ન્યાસનું સામાજીક મૂલ્ય

સમાજમાં પરિગ્રહ વધે છે, તો એના રક્ષણની યોજના કરવી પડે છે.

અમદાવાદ અને મુંબઈની મિલોમાં આખા હિંદુસ્તાનને માટે કપડું તૈયાર થાય છે, તો એ મિલોની રક્ષા માટે યોજના કરવી પડશે. ક્યાંક લડાઈ ફાટી નીકળે અને એ બે જગાએ બોમ્બ પડે તો બધું ખતમ થઈ જશે. પછી દેશને નાગા રહેવું પડશે. એટલા માટે એ મિલોની રક્ષા માટે શસ્ત્રાસ્ત્રની જરૂર પડશે. ત્યારે 'ન્યાસ'નો અર્થ એ છે કે, સર્વત્ર વિકેન્દ્રિત ઉત્પાદન હોવું જોઈએ.

વ્યક્તિ તરફથી નિરંતર સમાજને આપતા રહેવાની ક્રિયા 'સામાજીક દાન-યોજના' કહેવાશે, તો 'સમાજમાં ક્યાય પણ કેન્દ્રિત ઉત્પાદન ન થાય' તેને સામાજીક 'ન્યાસ-યોજના' કહેવાશે.

ઉત્પાદન થતાં તરત જ એને બીજી જગાએ પહોંચાડી દેવું—એ દાન યોજના છે; અને એક જગાએ બહુ કેન્દ્રિત ઉત્પાદન ન કરવું એ ન્યાસ યોજના છે.

અમલાપુરમ ૨૦-૧૧-૫૫

૩ : અહિંસક ક્રાંતિ

જો આપણે જમાનાની માગણીને ન ઓળખીએ, આપણી ફરજ અદા ન કરીએ અને આ મોકો ખોઇ બેસીએ, તો એનો અર્થ એ થશે કે આપણે યુગધર્મને નથી ઓળખતા. અને જે યુગધર્મને નથી ઓળખતા એ ધર્મને જ નથી ઓળખતા. ધર્મની ખૂબી એ છે કે, જ્યારે કોઈ મહત્વનું નૈતિક કર્તવ્ય ઊભું થાય છે, ત્યારે એ જ મુખ્ય ધર્મ બની જાય છે, અને બીજા બધા ધર્મો ફિક્કા પડી જાય છે. મારું માનવું છે કે જો આ ભૂમિ-સમસ્યાને આપણે શાન્તિમય રીતે ઉકેલી લઈએ, તો એનાથી આપણા દેશમાં તો આપણે શાન્તિ સ્થાપીશું જ, ઉપરાંત દુનિયાને પણ શાન્તિમય ક્રાન્તિનો રસ્તો બતાવી શકીશું.

ગોરખપુર, તા ૧૭-૩-૫૨

ક્રાંતિનું ઉગમ સ્થાન હૃદય

ક્રાંતિ પહેલાં દિલમાં જ થાય છે, પછી સમાજમાં. જ્યાં દિલોમાં ક્રાંતિ નથી થતી, ઉપરથી લદાય છે અને હિંસાથી ક્રાંતિ થાય છે, ત્યાં ખરી રીતે ક્રાંતિ થતી જ નથી. કેટલાક મને પૂછે છેઃ અહિંસાથી ક્રાંતિ થઈ શકે? આ તો એવો સવાલ છે કે, શું પાણીથી તરસ છીપે? જેમ પાણીથી જ તરસ છીપે, બીજા કશાથી નહિ, તેમ અહિંસાથી જ ક્રાંતિ થઈ શકે, બીજી કોઈ રીતે નહિ. છતાં સમાજમાં એવી વાત ચાલી નીકળી છે કે, સમાજનું મૂળમાંથી પરિવર્તન હિંસાથી જ થાય છે. ખાસ કરીને પશ્ચિમવાળાઓનો

એવો ખ્યાલ છે. પરંતુ હિંસાથી કદી પણ ક્રાંતિ થતી નથી. એનાથી તો ઊલમાંથી ચૂલમાં પડવા જેવી સ્થિતિ થાય.

સાધનોમાં ક્રાંતિ થાય ત્યાં જ સાચી ક્રાંતિ થાય

જ્યાં જૂનાં જંગલી, પશુશક્તિનાં સાધનો વપરાય, ત્યાં ક્રાંતિ શી રીતે થવાની હતી ? ખોટાં સાધનોથી સાચી હિંમત શી રીતે આવે ? અસત્યથી સત્ય શી રીતે મળે ? પણ ઇતિહાસમાં લોકોએ હિંસાના પ્રયોગો કર્યા છે. એકવાર હિંસા કરી લઈએ, પછી શાંતિ સ્થપાશે, એવું લોકો ધારે છે. પણ શાંતિથી શાંતિ સ્થાપી શકાય, હિંસાથી નહીં. એકવાર હિંસા કરી લઈએ પછી શાંતિ અને પ્રેમની સ્થાપના થશે–એવો જેણે એકવાર વિચાર કર્યો, તેને માટે એમ જ કહેવાય કે, એમણે અગ્નિથી ઠંડક કરવા વિચાર કર્યો છે.

આબરપુર (બિહાર), ૧૫-૪-૫૩

વિજ્ઞાનયુગમાં અહિંસા–દયા–સત્યાગ્રહ

આજના જમાનામાં એક દેશ બીજા દેશને બહુ લાંબો વખત પોતાના તાબામાં રાખી શકે તેમ નથી. પહેલાં રોમન સામ્રાજ્ય હતું, તે બારસો વર્ષ ચાલ્યું, પણ ત્યારપછી બીજાં જે સામ્રાજ્યો થયાં તે એટલાં ન ટક્યાં કારણ કે જનતા જાગતી જતી હતી. હવે વિજ્ઞાનનો જમાનો આવ્યો છે, શિક્ષણનો ફેલાવો થઈ રહ્યો છે, એટલે સામ્રાજ્ય ઝાઝું ટકી શકે તેમ નથી. અંગ્રેજોનું સામ્રાજ્ય પણ ન ટક્યું. એમની પાસે વિજ્ઞાન હતું. રોમન સામ્રાજ્ય કરતાં એમની પાસે કેટલાયે ગણી તાકાત હતી. છતાં પણ એમનું સામ્રાજ્ય માંડમાંડ દોઢસો વર્ષ ચાલ્યું. આજના વિજ્ઞાનના જમાનાનું એક વર્ષ જૂના જમાનાનાં દસ વર્ષની બરાબર છે.

આ તો રેડિયો વાયરલેસનો જમાનો છે. વિજ્ઞાને દેશ-દેશને પાસે લાવી મૂક્યા છે અને કાળની ગતિ વધી ગઈ છે. એટલે રાજકીય આઝાદી મેળવવી એ આપણે માટે સહેલી વાત હતી. પરંતુ જો આપણે આર્થિક સમતા સ્થાપવાનું કામ અહિંસાથી પાર પાડીએ, તો એ એક બહુ મોટી વાત બનશે. એનાથી નિર્વૈરતા એટલે કે અહિંસક પ્રતિકારની શક્તિ ખૂબ જ વધી જશે.

વિજ્ઞાનના જમાનામાં રાજકીય આઝાદી પ્રાપ્ત કરવી સહેલી છે કારણ કે દુનિયાની શક્તિઓ એને અનુકૂળ છે. એને જ લીધે આપણને આટલા વખતમાં અહિંસાની શક્તિનું પૂરેપૂરું ભાન થઈ શક્યું નથી. એ જો થયું હોત તો ગાંધીજીની હયાતી છતાં દેશના બે ટુકડા ન પડ્યા હોત. સ્વરાજ્ય મળ્યા પછી હિંદુ-મુસલમાનોના જે ઝગડાઓ આવ્યા, એમાં લાખો લોકો બરબાદ થઈ ગયા, એ બધું થયું ન હોત. તેથી મારે કહેવું પડે છે કે આપણને અહિંસાની શક્તિનું પૂરેપૂરું ભાન થયું નથી.

ત્યારે આપણી અહિંસા એ લાચારોની અહિંસા હતી. પણ હવે આપણા હાથમાં સત્તા આવી છે. આપણે ધારીએ તો અહિંસાને રસ્તે ચાલી શકીએ અને ધારીએ તો હિંસાને રસ્તે ચાલી શકીએ. એટલે હવે જો આપણે આપણો આર્થિક પ્રશ્ન અહિંસાથી ઉકેલી શકીએ, તો દુનિયામાં નિઃશસ્ત્ર પ્રતિકાર અસરકારક સાબીત થશે અને દુનિયાને એક માર્ગ મળી જશે. માટે આપણે સારી રીતે વિચાર કરવો જોઈએ.

દયા

દયા પ્રાથમિક ધર્મ છે. ધર્મની એ પૂર્ણતા નથી. દયા એ ધર્મનું ફળ નથી, દયા તો ધર્મનું મૂળ, આરંભ છે. ધર્મ જ્યારે પરિપૂર્ણ થશે-એટલે કે એને ફળ બેસશે–ત્યારે સમતાનું ફળ બેસશે.

સમાજમાં દયા ચાલે છે અને લોકો માને છે કે વિષમતા જેમની તેમ ટકાવી રાખીને દયા કરી શકાય. પણ હવે દયા પૂરતી નથી. હવે સમતાની જરૂર છે. સમતા સ્થાપવા માટે ભૂદાન-યજ્ઞ ચાલે છે. નિર્વૈર પ્રતિકાર અને સત્યાગ્રહનું આ એક અંગ છે. હું સતત ફર્યા કરું છું, વરસતા વરસાદમાં પણ ફરું છું. લોકો પાસેથી છઠ્ઠો ભાગ માગું છું, કોઈ થોડું આપે છે, તો લેવાની ના પાડું છું. આ બધો સત્યાગ્રહ જ ચાલે છે. કેટલાક મને પૂછે છે કે 'આની અસર ન થઈ તો તમે શું કરશો ?' મેં કહ્યું કે હું એ રીતે વિચાર જ કરતો નથી. પણ કશું જ પરિણામ ન આવ્યું, તો સત્યાગ્રહ એક એવું મહાન શસ્ત્ર છે કે, એની સામે કોઈ ટકી શકતું નથી. કારણ, એમાં નિર્વૈરતા અને પ્રતિકાર એ બન્ને સમાયેલાં છે અને એનાથી શક્તિ વધી જાય છે.

સત્યાગ્રહ

આ મારો સૌમ્ય સત્યાગ્રહ ચાલે છે. આગળ ઉપર એ

ઉગ્ર પણ બની શકે. હું આવી વાત કરું છું, ત્યારે કેટલાક કહે છે કે, હવે તમે તો ધમકાવવા મંડ્યા.

એ ખ્યાલ રાખવો જોઈએ કે જ્યાં નિર્વૈરિતા અને પ્રતિકાર બન્ને આવ્યાં ત્યાં ધમકાવાતું નથી, જગાડાય છે. બાળકને કેવી રીતે જગાડીએ છીએ? મા બેચાર વાર 'ઊઠ ઊઠ' કરે છે, તેમ છતાં ન ઊઠે તો પછી એને ઢંઢોળીને ઉઠાડે છે. આમ એક પછી એક ક્રિયાઓ આવે છે. એટલે શબ્દ પછી જેમ સ્પર્શ આવે છે, તે ધમકી અથવા હિંસા નથી, પણ પ્રેમનો સ્પર્શ છે. પ્રેમ પોતાના નાના સ્વરૂપમાં હારે છે, ત્યારે પોતાનું મોટું સ્વરૂપ પ્રગટ કરે છે.

'પાંચ રૂપિયાથી કામ ન સર્યું' એટલે છ તમાચા ખેંચી કાઢીએ તો એ જરૂર ધમકી થઈ. પણ પાંચ રૂપિયાને ઠેકાણે છ કે દસ રૂપિયા આપવા એ ધમકી નથી, એતો એજ રસ્તે જરા આગળ જવાપણું છે.

એને માટે સત્યાગ્રહ કરવો પડે તો તે પણ કરીશ. કારણ કે એ પણ જગાડવાની જ પ્રક્રિયા છે.

સત્યાગ્રહ એ પ્રેમની પ્રક્રિયા છે. ને સામેવાળાને એ ધમકી લાગે તો એમ સમજવું કે એ સાચો સત્યાગ્રહ નથી.

બેગુસરાય, ૧-૧૧-૧૯૫૩

અહિંસાની કાર્યક્ષમતા

એ એક સમજવા જેવી વાત છે કે અહિંસામાં હિંસા કરતાં વિશેષ સંરક્ષણક્ષમતા છે. પણ એ ક્યારે પ્રગટશે? જ્યારે એને આપણે સામૂહિક રૂપ આપશું. એવું ન સમજશો કે, આ તો બધું મહાત્માઓનું કામ છે, એમાં આપણું ગજું નહિ. ખરેખર તો જેટલાં લોકો હિંસાશક્તિનો ઉપયોગ કરી શકે છે, એનાથી ઘણા વધારે લોક અહિંસાશક્તિનો ઉપયોગ કરી શકે છે. હિંસાશક્તિમાં બાળકો અને સ્ત્રીઓ નથી ભળી શકતાં, આથી એનો ઉપયોગ કરનારાં ઓછાં જ રહેવાનાં. જે મજબૂત હશે, જેમને શારીરિક વ્યાયામનો મહાવરો હશે, જેમનામાં વિશેષ પ્રમાણમાં ક્રૂરતાનો અંશ હશે, જેમને શિકાર કરવાનો શોખ હશે, એવા એવા જ હિંસાશક્તિનો ઉપયોગ કરી શકશે. આમ હિંસાશક્તિ કદી પણ જનતાની શક્તિ નથી બની શકતી. એ તો થોડા વર્ગોનો ઇજારો રહેવાનો. જ્યારે અહિંસા શક્તિનો ઉપયોગ તો બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ–સૌ કોઈ કરી શકશે. આમ ઉપયોગની વાત છે, ત્યાંસુધી હિંસાશક્તિ કરતાં અહિંસાશક્તિનો ઉપયોગ ઝાઝો થતો રહેશે.

વળી અહિંસાશક્તિની ખોજ માટે જેમ મહાત્માની જરૂર પડે છે, તેમ હિંસાશક્તિની ખોજ માટે વૈજ્ઞાનિકની જરૂર પડે છે.

આજે હિંસાશક્તિ જેટલી સંગઠિત થયેલી છે, એટલી જ અહિંસાશક્તિ પણ સંગઠિત થવી જોઈશે.

દાવનગિરી, (મૈસૂર રાજ્ય) ૩૦-૧૧-'૫૭

અહિંસાની ખતરનાક વ્યાખ્યા

બીજી વિચારવાની વાત એ છે કે, ગાંધીજીએ દરેક વાતમાં અહિંસાનું નામ લીધું, એટલે તો આપણા સૌ ઉપર અહિંસાનો વરદહસ્ત છે. પરંતુ આપણામાંથી કેટલાક સરકારમાં ગયા, કેટલાક બહાર છે. એટલા માટે આ દિવસોમાં મોટે ભાગે અહિંસાનો સરકારી અર્થ એવો થયો કે સમાજને કમમાં કમ તકલીફ આપવી, સમાજને બહુ પીડા ન થાય, હાલની આપણી જે વ્યવસ્થા છે, એમાં બહુ અડચણ ન આવે, એનું નામ અહિંસા!

આજે જ્યારે એવું કહેવામાં આવે છે કે 'સમાજવાદી રચના' કરવી છે, ત્યારે સાથે સાથ એમ પણ કહેવામાં આવે છે કે, "અમારી પદ્ધતિ અહિંસાની રહેશે." જ્યારે આ બેઉ સૂત્રો એક સાથે હું સાંભળું છું, ત્યારે મારે મન એ બંને મળીને સત્યાગ્રહ કે સર્વોદય સિવાય બીજો કોઈ અર્થ નીકળતો નથી.

પરંતુ કેટલાક લોકો એનો એવો પણ અર્થ કરે છે કે, આપણે સમાજવાદી રચના માટે જે પરિવર્તન કરવું પડશે તે બિલકુલ આસ્તે આસ્તે કરવું જોઈશે.

સમાજરચનામાં તકલીફ ન પડે, બહુ વધારે ફેરફાર એકદમ થઈ ન જાય, એવી રીતે કામ કરવાને, આજકાલ મોટેભાગે અહિંસા માનવામાં આવે છે. न जातहार्दैन, न विद्विषादरः : એટલે કે એવી સ્થિતિ, જેમાં આપણે બહુ આગળ ન વધીએ, અને આજની

હાલત પણ લગભગ એવી ને એવી રહે. સાથે સાથે મનને સમાધાન પણ થાય કે 'આપણે એક આદર્શ સામે રાખ્યો છે, અને એનો કંઈ ને કંઈ જપ કર્યા કરીએ છીએ....' એટલે તો, જે કાંઈ કરશું એમાં એનો થોડોક સ્વાદ આવી જ જશે; અને ધીમે ધીમે એ કામ બનશે.

મને લાગે છે કે અહિંસાની આ વ્યાખ્યા અહિંસા માટે ઘણી જ ખતરનાક છે, ને હિંસાને માટે બહુ ઉપયોગી છે.

જો અહિંસાનો અર્થ 'ઓછામાં ઓછી ગતિએ, સમાજને વધારે તકલીફ આપ્યા વગર આગળ વધવું' એવો કરવામાં આવે, તો એ અર્થ અહિંસાના હિતમાં નહિ, હિંસાના હિતમાં છે. એથી તો હિંસા બહુ જોરથી વધશે.

આપ શરાબબંધીને કહો કે: 'ગો સ્લો' (ધીમી ચાલો), તો શરાબખોરી જોરથી આગળ વધશે. દુર્જનતા જોરદાર હોય છે. એટલા માટે અહિંસાને માટે 'ગો સ્લો'ની વાત લાગુ ન કરશો. એને હિંસા માટે લાગુ કરો. હિંસા માટે 'ગો સ્લો' બહુ સારું છે; અહિંસામાં તો તીવ્ર સંવેગ હોવો જોઈએ. શાસ્ત્ર-વાક્ય છે: "तीव्र संवेगानाम् आसन्न:" અગર આપ ભલાઈ ને જલદીમાં જલદી, નજદીકમાં નજદીક લાવવા ચાહતા હો તો, એમાં તીવ્ર સંવેગ હોવો જરૂરી છે.

અગર અહિંસાનો અર્થ આટલો મૃદુ, નરમ, નિર્વીર્ય કરવામાં આવે, તો એથી વિરોધી શક્તિઓ, હિંસક શક્તિઓ, આપણી અનિચ્છા છતાં, વધશે.

બહાનગંગા (હિંદી) પૃ: ૧૨૭/૨૮

સૌમ્ય-સૌમ્યતર-સૌમ્યતમ સત્યાગ્રહ

આપણે સત્યાગ્રહનો વિચાર કરીએ છીએ, ત્યારે લગભગ એવી રીતે કરીએ છીએ કે, જેમ માનવીએ નાની હિંસામાંથી મોટી હિંસા અને મોટી હિંસામાંથી અતિ-હિંસામાં કદમ ભર્યું, તે રીતે આપણે ય પ્રથમ તો એક સૌમ્ય પ્રકારનો સત્યાગ્રહ કરીશું. આજે અમારી જે પદયાત્રા ચાલી રહી છે એ પણ સત્યાગ્રહ છે, એમ અમે કહીએ છીએ.

લોકો પણ એ વાત માની લઈ કહે છે: 'પરંતુ એનાથી કામ ન બન્યું તો વધુ તીવ્ર સત્યાગ્રહ કરશું; એનાથી પણ ન બન્યું તો વળી વધુ તીવ્ર સત્યાગ્રહ કરશું. એ રીતે એની તીવ્રતા વધારતા જશું'.

પરંતુ યથાર્થમાં, આપણું ચિંતન એથી બિલકુલ ઊલટું હોવું જોઈએ. આપણે જે સૌમ્ય સત્યાગ્રહ શરૂ કર્યો છે, એનાથી કામ ન પત્યું તો, એનાથી વધુ **સૌમ્યતર** સત્યાગ્રહ ઢૂંઢીશું, કે જેથી એની તાકાત વધે. અને એટલાથી પણ કામ ન થયું તો એનાથી પણ કોઈ **સૌમ્યતમ** સત્યાગ્રહ શોધી કાઢીશું, જેથી એની તાકાત વળી વધે.

તમે જાણો છો કે, હોમિયોપથીમાં એવું શીખવવામાં આવે છે કે, ઔષધિ થોડી માત્રામાં લેવી અને એને ખૂબ જ ઘૂંટવી, વારંવાર ભાવિત કરવી. ભાવનાથી જે ભાવિત થાય છે, તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ હોવા છતાં અધિક પરિણામદાયી બને છે.

હિંસા-શાસ્ત્રમાં એવું માનવામાં આવે છે કે સૌમ્યશસ્ત્રથી કામ ન ચાલે, તો એનાથી તીવ્ર શસ્ત્ર લેવાથી તાકાત વધે છે અને તે અવશ્ય યશસ્વી બને છે. પરંતુ અહીં એનાથી સાવ ઉલટી પ્રક્રિયા હોવી જરૂરી છે.

પુરી, ૨૭-૩-૫૫

સૌમ્ય સૌમ્યતર અહિંસક કાર્યક્રમ

સૌથી મોટી વાત એ છે કે વાતાવરણમાં આજે હિંસા વ્યાપેલી છે. અને હિંસાથી કેટલાંક કામ સધાય છે, એવો લોકોને ભરોસો પડતો જાય છે.

કદીક કામ તો થવાનું. એ તો પહેલાં પણ થતું હતું અને આજે પણ થાય છે. પણ એ સાવ નકામું કામ છે, અને જો તે થયું તો પણ દેશનું તો સરવાળે નુકશાન જ થશે. આ બધું અહિંસાની વિચારસરણીમાંથી આવે છે. અહિંસાની આ વિચારસરણીનું આજકાલ ભારે વેગથી ખંડન થઈ રહ્યું છે. વાતોમાં તો સૌ કોઈ અહિંસાને સ્વીકારે છે. પણ ખરેખર જોવા જઈએ, તો હિંદુસ્તાનની માનસિક સ્થિતિ આજે ડામાડોળ છે. ગાંધીજીએ જન્માવેલી શ્રદ્ધાઓ આજે બન્ને પ્રકારે તૂટી રહી છે. કેટલાક માણસો એ શ્રદ્ધાને એકાંગી માનીને છોડી રહ્યા છે. જ્યારે કેટલાક લોકો એ શ્રદ્ધાઓનો અનુકૂળ એવો વ્યવહારુ અર્થ કરી

રહ્યા છે, અને 'એનો અમલ કરનારા આપણે જ બેઠા છીએ,' એમ માનીને એને છોડી રહ્યા છે. અને છતાં પાછા એ લોકો સમજે છે તો એવું કે, ગાંધીજીના વિચારોનું વ્યવહારને અનુકૂળ એવું અનુકરણ અમે કરીએ છીએ.

શાસ્ત્ર અને શસ્ત્ર બંને સાથે

'આજે દુનિયા હજી એને માટે લાયક નથી, આથી સામાજીક ક્ષેત્રમાં અમે એનો અમલ નથી કરી શકતા ', એવું માનીને એમણે મન મનાવી લીધું છે. આમ શાસ્ત્ર પણ સરસ રીતે ચાલે છે, અને શસ્ત્રવ્યવહાર પણ ચાલે છે.

હિંસાથી આખરી વિદાય

આપણે ક્યારેક પણ હિંસાથી આખરી વિદાય લેવી જ પડશે. એ સમય આજે ને આજે છે કે નહીં તે તમે નક્કી કરો. બાકી મને તો લાગે છે કે બધા ધર્મોના આચરણનો જો કોઈ યોગ્ય સમય હોય તો તે આજ સમય છે. આ પહેલાં તો એ હતો નહીં, કેમકે એ હાથમાંથી નીકળી ગયો છે. ભવિષ્યમાં પણ એ નથી, કારણ આજે એ હાથમાં નથી. જ્યારે આ ઘડી આપણા હાથમાં છે. આપણે જેને ઉચિત ધર્મ માનીએ, તેના આચરણ માટે આપણા હાથમાં આ જ સમય છે.

આજની ક્ષણ આપણે ગુમાવીએ, અને તે પણ ભવિષ્યમાં આપણે એ કરશું, એવી આશાથી ગુમાવીએ, એમાં મને તો એક પ્રકારનો મોહ લાગે છે. સંભવ છે કે એ મોહ ન પણ હોય, અને તમે કહો છો તેવો વાસ્તવવાદ (Realism) હોય, ગમે તેમ પણ એ એક વસ્તુસ્થિતિ છે કે, અહિંસા પર બન્ને બાજુથી પ્રહારો થઈ રહ્યા છે. જેઓ અહિંસામાં શ્રદ્ધા રાખતા હોય તેઓ વ્યવહારુ કારણોસર તેનાથી અળગા રહે છે. જ્યારે બીજા વળી એમ કહી રહ્યા છે કે, અમે જે કંઈ કહીએ છીએ તે જ આજની હાલતમાં અહિંસાનું અસલી સ્વરૂપ છે. આમ તેઓ પણ અહિંસા પર ઘા કરે છે. આમ આ દિવસોમાં બન્ને બાજુથી હિંસાને ઘણું બળ મળ્યા કર્યું છે. સ્વરાજ્ય આવ્યા પછી મળ્યું છે. એનો આપણે સામનો કરવો પડશે.

યોજનાની આવશ્યકતા

મુકાબલો જ કરવો હોય તો કોઈ ને કોઈ યોજના જરૂરી છે. જેનો મેં ઘણીવાર ઉલ્લેખ કર્યો છે તે સૌ પ્રથમ યોજના એ છે કે આપણે ધીમે ધીમે સૌમ્યમાંથી સૌમ્યતર, અને પછી સૌમ્યતમ તરફ જવું પડશે.

ક્રિયા : વિચાર સિદ્ધિનું સાધન

જેને આપણે ક્રિયા કહીએ છીએ, તે વિચારને અમલમાં મૂકવાનું એક સાધન છે. જેમ વિચારને અમલમાં લાવવા માટે, વિચારના અવતરણને માટે એ સાધન છે, તે જ રીતે એ વિચારનું પરિણામ પણ છે. તમે ભૂદાન કરો એથી તમારી ઉદારતા વધી.. તમારી ઉદારતા વધી, એને પરિણામે તમે ભૂમિદાન કરો છો. આનો અર્થ એમ થયો કે ક્રિયા એ વિચારસિદ્ધિનું સાધન પણ છે. જેટલે અંશે વિચારસિદ્ધિનું સાધન છે, તેટલે અંશે જ આપણો તેના પર ભાર હોવો જોઈએ. અને જેટલે અંશે ક્રિયા એ વિચારસિદ્ધિનું પરિણામ છે, તેટલે અંશે આપણે તેનો આગ્રહ ન રાખવો જોઈએ. અમુક વિચારને પરિણામે પાંચ કરોડ એકર જમીન મળવી જોઈએ એવો મેં નિર્ણય કર્યો છે. પણ એ પરિણામ છે. આથી દાન પ્રાપ્તિની ક્રિયાની આસક્તિ આપણને ન હોવી જોઈએ. દાનનો વિચાર, અર્થાત્ સમ-વિભાજનનો વિચાર લોકો સમજે, હું સમજું, મારા જીવનમાં એ વિકસે, એટલે લોકોના જીવનમાં તો એ વિકસ્યું જ સમજો. લોકો વિચાર સમજે એટલે એનું પરિણામ આવવાનું જ. પણ એનો મને ઝાઝો આગ્રહ નથી. હું તો વિચાર જ સમજીશ અને સમજાવીશ.

જેટલે અંશે ક્રિયા એ વિચાર-સિદ્ધિનું સાધન છે, તેટલે અંશેજ તેના ઉપર હું વજન આપીશ. જેમ કે પગે ચાલવું. જો હું પગે ન ચાલતો હોત તો વિચાર ન સમજાવી શકત. એટલા માટે હું પગે ચાલવાનો આગ્રહ રાખું એ જરૂરી છે, પણ એવો જ આગ્રહ હું દાન-પ્રાપ્તિ માટે રાખવા માંડું તો એ પરિણામલક્ષી ક્રિયા થઈ.

નિવૃત્તિ અને ક્રિયા

આનું પરિણામ નિવૃત્તિ-માર્ગમાં આવશે એવો ઘણાને ડર રહે છે પણ મને એવો ભય એટલા માટે નથી લાગતો કે નિવૃત્તિ તો પહેલેથી જ મારા મનમાં વસી ચૂકી છે. આથી વિશેષ નિવૃત્તિ આવશે એવી શક્યતા હવે બહુ ઓછી છે, એટલે મને આનો ડર લાગતો નથી. પણ હું

જાણું છું કે ક્રિયાની વધુ પડતી આસક્તિ ન હોવી જોઈએ. સાધનારૂ પ્રક્રિયાની આસક્તિ ભલે હોય. પણ તેથી આગળની જે ક્રિયા છે તે તો સમાજ કરશે. સમાજ તરફથી જે ક્રિયા થશે તે ક્રિયાનો આગ્રહ હું મારા મનમાંથી દૂર કરવા માંગું છું. હું નથી માનતો કે એવો કોઈ આગ્રહ મારા મનમાં પહેલાં પણ હતો.

પણ જ્યાં કયાંક સામુદાયિક કાર્ય શરૂ થયું ત્યાં એની સાથે સાથે કેટલાક સંકલ્પ પણ આવવાના. એ સામુદાયિક સંકલ્પ હોય છે. આથી એમાં ખાસ કોઈ દોષ નથી હોતો. પણ ધીમે ધીમે આ પ્રક્રિયાનું જે પરિણામ આવ્યું, એ જોતાં આનાથી વધુ સૌમ્ય પ્રક્રિયા, એટલે કે જેમાં ક્રિયાની તીવ્રતા ઓછી હોય અને વિચારની પ્રક્રિયા જોરદાર હોય એવી કાર્ય–પદ્ધતિ આપણે અપનાવવી પડશે

• અલબત્ત, શુદ્ધ વિચારનું ચિંતન કરવામાં એને સમજવામાં, વ્યક્તિગત રૂપે એના અમલમાં અને બીજાને સમજાવવામાં આપણું કાર્ય પૂરું થઈ જવું જોઈએ. વિચારવું અને સમજવું એ બહુ મોટું કામ છે. આપણા પોતા માટે જો આપણે એટલું કરીએ અને આપણા મનમાં કોઈ પણ પ્રકારનો મોહ ન રહી જાય, શુદ્ધ વિચારનું આપણને દર્શન થાય, તો હું માનું છું કે નેવું ટકા કામ થઈ ચૂક્યું.

શુદ્ધ વિચારનું ચિંતન કરવું અને શુદ્ધ વિચાર કહેવો એ પોતે જ એક બહુ મોટું કામ છે. હવે જો આ પ્રકારનો વિચાર એક વખત મનમાં આવ્યો જ છે, તો પછી તે પ્રમાણે ક્રિયા શરૂ થઈ જવી જોઈએ. એ પછી બીજાઓ પ્રત્યે આપણું કર્તવ્ય એટલું જ રહે છે કે આપણે એમને વિચાર સમજાવી દઈએ, આપણી ફરજ એથી આગળ નથી જતી. એટલે આપણે વધારે વિચાર-પરાયણ થઈએ અને ક્રિયાની જે મર્યાદાઓ છે, તેને બરાબર સમજીએ, તો અહિંસા વધારે ફેલાશે એમ મને લાગે છે અર્થાત્ ભૂમિદાનને છોડ્યા વિના એ ભૂમિકાને આપણી વિચારસિદ્ધિના એક સાધન તરીકે પકડી રાખી, બાકી એકદમ શુદ્ધ અહિંસા-વિચારને જ દુનિયામાં ફેલાવીએ, અને એમાં ચિત્ત–શુદ્ધિની દૃષ્ટિએ અનિવાર્ય, જેટલી પણ તપસ્યા કરવી પડે, તે આપણે પોતે કરીએ—એ આપણું કામ હોવું જોઈએ. હું માનું છું કે આવું થયું તો આપણે એકાંગી નહીં રહીએ. આ વિચાર-પ્રવાહમાં, ભૂદાનના પ્રવાહમાં જેટલાં લોકોને આપણે ખેંચી લીધાં છે, એથી ઘણાં વધારે લોકોને આપણે ખેંચી શકીશું. અને એ રીતે તેઓ ભૂદાન કાર્યમાં લાગી જશે.

ધર્મ અને વિચાર

શુદ્ધ વિચાર-કરવાવાળાં એટલે કે શુદ્ધ વિચારનો પ્રયત્ન કરવાવાળાં લોકો, સૌ કોઈના કલ્યાણમાં વિશ્વાસ રાખનારાં, નિષ્કામ કર્મમાં માનનારાં અને આપણા પક્ષાતીત વિચારમાં જેમને શ્રદ્ધા છે તેવાં માણસો એકઠાં થાય. શ્રદ્ધાનો મારો અર્થ એવો તો ખરો જ કે, તે માણસ તે પ્રમાણે ક્રિયા કરવાનો પ્રયત્ન કરશે. જેમનામાં આવી શ્રદ્ધા છે તેમનું એક મંડળ બની શકે છે. અંગ્રેજીમાં ધર્મને માટે જે એક શબ્દ છે તે બહુ મહત્ત્વનો છે. તેઓ ' ધર્મ ' ને ' ફેઈથ ' કહે છે. એક છે ' હિંદુ ફેઈથ ' અને બીજો છે ' હિન્દુ થોટ.' પણ ' હિંદુ થોટ ' તો થોડાક જ માણસો સમજ્યા છે.

જ્યારે ' હિન્દુ ફેઈથ ' લાખો માણસોમાં છે. ઈસ્લામ વગેરે ' ફેઈથ ' પણ આવા જ છે.

' ફેઈથ ' માં લાખો માણસો છે, ' વિચાર 'માં થોડાક માણસો છે અને ' કૃતિ 'માં તો વળી એથી પણ થોડા માણસો છે. સ્થૂળ આચારમાં તો થોડા પણ લોકો છે, પણ વિચાર-પૂર્વકના કર્મમાં તો એથી પણ થોડા માણસો હોય છે. આમ ધર્મને માટે આ જે ' ફેઈથ ' શબ્દ છે, તે જાણ મઝાનો છે.

સર્વોદયને માટે જેમના મનમાં 'ફેઈથ' હોય, એવા જે પાંચ દસ લોકો હોય, તેમનું એક મંડળ થાય. તેઓ ખાસ વિષયો ઉપર ચિંતન કરીને એક શુદ્ધ વિચારના રૂપમાં લોકોની સામે તે રજૂ કરી દે. જો સામુદાયિક રીતે કોઈ વાત રજૂ કરી હોય તો તેમ કરે. અને એમ ન કરવું હોય તો કોઈ ચર્ચા કરી લીધા પછી ભલેને છૂટા પડી જતા. અલગ પડીને તે પ્રમાણે કામ કરવા માંડે. આવું સર્વોદય મંડળ બને, તો ઠીક થશે. આ દૃષ્ટિએ વિકાસ સાધવા માટે કદાચ મને લાગ્યાતો પૂરતાર થશે.

સર્વોદય મંડળો

આગળ જતાં જેમ જેમ આપણે આપણાં કાર્યોને જનતાની તરફ લઈ જવાના સંકલ્પને અમલ કરતા જઈશું, તેમ તેમ આજની આપણી જે ગ્રામનિધિઓ વગેરે

[વિશ્વમાત્ર : ઓક્ટોબર–નવેમ્બર '૫

છે તે વિખેરાઈ જશે અને લોકો પોતપોતાની શક્તિ પ્રમાણે જુદાં જુદાં કામ કરશે. જરૂર પડ્યે સર્વોદય મંડળ સાથે સલાહ-મસલત કરી લેશે. એની સલાહ પ્રમાણે બધું થવું જ જોઈએ, એવો સર્વોદય મંડળનો આગ્રહ નહીં રહે. એમની સલાહ પ્રમાણે નહીં વરતીએ તો સજા થશે, એવો કોઈ બોજો લોકોનાં મન પર નહીં હોય, એવું એક નૈતિક મૂલ્ય છે. એ નૈતિકતાને લીધે જ લોકો એની સલાહ લેશે. સલાહ માગવામાં આવશે તો આપવામાં આવશે, નહીં માગવામાં આવે તો પણ આપવામાં આવશે. આનો કંઈક આરંભ થાય તો કદાચ આ વિચારને માટે એ અનુકૂળ પુરવાર થશે.
ધર્મપુરી, તા ૪-૮-૫૬

અપરિગ્રહ અને અપહરણ

મારા વિચારનો જે વિરોધી વિચાર આજે દુનિયામાં છે, તેનું નામ છે અપહરણ-પ્રક્રિયા. આ પણ એક તત્ત્વ-વિચાર છે. એમાં એમ મનાય છે કે, છેવટે વ્યક્તિ પણ છે તો સમાજને ખાતર. માટે સમાજને ખાતર કોઈ એક વ્યક્તિનું ધન આંચકી લેવું દોષયુક્ત નથી, ઊલટું આંચકી ન લેવામાં જ નીતિ-દોષ છે. એમાં એમ પણ મનાયું છે કે, વ્યક્તિ પાસે સંપત્તિ રહી શકે અને વ્યક્તિની સંપત્તિનું અપહરણ થતું રોકે તેવો જે વિચાર હોય તે અધર્મ છે. આ વિચારમાં કેટલુંક સારું અને કેટલુંક ખોટું છે. એમાં જે સારાપણું છે તેનું દુનિયામાં આકર્ષણ થયું, અને કેટલાક દેશોમાં તે પ્રમાણે સમાજરચના થઈ છે. આટલા ટૂંકા ગાળામાં આપણે એનાં પરિણામો જાણી ન શકીએ. પરંતુ એમાં જે વાદ છે તેનું આકર્ષણ આજ તો દુનિયાને થાય છે. હિંદુસ્તાનમાં પણ અપહરણના આ તત્ત્વથી આકર્ષાયેલા કેટલાક લોકો છે. મારે એમનાથી જુદો વિચાર માંડવો છે. અપરિગ્રહનો વિચાર અપહરણનો વિરોધી વિચાર છે,

અપરિગ્રહ અપવાદરૂપ ?

આજનો સમાજ કહે છે કે અપરિગ્રહ એ ઘણો ઊંચો વિચાર છે અને એ તો ગાંધીજી કે વિનોબા જેવાઓ માટે છે. અપરિગ્રહ એ તો એમનો ઇજારો છે. એના પર એમનો જ અધિકાર છે. જોઈએ તો અમે એમની પૂજા કરશું, બાકી ગૃહસ્થજીવનમાં તો પરિગ્રહ જ રહેશે, અપરિગ્રહ નહીં. જૂના જમાનામાં આનો કંઈક તોડ નીકળ્યો હતો. 'તમે સંન્યાસી છો તો અપરિગ્રહથી ચલાવો, અને અમે પરિગ્રહ કરીશું. અમે તમને ભિક્ષા આપીશું. અને છેવટના આદર્શ તરીકે અમે તમારું માન જાળવીશું. પણ અમારો આદર્શ તો પરિગ્રહ જ છે.' આ પ્રમાણે લોક કહેતું.

પરિગ્રહની મર્યાદાનું પાલન કરવું અને અપરિગ્રહને આદર્શ માનવો, એમાં કેટલુંક સારાપણું તો હતું જ, પણ કેટલીક ખરાબી પણ હતી. મોટા ભાગના લોકો પરિગ્રહમાં માનતા હતા. ને એમ કરતે કરતે છેવટે અપરિગ્રહનું નામનિશાન ન રહ્યું.

પરિગ્રહની બોલબાલા

આજે દુનિયામાં પરિગ્રહની બોલબાલા છે. પરિગ્રહ માટે એવા કાયદાઓ ઘડાયા છે કે, તેથી એ ખોટો નહીં પણ કાયદેસર થઈ ગયો છે. કાયદો ચોરીને ગુનો માને છે, પણ જેણે સંઘરો કરીને ચોરને ચોરી કરવાની પ્રેરણા આપી, તેને સમાજ ચોર નથી માનતો. પણ ઉપનિષદે તો કહી રાખ્યું છે કે, 'મારા રાજ્યમાં ન કોઈ ચોર હો અને ન કોઈ કંજૂસ હો.' કારણ, જ્યાં કંજૂસ હશે ત્યાં ચોર હોવા અનિવાર્ય છે. કંજૂસે ચોરોને પેદા કર્યા છે. કંજૂસ ચોરનો બાપ છે. એમના માનસ-પુત્રોને આપણે કેદમાં પૂરીએ છીએ અને બાપને છૂટા મેલીએ છીએ. એ સંસ્કારી બનીને સમાજમાં મહાલે છે, અને ગાદીએ ચઢીને બેસે છે; આ ક્યાંનો ન્યાય ? स्तेन एव सः । આપણે પામી શકતા નથી કે એ ચોર છે. પણ ગીતાએ એ બતાવી દીધું છે કે એ ચોર છે.

ગીતા અને ગૃહસ્થો

પણ વળી આપણે માની લીધું કે, ગીતા તો સંન્યાસીઓનો ગ્રંથ છે. એ ગૃહસ્થોને સારુ નથી. આમ આપણે ગીતાને પણ સંન્યાસ પકડાવી દીધો. પહેલાં આપણે સંન્યાસીઓનું એટલું બધું માન જાળવ્યું કે, આપણું ઘર પાપી છે, એમ માનીને એમને ઘર બહાર રાખ્યા. પણ આજે આપણે એમને ઘરમાં ન રાખતાં મંદિરમાં એટલા સારુ રાખીએ છીએ કે સંન્યાસી ઘેર આવે અને રખેને દીકરો સંન્યાસી થઈ જાય ! આજે દુનિયામાં જે સૌથી વધુ સંઘરો કરે તે જીતે છે. સંઘરો સૌના માથે સવાર થઈ ને બેઠો છે. પણ

આજના યુગ માટે ઉપયોગી તત્ત્વ અપરિગ્રહનું જ છે. એ કેવળ સંન્યાસીઓ માટે નથી, ગૃહસ્થો માટે પણ છે.

અપરિગ્રહની તાલીમ

આજે હિંદુસ્તાનના તમામ ઉદ્યોગો ભાંગી પડ્યા છે અને જમીનની માગણી વધતી જાય છે. તેથી જમીનનો સવાલ ઉપાડી લઈ ને અપરિગ્રહની તાલીમનો આરંભ કરીએ, તો એ વિચાર સમાજના મનમાં સારી રીતે બેસી જશે.

કુબેરશાહી અપરિગ્રહ

મારો અપરિગ્રહ શંકર જેવો નથી. ચામડું ઓઢીને ભભૂત ચોળનારો તો કોઈ પણ બની શકે, પણ કુબેર એની પકડમાં હશે. વિષ્ણુની પાસે લક્ષ્મી પડી છે, પણ એ એના પ્રત્યે ઉદાસીન છે. સમાજમાં બધું હાજર હશે, પણ વ્યક્તિ પોતાને આજે ખપતું જ લેશે. આવતી કાલની ચિંતા કરવાની જરૂર નથી. જુવાનીમાં જે સમાજની ચિંતા કરે છે, ઘડપણમાં સમાજ એની ચિંતા કરશે.

ટિંબી, તા. ૩૧-૧૦-૧૯૫૨

હૃદયપરિવર્તનનું ગણિત

ભૂખ્યા પાડોશીની ચિંતા કરવી એ આપણું કર્તવ્ય છે. આવો ધર્મ સૌને શીખવવો છે. આજુબાજુવાળાઓ ભૂખ, અજ્ઞાન અને બિમારીથી સબડતાં હોય, ત્યારે જેમની પાસે ધન, બુદ્ધિ અને શક્તિ છે, એવાઓને ચેન ન પડવું જોઈએ. આને જ હું હૃદય-પરિવર્તન કહું છું. નૈતિક દબાણ અને હૃદય-પરિવર્તન વચ્ચે ભેદ પાડવો એ ભૂલભરેલું છે.

હૃદયપરિવર્તન ગણિત પ્રમાણે નથી થતાં. એક માણસનું હૃદય-પરિવર્તન થાય છે, એની અસર બીજા પચાસ જણા પર પડે છે. આને જ માણસના વિચારનું દબાણ કહે છે. હિંસા-શક્તિથી આ તદ્દન જુદું છે. વેદમાં કહ્યું છે કે, દાન લોકલજ્જાથી અપાય છે. એટલે લોકલજ્જા એ એક મોટી વસ્તુ છે. આખો સમાજ શું કહેશે, એ વિચારીને કંઈ કરવું એનું નામ હૃદય-પરિવર્તન જ છે. હૃદય-પરિવર્તનને ગજ લઈ ને માપવા બેસવું એ બરાબર નથી.

બહારની પરિસ્થિતિથી હૃદય-પરિવર્તન થાય છે અને હૃદય-પરિવર્તનની અસર બહારની પરિસ્થિતિ પર પડે છે. એકબીજાની એકબીજા પર અસર પડે છે; બીજમાંથી ફળ અને ફળમાંથી બીજ થાય છે.

પંખીને બે પાંખ હોય છે. એક પાંખથી એ ઊડી ન શકે. તેમ ધર્મકાર્ય પણ બે પાસેથી થાય છે, એક તો અંદરની જાગૃતિ જોઈએ અને બીજું બહારની પરિસ્થિતિ તે પ્રમાણે ફેરવવી જોઈએ.

સામાન્ય ધર્મ-પ્રચાર અને ક્રાંતિ અથવા ધર્મ-ચક્ર-પ્રવર્તન એ બે જુદી જુદી વસ્તુ છે. સામાન્ય ધર્મ તો ઋષિઓ ને સંતો જ સમજાવતા આવ્યા છે. એટલે સર્વસાધારણ ધર્મ-પ્રચાર એ એક વાત છે, અને ' યુગની માંગને વરતીને એનો ધર્મ-વિચાર સાથે મેળ પાડી દેવો, એ બીજી વાત છે. ગાંધીજીએ દેશને એ જ રીતે અહિંસા શીખવી. પ્રેમથી, અહિંસાથી વર્તવાની વાત તો જૂની જ હતી. પણ એનો સ્વરાજ્ય સાથે મેળ પાડી આપ્યો ન હોત, તો એમને બહુ તો દસ વીસ ચેલા મળી જાત. એ વખતે આપણે તલવારથી લડી શકીએ તેમ નહોતા, કારણ કે આપણે નિઃશસ્ત્ર હતા; અને અંગ્રેજો આપણા કરતાં વધારે બળિયા હતા. માટે અહિંસાથી લડવું જ સારું હતું. પરિસ્થિતિ પણ એને ફાવતી હતી. આમ એમણે ધર્મ-વિચારનું આંતરિક બળ અને પરિસ્થિતિનું બળ-એમ બંનેનો મેળ પાડી દેશને અહિંસા શીખવી. અને એનાથી જ આપણને સ્વરાજ્ય મળ્યું.

એવી જ રીતે આજે ગરીબોને જમીનની જરૂર છે. માત્ર હિંદુસ્તાનમાં નહીં, આખા એશિયામાં જમીનની ભૂખ છે. ગરીબો જમીન મળ્યા વગર જંપશે નહીં એવી સ્થિતિ છે. આની સાથે જોડીને હું લોકોને ધર્મ-વિચાર સમજાવું છું કે, ભૂખ્યા પડોશીને જમીન આપવી જોઈએ, જમીન એ તો પરમેશ્વરની દેણગી છે, માટે એના પર સૌનો અધિકાર છે.

આ જ વાત આજથી હજાર પાંચસો વર્ષ પહેલાં સમજાવવા બેઠો હોત તો લોક મારી વાત કાને ન ધરત. પણ આજે એ વાતનો યુગની માંગ સાથે મેળ પાડી આપું છું.

પરિસ્થિતિની સાથે જ્યારે ધર્મ-ભાવના જોડાઈ જાય, ત્યારે એ લોકોના હૃદયને સ્પર્શી જાય છે.

એમાંથી જ મહાન શક્તિ પેદા થાય છે અને એના વડે ધર્મ-ચક્ર-પ્રવર્તન થાય છે.

સિલ્હી, ૨૭-૬-૧૯૫૩

વિજ્ઞાનયુગની સ્થિતપ્રજ્ઞતા

સ્થિતપ્રજ્ઞના આ શ્લોક બહુ પ્રાચીન કાળથી જાણીતા છે. પરંતુ પ્રાર્થનામાં એનો પાઠ કરવાનો ચાલ ગાંધીજીએ શરૂ કર્યો. આ શ્લોકોનો મહિમા શંકરાચાર્યે બહુ ગાયેલો છે. જ્યારે જ્યારે તેઓ અંતિમ અવસ્થાની પ્રતીતિ કરાવવા માગે છે, ત્યારે ત્યારે એમણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો બતાવ્યાં છે. એમને માટે આ કોઈ એવી આશ્ચર્યની વાત નહોતી. કારણ કે એમાં એક પરમ સંન્યાસીનો આદર્શ રજૂ કરવામાં આવ્યો છે, જે હંમેશાં એમની દૃષ્ટિ સમક્ષ રહેલો. ને તે એમને અત્યંત પ્રિય હતો. જ્યાં સ્થિતપ્રજ્ઞતા સધાઈ ગઈ ત્યાં કેવળ મુક્તિ જ બાકી રહી જાય છે, બીજું કશું જ બાકી રહેતું નથી. શંકરાચાર્ય આ વિચારોમાં તન્મય હતા, એટલે એમણે આ શ્લોકો પર ભાર મૂક્યો, એ સ્વાભાવિક જ હતું.

પરંતુ આ શ્લોકોને આટલા લોકપ્રિય બનાવવાનું શ્રેય મહાત્મા ગાંધીને મળ્યું. એમણે આ શ્લોકો અમારા જેવા સાધારણ સાધકો સમક્ષ, વ્યવહાર અને રાજનીતિમાં કામ કરનારા લોકો સમક્ષ મૂક્યા. હું નથી માનતો કે હિંદુસ્તાનમાં ગાંધીજી પહેલાં આ રીતે દુનિયામાં કામ કરનારા વ્યવહારુ લોકો સ્થિતપ્રજ્ઞના શ્લોક બોલતા હશે. મોટે ભાગે સર્વસાધારણ ભક્ત લોકો એનાં લક્ષણ ગાયા કરતા હોય છે. * * * પરંતુ સ્થિતપ્રજ્ઞના શ્લોક અંતિમ અવસ્થાનું વર્ણન કરતા હોવા છતાં ગાંધીજીએ એ જ શ્લોકો પસંદ કરીને લોકો સમક્ષ રજૂ કર્યા ને એ લોકપ્રિય બની ગયા.

ગાંધીજીએ આ શ્લોકોની પસંદગી શાથી કરી, ને એ જ શ્લોક એમને એટલા બધા આકર્ષક કેમ લાગ્યા? એનો કંઈક અંદાજ આપણે કાઢી શકીએ છીએ. એનું એક કારણ એ છે કે, વિજ્ઞાનના યુગમાં જે વસ્તુની અત્યંત જરૂર છે, એની પૂર્તિ આનાથી થાય છે.

શંકરાચાર્યને આત્માની અંતિમ સ્થિતિનું આકર્ષણ ઘણું જ હતું. ને તેઓ એ દૃષ્ટિએ જ આ શ્લોકો તરફ જોતા. પરંતુ વિજ્ઞાનયુગમાં જીવનારાઓને આ શ્લોકોમાંથી એવી એક ચીજ મળે છે, જેની આ યુગને અત્યંત જરૂર છે.

આ શ્લોકોમાં સૌથી વધુ મહત્ત્વ 'પ્રજ્ઞા'ને આપવામાં આવ્યું છે. 'પ્રજ્ઞા' અર્થાત્ 'નિર્ણયશક્તિ'. આ 'નિર્ણયશક્તિ' જેટલી પરમાર્થના કામમાં આવશે, એટલી જ વ્યવહારમાં આવતી જશે.

આજના વિજ્ઞાનયુગમાં મનુષ્યના સવાલો બહુ વ્યાપક બની ગયેલા છે. એટલે જ કપરી સમસ્યાઓ ઊભી થતી હોય છે. આ જમાનામાં નાના નાના સવાલો તો ઊઠતા જ નથી. જે ઊઠે છે, તે બધા મોટા જ સવાલો હોય છે. જો લડાઈની સમસ્યા ઊભી થાય છે, તો તે પણ 'વિશ્વવ્યાપક' બની જાય છે. વિજ્ઞાનની કોઈ સમસ્યા ઊઠે છે, તો તે પણ 'વિશ્વવ્યાપક' હોવાની, કોઈ સામાજિક સવાલ હોય, તો તે પણ વિશ્વવ્યાપક હોય છે. સામાન્ય વ્યાપારની સમસ્યા હોય, તો એનો સંબંધ પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર સુધી પહોંચી જવાનો. આ જ રીતે, વિજ્ઞાનને કારણે નાની નાની સમસ્યાઓ પણ ઘણું વ્યાપક સ્વરૂપ પકડી લેતી હોય છે.

બીજી એક મજેદાર વસ્તુ એ છે કે, આ બાજુ, સમસ્યા જેટલી વ્યાપક અને કપરી હોય છે, એના ઉકેલ માટે એટલા જ ઝડપી નિર્ણયની આવશ્યકતા રહે છે. કારણ કે કાળનો મહિમા આજકાલ એટલો બધો વધી ગયો છે કે, એક એક કલાક ભારે કીમતી બની ગયો છે. આઠ વાગ્યે મળનારી ટપાલ જો નવ વાગ્યે મળે તો માણસ ગભરાઈ ઊઠે છે. ટપાલ મળવામાં જો એક કલાકનો વિલંબ થાય છે, તો એ દરમિયાન દુનિયામાં અનેક પ્રકારનાં અનિષ્ટો પેદા થઈ જઈ શકે છે.

સારાંશ એ કે, જ્યાં મોટી મોટી સમસ્યાઓ ઊભી થઈ ગઈ હોય, ને એને માટે ઝડપી નિર્ણયો લેવાની જરૂરિયાત સર્જાઈ ગઈ હોય, ત્યાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ એ ઘણો મોટો આશ્રય બરાબર છે.

જેમ અંતિમ બ્રહ્મ-દર્શનને માટે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સિવાય કોઈ ગતિ નથી, એ જ રીતે આ જમાનાની સમસ્યાઓના ઉકેલ માટે પણ એના સિવાય કોઈ ગતિ નથી. આ દિવસોમાં આખી દુનિયાના ખબર કેટલા ઝડપથી મળી

જાય છે, ને એક કલાકમાં તો એ આપણા મગજમાં એવું સ્થાન જમાવી લે છે. એ ખબરોની આપણા પર અસર થવા દીધા વિના, બિલકુલ તટસ્થ બુદ્ધિથી આપણે આપણા નિર્ણયો લેવાના હોય છે. જો એના પર અસર થાય છે, તો આપણા નિર્ણયો બરાબર નથી લઈ શકાતા. આમ આ જમાનામાં નિર્ણયશક્તિનો મહિમા બહુ જ વધી ગયો છે.

એટલા જ માટે ગાંધીજીએ સામાન્ય કાર્યકર્તાઓ સમક્ષ પણ ગીતાના આ શ્લોકો રજૂ કર્યા. માણસ અનેક પ્રકારે સમાજની સેવા કરી શકે છે. શારીરિક સેવા, માનસિક સેવા તથા વાણી દ્વારા પણ તે સેવા કરી શકે છે. પરંતુ આ બધામાં સૌથી શ્રેષ્ઠ સેવા એ છે કે, જેના વડે સમાજ વિચારવાની બાબતમાં સ્વાવલંબી બને છે××× જો સમાજની પ્રત્યેક વ્યક્તિમાં પોતાને માટે વિચાર કરવાની શક્તિ આવી જાય, તો એથી સમાજની ઘણી મોટી સેવા થઈ જાય છે.

જો સ્થિતપ્રજ્ઞનાં આ લક્ષણો આપણા લોકોના જીવનમાં આવી જાય—ને એ કંઈ બહુ મુશ્કેલ વસ્તુ નથી એ હું કહી શકું છું—તો સમાજના કોયડાના ઉકેલ બહુ સહજ બની જશે. કારણ એના પરિણામે ઘરઘરમાં નિર્ણયશક્તિ દાખલ થઈ ગઈ હશે. જેવી રીતે ઘરે ઘરમાં એક એક દીવો પ્રગટતાં રાતનો અંધકાર દૂર થઈ જાય છે, એ જ રીતે પ્રત્યેક ઘરમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ દાખલ થતાં નિર્ણયશક્તિ દાખલ થઈ જાય છે. આપણે જો એમ ઇચ્છતા હોઈએ કે દુનિયામાં 'લોકતંત્ર'ની સ્થાપના થાય—ને 'શાસનમુક્તિ' આવી જાય તો મનુષ્યની બુદ્ધિ શાંત, સમ, ને શુદ્ધ બનવી જોઈએ.

ગુમપુર, ૧૧-૯-'૫૫

સૌને માટે શક્ય માર્ગ

મેં શરૂમાં જ કહ્યું હતું કે દાનનો અર્થ છે સમવિભાજન. પરંતુ લોકો પૂછે છે કે 'સમવિભાજન'નો અર્થ જો એવો કરવામાં આવે કે, જેથી માલિકી મિટાવી દેવાની વાત પેદા થાય, તો એ તો વૈરાગ્ય-વૃત્તિનો સવાલ ઊભો થાય. એટલી વિરક્તિ લોકો શી રીતે કબૂલ કરશે?

હું સ્વીકારું છું કે 'સંવિભાજન'માં જો કેવળ વિરક્તિ (વૈરાગ્ય)નું જ રૂપ હોય, તો તે વ્યાપક ન જ બની શકે—લોકો એને ગ્રહણ ન કરી શકે.

એક અર્થમાં, વિરક્તિ તો અકરણાત્મક, અભાવાત્મક રૂપ છે. પરંતુ એનું રૂપ એવું નકારાત્મક નહીં, અનુરાગાત્મક છે. અમે બધાને એવું નથી કહેતા કે પોતાના શરીર અને પરિવારને સારાં ન ગણો. દેહ અને પરિવાર માટે વિરક્તિ હોવી એ કોઈ શુદ્ધ ગુણ છે, એવું અમે નથી માનતા. એમાં ગુણનો અંશ જરૂર છે, પરંતુ એ કોઈ પૂર્ણ ગુણ છે, એવું અમે નથી માનતા. અમે તો એમાં દોષ માનીએ છીએ, એટલા માટે તો વિરક્તિનો ઉપદેશ નથી કરતા.

જો કે કેટલાક સંતોએ **વિરક્તિનો** ઉપદેશ આપ્યો છે. પરંતુ જો આપણે એનું યોગ્ય સ્વરૂપ સમજી લઈએ તો જણાશે કે, એ **અનાસક્તિ જ** છે. શરીર યા પારિવારિક (કૌટુંબિક) જવાબદારીનો ત્યાગ—એવો એનો અર્થ કરવો ખોટો છે, જો કે એ રીતે જ એનો અર્થ થયો છે. એટલા માટે તો અમે કહીએ છીએ કે **અમે જે વિચાર ફેલાવીએ છીએ, તે એવી વિરક્તિનો નથી.**

આપ આપના શરીર અને પરિવાર માટે જે અનુરાગ રાખો છો, એ તો એક સારો ગુણ છે. પરંતુ એને સીમિત ન બનાવો, વ્યાપક કરો. અમારો હેતુ વૈરાગ્યપ્રચારનો નથી. અમે તો અનુરાગનો વિસ્તાર કરવા ઇચ્છીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે આપણે, ગામને આપણું એક મોટું કુટુંબ સમજીએ. આજ સુધી આપણે આપણું નાનકડું કુટુંબ હોવાનું સમજી લીધું હતું, એટલા માટે સંકુચિત બની ગયા; એને કારણે કેટલાં દુઃખ પેદા થયાં.

અમે કહીએ છીએ કે આપણા પરિવારને વ્યાપક બનાવવો જોઈએ, પરંતુ તે **અતિવ્યાપક** ન હોય. સાધારણ રીતે ગ્રહણ થઈ શકે એટલો જ વ્યાપક હોય.

અમે કબૂલ કરીએ છીએ કે, સમુદ્રમાં ભય લાગે છે. માણસની એમાં તરવાની હિંમત નથી થતી. પરંતુ અમે કહેવા માગીએ છીએ કે, નાળામાં પણ જોખમ તો હોય છે. એટલે અમે સમજાવીએ છીએ કે, આ જે નાનકડું નાળું પકડી રાખ્યું છે, એથી નહિ ચાલે.

[વિશ્વમાનવ : ઑક્ટોબર-નવેમ્બર '૫૮

આપણે સમુદ્રની તરફ પણ નથી જવું, બલ્કે નાની શી સુંદર નદી બનાવવી છે. આજ સુધીનો માનવતાનો વિકાસ અને આજના વિજ્ઞાનની માંગને નજરમાં લેતાં આજે આપણે આપણું કુટુંબ, જે બિલકુલ નાનકડા નાળાની જેમ સીમિત બનાવી રાખેલ છે, એને ગ્રામ સુધી વ્યાપક બનાવવું જોઈએ.

આમ એક બાજુ, અમે નાના નાળાને છોડવા માગીએ છીએ, અને બીજી બાજુ સમુદ્ર તરફ પણ જવા નથી ઇચ્છતા. અમે તો વચલી હાલત પસંદ કરીએ છીએ, જેમાં સેવાનું ક્ષેત્ર સારું રહે, ને બુદ્ધિ પણ વ્યાપક બને.

તમામ જમીન અને સંપત્તિ દેશ યા દુનિયાની છે, એમ કહેવામાં વિચારની ઉદારતા અને વિશાળતા આવે છે, પરંતુ એમાં સેવાની પ્રેરણા નથી થતી. એ તો બહુ વિશાળ વાત બની જાય છે, અને એક પ્રકારે અવ્યક્ત જેવી બની જાય છે. એથી એની ઉપાસના બહુ કઠિન બની જાય છે. બીજી બાજુ, જો આપણે નાનો પરિવાર બનાવી એમાં જ રહીએ તો, એથી સેવાની પ્રેરણા તો મળે છે, પણ વિચાર અનુદાર અને સંકુચિત બની જાય છે.

એટલા માટે સેવાની પ્રેરણા પણ બળવાન રહે અને વિચાર પણ ઉદાર બને એ દૃષ્ટિએ વિચારતાં, જમીન ગામની બનાવવાના વિચારમાં તમામ સારા વિચારોનો સમન્વય થઈ જાય છે.

આજના વૈજ્ઞાનિક જમાનામાં મનુષ્યનું જીવન જે રીતનું બન્યું છે તેનો વિચાર કરતાં, આપણે ગ્રામ-પરિવાર (આખા ગામરૂપી એક કુટુંબ) નહિ બનાવીએ તો, આપણને આપણી ઘણી બધી સમસ્યાઓ હલ કરવામાં મુશ્કેલી ઊભી થશે.

ગ્રામ-પરિવારની કલ્પનામાં જેમ નૈતિક ઉત્થાન છે, તે જ રીતે વ્યવહારની સગવડ પણ છે.

ભગવાન બુદ્ધે આને મધ્યમ માર્ગ કહ્યો છે.

ગુનપુર, ૧૨-૬-'૫૫

૪ : વિજ્ઞાનયુગ

આપણે વિજ્ઞાનનો પૂરો લાભ ઉઠાવવો છે. જો એમ કરી શકીએ તો આ ભૂમિને સ્વર્ગ બનાવી શકીએ એમ છીએ. પણ એ માટે આપણે આ વિજ્ઞાન સાથે હિંસા નહીં, અહિંસાને જોડવી પડશે. અહિંસા અને વિજ્ઞાનના મેળથી જ આ ભૂમિ સ્વર્ગ બની શકે. હિંસા અને વિજ્ઞાનના મેળથી તો તે ખતમ જ થઈ શકે છે.

અવળી સમજણ

કેટલાકને હજી પણ એમ લાગે છે કે, ગ્રામદાન થયા પછી આ વિજ્ઞાનના યુગમાં પેલા પછાત ગ્રામોદ્યોગ ચલાવવામાં આવશે; તો તેથી જીવન-ધોરણ સાવ હેઠું પડી જશે. એમને એ કદી સમજાતું જ નથી કે, આ ગ્રામદાની ગામો, વૈજ્ઞાનિકોનાં ગામો છે. આખા ગામનો એક સમાજ સ્થાપ, તે પછી જ ગામના વિકાસને માટે વિજ્ઞાનની મદદ લેવાનું શક્ય બનશે. જ્યાંસુધી જમીનના જુદા જુદા માલિકો હશે, ત્યાંસુધી ગામડું આધુનિક વિજ્ઞાનનો ઉપયોગ કરી શકવાનું નથી. માલિકી છોડશું તો ખેતી અને ઉદ્યોગ બંનેને વિજ્ઞાનની મદદથી ઉન્નત કરી શકીશું.

'સર્વોદયનો વિજ્ઞાન સાથે વિરોધ છે' એથી વધારે અવળી સમજણ બીજી હોઈ જ ન શકે. વિજ્ઞાનની મદદ એકેએક ગામમાં પહોંચાડવી, વિજ્ઞાનની મદદથી એકેએક ગામને પરિપૂર્ણ કરવાં, વિજ્ઞાનની મદદથી એકેએક ગામને આનંદથી કિલ્લોલતાં કરવાં, એકેએક ગામને સમૃદ્ધિથી છલકાવવું, નિસર્ગની સાથે એકરૂપ થઈ ને ગામેગામ માનવ-જીવનની સમૃદ્ધિ સાધવી; એ જ ગ્રામદાનની યોજના છે.

હવે પછી જે વિજ્ઞાન આવવાનું છે, તે સાદું વિજ્ઞાન નથી આવવાનું. હવે તો ઍટમની શક્તિ આવી રહી છે, તેની મદદથી ઉદ્યોગો વિકેંદ્રિત થઈ શકશે. તેનાથી ગામેગામ વિકેંદ્રિત રીતે શક્તિ ઉત્પન્ન થઈ શકશે. આજે કોલસાની શક્તિ કેંદ્રિત છે, તેલની શક્તિ કેંદ્રિત છે, પેટ્રોલની શક્તિ કેંદ્રિત છે. પણ ઍટમની શક્તિની ખૂબી એ છે કે, એ કેંદ્રિત રહી શકવાની જ નથી. તે તો ગામેગામ પેદા થશે. પરિણામે ગામેગામ સહેલાઈથી સૌને ઉદ્યોગ આપી શકીએ એવો યુગ

હવે આવવાનો છે. તેથી અણુયુગમાં દરેક ગામને વૈજ્ઞાનિક રીતે પરિપૂર્ણ બનાવી શકાશે. વિજ્ઞાનની ગરજ સર્વોદયને સૌથી વધારે છે. વિજ્ઞાનને હિંસાના હાથમાં સોંપવું એટલે વાંદરાના હાથમાં મશાલ આપવા બરાબર છે. સર્વોદયના હાથમાં વિજ્ઞાન એટલે અગ્નિહોત્રીના હાથમાં અગ્નિ.

નંદરબાર, ૩-૮-'૫૮

વિજ્ઞાનને આવકાર

હું એકે એક ક્ષેત્રમાં વિજ્ઞાનને આવકારું છું. આપણે રોગોનો નાશ કરવો છે, પાક વધારવો છે. આ માટે વિજ્ઞાનનો ખપ પડશે. આજે માણસને પોતાના શરીરનું પણ પૂરતું ભાન નથી. એ માટે વિજ્ઞાનનો ખપ પડશે. પણ વિજ્ઞાન અને યંત્ર એક નથી; એ ધ્યાનમાં રાખવું જોઈએ. આત્મા એ અંદરની વસ્તુ છે. એના જ્ઞાનને આત્મજ્ઞાન કહે છે, તેમ બહારની સૃષ્ટિના જ્ઞાનને વિજ્ઞાન કહે છે.

મનુષ્ય માટે બંને જરૂરી છે. બંને મળીને મનુષ્યનું જીવન સુખકારક થઈ શકે. પરંતુ આપણે વિજ્ઞાનનો ઉપયોગ કેવી રીતનો કરીએ છીએ, એના પર માનવનાં સુખદુઃખનો આધાર રાખે છે. આપણે એનો ઉપયોગ જનતાનું સુખ વધારવા માટે, એકતા વધારવા માટે, જનતાને સમૃદ્ધ કરવા માટે કરીએ છીએ કે જનતામાં ફાટફૂટ પડાવવા અને ગણ્યાગાંઠ્યા લોકોના હાથમાં સત્તા જાળવી રાખવા સારુ કરીએ છીએ, એ આપણી સામેનો સવાલ છે.

આજે વિજ્ઞાન કોના હાથમાં સોંપવું, એ આપણે માટે સવાલ છે. આજ તો એ થોડા જણાના હાથમાં રહે એવું કેટલાક ઇચ્છે છે. પણ હું સૂચવું છું કે વિજ્ઞાનની પણ વહેંચણી કરો!

ભૂમિની વહેંચણીનું કામ તો હાથ ધર્યું છે. એની સાથે સાથે બીજી પણ કેટલીય વસ્તુઓની વહેંચણી કરવાની છે. આપણે શિક્ષણની વહેંચણી કરવી છે. નહીં તો આજની જેમ થોડાને શિક્ષણ મળશે અને બાકી બધા અભણ રહી જાય છે તેવું થશે, અને તેથી ગણ્યાગાંઠ્યાઓનું બાકીનાઓ પર રાજ ચાલશે. એમાંથી એક નવી જાતની ગુલામી ઊભી થશે. તેથી આ ભૂમિની વહેંચણીની જે વાત સૂઝી છે તે તો એક ઈશારો માત્ર છે. એના આધાર પર આપણે બીજી ચીજોની પણ વહેંચણી કરવી છે.

અણુશક્તિનો યુગ

અણુશક્તિની સામે વરાળ, તેલ, કોલસો, વગેરે શક્તિઓ સાવ મામૂલી લાગે છે. એ બધી મામૂલી શક્તિઓ હવે ક્ષય પામવાની છે. પરંતુ અણુશક્તિ એ શક્તિઓ જેવી નથી. એ તો અક્ષય-શક્તિ છે. જે રીતે અણુયુગે વિજ્ઞાનને ક્ષેત્રે અક્ષય-શક્તિ પેદા કરી છે, તેવી જ રીતે તત્ત્વજ્ઞાન અને ધર્મને ક્ષેત્રે પણ હવે જૂનવાણી પદ્ધતિની ધર્મ વિશેની કલ્પનાઓ નથી ટકવાની. કારણ એ કલ્પનાઓ માનસિક ભૂમિકા પર કરાયેલી કલ્પનાઓ હતી.

પ્રાચીન યુગમાં યોગીઓ એ ઉન્મની અવસ્થાની કલ્પનાથી સુપરિચિત હતા. પરંતુ આ યુગના આધ્યાત્મિક ક્ષેત્રમાં તો એ કલ્પના તદ્દન મામૂલી—દાળભાત જેવી છે, સાદા સ્વચ્છ આહાર જેવી છે, લાડુ-ચૂરમા જેવું કોઈ અસાધારણ પકવાન નથી. તો આપણે આ ઉન્મની અવસ્થા પ્રત્યે ધ્યાન જ ન આપીએ, અને પેલા પ્રાચીન કાળમાં થઈ ગયેલા બધા ધર્મોને માથે ચડાવીને ફર્યા કરીએ, તો આ વિજ્ઞાનયુગમાં આપણે નહીં ટકીએ. હવે તો આપણે આપણા મનને જ બદલવું પડશે. શ્રી અરવિંદે કહ્યું કે, અતિમનસનો ઉદય થઈ રહ્યો છે, અને હવે એ જ શક્તિથી કાર્યો થવાનાં છે. આમ આધ્યાત્મિક શક્તિની જે કલ્પના કરવામાં આવતી હતી, તે કલ્પના હવે સામાજિક થઈ રહી છે. હું માનું છું કે એ કલ્પનાનું સામાજીકરણ કરવાની ફક્ત શક્યતા જ નહીં, પરંતુ અનિવાર્યતા વિજ્ઞાને આપણી સામે ઉપસ્થિત કરી દીધી છે.

દેવળ (જિ. રત્નાગિરિ), ૨૬-૪-'૫૮

અહિંસા ને વીજળી

અહિંસક યોજનામાં વીજળી વાપરવી કે નહીં તે મુદ્દા વિશે બંને તરફે જેટલી દલીલો થઈ શકે તેટલી આપણી સામે પડેલી જ છે. એકાદી વક્તૃત્વ હરીફાઈ માટે એ એક સારો વિષય છે. પણ તમે જ્યારે દેશ આખાનું નિયોજન કરવા બેસશો, ત્યારે ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં ભિન્ન નિર્ણય લેવા પડશે. રેંટિયો એ પોતે જ કાંઈ અહિંસા નથી. રેંટિયાને આધારે પણ થોડુંક શોષણ થઈ શકે છે. પણ થોડુંક શોષણ થતું હોય તો પણ એકંદરે તો તે પોષણ આપે છે એવો તેનો દાવો છે. કેટલાક જણ લાચારીપૂર્વક

શોષણ પણ મેળવી શકે છે, તેથી જ તો રેંટિયાની સાથે સાથે થનારું થોડું ઘણું શોષણ કબૂલી લે છે

જેમ રેંટિયામાં ય શોષણ થઈ શકે છે, તેમ અતિ યાંત્રિક ઉદ્યોગો પણ શોષણમુક્ત બને તેવી રચના કરી શકાય છે. મોટા ઉદ્યોગો તેમના સ્વભાવે કરીને જ શોષણ કરે તેવા નથી તેના આ સ્વભાવ સાથે બીજી કેન્દ્રીક વસ્તુઓ જોડી દઈએ તો કેટલાક યાંત્રિક ઉદ્યોગોને પણ અહિંસાને અનુકૂળ કરી શકાશે.

ઉત્તર (જિ કોલ્હાપુર,) ૨૫-૩ '૫૮

વિજ્ઞાનને અહિંસાનું અનુપાન

આજે વિજ્ઞાનને કારણે માણસને જાતજાતની અને ભાતભાતની સિદ્ધિઓ અને શક્તિઓ પ્રાપ્ત થઈ છે માણસ એનો ઉપયોગ આત્મૌપમ્યથી કરે તો દુનિયાપર સ્વર્ગ ઊતરે એક જમાનામા માણસની બધી શક્તિઓ કુદરત સાથે બાથ ભીડવામા એને ખરચવી પડતી આજે તેટલી શક્તિ ખરચવી પડતી નથી એટલે આજે આપણા હાથમા એવી શક્તિઓ આવી છે કે ધારીએ તો પૃથ્વી પર સ્વર્ગ ઊભુ કરી શકીએ પણ જો વિજ્ઞાનની સાથે હિંસાને જોડી દઈશુ તો દુનિયાનો સર્વનાશ થશે

વિજ્ઞાન ખૂબ આગળ વધે એમ હું ઇચ્છુ છુ કારણ, હુ માનુ છુ કે વિજ્ઞાનથી મનુષ્યનુ જીવન સફળ અને સમૃદ્ધ બની શકે છે પણ એની સાથે એક વસ્તુ ધ્યાનમા રાખવી જોઈએ વૈદ્ય બીમાર માણસને દવા આપે છે, એ કહે છે કે દવા ગુણકારી ને વીર્યવાન છે, પણ એની સાથે અનુપાન બરાબર જરૂરી છે અનુપાન નહી લો તો દવા જેટલી ગુણકારી અને વીર્યવાન છે, તેટલી જ શરીરને નુકસાન કર્તા નીવડશે તેવી જ રીતે વિજ્ઞાન માટે અહિંસાનુ અનુપાન પાળવુ જરૂરી છે

પહેલાના જમાનામા માણસ મોટે ભાગે પોતાના સવાલનો નિવેડો હિંસાથી આણતો. પણ તે સમયે હિંસા આટલી આગળ વધેલી નહોતી તેથી એ હિંસાથી એટલો મોટો વિનાશ પણ થતો નહોતો

રામગઢ, ૧૩-૭-૧૯૫૩

વિજ્ઞાન અને આત્મજ્ઞાન

મનુષ્યનુ જીવન અનેકવિધ શાખાઓથી પૂર્ણ છે જીવનની અનેક શાખાઓ છે અને એમાની એક એક શાખાનુ અધ્યયન કરનારા કેટલા યે હોય છે એક એક શાખા પર શાસ્ત્રો લખાયા છે, અને એવા શાસ્ત્રોની સખ્યા દહાડે દહાડે વધતી જ જાય છે પણ સૌથી વધારે ગૂચવનારુ અને છતા મહત્ત્વનુ તથા રોજે રોજ વિકાસ પામનારુ શાસ્ત્ર તે સમાજશાસ્ત્ર છે. સમાજશાસ્ત્રના પેટમા અનેક શાસ્ત્રો સમાય છે પણ પ્રાચીન કાળથી આજ સુધીમા જુદા જુદા દેશોની પરિસ્થિતિ પ્રમાણે જુદી જુદી રીતે એ રચાયા છે આજના જમાનાની સૌથી મોટી શક્તિ વિજ્ઞાન છે જૂના જમાનામા જુદા જુદા દેશોમા જે સમાજશાસ્ત્રો રચાયા, તે બધા માનસશાસ્ત્રોને આધારે રચાયા હતા આજ સુધીની સમાજરચના માનસશાસ્ત્રને આધારે જ કરવામા આવી હતી. એમા એવો વિચાર કરવામા આવતો કે 'બીજાને પણ મારી જેમ જ કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે લાગણી થાય છે એનુ સમાધાન શી રીતે કરવુ ? એના પર કઈ રીતે કાબૂ રાખવો કે જેથી અનર્થ ન થતા સૌને સુખ મળે ?'

વિજ્ઞાન મનથી પર

પણ વિજ્ઞાનનો આ જમાનો કઈક જુદી જ વાત કરે છે વિજ્ઞાન મનથી પર છે, મનથી ઉપર છે સામે પડેલી વસ્તુનો ગુણધર્મ મારી ઇચ્છા પર નભતો નથી ખાંડનુ ગળપણ, મીઠાની ખારાશ કે મરચાનુ તીખાશ હોવાપણુ એ મારી ઇચ્છા, મારી વાસના કે મારી બુદ્ધિ પર આધાર રાખતુ નથી, એ સ્વતંત્ર છે એની મારા પર જે અસર પડે, તેની જવાબદારી મારી બાજુ એનુ પોતાનુ તો એક સ્વતંત્ર અસ્તિત્વ છે વિજ્ઞાને બતાવી આપ્યુ કે આપણે સૃષ્ટિના નિયમો પ્રમાણે ચાલવુ જ પડશે આમ તો સૃષ્ટિના નિયમો અનેક છે, પણ એમાથી મૂળભૂત નિયમ એ છે કે 'વાવો તેવુ લણો ' આંબાની ગોટલી વાવશો તો કેરી પામશો ને બાવળ વાવશો તો કાંટા પામશો આમા ફેર પડે તેમ નથી આમ તો એ વાતની આપણને પહેલેથી જ ખબર છે, પણ આજે વ્યાપક થયેલા વિજ્ઞાને એ વાત ખૂબ મોટા પાયા પર પ્રગટ કરી, એટલે સૃષ્ટિ અગેનો આ અનુભવ આપણે સૃષ્ટિ પૂરતો મર્યાદિત રાખી શકીએ તેમ નથી

સમાજશાસ્ત્ર પણ આપણે એ અનુભવને આધારે રચવું પડશે. આજ સુધી બૂરાઈનો સામનો બૂરાઈથી કરવાના અનેક પ્રયત્નો થયા. પણ વિજ્ઞાન કહે છે કે એનાથી તો બૂરાઈ વધતી જ જાય, ઘટે બટે નહીં. વિજ્ઞાનને કારણે લોકોને આનો પ્રત્યક્ષ અનુભવ થઈ રહ્યો છે.

વિશ્વવ્યાપી શક્યતા

એવી જ રીતે વિજ્ઞાને સામૂહિક પ્રયત્નોની દિશા ખોલી છે. આજ સુધી સામૂહિક ભાવના સંકુચિત હતી તે વિશ્વ-વ્યાપી બની ગઈ છે. આપણે ત્યાં કેટલા મોટા મોટા સમ્રાટો ને એમનાં સામ્રાજ્યો થઈ ગયાં. પણ દુનિયાને બીજે છેડે શું ચાલી રહ્યું છે તેનું એમને ભાન યે નહોતું.

પણ આજે વિજ્ઞાને એવી હાલત કરી મેલી છે કે હવે તો જે કંઈ થશે તે બધું જ સામૂહિક રીતે જ થવાનું. હિંસા માટેનાં હથિયારો બનાવવાનાં હશે તો પણ તે વિશાળ પાયા પર, અને અહિંસાનું સંગઠન થવાનું હશે તો તે પણ વિશાળ પાયા પર. ક્રૂરતાભર્યાં કામો પણ થશે તો વિશાળ પાયા પર થશે અને દયાનાં કામો થશે તો તે પણ વિશાળ પાયા પર થશે.

વિજ્ઞાન અને આત્મજ્ઞાન

ભગવાન બુદ્ધ જેવાનો અવાજ દુનિયામાં ફેલાતાં સેંકડો વર્ષ વહી ગયાં. જ્યારે આજે મારા જેવા સાધારણ માણસનો અવાજ પણ દુનિયાભરમાં ઘડીના છઠ્ઠા ભાગમાં ફેલાઈ જાય છે. એટલે હવે જે કંઈ કામ, ચિંતન કે પ્રયોગ થશે તે સામૂહિક રીતે જ થવાનાં. તેથી તો મેં કહી રાખ્યું છે કે, હિંદુસ્તાનમાં જે આત્મજ્ઞાન પ્રગટ થયું તેનાથી વ્યક્તિગત ક્ષેત્રમાં કેટલુંક સંશોધન થયું. હવે પશ્ચિમમાંથી આવેલા વિજ્ઞાનનો પ્રભાવ પડવા માંડ્યો છે.

આજે તો જે કંઈ યોજના થશે, કે જે કંઈ સંગઠન થશે તે બધું જ ખૂબ મોટા પાયા પર થવાનું. એટલે હવે પહેલાંની જેમ એક જાતિ ને બીજી જાતિ વચ્ચેના ઝઘડા નહીં થાય; દેશ દેશ વચ્ચે પણ લડાઈ નહીં થાય; હવે થશે તો એક રાષ્ટ્રસમૂહ અને બીજા રાષ્ટ્રસમૂહ વચ્ચે લડાઈ થશે. વિજ્ઞાન તો બોલી ચૂક્યું છે. એ કહે છે કે, બૂરાઈનું ફળ બૂરું અને ભલાઈનું ફળ ભલું આવશે, વ્યાપક રીતે એનો પ્રયોગ કરીને અનુભવ કરી જુઓ.

. તેથી લોકો જ્યારે વિશ્વયુદ્ધની વાત કરે છે ત્યારે મને તો ઉત્સાહ જ આવે છે. એમ લાગે છે કે લોકો જોરથી અહિંસા તરફ દોટ મૂકી રહ્યા છે. વિજ્ઞાન અને હિંસાનો હાથમેળાપ થયો તો નક્કી માનવ જાતિનું ધનોત-પનોત નીકળી જવાનું છે અને તેથી વિજ્ઞાન સાથે અહિંસાને જોડવાની વૃત્તિ જ બરાબર છે. હિંસાના નાના નાના પ્રયોગો થયા કરશે તો એનો પાર નથી આવવાનો; પણ જો મોટો પ્રયોગ થશે તો તુરત જ પરિણામ આવીને ઊભું રહેશે. એમાં કાં તો માણસની બુદ્ધિ ફેરવાશે અને કાં માણસ જાત ખતમ થઈ જશે. પણ મને ખાતરી છે કે માણસમાં અક્કલ છે, અને તેથી એ પોતાની જાતને નિર્વીર્ય બનવા નહીં દે. અને આ પ્રયોગોનો થોડા જ વખતમાં અંત આવવાનો છે. પછી જે અહિંસા આવશે તે વિશાળ પાયા પર આવશે.

ગતિ આપવી એ વિજ્ઞાનનું કામ છે. પણ અમુક ચોક્કસ દિશામાં દોરી જવાનું કામ વિજ્ઞાનથી નથી બનતું, એ તો આત્મજ્ઞાનથી જ થાય. વિજ્ઞાન ગતિ આપે અને આત્મજ્ઞાન દિશા ચીંધે છે. મોટરમાં ગતિ આપનારું યંત્ર જુદું હોય છે અને એને અમુક દિશામાં લઈ જનારું યંત્ર જુદું હોય છે. હોડીમાં પણ ગતિ અમુક રીતે અપાય છે અને દિશામાં વાળવાનું બીજી રીતે થાય છે. તો આમ દિશા ચીંધનારી અને ગતિ આપનારી એ અલગ અલગ શક્તિઓ છે. વિજ્ઞાન ગતિ છે, દિશા ચીંધવાની શક્તિ એનામાં નથી. એ તો આત્મજ્ઞાનમાં છે. પણ હવે વિજ્ઞાન અને આત્મજ્ઞાન નજીક આવી રહ્યાં છે.

પટણા, ૧૦-૧-૧૯૫૪

સ્થિતપ્રજ્ઞતા અનિવાર્ય

આપણે જેને timeless thinking (કાલાતીત ચિંતન) કહેવું જોઈએ. મુદત, લક્ષ્યાંક વગેરેની વાત મેં જ કરી હતી એ સાચું છે. કાર્યની સ્થૂળ પ્રેરણા માટે એ જરૂરી હતું. પણ આપણે સમજવું જોઈએ કે એક ચોથું પરિમાણ (fourth dimension) કામ કરી રહ્યું છે. આપણને જે ત્રણ પરિમાણો જોઈએ છે (લંબાઈ, પહોળાઈ ને ઊંચાઈ) તે ઉપરાંત એક ચોથું પણ છે, જે બધાને જોડે છે, જેની ઝાંખી તત્ત્વજ્ઞાની અને વૈજ્ઞાનિકો બંનેને થઈ રહી છે. તત્ત્વજ્ઞાની તો નક્કર વિચાર કરનાર હતા

[વિ૫માન: ર્‌ઙ. ૨.ભા-નવેમ્બર '૫૮

તેમને પણ ચતુર્થ પરિમાણ કળાવા માંડયું છે. એવી કાલાતીત અવસ્થામાં વિચાર કરવો જોઈએ; નહીં તો આપણી દૃષ્ટિ કુંઠિત થઈ જશે.

આજે જે સવાલો પુછાય છે તે સમસ્ત વિશ્વના પુછાય છે. ઓછામાં ઓછા સમયમાં આજે મોટામાં મોટા સવાલોના જવાબ આપવા પડે છે. આનાથી મોટી આપત્તિ બીજી કોઈ ન શકે. તેથી તો આજે સ્થિતપ્રજ્ઞ માણસોની આવશ્યકતા છે. પહેલાં સવાલો પણ સહેલા હતા અને ક્ષેત્ર પણ નાનું હતું. ત્યારે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોવાળા ઓછા હોત તો ચાલત; પણ આજે તો માથે મોટાં જોખમ ઝઝૂમે છે. એકાદ મુત્સદ્દીનો એકાદો શબ્દ આજે આખી દુનિયાને હેરાન પરેશાન કરી નાંખી શકે તેમ છે. વિચાર ઝપાટાબંધ કરવા પડે એવી સ્થિતિ વૈજ્ઞાનિક સાધનોએ કરી મૂકી છે. આજે બીજાં બધાં કામો માટે ફુરસદ મળે છે, પણ ચિંતન માટે સમય નથી મળતો.

આવી પરિસ્થિતિના ધક્કાને પરિણામે હવે મનુષ્ય અંતર્મુખ બનવા માંડ્યો છે. આજના જમાનાના ઋષિઓનું મન ચતુર્થ પરિમાણમાં કામ કરે છે.

આર્સિકેરે, તા. ૮-૧૧-'૫૭

અહિંસાના સુપર્વનો આરંભ

મેં ધાર્મિક-સાહિત્યનું જે કંઈ અધ્યયન કર્યું છે એમાંથી હું એટલું સમજ્યો છું કે માનવ-સમાજને હજી આત્મજ્ઞાનનો જરાક અમસ્તો અંશ જ પ્રાપ્ત થયો છે. આજે શું થાય છે? મારી નજર સામે કોઈ ને વીંછી કરડયો હશે તો મનમાં બહુ બહુ તો થોડી કરુણા છૂટશે. ખરેખર જો આત્મજ્ઞાન થયું હોય, 'હું અને તે એક જ છીએ,' એવી આત્માનુભૂતિ હોય તો એને જે વેદના થઈ તે જ મને પણ થવી જોઈએ. અથવા તો એનાથી ઊલટું, જો હું અત્યંત પ્રસન્ન હોઉં, શાંત હોઉં તો, જેને વીંછી કરડયો છે તેને પણ મારાં શાંતિ ને આનંદ પહોંચી જવાં જોઈએ! એમાંથી એક તો થવું જ જોઈએ. કાં તો વીંછીનો ડંખ મને લાગવો જોઈએ, અથવા તો મારો આનંદ ને શાંતિનો ભાવ વીંછી કરડેલા પાસે પહોંચવો જોઈએ.

આટલું વ્યાપક ને વાસ્તવિક આત્મજ્ઞાન માણસને હજી તો થયું નથી. એક અંશ માત્ર થયું છે. તેથી હજી તો એને અંદર થોડીક કરુણા જ પેદા થાય છે.

વિજ્ઞાનનું નિવેદન

અને વિજ્ઞાન શું કહે છે? અમે બહુ જ અધૂરાં છીએ, તેથી અમારે બ્રહ્માંડનું જ્ઞાન મેળવવું છે, એના પર કાબૂ મેળવવો છે, એવી મહત્ત્વાકાંક્ષા એ રાખે છે. એમને ખબર છે કે એ અશક્ય ધ્યેય છે છતાં એને જ એ ધ્યેય તરીકે સામે રાખે છે.

મને તો સો ટકા ખાતરી છે કે ખરેખર તો આત્મજ્ઞાનનો એક નાનકડો અંશ જ માનવ-જાતિને મળવા પામ્યો છે. અને સૂરજ ઊગે છે તે વાત પર જેટલો વિશ્વાસ રાખું તેટલો જ વિશ્વાસ મને એ વાત પર પણ છે કે, આપણે બીજાને માટે મરી છૂટશું, એમાં મને કશું અચરજ લાગતું નથી. માનવ-સમાજ એ કરશે જ કરશે. માનવ-સમાજને ભગવાને સોંપેલું એ કામ છે.

અહિંસા શક્તિનો પસારો

આ બધું શું થઈ રહ્યું છે? હિંસાશક્તિ અહિંસાને સ્થાને આવવાને માટે જ પોતાની અંતિમ સીમા તરફ ધસી રહી છે! એ આગળ વધે છે તે એટલા જ માટે કે અહિંસાનો માર્ગ મોકળો બને. પણ જે લોકો આ વાત સમજતા નથી તે કહે છે કે, "અણુબૉંબ બંધ કરો," એને રોકો. તો તેને બદલે શું રાખે? લાઠી કે ખંજર? પણ મારું કહેવું તો એમ છે કે જ્યાંસુધી લાઠી ને ખંજર ચાલશે ત્યાંસુધી અહિંસાને સ્થાન જ નહિ મળે. અહિંસાને સ્થાન કરી આપવાવાળા તો અણુબૉમ્બ ને હાઈડ્રોજનબૉમ્બ છે. ને તેથી યે જબરા કોઈ બૉમ્બ બને તો તે છે. પહેલાં કોઈ સામે થાય તો એને લાઠી વીંઝીને પાડી દેતા. કેટલું ભયંકર ને ક્રૂર કામ હતું! પણ હવે શું કરીએ છીએ? હવે તો જોવાયે નથી રહેતા કે આગ લાગી કે શું થયું. એમાં ક્રૂરતા છે ક્યાં? આ તો મૂઢતા છે. આજની લડાઈમાં આમ સીધી ક્રૂરતા ઓછી છે. અહીં બેઠાં ને પણેથી સંહારનું શસ્ત્ર ફેંકીએ તો એક આખું યે રાષ્ટ્ર દરિયામાં જાય. આમાં ક્રૂરતા શાની? મૂઢતા થઈ. એક કોઈને હથેળીમાં લઈ ને મસળી નાખીએ તો તે અત્યંત ક્રૂરતા થશે, કેમકે તે નજરની સામે થાય છે ને સહન નથી થઈ શકતી.

પરિણામ અને કાર્ય

આજે યુદ્ધમાં ક્રૂરતા નથી. પરિણામ ક્રૂર છે, પણ કાર્ય ક્રૂર નથી. આ ફેર સમજવો જોઈએ.

પરિણામ એક વસ્તુ છે ને કાર્ય બીજી વસ્તુ છે. એવી જ રીતે આજની લડાઈનું પરિણામ ક્રૂર છે પણ કાર્ય ક્રૂર નથી. તે તો તદ્દન ગણિત પ્રમાણે જ થાય છે. વિજ્ઞાનનો પણ એને સાથ છે. બૉમ્બનું આટલું વજન હોવું જોઈએ, આટલી ચીજો અંદર હોવી જોઈએ, આટલા માઈલની ગતિથી એણે જવું જોઈએ, કઈ દિશામાં જાય–એનું નિયંત્રણ કરનારાં સાધન, નક્કી કરેલા સ્થળે જ પડે—શું આ બધાં ક્રૂર કામો છે? આ તો શાસ્ત્રીય ને વૈજ્ઞાનિક બુદ્ધિનું કામ છે. દોષ એટલો જ છે કે એની પાછળ મનની મૂઢતા છે. શી મૂઢતા છે? એમને લાગે છે કે આનાથી સમસ્યાનો નિકાલ આવશે. નથી આવતો, તો એ પ્રયોગ રોકવાથી યે નિકાલ નથી થઈ શકવાનો, એ વાત પણ નથી સમજાતી.

કશું પરિણામ નહિ નીપજે ત્યારે શું કરશે? ત્યારે જે હાથોએ એ શસ્ત્રો બનાવ્યાં છે, તે પોતાની મેળે જ એ શસ્ત્રોને ખતમ કરશે. ત્યારે હિંસાનું સ્થાન અહિંસાને મળશે.

અને એ રીતે અહિંસાનાં પગરણ એવાં તો મંડાશે કે પછી માનવજાતિ હિંસા તરફ કદી પાછું વાળીને ય નહીં જુએ. ગીતામાં કહ્યું છે કે "यद्गत्वा न निवर्तन्ते" જ્યાં ગયા પછી પાછું ફરવાનું છે જ નહિ, એવી પાકી અહિંસા એ થશે. કારણ કે હિંસાના પૂરેપૂરા પ્રયોગ પછી ને પૂરું સમાધાન થયા પછી જ એ છૂટવાની છે. અત્યાર સુધી શું થતું આવ્યું છે?

હિંસક લોકો વચ્ચે અસમાધાન જ રહ્યું. જ્યારે લડાઈ થતી ને સફળતા ન મળતી, ત્યારે વિચારતા કે આટલી હિંસા પૂરતી ન થઈ; હજી વધારવી જોઈએ. તો યે વળી હાર થતી તો વિચારતા કે ફલાણી—ઢીંકણી ખામી રહી ગઈ, એટલે હાર્યા. માટે એથી ય સારાં હથિયાર તૈયાર કરવાં પડશે; આમ હિંસાની પૂર્ણતા થતી ગઈ. પણ હવે અહિંસાના પર્વનો રીતસરનો આરંભ થશે. એટલે ફરી પાછા ધમ્મપદ, ગીતા અને બાઈબલ ઘરઘરમાં, હૃદય-હૃદયમાં વસશે. ને ત્યારે તે માત્ર પુસ્તકોમાં જ નહિ રહે. માનવના મનની અંદર વસી જઈ, એમનાં ચિત્તમાં એ રસાઈ જશે.

લોકોને જ્ઞાન થઈ ગયું હશે કે આ હાડમાંસના શરીરનું કશું મહત્ત્વ નથી, એની કિંમત ફૂટી કોડી જેટલી યે નથી. આટલું તો હિંસાદેવીએ શીખવાડ્યું છે ને? એક બૉમ્બથી લાખો જીવતાં લોકો મરી જાય છે, એનો અર્થ બીજો શો? એ રીતે ભગવાને આપણને શરીરથી આપણા જુદાપણાનું જ્ઞાન કરાવ્યું છે, તે સમજીને પછી ઠંડા દિમાગથી વાતચીત કરવી પડશે.

આસિંકેરે, ૮-૧૧-'૫૭

સંત વિનોબાને 'સામાજિક નેતૃત્વ'નું બહુમાન

ભૂદાનક્રાંતિએ ભારતના જ નહિ, પરંતુ આખા એશિયા અને યુરોપના વિચારક વર્ગને પણ પોતાના તરફ આકર્ષ્યો છે. એટલું જ નહિ, એશિયા ને યુરોપના કેટલાય દેશના લોકો ભારત આવી આવીને વિનોબાની અનોખી પદયાત્રામાં જોડાયા છે.

આર્થિક વિષમતાને કારણે સમાજમાં વ્યાપ્ત થઈ ગયેલ અન્યાયને દૂર કરવાની મથામણ આજની દુનિયાની સૌથી મોટી મથામણ છે. અનેક અખતરાઓ અજમાવી ચૂકેલ દુનિયાને માટે, વિનોબાનો વિચાર ને એમની પ્રવૃત્તિ એક નવો જ ઉઘાડ સૂચવે છે. દુનિયાની માનવતાને માટે આશાનો સંદેશ લઈ ઘેર ઘેર ઘૂમતા આ સંતને વધાવી લેતાં, રામોન માગસાયસાય ફાઉન્ડેશન નામની સંસ્થાના ટ્રસ્ટીઓએ આચાર્ય વિનોબા ભાવેને 'સામાજિક નેતૃત્વ'-(કમ્યુનિટી લીડરશિપ)ના બિરુદ માટેનો એવોર્ડ એનાયત કરી તેમના પ્રત્યેનું બહુમાન વ્યક્ત કર્યું છે.

આ રામોન માગસાયસાય ફાઉન્ડેશન, ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખ માગસાયસાયના આદર્શોના સન્માન અર્થે ગયે વર્ષે જ સ્થપાયેલ એક સંસ્થા છે. તેનો હેતુ એશિયાભરના દેશોમાં સમાજ તથા રાજકારણના ક્ષેત્રે, પત્રકારિત્વ તેમ જ સાહિત્યના ક્ષેત્રે, તથા આંતરરાષ્ટ્રીય સમજૂતી દ્વારા વિશ્વની માનવતાની સેવા બજાવનાર વ્યક્તિનું સન્માન કરવાનો છે.

આવી આ સંસ્થાએ વિનોબાનું બહુમાન કરી ઉત્તમ આરંભ કર્યો છે.

પ્રવૃત્તિ-પરિચય

જયપ્રકાશ : 'ભારત નવવિધાન'

શ્રી. જયપ્રકાશ નારાયણ છેલ્લા થોડાક મહિના દરમ્યાન યુરોપના વિવિધ દેશોનો પ્રવાસ ખેડી પાછા ભારત આવી ગયા છે, અને આવતાં વેંત તેમણે 'ભારત નવવિધાન'ના કેટલાક મુદ્દાઓ અમદાવાદ, મુંબઈ અને દિલ્હીમાંની તેમની સભાઓ સમક્ષ જાહેરમાં રજૂ કર્યા છે; તથા શ્રી. વિનોબા, પં. નહેરુ અને ડૉ. રાજેન્દ્રપ્રસાદ સમક્ષ આ મુદ્દાઓની છણાવટ કરી રહ્યા છે.

શ્રી જયપ્રકાશે જાહેર ભાષણોમાં નીચેના મુદ્દાઓ ભારપૂર્વક રજૂ કર્યા હતા—

૧. ઓછામાં ઓછા ગ્રામપંચાયતોથી શરૂ કરી મ્યુનિસિપલ કોરપોરેશનો સુધી તો પાર્ટીબાજી ખતમ થવી જ જોઈએ. અને એવી ચૂંટણીઓ અને કારભાર પાર્ટી ધોરણે ન થાય તે પ્રકારનો કાનૂન હોવો જોઈએ.

૨. રાજ્યની ધારાસભા તથા પાર્લમેન્ટની ચૂંટણી માટેના ઉમેદવારોની પસંદગી 'ઈલેક્ટરલ કૉલેજ' દ્વારા કરવામાં આવે. આ 'ઈલેક્ટરલ કૉલેજ'ના પ્રતિનિધિઓની ચૂંટણી સર્વસાધારણ મતદારોએ કરેલી હશે. દરેક મત વિભાગના મતદારો ભેગા થઈ પોતાનામાંથી પક્ષરહિત ધોરણે આ ચૂંટણી કરે; અને જેમને 'ઈલેક્ટરલ કૉલેજ' દ્વારા ૩૦ ટકા મત મળ્યા હોય તેવા પ્રતિનિધિઓને જ દરેક પક્ષે પોતાના ઉમેદવારો તરીકે ઊભા રાખવા.

૩. ભારતના જે પક્ષો "સમાજવાદ અને લોકશાહી" માં માનતા હોય તેવા તમામ પક્ષોની પરિષદ વડા પ્રધાને બોલાવવી. અને એવી પરિષદમાં સૌને માન્ય એવો કાર્યક્રમ ઘડી કાઢવો. અલબત્ત, દરેક પક્ષને આ કાર્યક્રમ અંગે પોતાના વિચાર જાહેરમાં મૂકવાની છૂટ હોવી જોઈએ. પરંતુ સૌ પક્ષોએ આ સ્વીકારેલા કાર્યક્રમના અમલ માટે લાગી જવું જ જોઈએ.

૪. વડા પ્રધાન પં. નહેરુ, આચાર્ય વિનોબા ભાવે તથા અન્ય રાષ્ટ્રીય નેતાઓએ ૬ લાખ સ્વાર્થરહિત સ્વયંસેવકો માટે હાકલ કરવી જોઈએ. આ સ્વયંસેવકો પક્ષરહિત બની રાષ્ટ્રીય નવઘડતરના કામમાં લાગી જઈ આમ-પ્રજાને ઉત્સાહિત કરે.

*

આ ઉપરાંત—

તાજેતરમાં શ્રી જયપ્રકાશે પં. નહેરુ સમક્ષ જે ૧૧ મુદ્દાનો કાર્યક્રમ રજૂ કર્યો છે, તેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.—

૧. ભૂદાન-ગ્રામદાન પ્રવૃત્તિને ટેકો.

૨. જમીનની માલિકીનું નિયંત્રણ—અમુક એકરથી વધુ રાખી ન શકાય.

૩. ખેતી તથા ઉદ્યોગોના વિકેંદ્રીકરણની દિશામાં વિકાસ.

૪. ત્રણ વર્ષમાં અનાજનું ઉત્પાદન લગભગ બમણું થાય તે પ્રકારે આજના કમ્યુનિટી પ્રોગ્રામને કૃષિ આંદોલનમાં ફેરવી નાખવો.

૫. નફા ઉપર નિયંત્રણ.

૬. શિક્ષણ અને વૈદકીય ઉપચારનું સામાજીકરણ.

૭. બુનિયાદી શિક્ષણને ઉત્તેજન.

૮. યુવાનો માટે મિલિટરી તાલીમ.

૯. બેંકોનું રાષ્ટ્રીયકરણ.

શ્રી. જયપ્રકાશ પોતાના યુરોપના પ્રવાસ દરમ્યાન યુગોસ્લાવીઆના રાજ્યતંત્ર અને અર્થતંત્ર અંગેના વિકેંદ્રીકરણના પ્રયોગથી પ્રભાવિત થયા હતા. અને તેમણે તે તરફ લક્ષ ખેંચી ભારતને તેમાંથી શીખવાનું ઉદ્‌બોધન કર્યું છે.

‘ભૂદાન ’ની વિકાસયાત્રા

[પોચમપલ્લીના ટુકડા-દાનથી અકાણીના મહાલ-દાન સુધી]

પ્રથમ ચરણ : સિદ્ધાંત-નિરૂપણ કાળ

૮થી ૧૧ એપ્રિલ-૧૯૫૧ : શિવરામપલ્લી સર્વોદય-સંમેલન (ત્રીજું)*

૧૮મી એપ્રિલ-૧૯૫૧ : પોચમપલ્લીમાં ભૂદાનગંગોત્રી પ્રગટી.

૧૮ એપ્રિલથી ૨૭ જૂન-૧૯૫૧ : તેલંગણની પ્રથમ પદયાત્રા.

બીજું ચરણ : જન-હૃદય પ્રવેશ કાળ

૧૨મી સપ્ટેંબર-૧૯૫૧ : આયોજન-પંચ સાથે ચર્ચા કરવા પૌનારથી દિલ્હી તરફ પ્રયાણ.

૨૭મી ઑક્ટોબર-૧૯૫૧ : કુલ ૫ કરોડ એકર ભૂમિ મેળવવાનો વિનોબાનો સંકલ્પ: સાગર.

૮મી ઑક્ટોબર-૧૯૫૧ : ઉત્તર-પ્રદેશમાં પ્રવેશ.

૧લી નવેંબર-૧૯૫૧ : ઉ. પ્ર.ના કાર્યકરોનો પ્રાંતમાંથી પાંચ લાખ એકર ભૂમિ મેળવવાનો સંકલ્પ : મથુરા.

૧૦મી નવેંબર-૧૯૫૧ : બે માસમાં ૭૮૨ માઈલ ચાલીને દિલ્હી-પ્રવેશ. આયોજન-પંચ સાથે ત્રણ દિવસની યાદગાર મંત્રણાઓ.

ત્રીજું ચરણ : જન-આંદોલન કાળ

૧૩થી ૧૬ એપ્રિલ-૧૯૫૨ : સેવાપુરી-સંમેલન (ચોથું) એક વર્ષમાં ૨૫ લાખ એકર ભૂમિ મેળવવાનો સર્વસેવા સંઘનો ઐતિહાસિક સંકલ્પ.

૨૩મી મે-૧૯૫૨ : મંગરોઠનું પ્રથમ ગ્રામદાન.

ચોથું ચરણ : એકાગ્ર પ્રયોગ કાળ (આનંદ-યાત્રા)

૧૧મી સપ્ટેંબર-૧૯૫૨ : જન્મદિને, કોયડો સંપૂર્ણ ન ઊકલે ત્યાંસુધી પૌનાર આશ્રમ છોડવાનો સંકલ્પ, અનિકેત બન્યા.

૧૪મી સપ્ટેંબર-૧૯૫૨ : બિહાર-પ્રવેશ. પ્રાંતની સંપૂર્ણ ભૂમિ-સમસ્યા ઉકેલીને જ (૩૨ લાખ એકર ભૂમિ પ્રાપ્ત કરીને જ) પ્રાંત છોડવાનો સંકલ્પ.

૨૪મી ઑક્ટોબર-૧૯૫૨ : સંપત્તિદાન યજ્ઞનો આરંભ: પટના.

૧૦મી ડિસેંબર-૧૯૫૨ : વિનોબાની ગંભીર માંદગી— દરમિયાન પૂ. મહારાજની મુલાકાત.

૭-૮-૯ માર્ચ-૧૯૫૩ : ચાંડિલ સંમેલન (પાંચમું) સર્વોદયની ઘોષણારૂપ વિનોબાનાં ઐતિહાસિક પ્રવચનો— જયપ્રકાશનો આરોહણમાં પ્રવેશ.

૧૨મી માર્ચ-૧૯૫૩ : માંદગી પછી યાત્રાનો ફરી આરંભ. શ્રમદાનયજ્ઞનો આરંભ.

૨૫મી માર્ચ-૧૯૫૩ : બે વર્ષમાં ૨૫ લાખ એકર ભૂમિ પ્રાપ્ત કરવાનો સંકલ્પ સિદ્ધ થયો.

૧૦મી જાન્યુઆરી-૧૯૫૪ : બિહાર માટે ૩૨ લાખનો હિસ્સો ઠર્યો.

૧૮-૧૯-૨૦ એપ્રિલ-૧૯૫૪ : બોધગયા-સંમેલન (છઠ્ઠું) જીવનદાનની ઘોષણા.

૧૯મી સપ્ટેંબર-૧૯૫૪ : વૈદ્યનાથમાં પંડાઓનો પ્રહાર

૧લી જાન્યુઆરી-૧૯૫૫ : બિહારમાંથી વિદાય (બિહારમાં ૨૭ા માસની લાંબામાં લાંબી યાત્રા દરમિયાન ૨૮૬૪૨૦ દાતાઓ મારફત ૨૨૩૨૪૭૪.૩૬ એકર ભૂમિ-પ્રાપ્તિ.) બંગાળ-પ્રવેશ-૨૫ દિવસની ટૂંકી યાત્રા.

પાંચમું ચરણ : ભૂમિક્રાંતિ

૨૬મી જાન્યુઆરી-૧૯૫૫ : ઓરિસ્સા-પ્રવેશ.

૨૧-૨૨-૨૩ માર્ચ-૧૯૫૫ : જગન્નાથપુરી-સંમેલન (સાતમું)

૨૯મી મે-૧૯૫૫ : કોરાપુટ-પ્રવેશ (૪ માસ યાત્રા-કુલ ગ્રામદાન ૮૧૨)

૧લી ઑક્ટોબર-૧૯૫૫ : આંધ્ર-પ્રવેશ.

૨૭ જાન્યુઆરી-૧૯૫૬ : પુનઃ તેલંગણ-પ્રવેશ.

૧૩મી મે-૧૯૫૬ : તામિલનાડ-પ્રવેશ.

[વિશ્વમાનવ : ઑક્ટોબર-નવેમ્બર '૫૮

---

* પ્રથમ સર્વોદય-સંમેલન : રાઉ (મ. પ્ર.)
બીજું સર્વોદય-સંમેલન : અનુગુલ (ઓરિસ્સા)

૨૬-૨૭-૨૮ મે-૧૯૫૬ : કાંચીપુરમ-સંમેલન (આઠમું) ગ્રામદાનને પાયે ગ્રામસ્વરાજ્યનું ચિત્ર રજૂ કર્યું.

૯મી જુલાઈ-૧૯૫૬ : પોંડીચેરી-આશ્રમની મુલાકાત : દિવસમાં બે વાર યાત્રાનો પ્રયોગ.

છઠ્ઠું ચરણ : તંત્ર-મુક્તિ, નિધિ-મુક્તિનો આરંભ

૨૧-૨૨ નવેંબર-૧૯૫૬ : પલનીમાં તંત્ર-મુક્તિ અને નિધિ-મુક્તિનો ઠરાવ-'૫૭માં ભૂમિક્રાંતિનું એલાન.

૨૫મી જાન્યુઆરી-૧૯૫૭ : તિરુમંગલમ્ તાલુકાનાં બધાં ગામના આગેવાનોનો તાલુકા-દાનનો સંકલ્પ.

૧૫મી એપ્રિલ-૧૯૫૭ : કન્યાકુમારીના તટે 'કરેંગે યા મરેંગે'ની ભીષ્મ-પ્રતિજ્ઞા.

૧૮મી એપ્રિલ-૧૯૫૭ : કેરલ-પ્રવેશ.

૯-૧૦ મે-૧૯૫૭ : કાલડી-સંમેલન (નવમું)

૧૧મી જુલાઈ-૧૯૫૭ : શાંતિ-સેનાનો વિચાર પ્રથમ રજૂ થયો, કોઝીકોડ.

૨૩મી ઑગસ્ટ-૧૯૫૭ : કેરલમાં શાંતિ-સેનાનાં મંડાણ, મંજેશ્વર.

૨૪મી ઑગસ્ટ-૧૯૫૭ : કર્ણાટક-પ્રવેશ.

૨૧-૨૨ સપ્ટેંબર-૧૯૫૭ : ઇલવાલ-પરિષદની સર્વસંમત સંહિતા.

૨૫-૨૬-૨૭ સપ્ટેંબર-૧૯૫૭ : મૈસુર નિવેદક-શિબિર.

,, ,, ,, : શાંતિ-સેનાનો પૂર્ણ વિચાર.

૮-૯ નવેંબર-૧૯૫૭ : રચનાત્મક કાર્યકર્તા પરિષદ, આરસીકેરે, મૈસુર.

૨૩મી માર્ચ-૧૯૫૮ : મહારાષ્ટ્ર-પ્રવેશ.

૨૯મી મે-૧૯૫૮ : પંઢરપુરમાં વિઠોબા-મંદિરમાં સર્વધર્મીઓ સાથે પ્રવેશ.

૩૦-૩૧ મે, ૧ જૂન-૧૯૫૮ : પંઢરપુર સંમેલન (દશમું).

૨૫મી જૂન-૧૯૫૮ : સર્વોદય-પાત્રનો વ્યવસ્થિત પ્રયોગ: આંબેજોગાઈ.

૮મી ઑગસ્ટ-૧૯૫૮ : સર્વસેવા-સંઘનો શ્રમ આધારિત થવાનો ક્રાંતિકારી નિર્ણય: ચાળીસગાંવ.

૮મી સપ્ટેંબર-૧૯૫૮ : ભૂદાનયજ્ઞમાં સીમાચિહ્નરૂપ ૧૫૩ ગામના પૂરા અઢાણી મહાલનું દાન.

૨૨મી સપ્ટેંબર-૧૯૫૮ : ગુજરાત-પ્રવેશ.

વિનોબા ગુજરાત-પદયાત્રા

[તા ૨૨-૯-'૫૮થી ૧૩-૧-'૫૯ સુધી]

સુરત

[સપ્ટેંબર]

૨૨ સોનગઢ
૨૩ કીકાકુઈ
૨૪ વ્યારા
૨૫ વેડછી
૨૬ વાંકાનેર
૨૭ બારડોલી
૨૮ કડોદરા
૨૯ સુરત
૩૦ કઠોર

[ઑક્ટોબર]

૧ સિયાલજ
૨ ધામરોદ

ભરૂચ

૩ અંકલેશ્વર
૪ ભરૂચ
૫ શુકલતીર્થ
૬ રાજપારડી
૭ નવા રાજુવાડીઆ
૮ ઓરી
૯ રાજપીપળા
૧૦ માંગરોળ
૧૧ ડેકાઈ

વડોદરા

૧૨ નારધા
૧૩ ગજસાંવાટ
૧૪ કાશીપુરા
૧૫ રંગપૂર
૧૬ મોરાંગણુ
૧૭ છોટાઉદેપૂર
૧૮ ઝોઝ

પંચમહાલ

૧૯ સાગટાળા
૨૦ બારિયા
૨૧ પીપલોદ
૨૨ ઓરવાડા
૨૩ ગોધરા
૨૪ વેજલપૂર
૨૫ કાલોલ

વડોદરા

૨૬ સાંઢાસાલ

૨૭ સાવલી
૨૮ સોખડા
૨૯ વડોદરા
૩૦ રણોલી

ખેડા

૩૧ વાસદ

[નવેંબર]

૧ આણંદ
૨ બોરસદ
૩ બોચાસણ
૪ પેટલાદ
૫ તારાપૂર
૬ ખંભાત

(જલમાર્ગે)

સોરાષ્ટ્ર: ગોહિલવાડ

૭ ભાવનગર
૮ ,,
૯ વરતેજ
૧૦ શિહોર–સોનગઢ
૧૧ સણોસરા
૧૨ ઇંગરોળા
૧૩ માલપરા
૧૪ ચાવંડ

મધ્ય સૌરાષ્ટ્ર

૧૫ બાબરા
૧૬ કોટડાપીઠા
૧૭ જસદણ
૧૮ વીરનગર
૧૯ સરધાર
૨૦ ત્રંબા
૨૧ રાજકોટ
૨૨ ઘંટેશ્વર
૨૩ પડધરી

હાલાર

૨૪ હડમતીઆ
૨૫ વંથળી
૨૬ અલિયાબાડા
૨૭ જામનગર
૨૮ કંડલા–સરદારગંજ
૨૯ અંજાર
૩૦ આદિપુર

[ડિસેંબર]

૧ નવલખી
૨ કુંતાસી
૩ બગથળા
૪ મોરબી
૫ નીચી માંડળ
૬ કડીઆણા
૭ હળવદ

ઝાલાવાડ

૮ ચૂલી
૯ ધાંગધ્રા
૧૦ રાજસીતાપૂર
૧૧ સુરેન્દ્રનગર (વઢવાણ)
૧૨ સમલા
૧૩ લીંબડી
૧૪ પાણશીણા
૧૫ બલોલ

અમદાવાદ

૧૬ ગુંદી
૧૭ કલ્યાણગઢ
૧૮ બાવળા
૧૯ ચાંગોદર; તંબુમાં
૨૦ અમદાવાદ
૨૧ સાબરમતી આશ્રમ
૨૨ ઉવારસદ

મહેસાણા

૨૩ કલોલ
૨૪ ડાંગરવા
૨૫ જગુદણ
૨૬ મહેસાણા
૨૭ વાલમ
૨૮ ઊંઝા
૨૯ સિદ્ધપુર

બનાસકાંઠા

૩૦ નળાસર
૩૧ પાલનપૂર

[જાન્યુઆરી]

૧ ચિત્રાસણી
૨ માણુથા
૩ સુમનવાસ
૪ નવાવાસ
૫ સતલાસણા

સાબરકાંઠા

૬ ચાંડપ
૭ કાવા
૮ ઈડર
૯ કડીઆદરા
૧૦ નવારેવાસ
૧૧ ભિલોડા
૧૨ રાયપૂર
૧૩ શામળાજી

[તા. ૧૪: રાજસ્થાનમાં પ્રવેશ]

વિનોબાએ યજ્ઞના આરંભે છઠ્ઠા ભાગની જમીનની માંગ કરી છે; પરંતુ એ તો કહે છે : એક વાર છઠ્ઠો ભાગ અર્પાઈ જતાં, બીજી વાર છઠ્ઠો ભાગ માગીશ; આમ માગતો ચાલ્યો જઈશ...છઠ્ઠો ભાગ આપતાં આપતાં સર્વસ્વ અપાઈ જાય ત્યાં લગી !

એટલે કે સબભૂમિ સમાજરૂપી નારાયણની બની જાય ત્યાં લગી આ યજ્ઞ ચાલતો રહેશે ! (આજ અંક : પા. ૬૦૦)

આવી જ વાત સંપત્તિદાન વિષે છે. વિનોબાએ પ્રથમ ગામડાંમાં ભૂમિ-પ્રયોગ કર્યા બાદ શહેરોમાં પગપેસારો કર્યો છે. ત્યાં તેમણે 'ટ્રસ્ટીશીપ'નો વિચાર આગળ ધર્યો છે. સંપત્તિ ઉપરની વ્યક્તિગત માલિકીની ભાવના જ દૂર કરવી એ ટ્રસ્ટીશીપ છે, (પા. ૬૦૪) એમ તેઓ કહી રહ્યા છે.

આ દાનો વિશે વિનોબા કહે છે : 'આ તો ફાયર છે.' સમાજમાંથી ખાનગી મિલકતની ભાવના, સંઘરાખોરીની ભાવના દૂર કરવા માટેની આ તો ભૂમિકા છે. આ તો વાતાવરણ તૈયાર કરવાની વાત છે.

સંપત્તિ ઉપરની વ્યક્તિગત માલિકીની નાબૂદી : વિનોબાનો આ મધ્યવર્તી વિચાર છે.

આ વિચારને મૂર્ત કરવા તેમણે 'ગ્રામદાન'નો કાર્યક્રમ આપ્યો છે. ગ્રામસંકલ્પ, ગ્રામદાન, ગ્રામનિર્માણ વગેરે સૂત્રો દ્વારા તેઓ એક સાથે બે હેતુ સિદ્ધ કરી રહ્યા છે. એક તો, આખા ગામની એકતા, આખા ગામની સહિયારી માલિકીની ભાવના તેઓ પ્રગટાવી રહ્યા છે; ઉપરાંત, આજે શહેરો દ્વારા ગામડાંનું શોષણ થઈ રહ્યું હોય છે, અને ગામડાંની અંદર પણ શોષક તત્ત્વોનું વર્ચસ્વ હોય છે, તે બંને સામેનું રક્ષણ ગ્રામ-સંગઠન દ્વારાજ શક્ય બને છે. ગ્રામદાની ગામો ઉત્પાદન, વેચાણ માટેનું બજાર, ક્રેડિટ અને અદલાબદલાની બાબતમાં, વહીવટી તંત્રની બાબતમાં પોતાનું સ્વાતંત્ર્ય અને વ્યક્તિત્વ જાળવી શકશે—એ બીજો હેતુ છે; આજની લાચારી અને શોષણમાંથી ગ્રામવાસીઓને તે બચાવી શકશે.

વ્યક્તિગત અને સામાજિક મૂલ્ય

ખાનગી માલકિયતની વાસનાને નિર્મૂળ કરવા વિનોબા 'દાન,' 'યજ્ઞ' ઉપરાંત 'અપરિગ્રહ,' 'ન્યાસ' (સંન્યાસ) વગેરે ધાર્મિક પરિભાષાના લેખાતા શબ્દોનો અને શાસ્ત્ર-સૂત્રોનો ભરપટ્ટે ઉપયોગ કરે છે. તેઓ કહે છે:

'અપરિગ્રહ'નો અર્થ દરિદ્રી અવસ્થા નહિ; અપરિગ્રહનો અર્થ પરિગ્રહ હાથમાં આવ્યો ન આવ્યો ત્યાં બીજાની પાસે એને પહોંચાડી દેવો. લક્ષ્મીનો સંઘરો ન કરવો; તેને પ્રવાહિત બનાવવી. (પા. ૬૧૩) 'દાન' અને 'ન્યાસ'નો અર્થ સમજાવતાં તેઓ કહે છે કે, 'દાન' પહેલું કદમ છે; 'ન્યાસ' અંતિમ કદમ છે. દાનનો અર્થ 'સંવિભાગ' એ આપણે જોઈ ગયા; એમાં પ સંગ્રહ ન કરવાની ભાવના છે. પરંતુ તેમાં સંપત્તિના સમગ્ર ત્યાગની વાત નથી. ત્યારે 'ન્યાસ' (સંન્યાસ)માં માલિકીનું પૂરું વિસર્જન છે. (પા. ૬૧૪)

* પરંતુ વધુ મહત્ત્વની વાત તો વિનોબા એ કહે છે કે આ બધાંનાં કેવળ વ્યક્તિગત મૂલ્યો નથી; સામાજિક મૂલ્ય પણ છે. 'દાન'નું સામાજીક મૂલ્ય એ કે, વ્યક્તિ તરફથી સમાજને નિરંતર ભાગ આપવો; અને 'ન્યાસ'નું સામાજિક મૂલ્ય એ કે, સમાજમાં એક સ્થળે કેંદ્રિત ઉત્પાદન ન કરવું; અને કેંદ્રિત કરવું પડે તો તેનું તત્કાલ વિકેંદ્રીકરણ કરવું. (પા. ૬૧૫)

આ રીતે, વિનોબા સામ્યયોગના પાયા ઉપર સર્વોદયી સમાજરચના કરવાની નેમ ધરાવે છે.

વિજ્ઞાન અને યંત્રો

વિનોબા વિજ્ઞાન, યંત્રો, ઉદ્યોગો, કેંદ્રીકરણ-વિકેંદ્રીકરણ, આયોજન (પ્લાનિંગ) વગેરે બાબત કેવી દૃષ્ટિ ધરાવે છે ?

વિનોબા તો આજના યુગને ઘણી વાર વિજ્ઞાનયુગ તરીકે ઓળખાવે છે. અને અનહદ ઊમળકાપૂર્વક તેઓ વિજ્ઞાનને આવકારે છે. તેઓ સ્પષ્ટ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે: 'આ ભૂમિને સ્વર્ગ બનાવવી હોય તો વિજ્ઞાનનો પૂરો લાભ ઉઠાવવો જ જોઈશે...' અને જાહેર કરે છે કે, 'સર્વોદયનો વિજ્ઞાન સાથે વિરોધ છે, એ કેવળ અવળી સમજણ છે.' (પા. ૬૨૫)

વિનોબા પ્રત્યેક ક્ષેત્રે વિજ્ઞાનનો શક્યતમ ઉપયોગ કરવા ઉત્સુક છે.

વિજ્ઞાનના ઉપયોગ વિષે તેમની પાયાની વાત આટલી છે:

—વિજ્ઞાનની મદદથી માણસનો જેટલો ઢસરડો ઓછો થઈ શકે તેટલો કરવો. તેથી સાંસ્કારિક જીવન માટે તેને પૂરતો સમય અને તક મળે.

—વિજ્ઞાનની મદદથી તંદુરસ્ત જીવન માટે જરૂરી સાધનો અને સગવડો પેદા કરવાં.

—વિજ્ઞાનને કારણે માણસનો શરીર શ્રમમાંનો સર્જનશીલ આનંદ જતો ન રહે એ સાચવવું; અને સુખી સગવડભર્યાં જિંદગીને નામે કેવળ લોલુપ જીવનની વાસના વધુ સે નહિ એ સાચવવું.

વિજ્ઞાન અને ટેકનોલોજી

વિજ્ઞાનનો યંત્રો સાથેનો સંબંધ વિચારતાં સૌથી પ્રથમ મુદ્દો એ સમજવો જરૂરી છે કે વિજ્ઞાન (શુદ્ધ વિજ્ઞાન) —ટેકનોલૉજી (એપ્લાઇડ સાયન્સ) એક નથી. આજે વિજ્ઞાન અને ટેકનોલૉજીને એક માની લઈ ચાલવામાં આવે છે, તેથી ઘણી ગેરસમજ થઈ છે.

વિજ્ઞાન એ તો જ્ઞાન અને સંશોધનનો વિષય છે. એનો ઉપયોગ સર્જક યા સંહારક રીતે—જે રીતે કરવો હોય તે રીતે ટેકનોલૉજીનો વિકાસ થાય છે.

હકીકત એવી છે કે, જે જમાનામાં વિજ્ઞાન અને ટેકનોલૉજી વિકસ્યાં તે જમાનો મૂડીવાદના વિકાસનો હતો. એટલે તેમની ઇચ્છા મુજબ તેનો વિકાસ થયો છે.

આજે આપણા યુગને, આપણી પરિસ્થિતિને અનુકૂળ રીતે ટેકનોલૉજીનો ઉપયોગ કરવો જરૂરી છે. (શ્રી જયપ્રકાશનો લેખ પા. ૫૫૯)

સર્વોદયનું ઠઠ્ઠાચિત્ર

યંત્ર–મશિનરી, શક્તિ (પાવર) અને ઔદ્યોગિક સંશોધન અંગે ' સર્વોદય 'ની જીવન દૃષ્ટિ સ્પષ્ટ છે :

એ ભૂલભરેલી માન્યતા છે કે સર્વોદય તમામ પ્રકારની મશીનરી અને ટેકનોલૉજીની પ્રગતિનો વિરોધી છે; અથવા તે તો પ્રાથમિક કક્ષાની પછાત પદ્ધતિઓને વળગી રહેવા માગે છે; તથા સમાજને અતિ રંક જીવનધોરણ પર ઘસડી જવા માગે છે. સર્વોદયી જીવનદૃષ્ટિનું આ તો ઠઠ્ઠાચિત્ર છે—તેની ભયંકર વિકૃતિ છે.

સર્વોદય મશીનરી કે ટેકનોલૉજીની પ્રગતિનો વિરોધી નથી. માનવીની ઉત્પાદક કાર્યક્ષમતાને વધારવા, તેને એકધારા ઢસરડામાંથી બચાવવા, તથા જીવનને અર્થપૂર્ણ બનાવનારી ઉચ્ચતર નૈતિક અને સાંસ્કારિક પ્રવૃત્તિઓ માટે પૂરતો ફાજલ સમય મળે તેવી શક્યતા સર્જવા તે બંનેનો ઉપયોગ કરવા માગે છે. (પા. ૫૯૩)

ખેતી અને ઉદ્યોગો

ખેતીની બાબતમાં સર્વોદય-આયોજન ખેતીની કાર્યક્ષમતા વધારી ઉત્પાદનનો આંક ઊંચો લાવવા, અને જીવનધોરણ ઊંચું લાવવા ઇન્ટેન્સિવ અને યાંત્રિક ખેતીની ખુલ્લેઆમ તરફદારી કરે છે. (પા. ૫૮૯)

યાંત્રિક અને ઇન્ટેન્સિવ ખેતીની બાબતમાં સર્વોદય જે તકેદારી રાખે છે તે આ છેઃ યંત્રોને કારણે બેકારી ન આવે; શોષણની ભૂમિકા ન સર્જાય; ભૂમિની ફળદ્રુપતા નાશ ન પામે; ખેતી ઉપર કામ કરનારને ' પગારદાર નોકર 'ની સ્થિતિએ લાવી ન મૂકે...(પા. ૫૮૯)

મોટા ઉદ્યોગોની બાબતમાં ય સર્વોદયની વિચારસરણી સ્પષ્ટ છે:

—સર્વોદય મોટા ઉદ્યોગોનો વા ટેકનોલૉજીની પ્રગતિનો ત્યાગ કરવા માગતો નથી. (પા. ૫૯૧)

—યાંત્રિક ઉદ્યોગો પણ શોષણ મુક્ત હોઈ શકે, એમ વિનોબા માને છે. (પા. ૬૨૭)

આમ છતાં, સર્વોદયનો ઝોક નાનાં સ્વયંપૂર્ણ ઘટકો-ગ્રામ-ઘટકોનો છે, એ વાત સાચી; અને એથી ગ્રામપ્રદેશોમાં ' જાતરોજગારી 'ના વ્યવસાયોનું મુખ્ય સ્વરૂપ હશે.

પરંતુ સર્વોદય સમાજની જરૂરિયાત કેવળ રોટી અને

[વિશ્વમાનવ ઑક્ટોબર-નવેમ્બર '૬૮

કપડાંથી જ પરિમિત નહિ હોય, એ સ્પષ્ટ છે. એટલે તેમાં 'જાતરોજગારી'ના નાના વ્યવસાયો, સહકારી ધોરણના **મધ્યમ** ઉદ્યોગો તથા સમાજ અગર રાજ્યહસ્તકના **મોટા** ઉદ્યોગોને સ્થાન હશે જ હશે.

યુરોપમાંય વિકેન્દ્રીકરણની વિચારણા

કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણની બાબતમાં આજે યુરોપ ભરના વિચારકો અને ચિંતકો ઊંડું ચિંતન કરી રહ્યા છે. ખાસ કરીને, અણુબોમ્બની વિનાશકતા પછી તો, અમુક જ સ્થળોએ ઉદ્યોગો કેન્દ્રિત રાખવા અતિશય જોખમ ભરેલું ગણાય છે. આથી છૂટાછવાયા વિકેન્દ્રિત ઉદ્યોગોની જરૂરિયાત એમને પણ જણાઈ રહી છે.

એટલે 'વિકેન્દ્રીકરણ' શબ્દની સાથે જ પછાત વિચારસરણીને સાંકળી દેવાની મનોદશા જ આજે તો પછાત લેખાશે.

વિનોબા અને સર્વોદયનો ઝોક વિકેન્દ્રીકરણ ઉપર રહ્યો છે, એ સ્પષ્ટ છે; પરંતુ 'સર્વોદય-આયોજન' એ વાતની સફાઈ કરે છે કે, વિકેન્દ્રીકરણમાં કાંઈ ઘડિયાળનો કાંટો પાછો ફેરવવાની અને આદિકાળના પ્રાથમિક સમાજની ઉત્પાદક પદ્ધતિ ઉપર પાછા ફરવાની વાત જ નથી. (પા. ૫૯૧)

સર્વોદય-સમાજમાં પણ ભારે ઉદ્યોગોમાં અમુક હદે કેન્દ્રીકરણ રહેશે એ વાત પે સાફ છે. દા. ત. લોખંડ, પોલાદ, જહાજ, યાંત્રિક વાહનવ્યવહાર, ધાતુ ઉદ્યોગો, એંજીનિયરિંગ, રક્ષણ ઉદ્યોગો (વચગાળા પૂરતા) વગેરે મોટે ભાગે કેન્દ્રિત સ્વરૂપના હશે; અને તેનું સંચાલન પણ કેન્દ્રથી થતું હશે. (પા. ૫૯૨)

● પરંતુ-વિનોબાની શ્રદ્ધા તો એવી છે કે વિજ્ઞાને તાજેતરમાં જે સિદ્ધિઓ હાંસલ કરી છે તે જોતાં વહેલે દિવસે એવી શકયતા પ્રાપ્ત થશે કે મોટા અને ભારે ઉદ્યોગો પણ અણુશક્તિના પ્રતાપે વિકેન્દ્રિત રીતે ચાલી શકશે. (૬૨૫)

* તાજેતરમાં અમેરિકાએ આ દિશામાં સફળ પ્રયોગ કર્યો છે કે 'અણુશક્તિનું યુનિટ ગમે ત્યાં એરોપ્લેન દ્વારા ઉતારીને વિકેન્દ્રિત ઉદ્યોગોનું સંચાલન શક્ય બને.

પ્લાનિંગ-આયોજન

પ્લાનિંગ-આયોજનની બાબતમાં-

આજના યુગમાં સામાજીક હિતને લક્ષમાં રાખી ઉત્પાદન અને વિતરણ કરવું હોય તો આયોજન અનિવાર્ય છે. કોઈપણ સમાજવાદી અને સર્વોદયી વિચારક આ બાબત ઉદાસ રહી જ ન શકે. તેમાંય વળી આજે જ્યારે સમાજ જીવન કેવળ રોટી અને કપડાંમાં જ પરિમિત થઈ નથી જતું અને જ્યારે અસંખ્ય સાંસ્કારિક, વૈદકીય આદિ તંદુરસ્ત જીવનની જરૂરિયાતો સહજ બની છે ત્યારે આયોજન તો સર્વોદયી સમાજનો મહત્વનો સ્થંભ ગણાય. સર્વોદય આયોજનનું આ મહત્ત્વ સ્વીકારે છે, અને તેઓ એ વાત પણ સ્વીકારે છે કે, આ કાર્ય **માત્ર** ગ્રામ-ઘટકદ્વારા જ શક્ય નહિ બને; તેને માટે પ્રદેશ ઘટક, રાજ્ય ઘટક અને છેવટે કેન્દ્ર ઘટક જરૂરી છે.

એટલું જ નહિ પણ, સર્વસેવા સંઘ તરફથી ૧૯૫૫થી '**સર્વોદય આયોજન**' અંગે વીગતે ચર્ચા-વિચારણા થતી રહી છે; તેને અંગે તેના તદ્વિદોને આમંત્રી, વારંવાર 'સેમીનાર' (વિચાર-સંમેલનો) યોજવામાં આવ્યાં છે; અને ૧૯૫૫માં તેનો એક ખરડો પ્રગટ કરવામાં પણ આવ્યો છે. તેની અંદર સર્વોદય અંગેના અનેક ખોટા ખ્યાલોનું નિરસન કરવામાં આવ્યું છે. (પા. ૫૮૪ થી ૫૯૬)

ન્યૂનતમ જીવનધોરણ

સૌથી પ્રથમ તો, સર્વોદયમાં સાધારણ નાગરિકનું જીવન-ધોરણ અત્યંત નીચું (સાધુવેડાની ઘેલછામાં) હશે, એવી ભ્રામક માન્યતાને ચોંકાવનારો પડકાર છેઃ

* સર્વોદય-આયોજને દરેક કુટુંબની **ન્યૂનતમ આવક** રૂ. ૩૦૦૦ (વાર્ષિક) ઠરાવી છે.

આ યોજનામાં યંત્ર-ઉદ્યોગો, ખેતી (જેમાં યાંત્રિક ખેતીનો પણ સમાવેશ છે), ખાણો, વાહનવ્યવહાર, નહેરકામ, કરવેરા, નાણાં-શરાફ વગેરે વગેરેનો સમાવેશ થાય છે.

આ બધા ઉપરથી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે,

* વિનોબા અને સર્વોદયી વિચારકોએ આધુનિક યુગના **માનસને** પકડી શકે તેવું સિદ્ધાંત અને વ્યવહાર ચિંતનનું ભરપૂર ભાથું બંધાવ્યું છે.

કેવળ આધ્યાત્મિક તત્વચિંતની દૃષ્ટિએ જ નહિ, પરંતુ વ્યવહાર-ચિંતનની દૃષ્ટિએ પણ તેમના કાર્યક્રમોની અને આયોજનોની દૃષ્ટિ સુસંગત છે.

આમ, ક્રાંતિ વિજ્ઞાનના બે કોઠા—સિદ્ધાંત-ચિંતન અને વ્યવહાર-ચિંતનના—તો વિનોબા વટાવી ચૂકયા છે.

૬

વ્યવહાર-સાધના

ચિંતનની આટલી સમૃદ્ધિ સાથે વિનોબા સર્વોદયી ક્રાંતિને આવાહન દઈ રહ્યા છે ચિંતનની સમૃદ્ધિ ક્રાંતિના આંતરિક રૂપનું દર્શન કરાવે છે; અને ક્રાંતિની કાયા ઘડતરની પ્રેરણાને બળ પણ આપે છે. પરંતુ કેવળ ક્રાંતિચિંતન (સિદ્ધાન્ત-ચિંતન અને વ્યવહાર-ચિંતન) ક્રાંતિની સિદ્ધિની કે ક્રાંતિની સ્થાયી પ્રતિષ્ઠાની ગેરંટીરૂપ નથી.

આ દૃષ્ટિએ ઓછામાં ઓછા નીચેના મુદ્દાઓની વિચારણા કરવી આવશ્યક છે:

૧. ભૂદાન મૂલક સર્વોદયી ક્રાંતિ કેટલે અંશે સર્વાશ્લેષી (all embracing અથવા comprehensive) છે?

૨. સર્વોદય ક્રાંતિનાં ઉચ્ચાલન-બળ કયાં છે?

૩. ક્રાંતિનું ગુણ-સ્થાયિત્વ સુરક્ષિત રહે તેવાં લક્ષણો એનામાં છે કે કેમ?

સૌથી પ્રથમ મુદ્દો વિચારતાં, વ્યવહાર-સાધનાની બાબતમાં સર્વોદય હજી બાલ્યાવસ્થામાં જણાય છે.

ભૂદાન એ સર્વોદય-ક્રાંતિનો કેવળ આરંભ છે, અને સુખા સમાન આધ્યાત્મિક સમાજ એનું અંતિમ લક્ષ્ય છે, એ વાત વિનોબાએ ઘણીવાર કહી છે.

સામ્યયોગના પાયા પર સર્વોદય સમાજની તેઓ સ્થાપના કરવા માગે છે. અને વિનોબાનું ચિંતન સર્વાંગી ક્રાંતિનું છે, એ ય સ્પષ્ટ છે. પરંતુ તેઓ એને શી રીતે મૂર્ત કરવા મથે છે?

ગાંધીજીની સર્વાશ્લેષી ક્રાંતિ

ગાંધીજીએ રાષ્ટ્રીય ક્રાંતિની સાધના દરમ્યાન જ સર્વોદયી સર્વાંગી ક્રાંતિની વિચારણા કરી લીધી હતી. અને તેમણે અહિંસક રાષ્ટ્રીય ઉત્થાન અને નવઘડતરને અનુરૂપ તમા[illegible] અંગોને રાષ્ટ્રીય ક્રાંતિ સાથે સાંકળી દીધાં હતાં. રેંટિયો ગ્રામઉદ્યોગો, દારૂબંધી, અસ્પૃશ્યતા નિવારણ, હિંદુ-મુસ્લિ[illegible] ઐકય, બુનિયાદી શિક્ષણ વગેરે એનાં રચનાત્મક અંગો હતાં અને કોઈ સામાજીક સુધારો એવો ન હતો જે એમના અ[illegible] કાર્યક્રમમાં આવી જતો ન હતો; તો પિકેટિંગ, બહિષ્કાર સવિનય કાનુનભંગ, સામુહિક સત્યાગ્રહ વગેરે લડતનાં અહિંસ[illegible] રૂપો હતાં. અને પરદેશી રાજ્ય સત્તા સામે લોકશાહી રાષ્ટ્રી[illegible] સરકારનું સૂત્ર, ગ્રામપંચાયતો ને મ્યુનિસિપાલિટીઓથી માંડી[illegible] ધારાસભાઓ—સુધીનું રાજકીય વિધાયક કાર્ય હતું. અ[illegible] જરૂર પડતાં રાજકીય ચૂંટણીઓ દ્વારા ધારાસભાગમત અ[illegible] રાજ્યધુરાનો સ્વીકાર પણ તેમના ભાથાનાં અગત્યનાં શસ્ત્રો હતાં.

ઔદ્યોગિક ક્ષેત્રે પણ, મજૂર આંદોલનોથી માંડી માલિક મંડળોને તેમણે પાંખમાં લીધાં હતાં.

ગાંધીજીની ક્રાંત-દૃષ્ટિ પ્રત્યેક રચનાત્મક અને સુધારાના કામને રાષ્ટ્રીય ક્રાંતિ સાથે સાંકળી દેવામ[illegible] નિપૂણ હતી. સીધી હિંસા સિવાયની કોઈ પણ શક્તિને તેઓ નિષ્ક્રિય રહેવા દેવા માગતા ન હતા. સમાજ જીવનનાં તમામ અંગો તથા હજારવિધ પ્રવૃત્તિઓને અને સંસ્થાઓને એક જ રાષ્ટ્રીય ક્રાંતિને તાંતણે ગૂંથી લીધી હતી.

વિનોબાની વ્યવહાર-સાધના

વિનોબાએ આમાંનાં જ અનેક ક્ષેત્રે અત્યંત ઊંડું ચિંતન કર્યું હોવા છતાં, એ હકીકત છે કે તેમણે સર્વોદય ક્રાંતિની સાધનાના વ્યવહારમાં રાષ્ટ્રવ્યાપી બળો, પ્રવૃત્તિઓ, આંદોલનો તથા સંસ્થાઓ તરફ નહિ જેવું લક્ષ આપ્યું છે. એ વાત સમજી શકાય એવી છે કે, વિનોબા મર્મસ્થાન (ભૂમિસમસ્યા) ઉપર એમનું લક્ષ વેધવા માગે છે, કે જેથી એકવાર ત્યાંથી ઉચ્ચાલન શક્તિ પ્રગટતાં ઝડપભેર સિદ્ધિઓનો રાહ મોકળો બને.

પરંતુ વિનોબા તો ભૂમિસમસ્યાના ય તમામ પાસાંઓને હજી સ્પર્શતા નથી; ગ્રામવિસ્તારનાં એ સિવાયનાં અન્ય આર્થિક પાસાંઓની તો વાત જ શી?

કોઈ પણ પ્રવૃત્તિ ગમેતેવી મહત્ત્વની હોય (અને અનેક પ્રવૃત્તિઓ તેના મર્યાદિત ક્ષેત્રે મહત્ત્વની હોય જ છે) પરંતુ તેમના એકલવાયા વ્યવહારમાંથી ક્રાંતિ-બળ જન્મતું નથી; આ દરેક પૃથક્ પ્રવૃત્તિના હેતુ પુરસ્સરના સંકલનમાંથી જ ક્રાંતિ-શક્તિનું સર્જન થાય છે.

આપણે આ લેખના પ્રારંભમા જ જે વિરાટકાય વિસંવાદનું અવલોકન કરી ગયા છીએ તે વિસંવાદ જેમ સર્વાંગી છે, તેજ રીતે તેનું મારણ પણ એટલું જ સર્વાંગી સર્વશ્લેષી હોવું અનિવાર્ય છે.

ભારતની જ સમસ્યાઓનો વિચાર કરો : કેવળ આર્થિક ઔદ્યોગિક વિકાસની જ વાત વિચારો આપણી આજની પછાત દશા—ગરીબી અને સર્વોદય-આયોજનમા મુકરર કરવામાં આવેલ ન્યૂનતમ જીવન ધોરણ (કુટુમદીઠ વાર્ષિક રૂ. ૩૦૦૦) વચ્ચેના અંતરની જ વાત વિચારો. આપણા શૈક્ષણિક સાંસ્કારિક વિકાસનો વિચાર કરો; અને વિજ્ઞાન-યુગનાં અતિ મોંઘા સંશોધનો મારેનોય ખ્યાલ કરો

વ્યવહારની સમસ્યાઓ

● પ્રચંડ ઉત્પાદન, પ્રચંડ આયોજન, વિપુલ સાધનો, વિપુલ સંપત્તિની જરૂરિયાતની સમસ્યાઓ ઊભી જ છે. સંરક્ષણની સમસ્યા એથી ય વધુ ઉગ્ર છે. આ બધાનું કેવળ ચિંતન નહિ, આ બધાના વ્યવહારમા સતત જે સમસ્યાઓ ઊભી થઈ રહી છે, તેનો વિચાર, અને તેમા દરેકમા રહેલી શક્તિનું સંકલન કરવાનું ભગીરથ કાર્ય કોઈ ક્રાંતકારથી નજરઅંદાજ થઈ શકે એવું નથી.

નેહરુની પંચવર્ષીય યોજનાઓ દેશને એક બાજુ ઘસડતી રહે, ને વિનોબા બીજી જ બાજુ; અને છતાં બંને એક બીજાને પૂરક બને એવી ભાવના સેવાયા કરે, તો ભારતના ભાવિ માટે એ હરગિઝ લાભદાયી નહિ નીવડે.

● તેજ રીતે 'રાજનીતિ' એટલે રાજ્ય સત્તાનીજ નીતિ નહિ, પણ 'રાજકારણ;' એ દૃષ્ટિએ વિચારતાં પારાવાર સમસ્યાઓ ઊભી છે, જેના વ્યવહાર સાથે કોઈપણ આધુનિક યુગનાં ક્રાંતિકારનો સંપર્ક અનિવાર્ય છે.

આ દિશામાં વિનોબાએ 'રાજનીતિ' અને 'લોકનીતિ' ઉપર પાયાનું કેટલુંક ચિંતન કર્યું છે. અને દાદા ધર્માધિકારીએ કેટલાક વ્યવહાર-સૂત્રો રજૂ પણ કર્યાં છે; અને આ દિવસમા જ શ્રી. જયપ્રકાશ નારાયણે સાચી લોકશાહીના વ્યવહારની જટિલ સમસ્યાઓ અંગે સંશોધન કરી ગ્યા છે—આ અત્યંત આવકાર્ય છે. પરંતુ એટલાથી જ નહિ પતે. એક બાજુ, સાચી ઔદ્યોગિક અને રાજકીય લોકશાહીના વ્યવહાર માટે ગામડા અને નગરોમાં 'સ્વરાજ્ય'નાં તંત્રો (મુખ્યત : ગ્રામ પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓ)ને હસ્તક ઔદ્યોગિક અને સિવિલ-મુલ્કી વહીવટની જવાબદારી ઓ સોંપવા, અને બીજી બાજુ, આ સ્વરાજ્યના તંત્રોમાં જ પક્ષરહિતતાનું સૂત્ર વ્યવહારૂ બનાવવા સર્વોદયી કાર્યકરોએ લાગી જવુ પડશે

અલબત્ત, બીજે છેડે—ધારાસભાઓ અને પાર્લામેન્ટ સુધી લોકશાહી સુરક્ષિત રહે તે પ્રકારની જોગવાઈઓનો, આજની પાર્ટીઓ પાસે સ્વીકાર કરાવવાની ઝુંબેશ ઉપાડવી જોઈશે.

વિનોબાના ચિંતનમા રાજ્ય-સત્તાના તત્કાલ વિલયની વાત છે જ નહિ. એટલુંજ નહિ આજસુધીના વિકાસમાં પાર્લામેન્ટ પદ્ધતિની લોકશાહીનો વિકાસ ઉત્તમ છે, એમ પણ તેઓ માને છે. એટલે તો, આજની લોકશાહીનુ તત્ત્વ જળવાય, તેનો વિકાસ થાય, અને લોકનીતિ અનુસાર રાજનીતિ સંચાલિત થાય તે પ્રકારની પદ્ધતિ, પેટર્ન, અને સંસ્થાઓનો વિકાસ કરવા પાછળ સારૂં એવું લક્ષ પરોવવું રહે છે. કેમકે આજની પરિસ્થિતિમાં બેફામ આંધળી પક્ષ-હરીફાઇને નાથી શકે એવી શક્તિનુ વ્યવહાર રૂપ પ્રગટાવવામા નહિ આવે તો, આજની કેન્દ્રિત ગગસત્તાનો ઉપયોગ બિનલોકશાહી, સરમુખત્યારશાહી તત્ત્વોને હાથ જઈ પડશે; એ ભય જેવો તેવો નથી. ત્યાર બાદ, શાંતિમય માર્ગે તેને નાબુદ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર બની ગયા વિના નહિ રહે.

આ બધું જોતાં, સર્વોદય-ક્રાંતિની સાધનાનો માર્ગ પણ સર્વાંગી વ્યવહારુ કાર્યક્રમો વાળો હોવો અનિવાર્ય છે. સાચી રીતે તો, આપણા સમગ્ર સામાજિક જીવનના વિસંવાદો સંવાદોમાં પરિણમે—વર્ગ વર્ગ વચ્ચેનો, પક્ષ પક્ષ વચ્ચેનો વિગ્રહ ટળે, રાજનીતિ અને લોકનીતિ વચ્ચેનો સંઘર્ષ ઘટે, શહેરો અને ગામડાંનો વિખવાદ મટે, ઊંચનીચનો ભેદ નાબુદ થાય, એ જ તો સર્વોદયનો આદર્શ છે; અને છેવટે તો,

સૌ કોઈ પણ માનવીય ક્રાંતિનો ય એજ હેતુ હોય છે. એક બાજુ ઝૂકી ગયેલી સામાજીક તુલાને પુન: સમતુલિત કરવાની ફરજ પ્રત્યેક ક્રાંતિએ બજાવવી રહે છે.

ક્રાંતિ-ઉચ્ચાલનોની પસંદગી

આવા સર્વાંગી પરિવર્તનના વ્યવહારની વાત વિચારતાં અત્યંત મહત્ત્વનો સવાલ એ છે કે ક્રાંતિનાં કયાં ઉચ્ચાલનોનો સ્વીકાર કરવો, કયાંનો ઇન્કાર કરવો ક્રાંતિકાર માટે યોગ્ય ગણાય?

સર્વોદય ક્રાંતિ અંગે મહત્ત્વના ગણાય તેવા ને વિવાદાસ્પદ બનેલા મુદ્દાઓ આ પ્રકારના છે:

૧. સર્વોદયમાં સામાજીક પરિવર્તન માટે રાજ્યરૂપી શક્તિની સહાય કઈ હદે લેવાની નીતિ સ્વીકારાયેલી છે?

૨. કેવળ સર્વસંમતિથી જ પરિવર્તન થવું જોઈએ તેનો તે શો અર્થ કરે છે?

૩. સામાજીક અને નૈતિક દબાણ અને ભીતિનો આશરો તેમાં કઈ હદે સ્વીકાર્ય છે?

૪. પરિવર્તનના સાધનોમાં આમ જનતાની અહિંસક લડતોનું સ્થાન કયાં ને કેવું છે?

૫. કે પછી કેવળ હૃદય અને વિચારની જ શક્તિ ૫ર જ આધાર રાખવાની તેની અટલ નેમ છે?

આ મુદ્દાઓ મહત્ત્વના છે, તેમનો વિચાર કરીએ:

(૧) રાજ્યની મદદ લેવાનો વિનોબાએ કદિ ઈન્કાર નથી કર્યો એ સ્પષ્ટ છે. અને રાજ્યદ્વારા કાનૂન થાય તેની સામે ય તેમનો વિરોધ નથી, એ પણ સ્પષ્ટ છે. ઊલટા તેઓ તો એવું કહે છે કે—

"એકવાર થોડી ભાવના અને થોડું વાતાવરણ થવા દો...વાતાવરણ તૈયાર થઈ જાય ત્યારે તો **કાયદો કરાવી જ લઈશ**...પછી રાહ જોતો નહિ બેસું. હવા બદલાય તો કાયદો એની સાથે જ આવે છે. જો હું વાતાવરણ તૈયાર કરી દઉં તો લોકો કાયદો પણ પસંદ કરશે જ"

(પા. ૬૦૩)

અથવા—

"ભૂદાન એ તો એક ફાયર છે...પછી એની ઉપર કાયદાનો હથોડો પડશે..."

"(આપણાં કામનો) આરંભ થાય છે દાનથી અને સમાપ્તિ થાય છે કાયદાથી." (પા. ૬૦૩)

તથા—

"હું કાયદો એવો ચાહું છું કે જેને સર્વ-સાધારણ લોકો માને. કોઈ કામ કાયદો બનાવીને બળજબરીથી નથી થતું."

(પા. ૬૦૧)

(૨) વિનોબા કોઈ પણ બુનિયાદી ફેરફારમાં સર્વ સંમતિની અપેક્ષા રાખે છે. જે વર્ગનું તત્કાલ હિત તેથી ખંડાતું હોય તેની ય સંમતિ તેઓ માગે છે. અને એવી ભૂમિકા તૈયાર થયા વિના કાયદાથી યા બીજી સામાજીક રીતે નિર્ણયો લેવાય તો લાંબે ગાળે તેનાં માઠાં પરિણામો આવવાનો ભય સેવે છે.

પરંતુ થોડાક સ્વાર્થસાધુઓ પોતાનાં તત્કાલ હિત છોડવા તૈયાર નજ થાય, તો શું વિશાળ આમ જનતાનાં કાયમી હિતો અને અધિકારોનો ભોગ આપવો? આના જવાબમાં વિનોબા બે વાત કરે છે:

* એક તો, સર્વસંમતિ એટલે ઘણી મોટી, લગભગ ૮૦% સંમતિથી કામ કરવું; એટલું જ નહિ પણ, માની લો કે ૨૦% લોકો જમીન આપવા માટે (ગ્રામદાન માટે) તૈયાર ન જ થાય, મોહને કારણે તો એવી પરિસ્થિતિમાં પણ સરકાર કાયદો બનાવી શકે. (પા. ૬૦૮).

* જેમાં સામાનું નુકસાન થાય છે તેનું મન ફેરવ્યા વિના તેના ઉપર નિર્ણય લાદવો નહિ; ૮ % સંમતિથી 'ગ્રામદાન' સ્થાપી શકાય. અને તેથીય ઓછા હોય તો 'ગ્રામ સંકલ્પ;'

—પરંતુ તેમાં નહિ સામેલ થનારને ય ભયરૂપ યા સતામણી રૂપ ન જ બને તે રીતે.

'**સર્વોદય-આયોજન**'માં આની વધુ સફાઈ કરવામાં આવી છે. તેમાં જણાવ્યા મુજબ—

> * જમીન ઉપરની ખાનગી મિલકતની નાબુદીનું આંદોલન જોર પકડશે, અને મોટા ભાગના લોકો સ્વેચ્છાએ પોતાની સનદોનો ત્યાગ કરશે ત્યારે, ઉદ્યોગોની ખાનગી મિલકતને ચીટકી રહેવાની નિશ્ચયવૃત્તિ પણ ઢીલી પડી જશે; અને ત્યારે ઉદ્યોગપતિઓ આયોજનમાં દર્શાવેલી ઔદ્યોગિક નીતિની હરોળમાં કદાચ સ્વેચ્છાએ

આવી જશે...ઉદ્યોગપતિઓને પણ ઉત્પાદનનાં સાધનો ઉપરની ખાનગી માલિકી છોડી દેવાની ફરજ પડશે..." (પા. ૫૯૨)

આમ છતાં, જો તેઓ તે રીતે અનુકૂળ ન થાય તો?

* તો સમાજ તેમના ઉદ્યોગ-ધંધાઓનું સામાજીકરણ કરે ય ખરો (જરૂરી એલાવન્સ આપીને ય).

અલબત્ત, 'સર્વોદય-આયોજન' તૈયાર કરવા જેવી પરિસ્થિતિ પકવ થઈ હશે ત્યારે આ રીતે ઉકેલ લાવવામાં આવશે, એમ સમજાય છે.

(૩) સામાજિક નૈતિક દબાણ અને ભયનો ઉપયોગ કરવા અંગે વિનોબા કહે છે: 'કોઈ **શરમનો માર્યો** આપતો હોય તો મને વાંધો નથી...લોકલાજથી દાન આપશે તો ય, કહેવું પડશે કે એ પણ વિચાર તો સમજ્યો છે...એવી જ રીતે **બીકના માર્યા** પણ આપી દો...એનો અર્થ એમ નથી કે નહીં આપો તો કતલ કરીશું...પણ માણસે જેનાથી બીવું ઘટે તેનાથી બીવું સારું. કોઈ બીકનો માર્યો ખોટું કામ ન કરે.' (પા. ૬૦૭)

અહિંસક લડતોનું સ્થાન

(૪) અંતે—આમ-જનતાના અન્યાયો સામેની અહિંસક લડતો બાબતમાં વિનોબાનું શું મંતવ્ય છે?

વિનોબા અહિંસક લડતોનો **સદંતર** ઇન્કાર નથી કરતા: તેમણે બિહારના કિસાનોને ધ્યાનમાં લઈ કહ્યું હતું કે, 'ઘણી જગાએ સમજાવટનું પરિણામ નથી પણ નીપજતું. તેવે વખતે અમારે ભૂમિહીનોને કહેવું પડયું છે કે, તમે **તમારી જમીનો પરથી ખસશો નહિ**...માલિક એને ફાવે તે કરે, તો પણ તમે સત્ય પર અડગ રહેજો...' (પા. ૬૦૮)

આમ છતાં, ભારતભરમાં ગ્રામવિસ્તારો અને શહેરી વિસ્તારોમાં આવા અનેક પ્રકારોના અન્યાયો રોજબરોજ ફરી ફરી ઘુંટાઈ રહ્યા છે; અને ભારતભરનાં હજારો કેન્દ્રોમાં ભૂદાન-કાર્યકરો સક્રિય રીતે કામ કરી રહ્યા છે. છતાં, ભાગ્યે જ ક્યાંક—અપવાદ બાદ કરતાં, કબજા છોડાવવા સામેની, અથવા શ્રમજીવી પ્રજાના જીવન મરણની સાથે સંબંધ ધરાવતી અન્યાયો સામેની એવી બીજી અહિંસક લડતોની તેમણે દોરવણી કર્યાનું જાણવા મળે છે.

સ્વરાજ્ય આવ્યા બાદ, સામાજિક પરિવર્તન માટે વિનોબા (અહિંસક) લડતોને મહત્ત્વ નથી આપતા એ સાફ છે.

ગાંધીજીએ અહિંસામાંનો પોતાનો 'રૈધિ' અને કોંગ્રેસની 'રાજકીય કીડ'નો સમન્વય સાધી, પોતાનાં હથિયારોમાં—ક્રાંતિનાં ઉચ્ચાલનોમાં—સૌમ્ય અને સૌમ્યતર ઉપવાસો અને વ્યક્તિગત કાનૂનભંગ, પિકેટિંગ અને સમજાવટોનાં સાધનોથી માંડી ઉગ્ર અને ઉગ્રતર સત્યાગ્રહો—સામુદાયિક સવિનય કાનૂનભંગ, નાકરની લડતો અને પ્રચંડ નિદર્શનો તથા એથીય આગળ વધીને મીઠાના અગરો ઉપરના હલ્લાઓ સુધીનાં સાધનો શામેલ કર્યાં હતાં.

ત્યારે વિનોબા તો કહે છે: જો સૌમ્ય સત્યાગ્રહથી નહિ પતે તો સૌમ્યતર, અને તેથી ય ન પતે તો સૌમ્યતમ સત્યાગ્રહનો તેઓ આશરો લેશે...(પૃ. ૬૧૮)

વિનોબા સ્વરાજ્ય પ્રાપ્તિના સમયના ગાંધીજીના સત્યાગ્રહોને 'નકારાત્મક' (નેગેટિવ) કક્ષાના કહે છે; અને હવે એનો ઉપયોગ ન કરવા અને 'વિધાયક' (પોઝિટિવ) એટલે કે વધુ સૌમ્યતર પ્રકારના સત્યાગ્રહોની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. તેમની માન્યતા છે કે, જેમ હિંસાની શક્તિ વધારે તેમ તેમ તેની સામે વધુ ને વધુ સૌમ્ય અહિંસા જ કારગત નીવડે. હિંસક લડાઈમાં એક પછી બીજું વધુ ઉગ્ર ને પ્રખર સાધન વાપરવું જરૂરી હોય છે; ત્યારે અહિંસાની બાબતમાં એથી ઊલટું છે.

વિનોબાની આ શ્રદ્ધાના મૂળમાં ગાંધીમાર્ગનું જ તત્ત્વ છે. આમ છતાં, **ગાંધીજીએ આદર્શ અને વ્યવહારનો મેળ ખવડાવી સૌમ્યતમથી માંડી ઉગ્રતમ સત્યાગ્રહોનો આશરો લઈ અપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી હતી.**

ત્યારે વિનોબા કેવળ સૌમ્યતમ સત્યાગ્રહ (આજની ભૂદાનપ્રવૃત્તિને તેઓ સૌમ્ય સત્યાગ્રહ ગણે છે; સૌમ્યતર અને સૌમ્યતમનું સાકાર રૂપ હજી તેમણે રજૂ કર્યાનું જાણમાં નથી) દ્વારા જ પરિવર્તનની શ્રદ્ધા સેવે છે.

વિનોબાની આ શ્રદ્ધા અંગે, નિખાલસપણે, શંકા જાગે છે. કારણ કે—

હરેક યુગે અનેક ઉચ્ચાલન-શક્તિઓ કામ કરતી હોય છે. તેમાંની કેટલીક જરી પુરાણી બની પાછળ ફેંકાઈ જતી હોય છે; ને તેનો પરિહાર પ્રગતિને પોષક બને છે. દા. ત. આગળ જોઈ ગયા તેમ, આજે હિંસક શક્તિ પીછેહઠ કરી રહી છે, તેથી તેનો સર્વથા ત્યાગ યુગ માગને અનુરૂપ છે; એટલા માટે કેવળ યોગ્ય જ નહિ, શક્ય પણ છે; ને યોગ્ય તથા શક્ય બંને હોઈ પરિણામદાયી પણ છે.

પરંતુ બીજી અનેક શક્તિઓ હજી પ્રવર્તમાન પરિસ્થિતિમાં પોતપોતાનું સ્થાન ટકાવી બેઠી છે. દા. ત. દંડશક્તિ (રાજ્યશક્તિ), સંઘશક્તિ (પાર્લામેન્ટ સહિતની પક્ષ, રચના, આર્થિક સંગઠનો, સામાજીક અહિંસક દબાણની શક્તિ), સત્યાગ્રહ (કાનુનભંગ, પિકેટિંગ, બહિષ્કાર, ઉપવાસ વગેરે).

* વિનોબા રાજ્યની કાનુન શક્તિનો અમુક સ્થિતિએ ઉપયોગ કરવામાં સંમતિ ભણે છે; અને સામાજીક દબાણની બાબતમાં ય અમુક રીતનો એનો ઉપયોગ વ્યાજબી લેખે છે, એ આપણે જોઈ ગયા છીએ.

પરંતુ સ્વરાજ્ય પ્રાપ્તિ માટે પરદેશીઓ સામે અખત્યાર કરવામાં આવેલા સત્યાગ્રહો (અહિંસક હોવા છતાં દબાણનું તત્ત્વ તેમાં હતું જ)નો ઉપયોગ સ્વરાજ્યપ્રાપ્તિ બાદ રાષ્ટ્રીય સરકાર સામે કરવાનો ઈન્કાર કરે છે.

સત્યાગ્રહમાં જાતે જેલમાં જવાની, જાતે માર ખાવાની જાતે ભૂખે મરવાની, જાતે દુઃખ સહન કરવાની—આત્મત્યાગ અને આત્મ—વિસર્જનની તૈયારી અનિવાર્ય છે—છતાં આવા અહિંસક સત્યાગ્રહોને વિનોબા ' નેગેટિવ ' કહી, કેવળ વિચારનો પ્રચાર અને હૃદય પરિવર્તન ઉપર જ આધાર રાખવાનો માર્ગ બોધે છે.

આજે સમાજ જીવનમાં જે ઊંડે સુધી અનિષ્ટો પ્રવેશી ચૂક્યાં છે, અને જેનું ઉગ્ર રૂપ અર્થ-સત્તા અને રાજ્ય-સત્તામાં પ્રતિબિંબિત થઈ રહ્યું છે, તેની સામે, ગાંધીજીની તાલીમ નીચે સામાજીક હથિયાર બની ચૂકેલાં સત્યાગ્રહ રૂપી અહિંસક સાધનનો ય ત્યાગ, ધ્યેય પ્રાપ્તિને જ ખરેખર મોટામાં મોટી ક્ષતિ પહોંચાડનાર થશે એવું અમને લાગે છે.

એનો અર્થ એ નથી કે, વિનોબાએ સૌમ્ય સૌમ્યતર અને સૌમ્યતમ સત્યાગ્રહની દિશા બતાવી છે તે અયોગ્ય છે. પરંતુ સમાજજીવનમાંનું અહિંસક સત્યાગ્રહનું બળ જરીપુરાણું (obsolete) બની ગયું નથી; બલ્કે તેની શક્તિ હજી વધુ ને વધુ પ્રમાણમાં પ્રગટ થાય એ જરૂરી છે, હજી સમસ્ત પ્રજામાં એનો ઉપયોગ કરવાની શ્રદ્ધા વધે એ જરૂરી છે (તો જ હિંસક શક્તિનો આખરી ત્યાગ શક્ય બનશે) ત્યારે વિનોબા સૌમ્યતમ અહિંસાનો અંતિમ ઝોક આપી રહ્યા છે.

આ બાબતમાં, શ્રી પ્યારેલાલનો ' સત્યાગ્રહ ' ઉપરનો લેખ (પા. ૫૮૩) ગાંધીજીના વિચારો વધુ વ્યવસ્થિત રીતે વ્યક્ત કરનારો છે : જ્યાં પ્રજાતંત્ર છે, પણ (૧) જનતા શિથિલ છે, જાગ્રત નથી, સ્વાર્થમાં ડૂબેલી છે (૨) પ્રજાતંત્ર હોવા છતાં પ્રજામત પ્રગટ થાય છે તેના પર ધ્યાન નથી અપાતું, તંત્રમાં જ અનેક જાતની ખામીઓ છે—

● આ પરિસ્થિતિમાં લોકોને કર્તવ્ય માટે જાગ્રત કરવા અને વિધાનમાં પરિવર્તન લાવવા સત્યાગ્રહ કરવાનો અનુરોધ છે જ—અલબત્ત, સત્યાગ્રહી સત્યની ભૂમિકામાં અવિચળ રહીને અંતિમ પગલા તરીકે જ કાનૂન ભંગ કરે એવી શર્ત છે.

૭

વિનોબાનો કર્મયોગ

આ સંદર્ભમાં ક્રિયા (action) અંગેના વિનોબાના વિચારો ચિંતન યોગ્ય છે:

—ફળની આસક્તિ પાછળ ઘસડાયા કરવાને બદલે, તેથી ઉદ્વિગ્ન અને અસ્વસ્થ બની ગમે તેવાં ઝાંવા નાખવાની મનોવૃત્તિનો ભોગ બનવાને બદલે, આસક્તિરહિત કર્મ કરવાનો, એટલે કે સ્વસ્થ ચિત્તે કર્તવ્ય બજાવવાનો તેમનો બોધ સમજાય એવો છે.

—ઉપરાંત, વિનોબા ક્રિયા અને વિચારની ચર્ચા કરતાં ક્રિયાને વિચારને અમલમાં મૂકવાના એક સાધન તરીકે, સમજવા, અને પરિણામ લાવનારા બળ તરીકે તેના ઉપર ભાર નહિ મૂકવા આગ્રહ સેવે છે (પા. ૬૧૯) તે ય યોગ્ય છે. . . . .

પરંતુ, તેઓ તો એટલી હદે કહે છે કે, "શુદ્ધ વિચારનું ચિંતન કરવામાં, એને સમજવામાં, વ્યક્તિગત રૂપે એના અમલમાં અને બીજાને સમજાવવામાં આપણું કાર્ય પૂરું થઈ જવું જોઈએ..." (પા. ૬૨૦)

વિનોબા દિવસે દિવસે એ દિશામાં ઝોક લઈ રહ્યા છે કે જ્યાં વિચાર-પરાયણતા જ સર્વ કાંઈ છે, અને ક્રિયા-શીલતાનું ગૌણ સ્થાન છે...ધીમે ધીમે તેઓ વધુ ને વધુ 'સૌમ્ય પ્રક્રિયા, એટલે કે જેમાં ક્રિયાની તીવ્રતા ઓછી હોય અને વિચારની પ્રક્રિયા જોરદાર હોય એવી કાર્ય-પદ્ધતિ' અપનાવવાનો બોધ દઈ રહ્યા છે. (પા. ૬૨૦)

વળી એથી ય આગળ જઈ, વિનોબા 'કાલાતીત ચિંતન' (ફોર્થ ડાયમેન્શન : ટાઈમલેસ થિંકિંગ)ની વાત આગળ ધરી રહ્યા છે.

અને 'મનથી પર જવાની' 'અતિમનસ'ની ભાષા અને ભાવના પણ તેઓ રજૂ કરી રહ્યા છે. એમની એ વાત સાચી છે કે, વિજ્ઞાનના જમાનામાં માણસની પોતાની ઇચ્છા ઉપર પદાર્થના ગુણોનો આધાર હોતો નથી...એનો આધાર આપણી રુચિ કે વાસનાથી સ્વતંત્ર છે.

*wishful thinking*નેવિજ્ઞાન યુગમાં સ્થાન નથી એ ખરી વાત છે; અને 'મનથી પર'નો અર્થ જો આટલો જ હોય તો એય યોગ્ય છે...

વળી, માનવીનું મન બુદ્ધિ અને હૃદય—ની શક્તિઓનો તાગ હજી તો લેવાયો નથી. હજી તો એમનામાં અખૂટ શક્તિના ઝરાઓ, અને ચોંકાવનારી શક્યતાઓ ભરેલી પડી છે, એ વાતની પ્રતીતિ વિજ્ઞાન અને આત્મજ્ઞાન બંને રોજ રોજ કરાવી રહ્યાં છે.

વિનોબા એક બાજુ વિજ્ઞાન અને બીજી બાજુ આત્મ-જ્ઞાન (અધ્યાત્મ)નાં ઊંડાણમાં અવગાહન કરી રહ્યા છે; એ બંનેનો યોગ સાધવા ઉત્સુક છે. અને બીજી બાજુ, સૌમ્યતર કર્મની વાતો કરતા છતાં, રોજના ૧૦-૧૨ માઈલની પદયાત્રા રૂપી, તથા રોજના ૩-૪ કલાકનાં પ્રવચનો રૂપી સતત કર્મનો યોગ કરતા જ જાય છે; અનેક પ્રકારનાં દાન લેતા જ જાય છે; હજારો સેવકોની શાંતિ સેનાની ટેલ નાખતા જાય છે.

વિનોબાનો નિષ્કામ કર્મ-યોગ અખંડ અસ્ખલિત પ્રવાહે વહી રહ્યો છે. અને તેઓ પોતે જ આપણા જેવાની આશંકાઓનો જવાબ આપતા દોષ એમ કહેય છે: "આવું પરિણામ નિવૃત્તિ-માર્ગમાં આવશે એવો ઘણાને ડર રહે છે. પણ મને એવો ભય એટલા માટે નથી લાગતો કે નિવૃત્તિ તો પહેલેથી જ મારા મનમાં વસી ચૂકેલી છે. આથી વિશેષ નિવૃત્તિ આવશે એવી શક્યતા હવે બહુ ઓછી છે. એટલે મને એનો ડર લાગતો નથી..." (પા. ૬૧૯)

અને વળી પાછા 'સામુદાયિક સંકલ્પમાં દોષ નથી,' એમ ઉમેરીને વ્યક્તિગત વિચાર, વ્યક્તિગત આચારના નાના કુંડાળાથી બહાર નીકળી સામુદાયિક સંકલ્પ અને આચારના વિશાળતમ વિસ્તાર સુધી દોડી પહોંચે છે:

"ભૂમિદાનને છોડ્યા વિના, એ ભૂમિકાને આપણી વિચાર સિદ્ધિના એક સાધન તરીકે પકડી રાખી, બાકી એકદમ શુદ્ધ અહિંસા-વિચારને જ દુનિયામાં ફેલાવીએ, અને એમાં ચિત્ત શુદ્ધિની દૃષ્ટિએ અનિવાર્ય, જેટલી પણ તપસ્યા કરવી પડે તે આપણે પોતે કરીએ — એ આપણું કામ હોવું જોઈએ. હું માનું છું કે આવું થયું તો આપણે એકાંગી નહીં રહીએ. આ વિચાર પ્રવાહમાં, ભૂદાનના પ્રવાહમાં જેટલાં લોકોને આપણે ખેંચી લીધાં છે, એથી ઘણાં વધારે લોકોને આપણે ખેંચી શકીશું..." (પા. ૬૨૦)

આમ, વિનોબા વિચાર અને કર્મનો મેળ અતિ સાવધાનીપૂર્વક ખચડાવવા માગે છે. પરંતુ એમનો ઝોક સામાજિક વિચાર પ્રચાર દ્વારા અને વ્યક્તિગત કર્મ દ્વારા, લડતોને ટાળીને, સમસ્યાઓ ઉકેલવાનો છે; એટલું તો સાફ છે.

આવું વલણ સર્વોદયના વિકાસને જ હાલને તબક્કે અવરોધક બનશે એવો ભય અસ્થાને નથી.

હજી એક બીજો અત્યંત મહત્ત્વનો મુદ્દો વિચારવો બાકી રહે છે:

ક્રાંતિ સિદ્ધિનું સ્થાયીત્વ

કોઈ પણ ક્રાંતિ એકવાર અમુક હદે સફળ થયા પછી પણ, તેના પાયાની સંરક્ષાનું અને તેના નવા નવા વિકાસને અનુરૂપ સામાજિક પેટર્ન જ્યાં લગી નક્કર રૂપ ધારણ ન કરે ત્યાં લગી એ ક્રાંતિ અસ્થાયી બની જાય છે!

આવા 'પૅટર્ન' વિષે વિનોબા લગભગ મૌન સેવતા જણાય છે.

અલબત્ત, સર્વોદય–આયોજનમાં ગ્રામપંચાયતો, બહુલક્ષી સહકારી મંડળીઓ, મ્યુનિસિપાલિટીઓ અને આયોજન ઘટકોના ઉલ્લેખો છે. પરંતુ સર્વોદયી આદર્શો સંસ્થાગત રીતે સ્થાયીરૂપ પામે તે માટેના પ્રયાસો કેવા હશે તેની રૂપરેખા, તેને અંગેનો કડીબદ્ધ વિચાર હજી વિનોબા દ્વારા રજૂ થયા નથી. શ્રી દાંતવાળાએ તેમના લેખમાં આ સમસ્યાની ઊંડાણથી ચર્ચા કરી છે (પા. ૫૬૩થી ૫૬૪); અમને લાગે છે કે, આદર્શો ગમે તેટલા શ્રેષ્ઠ હોય અને એક વખતે એક જમાનાના નાગરિકોએ તેનો અમુક હદે સ્વીકાર કરી લીધો હોય, છતાં તે પેઢી–દર પેઢી સહજ–સામાજિક–વ્યવહાર તરીકે અમલી બને તે માટે સામાજિક–સંસ્થાગત–પાયો ક્રાંતિની સાથે જ નખાઈ જવો અનિવાર્ય છે.

આજ સુધીમાં, આશરે ૩ ૦૦ ગ્રામદાનો નોંધાયાં છે. તેમાં આશરે ૧૦૦૦ ઓરિસાના આદિવાસી પ્રદેશ કોરાપુટમાં છે; અને બીજાં મોટાંભાગનાં (લગભગ બધાં જૂજ અપવાદ સિવાય) પણ આદિવાસી અથવા અત્યંત પછાત પ્રદેશોનાં અને જ્યાં મૂડીવાદી અર્થસંબંધો હજુ વિકસ્યા નથી તે પ્રકારનાં છે. હજી વર્તમાનયુગી વ્યવહારુ પ્રયોગો થવા બાકી છે.

વધુમાં, ૭ વર્ષના આંદોલન દરમ્યાન ૩૦૦૦ ગ્રામદાનો અને આશરે ૫૦ લાખ એકર જમીન પ્રાપ્ત થઈ છે; સંપત્તિ-દાન પણ મોટી સંખ્યામાં પ્રાપ્ત થયાં છે; અને હજારો ભૂદાનસેવકો (સુશિક્ષિત અને અશિક્ષિત વર્ગમાંથી) ખેંચાઈ ખેંચાઈ ને આવ્યા છે; લગભગ દરેક ભાષામાં તેનાં સામયિક-પત્રો પ્રગટ થાય છે–હજારોની સંખ્યામાં; અને ભારતની દરેક મુખ્ય ભાષામાં થોકબંધ પુસ્તકોની લાખો પ્રત પ્રગટ થઈ છે. વળી તમામ પક્ષના અને પક્ષરહિત વિચારકો અને કાર્યકરોની સહાનુભૂતિ પણ પ્રાપ્ત થઈ છે. આમ, એક **આંદોલન** તરીકે ભૂદાન આજના ભારતનું વિરલ આંદોલન છે.

વળી, સરકારે પણ ગ્રામદાની ગામોનો કાયદેસર સ્વીકાર કરી, સરકારી વિકાસ યોજનામાં તેમને સામેલ કરી તેનો લાભ આપવાનું શરૂ કર્યું છે. અને કેટલાંક સ્થળે તો, સરકારી કર્મચારીઓના સંપર્કમાં રહી ભૂદાન સેવકોએ ગ્રામપુનર્રચનાનું કાર્ય ઉપાડવું પડે એવી જવાબદારીઓ પણ આવી પહોંચી છે.

આમ, ભૂદાનઆંદોલન નક્કર ભૂમિકા ઉપર ઊભું છે.

પરંતુ ત્યારે, હજારો સેવકો, લાખો સહાયકો અને હમદર્દો પાસે સર્વોદયી ક્રાંતિનું સ્વરૂપ, તેની સિદ્ધિનો પથ, અને વ્યવહારુ સમસ્યાઓ પ્રત્યેની દૃષ્ટિ સહિતની કોઈ વ્યવસ્થિત **સૈદ્ધાંતિક–પ્રયોગાત્મક રૂપરેખા** સુદ્ધાં પેશ થઈ ન શકવાને કારણે (વિનોબા, કદાચ, ઇરાદાપૂર્વક સંસ્થાગત ઢાંચા પ્રત્યે ઉદાસી છે; તેમ આવી રૂપરેખા માટે ય ઉદાસી હશે?) ક્રાંતિકારી તત્ત્વોને જરૂરી તાલિમ આપવાનું અને તે દ્વારા સર્વોદયી દૃષ્ટિ અને કાર્યની એકતા સ્થાપવાનું, કોઈ પણ ક્રાંતિ માટે અત્યંત મહત્ત્વનું અને અનિવાર્ય કર્તવ્ય, અધૂરૂં જ રહ્યું છે!

કોઈ પણ ક્રાંતિ જ્યારે આંદોલનના સ્તર ઉપર સફળતાને વરી હોય, ત્યારે તે આવી ઉદાસીનતા એ આંદોલનને નિશ્ચિત અને નક્કર આકાર આપવામાં અને આંદોલનની કક્ષામાંથી આગળ વધી સ્થાયીભાવરૂપે સમાજજીવનમાં ઓતપ્રોત થઈ જવાની પ્રક્રિયાને જ રોકનારી બની જાય છે!

માર્ક્સ–માર્ગની ક્રાંતિ–દૃષ્ટિ સર્વાંગી હોવા છતાં, એના ક્રાંતિ–વિજ્ઞાનના એકાંગી (રાજકીય-આર્થિક) અતિ-આગ્રહને કારણે એનું પૂર્ણ પરિણામ શક્ય ન બન્યું...

આજે શું ગાંધી–માર્ગની ક્રાંતિદૃષ્ટિ સર્વોદય હોવા છતાં શું તેના એકાંગી (વિચાર–ચિંતનમાં મુખ્યતઃ સમાઈ જવાના) અતિ–આગ્રહને કારણે અપૂર્ણ–પરિણામદાયી જ રહી જશે?

સર્વોદય આંદોલનની શક્તિઓ અને સર્વોદય ચિંતનની સુઘટ્ટતા અત્યંત પ્રેરક હોવા છતાં, સામાજિક સ્થાયીભાવ રૂપે પ્રગટ થઈ શકે તેવાં 'પૅટર્ન' ઊભાં કરવામાં શું કમજોર રહેશે? સર્વોદય 'ક્રાંતિચિંતન' સર્વોદય 'ક્રાંતિ-વિજ્ઞાન'માં પરિણમી નહિ શકે? અને વિનોબાનું ભવ્ય આરોહણ કેવળ **એક પ્રયોગ રૂપે જ** ચિરપ્રેરણા આપતું રહી જશે? શું સર્વોદયી સમાજરચનાને માટે સમાજે વળી **નવેસરથી** મથવાનું બાકી રહેશે?

સર્વોદય–સાહિત્ય

સામયિકો

હિંદી

૧ વિનોબા–પ્રવચન (એકાંતરે દિવસે)
૨ ભૂદાન–યજ્ઞ (સાપ્તાહિક)
૩ ગ્રામરાજ (પાક્ષિક)

ઉર્દૂ

૪ ભૂદાન–તહરીક (પાક્ષિક)
૫ સર્વોદય–વિચાર–પત્રિકા (પાક્ષિક)

અંગ્રેજી

૬ ભૂદાન (સાપ્તાહિક)
૭ સર્વોદય (માસિક)
૮ ગ્રામદાન (માસિક)

ગુજરાતી

૯ ભૂમિપુત્ર (દશવારિક)

મરાઠી

૧૦ સામ્યયોગ (સાપ્તાહિક)
૧૧ ભૂદાનયજ્ઞ ,,
૧૨ સર્વાત્મા ,,

ઇતર

૧૩ ધરતીમાતા (સિંધી પાક્ષિક)
૧૪ ભૂદાન (પંજાબી પાક્ષિક)
૧૫ ભૂદાન-યજ્ઞ (બંગાળી સાપ્તાહિક)
૧૬ ભૂદાનમુ (તેલુગુ સાપ્તાહિક)
૧૭ સર્વોદયમ્ (તમિલ માસિક)
૧૮ ગ્રામરાજ્યમ્ (તામિલ સાપ્તાહિક)
૧૯ ભૂદાન–કાહળમ્ (મલયાલમ સાપ્તાહિક)
૨૦ ભૂદાન (કન્નડ સાપ્તાહિક)
૨૧ ગ્રામ સેવક (ઉડિયા દશવારિક)
૨૨ ગ્રામદાન (ઉડિયા માસિક)
૨૩ ભૂદાનયજ્ઞ (અસમી પાક્ષિક)

પુસ્તકો

[૧૪ ભાષામાં આશરે ૫,૫૪૫ કુલ સંખ્યા લાખોની: એકલી ગુજરાતીમાં ૭૫ પ્રકાશનોની કુલ પ્રતની સંખ્યા બે લાખથી વધુ]

હિંદી :	આશરે	૧૧૦	પુસ્તકો
ઉર્દૂ :	,,	૨૦	,,
અંગ્રેજી :	,,	૫૦	,,
મરાઠી :	,,	૮૦	,,
ઉડિયા :	,,	૬૦	,,
તેલુગુ :	,,	૨૫	,,
બંગાળી :	,,	૧૫	,,
આસામી :	,,	૨૦	,,
કન્નડ :	,,	૬૦	,,
મલયાલમ :	,,	૩૦	,,
પંજાબી :	,,	૧૫	,,
તામિલ :	,,	૨૦	,,
ગુજરાતી :	,,	૩૫	,,
સિંધી :	,,	૫	,,

વિનોબા–સાહિત્ય

ભૂદાન ગંગા ખંડ ૧થી ૩	૩-૦૦
કાંચીની સન્નિધિમાં	૦-૬૨
વેપારીઓને ટહેલ	૦-૧૩
ગાંધીજનને	૦-૫૦
ગ્રામદાન	૦-૫૦
જયજગત	૦-૨૦
શાંતિસેના	૦-૭૫
બહેનોને	૦-૬૨
સામ્યસૂત્ર	૦-૭૫
ગાંધીજીના ગુજરાતને	૦-૮૫
ગીતાપ્રવચન	૧-૦૦
સ્થિતપ્રજ્ઞદર્શન	૧-૫૦
જીવનદૃષ્ટિ	૧ ૨૫
ઇશાવાસ્યવૃત્તિ	૦-૬૨
સાધના તેર દિવસ	૦-૩૭
સ્વરાજ્યશાસ્ત્ર	૦-૫૦
મધુકર	૨-૦૦
ભૂદાનયજ્ઞ	૦-૫૦
ગ્રામદાન- અભયદાન	(છપાય છે)
વિશ્વ મંદિર	,,
શિક્ષણવિચાર	,,

હિંદી

વિનોબાકૃત (નવજીવન)

સર્વોદય વિચાર	૧-૫૦
સ્વરાજ્ય શાસ્ત્ર	૧-૦૦
ગીતા પ્રવચનો	૧-૦૦
સ્થિતપ્રજ્ઞદર્શન	૨-૨૫
ઇશાવાસ્યવૃત્તિ	૧-૦૦
વિનોબા કે વિચાર ભા. ૧	૨-૦૦
,, ભા. ૨	૨-૦૦
શાંતિ યાત્રા	૨-૫૦
સર્વોદય યાત્રા	૨-૫૦

મુંબઈની બીજી પંચવર્ષીય યોજનામાં પછાતવર્ગોનું કલ્યાણ :

પછાતવર્ગોના કલ્યાણ માટે ૪½ કરોડ રૂપીઆ જુદા કાઢવામાં આવ્યા છે. અસ્પૃશ્યતા નિવારણ, શિક્ષણ, કારીગરોને નાણાંકીય સહાય, ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો, વૈદકીય સહાય, તદુરસ્તી-સારવાર, ખેતી અને સહકારી યોજનાઓ— વગેરે યોજનાઓ દ્વારા પછાત-વર્ગોની સ્થિતિ સુધારવાના પ્રયાસ થઈ રહ્યા છે.



બીજી પંચવર્ષીય યોજના

		લાખ રૂપીઆ
૧	ખેતી અને	૮,૬૭૫,૨૨
૨	નહેર અને શક્તિ	૧૩,૬૫૯,૧૭
૩	ઉદ્યોગો અને ખાણ	૧,૩૧૮,૯૭
૪	વાહનવ્યવહાર	૨,૯૨૪,૪૧
૫	સામાજિક સેવાઓ	૭,૬૧૦,૯૯
૬	પરચુરણ	૮૮૧,૨૦
	કુલ	૩૫,૦૨૮,૩૯

[ડાયરેક્ટર ઑફ પબ્લિસિટી : મુંબઈ સરકાર તરફથી પ્રગટ]

રતના પ્રેસ પ્રાઇવેટ લિ., નવા બજાર, વડોદરામાં ભોગીલાલ ગાંધીએ છાપી પ્રસિદ્ધ કર્યું. તા. ૨૫-૧૦-૧૯૫૮